त्यागवैराग्यप्रेमाब्धेः श्रीचैतन्यमहाप्रभोः ।
भक्तानन्दकरी भूयात् चैतन्यचरितावली ॥

ત્યાગ, વૈરાગ્ય અને પ્રેમના સાગરસ્વરૂપ શ્રીચૈતન્ય મહાપ્રભુનું આ ચરિત્ર ભક્તોને આનંદકારી થાઓ.

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

પ્રકાશકનું નિવેદન

"શ્રીચૈતન્ય મહાપ્રભુ"ના સમસ્ત ચરિત્રનો આ ગ્રંથ (ખંડ ૧–૨) "વિવિધ ગ્રંથમાળા"ના સં. ૧૯૯૨ નાં પ્રથમ પુસ્તક (સળંગ ગ્રંથાંક ૨૭૭ થી ૨૮૦) તરીકે સાદર થાય છે.

શ્રીચૈતન્ય મહાપ્રભુનું સ્થાન ભારતના વૈષ્ણવસમુદાયમાં અગ્રસ્થાને છે; અને તેમાં પણ બંગાળના વૈષ્ણવો તો તેમને પ્રભુ કૃષ્ણચંદ્રના સાક્ષાત્ અવતારતુલ્ય લેખે છે તથા તેઓનો શ્રીચૈતન્ય મહાપ્રભુ પ્રત્યેનો પ્રેમ આજપર્યંત અગાધજ રહ્યો છે.

શ્રીપ્રભુની મહત્તા એકલા વૈષ્ણવસંપ્રદાય પૂરતીજ નથી, પરંતુ તેઓ પ્રાણીમાત્રના કલ્યાણકર્તા હોવાથી સર્વ જાતિનાઓએ તેમને પૂજ્ય ગણ્યા છે.

તેઓશ્રીના ચરિત્ર સંબંધે અહીં કંઈ ન લખતાં વાચકોને મૂળ લેખકે પૂર્વકથનમાં આપેલો પરિચય તેમજ આ પછીના પૃષ્ઠમાં અપાયેલા અનુવાદકના બે બોલ અને "શ્રીચૈતન્ય ચરણારવિંદ"નું અનુવાદકે રચેલું કાવ્ય જે આ પછીનાં પૃષ્ઠોમાં અપાયું છે તે વાંચવા વિનંતિ છે.

ચૈતન્ય મહાપ્રભુનું આ આખુંય ચરિત્ર મૂળ ગ્રંથકાર મહાશયે ગીતા પ્રેસ–ગોરખપુર માટે તૈયાર કરેલું; અને એ સંસ્થા તરફથી હિંદીમાં તે પાંચ ખંડમાં પ્રકટ પણ થઇ ચૂક્યું છે. અત્ર તરફથી તેમાંના પહેલા બે ખંડો, આ પુસ્તકમાં આપ્યા છે, અને બાકીના હવે પછી "વિવિધ ગ્રંથમાળા" દ્વારા સત્વર પ્રકટ થશે.

આ પુસ્તકમાં અપાયેલાં ચિત્રો પણ, મૂળ હિંદી પુસ્તકમાં અપાયેલાં ચિત્રોમાંથી પસંદ કરાઇ ઉપર્યુક્ત સંસ્થા દ્વારા બ્લોકો બનાવરાવી મંગાવી અહીંજ છાપીને આ પુસ્તકમાં જોડયાં છે.

અત્ર આ ગ્રંથના મૂળ લેખકનો, તેમજ તેના પ્રકાશક મહોદયે નિષ્કામ–ભાવે આ ગ્રંથનો અનુવાદ પ્રકટ કરવા માટે પરવાનગી આપવા બદલ તથા ચિત્રોના બ્લોકો વગેરે બનાવરાવવામાં સહાયભૂત થવા બદલ તેઓશ્રીનો સહૃદય આભાર માનવામાં આવે છે.

અંતે, એ મહાપ્રભુના ચરિત્રમાંથી ફલિત થતો કૃપાપ્રસાદ સૌ વાચકવર્ગને ઉચ્ચ ભાવનાઓ પ્રેર્યા કરે એ ભાવનાપૂર્વક ૐતત્સત્

શ્રાવણ માસ–સં. ૧૯૯૨ — ભિક્ષુ–અખંડાનંદ

अनुवादकना बे बोल

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानन्द माधवम् ॥

અર્થાત્ જેમની કૃપાથી મૂંગો માણસ બોલતો થાય છે, અને લૂલો–પાંગળો પર્વતો ઓળંગી જઈ શકે છે, તે પરમાનંદસ્વરૂપ માધવને હું વંદન કરૂં છું.

આ "શ્રીચૈતન્ય મહાપ્રભુ"ના લેખક પૂજ્ય બ્રહ્મચારી પ્રભુદત્તજી બાર બાર વર્ષના મૌની, તપસ્વી, ભક્ત હૃદયવાળા, સિદ્ધહસ્ત લેખક અને સંસ્કૃતના વિદ્વાન તથા સુકવિ છે. પરમ પૂજ્ય સ્વામી અખંડાનંદજી જેવા બહુશ્રુત, સેવાપરાયણ, જ્ઞાન–ભક્તિના ઉપાસક અને પ્રેમી, તત્ત્વનિષ્ઠ કર્મયોગી સંપાદક છે ત્યાં આ અલ્પજ્ઞ અનુવાદકને બે બોલ લખવાનો કેટલો અધિકાર છે, તે તો જગન્નિયંતાનેજ ખબર.

પૂજ્ય બ્રહ્મચારીજીએ પૂર્વકથનોમાં ખૂબ ખૂબ લખ્યું છે અને આ ચરિતાવલીને પાને પાને તેમનો અંતરાત્મા થનગન થનગન નૃત્ય કરતો જણાય છે, ત્યાં મારે બે બોલને નામે વૈખરીનો વિલાસ શો ખેલવો ?

પરંતુ એટલું તો ચોક્કસ છે કે જ્યારે સંતકૃપા અને ભગવાનની કૃપા થાય છે, ત્યારેજ આવા ગ્રંથોનાં મનન, અધ્યયન અને પરિશીલન કરવાની તક મળે છે. આવી તક પરમ પૂજ્ય સ્વામીજીએ મને આપી તે હું તેમની બેહદ કૃપાનુંજ ફળ સમજું છું. એમના હું કેટકેટલા આભાર માનું ?

પૂજ્ય બ્રહ્મચારીજીએ અનુવાદની શરૂઆતથીજ અનેકાનેક આશીર્વાદો વરસાવીને અને મને પોતાનો જન્મજન્માંતરોનો સંબંધી દર્શાવીને જે સદ્ભાવ અને કૃપા દર્શાવ્યાં છે, તે હું આ જીવનમાં તો નહિજ ભૂલું. પ્રયાગરાજને સામે કિનારે ઝૂસીમાં હંસતીર્થ પાસેના સંધ્યાવટ નીચેની કુટીર આગળ એ અવધૂતશા બ્રહ્મચારીજીનું પ્રથમ દર્શન, ત્રિવેણીસંગમે સ્નાન અને નૌકામાં તેમણે તથા પૂજ્યપાદ સ્વામીશ્રી બ્રહ્મચૈતન્યપુરીજીએ આપેલ સ્નેહ–દાન એ તો મારા જીવનનું ચિત્તપાવન પાથેય છે.

આ ચરિતાવલીમાં પ્રેમાવતાર ચૈતન્યદેવના જીવનપ્રસંગો ઉપ-રાંત ઘણા ઘણા સંતો સાથેના તેમના સમાગમો, વાર્તાલાપો, ચરિત્ર-કથનો અને કથાપ્રસંગો આવે છે, તે જોઇને પરમ ચૈતન્યના ઉપા-સક સાચા ભક્તો, સંતો અને મહાત્માઓનો ખ્યાલ આવે છે. અહો ! તેમનાં ત્યાગ-વૈરાગ્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સહિષ્ણુતા, તપસ્યા, સેવા-ભક્તિપરાયણતા, સાધુતા અને નામનિષ્ઠા કેટકેટલાં ઉચ્ચ કો-ટીનાં હતાં ! સાચા સત્યાગ્રહનાં દૃષ્ટાંતો જગાઇ માધાઇ અને કાજી સાથેના પ્રસંગોમાં આવે છે. અહિંસાની સાચી સાધના તો જાણે આ સંતોએજ કરી હતી અને વિરોધીઓના સાચા હૃદયપલટા કરાવી તેમનાં જીવનજ પલટાવી નાંખ્યાં હતાં. એ બધી વાતો તથા મુસ્લીમ સંત હરિદાસજી અને અંત્યજ સંત ઝાડૂ ભક્તનાં અસામાન્ય જીવનો આ ગ્રંથના વાચકને કોઇ નવી દુનિયાનોજ અનુભવ કરાવશે અને તેઓ પણ ઘડીભર તો દીન દુનિયાનું ભાન ભૂલી જઇને કોઇ ઉંચી દુનિયામાં વિચરણ કરવા લાગશે.

લગભગ આઠ માસ સુધી મંગલમય પ્રભાતકાળે આ ચિત્ત-પાવન ચરિતાવલીમાં તલ્લીન થવાનું પરમ સદ્ભાગ્ય આ લખનારને મળ્યું તે મંગલમય ભગવાનની અને તેમના ભક્તોની–એ સાચા સંતોની પરમ કૃપાનુંજ ફળ છે. બાકી આ લખનારની નાલાયકી અને અલ્પજ્ઞતાનો વિચાર કરતાં તો એટલુંજ કહેવાનું છે કે—

મો સમ કૌન કુટિલ ખલ કામી,
જીન તનુ દિયો તાહિ બિસાર્યો એસો નિમકહરામી.
ભરિ ભરિ ઉદર વિષય કો ધાવો જૈસે સુકરગામી,
હરિજન છાંડ હરિવિમુખનકી નિસિદિન કરત ગુલામી.
–મો સમ કૌન કુટિલ ખલ કામી.

આ દ્વારાએ ચારે તરફથી લાભ, લાભ ને લાભ આપનારી આ શ્રેયપ્રેયદાતા પ્રવૃત્તિ આપનારનો તો હું જન્મોજન્મ ઋણીજ રહીશ.

અંતમાં ભગવતી સરસ્વતી માતાને અને તેમના સાચા સેવકો આ સુંદર ગ્રંથના ઉચ્ચકક્ષ લેખક અને સંપાદક મહાનુભાવોનાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામો કરતો, તેમના અનેકાનેક આશીર્વાદોની યાચના કરતો વિરમું છું. અને ઓ......ઓ......ચૈતન્યદેવ ! આ-પનું સ્થાન મારા અંતરમાં કાયમ ટકી રહે એવા દીનદુઃખહરણ દેવ ભગવાનના, આપના, મહાત્માઓના, સંત-ભક્તોના અને સજ્જ-

તેના પૂર્ણાપૂર્ણ આશીર્વાદ આ ગ્રંથ [illegible] કોઈક જન્મે તેનો પણ આ દુઃખરૂપ સંસારમાંથી ઉદ્ધાર [illegible]

कृष्ण कृष्णेति गायन्तं सुस्वरं सुमनोहरम् ।
यतिवेशधरं सौम्यं श्रीचैतन्यं नमाम्यहम् ॥

મુખે કૃષ્ણ-કૃષ્ણનો ઉચ્ચાર કરતા સુસ્વરવાળા અતિ અત્યંત મનોહર એવા યતિવેષધારી અને સૌમ્યતાની મૂર્તિરૂપ શ્રીચૈતન્યદેવને નમસ્કાર હો, નમસ્કાર હો!

नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥

જેમનાં મધુર નામોનું સંકીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે અને જેમને પ્રણામ કરવા એ લોકોનાં દુઃખોનો નાશ કરનાર છે, તે સર્વોત્તમ શ્રીહરિનાં ચરણકમળોમાં હું પ્રણામ કરું છું.

વસંતપંચમી-૧૯૯૨ (સરસ્વતીપૂજા) — ત્ર્યંબકલાલ આ. શુક્લ

शुद्धिपत्र

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૫	૨૫	भावधिका	भावाधिका
૩૬	૩૨	ભાવે	ભાવ
૪૨	૧૮	હોય,	હોય,
૪૭	૩	समुदाचारास्ते	समुदारास्ते
૭૨	૧૫	સ્થાપન	સ્થાપના
૧૦૧	૮	ભાણી	ભાણો
૧૧૬	૨	ध्यागमौ	ध्ययागमौ
૧૧૮	૧૬	વિદ્યાથીઓ	વિદ્યાર્થીઓ
૧૧૯	૫	મનેજ	તેમનેજ
૧૭૩	૩	विद्वान	विद्वान्
૧૭૩	૨૦	फलमिश्चुरण्डे	फलमिक्षुदण्डे
૧૭૩	૨૦	पुष्पां	पुष्पं
૧૯૨	૨૨	હતા.	હતો.
૧૯૮	૨૯	વિદ્યાથીઓના	વિદ્યાર્થીઓના
૨૧૩	૨૭	હાથની	હાથીની
૨૪૯	૧૬	આવાંનો	આવવાનો
૨૭૭	૧૨	જણાવતો.	જણાવતા.
૨૨૧	૨	तदीयाम्राचयत्तु	तदीयाम्रार्चयत्तु
૩૨૦	૨૯	પાછે.	પાછો
૩૫૮	૩૦	બાળકેને	બાળકોને
૩૫૯	૨૦	કર્ય	કર્યા
૩૬૯	૧૪	જનાં	જેનાં
૩૮૮	૮	પ્રભનું	પ્રભુનું
૪૩૬	૨૭	ભાગથીના	ભાગીરથીના
૪૮૬	૨૬	આવન	આવતા
૪૮૯	૯	સ્ત્રીઓને	સ્ત્રીઓ
૫૧૪	૨૪	છે. ત	છે. તે
૫૩૩	૭	દર્શન દર્શન	દર્શન
૫૫૨	૯	ગાળા–	ગાળા-
૫૫૪	૨૬	कक्त्रं	घक्त्रं
૫૬૩	૩૦	આથીઆ	આથી આ
૬૧૮	૪	જણુતી	જાણતી
૬૧૯	૨૮	લાગતી	લાગતા

अनुक्रमणिका

પ્રથમ ખંડ

દ્વિતીય ખંડ





श्रीचैतन्य महाप्रभु

प्रथम खंड

प्रसारितमहाप्रेमपीयूषरससागरे ।
चैतन्यचन्द्रे प्रकटे यो दिनो दिन एव सः ॥
अवतीर्णे गौरचन्द्रे विस्तीर्णे प्रेमसागरे ।
सुप्रकाशितरत्नौघे यो दिनो दिन एव सः ॥

અમૃતરસના વિસ્તીર્ણ પ્રેમસાગરરૂપ ચૈતન્યચંદ્ર જે દિવસે પ્રકટ થયા તેજ ખરો દિવસ છે; અને તેજ યથાર્થ દિવસ છે કે જે દિવસે તેજસ્વી રત્નસમૂહવાળા વિશાળ પ્રેમસાગરરૂપ ગૌરચંદ્ર અવતર્યા.

समर्पण

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वानुसृतस्वभावात्।
करोमि यत्तत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥१॥

અર્થાત્ કાયા વડે, વાણી વડે, મન વડે, ઇંદ્રિયો વડે બુદ્ધિથી, ચિત્તથી, અહંકારથી અથવા પ્રકૃતિના સ્વભાવવડે જે જે કરૂં છું, તે સર્વ હે પરબ્રહ્મ નારાયણ ! આપના ચરણકમળમાં સમર્પણ કરૂં છું.

વહાલા ! શૈલશિખરની સુશોભિત ટોચેથી ઉતારીને જે કાર્યને માટે નીચે લાવ્યા હતા, તે કાર્યનો કંઇક અંશ તમારી સમક્ષ મોજૂદ છે. તેની મૂળ નગદ પૂંજી તો તમારીજ પાસે છે. હું તો તમારા હિસાબ-કિતાબ લખનારો, ચોપડાને ઉપાડનારો પગારદાર મુનીમ છું. જેવું તમે લખાવ્યું, તેવું મેં તો લખી દીધું છે. મારી મજૂરી તમે આપીજ દો છો. મજૂરી શું, હું તો તમારો ગુલામ છું. ગુલામનો તો સંપૂર્ણ ભાર સ્વામી ઉપરજ રહે છે. પરંતુ મારા ભલા ભોળા માલિક ! તમે નિષ્ઠુર નથી. અતિ દયાળુ છો, તમારૂં હૃદય અત્યંત કોમળ છે. એ કોમળતાને કારણે હું કુપથગામી ન બની જાઉં. હે પ્રભો ! આ ગુલામ પર સહેજ કરડી નજર પણ રાખજો, કે જેથી હું તમારી ચીજને મારી માની લઉં નહિ, એજ આ દીન હીન કંગાલની પ્રાર્થના છે. હે દયાળુ ! શું મારી આ અરજી આપના દરબારમાં સંભળાશે ? શું હું તમારો વિશેષ કૃપાપાત્ર ચાકર બની શકીશ ? ઠીક, જેવી આપની મરજી.

'અરજી રજુ કરૂં છું, મરજી પ્રભુ તમારી.'

શ્રી હરિબાબાકા બાંધ ગંવા (બદાયૂં) વસંતપંચમી, ગુરુવાર વિ. સંવત ૧૯૮૮	તમારો જૂનો લહિયો —પ્રભુ

મૂળ લેખકની પ્રસ્તાવના

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥

કુરુક્ષેત્રના રણાંગણમાં યુદ્ધથી વિમુખ થયેલા અર્જુન પ્રત્યે ભગવાન કહે છે કે—હે અર્જુન! સર્વ પ્રાણીઓ પોતપોતાની પ્રકૃતિને વશ વર્તે છે. તારી પ્રકૃતિ યુદ્ધજ કરવાની છે. જો અહંકારને વશ થઈને તું 'હું યુદ્ધ નહિ કરૂં' એવી હઠ પકડશે, તો તારી તે હઠ ફોગટ છે, તે દુરાગ્રહમાત્ર છે. તારી પ્રકૃતિજ તને પરાણે તેમાં યોજશે.

શ્રીકૃષ્ણનાં ચરણોથી જુદો થઈને પ્રાણી ભિન્ન ભિન્ન પ્રકારની યોનિઓમાં ભટકતો ફરે છે. પરમ શાંતિ એજ જેનું એકમાત્ર લક્ષ્ય છે, એવો જીવ શ્રીકૃષ્ણનાં ચરણોથી ભિન્ન એવાં બીજાં સ્થાનોમાં શાંતિની શોધ કરે છે, પરંતુ સાંસારિક પદાર્થોમાં શાશ્વત શાંતિ મળેજ ક્યાંથી? ત્યાં તો વિષયજન્ય વ્યાકુળતા છે. પરમ શાંતિ તો શ્રીકૃષ્ણનાં ચરણકમળોમાંજ છે; જ્યારે વિષયજન્ય સુખોની ઈચ્છાનો ત્યાગ કરીને જીવ શ્રીકૃષ્ણનાં ચરણકમળોનોજ આશ્રય લેશે, ત્યારે તેને સાચી શાંતિ પ્રાપ્ત થઈ શકશે. ઇંદ્રિયજન્ય વિષયોમાં જ્યાં સુધી વૈરાગ્યબુદ્ધિ થતી નથી, જ્યાં સુધી પૂરેપુરી રીતે સર્વ પ્રકારની વાસનાઓ અને ભોગોનો ત્યાગ નથી થતો, ત્યાં સુધી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અથવા શાંતિની વાતો કરવી એ માત્ર પાગલોનો લવારોજ છે. ત્યાગ પછીજ શાંતિ છે. 'त्यागाच्छान्तिरनन्तरम् ।'

ત્યાગમય જીવન પણ પૂર્વજન્મોનાં સુકૃત્યોથીજ બની શકે છે. એ મનસ્વી, તપસ્વી, વિરક્ત મહાત્માઓ ધન્ય છે કે જેમને સંસારની કોઇ પણ પ્રકારની ઈચ્છાઓ સતાવતી નથી, જેઓ શરીરને પાકેલો ફોલ્લો કે

થા સમજી તેને જઠર-ગુફાથી ભરાઈ દેવાને માટેજ તેની સંભાળ રાખે છે, અસને મલમ સમજીનેજ આવશ્યકતા પ્રમાણે તેને વાપરે છે, જે રીતે દેહાને અથવા થાને ધુએ છે તેવીજ બુદ્ધિથી તે સ્નાન કરે છે, વસ્ત્રોનો ઉપયોગ ઘાના પાટાની પેઠે કરે છે, ભિક્ષા એજ જેની લોકમાત્ર વૃત્તિ છે, જેને સ્તુતિ અને નિંદા બન્ને સમાન છે, સંસારી વાતોમાં જે સદા મૌન ધારે છે, જે મળી ગયું તેમાંજ સંતોષ માની લે છે, જે ક્યાંય પોતાનું નિશ્ચિત સ્થાન બનાવતા નથી અને જેમની બુદ્ધિ શ્રીકૃષ્ણના ચરણોમાં સ્થિર થઈ ગઈ છે, એ પૂજ્યપાદ મહાત્માઓનાં ચરણોમાં મારા કોટિ કોટિ પ્રણામ છે. એ ત્યાગી મહાનુભાવોને પગલે હું ક્યારે ચાલી શકીશ ? એજ આ જીવનમાં ઘણા સમયની અભિલાષા છે. કેટલીયે વાર જોર માર્યું, અનેક વખત કાર્યક્રમ બનાવ્યા, પ્રેમી બંધુઓ સાથે કેટલીયે વાર વિચારવિનિમય કર્યો, પણ એ મારા હાથની વાત થોડીજ છે! જેના ઉપર તેની કૃપા હોય તેનેજ એવું જીવન પ્રાપ્ત થઇ શકે છે, જેને તેઓજ બુદ્ધિયોગ આપે છે, તેજ તેમનો 'પ્રિય નર' બની શકે છે. તેઓ કોને બુદ્ધિયોગનો અધિકારી સમજે છે, તે તો તેઓજ જાણે.

સો જાને જેહિ દેહુ જનાઈ,
જાનત તુમહિં તુમહિ હોઈ જાઈ.

ગઇ રાષ્ટ્રીય ચળવળમાં મૌની તથા નિયમી હોવા છતાં પણ બે વાર કારાવાસમાં જવું પડ્યું. મૌની, ફળાહારી તથા ઉપદ્રવી હોવાથી છ મહિનાની પૂરી મુદત મેં સ્વેચ્છાથી કારાવાસની કાળ કોટડીઓમાંજ ગાળી. ત્રણ મહિના પ્રયાગની જેલમાં રાખીને અધિકારીઓએ મને નેપાળની તળેટીમાં બહરાઇચ જીલ્લાની જેલમાં મોકલી આપ્યો. તે જેલ ઘણી નાની હતી. ત્યાંના સઘળા અધિકારીઓ શિષ્ટ હતા, મારા સૌ સાથીઓ ભાવનાવાળા નવ-

જુવાનો હતો. ત્યાંની કાળકોટડીઓ પણ બીજી જેલો કરતાં કંઈક સારી હતી, તેથી તે જેલ મને બહુ અનુકૂળ પડી. મને રાતદહાડો ભજનપૂજન તથા એકાંત ચિંતનનો સમય મળતો હતો. માત્ર બે ત્રણ કલાક હું મારા રામજી, કાશી અને સરયૂ વગેરે પ્રેમી બંધુઓ સાથે કથા-વાર્તા કરતો, નહિ તો મારી ઓરડીમાંજ બેઠો રહેતો. ત્યાંના એકાંત ચિંતનનો હૃદય ઉપર ખૂબ પ્રભાવ પડ્યો. જીવનમાં ઉત્કટ ત્યાગના ભાવો આવવા લાગ્યા, વારે વારે વિચારતો કે ક્યારે મુદત પૂરી થાય અને ક્યારે આ કોલાહલપૂર્ણ સંસારનો ત્યાગ કરી પહાડોની ગુફાઓમાં જઈને અનન્ય હૃદયે પ્રભુના પ્રેમમાં પાગલની પેઠે રુદન કરૂં. ભર્તૃહરિજીનું આ પદ વારંવાર યાદ આવતું હતું કે **'क्वचित् पुण्यारण्ये शिव शिव शिवेति प्रलपयन्**–અર્થાત્ સંસારથી વીતરાગ થઈને અમે કોઈ પાવનકારી વન-પ્રદેશમાં બેસીને ક્યારે શિવ–શિવ–શિવ એવો પ્રલાપ કરતા રહીશું ? મુદત પુરી થઈ, મેં ચિત્રકૂટ, અયોધ્યા વગેરે પુણ્ય તીર્થોની પગે ચાલીને યાત્રા કરી, ગંગાજીને કિનારે કિનારે ઉત્તરાખંડમાં પ્રભુપ્રેમની પૂરેપુરી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી રહેવાની ઈચ્છાથી બદ્રીનારાયણ સુધીની યાત્રા પણ કરી, પરંતુ **'पुण्यैर्विना न हि भवन्ति समीहितार्थाः'** પૂર્વજન્મોનાં પુણ્યોના પ્રભાવથીજ એવાં સ્થાનોમાં રહી શકાય છે, પાપોનો ઉદય થઈ આવવાને કારણે અનિચ્છાએ પણ ફરીથી નીચેજ પાછા ફરવું પડયું.

બીજો અષાઢ પૂરો થયો હતો, શ્રાવણ બેસી ગયો હતો, બદરીનાથમાં ઘણે ભાગે હંમેશાંજ વરસાદ પડતો, બરફ પણ પડતો અને મારા ઓઢવા–પાથરવા–પહેરવામાં એક જીર્ણ થઇ ગયેલો એવો કંતાનનો ટુકડોજ હતો. તેમાંજ ટુંટિયું વાળીને બદરીનારાયણના મોટા દરવાજા સામે પડયો રહેતો હતો. રાત્રે ઠંડો ઠંડો પવન શરીરમાં લાગતો હતો, તે સમયે દુઃખ થતું હતું કે સુખ તે બરાબર કહી શકતો નથી, પરંતુ દુઃખમાં જેવો ગભરાટ

યા વિકળતા થાય છે, તેવું કંઇજ નહોતું. પહાડી જળ-થી અને ભોજનની ગરબડથી પાંચ છ વર્ષની જૂની સંગ્રહણી પણ ઉભળી આવી. પેટમાં જોરથી આંકડીઓ આવતી, છ છ સાત સાત વાર ઝાડે જવું પડતું. પેટમાંથી નર્યા આમ પડતા. ખાવામાં ભિક્ષામાં જે કંઇ મળતું તેના ઉપર ચાલતું. તેમ છતાંયે ભૂખ એટલી બધી લાગતી કે પોણોશેર કે શેર અન્ન જો મળી જાય તો તેને પ્રેમપૂર્વક આરોગી જાઉં! શરીરની દશા વિચિત્રજ થઇ ગઇ. બદ્રીનારાયણજીના મોટા દરવાજા પર જ્યાં હું રાત્રે પડી રહેતો હતો, ત્યાંજ એક સાધુ દ્વારા જાણ્યું કે ત્યાંથી છ સાત માઇલ વધારે ઉંચે એક વસુધારા નામનું સ્થાન છે. તે સ્થાન પણ ઘણું સુંદર છે અને ત્યાં બે ઘણા જૂના મહાત્માઓ પણ રહે છે.

મેં વિચાર્યું કે જ્યારે અહીં સુધી આવી ગયો છું, ત્યારે આ સુયોગને શા માટે જવા દઉં? મરું કે જીવું પણ તે મહાપુરુષોનાં દર્શન તો કરવાં જોઇએ. જીવસ-ટેન્સની બાજી લગાવીને ખુલ્લે પગેજ વસુધારા તરફ ચાલી નીકળ્યો. વ્યાસગુફા, ગરુડગુફા, ભીમશિલા વગેરે સ્થાનોમાં થઇને ચાંદી સમાન ચળકતા બરફ ઉપર થઇને વસુધારા પહોંચી ગયો. ઝાડાને લીધે આવેલી નિર્બળતાને લીધે એટલે ચઢી શકવાની આશા તો નહોતી, પરંતુ પ્રભુ-ની એવીજ ઇચ્છા હતી, એટલે જેમ તેમ કરીને પહોંચી ગયો. તે સ્થાન જોઇને હૃદય નૃત્ય કરવા લાગ્યું. વાત વધી જશે, વિષયાન્તર પણ થઈ જશે, જગા પણ ખૂબ રોકાઈ જશે અને વાચક પણ કંટાળી જશે; એટલે તે સ્થાનની મનોહરતા, મારી નિર્બળતા અને ત્યાંની પ્રાકૃતિક શોભાનાં વર્ણન છોડીજ દઉં છું. એ બન્ને મહાપુરુષો સંબંધી પણ વિસ્તારપૂર્વક વર્ણન નહિ કરું. વાચક! એટલુંજ સમજી લે કે તેઓ સાચેજ મહાપુરુષ હશે, જ્યાં પશુપક્ષીની તો વાત શું, છોડ પણ બરફને લીધે ઉછરતા નહિ, ત્યાં તેઓ અઢાર-વીસ વર્ષથી હમેશાં રહે છે. માત્ર ઠંડીના ચાર

મહિના માટેજ બદરીનારાયણથી [illegible] નીચે આવે છે. તેમનો સ્વભાવ બાળકો જેવો હતો, તેઓ નિષ્કપટ રહીને સીધી વાતો કરતા હતા, જાણે કોઈ ગાંભીર્ય વગરનું અજ્ઞાન બાળક કોઇ સાથે વાત કરી રહ્યું ન હોય! તેમના સ્વભાવમાં પાગલપણું હતું, વાતો તેઓ ગમે ત્યાં કે માથા વિનાની કરતા, પરંતુ તે નિરર્થક નહોતી. વળી વાતો ચાલ્યા કરી. બન્નેએ કહ્યું કે 'અહીંથી કેદારનાથ અને ગંગોત્રી માત્ર આઠ કોસજ છે. પરંતુ વચમાં બરફનો પહાડ હોવાથી લોકો ત્યાં જઇ શકતા નથી! અમે ત્રણ ચાર વાર સીધા ગયા છીએ.' મારા આશ્ચર્યનું ઠેકાણું ન રહ્યું. હું એજ માર્ગે લગભગ બારો માઇલની યાત્રા કરીને આવ્યો હતો. એ મહાત્માઓ સીધા ગયા હશે, તેમાં મને શંકા ન રહી. જેઓ આ બરફમાં નાગા રહી શકે છે, અને વીસ વરસોથી માત્ર ઘાસ–પાન ખાઇનેજ રહે છે, તેમને માટે બરફના પહાડ ઉપરથી ચાલવું શું મુશ્કેલ છે? ઠીક, મેં મારી બાબતમાં ઇસારાથી પૂછ્યું. એ મહાપુરુષો ઝટ સમજી ગયા અને ગાંડાઓની પેઠે કહેવા લાગ્યા કે "હા, તેઓ વાત વાતમાં એમ કહેતા હતા કે 'અમે તો જંગલી માણસ છીએ ભાઈ' 'અમે તો જંગલી માણસ છીએ; ભાઇ! અમારે શું?' એજ પ્રમાણે પોતાને ત્રણ ચાર વાર જંગલી જણાવીને બોલ્યા– 'અહીં નહિ, ત્યાં જાઓ. જ્યાં અનુકૂળ પડે ત્યાં રહેવું જોઇએ. જો અહીંજ રહેવું હોય તો પછી કોઇ ઇચ્છાજ ન હોવી જોઇએ. સૌનાં સ્થાન જુદાં જુદાં છે. અમે તો જંગલી છીએ, દેવસ્થાનોમાં દેવજ રહી શકે છે. જ્યાં મન લાગે ત્યાંજ ઠીક પડે છે. ત્યાં જાઓ. અમે તો જંગલી આદમી છીએ.' તેમનો ભાવ શું હતો, તે તો તેઓજ જાણે. હું તો સમજ્યો કે એ મહાપુરુષો મને નીચે જવાનીજ આજ્ઞા આપે છે; તેથી હું બદરીનારાયણથી અલ્મોડા થઇને સીધો અહીં ગંવા આવી ગયો.

પહેલાં સંગ્રહણી થતાં તેની ચિકિત્સા ભાઇ બાબુ-

વાલજીએ જ દૂધના કલ્પ વડે કરી હતી. ત્યારથી તો હું પછી ત્રણ ત્રણ ચાર વરસો સુધી દૂધ-ફળ ઉપરજ જીવન ગાળતો રહ્યો છું. આ યાત્રામાં અન્ન શરૂ કર્યું હતું, તે અસંયમને લીધે અનુકૂળ ન પડયું. તેથી ફરી એજ દૂધ-ની ચિકિત્સા કરાવી અને રોગ કંઇ ને કંઇ મટયો. આખરે ફરીથી ફળાહારી થવું પડયું.

વાત ઘણી મોટી છે અને વાચકોને તેનું કંઈ ખાસ પ્રયોજન પણ નથી; તેથી આ કથાને અધિક નહિ વધાર-તાં ટૂંકમાંજ કહેવું પૂરતું છે કે ભાવી મહાબળવાન હોય છે; તેને જેની પાસે જે સ્થાનમાં જે કામ કરાવવું હોય છે તેની પાસે તેજ સ્થાનમાં તેજ કામ તેજ સમયે તે કરાવી લે છે. આ સ્થાનમાં રોકાવાનો મારો સહેજ પણ વિચાર નહોતો. 'શ્રી ચૈતન્ય-ચરિતાવલિ' જેવો મહાગ્રંથ લખવાનું કદી જીવનમાં સાહસ પણ કરીશ, એવી મને સ્વપ્ને પણ આશા નહોતી. હું વિચારતો હતો કે 'ઝૂસી-ની એજ પુરાણી ઝૂંપડીમાં જઇને પહેલાંની પેઠે એકાન્ત-વાસ, સ્વાધ્યાય, અધ્યયન અને અનુષ્ઠાનાદિ કરીશ.' પરંતુ ભાવિને કોણ ફેરવી શકે છે? ભાઈ હનુમાનપ્રસાદજી પોદ્દારનો આદેશ મળ્યો કે 'ચૈતન્ય-ચરિત્ર' લખો. પહે-લાં તો હું અચકાયો, મારી અસમર્થતા પણ પ્રગટ કરી, પછી વિચાર્યું: તેનુંજ કામ છે, તેજ કરાવશે, હું શા માટે શોક કરું છું? દાદૂ દયાલજી કહે છે—

'દાદૂ કરતા હમ નહિ, કરતા ઔરૈ કોય;
કરતા હૈ સો કરેગા તૂ જિન કરતા હોય.'

મેં તેમને લખી દીધું–'આદેશપાલનનો યથાશક્ય પ્રયત્ન કરીશ.' આ તરફ ભાઈ બાબુલાલજીએ આગ્રહ પૂર્વક કહ્યું–"હવે તમારે ચૈતન્ય-ચરિત્રજ લખવું છે [illegible]
[illegible]
[illegible]
[illegible] કીર્તન કર્યું છે. [illegible]

ચરિત્રની કથાઓ થઈ છે. તેનાથી વધારે એકાંત, શાંત અને રમ્ય સ્થાન તમને ક્યાં મળશે ? ગંગાજીનો કિનારો, સુંદર રમણીય સ્થાન, ચૈતન્ય–ચરિત્રનું સુંદર વાયુમંડળ, સર્વે બાબતો અનુકૂળ છે. વળી અમે પણ તમારા શરીરની દેખરેખ રાખતા રહીશું.' તેની એવીજ ઈચ્છા હશે. અહીં આવી ગયો. અહીં આવતાંવેંતજ એક પરમ વૈરાગ્યવાન મહાપુરુષના સત્સંગનો સુયોગ પ્રાપ્ત થયો. પરિવ્રાજકાચાર્ય મહાત્મા બ્રહ્મપ્રકાશજી મહારાજનાં દર્શન અહીં આવતાંજ થઇ ગયાં. સ્થાન સાફ કરાવીને અહીં આસન જમાવી દીધું. બંધુવર રામેશ્વર દયાળુજીએ તથા પૂજ્યપાદ શ્રીહરિ બાબાજીએ ચૈતન્યદેવ સંબંધમાં જેટલાં બંગાળી, ઉર્દૂ, અંગ્રેજી તથા હિંદીનાં પુસ્તકો હતાં, તે બધાં મને ચરિત્ર લખવા માટે આપ્યાં. પૂજ્યપાદ શ્રીહરિ બાબાજીના એકમાત્ર ઇષ્ટદેવ મહાપ્રભુ ગૌરાંગજ છે. તેમના જીવનમાં પણ સ્વયં ગૌરાંગદેવજીના જેવી ભાવિકતા, પવિત્રતા, મહત્તા અને તન્મયતા છે. તેઓ સ્વયં ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ અને પ્રેમની એક આદર્શ મૂર્તિ છે. તેમના દ્વારા કેટલાંયે વર્ષોથી આ પ્રાન્તનું કલ્યાણ થઇ રહ્યું છે. લાખો મનુષ્ય તેમના પ્રેમામૃતનું પાન કરીને શાંતિમાર્ગ તરફ પ્રગતિ કરવાની ઇચ્છા કરી રહ્યા છે. એ મહાપુરુષની એટલી કૃપાજ પૂરતી છે કે તેઓ આ કાર્ય પ્રત્યે સહાનુભૂતિ રાખે છે. મહાપુરુષોના સત્સંકલ્પ આગળ કયું કાર્ય નથી થઇ શકતું ? તેમના સત્સંકલ્પથી દુ:સાધ્ય કાર્ય પણ સુસાધ્ય બની જાય છે. અપાત્ર પણ તે કાર્યનું યોગ્ય પાત્ર બની જાય છે. શ્રીહરિ બાબાજીએ ચૈતન્ય ચરિત્રનું ખૂબ પરિશ્રમપૂર્વક અધ્યયન કર્યું છે. તેઓ મહાપ્રભુજીનાં લીલા–સ્થાનોમાં જાતે ગયા છે, તેમના સંપ્રદાયના મુખ્ય મુખ્ય મહાપુરુષોને મળ્યા છે અને તેમના સઘળા ગ્રંથોનું તેમણે વિધિપૂર્વક અધ્યયન કર્યું છે. દુર્ભાગ્યવશ, તેઓ મને આ ચરિત્રમાં પ્રત્યક્ષ રીતે પુસ્તકો સિવાય કંઈ પણ સહાય કરી શક્યા નથી; કાર-

ણુ કે તેઓ નિયમમાં હતા. અસ્તુ. તેમના આશીર્વાદજ પૂરતા છે.

જે દિવસે હું અહીં આવ્યો, તેજ દિવસે વ્યાખ્યાનકાર એક પંડિતજી મહારાજે પધારીને શ્રીમદ્ વાલ્મીકિ રામાયણની નવાહ શરૂ કરી દીધી. પૂજ્યપાદ શ્રી બ્રહ્મપ્રકાશજી મહારાજ સહિત મેં નવાહ (નવ દિવસ ચાલતી કથા) સાંભળી. પૂ. બ્રહ્મપ્રકાશજીના મહાન અને આદર્શ જીવનનો મારા હૃદય ઉપર ખૂબ ભારે પ્રભાવ પડ્યો. તે મહાપુરુષ વેદાન્તશાસ્ત્રના સમર્થ પંડિત હતા, વેદાન્તનો કોઈ પણ ગ્રંથ તેમણે બાકી રાખ્યો નહોતો, કે જેના તેઓ પૂરેપૂરા જાણકાર ન હોય. એ સિવાય શ્રીમદ્ ભાગવતની શ્રીધરી ટીકા તો તેમને અક્ષરેઅક્ષર યાદ હતી. આટલા મોટા જ્ઞાની હોવા છતાંયે હૃદય એવું સરસ ને કોમળ હતું કે ભગવાનના નામના સ્મરણમાત્રથી તેમની આંખોમાં અશ્રુ આવી જતાં. શ્રીમદ્ભાગવતની તો વાતજ શું, મહાભારત વાંચતાં વાંચતાં તેઓ નિરંતર રોયાજ કરતા. ત્યાગી એવા જબરદસ્ત કે બસ, એક ચાદરથીજ હમેશાં ચલાવતા. ઠંડી હોય, ગરમી હોય કે ગમે તો વરસાદ હોય તો પણ બીજું વસ્ત્ર તો તેઓ રાખતાજ નહોતા. બદરીનાથ તથા ગંગોત્તરીમાં પણ એકજ ચાદર રાખતા હતા. મેં ઘણો આગ્રહ કર્યો કે રાત્રે થોડું દૂધ લીધા કરો. પરંતુ વારંવાર પ્રાર્થના કરવા છતાં પણ મારી પ્રાર્થના સ્વીકારી નહિ. ગામડામાંથી જે લૂખી સૂકી રોટી માગી લાવતા તેનેજ એક સમય જમીને ચલાવી લેતા.

નવાહ સમાપ્ત થતાં મેં કછલાના પંડિત વાગીશજી શાસ્ત્રીને લખ્યું. મારા સમાચાર મળતાંજ તેઓ તર [illegible] ચાલ્યા આવ્યા અને નવાહ સમાપ્ત થયાને બીજે [illegible] થી શ્રીમદ્ ભાગવતની કથા શરૂ થઈ. એ અરસામાં બ્રહ્મચારી આનંદ[illegible] [illegible] બ્રહ્મચારી ઈંદ્રજી [illegible] આવીને રહેવા [illegible] બંધુઓના સહ

સત્સંગથી સમય ખૂબ આનંદમાં જતો હતો.

એક દિવસ અચાનક શ્રી [illegible] મને કહ્યા વિનાજ ચાલ્યા ગયા. તે [illegible] પુત્રની પેઠે વહાલ રાખતા હતા. તેમની આવી નિષ્ઠુરતાનું સ્મરણ કરતાં 'રાજા કિસકે સાધુ કિસકે જોગી કિસકે મીત' એ લોકોક્તિ યાદ આવી ગઈ. મન મસોસીને રહ્યો. મનની વેદનાને કોની આગળ પ્રગટ કરું? તુલસીદાસજીએ ઠીકજ કહ્યું છે કે—

મિલત એક દારુણ દુઃખ દેહીં,
બિછુરત એક પ્રાન હરી લેહીં.

તેઓનું સ્મરણ તો થયાજ કરતું હતું. તેવામાં પૂજ્યપાદ શ્રી ઉડિયા બાબા અહીં આવ્યા. તેમના આગમનથી સમસ્ત આશ્રમ આનંદમય બની રહ્યો. નિરંતર ભક્તોના આગમનથી આશ્રમમાં આનંદ આનંદ રહ્યાજ કરે છે.

જ્યારે ભગવાનની કૃપા થાય છે, ત્યારે એકસાથેજ થાય છે. મહાત્મા શ્રીહરિહર—શ્રીચૈતન્યજીનું નામ ઘણા દિવસોથી સાંભળતો હતો. ૨૨–૨૩ વર્ષની નાની ઉંમરમાંજ તેમણે વેદાંતશાસ્ત્રમાં પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી છે. તેઓ એક ચાદર સિવાય કમંડળ પણ રાખતા નથી, મોટા મોટા વિદ્વાન પંડિતો તેમની પાસે વેદાંતના ઉંચા ઉંચા ગ્રંથો ભણવા આવે છે. હું તેમના દર્શન માટે ઋષિકેશ ગયો હતો; પરંતુ મારા દુર્ભાગ્યે તેઓ તેજ દિવસે હરિદ્વાર ચાલ્યા ગયા હતા, તેથી તેમનાં દર્શનોથી ત્યારે વંચિતજ રહ્યો. અકસ્માત એક દિવસ તેઓ પોતેજ અહીં આવી પહોંચ્યા અને મારી પ્રાર્થનાથી થોડો સમય તેમણે અહીં રહેવાનું પણ સ્વીકાર્યું છે. સાંજના તેઓ નિયમિતપણે 'ચૈતન્યચરિતાવલિ' ની કથા સાંભળે છે અને દિવસમાં શ્રીમદ્ ભાગવતની પણ. અત્યાર સુધી હું મારી જાતને તદ્દન ભગવત્કૃપા વિનાનો માનતો હતો, પરંતુ આ મહા-

પુરુષોનાં દર્શનોથી અને તેમની અહૈતુકી કૃપાનું સ્મરણ કરીને વિચારૂં છું કે, તને ભલે અનુભવ ન હોય, પરંતુ તારા ઉપર ભગવાનની થોડી ઘણી કૃપા અવશ્ય છે. કારણ કે 'બિનુ હરિ કૃપા મિલહિં નહીં સંતા' આ પદ ઉપરજ વિશ્વાસ રાખીને અનુમાન કરૂં છું; એજ પ્રમાણે મારા ચિત્તની બહિર્મુખ વૃત્તિઓનું સ્મરણ કરતાં તો હજી સુધી એમજ જણાય છે કે હું ભગવત્કૃપાથી હજુ ઘણે દૂર છું.

માગશરની પૂર્ણિમાએ આ ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી. વચમાં શારીરિક મોટાં મોટાં વિઘ્નો આવ્યાં. એ અરુચિકર પ્રસંગનું વર્ણન કરીને હું વાચકોનો કિંમતી સમય બરબાદ કરવા નથી ઈચ્છતો; પરંતુ એટલું જણાવી દઉં છું કે પૂર્વજન્મોનાં પાપોના પરિણામે યા પ્રારબ્ધકર્માનુસાર આ શરીર ઘણુંજ રોગમય પ્રાપ્ત થયેલું છે. એક દિવસ બન્ને પોલી દાઢોમાં ઘણી સખ્ત વેદના થતી હતી, તે પાડી નંખાવવા માટે દાક્તર સાહેબને બોલાવ્યા હતા. પગમાં દર્દ થતું હતું. આનાથી એક દિવસ પહેલાંજ વાતવ્યાધિને કારણે લાગલાગટ ૯ કલાક સુધી પેટમાં અસહ્ય દર્દ થઇ ચૂક્યું હતું, તેની મીઠી મીઠી વેદના ચાલુ હતી, દરાજ પણ દુઃખ દેતી હતી. કંઈક અન્યમનસ્કભાવે દાઢ પકડીને દાક્તરની વાટ જોતો હતો. તેજ સમયે ઈન્દ્રજીએ મને આ શ્લોક લખીને આપ્યો—

इदं शरीरं शतसन्धिजर्जरं पतत्यवश्यं परिणामपेशलम् ।
किमौषधैः क्लिश्यसि मूढ दुर्मते निरामयं कृष्णरसायनं पिब ॥

અર્થાત્ આ શરીર સેંકડો પ્રકારના સાંધાઓથી ભરેલું હોવાથી ઘણુંજ નિર્બળ બનેલું છે. તે એક દિવસે તો અવશ્યજ નાશ પામશે; કેમકે તે નાશવાન છે. કહે છે કે 'પછી તેનું ઔષધ શું છે?' જવાબ આપે છે—'અરે, કમભાગી નીચ! તું શોક શા માટે કરે છે? સર્વ રોગોને દૂર કરનાર કૃષ્ણરૂપી રસાયનનું હમેશાં પાન કેમ કરતો નથી? તેના પાનથી રોગ સંપૂર્ણ ચાલ્યો જશે.

પરંતુ એ નિરાધાર કૃષ્ણ[illegible] [illegible] હું [illegible] [illegible] મારું દુર્ભાગ્ય મને કહેતા હું તો [illegible] [illegible] [illegible] કૃપા કરીને બુદ્ધિયોગ આપશે તો હું તેમના ચરણ સુધી પહોંચી શકીશ.

ભજન, અધ્યયન, કથાવાર્તા તથા નિત્યકર્મોમાંથી જે સમય બચે છે, તે સમયમાં ગ્રંથ લખવાનું કામ ચાલે છે. જેટલું લખાય છે, તેટલાની નિયમિત રૂપે આનંદથી રાત્રે કથા કરે છે. જ્યારથી પૂજ્યપાદ ઉડિયા બાબાજી અહીં પધાર્યા છે ત્યારથી તેઓ પણ કથા સાંભળે છે. આ પ્રકારે લખાયા પછી સર્વે ભક્તોમાં આની થોડી ઘણી ચર્ચા પણ થાય છે.

ચૈતન્ય-ચરિત્ર અગાધ સુસ્વાદુ રસનો સાગર છે. તેમાંનો રસ કદી સમાપ્તજ થવાનો નથી; કોઈ ગમે તેટલો પી લે, ગમે તેટલો ઉલેચી લે, તેમાં અણુમાત્ર ઓછો થવાનો નથી. મેં તો રસનું યત્કિંચિતજ પાન કર્યું છે. એથી મને તો સાચેજ ઘણો લાભ થયો છે. હવે તેનાથી બીજા લોકોને લાભ થાય છે કે નહિ તેની તો મને ખબર નથી. 'બીજા લોકોને લાભ થાય' એવી બુદ્ધિથી મેં આ ચરિત્ર લખ્યું પણ નથી. જે ઉદ્દેશથી આ ચરિત્ર લખાયું છે, તેનું ફળ તો મને ગ્રંથ શરૂ કરતા પહેલાંજ મળી ગયું છે. ત્યાર પછી મહાફળ એ મળ્યું છે કે, મહાત્માઓએ કૃપા કરીને આ ચરિત્રને સાંભળ્યું અને તેની પ્રશંસા કરી છે. હવે વાચકોને આથી કંઇ લાભ મળે તેનું શ્રેય મને નહિ પણ શ્રી ગીતા પ્રેસના સંચાલકોનેજ છે કે જેમની પ્રેરણાથી આ ગ્રંથ લખાયો છે અને તેમના અવિશ્રાંત પરિશ્રમને લીધે વાચકો પાસે પણ પહોંચી શક્યો છે. મારી પોતાની તો ઇચ્છા પણ નહોતી.

મહાપ્રભુ ગૌરાંગદેવના જીવનમાં સર્વવ્યાપી પ્રેમનાં સઘળાં લક્ષણ બરાબર પ્રગટ થયેલાં છે. મહાપ્રભુ તેમના સમયના પ્રેમી અને ભાવિક મહાપુરુષોમાં સર્વશ્રેષ્ઠ મહા-

પુરુષ જણાતા હતા. તેમનું સંપૂર્ણ જીવન વિરહમય છે, તેમનો શ્રીવિગ્રહ કૃષ્ણવિયોગનું સાકાર સ્વરૂપજ બની ગયો હતો. કોઈ પણ મનુષ્યના શરીરમાં વિરહજન્ય આવા ઉગ્ર ભાવો જોવામાં આવ્યા નથી. જેને રડતાં શીખવું હોય, જેને શ્રીકૃષ્ણના પ્રેમમાં પાગલ થઈને નિરંતર અશ્રુ પાડવાની ઈચ્છા હોય, તેણે શ્રીચૈતન્ય ચરિત્રનું અધ્યયન કરવું જોઈએ. રુદન એજ જીવનનો એકમાત્ર સર્વોત્કૃષ્ટ આનંદ છે, તલસ્યા કરવું એજ આ નીરસ જીવનને અમર બનાવવાની સંજીવની છે. તરફડવું એજ જીવનનું સર્વોત્તમ સૌંદર્ય છે. જેને પોતાના જીવનને સર્વોત્કૃષ્ટ, આનંદમય, સૌંદર્યમય, ભાવમય તથા પ્રેમમય બનાવવું હોય, જે વ્યાકુળ થવા, તરફડવા અને તલપાપડ થવા ઈચ્છતા હોય તેમને અમારી પ્રાર્થના છે કે, તેઓ 'ચૈતન્યચરિતાવલી' નો સ્વાધ્યાય કરે. તેમને આમાં પૂર્ણ રીતે તો નહિ, પરંતુ કંઈક ને કંઈક સૂચન તો અવશ્ય મળી જશે. બસ, તેનાજ દ્વારા તે પોતાના ગંતવ્યસ્થાન સુધી પહોંચી શકાશે.

આ તો તેનો પ્રથમ ભાગજ છે. આને તો ચૈતન્યચરિત્રની પ્રસ્તાવનાજ સમજવી જોઈએ. આ તો એ સાકાર પ્રેમાવતારના વ્યાપક ચરિત્રની પ્રસ્તાવનામાત્ર છે. ચૈતન્ય ચરિત્રનો પ્રારંભ તો વસ્તુતઃ બીજા ભાગથી થશે.

ચૈતન્યદેવના મહાન જીવનમાં ચૈતન્યતાનું બીજારોપણ તો ગયાધામમાં થયું. નવદ્વીપમાં આવીને તે અંકુરિત અને કંઈક કંઈક વૃદ્ધિ પામ્યું. શ્રીનીલાચલ (જગન્નાથપુરી)માં તે પલ્લવિત, પુષ્પિત અને અમૃતમય ફૂલોફાળું બની ગયું. તેનાં અમૃતમય સુસ્વાદુ ફળોથી અસંખ્ય પ્રાણીઓ સદાને માટે તૃપ્ત થઈ ગયાં અને તેમની ભૂખ તદ્દન મટીજ ગઈ. તેની નિત્યાનંદ અને અદ્વૈતરૂપી બે મોટી મોટી શાખાઓએ સમગ્ર દેશને સુખમય અને શાંતિમય બનાવી દીધો. એ બધી વાતોનું વર્ણન વાચ-

કોને આગલા ભાગોમાં મળશે. તેથી અમારી પ્રાર્થના છે કે વાચક આ મધુમય, આનંદમય અને પ્રેમમય દિવ્ય ચરિત્રને શ્રદ્ધા તેમજ ભક્તિપૂર્વક વાંચે. એના વાચનથી શાંતિ મળશે, પરમાર્થનો પુનિત માર્ગ સ્વચ્છ થશે, મનની મલિન વાસનાઓ દૂર થશે, ચિત્તના ભાતભાતના સંદેહો ભાગી જશે, ભક્તોનાં ચરણોમાં પ્રીતિ થશે અને ભગવાનની સમીપ પણ પહોંચવાની અધિકાર પ્રમાણે જિજ્ઞાસા ઉત્પન્ન થશે. આથી વાચક એમ ન સમજી લે કે આમાં કંઈ સારી કારીગરી યા લેખન-ચાતુરી છે, એ તો ચૈતન્યચરિત્રની વિશેષતા છે. મારા જેવા ક્ષુદ્ર જીવની ચતુરાઈ હોઈ પણ શું શકે? જો આ ગ્રંથના લેખનમાં ક્યાંક મનોહરતા, સુંદરતા યા સરસતા વગેરે આવી ગયાં હોય તો એ બધાનું શ્રેય શ્રીલ કૃષ્ણદાસ ગોસ્વામી, શ્રીલ-વૃંદાવનદાસ ઠાકુર, શ્રીલ લોચનદાસ ઠાકુર, શ્રીલમુરારી ગુપ્ત, તથા શ્રી. શિશિરકુમાર ઘોષ આદિ પૂર્વવર્તી ચરિત્ર-લેખક મહાનુભાવોનેજ છે; અને જ્યાં કંઇ વિષમતા, તીક્ષ્ણતા, નીરસતા આદિ દૂષણ આવી ગયાં હોય, એ સર્વનો દોષ આ ક્ષુદ્ર લેખકનો છે અને તેનું એકમાત્ર કારણ આ અજ્ઞાનીની અલ્પજ્ઞતાજ છે.

અંતમાં પ્રેમી વાચકોને મારી એજ પ્રાર્થના છે કે તેઓ એક વાર 'ચૈતન્યચરિતાવલી'ને આદિથી અંત સુધી ધ્યાનપૂર્વક અવશ્ય વાંચી જાય. એ મુનિમનહારી બાંકે-વિહારી મુરલીમનોહરની મંજુલ મૂર્તિનું મારા હૃદયમાં ધ્યાન ધરતાં ધરતાં હું મારી આ રામકહાણી પૂરી કરૂં છું.

શ્રી હરી બાબાકા બાંધ
ગંગા [બદાયૂં]
વસંતપંચમીની ગુલાબી રાત્રિ
વિક્રમ સંવત ૧૯૮૮

પ્રભુદત્ત બ્રહ્મચારી

કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્

इष्ट प्रार्थना

શ્રીકૃષ્ણ ! ગોવિંદ ! હરે ! મુરારે !
હે નાથ ! નારાયણ ! વાસુદેવ !

ગ્રંથારંભ પહેલાં બે મહાપુરુષોના નમસ્કારાત્મક આશીર્વાદ

શ્રીપરમહંસ પરિવ્રાજક શ્રીસ્વામી અખંડાનંદજી મહારાજ તરફથી—

कटाक्षकिरणाचान्त नमन्मोहाब्धये नमः ।
अनन्तानन्दकृष्णाय जगन्मंगलमूर्तये ॥१॥

પ્રણામ કરનારા ભક્તોના મોહરૂપી સમુદ્રને જેમણે પોતાના કટાક્ષનાં કિરણોથી પી લીધો છે અને જે જગતના મંગલની સાક્ષાત્ મૂર્તિ જ છે એવા અનંત આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણને નમસ્કાર છે.

नमामि सच्चिदानन्दं भक्तान्स्वात्मनि कर्षकम् ।
कृष्णं नवघनश्यामं भक्तपापादिकर्षकम् ॥२॥

કૃષ્ણ શબ્દના ચાર અર્થ કરે છે–'કૃષ' સત્, 'ણ' આનંદ અર્થાત્ જે સચ્ચિદાનંદરૂપ છે. 'भक्तान् स्व आत्मनि कर्षतीति कृष्णः–જે ભક્તોને પોતાની તરફ પરાણે ખેંચે છે. 'नवघनमिव श्यामम्'—જે નૂતન વાદળ–મેઘની જેમ કાળા છે. भक्तानां पापादिविकारान् कर्षयतीति कृष्णस्तम्' જે ભક્તોના પાપ વગેરે વિકારોને હૃદયમાંથી એકદમ ખેંચી લે છે, એવા કૃષ્ણને હું નમસ્કાર કરું છું.

શ્રીમત્ પૂજ્યપાદ મહાત્મા ઉડિયા બાબા તરફથી—

राजचंद्रकरोचितारुचिरातिप्राणेश भावधिका,
मानिद्रोहपराक्रशालुतनुतापादीनता भूषिता ।
नागारे स्फुरितादराश्रियवमालाभासमाधिश्रिता
पापात्त्राणधुनाशनादिरहिता सा राधिका सा तनू ॥

આ શ્લોક શ્રીરાધા–કૃષ્ણ પરત્વે છે. એનાં વિશેષણ

શ્રીરાધા અને શ્રીકૃષ્ણ બન્નેનાજ સંબંધમાં ઘટાવી શકાય છે. મુખ્યત્વે એ રાધા પરત્વેનોજ શ્લોક છે, તેથી તેનો અર્થ સાંભળો. શ્રીકૃષ્ણના વિરહમાં વ્યાકુળ થયેલી શ્રીરાધિકાજીના રૂપનું વર્ણન કરતાં કરતાં ભક્ત કહે છે કે, એવી વિરહપીડિતા શ્રીરાધિકાજી તમારી રક્ષા કરો !

જે રાધિકાજીને સુંદર, સુપ્રકાશિત ચંદ્રમાનાં કિરણો અરુચિકર જણાય છે, જે પોતાના પ્રાણેશના વિરહને કારણે અત્યંત દુઃખી છે, જેને નિદ્રા આવતીજ નથી, જે શ્રીકૃષ્ણના આગમન સંબંધમાં રાત્રિદિવસ તર્ક–વિતર્કજ કર્યા કરે છે, જેનું શરીર વિરહાગ્નિથી સદા તપતું રહે છે, જે અત્યંત દીનતાથી લલિતા આદિ સખીઓને શ્રીકૃષ્ણને બોલાવવા માટે પ્રાર્થના કરી રહી છે, જેને લીધે તેના શરીરની શોભા અત્યંત સુંદર જણાય છે, જેને શ્રીકૃષ્ણના વિરહમાં ઘરબાર સહેજ પણ સારાં લાગતાં નથી, જે પોતાના પ્રિયતમને નહિ મળવાથી ઘણીજ વ્યાકુળ થઈ ગયેલી છે, જેમણે ખાનપાન વગેરે સર્વ બાબતોનો ત્યાગ કરી દીધો છે અને જે પોતાના શરીરની સઘળી સુધબુધ ભૂલી ગયાં છે, એવાં શ્રીરાધિકાજી તમારી રક્ષા કરો.

હવે શ્રીરાધાકૃષ્ણ બન્નેનાં ભેગાં સ્વરૂપોનું વર્ણન કરે છે–

જેમના મસ્તક ઉપર સુંદર મોરમુકુટ શોભાયમાન છે, જેમના શરીરનું લાવણ્ય કરોડો કામદેવોની છબીને પણ તિરસ્કૃત કરી નાખે તેવું છે, જેમની સાથે કંસાદિ દેહાભિમાનીઓ હંમેશાં દ્રોહ–ભાવજ રાખે છે, જેમના શરીરની કાંતિ અગ્નિ સમાન સદા દેદીપ્યમાન રહે છે, જે ભક્તોની દીનતાને માટેજ કૃપારૂપી આભૂષણ ધારણ કરે છે, ગરુડજીને જેમના દ્વારા માન મળ્યું છે, જેમની તમાલવૃક્ષના જેવી સુંદર તેજસ્વિતા છે, જે હંમેશાં આત્મસ્વરૂપમાંજ સ્થિત રહે છે, જેમણે મધુ નામના દૈત્યનો સંહાર કર્યો છે, એવા અનાદિ પરમ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રજીનું એ શરીર શ્રીરાધિકાજી સહિત તમારી (લેખકની) રક્ષા કરો.

श्री हरि

मंगलाचरण

वंशीविभूषितकरान्नवनीरदाभात्
पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुंदरमुखादरविन्दनेत्रात्
कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने ॥

(मधुसूदन स्वामी)

"જેમના કરકમળોમાં મનોહર મુરલી વિરાજમાન છે, અને જેમના શરીરનું તેજ નૂતન મેઘના જેવું શ્યામ છે, જેમણે પવિત્ર પીતાંબર ધારણ કરેલું છે, જેમનું મુખ પૂર્ણ ચંદ્રમા જેવું સુંદર છે, નેત્ર કમળ જેવાં મનોહર છે તથા હોઠ બિંબાફળના જેવા લાલ છે એવા શ્રીકૃષ્ણને છોડીને હું કોઈ બીજા પરતત્ત્વને નથી જાણતો—અર્થાત્ સર્વસ્વ તો એજ વૃંદાવનવિહારી મુરલીમનોહર છે."

મૈં હાર્યો કરિ જતન બિબિધ બિધિ અતિસૈ પ્રબલ અજૈ.
'તુલસિદાસ' બસ હોય તબહિં જબ પ્રેરક પ્રભુ બરજૈ.

વહાલા પ્રભુ ! જરા કૃપા કરો. એક ક્ષણ પણ તમારા પ્રેમસાગરમાં ડૂબી જવાય તો આ જીવન સાર્થક થઇ જાય–આ શરીર ન્યાલ થઇ જાય.

જીભ વિવિધ પ્રકારના રસોમાં એટલી આસક્ત છે, કે તેને તમારા નામમાં મઝાજ આવતી નથી. હમેશાં સ્વાદિષ્ટ સ્વાદિષ્ટ પદાર્થોનીજ ઇચ્છા કર્યા કરે છે. બલપૂર્વક તેને જોડું છું, પરંતુ મન વિનાનું કામ કદી પણ સારૂં થાય છે ? નાથ ! હવે તો બસ તમારોજ આશરો છે.

તમારા પ્રત્યે અનુરાગ નથી, વિષયો પ્રત્યે વૈરાગ્ય નથી, જીવનમાં યથાર્થ ત્યાગ નથી. જીવન તો જંજાળ-મય બનેલું છે. ઇચ્છું છું કે, અનન્યભાવે તમારૂંજ ચિંતન કરૂં; પરંતુ કરી શકતો નથી. ઇચ્છા થાય છે કે જીવનમાં યથાર્થ ત્યાગ થાય; પરંતુ નથી થતો. વિચારૂં છું કે સંસારથી ઉપરામ થાઉં; પરંતુ બની શકતું નથી. પરિ-ગ્રહથી જેટલો દૂર થવાની ઇચ્છા કરૂં છું, તેટલોજ વધારે સંગ્રહી બનતો જાઉં છું. તમારા ચરણોથી પૃથક્ હોવા-થી આ પ્રમાણે બનવું અનિવાર્યજ છે.

શરીરને સૂકવ્યું, તિતિક્ષાનો ઢોંગ રચ્યો, ધ્યાન, જપ, યોગ, આસન સર્વ તરફ મન લગાવ્યું; પરંતુ તમા-રી યથાર્થતાનો પત્તો લાગ્યો નથી. તમારા પ્રેમમાં પાગલ થઇ શક્યો નથી. ફરીફરીને એજ સંસાર ભાતભાતનાં રૂપ લઇને આગળ આવ્યો. તમે છુપાયલાજ રહ્યા. મને મારી જાત ઉપર હવે વિશ્વાસ નથી રહ્યો. આ શરીર રોગોનો અડ્ડો બની ગયું છે. નેત્રોની જ્યોતિ અત્યારથી ક્ષીણ થઇ ગઇ છે, દાંત બોખલા થઇ ગયા, પાચનશક્તિ ઓછી થઇ ગઈ, વાયુના પ્રકોપથી શરીરના સઘળા અવયવો વેદનામય બની ગયા છે, છતાં પણ યથાર્થ જીવન પામી શક્યો નથી. હવે સર્વ તરફથી [illegible]ને બેઠો છું. હવે તો એક એજ

બીને મારે અધીશ થવું જોઇએ, પરંતુ કૃપાળુ ! અધીશ થવાનું તો અલગ રહ્યું, પણ મને તો વિચાર પણ આવતો નથી કે એ પ્રમાણે થયું હશે કે નહિ.

ઘણુંયે ઇચ્છું છું કે, તમારૂં સ્મરણ કરે, મનમાં તમારા સિવાય બીજો વિચારજ ન ઉઠે, કાન તમારા ગુણ-કીર્તનો સિવાય બીજી સાંસારિક વાતો સાંભળેજ નહિ. જીભ હમેશાં તમારાજ નામામૃતનું પાન કરતી રહે, નેત્રો સમક્ષ તમારી એ લલિત ત્રિભંગીયુક્ત ફાંકડી છબી નૃત્ય કરતી રહે; પગથી તમારી પ્રદક્ષિણા કરે; હાથ વડે તમારી પૂજા-અર્ચા કરતો રહું, અને હૃદયમાં તમારી મનોહર મૂર્તિને ધારણ કરતો રહું; પરંતુ નટનાગર ! એવું તો એક ક્ષણ પણ થતું નથી.

કોણ જાણે મન કેવાયે ઉટંગ વિચારો કર્યા કરે છે; જ્યારે કોઇક વાર યાદ આવે છે, ત્યારે મનને વારંવાર ધિક્કારે છું કે 'અરે નીચ ! કોણ જાણે તું કેવી નકામી બાબતો વિચાર્યા કરે છે ! અરે ! એ મનમોહનની છબીનું ચિંતન કર કે જેના પછી કોઇ ચિંતનીય ચીજજ બાકી રહે નહિ. પરંતુ હે નાથ ! તે મારી શિખામણને સાંભળતુંજ નથી. કોણ જાણે કેટલા દિવસોથી તે ઘટપટાદિને વિચારતું આવ્યું છે. વિષયોના ચિંતનથી તે એવું વિષયમય બની ગયું છે, કે તમારી તરફ જતાંજ કંપવા લાગે છે. અને આગળ વધવાનું તો અલગ રહ્યું, પણ ચાર પગલાં વધારે પાછું પડે છે. શું કરે ? નાથ ! અનેક ઉપાય કર્યા, પરંતુ તેના ઉપર કશીજ અસર થઇ નથી. થાય પણ શી રીતે ? તેની દોરી તો તમારા હાથમાં છે. તમે તો તેની દોરી ઢીલી મૂકી દીધી છે. જો તમારો સહેજ પણ ઇશારો થાત તો તેની શી મગદૂર હતી કે તે આમ તેમ જરા પણ જઈ શકે ! મારાં સાધનોથી તે વશ થઇ શકશે એવી મને આશા નથી. તમેજ જ્યારે કૃપા કરો ત્યારેજ કામ ચાલે તેમ છે.

इष्ट प्रार्थना

कदा वृन्दारण्ये विमलयमुनातीरपुलिने
चरन्तं गोविन्दं हलधरसुदामादिसहितम् ।
अये कृष्ण स्वामिन् मधुरमुरलीवादनविभो
प्रसीदेत्याक्रोशन् निमिषमिव नेष्यामि दिवसान् ॥

અર્થઃ-યમુનાજીનો સુંદર કિનારો હોય, વૃંદાવનનાં સુંદર વનોમાં બંસી બજાવતા બજાવતા બલરામ અને સુદામા આદિ ગોપો સાથે આપ વિચરી રહ્યા હો. હે મારા પ્રાણનાથ! હે મારા મદનમોહન! ઓ મારા ચિતડાના ચોર! મારા એવા દિવસો ક્યારે આવશે કે જ્યારે હું તમારી આ પ્રકારની છબી હૃદયમાં ધારણ કરીને પાગલોની 'પેઠે કૃષ્ણ-કૃષ્ણ' પોકારતો પોકારતો મારા જીવનના સંપૂર્ણ સમયને નિમિષની પેઠે વીતાવી દઇશ!

વહાલા! તમને કયે મુખે કહું કે મને એવું જીવન પ્રદાન કરો. ચિરકાળથી મહાત્માઓના મુખથી સાંભળતો આવું છું કે તમે નિષ્કિંચનોને પ્રિય છો, જેમણે બાહ્ય અને આંતરિક બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી દીધો છે, જેમના તમેજ એકમાત્ર આશ્રય છો, જે તમનેજ પોતાનું સર્વસ્વ સમજે છે, તેજ એકનિષ્ઠ ભક્તોના હૃદયમાં પધારીને તમે વિરાજમાન થાઓ છો; તેમનાજ જીવનને અસલી જીવન બનાવી દો છો, તેમનાજ તમે વહાલા છો અને તેઓ તમને વહાલા છે. વહાલા! આ પામર પ્રાણી ઉપર તમે કેવી રીતે વહાલ કરી શકશો? છેતરપંડી નથી, અત્યુક્તિ નથી! શી રીતે કહું કે બનાવટ નથી? પરંતુ તમે તો અંતર્યામી છો, તમારાથી કોઇ વાત છુપાયેલી થોડીજ છે! આ અધમને તો તમારા પ્રત્યે જરા પણ આકર્ષણ નથી. રોજ સાંભળું છું કે, અમુકના ઉપર તમે કૃપા કરી; અમુકને તમે દર્શન દીધાં; એ પ્રસંગો સાંભ-

[illegible] દ્રૌપદીના [illegible], અરેરે કૃપાળુ ! [illegible] તો [illegible] કર્યું, પણ મારે તો નિશ્ચય પણ [illegible] કે [illegible] કે નહિ..

હવે એ કહેવું છે કે, તમારૂં કલ્યાણ કરો, મનમાં તમારા સિવાય બીજો વિચાર જ ન ઉઠે, કાન તમારા ગુણ-કીર્તનો સિવાય બીજી સાંસારિક વાતો સાંભળે જ નહિ. જીભ હમેશાં તમારા નામામૃતનું પાન કર્યા કરે, નેત્રો સદાય તમારી એ લલિત ત્રિભંગીયુક્ત કીશોર છબીનું ધ્યાન કર્યા કરે; પગથી તમારી પ્રદક્ષિણા કરે; હાથ વડે તમારી પૂજા-અર્ચા કરતો રહું, અને હૃદયમાં તમારી મનોહર મૂર્તિને ધારણ કરતો રહું; પરંતુ નટનાગર ! એવું તો એક, હાય પણ બન્યું નથી.

કોણ જાણે મન કેવાંયે ઉધંગ વિચારો કર્યા કરે છે; જ્યારે કોઈક વાર યાદ આવે છે, ત્યારે મનને વારંવાર ધિક્કારૂં છું કે 'અરે નીચ ! કોણ જાણે તું કેવી નકામી બાબતો વિચાર્યા કરે છે ! અરે ! એ મનમોહનની છબીનું ચિંતન કર કે જેના પછી કોઈ ચિંતનીય ચીજજ બાકી રહે નહિ. પરંતુ હે નાથ ! તે મારી શિખામણને સાંભળતુંજ નથી. કોણ જાણે કેટલા દિવસોથી તે પટપટાદિને વિચારતું આવ્યું છે. વિષયોના ચિંતનથી તે એવું વિષયમય બની ગયું છે, કે તમારી તરફ જતાંજ કંપવા લાગે છે. અને આગળ વધવાનું તો અલગ રહ્યું, પણ ચાર પગલાં વધારે પાછું પડે છે. શું કરૂં ? નાથ ! અનેક ઉપાય કર્યા, પરંતુ તેના ઉપર કશીજ અસર થઇ નથી. થાય પણ શી રીતે ? તેની દોરી તો તમારા હાથમાં છે. તમે તો તેની દોરી ઢીલી મૂકી દીધી છે. જો તમારો સહેજ પણ ઇશારો થાત તો તેની શી મગદૂર હતી કે તે આમ તેમ જરા પણ જઈ શકે ! મારાં સાધનોથી તે વશ થઇ શકશે એવી મને આશા નથી. તમેજ જ્યારે કૃપા કરો ત્યારેજ કામ ચાલે તેમ છે.

મૈં હાર્યો કરિ જતન અનેક વિધિ અતિશય પ્રબલ અજૈ.
તુલસિદાસ વશ હોય તબહિં જબ પ્રેરક પ્રભુ બરજૈ.

વહાલા પ્રભુ ! એવી કૃપા કરો, મન સદા માટે તમારા પ્રેમસાગરમાં ડૂબી જાય તો આ જીવન સાર્થક થઇ જાય—આ શરીર સાર્થક થઇ જાય.

જીભ વિવિધ પ્રકારના સ્વાદોમાં એટલી આસક્ત છે, કે તેને તમારા નામમાં ગમ્મતજ આવતી નથી. હંમેશાં સ્વાદિષ્ટ સ્વાદિષ્ટ પદાર્થોનીજ ઇચ્છા કર્યા કરે છે. બળપૂર્વક તેને જોડું છું, પરંતુ મન વિનાનું કામ કદી પણ સારૂં થાય છે ? નાથ ! હવે તો બસ તમારોજ આશરો છે.

તમારા પ્રત્યે અનુરાગ નથી, વિષયો પ્રત્યે વૈરાગ્ય નથી, જીવનમાં યથાર્થ ત્યાગ નથી. જીવન તો જંજાળ-મય બનેલું છે. ઇચ્છું છું કે, અનન્યભાવે તમારૂંજ ચિંતન કરૂં; પરંતુ કરી શકતો નથી. ઇચ્છા થાય છે કે જીવનમાં યથાર્થ ત્યાગ થાય; પરંતુ નથી થતો. વિચારૂં છું કે સંસારથી ઉપરામ થાઉં; પરંતુ બની શકતું નથી. પરિ-ગ્રહથી જેટલો દૂર થવાની ઇચ્છા કરૂં છું, તેટલોજ વધારે સંગ્રહી બનતો જાઉં છું. તમારા ચરણોથી પૃથક્ હોવા-થી આ પ્રમાણે બનવું અનિવાર્યજ છે.

શરીરને સૂકવ્યું, તિતિક્ષાનો ઢોંગ રચ્યો, ધ્યાન, જપ, યોગ, આસન સર્વ તરફ મન લગાવ્યું; પરંતુ તમા-રી યથાર્થતાનો પત્તો લાગ્યો નથી. તમારા પ્રેમમાં પાગલ થઇ શક્યો નથી. ફરીફરીને એજ સંસાર ભાતભાતનાં રૂપ લઇને આગળ આવ્યો. તમે છુપાયલાજ રહ્યા. મને મારી જાત ઉપર હવે વિશ્વાસ નથી રહ્યો. આ શરીર રોગોનો અડ્ડો બની ગયું છે. નેત્રોની જ્યોતિ અત્યારથી ક્ષીણ થઇ ગઇ છે, દાંત ઓખલા થઇ ગયા, પાચનશક્તિ ઓછી થઇ ગઈ, વાયુના પ્રકોપથી શરીરના સઘળા અવયવો વેદનામય બની ગયા છે, છતાં પણ યથાર્થ જીવન પામી શક્યો નથી. હવે સર્વ તરફથી હારીને બેઠો છું. હવે તો એક એજ

વાત વિચારી લીધી છે કે જે તમે કરાવશો તે હું કરીશ, જ્યાં રાખશો ત્યાં રહીશ અને જેમ નચાવશો તેમ નાચીશ. તો પણ વહાલા ! આ જીવનમાં એકજ ઈચ્છા છે અને તે ઈચ્છા અંતસુધી ચાલુજ રહેશે. એક વાર સર્વસ્વને ભૂલી જઈ તમારાં ચરણોમાં પાગલની પેઠે લોટપોટ થઈ જઉં, એજ એક હાર્દિક વાસના છે.

અહો ! એ બધી સાંસારિક વાસનાઓ જ્યારે નાશ પામશે, જ્યારે એકમાત્ર તમેજ યાદ આવતા રહેશો—સૂતાં જાગતાં આઠે પહોર તમારી મનોહર મુરલીનો મીઠો મીઠો ધ્વનિજ સંભળાયા કરશે; તમારા એ મંદ-મંદ હાસ્યમાંજ ચિત્ત હમેશાં ડુબકાં લગાવ્યા કરશે અને હું સર્વ પ્રકારની લાજ, સંકોચ તથા ભયનો ત્યાગ કરીને પાગલોના જેવું નૃત્ય કરતો રહીશ; ત્યારે આ જીવન ધન્ય થઈ જશે,આ શરીર સાર્થક થઈ જશે.

નાથ ! મને રુદનનું વરદાન આપો; રડતો રહું, ગાંડાની પેઠે સદા રડું, ઉઠતાં બેસતાં, સૂતાં ઉઠતાં–હમેશાં આ આંખોમાં આંસુજ ભરેલાં રહે; રડવું એજ મારા જીવનનો વ્યાપાર બની જાય; ખૂબ રડું, હર વખત રડું, હર જગાએ રડું અને જોરથી રડતાં રડતાં ચૈતન્યદેવની પેઠે બૂમો પાડી ઉઠું કે—

हे देव ! हे दयित ! हे भुवनैकबन्धो !
हे कृष्ण ! हे चपल ! हे करुणैकसिन्धो !
हे नाथ ! हे रमण ! हे नयनाभिराम !
हा ! हा ! कदानुभवितासि पदं दृशोर्मे ॥

હે દયાસાગર ! મારી પાત્રતા-અપાત્રતાનો વિચાર કરશો. બાહ્ય લોકાચારની પાત્રતા તરફ ધ્યાન નહીં આપશો; મેં તો તેની સામે અર્પેલા દરેક પ્રકારના લોકાચાર તુચ્છત્વ જાણી લે છે. કેમકે તેનો સ્વભાવજ લોકોને પ્રેમાન્ધ બનાવવાનો છે. તમારે યોગ્ય પાત્રતા. શું આ પાર્થિવ પ્રાણીઓમાં કદી આવી શકે ? તમારા સ્વભાવનુંજ ધ્યાન રાખશો. તમારા દયાળુ સ્વભાવની પ્રશંસા સાંભળીનેજ હું હાથમાં અંજલિ લઈને તમારાં શ્રીચરણોમાં આવ્યો છું. આ વન્ય પુષ્પો છે, તાજાં ખીલેલાં ફૂલ છે અને શુદ્ધ અંજલિ છે, એજ મારી ભેટ છે અને સંભવ છે કે એજ તમને પ્રિય પણ હશે. હે નિરપેક્ષ ! મારી પ્રાર્થના સ્વીકારો અને મને આપનાં ચરણોમાં શરણ આપો. તમારાં ચરણકમળોમાં મારા કોટિકોટિ પ્રણામ છે.

હે ત્રિગુણાતીત ! હું તમારી દયાનો ભિખારી છું, અમ નેત્રહીનોને એકમાત્ર તમારોજ આશરો છે. અજ્ઞાન-અંધકારે અમારી જ્યોતિને નષ્ટ કરી દીધી છે તેને આપની કૃપારૂપી શલાકાથી પુનઃ પ્રકાશિત કરો, જેથી અમે તમારી છબીનાં દર્શન કરી શકીએ. હે મારા ઉપાસ્યદેવ ! તમારા સિવાય સંસારમાં મારો બીજો કોણ હિતેચ્છુ છે ? તમેજ મારા એકમાત્ર આધાર છો. હે નિરાશ્રિતોના આશ્રયસ્થાન ! મારી આ અંજલિનો સ્વીકાર કરો.

નથી તો હું તરતાં જાણતો કે નથી તો હોડી ચલાવતાં જાણતો; તેમ છતાંયે ભયંકર સમુદ્રમાં વહ્યો જાઉં છું. ક્યાં જાઉં છું તેનો કશો પત્તો નથી. સામેથી ઝંઝાવાત આવતો દેખાય છે, તેનાથી હું કેવી રીતે બચી શકીશ ? કંઈજ પત્તો નથી. હવે એકમાત્ર તમારોજ આશ્રય છે. કર્ણધાર-સુકાન સંભાળનાર નાવિક બનીને મને મદદ કરશો તોજ કામ ચાલશે. તમારા પધારવા સિવાય બચવાનો બીજો માર્ગજ નથી. ચારે તરફથી ભાંગી ગયેલી આ જૂની હોડી ઉપર જ્યારે તમારાં શ્રીચરણ પડશે ત્યારે

श्री गुरुवंदना

ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

(गुरुस्तोत्र रत्नाकर)

અર્થાત્ જે બ્રહ્માનંદસ્વરૂપ છે, પરમ સુખ આપનાર છે, તેમના સિવાય બીજું કોઈ છેજ નહિ. જે મૂર્તિમાન જ્ઞાન છે, દ્વંદ્વોથી પર છે, ગગન સમાન સર્વત્ર વ્યાપક છે, 'તત્ત્વમસિ' આદિ મહાવાક્યોનું લક્ષ્ય છે, જે એક છે, નિત્ય છે, નિર્મળ છે, અચળ છે તથા સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષીસ્વરૂપ છે, જે ભાવોથી પર છે, ત્રણે ગુણોથી રહિત છે, એવા મારા સદ્ગુરુદેવને હું નમસ્કાર કરે છું.

ગુરુદેવ! તમારાં ચરણકમળોમાં કોટિકોટિ પ્રણામ છે. અંતર્યામિન્! તમારા અનંત ગુણોનાં વખાણ શેષનાગ તેમનાં સહસ્ર મુખોથી સૃષ્ટિના અંત સુધી અહોનિશ કરતા રહે તોપણ તેનો અંત આવે તેમ નથી. તો પછી હું-ક્ષુદ્ર પ્રાણી તમારી વિમલ બિરદાવલીનાં વખાણ ભલા કેવી રીતે કરી શકું? છતાં પણ તમે જાણી શકાઓ છો. તમે અગમ્ય છો, છતાં પણ અધિકારી તમારા સુધી પહોંચે છે. તમે અનિર્વચનીય છો, છતાં પણ શિષ્ય-પ્રશિષ્ય પરસ્પર એકત્ર થઈને તમને વર્ણવે છે. તમે નિર્ગુણ નિરાકાર છો, છતાં પણ શિષ્યોના પ્રેમને વશ થઈને તમે સગુણ સાકાર થઈને પ્રકટ થાઓ છો. સમર્થ વિદ્વાનો તમારા તત્ત્વને પરોક્ષ દર્શાવે છે, છતાં પણ તમે પ્રત્યક્ષ થઈને શિષ્યોની પૂજાઅર્ચાને ગ્રહણ કરો છો. હે ગુરુદેવ! આ પ્રકારના તમારા રૂપને વારંવાર નમસ્કાર છે.

હે તારણહાર ! મારી પાત્રતા-અપાત્રતાનો વિચાર ન કરશો. પારસ લોખંડની પાત્રતા તરફ ધ્યાન નથી આપતો; તે તો તેની સમક્ષ આવેલા દરેક પ્રકારના લોઢાને સુવર્ણ બનાવી દે છે. કેમકે તેનો સ્વભાવજ લોઢાને કંચન બનાવવાનો છે. તમારે યોગ્ય પાત્રતા શું આ પાર્થિવ પ્રાણીઓમાં કદી આવી શકે ? તમારા સ્વભાવનુંજ ધ્યાન રાખશો. તમારા દયાળુ સ્વભાવની પ્રશંસા સાંભળીનેજ હું હાથમાં સમિધા લઈને તમારાં શ્રીચરણોમાં આવ્યો છું. આ વન્ય પુષ્પો છે, તાજાં ખીલેલાં ફૂલ છે અને સૂકી સમિધા છે, એજ મારી ભેટ છે અને સંભવ છે કે એજ તમને પ્રિય પણ હશે. હે નિરપેક્ષ ! મારી પ્રાર્થના સ્વીકારો અને મને આપનાં ચરણોમાં શરણ આપો. તમારાં ચરણકમળોમાં મારા કોટિકોટિ પ્રણામ છે.

હે ત્રિગુણાતીત ! હું તમારી દયાનો ભિખારી છું, અમ નેત્રહીનોને એકમાત્ર તમારોજ આશરો છે. અજ્ઞાન-અંધકારે અમારી જ્યોતિને નષ્ટ કરી દીધી છે તેને આપની કૃપારૂપી શલાકાથી પુનઃ પ્રકાશિત કરો, જેથી અમે તમારી છબીનાં દર્શન કરી શકીએ. હે મારા ઉપાસ્યદેવ! તમારા સિવાય સંસારમાં મારો બીજો કોણ હિતેચ્છુ છે? તમેજ મારા એકમાત્ર આધાર છો. હે નિરાશ્રિતોના આશ્રયસ્થાન ! મારી આ અંજલિનો સ્વીકાર કરો.

નથી તો હું તરતાં જાણતો કે નથી તો હોડી ચલાવતાં જાણતો; તેમ છતાંયે ભયંકર સમુદ્રમાં વહ્યો જાઉં છું; ક્યાં જાઉં છું તેનો કશો પત્તો નથી. સામેથી ઝંઝાવાત આવતો દેખાય છે, તેનાથી હું કેવી રીતે બચી શકીશ? કંઈજ પત્તો નથી. હવે એકમાત્ર તમારોજ આશ્રય છે. કર્ણધાર-સુકાન સંભાળનાર નાવિક બનીને મને મદદ કરશો તોજ કામ ચાલશે. તમારા પધારવા સિવાય બચવાનો બીજો માર્ગજ નથી. ચારે તરફથી ભાંગી ગયેલી આ જૂની હોડી ઉપર જ્યારે તમારાં શ્રીચરણ પડશે ત્યારે

તમારો [illegible] હિસ્સો નથી ભાર છે. [illegible] છે. [illegible] હું તમારી કૃપાથી [illegible] તમારો [illegible] છતાંયે 'તમારો' [illegible] નથી [illegible] છાયામાંજ રહીને [illegible] રહું છું. હાલ [illegible] હજી, મારું [illegible] થવા દેતું નથી. [illegible] આ જીવનમાં [illegible] છે, તેનુંજ ધ્યાન ધરતો રહું છું—

વહ દિન કૈસા હોયગા, જબ ગુરુ ગહેંગે બાંહ;
અપના કરિ બૈઠાયેંગે, ચરણકમળકી છાંહ.

सत्तावंदना

प्रह्लादनारदपराशरपुंडरीक
व्यासाम्बरीषशुकशौनकभीष्मदाल्भ्यान् ।
रुक्माङ्गदोद्धवविभीषणफाल्गुनादीन्
पुण्यानिमान्परमभागवतान्नतोऽस्मि ॥

(પાંડવગીતા)

જેમણે દૈત્યકુળમાં જન્મ લઇને પણ અચ્યુતની અનન્યભાવે પૂજા-અર્ચા કરી છે, જેમના સદુપદેશથી દૈત્યબાળક પણ પરમ ભક્ત બની ગયા, જેમણે પોતાના પ્રતાપી પિતાના પ્રભાવની પરવા નહિ કરીને પોતાની પ્રતિજ્ઞામાં ફેરફાર ન કર્યો, જેમને હળાહળ ઝેર પાવામાં આવ્યું, પર્વતને શિખરેથી ફેંકવામાં આવ્યા, જળમાં ડુબાડવામાં આવ્યા, અગ્નિમાં સળગાવવામાં આવ્યા તોપણ જે પોતાના પણથી ડગ્યા નહિ, જેમને માટે સાક્ષાત્ ભગવાનને નૃસિંહ રૂપ ધારણ કરવું પડયું તે ભક્તાગ્રગણ્ય પ્રહ્લાદજીનાં ચરણોમાં મારા કોટિ કોટિ નમસ્કાર છે.

જે સંસારના કલ્યાણની ઇચ્છાથી હમેશાં જુદા જુદા લોકોમાં ભ્રમણ કરે છે, જે બ્રહ્માજીના માનસ પુત્ર છે, જેઓ સર્વ લોકોમાં બેધડક જઇ શકે છે, જે સ્મરણ કરતાંજ સર્વત્ર પહોંચી જાય છે, જેમને અહીંનું તહીં જોડવામાં આનંદ આવે છે, જે સંગીતમાં પારંગત છે અને ભક્તિના આદિ આચાર્ય છે, જે વીણા લઇને ઉચ્ચ સ્વરથી અહોનિશ "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ! નારાયણ વાસુદેવ" એ નામોનું સંકીર્તન કર્યા કરે છે એવા ભક્તશિરોમણિ દેવર્ષિ નારદજીનાં ચરણોમાં મારા કોટિ કોટિ પ્રણામ છે.

જે મૂર્તિમાન તપ છે, જે પુરાણોના મર્મજ્ઞ છે અને

જેમણે અનેક પ્રકારના યજ્ઞોમાં વિષ્ણુની આરાધના કરી છે તે વ્યાસદેવજીના પિતા પરમ ભાગવત મહર્ષિ પરાશરનાં ચરણકમળોમાં અનંત પ્રણામ છે.

પરમ ભાગવત, પરમ વૈષ્ણવ પુંડરીક ઋષિના ચરણોમાં હું વારંવાર પ્રણામ કરૂં છું.

જેમણે એક વેદને ચાર ભાગોમાં વિભક્ત કર્યા છે, જેમણે કલિકાળના જીવોના ઉદ્ધાર માટે પાંચમા વેદ મહાભારત અને અઢાર પુરાણોની રચના કરી છે, જે જ્ઞાનાવતાર છે, તે મહર્ષિ વેદવ્યાસને હું વારંવાર પ્રણામ કરૂં છું.

જેમની વૈષ્ણવતાના પ્રભાવને દર્શાવવા માટે ભગવાને શરણમાં આવેલા મહર્ષિ દુર્વાસાની સ્વયં રક્ષા નહિ કરતાં તેમનીજ પાસે મોકલ્યા હતા, જેમની પરમ ભાગવતપણાની પ્રશંસા પુરાણોમાં અનેક જગાએ આવે છે, તે રાજર્ષિ અંબરીષની ચરણધૂલિને હું મારા મસ્તક પર ધારણ કરૂં છું.

જે સંસારી માયાના પ્રભાવથી બચવા માટે બાર વર્ષ સુધી માતાના ગર્ભમાંજ રહ્યા, જેમણે મરણપથારીએ પડેલા રાજા પરીક્ષિતને સાત દિવસમાંજ શ્રીભાગવતની કથા સંભળાવીને મોક્ષના ઉત્તમ અધિકારી બનાવી દીધા, તે અવધૂતશિરોમણિ મહામુનિ શુકદેવજીનાં ચરણોમાં હું શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કરૂં છું.

જેમણે નૈમિષારણ્યની પુણ્ય ભૂમિમાં સૂતના મુખે મહાભારત અને અઢાર પુરાણો શ્રવણ કર્યાં, જે ઋષિઓના અગ્રણી ગણાય છે, જેમણે હજારો વર્ષની દીક્ષા લઈને મોટા મોટા યજ્ઞ-યાગો કર્યા છે તે સંત મહંત મહર્ષિ શૌનકનાં ચરણોને વંદન કરી હું મારી જાતને કૃતકૃત્ય બનાવવા ઈચ્છું છું.

જેમણે પિતાનું પ્રિય કરવા માટે આજીવન અખંડ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું, જે પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે પોતાના ગુરુ પરશુરામ સાથે પણ લડ્યા, જેમણે પિતાને પ્રસન્ન કરીને ઇચ્છામૃત્યુનું અમોઘ વરદાન પ્રાપ્ત કર્યું, જેમની પ્રતિજ્ઞા પૂરી કરવાને માટે સાક્ષાત્ ભગવાને પોતાની પ્રતિજ્ઞા તોડી, તે ગંગાપુત્ર વસુ અવતાર મહાત્મા ભીષ્મ પિતામહના આશીર્વાદને હું ઇચ્છું છું.

પરમ ભાગવત અને પરમ વૈષ્ણવ દાલ્ભ્ય ઋષિના ચરણકમળોમાં મારા કોટિ કોટિ નમસ્કાર છે.

જેમણે એકાદશીવ્રતના માહાત્મ્યને સમગ્ર પૃથ્વી ઉપર સ્થાપ્યું છે, જેમના ધર્મને કારણે સ્વયં ધર્મરાજ પણ ભયભીત થઈને પિતામહને શરણે ગયા હતા અને તેમને ધર્મચ્યુત કરાવવા માટે અદ્વિતીય રૂપ–લાવણ્યવાળી 'મોહિની' નામની એક સુંદરીને મોકલી હતી, જેમણે મોહિનીના આગ્રહને વશ થઈ પોતાના એકના એક વહાલા પુત્રનું મસ્તક આપવાનું તો મંજુર કર્યું, પરંતુ એકાદશીવ્રત છોડયું નહિ, તે રાજર્ષિ રુકમાંગને મારા કોટિ કોટિ પ્રણામ છે.

જે ભગવાનના પરમ અંતરંગ સખા ગણાય છે, ભગવાનની પ્રેમભક્તિ લઈને જે વૃંદાવનની ગોપિકાઓને જ્ઞાનોપદેશ કરવા ગયા હતા અને ત્યાંથી પરમ વૈષ્ણવ થઈને પાછા ફર્યા હતા, જે ભગવાનના તિરોભાવ પછી તેમની આજ્ઞાથી નર–નારાયણના ક્ષેત્રમાં યોગમાં લીન થયા હતા, તે પરમભાગવત ઉદ્ધવજીનાં ચરણોમાં મારો અધિકાધિક પ્રેમ થાઓ.

જે અન્યાયી ભાઈનો પક્ષ છોડીને ભગવાન રામચંદ્રજીને શરણે આવ્યા અને અંતે લંકાધિપતિ બન્યા, તે શ્રીરામચંદ્રજીના પ્રિય સખા અમર ભક્ત વિભીષણને હું નમન કરીને પ્રણામ કરું છું.

જેમનું સારથિપણું સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને કર્યું, જે એકલા શરીરે સ્વર્ગમાં જઈને ફરી આવ્યા, જેમણે શંકર સાથે યુદ્ધ કરીને તેમની પાસેથી પાશુપતાસ્ત્ર મેળવ્યું, જેમણે કૌરવ આદિક મનુષ્યથી અઢાર અક્ષૌહિણીવાળા મહાભારતમાં વિજય પ્રાપ્ત કર્યો, યુદ્ધથી વિમુખ થતાં જેમને ભગવાને સ્વયં ગીતાનો ઉપદેશ આપ્યો, જે ભગવાનના વિહાર, શય્યા, આસન અને ભોજનમાં હમેશાં સાથેના સાથીજ રહ્યા હતા, જેમને ભગવાન ખૂબ પ્રેમથી 'હે પાર્થ! હે સખા! હે ધનંજય!' એવાં સુંદર સંબોધનોથી બોલાવતા હતા, તે નરાવતાર શ્રી અર્જુનજી મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો!

બૌદ્ધોના નાસ્તિકવાદને મિટાવીને જેમણે નિર્વિશેષ બ્રહ્મનું વ્યાખ્યાન કર્યું, જેમણે જગતના પ્રપંચોને મિથ્યા બતાવી એકમાત્ર બ્રહ્મનેજ સાધ્ય બતાવ્યા, અભેદવાદને સિદ્ધ કરતાં છતાં પણ જેમણે સમુદ્રના તરંગોની પેઠે પોતાને પ્રભુના દાસ ગણાવ્યા, તે આચાર્યપ્રવર ભગવાન શંકરાચાર્યના ચરણોમાં મારા સેંકડો પ્રણામ છે.

જેમણે ભક્તિમાર્ગને સર્વસાધારણને માટે સુલભ બનાવી દીધો, જે જીવોના કલ્યાણને માટે નરકની યાતનાઓ સહન કરવાને માટે તત્પર થઇ ગયા, જેમણે ગુરુની મના છતાં પણ સર્વસાધારણને ગુપ્ત મંત્રનો ઉપદેશ આપ્યો, તે વિશિષ્ટાદ્વૈતના પ્રચારક વિષ્ણુભક્ત ભગવાન રામાનુજાચાર્યનાં ચરણોમાં મારા પ્રણામ છે.

જેમણે લુપ્ત થયેલા વૈષ્ણવ સંપ્રદાયનો ઉદ્ધાર કરી પુષ્ટિ માર્ગની સ્થાપના કરી, જે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ મહાવિરક્ત અને આસક્તિરહિત થઇને રહ્યા, જેમણે વાત્સલ્યોપાસનાની મધુરતા દર્શાવીને પોતાને ગોપવંશના ગણાવ્યા, જેમણે બાળક શ્રીકૃષ્ણની અર્ચા-પૂજાનેજ પ્રધાનતા આપવા છતાં સર્વભાવે આત્મસમર્પણનેજ અંતિમ ધ્યેય દર્શાવ્યું, તે શુદ્ધાદ્વૈતના પ્રચારક

બાલકૃષ્ણના ઉપાસક ભગવાન વલ્લભાચાર્યનાં ચરણોમાં મારી પ્રીતિ થાઓ !

જેમણે શ્રીરાધાકૃષ્ણની ઉપાસનાનેજ સર્વસ્વ ગણી, જેમણે લીમડાના ઝાડમાં સૂર્ય દેખાડીને ભૂખ્યા વૈષ્ણવને ભોજન કરાવ્યું, તે દ્વૈતાદ્વૈત મતના પ્રવર્તક મધુર ભાવના ઉપાસક ભગવાન નિમ્બાર્કાચાર્યના ચરણોમાં મારા પ્રણામ છે.

જેમણે વૃંદાવનવિહારીના પ્રેમનેજ એકમાત્ર સાધ્ય માન્યું છે, જેમણે અત્યંત પરિશ્રમ કરીને હિમાલય ઉપર જઈને વેદવ્યાસ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું અને વેદાંતસૂત્રો પર ભાષ્ય રચ્યું, તે દ્વૈત મતના પ્રવર્તક ભગવાન મધ્વાચાર્ય આનંદતીર્થનાં ચરણકમળોમાં મારા વારંવાર પ્રણામ છે.

જેમણે સ્પૃશ્યાસ્પૃશ્ય અને નાતજાતનો કંઈ પણ વિચાર નહિ કરતાં સર્વ લોકોને ભક્તિનો ઉપદેશ આપ્યો, જેમની કૃપાથી ચમાર, હજામ, છીપા, મુસલમાન સર્વે જગતપૂજ્ય બની ગયા, જેમણે વૈષ્ણવ સમાજમાં સીતારામની સેવા-પૂજાનો પ્રચાર કર્યો, તે આચાર્યપ્રવર શ્રીરામાનંદસ્વામીનાં ચરણોમાં મારા કોટિ કોટિ પ્રણામ છે. તેમના સિવાય બીજા દેશોના અન્ય સંપ્રદાયોના પ્રવર્તક ઈસુ ખ્રિસ્ત, મૂસા, મહમ્મદ પેગંબર (સલ) વગેરે જેટલા આચાર્ય થયા છે, તે સર્વેનાં ચરણોમાં મારા પ્રણામ છે.

સમસ્ત પૃથ્વીનાં રજકણોની ગણત્રી કદાચ થઇ પણ શકે, આકાશના તારાઓ પણ કદાચ ગણી શકાય, કદાચ સમસ્ત જીવોનાં રૂવાં પણ ગણી શકાય; પરંતુ ભક્તોની ગણત્રી કોઇ પણ પ્રકારે થઈ શકતી નથી. સૃષ્ટિના આરંભથી અત્યાર સુધીમાં અસંખ્ય ભક્તો થતા આવ્યા છે, તે સૌનાં માત્ર નામોનેજ ગણેશજી જેવા લેખક રાતદિવસ હમેશાં લખતા રહે તો પણ મહાપ્રલયના અંત-

પર્યંતમાં જાણી શકે તેમ નથી, તો પછી મારા જેવા અલ્પજ્ઞની તો વાત જ શી કરવી ? શિવજી, સનકાદિ, બ્રહ્માજી, નારદ, સનત્કુમાર—એ બધાંથી માંડીને સત્ય-યુગ, ત્રેતા, દ્વાપર અને કળિયુગ, એ ચારે યુગોમાં, ચૌદ મન્વંતરોમાં, અસંખ્ય કલ્પોમાં જે જે ભક્ત થયા છે, તે સર્વેનાં ચરણોમાં મારા પ્રણામ છે. જેમણે સત્યયુગમાં કપિલરૂપે ભગવાનનાં દર્શન કર્યાં છે, તે ભગવદ્ભક્તોનાં ચરણોમાં મારા પ્રણામ છે. જેમણે ત્રેતાયુગમાં રામરૂપે ભગવાનનાં દર્શન કરેલાં છે, તે રામભક્તોનાં ચરણોને હું વંદન કરું છું. જેમણે વ્યાસરૂપે દ્વાપરમાં ભગવાનનાં દર્શન કર્યાં છે, તે ભક્તોનાં ચરણોમાં મારા પ્રણામ છે. કલ્કિરૂપે જેમણે કલિયુગમાં ભગવાનનાં દર્શન કર્યાં છે અને જે આ કલિકાળના અંતમાં કરશે, તે સર્વ ભક્તો-નાં ચરણકમળોમાં મારા કોટિ-કોટિ નમસ્કાર છે.

જેમણે વરાહ, મત્સ્ય, યજ્ઞ, નર–નારાયણ, કપિલ, કુમાર, દત્તાત્રેય, હયગ્રીવ, હંસ, પૃશ્નિગર્ભ, ઋષભદેવ, પૃથુ, નૃસિંહ, કૂર્મ, ધન્વંતરિ, મોહિની, વામન, પરશુ-રામ, રામચંદ્ર, વેદવ્યાસ, બળદેવ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ, એ ભગવાનના અવતારોનાં દર્શન, સ્પર્શ અને સહવાસ સેવ્યા છે, તે તે અવતારોના ભક્તોનાં ચરણો-માં મારા પ્રણામ છે.

કલિકાળમાં પેદા થયેલા કબીરદાસ, નાનકદેવ, દાદૂ-દયાળ, પલટૂદાસ, ચરણદાસ, રૈદાસ, બુલ્લા, જગજીવન-દાસ, તુલસીદાસ, સૂરદાસ, મલૂકદાસ, રામદાસ, નિવૃ-ત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ, એકનાથ, તુકારામ આદિ જેટલા પણ મહાપુરુષ ભગવદ્ભક્ત થયા છે તે સર્વેનાં ચરણોમાં મારા પ્રણામ છે. ભક્તોમાં કોણ નાનું અને કોણ મોટું એનો નિર્ણય જે કરે છે, તે મહામૂર્ખ છે. શાલિગ્રામની મૂર્તિ ચાહ્ય નાની હોય કે મોટી–બધીજ એકસમાન પૂજ્ય છે; તેથી આ બધા ભક્તો એકજ

પ્રકારે પૂજ્ય અને માન્ય છે, તેમનાં ચરણોમાં પ્રણામ કરવાથીજ મનુષ્ય કલ્યાણ-માર્ગનો પ્રવાસી બની શકે છે. તેમના સિવાય વર્તમાન સમયમાં જે ભગવાનનાં નામોનું સંકીર્તન કરે છે, લખીને પ્રચાર કરે છે યા જે બીજાઓને કરાવે છે, તે સર્વ નામ-ભક્તોનાં ચરણોમાં મારા પ્રણામ છે. જે ભગવાનના ગુણોનું શ્રવણ કરે છે, જે ભગવાનના નામનું કીર્તન કરે છે, જે હર સમય ભગવદ્રૂપનું સ્મરણ કરે છે, જે ભગવાનની પાદ-સેવા કરે છે, જે ભગવન્મૂર્તિઓનું અર્ચન કરે છે; જે દેવતા, બ્રાહ્મણ, ગુરુ, ભગવદ્ભક્તો અને ભગવન્મૂર્તિઓને નમન કરે છે, જે ભગવાન પ્રત્યે સખ્યભાવ રાખે છે, જેમણે ભગવાનને આત્મસમર્પણ કરી દીધુ છે, તે સર્વ ભક્તોનાં ચરણોમાં મારા કોટિ કોટિ નમસ્કાર છે.

જે સંપ્રદાયોના અંતર્ભુક્ત છે, અથવા જે સંપ્રદાયોમાં નથી, જે જ્ઞાનનિષ્ઠ છે, જે દેશભક્ત છે, જે જનતારૂપી જનાર્દનની સેવા કરતાં કરતાં અનેક પ્રકારની યાતનાઓ સહન કરી રહ્યા છે, જેમણે દેશની સેવામાંજ પોતાનું જીવન અર્પણ કરી દીધું છે, જે કોઈ પણ પ્રકારે જનતાની સેવા કરી રહ્યા છે, તે સર્વે ભક્તોના ચરણોમાં મારા વારંવાર પ્રણામ છે.

વર્તમાન કાળમાં જેટલા ભક્તો છે, જે થઇ ચૂક્યા છે અથવા જે આગળ થશે તે સર્વે ભક્તોનાં ચરણોને હું વારંવાર વંદન કરું છું. ભક્ત એજ ભગવાનનું સાકાર રૂપ છે, ભગવાનની શક્તિનો વિકાસ પૂર્ણરૂપે ભક્તનાજ શરીરમાં થાય છે. ભક્તોનાં શરીર પાર્થિવ હોવા છતાં પણ ચિન્મય છે. તેઓ સાક્ષાત્ ભગવદ્રૂપજ છે. ભક્તોની ચરણવંદનાથીજ સર્વ પ્રકારનાં વિઘ્ન દૂર થાય છે—

ભક્તિ, ભક્ત ભગવંત ગુરુ, ચતુર્નામ વપુ એક;
ઇનકે પદ વંદન કિયે, નાશત વિઘ્ન અનેક.

૭ વ્યાસજીનો ઉપદેશ

व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे ।
नमो वै ब्रह्मनिधये वासिष्ठाय नमो नमः ॥

(महाभारत)

અર્થાત્ વ્યાસરૂપ વિષ્ણુને નમસ્કાર છે, વિષ્ણુરૂપ વ્યાસદેવને નમસ્કાર છે, વેદોના વિભાગ કરનારા વ્યાસ ભગવાનને નમસ્કાર છે તથા વસિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલા પરાશરના પુત્ર કૃષ્ણ દ્વૈપાયનને નમસ્કાર છે.

સંસારમાં જેટલું જ્ઞાન છે, તે સર્વ વ્યાસોચ્છિષ્ટ કહેવાય છે. ભગવાન વ્યાસ સાક્ષાત્ વિષ્ણુ છે. બસ, એટલુંજ અંતર છે કે તેમને ચારને બદલે બે ભુજાઓ છે; એજ ચતુર્મુખ બ્રહ્મા છે અને બે નેત્રવાળા શિવ છે. ચોવીસ અવતારોમાં ભગવાન વ્યાસદેવજી પણ એક અવતાર છે, એ પ્રત્યેક દ્વાપરના અંતમાં પ્રકટ થઇને લોકકલ્યાણ માટે એક વેદને ચાર ભાગોમાં જુદા પાડે છે.

આ યુગમાં મહર્ષિ પરાશરના વીર્યથી તથા સત્યવતીના ગર્ભથી ભગવાન વ્યાસદેવનો જન્મ થયો છે. તેમણે એક વેદને ચાર ભાગોમાં વિભક્ત કર્યા, તેથી તેમને વેદ વ્યાસ પણ કહે છે. જ્યારે જોયું કે કળિયુગના જીવો એમ છતાં જ્ઞાનથી વંચિત રહેશે, ત્યારે તેમણે સર્વ જીવોના કલ્યાણને માટે મહાભારતની રચના કરી અને અઢાર પુરાણોનો પ્રચાર કર્યો. ભગવાન વ્યાસકૃત એ સર્વ ગ્રંથોમાં એવો કોઇ પણ આ લોકનો તથા પરલોકનો વિષય બાકી નથી રહ્યો કે જેનું વર્ણન ભગવાન વ્યાસદેવે ન કર્યું હોય. રાજધર્મ, નીતિધર્મ, વૃત્તિધર્મ, વર્ણાશ્રમધર્મ, મોક્ષધર્મ, સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય, શૌચ, સદાચાર, ગતિ, અગતિ, કર્તવ્ય, અકર્તવ્ય—એ

સર્વ વિષયોનું વર્ણન ભગવાન વ્યાસદેવે કર્યું છે. સંસારની કોઈ પણ વાત જેનો અનુભવ કોઈ પણ મનુષ્ય ક્યારે પણ કરી શકે, તેનું સત્યરૂપે વર્ણન ભગવાન વ્યાસદેવ પહેલેથીજ કરી ચૂક્યા છે. ભગવાન વ્યાસદેવે કહ્યું છે કે, કાળની ગતિ સતત અને નીરસ છે. જે પેદા થયું છે, તેનો કોઈ ને કોઈ કાળે અંત તો અવશ્ય આવવાનોજ છે અને રાત્રિ-દિવસ સૌને માટે સમાનરૂપે આવે જાય છે: બુદ્ધિમાન પોતાના સમયનો ઉપયોગ કાવ્ય-શાસ્ત્રોના અધ્યયન અને મનનમાં કરે છે, ને જે મૂર્ખ છે તે સૂવામાં, ખાવા-પીવામાં યા બીજાઓની સ્તુતિનિંદામાં પોતાના સમયનો દુરૂપયોગ કરે છે. તેથી વ્યાસદેવજી ઉપદેશ આપે છે કે, મૂર્ખોની પેઠે સમય ગાળવો ઠીક નથી. પોતાના સમયનો દુરુપયોગ કદી પણ ન કરો, તેનો હમેશાં સદુપયોગજ કરતા રહો. સદુપયોગ કેમ કરીને થાય ? તેને માટે તેઓ ઉપદેશ કરે છે કે—

इतिहास पुराणानि तथाख्यानानि यानि च ।
महात्मानां च चरितं श्रोतव्यं नित्यमेव च ॥

મનુષ્યોએ ઇતિહાસ, પુરાણ, બીજી સુંદર કહાણીઓ અને મહાત્માઓનાં જીવનચરિત્રોનું દરરોજ શ્રવણ કરવું જોઇએ.

હવે ચાલો, એ વાત પર થોડો વિચાર કરીએ કે ઉપરોક્ત વિષયોના શ્રવણથી શું લાભ થાય છે, ને તેમાં યથાર્થ વસ્તુ શી છે ?

ઇતિહાસ—આર્ય શાસ્ત્રોમાં બેજ ઇતિહાસ અથવા મહાકાવ્યો ગણાયાં છે. એક તો ભગવાન વ્યાસકૃત મહાભારત અને બીજું ભગવાન વાલ્મીકિકૃત આદિકાવ્ય રામાયણ. એ બન્ને મહાગ્રંથોમાં સમસ્ત જગતનો ઇતિહાસ ભર્યો પડ્યો છે. સર્વ રસ, સર્વ વિષય, જેટલી પણ કથાઓની કલ્પના હોઈ શકે, તે સઘળું એ બન્ને

ગ્રંથોમાં સંક્ષેપ અને વિસ્તૃત રૂપથી વર્ણિત છે. એ મહાગ્રંથોમાં માત્ર જાતિના મહાપુરુષોનો જ ઇતિહાસ નથી, પરંતુ સમસ્ત જગતનો ઇતિહાસ ભરેલો છે. જે પ્રકારે ગંગા, યમુના, સમુદ્ર, પર્વત, મેરુ, આકાશ આ સૃષ્ટિનાં અંગ છે, તેજ પ્રકારે એ ગ્રંથો પણ નિત્ય અને સનાતન છે. જેમ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરનાર ઇચ્છાએ અથવા અનિચ્છાએ શ્વાસ લીધા વિના રહી શકતો નથી, તેજ પ્રકારે આપણ જાતિના જ્ઞાનપિપાસુ પુરુષો એ મહાકાવ્યોનું જ્ઞાન મેળવ્યા વિના રહીજ શકતા નથી; પછી ગમે તો તે પ્રત્યક્ષ રૂપે એ ગ્રંથોનું અધ્યયન કરે કે તેમના આધાર ઉપર રચેલા અન્ય ભાષાના ગ્રંથો વડે; તે આ જ્ઞાનથી વંચિત રહીજ શકતા નથી. કેમકે નિત્ય સનાતન જ્ઞાન તો એકજ છે, અને તેનું વ્યાખ્યાન યુગના અંતમાં વ્યાસરૂપથી ભગવાનજ કરી શકે છે. તેથી ભગવાન વ્યાસદેવ પ્રતિજ્ઞા કરીને કહે છે કે 'જે મેં મહાભારતમાં વર્ણન કર્યું છે તેજ સર્વત્ર છે; જેનું અહીં વર્ણન નથી કરેલું, તેનું ક્યાંય વર્ણન હોઈજ શકવાનું નથી.' હિંદુ જાતિ આદિકાળથી એ પ્રાચીન આખ્યાનોને સાંભળતી આવી છે. એ આખ્યાન અનાદિકાળથી એવાંજ ચાલ્યાં આવ્યાં છે અને અંત સુધી એજ પ્રકારે ચાલ્યાં જશે, તેથી તેમનું શ્રવણ હમેશાં કરતા રહેવું જોઈએ.

પુરાણ—પુરાણ અનાદિ છે અને અસંખ્ય છે, પરંતુ ભગવાન વ્યાસે તેમને અઢાર ભાગોમાં સંઘરી લીધાં છે. તેમાં નાનામાં નાના પુરુષાર્થનાં તથા પરમમાં પરમ પુરુષાર્થનાં વર્ણન છે. શૌચ કેવી રીતે જવું જોઈએ, શૌચ પછી કેટલી વાર ડાબા હાથને, કેટલી વાર જમણા હાથને તથા બન્ને હાથોને ભેગા કરીને ધોવા જોઈએ, કોગળા કેટલી વાર કરવા જોઈએ, દાતણ કેટલા આંગળ હોવું જોઈએ વગેરે નાનામાં નાના વિષયોથી લઈને મોક્ષ સુધીનું વર્ણન પુરાણોમાં કરવામાં આવ્યું છે. પુરાણ એજ

આર્ય જાતિનો મૂળ પ્રાણ છે. પ્રાણ વિના પ્રાણીઓનું શરીરનું અસ્તિત્વ હોઈ પણ શકે; પરંતુ પુરાણો વિના આર્ય જાતિ જીવી શકશે નહિ. પુરાણોનું શ્રવણ અનાદિકાળથી થતું આવ્યું છે. આ સમગ્ર જગતના ઉત્પાદકર્તા ભગવાન બ્રહ્મદેવેજ ઋષિઓને પુરાણોનો ઉપદેશ દીધો હતો. તેથી પુરાણ સમસ્ત જ્ઞાનનો ભંડાર છે. કલ્યાણની ઇચ્છા રાખનારા પુરુષોએ પુરાણોનું શ્રવણ નિયમિત કરવું જોઇએ.

આખ્યાન—મહાભારત તથા પુરાણોમાં અસંખ્ય આખ્યાન છે. તેનાજ આધારે સુકવિ સુંદર સુંદર કાવ્યો રચે છે. બીજરૂપે તો સર્વ આખ્યાન ભારત તથા પુરાણોમાંજ વિદ્યમાન છે. કોઈ પણ કોઇ જાતિનો કવિ ક્યારે પણ એવાં આખ્યાનોની કલ્પના કરી શકતો નથી કે જેનું મૂળ વસ્તુ પુરાણોમાં ન હોય; છતાંયે જે કવિ તેનો વિસ્તાર કરે છે–એને મનોહર કવિતામાં લખે છે, એવાં કાવ્યોનું પણ અધ્યયન હમેશાં કરવું જોઇએ.

મહાત્માઓનાં ચરિત્ર—જે પ્રકારે ગંગાજીનો પ્રવાહ હમેશાં વહેતો રહે છે, તેજ પ્રકારે આ પૃથ્વી ઉપર મહાપુરુષોનો પણ જન્મ સદા થતોજ રહે છે. જો તેમ ન થાય તો આ પૃથ્વી ઉપર ધર્મ તો લેશમાત્ર ન રહે. ધર્મ વિના આ સંસાર એક ક્ષણ પણ રહી શકતો નથી. ધર્મનાજ આધારે આ જગત અસ્તિત્વમાં છે. અત્યારે પણ અસંખ્ય સિદ્ધ મહાત્માઓ પહાડોની ગુફાઓમાં લોકોના સમૂહથી અલગ રહીને યોગસાધન દ્વારા સંસારનું કલ્યાણ કરી રહ્યા છે.

અનેક સિદ્ધ પુરુષો વેશ બદલીને પૃથ્વી પર પર્યટન કરી રહ્યા છે, લોકો તેમને ઓળખતા નથી; પરંતુ તેમની સઘળી ક્રિયાઓ લોકકલ્યાણ માટેજ હોય છે. તેઓ પોતાને પોતાની શક્તિ દ્વારા પ્રકટ થવા દેતા નથી, અપ્રકટ રૂપથી લોક-કલ્યાણ કરવામાંજ તેમને આનંદ

આવે છે. કોઇ ભાગ્યવાન પુરુષને એવા મહાપુરુષોનાં દર્શન થઇ જાય, એ બીજી વાત છે; નહિ તો તેઓ ગુપ્ત વેશમાંજ ફર્યા કરે છે.


કેટલાક નિત્યજીવ યા મુક્તજીવ લોકકલ્યાણને માટે ભૌતિક શરીર પણ ધારણ કરે છે, અને લોકોને જન્મ લેતા તથા મરતા પણ જણાય છે. વાસ્તવમાં તો તેઓ જન્મ–મૃત્યુથી રહિત હોય છે, માત્ર લોકકલ્યાણનેજ માટે તેમનો પ્રાદુર્ભાવ થાય છે અને જ્યારે તેઓ પોતાનું કામ કરી રહે છે, ત્યારે અંતર્ધાન થઇ જાય છે. તેમનાં કાર્ય ગુપ્ત હોતાં નથી. તેઓ અધિકારીઓને ઉપદેશ આપે છે, વિદ્યાર્થીઓને વિદ્યા આપે છે અને પોતેજ આચરણ કરીને લોકોમાં નવજીવનનો સંચાર કરે છે. તેમનું જીવન અલૌકિક હોય છે, તેમનાં કાર્યો અચિંત્ય હોય છે, ક્ષુદ્ર બુદ્ધિનો પુરુષ તેમને પણ સામાન્ય જીવ જાણીને તેમનાં કાર્યોની સમાલોચના કરે છે. આથી તેમના કાર્યમાં ઘણી મદદ મળે છે. તેઓ એજ બહાને લોકો સમક્ષ આદર્શ રજુ કરે છે, કે આવી સ્થિતિમાં કેવું વર્તન રાખવું જોઇએ. તેમનો એ વ્યવહાર અન્ય લોકોને માટે પ્રમાણરૂપ બની જાય છે. આ પ્રકારે તેઓ સંસારી લોકોની નિંદા–સ્તુતિની વચમાં રહેતા છતાં પણ પોતાના જીવનને આદર્શ જીવન બનાવીને લોકોનો ઉત્સાહ વધારે છે. એવા મહાપુરુષો સદાકાળથી ઉત્પન્ન થતા આવ્યા છે, હમણાં પણ છે અને આગળ પણ હશે. કોઇના જીવનનો પ્રભાવ વ્યાપક હોય છે, તેમનાં આચરણો દ્વારા અધિક લોકોનું કલ્યાણ થાય છે અને કોઇના જીવનનો પ્રભાવ અલ્પ હોય છે તેમનો થોડાજ પુરુષો લાભ ઉઠાવી શકે છે. આ પ્રકારે સર્વ જાતિઓમાં, સર્વ કાળમાં કોઇ ને કોઇ રૂપમાં મહાત્માઓ ઉત્પન્ન થાય છેજ. ઘણાખરા એવા મહાપુરુષ હોય છે કે જેમના જેટલો કોઇ મહાપુરુષ વ્યક્તરૂપે સેંકડો વર્ષો સુધી પ્રકટ થતો નથી. પરંતુ એનો નિર્ણય પોતપોતાના ભાવે

ઉત્કંઠા અને ભગવાનને માટે વિરહજન્ય વ્યાકુળતા હતી. તેમનો અવતાર સંસારના કલ્યાણનેજ માટે થયો હતો. એ મહાપુરુષના જીવનથી અત્યાર સુધીમાં અસંખ્ય જીવોનું કલ્યાણ થયું છે ને આગળ થતું રહેશે. આવા મહાપુરુષનું જીવન કલ્યાણની ઇચ્છા રાખનારા જીવોને માટે વિશ્વાસપાત્ર માર્ગદર્શક થઇ શકે છે. ચૈતન્યચરિત્ર અગાધ છે અને અગમ્ય–દુર્જ્ઞેય છે. સાધારણ જીવોની સમજણમાં તે નથી ઉતરી શકતું ને દુરાચરણી પુરુષો તેનું શ્રવણ પણ કરી શકતા નથી. સદ્‌ભાગ્યથીજ એવા ચરિત્રોના શ્રવણનો સુયોગ મળે છે. સાંભળીને તેને યથાવત્ સમજનારા તો વિરલાજ હોય છે; જેમના ઉપર તેમની કૃપા થાય છે, તેઓજ સમજી શકે છે. પછી એ ચરિત્રો કહેવાનું કામ તો ઘણુંજ કઠિન છે.

મારામાં નથી તો ભક્તિ કે નથી તો બુદ્ધિ; શાસ્ત્રોનું જ્ઞાન પણ બરાબર નથી. ચૈતન્યના અગમ્ય ચરિત્રને ભલા હું શું સમજી શકું ? પરંતુ જે કંઇ સમજી શક્યો છું, તેનુંજ બની શકશે તેટલું વર્ણન કરીશ. મને પૂર્ણ આશા છે કે કલ્યાણમાર્ગના પ્રવાસીઓને મારી આ ભાંગી તૂટી ભાષાથી પોતાના સાધનમાં ઘણી સહાયતા મળી શકશે; કેમકે ચૈતન્યચરિત્ર એટલું મધુર છે કે ગમે તેવી ભાષામાં લખવામાં આવે, તોપણ તેની મીઠાશ ઓછી થાય તેમ નથી.



શ્રી ચૈતન્ય મહાપ્રભુ   સ. સા. મુદ્રણાલય–અમદાવાદ



श्री चैतन्य महाप्रभु

चैतन्यना समयनुं भारत

ग्रामः कश्चिदहो महान् स नृपतिः सामन्तचक्रं च तत् ।
पार्श्वे तस्य च सापि राजपरिषत् ताश्चन्द्रबिम्बाननाः ॥
उद्रिक्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः ।
सर्वं यस्य वशादगात् स्मृतिपदं कालाय तस्मै नमः ॥

અર્થાત્ પહેલાં અહીં કેવી સુંદર નગરી હતી, તેનો રાજા કેવો મહાન હતો અને તેનું રાજ્ય કેટલે દૂર સુધી ફેલાયેલું હતું! તેની રાજસભા કેવી સુંદર હતી અને તેને ત્યાં ચંદ્રમુખી સ્ત્રીઓ કેવી શોભાયમાન રહેતી હતી! એ રાજપુત્રોનો સમૂહ કેવો પ્રબળ હતો અને એ બંદીગણો કેવી કેવી સુમધુર અને સુંદર વાતો કહેતા હતા. હવે એ બધી વાતો માત્ર સાંભળવા પૂરતી જ બાકી રહી છે. જે કાળને વશ થઈને એ બધું લુપ્ત થઈ ગયું, તે કાળદેવતાને નમસ્કાર છે.

મહાપ્રભુ ચૈતન્યદેવનો પ્રાદુર્ભાવ વિક્રમની સોળમી સદીના મધ્ય ભાગમાં થયો અને તેઓ લગભગ અર્ધી સદી સુધી આ ધરતી ઉપર વિરાજમાન રહીને ભાવિક ભક્તોને નિરામય શ્રીકૃષ્ણના પ્રેમામૃતનું પાન કરાવતા

રહ્યા. તે સમયના અને આજના ભારતની તુલના કરો. આકાશ-પાતાળનું અંતર પડી ગયું છે. રાજનૈતિક, સામાજિક, આર્થિક તથા ધાર્મિક સર્વ પ્રકારની સ્થિતિઓમાં ભયંકર પરિવર્તન થઈ ગયું છે. કોણ જાણે ઇસ્લામ ધર્મનો એ દોર-દમામ ક્યાં ચાલ્યો ગયો, મુસલમાન બાદશાહોના એશ-આરામની એ વાતો ઇતિહાસનાં નિર્જીવ પૃષ્ઠો ઉપરજ લખેલી રહી ગઈ; હિંદુઓની એ આચાર-વિચારની દૃઢતા અને સ્વધર્મ પ્રત્યેની કટ્ટરતા કોણ જાણે ક્યાંય વિલીન થઇ ગયાં. તે સમયે લાખો સતી સ્ત્રીઓ પોતાના પતિઓનાં મૃત શરીરો સાથે હસતાં હસતાં જીવતીજ બળી મરતી હતી, તેને વીસમી સદીનું મહિલા-મંડળ શી રીતે માનશે? કોણ જાણે રૂપિયાના આઠ મણ ચોખાવાળી વાત કોઈએ એમજ લખી દીધી હશે કે સાચી હશે, તેનું અનુમાન આ યુગનાં મનુષ્યો કઠિનતાપૂર્વક કરી શકશે. ભક્તોનો એ આદર્શ પ્રેમ, કૃષ્ણ-ભક્તિની એ નિષ્કપટતા, સેવા-પૂજામાં એટલી શ્રદ્ધા અને પ્રેમ, આ વીસમી સદીના સાંપ્રદાયિક પક્ષપાતથી ભરેલાં હૃદયવાળા ભક્તોમાં ક્યાં જોવા મળે છે? એ વાતો તો સમયની સાથેજ વિલીન થઈ ગઇ છે. તે અસલી પ્રેમ તો એ મહાપુરુષોની સાથેજ ચાલ્યો ગયો; હવે તો સાપના લીસોટાજ બાકી રહ્યા છે, તેને ગમે તેમ ટીપ્યા કરો, સાપ તો ચાલ્યો ગયો છે. એ તો તે સમયની વાત હતી. મહાકવિ ભવભૂતિએ ઠીકજ કહ્યું છે કે:--

समय एव करोति बलाबलं प्रणिगदन्त इतीव शरीरिणाम् ।
शरदि हंसरवाः परुषीकृतस्वरमयूरमयू रमणीयताम् ॥

અર્થાત્ સમય એજ સારૂં ખોટું બનાવવામાં કારણરૂપ છે; મોરના ટહુકાર વર્ષાઋતુમાંજ સારા લાગે છે અને હંસોના માત્ર શરદૃઋતુમાંજ. સાચેજ, સમયની ગતિ ઘણીજ વિલક્ષણ છે.

મહાપ્રભુ શ્રી ચૈતન્યદેવનું પ્રાકટ્ય જે કાળમાં થયું, તે સમય ઘણોજ વિલક્ષણ હતો; તે યુગને મહાન ક્રાંતિનો યુગ કહી શકીએ. તે સમયે સમસ્ત ભારતવર્ષમાં ચારે તરફ રાજનૈતિક, સામાજિક અને ધાર્મિક સર્વ પ્રકારની ભારે ઉથલપાથલ મચેલી હતી. તે સમય સુધી ઘણે ભાગે એવી માન્યતા હતી કે જે દિલ્હીના સિંહાસન ઉપર વિરાજમાન છે, તેજ સમસ્ત ભારતનો સર્વશ્રેષ્ઠ રાજા છે. દિલ્હીનું સિંહાસન એજ ભારતવર્ષ ઉપર દિગ્વિજય કરવાનું મુખ્ય ચિહ્ન હતું. તે સમયે દિલ્હીના સિંહાસન ઉપર લોદીવંશનો અધિકાર હતો, પરંતુ તે વંશના બાદશાહોમાં હવે વીરતા-પરાક્રમ બિલકુલ રહ્યાં નહોતાં; લોદી વંશ પોતાના છેલ્લા શ્વાસો જેમ તેમ કરીને મુશ્કેલીથી લઈ રહ્યો હતો. અફઘાન સરદારો લોદી-વંશનો અંત આણવા તત્પર થયેલા હતા, તેથી તેમણે કાબુલના બાદશાહ બાબરને દિલ્હીના સિંહાસનને માટે નિમંત્રણ આપ્યું. બાબર જેવો રાજ્યલોલુપ બાદશાહ આવા સુવર્ણ સમયને હાથથી કેમ જવા દે ! પંજાબનો શાસક દૌલતખાં તેની મદદમાં હતો. ઇ. સ. ૧૫૨૬ માં બાબરે ભારતવર્ષ ઉપર ચઢાઇ કરી અને પાણીપતના ઇતિહાસપ્રસિદ્ધ રણક્ષેત્રમાં ઇબ્રાહીમ લોદીને હરાવીને તે પોતે દિલ્હીનો બાદશાહ બની બેઠો અને તેના પછી તેનો પુત્ર હુમાયૂ દિલ્હીની ગાદીએ બેઠો. આ તરફ રાજપૂતાનામાં રાણા સંગે હિંદુ ધર્મના આગેવાન તરીકે બાબર વિરુદ્ધ બળવો ઉઠાવ્યો. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું, પરંતુ મેદાન બાબરનેજ હાથ રહ્યું, ને રાણો સંગ હારીને નાશી ગયો. પંજાબમાં પણ નાનાં મોટાં પચાસેક રાજ્યો બની ગયાં. તેમાંના પહાડી રાજાઓ તો લગભગ બધાજ પોતાને સ્વતંત્ર માનતા હતા. પહાડોમાં નાનાં મોટાં કેટલાંયે સ્વતંત્ર રાજ્યો હતાં.

આ તરફ દક્ષિણમાં વિજયનગરનો અંત થઇ ચૂક્યો હતો. બ્રાહ્મણીવંશનો અંત આવતાંજ અહમદનગર,

ફીરોઝપુર, હિસ્સારકોટ, [illegible] તદ્દન જુદાં પડી ગયાં, [illegible] મેવાતિયાઓએ પણ નાનાં નાનાં રાજ્યો [illegible] હિંદુઓનાં નવાં રાજ્યો [illegible] સમસ્ત ભારતવર્ષમાં [illegible] દક્ષિણ સુધી [illegible] સેંકડો નાનાં નાનાં રાજ્યો [illegible] લડતાં-ઝગડતાં રહ્યાં હતાં. [illegible] કવા માટે ઉત્તરોત્તરના પ્રયત્ન કરતા. કોઈ વાર કો કોઈ મુસલમાની રાજ્યને હડપવા માટે મુસલમાનોમાં થી બીજા વંશનો સરદાર કોઈ પાડોશી હિંદુ રાજાની મદદથી તેના ઉપર ચડાઈ કરતો અને કોઈ વાર કોઈ હિંદુ રાજ્યને નાબુદ કરવા માટે બે મુસલમાન સરદારો મળીને તેના ઉપર ચઢાઈ લઈ જતા. સમસ્ત ભારતવર્ષમાં કોઈ એકછત્ર રાજ્યનો શાસક નહોતો. તે રાજ્યપરિવર્તનનો સમય હતો. જેનામાં બળ-પરાક્રમ હોય, અને જેની પાસે વધારે બળવાન સેના હોય, તેજ તે પ્રાંતનો રાજ્યકર્તા બની બેસતો અને દિલ્હીના બાદશાહ પણ તેને તેજ સમયે રાજ્યકર્તા સ્વીકારી લેતા; એવી તે સમયની રાજનૈતિક પરિસ્થિતિ હતી.

હવે સામાજિક પરિસ્થિતિ ઉપર પણ થોડો વિચાર કરીએ. મુસલમાનોને અહીં આવ્યાં સેંકડો વર્ષ થઇ ચૂક્યાં હતાં, છતાંયે હિંદુઓ પોતાની કટ્ટરતાને વળગી રહ્યા હતા, તેઓ હજીસુધી મુસલમાનો સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ રાખતા નહોતા. જેને મુસલમાનો સાથે સહેજ પણ સંસર્ગ થઇ જતો, જે ભૂલમાં પણ કોઈ મુસલમાનના હાથની કોઇ વસ્તુ ખાઇ લેતો, તેને સમાજમાંથી તરતજ બહિષ્કૃત કરવામાં આવતો. પછી તેના ઉદ્ધારનો સમાજ પાસે કંઇજ ઉપાય નહોતો. સંસ્કૃત વિદ્યાનો આદર હતો, પંડિતોની વ્યવસ્થાનું માન હતું, સમાજમાં તે વ્યવસ્થા વિરુદ્ધ કોઇ અવાજ ઉઠાવી શક-

નું નહિ. તેમ છતાંયે ઇસ્લામનો ઘણો પ્રભાવ હતો. ઉચ્ચ વર્ણવાળા નીચ વર્ણવાળાઓના પ્રત્યે અત્યાચાર પણ કંઈ ઓછા કરતા નહોતા, તેથી નીચ જાતના કેટલા મનુષ્યો હિંદુ ધર્મને સદાને માટે છોડી દઈને ઇસ્લામ ધર્મમાં દાખલ થતા હતા. બંગાળમાં એનો પ્રચાર અને પ્રભાવ બીજા પ્રાંતો કરતાં ઘણો વધારે હતો. આ રીતે હિંદુ સમાજ અને પ્રાચીન વર્ણાશ્રમ ધર્મ ચારે બાજુથી છિન્નભિન્ન થઈ રહ્યો હતો.

ધાર્મિક સ્થિતિ તો તે સમયે મહાજટિલજ હતી. લોકોમાં યજ્ઞ-યાગાદિ પ્રત્યે શંકરાચાર્ય પછી જે કંઈક કંઈક રુચિ થઈ હતી, તે તાંત્રિક અને શાક્ત પદ્ધતિઓના પ્રચારને લીધે પાછી લુપ્ત થતી જતી હતી. વૈદિક કર્મો પ્રત્યે મનુષ્યો ઉદાસીન બનતા જતા હતા. દિન-રાત 'જગત મિથ્યા છે, જગત મિથ્યા છે' એ વાક્યોને સાંભળી સાંભળીને લોકો લગભગ ધરાઈ ગયા હતા. તેઓ મસ્તિષ્કની-મગજની વિદ્યાથી ધરાઈ જઈને કંઈક હૃદયના આહારની શોધમાં હતા. સતીઓમાં પણ પૂર્વનો પતિપ્રેમ રહ્યો નહોતો. લોકરિવાજને ચાલુ રાખવા માટે ક્યાંક ક્યાંક તો અનિચ્છાપૂર્વક જબરજસ્તીથી વિધવા સ્ત્રીને તેના પતિ સાથે બાળી દેતા હતા. નીચી શ્રેણીના પુરુષો ભગવત્પ્રાપ્તિના અનધિકારી મનાતા હતા. તેમને કોઈ પણ પ્રકારનાં ધાર્મિક કાર્યો કરવાનો અધિકાર નહોતો. આ પ્રકારે સમસ્ત ભારતવર્ષ એક નૂતન ધાર્મિક પદ્ધતિને ઇચ્છતો હતો. લોકો નીરસ પદ્ધતિઓથી કંટાળી જઈને સરસ પદ્ધતિ ઇચ્છતા હતા; એવા સમયમાં ભારતના ભિન્ન ભિન્ન પ્રાન્તોમાં ઘણા મહાપુરુષો એકસાથેજ ઉત્પન્ન થયા. તે સર્વેએ પોતપોતાના પ્રાંતોમાં વૈષ્ણવ ધર્મનો પ્રચાર કર્યો, તેથી આપણે આ યુગને વૈષ્ણવ યુગ કહી શકીએ.

સૌથી પહેલાં કાશીમાં શ્રીસ્વામી રામાનંદજી મહા-

રાજ થયા. વૈરાગી સંપ્રદાયના તેઓજ આદિ આચાર્ય મનાય છે. તેમણે ભગવદ્ભક્તિમાં નાત–જાતનાં બંધનને તોડી નાખ્યાં હતાં ને તેમણે સર્વે જાતિઓને સમાનરૂપે ભગવદ્ભક્તિ કરવાનો અધિકાર આપ્યો હતો. તેમનું સૂત્ર હતું કે–

'હરિકો ભજૈ સો હરિકા હોય, જાતિ પાંતિ પૂછૈ ના કોય.'

તેમના પછી તેમના બાર મુખ્ય શિષ્ય થયા, જેમાં ચમાર, વણકર, છીપા, હજામ વગેરે સર્વે મોટે ભાગે હલકી ગણાતી જાતિનાજ હતા. એ સૌમાં મહાત્મા કબીર ઘણાજ પ્રસિદ્ધ અને પરમ ઉચ્ચ સ્થિતિના મહાપુરુષ થયા છે. તેમનાં ઉચ્ચ તત્ત્વોનો સમસ્ત ભારતવર્ષ ઉપર સમાન ભાવે પ્રભાવ પડ્યો છે. એ મહાપુરુષ પરમ જ્ઞાની, આદર્શ ભક્ત, અદ્વિતીય અનુરાગી અને સૌથી મહાન નીડર હતા. આ હેતુથી ઘણીખરી ઉચ્ચ જાતિના લોક ડંસને કારણે તેમના દ્વેષી બની ગયા હતા. મહાત્મા રૈદાસ, નામદેવજી આદિ પરમ ભક્તો પણ તેજ સમયમાં જન્મ્યા હતા. એ બધાએ રૂપાંતર–ભેદે વૈષ્ણવ ધર્મનોજ પ્રચાર કર્યો છે. કબીર પંથ એ વૈષ્ણવ ધર્મનોજ વિકૃત અને રૂપાંતર થયેલો પંથ છે.

આ તરફ તેજ સમયે પંજાબમાં શ્રીગુરુ નાનકદેવજી પણ થયા. તેઓ કબીરદાસજીનાજ સમકાલીન હતા. તેમણે પણ સમસ્ત ભારતવર્ષમાં બાર વર્ષો સુધી ભ્રમણ તથા તીર્થયાત્રા કરીને પંજાબના કરતારપુરમાં આવીને વાસ કર્યો. તેમના ઉપદેશોનો લોકો ઉપર ભારે પ્રભાવ પડતો હતો. તેથી લાખો મનુષ્યો તેમના ઉપદેશોને સાંભળી સાંભળીને તેમના શિષ્ય અથવા 'શિખ' બની ગયા. આગળ ઉપર ગુરુ ગોવિંદસિંહજીએ એ બધાનો એક 'સિખ સંઘ' જ બનાવી દીધો.

તેમના મોટા પુત્ર શ્રીચંદજી પણ એક મોટા ત્યાગી

તેજસ્વી અને પ્રભાવશાળી મહાપુરુષ હતા. તેમણે વિરક્તોને જ ઉપદેશ આપ્યો તેથી તેમના અનુયાયી પોતાને ઉદાસી કહેવાં લાગ્યા. ઉદાસી એક પ્રકારના સંન્યાસી જ હોય છે; અસલમાં તો એ પણ વૈષ્ણવ ધર્મનુંજ રૂપાંતર છે, માત્ર એ લોકો શિખા-સૂત્ર નથી રાખતા. આમ તો ઉદાસી સંપ્રદાયમાં ભગવદ્ભક્તિ જ મુખ્ય ગણાતી હતી. પરંતુ હવે તો ઉદાસી સંપ્રદાય પણ વિચિત્રજ બની ગયો છે.

આ તરફ દક્ષિણમાં મહાત્મા સમર્થ ગુરુ રામદાસજીએ પણ રામભક્તિનો પ્રચાર કર્યો. તેમના પ્રધાન શિષ્ય છત્રપતિ શિવાજી મહારાજ કેવળ રાજ્યલોલુપ કે લડાયક શૂરવીરજ નહોતા, પરંતુ તેઓ પરમભાગવત વૈષ્ણવ હતા. તેમના યુદ્ધનો મુખ્ય ઉદ્દેશ હિંદુ ધર્મનું રક્ષણ કરવાનો અને ગૌ-બ્રાહ્મણનું પ્રતિપાલન કરવાનો હતો, તેમના દ્વારા મહારાષ્ટ્રમાં ભજન-કીર્તન અને ભગવદ્ભક્તિનો ખૂબ પ્રચાર થયો હતો.

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત શ્રી તુકારામજી મહારાજ પણ એજ સમયમાં ઉત્પન્ન થયા અને તેમણે પોતાની અદ્‌ભુત ભગવદ્ભક્તિ દ્વારા સમસ્ત મહારાષ્ટ્ર દેશને પાવન કરી દીધો. એ વિઠ્ઠલનાથજીના પ્રેમમાં લવલીન થઈને પોતેજ પદ ગાઈ ગાઈને નૃત્ય કરતા અને પોતેજ પદો રચતા પણ હતા. એમના ભક્તિભાવથી પ્રસન્ન થઈને સાક્ષાત્ વિઠ્ઠલનાથજીએ તેમને પ્રત્યક્ષ દર્શન દીધાં અને તેઓ સદા તેમની સાથેજ રહેતા હતા. તેઓ સશરીરે વૈકુંઠ ચાલ્યા ગયા હતા. તેમના દ્વારા મરાઠી ભાષા અને સમસ્ત મહારાષ્ટ્ર પ્રદેશનું અત્યંત કલ્યાણ થયું છે.

આ તરફ કાશીમાં ભગવાન શ્રીવલ્લભાચાર્યજી પણ તે સમયે વિરાજમાન હતા. કાશી છોડીને તેમણે વ્રજમંડળની પરમ પ્રસિદ્ધ પુણ્યનગરી ગોકુલપુરીમાં

પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. શુદ્ધાદ્વૈત સંપ્રદાયના તેઓજ મુખ્ય આચાર્ય ગણાય છે. તેઓ શ્રી બાલકૃષ્ણના ઉપાસક હતા. તેમના દ્વારા દેશનાં ભિન્ન ભિન્ન સ્થાનોમાં શ્રીકૃષ્ણભક્તિનો પુષ્કળ પ્રચાર થયો. તેમના શિષ્યો મોટે ભાગે ધનવાન પુરુષો જ હતા. ગુજરાત-કાઠિયાવાડ તરફ તેમના સંપ્રદાયનો ઘણો વિશેષ પ્રચાર થયો હતો. તેમને સાત પુત્ર હતા, તે સર્વેએ વૈષ્ણવ ધર્મનો પ્રચાર વિશેષ પ્રમાણમાં કર્યો છે.

એજ સમયે બંગાળમાં શ્રીચૈતન્ય મહાપ્રભુ પ્રગટ થયા. ચૈતન્યના પહેલાં બંગાળની શી દશા હતી અને ચૈતન્યદેવ દ્વારા તેમાં કેવી રીતે પરિવર્તન થયું, તે સઘળી બાબતોનો પરિચય વાચકને આ પછીના અધ્યાયોમાંથી પ્રાપ્ત થશે.





श्री चैतन्यना समयनुं बंगाळ

यत्र यत्र च मद्भक्ताः प्रशान्ताः समदर्शिनः ।
साधवः समुदाचारास्ते पूयन्त्यपि कीकटाः ॥

અર્થાત્ ભગવાન કહે છે કે જે સ્થાનોમાં મારા પ્રશાંત અને સમદર્શી ભક્તો નિવાસ કરે છે, તે દેશ ભલે તો અપવિત્રજ ભલેને હોય, તેને ભલે તેવો કીકટ-કુત્સિ-ત પ્રદેશ ભલેને ગણવામાં આવતો હોય, પરંતુ તેમના ત્યાં ઉત્પન્ન થવાથી અને નિવાસ કરવાથી તે દેશ પરમ પવિત્ર બની જાય છે.

શ્રીમદ્.ભાગવતમાં કીકટ દેશનું વર્ણન છે કે, જ્યાં કાળાં હરણ સ્વેચ્છાથી વિહાર કરતાં ન હોય, જ્યાં બ્રાહ્મ-ણો પ્રત્યે ભક્તિભાવ ન હોય અને જ્યાં સ્વચ્છ, પવિત્ર, સજ્જન અને વિદ્વાન પુરુષ નિવાસ કરતા ન હોય તેજ દેશ અપવિત્ર છે. એક સ્થાને કીકટ દેશોનાં નામ પણ ગણાવ્યાં છે. જેમકે–

अङ्ग वङ्ग कलिङ्गेषु सौराष्ट्रमगधेषु च ।
तीर्थयात्रां विना गत्वा पुनः संस्कारमर्हति ॥

અર્થાત્ 'અંગ દેશ, બંગ દેશ, કલિંગ દેશ, સ[ૌ]રાષ્ટ્ર અને મગધ દેશ, એ દેશોમાં તીર્થયાત્રા સિ[વ] કદાચ ચાલવું પણ પડે તો તેણે ફરીથી સંસ્કાર ક[રવા] જોઈએ.' પૂર્વકાળમાં એવી માન્યતા હતી કે બંગ દે[શમાં] પ્રવેશ કરતાંજ બ્રાહ્મણ અપવિત્ર બની જતો. મહા[ભાર]તમાં સ્થળે સ્થળે તેનો ઉલ્લેખ આવે છે. તે

સુધી કે [illegible]
હતા. તેઓ પણ દેશની [illegible]
ગાળી [illegible]
છું પોતે દેશમાં [illegible]
રહસ્ય શું છે. ને તો [illegible]
પરંતુ આજકાલ તો કોઈ આ [illegible]
લાગે તો તેને પાગલખાનામાં [illegible]
સંભવ થશે. જ્યાં આવા દેશોના ન [illegible]
વાક્યો મળે છે, ત્યાં જોતા [illegible]
પડ્યાં છે કે ભગવદ્[illegible] [illegible]
પણ વિશેષ પાવનકારી ગણી જાય છે. [illegible]
પ્રભુ ગૌરાંગદેવ, પરમહંસ રામકૃષ્ણ અને વિજયકૃષ્ણ
ગોસ્વામી તથા જગદ્બંધુ જેવા ભગવદ્ભક્તોએ પોતાની
પદધૂલિથી પાવન કરી હોય, જેમાં રાજા રામમોહન
રાય, મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર તથા બ્રહ્માનંદ કેશવચંદ્ર
સેન જેવા ભગવદ્ભક્ત ને સમાજસુધારક થયા હોય,
જે ભૂમિએ દેશબંધુ ચિત્તરંજન દાસ જેવા દેશભક્તોને
જન્મ આપ્યો હોય, ને આજે પણ જ્યાં અરવિંદ ઘોષ
જેવા યોગી, રવીન્દ્ર જેવા વિશ્વકવિ, જગદીશચંદ્ર બસુ
જેવા જગત્-વિખ્યાત વિજ્ઞાનવેત્તા અને સુભાષચંદ્ર જેવા
અનન્ય દેશભક્ત સમસ્ત ભારતવર્ષનું મુખ ઉજ્જવળ કરી
રહ્યા હોય, તે દેશને અમે કીકટ દેશ કેમ કહી શકી-
એ ? જ્યારે હશે ત્યારે હશે, આજે તો એજ દેશ પરમ-
પાવન બન્યો છે—ચૈતન્યદેવની લીલાભૂમિને માટે ભાવિ-
ક ભક્તોના હૃદયમાં વ્રજભૂમિથી ઓછો આદર નથી.
નવદ્વીપ તો ભક્તોને માટે પૂર્વનું વૃંદાવનજ બનેલું છે.
જ્યાં શ્રીકૃષ્ણ ચૈતન્ય જેવા પરમ ભાવિક અને સાક્ષાત
પ્રેમની સજીવ મૂર્તિ પ્રેમાવતાર મહાપુરુષનો આવિર્ભાવ
થયો હોય, તેનું માહત્મ્ય વૃંદાવન સરખુંજ હોવું જોઈએ.

બંગાળ ભાવપ્રધાન દેશ છે. બંગાળી ઘણે ભાગે
હૃદયપ્રધાન હોય છે. તેમને લલિત કલાઓ ઉપર બહુ

આવે છે. બંગાળીઓમાં શાકાહારી પણ ઘણાજ થોડા મળશે. કેટલાકો માંસ નહિ ખાતા હોય તો તેઓ માછલી વિના તો રહીજ શકતા નથી. માછલીના માંસની તે માંસમાં ગણનાજ કરતા નથી. તે એટલે સુધી કે ઘણાયે વૈષ્ણવો પણ માંસ ન ખાતા હોવા છતાં માછલી ખાય છે. માત્ર વિધવા સ્ત્રીઓને એકાદશીને દિવસે માછલી ખાવાની મનાઇ છે. કદાચ કોઇ કોઈ વૈષ્ણવ યા ઉચ્ચ શ્રેણીના ભટ્ટાચાર્ય એથી બચી ગયા હોય તો કોણ જાણે, નહિ તો માછલી વિના બંગાળી રહીજ શકતા નથી. જે બંગાળીને સ્નાન પહેલાં શરીરમાં માલીશ કરવાને તેલ ન મળે અને ભોજનસમયે માછલી ના મળે તેનું જીવનજ વ્યર્થ માનવામાં આવે છે. તે પોતાના સમાજમાં કાં તો અત્યંત દીનહીન હશે યા તો કોઇ પરમ યોગી. સર્વસાધારણ લોકોને માટે તો એ બે વસ્તુઓ અત્યંત આવશ્યક માનવામાં આવે છે.

જે સમયની અમે વાત કહીએ છીએ તે સમયે બંગાળની બહુજ બૂરી દશા હતી. દેશભરમાં મુસલમાનોનો જુલમ પ્રવર્તી રહ્યો હતો, મનુષ્યો ધર્મકર્મથી હીન થઇને વિવિધ પ્રકારના પાખંડ ધર્મોનો આશરો લઈ રહ્યા હતા. વામ–માર્ગનો ઠેરઠેર પ્રચાર હતો. સ્થળે સ્થળે ભયંકર તાંત્રિક પદ્ધતિઓનું અનુષ્ઠાન થતું જણાતું હતું. વામમાર્ગીઓના માંસ, મદિરા, મૈથુન આદિ પાંચ મકારોનો સર્વત્ર પ્રચાર થયો હતો. શાક્ત ધર્મનું પણ જોર હતું. બકરા–પાડાનાં બલિદાન આપવાં એ તો સામાન્ય વાત ગણાતી હતી, ક્યાંક ક્યાંક તો મનુષ્યોનાં પણ બલિદાન અપાતાં હતાં. (હાલ પણ એકાદ બે વર્ષમાં એકાદ એવો બનાવ બનતો સાંભળવામાં આવે છે.) બ્રાહ્મણો પોતાના હાથોમાં ખડ્ગ લઇને બલિદાન ચઢાવતા. વૈષ્ણવ ધર્મની લોકો મશ્કરી કરતા હતા. વાદવિવાદ કરવો એજ વિદ્યાનું મુખ્ય પ્રયોજન મનાતું હતું. ભક્તિ કરવી એ મૂર્ખ અને અજ્ઞાન માણસો-

નું દાસ ગણાતું. આ બધું હોવા છતાં પણ શૂદ્રાદિ-
ક્ય અને નાના-મોટાપણામાં ભલે સૌના સમાજમાં સ્થા-
થયેલાંજ હતાં. જો કદાચ કોઈ હલકી જાતિના મનુષ્યથી
ઉચ્ચ જાતિના પવિત્ર પુરુષનો સ્પર્શ થઈ જાય, તો
તેનો ધર્મભ્રષ્ટ ગણાતો હતો. કોઈ વિધર્મી મુસલમાન
સાથે વાત પણ કરી તો તે પતિત થઈ જતો; સમાજને
તે કશા કામનો રહી શકતો નહિ. આ બધાં કારણો-
થી મુસલમાનોની સંખ્યા વધવા લાગી. નીચી જાતિના
ગણાતા પુરુષો હિંદુ ધર્મની કનડગતથી કંટાળીને નવીન
ઇસ્લામ ધર્મને શરણે જવા લાગ્યા; તેનેજ પરિણામે તો
આજે બંગાળ પ્રાંતમાં હિંદુઓ કરતાં મુસલમાનોની
સંખ્યા વધારે છે; ઘણેભાગે ૫૨-૫૩ ટકા મુસલમાન છે.

બંગાળામાં બ્રાહ્મણ, વૈદ્ય અને કાયસ્થ, એજ સવર્ણ
જાતિ શિક્ષિત અને કુલીન ગણાતી હતી, જેમાં કાય-
સ્થોને તો બ્રાહ્મણો શૂદ્રજ ગણતા હતા. તે સમયે કાય-
સ્થોમાં વિદ્યાનો ખૂબ પ્રચાર હતો. રાજકાર્યોમાં પણ
તેમની બુદ્ધિ તીક્ષ્ણ હતી. તેઓ આચાર-વિચારમાં પણ
હિંદુઓની કંઈ પરવા કરતા નહોતા. તેઓ મુસલમાનો-
ના નામથીજ બ્રાહ્મણોની પેઠે દૂર ભાગતા નહોતા. તેમ-
નાં ખાનપાન અને આચારવ્યવહાર મુસલમાનોમાં ભળી
જતાં હતાં. તેથી બંગાળામાં ઘણેભાગે જમીનદાર, તાલુ-
કદાર અને રાજા કાયસ્થજ હતા. રાજશક્તિ અને શાસ-
નશક્તિ હાથમાં હોવાને કારણે ઘણા વિદ્વાન બ્રાહ્મણો
પણ તેમના રાજદરબારમાં રહેતા હતા. મુખેથી તેઓ
ભલે શૂદ્ર કહેવાતા પરંતુ તેમની સાથે બ્રાહ્મણોનો સઘ-
ળો વર્તાવ ક્ષત્રિય રાજાઓ જેવોજ હતો. તેઓ તેમને
શાસ્ત્રોનું અધ્યયન કરાવતા, તેમનાં દાન-દક્ષિણા લેતા,
અને તેમના શ્રાદ્ધ—યજ્ઞયાગાદિ કાર્યો પણ તે બ્રાહ્મણોજ
કરાવતા હતા. આ રીતે ક્ષાત્રધર્મ તે સમયે બંગાળામાં
કાયસ્થોમાંજ હતો. તે સમયના કાયસ્થોમાં સંસ્કૃતના
મોટા મોટા ઉચ્ચ કોટિના વિદ્વાનો મોજુદ હતા. ઘણાખરા

કાયસ્થ જમીનદારોનાં [illegible] જ હતાં. જેમકે [illegible] વગેરે.

મહાપ્રભુ ગૌરાંગના આવિર્ભાવ પહેલાં ગૌડ દેશના રાજ્યકર્તા સુબુદ્ધિખાં યા સુબુદ્ધિરાય હતા. તેમને ત્યાં હુસેનખાં નામનો [illegible] સ્વાભિમાની અને કુશાગ્ર બુદ્ધિવાળો નોકર હતો. એક વાર કોઈ કામ બગડવાથી રાજાએ તેની પીઠ પર કોરડાથી ચાબુક મારી. આથી તે સ્વાભિમાની નોકર બળી ઉઠ્યો અને તેણે મનોમન રાજા-ને રાજ્યભ્રષ્ટ કરવાની કઠોર પ્રતિજ્ઞા લીધી. બુદ્ધિમાન તો તે હતોજ. મોટા મોટા અધિકારીઓ રાજાનો મનમાં ને મનમાં દ્વેષ કરતા હતા. તેણે તે સૌને સામ, દામ, ભેદ અને દંડાદિ નીતિઓનો આશ્રય લઈ વશ કરીને રાજાને કેદ કરી લીધો અને પોતેજ ગૌડ દેશનો રાજા બની બેઠો. સુબુદ્ધિરાય જ્યારે હુસેનખાંનો કેદી હતો ત્યારે તેની સ્ત્રીએ તેને સલાહ આપી કે તેને જાનથી મારી નાખો; પરંતુ હુસેનખાં એટલી નીચ પ્રકૃતિનો મનુષ્ય નહોતો. તેણે કહ્યું: “એણે મારી સાથે ભલેને ગમે તેવું વર્તન કર્યું હોય, તો પણ આખર તો તે મારા સ્વામીજ છે અને મેં તેમનું નિમક ખાધું છે, એટલે હું તેમનો જાન નહિ લઉં.’ એમ કહીને તેણે રાજાને છોડી દીધો. પરંતુ તેણે વટલાવેલા માટીના વાસણનું પાણી જબરજસ્તીથી તેના મોંમાં નાખી દીધું.

રાજ્યભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ થયેલા સુબુદ્ધિરાયે ગૌડ દેશના પંડિતો પાસે આ પાપનું પ્રાયશ્ચિત્ત કરાવવાની માગણી કરી. ધર્મના મર્મને સારી રીતે જાણનાર વિદ્વાન બ્રાહ્મણોએ ઘણીજ ઉત્તમ વ્યવસ્થાપદ્ધતિ બતાવી. તેમણે કહ્યું: “ આ પાપનું પ્રાયશ્ચિત્ત પ્રાણત્યાગ સિવાય બીજું કોઇ છેજ નહિ. તે પણ પ્રાણત્યાગ ગરમ ઘી પીને કરવામાં આવે, અથવા ઘાસના પૂળાઓથી ધીમે ધીમે સળગાવીને શરીરને બાળવામાં આવે.×

× ખબર નથી કે તે સમયે કેવી પરિસ્થિતિ હતી. આમ તો

જન્મથી રાજસુખો ભોગવવાને ટેવાયેલા અને એશઆરામમાં ઉછરેલા સુબુદ્ધિરાયની બુદ્ધિએ આ વ્યવસ્થાનો સ્વીકાર કર્યો નહિ. તે કોઇ બીજી હળવી વ્યવસ્થા કરાવવા માટે વારાણસી–કાશીના પંડિતો પાસે ગયા. કાશીના પંડિતો પણ કંઈ ભોટ ઓછા હતા ! શાસ્ત્રોનું અધ્યયન તો તેમણે પણ કર્યું હતું, તેમણે પણ તેજ વ્યવસ્થાને કાયમ રાખી. પ્રાણ ત્યાગવામાં અસમર્થ સુબુદ્ધિખાં આમતેમ ભટકીને પોતાનું જીવન ગાળવા લાગ્યો. કેટલાક સમય પછી જ્યારે મહાપ્રભુ વારાણસી પધાર્યા, ત્યારે તે તેમનું નામ સાંભળીને તેમને શરણે ગયો અને પોતાની સઘળી વાત કહી સંભળાવી. બધું સાંભળી લીધા પછી પ્રભુએ આજ્ઞા આપી કે ‘ અનિચ્છાપૂર્વક પ્રાણત્યાગ કરવાથી કોઇ લાભ નથી. વૃંદાવનમાં રહી રાતદિવસ કૃષ્ણસ્મરણ કરો અને ભક્ત મહાત્માઓની સેવાપૂજા કરો. ભગવન્નામથીજ કરોડો જન્મોનાં પાપ નાબુદ થઇ જાય છે, તો પછી એક જન્મની તો વાતજ શી ? પ્રભુની આજ્ઞા માથે ચડાવીને તે વૃંદાવનમાં જઇને રહેવા લાગ્યા. કહે છે કે તેઓ જંગલમાં જઇને સૂકાં લાકડાં લઈ આવતા. એ ત્રણ ચાર કે જેટલા પૈસામાં વેચાતાં તેને વેચીને એક પૈસાના ચણા ખાઇને પોતાનો નિર્વાહ ચલાવતા. બાકીના પૈસા એક દુકાનદારને ત્યાં જમે રાખતા. તે બચેલા પૈસાનું તેલ લાવીને બંગાળી ગરીબ યાત્રાળુઓ તથા ભક્તોને સ્નાન પહેલાં માલીશ કરવા


સ્મૃતિઓમાં અંત્યજ અથવા મ્લેચ્છના વાસણનું જળ પી લેવાતાં ઘી, દૂધ, દહીં તથા ઉપવાસ કરવાનાં કેટલાયે પ્રકારનાં પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે. આને માટે બળીને પ્રાણત્યાગ કરવાનું તો ક્યાંય જણાતું નથી. હા, બ્રાહ્મણો દારૂ પીએ તો જરૂર તેમણે પ્રાણત્યાગ કરવાનું વિધાન ક્યાંક ક્યાંક મળી આવે છે. કાયસ્થ ક્ષાત્રજ્ઞ તો અવશ્ય છે. સંભવ છે કે, તેમણે શરાબજ પી લીધો હોય [illegible] પીતા હોય; એથીજ પંડિતોએ આવી આજ્ઞા કરી હૈ. [illegible] આ વ્યવસ્થામાં કોઇ આંતરિક રહસ્ય જરૂર [illegible]

માટે આપતા હતા. ધન્ય છે! ભક્તિ હો તો આવી હજો! આ રીતે મહાત્મા સુબુદ્ધિરાયે પોતાના પાણી પીવાના પાપનુંજ પ્રાયશ્ચિત્ત કર્યું નહિ, પરંતુ જન્મજન્માન્તરોમાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી નાખ્યું.

હુસેનખાંએ રાજગાદીએ બેસતાંજ પોતાની સત્તા જમાવવા માટે સ્થળે સ્થળે પોતાના કાજીઓને નીમી દીધા. ઘણા માણસોને ઈલાકાઓના ઈજારા આપ્યા. તેઓ એક પ્રકારના ઈજારાવાળા જમીનદારજ ગણાતા હતા. લોકો પાસેથી મહેસુલ વસુલ કરીને નિયત રકમ તો તેઓ બાદશાહને આપી દેતા, અને બાકી જે વધતું તેને પોતાની પાસે રાખી લેતા. આ રીતે નવદ્વીપમાં બુદ્ધિમંતખાં, હરિગ્રામપુરમાં ગોવર્ધનદાસ મજમુંદાર, કુલીનગ્રામમાં માલાધર તથા ખેતૂરગ્રામમાં કૃષ્ણાનંદ દત્ત વગેરે કાયસ્થ જમીનદારોને પણ ઈજારા આપવામાં આવ્યા હતા. મોટા ભાગના ઈજારદાર મુસલમાન અથવા કાયસ્થજ હતા. નવદ્વીપમાં ચાંદખાં નામના એક કાજીને નીમવામાં આવ્યો હતો, અને જગન્નાથ તથા માધવ (જગાઇ–માધાઇ) નામના બે ક્રૂર કર્મ કરનારા બ્રાહ્મણ ભાઈઓને ત્યાંના કોટવાળ બનાવ્યા હતા. નવદ્વીપના બેલપોખરિયા નામના મહોલ્લામાં ચાંદખાંની કચેરી હતી. તે સમયે કાજી મુન્સફ યા ન્યાયાધીશનું કામ કરતા. તેઓ હિંદુ મુસલમાનના ઝઘડાઓના નિકાલ કરતા હતા. આજ પ્રકારનો એક મુલુક નામનો કાજી શાંતિપુરની નજીકમાં ગંગાજીની ધારા પાસે રહેતો હતો.

નવદ્વીપ તે સમયે સમસ્ત બંગાળમાં વિદ્યાનું સર્વશ્રેષ્ઠ કેન્દ્ર ગણાતું હતું. તેમાં સંસ્કૃત વિદ્યાની પચાસેક પાઠશાળાઓ હતી. તેને ટોલ કહેતા. દૂર દૂરથી વિદ્યાર્થીઓ આવી આવીને નવદ્વીપમાં ભિન્ન ભિન્ન શાસ્ત્રોનું અધ્યયન કરતા અને નવદ્વીપના નામને દેશવ્યાપી બનાવતા. તે સમયે સંસ્કૃતના મુખ્ય કેન્દ્ર નવદ્વીપે ઘણા

લોકપ્રસિદ્ધ પંડિતોને ઉત્પન્ન કર્યા. મિથિલાથી ન્યાયના ગ્રંથને કંઠસ્થ કરીને તેનો બંગાળ અને કોશિશમાં પ્રચાર કરનાર વાસુદેવ સાર્વભૌમ તે દિવસોમાં નવદ્વીપમાંજ ભણાવતા હતા. તે સમયના વિદ્વાનોમાં નૈયાયિક રામચંદ્ર, સાર્વભૌમ વિદ્યાવાગીશ, મહેશ્વર વિશારદ, નીલામ્બર ચક્રવર્તી, અદ્વૈતાચાર્ય ગંગાદાસ વગેરેનાં નામ વિશેષ ઉલ્લેખનીય છે. સાર્વભૌમના વિદ્યાર્થીઓમાં રઘુનાથદાસ, જગાનંદ, કૃષ્ણાનંદ, રઘુનંદન તથા મુરારી ગુપ્ત આદિ લોકપ્રસિદ્ધ અને સમર્થ વિદ્વાન થયા હતા. આ રીતે એ સમયે નવદ્વીપ બંગાળભરમાં વિદ્યાનું એક મુખ્ય સ્થાન ગણાતું હતું. સેંકડો વિદ્યાર્થીઓ એકસાથેજ ગંગાજીના ઘાટો ઉપર સ્નાન કરતા અને પરસ્પરમાં શાસ્ત્રચર્ચા કરતા ઘણાજ સુંદર લાગતા હતા. ચારે તરફ પંડિતોની ધામધૂમ રહેતી. ક્યાંક ન્યાયની ચર્ચાઓ ચાલી રહી છે, તો ક્યાંક વ્યાકરણની પંક્તિઓ પૂછવામાં આવે છે. સભ્ય અને ધનવાન તથા આબરૂદાર માણસોમાં પણ સંસ્કૃત વિદ્યાનું માન હતું. તેઓ સંસ્કૃત વિદ્યાને આજની પેઠે ત્યાજ્ય ગણતા નહોતા. એજ કારણે અધ્યાપક તથા વિદ્યાર્થીઓને ભોજન-વસ્ત્રોની ઉણપ રહેતી નહોતી. ધનવાન પુરુષો તેમના ભોજન-વસ્ત્રનો પોતાની મેળેજ શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રબંધ કરી દેતા હતા. એવીજ ભારે ઉથલપાથલના સમયમાં આ વિદ્યા-વ્યાસંગિની નગરીમાં મહાપ્રભુ ચૈતન્યદેવનો જન્મ થયો. તેમણે પોતાની ભક્તિ-ભાગીરથીની ભરતીમાં સર્વ પંડિતોના નાસ્તિકવાદને એકેસપાટેજ વહાવી દીધો. તેમના ભક્તિભાવને લીધેજ નવદ્વીપ ભાવિક ભક્તોનું મથક અને ભક્તિનું કેન્દ્ર બની ગયું.



वंशपरिचय

कुलं पवित्रं जननी कृतार्था वसुन्धरा पुण्यवती च तेन।

અર્થાત્ તે કુળ પરમ પાવન છે, તે જનની ધન્ય છે અને તે વસુંધરા ભાગ્યશાળી છે, કે જ્યાં ભગવદ્ભક્ત મહાપુરુષ ઉત્પન્ન થયા હોય.

સાચેસાચ માતૃત્વ તો તેનુંજ સાર્થક કહેવાય કે જેના ગર્ભથી ભગવદ્ભક્ત પુત્રનો જન્મ થયો હોય. જન્મ અને મૃત્યુજ જેનું સ્વરૂપ છે, એવા આ પરિવર્તનશીલ સંસારમાં ગર્ભધારણ તો લગભગ સર્વ યોનિની માતાઓ કરે છે; પરંતુ જેના ગર્ભથી ઉત્પન્ન થયેલા પુત્ર ઉપર હરિભક્તોની મંડળીમાં હર્ષધ્વનિ થવા લાગે, તેનો જ ગર્ભ સાર્થક કહેવાય છે. જેમના દર્શનમાત્રથી ભક્તોના શરીરમાં સ્તંભ, સ્વેદ, રોમાંચ અને સ્વરભંગ આદિ સાત્વિક ભાવોનો ઉદય આપોઆપ થવા લાગે, અથવા જેમના ઉપર વિદ્વાન અથવા શૂરવીરોની સભામાં સર્વ લોકોની સમાનભાવે તેમનાજ ઉપર દૃષ્ટિ પડે; પરસ્પર લોક તેમનાજ સંબંધમાં કાનફૂશિયાં કરે, તેજ ખરેખર પુત્ર કહેવાવાને યોગ્ય છે અને તેને ગર્ભમાં ધારણ કરનારી માતાજ સાચી માતા છે. એમ તો ભૂંડણ અથવા સુવરી પણ વરસમાં દશ દશ ને વીસ વીસ બચ્ચાંને જન્મ આપે છે; પરંતુ તેમનો ગર્ભ ધારણ કરવો તે માત્ર પોતાની વાસનાઓની પૂર્તિનો વિકારમાત્ર જ છે. એજ ભાવને લઇને કોઈ કવિ ઘણીજ માર્મિક ભાષામાં માતાને ઉપદેશ કરતાં કરતાં કહે છે કે—

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

ભાગ્યવતી શચી માતાજીએ યથાર્થમાં માતા શ[illegible] ને સાર્થક બનાવ્યો કે જેમના ગર્ભથી વિશ્વરૂપ અને શ્રી[illegible] કૃષ્ણ ચૈતન્ય જેવા બે પુત્રરત્ન ઉત્પન્ન થયા. શ્રીકૃ[illegible] ચૈતન્ય અથવા મહાપ્રભુને જન્મ આપીને તો તેઓ જગ[illegible] માતાજ બની ગયાં. ગૌરાંગ જેવા મહાપુરુષને જેમણે ગર્ભમાં ધારણ કર્યા હોય તેમને જગન્માતાનું પ્રસિદ્ધ પદ પ્રાપ્ત થવુંજ જોઈએ.

મહાપ્રભુ ગૌરાંગદેવના પૂર્વજ શ્રીહટ્ટ (સીલહટ)-નિવાસી હતા. આ નગર આસામ પ્રાંતમાં છે અને બંગાળની લગોલગજ છે. હાલમાં તે આસામ પ્રાંતનો એક સુપ્રસિદ્ધ જીલ્લો છે. એજ શ્રિલહટ નગરમાં ભારદ્વાજ વંશના પરમ ધાર્મિક અને વિદ્વાન ઉપેન્દ્ર મિશ્ર નામના એક તેજસ્વી અને કુલીન બ્રાહ્મણ રહેતા હતા. ધર્મનિષ્ઠ અને સ્વકર્મપરાયણ હોવાથી ઉપેન્દ્ર મિશ્રના ઘરમાં ખાવાપીવાની કમી નહોતી. તેમનું ગુજરાન સામાન્ય રીતે સારી રીતે ચાલતું હતું. તે ભાગ્યશાળી બ્રાહ્મણને સાત પુત્ર હતા. તેમનાં નામ કંસારિ, પરમાનંદ, પદ્મનાભ, સર્વેશ્વર, જગન્નાથ, જનાર્દન અને ત્રૈલોક્યનાથ હતાં. તેમાંથી પંડિત જગન્નાથ મિશ્રનેજ ગૌરાંગના પૂજ્ય પિતા થવાનો જગદ્દુર્લભ સુયશ પ્રાપ્ત થઈ શક્યો.

પંડિત જગન્નાથ મિશ્ર પોતાના પિતાની અનુમતિથી સંસ્કૃત વિદ્યા ભણવા માટે સિલહટથી નવદ્વીપમાં આવ્યા અને પંડિત ગંગાદાસજીની પાઠશાળામાં અધ્યયન કરવા લાગ્યા. તેમની બુદ્ધિ કુશાગ્ર હતી, ભણવા-લખવામાં તેઓ તેજસ્વી હતા. તેથી થોડા સમયમાંજ તેમણે કાવ્યશાસ્ત્રોનું વિધિપૂર્વક અધ્યયન કરીને પાઠશાળાની 'પુરંદર'ની પદવી પ્રાપ્ત કરી લીધી. તેમનાં રૂપલાવણ્ય તથા વિદ્યાબુદ્ધિથી પ્રસન્ન થઈને નવદ્વીપના પ્રસિદ્ધ પંડિત શ્રી

નીલાંબર ચક્રવર્તીએ પોતાની મોટી પુત્રી શચીદેવીનો તેમની સાથે વિવાહ કર્યો.

પંડિત નીલામ્બર ચક્રવર્તી પણ નવદ્વીપવાસી ન-હોતા. તેમનું આદિસ્થાન ફરીદપુર જીલ્લામાં મગડોવા નામના એક નાનકડા ગામમાં હતું. તેઓ પણ વિદ્યાધ્યયન માટે નવદ્વીપ આવ્યા હતા અને ભણી ગણીને પછી ત્યાંજ રહ્યા હતા. તેમનું ઘર 'બેલપુકુરિયા' માં કાજીપાડાની સમીપ હતું. તેમને યજ્ઞેશ્વર ને હિરણ્ય નામના બે પુત્ર અને બે કન્યાઓ હતી. નાની કન્યાનો વિવાહ શ્રીચંદ્રશેખર આચાર્યરત્ન સાથે થયો હતો અને મોટી કન્યા જગન્માતા શચીદેવીનો પંડિત જગન્નાથ મિશ્ર સાથે થયો હતો.

રૂપવતી અને કુળવતી પત્ની પામીને પુરંદર મહાશય પરમ સંતુષ્ટ થયા અને પછી સિલહટ નહિ જતાં ત્યાંજ માયાપુરમાં ઘર માંડીને રહેવા લાગ્યા. માયાપુરમ બીજા પણ ઘણા સિલહટનિવાસી બ્રાહ્મણો રહેતા હતા પંડિત જગન્નાથ મિશ્ર પણ ત્યાંજ રહેવા લાગ્યા. માયાપુર નવદ્વીપનોજ એક મહોલ્લો છે.

હાલમાં જે નગર નવદ્વીપના નામથી પ્રસિદ્ધ છે તે તો તે સમયે 'કુલિયા' નામનું ગામ હતું. પુરાણ નવદ્વીપ તો કુલિયાની સામે ગંગાજીને પેલે પાર પૂર્વ કિનારા પર વસેલું હતું કે જેને આજે બામનપૂકુર ના ઓળખાવવામાં આવે છે. કહેવાય છે કે પ્રાચીન નવદ્વીપનો પરિધિ ૧૬ કોસનો હતો. તેમાં અંતઃદ્વીપ, સીમન્ત દ્વીપ, ગોદ્રુમદ્વીપ, મધ્યદ્વીપ, કોલદ્વીપ, ઋતુદ્વીપ, જહ્નુ દ્વીપ, મોદદ્રુમદ્વીપ અને રુદ્રદ્વીપ એ નવ દ્વીપ હતા. નવેના સમૂહનેજ નવદ્વીપ કહેતા. માયાપુર કે જ્યાં પંડિત જગન્નાથ મિશ્ર રહેતા હતા, તે મધ્યદ્વીપની અંદર હતું. આજ તે સ્થાનનો પત્તો પણ નથી કે તે ક્યાં ગયું? ભગવતી ભાગીરથીના ગર્ભમાં એ સર્વ પ્રાચીન સ્થાન વિલી

થઇ ગયાં; કેવળ મહાપ્રભુની કીર્તિની સાથે તેમનાં નામમાત્રજ બાકી રહી ગયાં છે.

પંડિત જગન્નાથ મિશ્ર પોતાની સર્વગુણસંપન્ન પત્ની સાથે સુખપૂર્વક નવદ્વીપમાં રહેવા લાગ્યા. શચીદેવીના ગર્ભથી એક એક કરીને આઠ કન્યાઓનો જન્મ થયો અને તેઓ નાની ઉંમરમાંજ મરી ગઇ. આથી મિશ્રદંપતિનું ગૃહસ્થજીવન કંઇક ચિંતામય અને દુઃખમય હતું. ગૃહસ્થને માટે સંતાનહીન હોવું જેટલું કષ્ટપ્રદ છે, તેનાથી પણ અધિક કષ્ટપ્રદ સંતાન થઇને જીવે નહિ તે છે. પરંતુ આ ધર્મપ્રાણ દંપતિનું આ દુઃખ વિશેષ સમય સુધી રહી શક્યું નહિ. થોડાજ દિવસો પછી શચીદેવીના ગર્ભથી એક પુત્રરત્નનો જન્મ થયો. તેનું નામ મિશ્રજીએ વિશ્વરૂપ રાખ્યું. વિશ્વરૂપ સાચેજ વિશ્વરૂપ હતા. માતા–પિતાને આ દ્વિતીય રૂપલાવણ્યયુક્ત પુત્રની પ્રાપ્તિથી પરમ પ્રસન્નતા થઇ. ચંદ્રમાની કળાઓની પેઠે વિશ્વરૂપ ધીમે ધીમે મોટા થવા લાગ્યા. આ રીતે વિશ્વરૂપની અવસ્થા નવ–દશ વર્ષની થઈ હશે, તેવામાં માઘ માસમાં શચીદેવીને ફરીથી ગર્ભ રહ્યો. બસ, એજ ગર્ભથી મહાપ્રભુ ચૈતન્યદેવનો પ્રાદુર્ભાવ થયો.



ભગવાન [illegible] રાજા યુધિષ્ઠિર હસ્તિનાપુરના રાજ્યાસન ઉપર [illegible] હતા, તેમને ભગવાનના વિના કંઈક પણ ગમતું નહિ. [illegible] દિવસ રાત્રિના ભાગ [illegible] મહારાજ ભગવાનની [illegible] જોયા. તે સમયે ભગવાન સમાધિમાં સ્થિર હતા. ધર્મરાજ ઘણી વાર સુધી હાથ જોડીને ઉભા રહ્યા. કેટલાક સમય પછી ભગવાનની સમાધિ છૂટી. ત્યારે ધર્મરાજને ઉભેલા જોઈને તેમણે તેમનું સન્માન કર્યું અને આવે વખતે આવવાનું કારણ પૂછ્યું.

ધર્મરાજે નમ્રતાપૂર્વક નિવેદન કર્યું:–"ભગવન્! ખોટું માનો તો આપને હું પાછો પૂછીશ. આ વખતે તો મને મહાભારે સંશય થયો છે, તેનો ઉત્તર પહેલાં આપો. આપ ચરાચર જગતના એકમાત્ર સ્વામી છો, સર્વ પ્રાણીઓના આપજ ભજન કરવા યોગ્ય છો. ઋષિ, મહર્ષિ, દેવ, દાનવ, દેવતા તથા મનુષ્ય–સર્વે આપનું ધ્યાન કરે છે. આ વખતે આપને સમાધિમાં બેઠેલા જોઈને મને મહાન કૌતુક ઉત્પન્ન થયું છે કે આપ કોનું ધ્યાન ધરતા હતા?"

ધર્મરાજનો પ્રશ્ન સાંભળી ભગવાન હસ્યા અને મંદ મંદ હાસ્ય કરતા બોલ્યા–"ધર્મરાજ! એ બરાબર છે કે સમસ્ત જગતનો એકમાત્ર હુંજ ભજનીય છું, પરંતુ મારે ભજન કરવા યોગ્ય ભક્તો પણ છે, અને હું સદા એ ભક્તો-નું ધ્યાન કર્યા કરું છું."

આ સાંભળીને ધર્મરાજાએ પૂછયું–"ઠીક, આ વખતે આપ કોનું ધ્યાન ધરતા હતા?"

ભગવાને ગદ્ગદ્ કંઠે કહ્યું:–"જેમણે સર્વસ્વનો ત્યાગ [illegible]રીને કેવળ મારામાંજ પોતાના મનને જોડી રાખ્યું છે, [illegible] એક બે દિવસથી નહિ પણ કેટલાયે મહિનાઓથી [illegible]બાણશય્યા ઉપર ખાધા પીધા વિના પડેલા છે તેજ ભક્ત-[illegible]જ ભીષ્મ પિતામહનું હું આ વખતે ધ્યાન કરતો હતો."

ભગવાનની આ ભક્તવત્સલતાની વાત સાંભળીને [illegible]

ભક્તિની સર્વશ્રેષ્ઠતાના સંબંધમાં કોને સંશય રહેશે? ભગવાનજ આ જગતના એકમાત્ર આશ્રયસ્થાન છે, તેમની ભક્તિ તેમની કૃપા વિના પામી શકાતીજ નથી. જ્ઞાન, કર્મ તથા ભક્તિના તેઓજ એકમાત્ર પ્રવર્તક છે. જ્યારે કર્મની શિથિલતા જુએ છે, ત્યારે તેઓ ઉત્કૃષ્ટ નરપતિના રૂપમાં પ્રગટ થઇને કર્મનો પ્રચાર કરે છે; જ્યારે જ્ઞાનનો લોપ થયેલો જુએ છે, ત્યારે શ્રેષ્ઠ મુનિના રૂપમાં પ્રગટ થઇને જ્ઞાનનો પ્રચાર કરે છે અને જ્યારે ભક્તિને નાબુદ થતી જુએ છે, ત્યારે પરમ ભક્તનું સ્વરૂપ લઇને ભક્તિની મહત્તા વધારે છે. તેમને પોતાને કંઇ પણ કર્તવ્ય હોતું નથી; કેમકે તેઓ પોતેજ પરિપૂર્ણ-સ્વરૂપ છે. પરંતુ લોકકલ્યાણને માટેજ તેઓ પોતે આચરણ કરીને લોકોને શિક્ષણ આપે છે.

ભગવાનને માટે કોઇ વાત 'સહસા' યા 'અકસ્માત્' નથી. જેમ નાટકનો એક અભિનય જોયા પછી આપણે રાહ જોઇએ છીએ કે હવે શું આવે છે, એટલામાંજ રંગભૂમિ ઉપર સહસા બીજાં નવાં પાત્રોને જોઇને આપણે ચકિત થઇ જઇએ છીએ; પરંતુ નાટકના વ્યવસ્થાપક માટે તેમાં સહસા યા અકસ્માત્ જેવું કંઇજ હોતું નથી. તેને આદિથી અંતસુધીના સમગ્ર નાટકનો ખ્યાલ છે કે, આના પછી કયું પાત્ર કયો અભિનય કરશે! એજ પ્રકારે, આ જગતના નાટ્યપીઠ ઉપર ભગવાન જે નાટક ભજવાવી રહ્યા છે, તેની તેમને રજેરજની ખબર છે. તેમને માટે ભવિષ્યના ગર્ભમાં કોઇજ વાત છુપાયેલી નથી. ભવિષ્યનો પડદો તો અમો અજ્ઞાનીઓનાં નેત્રો ઉપર પડેલો છે. આપણે કોઇ બનાવને જોઇનેજ તેને નવો અને અકસ્માત્ ઉત્પન્ન થયેલો ગણાવવા મંડી જઇએ છીએ; તેમાં આપણીજ અપૂર્ણતા છે. આપણે કાર્યને જોઇને કારણના સંબંધમાં વિચાર કરીએ છીએ; પરંતુ દિવ્ય દૃષ્ટિવાળા કારણને પહેલાજ સમજી જાય છે, અને તેથી તેમને કોઇ પણ ઘટનાથી કંઇ આશ્ચર્ય થતું નથી.

શકે ૧૪૦૭ (વિ. સંવત ૧૫૪૨) ના ફાગણની પૂર્ણિમાનો શુભ દિવસ છે. સમસ્ત ભારતવર્ષમાં પ્રસન્નતા છવાયેલી છે. રામ અને કૃષ્ણને માનનારા સર્વે હિંદુઓના ઘરમાં પોતપોતાની શક્તિ અનુસાર સુંદર સુંદર મિષ્ટાન્ન બનાવવામાં આવ્યાં છે. લોકોએ પોતપોતાનાં ઘરોને લીંપી-ગુંપીને સ્વચ્છ અને સુંદર બનાવ્યાં છે. ઘણા સમય પહેલાં—સત્યયુગમાં—એ દિવસે ભક્તરાજ પ્રહ્‌લાદે અગ્નિમાં પ્રવેશ કરીને ભક્તિની વિશુદ્ધતા, પવિત્રતા અને નિર્મળતા દર્શાવી હતી. ભગવદ્‌ભક્તિને કારણે તેના પિતાની બહેન હોલિકા—જે તેમને ખોળામાં લઈને અગ્નિમાં બેઠી હતી—પોતેજ બળી ગઈ, પરંતુ તેમનો તો વાળ પણ વાંકો થયો નહિ. એજ કારણે ભક્તોમાં ખૂબજ આહ્‌લાદ ઉત્પન્ન થયો અને ત્યારથી આજ સુધી આ દિવસ પરમપવિત્ર મનાય છે. આ દિવસે જીવનમાં નવજીવનનો સંચાર થાય છે. આખા વર્ષની સઘળી વાતો ભુલાવી દેવામાં આવે છે. વર્ષભરનાં વેર ઝેર, દ્વેષ તથા અશુભ કર્મોને હોળીની જ્વાળામાં સ્વાહા કરી દેવામાં આવે છે. એ દિવસ શત્રુ-મિત્રનો કંઈ પણ વિચાર નહિ કરતાં સૌને ભેટવાનો દિવસ છે. આટલા દિવસોથી હોળી થતી તો હતી, પરંતુ યથાર્થ હોળી તો આજેજ છે. અને એટલે તો ભક્તોનાં હૃદયોમાં કોઈ અજ્ઞાત આનંદ હિલોળા લઈ રહ્યો છે.

પં. જગન્નાથ મિશ્ર પોતાના ઘરના એક ખૂણામાં બેઠા છે. મિશ્રજી પાસે સાંસારિક ધન નથી, છતાં પણ બ્રાહ્મણો પાસે જે ધન છે અને જેને લીધે તેઓ તપોધન કહેવાય છે, તે ધનનો અભાવ નથી. મિશ્રજીનું ઘર નાનકડું છે, પરંતુ છે બિલકુલ સાફ ને સુઘડ. સમસ્ત સ્થાન ગાયના છાણથી લીંપેલું છે, આંગણામાં તુલસીનો સુંદર છોડ વાવેલો છે. એક બાજુ એક ગાય બાંધેલી છે. બ્રાહ્મણીએ તાંબાનાં અને પિત્તળનાં વાસણોને ખૂબ સાફ કરીને એક બાજુ મૂકી રાખ્યાં છે. સૂર્યકિરણોથી તે ચળકી ઉઠે છે. મિશ્રજી ભોજન કરીને પુસ્તક વાંચે છે.

શીતલ મંદિર [illegible] [illegible] [illegible] જણાવવા લાગી. ચંદ્રમાં [illegible] [illegible] કેશરી—કસ્તુરી ની [illegible] [illegible] નું [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] ([illegible]) પત્ની—પોતાની નાની બહેન ને [illegible] [illegible] [illegible]. ધીમે ધીમે વેદના વધવા લાગી અને [illegible] [illegible] આનંદની પણ વૃદ્ધિ થવા લાગી. ભગવાન [illegible] [illegible] રાગમાં પ્રસ્થાન કરી ગયા, પરંતુ [illegible] પૂર્ણિમાનો ચંદ્ર ઉગ્યો નહિ. કારણ કે તે ગૌરચંદ્રનો ઉદય થવાની વાટ જોતો હતો. એટલે [illegible] [illegible] [illegible] રાહુએ ચંદ્રમાને ગ્રસી લીધો.

ગ્રહણનું સ્નાન કરવાને નિમિત્તે નવદ્વીપના બધે ઘાટો ઉપર સ્ત્રીપુરુષોની ભારે ભીડ હતી. અસંખ્ય નરનારીઓ એ પુણ્ય અવસર ઉપર સ્નાન કરવા માટે એકઠાં થયાં હતાં. સૌના કંઠમાંથી રામ—કૃષ્ણ—હરિનો મધુર ધ્વનિ નીકળતો હતો. જે કોઈ વાર પણ ભગવાનનું નામ નહોતા લેતા તેઓ પણ તે દિવસે પ્રેમમાં ઉન્મત્ત થઈને કૃષ્ણ-કીર્તન કરી રહ્યા હતા. હિંદુઓને ચિઢવવા માટે મુસલમાનો પણ હરિબોલ હરિબોલ કહીને હિંદુઓને સાથ આપી રહ્યા હતા. આવા મહાન આનંદના સમયમાં નામાવતાર શ્રીગૌરાંગદેવનો પ્રાદુર્ભાવ થયો.


શચીદેવીની બહેને આ શુભ સમાચાર મિશ્રજીને સંભળાવ્યા. મિશ્રજીની પ્રસન્નતાનું તો કંઇ ઠેકાણુંજ ન રહ્યું. તેઓ તો પહેલેથીજ બહુ આનંદી હતા, પરંતુ હવે તો તેમના આનંદની અવધિજ ન રહી. ક્ષણભરમાં આ સમાચાર આખા મહોલ્લામાં ફેલાઈ ગયા. સ્ત્રી—પુરુષ જેમણે પણ સાંભળ્યું તે મિશ્રજીને ઘેર દોડી આવ્યાં. શ્રીઅદ્વૈતાચાર્યની ધર્મપત્ની, શ્રીવાસજીની સ્ત્રી વગેરે શચીદેવીની જેટલી અંતરંગ સાહેલીઓ હતી, તેઓ ભેટ લઈ લઇને બાળકને જોવા આવી પહોંચી.

વિશ્વરૂપ મારફત સમાચાર જાણીને શચીદેવીના પિતા

નીલાંબર ચક્રવર્તી પણ આવીને હાજર થયા. તેઓ તો પ્રસિદ્ધ જ્યોતિષીજ હતા, તેજ સમયે ગણના કરીને લગ્ન કાઢી જન્મકુંડળી બનાવીને ગ્રહોનું ફળ જોવા લાગ્યા. આટલા શુભ ગ્રહોને જોઇને તેઓ આનંદથી ગદ્ગદ્ થઇ ગયા અને મિશ્રજીને કહ્યું-"આ બાળક કોઇ મહાન્ પુરુષ થશે. તેના દ્વારા અસંખ્ય જીવોનું કલ્યાણ થશે. તેના રાજ-ગ્રહ સ્પષ્ટ બતાવે છે કે તે અસાધારણ મહાપુરુષ થશે."

આ પ્રકારે ગ્રહોનું ફળ સાંભળીને મિશ્રજીના આનંદમાં વળી વિશેષ વૃદ્ધિ થઇ. તે સમયે તેમને પોતાની નિર્ધનતા ઉપર કંઇક ખેદ થયો. તેમનું હૃદય કહી રહ્યું હતું કે "આ વખતે જો મારી પાસે કંઇક હોત તો આજ વખતે સર્વસ્વનું દાન કરી દેત." છતાં પણ પોતાની શક્તિ અનુસાર તેમણે સાધુ સંતો તથા બ્રાહ્મણોને અન્ન-વસ્ત્રનું દાન આપ્યું. આ રીતે તે રાત્રિ આનંદમાં તથા ઉત્સાહમાંજ વીતી ગઈ.

બીજે દિવસે ધૂળેટી હતી. તે દિવસે બધા પરસ્પર મળીને ધૂળ-કાદવ તથા અબીલ-ગુલાલ અને રંગથી હોળી ખેલે છે. બસ, તેજ દિવસે ચુસ્તમાં ચુસ્ત પંડિત પણ સ્પર્શાસ્પર્શનો ભેદ નથી ગણતા. સર્વે પરસ્પર હળે મળે છે. તે દિવસે ભક્તોમાં ભારે આનંદ હતો. એકબીજા પર ઉત્સાહપૂર્વક રંગ ગુલાલ તથા દહીં અને હળદર નાખતા હતા; જાણે આજે આનંદોત્સવ ઉજવાઇ રહ્યો ન હોય! ભક્તોએ અનુભવ્યું કે આકાશમાં દેવતાઓ તેમની પ્રસન્નતા-માં પોતાની પ્રસન્નતા મેળવીને જયઘોષ કરી રહ્યા છે, અને ભક્તોને અભયદાન દેતા દેતા આદેશ આપી રહ્યા છે કે, હવે ભયની કોઇ વાત નથી. તમારા દુર્દિવસ હવે ચાલ્યા ગયા છે. હવે નવદ્વીપમાંજ નહિ પરંતુ સમસ્ત દેશમાં ભક્તિ-ભાગીરથીની એક એવી મનોરમ ભરતી આવશે કે જેના વડે સર્વ જીવો પવિત્ર બની જશે અને ચારે તરફ 'હરિબોલ, હરિબોલ' એજ સુમધુર ધ્વનિ સંભળાશે.



निमाई

तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।
पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथमन्मथः ॥

(श्री. भा. १०।३२।२)

પંડિત જગન્નાથ મિશ્ર અને શચીદેવીની માનસિક પ્રસન્નતાનો તેજ અનુમાન કરી શકે છે, કે જેની આત્મા મહારાજ દશરથ અને જગન્માતા કૌશલ્યાના જેવી હોય; અથવા કંસનો વધ કર્યા પછી દેવકી અને વસુદેવને જે પ્રસન્નતા થઈ હશે, તેજ પ્રકારની પ્રસન્નતા મિશ્ર દંપતિના હૃદયમાં થઈ હશે. શચીદેવીની એક પછી એક આઠ કન્યાઓ પ્રસવ થયા પછી થોડા સમય પછીજ પરલોકગામી થઈ ચૂકી હતી. આ વૃદ્ધાવસ્થામાં મિશ્રદંપતિ સંતાન—સુખથી નિરાશ થઈ ચૂક્યાં હતાં, તેવામાંજ ભગવાનનો અનુગ્રહ થયો અને વિશ્વરૂપનો જન્મ થયો. વિશ્વરૂપમાં નામ પ્રમાણેજ ગુણ હતા. તેનું રૂપ વિશ્વને મોહિત કરે તેવું હતું, પરંતુ બાલોચિત ચંચળતા તેનામાં બિલકુલ નહોતી, ચહેરા ઉપર પરમ શાંતિ વિરાજમાન હતી. માતાપિતા આ સર્વગુણસંપન્ન પુત્રના મુખકમળને જોઈને મનમાં ને મનમાં પ્રસન્ન થયા કરતાં હતાં. હવે ભગવાનની કૃપાનું તો કહેવુંજ શું ! વિશ્વરૂપ પછી બીજા બાળકને જોઈને તો મિશ્રદંપતિ પોતાની જાતનુંજ ભાન ભૂલી ગયાં હતાં.

બધાં બાળકો ૯ મહિના અથવા વધારેમાં વધારે ૧૦ મહિના ગર્ભમાં રહે છે, પરંતુ ગૌરાંગ પૂરા ૧૩ મહિના ગર્ભમાં રહ્યા હતા. સાત મહિનામાં પણ ઘણાં બાળકો જન્મે છે, અને તેઓ ઘણે ભાગે જીવે છે પણ ખરાં, પરંતુ તેઓ મોટે ભાગે દુર્બળજ હોય છે. વાત એમ છે કે, ૭

મહિનામાં ગર્ભના બાળકનાં બધાં અંગો બંધાઇને ઠીક થાય છે, અને સાતમે મહિને તેમાં જીવનસંચાર જણાય છે. જીવનસંચાર થતાંજ બાળક ગર્ભમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. જે માતાઓ કમજોર હોય છે, તેને પ્રસવ સાતજ મહિનામાં થઇ જાય છે; પરંતુ ઘણું કરીને સાતમા મહિનામાં બાળકનો પ્રયત્ન નિર્બળ હોવાથી નિષ્ફળ જાય છે. બહાર નીકળવાના પ્રયત્નમાં બાળક બેભાન થઇ જાય છે અને તે બેભાન સ્થિતિ બીજા બે મહિનામાં ઠીક થઇ જાય છે. જે બાળકોનો જન્મ ૮ જ મહિનામાં થઈ જાય છે તેઓ બચતાં નથી; કેમકે એક તો પહેલી બેભાન દશા અને બીજી પ્રસવની બેભાન અવસ્થા. એ બન્નેને નિર્બળ બાળક સહન કરી શકતું નથી. ૧૦ મહિનાનું બાળક બહુ તંદુરસ્ત હોય છે. ૧૩ મહિના ગર્ભમાં રહેવાને કારણે ગૌરાંગ જન્મ પામતાંજ એક વર્ષના જેવા જણાતા હતા. તેમનું શરીર સારૂં મજબૂત હતું, શરીરના સર્વ અવયવો સુગઠિત અને સુંદર હતા. તપાવેલા સુવર્ણના જેવો તેમના શરીરનો વર્ણ હતો. નાના નાના બે હાથ સારા મજબૂત હતા. હાથની આંગળીઓ કોમળ અને લાલ રંગની ઘણી સુશોભિત દેખાતી હતી. નાના નાના પગ, માંસથી ભરેલ સાથળો, સુંદર ગોળ ગોળ પિંડલીઓ અને મનોહર વક્ષસ્થળ હતું. નાનકડા કમળ જેવું સુંદર મુખ, મોટી મોટી આંખો અને સુંદર અણીદાર નાક ઘણાંજ સરસ જણાતાં હતાં. ગર્ભનાં સર્વ બાળકોના વાળ એટલા મુલાયમ હોય છે કે તે રેશમને પણ ભુલાવી દે છે, પરંતુ ગૌરાંગના વાળ તો બીજાં બાળકોના વાળ કરતાં ઘણાજ મોટા હતા. કાળા કાળા સુંદર વાંકડિયા વાળથી એ સુચારુ મુખની શોભા બરાબર એવી થઇ ગઇ હતી કે જાણે કોઇ અત્યંત રસવાળા કમળ ઉપર ઘણા ભમરા આવીને સ્વેચ્છાપૂર્વક રસપાન કરી ન રહ્યા હોય! શચી માતા એ રૂપમાધુરીને વારંવાર નિહાળતાં અને આશ્ચર્યસાગરમાં લીન થતાં હતાં. તેઓ બાળકના સૌંદર્યમાં એક અપૂર્વ તેજનો

અનુભવ કરતાં હતાં.

ધીરે ધીરે બાળક એક માસનો થયો. બંગાળ તરફ માતા ૨૧ દિવસમાં અથવા મહિનામાં પ્રસૂતિગૃહથી બહાર નીકળે છે, અને ત્યારે પષ્ઠી-પૂજા પણ થાય છે. નામકરણ સંસ્કાર ઘણે ભાગે ચોથા મહિનામાં થતો હતો, પરંતુ હવે તો લોકો ઘણા સમય પહેલાં પણ કરવા લાગે છે. એક મહિના પછી ગૌરાંગના નિષ્ક્રમણસંસ્કાર થયા. સખી-સાહેલીઓ સાથે શચીદેવી બાળકને લઇને ગંગા-સ્નાન કરવા ગઈ. ત્યાં જઇને વિધિપુરઃસર ગંગાજીનું પૂજન કર્યું. અને પછી ષષ્ઠીદેવીના સ્થાને પૂજન કરવા ગઈ.

ષષ્ઠીદેવી કોણ છે, તે સંબંધમાં જુદા જુદા પ્રાંતોની જુદી જુદી માન્યતાઓ છે. એ કોઇ શાસ્ત્રીય દેવી નથી, એક લૌકિક પદ્ધતિ છે; ઘણી જગાએ તો એ બાળકોના અશુભને મટાડનારી મનાય છે, અને તેથીજ બાળકના કલ્યાણ માટે તેની પૂજા થાય છે. અમારી તરફ બાળકના જન્મને છઠ્ઠે દિવસે પષ્ઠી (છઠ્ઠી) દેવીનું પૂજન થાય છે. ઘરની સૌથી પૂજ્ય સ્ત્રી પહેલવહેલી પૂજા કરે છે, પછી સમસ્ત કુળ-પરિવારની સ્ત્રીઓ આવીને પૂજા કરે છે અને ભેટ ચઢાવે છે. વડિલ સ્ત્રી એ બધીને ખાવા માટે શીરો-પૂરી અથવા બીજી ચીજ આપે છે. આપણા તરફ ભાગ્ય માતાનેજ પષ્ઠી માને છે. એવી માન્યતા છે કે ભાગ્ય માતા તેજ દિવસે રાત્રે આવીને બાળકની જીંદગીના શુભાશુભ લેખ લખી જાય છે. ભાગ્ય માતા બાળકના ભાગ્યને સારૂં લખી જાય તે વાસ્તે તેની પ્રસન્નતા માટે તેનું પૂજન કરે છે. નીચેના દોહામાં એજ સ્પષ્ટ છે—

જો વિધનાને લિખ દઈ, છઠ્ઠી રાત્રકે અંક;
રાઇ ઘટે ન તિલ બઢે, રહુ રે જીવ નિશંક.

ગમે તે હો, લૌકિકજ રીતે ભલેને હો, પરંતુ તેનો પ્રચાર કોઇ ને કોઇ રૂપમાં સર્વત્રજ છે. પષ્ઠીદેવીના સ્થાને જઇને શચીદેવીએ શ્રદ્ધાભક્તિપૂર્વક દેવીનું પૂજન કર્યું અને એ બાળકની મંગલકામના માટે દેવીનાં ચરણોમાં પ્રાર્થના

કરી, સ્ત્રી-સાહેલીઓ સાથે પ્રસન્ન થઈ ઘેર પાછી ફરી.*

બાળક જેમ જેમ મોટા થતા હતા, તેમ તેમ તેમની ચંચળતા પણ વધતી જતી હતી. વિશ્વરૂપ જેટલા વિશેષ શાંત હતા, તેટલાજ ગૌરાંગ વિશેષ અસ્થિર હતા. એક જ મહિનાના હતા, તેવામાં તે પોતાની મેળે આંગણામાં ઘૂંટણીએ ચાલવા લાગ્યા હતા. ચાલતાં ચાલતાં જોરથી કીલકારીઓ કરતા, કોઈ કોઈવાર પોતાની મેળેજ હસવા લાગતા. માતા તેને પકડતી પણ તેમને પકડવાનું કામ સહેલું નહોતું. તેઓ ધાવતાં ધાવતાં એવા જોરથી ભાગી જતા કે પછી તેમને રોકી રાખવા અસંભવિત થઈ જતું. પહેલાં પહેલાં તે બહુ રડતા, માતા તેમને છાના રાખવા માટે જાતજાતના ઉપાયો કરતાં પરંતુ તે છાના રહેતા નહિ. એક દિવસ તે નાનકડી ઓરડીમાં પડ્યા પડ્યા જોરથી રડતા હતા. માતાએ ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તે છાના રહ્યા નહિ. એટલે માતા તેમને 'હરિ હરિ બોલ, બોલ હરિ બોલ, મુકુંદ માધવ ગોવિંદ બોલ' એ પદ ગાઈ ગાઈને ધીરે ધીરે થાબડવા લાગી. બસ, આ સાંભળીનેજ તે છાના રહી ગયા. માતા ખુબ પ્રસન્ન થઈ. તેમને છાના રાખવાનો એક સહેલોજ ઉપાય મળી ગયો. જ્યારે કોઈ વાર એ રોતા ત્યારે માતા પોતાના કોમળ કંઠથી ગાવા લાગતી–

હરિહરિ બોલ, બોલ હરિ બોલ, મુકુંદ માધવ ગોવિંદ બોલ.

આ સાંભળતાંજ તે તરત છાના રહી જતા. તેમના મહોલ્લાની સ્ત્રીઓ તેમના ઉપર અત્યંત વહાલ રાખતી, તેથી ઘરના કામમાંથી પરવારતાંજ તેઓ શચીદેવીને ત્યાં આવીને બેસતી. શચીદેવીનો સ્વભાવ ઘણોજ મધુર હતો. તેમને ઘેર જે કોઈ સ્ત્રી આવતી તેનો તે ખૂબ પ્રેમપૂર્વક સત્કાર કરતી, અને ઘરનું કામકાજ છોડીને તેમની સાથે

* ગુજરાતમાં પણ આ રિવાજ પ્રચલિત છે. બાળકના જન્મને છઠ્ઠે દિવસે વિધાતા પૂજનાદિ માટે રાત્રે કોરો કાગળ, દપ્તર, સળેકડું, નાનકડી વાડકીમાં કંકુ અને દીવો મૂકવાનો રિવાજ છે. તે રાત્રે વિધાતા છઠ્ઠીના લેખ લખી જાય છે, એમ કહેવાય છે. અનુવાદક

[illegible]
ગુંજ્યા કરતો હતો.

આ રીતે ધીરે ધીરે બાળકની અવસ્થા ચાર માસની થઈ. મિશ્રજીએ શુભ મુહૂર્તમાં બાળકના નામકરણસંસ્કારની તૈયારીઓ કરી. પોતાના સગાસંબંધી પ્રેમી પંડિતોને તેમણે નિમંત્રણ આપ્યું. બ્રાહ્મણોએ વિધિ-વિધાનપૂર્વક વેદપાઠ અને હવન કર્યો. પંડિત નીલામ્બર ચક્રવર્તીએ જન્મ-નક્ષત્ર અનુસાર બાળકનું નામ વિશ્વંભર રાખ્યું. પરંતુ જન્મરાશિનાં નામ ઘણુંભાગે બહુ થોડાં પ્રચલિત થાય છે. બાળકનું નામ તો માતા-પિતા પોતાની મરજી મુજબજ પાડી લે છે. બધી જગ્યાએ રિવાજ છે કે, બાળકનું અધુરું નામ લેવામાંજ બધાને આનંદ આવે છે. તેથી બાળકનું ગમે તે નામ કેમ ન હોય તેને મારી મચડીને અધુરુંજ બનાવી લે છે. એ અત્યંત પ્રેમનું એક મુખ્ય ચિહ્ન છે. શચીદેવીની સખીઓએ પણ ગૌરાંગનું 'નિમાઈ' નામ રાખ્યું.

નિમાઈ નામના સંબંધમાં લોકોમાં ભિન્ન ભિન્ન મત છે. કેટલાકનું કહેવું છે કે, જ્યારે તેઓ જન્મ્યા હતા ત્યારે માતાને એમ જણાયું કે, તેમના શરીરમાં પ્રાણનો સંચાર થતો નથી, તેઓ બીજા બાળકોની પેઠે પ્રસવ પછી રડ્યા નથી. જ્યારે તેમના કાનમાં હરિમંત્રનો ઉચ્ચાર કરવામાં આવ્યો, ત્યારે તેઓ રોવા લાગ્યા. તેથી માતાએ

કહ્યું: 'કે ચમત્કારને ત્યાં લીમડા જેવા કડવા થઈ જશે.' તેથી માતાએ તેનું 'નિમાઇ' નામ પાડી દીધું.

ઘણાનો મત છે કે, તેમનું પ્રસવગૃહ એક લીમડાના ઝાડની નીચે હતું તેથી તેમનું નામ 'નિમાઇ' રાખવામાં આવ્યું. ઘણાના વિચાર પ્રમાણે એ નામ એટલા માટે રખાયું હતું કે બાળક દીર્ઘાયુષી થાય. લોકોમાં પ્રચલિત છે કે જે માતાનાં સંતાનો જીવતાં નથી તે પોતાના સંતાનનું એવુંજ હલકું નામ રાખે છે. ગમે તે હો, અમારો મત તો એવો છે કે આ નામ કોઈ પણ અર્થ પૂર્વક રાખેલું નથી. બંગાળમાં એવાંજ નામ રાખવામાં આવે છે. અને સામાન્ય લોકોમાં એજ ટુંકાણનું નામ પ્રચલિત થાય છે. જેમકે નિત્યાનંદનું નામ 'નિતાઇ' જગન્નાથનું નામ 'જગાઇ' ઇત્યાદિ. અસ્તુ. આખા નવદ્વીપમાં ગૌરાંગનું એજ નામ સર્વત્ર પ્રસિદ્ધ થયું હતું. પંડિત હોવા છતાં પણ સર્વ લોકો તેમને 'નિમાઈ પંડિત'નાજ નામથી જાણતા અને ઓળખતા હતા.

નામકરણ સંસ્કાર પછી પિતાએ તેમના સ્વભાવની પરીક્ષા કરવા ઇચ્છયું. તેમણે એમની સામે રૂપિયા–પૈસા, અન્નવસ્ત્ર, દ્રવ્ય, શસ્ત્ર તથા પુસ્તકો રાખ્યાં અને પ્રેમ પૂર્વક કહ્યું—" બેટા! આમાંથી કોઇ પણ ચીજને ઉપાડી લે તો." ઘણાં ખરાં બાળકો ચળકતી ચીજનેજ પસંદ કરે છે, પરંતુ એ સ્વભાવ તો સામાન્ય લૌકિક બાળકોનો હોય છે, પણ આ તો અલૌકિક હતા. તરતજ તેમણે સૌથી પહેલો શ્રીમદ્ ભાગવતના પુસ્તક ઉપર હાથ મૂકયો. સૌ પ્રસન્ન થઇ ગયા. બધાએ એકે અવાજે કહ્યું–'નિમાઇ ઘણો સમર્થ પંડિત થશે.'

સાચુંજ છે કે—

"હોનહાર બિરવાન કે હોત ચીકને પાત;
ઘસી લિયે ગૌરાંગને ધરા ગ્રંથ પર હાત."



प्रेम-प्रवाह

अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वास्ववस्थासु यद्
विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
कालेनावरणात्ययात्परिणते यत्स्नेहसारे स्थितं
भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत् प्राप्यते ॥

અર્થાત્ જે સુખદુઃખમાં સમાન રહે છે, તથા સર્વ અવસ્થાઓમાં પોતાને અનુકૂળજ બની રહે છે, જે હૃદયનું એકમાત્ર વિશ્રામસ્થાન છે, વૃદ્ધાવસ્થા જેના રસને નષ્ટ કરી શકતી નથી, જે સમયના બદલાવાથી પોતે બદલાતા નથી અને જેમની સ્થિતિ હમેશાં સ્નેહ-સારમાંજ રહે છે, આવા સત્પુરુષના સુંદર પ્રેમનું પાત્ર કોઈ ભાગ્યશાળી પુરુષજ હોય છે.

ઓતપ્રોત રૂપથી ભરપૂર આ પ્રેમસાગરરૂપી જગતમાં જીવ પોતાની ક્ષુદ્રતાને લીધે એવા સાંકડા-સંકીર્ણ સંબંધની સ્થાપન કરી લે છે, કે તે પ્રેમામૃતનો સંપૂર્ણ સ્વાદ તદ્દન નષ્ટ થઈ જાય છે. અહા ! જ્યારે સુખદુઃખમાં સમાન ભાવ થઈ જાય, કોઈ પણ અવસ્થામાં ચિત્તની વૃત્તિ સજાતીય-વિજાતીયનો અનુભવ ન કરવા લાગે, તે સમયના સુખની ભલા શી વાત કરવી ? એવો પ્રેમ કોઈ વિરલાજ મહાપુરુષના શરીરમાં પ્રકટ થાય છે, અને તેમની પ્રીતિના પાત્ર કોઈ મહાભાગ્યવાન સજ્જનજ થાય છે મહાપુરુષોમાં જન્મથીજ આ વિશ્વવિમોહન પ્રેમ હોય છે

બધાજ મહાપુરુષોના સંબંધમાં આપણે ઘણા સમયથી સાંભળતા આવ્યા છીએ કે, તેઓ જન્મથીજ સં

પ્રાણીઓમાં સમાનભાવ રાખતા હતા. મહાત્મા નાનકજી જ્યારે બાલ્યાવસ્થામાં ભેંસો ચરાવવા જતા, ત્યારે એકાંતમાં બેસીને ધ્યાન ધરવા મંડી પડતા. ઘણા લોકોએ પ્રત્યક્ષ જોયું હતું કે, એક ઘણો મોટો સાપ પોતાની ફેણ વડે તેમના ઉપર છાયા કરતો અને જ્યારે તેઓ ધ્યાનમાંથી ઉઠતા ત્યારે ચાલ્યો જતો. કૂતરાઓની પેઠે પૂંછડી હલાવતા સિંહો હજુ સુધી તપસ્વીઓના આશ્રમમાં જોવામાં આવ્યા છે. મહાપુરુષોના શરીરમાં એ પ્રેમની આકર્ષક વીજળી જન્મથીજ હોય છે કે પાપીમાં પાપી પુરુષની વાત તો શું પણ પશુપક્ષી અને જીવજંતુ સુદ્ધાં તેમના આકર્ષણથી ખેંચાઇને તેમના દાસ બની જાય છે.

શચીદેવીના નાનકડા આંગણામાં જે રાત્રિદિવસ "હરિ હરિ બોલ, બોલ હરિ બોલ, મુકુંદ માધવ ગોવિંદ બોલ" નો ધ્વનિ ગુંજ્યા કરતો હતો, તેનું કારણ નિમાઈનું અપૂર્વ રૂપ-માધુર્યજ નહોતું, પરંતુ તેમના વિશ્વમોહક મંદ મંદ હાસ્યથીજ પાડોશની સ્ત્રીઓ દાસી બની ગઇ હતી. તેમને નિમાઈનું મંદ મધુર હાસ્ય જોયા વિના ચેનજ પડતું નહિ. માતાઓનો સનાતન સ્વભાવ છે કે, તેમના બાળક ઉપર જો કોઈ પ્રેમ કરે છે, તો તેમના હૃદયમાં એક પ્રકારની મીઠી મીઠી ગલીપચી થાય છે. તેમને થઇ આવે છે કે આ પ્રેમ કરનાર માનવીને હું શું આપી દઉં ? સ્ત્રીઓ નિમાઈ ઉપર જેટલું વહાલ રાખતી, શચી માતા નિમાઇને એટલાજ વધારે સજાવતી. માતૃહૃદયને પણ બ્રહ્માએ એક અપૂર્વ કોયડોજ બનાવેલ છે.

નિમાઈ હજુ તો નાના છે, અનેક સ્થળેથી આ બાળકને માટે નાનાં નાનાં તૈયાર કિંમતી વસ્ત્ર અને ઘરેણાં આવ્યાં છે. માતાએ હવે નિમાઇને તે પહેરાવવા માંડ્યાં છે. એક દિવસ માતાએ નિમાઇને સુગંધી દ્રવ્યો ચોળીને ખૂબ નવરાવ્યો. તેલ નાખીને નાના નાના વાંકડિયા વાળને કાંસકીથી સાફ કર્યા અને ઓળ્યા. અંગ પર એક પીળું શું

પહેરણ પહેરાવ્યું. હાથની કલાઇઓને માટીથી ઘસીને ચક-ચકિત બનાવી, કમરમાં સાંકળી પહેરાવી, તેને એક કાળા દોરાથી બાંધી પણ લીધી, પગમાં નાનાં નાનાં સાંકળાં પહેરાવ્યાં, ગળામાં હાર પહેરાવ્યો, કેટલાંક કાળાં તાવીજ બાળકની મંગળ કામના માટે પહેલેથીજ પહેરાવેલાં હતાં. કમળ જેવાં વિશાળ નયનોમાં કાજળ આંજ્યું. ડાબી બાજુએ મસ્તક ઉપર એક કાળું બાકું પણ કરી દીધું, કે જેથી બાળકને નજર ન લાગે. વિવિધ શણગાર સજા-વીને માતા બાળકના મુખ તરફ જોવા લાગી. માતા તે અપૂર્વ સૌન્દર્યમાધુરીનું પાન કરતાં કરતાં પોતાની જાત-ને ભૂલી ગઈ. એટલામાંજ વિશ્વરૂપે આવીને કહ્યું: 'બા ! હજુ ભાત નથી રાંધ્યો ?'

કંઈક ખોટી વ્યગ્રતા અને રૂઆબ દેખાડતાં માતાએ જલદીથી કહ્યું: "તારા આ નાના ભાઇમાંથી મને ફુરસદ મળે ત્યારે ને ? આ તો એવો તોફાની છે કે સહેજ પણ એકલો પડ્યો કે ઘરની બહાર ચાલ્યો જાય છે; પછી તેને શોધવોજ મુશ્કેલ થઈ પડે છે."

વિશ્વરૂપે કહ્યું: "ઠીક, લાવ એને હું રમાડું છું. તું ત્યાં સુધી જલદી રસોઇ કર" એમ કહીને વિશ્વરૂપે બાળક નિમાઇને પોતાના ખોળામાં લઈ લીધો. માતા તો દાળ-ભાત બનાવવામાં રોકાઇ ગઇ અને વિશ્વરૂપ તડકામાં બેઠો. ભલા વિશ્વરૂપ જેવો વિદ્યાભ્યાસંગી બાળક નવરો કેમ કરીને બેસી શકે ? તે નિમાઇને પાસે બેસાડીને પુ-સ્તક વાંચવા લાગ્યો. પુસ્તક વાંચતાં વાંચતાં તે તેમાં તન્મય થઇ ગયો. હવે નિમાઇને કોનો ભય ? ધીરે ધીરે ઘુંટણીએ ખસતા ખસતા તે આંગણાની બીજી બાજુએ એકાન્તમાં પહોંચી ગયા. ત્યાં કોઇ એક સર્પદેવતા બેઠા હતા. બસ, નિમાઇને તો એક નવું રમકડું મળી ગયું. તે તેની સાથે ખેલવા લાગ્યા.

માતાનું શરીર તો દાળ-ભાત બનાવતું હતું, પરંતુ

ગન તો નિમાઈમાંજ લાગેલું હતું. થોડી વારમાં જ્યારે
ણે બન્ને ભાઇઓમાં કંઇ પણ વાતચીત થતી ન સાંભળી
ારે વિશ્વરૂપને સાવધાન કરવા માટે તેમણે ત્યાંથીજ
ૂછ્યું: "વિશ્વરૂપ ! નિમાઈ સૂઈ ગયો કે શું ?"

જાણે કોઈ માણસ ગાઢ નિદ્રામાંથી જાગીને ચોતરફ પોતાને જગાડનારને આશ્ચર્યચકિત થઇને જુએ છે, તેજ પ્રકારે પુસ્તકમાંથી નજર ઉઠાવીને વિશ્વરૂપે કહ્યું: "શું મા ! શું કહ્યું ? નિમાઇ ? નિમાઇ તો અહીં નથી."

જાણે માતાના હૃદયમાં કોઇએ ગરમાગરમ ડામ દઇ દીધો હોય, તેમ તેમનું માતૃહૃદય તેજ સમયે કોઇ અશુભ આશંકાના ભયથી પીગળવા લાગ્યું. તે તો રસોઇ કરવી રહેવા દઇને જલદી જલદી બહાર આવ્યાં. વિશ્વરૂપ પણ ઉઠીને ઉભો થયો. બન્ને મા-દીકરો આમતેમ નિમાઇને શોધવા લાગ્યાં. આંગણાની બીજી બાજુ તેમણે જે કંઇ જોયું તે જોઇને તો સૌના હોંશ ગગડી ગયા. માતાએ બહુ મોટેથી એક ચીસ પાડી. તે ચીસ સાંભળીને ાસપાસનાં બીજાં સ્ત્રીપુરુષો પણ ત્યાં આવી પહોંચ્યાં.

સૌએ જોયું કે નિમાઈનું અર્ધું શરીર ધૂળમાં ખર-
ાયેલું છે, અર્ધું શરીર તેલને લીધે ચળકી રહ્યું છે, વાળ-
માં પણ કંઇક ધૂળ લાગી છે, પહેરણમાં પીઠ તરફ ગો
માંડ પટેલી છે, તે ઘણીજ સુંદર દેખાય છે. પીળા રંગન
વસ્ત્રમાંથી સુવર્ણ રંગનું શરીર ઘણુંજ સુશોભિત દેખા
છે. સાપ ગુંચળું વળીને બેઠો છે. નિમાઈ તેના ઉપર સ
થયેલો છે. તેણે પોતાની ડાબી ગાયની ખરીના ચિહ્નવા
વિશાળ ફેણ ઉપર ઉઠાવી રાખેલી છે. નિમાઇનો એક
ફેણ ઉપર છે અને બીજો તેણે તે જમીનને ટેકવેલો છે.
પગમાં વીંટાઇને સાપ છાનોમાનો પડી રહ્યો છે. સ
પ્રકાશમાં તેનું કાળું શાહી જેવું શરીર ચમકી રહ્યું છે. નિ
ને કશીજ ચિંતા નથી. તે હસી રહ્યા છે. હસવાથી
આવેલા દાંત અત્યંત ચમકી

[illegible]
નિમિત્ત [illegible]
[illegible] બાળકને [illegible]
[illegible]
[illegible] નિમાઇ [illegible]
ગયા. માતાએ જલદીથી બાળકને [illegible]
લીધા. તે સમયે માતાને [illegible]
આનંદ થયો હશે, તેનું વર્ણન [illegible] શકે તેમ છે?
સ્ત્રીઓ બાળકને કાળના મુખમાંથી કુશળક્ષેમ પાછો આવેલો
જોઇને [illegible] ઉપચાર કરી. કોઇએ નજર
ઉતારી તો કોઇએ તાવીજ બંધાવ્યું.

સ્ત્રીઓ કહેવા લાગી—"આ કોઇ પુણ્યદેવતા છે, એટલે તો તેણે બાળકને કંઇ નુકસાન કર્યું નહિ." કોઇ કોઇ વૃદ્ધ સ્ત્રીઓ બાળકનું મોં ચૂમી ચૂમીને કહેવા લાગી—'નિમાઇ! તું આટલી બાળપણથી કેમ ક્રીડા કરે છે? શું તને રમવાને સાપજ મળ્યો?' નિમાઇ તેમના તરફ જોઇને હસી પડતા, ત્યારે સર્વ સ્ત્રીઓ ગાવા લાગતી—

" હરિ હરિ બોલ, બોલ હરિબોલ;
મુકુંદ માધવ ગોવિંદ બોલ."

આ પ્રકારે નિમાઇની વિશેષ ચંચળતા જોઇને માતા તેનું વધારે ધ્યાન રાખવા લાગી. માતા જેટલી વધારે હોંશિયારી રાખતી, તેટલાજ તે તેને વધારે છેતરતા.

એક દિવસ તેઓ ઘરમાંથી નીકળીને બહાર રસ્તા પર એકાન્તમાં રમતા હતા. શરીર ઉપર ઘણાં આભૂષણ હતાં. તેમાં કેટલાંક સોનાનાં પણ હતાં, એટલામાંજ ત્યાં ચોર આવી પહોંચ્યો. નિમાઇને ઘરેણાં પહેરેલા ને એકાંતમાં રમતા જોઇને તેના મનમાં દુષ્ટ ભાવ ઉત્પન્ન થયો અને તે તેમને પીઠ ઉપર ઉપાડીને એકાંત સ્થાનમાં લઈ જવા લાગ્યો. તેમના સ્પર્શમાત્રથી તેની વિચિત્ર દશા થઈ ગઈ, તેને પોતાનાં દુષ્કૃત્યો પર વારંવાર પશ્ચાત્તાપ થવા લાગ્યો. આ વખતે નિમાઇનો એક પગ તેના ખભાની નીચે

લટકી રહ્યો હતો. તે કમળ જેવા કોમળ પગને જોઇ તેનું હૃદય ભરાઇ આવ્યું. તેણે એક વાર નિમાઇના કમળની પેઠે ખીલેલા મુખ તરફ ધ્યાનપૂર્વક જોયું. પીઠ પર બેઠેલા નિમાઇ હસતા હતા. ચોરનું હૃદય પાણીપાણી થઈ ગયું. જગદુદ્ધારક નિમાઇનો સર્વપ્રથમ કૃપાપાત્ર એ પાપીજ બન્યો.

આ તરફ નિમાઇને ઘરમાં ન જોવાથી માતાપિતાને અત્યંત ચિંતા થઈ. મિશ્રજી શોધતા શોધતા ગંગાજી સુધી પહોંચ્યા, પરંતુ નિમાઇનો કંઇ પણ પત્તો લાગ્યો નહિ. આ તરફ શચીદેવી ગાંડાની પેઠે આસપાસના મહોલ્લાનાં સર્વ ઘરોમાં નિમાઇને શોધવા લાગી. સ્ત્રીઓ કહેતી-"એ બહુ ચંચળ છે, ઘરમાં રહેવાનું તો જાણે શીખ્યોજ નથી; તમે ચિંતા ન કરો. અહીં ક્યાંક રમતો હશે, મળી આવશે; ચાલો હું પણ આવું છું." આ રીતે સઘળી સ્ત્રીઓ શચી-માતાને ધીરજ આપતી હતી, પરંતુ તેમને ધીરજ કેમ રહે ? તે બધીની વાતોને નહિ ગણકારતાં તે તો એક ઘેરથી બીજે ઘેર દોડવા લાગ્યાં; વિશ્વરૂપ જુદા શોધતા હતા.

આ તરફ ચોરની ચિત્તવૃત્તિ શુદ્ધ થવાથી તેનો ભાવજ બદલાઈ ગયો. બસ, તેજ તેનો ચોરીનો છેલ્લો દિવસ હતો. તેણે ધીમેથી લાવીને નિમાઇને તેમના બારણા આગળ ઉતારી દીધા.

માતા-પિતા તથા ભાઇ તો આ તરફ નિમાઇને શોધતા હતા. કોઇએ આવીને ખબર આપ્યા કે નિમાઈ તો ઘર આગળ રમે છે. જાણે મરુભૂમિમાં પાણી વિના મરતા મુસાફરને સુંદર શીતળ જળ મળી ગયું હોય; અથવા કોઇ અત્યંત ભૂખ્યાને સારૂં સારૂં ખાવાનું મળી ગયું હોય એ પ્રકારની પ્રસન્નતા મિશ્રજીને થઇ. તેમણે બારણા આગળ આવીને જોયું તો નિમાઇ હસી રહ્યા છે. માતાએ આવીને બાળકને છાતી સરસો ચાંપ્યો. વિશ્વરૂપ ભાઇને ભેટી પડયો અને સ્ત્રીઓ આવીને ગાવા લાગી—

હરિહરિ બોલ, બોલ હરિ બોલ, મુકુંદ માધવ ગોવિંદ બોલ.



अलौकिक बालक

स्वगर्भशुक्तिनिर्भिन्नं सुवृत्तं सुतमौक्तिकम् ।
वंशश्रीतिलकीभूतं मन्दभाग्यस्य दुर्लभम् ॥

અર્થાત્ પોતાની માતાના ગર્ભરૂપી છીપને ફોડીને સારા ગુણવાળો પુત્રરત્ન કે જે પોતાના વંશની લક્ષ્મીને વધારનાર છે, એવા સૌભાગ્યશાળી પુત્રનો જન્મ મંદ ભાગ્યવાળા પુરુષોને ત્યાં થવોજ અતિ દુર્લભ છે.

શચીરૂપી છીપના ભાગ્યની સરસાઈ કોણ કરી શકે કે જેમાં નિમાઇના જેવું સંસારને સુખશાંતિ આપનાર ઘણું કિંમતી મોતી પેદા થયું હતું ? શચીને પોતાને સમજાતું નહોતું કે આ બાળક કેવો છે ? એની બધી બાબતો દિવ્ય છે, બધી ચેષ્ટાઓ અલૌકિક છે. દેખાવમાં તો તે બાળક જેવો જણાય છે, પરંતુ વાતો એવી કરે છે કે મોટા મોટા સમજુ માણસો પણ તેને સરળતાપૂર્વક સમજી શકતા નથી. કોઈ વાર તો તેને ભ્રમ થાય છે અને વિચારવા લાગે છે કે, આ કોઇ ગુપ્ત વેશ ધારણ કરેલા મહાપુરુષ યા દેવતા મારે ત્યાં લીલા કરી રહ્યા છે કે શું ? અને કોઇ કોઇ વાર માતૃસ્નેહને લીધે તે સર્વ કંઈ ભૂલી જતી.

એક દિવસ માતાએ જોયું કે, ઘરમાં અત્યંત પ્રકાશ ફેલાઈ રહ્યો છે. ઘણા તેજસ્વી દિવ્ય પુરુષો નિમાઇની પૂજા અને સ્તુતિ કરી રહ્યા છે. આ જોઇને માતાને અત્યંત ભય લાગ્યો. તે જલદી જલદી ઘરમાં ગયાં. ત્યાં જઈને તેમણે જોયું તો નિમાઈ સુખેથી સૂઇ રહ્યા છે. આ વાત શચીદેવીએ પોતાના પતિ પંડિત જગન્નાથ મિશ્રને

કરી. મિશ્રજીએ કહ્યું–" હું તો પહેલેથીજ જાણતો હતો કે; આ બાળક કોઈ સામાન્ય વ્યક્તિ નથી."

એજ પ્રકારે એક દિવસ આંગણામાં ધ્વજ, વજ્ર, અંકુશ વગેરે ચિહ્નોવાળાં નાનાં નાનાં પગલાં જોઈને શચીદેવી આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમણે એ પગલાં મિશ્રજીને પણ બતાવ્યાં. ભાગ્યવાન દંપતિએ તે ચરણરજ પોતાને મસ્તકે ચઢાવી. મિશ્રજી કહેવા લાગ્યા–" મને લાગે છે કે ઘરના બાળગોપાળ ઠાકોર સદેહે આંગણામાં ફરે છે. આ આપણું પરમ સૌભાગ્ય છે." એટલામાંજ તેમણે નિમાઈના નાના નાના પગોમાં પણ તેજ ચિહ્નો જોયાં. મિશ્રજી પંડિત નીલામ્બર ચક્રવર્તીને બોલાવી લાવ્યા અને નિમાઈના હાથ તથા પગની રેખાઓ તેમને બતાવી. બધું જોઈને ચક્રવર્તી મહાશય બોલ્યાઃ–" મેં તો તેજ દિવસે જન્મકુંડળી જોઈને કહી દીધું હતું કે આ બાળક કોઈ સામાન્ય બાળક નથી. ભવિષ્યમાં તેનાદ્વારા સંસારનું બહુ કલ્યાણ થશે."

એક દિવસ મિશ્રજીએ નિમાઈને કહ્યુંઃ " બેટા ! અંદરથી પુસ્તક લઈ આવ તો." નિમાઈ હસતા હસતા અંદર ગયા. મિશ્રજીને લાગ્યું કે, જાણે નૂપુરોનો સુમધુર ધ્વનિ નિમાઈનાં પગલાંમાંથી નીકળે છે. તેમણે શચીદેવીને પૂછ્યું–" નિમાઈને તેં નૂપુર પહેરાવ્યાં છે કે શું ?" શચીદેવીએ કહ્યુંઃ " ના, મેં તો નૂપુર નથી પહેરાવ્યાં !" આપ નથી જોતા કે એના પગમાં સાંકળાં સિવાય કશુંજ નથી ! " મિશ્રજી બધું સમજી જઈને ચૂપ થઈ ગયા અને નિમાઈ પુસ્તક મૂકીને ચાલ્યા ગયા.

એક દિવસ તે પોતાની માતા સાથે કોઈ બાબતમાં લઢી પડ્યા. સ્વભાવે ચંચળ તો હતાજ, કંઈક હઠ લીધી. માતાએ ઘણા મનાવ્યા, પરંતુ માન્યા નહિ. એટલે માતા રોષે ભરાઈને બહાર જવા લાગી. તેમણે પોતાના કોમળ હાથ વડે માતાને થોડા ધબ્બા માર્યા. માતાનું કોમળ હૃદય ભરાઈ આવ્યું. તેને નિમાઈની અલૌકિક લીલાઓ અને તેમની લોકોત્તર સર્વ વાતો યાદ આવવા લાગી. તે પોતા-

ના ભાગ્યની [illegible] કરવા લાગી. એટલામાં તેને પિતાની દરિદ્રાવસ્થાનું પણ સ્મરણ થઈ આવ્યું. દુઃખથી માતા મૂર્છાઈ ગઈ અને ત્યાંજ ભૂમિ ઉપર પડી. નજીકની પાડોશમાંની સ્ત્રીઓ દોડી માતાને પંખા વતી પવન નાખવા લાગી. નિમાઈ તો ગભરાઈ ગયા. માતાની આવી અવસ્થા જોઈને તેમના હોશ ઉડી ગયા. તે સ્ત્રીઓને પૂછવા લાગ્યા: "માતાને કેમ કરીને સારૂં થઈ શકશે?" તેમનામાંથી કોઈ સ્ત્રીએ કહ્યું: "જો બે લીલાં નાળીએર લાવી શકો અને તેનું પાણી તેમને પાવામાં આવે તો હમણાંજ સારૂં થઈ જાય."

આ સાંભળીને તે દોડતા દોડતા બહાર ગયા, અને થોડીજ વારમાં બે મોટાં મોટાં તાજાં નાળિયેર લઈને ઘરમાં પાછા આવ્યા. નાળિયેર ફોડીને તેનું પાણી શચી માતાના મુખમાં સિંચવામાં આવ્યું. ધીમે ધીમે તે હોશમાં આવવા લાગ્યાં. જ્યારે તે બરાબર હોશમાં આવ્યાં, ત્યારે તે તેમને વળગી પડીને ખૂબ રોયા અને રડતાં રડતાં કહ્યું: "મા! કોણ જાણે મને શું થઈ જાય છે કે તને આટલી બધી હેરાન કરૂં છું! મારી મા! હવે કદી પણ આવું કામ નહિ કરૂં."

એક દિવસ તેઓ એમ ને એમજ રડવા લાગ્યા—અત્યંત જોર કરી કરીને રડવા લાગ્યા. માતા–પિતાએ તેમને વારંવાર સમજાવ્યા, પટાવ્યા, મનાવ્યા પરંતુ તે માનતાજ નહોતા; બરાબર રડતાજ રહ્યા હતા. અંતે માતાએ પૂછ્યું: "તું શું ઇચ્છે છે? આટલો રડે છે શા માટે? મને બધી વાત કહી દે. તું કહેશે તે ચીજ તને લાવી આપીશ."

તેમણે રડતાં રડતાં કહ્યું: "જગદીશ અને હિરણ્ય પંડિતને ઘેર આજે ઠાકોરજીને માટે જે નૈવેદ્ય બનાવ્યું છે તેજ ખાઈને હું છાનો રહીશ."

આ સાંભળી સૌ ચકિત થઈ ગયાં. કોઈનામાં પણ સાહસ નહોતું કે તેમને ઘેર જઈને પૂજા કર્યા સિવાય નૈવેદ્ય લાવી બાળકને આપે. બધાં ચૂપ થઈને એકબીજાનાં

ભણતા કંઇ નહોતા. ખડીને તે શરીર ઉપર ચોપડી દેતા, માથા ઉપર તેનાં લાંબાં લાંબાં ટીલાં તાણતા અને માતાને કહેતાઃ "મા! તારા ઘરમાં એક પરમ વૈષ્ણવ આવ્યો છે, કંઇક ભિક્ષા આપશે?" માતા તેનાં તિલકો જોતી અને હસી પડતી. ખોળામાં બેસાડીને તેને ગાલે બચી ભરતી અને કહેતીઃ "બેટા! આટલું બધું તોફાન કરવું ન જોઇએ, થોડું ભણવું લખવું પણ જોઇએ. હવે તું કંઇ નાનો બાળક નથી. તારા જેવડા બ્રાહ્મણબાળકો તો પોથી વાંચતાં શીખી જાય છે; તું તો આખો દિવસ આમ તેમ રમ્યા કરે છે."

તેઓ માતાની વાતો સાંભળી લેતા અને હસી પડતા, ખાઈ-પીને જલદી બાળકોમાં રમવા માટે નાસી જતા. સર્વ બાળકોને લઇને તે તેમને નાચતાં શીખવતા. ત્રણ ત્રણ ચાર ચાર બાળક ભેગા થઇને હાથ પકડી પકડીને નાચતા અને ફરતાં ફરતાં કોઈ વાર ચક્કર આવતાં ધૂળમાં પણ પડી જતા. કોઇ વાર ઉંચા હાથ કરી કરીને 'હરિબોલ, હરિબોલ' કહીને ખૂબ નાચતા. તેમની સાથે સાથે બીજાં બાળકો પણ 'હરિબોલ હરિબોલ'નો ઉચ્ચ ધ્વનિ કરવા લાગતા. રસ્તે જનારા લોકો તેમના ખેલો જોઇને ઉભા રહી જતા અને કલાકો સુધી તેમની લીલાઓ જોયા કરતા. ઘણા વિદ્વાન પંડિત પણ ત્યાંથી નીકળતા, ત્યારે બાળકોની સાથે નિમાઇને નાચતા જોઇને તેમને પોતાની પુસ્તકિયા વિદ્યા ઉપર બહુજ શરમ આવતી. તેમનું દિલ ઇચ્છતું હતું કે સર્વ કંઇ છોડી દઇને આ બાળકોની સાથે નૃત્ય કરવા મંડી પડીએ, પરંતુ લોકલાજથી તેઓ તેમ કરી શકતા નહિ.

આ પ્રકારે તેઓ રમતમાં પણ બાળકોને કંઇ ને કંઇ શિક્ષણ આપતા હતા. પિતા તેમને જેટલા ભણાવવા ઇચ્છતા હતા, તેટલાજ તેઓ ભણવાથી દૂર ભાગતા હતા. જેમ જેમ તેમની ઉંમર મોટી થતી જતી હતી, તેમ તેમ ચંચળતા પણ પહેલાં કરતાં વિશેષ વધતી જતી હતી.

આવા અપવિત્ર સ્થાનમાં બેસાય કે ?"

તેમણે કહ્યું: "માં ! સ્થાનમાં વળી અપવિત્ર અને પવિત્ર શું ? સ્થાન તો બધાં એકસરખાં છે. હા, જે સ્થાન હરિ-સેવા-પૂજા વિનાનું હોય ત્યાં બેસવું બરાબર નથી. એ હાંલ્લીઓમાં તો તેં ભગવાનનો પ્રસાદ બનાવ્યો છે. તો પછી તે અપવિત્ર કેમ કરીને થઇ ગઇ ?"

માતાએ ધમકાવીને કહ્યું: "બહુ જ્ઞાનની વાતો જવા દે, જલદી ઉઠીને સ્નાન કરી લે."

નિમાઇ એમ ઉઠી જાય તેવા નહોતા. તેઓ ત્યાં ને ત્યાંજ બેસી રહ્યા અને પાછા પોતાના પુરાણા તાનમાં મસ્ત થયા. માતાએ જોયું કે, તે કોઇ પણ પ્રકારે ઉઠતો નથી, એટલે જાતે જઇ તેમનો હાથ પકડી ઉઠાડીને ઘરમાં લાવ્યા અને તેમને સ્નાન કરાવ્યું તથા પોતે પણ કર્યું.

આ પ્રકારે તે સઘળી બાલોચિત લીલાઓ કરતા. કોઇ વાર કોઇ કૂતરાના બચ્ચાને પકડી લાવતા અને તેને દૂધ-ભાત ખવરાવતા. આખો દિવસ તેને બાંધી રાખતા ને માતા તેને ભગાડી દે તો તેઓ ખૂબ રડતા. કોઇ વાર પક્ષીઓને પકડવા દોડતા, અને કોઇ વાર ગાયનાં નાનાં નાનાં વાછરડાં સાથે રમતા અને તેમની સાથે ધીરે ધીરે કોણ જાણે શીયે વાતો કરતા. બધાનાં ઘરોમાં પૂછયા ગાછયા સિવાય ચાલ્યા જતા. કોઈ કહેતી: 'નિમાઇ ! તને અમે સંદેશ આપીશું, જરા નાચ કર તો !' ત્યારે તેઓ કહેતા: 'પહેલાં *સંદેશ આપો, પછી નાચીશ.' તેઓ તેમને સંદેશ અને લાડુ-પેંડા આપતી. તેઓ તેજ સમયે થોડીક મિઠાઇ મોંમાં ભરી લેતા અને બાકીની હાથમાં લઇને ઉંચા હાથ કરી કરીને ખૂબ નાચતા. આ રીતે તેઓ

* ફાટી ગયેલા દૂધના ખાંડ મેળવીને બનાવવામાં આવતી એક પ્રકારની સફેદ ખટાશવાળી અને ગળપણવાળી મિઠાઈ બંગાળામાં પ્રસિદ્ધ છે. અનુવાદક

પાણી ભરીને લાવે છે, તો તે રહી શકે છે અને રેતીમાં પાણી નાખે તો તે શોષાઈ જાય છે. તેથી બધાનાં કામ અલગ અલગ છે."

તેમણે હાવકું મોં કરીને કહ્યું: "એમ, એવી વાત છે? તો પછી તેં મને પહેલેથી કેમ ના કહ્યું? હવે એવું નહિ કરૂં, હવે કદી માટી નહિ ખાઉં. ભૂખ લાગશે તો તારી પાસેજ ખાવાનું માગી લઈશ."

આ પ્રકારે વિવિધ ક્રીડાઓ દ્વારા નિમાઈ માતાને દિવ્ય સુખનો આનંદ આપવા લાગ્યા. માતા તેમની સાદી અને ગૂઢ જ્ઞાનથી ભરેલી વાતો સાંભળી સાંભળીને કોઇ કોઇ વાર તો આશ્ચર્ય પામતી અને કોઈ વાર આનંદસાગરમાં ડુબકાં ખાવા લાગતી હતી.



ઘેર ઘેર જઇને નાચ કરી દેખાડતા અને માલ-મલીદા મેળવતા. સ્ત્રીઓ તેમના પર અત્યંત વહાલ કરતી કોઇ ફળ આપતી, કોઈ મેવો આપતી તો કોઇ મિઠાઈ આપતી. તેઓ બધાની પાસેથી લઇ લેતા, પોતે ખાતા અને પોતાના સાથીઓને વહેંચી દેતા. આ રીતે તેઓ સૌનાં મન પોતાના તરફ આકર્ષવા લાગ્યા અને નરનારીઓને પરમસુખ આપવા લાગ્યા.

એક દિવસ તેઓ બહારથી દોડતા દોડતા આવ્યા અને જલદી જલદી માતાને કહેવા લાગ્યાઃ "બા! બા! બહુજ ભૂખ લાગી છે, કંઇક ખાવાનું હોય તો આપ."

માતાએ કહ્યું:-"બેટા! બેસ. હમણાં દૂધ-પૌંઆ લાવું છું, એ ખાઇ લે; ત્યાં સુધીમાં ભાત બનાવી દઇશ." એમ કહીને માતાએ અંદરથી લાવીને તેમને એક વાડકામાં દૂધ-પૌંઆ આપ્યા. માતા તો આપીને અંદર ચાલી ગઇ, પરંતુ નિમાઇ દૂધ-પૌંઆ નહિ ખાતાં પાસે પડેલી માટી ખાવા લાગ્યા. માતાએ આવીને જોયું તો નિમાઇ માટી ખાય છે, એટલે તે જલદીથી કહેવા લાગી-

"અરે નિમાઈ! તું આ શું કરી રહ્યો છે? માટી કેમ ખાય છે?"

તેમણે ઠાવકું મોં કરીને કહ્યુંઃ "બા! તેં તો મને માટી આણી આપી છે, એટલેજ હું માટી ખાઉં છું."

માતાએ કહ્યુંઃ "મેં તો તને દૂધ-પૌંઆ આપ્યા છે, તે નહિ ખાતાં તુંજ માટી ખાય છે."

તેમણે કહ્યુંઃ "મા! આ બધું માટી તો છેજ; બધા પદાર્થો માટીનાજ વિકાર છે."

માતા આ ગૂઢ જ્ઞાનને સમજી ગઇ. તે હસીને બોલીઃ "બેટા! છે તો બધી માટીજ, પરંતુ બધાનાં કામ જુદાં જુદાં છે. ઘડો પણ માટી છે, રેતી પણ માટી છે. ઘડામાં

પાણી ભરીને લાવે છે, તો તે ટકી શકે છે અને રેતીમાં પાણી નાખે તો તે શોષાઈ જાય છે. તેથી બધાનાં કામ અલગ અલગ છે."

તેમણે ઠાવકું મોં કરીને કહ્યું: "એમ, એવી વાત છે? તો પછી તેં મને પહેલેથી કેમ ના કહ્યું? હવે એવું નહિ કરું, હવે કદી માટી નહિ ખાઉં. ભૂખ લાગશે તો તારી પાસેજ ખાવાનું માગી લઈશ."

આ પ્રકારે વિવિધ ક્રીડાઓ દ્વારા નિમાઈ માતાને દિવ્ય સુખનો આનંદ આપવા લાગ્યા. માતા તેમની વાણી અને ગૂઢ જ્ઞાનથી ભરેલી વાતો સાંભળી સાંભળીને કોઇ કોઇ વાર તો આશ્ચર્ય પામતી અને કોઈ વાર આનંદસાગરમાં ડુબકાં ખાવા લાગતી હતી.



બાળલીલા

पंकाभिषिक्तसकलावयवं विलोक्य
दामोदरं वदति कोपवशात् यशोदा।
त्वं शूकरोऽसि गतजन्मनि पूतनारे।
इत्युक्तसस्मितमुखोऽवतु नो मुरारिः॥

અર્થાત્ એક દિવસ યશોદાજીએ સારી રીતે નવરાવી–ધોવરાવીને બાળક કૃષ્ણને આંગણામાં બેસાડ્યા હતા. થોડી વારમાં માતા યશોદાજીએ જોયું તો શ્રીકૃષ્ણ આખે શરીરે કાદવ ચોળીને આવે છે. તેમને જોઇ માતાને અત્યંત ગુસ્સો આવ્યો. તેમણે કહ્યું: "ઓ પૂતનાને મારનાર! મને લાગે છે કે તું આગલા જન્મમાં ભુંડ હશે, તેથી તારી કાદવમાં આળોટવાની ટેવ હજુ પણ ચાલુ રહી છે." આ વાત સાંભળીને કૃષ્ણ આશ્ચર્યચકિત થઇને માતાના મુખ તરફ જોવા લાગ્યા. ભક્ત કહે છે કે એવા બાલકૃષ્ણ અમારૂં રક્ષણ કરો!

નિમાઇની સઘળી લીલાઓ દિવ્ય છે. બીજાં સામાન્ય બાળકોની પેઠે તેઓ ચંચળતા અને ચપળતા તો બતાવે છે, પરંતુ તેમની ચંચળતામાં એક અલૌકિક ભાવનું તેજ દૃષ્ટિગોચર થાય છે. જેમની સાથે એ ચંચળતા બતાવે છે, તેને કોઇ પણ સ્થિતિમાં તેમના ઉપર ગુસ્સો આવતો નથી; બલ્કે તે પ્રસન્નજ રહે છે. એ ચંચળતાની અવધિ કરે છે, જે વાતને માટે મના કરવામાં આવે તેને તો તે હઠપૂર્વક વારંવાર કરતા. એજ એમની વિશેષતા હતી. તેમને પવિત્ર યા અપવિત્ર કોઇ પણ વસ્તુ તરફ

રાગ કે દ્વેષ નથી. તેમને માટે સર્વ સમાનજ છે.

એક દિવસની વાત છે કે નિમાઇના પિતા પંડિત જગન્નાથ મિશ્ર ગંગાસ્નાન કરીને ઘેર પાછા ફરતા હતા. તેમણે પોતાનાં ઘર નજીક એક પરદેશી બ્રાહ્મણને જોયો. દેખાવમાં તે બ્રાહ્મણ કોઇ શુભ તીર્થસ્થાનવાસી જણાતો હતો. તેના ચહેરા ઉપર તેજ હતું, માથા ઉપર ચંદનનું તિલક હતું અને ગળામાં તુલસીની માળા હતી. મુખેથી પ્રતિક્ષણે ભગવન્નામનો જપ ચાલી રહ્યો હતો. મિશ્રજીએ બ્રાહ્મણને જોઇ નમ્રતાપૂર્વક તેમનાં ચરણોમાં પ્રણામ કર્યા અને પોતાને ત્યાં અતિથિ થવાની વિનંતિ કરી. મિશ્રજીના શીલસ્વભાવને જોઇ બ્રાહ્મણે તેમના અતિથિ થવાનું સ્વીકાર્યું અને તેઓ તેમની સાથે સાથેજ ઘરમાં આવ્યા.

ઘેર પહોંચીને મિશ્રજીએ બ્રાહ્મણના ચરણો ધોયા અને તે જળને પોતાના પરિવાર સાથે મસ્તકે ચઢાવ્યું, ઘરમાં છાંટ્યું અને આચમન કર્યું. ત્યારપછી વિધિપુરઃસર અર્ઘ્ય, પાદ્ય, આચમનીય તથા ફળફૂલ દ્વારા બ્રાહ્મણની પૂજા કરી અને પછી ભોજન બનાવવાની પણ પ્રાર્થના કરી. બ્રાહ્મણે ભોજન બનાવી લેવાનું સ્વીકારી લીધું. શચીદેવીએ ઘરની બીજી બાજુએ લીંપી ગૂંપીને બ્રાહ્મણની રસોઇની સર્વ સામગ્રી રજુ કરી દીધી. પગ ધોઇને બ્રાહ્મણદેવતા રસોઈ બનાવવા લાગ્યા. દાળ બનાવી, ભાત બનાવ્યા, શાક બનાવ્યું અને બટાટા બાફીને ભરત પણ બનાવી લીધું. શચીદેવીએ પાપડ આપ્યા તે તળીને બ્રાહ્મણે એક બાજુ મૂક્યા. બધી સામગ્રી તૈયાર થયા પછી તે બ્રાહ્મણે એક મોટી થાળીમાં ભાત કાઢ્યો, દાળ પણ હાંડીમાંથી કાઢીને વાટકીમાં રાખી. કેળના પાંદડા ઉપર શાક અને ભરત મૂક્યું. તળેલા પાપડને ભાત ઉપર મૂક્યો અને આસન ઉપર સ્વસ્થ થઇને બેઠા. સર્વ પદાર્થોમાં તુલસીપત્ર નાખ્યાં. આચમન કરીને તેઓ ભગવાનનું ધ્યાન ધરવા લાગ્યા, આંખો બંધ કરીને તેઓ અર્ધ પહોર

વિષ્ણુ ભગવાનને અર્પણ કરવા લાગ્યા. એટલામાંજ ઘૂંટણીએ ચાલતા ચાલતા નિમાઈ ત્યાં આવી પહોંચ્યા અને જલદી જલદી થાળીમાંથી ભાત લઇને ખાવા લાગ્યા. બ્રાહ્મણે આંખો ઉઘાડીને જોયું તો સામે બાળકને જમતો જોયો. બ્રાહ્મણ એકદમ ચમકી ઉઠ્યો અને જોરથી કહેવા લાગ્યોઃ—'અરે આ શું થઈ ગયું?' એટલું સાંભળતાંજ નિમાઇ ભયભીત થઇને ત્યાંથી નાસવા લાગ્યા. હાય હાય કરીને મિશ્રજી દોડયા. કોલાહલ સાંભળીને શચીદેવી પણ ત્યાં આવી પહોંચ્યાં. મિશ્રજી બાળક નિમાઇને મારવા દોડયા. નિમાઇ જલદી જલદી જઇને માતાને પગે વળગી પડયા. એટલામાંજ બ્રાહ્મણ દોડી આવ્યો. તેણે આવીને મિશ્રજીને પકડી લીધા અને અતિ પ્રેમથી કહેવા લાગ્યા—"આપ તો પંડિત છો, બધું જાણો છો. બાળકને ચોકાચુલાનું જ્ઞાન કયાંથી હોય? તેના પર આપ ગુસ્સો ના કરશો. ભોજનની શી ચિંતા છે! થોડા ચણા—મમરા ખાઇને પાણી પી લઈશ."

આથી સૌને દુઃખ થયું. આસપાસના બે ચાર બીજા બ્રાહ્મણો પણ ત્યાં આવી પહોંચ્યા. બધાએ મળીને બ્રાહ્મણને ફરીથી ભોજન બનાવવાની પ્રાર્થના કરી. બધાની વાતને બ્રાહ્મણ અવગણી શકયો નહિ અને તેણે ફરી વાર ભોજન બનાવવા ખુશી બતાવી. શચીદેવીએ ફરીથી જલદી જલદી ચોકો કરી આપ્યો અને બ્રાહ્મણદેવતા સ્નાન કરીને રસોઇ બનાવવા લાગ્યા. આ વખતે ભોજન બનાવતાં બનાવતાં ચાર પાંચ વાગી ગયા. શચીદેવીએ નિમાઇને પળવાર પણ આમ તેમ જવા દીધા નહિ. સંયોગની વાત છે. માતા કોઇ કામને માટે થોડી વાર ઘરની અંદર ગયાં. તે સમયે બ્રાહ્મણે રસોઇ તૈયાર કરીને ભગવાનને અર્પણ કરી. તે આંખ બંધ કરીને ધ્યાન ધરી રહ્યા હતા તેવામાં તેમને ફરીથી કંઈક ખડખડાટ જેવું જણાયું. આંખ ઉઘાડીને જુએ છે તો નિમાઇ ફરીથી બન્ને હાથ વડે ભાત લઈ લઇને ખાય છે અને દાળને પોતાના શરીરે ચોળે છે. એટલા-

સાંજ માતા મંદરથી બહાર આવ્યાં. નિમાઈને ત્યાં નહિ જોતાં તે દોડીને બ્રાહ્મણ તરફ ગયાં. ત્યાં દાળથી ખરડાયેલા નિમાઈને બન્ને હાથ વડે ભાત ખાતા જોઈને તે અતિ શોક કરવા લાગ્યાં. મિશ્રજી પણ પાછળજ હતા. આ વખતે તે પોતાના ગુસ્સાને રોકી શક્યા નહિ. બાળકને જઈને પકડી લીધો. તેઓ તેને તમાચો મારવાજ જતા હતા, એટલામાં બ્રાહ્મણે જઈને તેમના હાથ પકડી લીધા, અને વિનંતિ કરી કહેવા લાગ્યા કે "જો તમે બાળક ઉપર હાથ ઉઠાવો તો તમને મારા સોગન છે. ભલા, અજ્ઞાન બાળકને શું ખબર? રહેવા દો, આજે ભાગ્યમાં ભોજન લખાયુંજ નથી."

નિમાઈ ડરતા ડરતા માતાની ગોદમાં છાનામાના લપાઈ રહ્યા હતા, વચ્ચે વચ્ચે પિતા તરફ છુપાઈને જોઈ પણ લેતા કે તેમનો ગુસ્સો હજી શાંત થયો છે કે નહિ! માતાને તેમની કોમળ કાયા ઉપર બહુ દયા આવ્યા કરતી તેથી તે કંઈ પણ કહ્યા સિવાય છાનાંમાનાં તેમને ગોદ-માં લઈને ઉભાં હતાં.

બ્રાહ્મણના આવતા પહેલાંજ વિશ્વરૂપ જાગીને પાઠ-શાળામાં ભણવા ચાલ્યા ગયા હતા તેજ સમયે તેઓ પણ ત્યાં પાછા આવ્યા. આવીને તેમણે અતિથિ બ્રાહ્મણનાં ચરણનો સ્પર્શ કરીને પ્રણામ કર્યો, અને છાનામાના એક બાજુ ઉભા રહ્યા. તેમનું સૌન્દર્ય, તેજ અને ઓજસ જોઈને બ્રાહ્મણે મિશ્રજીને પૂછ્યું—"આ દેવકુમાર જેવો તેજસ્વી બાળક કોનો છે?" કંઈક શરમાતાં શરમાતાં મિશ્રજીએ કહ્યું—"આપનોજ છે." બ્રાહ્મણ તાકી તાકીને વિશ્વરૂપ તરફ જોવા લાગ્યો. વિશ્વરૂપના વિશ્વમોહન રૂપને જોવાથી બ્રાહ્મણને તૃપ્તિજ થતી નહોતી. ધીરે ધીરે વિશ્વ-રૂપને બધી બાબતોની ખબર પડી ગઈ. તેમણે બ્રાહ્મણ-દેવતાને હાથ જોડીને કહ્યું: "મહારાજ! આ વખતે મારા આગ્રહથી આપ ફરીથી ભોજન બનાવી દ્યો. આ વખતની જવાબદારી હું મારા ઉપર લઉં છું. આ વખતે આપને

જની સેવાં સુખીઓમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવશે નહિ."

બ્રાહ્મણે બહુજ પ્રેમથી વિશ્વરૂપની પ્રશંસા કરતાં કરતાં કહ્યું:—" ભાઈ! તું મારી સહેજ પણ ચિંતા કર નહિ. મારી કંઈ એકજ દિવસની વાત થોડી છે! હું તો હમેશાં આમજ ઘૂમતો રહું છું. મને રોજ રોજ ભોજન બનાવવાનો પ્રસંગે ક્યાં મળે છે? કોઈ કોઈ વાર તો મહિનાઓ સુધી વનનાં કંદમૂળ ને ફળ ઉપરજ રહેવું પડે છે. કોઈ ઘણા દિવસ ચણા-મમરા ઉપરજ ગુજારો થાય છે, કોઈ કોઈ વાર ઉપવાસ પણ કરવા પડે છે. એથી મને તો એનો અભ્યાસ છે. તમારે ત્યાં થોડા ગોળ કે ચણામમરા હોય તો મને આપો એટલે તેજ ખાઈને હું પાણી પી લઈશ."

વિશ્વરૂપે ઘણી નમ્રતાથી દીનતા દર્શાવતાં કહ્યું કે "મહારાજ! એ તો અમે આપના સ્વભાવથીજ જાણીએ છીએ, કે આપને પોતાને કશી વાતની ઇચ્છા નથી, પરંતુ આપના ભોજન કરવાથી અમને બધાને સંતોષ થશે. મારા પૂજ્ય પિતાજી તથા માતાજી ઘણાંજ દુઃખી છે. તેમની તો હિમ્મત પણ ચાલતી નથી કે તેઓ આપને ફરીથી પ્રાર્થના કરે. આપ સ્વયંપાક કરીને ભોજન કરશો ત્યારે એ બધાંને સંતોષ થશે; આપને માટે નહિ પરંતુ અમારી પ્રસન્નતા માટે આપ ભોજન બનાવો."

વિશ્વરૂપની વાણીમાં પ્રેમ હતો, તેના આગ્રહમાં આકર્ષણ હતું અને તેમના વિનયમાં મોહકતા હતી. બ્રાહ્મણ આથી પછી કંઈ કહી શકયો નહિ અને તેણે ફરીથી ભોજન બનાવવાનું શરૂ કરી દીધું.


હવે નિમાઇને દોરડીથી બાંધી માતા તથા વિશ્વરૂપે પોતાની પાસેજ સુવાડ્યો. બ્રાહ્મણને રસોઈ કરતાં બહુ રાત વીતી ગઈ. દૈવગતિએ તેજ સમયે બધાંને નિદ્રા આવી ગઈ. બ્રાહ્મણે ભોજન બનાવી ભગવાનને અર્પણ કર્યું કે તરતજ સાક્ષાત્ ચતુર્ભુજ ભગવાન તેમની સમક્ષ આવીને

આવા ભાગ્યશાળી ભક્તોનાં દર્શન માત્ર સત્પુરુષોનેજ કોઇ કોઇ વાર થાય છે.

નિમાઈ હવે થોડું થોડું બોલવા પણ લાગ્યા હતા. સ્ત્રીઓ રમાડતાં રમાડતાં કહેતીઃ "નિમાઇ! તું બ્રાહ્મણનો બાળક થઇને ભિખારી બ્રાહ્મણના હાથનો ભાત ખાઇ લે છે, પછી તારી નાત ક્યાં રહી? તને કોઈ પરણાવશે પણ નહિ. તને વહુ પણ નહિ મળે. બેટા! આમ કોઇના હાથનો ભાત ન ખવાય. જો, બ્રાહ્મણોનાં બાળકો અત્યંત પવિત્રતાથી રહે છે. તું સારી રીતે રહીશ, તોફાન નહિ કરે તો તારી નાનકડી વહુ આવશે અને રૂમઝુમ કરતી ઘરમાં ફરશે. હવે તો એવી બદમાશી નહિ કરે ને?"

નિમાઈ ધીરે ધીરે કહેવા લાગતાઃ "મારે બ્રાહ્મણપણાને શું કરવું છે? હું તો ગોવાળનો બાળક છું. ગોવાળોની પેઠે જ્યાંથી મળ્યું ત્યાંથી ખાઈ લઉં છું. લાવો, તમારા ઘરનુંયે ખાઇ લઉં." આ સાંભળીને બધી હસવા લાગતી અને નિમાઇને સંદેશ વગેરે ચીજો આપતી.





चंचलता

किं मिष्टं ? सुतवचनं, मिष्टतरं किं ? तदेव सुतवचनम् ।
मिष्टान्मिष्टतमं किं ? श्रुतिपरिपक्वं तदेव सुतवचनम् ॥

(સુભાષિત રત્નભાંડાગાર, ૬૪-૮)

અર્થાત્ મિષ્ટ વસ્તુ કઈ છે ? પુત્રની મધુર વાણી. એથી મિષ્ટ વસ્તુ કઈ છે ? તેજ પુત્રની મધુર વાણી. વળીજ મીઠામાં મીઠી વસ્તુ કઈ છે ? વેદશાસ્ત્રો દ્વારા એજ સાંભળવામાં આવ્યું છે કે, કાનોમાં ખૂબ સારી પેઠે ગૂંજતી પુત્રની વાણીજ સૌથી મીઠી છે—અર્થાત્ પુત્રની વાણી કરતાં વધારે મીઠી વસ્તુ કોઈ પણ નથી.

આટલી બધી ચંચળતા બતાવવા છતાં પણ મિશ્ર-દંપતિનો પ્રેમ નિમાઈ પ્રત્યે અધિકાધિક વધતોજ જતો હતો; એટલુંજ નહિ, પરંતુ નિમાઈની ચંચળતામાં માતા-પિતાને એક પ્રકારનો અપૂર્વ આનંદ આવતો હતો. મિશ્રજી તો મનુષ્યસ્વભાવને લીધે કોઈ કોઈ વાર તેમની અતિચંચળતાથી અકળાઈ જઈને નારાજ પણ થઈ જતા, પરંતુ માતાનું હૃદય તો હમેશાં બાળકની વાતો સાંભળવાને માટે આતુરજ રહેતું. સાચું છે કે, બાળકની બોલીમાં મોહિની વિદ્યા છે. સંસારમાં બાળકની તોતલી બોલીથી વધારે કિંમતી વસ્તુ મળીજ શકે તેમ નથી. એમ જણાય છે કે, ઘણુંખરું માતાને સૌથી નાના બાળક પર ઘણુંજ વધારે મમત્વ હોય છે. નિમાઈ મિશ્રજીની વૃદ્ધાવસ્થામાં જન્મ્યા હતા, તેથી તેમને પણ તેમના પ્રત્યે કંઈ કરતાં વિશેષ સ્નેહ હતો. આટલી ચંચળતા બતા-

... છે કે આમાનું કોઈ નથી, પણ તેની તો કપાળે ...

... છે."

... મોં રાખીને કહ્યું: "તો પછી તમે મને ... વાત કેમ નહોતી કહી ?"

... જલદી જલદી તેમને એક પેંડો આપ્યો. ... તે ખુશ ખુશ થઇ ગયા. ઘેર આવીને તેમણે ... બધી વાતો કહી દીધી.

... તો તેઓ એકલા પણ ગંગાજી ચાલ્યા જતા ... ત્યાં કલાકો સુધી ખેલ્યા કરતા. બબ્બે ત્રણ ત્રણ ... સ્નાન કરતા. રેતીના લાડુ બનાવીને પોતાની સાથેના ...ને મારતા. ગંગાજીમાંથી પત્ર–પુષ્પ કાઢી કાઢી... વડે રેતીમાં બાગ બનાવતા, અને વિવિધ પ્રકા... બાળલીલાઓ કરતા. મિશ્રજી તેમને ઘણું સમજા... બેટા ! કંઇક ભણવું પણ જોઇએ. પરંતુ તે તેમની ... ઉપર ધ્યાનજ આપતા નહિ, અને બાળકો સાથે ... દિવસ રમ્યાજ કરતા. એક દિવસ મિશ્રજીને તેમના ... ગુસ્સો આવ્યો, તેઓ તેમને મારવામાટે ગંગાકિ... શચીદેવી પણ મિશ્રજીને ક્રોધમાં ગંગાકિનારે ... તેમની પાછળ પાછળ ગઇ. ત્યાં તે બાળકો... ધીંગા–મસ્તી કરતા હતા. મિશ્રજી ગુસ્સામાં ... તેમાં વળી તેમને ધીંગામસ્તી કરતા જોઇ તેઓ ... અને તેમને પકડવા દોડ્યા. તે પણ ઘણા ... માં પોતા તરફ આવતા જોઇને ... ગ્યા. ... માતા મળી,

ઘેર આવીને તે બધી વાતો પોતાની માતાને કહેતા. સ્ત્રીઓ પૂછતીઃ " બેટા ! ઠીક, તેં સંધ્યા કેવી રીતે કરી ?" ત્યારે તે પદ્માસન લગાવીને બેસી જતા અને આંખો બંધ કરીને ધીરે ધીરે હોઠ ફફડાવવા લાગતા. કોઇ કોઇ વાર નાક બંધ કરીને પ્રાણાયામનો અભિનય કરતા. જ્યારે તે પોતાના નાના નાના હાથ ઉંચા કરી સૂર્ય તરફ ધ્યાન લગાવી ઉપસ્થાન કરી બતાવતા, ત્યારે સ્ત્રીઓ હસી હસીને લોટપોટ થઇ જતી. તેમની ચંચળતાથી કોઈ કોઈ વાર ભારે ગમ્મત થતી હતી.

એક દિવસ મિશ્રજીની સાથે તે ગંગાસ્નાન કરવા ગયા હતા. સ્નાન કર્યા પછી મિશ્રજી ઘણે ભાગે નજીકના ભગવાનના મંદિરમાં દર્શન કરવા જતા હતા. તેઓ પણ સાંજને વખતે કોઇકોઇ વાર બાળકોની સાથે ત્યાં આરતી જોવા અને પ્રસાદ લેવા ચાલ્યા જતા હતા. આજ બપોરે પણ તે મિશ્રજીની સાથે મંદિરમાં ગયા. મિશ્રજીએ જે પ્રમાણે સાષ્ટાંગ પ્રણામ કર્યા, તેજ પ્રમાણે તેમણે પણ કર્યા. તેમણે પ્રદક્ષિણા કરી, ત્યારે તે પણ પ્રદક્ષિણા કરવા લાગ્યા. પિતાજીને હાથ જોડેલા જોઇને તેમણે પણ હાથ જોડ્યા અને આમ તેમ જોતાં જોતાં હાથ જોડીને જગમોહનના ધ્યાનમાં બેસી ગયા. પૂજારીએ મિશ્રજીને ચમચા વડે થોડું કેસર અને કપૂરમિશ્રિત પ્રસાદી ચંદન આપ્યું. તેમનું ધ્યાન તો તે તરફ હતુંજ નહિ, એ તો કોણ જાણે કઇંયે ચીજને જોઇ રહ્યા હતા. પૂજારીજીએ થોડુંક ચંદન તેમને પણ આપ્યું. તેમણે પંચામૃતની પેઠે બન્ને હાથ ધરીને ચંદન લીધું અને તરતજ તે ખાઈ ગયા. પૂજારીજી તથા મિશ્રજી આ જોઇને હસવા લાગ્યા. કડવું લાગવાથી તે ત્યાંજ થૂ થૂ કરવા લાગ્યા અને ગુસ્સો બતાવીને બોલ્યાઃ " આ કડવો કડવો પ્રસાદ પૂજારીજીએ કોણ જાણે આજે ક્યાંથી આપ્યો ?"

મિશ્રજીએ હસતાં હસતાં કહ્યુંઃ " બેટા ! એ

વધ્યા છતાં પણ મિશ્રજી તેમને ઘણું વધારે ધમકાવતા—ફટકારતા નહોતા, તેથી નિમાઇની કાર્યવાહીમાં પણ તોફાન કરવાનું મૂકતા નહિ. સૌથી વધારે તોફાન તો તે માતા આગળ કરતા—માતાની આગળ તેમને સહેજ પણ સંકોચ થતો નહિ. પિતાની આગળ થોડો સંકોચ થતો અને ભાઇ વિશ્વરૂપ આગળ તો તે કદી પણ તોફાન કરતા નહિ, તેમનાથી તો તે ઘણા દાબમાં રહેતા હતા. વિશ્વરૂપ પણ તેના ઉપર ઘણો વધારે સ્નેહ રાખતા, પરંતુ તે સ્નેહ આંતરિક હતો; ઘણે ભાગે તેઓ પોતાના પ્રેમ લોકો આગળ પ્રદર્શિત કરતા નહિ. નિમાઈ પણ તેમને મનમાં ને મનમાં ઘણું માન આપતા હતા. તેમના આવતાંવેંતજ સાદા-સીધા બાળકની પેઠે છાનામાના બેસી જતા અથવા તો બહાર ચાલ્યા જતા.

હવે તેઓ પિતાજીની સાથે ગંગાસ્નાન કરવા પણ જવા લાગ્યા. વિશ્વરૂપ બધાનાં ધોતિયાં, તેલ અને ભીંજવેલાં આમળાં લઇને આગળ આગળ ચાલતા અને મિશ્રજી તેમની પાછળ જતા. નિમાઇ તો કોઇ વાર પિતાજીની આંગળી પકડીને ચાલતા અને કોઈ વાર ભાઇનું વસ્ત્ર પકડીને ચાલતા. રસ્તામાં ચાલતાં ચાલતાં આમતેમ જોતા જતા હતા, તેમજ પિતાજીને જાત જાતના આડા અવળા પ્રશ્નો પણ પૂછતા હતા. મિશ્રજી કોઇને તો ઉત્તર આપતા અને કોઇને તો એમજ ઉડાવી દેતા. કોઈ કોઈ વાર તેઓ બન્નેથી અલગ થઇને ચાલતા હતા. આથી વિશ્વરૂપ તેમને બોલાવી જલદીથી પોતાની બાજુમાં લઇ લેતા. ગંગાસ્નાન કરીને મિશ્રજી તથા વિશ્વરૂપ સંધ્યાવંદન કરતા, તેઓ પણ બેસીને તેમનું અનુકરણ કરતા. જેમ તેઓ પાણી છાંટતા તેમ તે પણ પાણી છાંટતા; જ્યારે તેઓ આચમન કરતા ત્યારે તે પણ આચમન કરતા અને સૂર્યને અર્ઘ્ય આપતાં તે પણ ઉભા થઇને સૂર્યને અર્ઘ્ય આપતા. કોઇ કોઈ વાર તેલ લગાવીને સ્નાન કર્યા પછી પાછા તે રેતીમાં આળોટતા. પિતા તેમને ફરીથી સ્નાન કરાવતા

ઘેર આવીને તે બધી વાતો પોતાની માતાને કહેતા. સ્ત્રીઓ પૂછતીઃ " બેટા ! ઠીક, તેં સંધ્યા કેવી રીતે કરી ?" ત્યારે તે પદ્માસન લગાવીને બેસી જતા અને આંખો બંધ કરીને ધીરે ધીરે હોઠ ફફડાવવા લાગતા. કોઇ કોઇ વાર નાક બંધ કરીને પ્રાણાયામનો અભિનય કરતા. જ્યારે તે પોતાના નાના નાના હાથ ઉંચા કરી સૂર્ય તરફ ધ્યાન લગાવી ઉપસ્થાન કરી બતાવતા, ત્યારે સ્ત્રીઓ હસી હસીને લોટ-પોટ થઇ જતી. તેમની ચંચળતાથી કોઈ કોઈ વાર ભારે ગમ્મત થતી હતી.

એક દિવસ મિશ્રજીની સાથે તે ગંગાસ્નાન કરવા ગયાં હતા. સ્નાન કર્યો પછી મિશ્રજી પણ ભાગે નજીકના ભગવાનના મંદિરમાં દર્શન કરવા જતા હતા. તેઓ પણ સાંજને વખતે કોઇકોઇ વાર બાળકોની સાથે ત્યાં આરતી જોવા અને પ્રસાદ લેવા ચાલ્યા જતા હતા. આજ બપોરે પણ તે મિશ્રજીની સાથે મંદિરમાં ગયા. મિશ્રજીએ જે પ્રમાણે સાષ્ટાંગ પ્રણામ કર્યા, તેજ પ્રમાણે તેમણે પણ કર્યા. તેમણે પ્રદક્ષિણા કરી, ત્યારે તે પણ પ્રદક્ષિણા કરવા લાગ્યા. પિતાજીને હાથ જોડેલા જોઇને તેમણે પણ હાથ જોડયા અને આમ તેમ જોતાં જોતાં હાથ જોડીને જગમો-હનના ધ્યાનમાં બેસી ગયા. પૂજારીએ મિશ્રજીને ચમચા વડે થોડું કેસર અને કપૂરમિશ્રિત પ્રસાદી ચંદન આપ્યું. તેમનું ધ્યાન તો તે તરફ હતુંજ નહિ, એ તો કોણ જાણે કઇયે ચીજને જોઇ રહ્યા હતા. પૂજારીજીએ થોડુંક ચંદન તેમને પણ આપ્યું. તેમણે પંચામૃતની પેઠે બન્ને હાથ ધરીને ચંદન લીધું અને તરતજ તે ખાઇ ગયા. પૂજારીજી તથા મિશ્રજી આ જોઇને હસવા લાગ્યા. કડવું લાગવાથી તે ત્યાંજ થૂ થૂ કરવા લાગ્યા અને ગુસ્સો બતાવીને બોલ્યાઃ "આ કડવો કડવો પ્રસાદ પૂજારીજીએ કોણ જાણે આજે ક્યાંથી આપ્યો ?"

મિશ્રજીએ હસતાં હસતાં કહ્યુંઃ " બેટા ! એ પ્રસાદીનું

ચંદન છે, તે ખાવાનું હોતું નથી, પણ તેની તો કપાળે અર્ચા કરાય છે."

તેમણે ઠાવકું મોં રાખીને કહ્યું: "તો પછી તમે મને પહેલેથી એ વાત કેમ નહોતી કહી?"

પૂજારીજીએ જલદી જલદી તેમને એક પેંડો આપ્યો. તે મળતાં તે ખુશ ખુશ થઇ ગયા. ઘેર આવીને તેમણે માતાજીને બધી વાતો કહી દીધી.

હવે તો તેઓ એકલા પણ ગંગાજી ચાલ્યા જતા અને ત્યાં કલાકો સુધી ખેલ્યા કરતા. બબ્બે ત્રણ ત્રણ વાર સ્નાન કરતા. રેતીના લાડુ બનાવીને પોતાની સાથેના છોકરાઓને મારતા. ગંગાજીમાંથી પત્ર-પુષ્પ કાઢી કાઢીને તેના વડે રેતીમાં બાગ બનાવતા, અને વિવિધ પ્રકારની બાળલીલાઓ કરતા. મિશ્રજી તેમને ઘણું સમજાવતા કે બેટા! કંઇક ભણવું પણ જોઇએ. પરંતુ તે તેમની વાતો ઉપર ધ્યાનજ આપતા નહિ, અને બાળકો સાથે આખો દિવસ રમ્યાજ કરતા. એક દિવસ મિશ્રજીને તેમના પર ખૂબ ગુસ્સો આવ્યો, તેઓ તેમને મારવામાટે ગંગાકિનારે ગયા. શચીદેવી પણ મિશ્રજીને ક્રોધમાં ગંગાકિનારે જતા જોઇને તેમની પાછળ પાછળ ગઇ. ત્યાં તે બાળકોની સાથે ખૂબ ધીંગા-મસ્તી કરતા હતા. મિશ્રજી ગુસ્સામાં તો હતાજ, તેમાં વળી તેમને ધીંગામસ્તી કરતા જોઇ તેઓ ભાન ભૂલી ગયા અને તેમને પકડવા દોડ્યા. તે પણ ઘણા ચાલાક હતા. પિતાને ગુસ્સામાં પોતા તરફ આવતા જોઇને તે અતિ ઉતાવળે ઘર તરફ ભાગ્યા. રસ્તામાં માતા મળી, એકદમ તેને જઇને વળગી પડ્યા. માતાએ તેમને ઉંચકી લીધા, તેઓ તેના છેડામાં મોં સંતાડીને ઉંડા ઉંડા શ્વાસ લેવા લાગ્યા. માતા કહેતી હતી: "તું બહુ તોફાન કરે છે, કોઇનું કહ્યું માનતો નથી; આજે તારા પિતા તને ખૂબ મારશે." એટલામાંજ મિશ્રજી પણ આવી પહોંચ્યા. તેઓ હાથ પકડીને તેને શચીદેવી પાસેથી ખેંચવા લાગ્યા.

માતા શચીદેવીની ઉંમર હતી. નિદ્રામાં 'નીલ' પણ પાંચ દસ આઘાત આમ તેમની આવી ગયાં. ત્યારે મિશ્રજીને સમજાવવા લાગ્યાં: "હજી તો બાળક છે, અજાણ્યો નથી. ધીરે ધીરે અક્કલ આવશે. આપ પંડિત થઈને બાળક ઉપર આટલો ગુસ્સો કરવો જોઈએ નહિ." ત્યારે બધા લોકોના સમજાવવાથી મિશ્રજીનો ગુસ્સો શાંત થયો. પાછળથી તેમને પોતાના આ કૃત્ય પર પશ્ચાત્તાપ પણ થયો.

કહે છે કે, એક દિવસ રાત્રે સ્વપ્નમાં કોઈ મહાપુરુષે તેમને કહ્યું: "પંડિતજી! આપ આપના પુત્રને સામાન્ય પુત્ર ન સમજતા. એ અલૌકિક મહાપુરુષ છે. તેને આ પ્રમાણે ઠપકારવો યોગ્ય નથી."

સ્વપ્નમાંજ મિશ્રજીએ ઉત્તર આપ્યો: "એ ભલે તો મહાપુરુષ હો કે સામાન્ય પુરુષ, જ્યારે એ મારે ત્યાં પુત્રરૂપે પ્રકટ થયો છે, તો મારે તેને ઠપકારવો પણ પડશે. પિતાનો ધર્મ છે કે પુત્રને શિક્ષણ આપવું; તેથી શિક્ષણ આપવા માટે હું એ પ્રમાણે કરું છું."

દિવ્ય પુરુષે ફરીથી કહ્યું: "જ્યારે એ પોતેજ સર્વ કંઈ શીખેલા છે અને તેમને હવે કોઈ પણ શાસ્ત્ર શીખવાની આવશ્યકતા નથી, તો પછી આપ તેમને વિના કારણ શું કામ હેરાન કરો છો?"

આથી તેમણે કહ્યું:—"પિતાનો તો એજ ધર્મ છે કે તે પુત્રને હમેશાં શિક્ષણજ આપતા રહે, પછી ભલેને પુત્ર ગમે તેટલો ગુણવાન અને શાસ્ત્રજ્ઞ હોય. હું મારા ધર્મનું અવશ્ય પાલન કરીશ, અને આવશ્યકતા જણાતાં તેને સજા પણ કરીશ." મહાપુરુષ તેમનાથી પ્રસન્ન થઈને અંતર્ધાન થઈ ગયા. પ્રાતઃકાળે તે આ વાતનો વિચાર કરવા લાગ્યા. વખત જતાં તેઓ આ વાતને ભૂલી ગયા.

નિમાઈનું વય જેમજેમ વધતું ગયું, તેમતેમ તેમની કાંતિ આથી પણ વધારે દિવ્ય જણાવા લાગી. તે શરીરે

[illegible] છે, [illegible] નથી. [illegible]
[illegible] છે.”

[illegible]
[illegible]

[illegible]
[illegible]
માતાજીને પાણી પાણી કરી દીધી.

હવે તો તેઓ મોટા પણ [illegible] આવ્યા
અને ત્યાં કલાકો સુધી [illegible] [illegible]
વાર સ્નાન કરતા. [illegible] પોતાની
છોકરાઓને મારતા. ગંગાજીમાંથી [illegible]
ને તેના વડે રેતીમાં [illegible] બનાવતા, અને [illegible]
ની બાળલીલાઓ કરતા. મિશ્રજી તેમને ઘણું
વતા કે બેટા! કંઇક ભણવું પણ જોઇએ. પરંતુ
વાતો ઉપર ધ્યાનજ આપતા નહિ, અને [illegible]
આખો દિવસ રમ્યાજ કરતા. એક દિવસ મિશ્રજી
પર ખૂબ ગુસ્સો આવ્યો, તેઓ તેમને મારવામાટે
નારે ગયા. શચીદેવી પણ મિશ્રજીને ક્રોધમાં [illegible]
જતા જોઇને તેમની પાછળ પાછળ ગઇ. ત્યાં [illegible]
ની સાથે ખૂબ ધીંગા–મસ્તી કરતા હતા. મિશ્રજી
તો હતાજ, તેમાં વળી તેમને ધીંગામસ્તી કરતા
ભાન ભૂલી ગયા અને તેમને પકડવા દોડ્યા. [illegible]
ચાલાક હતા. પિતાને ગુસ્સામાં પોતા તરફ આ[illegible]
તે અતિ ઉતાવળે ઘર તરફ ભાગ્યા. રસ્તામાં માત[illegible]
એકદમ તેને જઇને વળગી પડ્યા. માતાએ તેમ[illegible]
ચકી લીધા, તેઓ તેના છેડામાં મોં સંતાડીને ઉંડ[illegible]
શ્વાસ લેવા લાગ્યા. માતા કહેતી હતીઃ “તું બહુ તો[illegible]
કરે છે, કોઇનું કહ્યું માનતો નથી; આજે તારા પિતા [illegible]
ખૂબ મારશે.” એટલામાંજ મિશ્રજી પણ આવી પહોંચ્યા
તેઓ હાથ પકડીને તેને શચીદેવી પાસેથી ખેંચવા લાગ્યા

એને પૂજન કરતી જોઈને કહેતા "હરિ કે અર્પણ તે પૂજા તપ, અગ્નિ ચોંતિ પૂરી ના હોય." આ સાંભળીને અંદર ફેરવા લાગતી. જો તેમની આમના મનમાંથી ભરાતી ના હાકી જતી હતી, તેમાં તેમને બહુ હેરાન કરતી અને ખાવાને મિઠાઈ આપતી.

એજ છોકરીઓમાં લક્ષ્મીદેવી પણ પૂજા કરવા આવ્યા કરતી હતી. તે ઘણીજ સારી અને નમ્ર બાળા હતી. નિમાઈ પ્રત્યે તેને સ્વાભાવિક સ્નેહ હતો. પૂર્વજન્મોના સંસ્કારને લીધે તે નિમાઈને જોતાંજ શરમાતી અને તેના હૃદયમાં એક અપાર આનંદનો પ્રવાહ ઉભરાવા લાગતો. તે બધી છોકરીઓ સાથે તેને પણ જોતા, પરંતુ તેને કંઈપણ કહેતા નહિ કે ન તો તેની પાસે કદી મિઠાઈ પણ માગતા. તેથી લક્ષ્મીદેવીની હાર્દિક ઇચ્છા હતી કે કોઈક વાર તે મારું પણ નૈવેદ્ય સ્વીકારે તો સારું. પરંતુ માગ્યા વિના આપવામાં કોણ જાણે કેમ તેને શરમ આવતી હતી!

એક દિવસ લક્ષ્મીદેવીને પૂજા માટે જતી જોઈને તેમણે તેને કહ્યું: "તું મારીજ પૂજા કર." આ સાંભળીને ભલી ભોળી કન્યા ઘણીજ શ્રદ્ધાપૂર્વક તેમની પૂજા કરવા લાગી. નાની નાની–પાતળી પાતળી આંગળીઓથી ધ્રુજતા ધ્રુજતાં તેણે નિમાઈના મસ્તક ઉપર ચંદન લગાવ્યું, અક્ષત ચોંટાડ્યા, માળા પહેરાવી, નૈવેદ્ય સમર્પણ કર્યું અને હાથ જોડીને પ્રણામ કર્યો. નિમાઈએ આશીર્વાદ આપ્યાઃ–"દેવતુલ્ય રૂપવાન તથા ગુણવાન પતિ પ્રાપ્ત થાઓ! આ સાંભળીને બિચારી કન્યા શરમની મારી નીચું મોઢું કરી ગઈ અને ત્યાંથી જલદી જલદી ચાલી ગઈ. સમય જતાં એજ લક્ષ્મીદેવીને નિમાઈની પ્રથમ ધર્મપત્ની થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

તે પોતાની સાથેના બધા છોકરાઓના સરદાર તો હતા! ચંચળતા તો જાણે તેમની નસેનસમાં હતી. ધીંગામસ્તી અને તોફાન કરવામાં તેમને કો

પૂણ હૃષ્ટપુષ્ટ હતા. શરીરનાં બધાં અંગ સુગઠિત અને મનોહર હતાં. શરીરમાં એટલું બળ હતું કે ચાર ચાર-પાંચ પાંચ છોકરા મળીને પણ તેમને હરાવી શકતા નહિ. તેમના ચહેરા ઉપરથી હમેશાં ચંચળતા જણાઇ આવતી હતી. જે કોઇ તેમને જોતું તે ખુશ થઇ જતું અને સાથે સાથે સચેત પણ રહેતું કે, તે તેમની સાથે કંઈક તોફાન કરી બેસે નહિ. રસ્તામાં તે હમેશાં કૂદતા કૂદતા ચાલતા. ગંગાજીનાં પગથિયાં ઉતરવાનાં હોય તો હમેશાં એક બે પગથિયાં છોડીનેજ કૂદતા કૂદતા ઉતરે. રસ્તામાં બે ચાર બાળકોને ખેલતા જોઇને એ કોઇક બીજાને તેમના ઉપર ગબડાવી દેતા અને પછી જોરથી હસી પડતા.

ગંગાકિનારે નાની નાની કન્યાઓ પૂજાની સામગ્રી લઇને દેવી તથા ગંગાજીની પૂજા કરવા જતી તેમની પાસે તેઓ પહોંચી જતા અને કહેતા: 'બધું નૈવેદ્ય મને ચઢાવો, હું તમને મનોવાંચ્છિત વરદાન આપીશ.' નાની નાની કન્યાઓ તેમનું અપૂર્વ રૂપ-લાવણ્ય જોઇને મનમાં ને મનમાં પ્રસન્ન થતી અને તેમને મિઠાઇ ખાવા આપતી. તે તેમને વરદાન આપતા. કોઇને કહેતા: ' તને અત્યંત રૂપવાન સુંદર પતિ મળશે. ' કોઇને કહેતા: ' તને પાંચ બાળક થશે. ' કોઇને સાત તો કોઇને અગીઆર બાળકોનું વરદાન દેતા. આ સાંભળી કન્યાઓ ખોટો રોષ દેખાડી કહેતી: "નિમાઈ! તું અમને આવી વાતો કહ્યા કરશે તોપછી અમે તને મિઠાઈ નહિ આપીએ!" ઘણી કન્યાઓ પોતાનું નૈવેદ્ય સંતાડીને ભાગી જતી ત્યારે તેઓ તેમને હસતા હસતા કહેતા-"ભલેને ભાગી જાઓ, મારે શું! તને કાણો પતિ મળશે! ધનિક હશે તો મહાકંજુસ હશે. પાંચ પાંચ શોકયો ઘરમાં હશે, નરી છોકરીઓજ જન્મશે." આ સાંભળીને બધી છોકરીઓ હસવા લાગતી અને તેમને પાછી ફરીને મિઠાઇ આપી જતી. કોઇને કહેતા: "મારી પૂજા કરો, હુંજ બધાનો પ્રત્યક્ષ દેવતા છું." કોઈ કોઇ વાર માળાઓ ઉપાડીને ગળામાં નાખી લેતા, સ્ત્રીઓની પાસે ચાલ્યા જતા અને

તેમને પૂજન કરતી જોઇને કહેતાઃ "હરિકો ભજે તો લડકા હોય; જાતિ પાંતિ પૂછે ના કોય." આ સાંભળીને સ્ત્રીઓ હસવા લાગતી. જે તેમની ગામના સંબંધથી ભાભી યા કાકી થતી હતી, તેઓ તેમને બહુ હેરાન કરતી અને ખાવાને મિઠાઇ આપતી.

એજ છોકરીઓમાં લક્ષ્મીદેવી પણ પૂજા કરવા આવ્યા કરતી હતી. તે ઘણીજ સાદી અને સરળ બાળી હતી. નિમાઇ પ્રત્યે તેને સ્વાભાવિક સ્નેહ હતો. પૂર્વજન્મોના સંસ્કારને લીધે તે નિમાઇને જોતાંજ શરમાતી અને તેના હૃદયમાં એક અપાર આનંદનો પ્રવાહ ઉભરાવા લાગતો. તે બધી છોકરીઓ સાથે તેને પણ જોતા, પરંતુ તેને કંઈપણ કહેતા નહિ કે ન તો તેની પાસે કદી મિઠાઇ પણ માગતા. તેથી લક્ષ્મીદેવીની હાર્દિક ઇચ્છા હતી કે કોઇક વાર તે મારૂં પણ નૈવેદ્ય સ્વીકારે તો સારૂં. પરંતુ માગ્યા વિના આપવામાં કોણ જાણે કેમ તેને શરમ આવતી હતી !

એક દિવસ લક્ષ્મીદેવીને પૂજા માટે જતી જોઇને તેમણે તેને કહ્યું: "તું મારીજ પૂજા કર." આ સાંભળીને જાણી ભોળી કન્યા ઘણીજ શ્રદ્ધાપૂર્વક તેમની પૂજા કરવા લાગી. નાની નાની–પાતળી પાતળી આંગળીઓથી ધ્રૂજતાં ધ્રૂજતાં તેણે નિમાઇના મસ્તક ઉપર ચંદન લગાવ્યું, અક્ષત ચોંટાડ્યા, માળા પહેરાવી, નૈવેદ્ય સમર્પણ કર્યું અને હાથ જોડીને પ્રણામ કર્યા. નિમાઇએ આશીર્વાદ આપ્યાઃ–"તને દેવતુલ્ય રૂપવાન તથા ગુણવાન પતિ પ્રાપ્ત થાઓ !" આ સાંભળીને બિચારી કન્યા શરમની મારી નીચું જોઇ ગઇ અને ત્યાંથી જલદી જલદી ચાલી ગઇ. સમય જતાં એજ લક્ષ્મીદેવીને નિમાઇની પ્રથમ ધર્મપત્ની થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

તે પોતાની સાથેના બધા છોકરાઓના સરદાર ગણાવા હતા ! ચંચળતા તો જાણે તેમની નસેનસમાં જ[illegible] હતી. પીંગામસ્તી અને તોફાન કરવામાં તેમને કોઇ

[illegible] તેમ [illegible]. [illegible] વાર તેમની પાછળ પડી જતા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જતા હતા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લઈને ગંગાકિનારે [illegible] [illegible] [illegible] કરતા. તેમને સ્ત્રીપુરુષોને પજવવામાં ને [illegible] કરવામાં ખૂબ મજા આવતી હતી. કોઈ કોઈ વાર તેઓ ભેગા થઈને રેતીના નાના નાના ઘણા [illegible] બનાવતા. [illegible] ઝોળીઓમાં દસ દસ વીસ વીસ [illegible] ભરી રેતા અને એક બાજુ ઊભા રહેતા. ગંગાસ્નાન કરીને જે કોઈ નીકળતું તેના ઉપર બધા એકસાથે તડાતડ રેતીના [illegible] ફેંકતા અને [illegible]થી ફેંકીને ચાલ્યા જતા. કોઈ કોઈ વાર કોઈનાં ધોતિયાં લઈને ગંગાજીમાં ભીંજવી દેતા. કોઈ કોઈ વાર પાંચ દસ માણસ વાતો કરતાં બેઠાં હોય ત્યાં તે પહોંચી જતા અને છાનામાના ધીરેથી એકબીજાનાં કપડાંની ગાંઠો વાળી દેતા. જ્યારે તેઓ સ્નાન કરવા ઉઠતાં ત્યારે એક જણ બીજાને પોતાની તરફ ખેંચતું. કોઈ કોઈ વાર તો વસ્ત્ર પણ ફાટી જતાં. તે પોતાના સાથીઓ સાથે અલગ ઉભા રહીને તાળીઓ પાડી પાડીને ખૂબ જોરથી હસતા, અને બધા લોકો હસવા માંડતા. બિચારાં તેઓ શરમાઈ જતાં.

તે કોઈ વાર છોકરાઓ સાથે કલાકો સુધી સ્નાન કરતા હતા, એક બીજા ઉપર કલાકો સુધી પાણી ઉછાળતા. કોઈને કાચબો બનાવીને પોતે તેના ઉપર બેસી જતા. કોઈ વાર ધોતિયામાં હવા ભરીને તેની સાથે ગંગાજીના પ્રવાહ તરફ તરતા અને કોઈ વાર તે ધોતીઆના ફુલાવેલા ગળારામાંથી હવાના પરપોટા ઉડાવતા સ્ત્રીઓના ઘાટો ઉપર ચાલ્યા જતા—ત્યાં પાણીમાં ડૂબકી મારીને કાચબાનું રૂપ ધારણ કરતા અને સ્નાન કરનારી સ્ત્રીઓના પગ

ડૂબકી મારીને પકડી લેતા. સ્ત્રીઓ ગોથાં ખાઈને બહાર નીકળતી, ત્યારે તે દૂરના તરતા પાણી ઉપર આવતા અને બધાને કહેતા: “ જુઓ, હું કેવો ફાવ્યો ભાગ્યો!” સ્ત્રીઓ મીઠા-મીઠા ઠપકા આપતી અને કહેતી: “ તું આજે ઘેર આવ તો ખરો, તારી માને બધી ફરિયાદ કરીશ. મિશ્રજી તને મારી મારીને ઠેકાણે લાવી દેશે.” કોઈ કહેતી: “આવો મસ્તીખોર છોકરો તો અમે ક્યાંય નથી જોયો. આ તો હદ કરી દે છે. અમારા છોકરાઓને પણ એણે બગાડી નાખ્યા. તેઓ અમારી વાતો સાંભળતાજ નથી.” કોઈ કહેતી: “ કોણ જાણે બાઈ! આ છોકરામાં શું એ જાદુ છે કે આટ આટલો ઉપદ્રવ કરે છે, તોપણ એ મને ઘણું વહાલો લાગે છે.” આ વાતને બધી સ્ત્રીઓ ટેકો આપતી.

સ્ત્રીઓની પેઠે પુરુષો પણ તેમનાં જાતજાતનાં ટીખળ તોફાનોથી ત્રાસી ગયા હતા. ઘણાએ જઈને તેના પિતાને ફરિયાદ કરી. સ્ત્રીઓ પણ શચી માતાની પાસે જઈ જઈને મીઠા ઠપકા દેવા લાગી. શચીદેવી બધાંની ખુશામત કરતાં અને વિનયપૂર્વક કહેતાં: “ હવે હું શું કરું, તમારો પણ એ છોકરોજ છે ને! ઘણીયે મના કરું છું, પરંતુ બદમાસી છોડતો નથી, તમે એને ખૂબ મારજો.” સ્ત્રીઓ આ સાંભળીને હસી પડતી અને મનોમન ખુશ થઈને પાછી ફરતી.

એક દિવસ કેટલાયે પંડિતોએ જઈને નિમાઈ વિષે મિશ્રજીને ફરિયાદ કરી અને કહ્યું કે “ હમણાં જઈને જોઈ આવો તો તમને ખબર પડશે કે એ કેટલો ઉત્પાત કરે છે.” આ સાંભળીને મિશ્રજી ગુસ્સામાં ને ગુસ્સામાં ગંગા-કિનારે ચાલ્યા. કોઈએ આ ખબર જઈને નિમાઈને કહી દીધા. નિમાઈ જલદીથી બીજે રસ્તે થઈને ઘેર પહોંચ્યા અને પોતાના શરીર ઉપર ખડી વગેરે લગાવીને માતાને કહ્યું: “ મા! મને તેલ આપ, હું ગંગાજીમાં સ્નાન કરી આવું.” માતાએ કહ્યું: “હજુ તેં સ્નાન નથી કર્યું શું?”

તેમણે કહ્યું: “ હજુ સ્નાન ક્યાં કર્યું છે! તું જલદી

[illegible] ઉપર [illegible]
[illegible]
[illegible]
[illegible] કર્યું હતું. [illegible]
[illegible]
વાર તેમની આગળ રહી જતા. ને [illegible] તેમના [illegible]
ગણી જતા હતા. [illegible] ને પોતાના [illegible] સાથીઓને
લઈને ગંગાકિનારે જાત જાતની [illegible] કરતા. તેમને
સ્ત્રીપુરુષોને પજવવામાં ને હેરાન કરવામાં પણ મજા
આવતી હતી. કોઈ કોઈ વાર તેઓ બધા સાથે રેતીના
નાના નાના [illegible] બનાવતા. [illegible]
દસ દસ વીસ વીસ [illegible] ભરી લેતા અને એક બાજુ ઉભા
રહેતા. ગંગાસ્નાન કરીને જે કોઈ નીકળતું તેના ઉપર
બધા એકસાથે તડાતડ રેતીના [illegible] ફેંકતા અને જલદી-
થી ફેંકીને ચાલ્યા જતા. કોઈ કોઈ વાર કોઈનાં ધોતિયાં
લઈને ગંગાજીમાં બોળી દેતા. કોઈ કોઈ વાર પાંચ દસ
માણસ વાતો કરતાં બેઠાં હોય ત્યાં તે પહોંચી જતા અને
છાનામાના ધીરેથી એકબીજાનાં કપડાંની ગાંઠો વાળી
દેતા. જ્યારે તેઓ સ્નાન કરવા ઉઠતાં ત્યારે એક જણ
બીજાને પોતાની તરફ ખેંચતુ. કોઈ કોઈ વાર તો વસ્ત્ર
પણ ફાટી જતાં. તે પોતાના સાથીઓ સાથે અલગ ઉભા
રહીને તાળીઓ પાડી પાડીને ખૂબ જોરથી હસતા, અને
બધા લોકો હસવા માંડતા. બિચારાં તેઓ શરમાઈ જતાં.

તે કોઈ વાર છોકરાઓ સાથે કલાકો સુધી સ્નાન
કરતા હતા, એક બીજા ઉપર કલાકો સુધી પાણી ઉછા-
ળતા. કોઈને કાચબો બનાવીને પોતે તેના ઉપર બેસી જતા.
કોઈ વાર ધોતિયામાં હવા ભરીને તેની સાથે ગંગાજીના
પ્રવાહ તરફ તરતા અને કોઈ વાર તે ધોતીઆના ફુલાવેલા
ગબારામાંથી હવાના પરપોટા ઉડાવતા સ્ત્રીઓના ઘાટો
ઉપર ચાલ્યા જતા—ત્યાં પાણીમાં ડૂબકી મારીને કાચબા-
નું રૂપ ધારણ કરતા અને સ્નાન કરનારી સ્ત્રીઓના પગ

જલદી મને તેલ અને ધોતિયું આપ." એમ કહીને તેઓ ખોબામાં તેલ લઈને અને બગલમાં ધોતિયું મારીને ગંગાજી તરફ ચાલ્યા. આ તરફ મિશ્રજીએ ગંગાકિનારે જઈને છોકરાઓને પૂછ્યું: "અહીં નિમાઈ આવ્યો હતો ?" છોકરાઓને તો પહેલેથીજ ભણાવી રાખેલા હતા. તેમણે કહ્યું: "આજે તો નિમાઈ અહીં આવ્યોજ નથી." આ સાંભળીને મિશ્રજી ઘર તરફ જવા લાગ્યા. ઘેરથી બગલમાં ધોતિયું મારીને આવતા નિમાઈ સામા મળ્યા. મિશ્રજીએ કહ્યું: "તું આટલાં બધાં તોફાન કેમ કર્યા કરે છે?"

તેમણે જોરથી કહ્યું: "કોણ જાણે શા સારૂ લોકો મારી પાછળ પડયા છે? બા પણ એમજ કહેતી હતી, કે સ્ત્રીઓ તારી ખૂબ ફરિયાદ કરે છે. હું તો હજી હમણાંજ ભણીને આવું છું. હજુ સુધી ગંગાજી તરફ ગયો પણ નથી. આવી આવીને એ લોકો મારે માટે જૂઠી જૂઠી ફરિયાદો કર છે, તો હવે હું સાચેજ એ પ્રમાણે કર્યા કરીશ."

મિશ્રજી ચૂપ થઇ ગયા અને હસતા હસતા ગંગાજી તરફ સ્નાન કરવા ચાલ્યા ગયા. છોકરાઓમાં જઇને તેમણે પોતાની ચાલાકીની બધી હકીકત સંભળાવી. તેઓ બધા આ સાંભળીને ખૂબ જોરથી હસવા લાગ્યા.

આ રીતે તેમની ઉંમર પાંચ વર્ષની થઇ ગઇ. માતા-પિતાને તેમની આ ચંચળ-વૃત્તિથી ઘણોજ આનંદ પ્રાપ્ત થતો. વિશ્વરૂપ તેમનાથી ૧૧-૧૨ વર્ષ મોટા હતા, પરંતુ તે જન્મથીજ વધારે ગંભીર હતા, તેથી પિતા પણ તેમને બહુ માન આપતા. હવે તો તેમની ઉંમર સોળ વર્ષની થવા આવી હતી; તેથી 'प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत्-અર્થાત્ પુત્ર જ્યારે સોળ વર્ષનો થાય ત્યારે તેની સાથે મિત્રની પેઠે વર્તવું જોઇએ;' આ સિદ્ધાંત અનુસાર મિશ્રજી તેમની સાથે પંડિત જેવો વ્યવહાર કરતા હતા.

એક દિવસ માતાએ ભોજન બનાવીને તૈયાર કર્યું


છે, પરંતુ વિશ્વરૂપ હજુ પાઠશાળાએથી આવ્યા નથી. તેઓ શ્રી અદ્વૈતાચાર્યની પાઠશાળામાં ભણતા હતા. આચાર્યની પાઠશાળા મિશ્રજીના ઘરથી થોડે દૂર ગંગાજી તરફ હતી. માતાએ નિમાઇને કહ્યું કે–" બેટા નિમાઇ ! જા તો, તારા મોટા ભાઇ હજુ સુધી ભોજન કરવા આવ્યા નથી. જઇને પાઠશાળાએથી બોલાવી આવ તો." બસ, એટલું સાંભળતાંજ તે ખુલ્લે શરીરેજ ત્યાંથી પાઠશાળા તરફ ચાલી નીકળ્યા.

શરીરની કાંતિ તપાવેલા સુવર્ણની પેઠે સૂર્યના પ્રકાશ સાથે ભળીને ચળકાટ મારી રહી હતી. ગૌરવર્ણ શરીર ઉપર સ્વચ્છ પીતિયું ઘણુંજ સુંદર લાગતું હતું. નિમાઇએ અર્ધું પીતિયું ઓઢેલું હતું. તેમનાં મોટાં મોટાં વિકસિત કમળના જેવાં સુંદર અને સ્વચ્છ નેત્રો મુખચંદ્રની શોભાને દ્વિગુણિત કરી રહ્યાં હતાં. આચાર્યની સમક્ષ તેમણે ભાઇને કહ્યું: " મોટા ભાઇ ! ચાલો, ભાત તૈયાર છે; બા તમને બોલાવે છે."


વિશ્વરૂપે નિમાઇને ખોળામાં બેસાડી દીધા અને સ્નેહથી બોલ્યાઃ " નિમાઇ ! આચાર્યદેવને પ્રણામ કર." એ સાંભળીને નિમાઇ કંઇક શરમાતા શરમાતા હસવા લાગ્યા. તેઓ શરમને લીધે ભાઈ વિશ્વરૂપની ગોદમાં છુપાઈ જતા હતા. આચાર્યની આજ્ઞા લઇને વિશ્વરૂપ ઘેર જવા તૈયાર થયા. નિમાઇ વિશ્વરૂપનું વસ્ત્ર પકડીને તેમની પાછળ ઉભા હતા. આચાર્યે નિમાઇને ખૂબ ધ્યાનપૂર્વક જોયા. આજે પહેલીજ વાર તેમણે નિમાઇને બરાબર રીતે જોયા હતા. નિમાઇને જોતાંજ તેમના આખા શરીરમાં વીજળી દોડવા લાગી. તેમને જણાવા લાગ્યું કે હું આટલા દિવસથી જે ભવભયહારી જનાર્દનની ઉપાસના કરી રહ્યો છું, તેજ જનાર્દન સાકાર બનીને બાળકરૂપે મને અભયદાન દેવા આવ્યા છે. તેમણે મનમાં ને મનમાં નિમાઇનાં ચરણકમળોમાં પ્રણામ કર્યા અને પોતાના ભાવને

દબાવતાં બોલ્યા: "વિશ્વરૂપ! એ તમારા ભાઈ છે ને?"

વિશ્વરૂપે નમ્રતાપૂર્વક કહ્યું: "હા, આચાર્યદેવ! એ મારો નાનો ભાઈ છે. અતિશય ચંચળ છે, આપની સામે એ આવો છાનો માનો સાદા સીધા બાળક જેવો ઉભો છે, પણ આપ એને ગંગાકિનારે અથવા ઘર આગળ જુઓ, ત્યારે તમને ખબર પડે કે એ કેટલો કૌતુક કરનારો છે. આખી દુનિયાને ઉંધીછતી કરી નાખે છે. માતા તો એનાથી હેરાન હેરાન થઈ જાય છે." આચાર્ય આ સાંભળીને હસવા લાગ્યા. નિમાઇ વિશ્વરૂપની ઓથે સંતાઇને આચાર્ય તરફ જોવા લાગ્યો. વિશ્વરૂપનું વસ્ત્ર પકડીને જતાં જતાં નિમાઈએ બે ત્રણ વાર ફરી ફરીને આચાર્ય તરફ જોયું. આચાર્ય મૂર્ચ્છિત જેવા થઈ ગયા હતા. તેઓ બરાબર સમજી શકયા નહિ કે, તેમના ચિત્તને આ બાળક બળપૂર્વક તેની તરફ શા માટે આકર્ષી રહ્યો છે? અંતે એજ આચાર્ય ગૌરાંગદેવના મુખ્ય પાર્ષદ–સંદેશવાહક થયા ને તેમના દ્વારા ગૌરાંગ અવતારી મનાવા લાગ્યા. તેથી હવે એ જાણી લેવું જરૂરનું છે કે, એ અદ્વૈતાચાર્યજી કોણ હતા અને તેમની પાઠશાળા કેવી હતી?







અદ્વૈતાચાર્ય—તેમની પાઠશાળા

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हन्ति सन्तो महाशयाः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૪૭-૬)

અર્થાત્ શ્રીગંગાજી પાપોનો નાશ કરી દે છે, ચંદ્રમા તાપને શમાવી દે છે અને કલ્પવૃક્ષ દૈન્ય—ગરીબાઈને નાબુદ કરી શકે છે, પરંતુ મહાનુભાવ સંત તો પાપ, તાપ અને દીનતા, એ સર્વનો નાશ કરવાને સમર્થ છે.

જે આચાર્ય અદ્વૈત અને ગૌર ધર્મના મુખ્ય સ્થંભ છે, ગૌર લીલાઓના જે પ્રથમ પ્રવર્તક, પ્રબંધક અને સંયોજક ગણાય છે, જેમણે વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ અને બુદ્ધિવૃદ્ધ હોવા છતાં પણ બાળક ગૌરાંગની ચરણરજને પોતાના મસ્તકનું સર્વોત્તમ લેપન બનાવી, જેમણે ગૌરાંગની પહેલાં જન્મ લઈને ગૌર-લીલાને અનુકૂળ વાતાવરણ તૈયાર કર્યું, ઉત્તમોત્તમ નાટ્યપીઠ તૈયાર કરીને તેના ઉપર ગૌરાંગને મુખ્ય અભિનયકર્તા બનાવ્યા તથા ભક્તોની સાથે જાત જાતની લીલાઓ કરાવી અને ગૌરાંગના તિરોભાવ પછી પોતાની સમસ્ત લીલાઓ સંકેલી લઈને પોતે પણ તિરોહિત થઈ ગયા, તે અદ્વૈતાચાર્યના પૂર્વજ સિલહટ જીલ્લામાં લાઉડ પરગણામાં આવેલા નવગ્રામ નામના એક નાનકડા ગામમાં રહેતા હતા. અમે આગળ કહી ગયા છીએ કે, તે સમયે ભારતમાં ઘણાં નાનાં નાનાં રાજ્યો હતાં કે જેમ હજુ આજે સ્વતંત્ર રાજ્યો

રાજ્ય કરતા હતા. લાઉડ પણ એક નાનકડું રાજ્ય હતું. તે દિવસોમાં તેના રાજ્યકર્તા મહારાજ દિવ્યસિંહજી હતા. એ મહારાજા પરમ ધાર્મિક તથા ગુણગ્રાહી હતા. તેમની સભામાં પંડિતોનું ઘણું માન હતું. આચાર્યના પૂજ્ય પિતા પંડિત શ્રી. કુબેર તર્કપંચાનન એ મહારાજની સભાના રાજપંડિત હતા.

તર્કપંચાનન મહાશય ન્યાયના અદ્વિતીય વિદ્વાન હતા. તેમની વિદ્વત્તાની ચોતરફ ખ્યાતિ હતી. વિદ્વાન હોવા સાથે સાથે તેઓ ધનવાન પણ હતા; પરંતુ એકજ મહાદુઃખ હતું, કે તેમને કોઇ સંતાન નહોતું. તેથીજ તેઓ તથા તેમનાં ધર્મપત્ની લાભાદેવી હમેશાં ચિંતાતુર રહ્યા કરતાં હતાં. લાભાદેવીના ગર્ભથી ઘણાં બાળકો થયાં, પણ તેઓ ઘણી નાની ઉંમરમાંજ આ અસાર સંસાર છોડીને પરલોકવાસી થયાં. તેથીજ તર્કપંચાનન મહાશય પોતાના જૂના ગામને છોડીને નવદ્વીપને આ પાર શાંતિપુરમાં આવીને રહેવા લાગ્યા. ત્યાંજ લાભાદેવીને ગર્ભ રહ્યો અને યથાસમયે પુત્ર અવતર્યો. પુત્રનું નામ કમળાક્ષ રાખ્યું. એજ કમળાક્ષ આગળ ઉપર મહાપ્રભુ અદ્વૈતના નામથી પ્રસિદ્ધ થયા.

બાળક કમળાક્ષ શરૂઆતથીજ વિનયી, ચતુર, મેધાવી તથા ભગવત્પરાયણ હતો. તે દિવસોમાં બંગાળમાં શાક્ત-ધર્મ અને વામમાર્ગનું બહુ જોર હતું. ધર્મને નામે લાખો મૂંગાં પ્રાણીઓનો વધ કરવામાં આવતો હતો. અને તેને મોટા મોટા ભટ્ટાચાર્ય અને વિદ્યાવાગીશ પરમ ધર્મ માનતા હતા તથા બતાવતા હતા. કમળાક્ષ આ કૃત્યોને જોતા અને મનમાં ને મનમાં દુઃખી થતા, કે ભગવાન ક્યારે એ લોકોને સુબુદ્ધિ આપશે, ક્યારે એ લોકોનું અજ્ઞાન દૂર થશે કે જેથી ધર્મને નામે એ પ્રાણીઓની હિંસા કરવાનું બંધ કરી દે. તેઓ બાળપણથીજ નિર્ભય હતા, જે વાતને સત્ય માનતા તે વાતને ગમે

તેની આગળ પણ કહેવાનું ચૂકતા નહિ; પછી ભલે ગમે તેટલો મોટો માણસ બેઠેલો હોય.

એક વખતની વાત છે, કે રાજ્ય તરફથી કાલી-દેવીની ખાસ પૂજાને પ્રસંગે એક ઘણો મોટો ઉત્સવ ઉજવવામાં આવ્યો. આ સમારંભમાં બાળક કમળાક્ષ પણ ગયા હતા. તેમણે જોયું કે, કાલી માતાની ભેટ માટે સેંકડો બકરાં તથા પાડાઓનું બલિદાન દેવામાં આવ્યું છે. કાલી માતાના કીર્તનને માટે દૂર દૂરથી સુપ્રસિદ્ધ કીર્તનકાર બોલાવવામાં આવ્યા છે. કમળાક્ષ પણ કાલી મંડપમાં કાલી માતાને પ્રણામ કર્યા સિવાય જઈને બેઠા. તેમના આ વર્તનથી મહારાજ દિવ્યસિંહને ખૂબ આશ્ચર્ય થયું. પોતાની રાજસભાના એક સુપ્રતિષ્ઠિત પંડિતના પુત્રના આ અધાર્મિક વર્તનથી તેઓ કોપાયમાન જેવા થઈ ગયા અને કહેવા લાગ્યા કે "કમલાક્ષ! તું દેવીને પ્રણામ કર્યા વિના કેમ બેઠો?"

આથી બાળક કમળાક્ષે કંઈક રોષપૂર્વક કડકાઈથી કહ્યું:–"દેવી તો જગજ્જનની છે. સઘળાં પ્રાણીઓ તેનાં સંતાન છે. જે માતા પોતાના પુત્રોને ખાય છે, તે માતા નથી પરંતુ રાક્ષસી છે. પુત્ર ગમે તેટલો કુપુત્ર ભલેને હોય પરંતુ માતા કદી પણ કુમાતા થતી નથી. 'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति।' એક સચ્ચિદાનંદ ભગવાનજ વંદનીય અને પૂજનીય છે. તેમને પ્રણામ કરવાથીજ સૌને પ્રણામ થઈ જાય છે. તમે લોકો દેવી-દેવતાઓને નામે તમારી વાસનાઓને પૂર્ણ કરો છો."

બાળકના મુખમાંથી આવી વાત સાંભળીને રાજા દિવ્યસિંહ અવાક્ થઈ ગયા. કમળાક્ષના પિતા કુબેર તર્કપંચાનન પણ ત્યાં બેઠા હતા. તેમણે મહારાજનો પક્ષ લઈને કહ્યું: 'દેવી-દેવતા સર્વે તે નારાયણનાંજ સ્વરૂપ છે; તેથી દેવીની પ્રતિમાને પ્રણામ ન કરવા એ મહાપાપ છે; તારે એમ ન કરવું જોઈએ."

પિતાની વાત સાંભળીને કમળાક્ષ નિર્ભય થઇને કહેવા લાગ્યાઃ “એક જનાર્દન ભગવાનનીજ પૂજાથી બધા-ની પૂજા થઈ શકે છે. જ્યાં પ્રાણીઓની હિંસા થાય છે, તે નથી તો દેવસ્થાન અને નથી તો તે દેવપૂજા.”

નાના બાળકના મુખમાંથી આવી વાતો સાંભળીને સઘળા પ્રેક્ષકો આશ્ચર્યચકિત થઈ ગયા. મહારાજે તેમની બુદ્ધિની ઘણી પ્રશંસા કરી. આ પ્રકારે નાની વયમાંજ તેમણે પોતાની નિર્ભયતા, દયાળુતા અને વૈષ્ણવપરાયણ-તાનો પરિચય આપ્યો હતો.

ધીરે ધીરે તેમની અવસ્થા ૧૨-૧૩ વર્ષની થઇ. પિતાની પાસે ભણવાથી તેમને તૃપ્તિ થઇ નહિ. તે દિવસો-માં તેમના પિતા લાઉડમાંજ રહેતા હતા; તેથી તે વિદ્યા-ધ્યયનમાટે શાંતિપુર ચાલ્યા ગયા. એ સમાચાર મળતાંજ તેમનાં માતાપિતા પણ તેમની પાસે શાંતિપુરજ આવ્યાં. અહીં રહીને તેમણે વેદવેદાંગ તથા નવ્ય ન્યાયનો ખાસ અભ્યાસ કર્યો. થોડાજ વખતમાં તે એક પ્રખ્યાત પંડિત ગણાવા લાગ્યા. કેટલાક સમય પછી તેમનાં માતાપિતા પરલોકવાસી થયાં. મરતી વખતે તેમના પિતા કહી ગયા હતા કે “મારૂં ગયાજીમાં જરૂર શ્રાદ્ધ કરજે.” પિતાની અંતિમ આજ્ઞાનું પાલન કરવા માટે અને તેમના પરલોક-વાસી આત્માની શાંતિ માટે તેમણે શ્રીગયાધામની યાત્રા કરી અને ત્યાં શ્રીગદાધર ભગવાનનાં પગલાંનાં દર્શન કરીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પિતૃશ્રાદ્ધ વગેરે સર્વ કાર્ય બહુ શ્રદ્ધાપૂર્વક કરાવ્યાં.

અદ્વૈતાચાર્ય હવે યુવાન થયા હતા, ભક્તિના અંકુર તેમના હૃદયમાં જન્મથીજ હતા. વિદ્યાએ તેમનાં ભક્તિ-ભાવ તથા પ્રેમને વધારે વિકસાવ્યાં. તેઓ હમેશાં જીવો-ના કલ્યાણની જ વાત વિચાર્યા કરતા હતા. સંસારમાંથી તેમને કંઈક ઉપરામતા જેવુંજ થઈ ગયું હતું. ચિત્તમાં વૈરાગ્ય તો પહેલાંથી હતો જ. હવે માતાપિતાના પર-

ગૌડ દેશની યાત્રા કરી, ત્યારે તેઓ શાંતિપુર પણ પધાર્યા અને થોડો સમય અદ્વૈતાચાર્યના ઘરમાં રહ્યા. અદ્વૈતાચાર્ય પ્રસિદ્ધ પંડિત હોવા સાથે સાથે ભગવદ્ભક્ત પણ હતા. શાંતિપુરના વૈષ્ણવોના તેઓજ એકમાત્ર આધાર હતા. તે દિવસોમાં શાસ્ત્રાર્થ કરવો એજ પાંડિત્યનું ખાસ લક્ષણ ગણાતું. વાદવિવાદમાં સામા પક્ષનાને હરાવી પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવું એજ તે દિવસોમાં સમર્થ પંડિત હોવાનું પ્રમાણપત્ર હતું. તેથી ઘણા પંડિતો પોતાને દિગ્વિજયી કહેવડાવતા અને જેના પણ પાંડિત્યની પ્રશંસા સાંભળતા તેની સાથે શાસ્ત્રાર્થ કરવા તત્પર થતા હતા. આચાર્યની ખ્યાતિ સાંભળીને પણ એક તર્કપંચાનન મહાશય તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા અને અંતે તેમનાથી હાર પામીને તેઓ તેમના શિષ્ય થયા. તેથી તેમની ખ્યાતિ પહેલાં કરતાં ઘણી વધારે થઈ ગઈ. તેમના પિતાના આશ્રયદાતા મહારાજ દિવ્યસિંહજી પણ તેમની પ્રશંસા સાંભળીને તેમનાં દર્શન કરવા આવ્યા. તેમણે તેમનું ભક્તિભાવભર્યું પાંડિત્ય જોઈને પોતાના ધોળા વાળવાળું મસ્તક તેમનાં ચરણો પર મૂક્યું અને ગદ્ગદ કંઠે કહ્યું: “આપે આપના સમગ્ર કુળનો ઉદ્ધાર કરી દીધો છે. કૃપા કરીને મને પણ આપનાં ચરણોમાં શરણે લ્યો.” વૃદ્ધ રાજા શાક્ત હોવા છતાં પણ તેમના શિષ્ય થયા. તેઓ તેમનામાં બહુ શ્રદ્ધા રાખતા હતા. અંતે તેમણે રાજકાજ છોડીને એકાંતમાં પોતાનું નિવાસસ્થાન બનાવી લીધું અને કૃષ્ણકીર્તન કરતાં કરતાંજ બાકીની ઉંમર ગાળી. અદ્વૈતની બાળલીલાઓનાં તેઓ સદા ગુણગાન કરતા હતા. તેમણે સંસ્કૃતમાં અદ્વૈતની બાળલીલાઓ લખી પણ હતી.

શ્રી માધવેન્દ્રપુરીએ તેમને ગૃહસ્થાશ્રમી થવાની આજ્ઞા આપી. ગુરુદેવની આજ્ઞા શિરોધાર્ય કરીને તેમણે નારાયણપુરનિવાસી પંડિત નૃસિંહ ભાદુડીની સીતા અને ઠાકુરાણી નામની બે પુત્રીઓ સાથે લગ્ન કર્યાં અને તેમની સાથે સુખપૂર્વક સમય વીતાવવા લાગ્યા.

તેઓ ઘણાજ ઉદાર, કોમળ હૃદયવાળા તથા કૃષ્ણ-કથા પ્રિય હતા. ભેદભાવ અથવા સંકીર્ણતાને તેઓ કૃષ્ણ-ભક્તિમાં બાધક માનતા હતા. તેજ દિવસોમાં પરમભક્ત હરિદાસ પણ તેમની પાસે આવ્યા. તેઓ યવનબાળક હતા, પરંતુ કૃષ્ણભક્ત હોઇને ઉજ્જ્વળ ભાવીવાળા જણાતા હતા તેથી આચાર્યે તેમને પોતાની પાસેજ રાખીને વ્યાકરણ, ગીતા, ભાગવત વગેરે ભણાવ્યાં. તેઓ ઘણાજ સમજુ હતા, આચાર્યનાં ચરણોમાં તેમને પરમ શ્રદ્ધા હતી, આચાર્ય પણ તેમને પુત્રની પેઠે ગણતા તથા વહાલ કરતા હતા. તેઓ હરિદાસ આચાર્યના ઘરમાંજ ભોજન વગેરે કરતા હતા. એક પ્રસિદ્ધ પંડિત હોવા છતાં પણ અદ્વૈતાચાર્ય મુસલમાન-બાળકને પોતાના ઘરમાં રાખતા હતા, તેથી બધા બ્રાહ્મણો તથા પંડિતો તેમનો વિરોધ કરવા લાગ્યા; પરંતુ તેમણે તેમની કંઇજ પરવા કરી નહિ. એક દિવસ કોઇ બ્રાહ્મણને ત્યાં શ્રાદ્ધ વખતે આચાર્યે સૌથી પ્રથમ શ્રાદ્ધાન્ન હરિદાસના હાથમાં આપ્યું. તેથી કોપાયમાન થઇને પંડિતોએ તેમને કંઇક સારૂં ખોટું સંભળાવ્યું. તેમણે નિર્ભયપણે કહ્યું કે “ હરિદાસને ભોજન કરાવવામાં હું કરોડો બ્રાહ્મણોને જમાડવાનું પુણ્ય સમજું છું.’ તેમની આ વાતથી બધાજ આભા જેવા બની ગયા. તેઓ ખાલી પંડિતજ નહોતા, પરંતુ ક્રિયાવાન ભક્ત અને વિચારવાન પણ હતા. તેઓ શાસ્ત્રોનું પઠન–પાઠન કરતા પણ હંમેશાં હરિકીર્તન અને ભગવદ્ભક્તિમાં પરાયણ રહેતા હતા. તે દિવસોમાં ઘણા ખરા પંડિતો પુસ્તકોના કીડા તથા શુષ્ક વાદ-વિવાદ કરનારાજ હતા. શાસ્ત્રો પ્રમાણે ક્રિયા કરવાનું તો તેઓ જાણતાજ નહોતા. શાસ્ત્રોમાં એવા પંડિતોને મૂર્ખ કહ્યા છે—

शास्त्राण्यधीत्यापि भवन्ति मूर्खा
यस्तु क्रियावान् पुरुषः स विद्वान्।
सुचिन्तितं चौषधमातुराणां



विश्वरूपनो वैराग्य

को देशः कानि मित्राणि कः कालः कौ व्यागमौ ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૩૮૩-૧)

અર્થાત્ દેશ કયો છે? આ મિત્રો કોણ છે? સમય શું છે? વ્યય-આગમ એ શું ચીજ છે? હું સ્વયં કોણ છું? અને મારી શક્તિ કેટલી છે? એ વાતોનું વારંવાર ચિંતન કરવું જોઈએ-અર્થાત્ જે આ મનુષ્યજન્મની મહત્તા અને કાળની મહાનતા સમજે છે, તેમના હૃદય-માં એ પ્રશ્નો વારંવાર ઉઠતા રહે છે.

ભગવાનનાં ચરણકમળોમાંથી છૂટો પડીને પ્રાણી પ્રારબ્ધકર્માનુસાર અસંખ્ય યોનિઓમાં ભ્રમણ કરતો કરતો મનુષ્યયોનિમાં જન્મ લે છે. એક એજ યોનિ એવી છે કે જેમાં તે પોતાના સત્ સ્વરૂપને ફરીથી પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યયોનિ એજ કર્મયોનિ છે, બાકીની બધી ભોગ-યોનિઓ છે. મનુષ્યજ કર્મદ્વારા નિષ્કર્મ અને પુનર્જન્મથી રહિત બની શકે છે. પુનર્જન્મ કર્મની વાસનાઓથીજ થાય છે. જીવ પોતાની વાસનાઓ દ્વારા ફરી ફરી જન્મ ગ્રહણ કરે છે અને મરણનાં દુઃખોને ભોગવે છે. જો કર્મ-વાસનાનો ક્ષય થઇ જાય તો પરાવર ભગવાનનાં દર્શન થઇ જાય છે. ભગવદ્દર્શનના ત્રણ મુખ્ય ધર્મ છેઃ (૧) હૃદયમાં જે અજ્ઞાનની ગ્રંથિ પડેલી છે, જેનાથી અસત્ પદાર્થોને સત્ માની બેઠા છીએ તે ગ્રંથિ છૂટી જાય છે; (૨) અજ્ઞાન સંશય દ્વારા ઉત્પન્ન થાય છે, અને સંશય-

વિશ્વરૂપનો વૈરાગ્ય

...જ વિનાશનું મુખ્ય કારણ છે. પરાવરનાં સાક્ષાત્ દર્શન
...સર્વ સંશયો આપોઆપ ટળી જાય છે. સંસારનો સુ-
...હેતુ છે કર્મબંધન. કર્મજ પ્રાણીઓને વિવિધ યોનિએ
...સુખદુઃખ ભોગવાવતું રહે છે. જેને ભગવાનનો સાક્ષા-
...કાર થઈ ગયો છે, તેનાં સર્વ કર્મોનો નાશ થઈ જાય ...
...ય, પછી શું છે । તે સંસારચક્રથી મુક્ત થઈને પોતાનુ
...સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે—

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

એજ તો જીવનો પરમ પુરુષાર્થ છે.

ત્યાગ-ધર્મ સૃષ્ટિના આદિમાં સૌથી પ્રથમ ઉત્પન્ન
...થયો. સર્વ પ્રાણીઓનો મુખ્ય અને પ્રધાન ઉદ્દેશ છે 'ત્યાગ.'
...મ સંસારી વિષયોનો જ્યારે ત્યાગ કરી શકાય, ત્યારે
...ગ કરી દેવો જોઈએ. તેથીજ સૃષ્ટિના આદિકાળમાં સનક,
...નન્દન, સનત્કુમાર અને સનાતન, એ ચાર ત્યાગી સંન્યા-
...જ ઉત્પન્ન થયા. ભગવાનના વામન, કપિલ, દત્તાત્રેય,
...ભદેવ વગેરે ઘણા અવતારોએ ત્યાગનોજ ઉપદેશ
આપ્યો છે. ત્યાગ એજ 'સાધન' છે, તેથી મનુષ્યનેજ
સાધક કહ્યો છે. ઘણા લોક કહે છે કે, ગૃહસ્થધર્મ જો
નિષ્કામ ભાવે આચરવામાં આવે તો સર્વશ્રેષ્ઠ છે. પરંતુ
એ રોચક અને શ્રુતિમધુર શબ્દ છે. જે પૂર્વજન્મની સંચિત
...વાસનાઓ અનુસાર સર્વસ્વનો ત્યાગ કરવા સમર્થ થઈ
...કતા નથી, તેમના આશ્વાસન માટે આ શબ્દો છે. એમકે
...માંસ ખાવાની પોતાની વાસનાને રોકી શકતો નથી,
...ને માટે કહે છે કે 'તેને માંસ ખાવુંજ છે તો યજ્ઞ કરીને
...ખાણી વધુ તેને પ્રસાદ સમજીને ખાઓ આ પ્રમાણે
...પ્રાણી હિંસા નહિ થાય.' આ ઉપદેશમાંથી સ્પષ્ટ
...થાય છે કે, ખરી આજ્ઞા તો એજ છે કે કોઈ
પ્રાણીને કષ્ટ આપવામાં ન આવે, પરંતુ તમે તેનુ
...ન ન કરી શકો તો પોતાની વાસનાઓને ઘટાડી નાખવુ.



चित्स्वरूपनो वैराग्य

को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः॥
(સુભાષિત રત્નભાંડાગાર ૩૮૭-૧)

અર્થાત્ દેશ કયો છે? આ મિત્રો કોણ છે? સમય શું છે? વ્યય-આગમ એ શું ચીજ છે? હું સ્વયં કોણ છું? અને મારી શક્તિ કેટલી છે? એ વાતોનું વારંવાર ચિંતન કરવું જોઈએ-અર્થાત્ જે આ મનુષ્યજન્મની મહત્તા અને કાળની મહાનતા સમજે છે, તેમના હૃદયમાં એ પ્રશ્નો વારંવાર ઉઠતા રહે છે.

ભગવાનનાં ચરણકમળોમાંથી છૂટો પડીને પ્રાણી પ્રારબ્ધકર્માનુસાર અસંખ્ય યોનિઓમાં ભ્રમણ કરતો કરતો મનુષ્યયોનિમાં જન્મ લે છે. એક એજ યોનિ એવી છે કે જેમાં તે પોતાના સત્ સ્વરૂપને ફરીથી પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યયોનિ એજ કર્મયોનિ છે, બાકીની બધી ભોગયોનિઓ છે. મનુષ્યજ કર્મદ્વારા નિષ્કર્મ અને પુનર્જન્મથી રહિત બની શકે છે. પુનર્જન્મ કર્મની વાસનાઓથીજ થાય છે. જીવ પોતાની વાસનાઓ દ્વારા ફરી ફરી જન્મ ગ્રહણ કરે છે અને મરણનાં દુઃખોને ભોગવે છે. જો કર્મવાસનાનો ક્ષય થઈ જાય તો પરાવર ભગવાનનાં દર્શન થઈ જાય છે. ભગવદ્દર્શનના ત્રણ મુખ્ય ધર્મ છેઃ (૧) હૃદયમાં જે અજ્ઞાનની ગ્રંથિ પડેલી છે, જેનાથી અસત્ પદાર્થોને સત્ માની બેઠા છીએ તે ગ્રંથિ છૂટી જાય છે; (૨) અજ્ઞાન સંશય દ્વારા ઉત્પન્ન થાય છે, અને સંશય-

એ સ્વતંત્રપણે છૂટી મૂકો નહિ, તેને સંયમમાં રાખો. કામવાસનાને સંયમમાં લાવવામાટેજ ગૃહસ્થાશ્રમી થવાની આજ્ઞા આપી છે; તેનેજ ધર્મ કહે છે. ધર્મહીન વાસનાઓ તો બંધનના કારણરૂપ છે જ; પરંતુ માત્ર ધર્મ પણ બંધનના કારણરૂપ છે. જો તમે તમારી વાસનાઓને સંયમમાં રાખીને ધર્મપૂર્વક જીવન ગાળતા રહેશો તો સ્વર્ગનું સુખ ભોગવતા રહેશો; જન્મમરણના ચક્રમાંથી છૂટી શકશો નહિ. હા, જો મોક્ષની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી ધર્માચરણ કરશો તો ધીમે ધીમે એ કર્મબંધનોથી મુક્ત થઇ જશો. પૂર્વજન્મની વાસનાઓ અનુસાર પ્રાણી પોતે એ બંધનોમાં ફસાય છે. કર્દમ પ્રજાપતિએ દશ હજાર વર્ષ સુધી ભગવાનની અનન્યભાવે ભૂખ-તરસ વેઠીને અને પ્રાણોનો નિરોધ કરીને તપસ્યા કરી હતી. તપસ્યાથી પ્રસન્ન થઇને જ્યારે ભગવાન તેમની સમક્ષ પ્રકટ થયા અને વરદાન માગવા કહ્યું, ત્યારે તેમણે હાથ જોડીને ગદ્‌ગદ્‌ કંઠે કેવી સત્ય વાત કહી હતી ! તેમણે કહ્યું: “ભગવન્‌ ! મારામાં અને ગ્રામ્ય પશુમાં કંઇજ અંતર નથી. મેં કામનાથી તમારી ઉપાસના કરી છે, હું કામ-સુખનો ઇચ્છનાર છું, જો આપ મને વરદાન આપવાજ ઇચ્છતા હો તો મને અનુકૂળ સ્ત્રી આપજો. એજ વરદાન હું માગું છું.”

દશ હજાર વર્ષની ઘોર તપસ્યાના ફળસ્વરૂપ સ્ત્રીનું વરદાન સાંભળીને ભગવાનનાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યું અને તે બિંદુઓ પડવાથીજ બિંદુસર તીર્થ બની ગયું. તેઓ પોતાની માયાની પ્રબળતા જોઇને પોતેજ આશ્ચર્યચકિત થઈ ગયા, અને પોતેજ તેમને ત્યાં દેવહૂતિના ગર્ભમાં કપિલરૂપે અવતર્યા. ભગવાન કપિલે પોતાના પિતાને તથા માતાને તત્ત્વોપદેશ દીધો અને અંતે તેઓ સંસારથી સંન્યાસ લઇને ભગવાનના અનન્યધામને પ્રાપ્ત થયા. તેથી કપિલ ભગવાનનો મત છે કે—‘यदहरैव विरजेत तदहरैव प्रव्रजेत गृहाद् वा वनाद् वा ।’ કોઈ પણ આશ્રમમાં કેમ ન હો, જ્યારે પણ ઉત્કટ વૈરાગ્ય થઇ જાય ત્યારે સર્વ

ધર્મોનો પરિત્યાગ કરીને એક માત્ર પ્રભુનાં ચરણકમળોમાં જ મન લગાવવું જોઈએ; એજ પ્રાણીમાત્રનો પરમપુરુષાર્થ છે. પરંતુ ઉત્કટ વૈરાગ્ય પણ પૂર્વજન્મોના પરમ શુભ સંસ્કારોથીજ પ્રાપ્ત થાય છે ને!

નિમાઈના ભાઈ વિશ્વરૂપની ઉંમર હવે સોળ વર્ષની થઈ હતી. તેઓ સામાન્ય બાળક નહોતા. એમ જણાય છે કે તેઓ શિવ અથવા બ્રહ્મલોકના જીવ હતા, કે જે પોતાના અધુરા જ્ઞાનને પૂર્ણ કરવા માટે યોગભ્રષ્ટ પવિત્ર બ્રાહ્મણના ઘરમાં થોડા સમય માટે જન્મ્યા હતા. બીજા લોકો આ બાબતને શું સમજે? માતાપિતાને માટે તો તેઓ સાધારણ પુત્રજ હતા. માતા પિતાનું જે કર્તવ્ય છે, તેનું તેઓ પાલન કરવા લાગ્યા. વિશ્વરૂપ પોતાના મામાના દીકરા-ભાઈ લોકનાથ સિવાય બીજા કોઈની પણ સાથે વિશેષ વાતો કરતા નહોતા. લોકનાથ ઉપર તેઓ પ્રાણથી પણ વિશેષ વહાલ રાખતા હતા. લોકનાથ તેમનાથી વર્ષ-છ મહિને ઉંમરમાં નાના હતા, તેઓ પણ તેમની પેઠે ગુરુની ભક્તિ કરતા હતા. બન્નેના વિચાર પણ એક જેવા હતા. તેમને એકાન્તમાં કલાકો સુધી પરમાર્થ વિષે વાતો ચાલ્યા કરતી હતી.

મિશ્રજીએ જોયું કે, પુત્રની અવસ્થા ૧૬ વર્ષની થઈ ચૂકી છે, તેથી તેના વિવાહનો ક્યાંકથી પ્રબંધ કરવો જોઈએ. પોતાના વિચાર તેમણે શચીદેવી સમક્ષ રજુ કર્યો. શચીદેવીએ પણ તેમની વાતનું સમર્થન કર્યું. હવે માતા-પિતા વિશ્વરૂપને યોગ્ય કન્યાની શોધ કરવા લાગ્યાં.

આ તરફ વિશ્વરૂપના વિચારોમાં વળી વિશેષ ગંભીરતા આવવા લાગી. ૧૫ વર્ષની ઉંમર પછી સઘળા યુવકોનાં હૃદયોમાં એક પ્રકારનો મહાન ખળભળાટ ઉત્પન્ન થાય છે. ચિત્ત કોઈ અત્યંત વહાલાને મળવા તરફડે છે. હૃદયમાં એક પ્રકારની મીઠી મીઠી વેદના જેવું થાય છે. મન ઇચ્છે છે કે પોતાની જાતને કોઇના ઉપર

ન્યોછાવર કરી દે. આજ વાત સમજી લઈને માતાપિતા આ અવસ્થામાં છોકરાનાં લગ્ન કરી દે છે, અને પોતાના હૃદયને સમર્પણ કરવા માટે સહચરી પામીને મનુષ્યો શાંત થઇ જાય છે. ઘણા ધનના બંધનમાં ફસાઇને, ઘણા મિત્રના પ્રેમમાં ફસાઇને અને ઘણા વિષયવાસનાઓમાં ફસાઇને તે વેગને શાંત કરી લે છે. તે વેગને જે તરફ વાળશો તે તરફ જ તે વળી જશે. વિશ્વરૂપે તે પ્રેમને માતા–પિતામાંજ બાંધી નહિ રાખતાં, તેને વિશ્વની સાથે તદ્રૂપ બનાવવા ઇચ્છયું. તેઓ એજ વાતને વિચારતા રહેતા હતા કે આ કોલાહલપૂર્ણ સંસારથી કેવી રીતે ઉપરામ થઇ શકાશે?

જ્યારે તેમણે પોતાના વિવાહની વાત સાંભળી ત્યારે તો જાણે તેમના વૈરાગ્યરૂપી અગ્નિમાં ઘીની આહુતિ પડી. તેઓ વારંવાર વિચારવા લાગ્યા: "શું લગ્ન કરીને સાંસારિક સુખ ભોગવવાથી મને પરમ શાંતિની પ્રાપ્તિ થશે? શું હું ગૃહસ્થાશ્રમી થઇને પોતાના મુખ્ય લક્ષ્ય સુધી વહેલામાં વહેલો પહોંચી શકીશ? શું મારે માતાપિતા અને ભાઇઓનીજ વચમાં મારા પ્રેમને બાંધી રાખીને સંસારી થવું જોઇએ?" તેમની આ વ્યાકુળતા વધતીજ જતી હતી. એક દિવસ લોકનાથે તેમને એકાંતમાં પૂછયું:– "ભાઈ! તમે હમણાંના દરરોજ કોઈ ગંભીર વિચારમાં શા માટે લીન રહો છો?"

તેની એ વાત સાંભળી તેને ઉડાવી દેતાં તેમણે કહ્યું: "ના, કંઇ નહિ; હું તો હમેશ મુજબ શાસ્ત્રવિષયક વાતો વિચારતો રહું છું, કોઇ ખાસ બાબત નથી."

તેમણે ફરી કહ્યું: "આપ ગમે તો કહો કે ના કહો, પણ હું બધું જાણું છું. ફુવાજી તમારા લગ્નનો વિચાર કરી રહ્યા છે. હું તમારા ભાવોને બરાબર જાણું છું કે આપ લગ્નના બંધનમાં કદી પણ ફસાવાના નથી. આપ એને ખાતર સર્વસ્વનો પણ ત્યાગ કરી શકો તેમ છો, પરંતુ

હું આપનાં ચરણોમાં વિનમ્રભાવે એજ પ્રાર્થના કરું છું કે મને આપનાં ચરણોમાંથી જુદો ન પાડશો-એજ મારી અંતિમ પ્રાર્થના છે."

વિશ્વરૂપે તેને ગાઢ આલિંગન આપતાં કહ્યું: "ભાઈ! તું આ કેવી વાત કરી રહ્યો છે? જો એવું કંઈ પણ થવાનું હશે તો તો તે હું તારી સંમતિ વિના કંઈ ઓછોજ કરી શકું તેમ છું! તું તો મારો પ્રાણ છે, તો પછી ભલા તને છોડીને હું કેમ કરીને જઈ શકું?"

બન્ને ભાઈ સમય થતાં ભોજન માટે પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. વિશ્વરૂપ ઘરમાં બહુ થોડા રહેતા હતા, માત્ર બપોરે અને સાંજે ભોજન કરવા માટેજ ઘેર જતા, નહિ તો સદા અદ્વૈતાચાર્યજીની પાઠશાળામાંજ શાસ્ત્રચર્ચા તથા ગંભીર વિચારમાં મગ્ન રહેતા. તેથી માતાપિતાને તેમના મનોભાવો સંબંધી વિશેષ માહિતી નહોતી. વચમાં વચમાં જ્યારે નિમાઈ તેમને બોલાવવા જતા ત્યારે તેઓ થોડી વાર માટે ઘેર આવી જતા અને કોઈ કોઈ વાર નિમાઈ સાથે બે ચાર વાતો કરતા. મિશ્રજી તેમની સાથે વાતો કરવામાં સંકોચ પામતા હતા ને તેમના ભણતરમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન નાખવા ઈચ્છતા નહોતા.

ધીરે ધીરે વિશ્વરૂપનો વૈરાગ્ય દિન-પ્રતિદિન અધિકાધિક વધવા લાગ્યો. એક વાર તેમણે જ્ઞાનદૃષ્ટિએ જોયું કે માતા, પિતા, ભાઈ, મિત્ર વગેરે મૂળમાં શું ચીજ છે? વિચાર કરતાં કરતાં તેઓ સંસારી સંબંધોથી ઉંચે જઈ રહ્યા હતા. તેમને જણાવા લાગ્યું કે, સર્વ પ્રાણીઓ પોતાનાં પ્રારબ્ધકર્મો અનુસાર વિચાર કર્યા કે સમજ્યા સિવાય રાતદિવસ કર્મોમાં જોડાયલાં રહે છે-આંધળાની પેઠે આગળનો વિચાર કર્યા સિવાય કોઈ અજ્ઞાત માર્ગ તરફ ચાલ્યા જઈ રહ્યા છે. વિચાર કરતાં કરતાં તેમને સંસારનાં સર્વ પ્રાણીઓ સમાનરૂપે ઘસડાતાં જણાવા લાગ્યાં. જેમ કોઈ ઘણા ઉંચા સ્થાને ચઢીને જોવાથી મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ-બધાં નાનાં નાનાં જંતુઓ જેવાં ઉડતાં દેખાય છે,

ન્યોછાવર કરી દે. આજ વાત સમજી લઇને માતાપિતા આ અવસ્થામાં છોકરાનાં લગ્ન કરી દે છે, અને પોતાના હૃદયને સમર્પણ કરવા માટે સહચરી પામીને ઘણાખરા શાંત થઇ જાય છે. ઘણા ધનના બંધનમાં ફસાઇને, ઘણા મિત્રના પ્રેમમાં ફસાઇને અને ઘણા વિષયવાસનાઓમાં ફસાઇને તે વેગને શાંત કરી લે છે. તે વેગને જે તરફ વાળશો તે તરફ જ તે વળી જશે. વિશ્વરૂપે તે પ્રેમને માતા–પિતામાંજ બાંધી નહિ રાખતાં, તેને વિશ્વની સાથે તદ્રૂપ બનાવવા ઈચ્છયું. તેઓ એજ વાતને વિચારતા રહેતા હતા કે આ કોલાહલપૂર્ણ સંસારથી કેવી રીતે ઉપરામ થઇ શકાશે?

જ્યારે તેમણે પોતાના વિવાહની વાત સાંભળી ત્યારે તો જાણે તેમના વૈરાગ્યરૂપી અગ્નિમાં ઘીની આહુતિ પડી. તેઓ વારંવાર વિચારવા લાગ્યા: "શું લગ્ન કરીને સાંસારિક સુખ ભોગવવાથી મને પરમ શાંતિની પ્રાપ્તિ થશે? શું હું ગૃહસ્થાશ્રમી થઇને પોતાના મુખ્ય લક્ષ્ય સુધી વહેલામાં વહેલો પહોંચી શકીશ? શું મારે માતાપિત અને ભાઇઓનીજ વચમાં મારા પ્રેમને બાંધી રાખી સંસારી થવું જોઇએ?" તેમની આ વ્યાકુળતા વ જતી હતી. એક દિવસ લોકનાથે તેમને એકાંતમાં પૂ "ભાઈ! તમે હમણાંના દરરોજ કોઈ ગંભીર વિ શા માટે લીન રહો છો?"

તેની એ વાત સાંભળી તેને ઉડાવી દેતાં તે "ના, કંઇ નહિ; હું તો હમેશ મુજબ શાસ્ત્રવિ વિચારતો રહું છું, કોઇ ખાસ બાબત નથી."

– તેમણે ફરી કહ્યું: "આપ ગમે તો કહો કે પણ હું બધું જાણું છું. ફુવાજી તમારા લગ્નનો વિચ રહ્યા છે. હું તમારા ભાવોને બરાબર જાણું છું કે લગ્નના બંધનમાં કદી ... ફસાવાના નથી. આ ખાત ... મ કરી શકો તેમ છો,

તેમાં પછી વિવેક નથી કરી શકાતો કે કોણ મનુષ્ય ને કોણ પશુ છે—સર્વે સમાનરૂપે નાના નાના કણ જે દેખાય છે; તેજ પ્રમાણે વિચારની ઊંચી ટોચ પર ચડ ને જોતાં વિશ્વરૂપને આ સંસારી જીવો દેખાવા લાગ્ય તેમને માતા, પિતા તથા બંધુ-બાંધવો પ્રત્યે જે મો હતો, તે એકદમ જતો રહ્યો હતો. તેઓ પોતાને સમજ ગયા અને મનોમન કહેવા લાગ્યા કે "આ સંસારી લોક પણ કેટલા દયાપાત્ર છે!" રોજ કોણ જાણે કેવા કેવ વિચાર કરી રહ્યા છે! તેઓ મોટાં મોટાં કારસ્તાન કર તાજ રહે છે, પરંતુ સર્વ કોઈ અજ્ઞાત શક્તિની પ્રેરણાથ ઘૂમી રહ્યાં છે. લોકો કહે છે કે "અરે, હજુ સંસાર સુખ ભોગવી લ્યો. આગળ ઉપર ભગવદ્ભજન કરી લઈશું. અજ્ઞાન લોકો નથી સમજતા કે, આ શરીર ક્ષણભંગુર છે તેનો બીજી ક્ષણનો પણ ભરોસો નથી. આ વિચારો આવ તાંજ તેમણે પોતાનું કર્તવ્ય નક્કી કરી લીધું. ભર્તૃહરિ જીના આ શ્લોકને તેઓ વારંવાર વાંચવા લાગ્યા:—

यावत् स्वस्थमिदं कलेवरगृहं यावच्च दूरे जरा,
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्,
प्रोद्दीप्ते भवने च कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

"અરે ઓ યુવકો! જ્યાં સુધી આ કોમળ અને નૂતન શરીર સ્વસ્થ છે, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા તમારાથી ઘણી દૂર છાનીમાની તમારી રાહ જોઈને બેઠી છે, જ્યાં સુધી તમારી ઇંદ્રિયોની શક્તિ ઓછી થઈ નથી અને જ્યાં સુધી આ ઉંમર વીતી ગઈ નથી, ત્યાં સુધીજ આત્માના કલ્યાણનો પ્રયત્ન કરી લ્યો, તેમાંજ બુદ્ધિમત્તા છે; નહિ તો ઘરમાં આગ લાગ્યા પછી જે કૂવો ખોદવાનો વિચાર કરીને છાનામાના બેસી રહ્યા છે, તેમના ઘરમાં આગ લાગતાં તે બળીજ જશે. આગ લાગ્યા પછી કૂવો ખોદવાનો પ્રયત્ન કરવો એ મૂર્ખતાજ છે.



विश्वरूपनो गृहत्याग

धन्याः खलु महात्मानो मुनयः सत्यसम्मताः ।
जितात्मानो महाभागा येषां न स्तः प्रियाप्रिये ॥
(शां. प. मो. अ. २६। ४५)

અર્થાત્ એ સત્યની ઉપાસના કરનારા જિતાત્મા, મહાભાગ, મહાત્મા મુનિઓને ધન્ય છે કે જેમને નથી તો કોઈ પ્રત્યે પ્રેમ–અનુરાગ કે નથી તો કોઈ પ્રત્યે દ્વેષ અને જે સર્વ પ્રાણીમાત્રમાં સમાનભાવ રાખીને સૌ કોઇના પ્રત્યે સમદૃષ્ટિથી જુએ છે.

બંધનનું કારણ મમત્વ છે, મમત્વનો સંબંધ મન સાથે છે. જેણે મનમાંથી મમત્વને કાઢી નાખ્યું, તે તો નિત્યમુક્તજ છે. તેને માટે નથી કોઈ પોતાનું કે પારકું, તે તો અનેક રૂપોમાં એકજ આત્માને ચારે તરફ જુએ છે, પછી તે સંકુચિત સીમાઓમાં પોતાની જાતને બાંધી રાખી શકતો નથી. વિશ્વરૂપે નિશ્ચય કરી લીધો કે, મારે આ ઘરનો ત્યાગ કરવો જોઇએ. જ્યાં માતાપિતાજ મને પોતાનો સમજે છે, જ્યાં હમેશાં જાત જાતનાં સંસારી પ્રલોભનોમાં પડવાનો સંભવ છે, એવી જગામાં હવે વધા દિવસ રહેવું યોગ્ય નથી. આવો નિશ્ચય કરી લીધા પ એક દિવસ તેમણે પોતાની માતાને એક પુસ્તક આપ કહ્યું: "મા! આ પુસ્તક નિમાઇને માટે છે; જ્યારે તે મે થાય ત્યારે તું તેને આ પુસ્તક આપજે, ભૂલતી નહિ

માતાએ સરળતાપૂર્વક ઉત્તર આપ્યો: "ત્યાં તુ ક્યાંક આઘો થોડોજ જવાનો છે! હું ભૂલી જાઉં તો નહિ ભૂલે ને! તુંજ તારા હાથ વડે એ પુસ્તક આપજે અને ભણાવજે. તું પણ હવે તો પંડિત થઇ છે. નિમાઇ તારી પાસેજ ભણશે."

વિશ્વરૂપે માનસિક ભાવોને છુપાવતાં કહ્યું: "હા, ઠીક છે, હું રહીશ તો હું જ તેને આપીશ, પરંતુ તું પણ આ વાતને યાદ રાખજે."

ભલી ભોળી માતાને શું ખબર કે મારો વિશ્વરૂપ હવે બે-ચાર દિવસનો મહેમાન છે! બે-ચાર દિવસ પછી તેની મનમોહિની સુરત તેને કદી પણ જોવા મળી શકશે નહિ. માતા પોતાના કામધંધામાં પડી ગઇ.

શિયાળાનો સમય છે, કડકડતી ઠંડી પડે છે, સર્વ પ્રાણીઓ ઠંડીને લીધે ટુંટિયું વાળીને રાત્રે સૂઇ રહ્યાં છે. ચારે બાજુએ શાંતિનું સામ્રાજ્ય છે, ક્યાંય પણ કોલાહલ સંભળાતો નથી, સર્વત્ર શાંતિ પથરાયેલી છે. એવા સમયમાં વિશ્વરૂપને નિદ્રા ક્યાંથી આવે ? તેઓ તો ભવિષ્યના જીવનને મહાન્ બનાવવાના ઉહાપોહમાં પડેલા છે. ઘરમાં એક વાર નજર ફેરવી લીધી. એક બાજુ માતા સૂતી છે, તેની પાસેજ નિમાઇ આંખો મીંચીને નિશ્ચેષ્ટવત્ સૂઇ રહ્યો છે. બીજી બાજુ પાટ ઉપર રજાઇ ઓઢીને મિશ્રજી સૂઇ રહ્યા છે. વિશ્વરૂપે એક વાર ખૂબ ધ્યાનથી પિતા તરફ જોયું. માથા પરના વાળ સફેદ થયા હતા, મોં ઉપર કરચલીઓ પડી હતી. તે નિત્ય ગૃહસ્થાશ્રમની ચિંતા કરતા રહેવાથી તેમનો સ્વભાવજ ચિંતામય બની ગયો હતો, સૂતી વખતે પણ જાણે તેઓ કોઈ ઉંડી ચિંતામાં ડૂબેલા છે. નિર્ધન વૃદ્ધના ચહેરા તરફ જોઇને એક વાર તો વિશ્વરૂપ પોતાના નિશ્ચયમાંથી ચલિત થયા. તેમના મનમાં થઈ આવ્યું કે: "પિતા વૃદ્ધ છે, આજીવિકાનું ખાસ સાધન નથી, નિમાઇ હજુ નાનકડો બાળકજ છે, ઘરનું કામ કેમ કરીને ચાલશે ?" પરંતુ થોડીજ વાર પછી તે વિચારવા લાગ્યા: "અરે, હું આ શો વિચાર કરી રહ્યો છું ? જેણે આ ચરાચર વિશ્વની રચના કરી છે, જે સૌના ભરણ-પોષણનો પહેલેથીજ પ્રબંધ કરી આપે છે, તેને કર્તા નહિ માનતાં હું મારામાં કર્તાપણાનો આરોપ શા માટે કરી રહ્યો છું ? ગુજરાન તો બધાનું તેજ ચલાવે છે, મનુષ્ય

તો નિમિત્તમાત્રજ છે. વિશ્વંભરજ આપણું પાલન કરે છે, માટે આપણે સંકલ્પથી ચલિત થવું જોઇએ નહિ." એમ વિચારીને તેમણે સૂતેલી માતાને મનોમન પ્રણામ કર્યા. નાના ભાઇને એક વાર પ્રેમપૂર્વક જોયા અને ધીમે રહીને ઘરમાંથી ચાલી નીકળ્યા. સંકેત પ્રમાણે લોકનાથ તેમને ગંગાતટ ઉપર તૈયાર થઇ રહેલા મળ્યા. બન્ને એક-બીજાને જોઇને ઘણાજ પ્રસન્ન થયા. હવે તેમને એ ચિંતા થઇ કે રાત્રે ગંગાપાર કેવી રીતે જઇ શકાશે? થોડીજ વારમાં પ્રાતઃકાળ થઇ જશે; આમતેમ ક્યાંક જઈશું તો ઓળખાઇ જતાં પકડાઇ જવાશે. તેથી ગંગાપાર ગયા વિના સલામતી નથી. તે વખતે નાવ મળવી મુશ્કેલ હતી. બન્નેએ સુવાનો નિર્ણય હતો, જીવનનો મોહ તો તેમને હતોજ નહિ. મનુષ્ય આ જીવનરક્ષાને માટેજ સાહસનાં કામો કરતાં ડરો કરે છે. જેણે જીવનની ઉપેક્ષા કરી દીધી છે, જેણે પોતાનું મસ્તક ઉતારીને હથેળીમાં રાખી લીધું છે, તે સંસારમાં જે કંઇ ઇચ્છે, તે કરી શકે છે; તેને માટે કોઇ કામ મુશ્કેલ નથી. 'અશક્ય' એ શબ્દ તો તેમના શબ્દકોષમાં છેજ નહિ. એ બંને યુવકો પણ ભગવાનનું નામ લઇને પતિતપાવની કલિમલહારિણી ભગવતી ભાગીરથીની ગોદમાં કોઇ પણ પ્રકારની શંકા વિના કૂદી પડયા. જાણે આજે તેઓ બળતા ભવાગ્નિમાંથી નીકળીને જગજ્જનની માતા જાહ્નવીના સુશીતલ ખોળામાં શાશ્વત શાંતિને વાસ્તે સદાને માટે પ્રવેશ કરતા ન હોય!

ગંગાજીને કિનારે રહેનારા નાનાંનાનાં બાળકોને પણ તરતાં સારૂં આવડે છે, પછી આ તો યુવકો હતા અને તરવામાં પ્રવીણ હતા. તેમની પાસે સામાન તો હતોજ નહિ, તેથી તેઓ નિર્વિઘ્ને ગંગાપાર ઉતરી ગયા. ઠંડીનો વખત હતો, શરીરનાં બધાં વસ્ત્ર ભીંજાઇ ગયાં હતાં, પરંતુ તેમને એ વાતનું ધ્યાનજ નહોતું. જ્યાં સુધી શરીરમાં મમત્વ હોય છે, ત્યાં સુધીજ શીતોષ્ણાદિ અગવડ કરી શકે છે. શરીરનું મમત્વ જોઇશું થઇ ગયા પ

વિશ્વરૂપે માનસિક ભાવોને છુપાવતાં કહ્યું: "હા, ઠીક છે, હું રહીશ તો હું જ તેને ચાગીશ, પરંતુ તું જરૂર આ વાતને યાદ રાખજે."

ભલી ભોળી માતાને શું ખબર કે મારો વિશ્વરૂપ હવે બે–ચાર દિવસનો મહેમાન છે! બે–ચાર દિવસ પછી તેની મનમોહિની સુરત તેને કદી પણ જોવા મળી શકશે નહિ. માતા પોતાના કામધંધામાં પડી ગઇ.

શિયાળાનો સમય છે, કડકડતી ઠંડી પડે છે, સર્વ પ્રાણીઓ ઠંડીને લીધે ટુંટિયું વાળીને રાત્રે સૂઇ રહ્યાં છે. ચારે બાજુએ શાંતિનું સામ્રાજ્ય છે, કયાંય પણ કોલાહલ સંભળાતો નથી, સર્વત્ર શાંતિ પથરાયેલી છે. એવા સમયમાં વિશ્વરૂપને નિદ્રા કયાંથી આવે ? તેઓ તો ભવિષ્યના જીવનને મહાન્ બનાવવાના ઉહાપોહમાં પડેલા છે. ઘરમાં એક વાર નજર ફેરવી લીધી. એક બાજુ માતા સૂતી છે, તેની પાસેજ નિમાઇ આંખો મીંચીને નિશ્ચેષ્ટવત્ સૂઇ રહ્યો છે. બીજી બાજુ પાટ ઉપર રજાઇ ઓઢીને મિશ્રજી સૂઇ રહ્યા છે. વિશ્વરૂપે એક વાર ખૂબ ધ્યાનથી પિતા તરફ જોયું. માથા પરના વાળ સફેદ થયા હતા, મોં ઉપર કરચલીઓ પડી હતી. તે નિત્ય ગૃહસ્થાશ્રમની ચિંતા કરતા રહેવાથી તેમનો સ્વભાવજ ચિંતામય બની ગયો હતો, સૂતી વખતે પણ જાણે તેઓ કોઈ ઉંડી ચિંતામાં ડુબેલા છે. નિર્ધન વૃદ્ધના ચહેરા તરફ જોઇને એક વાર તો વિશ્વરૂપ પોતાના નિશ્ચયમાંથી ચલિત થયા. તેમના મનમાં થઈ આવ્યું કેઃ "પિતા વૃદ્ધ છે, આજીવિકાનું ખાસ સાધન નથી, નિમાઇ હજુ નાનકડો બાળકજ છે, ઘરનું કામ કેમ કરીને ચાલશે ?" પરંતુ થોડીજ વાર પછી તે વિચારવા લાગ્યાઃ "અરે, હું આ શો વિચાર કરી રહ્યો છું ? જેણે આ ચરાચર વિશ્વની રચના કરી છે, જે સૌના ભરણ–પોષણનો પહેલેથીજ પ્રબંધ કરી આપે છે, તેને કર્તા નહિ માનતાં હું મારામાં કર્તાપણાનો આરોપ શા માટે કરી રહ્યો છું ? ગુજરાન તો બધાનું તેજ ચલાવે છે, મનુષ્ય

ત્યાં. શચીદેવી દોડતાં દોડતાં અદ્વૈતાચાર્યને ત્યાં ગયાં. ત્યાં પણ વિશ્વરૂપનો કાંઈ પત્તો નહોતો. ક્ષણવારમાં આ વાત સર્વત્ર ફેલાઈ ગઈ કે, વિશ્વરૂપ ઘર છોડીને ચાલ્યા ગયા છે. ચોતરફથી મિશ્રજીના સ્નેહીઓ તેમને ઘેર આવવા લાગ્યા. અદ્વૈતાચાર્ય પણ પોતાના શિષ્યો સાથે ત્યાં આવ્યા. બધા વિવિધ કલ્પનાઓ કરવા લાગ્યા. કેટલાક કહેવા લાગ્યા કે "હવે ઘોર કળિયુગ આવ્યો છે. સાધુ-બ્રાહ્મણોનું માન નથી, વૈષ્ણવોનું સર્વત્ર અપમાન થાય છે, ધર્મકર્મનો લોપ થઇ ગયો છે. હવે આ સંસાર ભલા માણસોને યોગ્ય રહ્યો નથી. આપણે પણ સર્વસ્વ ત્યજીને વિશ્વરૂપનોજ માર્ગ લેવો જોઈએ." કેટલાક કહેતાઃ "ભાઈ! વિશ્વરૂપને અમે આટલો નિષ્ઠુર નહોતા માનતા, તેણે પોતાના નાના ભાઈનો પણ જરાયે મોહ ન રાખ્યો!"

મિશ્રજીની આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી હતી, તેઓ મુખેથી કંઈ પણ કહેતા નહોતા, નીચી દૃષ્ટિ કરીને તેઓ બરાબર જમીન તરફજ જોઇ રહ્યા હતા, જાણે તેમને સંદેહ થયો ન હોય કે આ ભૂમિએજ તેમના પ્રાણપ્રિય પુત્રને પોતાની અંદર સમાવી લીધો તો નહિ હોય! તેમના ખાડા પડી ગયેલા ગાલ અને કરચલીવાળી ચામડીપરથી અશ્રુબિંદુઓ વહી વહીને પૃથ્વી ઉપર પડતાં હતાં અને તે તેજ સમયે પૃથ્વીમાં સમાઇ જતાં હતાં. તેથી તેમનો સંદેહ વળી વધારે વધતો જતો હતો કે, જે પૃથ્વી આ આંસુઓને પોતાની અંદર સમાવી લે છે, તેણેજ જરૂર મારા પુત્ર વિશ્વરૂપને સંતાડી દીધો છે. તેમની દૃષ્ટિ ઉંચી થતીજ નહોતી. લોકો પરસ્પરમાં કેવી વાતો કરી રહ્યા છે, તેની તેમને કશી ખબરજ નહોતી. તેમના સાથીસંબંધીઓ તેમને વિવિધ પ્રકારે સમજાવતા, પરંતુ તેઓ કોઇ પણ વાતનો પ્રત્યુત્તર આપતા નહિ.

આ તરફ શચીદેવીનું કરુણ રુદન પણ એવું હતું કે પથ્થર પણ પીગળી જાય. માતા મોટેથી સાદ પાડીને રુદન કરતી હતી. વિશ્વરૂપના ગુણોનાં વખાણ કરતાં કરતાં

મનુષ્ય ઇંદ્રિયોની વેદનાથી પર થઈ શકે છે, અને ત્યારેજ તે નિર્દ્વંદ્વ થઈ શકે છે. વિશ્વરૂપ નિર્દ્વંદ્વ થઈ ચૂક્યા હતા. તેઓ બીજાં [illegible] આગળ ઉપર ચાલ્યા ગયા.

આ પછી વિશ્વરૂપની કોઈ ચોક્કસ હકીકત મળતી નથી. પાછળથી જણાયું કે, તેમણે કોઈ અરણ્ય નામના સંન્યાસી પાસે સંન્યાસ લીધો હતો અને તેમનું સંન્યાસનું નામ શંકરારણ્ય હતું. તેમના સંન્યાસી થયા પછી લોકનાથે તેમની પાસે સંન્યાસ લીધો. બે વર્ષ સુધી તેઓ ભારતવર્ષનાં અનેક તીર્થોમાં ભ્રમણ કરતા રહ્યા અને અંતે મહારાષ્ટ્રના પરમ પ્રસિદ્ધ તીર્થ પંઢરપુરમાં તેમણે શ્રી-વિઠ્ઠલનાથજીના ક્ષેત્રમાં પોતાનું આ પંચભૌતિક છોડ્યું. દેહત્યાગ પહેલાં તેમણે પોતાનું તેજ શ્રીમન્માધવેન્દ્રપુરીના આશ્રમમાં તેમના પરમ પ્રિય શિષ્ય શ્રી ઇશ્વરપુરીને આપી દીધું હતું. તેમની પાસેથી તે તેજ નિત્યાનંદ પાસે આવ્યું. તેથી નિત્યાનંદને બળરામ યા શેષનાગના અવતારરૂપ માનવામાં આવે છે. આ પ્રસંગને વાચક આગળ સમજશે.

આ તરફ પ્રાતઃકાળ થયો. મિશ્રજીએ જોયું તો વિશ્વરૂપ પથારીમાં નથી. સવારમાં આટલા વહેલા ઉઠીને તેઓ ક્યાંય જતા ન હતા. પિતાને એકદમ શંકા થઈ આવી. તેમણે પથારી પાસે જઈને જોયું. પહેલાં તો વિચાર્યું કે ગંગાસ્નાન માટે ચાલ્યા ગયા હશે; પરંતુ જળપાત્ર અને ધોતિયું એમનું એમ પડેલું છે. થોડી વાર સુધી તેઓ ચૂપ રહ્યા, પરંતુ બેચેનીથી રહેવાયું નહિ. તેમણે આ વાત શચીદેવીને કહી. શચીદેવી પણ વિચારમાં પડી ગયાં. નિમાઈ પણ ઉઠ્યા. શચીદેવીએ કહ્યું: "બેલપોખરા (શચીદેવીના પિતા નીલામ્બર ચક્રવર્તીનું ઘર બેલપોખરા મહોલ્લામાંજ હતું.) નિમાઈ, લોકનાથ સાથે શાસ્ત્રચર્ચા કરવા માટે ઘણી વાર ત્યાં ચાલ્યા જતા હતા. [illegible] પાસે [illegible] છે." નિમાઈ જલદી જલદી [illegible] ગયા. ત્યાં જઈને જોયું તો [illegible] ઘણાજ ગભરાયા. [illegible] વાર ! [illegible]

ગયાં. શચીદેવી દોડતાં દોડતાં અદ્વૈતાચાર્યને ત્યાં ગયાં. ત્યાં પણ વિશ્વરૂપનો કંઈ પત્તો નહોતો. ક્ષણવારમાં આ વાત સર્વત્ર ફેલાઈ ગઈ કે, વિશ્વરૂપ ઘર છોડીને ચાલ્યા ગયા છે. ચોતરફથી મિશ્રજીના સ્નેહીઓ તેમને ઘેર આવવા લાગ્યા. અદ્વૈતાચાર્ય પણ પોતાના શિષ્યો સાથે ત્યાં આવ્યા. બધા વિવિધ કલ્પનાઓ કરવા લાગ્યા. કેટલાકો કહેવા લાગ્યા કે "હવે ઘોર કળિયુગ આવ્યો છે. સાધુ–બ્રાહ્મણોનું માન નથી, વૈષ્ણવોનું સર્વત્ર અપમાન થાય છે, ધર્મકર્મનો લોપ થઇ ગયો છે. હવે આ સંસાર ભલા માણસોને યોગ્ય રહ્યો નથી. આપણે પણ સર્વસ્વ ત્યજીને વિશ્વરૂપનોજ માર્ગ લેવો જોઈએ." કેટલાક કહેતાઃ "ભાઇ! વિશ્વરૂપને અમે આટલો નિષ્ઠુર નહોતા માનતા, તેણે પોતાના નાના ભાઇનો પણ જરાયે મોહ ન રાખ્યો!"

મિશ્રજીની આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી હતી, તેઓ મુખેથી કંઈ પણ કહેતા નહોતા, નીચી દૃષ્ટિ કરીને તેઓ બરાબર જમીન તરફજ જોઇ રહ્યા હતા, જાણે તેમને સંદેહ થયો ન હોય કે આ ભૂમિએજ તેમના પ્રાણપ્રિય પુત્રને પોતાની અંદર સમાવી લીધો તો નહિ હોય! તેમના ખાડા પડી ગયેલા ગાલ અને કરચલીવાળી ચા'' પરથી અશ્રુબિંદુઓ વહી વહીને પૃથ્વી ઉપર પડતાં હતાં અને તે તેજ સમયે પૃથ્વીમાં સમાઇ જતાં હતાં. તેથી તેમનો સંદેહ વળી વધારે વધતો જતો હતો કે, જે પૃથ્વી આ આંસુઓને પોતાની અંદર સમાવી લે છે, તેણેજ જરૂર મારા પુત્ર વિશ્વરૂપને સંતાડી દીધો છે. તેમની દૃષ્ટિ ઉંચી થતીજ નહોતી. લોકો પરસ્પરમાં કેવી વાતો કરી રહ્યા છે, તેની તેમને કશી ખબરજ નહોતી. તેમના સાથી–સંબંધીઓ તેમને વિવિધ પ્રકારે સમજાવતા, પરંતુ તેઓ કોઇ પણ વાતનો પ્રત્યુત્તર આપતા નહિ.

આ તરફ શચીદેવીનું કરુણ રુદન પણ એવું હતું કે પથ્થર પણ પીગળી જાય. માતા મોટેથી સાદ પાડીને રુદન કરતી હતી. વિશ્વરૂપના ગુણોનાં વખાણ કરતાં કરતાં

માતા, ગાય જેમ પોતાના વાછરડામાટે આતુરતાથી આ-રડે છે, તેજ પ્રકારે શચીદેવી ઉચ્ચ સ્વરે વિલાપ કરી રહ્યાં હતાં. તે વારંવાર કહેતાં: “બેટા! આ વૃદ્ધાને અહીં બળતીજ મૂકીને ચાલ્યો ગયો! મારો ને તારા વૃદ્ધ પિતાનો કંઇ ખ્યાલ ન કર્યો એ તો ઠીક, પણ તારા આ નાના ભાઇ તરફ પણ તેં ના જોયું! એ તો તારા વિના ક્ષણભર પણ રહી શકશે નહિ. વિશ્વરૂપ! હું નહોતી જાણતી કે તું કદી પણ આટલો નિર્દય થઈ શકશે.”

માતાનો વિલાપ સાંભળીને નિમાઇ પણ જોરથી રડવા લાગ્યા અને રડતાં રડતાં તે તદ્દન બેભાન થઇ ગયા. ભાઇ-ના વિયોગનું સ્મરણ કરીને તથા માતા-પિતાનું દુઃખ જોઇને નિમાઈ મૂર્ચ્છિત થઇ ગયા. તેમનું આખું શરીર ચેતનાશૂન્ય થઇ ગયું. આસપાસની સ્ત્રીઓએ જલદીથી નિ-માઇને ઉઠાડ્યા, તેમના મોં પર પાણી છાંટયું અને તેમને જાગ્રત કરવા જાત જાતના પ્રયત્નો કરવા લાગી. સ્ત્રીઓ શચીદેવીને સમજાવી રહી હતી કે “શચિ! હવે રડવાથી શું વળશે? હિમ્મત રાખો, તમારા પુત્રે કોઇ ખરાબ કામ તો નથી કર્યું ને? તમારી સેંકડો પેઢીઓને તેણે તારી દીધી છે. ભગવાનની ભક્તિથી વધારે બીજું શું છે? હવે આ નિમાઇને જોઇનેજ ધીરજ રાખો. જો, તારા રુદનથી એ બે-ભાન થઇ ગયો છે, તેનો ખ્યાલ કરીને તું રડવાનું બંધ કરી દે.” આથી માતાએ કંઇક ધૈર્ય ધારણ કર્યું. આ તરફ નિમાઇને ધીરે ધીરે ચેતન આવવા લાગ્યું. થોડીજ વારમાં તેઓ ભાનમાં આવ્યા, પોતાનાં આંસુઓ લૂછીને તેમણે મા-તાને કહ્યું: “બા! મોટા ભાઈ ચાલ્યા ગયા તો કંઈ નહિ. હું તમારો મોટો થઇને સેવાચાકરી કરીશ, તમે ધીરજ રાખો.”


લોકો મિશ્રજીને કહેતા હતા: “અમે ઉત્તર તરફ જઇએ છીએ, ચાર માણસોને દક્ષિણ તરફ મોકલો. લોક-નાથના પિતા બેચાર માણસોને લઇને ગંગાને પેલે પાર જાય, હજુ બે-ચાર કોસજ પહોંચ્યા હશે, અમે તેમને જલદીજ પાછા લાવીશું.” એ બધા લોકોની વાતો સાંભળીને ઉચું

જોઇને મિશ્રજીએ સાહસ કરતાં કહ્યું: "હવે ભાઈ! ક્યાંય જવાથી શો લાભ? વિશ્વરૂપ બાળક તો નથી ને! જો તેની એવીજ ઇચ્છા છે, તો ભગવાન તેની મનોકામના પૂર્ણ કરો. જો તેને સંન્યાસમાંજ સુખ છે, તો તે ભલે સંન્યાસીજ થઇને રહે. આપ સૌ ભગવાનને એજ પ્રાર્થના કરો કે, તે સંન્યાસી થઇને પોતાના ધર્મનું યથાર્થ પાલન કરતો રહે અને પાછો ઘેર ના આવે." પિતાનાં આવાં સાહસપૂર્ણ વચનો સાંભળીને સૌને ઘણો આનંદ થયો. બધાં આ બાબતની વાતો કરતાં સુખેથી ઘેર પાછાં ફર્યાં.

માતા-પિતાએ ધૈર્ય તો ધારણ કર્યું, પરંતુ તેમના હૃદયમાં સર્વગુણસંપન્ન પુત્રના વિયોગને લીધે એક ઉંડો ઘાવ પડી ગયો અને તે છેવટ સુધી રહ્યા કર્યો. મિશ્રજી તો એકજ ઘા લઇને આ સંસારમાંથી વિદાય થયા, પરંતુ વૃદ્ધ શચીને તો આગળ ઉપર એક બીજો પણ અત્યંત ભારે ઘા થયો હતો, તેની મીઠી મીઠી વેદનાનું રસાસ્વાદન કરતાં કરતાં તેણે પોતાનું સમસ્ત જીવન એજ પ્રમાણે વેદનામાંજ વીતાવ્યું. ગૃહસ્થાશ્રમમાં જ્યાં અનેક સુખ ને આનંદના અવસર આવે છે, ત્યાં એવા દુઃખના પણ પ્રસંગ ઘણા આવે છે, કે જેના સ્મરણમાત્રથી છાતી ફાટવા લાગે છે. જગજ્જનની સીતાજી જ્યારે પોતાના પ્રાણનાથ શ્રીરામચંદ્રજીના વિયોગથી ઘણાંજ દુઃખી થઈ ગયાં અને તેમની વેદના અસહ્ય થઇ પડી ત્યારે તેમણે રોતાં રોતાં અત્યંત માર્મિક વાણીથી હનુમાનજીને આ વચનો કહ્યાં:-

"प्रियान्न संभवेद्दुःखमप्रियादधिकं भवेत् ।
ताभ्यां हि ते वियुज्यन्ते नमस्तेषां महात्मनाम् ॥

અર્થાત્ તે જિતાત્મા સત્યવાદી મહાત્માને ધન્ય છે કે જેમને પ્રિયની પ્રાપ્તિમાં નથી તો સુખ થતું અને અપ્રિયની પ્રાપ્તિમા જેમને દુઃખ પીડી શકતું નથી, જેમની વૃત્તિ સુખદુઃખના સમાન રહે છે, એવા મહાત્માઓનાં ચરણોમાં વારંવાર પ્રણામ છે."



निबन्धनो अध्ययन माटे आग्रह

विद्यानाम नरस्य कीर्तिरतुला भाग्यक्षये चाश्रयो,
धेनुः कामदुघा रतिश्च विरहे नेत्रं तृतीयं च सा ।
सत्कारायतनं कुलस्य महिमा रत्नैर्विना भूषणं,
तस्मादन्यमुपेक्ष्य सर्वविषयं विद्याधिकारं कुरु ॥

(ભર્તૃહરિ નીતિશતક-૨

અર્થાત્ વિદ્યા મનુષ્યની અતુલનીય કીર્તિસ્વરૂપ ભાગ્યનો નાશ થતાં વિદ્યા એજ એકમાત્ર આશ્રયદાતા વિદ્યાજ સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારી કામધેનુ વિરહમાં તે રતિ છે અને મનુષ્યના ત્રીજા નેત્ર સમાન વિદ્યા સત્કારની ખાણ, કુળની મહત્તાને વધારનારી અ રત્નો વિનાજ સર્વોત્તમ આભૂષણ છે; તેથી બધાજ વિષયે ની ઉપેક્ષા કરીને એક વિદ્યામાંજ ઉચ્ચ પદ પ્રાપ્ત કરવ નો પ્રયત્ન કરવો જોઇએ.

પુત્રસ્નેહ પણ સંસારમાં કેટલી વિલક્ષણ વસ્તુ છે જે સમયે માતા–પિતાનું મમત્વ પરાકાષ્ઠાએ પહોંચી જા છે, ત્યારે તેઓ કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન ગુમાવી બેસે છે મોટા મોટા પંડિત પણ પુત્રસ્નેહને કારણે પોતાના કર્તવ્ય થી ભ્રષ્ટ થયેલા જોવામાં આવ્યા છે. ભગવાનની માયાજ વિચિત્ર છે, તેની અસર મૂર્ખ ને પંડિત સૌના પર સરખ પડે છે. મિશ્રજી કુળવાન બ્રાહ્મણ હતા, ને વિદ્યાની મહત્ત જાણતા હતા. પરંતુ વિશ્વરૂપના વિયોગથી તેઓ પોતાના કર્તવ્યને ભૂલી ગયા. સર્વગુણસંપન્ન પુત્રના કવખતે દગો દઇને ચાલ્યા જવાથી તેમના હૃદય પર આઘાત થયો,

તેઓ આ વિયોગનું મૂળકારણ વિદ્યાજ માનવા લાગ્યા. તેમના હૃદયમાં વારંવાર એ પ્રશ્ન ઊઠતો હતો કે "જો વિશ્વરૂપ આટલું ભણ્યો ન હોત, જો હું તેને આ રીતે હંમેશાં ભણવા કરવાની છૂટ આપતો ન હોત તો સંભવ છે કે મારે આજે આ દિવસો જોવા ન પડત. તેથી તેમના મનમાં આવ્યું કે "હવે નિમાઈને વધારે ભણાવવો-ગણાવવો ન જોઈએ." હાય રે મોહ!

આ તરફ હજુસુધી તો નિમાઈ કંઇ વાંચતા-લખતાજ નહોતા. આખો દિવસ બાળકો સાથે ધીંગા-મસ્તી કર્યા કરવી એજ તેમનું મુખ્ય કાર્ય હતું; પરંતુ વિશ્વરૂપે ઘર છોડયા પછી તેમનો સ્વભાવ એકદમ બદલાઈ ગયો. હવે તેમણે તોફાન કરવાનું બિલકુલ છોડી દીધું અને તે અત્યંત ધ્યાન દઇ ભણવા લાગ્યા. આખો દિવસ અતિ પરિશ્રમપૂર્વક પાઠ કરતા અને રમવા-કૂદવા ક્યાંય પણ જતા નહોતા. માતાપિતાની સાથે હવે તે સૌમ્યપણે વર્તવા લાગ્યા. એકદમ થયેલા સ્વભાવના આ ફેરફારથી પિતા ઉપર સારી અસર થઇ નહિ. તે વિચારવા લાગ્યાઃ "મને જે ભય હતો તેજ આગળ આવીને ઊભો રહ્યો! નિમાઈ પણ હવે વિશ્વરૂપની પેઠે અધ્યયનમાં લાગી ગયા. તેમની બુદ્ધિ તેમનાથી ઓછી તીવ્ર નથી. એકજ દિવસમાં તેમણે બધા અક્ષરો જાણી લીધા હતા, જો તેને પણ વિશ્વરૂપની પેઠે અધ્યયનની સ્વતંત્રતા આપવામાં આવશે તો તે પણ હાથથી જતો રહેશે." એમ વિચારીને તેમણે એક દિવસ નિમાઈને બોલાવ્યો અને અતિપ્રેમપૂર્વક કહેવા લાગ્યા-"બેટા! હું તને એક વાત કહું છું, તારે મારી એ વાત ગમે તો ઉચિત હોય કે નહિ તો પણ માનવીજ પડશે."

નિમાઈએ નમ્રતાપૂર્વક કહ્યું: "પિતાજી! આપ આજ્ઞા આપો. મેં આપની આજ્ઞા કદી ઉથાપી છે? આપના કહેવાથી હું સર્વ કંઇ કરી શકું છું."

મિશ્રજીએ કહ્યું "હું તને મારા સોગન દઇને કહું

છું કે, તું આજથી ભણવાનું બંધ કરી દે. મારી એજ ઇચ્છા છે કે તું વાંચવાલખવામાં વધારે મહેનત ન કર.”

જે દિવસથી વિશ્વરૂપ ઘર છોડીને ચાલ્યા ગયા હતા, તે દિવસથી નિમાઇ માતા–પિતાની આજ્ઞાની કદી પણ અવગણના કરતા નહિ. પિતાની વાત સાંભળીને તેમણે નીચે મસ્તક ઝુકાવીનેજ ધીરેથી કહ્યું: “જેવી આજ્ઞા હશે તેજ પ્રમાણે હું કરીશ.” એટલું કહીને તે અંદર માતા પાસે ચાલ્યા ગયા અને તેમને પિતાની આજ્ઞા સંભળાવી. બીજે દિવસથી તેમણે વાંચવાલખવાનું તદ્દન બંધ કરી દીધું.

હવે તેમણે પોતાનાં તેજ જૂનાં તોફાન શરૂ કરી દીધાં. છોકરાઓ સાથે ગંગાજીના ઘાટો ઉપર જતા, અને કલાકો સુધી પાણીમાંજ સ્નાન કરતા રહેતા. કોઇ વાર પોતાના સાથીઓ સાથે લોકો પર પાણી ઉછાળતા સ્ત્રીઓ પાસે ચાલ્યા જતા, નાનાં નાનાં બાળકોને રડાવતા, સ્ત્રીઓનાં સૂકાયેલાં કપડાં પાણીમાં ફેંકી ભાગી જતા. કોઇએ ઘાટપર મૂકી રાખેલા નૈવેદ્યને પૂછ્યાવિનાજ જલદી જલદી ઝપાટી જતા. કોઇ આવીને ધમકાવવા લાગતું તો ખૂબ જોરથી રડવા લાગતા, બધા બાળકો તેમની ચારે તરફ ઉભા રહી જતા અને આસપાસથી બીજા પણ લોકો એકઠા થઇ જતા. કોઇ કોઇ તો એ ધમકાવનારને સારૂં ખોટું કહેતા. કોઇ તેમને શાંત કરવાનો પ્રયત્ન કરતું. ઘણાખરા કહેતા કે “અરે, કોઈ પણ કયાં સુધી સહન કરે? આ છોકરો છેજ ઘણો તોફાની; કોઈનું સાંભળતોજ નથી.” આ પ્રમાણે લોકો હમેશાં જઇ જઇને મિશ્રજીને ફરિયાદ કરતા. મિશ્રજી તેમને પ્રેમપૂર્વક ઠપકો આપીને કહેતા–“બેટા! આટલું બધું તોફાન ન કરવું જોઇએ.” ત્યારે તેઓ ધીમેથી કહેતા કે “ત્યારે હું કરૂં શું? જો ભણવા ન જાઉં તો બાળકો સાથે રમ્યાજ કરૂં ને! મારાથી છાનામાના ઘરમાં તો બેસી રહેવાયજ નહિ.” પિતા તેમનો આવો ઉત્તર સાંભળીને ચૂપજ થઇ જતા.

તેઓ જાત જાતની રમતો રમવા લાગ્યા. એક દિવસ તેમણે અત્યંત ફાટ્યાં તૂટ્યાં જૂનાં કપડાં પહેર્યાં. આંખોએ પાટો બાંધી દીધો અને એક છોકરાનો ખભો પકડીને ઘેર ઘેર ભીખ માગવા નીકળ્યા. બીજા છોકરાઓ તેમની સાથે તાળી પાડતા પાડતા હસતા જતા હતા. તે ઘરોમાં જતા અને સ્ત્રીઓને કહેતાઃ "બા! આંધળાને ભીખ આપો, ભગવાન તમારૂં ભલું કરશે." સ્ત્રીઓ તેના આવા ખેલ જોઇને ખૂબ જોરથી હસવા લાગતી અને તેને કંઇક ખાવાનું આપતી. તે તેને પોતાના સાથીઓને વહેં-ચીને ખાઇ લેતા અને પછી બીજે ઘેર જતા. આ રીતે તે પોતાને ઘેર પણ ગયા. શચી માતા ભોજન બનાવતાં હતાં. તેમણે કહ્યુંઃ "બા! ભગવાન તમારૂં ભલું કરો; તમારે ત્યાં લીલાલહેર રહ્યા કરો; આ આંધળાને થોડી ભીખ આપી જાઓ." માતા ઘરમાંથી બહાર આવી અને તેનું આવું રૂપ જોઇને આશ્ચર્યપૂર્વક કહેવા લાગીઃ "નિમાઇ! તું કેવો બગડતો જાય છે! ભલા, બ્રાહ્મણના બાળકે તે આવા વેશ કઢાય કે! તું ઘેર ઘેર ભીખ માગે છે! તારા ઘરમાં શું ઓછું છે? આવા ખેલ કરવા તને યોગ્ય નથી."

તેમણે તેજ સમયે પાટો ખોલીને કહ્યુંઃ "મા! નિર્ધન બ્રાહ્મણનો મૂર્ખ બાળક આંધળોજ છે, તે ભીખ માગવા સિવાય બીજું કરી પણ શું શકે? તું મને ભણાવશે નહિ તો મારે ભીખજ માગવી પડશે ને!" તેમની આ વાત સાંભળીને શચીદેવીની આંખોમાં પ્રેમને લીધે આંસુ ભરાઇ આવ્યાં, તેમણે તેને જલદીથી ગોદમાં લઇને બચી કરી. સાથેના છોકરાઓને થોડી થોડી મિઠાઈ આપીને વિદાય કર્યા અને તેને સ્નાન કરાવી ભોજન કરાવવા લાગી.

તે જાણી જોઇને ઉધમાત કરવા લાગ્યા. જ્યારે તેઓ ઘેર રહેતા અને કોઈ ચીજ વેચનાર ત્યાં આવતું તો માતાને વારંવાર આગ્રહ કરતા કે, મને અમુક ચીજ લઇ આપો. મિઠાઇવાળો આવે તો મિઠાઈ લેવા કહે, ફળવાળો

આવે તો ફળો લેવાને માટે આગ્રહ કરે. આટ વેચાવા આવે તો આટજ ખાવા માગતા. ન અપાવે તો ખૂબ જોરથી રડતા અને જ્યાંસુધી તે લેતા નહિ ત્યાંસુધી રડયાજ કરતા તથા પોતાને તે ચીજ મળતાં તેમાંથી થોડીક ખાતા અને બાકી-ની એમ ને એમજ પડી મૂકતા.

માતા વારંવાર પ્રેમથી સમજાવતી કે "બેટા! તું જાણતો નથી કે તારા પિતા નિર્ધન છે? તેમની પાસે એટલા પૈસા કયાંથી હોય! તું આખો દિવસ જાત જાતની ચીજો-ને માટે રડયા કરે છે, જે કંઇ વેચાવા આવે છે તેને માટે હઠ પકડે છે. એટલા પૈસા હું કયાંથી લાવું?"

તેઓ કહેતાઃ "મને ભણવા નહિ દો, તો હું એવુંજ કરીશ. જ્યારે ભણીશ નહિ ત્યારે તો એમજ કરવાનો. મારે એની શી પરવા! કાં તો મને ભણવા દો, નહિ તો હું આજ પ્રમાણે માગ્યા કરીશ." એની આવી વાતો સાંભ-ળીને માતા વિચારતી કે આનાથી તો તેને ભણવા દેવો તે વધારે સારૂં છે; પરંતુ વિશ્વરૂપનું સ્મરણ આવતાંજ તે ડરી જતી અને પછી મિશ્રજીને કહેવાનું સાહસ કરી શકતી નહિ. આ તરફ નિમાઇ વધારે ને વધારે તોફાની થતા જતા હતા.

એક દિવસ તેમણે ગુસ્સામાં આવીને ઘરમાંનાં ઘણાં માટીનાં વાસણ આંગણામાં કાઢી કાઢીને ફોડી નાખ્યાં અને પોતે પાસેનાજ એક ઢગલા ઉપર જઇ બેઠા. ત્યાં એજ પ્રમાણે એંઠી હાંલ્લીઓ પોતાના હાથપર પહેરી લીધી. ભાંગી–તૂટી એક છાબડી માથા ઉપર મૂકી અને હાથમાં મેશ લઇને શરીરે ઘસવા લાગ્યા. માતા વારંવાર મના કરતી પરંતુ તેઓ સાંભળતાજ નહિ, ને ત્યાંજ બેઠા બેઠા છાનામાના ફૂટેલી હાંલ્લીઓ ખખડાવ્યા કરતા. ઘણી નજીક-ની પાડોશી સ્રીઓ પણ આવી પહોંચી. ગંગાસ્નાન કર-નારા ઉભા થયા. માતા તેને વારંવાર ફિટકાર આપતી, તેને એવાં અપવિત્ર કાર્ય કરવાની મના કરતી. તે કહેતાઃ—"મૂર્ખ બેટા પાસે તું બીજી શાની આશા રાખી શકે?

જ્યારે તું મને ભણાવીશ નહિ, તો હું આવુંજ કામ કરીશ. મૂર્ખ માણસ પવિત્ર-અપવિત્રમાં શું જાણે ? તે વિદ્યા ભણવાથીજ તેને જ્ઞાન થાય છે." પાસે ઉભેલી સ્ત્રીઓ મળી માતાને આશ્વાસન આપતાં કહેવાં: "બાળક કહે છે તે બરાબર: તમે એને ભણવા કેમ દેતાં નથી ? એ તો અદ્ભુત ભાગ્યની વાત કહેવાય કે છોકરો ભણવા માટે આટલો આગ્રહ કરે છે. અમારાં બાળકો તો માર મારવા છતાંયે ભણવા જતાં નથી. તેને ભણવા માટે જરૂર મોકલવા કરો." પાસે ઉભેલા બીજા લોકો પણ આ બાળકની વાતને ટેકો આપતા હતા.

બધાના સમજાવવાથી માતાનો ભાવ પણ બદલાઈ ગયો. તેણે વહાલથી કહ્યું: "ઠીક, હાલથી ભણજે. હું તારા પિતાને કહીશ. હવે જઈને જલદી જલદી સ્નાન કરી લે." એટલું સાંભળતાંજ તેઓ જલદીથી ઉઠીને ચાલ્યા આવ્યા અને માતાના કહ્યા પ્રમાણે તરતજ ગંગાસ્નાન કરીને ઘેર પાછા આવ્યા.

શચીદેવીએ પંડિતજીને ઘણો આગ્રહ કર્યો કે બાળકને ભણવા દેવો જોઇએ. બધા ભણેલા ગણેલા-થોડાજ સંન્યાસી થઇ જાય છે ! નવદ્વીપમાં હજારો પંડિતો છે, આટલા વિદ્યાર્થીઓ છે, તેમાંથી કોઇ પણ સંન્યાસી નથી થયું. એ તો ભાગ્યની વાત છે. જો એના ભાગ્યમાં સંન્યાસજ હશે તો આપણે તેને અટકાવી થોડાંજ શકવાનાં છીએ ! બ્રાહ્મણબાળક મૂર્ખ રહે તે બરાબર નથી. બીજા પણ ઘણા માણસોએ પંડિતજીને આગ્રહ કર્યો. બધા લોકોના કહેવાથી પંડિતજીએ ભણવાની સંમતિ આપી. હવે નિમાઈ મન દઈને લખવા-વાંચવા લાગ્યા, ને હવે તેમણે સર્વ પ્રકારનાં તોફાન છોડી દીધાં.

એક દિવસ તેમણે નૈવેદ્યનું પાન ખાઈ લીધું. તે ખાતાંજ તેઓ બેભાન થઇ ગયા. થોડી વારમાં ભાન આવતાં તેમણે માતાને કહ્યું: "મા ! ભાઈ વિશ્વરૂપ મારી પાસે

[illegible]

આ વાત સાંભળી માતાને વિશ્વરૂપ સાંભરી આવ્યા. તેમની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. તેમણે પોતાના નાનકડા નિમાઈને છાતી સરસો ચાંપ્યો. તેમનો માતૃસ્નેહ ઉભરાઈ આવ્યો અને ડૂસકાં ભરતાં રડતાં રડતાં તેમણે કહ્યું: "બેટા નિમાઈ! હવે અમને તારો એકમાત્ર આશરો છે, અમો વૃદ્ધ અંધોની તું જ એકમાત્ર લાકડી છે. અમારી બધી આશાઓ તારા જ ઉપર છે. તું અમને વિશ્વરૂપની પેઠે દગો ના કરશ." નિમાઈ ઘણી વાર સુધી માતાને વળગી રહ્યા, તેમને માતાની શીતળ સુખદાતા ગોદમાં પરમ શાંતિ મળતી હતી, માતા પણ એક અનિર્વચનીય આનંદનો અનુભવ કરી રહી હતી.

આ પ્રકારે નિમાઈની ઉંમર ૯ વર્ષની થઈ. તેમનું શરીર નીરોગી, હૃષ્ટપુષ્ટ અને સુગઠિત હતું, દેખાવમાં તે ૧૬ વર્ષના યુવક જેવા જણાતા હતા. હવે પિતાએ તેમના યજ્ઞોપવિતની તૈયારીઓ કરવા માંડી.





यज्ञोपवीतसंस्कार

जन्मना जायते शूद्रः संस्काराद्द्विज उच्यते ।
वेदपाठी भवेत् विप्रः ब्रह्म जानाति ब्राह्मणः ॥

(ધર્મશાસ્ત્ર)

અર્થાત્ જન્મકાળમાં બાળક શૂદ્રના સરખો હોય છે. સંસ્કાર થવાથી તે દ્વિજ કહેવાય છે, તે હમેશાં વેદોનુંજ અધ્યયન-અધ્યાપન કરે-કરાવે છે, તેથી તેઓ વિપ્ર કહેવાય છે, અને જેને બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ ગયો તેજ ખરી રીતે બ્રાહ્મણ છે.

સંસ્કાર એજ જીવનમાર્ગ દર્શાવનાર ચિહ્ન છે. જેવા સંસ્કાર હશે તેજ પ્રમાણે જીવન આગળ વધશે. સંયમ અને નિયમ એજ ઉન્નતિનાં સાધન છે. પૂજ્યપાદ મહર્ષિઓએ સંયમનાજ સિદ્ધાંતો ઉપર વર્ણાશ્રમ ધર્મનો પ્રચાર કર્યો અને તેમને માટે જુદાં જુદાં કર્તવ્ય બનાવ્યાં-દ્વિજાતિઓ માટે ૧૬ સંસ્કારોની આજ્ઞા આપી. ગર્ભાધાનથી લઈને મૃત્યુ અથવા સંન્યાસ સુધી સર્વ સંસ્કારોની એક ખાસ વિધિની રચના કરી, કે જેથી ચિત્ત ઉપર પ્રભાવ પડે અને ભાવિ જીવન ઉજ્જ્વળ બની શકે. દ્વિજાતિઓના વેદારંભ અને ઉપનયન સંસ્કાર એજ મુખ્ય ગણાય છે. ખરી રીતે તો યજ્ઞોપવીત સંસ્કાર થયા પછીજ બાળકના પર વૈદિક કર્મ લાગુ થાય છે, તેથી તેને વ્રતબંધ-સ્કાર પણ કહે છે. પૂર્વકાળમાં બાળક જ્યારે ભણવા ગ્ય થતો, ત્યારે તેને સદ્ગુરુના આશ્રમમાં લઈ જતા. તેને શૌચ, આચાર અને વેદનું શિક્ષણ આપતા. બસ, જ ઉપનયનસંસ્કાર કહેવાતા. વિદ્યા સમાપ્ત થતાં ગુરુની શાથી શિષ્ય જ્યારે ઘેર પાછો આવતો, ત્યારે તેને ાવર્તન સંસ્કાર કહેતા હતા. એ ત્રણે સંસ્કાર આજે

પણ નામના તો થાયજ છે; પરંતુ એ ત્રણેનું નાટક એકજ દિવસમાં પૂરૂં કરાવાય છે. આ વિકૃત સંસ્કાર આજે પણ આપણી મહત્તાનું સ્મરણ કરાવે છે.

આજે નિમાઈના યજ્ઞોપવીત સંસ્કાર થશે. ઘરમાં લગ્નની પેઠે તૈયારીઓ થઈ રહી છે, મિશ્રજીએ પોતાની શક્તિ અનુસાર આ સંસ્કારને ખૂબ ધામધૂમથી ઉજવવાનો નિશ્ચય કરેલો છે. ઘરના આંગણામાં એક મંડપ બનાવવામાં આવ્યો છે. તેમાં એક બાજુ વિદ્વાન બ્રાહ્મણ બેઠા છે, તેમની પાછળ મિશ્રજીના સંબંધીઓ અને સ્નેહીઓ બેઠા છે. સામે સ્ત્રીઓ બેઠી છે, તેઓ જાત જાતનાં મંગળ ગીત ગાય છે. બારણાં આગળ વાજાં વાગી રહ્યાં છે, ચારે તરફ ખૂબ ધામધૂમ જણાય છે. ગ્રહપૂજા અને હવનાદિ કાર્ય કરાવવા માટે આચાર્ય સુદર્શન અને વિષ્ણુ પંડિત વગેરે વિદ્વાનો મિશ્રજીની પાસે મંડપમાં બેઠા છે. યથાસમયે મુંડન કરાવીને નિમાઇને મંડપમાં બોલાવવામાં આવ્યા. તેમનું મસ્તક સાફ હતું. આચાર્યે તેમને પોતાને હાથે બ્રહ્મચારીઓ જેવાં પીળાં વસ્ત્ર પહેરાવ્યાં. પીળા વસ્ત્રની લંગોટી પહેરાવી, ઓઢવાને મૃગચર્મ આપ્યું અને હાથમાં એક મોટો ખાખરાનો દંડ આપ્યો. હવે નિમાઇ બરાબર બ્રહ્મચારી બન્યા. ગૌર વર્ણના ઉજ્જવળ શરીર ઉપર પીળાં વસ્ત્ર ઘણાં જ સુંદર લાગતાં હતાં. પિતાની પાસે બેસીને સમિધાધાન કર્યું, અગ્નિમાં આહુતિ આપી અને યજ્ઞોપવીત ધારણ કર્યું. મિશ્રજીએ એક વસ્ત્ર આડે રાખીને તેમના કાનમાં વેદમાતા સાવિત્રી અથવા ગાયત્રી–મંત્રનો ઉપદેશ આપ્યો. મંત્રના શ્રવણમાત્રથી તે ભાવાવેશમાં આવી ગયા. મંત્ર સાંભળતાં જ તેમણે એક ઘણા જોરથી હોકારો કર્યો અને તે સાથે જ ચેતનહીન થઇને પૃથ્વી ઉપર પડી ગયા. હાથનો દંડ એક બાજુ પડ્યો હતો અને તે ચેતનહીન થઇને પૃથ્વી ઉપર બીજી બાજુ પડ્યા હતા. બન્ને નેત્રોમાંથી અશ્રુઓની ધારાઓ ચાલી રહી હતી, પ્રાણવાયુ ઘણોજ ધીમે ધીમે ચાલતો

હતો. યજ્ઞનો ધુમાડો લાગવાથી લાલ લાલ આંખો અર્ધી ઉઘાડી હતી અને તે બેભાન થઈને ચુપચાપ જમીનપર પડ્યા હતા. તેમની આવી અવસ્થા જોઈને બધા ગભરાઈ ગયા. મિશ્રજીએ તેમના મુખપર પાણી છાંટ્યું. કેટલાક પંખાથી પવન નાખવા લાગ્યા. ધીમે ધીમે તેમની મૂર્છા વળી અને થોડી વારે પછી ભાનમાં આવ્યા. બધાને તેમની આ અવસ્થાથી મહાન આશ્ચર્ય થયું. ભાનમાં આવતાં તેમણે પિતાજીને કહ્યું: " પિતાજી ! હવે મારે શું કરવું ? "

બ્રહ્મચર્ય વ્રત લેવાથી વિદ્યાર્થીએ ગુરુને ઘેર રહીને ભિક્ષા પરજ નિર્વાહ ચલાવવાનો હતો. યજ્ઞોપવીતસમયે આજે પણ એક દિવસને માટે ભિક્ષાનો અભિનય કરાવવામાં આવે છે, તેથી હવે નિમાઇને ભિક્ષા માગવામાટે ઝોળી આપવામાં આવી. નિમાઇના હૃદય ઉપર આ સંસ્કારનો અત્યંત ઉંડો પ્રભાવ પડ્યો હતો. આ કાર્યને લીધે તેમની કાયા બદલાઈ જવા જેવી થઈ ગઈ. મુખ ઉપર એક અપૂર્વ જ્યોતિ જણાવા લાગી. મુંડન કરાવેલું મસ્તક સૂર્યના પ્રકાશમાં ચળકવા લાગ્યું. એક હાથમાં દંડ અને બીજા હાથમાં ઝોળી લીધેલા બ્રહ્મચારીના વેશમાં નિમાઇ ઘણા સુંદર લાગતા હતા. જાણે વામન ભગવાન પોતાના ભક્ત બલિ પાસે ભિક્ષા માગવા જતા ન હોય! તે પહેલાં પોતાની માતા પાસે ભિક્ષા લેવા ગયા, પછી વારાફરતી બધાની પાસે ભિક્ષા માગવા લાગ્યા. આચાર્યે તેમને ભિક્ષા માગવાની રીત બતાવી દીધી હતી. તેજ પ્રમાણે તેઓ બધાની પાસે જતા અને 'भवति भिक्षां देहि' કહીને ઝોળી સામે ધરતા. સ્ત્રીઓ તેમનું રૂપ-લાવણ્ય જોઈને મુગ્ધ થઇ ગઇ, માતા મનમાં ને મનમાં પ્રસન્ન થતી હતી, તેમના હૃદયમાં પુત્રસ્નેહની લહરિઓ ઉઠતી હતી. તે નિમાઇની શોભા જોઇ જોઇને તૃપ્ત જ થતી નહોતી. અતૃપ્ત દૃષ્ટિથી તે નીચું મસ્તક રાખીને ધીરે ધીરે નિમાઈનીજ તરફ જોઇ રહી હતી. સ્ત્રીઓ તેને જાત જાતની વસ્તુઓ ભેટમાં આ[illegible] હતી. કોઇ ફળ આપતી, કોઈ મિઠાઇનો થાળ આપ[illegible]

કોઈ કોઈ તેની ઝોળીમાં પૈસા નાખતી. તે બધાની પાસે જઈને ઊભા રહેતા, જેમની પણ પાસે તેઓ ઊભા રહેતા, તેમને પ્રેરણા થતી કે સર્વસ્વ સમર્પણ કરી દઈએ. આ પ્રમાણે તે ભિક્ષા માગતા માગતા આમ તેમ ફરવા લાગ્યા.

એટલામાં એક વૃદ્ધ બ્રાહ્મણ લાકડી ઠોકતો ઠોકતો સંસ્કારમંડપમાં આવ્યો. તેણે નિમાઈને ઇશારાથી પોતાની પાસે બોલાવ્યો, તે જલદીથી તેની પાસે ગયા. તેણે પોતાના ધ્રૂજતા હાથ વડે એક સોપારી તેની ઝોળીમાં નાખી. તેમણે એ સોપારીને જલદીથી પોતાની ઝોળીમાંથી કાઢીને પોતાના મોંમાં મૂકી દીધી. સોપારી ખાતાંજ તેમની વિચિત્ર દશા થઈ ગઈ. તે કોઈ ભારે ભાવાવેશમાં ડૂબી ગયા અને તેજ ભાવાવેશમાં માતાને ગંભીર સ્વરે કહેવા લાગ્યાઃ “મા ! આજથી એકાદશીને દિવસે અનાજ કદી પણ ન ખઈશ.” માતા પણ ભાવાવેશમાં પોતાને ભૂલી ગઈ. તે સમજીજ ન શકી કે, નિમાઈજ મને ઉપરોક્ત વાત કહી રહ્યો છે. તેને જણાયું કે, જાણે કોઈ દિવ્ય પુરુષ મને આદેશ આપે છે. તેથી તેણે વિનયપૂર્વક ઉત્તર આપ્યોઃ “જેવી આજ્ઞા. આજથી એકાદશીને દિવસે અન્ન નહિ લઉં.”

થોડી વારમાં તેમણે કહ્યુંઃ “ઠીક, હવે હું જાઉં છું; તમારા પુત્રની રક્ષા કરજો.” એટલું કહીને એ પાછા ચેતન-રહિત થઈને પડી ગયા અને થોડી વાર પછી ચારે તરફ પોતાની મોટી મોટી લાલ લાલ આંખોને ફાડી ફાડીને જોવા લાગ્યા, જાણે કોઈ નિદ્રામાંથી જાગેલો માણસ આશ્ચર્ય-પૂર્વક પોતાની પાસેનાં અપૂર્વ કાર્યોને જોઈ રહ્યો ન હોય ! તેઓ ભાનમાં આવ્યા પછી મિશ્રજીએ પૂછ્યુંઃ “બેટા ! શું હતું ? તું શું કહેતો હતો ?”

તેમણે સરળતાથી જવાબ આપ્યોઃ “નારે પિતાજી ! મેં તો કોઈ વાત કહી નથી. મને કશી ખબર પણ નથી; કોણ જાણે શું થયું હતું. મને તો નિદ્રા આવી હોય એવું કંઈક લાગતું હતું.” આ વાત સાંભળીને બધા ભાવા-વેશના સંબંધમાં જાત જાતના તર્ક-વિતર્ક કરવા લાગ્યા.

કોઇએ કહ્યું: " કોઇ ભૂત-પ્રેતનો આવેશ છે." કોઇએ કહ્યું: " કોઈ દિવ્યાત્માનો આવેશ છે." ભક્તોએ કહ્યું: " ના, એ સાક્ષાત્ હરિ-ભગવાનનો આવેશ છે." તેજ દિવસે યજ્ઞોપવીત સમયે તેમનું નામ 'ગૌરહરિ' રાખવામાં આવ્યું." સ્ત્રીઓને આ નામ ઘણુંજ પ્રિય હતું. હવેથી તેઓ નિમાઇને ઘણે ભાગે 'ગૌર' અથવા 'ગૌરહરિ'જ કહીને બોલાવવા લાગી.

યજ્ઞોપવીત સંસ્કાર સમાપ્ત થતાં ગૌરના સમાવર્તન સંસ્કાર કરવામાં આવ્યા. તેમનાં વસ્ત્ર બદલાવવામાં આવ્યાં. માતાએ મોટી મોટી આંખોમાં મેશ આંજી દીધી. નવાં વસ્ત્રો પહેરીને ગૌર બહાર આવ્યા. તેમણે સૌથી પહેલાં પિતાના ચરણોને સ્પર્શ કરીને પ્રણામ કર્યા, પછી ક્રમે ક્રમે સર્વ વૃદ્ધ બ્રાહ્મણોનાં ચરણોમાં પ્રણામ કર્યા. બ્રાહ્મણોએ તેમને જાત જાતના આશીર્વાદ આપ્યા. આ રીતે ઘણાજ આનંદ સાથે તેમના યજ્ઞોપવીતસંસ્કાર સમાપ્ત થયા.

યજ્ઞોપવીત થઇ ગયા પછી તેઓ આચાર્ય સુદર્શન અને વિષ્ણુ પંડિતની પાસે ભણવા જવા લાગ્યા. તેમની મેધાશક્તિ બાલ્યકાળથીજ ઘણી તીક્ષ્ણ હતી. અધ્યાપક જે એક વાર તેમને ભણાવતા, તે ફરી બીજી વાર તેમને પૂછવાની આવશ્યકતાજ નહોતી રહેતી. તેથી અધ્યાપક તેમના ઉપર ઘણાજ પ્રસન્ન રહેવા લાગ્યા.

થોડા દિવસો પછી મિશ્રજીએ તેમને માયાપુર પાસેની ગંગાનગરની પાઠશાળામાં ભણવામાટે મોકલ્યા. તે સમયે તે પાઠશાળાના મુખ્ય અધ્યાપક પંડિત ગંગાદાસજી હતા. પંડિત ગંગાદાસજી વ્યાકરણના અદ્વિતીય વિદ્વાન હતા. વ્યાકરણમાં તેમની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. મોટા મોટા યોગ્ય વિદ્યાર્થીઓ તેમની પાઠશાળામાં અધ્યયન કરતા હતા. તે વખતે વ્યાકરણની એજ પાઠશાળા મુખ્ય હતી. નિમાઈ પણ બીજા વિદ્યાર્થીઓ સાથે પંડિત ગંગાદાસજીની પાસે વ્યાકરણ ભણવા લાગ્યા.



मिश्रनुं स्वर्गारोहण

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ।
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥

(भर्तृहरि वैराग्यशतक)

અર્થાત (સૂર્યાસ્તને સમયે કમળ બિડાઈ જાય છે, તેમાં રસલોલુપ એક ભમરો પણ કમળની સાથે બિડાઈ ગયો છે. રાત્રે તે કમળમાં બેઠો બેઠો મનસૂબા કરી રહ્યો હતો કે) હવે થોડી વારમાં મનોહર સુંદર પ્રભાત થશે, ભગવાન સૂર્યનારાયણ ઉદય પામીને સમસ્ત દુનિયાને પ્રકાશ આપશે, તે સમયે પ્રસન્ન થઈને કમળ ઉઘડશે, ચક્રવાક પોતાની પ્રિયા ચક્રવાકીના આખી રાતના વિયોગને ભૂલી જઈને તેને પામી હસવા લાગશે. આ પ્રમાણે તે વિચાર કરતો હતો, તેવામાંજ અહો ! ઘણુંજ દુઃખની વાત છે કે એક મદમસ્ત હાથી ત્યાં ચાલ્યો આવ્યો અને જે કમળની દાંડીમાં તે ફૂલ હતું તેને તોડીને કચરી નાખ્યું અને ભમરાના બધા મનોરથો મનમાંજ રહી ગયા.

પંડિત જગન્નાથ મિશ્રની આશા-લતા હવે ઘણીજ ઝડપથી વધવા લાગી હતી. તેજ લતા ઉપર નાની નાની કળીઓ આવવા લાગી. તેની મધુર મધુર ગંધને લીધે મિશ્રજી કોઈ કોઈ વાર પોતાની જાતનું ભાન પણ ભૂલી જતા. તેઓ વિચારતા કે “ભગવાન મારી ઘણા કાળની



विद्याव्यासंगी निमाई

अन्या जगद्धितमयी मनसः प्रवृत्ति-
रन्यैव कापि रचना वचनावलीनाम् ।
लोकोत्तरा च कृतिराकृतिरङ्गहृद्या
विद्यावतां सकलमेव गिरां दवीय ॥
(સુભાષિત રત્નભાંડાગાર ૪૦–૨૫)

અર્થાત્ વિદ્વાનોની મનોવૃત્તિ જગતનું હિત કરનારી અને સંસારી લોકોની વૃત્તિથી વિલક્ષણજ હોય છે. તેમની વાણીની રચના પણ કંઈક અલૌકિકજ હોય છે. આકૃતિ મનોહર અને કાર્ય લોકોપયોગી હોય છે. તેમની સઘળી વાતો એવી હોય છે, કે જેનું વાણી દ્વારા વર્ણનજ કરી શકાતું નથી.

ઘણું કરીને મેધાવી–બુદ્ધિશાળી બાળક ગંભીર હોય છે. તેની ગંભીરતામાં તેનું પાંડિત્ય જણાવા પામતું નથી. તે લોકોનો માનપાત્ર તો અવશ્ય બને છે, પરંતુ બધા સાથીઓ તેની સાથે ખુલ્લે દિલે વાતો કરી શકતા નથી. તેની સાથે વાર્તાલાપ કરવામાં કંઈક સંકોચ અને ભય જેવું લાગે છે. જો પ્રખર બુદ્ધિશાળી વિદ્યાર્થી મેધાવી હોવાની સાથે સા... ચંચળ, હસમુખો અને મળતા-વડો પણ હોય, ... તેનં ... ? સુશોભિત સોનામાં જાણે ? ... નાના મોટા બધા વિ... બની જાય છે. ... આવશ્યકતાથી વધા...

વાવી હતા. હાસ્યનો તો જાણે મુખમાંથી હમેશાં ઝરો ઉડતો હતો. તે વાત વાતમાં ખૂબ જોરથી ખિલખિલાટ કરીને હસતા હતા અને બીજાઓને પણ પોતાના મનોહર વિનોદોથી હસાવતા રહેતા. તેમની પાસે મોં ચઢાવીને કોઈ બેસીજ શકતું નહિ, તેઓ તો રડનારને પણ હસાવનારા હતા.

પંડિત ગંગાદાસજીની પાઠશાળામાં અનેક વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા અને તેઓ તેમનાથી વિદ્યાવૃદ્ધ હોવા સાથેજ વયોવૃદ્ધ પણ હતા. પાઠશાળામાં ૩૦–૩૦ ૪૦–૪૦ વર્ષના વિદ્યાર્થીઓ હતા, તેમની ઉંમર હજુ ૧૩–૧૪ વર્ષની હતી, છતાં પણ તેઓ મોટા મોટા વિદ્યાર્થીઓની હમેશાં છેડતી કરતા રહેતા. તે વિદ્યાર્થીઓમાં ઘણાખરા તો અતિમેધાવી અને કુશાગ્ર બુદ્ધિવાળા હતા અને તેઓ આગળ ઉપર લોકપ્રસિદ્ધ પંડિતો થયા હતા. પ્રસિદ્ધ કવિ મુરારી ગુપ્ત, કમળાકાન્ત અને તંત્રશાસ્ત્રના સર્વમાન્ય આચાર્ય કૃષ્ણાનંદ તે દિવસોમાં તેજ પાઠશાળામાં ભણવા હતા. નિમાઈ નાના મોટા કોઈનો પણ સંકોચ કરતા નહોતા. તેઓ બધાની સાથે ઝગડતા અને તેમની સાથે વાદવિવાદ કરવા લાગતા હતા. ખાસ કરીને તેઓ વૈષ્ણવ વિદ્યાર્થીઓને ખૂબ ચીઢાવતા હતા. તેમની જાત જાતની મીઠી મીઠી મશ્કરીઓ કરતા અને તેમને નીચું જોવડાવીનેજ છોડતા.

મુરારી ગુપ્ત, તેમનાથી ઉમ્મરમાં મોટા હતા, પરંતુ તેઓ તેમને હમેશા ચીઢવતા. મુરારી પહેલા તો બાળક નિમાઈને હમેશાં તેમની ઉપેક્ષા કરતા રહેતા. જ્યારે તેમને તેમની બુદ્ધિનો પરિચય થયો, ત્યારે તો તેઓ તેમની સાથે ખૂબ વાતો કરવા લાગ્યા. તેઓ કહેતા:— "[illegible]રી ! અમુક પ્રયોગને સિદ્ધ કરો." મુરારી તેને બારા- [illegible] કરતા. તે તેના કેટલાય દોષો કાઢતા અને ખ[illegible]ન કરતા. મુરારી તેમની તર્કશૈલી

જ્યાં સુધી આપની તબિયત સારી નહિ થાય, ત્યાં સુધી હું ભણવા નહિ જાઉં." મિશ્રજી ચૂપ થઈ ગયા, અને નિમાઈ ઉદાસચિત્તે તેમની પાસે બેઠા રહ્યા.

કેટલાક દિવસ થઈ ગયા, તાવ ઓછોજ થતો નહોતો. વૈદ્યને પણ શચીદેવીએ બોલાવ્યા.

ઘરમાં એટલા પૈસા નહોતા કે મોટા મોટા વૈદ્યોને બોલાવી શકાય. પાસેના જે સામાન્ય વૈદ્ય હતા તેમણેજ બતાવેલી દવા કોઈ કોઈ વાર આપવામાં આવતી. પરંતુ રોગ ઘટવાને બદલે વધવાજ લાગ્યો. મિશ્રજી જીવવાની આશા છોડીને બેઠા. તેમને પોતાના અંતિમ સમયનું જ્ઞાન થઇ ગયું.

ક્ષીણ સ્વરે તેમણે શચીદેવીને કહ્યું: "હવે મારા જીવનની કોઇ આશા નથી. મને લાગે છે કે આ શરીરથી હવે હું મારી આશા પૂરી થતી નહિ જોઇ શકું. ઠીક, જેવી રઘુનાથજીની ઇચ્છા. હું હવે શું કહું, મારી સાથે તને કંઇ પણ સુખ પ્રાપ્ત થયું નથી. ભગવાનની એવીજ ઇચ્છા હતી, હવે તો હું થોડાજ સમયનો મહેમાન છું, નિમાઇનું ધ્યાન રાખજે." એટલું કહેતા કહેતામાં મિશ્રજીને શ્વાસ ચઢવા લાગ્યા. પછી તેઓ કંઇ પણ કહી શકયા નહિ અને છાનામાના ઉંડા ઉંડા શ્વાસ લેવા લાગ્યા. શચીદેવી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા લાગ્યાં.

પિતાની આવી દશા જોઇને નિમાઇએ તેમને પાટ ઉપરથી નીચે ઉતારવાની સલાહ આપી. મિશ્રજીને નીચે દર્ભના આસન પર સુવાડવામાં આવ્યા. મિશ્રજીએ નીચેથી ધીરે ધીરે કહ્યું: "મને શ્રીભાગીરથીના તટે લઈ જાઓ." તેમની ઇચ્છાનુસાર નિમાઇ માતાની સાથે તેમને પોતેજ ગંગાતટે લઇ ગયા—૧૧ વર્ષના બાળકે કોઇ બીજાને હાથ લગાડવા પણ દીધો નહિ! માતાની મદદથી તેઓ પોતેજ મિશ્રજીને ગંગાતટે લઇ ગયા.

નિમાઇએ પણ સમજી લીધું કે, હવે પિતાજી અમને છોડીને સદાને માટે ચાલ્યા જાય છે. તેથી તેમણે રડતાં રડતાં કહ્યું: "પિતાજી! અમને શું કહો છો? આપ અમને કોના હાથમાં સોંપો છો?"

મિશ્રજીએ પોતાનો દુર્બળ હાથ ધીરે ધીરે ઉઠાવીને નિમાઇના મસ્તક ઉપર ફેરવ્યો અને તેના મસ્તકને છાતી ઉપર મૂકી ક્ષીણ સ્વરે કહ્યું: "નિમાઇ! હું તને ભગવાન વિશ્વંભરના હાથમાં સોંપું છું, તેઓજ તારૂં રક્ષણ કરશે." આમ કહેતાંકહેતાં મિશ્રજીએ પુણ્યસલીલા ભગવતી ભાગીરથીના કિનારે પોતાનું આ નશ્વર શરીર તજી દીધું. નિમાઇ અને શચીદેવી મોટે સાદે રડવા લાગ્યાં. સગાંસંબંધીઓએ તેમને ધીરજ આપી. વિધિપૂર્વક નિમાઇએ પિતાની અંત્યેષ્ટિ ક્રિયા કરી. પિતાના પરલોકગમનથી તેમને અત્યંત દુઃખ થયું. માતાને તો ચારે બાજુ અંધકારજ અંધકાર જણાવા લાગ્યો. તેને મિશ્રજીના અકાળ અવસાનથી ઘણુંજ દુઃખ થયું. ઘરમાં બીજું કોઇ નહોતું. તેથી ગૌરેજ માતાને ધીરજ આપી. તેમણે માતાને કહ્યું: "મા! ભાગ્યને કોણ દૂર કરી શકે છે? મરણ તો કોઇ ને કોઇ દિવસે બધાને આવવાનુંજ છે. આપણા ભાગ્યમાં આટલાજ દિવસ પિતાજીનો સાથ નિર્માણ થયો હશે. હવે તેઓ આપણને છોડીને ચાલ્યા ગયા. તું આટલી બધી દુઃખી ન થા. તને દુઃખી જોઇને મારૂં કાળજું ફાટવા લાગે છે. હું હરેક રીતે તારી સેવા કરવા તૈયાર છું."

નિમાઇના સમજાવવાથી માતાએ ધૈર્ય ધારણ કર્યું અને પોતાના શોકને છુપાવ્યો.



विद्याव्यासंगी निमाई

अन्या जगद्धितमयी मनसः प्रवृत्ति-
रन्यैव कापि रचना वचनावलीनाम् ।
लोकोत्तरा च कृतिराकृतिरङ्गहृद्या
विद्यावतां सकलमेव गिरां दवीय ॥
(સુભાષિત રત્નભાંડાગાર ૪૦-૨૫)

અર્થાત્ વિદ્વાનોની મનોવૃત્તિ જગતનું હિત કરનારી અને સંસારી લોકોની વૃત્તિથી વિલક્ષણજ હોય છે. તેમની વાણીની રચના પણ કંઈક અલૌકિકજ હોય છે. આકૃતિ મનોહર અને કાર્ય લોકોપયોગી હોય છે. તેમની સઘળી વાતો એવી હોય છે, કે જેનું વાણી દ્વારા વર્ણનજ કરી શકાતું નથી.

ઘણું કરીને મેધાવી-બુદ્ધિશાળી બાળક ગંભીર હોય છે. તેની ગંભીરતામાં તેનું પાંડિત્ય જણાવા પામતું નથી. તે લોકોનો માનપાત્ર તો અવશ્ય બને છે, પરંતુ બધા સાથીઓ તેની સાથે ખુલ્લે દિલે વાતો કરી શકતા નથી. તેની સાથે વાર્તાલાપ કરવામાં કંઇક સંકોચ અને ભય જેવું લાગે છે. જો પ્રખર બુદ્ધિશાળી વિદ્યાર્થી મેધાવી હોવાની સાથે સાથેજ ચંચળ, હસમુખો અને મળતાવડો પણ હોય, ત્યારે તો તેનું કહેવુંજ શું ? સુશોભિત સોનામાં જાણે સુગંધ પણ મળી. એવો વિદ્યાર્થી નાના-મોટા બધા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોનો પ્રીતિપાત્ર બની જાય છે. નિમાઈ એવાજ વિદ્યાર્થી હતા. તેઓ આવશ્યકતાથી વધારે ચંચળ હતા અને તેવાજ અદ્વિતીય

મેળવી હતી. હાસ્યનો તો એમના મુખમાંથી હમેશાં ઝરો-જ ફૂટતો-હતો. તે વાત વાતમાં ખૂબ હેતથી વિનોદ-હાસ કરીને હસતા હતા અને બીજાઓને પણ પોતાના મનોહર વિનોદોથી હસાવતા રહેતા. તેમની પાસે આવીને કોઈ ખિન્ન રહેતું નહિ, તેઓ તો રડનારને પણ હસાવનાર હતા.

પંડિત ગંગાદાસજીની પાઠશાળામાં અનેક વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા અને તેઓ તેમનાથી વિદ્યાવૃદ્ધ હોવા ઉપરાંત વયોવૃદ્ધ પણ હતા. પાઠશાળામાં ૩૦–૩૦ ૪૦–૪૦ વર્ષના વિદ્યાર્થીઓ હતા, તેમની ઉંમર હજુ ૧૩–૧૪ વર્ષની હતી, છતાં પણ તેઓ મોટા મોટા વિદ્યાર્થીઓની હમેશાં છેડતી કરતા રહેતા. તે વિદ્યાર્થીઓમાં ઘણાખરા તો અતિમેધાવી અને કુશાગ્ર બુદ્ધિવાળા હતા અને તેઓ આગળ ઉપર લોકપ્રસિદ્ધ પંડિતો થયા હતા. પ્રસિદ્ધ કવિ મુરારી ગુપ્ત, કમળાકાન્ત અને તંત્રશાસ્ત્રના સર્વમાન્ય આચાર્ય કૃષ્ણાનંદ તે દિવસોમાં તેજ પાઠશાળામાં ભણતા હતા. નિમાઇ નાના મોટા કોઈનો પણ સંકોચ કરતા નહોતા. તેઓ બધાની સાથે ઝગડતા અને તેમની સાથે વાદવિવાદ કરવા લાગતા હતા. ખાસ કરીને તેઓ વૈષ્ણવ વિદ્યાર્થીઓને ખૂબ ચીઢાવતા હતા. તેમની જાત જાતની મીઠી મીઠી મશ્કરીઓ કરતા અને તેમને નીચું જોવડાવીનેજ છોડતા.

મુરારી ગુપ્ત, તેમનાથી ઉમ્મરમાં મોટા હતા, પરંતુ તેઓ તેમને હમેશાં ચીઢવતા. મુરારી પહેલાં તો બાળક સમજીને હમેશાં તેમની ઉપેક્ષા કરતા રહેતા. જ્યારે તેમને તેમની બુદ્ધિનો પરિચય થયો, ત્યારે તો તેઓ તેમની સાથે ખૂબ વાતો કરવા લાગ્યા. તેઓ કહેતાઃ— "મુરારી ! અમુક પ્રયોગને સિદ્ધ કરો." મુરારી તેને બરાબર સિદ્ધ કરતા. તે તેમાં કેટલાય દોષો કાઢતા અને તેનું કેટલીયે રીતે ખંડન કરતા. મુરારી તેમની તર્કશૈલી

સાંભળીને આશ્ચર્ય પ્રગટ કરવા લાગતા, અને તેઓ એક એક શંકાનું સમાધાન કરતા કરતા મુરારીનાજ મતનું સ્થાપન કરતા હતા. પછી હસીને કહેતા: "ગુપ્ત મહાશય! આ તો પંડિતોનું કામ છે, અને આપ તો રહ્યા વૈદરાજ! જડી-બુટ્ટી ઘુંટી પીસીને ગોળી બનાવતાં શીખી લ્યો! નાડી જોઈ લીધી, પછી ગમે તો રોગી મરો કે જીવો, તમારે તો તમારા પૈસા સાથેજ કામ!"

'वैद्यराज नमस्तुभ्यं यमराजसहोदरः ।
यमस्तु हरते प्राणान् त्वं तु प्राणधनानि च ॥'

અર્થાત્ તમે તો યમરાજના ભાઈ છો, તમને નમસ્કાર છે. યમ તો પ્રાણજ હરી લે છે, પરંતુ તમે તો પ્રાણ ને ધન બન્ને હરી લ્યો છો.' મુરારી તેમની આ વાતો સાંભળતા અને મનમાં ને મનમાં શરમાતા, ઉપરથી તેમની સાથે હસ્યા કરતા. આ પ્રમાણે તેઓ મુરારી સાથે હમેશાંજ વિનોદ કરતા રહેતા. કોઈ કોઈ વાર મુરારી અત્યંત ચિઢાવાથી દુઃખી પણ થતા, ત્યારે તેઓ પોતાનો કોમળ હાથ તેમના શરીર ઉપર ફેરવવા લાગતા. તેમના સ્પર્શમાત્રથીજ તેઓ બધી વાતો ભૂલી જતા અને તેમના પ્રત્યે અત્યંત સ્નેહ દર્શાવતા. મુરારી સાથે તેમને સારો બનાવ હતો અને મુરારી પણ તેમના ઉપર હૃદયપૂર્વકનો પ્રેમ રાખતા હતા.

વાદવિવાદ કરવામાં તે અદ્વિતીય હતા. જે કોઈ વિદ્યાર્થી મળી જતો તેની સાથે ચર્ચા કરતા, અને તે ગમે તો ઉલટું કહે કે સીધું, બધાનું ખંડન કરતા અને તેને હરાવીનેજ છોડતા. પોતે જાતેજ પહેલા કોઈ વિષયનું ખંડન કરતા. પછી યુક્તિઓ વડે પોતેજ તેનું મંડન પણ કરવા લાગતા. વિદ્યાર્થીઓ તેમની આવી વિલક્ષણ બુદ્ધિની વારંવાર પ્રશંસા કરતા અને તેમની વાક્પટુતાનાં અત્યંત વખાણ કરતા. કોઈ પણ પાઠશાળાના વિદ્યાર્થીને ગંગાતટે યા કંઈક બીજે રસ્તામાં મળતાં ત્યાંજ તેને

પકડી લેતા અને તેને સંસ્કૃતમાં પૂછતાઃ "તમારા ગુરુનું નામ શું છે? શું ભણો છો?" જ્યારે તે કહેતો કે અમુક પાઠશાળામાં વ્યાકરણ ભણું છું, ત્યારે ઝટ તેઓ તેને પ્રયોગ પૂછવા લાગતા. બિચારો વિદ્યાર્થી તેમનાથી કોઇ પણ પ્રકારે પોતાનો પીછો છોડાવીને ભાગતો. સાંજને સમયે બધી પાઠશાળાના વિદ્યાર્થીઓ ટોળી બાંધી બાંધીને ગંગાજીને કિનારે આવતા અને પરસ્પર શાસ્ત્રાલાપ કર્યા કરતા. તેઓ તે બધામાં આગેવાનીભર્યો ભાગ લેતા. કોઇ વાર કોઈ પાઠશાળાના વિદ્યાર્થીઓ સાથે શાસ્ત્રાર્થ કરે છે, તો કોઇ વાર કોઈ પાઠશાળાના વિદ્યાર્થીઓને હરાવે છે; એજ તેમનું નિત્યકાર્ય હતું. દસ દસ વીસ વીસ વિદ્યાર્થીઓ ભેગા મળી તેમને શંકાઓ પૂછતા. તેઓ વારી પ્રમાણે એકે એકના જવાબ આપતા. તેમની પાઠશાળાવાળા તેમનો પક્ષ લેતા. કોઇ કોઇ વાર વાત વાતમાંજ બોલાચાલી પણ થતી અને મારામારી સુધી વાત વધતી. આ બાબતમાં પણ તેઓ કોઇનાથી કમ નહોતા. આ પ્રમાણે તેઓ બધી પાઠશાળાઓના વિદ્યાર્થીઓમાં પ્રસિદ્ધ થઈ ગયા. વિદ્યાર્થીઓ તેમનું નામ સાંભળીને ગભરાતા હતા.

તે દિવસોમાં આજકાલની માફક વ્યાકરણના ટીકાગ્રંથોનો પ્રચાર નહોતો, છાપખાનાં નહોતાં, તેથી પુસ્તકો હાથેજ લખવાં પડતાં હતાં અને મૂળની સાથેજ ટીકા પણ કંઠસ્થજ કરવી પડતી હતી. અધ્યાપક ટીકાઓ ઉપર જે ટિપ્પણીઓ બતાવતા તેને વિદ્યાર્થીઓ ભૂલી જતા હતા, તેથી કેટલાક વિદ્યાર્થીઓ પરસ્પર મળીને પાઠને વિચારી લે નહિ ત્યાંસુધી પાઠ આવડતોજ નહોતો. હાલ પણ પાઠશાળાઓમાં બુદ્ધિમાન વિદ્યાર્થી પોતાના સાથીઓને પાઠ તૈયાર કરાવે છે. નિમાઇ પણ પોતાના સાથીઓને પાઠ તૈયાર કરાવતા, તેથી બધા વિદ્યાર્થીઓ તેમને ગુરુની પેઠે માન આપતા હતા. તેઓ વિષયને એવી રીતે સમજાવતા કે મૂર્ખમા મૂર્ખ વિદ્યાર્થી પણ સહેજમાંજ ભણેલા પાઠને સમજી જતા હતો.

તે દિવસોમાં ગૌરાંગ વ્યાકરણનો 'પંચીટીકા' નામનો ગ્રંથ પૂરો કરી ચૂક્યા હતા, તેમણે તેના ઉપર એક સરળ નોંધ પણ લખી હતી. તેમની કરેલી ટીકા ઉપરની નોંધ વિદ્યાર્થીઓને ઘણાજ કામની હતી, ઘણાજ થોડા સમયમાં વિદ્યાર્થીઓમાં તેમની નોંધનો પ્રચાર થયો અને મોટા મોટા વિદ્વાનોએ તેમની પાંડિત્યપૂર્ણ ટિપ્પણી–નોંધની મુક્તકંઠે પ્રશંસા કરી, એટલુંજ નહિ પરંતુ તે ટિપ્પણીનો નવદ્વીપની બહાર અન્ય દેશોના વિદ્યાર્થીઓમાં પણ પ્રચાર થયો અને બધાએ તેમની પંડિતાઈનાં વખાણ કર્યાં. આ પ્રમાણે તેમની પ્રશંસા દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. વ્યાકરણની સાથે જ તે અલંકારના પણ પાઠ સાંભળતા અને તેને સાંભળતાં સાંભળતાંજ હૃદયમાં ઉતારતા જતા હતા. આ રીતે તેઓ થોડાજ સમયમાં વ્યાકરણ તથા અલંકારમાં હોંશિયાર થઈ ગયા.

તે દિવસોમાં નવદ્વીપમાં ન્યાયનું માન હતું. જે પંડિત વ્યાકરણ જાણે, પરંતુ ન્યાયશાસ્ત્ર જાણતો નહિ તેનું ખાસ માન ગણાતું નહિ. ન્યાયમાં તે દિવસોમાં પં. વાસુદેવ સાર્વભૌમ નદિયાના રાજા ગણાતા હતા. ન્યાયમાં તેમની જ પાઠશાળા સર્વશ્રેષ્ઠ ગણાતી હતી, અને તેમાં સેંકડો વિદ્યાર્થીઓ ભણતા હતા. તે પાઠશાળામાં ભણેલા વિદ્યાર્થીઓ આજે સંસારપ્રસિદ્ધ પંડિતો ગણાય છે. નવ્ય ન્યાયની જે ટીકા 'જાગદીશી' નામથી ન્યાયનો જ પરિચય આપે છે, તેના જ પ્રણેતા પંડિત જગદીશના પણ ગુરુ ભવાનંદ એજ પાઠશાળાના વિદ્યાર્થી હતા. 'દીધીતિ' નામના જગપ્રસિદ્ધ ગ્રંથના રચનાર પંડિત રઘુનાથજી પણ તે દિવસોમાં આજ પાઠશાળામાં ભણતા હતા. આ રીતે તે પાઠશાળા ન્યાયનું એક મહાકેન્દ્ર બની હતી. નિમાઇ પણ પાઠશાળામાં જઈને ન્યાયનો પાઠ સાંભળવા લાગ્યા. આવી પાઠશાળાઓમાં પ્રત્યેક વિદ્યાર્થીઓના જુદા જુદા પાઠ નથી ચાલતા. પાંચ દશ પાઠ થાય છે, પોતાની જેવી યોગ્યતા હોય તે પાઠ જઈને સાંભળ્યા કરો. બસ એજ

શિક્ષણ હતું. સેંકડો વિદ્યાર્થીઓ અને પંડિતો પાઠ સાંભળવા આવે છે. અધ્યાપક તેમનામાંથી ઘણાનાં નામઠામ પણ જાણતા નથી. તેઓ પાઠ સાંભળીને ચાલ્યા જાય છે. આજે પણ કાશી વગેરે મોટાં મોટાં સ્થાનોની પ્રાચીન પદ્ધતિની પાઠશાળામાં એવોજ રિવાજ છે. નિમાઈ પણ પાઠશાળામાં જઈને પાઠ સાંભળી આવતા. સાર્વભૌમ મહાશયને તે દિવસોમાં તેમની સાથે ખાસ પરિચય નહોતો થયો; પરંતુ તેમની ચંચળતા, ચપળતા, વાણીકુશળતા અને લોકોત્તર અસામાન્ય મેધાને લીધે મુખ્ય મુખ્ય વિદ્યાર્થીઓ તેમના ઉપર ઘણો સ્નેહ રાખવા લાગ્યા. તેઓ એ પણ જાણવા લાગ્યા કે, ન્યાય જેવા ગંભીર વિષયને નિમાઈ સારી રીતે સમજે છે. તે બીજા ઘણા વિદ્યાર્થીઓની પેઠે માત્ર સાંભળીને જ ચાલ્યા જતા નહોતા.

પાછળ જેનો અમે ઉલ્લેખ કરી ચૂકયા છીએ તેજ 'દીધીતિ' મહાગ્રંથના રચનાર પંડિત રઘુનાથ તે દિવસોમાં બધા વિદ્યાર્થીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાતા હતા. તેમને પોતાને પણ પોતાની તર્કશક્તિ અને વિલક્ષણ બુદ્ધિનો ભરોસો હતો. તેમની તે સમયથીજ એ પ્રબળ વાસના હતી કે, હું ભારતવર્ષમાં એક પ્રસિદ્ધ નૈયાયિક બનું. સમસ્ત દેશમાં મારી વિલક્ષણ બુદ્ધિની ખ્યાતિ ફેલાઈ જાય. જે એવો આશાદાયી હોય છે, તેની પહેલેથીજ તેવી ભાવના હોય છે. રઘુનાથની પણ સર્વમાન્ય બનવાની પહેલેથીજ ઈચ્છા હતી. રઘુનાથ સાથે નિમાઈને પહેલેથીજ પરિચય થઈ ચૂકયો હતો. તેમની સાથે તેમને ગાઢ મૈત્રી પણ થઈ ચૂકી હતી. નિમાઈ કોઈ કોઈ વાર રઘુનાથના નિવાસસ્થાને પણ જતા–આવતા હતા અને તેમને ન્યાય સંબંધી વાતો પણ કર્યા કરતા હતા. તેમની વાતચીતોથી જ રઘુનાથ સમજી ગયા કે, આ પણ કોઈ પ્રભાવશાળી નૈયાયિક છે. તે માનતા હતા કે, મારી સાથે ન્યાયમાં સ્પર્ધા કરનાર નવદ્વીપમાં બીજો કોઈ વિદ્યાર્થી નથી. નિમાઈ સાથે વાતચીત કરતાં કરતાં કોઈ વાર તેને ખટકવા લાગતું કે એ

[illegible] કરશો રહેશો, તો સંભવ છે કે [illegible] શકશો. પરંતુ તેને પોતાની બુદ્ધિ [illegible] તેથી આ વિચારને તે પોતાના [illegible] કેઃ નહિ.

[illegible] રઘુનાથને ગુરુએ કોઇ ‘પંક્તિ’ બેસા-[illegible] તે ‘પંક્તિ’ રઘુનાથના સમજવામાં જ ન [illegible] આખો દિવસ છાનામાના બેઠા બેઠા તેજ પંક્તિ [illegible] રહ્યા. ત્રીજે પહોરે જઇને તે પંક્તિ રઘુનાથના [illegible] આવી ને તેને ઘણી પ્રસન્નતા થઇ. ગુરુને [illegible] તે પોતાને સ્થાને રસોઇ બનાવવા ગયા.

નિમાઇનો સ્વભાવ તો ચંચળ હતોજ, રઘુનાથને [illegible]માં ન જોઇને પોતે તેમના નિવાસસ્થાને પહોં-[illegible]. ત્યાં જઇને જોયું તો રઘુનાથ ભોજન બનાવે છે. [illegible] ભીનાં છે. રઘુનાથ વારંવાર ફૂંકે છે, પણ દેવતા [illegible]તોજ નથી. ધૂમાડાને લીધે તેમની આંખો લાલ થઈ [illegible] છે અને તેમાંથી પાણી નીકળે છે. હસતાં હસતાં નિમાઇએ રઘુનાથના ચોકામાં પ્રવેશ કર્યો, ને પ્રેમપૂર્વક [illegible]તાં કહ્યુંઃ “ પંડિત મહાશય ! આજે કવખતે [illegible]મ કરો છો ?”

અગ્નિમાં ફૂંક મારતાં મારતાં રઘુનાથે કહ્યુંઃ “ શું કહું ભાઈ! ગુરુજીએ એક પંક્તિ બેસાડવા આપી હતી, તે મારા સમજ્યામાંજ ના આવી. આખો દિવસ વિચાર્યા પછી હમણાં સમજમાં આવી, તે ગુરુજીને સંભાળાવીને [illegible]યો, આથી ભોજન બનાવવામાં વાર થઇ છે.”

[illegible]દીથી નિમાઇએ કહ્યુંઃ “ જરા હું પણ તે પંક્તિને [illegible]ખરો. એ તે પંક્તિ હતી કે આફત હતી કે [illegible]વા પંડિત પણ આટલા મોડા સમજી શકયા ! [illegible]ીજ મુશ્કેલ હશે, હું પણ તેને એક વાર [illegible]ઉં.”

રઘુનાથે તે ફક્કિ ફરી સંભળાવી. ફરી વાર વિચાર
પછી નિમાઇ હસી પડ્યા અને બોલ્યા:—"બસ, આટલી
નાનકડી 'ફક્કિ' ને સમજતાં બધી વાર વિચારવી પડી!
એમાં તો છેજ શું!"

ક્ષોભપૂર્વક રઘુનાથજીએ કહ્યું: "ઠીક, કંઈ
પણ નથી તો તમેજ બેસાડી બતાવો તો!"

એટલું સાંભળતાંજ નિમાઇએ પાછીજ સરળતાથી
ફક્કિના પૂર્વપક્ષની સ્થાપના કરી, પછી રીતસર એક
પછી એક શંકાનું સમાધાન કરતાં કરતાં તેને બરાબર
બેસાડી દીધી."

નિમાઇના મુખમાંથી તે એટલી કઠણ ફક્કિને રમત-
ની માફક હસતાં હસતાં બેસાડાતી જોઇને રઘુનાથના
આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. તેને જે શંકા હતી, તે પ્રત્યક્ષ
આવીને હાજર થઈ. તેની બધી આશા ઉપર પાણી ફરી
વળ્યું. ભોજન બનાવવાનું ભૂલી ગયા. નિમાઇ તેમના
મનોભાવને પારખી ગયા કે રઘુનાથ કંઇક શરમાઇ ગયા
છે, તેથી 'ઠીક, આપ ભોજન બનાવો પછી મળીશું'
એમ કહેતા કહેતા પાઠશાળા તરફ ચાલ્યા ગયા. રઘુના-
થે ગમે તેમ કરીને ભાત તો બનાવ્યો, પરંતુ તેના હૃદ-
યમાં નિમાઇની બુદ્ધિ પ્રત્યે દ્વેષ હોવાથી તેને ભોજનમાં
આનંદ આવ્યો નહિ, ગમે તેમ ભોજન કરીને તે પાઠ-
શાળામાં ગયા.

હવે નિમાઇની ઉંમર સોળ વર્ષની થઇ ચૂકી હતી.
તેમના વાંકડિયા લાંબા લાંબા વાળ, તેજસ્વી ચહેરો,
સુગઠિત શરીર, મોટીમોટી સુશોભિત આંખો, મિષ્ટ ભાષણ
અને મંદ મંદ હાસ્ય જોનારને આપોઆપજ પોતાની
તરફ આકર્ષિત કરી લેતા હતા. તેઓ બધાને દિલ ખો-
લીને મળતા અને ખૂબ ખૂબ હળી મળીને વાતો કરતા.
તેમને મળનારા પરસ્પર બધા એમજ માનતા કે, નિ

[illegible] કુટુંબમાં જન્મ્યા હતા નહિ.

એક દિવસ રઘુનાથને ગુરુએ કોઈ 'પંક્તિ' બેસાડવા આપી. ને 'પંક્તિ' રઘુનાથના સમજવામાં જ ન આવી. તે આખો દિવસ ભણવામાંના [illegible] તેજ પંક્તિ વિચારતા રહ્યા. સાંજે પાછળથી જઇને તે પંક્તિ રઘુનાથના સમજવામાં આવી ને તેને પાછી સંભળાવા [illegible]. ગુરુને સંભળાવીને તે પોતાને સ્થાને રસોઇ બનાવવા ગયા.

નિમાઇનો સ્વભાવ તો ચંચળ હતોજ, રઘુનાથને પાઠશાળામાં ન જોઇને પોતે તેમના નિવાસસ્થાને પહોંચ્યા. ત્યાં જઇને જોયું તો રઘુનાથ ભોજન બનાવે છે. લાકડાં ભીનાં છે. રઘુનાથ વારંવાર ફૂંકે છે, પણ દેવતા સળગતોજ નથી. ધુમાડાને લીધે તેમની આંખો લાલ થઈ ગઇ છે અને તેમાંથી પાણી નીકળે છે. હસતાં હસતાં નિમાઇએ રઘુનાથના ચોકામાં પ્રવેશ કર્યો, ને પ્રેમપૂર્વક હસતાં હસતાં કહ્યું: " પંડિત મહારાજ ! આજે કવખતે રસોઇ કેમ કરો છો ?"

અગ્નિમાં ફૂંક મારતાં મારતાં રઘુનાથે કહ્યું: " શું કહું ભાઈ! ગુરુજીએ એક પંક્તિ બેસાડવા આપી હતી, તે મારા સમજ્યામાંજ ના આવી. આખો દિવસ વિચાર્યા પછી હમણાં સમજમાં આવી, તે ગુરુજીને સંભાળાવીને આવ્યો, આથી ભોજન બનાવવામાં વાર થઇ છે."

જલદીથી નિમાઇએ કહ્યું: " જરા હું પણ તે પંક્તિને સાંભળું તો ખરો. એ તે પંક્તિ હતી કે આફત હતી કે જે આપના જેવા પંડિત પણ આટલા મોડા સમજી શક્યા ! જરૂર, કોઇ ઘણીજ મુશ્કેલ હશે, હું પણ તેને એક વાર સાંભળવા ઇચ્છું છું."

રઘુનાથે તે પંક્તિ ફરી સંભળાવી. ત્રીજી વાર વિચારો પછી નિમાઈ હસી પડ્યા અને બોલ્યાઃ—"બસ, આવી નાનકડી 'પંક્તિ'ને આટલી બધી વાર વિચારવી પડી! એમાં તો છેજ શું!"

જરા આવેશપૂર્વક રઘુનાથભટ્ટે કહ્યું: "ઠીક, કંઈ પણ નથી તો તમેજ બેસાડી બતાવો ને!"

એટલું સાંભળતાંજ નિમાઈએ ઘણીજ સરળતાથી પંક્તિના પૂર્વપક્ષની સ્થાપના કરી, પછી રીતસર એક પછી એક શંકાનું સમાધાન કરતાં કરતાં તેને બરાબર બેસાડી દીધી."

નિમાઈના મુખમાંથી તે એટલી કઠણ પંક્તિને રમતની માફક હસતાં હસતાં બેસાડાતી જોઈને રઘુનાથના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. તેને જે શંકા હતી, તે પ્રત્યક્ષ આવીને હાજર થઈ. તેની બધી આશા ઉપર પાણી ફરી વળ્યું. ભોજન બનાવવાનું ભૂલી ગયા. નિમાઈ તેમના મનોભાવને પારખી ગયા કે રઘુનાથ કંઈક શરમાઈ ગયા છે, તેથી 'ઠીક, આપ ભોજન બનાવો પછી મળીશું' એમ કહેતા કહેતા પાઠશાળા તરફ ચાલ્યા ગયા. રઘુનાથે જેમ તેમ કરીને ભાત તો બનાવ્યો, પરંતુ તેના હૃદયમાં નિમાઈની બુદ્ધિ પ્રત્યે દ્વેષ હોવાથી તેને ભોજનમાં આનંદ આવ્યો નહિ, જેમ તેમ ભોજન કરીને તે પાઠશાળામાં ગયા.

હવે નિમાઈની ઉંમર સોળ વર્ષની થઈ ચૂકી હતી. તેમના વાંકડિયા લાંબા લાંબા વાળ, તેજસ્વી ચહેરો, સુગઠિત શરીર, મોટીમોટી સુશોભિત આંખો, મિષ્ટ ભાષણ અને મંદ મંદ હાસ્ય જોનારને આપોઆપજ પોતાની તરફ આકર્ષિત કરી લેતા હતા. તેઓ બધાને દિલ ખોલીને મળતા અને ખૂબ ખૂબ હળી મળીને વાતો કરતા. તેમને મળનારા પરસ્પર બધા એમજ માનતા કે, નિ'


મારા ઉપર જેટલું વહાલ રાખે છે, તેટલું ભાગ્યેજ કોઈ ઉપર રાખતા હશે. તેનું કારણ એ હતું કે, તેમના હૃદયમાં કોઈ પણ પ્રાણી પ્રત્યે દ્વેષ નહોતો. જેમના હૃદયમાં પ્રાણીમાત્ર પ્રત્યે સન્માન છે, તેને બધા પોતાના સગા-સંબંધી માનવા લાગે છે. તેથી નિમાઇના ઘણા વધારે સ્નેહી હતા. વ્યાકરણ ભણ્યા પછી તે ન્યાયનો અભ્યાસ કરવા લાગ્યા અને તે અરસામાં ન્યાય ઉપર પણ એક ટીકા લખવા લાગ્યા.

તેમના સહાધ્યાયી અને સ્નેહી પંડિત રઘુનાથજી તેજ સમયે પોતાનો જગપ્રસિદ્ધ ગ્રંથ 'દીધીતિ' લખતા હતા. તેઓ માનતા હતા કે, મારો આ ગ્રંથ અર્વાચીન ન્યાયના ગ્રંથોમાં અદ્વિતીય થશે. જ્યારે તેમણે સાંભળ્યું કે નિમાઇ પણ ન્યાયનો ગ્રંથ લખે છે, ત્યારે તેમને ડર લાગવા લાગ્યો અને તેમને પ્રબળ ઇચ્છા થઇ કે, તે ગ્રંથ જોવો જોઇએ. એમ વિચારીને એક દિવસ તેમણે નિમાઇને કહ્યું: "ભાઇ! મેં સાંભળ્યું છે કે ન્યાય ઉપર તમે કોઈ ગ્રંથ લખો છો? કોઇ દિવસ તમારો ગ્રંથ મને દેખાડો એવી મને ઘણી ઇચ્છા છે."

તેમણે જોરથી હસતાં હસતાં કહ્યું: "અરે, આપ પણ કેવી વાત કરો છો! ભલા, હું ન્યાય જેવા જટિલ વિષય ઉપર લખીજ શું શકું? એ તો આપ જેવા પંડિતોનું કામ છે. હું તો અમસ્થોજ મનના વિનોદને ખાતર રમત જેવું કરવા લાગ્યો છું. આપને કોણે કહ્યું?"


રઘુનાથે આગ્રહપૂર્વક કહ્યું:-"ગમે તેમ હો, પણ મને ઘણી પ્રબળ ઇચ્છા છે કે જો તમને કંઇ વાંધો ન હોય તો મને તમારો ગ્રંથ જરૂર દેખાડો."

તેમણે તરતજ કહ્યું: "ભલા, એમાં વાંધાની વાતજ શી છે? એ તો મારૂં સદ્ભાગ્ય છે કે આપ જેવા વિદ્વાન મારી કૃતિ જોવાની જિજ્ઞાસા કરે છે. હું કાલે જરૂર તે તોલે આવીશ."



અપૂર્વ ત્યાગ

સ. સા. મુદ્રણાલય—અમદાવાદ.



બીજે દિવસે નિમાઈ પોતાનો ગ્રંથને સાથે લેતા ગયા. પાઠશાળામાંથી પાછા ફરતી વખતે હોડીમાં બેસીને રઘુનાથને પોતાનો ગ્રંથ સંભળાવવા લાગ્યા. રઘુનાથ જેમ જેમ તે ગ્રંથ સાંભળતા હતા, તેમ તેમ તેમની મનોવેદના વધતી જતી હતી, એટલેસુધી કે તેઓ ગ્રંથને સાંભળતાં સાંભળતાં ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. નિમાઈ પોતાની ધૂનમાં સંભળાવતાજ જતા હતા. તેમને ખબર પણ નહોતી કે, ગ્રંથ સાંભળવાથી રઘુનાથજીની શી દશા થઈ રહી છે. સંભળાવતાં સંભળાવતાં એક વાર તેમણે નજર ઊંચી કરીને રઘુનાથ તરફ જોયું. તેમના આશ્ચર્યનું ઠેકાણું જ રહ્યું નહિ. આશ્ચર્ય પ્રકટ કરતાં કરતાં નિમાઈએ પૂછયું કે 'ભાઈ! તમે રડો છો શા માટે?'

આંસુ લૂછતાં લૂછતાં રૂંધાયેલે અવાજે તેમણે કહ્યું: "નિમાઈ! તને હું મારા આંતરિક ભાવો નહિ જણાવીને એક નવું બીજું પાપ નહિ કરૂં. સાચી વાત તો એ છે કે, હું એવી અભિલાષાથી એક ગ્રંથ લખતો હતો કે તે સર્વશ્રેષ્ઠ ગ્રંથ થશે. પરંતુ તમારા આ ગ્રંથ આગળ મારા ગ્રંથને કોણ પૂછશે? એજ મનોવેદનાને લીધે હું મારાં આંસુઓ રોકવાને અસમર્થ થઈ ગયો છું."

આ સાંભળીને નિમાઈ ખૂબ જોરથી હસ્યા અને તેમને સ્પર્શ કરતાં બોલ્યા: "બસ, આ નાનીશી વાત માટે આપ આટલો અનુતાપ કરી રહ્યા છો! ભલા, એ તે કોઈ વાત છે! આ તો સામાન્ય પોથી છે. હું આપની પ્રસન્નતા માટે બળતા અગ્નિમાં પણ કૂદીને આ પ્રાણોને સ્વાહા કરી શકું તેમ છું, તો પછી આ તે શી વાત છે? આ પુસ્તકે આપને આટલું કષ્ટ પહોંચાડયું! લ્યો, એને હમણાંજ નાશ કરી નાખું છું" એમ કહેતાં કહેતાં નિમાઈએ પોતાના ઘણા પરિશ્રમથી હાથે લખેલી પોથીને ગંગાજીના પ્રવાહમાં ફેંકી દીધી. ગંગાજીના વેગવાન પ્રવાહનાં મોજાં-માં પુસ્તકના પાના આમ તેમ નાચવા લાગ્યાં, અને

તેઓ નિમાઈના ત્યાગ અને પ્રેમનાં ગીત ગાઈ ગાઈને આનંદમાં નાચી રહ્યાં ન હોય!

રઘુનાથ નિમાઈને ભેટ્યા અને પ્રેમને લીધે રૂંધાયેલા કંઠે બોલ્યા: "ભાઈ નિમાઈ! આવું અસામાન્ય દુઃસાધ્ય કાર્ય તુંજ કરી શકે છે. આટલી મોટી લોકૈષણાને તૃણવત્ સમજીને તેનો તિરસ્કાર કરી દેવો એ તમારા જેવાજ મહાપુરુષોનું કામ છે. હું તો કીર્તિ અને પ્રતિષ્ઠાનો કીડો છું. મારા પુસ્તક કરતાં તમારા આ ત્યાગની સંસારમાં લાખોગણી ખ્યાતિ થશે અને ભવિષ્યના લોકો આ ત્યાગ દ્વારા પ્રેમની મહત્તાને સમજી શકશે.

આ પ્રકારની વાતો કરતાં કરતાં બન્ને મિત્રો પોતપોતાને ઘેર પાછા ફર્યા. તે દિવસથી નિમાઈએ ન્યાય ભણવાનુંજ છોડી દીધું, એટલુંજ નહિ પરંતુ પાઠશાળામાં જવાનુંજ છોડી દીધું; હવે તેમણે એવી વિદ્યા ભણવાનું એકદમ ત્યજી દીધું. ઘર આગળ પિતાજી અને મોટા ભાઈનાં ઘણાં પુસ્તકો હતાં, તેજ તેઓ ભણવા લાગ્યા.





ઉપોદ્ઘાત

न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते ।
तया हि सहितः सर्वान् पुरुषार्थान् समश्नुते ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૩૬૧-૬)

અર્થાત્ ઈંટ, પથ્થર અને માટીના બનેલું ઘર એ ઘર નથી કહેવાતું, પરંતુ સાચું ઘર તો ગૃહિણી—સ્ત્રી જ છે. તેનાજ વડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સર્વે પુરુષાર્થ પ્રાપ્ત કરી શકાય છે.

વડના ઝીણા બીજમાં એક મહાન વૃક્ષ છુપાઈ રહે છે, અજ્ઞાની લોક તેને પણ બીજા છોડનાં બીજની પેઠે નાનકડું બીજજ માને છે. અજમાનાં બીની સાથે વડનાં બીને પણ વાવે છે. પહેલવહેલાં બન્નેનો અંકુર એક જેવોજ નીકળે છે, પરંતુ આગળ જતાં અજમાનો છોડ તો થોડોજ વધીને વર્ષ છ મહિનામાંજ સૂકાઈ જાય છે; પરંતુ વડનું ઝાડ તો હમેશાં વધતુંજ રહે છે. અને સમય જતાં તે એક મહાન વિશાળ વૃક્ષ બની જાય છે, કે જેની છાયામાં બેસીને પરસેવાથી ભીંજાયેલાં અસંખ્ય માનવીઓ ઠંડકનું સુખ અનુભવે છે, તેની પૂરી ઉમ્મરનું અનુમાન પણ કરી શકાતું નથી; તે શાશ્વત વૃક્ષ બની જાય છે.

નિમાઈ જો કે પોતાના સાથી વિદ્યાર્થીઓ કરતાં વિશેષ બુદ્ધિશાળી અને વિલક્ષણ હતા, છતાં પણ સામાન્ય લોકો એમજ માનતા હતા કે સમય જતાં એ પણ એક પાઠશાળા ઉઘાડી નવદ્વીપના બીજા પંડિતોની પેઠે એક

અધિક પંડિત બનશે. કે પણ અન્ય પંડિતોની પેઠે સ્ત્રી-પુત્રોમાં આસક્ત થઈને યથાપૂર્વક સાંસારિક સુખો ભોગવશે; કેમકે વિદ્વાન હો કે મૂર્ખ સંસારી વિષયોમાં તો બધા એકસરખાજ રત રહે છે. મોટા લોકોની ભોગ-સામગ્રી કિંમતી અને વધારે હોય છે, જ્યારે નાના માણસો સામાન્ય ભોગ-સામગ્રીઓથીજ પોતાની વાસનાઓને પૂર્ણ કરે છે; પરંતુ તેમાં આસક્તિ તો બંનેની સરખીજ હોય છે. બંધાયલા બંનેજ છે. પછી ગમે તો તે બંધન દોરડીનું હોય કે રેશમનું હોય, સોનાનું હોય કે લોખંડનું, પણ બંધન તો સરખુંજ છે. બંને બંધનમાંથી પ્રભુની ઇચ્છા વિના છૂટી શકાતું નથી. બીજા બીજા પંડિતોને ધનને માટેજ વિદ્યોપાર્જન કરતા જોઈ લોકો એમજ ધારતા હતા કે, નિમાઇ પણ પોતાની વિદ્યાના બળથી ખૂબ ધન મેળવશે. તેમને ખબર નહોતી કે તેમના ઉપદેશથી અ-સંખ્ય મનુષ્યો સ્ત્રી, ધન, પરિવાર અને સમસ્ત ઉત્તમો-ત્તમ ભોગસામગ્રીઓને તુચ્છ માનીને મહાધનની પ્રાપ્તિમાં કમર કસીને મંડશે અને પોતાના માનવજન્મને સાર્થક બનાવશે. સંસારી લોકો બિચારા બીજું અનુમાન કરીજ શું શકે? તેમનું શરૂઆતનું જીવન પહેલાં બીજાં સામા-ન્ય જીવનોના જેવું હતુંજ, તેથી લોકો એમજ અનુમાન કરે તે બરાબર હતું.

નિમાઈની ઉંમર હવે સોળ વર્ષની છે. વ્યાકરણ, અલંકાર અને ન્યાયમાં તેમણે પ્રવીણતા મેળવી લીધી છે. આગળ ભણવાની પણ ઇચ્છા હતી, પરંતુ કેટલાંક કાર-ણોથી તેમણે પાઠશાળામાં જઈને ભણવાનું બંધ કરી દીધું. ઘેર એકલી વિધવા માતા હતી, નિર્વાહનું બીજું કોઈ સાધન નહોતું. આકાશી વૃત્તિ હતી, ઈશ્વરેચ્છાથી જે કંઇ આવી મળતું તેના ઉપર નિર્વાહ ચાલતો. મિશ્રજી કંઇ સંપત્તિ મૂકી ગયા નહોતા. તેમની હયાતીમાં પણ આજ પ્રમાણે નિર્વાહ ચાલતો હતો. હવે નિમાઇ સમજુ થયા હતા. વિદ્વાન પણ થયા હતા, તેથી હવે જીવનનિર્વાહ

…ારે પણ કોઈ ઉદ્યોગ કર્યોજ હતો, ઈ.સ.ને આપણો સહજ અનુમાન છે, કે તો બાકી સમકાલીન-વિદ્વા- તેમણે સોળ વર્ષની નાનીજ ઉંમરમાં અધ્યાપનનું કા… કરવાનું શરૂ કર્યું.

તેમની વિલક્ષણ બુદ્ધિ અને અધ્યયન-અધ્યાપનની અદ્વિતીય સુંદર શૈલીથી બધા શાસ્ત્રીય સમાજો(?) સુપરિચિત હતા. તેથી તેમને નવદ્વીપ જેવા વિદ્યાના મહાન કેન્દ્રસ્થાનમાં અધ્યાપક થવામાં કાંઈ મુશ્કેલી ન આવી. નવદ્વીપમાં મુકુંદ સંજય નામના એક વિદ્યાપ્રેમી, ધનવાન અને આબરૂદાર સજ્જન હતા. તેમને એક પુરુષોત્તમ સંજય નામનો પુત્ર હતો. સંજય મહાશય પોતાના પુત્રને ભણાવવા માટે કોઈ યોગ્ય અધ્યાપકની શોધમાં હતા. નિમાઈની એવી ઇચ્છા જોઈ તેમણે તેમને પ્રાર્થના કરી. નિમાઈ પોતેજ એક પાઠશાળા સ્થાપન કરવાનો વિચાર કરતા હતા, પરંતુ તેમના નાનકડા મકાનમાં પાઠશાળા સ્થાપવા જેવું સ્થાનજ નહોતું. સંજય ભગવદ્ભક્ત હોવા સાથે સાથે ધનવાન પણ હતા. બંગાળમાં ઘણેભાગે બધાજ ધાર્મિક પુરુષોને ત્યાં એક 'ચંડીમંડપ' નામનું અલગ સ્થાન હોય છે, તેને 'દેવીગૃહ' અથવા 'દેવસ્થાન' પણ કહે છે. નવદુર્ગાઓમાં તે સ્થાનેજ ચંડીપાઠ અને પૂજા તથા ઉત્સવ …વા કરે છે. આ સ્થાન એવાંજ શુભ કાર્યો માટે રાખેલું …ાય છે. યોગ્ય અને વિદ્વાન અતિથિ આવે ત્યારે તેનું …ાતિથ્ય વગેરે પણ તેજ સ્થાને કરવામાં આવે છે. પો-…ની શક્તિ અનુસાર ધનવાનોનો ચંડીમંડપ વિશાળ, …ર અને અધિક કિંમતી હોય છે. સંજય મહાશયનો …મંડપ ઘણો મોટો હતો. નિમાઈ પંડિતે તેજ મંડપ-… પોતાની પાઠશાળા સ્થાપી. આમ તેમથી ઘણા વિદ્યા-…ો તેમનું નામ સાંભળીને ભણવા આવવા લાગ્યા. …ી સાથે સંજય પણ નિમાઈ પાસે વિદ્યાભ્યાસ કરવા …ા. તેમની ભણાવવાની શૈલી ઘણીજ સરળ તથા …ર્ષક હતી, તેથી થોડાજ સમયમાં તેમની પાઠશાળા

[illegible] વધી ગઈ અને સેંકડો વિદ્યાર્થીઓ તેમની પાસે ભણવા આવવા લાગ્યા. તેઓ વિદ્યાર્થીઓ સાથે ગુરુ-શિષ્યતરીકેનો વ્યવહાર નહિ રાખતાં, એક પ્રેમી મિત્રના જેવો વ્યવહાર રાખતા હતા. તેમની ખૂબ ઠઠ્ઠા-મશ્કરી કરતા, ઘરની પરિસ્થિતિ પૂછતા અને પોતાની બધી વાતો કહેતા. આથી વિદ્યાર્થીઓ તેમના ઉપર અત્યંત પ્રેમ રાખવા લાગ્યા. કેટલાક વિદ્યાર્થીઓ તો તેમનાથી ઉંમરે ઘણા મોટા મોટા હતા. તેઓ બધા પણ તેમની પાસે અધ્યયન કરવા આવતા અને તેમનો હૃદયથી ઘણોજ આદર કરતા હતા. આ પ્રમાણે તેમની પાઠશાળા નવદ્વીપમાં એક પ્રસિદ્ધ પાઠશાળા ગણાવા લાગી. વ્યાકરણશાસ્ત્રમાં ગંગાદાસજીની પાઠશાળા સિવાય નિમાઈની પાઠશાળા સર્વશ્રેષ્ઠ ગણાતી હતી. નિમાઈ વિદ્યાર્થીઓ સાથે પરિશ્રમ પણ ઘણો કરતા હતા.

એક દિવસ નિમાઈ પંડિત પાઠશાળામાંથી ભણાવીને ઘેર જતા હતા. દૈવસંયોગે ગંગાજી જતાં જતાં રસ્તામાં પં. વલ્લભાચાર્યજીનાં પુત્રી લક્ષ્મીદેવી સાથે તેમને મેળાપ થઈ ગયો. વલ્લભાચાર્ય નિમાઈની જ્ઞાતિના બ્રાહ્મણ હતા. તેમણે લક્ષ્મીદેવીને પહેલાં પણ કેટલીયે વાર જોઈ હતી, પરંતુ આજના દર્શનમાં વિશેષતા હતી. લક્ષ્મીદેવીને જોતાંજ પરમ સદાચારી નિમાઈના 'भावस्थितानि जननान्तरसौहृदानि ' એ ન્યાયે પૂર્વજન્મના સંસ્કાર જાગી ઉઠયા. સ્વાભાવિક સૌહૃદ-પ્રેમ તો આપોઆપજ પોતાની તરફ આકર્ષિત કરે છે, તેમાં પ્રયત્ન કરવાનું અથવા અનુરાગ કરવાનું તો કહીજ શકાતું નથી. તેમણે લક્ષ્મીદેવી તરફ જોયું. લક્ષ્મીદેવીએ પણ ધીમેથી તેમના તરફ જોયું અને તેમનાં ચરણકમળોમાં ભક્તિપૂર્વક મનોમન પ્રણામ કરીને તે ગંગાજી તરફ ચાલી ગઈ અને નિમાઈ પોતાના ઘર તરફ ચાલ્યા ગયા.

ભાવિની રચના તો જુઓ! તેજ દિવસે બનવાકી [illegible]

દલાલ નામના જગન્નાથ મિશ્રના એક સ્નેહી બ્રાહ્મણ શચીદેવી પાસે આવ્યા અને માતાને કહેવા લાગ્યાઃ– "નિમાઈ હવે ઉમરલાયક થયા છે, હવે તેમના વિવાહને માટે તરતજ પ્રયત્ન કરવો જોઈએ. જો તમને પસંદ હોય તો પં. વલ્લભાચાર્યની એક કન્યા છે. તમે ઈચ્છો તો તેને જોઈ શકો છો. લાખોમાં એક છે, ઘણીજ સુશીલ, સુંદર અને બુદ્ધિશાળી છોકરી છે. નિમાઈને તે સર્વથા યોગ્ય છે. જો તમને આ સંબંધ મંજૂર હોય તો હું પંડિતજીને આ બાબતમાં કહું."

માતા પોતેજ પુત્રના વિવાહની ચિંતામાં હતી, પરંતુ તે નિમાઇની ઇચ્છા વિના કોઇ સંબંધ બાંધવા ઇચ્છતી નહોતી. ઘરમાં કોઇ બીજું માણસ સલાહ લેવા યોગ્ય હતું નહિ, પુત્ર સમજુ અને હોશિયાર હતો, તેની સંમતિ સિવાય તેઓ વિવાહ સંબંધમાં નક્કી વચન આપી શકે તેમ નહોતું; તેથી વાતને ઉડાવતાં માતાએ કહ્યું: "આ પિતા વિનાના બાળકનો વિવાહ અત્યારે કેવો ! હજુ તો તે ભણે છે. કંઈક ધંધે વળગશે તો પછી જોયું જશે."

દલાલ મહાશયે શચી માતાની આવી ઉદાસીનતા જોઇને સમજી લીધું કે માતાને આ સંબંધ મંજૂર નથી. કારણ કે પં. વલ્લભાચાર્ય સાધારણ સ્થિતિના હતા. બ્રાહ્મણે માન્યું કે માતા પોતાના પંડિત પુત્રનો નિર્ધનની પુત્રી સાથે વિવાહ કરવા ઇચ્છતી નથી, એમ સમજીને તે પાછા ગયા. દૈવયોગે રસ્તામાં તેમને નિમાઈ મળ્યા. તેમને જોતાંજ નિમાઈ ખીલી ઉઠ્યા અને હસતાં હસતાં બોલ્યાઃ– "કહો દલાલ મહાશય ! કઈ બાજુથી પધારો છો ?"

કંઈક અસંતુષ્ટ ભાવે દલાલે જવાબ આપ્યોઃ "તમારાં માતા પાસેથી પં. વલ્લભાચાર્યની પુત્રી સાથે તમારા વિવાહની વાતચીત કરવા ગયો હતો, તે તેમણે મંજૂર ન કરી. કહો તમારી શી સલાહ છે ?"

[illegible]

માતા સમજી ગઈ કે નિમાઈને આ સંબંધમાં કંઈ વાંધો નથી. તેથી ઘણી પ્રસન્ન થઈ. બીજે દિવસે દલાલને બોલાવી તેમણે કહ્યું: "આચાર્ય મહાશય! કાલે આપ જે વાત કહેતા હતા, તે મને મંજૂર છે. આપ પં. વલ્લભાચાર્યને કહીને બધું બરાબર કરાવો છો. આપજ હવે અમારા હિતેચ્છુ છો, અને ઘરમાં બીજું છેજ કોણ? આપનોજ પુત્ર છે, જેમ ઠીક લાગે તેમ કરો."

બનવારી દલાલને આ સાંભળીને ઘણો આનંદ થયો. તેઓ તેજ સમયે વલ્લભાચાર્યને ઘેર પહોંચ્યા. આચાર્યે તેમનો સત્કાર કર્યો અને આવવાનું કારણ પૂછ્યું. તેમણે બધી હકીકત કહી સંભળાવી. આ સમાચાર સાંભળીને પં. વલ્લભાચાર્યને તથા તેમના ઘરમાંનાં સઘળાં માણસોને ઘણીજ પ્રસન્નતા થઈ. તેઓ દલાલને કહેવા લાગ્યા કે "મારૂં સદ્ભાગ્ય છે કે શચીદેવીએ આ સંબંધનો સ્વીકાર કર્યો છે. નિમાઈ પંડિત જેવા વિદ્વાનને મારો જમાઈ બનાવવામાં હું મારૂં અહોભાગ્ય માનું છું. પુત્રીના પૂર્વજન્મના શુભ સંસ્કારો ઉદય થતાંજ આવો વર મળી શકે છે, પરંતુ આપ મારી પરિસ્થિતિથી તો વાકેફજ છો. મારી પાસે આપ-લે માટે કંઈજ નથી. માત્ર પાંચ હરડે સાથે કન્યાનેજ આપી શકીશ. જો આ વાત તેમને મંજૂર હોય તો આપ જ્યારે કહો ત્યારે હું વિવાહ કરવા તૈયાર છું."

દલાલે કહ્યું: "આપ એ વાતની કંઈ ચિંતા ન કરશો. શચીદેવીને રૂપિયા-પૈસાનો લોભ નથી. તે તો સુશીલ સુંદર છોકરીજ ઇચ્છે છે, આપ ખુશીથી વિવાહની તૈયારી કરો." એમ કહી દલાલ મહાશય વલ્લભાચાર્યજી પાસે-

થી વિદાય લઈને ધર્મેદ્રો પાસે આવ્યા અને તેમને અ-
પ્યો. હકીકત કહી સંભળાવી.

બન્ને બાજુથી વિવાહની તૈયારીઓ થવા લાગી. નક્કી કરેલી તિથિએ પોતાના સ્નેહી, સગાંસંબંધી તથા વિદ્યાર્થીઓની સાથે સ્નાન કરીને નિમાઇ વલ્લભાચાર્યને ઘેર ગયા. આચાર્યે બધાનું યથાયોગ્ય સન્માન કર્યું. ગોધૂલિના શુભ સમયમાં—ગોધૂલિવેળામાં—નિમાઇ પંડિતે લક્ષ્મીદેવી સાથે હસ્તમેળાપ કર્યો. લક્ષ્મીદેવીએ ધ્રૂજતા હાથ વડે તેમનાં ચરણોમાં માળા અર્પણ કરી અને ભક્તિભાવપૂર્વક પ્રણામ કર્યા. નિમાઇએ તેને ડાબી બાજુએ બેસાડી. હવન, પ્રદક્ષિણા, કન્યાદાન વગેરે બધા વૈદિક વિધિઓ થયા પછી વિવાહનું કાર્ય સમાપ્ત થયું.

બીજે દિવસે આચાર્ય પાસેથી વિદાય લઈને લક્ષ્મીદેવી સાથે પાલખીમાં બેસી નિમાઇ ઘેર આવ્યા. માતાએ સતી સ્ત્રીઓ સાથે પુત્ર અને પુત્રવધૂનું સ્વાગત કર્યું. બ્રાહ્મણોને તથા અન્ય આશ્રિત જનોને યથાયોગ્ય દ્રવ્યદાન કરવામાં આવ્યું. લક્ષ્મીદેવીનાં રંગ–રૂપ નિમાઇના જેવાંજ હતાં. આ જુગલ જોડીને જોઇને પાડોશની સ્ત્રીઓ પરમ પ્રસન્ન થઇ. કોઇ તો તેમને રતિ–કામદેવની ઉપમા આપવા લાગી, કોઇ કોઇ શચીપુરંદર કહીને મશ્કરી કરવા લાગી, કોઇ કોઇ ગૌર–લક્ષ્મી કહીને નિમાઇ તરફ જોતી હસવા લાગી. સુંદર પુત્રવધૂની સાથે પુત્રને જોઇને માતાને જે આનંદ થયો તેનું વર્ણન કરવું એ આ કલમની શક્તિ બહારની વાત છે.



चंचळ पंडित

सदयं हृदयं यस्य भाषितं सत्यभूषितम् ।
कायः परहितो यस्य कलिस्तस्य करोति किम् ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૧૬૩-૧૯૨)

અર્થાત્ જેના હૃદયમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ છે, જેની વાણી પ્રિય અને સત્યથી સુશોભિત છે, અને જેનું શરીર પરોપકાર માટે સમર્પણ થયેલું છે, તેને તો કળિકાળ કરી પણ શું શકે ? તેને માટે તો સદા સત્યયુગજ છે.

સાકરને ગમે ત્યાંથી ખાઓ, તેનો સ્વાદ મીઠોજ લાગશે. ઘી–ખાંડના લાડુ ગમે તો વાંકા ચૂકા કે ગમે તેવા આકારના બનેલા હોય, તોપણ તેના સ્વાદમાં કશી ઉણપ આવતી નથી. તેજ પ્રમાણે પ્રેમ કોઈ પણ પ્રકારે કરવામાં આવે, ક્યાંય પણ કરવામાં આવે અને કોઇ પણ સાથે કરવામાં આવે, તેનું પરિણામ અનિર્વચનીય સુખજ હોય છે. હૃદયમાં દયાનો ભાવ હોય, અંતઃકરણ શુદ્ધ હોય અને પોતાના સ્વાર્થની મનમાં ઇચ્છા ન હોય, પછી ગમે તો બીજાઓની સાથે ગમે તેવું વર્તન રાખો, તેને ગમે તો ગળામાં લગાડીને આલિંગન કરો કે તેને મીઠા મીઠા ઠપકો આપો બન્નેમાં સુખજ છે, બન્નેથી આનંદ પ્રાપ્ત થાય છે.

નિર્મળ હૃદય નિઃસ્વાર્થી બની, [illegible] પ્રેમની ભાવના [illegible] પ્રસિદ્ધ [illegible] થાય છે. [illegible] [illegible] પણ [illegible] છે અને [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

તેમને માન આપે અને તેમની આબરૂ વધે; પરંતુ નિમાઇ તો ગંભીરતાનો પાઠ ભણ્યાજ નથી. બાકી તેઓ સંસારમાં સૌથી મહાન ગણાતાં માન-પ્રતિષ્ઠાની તો કંઈ પરવાજ કરતા નથી. 'લોકો મારા આ વર્તન માટે શું ધારશે?' એ વિચાર તેમના મનમાં આવતોજ નથી. 'લોકોને જે ધારવું હોય તે ધારે, દુનિયાભરના વિચારોનો મેં કંઇ ઇજારો થોડાજ લીધો છે! મને તો જેમાં પ્રસન્નતા થશે, જે કામથી મારૂં અંતઃકરણ સુખી અને શાંત થશે, તેજ હું તો કરીશ. લોકો બકતા હોય તો ભલે બકયા કરે. હું કોઇનાં મોં થોડાંજ સીવી શકું!" બસ, નિમાઇ એજ વિચારોમાં મસ્ત હતા.

પાઠશાળામાં વિદ્યાર્થીઓને ભણાવે છે, ભણાવતાં ભણાવતાં વચમાં વચમાં એવી ગમ્મતની વાત કહી દે છે કે બધા ખિલખિલાટ કરતા હસી પડે છે. કોઈ છોકરાને પાઠ યાદ નથી થતો તો તેને આંખ બતાવીને ડારતા નથી, પરંતુ પ્રેમપૂર્વક કહે છે કે ભાઇ! પોપટની પેઠે ધૂન લગાવ્યા કરો. જેમકે 'अनद्यतने लुङ्' એ વારંવાર બોલો. એટલું સમજાવીને પોતે જાતે માથું હલાવી હલાવીને 'अनद्यतने लुङ्' 'अनद्यतने लुङ्' એ સૂત્રને વારંવાર ભણતા. છોકરાઓ હસતાં હસતાં લોટપોટ થઇ જતા હતા. પછી તેઓ બીજા વિદ્યાર્થીને સમજાવતા. પાઠ સમાપ્ત થતો અને સાથેજ પંડિત અને વિદ્યાર્થીનો ભાવ સમાપ્ત થઇ જતો. હવે તેઓ બધા વિદ્યાર્થીઓને સાથી સમજીને તેમને સાથે લઇને ગંગાકિનારા પર પહોંચી જતા. કોઇ વાર કોઈની સાથે શાસ્ત્રાર્થ ચાલે છે, કોઇ વાર ગંગાજીની રેતીમાં કુદાકુદ, ઓખો વગેરે રમતો ચાલે છે, તો કોઇ વાર વળી જલવિહારનો આનંદજ ઉડે છે. નિમાઇ પંડિત પોતે પોતાના હાથ વડે વિદ્યાર્થીઓ ઉપર પાણી ઉડાડે [illegible] વિદ્યાર્થીઓ પણ ખભું બુડી જઇને તેમના ઉપર પાણી ઉડાડે છે, નિમાઈ પંડિત પાણીથી ગભરાઇને જલદી પાણી બહાર નીકળીને ભાગે છે, પણ લપસી જતાં તેઓ

પાણીમાં પડી જાય છે અને બધા તાળી પાડીને હસવા માંડે છે. એ બધું દર્શનાર્થીઓ દૂરથી જુએ છે અને ખુશ થાય છે. ઘણાએ ક્રોધથી અવાજો કરે છેઃ—" વાહ રે પંડિત! પંડિતોનું નામ પણ કલંકિત કરો છો! વિદ્યાર્થીઓ સાથે આવી ધીંગામસ્તી!" કોઇ કહેતું કે "નાની ઉમ્મરમાં અધ્યાપક થવાનું આવુંજ ખરાબ પરિણામ આવે છે." પરંતુ તેમની એ વાતો ઉપર કોણ ધ્યાન આપે છે, નિમાઇ પોતાના ખેલમાં મસ્ત છે. કોણ શું બકે છે, તેનો તેમને ખ્યાલ પણ નથી. કોઇ કોઇ વાર દૂરથી હસતાં હસતાં તેઓ કહી દે છેઃ "ઠીક, દીકરાઓ! ભૂંક્યા કરો. કોઈ ને કોઈ વાર ટુકડો મળીજ જશે."

સ્નાન કરીને રસ્તામાં જાય છે, કોઈ કોઇને કોઇના ઉપર ધક્કો દે છે, કોઇ ગટરમાં ગબડી પડે છે, બધા તાળીઓ દઇને હસે છે. કોઇ પંડિતને જોતાંજ ઘણું અઘરું સંસ્કૃત બોલવા લાગે છે. તેઓ એકસાથેજ તેને દશ–વીસ પ્રશ્નો પૂછે છે. બિચારો બગલમાં આસન દબાવીને છાનોમાનો ભીંજાયેલી બિલ્લીની પેઠે કંઇ પણ કહ્યા વિના ગંગાજી તરફજ ચાલ્યો જાય છે, તેમની સાથે વાત કરવાની હિંમતજ થતી નથી. બજારમાં પણ ફલંગ ભરતા ભરતા દોડે છે. કૂદી કૂદીને ચાલવું એ તો તેમનો સ્વભાવજ હતો. રસ્તામાં પણ બાળકોની પેઠે તેઓ કૂદી કૂદીને ચાલતા હતા.

કોઇ વૈષ્ણવને જોતાંજ તેને ઘેરી લેતા અને તેને જોરથી પ્રશ્ન કરતાઃ "किं तावत् वैष्णवत्वम्" અર્થાત્ "વૈષ્ણવપણું કોને કહે છે?" કોઇ વાર પૂછતાઃ 'ऊर्ध्वपुण्ड्रेन किं स्यात्।' અર્થાત્ ઊર્ધ્વ પુંડ્ર કરવાથી શું થાય છે?' બિચારો વૈષ્ણવ હેરાન હેરાન થઇ જતો અને ગમે તેમ કરીને પોતાનો પીછો છોડાવીને તેમનાથી ભાગતો હતો. તે કહેતો જતો કે 'ઘોર કળિયુગ આવ્યો છે, પંડિત પણ વૈષ્ણવોની નિંદા કરવા લાગ્યા.' કોઇ કહેતુંઃ 'અરે, આ

એમને પંડિત કોણ કહે ? કોણ કે જે તો ભક્તિશાસ્ત્રોમાંથી
ને, ઈશ્વરની સાક્ષાત્ મૂર્તિ છે, એને તો ધર્મ-કર્મનું કંઈ
ભાન ક્યાં છે ?' તેઓ કહેતા: 'આવું ભણ્યું ભણતર-
પણું મશાલ નથી.'

તેજ દિવસોમાં શ્રી અદ્વૈતાચાર્યજીની પાઠશાળામાં ચિટાગોંગનિવાસી મુકુંદ દત્ત નામનો એક વિદ્યાર્થી ભણતો હતો. તે પરમ વૈષ્ણવ હતો. તેના ચહેરામાંથી તેજસ્વતા ઝરતી હતી. તેનો કંઠ મધુર અને મનોહર હતો. તે અદ્વૈતાચાર્યજીની સભામાં પદ-સંકીર્તન કરતો હતો અને પોતાના સુમધુર ગાનથી બધાંનાં ચિત્તને આનંદ આપતો હતો. નિમાઇ તેના ઉપર મનોગત પણ્યોજ સ્નેહ રાખતા હતા, પરંતુ ઉપરથી હમેશાં તેની છેડતીજ કરતા. જ્યારે પણ તે મળે ત્યારે તેને પકડીને ન્યાયની ફક્કિકા પૂછવા લાગતા. તે હાથ જોડીને કહેતો: "ભાઈ ! મને માફ કરો, હું તમારે ન્યાય વગેરે કંઇ જાણતો નથી. હું તો વૈષ્ણવશાસ્ત્રોનું અધ્યયન કરું છું." ત્યારે તેઓ તેને કહેતા: "ઠીક, વૈષ્ણવનીજ પરિભાષા કરો ! કહો કે વૈષ્ણવનાં કયાં લક્ષણ છે ?"

મુકુંદ કહેતા: "ભાઈ ! હું હાર્યો, તમે જીત્યા. ગમે તેમ કરીને મને હવે છોડશો ? તમારી સાથે મગજમારી કોણ કરે ? તમારા ઉપર તો હમેશાં ચાઆર્યનું ભૂતજ સવાર રહ્યા કરે છે. મને એટલો સમય છે જ ક્યાં ? એમ કહીને તે જેમ તેમ કરીને પોતાનો પીછો છોડાવીને ભાગતો હતો."

એક દિવસ તેઓ ગંગાસ્નાન કરીને આવતા હતા, આ તરફથી મુકુંદ દત્ત પણ ગંગાસ્નાન કરવા માટે આવતા હતા, તેમને દૂરથીજ આવતા જોઇને મુકુંદ દત્ત જલદી જલદી બીજે રસ્તે થઇને ગંગાજી તરફ જવા લાગ્યા. નિમાઇએ પોતાના વિદ્યાર્થીઓને કહ્યું: "જોઇ, તમે આ વૈષ્ણવ વિદ્યાર્થીની ચાલાકી ! કેવો છાનોમાનો ભાગી જાય

છે, જાણે હું તેને જોતોજ નથી!"

એક વિદ્યાર્થીએ કહ્યું: "કોઈ જરૂરી કામે ત્યાંથી જતા હશે."

તેઓ જોરથી કહેવા લાગ્યા: "જરૂરી કામ કશુંજ નથી. તે માને છે કે વૈષ્ણવ થઈને હું અવૈષ્ણવ લોકો સાથે નકામી વાતો શું કરવા કરૂં? તેથી એક બાજુએ થઈને ચાલ્યો જાય છે." પછી જોરથી મુકુંદ દત્તને સંભળાવતા બોલ્યા: "ઠીક બેટા, જોઉં છું કે અમારાથી કેટલા દહાડા આમ દૂર રહે છે. એમ ના સમજતો કે તું એકલોજ વૈષ્ણવ છે." એક દિવસ અમે પણ વૈષ્ણવ થઈશું અને એવા વૈષ્ણવ થઈશું કે તમે હમેશાં પાછળ પાછળ ફરતા રહેશો." આ વાતો સાંભળતો સાંભળતો મુકુંદ ગંગાજી તરફ ચાલ્યો ગયો અને તેઓ પોતાની પાઠશાળામાં પાછા આવ્યા.

એમના પિતા શ્રીહટ્ટના રહેવાસી હતા. નવદ્વીપમાં ઘણા શ્રીહટ્ટના વિદ્યાર્થીઓ ભણવા આવતા અને ઘણા શ્રીહટ્ટવાસી નવદ્વીપમાં રહેતા પણ હતા. તેઓ જ્યાં પણ શ્રીહટ્ટના વિદ્યાર્થીને જોતા ત્યાં તેની ગમ્મત ઉડાવતા, શ્રીહટ્ટની બોલીનું અનુકરણ કરતા અને તેમના આચાર–વિચારની આલોચના કરતા. લોકો કહેતા: "તમને શરમ નથી આવતી, તમે પણ શ્રીહટ્ટના તો છો! જ્યાંના રહેવાસી છો, ત્યાંના રહેવાસીઓનીજ મશ્કરી ઉડાવો છો." તેઓ કહેતા: "શરમ તો મેં ઉતારીને મારા ઘરની ખૂંટીએ લટકાવી દીધી છે, તમે જૂઠું માનતા હો તો મારે ઘેર જઈને જોઈ આવો." બધા આ વાત સાંભળતા અને ચૂપ થઈ જતા. કોઈ કોઈ તો રાજ્યાધિકારીઓ સુધી તેમની ઉચ્છૃંખલતાની ફરિયાદ કરતા, પરંતુ રાજ્યના અમલદારો તેમના સ્વભાવથી પરિચિત હતા. તેઓ તેમને જોઈને જોરથી હસી પડતા. અમલદારો ફરિયાદ કરનારાઓનેજ બે–ચાર ખાટી અવળી સંભળાવીને વિદાય કરતા. આ પ્રમાણે તેમની ચંચળતા આખા નગરમાં પ્રખ્યાત થઈ ગઈ.

તે દિવસોમાં નવદ્વીપમાં ગણ્યાગાંઠયાજ વૈષ્ણવ હતા, તેમની સંખ્યા આંગળીને વેઢ ગણાય તેટલી હતી. તે બધાના આશ્રયદાતા અદ્વૈતાચાર્ય હતા. વૈષ્ણવો પોતાની મનોવ્યથા મનેજ જઇને કહેતા. તેઓ વૈષ્ણવોને આશ્વાસન આપતા કે "ગભરાઓ નહિ. અંતર્યામી ભગવાન આપણી દુર્દશાને સારી રીતે જાણે છે, તેઓ પ્રત્યક્ષપણે આપણી દુર્ગતિ જોઇ રહ્યા છે. ઘણા જલદીજ તેઓ આપણો ઉદ્ધાર કરશે. એક દિવસ નવદ્વીપમાં ભક્તિની એવી ભરતી આવશે કે તેમાં બધાં નરનારીઓ રસબસ થઇ જશે. જેટલા દિવસ આ વિપત્તિ છે, તેટલા દિવસ ધીરજથી ગાળો, હવે શીઘ્રજ નાસ્તિકવાદ અને હિંસાવાદનો અંત આવનાર છે."

વૈષ્ણવો કહેતાઃ "નિમાઇ પંડિત આવા વિદ્વાન વૈષ્ણવોની મશ્કરી ઉડાવે છે."

અદ્વૈત કહેતાઃ "તમે હજુ નિમાઇને ઓળખતા નથી, તેઓ હૃદયથી વૈષ્ણવો ઉપર ઘણો સ્નેહ રાખે છે. તેઓ જે કંઇ કહે છે તે ઉપરથીજ અમસ્તા અમસ્તા કહે છે. આગળ ઉપર તમે તેમને યથાર્થપણે સમજી શકશો."

આ પ્રકારે વૈષ્ણવ તો આપસમાં એવી વાતો કર્યા કરતા અને નિમાઇ પોતાની લોકોત્તર મધુર મધુર ચંચળતાથી નગરવાસી તથા શચીદેવી અને લક્ષ્મીદેવીને આનંદ અને ઉલ્લાસ આપતા હતા.





[illegible]

येषां संस्मरणात्पुंसां सद्यः शुद्ध्यन्ति वै गृहाः ।
किं पुनर्दर्शनस्पर्शपादशौचासनादिभिः ॥

(શ્રીમદ્ભાગવત ૧-૧૯-૩૩)

અર્થાત્ જે (વિરક્ત મહાત્માઓ)નું ભક્તિભાવથી સ્મરણ કરી લેવાથી જ ગૃહસ્થોનાં ઘર પવિત્ર થઇ જાય છે, તે મહાત્માઓ કોઇને ઘેર પધારે અને તે ભાગ્યવાનને તેમનાં દર્શન, ચરણસ્પર્શ, ચરણપ્રક્ષાલન અને આસનાદિ દ્વારા સેવા કરવાનો સુયોગ પ્રાપ્ત થઇ જાય, તો પછી તેના ભાગ્યનું તો કહેવું જ શું?

મોટા મોટા વિદ્વાનો અને ધર્મજ્ઞોએ ગૃહસ્થધર્મની જે આટલી બધી પ્રશંસા કરી છે, તેનું એક મુખ્ય કારણ અતિથિસેવા છે. ગૃહસ્થાશ્રમમાં રહીને મનુષ્ય પોતાની શક્તિ અનુસાર અતિથિસેવા સારી રીતે કરી શકે છે. ભૂખ્યાને યથાશક્તિ ભોજન આપવું, તરસ્યાને પાણી પાવું અને નિરાશ્રિતને આશ્રય આપીને સુખ આપવું—તેનાથી વિશેષ બીજો ધર્મ કોઇ હોઇજ શકે નહિ. અહો! એ ભાગ્યવાન ગૃહસ્થના ઘરની કલ્પના તો કરો. નાનકડું લીંપેલુંગુંપેલું સ્વચ્છ ઘર છે, એક બાજુ તુલસીનો છોડ આંગણામાં શોભી રહ્યો છે, બીજી બાજુ હળદર અને કુંકુમથી પૂજન કરાયેલી સુંદર શ્યામ વર્ણની ગાય બાંધેલી છે, ગૃહિણી સુંદર અને હસમુખી છે, નાનાં બાળકો આંગણામાં ખેલી રહ્યાં છે, ગૃહિણી મુખેથી સુંદર હરિનામ ઉચ્ચારતી ઉચ્ચારતી રસોઇ બનાવે

છે, એટલામાં જ ગૃહપતિ આવ્યા. ભોજન તૈયાર છે. ગૃહપતિએ વૈશ્વદેવ કર્યું. બધી સામગ્રીઓમાંથી થોડું થોડું લઈને અગ્નિમાં આહુતિ આપી અને બારણે ઉભા રહીને કોઈ અતિથિની વાટ જોવા લાગ્યા. એટલામાંજ જુએ છે, કે એક વિરક્ત કૌપીનધારી મહાત્મા ભિક્ષા માટે ગામ તરફ જાય છે. તે ગૃહસ્થે આગળ આવીને મહાત્માનાં ચરણોમાં પ્રણામ કર્યાં અને તેમને ભિક્ષા ગ્રહણ કરવાની પ્રાર્થના કરી. સદ્ગૃહસ્થની પ્રાર્થના સ્વીકારીને સંત તેના ઘરમાં જાય છે. યોગ્ય અતિથિને જોઈને દંપતિ હર્ષઘેલાં બની જાય છે. પોતાના સગા જમાઈની પેઠે તેનું સ્વાગત સત્કાર કરે છે. મહાત્માનાં ચરણો ધોઈને તે જળનું પોતે પાન કરે છે અને પોતાના આખા ઘરને પવિત્ર બનાવે છે. સંતને ઘણીજ શ્રદ્ધાથી પોતાના ઘરમાં જે લૂખું સૂકું તૈયાર છે તે પ્રેમથી જમાડે છે. ભોજન કરીને મહાત્મા ચાલ્યા જાય છે અને ગૃહસ્થ પોતાનાં બાળ-બચ્ચાં અને આશ્રિતજનોની સાથે તે વધેલું અન્ન આરોગે છે. આવા ગૃહસ્થધર્મથી વધારે બીજો કયો ધર્મ હોઈ શકે છે? એવો ગૃહસ્થ પોતે તો પાવન બનીજ જાય છે, પરંતુ જે લોક અતિથિ થઈને આવા ગૃહસ્થનું આતિથ્ય સ્વીકારે છે તેઓ પણ પવિત્ર થાય છે. એવા અન્નના દાતા-ભોક્તા બન્નેજ પુણ્યભાગી થાય છે.

નિમાઈ પંડિતને આપણે આદર્શ ગૃહસ્થ કહી શકીએ. તેમની વૃદ્ધ માતા જાણે પ્રેમની સાક્ષાત્ પ્રતિમાજ છે, ઘરમાં જે કોઈ આવે છે, તેના ઉપર પુત્રની પેઠે પ્રેમ રાખે છે, અને તેને ભોજનાદિ માટે આગ્રહ કરે છે. લક્ષ્મીદેવીનો સ્વભાવ ઘણોજ કોમળ છે, તે આખો દિવસ કામ કરે છે અને સહેજ પણ દુઃખી થતી નથી. નિમાઈ તો રસિકશિરોમણિ છેજ, તેઓ બેએક માણસોના સાથ વિના ભોજન કરતાજ નથી, લક્ષ્મીદેવી બધાને માટે આભાર કર્યા સિવાય રસોઈ કરે છે અને પોતાના પતિની સાથે તેમના સ્નેહીઓને પણ એજ શ્રદ્ધાપૂર્વક ભોજન

કરાવે છે. કોઈ કોઇ વાર ઘરમાં પાંચ પાંચ દશ દશ અતિથિ આવે છે. વૃદ્ધ માતાને તેમના ભોજનની ચિંતા થાય છે. નિમાઇ અહીં તહીંથી ક્ષણવારમાં સામાન લઈ આવે છે, અને તેના વડે અતિથિ સેવા કરવામાં આવે છે. નગરમાં કોઈ પણ નવો સાધુ વૈષ્ણવ આવે ને જો તે નિ-માઇને મળી જાય તો તેઓ તેને ભોજન માટે જરૂર નિ-મંત્રણ આપતા અને પોતાને ઘેર લઈ જઇને ભિક્ષા કરા-વતા. આ બધાં કાર્યો તેમની મહત્તાનેજ પ્રકટ કરે છે.

વાચક ! શ્રીમાધવેંદ્રપુરીજીના નામથી તો પરિચિત-જ હશો અને યાદ હશે કે, તેમના અંતરંગ અને સર્વ પ્રિય શિષ્ય શ્રી ઈશ્વરપુરીજી હતા. ભક્તશિરોમણિ શ્રીમાધવેંદ્ર-પુરી આ અસાર સંસારને ત્યજીને પોતાના નિત્યધામમાં ચાલ્યા ગયા ત્યારે અંતિમ સમયે તેમના રૂંધાયેલા કંઠ-માંથી આ શ્લોક સરી પડ્યો હતોઃ—

अयि दीनदयार्द्र नाथ हे मथुरानाथ कदावलोक्यसे ।
हृदयं त्वदलोककातरं दयित भ्राम्यति ।किं करोम्यहम् ॥

અર્થાત્ "હે ગરીબો ઉપર દયા કરનાર મારા નાથ ! હે વ્રજેશનંદન ! આ ચિરકાળથી તૃષાતુર આંખો વડે આપની અમૃતોપમ મકરંદ–માધુરીનું હું ક્યારે પાન કરી શકીશ ? હે નાથ ! આ હૃદય તમારાં દર્શન માટે આતુર થઇને ચારે તરફ ઘણા વેગથી દોડી રહ્યું છે. હે ચંચળ-શ્યામ ! હું શું કરૂં ?" એમ કહેતાં કહેતાં તેમણે આ પંચભૌતિક શરીરનો ત્યાગ કર્યો હતો. અંતિમ સમયમાં તેઓ પોતાનો સંપૂર્ણ પ્રેમ શ્રી ઈશ્વરપુરીને અર્પણ કરી ગયા. ગુરુદેવ પાસેથી અમૂલ્ય પ્રેમનિધિ પામીને ઈશ્વર-પુરી તીર્થોમાં ભ્રમણ કરતા કરતા ગૌડ દેશ તરફ આવ્યા.

તેમનું જન્મસ્થાન એજ જીલ્લાના કુમારહટ્ટ નામના ગામમાં હતું. તેઓ જાતે કાયસ્થ હતા. કોઇ કોઇ તેમને વૈદ્ય પણ કહે છે, પરંતુ વૈષ્ણવોને જાતિજ શી ? તેઓની

જાતિ તો હરિજન (પ્રભુના પ્રાણુરૂપજ) છે. વળી સંન્યાસ ધારણ કર્યા પછી તો જાતિ રહેતીજ નથી. તેઓ હમેશાં શ્રીકૃષ્ણના પ્રેમમાં મગ્ન રહ્યા કરતા હતા. જીભથી સદા મધુર એવું શ્રીકૃષ્ણનામ ઉચ્ચારતા અને પ્રેમમાં મગ્ન જેવા, ઉન્મત્ત જેવા, નગ્ન થઈને દેશમાં ભ્રમણ કરતા કરતા ભાગ્યવાનોને પોતાનાં શુભ દર્શનોથી પાવન કરતા ફરતા હતા. એ રીતે ભ્રમણ કરતાં કરતાં તેઓ નવદ્વીપમાં પણ આવ્યા અને અદ્વૈતાચાર્યના ઘર આગળ આવીને બેઠા.

આચાર્ય તેમને જોતાંજ સમજી ગયા કે, આ કોઈ પરમભાગવત વૈષ્ણવ છે. તેમણે તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. પરિચય થતાં તો આચાર્યના આનંદનું ઠેકાણુંજ ન રહ્યું. તેમના ગુરુદેવના મુખ્ય અને પરમપ્રિય શિષ્ય તેમના ગુરુતુલ્યજ હતા. આચાર્યે તેમની ગુરુની પેઠે પૂજા કરી અને થોડો સમય નવદ્વીપમાંજ રહેવાનો આગ્રહ કર્યો. પુરી મહાશયે આચાર્યની પ્રાર્થના સ્વીકારી લીધી અને ત્યાંજ તેમની પાસે રહીને શ્રીકૃષ્ણકથા અને સત્સંગ કરવા લાગ્યા.

નવદ્વીપમાં રહેતાં રહેતાં મહામહિમાવાન શ્રીઈશ્વરપુરીએ નિમાઈ પંડિતનું નામ તો સાંભળ્યું હતું, પરંતુ સાથેજ એમ પણ સાંભળ્યું હતું કે, તેઓ ભારે ચંચળ છે, વૈષ્ણવો સાથે ખૂબ તર્કવિતર્ક કરે છે. તેથી પુરી મહાશય તેમને મળ્યા નહિ.

એક દિવસ નિમાઇ ઇશ્વિરપુરીને મળ્યા. સંન્યાસી સમજીને નિમાઇ પંડિતે પુરી મહાશયને પ્રણામ કર્યા. પરિચય થતાં તેમને પરમ પ્રસન્નતા થઈ. પુરી મહાશય તો તેમના રૂપલાવણ્યને જોઇને મંત્રમુગ્ધની પેઠે એકાગ્ર દૃષ્ટિએ તેમનાજ તરફ જોઈ રહ્યા હતા. તેમણે મસ્તકથી પગ સુધી નિમાઇને જોયા, વારંવાર જોયાજ કર્યો. આ પ્રમાણે તેઓ વારંવાર તેમના અદ્ભુત રૂપલાવણ્ય અને તેજને જોતા હતા, પરંતુ તેમને તૃપ્તિજ થતી નહોતી. તેઓ

વિચારવા લાગ્યા કે આ તો કોઇ યોગભ્રષ્ટ મહાપુરુષ જેવા જણાય છે! તેમના ચહેરા ઉપર કેટલું તેજ છે, હૃદયની સ્વચ્છતા, શુદ્ધતા અને પ્રાણીમાત્ર પ્રત્યેની મમતા તેમના ચહેરા ઉપરથી જણાઇ આવે છે. આ પુરુષ કદી સામાન્ય હોઈ શકેજ નહિ. એ જરૂર કોઈ ગુપ્તવેશધારી મહાપુરુષ છે.

પુરીને પોતાના તરફ તાકીને જોતા જોઇને હસતા હસતા નિમાઈ બોલ્યા: "પુરી મહાશય! હવે આ પ્રમાણે ક્યાંસુધી જોયા કરશો? આજ મારેજ ઘેર ભિક્ષા કરજો, ત્યાં આખો દિવસ મને જોયા કરવાનો તમને સુઅવસર મળશે."

આ સાંભળીને પુરી મહાશય કંઇક શરમિંદા જેવા થઇ ગયા અને તેમણે નિમાઇનું નિમંત્રણ ઘણા પ્રેમથી સ્વીકારી લીધું. ભોજન તૈયાર થતા પહેલાં નિમાઇ અદ્વૈતાચાર્યને ઘેરથી પુરીને બોલાવવા ગયા. શચી માતાએ સ્વામીજીની ખૂબ સેવા-પૂજા કરી અને તેમને શ્રદ્ધાભક્તિ-પૂર્વક ભોજન કરાવ્યું. ભોજન પછી થોડો સમય બન્ને મહાપુરુષોમાં કંઇક સત્સંગ ચાલ્યો, પછી બંનેય અદ્વૈતાચાર્યના આશ્રમમાં આવ્યા.

હવે તો નિમાઇ પંડિત પુરી મહાશય પાસે કોઇ કોઇ વાર આવવા લાગ્યા. તે દિવસોમાં પુરી મહાશય 'શ્રીકૃષ્ણ-લીલામૃત' નામનો એક ગ્રંથ રચતા હતા. પુરીએ પંડિત સમજીને તેમને એ ગ્રંથ સાંભળવાનો આગ્રહ કર્યો. ગદાધર પંડિત સાથે સંધ્યાસમયે જઇને તેઓ તે ગ્રંથને રોજ સાંભળવા લાગ્યા. પુરી મહાશયે કહ્યું: "આપ પંડિત છો, આ ગ્રંથમાં જ્યાં પણ કંઇક અશુદ્ધિ હોય યા ત્રુટિ માલુમ પડે, ત્યાં આપ બતાવશો."

તેમણે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો: "શ્રીકૃષ્ણકથામાં વળી શુદ્ધિ-અશુદ્ધિ કેવી? ભક્ત? ભક્ત પોતાના ભક્તિ-ભાવના આવેશમાં આવીને જે કંઇ પણ લખે છે, તે પરમ શુદ્ધજ હોય છે. જે પદમાં ભગવદ્-ભક્તિ છે, તે પદમાં

શ્રીકૃષ્ણલીલાનું વર્ણન છે, તે અશુદ્ધ હોવા છતાં પણ શુદ્ધ છે અને જે કાવ્ય શ્રીકૃષ્ણકથાથી રહિત છે, તે ગમે તેટલું ઉચ્ચ કોટીનું કાવ્ય ભલેને હોય, તેની ભાષા ભલેને ગમે તેટલી સારી હોય તો પણ તે નકામુંજ છે. ભગવાન તો ભાવગ્રાહી છે, તેઓ ઘટ ઘટની વાતો જાણે છે. બિચારી ભાષા તેમની બિરદાવલીનાં વખાણ કરીજ શું શકે ? તેમની પ્રસન્નતામાં તો શુદ્ધ ભાવનાજ મુખ્ય કારણ છે. જેમકે–

मूर्खो वदति विष्णाय धीरो वदति विष्णवे ।
उभयोस्तु शुभं पुण्यं भावग्राही जनार्दनः ॥

અર્થાત્ મૂર્ખ કહે છે 'विष्णाय नमः (ખરી રીતે વિષ્ણુ શબ્દનું ચોથી વિભક્તિનું રૂપ विष्णवे થાય છે, મૂર્ખ રામાય અને ગણેશાયની પેઠે અનુમાનથી વિષ્ણાય બનાવીનેજ ભગવાનને નમસ્કાર કરે છે.) અને વિદ્વાન કહે છે 'विष्णवे नमः' પરંતુ પરિણામમાં એ બન્નેનું ફળ સમાન છે. કેમકે ભગવાન જનાર્દન તો ભાવગ્રાહી છે. તેમનાથી આ વાત ગુપ્ત રહેતી નથી કે વિષ્ણાય કહેવામાં પણ તેનો ભાવ તો મને નમસ્કાર કરવાનોજ હતો.

નિમાઇ પંડિતનો આવો ઉત્તર સાંભળીને પુરી મહાશય ઘણાજ પ્રસન્ન થયા. તેમણે પ્રસન્નતા દર્શાવતાં કહ્યું: "આ ઉત્તર તો આપની મહત્તા દર્શાવે છે. આ કથનથી આપે શ્રીકૃષ્ણ-લીલાની મહત્તાનુંજ વર્ણન કર્યું છે. આપ ધુરંધર વૈયાકરણી છો, તેથી પદ–પદાન્ત અને ક્રિયાની શુદ્ધિ–અશુદ્ધિ પર આપ જરૂર ધ્યાન આપતા જજો.' એમ કહીને તેઓ પોતાનો ગ્રંથ તેમને સંભળાવવા લાગ્યા. તેઓ ખુબ ધ્યાનપૂર્વક હમેશાં આવીને તે ગ્રંથ સાંભળતા અને સાંભળીને પ્રસન્નતા દર્શાવતા.

એક દિવસ ગ્રંથ સાંભળતાં સાંભળતાં એક ધાતુ ...પમાં તેમણે કહ્યું:–" આ ધાતુ 'આત્મનેપદી' ... 'પરસ્મૈ પદી' છે.' પુરી તેને આત્મનેપ પદીજ ...

હતા. તેમની વાતમાં તેમને શંકા પડી. તેમના ગયા પછી પુરી આખી રાત તે ધાતુના સંબંધમાંજ વિચાર કરતા રહ્યા. બીજે દિવસે જ્યારે તેઓ ફરીથી પુસ્તક શ્રવણ કરવા આવ્યા ત્યારે તેમને પુરીએ કહ્યું: 'આપ જેને પરસ્મૈપદી ધાતુ કહો છો તે તો આત્મનેયપદીજ છે.' એમ કહીને તેમણે તેમને એ ધાતુને સિદ્ધ કરી બતાવ્યો. આ સાંભળીને તેઓ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા: 'આપનુંજ કથન બરાબર છે, મારી ભૂલ થઇ ગઇ હશે.' આ પ્રમાણે તેમણે પુરીના સમગ્ર ગ્રંથને સાંભળ્યો. તે ગ્રંથનું શ્રવણ કરવાથી તેમને ઘણોજ આનંદ થયો. તેમની કૃષ્ણભક્તિ ધીરે ધીરે ખીલવા લાગી. ઈશ્વરપુરીપ્રત્યે તેમને આંતરિક પ્રેમ ઉત્પન્ન થયો. કેટલાક સમય પછી પુરી મહાશય નવદ્વીપથી ગયા તરફ ચાલ્યા ગયા અને નિમાઇ પહેલાંની પેઠે પોતાની પાઠશાળામાં ભણાવવા લાગ્યા.





पूर्वबंगाळनी यात्रा

विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते॥

(સુભાષિત રત્નભાંડાગાર ૪૦–૬)

અર્થાત્ વિદ્વાન અને રાજાની કોઈ પરસ્પર સરખામણી કરે તો રાજા વિદ્વાનની બરાબરી કદી પણ કરી શકે નહિ; કારણ કે રાજા તો પોતાના જ દેશમાં પૂજાય છે, તેનાં માન-આદર તેના જ પ્રદેશમાં હોય છે; પરંતુ વિદ્વાન તો જ્યાં જાય છે, ત્યાં તેનો પૂજા-સત્કાર થાય છે.

વિધિના વિધાનને કોઈ બરાબર સમજી શક્યું નથી. જેની પાસે ઘણા મોટા પ્રમાણમાં ભોજ્ય પદાર્થો છે, તેનામાં પાચનશક્તિ નથી. જેની પાચનશક્તિ જબ્બર છે, તેને પૂરતા ભોજ્ય-પદાર્થો મળતા નથી. વિદ્વાનો પાસે ધનનો અભાવ છે, ને જેમનામાં વિદ્યાબુદ્ધિ નથી, તેમની પાસે આવશ્યકતાથી વિશેષ ધન ભર્યું પડ્યું છે. જ્યાં ધન છે ત્યાં સંતાન નથી ને જ્યાં ઘણાં સંતાન છે, ત્યાં ભોજનના સાંસા પડે છે. આ ઉપરથી તો ખીજાઈને કોઈ કવિએ બ્રહ્માજીને સારું ખોટું કહી દીધું છે. તેઓ કહે છે કે—

गन्धः सुवर्णे फलमिक्षुदण्डे नाकारि पुष्पं खलु चन्दनेषु।
विद्वान् धनाढ्यो न तु दीर्घजीवी धातुः पुरा कोऽपि न बुद्धिदोऽभूत्॥

કવિની દૃષ્ટિએ બ્રહ્માજીએ સૃષ્ટિ રચવામાં ઘણી

ભૂલ કરી છે. જુઓ, સુવર્ણ કેટલું સુંદર છે, તેમાં જો સુગંધ હોત તો તેની ઉત્તમતાનું કહેવાનુંજ શું હોત! શેરડીના સાંઠામાં જ્યારે આટલી મીઠાશ છે, તો જો તેના ઉપર ક્યાંક ફળ લાગતાં હોત તો તે કેટલાં સ્વાદિષ્ટ હોત? બ્રહ્માજી તેના ઉપર ફૂલ લગાવવાનાંજ ભૂલી ગયા. સુખડમાં જ્યારે આટલી સુગંધ છે તો તેના ઉપર ક્યાંક ફૂલ લાગતાં હોત તો તેના જેવું ઉત્તમ ફૂલ સંસારમાં બીજું કયું હોઈ શકત? પણ બ્રહ્માજીને તેના ઉપર ફૂલ લગાવવાનું ધ્યાનજ રહ્યું નહિ. વિદ્વાન લોક પૈસા-રૂપિયા વિનાજ આકાશ પાતાળ એક કરી દે છે. જો તેમની પાસે ક્યાંક ધન હોત તો આ સૃષ્ટિની બધી વિષમતા દૂર કરી દેત; પણ તેમને તો દરિદ્રી નિર્ધનજ બનાવ્યા અને સાથે સાથે તેમની ઉંમર પણ ઓછી બનાવી. આ બધી બાબતો વિચારીને કવિ કહે છે કે, તેમાં બિચારા બ્રહ્માજીનો કશો દોષ નથી; કદાચ સૃષ્ટિ રચતી વખતે બ્રહ્માજીને કોઈ યોગ્ય સલાહ આપનાર ચતુર મંત્રી મળ્યો નથી. તેથી ઉતાવળમાં આવી ગરબડ થઇ ગઇ છે.

મંત્રીના અભાવે થઇ હોય કે તેમણે જાણી જોઈને કરી હોય, પરંતુ એ ભૂલ તો બ્રહ્માજીથી અવશ્ય થઈ ગઇ છે કે, તેમણે વિદ્વાનોને નિર્ધનજ બનાવ્યા. વિદ્વાનોને ઘણે ભાગે ધનને માટે સદા બીજાનાં મોં તરફજ જોતા રહેવું પડે છે. કોઇએ તો એટલે સુધી કહી નાખ્યું છે કે '**अनाश्रया न शोभन्ते पंडिता वनिता लताः**' અર્થાત્ પંડિત, સ્ત્રી અને વેલ, આશ્રય વિનાનાં સારાંજ લાગતાં નથી. બિચારા પંડિતોને સ્ત્રી અને વેલીની સાથે સરખાવીને તેમની વ્યથાને વળી વિશેષ વધારી દીધી છે.

જે સમયની આપણે વાત કરીએ છીએ, તે સમયે સંસ્કૃત વિદ્યાની આજના જેટલી દુર્ગતિ નહોતી. સમસ્ત ભારતવર્ષમાં સંસ્કૃત વિદ્યાનો પ્રચાર હતો. સંસ્કૃત ભણ્યા સિવાય કોઈ પણ મનુષ્ય સભ્યજ કહેવાતો નહિ. બંગા-

ચારિત્ર્ય, પવિત્રતા અને પ્રભુપ્રાપ્તિ માટેની વ્યાકુળતા જણાઈ આવતાં હતાં. બ્રાહ્મણ પોતાની વાણીથી નિરંતર ભગવાનનાં સુમધુર નામોનો ઉચ્ચાર કરતો હતો. તેણે આવતાં વેંતજ તેમનાં ચરણો પકડી લીધાં અને ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગ્યો. તેમણે તે બ્રાહ્મણને ઉઠાડીને ગળે લગાડ્યો અને પોતાનો કોમળ હાથ તેના અંગ ઉપર ફેર-વતાં ફેરવતાં બોલ્યા: "આપ આ શું કરી રહ્યા છો? આપ તો મારા પૂજ્ય છો, હું તો હજી બાળક છું. આપ પોતેજ મારા પૂજનીય છો."

બ્રાહ્મણ તેમના પગ પકડીને નિરંતર રુદન કરી રહ્યો હતો, તે કશું સાંભળતોજ નહોતો, બસ ધ્રૂસકે ધ્રૂસકે જોરથી રડતોજ હતો.

પ્રભુએ આશ્વાસન આપતાં કહ્યું: "કહો તો ખરા, શી વાત છે? આ પ્રમાણે રુદન શામાટે કરો છો? તમારા પર શું કોઈ આપત્તિ આવી છે, મંગલમય ભગવાન તમારું સર્વ પ્રકારે ભલુંજ કરશે, મને આપના દુઃખનું કારણ કહો."

પ્રભુએ આ પ્રમાણે ઘણું ઘણું આશ્વાસન આપ્યા પછી બ્રાહ્મણે કહ્યું:–"પ્રભો! હું ઘણોજ અધમ અને સાધન-શૂન્ય દીન–હીન બ્રાહ્મણ–બંધુ છું. હજુ સુધી આ સંસા-રમાં મનુષ્યનું સાધ્ય શું છે, તેને પહોંચવાનું સાચું સાધન કયું છે, એ વાત જાણી શક્યો નથી. હું હમેશાં એજ ચિંતામાં રહ્યા કરતો હતો કે, સાધ્ય–સાધનનો નિર્ણય કેમ કરીને થાય. ભગવાનને હમેશાં પ્રાર્થના કર્યા કરતો હતો કે "ભગવન્! હું તમારી સ્તુતિ–પ્રાર્થના કશું જાણ-તો નથી. આપને કેમ કરીને બોલાવાય છે, તે પણ જાણતો નથી. આ દીન–હીન કંગાળને આપ પોતેજ કોઈ પ્રકારે સાધ્ય–સાધનનું રહસ્ય સમજાવી દો."

અંતર્યામી ભગવાને મારી પ્રાર્થના સાંભળી. કાલે

શ્રી ગંગાજી પાર કરીને નિમાઇ પંડિત પોતાના શિષ્યો સાથે પદ્મા નદીને કિનારે રાઢ દેશમાં પહોંચ્યા. બંગાળમાં ભગવતી ભાગીરથીના બે પ્રવાહો થઇ જાય છે. ગંગાજીની મૂળશાખા પૂર્વ તરફ જઇને જે બંગાળના ઉપસાગરમાં મળી છે, તેનું નામ પદ્માવતી છે; બીજી જે ગંગાસાગરમાં જઇને સમુદ્રને મળે છે તેને ભાગીરથી ગંગા કહે છે. બ્રહ્મપુત્રા નદીના અને દક્ષિણતટથી પદ્મા નદી સુધીના દેશને રાઢ દેશ કહે છે. પહેલાં 'બંગાળ' એનેજ કહેતા હતા. ઉત્તરતટને ગૌડદેશ કહેતા હતા અને દક્ષિણ-તટ બંગાળ યા રાઢ નામથી ઓળખાતો. આજે તેને પૂર્વ-બંગાળ કહે છે. જેમકેઃ—

रत्नाकरं समारम्य ब्रह्मपुत्रान्तगं शिवे ।
वंगदेशो मयाप्रोक्तः सर्वसिद्धिप्रदर्शकः ॥

ગૌડ દેશવાળાઓથી બંગ–દેશવાળાઓના આચાર-વિચાર પણ કંઈક કંઈક જુદા હતા અને આજે પણ છે. નિમાઈ પંડિતે પૂર્વબંગાળનાં ઘણાં સ્થાનોમાં ભ્રમણ કર્યું. જે કોઇ લોકો તેમના આગમનની વાત સાંભળતા તેઓ યથાશક્તિ ભેટ લઇનેજ તેમની પાસે આવતા હતા.

ત્યાંના વિદ્યાર્થી કહેતા હતાઃ "અમે ઘણા દિવસથી આપની પ્રશંસા સાંભળતા હતા, આપની લખેલી વ્યાક-રણની ટિપ્પણી ઘણીજ સુંદર છે. અમને અમારા પાઠમાં તેનાથી ઘણી મદદ મળે છે."

કોઇ કહેતાઃ "આપની ચરણધૂલિથી આ દેશ પાવન થયો છે, આપના અગાધ પાંડિત્યની અમે પ્રશંસાજ માત્ર સાંભળતા હતા. આપના ગુણોની પ્રશંસા કોણ કરી શકે તેમ છે?" આ પ્રમાણે લોકો વિવિધ પ્રકારે તેમની પ્રશંસા અને પૂજા કરવા લાગ્યા.

તેમના સાથીઓને ભય હતો કે, પંડિતજી અહીં પણ નવદ્વીપની પેઠે ચંચળતા દર્શાવશે તો બધો ગોટાળો

થઈ જાય, પરંતુ તેઓ દેશ-કાળને સમજીને વર્તનારા હતા. કેટલાક માસ સુધી તેઓ પૂર્વબંગાળમાં ભ્રમણ કરતા રહ્યા, પરંતુ ત્યાં તેમણે એક પણ દિવસ સંકીર્તન બતાવી નથી. તેઓ સર્વેસ્થાં એક યોગ્ય ગંભીર પંડિતની પેઠે વર્તતા હતા. તેમને જે જે વિષયનો પ્રશ્ન પૂછાતો તેને તેના પ્રશ્ન અનુસાર યોગ્ય જવાબ આપતા. અહીં એમણે વૈષ્ણવોની ચર્ચા કરી નહિ, પરંતુ ઉલટો સર્વત્ર ભગવદ્-ભક્તિનો પ્રચાર કર્યો. તેમણે લોકોના પૂછવાથી ભગવન્નામનું માહાત્મ્ય દર્શાવ્યું, ભક્તિની શ્રેષ્ઠતા સિદ્ધ કરી અને કલિયુગમાં ભક્તિમાર્ગનેજ સર્વશ્રેષ્ઠ, સુલભ અને સર્વોપયોગી જણાવ્યો. પરંતુ એ બાબતો તેમણે એક વિદ્વાન પંડિતનીજ પેઠે કહી હતી. જેવા વિદ્વાનોને જે પણ પ્રશ્ન કરો તેનોજ શાસ્ત્રાનુસાર તેઓ ઉત્તર આપશે. ભક્તિનો મૂળ પ્રવાહ તો તેમનામાં હજુ અવ્યક્તરૂપે ગુપ્તજ હતો. તે પ્રવાહને વહેવાની હજુ વાર હતી. તેમ છતાંયે તેમના પાંડિત્યપૂર્ણ ઉત્તરોથી રાઢ-દેશવાસી શ્રદ્ધાળુ મનુષ્યોને ઘણો લાભ થયો. તેઓ ભગવન્નામ અને ભક્તિની મહત્તાને સમજી ગયા, તેમના હૃદયમાં ભક્તિનો એક નવો અંકુર ફૂટી નીકળ્યો, અને તેને પાછળથી ગૌરાંગની આજ્ઞાથી નિત્યાનંદ પ્રભુએ પ્રેમથી સીંચીને પત્ર, પુષ્પ તથા ફળવાળો બનાવ્યો. આ પ્રમાણે તેઓ શાસ્ત્રીય ઉપદેશ કરતા કરતા રાઢ દેશનાં મુખ્ય મુખ્ય સ્થાનોમાં ઘૂમવા લાગ્યા. ગંગાના પોતાના સાથીઓને લઈને તેઓ પદ્મામાં સ્નાન કરતા અને કલાકો સુધી એકાંતમાં જળ-વિહાર કરતા હતા. લોકો ખૂબ સત્કારપૂર્વક તેમને ખાવા-પીવાની સામગ્રી આપતા. તેમના સાથીઓ પોતાનું ભોજન પોતેજ બનાવતા હતા. આ પ્રમાણે તેમની યાત્રાના દિવસો આનંદમાં જવા લાગ્યા.

એક દિવસ મહામહિમાવાન નિમાઈ પંડિત એકાંત-સ્થાનમાં બેઠા હતા. તે સમયે એક તેજસ્વી બ્રાહ્મણ તેમની પાસે આવ્યો. બ્રાહ્મણના ચહેરામાંથી તેની નમ્રતા,

[illegible]
[illegible]
[illegible] ઉચ્ચાર કરતો રહ્યો. તે
[illegible] તેમના ચરણે પડી ગયો અને ધ્રુસ-
કે ધ્રુસકે રોવા લાગ્યો. પ્રભુએ તે બ્રાહ્મણને ઉઠાડીને છાતીએ
લગાડ્યો અને પોતાનો કોમળ હાથ તેના અંગ ઉપર ફેર-
વતાં ફેરવતાં બોલ્યા: "આપ આ શું કરી રહ્યા છો? આપ
તો મારા પૂજ્ય છો. હું તો એક બાળક છું. આપ
પોતેજ મારા પૂજનીય છો."

બ્રાહ્મણ તેમના પગ પકડીને નિરંતર રુદન કરી રહ્યો હતો, તે કશું સાંભળતોજ નહોતો, બસ ધ્રુસકે ધ્રુસકે જોરથી રડતોજ હતો.

પ્રભુએ આશ્વાસન આપતાં કહ્યું: "કહો તો ખરા, શી વાત છે? આ પ્રમાણે રુદન શામાટે કરો છો? તમારા પર શું કોઈ આપત્તિ આવી છે, મંગલમય ભગવાન તમારૂં સર્વ પ્રકારે ભલુંજ કરશે, મને આપના દુઃખનું કારણ કહો."

પ્રભુએ આ પ્રમાણે ઘણું ઘણું આશ્વાસન આપ્યા પછી બ્રાહ્મણે કહ્યું:–"પ્રભો! હું ઘણોજ અધમ અને સાધન-શૂન્ય દીન–હીન બ્રાહ્મણ–બંધુ છું. હજુ સુધી આ સંસારમાં મનુષ્યનું સાધ્ય શું છે, તેને પહોંચવાનું સાચું સાધન કયું છે, એ વાત જાણી શકયો નથી. હું હમેશાં એજ ચિંતામાં રહ્યા કરતો હતો કે, સાધ્ય–સાધનનો નિર્ણય કેમ કરીને થાય. ભગવાનને હમેશાં પ્રાર્થના કર્યા કરતો હતો કે "ભગવન્! હું તમારી સ્તુતિ–પ્રાર્થના કશું જાણતો નથી. આપને કેમ કરીને બોલાવાય છે, તે પણ જાણતો નથી. આ દીન–હીન કંગાળને આપ પોતેજ કોઈ પ્રકારે સાધ્ય–સાધનનું રહસ્ય સમજાવી દો."

અંતર્યામી ભગવાને મારી પ્રાર્થના સાંભળી. કાલે

રાત્રે હું સૂતો હતો. સ્વપ્નમાં એક મહાપુરુષે આવીને મને કહ્યું: "પૂર્વબંગાળમાં જે આજકાલ નિમાઈ પંડિત ભ્રમણ કરી રહ્યા છે, તેમને તમે સામાન્ય પંડિતજ ન સમજતા, તેઓ સાક્ષાત નારાયણસ્વરૂપ છે, તેમનીજ પાસે તમે જાવા લાગો, તેઓજ તમારી શંકાઓનું સમાધાન કરીને તમને સાધ્ય-સાધનનો મર્મ સમજાવશે." બસ, આંખ ખુલતાંજ હું અહીં ચાલ્યો આવ્યો છું. આજે મારું જીવન સફળ થયું, હું શ્રીચરણોનાં દર્શન કરીને કૃતકૃત્ય થઈ ગયો છું.

પ્રભુ થોડુંક હસ્યા, અને પછી ધીરે ધીરે તપન મિશ્રને કહેવા લાગ્યા: "મહાભાગ! આપના ઉપર શ્રીકૃષ્ણ ભગવાનની ઘણી કૃપા છે. આપનો અંતરાત્મા અત્યંત પવિત્ર છે, તેથી આપ સૌમાં ભગવદ્ભાવના કરો છો. મનુષ્ય જેવી ભાવના કર્યા કરે છે તેવાંજ રાત્રિમાં સ્વપ્ન દેખે છે. આપ એ વાતને સત્ય માનો અને કોઈની સમક્ષ આપે કહેલી વાત પ્રકટ કરશો નહિ."

તપન મિશ્રે હાથ જોડીને કહ્યું: "પ્રભો! મને ભૂલતા નહિ. હવે તો હું સર્વભાવે આપને શરણે આવેલો છું. જે રીતે ઉચિત માનો તે પ્રમાણે મને અપનાવો અને મારી શંકાનું સમાધાન કરો."

પ્રભુએ હસતાં હસતાં પૂછ્યું: "ઠીક, તમે શું પૂછવા ઇચ્છો છો? તમારી શંકા શું છે?"

દીનભાવે તપન મિશ્રે કહ્યું:—"પ્રભો! આ કલિકાળમાં પ્રાચીન સાધન જે શાસ્ત્રોમા સાંભળીએ છીએ તે હોવાં તો અસંભવિત છે. સમયાનુસાર કોઈ સરળ, સુંદર અને સર્વશ્રેષ્ઠ સાધન બતાવો અને કોને સાધ્ય માનીને તે સાધન કરવું."

પ્રભુ થોડી વાર ચૂપ રહ્યા, પછી ઘણાજ પ્રેમપૂર્વક મિશ્ર સાથે બોલ્યા: "વિપ્રવર! પ્રભુપ્રાપ્તિ એજ મનુ-

[illegible]

[illegible] છે. જેમકે—

कृते यद्ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात्॥

[illegible] શાસ્ત્રોએ મળીને હરિનામનોજ આશ્રય [illegible] પ્રતિજ્ઞા કરીને [illegible] —

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम्।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा॥

અર્થાત્ કળિયુગમાં કેવળ હરિનું જ નામ સારરૂપ છે. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, કળિયુગમાં હરિનામ સિવાય બીજી ગતિ નથી, નથી ને નથી જ.

લોક હરિનામનું માહાત્મ્ય નહિ સમજવાથી જ સંસારમાં જાત જાતની યાતનાઓ સહન કરે છે. જે ભગવન્નામનો મહિમા સમજી લેશે, તેને પછી સાંસારિક ઝગડા વ્યથા કરી જ શકશે નહિ. હું તમને સારમાં સાર વાત, ગુહ્યમાં ગુહ્ય સાધન બતાવી દઉં છું. તેને ખૂબ યત્નપૂર્વક યાદ રાખજો અને તેને જ પોતાના જીવનનો મૂળ મંત્ર સમજજો.

संसारसर्पदंष्टानामेकमेव सुभेषजम्।
सर्वदा सर्वकालेषु सर्वत्र हरिचिन्तनम्॥

અર્થાત્ સંસારરૂપી સર્પથી ડસાયેલા મનુષ્યોને માટે એકજ સર્વોત્તમ ઔષધિ છે અને તે હર સમય, હર કાળમાં અને હર સ્થાનમાં નિરંતર હરિસ્મરણ જ કરતા રહેવું, એજ છે. બસ, મુખ્ય સાધન એજ છે કે—

हरे राम हरे राम राम राम हरे हरे ।
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ॥

આ સોળ નામ અને બત્રીસ અક્ષરોનો મંત્રજ મુખ્ય સાધન છે. સાધ્યના ચક્કરમાં અત્યારથી ન પડો. આનો જપ કરતાં કરતાં સાધ્યનો નિર્ણય આપો આપજ થઇ જશે.

પ્રભુના મુખેથી સાધનનું ગુહ્ય રહસ્ય સાંભળીને મિશ્રજીને ઘણોજ આનંદ થયો. આનંદને લીધે તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેમણે રડતાં રડતાં પ્રભુનાં ચરણ પકડીને પ્રાર્થના કરીઃ–" પ્રભો ! આપની અસીમ કૃપાથી આજ મારા સર્વ સંશયો સમૂળ નાશ પામ્યા છે. હવે મને કોઈ પણ શંકા રહી નથી. હવે મારી એજ અંતિમ પ્રાર્થના છે કે, મને શ્રીચરણોમાંથી છૂટો ન રાખશો; સદા ચરણોની પાસેજ રહ્યા કરૂં એવી આજ્ઞા આપો."

પ્રભુએ કહ્યું: " હવે આપ કાશી જઇને રહો. કેટલાક સમય પછી હું પણ કાશી આવીશ ત્યારે તમને મળીશ. આપે ત્યાંજ શિવપુરીમાં જઇને રહેવું જોઇએ."

પ્રભુની આજ્ઞા શિરોધાર્ય માનીને તપન મિશ્ર કાશીજી ચાલ્યા ગયા અને આ તરફ પ્રભુ હવે ઘેર પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યા.





પત્નીવિયોગ અને પાછા ફરવું

पतिर्हि देवो नारीणां पतिर्बन्धुः पतिर्गतिः ।
पत्युर्गति समानास्ति दैवतं वा यथा पतिः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૩૬૬-૧૪)

અર્થાત્ સ્ત્રીઓને પતિ એજ દેવતા છે, પતિજ બંધુ છે અને પતિજ ગતિ છે. પતિના જેવી તેની બીજી ગતિ નથી અને પતિના જેવો તેનો બીજો કોઇ દેવતા નથી.

પત્ની એ ગૃહસ્થાશ્રમમાં એક સર્વશ્રેષ્ઠ અને સર્વપ્રધાન વસ્તુ છે. ગૃહિણીના વિના ગૃહસ્થ જ નથી. પત્ની ગૃહસ્થનાં કાર્યોમાં મંત્રી છે, સેવા કરવામાં દાસી છે, ભોજન કરાવવામાં માતા સમાન છે, શયનમાં રંભાની પેઠે સુખ આપનારી છે, ધર્મનાં કાર્યોમાં અર્ધાંગના છે, ક્ષમામાં પૃથ્વીસમાન છે–અર્થાત્ ગૃહસ્થની યોગ્ય ગૃહિણી એજ તેનું સર્વસ્વ છે. જેના ઘરમાં સુચતુર સુંદરી અને મૃદુભાષિણી ગૃહિણી હયાત છે, તેને ત્યાં સર્વસ્વ છે, તેને કોઇ ચીજની કમીજ નથી અને જેના ઘરમાં ગૃહિણી જ નથી, તેને છે જ શું ?

લોકપ્રિય નિમાઇ પંડિતની પત્ની લક્ષ્મીદેવી એવીજ સર્વગુણસંપન્ન ગૃહિણી હતી. તે પતિને પ્રાણની પેઠે ચાહતી હતી, સાસુની તનમનથી સદા સેવા કરતી હતી અને સદા મધુર અને કોમળ વાણીથી બોલતી હતી. તેનું નામજ લક્ષ્મીદેવી નહોતું પરંતુ ખરેખર તેમનામાં લક્ષ્મીદેવીના સર્વે ગુણો પણ હયાત હતા. તેઓ મૃત્યુલોકમાં લક્ષ્મીના

જેવાંજ હતાં. એવીજ પત્નીને નીતિકારોએ લક્ષ્મીરૂપ કહી છે—

यस्य भार्या शुचिर्दक्षा भर्तारमनुगामिनी ।
नित्यं मधुरवक्त्री सा रमा न रमा रमा ॥

અર્થાત્ "જેની પત્ની પવિત્રતા રાખનારી, ગૃહકાર્યોમાં ચતુર અને પોતાના પતિના મનને અનુકૂળ આચરણ કરનારી છે, જે હમેશાંજ મીઠી વાણી બોલે છે, ખરી રીતે તો તેજ લક્ષ્મી છે. લોકો જેને 'લક્ષ્મી-લક્ષ્મી' કહે છે, તે કોઇ બીજી લક્ષ્મી નથી." નિમાઇ પંડિતની પત્ની લક્ષ્મીદેવી સાચેજ લક્ષ્મી હતી.

પૂર્વબંગાળની યાત્રા વખતે માતાના આગ્રહથી નિમાઇ લક્ષ્મીદેવીને તેમના પિતાને ઘેર મૂકતા ગયા હતા. પતિના વિયોગસમયે પતિવ્રતા લક્ષ્મીદેવીએ ઘણા જ પ્રેમથી પોતાના સ્વામીના ચરણો પકડયા અને વિયોગ-વેદનાનું સ્મરણ કરીને તેઓ પ્રુસ્કે પ્રુસ્કે રડવા લાગ્યાં. નિમાઇએ તેમને ધીરજ આપતાં કહ્યું: "આમ દુઃખી થવાનું શું કારણ છે? હું ઘણોજ જલદી પાછો આવીશ, ત્યાંસુધી તું અહીં રહે. હું ઘણા દિવસો માટે થોડો જ જાઉં છું! એમજ દશ-વીસ દિવસ હરી ફરીને પાછો આવી પહોંચીશ." તેમને શી ખબર કે, આ લક્ષ્મીદેવીનો અંતિમ મેળાપ છે? આ પછી લક્ષ્મીદેવીનો આ લોકમાં ફરી મેળાપ થશે જ નહિ.

લક્ષ્મીદેવીને જાત જાતનાં આશ્વાસન આપીને નિમાઇ પંડિતે પૂર્વબંગાળની યાત્રા કરી. આ તરફ લક્ષ્મીદેવી પતિના વિયોગમાં ખિન્ન ચિત્તે દિવસો ગણવા લાગી, તેને પતિના વિના આ સમસ્ત સંસાર સૂનો સૂનો જ જણાતો હતો. તેને સંસારમાં પતિના સિવાય પ્રસન્ન કરનારી કોઇ પણ વસ્તુ નહોતી. પ્રસન્નતાની મૂળ વસ્તુના અભાવમાં તેમની પ્રસન્નતા તદ્દન જતી રહી, તેઓ સદા ઉદાસ જ રહેવા લાગ્યાં. ઉદાસીને લીધે તેમને અન્નજળ કંઇ પા

સારાં લાગતાં નહિ. તેમનો અગ્નિ મંદ થઈ ગયો, પાચન-શક્તિ નષ્ટ થઇ ગઇ અને વિરહજ્વાળાના તાપથી સદા તાવ રહેવા લાગ્યો. પિતાએ ચિકિત્સકોને બતાવ્યું, પરંતુ બિચારા સંસારી વૈદ્ય આ રોગનું નિદાન–ઓસડ કરી જ શું શકે! વાત, પિત્ત ને કફ સિવાય તેઓ ચોથી વાત જાણતાજ નથી. આ એ ત્રણેથી વિલક્ષણજ ધાતુવિકારનો વ્યાધિ છે, તેથી વૈદ્યોના ઉપચારથી કંઈ વિશેષ ફાયદો થયો નહિ. ધીરે ધીરે લક્ષ્મીદેવીનું શરીર વધારે ને વધારે ક્ષીણ થવા લાગ્યું. કોઇને પણ તેમના જીવવાની આશા રહી નહિ. તે જાણે પોતાના અત્યંત ક્ષીણ શરીરને છેલ્લી વારનાં પતિદર્શનની લાલસાથીજ ટકાવી રહ્યાં છે, પરંતુ તેમની આ અભિલાષા પૂરી થઇ શકી નહિ. નિમાઇ પંડિતને પૂર્વબંગાળમાં ધારવા કરતાં વધારે દિવસો થઇ ગયા. અંતે ઘણા કષ્ટપૂર્વક વિયોગ–વ્યથા નહિ સહન કરી શકવાથી પોતાના પતિદેવનાં ચરણચિહ્નોમાં હૃદય-ને ધારણ કરીને તેમણે આ પંચભૌતિક શરીરનો ત્યાગ કરી દીધો. તે આ મૃત્યુલોકની ભૂમિને ત્યજી દઈ સતીઓ-ને રહેવાયોગ્ય પુણ્યલોકમાં પતિમિલનની ઇચ્છાથી ચાલી ગઈ. ઘરવાળાઓએ રડતાં રડતાં તેમના બધા સંસ્કાર કર્યા.

આ તરફ નિમાઈ પંડિતને પૂર્વબંગાળમાં ભ્રમણ કરતાં કરતાં કેટલાય માસ વીતી ગયા. હવે તેમને ઘરની ચિંતા થવા લાગી. તેમને જણાવા લાગ્યું કે, મારે ઘેર જરૂર કંઈક અનિષ્ટ થયું છે, હૃદયના ભાવ તો અસંખ્ય ગાઉથી પણ હૃદયમાં આવી જાય છે. લક્ષ્મીદેવીની અંતિમ વેદના તેમના હૃદયને પીડા કરવા લાગી. તેમને હવે ક્યાંય આગળ જવાનું સારૂં લાગતું નહોતું, તેથી તેમણે સાથીઓને નવદ્વીપ પાછા ફરવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં સૌ નવદ્વીપ પાછા ફરવાની તૈયારીઓ કરવા લાગ્યા. ઘણા નવીન છાત્રો પણ વિદ્યોપાર્જન માટે તેમની સાથે થઈ ગયા હતા. એ બધાને લઇને તેઓ નવદ્વીપ તરફ ચાલી નીકળ્યા. તેમને પૂરતું ધન તથા બીજી જરૂરની

વસ્તુઓ તેઓ નવા ખરીદીમાં મળી હતી. થોડા દિવસોમાં તેઓ પાછા નવદ્વીપમાંજ આવી પહોંચ્યા.

તેમના આગમનના સમાચાર ગામમાં વિજળીની પેઠે ફેલાઈ ગયા. તેમના ઈષ્ટ, મિત્ર, સ્નેહી તથા જના છાત્રો દર્શન માટે તેમને ઘેર આવવા લાગ્યા. તેઓ બધાને યથાયોગ્ય પ્રેમપૂર્વક મળ્યા. બધાએ યાત્રાના કુશળ સમાચાર પૂછ્યા.

તેમણે સૌથી પ્રથમ પોતાનાં માતાનાં ચરણોનો સ્પર્શ કર્યો. માતાનો ચહેરો કરમાઈ ગયો હતો. તે પુત્રવધૂના વિયોગ અને પુત્રની ચિંતાને લીધે અત્યંત દુઃખી જેવાં જણાતાં હતાં. લાંબા વખતથી દૂર ગયેલા પોતાના પ્રિય પુત્રને જોઇને માતાના સુખનો પાર ન રહ્યો. ગાય જેમ પોતાનાથી છૂટા પડેલા વાછરડાને પામીને તેને પ્રેમથી ચાટવા લાગે છે, તેજ પ્રકારે માતા નિમાઈના યુવાન શરીર ઉપર પોતાનો શીતળ અને કોમળ હાથ ફેરવવા લાગી. તેની આંખોમાંથી નિરંતર પ્રેમાશ્રુ વહી રહ્યાં હતાં. નિમાઈએ હસતાં હસતાં પૂછ્યું: "મા! બધાં કુશળ તો છે ને? મને ખ્યાલ પણ નહોતો કે, આટલા દિવસ થઈ જશે! તને પાછળથી કંઈ દુઃખ તો નથી પડયું ને?" પુત્રના આ પ્રશ્નનો માતાજીએ કંઇજ જવાબ ન આપ્યો.

ત્યારે કોઈ બીજી સ્ત્રીએ ધીરેથી લક્ષ્મીદેવીના પરલોકગમનની વાત તેમને કહી. એ સાંભળતાંજ તેમના ચહેરા ઉપર દુઃખ, સંતાપ અને વિયોગના ભાવ જણાવા લાગ્યા. માતા વળી વિશેષ જોરથી રુદન કરવા લાગી. નિમાઈની આંખોમાં અશ્રુ આવી ગયાં. તે લૂછતાં લૂછતાં ધીરે ધીરે તેઓ માતાને સમજાવવા લાગ્યા: 'મા! વિધિના લેખને કોણ મિથ્યા કરી શકે? જે બા" હશે, તે અવશ્યજ થાય છે. આટલાજ દિ. પુત્રવધૂ સાથે તારો સંયોગ નિર્માયો "ગે જાણતું હતું?"

માતાએ રડતાં રડતાં કહ્યું: "બેટા! અંતિમ સમય-માં પણ તે તારા આવવાનીજ વાત પૂછતી હતી. આવી વહુ હવે મને નહિ મળે, સાક્ષાત્ લક્ષ્મીજ હતી."

નિમાઈ આ સાંભળી ચૂપ થઈ ગયા, માતા ફરીથી અત્યંત આક્રંદ કરવા લાગી. આથી પ્રભુએ કંઈક આશ્વાસન આપતાં કહ્યું: "મા! હવે તું ગમે તેટલી રડ, તારી પુત્ર-વધૂ હવે કંઈ પાછી આવવાની નથી. તે પાછી ફરવા માટે ગઇ નથી. હવે તો ધીરજ ધરશે તોજ કામ ચાલશે."

પુત્રે આ પ્રમાણે સમજાવ્યાથી માતાએ ધૈર્ય ધારણ કરીને પોતાનાં આંસુ લૂછ્યાં અને નિમાઇને સ્નાનાદિ કરવા કહ્યું. પછી પોતે તે બધાને માટે રસોઇ બનાવવા લાગી.

જમી પરવારીને નિમાઇએ પોતાના ઇષ્ટિમિત્રો સાથે પૂર્વબંગાળની યાત્રાવિષે ઘણી વાતો કહી. ત્યાર પછી તેઓ પૂર્વવત્ પાઠશાળામાં જઇને ભણાવવાના કામે લાગી ગયા.





नवद्वीपमां दिग्विजयी पंडित

सभायां पंडिताः केचित्केचित्पण्डितपण्डिताः ।
गृहेषु पंडिताः केचित्केचिन्मूर्खेषु पंडिताः ॥

(અજ્ઞાત કવિ)

અર્થાત્ ઘણા તો સભામાંજ પંડિત હોય છે. સભામાં તેઓ આમતેમની ઘણી વાતો કહીને લોકો આગળ પોતાનું પાંડિત્ય દર્શાવે છે, પરંતુ એકાંતમાં તેઓ કોઈ શાસ્ત્રીય વિષય ઉપર વિચાર કરી શકતા નથી. ઘણા પંડિતો પોતાના પાંડિત્યને પંડિતોનીજ સમક્ષ પ્રકટ કરી શકે છે. જે તેમના વિષયને સમજી શકે નહિ તેવાઓ આગળ તે પોતાનું પાંડિત્ય બતાવી શકતા નથી. ઘણા પોતાના ઘરની સ્ત્રીઓ આગળજ પોતાનું પાંડિત્ય દર્શાવ્યા કરે છે, બહાર તેમનાથી વાતો પણ કરી શકાતી નથી અને ઘણા તો પોતાના પાંડિત્યનો મૂર્ખો ઉપરજ રૂઆબ જમાવ્યા કરે છે. બુદ્ધિની વિલક્ષણતાને લીધે પંડિતોના અનેક પ્રકાર છે.

ભગવાનની આપેલી પ્રતિભા પણ એક અલૌકિક વસ્તુ છે. ખબર નથી કે, કયા મનુષ્યમાં ક્યારે અને કેવી પ્રતિભા ઉગી નીકળશે ! સારા ગાયકોને જોયા છે કે તેઓ પદ સાંભળતાં સાંભળતાંજ કંઠસ્થ કરી લે છે. સુયોગ્ય ગાયકોને બીજી વાર પદને વાંચવાની આવશ્યકતા હોતી નથી. એક વાર સાંભળીનેજ તેમને યાદ થઈ જાય છે. કોઇને જન્મથીજ તાલ, સ્વર અને રાગ-રાગણીઓનુ જ્ઞાન હોય છે અને તે થોડી ઉંમરમાં સારા-સારા પુરંધરોને પોતાના ગાયનથી આશ્ચર્યચકિત બનાવી દે છે. કોઈ

કવિ થઈનેજ માતાના ગર્ભમાંથી જન્મે છે, જ્યાં તે બોલવા લાગે છે કે તેની વાણીમાંથી કવિતાજ નીકળવા લાગે છે. કોઈ અભણ હોવા છતાં પણ એવો સુંદર વક્તા હોય છે કે સારા સારા શાસ્ત્રી અને મહામહોપાધ્યાય પણ તેમના વ્યાખ્યાનને સાંભળીને ચકિત થઈ જાય છે. આ બધી ભગવાનની આપેલી શક્તિઓ છે. તેને કોઈ પરિશ્રમથી મેળવવા ઈચ્છે તો અસંભવિત છે. એ બધા પ્રતિભાના ચમત્કાર છે અને એ પ્રતિભા પુરુષના જન્મની સાથેજ આવે છે અને સમય મળતાં તે ખીલી નીકળે છે.

ઘણાયે એવા વિદ્વાનો જોવામાં આવે છે કે તેઓ સર્વ શાસ્ત્રોના ધુરંધર વિદ્વાન હોય પરંતુ સભામાં તેઓ એક અક્ષર પણ બોલી શકતા નથી. એથી ઉલટું ઘણા એવા પણ હોય છે કે જેમણે શાસ્ત્રીય વિષય તો ઘણો ઓછો જાણ્યો હોય, પરંતુ તેઓ એટલા બધા હાજર-જવાબી હોય છે કે પ્રશ્ન કરતાં તરતજ તેઓ તેનો જવાબ આપી દે છે. કોઈ પણ વિષયના પ્રશ્ન ઉપર તેમને વિચારવું પડતું નથી, પ્રશ્ન સાંભળતાંજ એવો યુક્તિવાળો જવાબ આપી દે છે કે સભાના બધા સભાસદો વાહ–વાહ કરવા લાગે છે, એનું નામ સભાપાંડિત્ય છે. પહેલાંના જમાના-માં પંડિતનો અર્થજ વાદ–વિવાદ કરનાર વક્તા યા વ્યા-ખ્યાનકુશળ એવો કરવામાં આવતો હતો. જેની વાણીમાં આકર્ષણ નથી, જેને પ્રશ્ન સાંભળતાં વિચાર કરવો પડે છે, જે તરતજ ઉત્તર આપી શકતો નથી, જેને સભામાં બોલતાં સંકોચ થાય છે, તે પંડિત નથી. સભામાં એવા પંડિતોની પ્રશંસા થતી નથી. પંડિતપણાની કીર્તિના તેઓ અધિકારી ગણાતા નથી. તેઓ તો પુસ્તકના જીવ છે, કે જે પુસ્તકો-જ ફેરવ્યા કરે છે.

આજથી કેટલીક સદીઓ પહેલાં આ દેશમાં સંસ્કૃત સાહિત્યનો સારો પ્રચાર હતો. રાજસભાઓમાં મોટા મોટા પંડિતો રાખવામાં આવતા હતા, તેમને સમય સમય

પર. પૂરતું ધન ઇનામના રૂપમાં આપવામાં આવતું હતું. દૂર દૂરથી વિદ્વાનો સભાઓમાં શાસ્ત્રાર્થ કરવા આવતા હતા અને રાજસભાઓ તરફથી તેમનું સન્માન કરવામાં આવતું હતું. પંડિતોનો શાસ્ત્રાર્થ સાંભળવો એ તે દિવસો-માં રાજા યા ધનવાનોના એક આવશ્યક મનોરંજનનો વિ-ષય ગણાતો હતો. જે બોલવા-ચાલવામાં પાકાજ કુશળ હતા, જેમને પોતાની વક્તૃત્વશક્તિ સાથે શાસ્ત્રીય જ્ઞાનનું પણ પૂર્ણ અભિમાન હતું, તેઓ સમસ્ત દેશમાં દિગ્વિજય માટે નીકળતા હતા. ઘણે ભાગે આવા પંડિતોને કોઈ રાજા યા ધનવાનની મદદ મળતી હતી ને તેમની સાથે ઘણા બીજા પંડિતો, ઘોડા, હાથી તથા બીજો પણ ઘણો રાજસી ઠાઠમાઠ રહેતો હતો. તેઓ વિદ્યાનાં પ્રસિદ્ધ કેન્દ્ર-સ્થાનોમાં જતા અને ત્યાં જઈને ડંકો વગડાવી જાહેર કરાવતા કે "જેને પોતાના પાંડિત્યનું અભિમાન હોય તે અમારી પાસે આવીને શાસ્ત્રાર્થ કરે. જો તે અમને શાસ્ત્રા-ર્થમાં હરાવશે તો અમે અમારૂં બધું ધન મૂકીને પાછા ફરીશું અને તેઓ અમને હરાવી શકે નહિ તો અમે માની-શું કે, અમે અહીંના બધા વિદ્વાનો ઉપર વિજય મેળવ્યો છે. જો કોઈની અમારી સાથે શાસ્ત્રાર્થ કરવાની હિમ્મત ન હોય તો અમને આ નગરના બધા પંડિતો એકત્ર થઈને પોતાના હસ્તાક્ષરોવાળો વિજયપત્ર લખી આપે, એટલે અમે શાસ્ત્રાર્થ કર્યા વિનાજ પાછા ફરીશું." તેમની આવી જાહેરાત સાંભળીને કયાંકના વિદ્વાન તો એકત્ર થઈને શાસ્ત્રાર્થ કરતા અને કયાંકના વિજય-પત્ર પણ લખી આપતા, કયાંક કયાંકના વિદ્વાનો ઉપેક્ષા કરીને ચૂપ પણ રહેતા. દિગ્વિજયી પોતાના વિજયનો ડંકો વગ-ડાવીને બીજી જગાએ ચાલ્યા જતા. ધનવાન તથા માન-મરતબાવાળા સજ્જનો આવી લોકોનો ખૂબ આદરસત્કાર કરતા હતા અને તેમને પૂરતું દ્રવ્ય પણ ભેટમાં આપતા હતા. આ પ્રકારે લગભગ હમેશાંજ મોટાં મોટાં શહેરો-માં દિગ્વિજયી પંડિતોની ધૂમ રહેતી. ચૈતન્યદેવનાજ

સમયમાં ચાર–પાંચ દિગ્વિજયી પંડિતોનો ઉલ્લેખ મળી આવે છે. હાલમાં આ પ્રથા ઘણી ઓછી થઈ ગઈ છે, પરંતુ તેમ છતાં કોઇ કોઇ દિગ્વિજયી હાલમાં પણ દિગ્વિજય કરતા જણાય છે. અમે બે દિગ્વિજયી વિદ્વાનોનાં દર્શન કર્યાં છે. તેમનામાં એજ વિશેષતા હતી કે તેઓ પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર તેજ સમયે આપતા હતા. એક દિગ્વિજયી આચાર્યને તો કાશીજીમાં એક વિદ્યાર્થીએ હરાવ્યા હતા. તે વિદ્યાર્થી અમારી સાથે પાઠ સાંભળતો હતો; બસ, તેનામાં એજ વિશેષતા હતી કે, તે વહેતા પ્રવાહની પેઠે સંસ્કૃત ઘણું ઉત્તમ રીતે બોલી શકતો હતો. દિગ્વિજયને માટે વાણીકુશળતાનીજ અત્યંત આવશ્યકતા છે. પાંડિત્યની શોભા ત્યારે અને આજે પણ વાણીની કુશળતામાંજ ગણાય છે. એવાજ એક કાશ્મીરના કેશવ શાસ્ત્રી અન્ય સ્થાનોમાં દિગ્વિજય કરતા કરતા નવદ્વીપમાં પણ વિજય કરવા માટે આવ્યા હતા.

તે દિવસોમાં નવદ્વીપ વિદ્યાનું અને ખાસ કરીને નવ્યન્યાયનું મુખ્ય કેન્દ્ર ગણાતું હતું. ભારતવર્ષમાં તેની સર્વત્ર ખ્યાતિ હતી. તેથી નવદ્વીપ ઉપર વિજય મેળવવાથી સમસ્ત પૂર્વદેશ જીતાયલો ગણાતો હતો. તે સમયે પણ નવદ્વીપમાં ગંગાદાસ વૈયાકરણ, વાસુદેવ સાર્વભૌમ નૈયાયિક, મહેશ્વર વિશારદ, નીલામ્બર ચક્રવર્તી, અદ્વૈતાચાર્ય આદિ ધુરંધર અને સુપ્રસિદ્ધ વિદ્વાનો હતા. નવા પંડિતોમાં રઘુનાથદાસ, ભવાનંદ, કમલાકાન્ત, મુરારી ગુપ્ત, નિમાઈ પંડિત વગેરેની પણ પૂરતી ખ્યાતિ થઈ ચૂકી હતી.

નગરમાં ચોતરફ દિગ્વિજયીનીજ ચર્ચા ચાલતી હતી. પાંચ–દશ પંડિત અને વિદ્યાર્થી જ્યાં પણ એકઠા થતા ત્યાં દિગ્વિજયીનીજ વાત ચર્ચાતી હતી. કોઈ કહેતું: "નવદ્વીપને જીતીને જશે તો નવદ્વીપનું નાક કપાઈ જશે." કોઈ કહેતું: "અરે, ન્યાયમાં તેઓ શું જાણે? ન્યાયની એવી કઠણ પંક્તિઓ પૂછીશું કે તેમના હોશકોશ ઉડી

જશે." બીજો કહેતોઃ "તેમની આગળ જશે કોણ? મોટા મોટા પંડિતો તો ગાદી છોડીને સભાઓમાં જવાનુંજ પસંદ કરતા નથી." આ પ્રકારે જેની સમજમાં જે આવતું તે તેવી વાત કરતું.

ઘણેભાગે મોટા મોટા વિદ્વાનો સભાઓમાં શાસ્ત્રાર્થ કરતા નહિ. કેટલાક તો ભણાવવા સિવાય શાસ્ત્રાર્થ કરવાનું જાણતાજ નહિ, કેટલાક વિદ્વાન થયા પછી શાસ્ત્રાર્થ કરી પણ લે છે, પરંતુ તેમનામાં ચાલાકી, ઠગાઇ અને વાતને ઉડાવવાની વિદ્યા હોતી નથી; તેથી ચારે બાજુ ફરી ફરીને દિગ્વિજય કરનારા વક્તાઓથી તેઓ ગભરાય છે. કેટલાક પોતાની ઇજ્જત-આબરૂના ડરથી શાસ્ત્રાર્થ નથી કરતા કે જો હારી ગયા તો લોકમાં ભારે બદનામી થશે. તેથી મોટ મોટા ગંભીર વિદ્વાનો આવાં કામોમાં ઉદાસીનજ રહે છે.

વિદ્યાર્થીઓએ જઇને નિમાઈ પંડિતને પણ આ વાત કરી કે "કાશ્મીરથી એક દિગ્વિજયી પંડિત આવ્યા છે. તેમની સાથે ઘણા હાથી, ઘોડા તથા વિદ્વાન પંડિતો પણ છે. તેઓ કહે છે કે, નદિયાના વિદ્વાનો કાં તો અમારી સાથે શાસ્ત્રાર્થ કરે, નહિ તો વિજયપત્ર લખી આપે. આમ તો શાસ્ત્રાર્થ કરવાને ઘણા પંડિત તૈયાર છે. પરંતુ સંભળાય છે કે, તેમને સરસ્વતી સિદ્ધ થયેલાં છે. શાસ્ત્રાર્થ-સમયે સરસ્વતી તેમના કંઠમાં બેસીને શાસ્ત્રાર્થ કરે છે. તેથી તેઓ સમસ્ત ભારત ઉપર વિજય કરી આવ્યા છે. સરસ્વતી સાથે ભલા કોણ શાસ્ત્રાર્થ કરી શકે? તેથીજ તેમને મહાભારે અભિમાન છે. તેઓ અભિમાનમાં વારંવાર કહે છે કે "મને શાસ્ત્રાર્થમાં પરાજય આપનાર તો પૃથ્વી ઉપર પ્રગટજ થયો નથી." આથી નદિયાના બધા પંડિત ડરી ગયા છે."

વિદ્યાર્થીઓની વાતો સાંભળીને પંડિતપ્રવર નિમાઇએ કહ્યું કે "એમે તેનું વરદાન ભલેને મેળવ્યુ હોય, પરંતુ

અભિમાનીનું અભિમાન તો અવશ્યજ ભાગીને ભુક્કા થઈ જાય છે. ભગવાનનું નામજ મદહારી છે. તેઓ અભિમાનનો તો આહાર કરે છે. રાવણ, વેણૂ, નરકાસુર, ભસ્માસુર આદિ સૌએ ઘોર તપ કરીને બ્રહ્માજી તથા શિવજી પાસેથી મોટાં મોટાં વરદાન મેળવ્યાં હતાં. દર્પહારી ભગવાને તેમના પણ અભિમાનના ચૂરા કર્યા હતા. અભિમાન કરવાથી મોટા મોટાઓ પાપી બની જાય છે, તો પછી આ દિગ્વિજયી તે શું વિસાતમાં છે?" આ પ્રકારે વિદ્યાર્થીઓને કહી તેઓ ગંગાકિનારે ચાલ્યા ગયા અને ત્યાં જઇને નિત્યની પેઠે જળવિહાર અને શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. તેમણે દિગ્વિજયીના સંબંધમાં વિદ્યાર્થીઓ પાસેથી જાણી લીધું કે તે શું શું કરે છે અને એકલા ગંગાજી ઉપર આવે છે કે નહિ? જો આવે છે તો કયા ઘાટ ઉપર ને કયે સમયે? તેમને ખબર મળી કે, અમુક ઘાટ ઉપર સંધ્યાસમયે દિગ્વિજયી નિત્ય આવીને બેસે છે. નિમાઈ તેજ ઘાટ ઉપર પોતાના વિદ્યાર્થીઓ સાથે જવા લાગ્યા. બીજી પણ પાઠશાળાઓના વિદ્યાર્થીઓ કુતૂહલવશ થઇને ત્યાં આવીને શાસ્ત્રાર્થ અને વાદવિવાદ કરવા લાગ્યા.





દિગ્વિજયીની હાર

परैः प्रोक्ता गुणा यस्य निर्गुणोऽपि गुणी भवेत् ।
इन्द्रोऽपि लघुतां याति स्वयं प्रख्यापितैर्गुणैः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૮૭-૧)

અર્થાત્ બીજા લોકો જેનાં વખાણ કરે તે નિર્ગુણ હોવા છતાંયે ગુણવાન થઈ જાય છે, અને જે પોતાની પ્રશંસા પોતાનાજ મુખથી કરે છે, પછી તે ગમે તો ત્રિલોકેશ ઇંદ્ર પણ ભલેને હોય, પરંતુ તેને નીચું જોવું પડે છે.

મહામહિમાવાન નિમાઈ પંડિત એકાંતમાં દિગ્વિજયી પંડિત સાથે વાર્તાલાપ કરવા ઇચ્છતા હતા, તેઓ એ માનનીય અને વયોવૃદ્ધ પંડિતની મશ્કરી કરવાનું યોગ્ય ધારતા નહોતા. ઘણુંખરૂં એમ જોવામાં આવે છે કે, ભરીસભામાં લોકો સમક્ષ પોતાના માનની રક્ષા માટે શાસ્ત્રાર્થ કરનારાઓ જૂઠી વાત ઉપર પણ ચોંટી જાય છે અને તેને કોઈ ને કોઈ પ્રકારે સત્યજ સાબીત કરવાનો પ્રયત્ન કરે છે. સત્યને જૂઠ ને જૂઠને સત્ય કરવાની કુશળતાનું નામ તો આજકાલ ખરો શાસ્ત્રાર્થ થઈ પડયું છે. નિમાઈ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા નહોતા ઇચ્છતા, પરંતુ તેમને એમ બતાવવા ઇચ્છતા હતા કે, સંસારમાં પરમાત્મા સિવાય અદ્વિતીય વસ્તુ કોઈ નથી. કોઈ ગમે તેટલું અભિમાન ભલેને કરે, પણ સંસારમાં તેનાથી ચઢિયાતું કોઇ ને કોઈ મળીજ આવે છે. બ્રહ્માએ રચેલી આ સૃષ્ટિમાં એ તો વિચિત્રતા છે. કહેવત છે કેઃ—

'मल्लनकूँ मल्ल घनेरे, घर नाहिं तो बाहिर बहुतेरे।'

અર્થાત્ "બળવાનોને ઘણા બળવાન મળી જાય છે, તેમની પાસે તેમના જેવા ન પણ હોય, તો બહાર ઘણા મળી જશે." એજ વાત સમજાવવા માટે નિમાઈ પંડિત એકાંતમાં દિગ્વિજયી સાથે વાતો કરવા ઈચ્છતા હતા.

સંધ્યાનો સમય છે, કલકલનાદિની ભગવતી ભાગીરથી, પોતાની દ્રુત ગતિથી દરરોજની માફક સાગર તરફ દોડી જાય છે, જાણે તેને સંસારી વાતો સાંભળવાનો અવકાશજ નથી. તે પોતાના કામમાં કોઈની પણ પરવા કર્યા શિવાય નિરંતર યોજાયેલીજ છે. કલરવ કરતાં એવાં જાત જાતનાં પક્ષીઓ આકાશમાર્ગે પોતપોતાના માળાઓ તરફ ઉડતાં જઈ રહ્યાં છે. ભગવાન ભુવનભાસ્કર અસ્તાચળમાં જવાથી વિધવાની પેઠે સંધ્યાદેવી રુદન કરી રહી છે. શોકને લીધે તેનો ચહેરો લાલ થઈ ગયો છે, જાણે તેનેજ પ્રસન્ન કરવા માટે ભગવાન નિશાનાથ પોતાની સોળે કળાઓથી ગગનમાં ઉદય પામીને પ્રાણીમાત્રને શીતળતા આપી રહ્યા છે. પુણ્યસલીલા જાહ્નવીના સ્વચ્છ નીલરંગી જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ અત્યંત સુંદર લાગે છે. લગભગ બધી પાઠશાળાઓના ઘણા મેધાવી વિદ્યાર્થીઓ ગંગાજીના જળની તદ્દન પાસે બેસીને શાસ્ત્રચર્ચા કરે છે. એકબીજાને પ્રશ્ન પૂછે છે, તે તેનો જવાબ આપે છે, પૂછનાર તેનું ફરીથી ખંડન કરે છે, ઉત્તર દેનારને પાંચ–દશ વિદ્યાર્થીઓ મળીને મદદ આપે છે, હવે મદદ કરનારાઓ સાથે શાસ્ત્રાર્થ ચાલે છે—આ પ્રમાણે બધા એકબીજાને હરાવવાને અથાગ પ્રયત્નો કરે છે. શાસ્ત્રાર્થ કરવામાં અસમર્થ વિદ્યાર્થીઓ છાનામાના તેમની નજીકમાં બેસીને શાસ્ત્રાર્થના શ્રવણમાત્રથીજ આનંદ લઈ રહ્યા છે. ઘણાએ દર્શનાર્થીઓ ચારે તરફ ઘેરો ઘાલીને બેસી જાય છે, કોઇ કોઈ ઉભા ઉભા પણ વિદ્યાર્થીઓના વાગ્યુદ્ધનો આનંદ જોવા લાગે છે, ત્યારે બીજા વિદ્યાર્થીઓ તેમને ઈશારાથી બેસાડી દે છે. આ પ્રકારે વિદ્યાર્થીઓમાં બહુ ભારે શાસ્ત્રચર્ચા ચાલી રહી છે. એ બધા

વિદ્યાર્થીઓની વચમાં નિમાઈ પંડિત બહુ આવેશવાન આ શાસ્ત્રાર્થનો પ્રાણ તેઓજ છે, તેઓ પોતે પણ વિદ ર્થીઓમાં ભળીને શાસ્ત્રાર્થ કરે છે અને બીજાઓને પ ઉત્સાહ આપે છે. બીજા પંડિતો એકાંતમાં દૂર ઉભા રહીને કોઈ સંધ્યાને બહાને તો કોઈ પાઠ કરવાને બહાને નિમાઈના મુખમાંથી વહેતા વાણીરૂપી અમૃતનો રસાસ્વાદ લઈ રહ્યા છે. ઘણા પંડિત ખરેખરજ સંધ્યા કરીને મનોવિનોદને માટે વિદ્યાર્થીઓ પાસે ઉભા રહ્યા છે અને એકબીજાના વિવાદમાં કોઈ કોઈ વાર કોઈને મદદ પણ કરે છે. એટલામાં દિગ્વિજયી પંડિત પણ પોતાના બે-ચાર અંતરંગ પંડિતો સાથે ગંગાજી ઉપર આવ્યા. દિગ્વિજયીનો સુંદર સુશોભિત ગૌર વર્ણ હતો, શરીર સુગઠિત અને સ્થૂળ હતું, મોટી મોટી સુંદર ભુજાઓ, ઉન્નત વક્ષઃસ્થળ અને ગોળ ચહેરા ઉપર મોટી મોટી આંખો ઘણીજ સુંદર જણાતી હતી. તેમના ઉત્તમ સુંદર લલાટ ઉપર સિંદૂરની એક વિશાળ બિંદી લગાવેલી હતી, માથાના વાળ અર્ધા પાકી ગયા હતા, ચહેરા પરથી રૂઆબ અને વિદ્વત્તા જણાઈ આવતાં હતાં, શરીરમાં અભિમાનજન્ય સ્ફૂર્તિ હતી. કેવળ એક સફેદ પહેરણ પહેરીને. ખુલ્લે મસ્તકે આવીને દિગ્વિજયીએ ગંગાજીને પ્રણામ કર્યો, આચમન કરીને તેઓ થોડી વાર બેઠા. પછી અમસ્થાજ મનોવિનોદ માટે વિદ્યાર્થીઓ તરફ ચાલી નીકળ્યા. નિમાઈની પાસેના વિદ્યાર્થીએ ઇશારાથી જણાવ્યું કે એજ લા દિગ્વિજયી છે. દિગ્વિજયીને જોઈને નિમાઈ પંડિતે મને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યો, અને બેસવામાટે આગ્રહ યો. પહેલાં તો દિગ્વિજયીને બેસતાં સંકોચ થયો, પરંતુ યારે બધાએ આગ્રહ કર્યો ત્યારે તેઓ બેઠા. ઘણેભાગે નવાળાઓની આગળજ માન-આબરૂની પરવા કરવામાં વે છે. જે માન-અપમાનથી પર છે, તેમના આગળ ી-અમાની, મૂર્ખ-પંડિત બધા સમભાવે આવી જાય છે, અને તેમની સાદી સીધી વાતોમાં તેઓ ·

અપમાનનું ધ્યાન રાખતા નથી. તેથી તો બાળક, પાગલ તથા મૂર્ખોની પાસે સૌ કોઇ અચકાયા સિવાય જાય છે; તેમનાથી તેમને ઉદ્વેગ થતો નથી. ઉદ્વેગનું કારણ તો અંતરાત્મામાંની સન્માનની ઇચ્છાજ છે. જેના હૃદયમાં સન્માનની ઇચ્છા છે, તે માનનીય લોકોમાં સન્માનપૂર્વકજ જવું પસંદ કરશે. તેને એ વાતનો હમેશાં ભય રહ્યા કરે છે કે, ત્યાં મારૂં અપમાન ન થવું જોઇએ. તેથી ઉત્તમ આસનનો પહેલેથીજ પ્રબંધ કરાવી લેશે, ત્યારે ત્યાં જવાનો સ્વીકાર કરશે. વિદ્યાર્થી તો માન–અપમાનથી દૂરજ રહે છે, તેમને માન–અપમાનની કંઈ પણ પરવા નથી હોતી; પછી ભલેને તે બધાં શાસ્ત્રો ભણી ચૂક્યો હોય. જ્યાંસુધી તે પાઠશાળામાં વિદ્યાર્થી છે, ત્યાંસુધી તે નાનામાં નાના વિદ્યાર્થી સાથે પણ સમાનતાથીજ વર્તશે. વિદ્યાર્થી–વિદ્યાર્થી બધા એક જેવાજ. તેથી વિદ્યાર્થીઓ પાસે પણ કોઇને ઉદ્વેગ થતો નથી. એજ કારણે વિદ્યાર્થીઓના આગ્રહથી મહામાની લોકવિખ્યાત દિગ્વિજયી પંડિત પણ વિદ્યાર્થીઓની પાસેજ બેઠા. નિમાઈ પંડિતે પોતાનું વસ્ત્ર તેમને માટે બિછાવી દીધું. દિગ્વિજયીના સુખપૂર્વક બેઠા પછી બધા વિદ્યાર્થી ચૂપ થઈ ગયા. બધાએ શાસ્ત્રાર્થ બંધ કરી દીધો. હસતા હસતા દિગ્વિજયી બોલ્યાઃ “ ભાઈ! તમે ચૂપ કેમ થઈ ગયા ? કંઈક શાસ્ત્ર–ચર્ચા થવી જોઇએ.” તેમ છતાં બધા ચૂપજ રહ્યા. બધા વિદ્યાર્થી નિમાઇના મુખ તરફ જોવા લાગ્યા. કંઈક વાત કરવાને નિમિત્તે દિગ્વિજયીએ નિમાઈ પંડિતને પૂછ્યુંઃ— “ તમે કઈ પાઠશાળામાં ભણો છો ?” નિમાઈ આ પ્રશ્ન સાંભળીને ચૂપ થઈ ગયા, તેઓ કંઈક કહેવા જતા હતા, તેવામાં તેમની પાસેના એક યોગ્ય વિદ્યાર્થીએ કહ્યુંઃ— “તેઓ અહીંના વિખ્યાત અધ્યાપક નિમાઈ પંડિત છે.”

પ્રસન્નતા પ્રકટ કરતાં કરતાં દિગ્વિજયીએ નિઃસંકોચપણે તેમની પીઠ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યુંઃ— “ ઓહો ! નિમાઈ પંડિત આપનુંજ નામ છે ? આપની

તો અમે ઘણી વાર પ્રશંસા સાંભળી છે. આપ તો અ-દ્વીના વૈયાકરણીઓમાં અગ્રગણ્ય ગણાઓ છો. હા, આપજ વ્યાકરણની કોઇ પંક્તિ સંભળાવો."

હાથ જોડીને નમ્રતાપૂર્વક નિમાઇ પંડિતે કહ્યું—"એ તો આપ જેવા ગુરુજનોની કૃપા છે, હું તો કયા-નેય યોગ્ય નથી. ભલા, આપની સમક્ષ હું સંભળાવીજ શું શકું ! હું તો આપના શિષ્યોના શિષ્ય હોવાને પણ યોગ્ય નથી ! આપે સંસારનો આપની વિદ્યા-બુદ્ધિથી દિગ્વિજય કરેલો છે. આપના કવિત્વની ઘણી વાર પ્રશંસા સાંભળી છે. આ છાત્રમંડળી આપનું કવિત્વ સાંભળવા માટે ઘણીજ ઉત્સુક છે. કૃપા કરીને આપજ આપની કોઇ કવિતા સંભળાવવાની કૃપા કરો."

આ સાંભળીને દિગ્વજયી પંડિત હસવા લાગ્યા. પાસેના બે-ચાર વિદ્યાર્થીઓએ કહ્યું:-"હા, મહારાજ ! અમારી ઇચ્છા જરૂર પૂર્ણ કરો. અમે બધા આપની કવિતા સાંભળવા માટે ઘણાજ ઉત્સુક છીએ."

અત્યાર સુધી દિગ્વિજયીને નદિયામાં પોતાની અલૌ-કિક પ્રતિભા અને અસામાન્ય કવિત્વશક્તિ બતાવવાનો સુઅવસર પ્રાપ્તજ થયો નહોતો. તેને પ્રકટ કરવાનો સુ-અવસર સમજીને તેમણે કંઇક ગર્વયુક્ત પ્રસન્નતાપૂર્વક કહ્યું:-"તમે જે સાંભળવા ઇચ્છો તેજ સંભળાવું."

આથી નિમાઇ પંડિતે ધીરેથી કહ્યું:—"કંઇક ભગ-વતી ભાગરથીના મહિમાનાંજ વખાણ કરો, કે જેથી કાન પણ પવિત્ર થાય અને કાવ્યામૃતનો રસાસ્વાદ પણ મળે."

આટલું સાંભળતાંજ દિગ્વિજયી એક પછી એક ગંગાજીની મહત્તાના શ્લોકો બોલવા લાગ્યા. બધા શ્લોક નવાજ હતા. તેઓ તરતજ નવા શ્લોકો રચતા જતા અને તેમને તેજ સમયે બોલતા જતા. તેમને નવીન શ્લોક બનાવવામાં ન તો મહેનત કરવી પડતી કે ન તો

એક શ્લોક પછી બીજાને [illegible] વિચાર પણ [illegible] જેમ કોઈને અભ્યાસ [illegible] અને તે જેમ જલદી જલદી બોલી જાય, તેજ પ્રમાણે દિગ્વિજયી શ્લોક બોલતા હતા.

આ વિદ્યાર્થીઓ વિસ્મિત થઈને એકાગ્રતાથી દિગ્વિજયી તરફ આશ્ચર્યભાવે તાકીને જોઈ રહ્યા હતા. એમના ચહેરામાંથી મહાન આશ્ચર્ય જણાઈ આવતું હતું, તેમણે આટલી વિદ્યા–બુદ્ધિવાળા પુરુષને આજ સુધી કદી જોયોજ નહોતો. વિદ્યાર્થીઓના ભાવોને સમજીને દિગ્વિજયી મનો-મન અત્યંત પ્રસન્ન થતા હતા અને બમણા ઉત્સાહ-પૂર્વક યમક અને અનુપ્રાસયુક્ત શ્લોકોને સુમધુર કંઠે બોલતા જતા હતા. એક ઘડી પણ ગઈ નહિ હોય તેટલામાં તેઓ સોથી વધારે શ્લોક બોલીને ચુપ થઈ ગયા. ઘાટ ઉપર શાંતિ પથરાઈ ગઈ. ગંગાજીનો કલરવ બંધ થઈ ગયો, જાણે આટલી ઉતાવળી ગંગા માતા પણ દિગ્વિજયીના અસામાન્ય કાવ્યરસથી પ્રસન્ન થઈને તેને પોતાના પ્રવાહમાં ભેળવવા માટે થોડી વાર માટે થંભી ગઈ ન હોય! તે શાંતિનો ભંગ કરતાં મધુર અને ગંભીર સ્વરમાં નિમાઇ પંડિત બોલ્યાઃ–"મહારાજ ! અમે બધા આજે આપની અમૃતમયી વાણી સાંભળીને કૃતાર્થ થયા છીએ. અમે આવું અપૂર્વ કાવ્ય કદી સાંભળ્યું નહોતું, તેમજ આપ જેવા મહાન કવિનાં કદી દર્શન પણ કર્યાં નહોતાં. આપના કાવ્યને સમજી પણ આપજ શકો છો. બીજાની શી તાકાત છે કે આવા સુલલિત કાવ્યને બરાબર સમજી શકે. તેથી એમાંથી કોઇ એક શ્લોકનો વિસ્તાર અને ગુણદોષ અમે સાંભળવા ઇચ્છીએ છીએ."

કંઇક ગર્વપૂર્વક હસતાં હસતાં દિગ્વજયીએ કહ્યુંઃ–"કેશવની કમનીય (સુંદર) કવિતામાં દોષ તો જણાશેજ નહિ. હા, કહો તો વિવરણ કરું. કહો, કયા શ્લોકનું વિવ-રણ ઇચ્છો છો ?" આ વાત દિગ્વજયીએ નિમાઈ પંડિતને

...ક્તિપૂર્વક ચુપ કરવા માટેજ કહી હતી. તેઓ સમજતા ...તા કે, મારા બધા શ્લોક નવીન છે, હું જલદી જલદી તે ...લતો જઈ રહ્યું, તેઓ એમાંથી કોઈ બતાવીજ શકશે ...હિ એટલે આ વાત અહીંજ સમાપ્ત થઈ જશે. પરંતુ ...િમાઇ પણ કોઈ સામાન્ય પંડિત નહોતા. દિગ્વિજયી જો ...ગવતીના વરદાનથી કવિવર છે, તો આ પણ શ્રુતિધર છે. ...રતજ તેમણે પોતાના કોમળ કંઠથી આ શ્લોક સંભળાવ્યો:

महत्त्वं गङ्गायाः सततमिदमाभाति नितरां
यदेषा श्रीविष्णोश्चरणकमलोत्पत्तिसुभगा ।
द्वितीय-श्रीलक्ष्मीरिव सुरनरैरर्च्यचरणा
भवानीभर्तुर्या शिरसि विभवत्यद्भुतगुणा ॥

(केशव काश्मीरिपंडितस्य)

આ શ્લોકનો ભાવ એ છે કેઃ–"આ ગંગાદેવીની મહત્તા સર્વદા દેદીપ્યમાન છે, એજ કારણે તે ઘણીજ સૌભાગ્યશાળી છે. તેની ઉત્પત્તિ શ્રીવિષ્ણુ ભગવાનનાં ચરણ-કમળમાંથી થઈ છે. એમનાં ચરણોની બીજા સુરનરગણ લક્ષ્મીની પેઠે હમેશાં પૂજા–અર્ચા કરે છે. આ અદ્ભુત ગુણવાળી દેવી, ભવાનીના સ્વામી શ્રીમહાદેવજીના મસ્તક ઉપરથી પ્રવાહિત થયેલી છે."

આ શ્લોક બોલીને તેમણે કહ્યું: "આની વ્યાખ્યા અને ગુણદોષ કહો."

નિમાઇના મુખમાંથી પોતાના શ્લોકને જેમનો તેમ સાંભળીને દિગ્વિજયીના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ, તેનું મુખ ફીકું પડી ગયું. બધા તાકીને નિમાઈ તરફ જોવા લાગ્યા, જાણે દિગ્વજયીની શ્રી, પ્રતિભા, કાંતિ અને તેજ નિમાઇ પાસે ન આવી ગયાં હોય. કંઇક બનાવટી ઉપેક્ષા દર્શાવતાં દિગ્વિજયીએ કહ્યું: "આપ ભારે ચતુર છો, હું આટલા જલદી જલદી શ્લોક બોલતો હતો એટલામાં આપે શ્લોકને કંઠસ્થ પણ કરી લીધો."

નિમાઈએ ધીરેથી નમ્રતાપૂર્વક કહ્યું:–"બધી આપની કૃપા છે. કૃપા કરીને આ શ્લોકની વ્યાખ્યા–વિવરણ અને ગુણદોષ સંભળાવો."

દિગ્વિજયીએ કહ્યું: "એ અલંકારનો વિષય છે, તમે વૈયાકરણી છો, એને શું સમજશો ?"

તેમણે નમ્રતાપૂર્વક કહ્યુંઃ "મહારાજ! મેં અલંકાર-શાસ્ત્રનું બરાબર અધ્યયન નથી કર્યું, પણ તે સાંભળ્યું તો છે, કંઈક તો સમજીશજ. વળી અહીં અલંકાર–શાસ્ત્રના જાણકાર ઘણા વિદ્યાર્થીઓ તથા પંડિતો પણ બેઠા છે, તેમને પણ આનંદ આવશે."

હવે દિગ્વિજયી વધારે ગરબડ સરબડ કરી શક્યા નહિ, તેમણે અનિચ્છાપૂર્વક મન વિનાજ શ્લોકની વ્યાખ્યા કરવા માંડી. વ્યાખ્યા પછી ઉપમા–અલંકાર તથા અનુપ્રાસાદિ ગુણ બતાવીને દિગ્વિજયી ચૂપ થઈ ગયા. એટલે નિમાઈ પંડિતે ઘણી નમ્રતાથી કહ્યું: "આજ્ઞા હોય અને આપ અનુચિત ન માનો તો હું પણ આ શ્લોકના ગુણદોષ બતાવી દઉં."

જાણે ક્રોધાયમાન સર્પ ઉપર કોઈએ લાત મારી હોય તેમ સંસારવિજયી, સરસ્વતીનું વરદાન પામેલા દિગ્વિજયી પંડિતના શ્લોકમાં આ યુવક અધ્યાયક દોષ કાઢવાનું સાહસ કરે છે! તેમણે અંતરનો દોષ છુપાવીને કૃત્રિમ પ્રસન્નતા પ્રકટ કરતાં કરતાં કહ્યુ: "ઠીક, બતાવો, શ્લોકમાં શું ગુણદોષ છે?"

નિમાઈ પંડિત હવે શ્લોકની વ્યાખ્યા કરવા લાગ્યા. તેમણે કહ્યું: "શ્લોક ઘણોજ સુંદર છે. આમ બેસાડવાથી તો સેંકડો દોષ નીકળી શકે તેમ છે, પરંતુ મુખ્યરૂપે આમાં પાંચ ગુણ અને પાંચ દોષ છે.

દિગ્વિજયીએ છંછેડાઈને માથું હલાવતાં હલાવતાં કહ્યું: "બતાવોને કયા કયા દોષ છે?"

નિમાઇએ ત્રીજા ચરણમાંથી કહ્યું "પહેલાં શ્લોકના ગુણજ સાંભળો."

(૧) પહેલો ગુણ તો એમાં 'શબ્દાલંકાર' છે. શ્લોકના પહેલા ચરણમાં પાંચ 'તકારો'ની પંક્તિ ઘણીજ સુંદરતાપૂર્વક રચાયેલી છે. ત્રીજા ચરણમાં પાંચ 'રકાર' અને ચોથા ચરણમાં ચાર 'ભકાર' ઘણાજ સુંદર લાગે છે. એ શબ્દોને લીધે શ્લોકમાં 'શબ્દાલંકાર' ગુણ આવી જાય છે.

(૨) બીજો ગુણ છે 'પુનરુક્તિવદાભાસ' પુનરુક્તિવદાભાસ એ ગુણને કહે છે કે જે સાંભળવામાં પુનરુક્તિ જણાય, પરંતુ પુનરુક્તિ નહિ હોતાં બન્ને પદોના ભિન્ન ભિન્ન અર્થ થાય. જેમકેઃ–શ્લોકમાં 'श्रीलक्ष्मी-इव' એ પદ આવ્યું છે. સાંભળવામાં તો શ્રી અને લક્ષ્મી બન્ને સમાન અર્થવાચકજ જણાય છે. પરંતુ અહીં શ્રી અને લક્ષ્મીનો જુદો જુદો અર્થ ન કરતાં 'શ્રીયુક્ત લક્ષ્મી' એવો અર્થ કરવાથી સુંદર અર્થ પણ થાય છે અને સાથેજ 'પુનરુક્તિવદાભાસ' ગુણ પણ પ્રકટ થાય છે.

(૩) ત્રીજો ગુણ છે 'અર્થાલંકાર.' અર્થાલંકાર એને કહે છે કે જેમાં અર્થની સાથે ઉપમા દર્શાવવામાં આવી હોય. જેમકેઃ–શ્લોકમાં 'लक्ष्मी इव' અર્થાત્ લક્ષ્મીની પેઠે કહીને ગંગાજીને લક્ષ્મીની ઉપમા આપવામાં આવી છે. આ કારણથી ઘણોજ મનોહર 'અર્થાલંકાર' છે.

(૪) ચોથો બીજો પણ એક 'અર્થાલંકાર' ગુણ છે, તેનું નામ 'વિરોધાભાસાર્થાલંકાર.' વિરોધાભાસરૂપી અર્થાલંકાર તેને કહે છે કે જેમાં ઉપમા–ઉપમેય એકબીજાથી તદ્દન ભિન્ન ગુણવાળાં હોય. જેમકેઃ–

अम्बुजमम्बूनि जातं क्वचिदपि न जातमम्बुजादम्बु।
सुरभिदि तद्विपरीतं पादाम्भोजान्महानदी जाता॥

અર્થાત્ જળમાંથી તો કમળો ઉત્પન્ન થતાં જણાય છે, પણ કમળમાંથી જળ કદી ઉત્પન્ન થયું નથી.

ભગવાનની લીલા વિચિત્ર જ છે. તેમનાં ચરણકમળોમાંથી જગત્પાવની મહાનદી ઉત્પન્ન થઈ છે. અહીં કમળમાંથી જળની ઉત્પત્તિનો વિરોધ છે. પરંતુ ભગવાન તો 'कर्तुमकर्तुमन्यथाकर्तुम' સર્વ પ્રકારે સમર્થ છે, તેથી આપના શ્લોકમાં 'विष्णोश्चरणकमलोत्पत्ति सुभगा' એ પદથી વિષ્ણુ ભગવાનનાં ચરણકમળોમાંથી ઉત્પત્તિ બતાવવાથી 'વિરોધાભાસરૂપી અર્થાલંકાર' આવી ગયો છે.

(૫) પાંચમો એક બીજો પણ 'અનુમાન' અલંકાર છે. શ્લોકમાં સાધ્ય વસ્તુ ગંગાજીની મહત્તાનું વર્ણન કરવાનું છે. વિષ્ણુનાં પગલાંમાંથી ઉત્પત્તિનું સાધન બતાવીને ઘણો ચમત્કારપૂર્ણ અનુમાનાલંકાર સિદ્ધ થઈ જાય છે. અર્થાત 'વિષ્ણુપાદોત્પત્તિ-વાક્યજ અનુમાનાલંકાર છે."

આ પ્રમાણે પાંચ ગુણ બતાવીને નિમાઈ પંડિત ચૂપ થઈ ગયા. બધા અનીમેષભાવે તાકીને નિમાઈ પંડિતનીજ તરફ જોઈ રહ્યા હતા. તેમણે એ બધી વાતો ઘણી સરળતા અને નિર્ભયતાપૂર્વક કહી હતી. દિગ્વિજયીનું કાળજું અંદર ને અંદર શોષાઈ રહ્યું હતું. તે ઉદાસીનભાવે ગંગાજીના ઘાટ તરફ જોઈ રહ્યા હતા; જાણે તેઓ કહી રહ્યા છે કે આ પથ્થર અહીંથી ખસી જાય તો હું તેમાં સમાઈ જાઉં. નિમાઈ પંડિતે ગુણ બતાવવાથી તેમને પ્રસન્નતા થઈ નહિ. જેમ કોઈ શાસ્ત્રી પંડિતને કહે કે, આપ થોડું ઘણું વ્યાકરણ પણ જાણો છો, તેને તેના એ વાક્યથી કોઈ ખાસ પ્રસન્નતા નહિ થાય, [illegible] તેજ પ્રકારે પોતાના કાવ્યને સર્વગુણસંપન્ન બતાવવાથી દિગ્વિજયીને એ પાંચ ગુણોના શ્રવણથી પ્રસન્નતાને બદલે દુઃખજ થયું. તેમણે કંઈક ચિડાઈને કહ્યું:—"[illegible] ગુણ બતાવ્યા; હવે તમે બતાવી શકો તો [illegible] પણ બતાવો."

આ સાંભળીને એજ ગંભીર વાણીથી નિમાઈ પંડિત કહેવા લાગ્યા: "ગુણોની પેઠે દોષ પણ આમાંથી અનેક

કાઢી શકાય તેમ છે, પરંતુ પાંચ મોટા મોટા દોષ તો પ્રત્યક્ષજ છે. શ્લોકમાં બે જગાએ તો 'અવિમૃષ્ટવિધેયાંશ' બે દોષ છે, ત્રીજો "વિરુદ્ધમતિ" દોષ છે, ચોથો "ભગ્નક્રમ" અને પાંચમો "પુનરુક્તિ" દોષ પણ છે. આ પ્રકારે એ પાંચ દોષ મુખ્ય છે. હવે એની વ્યાખ્યા સાંભળો.

(૧) "અવિમૃષ્ટવિધેયાંશ" દોષ તેને કહે છે કે જેમાં અનુવાદ અર્થાત્ જણાવાઇ ગયેલો વિષય ફરીથી ન લખવામાં આવે. એમ કરવાથી અર્થમાં દોષ આવી જાય છે. આપના શ્લોકનું મૂળ વિધેય "ગંગાજીનું મહત્ત્વ" છે. અને 'इदम्' શબ્દ અનુવાદ છે. આપે 'अनुवाद' ને પ્રથમ ન કહીને સૌથી પહેલાં 'महत्त्वं गंगायां' જે વિધેય છે તેનેજ ફરીથી કહેવાથી 'અવિમૃષ્ટ-વિધેયાંશ' દોષ આવી ગયો છે.

(૨) બીજો "અવિમૃષ્ટવિધેયાંશ" દોષ 'द्वितिय श्रीलक्ष्मी' એ પદમાં છે. અહીં "દ્વિતીયત્વ" એજ "વિધેય" છે, દ્વિતીય શબ્દજ સમાસમાં આવી ગયો. સમાસમાં આવવાથી તે મુખ્ય નહિ રહેતાં ગૌણ થઇ ગયો. તેથી શબ્દાર્થ-ક્ષય થઇ ગયો-અર્થાત્ લક્ષ્મીની સમતા પ્રદર્શિત કરવાનુંજ અર્થનું મુખ્ય તાત્પર્ય હતું; પણ તે દ્વિતીય શબ્દના સમાસમાં પડી જવાથી અર્થ જ નાશ પામી ગયો છે.

(૩) ત્રીજું શ્લોકમાં "વિરુદ્ધમતિ" દોષ છે. વિરુદ્ધમતિ દોષ તેને કહે છે કે કહેવા કોઇને માટે ઇચ્છો છો ને અર્થ કરતાં બીજા ઉપર લાગુ પડે છે. આપના શ્લોકમાં 'भवानीभर्तुः' પદ આવ્યું છે. આપનો ઉદ્દેશ ભગવાન શંકર સાથે છે, પરંતુ અર્થ બેસાડવા જતાં મહાદેવજીનો નહિ બેસતાં કોઇ બીજાનો જ ભાસ થાય છે. 'भवानीभर्ता' નો શબ્દાર્થ (भवस्य पत्नी भवानी भवान्या भर्ता=भवानीभर्ता) શિવજીની પત્નીનો પતિ થાય છે આથી પાર્વતીના કોઇ બીજા પતિનું અનુમાન કરી શકાય તેમ છે-જેમકે "બ્રાહ્મણપત્નીના સ્વામીને

આવો " આ વાક્ય સાંભળતાં જ બીજા પતિનું ભાન થાય છે. કાવ્યમાં એને " વિરુદ્ધમતિ " દોષ કહે છે, એ મોટો દોષ ગણાય છે.


(૪) ચોથો " પુનરુક્તિ " દોષ છે. એક વાતને ફરી ફરી કહેવી યા ક્રિયા સમાપ્ત થતાં ફરીથી તેજ વાતને કહેવી એને પુનરુક્તિ દોષ કહે છે. આપના શ્લોકમાં 'विभवति' ક્રિયા આપીને વિષયને સમાપ્ત કરી દીધો છે, છતાં પણ ક્રિયાના અંતમાં 'अद्भुतगुणा' વિશેષણ લગાડીને " પુનરુક્તિદોષ " કરી દીધો છે.

(૫) પાંચમો " ભગ્નક્રમ " દોષ છે. બે કે ત્રણ પદોમાં કોઇ ક્રમ જારી રહે ને એક પદમાં તે ક્રમ ભાગી જાય તેને ભગ્નક્રમ દોષ કહે છે. આપના શ્લોકના પ્રથમ ચરણમાં પાંચ " તકાર " ત્રીજામાં પાંચ " રકાર " અને ચોથા ચરણમાં ચાર ભકારોનો અનુપ્રાસ છે, પરંતુ બીજું ચરણ અનુપ્રાસોથી રહિતજ છે. આથી શ્લોકમાં " ભગ્નક્રમ " દોષ આવ્યો છે.

મહામહિમાવાન નિમાઈ પંડિત બૃહસ્પતિની પેઠે નિર્ભય થઇને વેગવાન પ્રવાહની ગતિએ બોલતા જતા હતા. બધા પ્રેક્ષકોના ચહેરાઓમાંથી પ્રસન્નતાનાં કિરણો નીકળી રહ્યાં હતાં. દિગ્વિજયી શરમને લીધે માથું નીચું કરીને ચુપચાપ બેઠા હતા. નિમાઇ પંડિતનો એક એક શબ્દ તેમના હૃદયમાં શૂળની પેઠે ખૂંચતો હતો, તેથી તેઓ મનોમનજ દુઃખી થતા હતા; પરંતુ બહારથી એવો પ્રયત્ન કરતા હતા કે જેથી અંતરની વ્યથા પ્રગટ થઈ શકે નહિ. પરંતુ ચહેરો એ તો અંતઃકરણનું દર્પણ છે. તેના ઉપર તો અંતઃકરણના ભાવોનું પ્રતિબિંબ પડેજ છે. નિમાઈ પંડિત ચૂપ થઈ ગયા. પછી પણ દિગ્વિજયી નીચું મસ્તક રાખીને છાનામાનાજ બેઠા રહ્યા. તેમણે પોતાના મુખેથી એક પણ શબ્દ તેમના પ્રતિવાદમાં કહ્યો નહિ. આ જોઇને વિદ્યાર્થીઓ તાળીઓ પાડીને હસવા લાગ્યા.

ગુરુપાસેથી નિમાઈ પંડિતે આજ અત્યાર સુધી શીખેલું ... અટકાવ્યા. દિગ્વિજયીએ કમલાક્ષના ... ગ્રંથો નમ્રતાપૂર્વક કહેવા લાગ્યા " મેં ગર્વબુદ્ધિએ જ આ વાતો કહી દીધી છે. આપ એને માટે કાંઈ મનમાં લાવશો નહિ. હું તો આપના શિષ્યને ગુરુ સમાન છું. હવે બાકી રાત થોડી ગઈ છે, આપને પણ નિત્ય કર્મ માટે મોડું થતું હશે. અમારે પણ પંચપાતાને ભેટ જવું છે. હવે આપ પધારો. કાંઈ ભૂલ ક્ષમા કરશો. આપનું કાવ્ય સાંભળીને અમને અધિક ઘણો આનંદ થયો છે. આ તો ગુરુદેવની વાત થઈ, બાકી તો સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુ દોષ વિનાની નથી. ગુણ-દોષના મિશ્રણથી તો આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે. કાલિદાસ, ભવભૂતિ, જયદેવ, આદિ મહાકવિઓનાં કાવ્યોમાં પણ ઘણા દોષો જોવામાં આવે છે. એ તો કશી વાતજ નથી. દોષજ ના હોય તો પછી ગુણોના મહત્ત્વને કોણ સમજે ! ઠીક, તો આજ્ઞા આપો." એમ કહીને તેથી પહેલા નિમાઈ પંડિત જ ચાલી નીકળ્યા. તેમના ઉઠતાંજ બધા વિદ્યાર્થીઓ પણ એકસાથેજ ઉભા થઇ ગયા. સર્વસ્વ ગુમાવેલા વેપારીની પેઠે નિરાશાના ભાવથી દિગ્વિજયી પણ ઉઠીને ઉભા થયા અને ધીરે ધીરે ઉદાસચિત્તે પોતાના તંબૂ તરફ ચાલ્યા ગયા. આ તરફ નિમાઈ પંડિત નિત્યની પેઠે હસતા ખેલતા અને ફલંગ ભરતા કૂદતા કૂદતા શિષ્યોની સાથે પોતાના સ્થાને ચાલ્યા ગયા.





દિગ્વિજયીનો વૈરાગ્ય

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम् ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

(ભર્તૃહરિ-વૈરાગ્યશતક ૩૧)

અર્થાત્ ભોગમાં રોગનો ભય છે, કુળ વધવાથી તેમાંથી છૂટા થવાનો ભય છે, અધિક ધન હોવામાં રાજનો ભય છે, મૌન હોવામાં દીનતાનો ભય છે. બળમાં શત્રુનો ભય છે, રૂપમાં વૃદ્ધાવસ્થાનો ભય છે. શાસ્ત્રાભ્યાસમાં વાદવિવાદમાં હારી જવાનો ભય છે. ગુણોમાં દુષ્ટોનો ભય છે, શરીરમાં તેનો નાશ થવાનો ભય છે. સંસારના જેટલા પદાર્થો છે તેટલા બધા ભયથીજ ભરેલા છે. બસ, એક વૈરાગ્યજ ભયરહિત છે. વૈરાગ્યમાં કશાનો ભયજ નથી.

જેની જીભે સાકરનો સ્વાદ ચાખ્યો નથી, તેજ ગોળ અથવા તેની રસીમાં સુખનો અનુભવ કરશે. જે સ્થાનમાં ગોળમાંથી ખાંડ અથવા સાકર બનાવવામાં આવે છે, તેની બહાર એક મોટો એવો કુંડ હોય છે, તેમાં ગોળનો બધો કાળો કાળો મેલ ગળાઇને આવે છે. દુકાનદારો તે કારખાનાંમાંથી એ મેલને સસ્તા દરે ખરીદી લાવે છે અને તેને તંબાકુમાં કૂટીને વેચે છે. દુકાનદાર રસીને લાકડાનાં મોટાં મોટાં પીપોમાં ભરીને અને ગાડીમાં લાદીને લઇ જાય છે. લાકડાનાં પીપોમાં નાનાં કાણાં હોય છે, તેમાંથી રસી રસ્તામાં ટપકતી જાય છે. અમે અમારી આંખોએ જોયુ છે

બધાં કાર્ય વિચિત્ર ઢંગનાં અને તેમનાથી બધાને મનગમતા થતી હતી.

તેઓ નવદ્વીપના મહોલ્લામાં ફરતા. કોઈ વાર આ મહોલ્લામાંથી પેલા મહોલ્લામાં જાય છે, અને તે મહોલ્લામાંથી આ મહોલ્લામાં. રસ્તામાં જે કોઈ મળી જાય છે, તેની કંઇ ને કંઇક મજાક તેઓ કરે છે. મોટા લોકો કહે છે કે: "પંડિત! હવે તમારે થોડી ગંભીરતા પણ શીખવી જોઇએ, હર વખતે બાળકબુદ્ધિ ઠીક નહિ. હવે તો તમે એક માનવંતા પંડિત થયા છો."

તેઓ કૃત્રિમ આશ્ચર્ય બતાવીને કહેતા:–"હાં, આજે જ હવે મારી ગણના પંડિતોમાં થવા લાગી છે, મને તો ખબર પણ નથી! જો એમજ હોય તો હું ક્યાંક જઇને કોઇની પાસેથી ગંભીરતા જરૂર શીખી લઇશ." આવી કહેનારા બિચારા મોં મરડીને ચાલ્યા જતા અને તેઓ વિદ્યાર્થીઓ સાથે હસતા રમતા પાછા તેજ પ્રમાણે ચાલ્યા જતા.

તેમનું નગરભ્રમણ ઘણુંજ મનોહર હતું. પ્રેક્ષકો તેમને તાકી તાકીને જોતાજ રહેતા. તપાવેલા સુવર્ણ જેવું શરીર હતું, તેના ઉપર એક નાજુક બંડી પહેરતા. પહોળી કાળી કિનારીવાળા નીચે સુધી લટકતા સફેદ ધોતિયા ઉપર એક પાતળી પીળા રંગની ચાદર ઓઢતા, મુખથી પાન ચાવે છે, ડાબા હાથમાં પુસ્તક છે, જમણા હાથમાં એક નાજુક લાકડી છે, સાથે પાંચ દશ વિદ્યાર્થી છે, તેમની સાથે વાતો કરતા ચાલ્યા જાય છે, વચમાં વચમાં કોઇ વાર આમતેમ જોતા પણ જાય છે. કોઇ કપડાવાળાની દુકાન જોઇને ત્યાં જાય છે. કપડાંવાળો પૂછે છે:–" કહો મહારાજ! શું જોઇએ?" તેઓ હસતા હસતા કહે છે:– "જેવી યજમાનની ઇચ્છા, જે આપશો તે લઈ લઇશું." દુકાનદાર મશ્કરી સમજી જતો અને ચૂપ થઈ જતો. કોઈ કોઇ દુકાનદાર જબરજસ્તીથી તેમને કપડું આપતો. તેઓ તેને કહેતા:–"હું લઈ તો જાઉં છું, પરંતુ પાસે પૈસા નથી. ઉધારે કોઇની પાસેથી કોઇ ચીજ લીધી નથી

અને લેતો પણ નથી. પૈસાની આશા રાખશો નહિ." દુકાનદાર હાથ જોડીને શ્રદ્ધાપૂર્વક કહેતા:-"અમારૂં અહો-ભાગ્ય, આપ પહેરશો તો અમારો આ વેપાર પણ સફળ થશે. આ કપડું લેતા જાઓ તેનાં કોઈ ગરીબ વિદ્યાર્થી માટે કપડાં બનાવરાવજો." તેઓ પ્રસન્નતાપૂર્વક એ વસ્ત્રોને લઇ લેતા. કોઇ કોઇ દુકાનદાર તેમને ટાણો પણ મારતા કે:-"પાસે પૈસા નથી ને કપડાં ખરીદવા નીકળ્યા છે!" તેઓ હસતાં હસતાં ઉત્તર આપતા:-"જો પાસે પૈસા હોત તો પછી તમારીજ દુકાને કપડાં ખરીદવા શા સારૂ આવત? તો તો ગમે ત્યાંથી ખરીદી લેત."

કોઇ વાર કોઇ ગરીબ વણકરને ત્યાં જતા. તેનું થાન જોતા, તેને કિંમત પૂછતા અને કહેતા: "પૈસા તો મારી પાસે નથી; કહો, એમ ને એમજ આપશો?" તે શ્રદ્ધા-પૂર્વક કહેતો: "હા, લઇ જાઓ મહારાજ! આપનુંજ છે ને!" તેઓ હસતા હસતા ચાલ્યા જતા.

તેમના દાદા (માના બાપ) નીલામ્બર ચક્રવર્તીના મકાન પાસે ઘણા આહીરોનાં ઘર હતાં. તેઓ દૂધ વેચવાનો ધંધો કરતા. નિમાઇ તેમનાં ઘરોમાં જતા અને જેને પણ મળતા તેને કહેતા: "મામા! આજે શું દૂધ નહિ પાઓ?" તેઓ તેમને ઘણા સત્કારથી પોતાને ઘેર લઈ જતા. બધા મળીને વિદ્યાર્થીઓ સાથે તેમનો તેઓ ખૂબ સત્કાર કરતા. કોઇ તાજું દૂધ પાતું, કોઈ દહીં લાવીને તેમના આગળ રજુ કરતા અને થોડુંક ખાઈ લેવાનો આગ્રહ કરતા તો નિ:સંકોચભાવે ખાવા લાગતા. કોઇ સ્ત્રીને જોઇને કહેતા: "મામી! તમારૂં દહીં તો ખાટું છે, થોડી ખાંડ નાખી હોત તો સ્વાદિષ્ટ બની જાત." આ સાંભળીને કોઈ ખાંડ લેવા દોડતી, ઘરમાં ખાંડ ન હોય તો ગોળજ લઈ આવતી. તેઓ હસતાં હસતાં ગોળની સાથે દહીં પીવા લાગતા. વિદ્યાર્થીઓને પણ દૂધ-દહીં પીવરાવતા અને પછી હસતા હસતાં પાઠશાળા તરફ ચાલ્યા જતા હતા.

આમ કરીને તેઓ સીધા સાદા ગ્રાહકોને અને સરલ સ્વભાવવાળા દુકાનદારોને ખૂબ ખીજવતા. દુકાનદારોને પણ તેમને ખીજવવામાં આનંદ આવતો. એક પાનવાળો હતો, તે તેમને ઘણોજ ઝગડોજ ચાલતો. તેઓ તેની પાસે અમુક પાન માગ્યા કરતા અને તે અમુક આપવાની ના પાડતો ત્યારે તેઓ પોતાના હાથેજ ઉપાડી લેતા. પાનવાળો રડી પડતો, એટલામાં તો તેઓ પાન ખાઈ જતા. પાનવાળાને રોજ આ પ્રમાણે પજવવામાં તેમને નિત્ય નવીન આનંદ આવતો હતો, તેથી આ ઝગડો પણ હંમેશનો થઈ ગયો હતો. કોઈ વાર તો દિવસમાં બે-ત્રણ વાર પણ થતા. પાનવાળો ઘણોજ સરળ અને નાજુક પ્રકૃતિનો માણસ હતો. તે તેમને મનોમન પુત્રની પેઠેજ ચાહતો હતો.

ત્યાંજ શ્રીધર નામનો એક બજાજ દુકાનદાર હતો. તે ઘણોજ ગરીબ હોવા છતાં પણ પરમ વૈષ્ણવ હતો. તેની ઝૂંપડામાં રહેનારા તેને લીધે ઘણાજ હેરાન થતા. તેઓ આખી રાત ખૂબ જોરથી ભગવન્નામનું કીર્તન કર્યા કરતા. પાડોશીઓની રાત્રે જ્યારે પણ આંખ ખુલતી ત્યારે તેઓ તેમને ભગવન્નામનું કીર્તન કરતાંજ જોતા. કોઈ કહેતું:– “ભાઈ! આ ડોસાને લીધે તો અમે પણ હેરાન થઈ ગયા, આખી રાત બૂમો પાડ્યા કરે છે, સૂવાજ દેતો નથી.” કોઈ કહેતું: “ભગવાન જાણે એને ઉંઘ કેમ નથી આવતી! આખો દિવસ તો દુકાનદારી કરે છે અને આખી રાત બૂમો પાડ્યા કરે છે, કોણ જાણે એ સૂવે છે ક્યારે!” કોઈ કોઈ તેમની પાસે જઈને કહેતું: “બાપા! ભગવાન બહેરા થોડાજ છે, જરા ધીરે ધીરે ભજન કરો.”

તેઓ કહેતા: “બેટા! ધીરે ધીરે કેમ કરીને કરું, તમે બધા માણસો તો રાત-દહાડો કામમાંજ ગુંથાયલા રહો છો, અને કદી ભગવાનનું નામ તો એક ઘડી પણ લેતા નથી તેથી જીભથી નથી લઈ શકતા તો કાનથી સાંભળશો તો ખરા ને! તેથીજ હું મોટે મોટે અવાજે ભગવન્નામ બોલું છું, કે જેથી તમારા બધાના કાનોમાં ભગવાનનું

નામ તો સંભળાય.”

આ રીતે તે કોઈની પણ વાત સાંભળતા નહિ અને હંમેશાં ભગવાનનાં મધુર નામોનો ઉચ્ચાર કરતા રહેતા. તે કેળનાં પાન અને કેળના ડોડાઓ વેચતા. બંગાળમાં કેળના ડોડાનું શાક બનાવવામાં આવે છે. નિમાઇ તેની પાસે રોજ આવીને તેની ગમ્મત ઉડાવતા.

તેઓ કેળના ડોડા ઉપાડતા અને કહેતાઃ “પૈસાના કેટલા ડોડા આપશો?” તે કહેતોઃ “ચાર આપીશ.” ત્યારે તેઓ કહેતાઃ “અરે, આઠ આપો, બધી જગાએ આઠ આઠ તો વેચાય છે!” શ્રીધર કહેતાઃ “પંડિત! આમ રોજ રોજ ઝગડો કરવો બરાબર નથી. જ્યાં આઠ મળતા હોય ત્યાં જઇને લઇ આવો. મેં તો ચારજ વેચ્યા છે એટલે ચારજ આપીશ. તમારી મરજી હોય તો લ્યો, ને નામરજી હોય તો ચાલ્યા જાઓ; આમ ઝગડો કરવાથી શો ફાયદો?”

તેઓ કહેતાઃ “મને તમારાજ ડોડા ઘણા વહાલા લાગે છે, તમારીજ પાસેથી લઇશ ને આઠજ લઈશ.”

શ્રીધર કહેતાઃ “જુઓ, તમે હવે સમજુ થયા છો, આવી વાતો સારી નથી. તમને આઠ આપું તો બધાજ આઠ માગે. જો એમજ વાત હોય તો હું તમને પૈસા લીધા વિનાજ ડોડા આપ્યા કરીશ.”

નિમાઇ હસતા હસતા કહેતાઃ “વાહ! તો તો પછી કહેવાનુંજ શું છે! ભાવતું હતું ને વૈદે કહ્યું. બસ, એ તો મારે જોઈતુંજ હતું.”

વળી કહેતાઃ “તમે મારી પૂજા નથી કરતા, મારા માટે ફૂલ આપ્યા કરો.”

શ્રીધર કહેતાઃ “મારા તો દેવનેજ માટે [illegible] દેવતાઓને માટે ફૂલ આપું છું, પછી તમને [illegible] ક્યાંથી આપું?”

[illegible]

મારાં ચરણોમાંથીજ વહે છે. "

આ સાંભળીને શ્રીધર કાને હાથ ધરના અને હાંે
જીભ કરડીને કહેતાઃ " હાય પંડિત ! બ્રાહ્મણ ગોકુલા
થઇને આવી વાત કહો છો ! આવી વાતો કહેવાથી પાપ
લાગે છે. તમે બ્રાહ્મણના કુમાર થઇને આવી પાપી વાતો
તમારા મોંમાંથી કહો છો ! "

સમય જતાં એજ શ્રીધર મહાપ્રભુના અનન્ય ભક્ત
થયા અને તેમણે આખરે તેમને ઈશ્વર તરીકે માન્યા અને
અને પોતાનાં એ વાક્યો માટે ઘણોજ પશ્ચાત્તાપ કર્યો હતો.
પ્રભુ તેમના ઉપર ઘણુંજ વહાલ રાખતા હતા. ગૌર-
ભક્તોમાં શ્રીધરના કેળા ઘણાજ વખણાતા હતા. ગૌરાંગને
શ્રીધરના કેળાના શાક વિના જમવાનુંજ ગમતું નહિ.

એક દિવસ તેઓ ઘર તરફ જતા હતા, રસ્તામાં
પંડિત શ્રીવાસજી મળ્યા. શ્રીવાસ પંડિત અદ્વૈતાચાર્યના
સાથી અને સ્નેહી હતા. પંડિત જગન્નાથ મિશ્રના તેઓ
અનન્ય મિત્ર હતા, તેમની પત્ની માલતીદેવી અને તેઓ
નિમાઇ ઉપર સગા પુત્રની પેઠે વહાલ રાખતાં હતાં. તેઓ
પણ એ બન્નેમાં માતાપિતાની પેઠે શ્રદ્ધા રાખતા હતા. શ્રી-
વાસ પંડિતને જોઇને તેમણે તેમને પ્રણામ કર્યો. પંડિતજીએ
તેમને આશીર્વાદ આપ્યા અને ઘણાજ પ્રેમથી બોલ્યાઃ–
" નિમાઇ ! જો, હવે તું બાળક નથી, આ બાળ-ચંચળતા
તને શોભતી નથી. આ રીતે ઉચ્છૃંખલ જીવન ગાળવું
યોગ્ય નથી. કંઇક ભક્તિભાવ પણ શીખવો જોઇએ. તારા
પિતા તો પરમ વૈષ્ણવ હતા. "

તેમણે સરળતાથી કહ્યું: " હજુ થોડા દિવસ વધારે
આ પ્રમાણે મોજ કરી લેવા દો, પછી સાથે લાગોજ વૈષ્ણવ
બનીશ. અને એવો વૈષ્ણવ બનીશ કે વૈષ્ણવોની તો વાત
શું પણ સાક્ષાત્ વિષ્ણુ પણ મારી પાસે આવ્યા કરશે. "

તેમની વાત સાંભળી તેમણે કહ્યું: " આગળ વળી
ક્યારે થશે ? અત્યારથી કંઇક ભક્તિભાવ રાખવો જોઇએ.
કોઈ દેવી-દેવતામાં શ્રદ્ધા રાખો છો ? "

તેમણે કહ્યું: "ક્યા દેવમાં શ્રદ્ધા રાખું, તે આપજ કૃપા કરીને કહો."

શ્રીવાસ પંડિતે કહ્યું: "જેમાં તમને શ્રદ્ધા હોય તે દેવપૂજા કરવી જોઇએ અને ભગવન્નામના યથાશક્તિ જપ કરવા જોઇએ."

નિમાઈ જાણતા હતા કે, વૈષ્ણવો 'सोऽहम्' અને 'अहं ब्रह्मास्मि' એ વાક્યોથી ખીજાય છે. તેથી શ્રીવાસ પંડિતને ખીજવવાને માટે તેઓ કહેવા લાગ્યા: "'सोऽहम्' 'अहं ब्रह्मास्मि' મને તો એજ મહાવાક્યો ઉપર શ્રદ્ધા છે. જ્યારે હુંજ બ્રહ્મ છું, તો પૂજા કોની કરૂં અને જપ કોના નામના કરૂં, આપજ કહોને?"

આ સાંભળીને શ્રીવાસ પંડિતે કાનો ઉપર હાથ ધર્યા અને કહ્યું: "વૈષ્ણવના પુત્રે આવી વાત મુખેથી ન કહેવી જોઇએ. તું તો બાળકબુદ્ધિ કર્યા જ કરે છે."

આટલું સાંભળીને તેઓ એમ કહેતા કહેતા ઘર તરફ ચાલ્યા ગયા કે "ઠીક, કોઇ દિવસ જોઈ લેજો કે હું કેવો વૈષ્ણવ બનું છું, ત્યારે તો તમે મારી પાછળ પાછળ ફરતા ડોલ્યા કરશો."

તેમણે આ વાતો ગમ્મતમાં કહી હતી, પરંતુ શ્રીવાસ પંડિતને આ વાતોથી કંઇક આશા જેવું લાગ્યું. તેઓ વિચારવા લાગ્યા: "જો નિમાઇ જેવા પંડિત, મેધાવી અને સર્વપ્રિય પુરુષ વૈષ્ણવ બની જાય તો તો વૈષ્ણવ-ધર્મનો આખા દેશમાં વાવટો ફરકવા લાગે. અનાથ વૈષ્ણવ ભક્તો સનાથ થઇ જાય." તેઓ એમ વિચારતા વિચારતા ગંગાજી તરફ ચાલ્યા ગયા. સમય જતાં શ્રીવાસ પંડિતના વિચારો સાચાજ નીવડ્યા. વૈષ્ણવ ધર્મના વિજય-દુંદુભીથી સમસ્ત દેશ ગુંજવા લાગ્યો અને ભક્તિ ભાગી-રથીની એક એવી ભરતી આવી કે જેને લીધે બધી [illegible] મતાઓ દૂર થઇ જઇને ચારે તરફ સમાનતાનું [illegible] સ્થપાઇ ગયું.

શ્રી વિષ્ણુપ્રિયા સાથે લગ્ન

रूपसंपन्नमग्राम्यं प्रेमप्रायं प्रियंवदम् ।
कुलीनमनुकूलं च कलत्रं कुत्र लभ्यते ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૩૧૬-૫)

અર્થાત્ રૂપ અને સદ્ગુણસંપન્ન, સભ્ય અથવા ચતુ- વ્યવહારમાં સુચતુર અત્યંત પ્રેમયુક્ત, સુંદર વચન બોલનારી, સારા કુળમાં જન્મ પામેલી તથા પતિનાજ મનને અનુકૂળ આચરણ કરનારી પત્ની મહાભાગ્યેજ મળે છે.

વહુ વિના ઘર સૂનું સૂનુંજ લાગે છે, તેનો અનુભવ એજ માતા કરી શકે છે કે જેના ઘરમાં એક જ પુત્ર હોય અને તેની સર્વગુણસંપન્ન પુત્રવધૂ પરલોકવાસી થઇ ગઇ હોય, તેને ચારે તરફથી પોતાનું ઘર ઉજ્જડ જેવુંજ લાગે છે, ઘરની લીંપેલી ગુંપેલી ભીંતો તેને ખાવા ધાય છે. એકલા પુત્રને જોઇને માતાની છાતી ફાટવા લાગે છે અને જ્યારે જ્યારે પુત્રને જાતેજ પોતાને હાથે કેટલાંક કામ કરતી જુએ છે, ત્યારે ત્યારે તે અશ્રુઓથી પોતાની છાતી ભીંજવે છે. પુત્રવધૂથી રહિત યુવક પુત્રને જોઇને માતાને મહાન કષ્ટ થાય છે. શચીમાતાની પણ એવીજ દશા હતી. જ્યારથી લક્ષ્મીદેવી પરલોકવાસી થઇ છે, ત્યારથી માતાનું ચિત્ત ઉદાસ રહે છે. તે નિમાઇને જોતાંજ રડવા લાગે છે. નિમાઇ મનમાં ને મનમાં બધું સમજે છે, પરંતુ કહેતા કંઇ નથી, ચૂપ જ રહે છે; કહે તો પણ શું કહે?

માતાને હમેશાં એજ ચિંતા રહે છે કે, નિમાઇને

શચી માતાએ આશ્વાસન આપતાં કહ્યું:–"દીકરી! કહી દે, કહેવામાં શું હરકત છે? તારા પિતાનું નામ શું છે?"

શરમાતાં શરમાતાં અને શરીરને કંઈક મરડીને ધીરેથી વિષ્ણુપ્રિયાએ કહ્યું: "રાજપંડિત!"

માતાએ જલદીથી કહ્યું: "પંડિત સનાતન મિશ્રની તું પુત્રી છે? તો કહેતી કેમ નથી? રાજપંડિતની પુત્રી પણ રાજપુત્રી હોય છે, એટલે નહોતી બતાવતી? કેમ, એજ વાત છે ને?"

વિષ્ણુપ્રિયા શરમાતી શરમાતી છાનીમાની ઉભી રહી. માતાએ તેને બીજી પણ બે–ચાર વાતો પૂછીને તેને વિદાય કરી. વિષ્ણુપ્રિયાનો ઉમદા સ્વભાવ અને સૌંદર્ય શચી માતાની દૃષ્ટિમાં જડાઈ ગયાં હતાં. તે વારંવાર એમજ વિચારવા લાગ્યાં કે: "જો આ છોકરી મારી પુત્ર–વધૂ થાય તો કેવું સારું?" તે દરરોજ ઘાટ ઉપર વિષ્ણુપ્રિયાને જોતાં અને તેની સાથે બે–ચાર વાતો જરૂર કરતાં. વિષ્ણુપ્રિયાનું અદ્ભુત રૂપલાવણ્ય, તેની અત્યંત કોમળ પ્રકૃતિ, પ્રશંસનીય ઉમદા સ્વભાવ અને અનુપમ વિષ્ણુની ભક્તિની તેઓ મનોમન વારંવાર પ્રશંસા કરતાં. તેથી તેઓ તેના પ્રત્યે વધારે ને વધારે પ્રેમ દર્શાવતાં. વિષ્ણુપ્રિયાના મનમાં પણ તેમના પ્રત્યે ભક્તિ વધવા લાગી.

શચી માતા વારંવાર વિચાર કરતાં કે "એક વાર સનાતન મિશ્રને પૂછાવું તો ખરી, એમાં શું વાંધો છે! બહુ કરશે તો નાજ પાડશે; એજ ને!" વળી વિચારતીઃ "તેઓ રાજપંડિત છે, ધનાઢ્ય છે, બધી જગાએ તેમની ખુબ આબરૂ છે, તેઓ એક વિધવાના પુત્રની સાથે પોતાની પુત્રીનો વિવાહ કેમ કરે?" એમ વિચારી કંઈક ડરી જતી અને તેમને પૂછાવવાની હિંમત ચાલતી નહિ.

એક દિવસ તેણે સાહસ કરીને કાશીનાથ મિશ્ર નામના દલાલને બોલાવ્યા અને તેમને કહ્યું:–"મિશ્રજી!

યોગ્ય કોઇ સુંદર અને ગુણવાન કુલીન કન્યા મળી જાય તો હું બને તેમ જલદી તેનો બીજો વિવાહ કરીને મારા ઘરને પહેલાંની પેઠે ભર્યું ભર્યું અને આનંદ-ઉલ્લાસપૂર્ણ જોઇ શકું. તે ગંગાકિનારે જ્યારે જ્યારે જતાં ત્યારે ત્યાં સ્નાન કરવા આવેલી પોતાની જ્ઞાતિની ઉમ્મરલાયક અને શાણી કન્યાઓ તરફ એક ઉડતી નજર નાખી લેતાં અને પછી નીચું જોઇ લેતાં. આ રીતે તે હમેશાંજ પોતાની નવીન પુત્રવધૂની એ કન્યાઓમાં શોધ કર્યા કરતાં હતાં.

તે કન્યાઓમાં એક પરમ સુંદરી અને સુશીલા કન્યાને પણ તે જોતાં. તે કન્યા ઘણે ભાગે શચીદેવીને રોજ જ મળતી. સવારે, સાંજે, બપોરે જ્યારે પણ શચી માતા સ્નાન કરવા આવતાં ત્યારે તે કન્યાને ઘાટ ઉપર જોતાં, કોઇ વાર તો તે સ્નાન કરતી હોય, કોઇ વાર દેવપૂજા અને કોઈ કોઈ વાર સ્નાન કરીને ઘેર જતાં શચી માતાને મળતી. તે કન્યા શચી માતાને જ્યારે પણ દેખતી ત્યારે ઘણી શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કરતી. શચીદેવી પણ પ્રસન્ન થઇને તેને આશીર્વાદ આપતીઃ “ ભગવાનની કૃપાથી મારી દીકરીને યોગ્ય પતિ મળજો. ” કન્યા તે આશીર્વાદ સાંભળતી અને શરમાઇને નીચી નજર કરીને ચાલી જતી.

એક દિવસ શચી માતાએ તે કન્યાને બોલાવીને પૂછ્યુંઃ “બેટા ! તારું નામ શું છે ? ”

શરમાતાં શરમાતાં અને નીચું જોતાં જોતાં ધીરેથી કન્યાએ કહ્યુંઃ “ વિષ્ણુપ્રિયા. ”

માતાએ પ્રસન્નતા દર્શાવતાં કહ્યુંઃ “ અહા ! વિષ્ણુપ્રિયા ! ” કેવું સુંદર નામ છે ? જેવો સુંદર સ્વભાવ છે, તેનેજ યોગ્ય સુંદર નામ પણ છે.” પછી પૂછ્યુંઃ “દીકરી ! તારા પિતાનું નામ શું છે ? ”

વિષ્ણુપ્રિયા આ સાંભળીને છાનીમાનીજ ઉભી રહી. તેણે આ પ્રશ્નનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. ત્યારે

શચી માતાએ આશ્વાસન આપતાં કહ્યું:–"દીકરી! કહી દે, કહેવામાં શું હરકત છે? તારા પિતાનું નામ શું છે?"

શરમાતાં શરમાતાં અને શરીરને કંઈક મરડીને ધીરેથી વિષ્ણુપ્રિયાએ કહ્યું: "રાજપંડિત!"

માતાએ જલદીથી કહ્યું: "પંડિત સનાતન મિશ્રની તું પુત્રી છે? તો કહેતી કેમ નથી? રાજપંડિતની પુત્રી પણ રાજપુત્રી હોય છે, એટલે નહોતી બતાવતી? કેમ, એજ વાત છે ને?"

વિષ્ણુપ્રિયા શરમાતી શરમાતી છાનીમાની ઉભી રહી. માતાએ તેને બીજી પણ બે–ચાર વાતો પૂછીને તેને વિદાય કરી. વિષ્ણુપ્રિયાનો ઉમદા સ્વભાવ અને સૌંદર્ય શચી માતાની દૃષ્ટિમાં જડાઇ ગયાં હતાં. તે વારંવાર એમજ વિચારવા લાગ્યાં કેઃ "જો આ છોકરી મારી પુત્ર–વધૂ થાય તો કેવું સારૂં?" તે દરરોજ ઘાટ ઉપર વિષ્ણુપ્રિયાને જોતાં અને તેની સાથે બે–ચાર વાતો જરૂર કરતાં. વિષ્ણુપ્રિયા-નું અદ્ભુત રૂપલાવણ્ય, તેની અત્યંત કોમળ પ્રકૃતિ, પ્રશં-સનીય ઉમદા સ્વભાવ અને અનુપમ વિષ્ણુની ભક્તિની તેઓ મનોમન વારંવાર પ્રશંસા કરતાં. તેથી તેઓ તેના પ્રત્યે વધારે ને વધારે પ્રેમ દર્શાવતાં. વિષ્ણુપ્રિયાના મનમાં પણ તેમના પ્રત્યે ભક્તિ વધવા લાગી.

શચી માતા વારંવાર વિચાર કરતાં કે "એક વાર સનાતન મિશ્રને પૂછાવું તો ખરી, એમાં શું વાંધો છે! બહુ કરશે તો ના પાડશે; એજ ને!" વળી વિચારતીઃ "તેઓ રાજપંડિત છે, ધનાઢ્ય છે, બધી જગાએ તેમની ખૂબ આબરૂ છે, તેઓ એક વિધવાના પુત્રની સાથે પોતા-ની પુત્રીનો વિવાહ કેમ કરે?" એમ વિચારી કંઇક ડરી જતી અને તેમને પૂછાવવાની હિંમત ચાલતી નહિ.

એક દિવસ તેણે સાહસ કરીને કાશીનાથ મિશ્ર નામના દલાલને બોલાવ્યા અને તેમને કહ્યું:–"મિશ્રજી!

માતાએ કહ્યું [illegible] છો; પરંતુ તેઓ મનાહર છે. [illegible] આ સંબંધ ન સ્વીકારે એવો ઘણો સંભવ [illegible] તો તમે અનુભવીજ છો, એમ તો કોઈને [illegible] નહિ રહે.”

દલાલે જોર દઈને કહ્યું: “ [illegible] કેવી વાત કરો છો? ભલા, નિમાઈ જેવા યોગ્ય પ્રતિષ્ઠિત પંડિતને જમાઈ બનાવવામાં કોણ પોતાનું સૌભાગ્ય નહિ સમજે? હું માનું છું કે તેઓ આ વાતનો સહર્ષ સ્વીકાર કરશે. હું આજેજ તેમને ત્યાં જઈશ અને સાંજેજ તમને જવાબ આપી જઈશ.” એમ કહીને કાશીનાથ મિશ્ર માતાને પ્રણામ કરીને ચાલ્યા ગયા.

આ તરફ પંડિત સનાતન મિશ્ર પણ ઘણા દિવસો-થી ઇચ્છતા હતા કે, વિષ્ણુપ્રિયાનો સંબંધ નિમાઈ પંડિત સાથે થાય તો ઘણું સારૂં. પરંતુ તેઓ પણ મનમાં કંઈક સંકોચાતા હતા કે નિમાઈ આજકાલ પ્રસિદ્ધ પંડિત ગણાય છે. વીસ વરસની નાની ઉંમરમાંજ તેમણે આટલી બધી ખ્યાતિ મેળવી છે, તેઓ આ સંબંધ ન સ્વીકારે એવો ઘણોજ સંભવ છે. જો મારી પ્રાર્થના છતાં પણ તેઓ આ સંબંધ સ્વીકારે નહિ, તો તેમાં મારૂં ભારે અપમાન થાય. ઘણેભાગે ધનવાન પુરુષો પોતાના માનનું ખૂબ ધ્યાન રાખે છે, એજ ભયથી તેમણે ઈચ્છા હોવા છતાં પણ આજ સુધી આ વાત કોઈને કહી નહોતી.

સનાતન મિશ્રના હૃદયમાં એજ પ્રકારના વિચાર આવતા હતા, તેવામાંજ કાશીનાથ દલાલ તેમની પાસે

આવ્યા. દલાલને જોઇને તેમણે તેમનો સત્કાર કર્યો, બેસવાને આસન આપ્યું અને આવવાનું કારણ જાણવા ઇચ્છા કરી. કાશીનાથ દલાલે પહેલેથી છેલ્લે સુધી બધી વાતો કહીને છેવટે કહ્યું: "શચી માતાએ જાતેજ મને બોલાવીને કહ્યું છે. અને હું આપને કહું છું કે, આપને આપની પુત્રીને માટે આનાથી સારો વર બીજી જગ્યાએ ભાગ્યેજ મળશે."

રાજી થતાં થતાં સનાતન મિશ્રે કહ્યું: "નિમાઇ પંડિત કોઇ અપ્રસિદ્ધ પુરુષ તો નથી; દેશભરમાં તેમનાં યશોગાન ગવાય છે. તેમને જમાઇ બનાવવામાં હું મારૂં પરમ સૌભાગ્ય માનું છું. મારી પણ ઘણા સમયથી એજ ઇચ્છા હતી, પરંતુ તેઓ કદાચ સ્વીકાર ન કરે એમ ધારીનેજ સંકોચથી આ વાત કોઇને કરી નથી.

દલાલે કહ્યું: "એ વાતની આપ સહેજ પણ ચિંતા કરો નહિ, શચીદેવી જે કહેશે તેજ પ્રમાણે થશે. નિમાઇ તેમની ઇચ્છા વિરુદ્ધ કોઈ કામ કરતા નથી."

સનાતન મિશ્રના ઘરમાં જ્યારે સ્ત્રીઓએ આ વાત સાંભળી, ત્યારે તેમના આનંદનું ઠેકાણુંજ રહ્યું નહિ. કોઈ કહેવા લાગી: "છોકરીનાં ભાગ્ય ઉઘડયાં." કોઇ કોઈ વિષ્ણુપ્રિયાની સમક્ષજ કહેવા લાગી: "આટલા દિવસનું તેનું ગંગાસ્નાન અને વિષ્ણુપૂજા આજે સફળ થયાં, સાક્ષાત્ વિષ્ણુના જેવોજ વર તેને મળ્યો." આ બધી વાતો સાંભળીને વિષ્ણુપ્રિયા શરમાતી શરમાતી ઉઠીને બીજી બાજુ ચાલી ગઇ. બીજી સ્ત્રીઓ પણ જાતજાતની વાતો કરવા લાગી.

રાજપંડિત સનાતન મિશ્રની સંમતિ લઇને દલાલ મહાશય સીધા શચી માતાની પાસે ગયા અને તેમને આ શુભ સમાચાર સંભળાવ્યા. સાંભળીને શચી માતાને ઘણો આનંદ થયો, અને તેજ વખતે વિવાહની તિથિ વગેરે નક્કી કરાવી લીધી.

સનાતન મિશ્રને ત્યાંથી તિથિ વગેરેની વાતો પાકી

અવાજને જરા વધારતાં જોર કરીને દલાલે કહ્યું:—
ાજપંડિત સનાતન મિશ્રની પુત્રી સાથે તમારા લગ્નની
ો પાકી કરીને આવ્યો છું. કહો તમને મંજુર છે ને?"

ખૂબ જોરથી હસતાં હસતાં તેમણે કહ્યું: "અહાહા!
ા વિવાહ? અને રાજપંડિતની પુત્રી સાથે! મને તો
પણ ખબર નથી!" એમ કહેતાં કહેતાં તેઓ હસતા
ા ઘેર ચાલ્યા ગયા.

દલાલને તેમના શુષ્ક હાસ્યમાં કંઇક શંકા પડી. સ-
નાતન મિશ્રને ત્યાં પણ ખબર પહોંચી ગઈ. એ સાંભળતાં-
જ આખા ઘરમાં મંદતા છવાઈ ગઈ. સનાતન મિશ્રે કહ્યું:—
"જે વાતની શંકા હતી તેજ થઈ. હું પહેલેથીજ જાણતો
હતો કે, નિમાઈ સ્વતંત્ર પ્રકૃતિના પુરુષ છે, તેઓ ભલા,
આ પ્રકારના સંબંધને મંજુર કરનારાજ ક્યાં હતા! થયું
તો કંઇ નહિ, ઉલટી બધા લોકોમાં મારી મશ્કરી થઇ.
બધાને ખબર છે કે છોકરીનો વિવાહ નિમાઈ પંડિત સાથે
થશે. જો ના થઇ શકે તો મારે ઘણું શરમાવાનું છે."
એમ વિચારીને તેમણે તરતજ કાશીનાથ દલાલને બોલાવ્યા
અને પોતાની ચિંતાનું કારણ જણાવીને તરતજ ...

માતા પાસેથી આ સંબંધી ચોક્કસ જવાબ લઈ આવવાની પ્રાર્થના કરી.

દલાલ મહાશય તેજ સમયે શચી માતા પાસે ગયા અને રાજપંડિતની ચિંતાની બધી હકીકત કહી સંભળાવી. સર્વ કંઇ સાંભળીને શચીમાતાએ કહ્યું: "નિમાઇ મારી વાતની કદી અવગણના કરતો નથી, તેથી મેં આ બાબતમાં તેને કંઇ પણ પૂછયું કર્યું નથી. આજે તે પાઠશાળાએથી આવશે ત્યારે હું તેને પૂછી લઇશ. મને વિશ્વાસ છે કે, એ મારી વાતને ઉથાપશે નહિ. કાલે હું તમને આ વાતનો ખરાબર જવાબ આપીશ." માતાનો આવો ઉત્તર સાંભળીને દલાલ પોતાને ઘેર ચાલ્યા ગયા.

સાંજે જ્યારે પાઠશાળામાંથી ભણાવીને નિમાઈ ઘેર આવ્યા ત્યારે માતાએ આમ તેમની બે-ચાર વાતો કરીને ઘણા પ્રેમથી કહ્યું:-" નિમાઈ બેટા! હું તને એક વાત પૂછવા ઇચ્છું છું. શું સનાતન મિશ્રવાળો સંબંધ તને મંજુર નથી? છોકરી તો ઘણી સુશીલ અને ચતુર છે. હું તેને રોજ ગંગાજી ઉપર જોઉં છું."

કંઇક શરમાતાં શરમાતાં નિમાઇએ કહ્યું: "હું શું જાણું? જે તને ઠીક લાગે તે કર." માતાને આ ઉત્તર સાંભળીને સંતોષ થયો. તેમણે પોતાની માતાના સંતોષ માટે એક મનુષ્યદ્વારા સનાતનને ત્યાં લગ્નની તૈયારી કરવાનો સંદેશો કહેવડાવ્યો. આ સંદેશો સાંભળતાંજ સનાતન મિશ્રના ઘરમાં ફરીથી બમણો આનંદ ફેલાયો અને તેઓ ધામધૂમથી પુત્રીના લગ્નની તૈયારીઓ કરવા લાગ્યા.

નિમાઇ પંડિત પાસે એટલા પૈસા નહોતા કે તેઓ રાજપંડિતની પુત્રી સાથે ખૂબ ધામધૂમથી લગ્ન કરી શકે. તેથી તેઓ કંઇક ચિંતાતુર જેવા રહેતા. ધીરે ધીરે આ વાતની ખબર તેમના બધા વિદ્યાર્થીઓ તથા સ્નેહીઓને પડી ગઇ. વિદ્યાર્થીઓ ઘણા ખુશી થયા અને આવી

આવીને કહેવા લાગ્યા:–" ગુરુજી ! જમણવારની મિઠાઈઓ તો ખૂબ ખાવા મળશે. સનાતન તો રાજપંડિત ગણાય. બહુ છૂટે હાથે અને ઉદાર દિલથી લગ્ન કરશે. ઉત્તમ ઉત્તમ મિઠાઈઓ બનાવશે. બહુ આનંદ આવશે." તેઓ બધાની વાતો સાંભળીને હસતા હતા.

તે સમયે નવદ્વીપમાં બુદ્ધિમંતખાંજ સૌથી મોટા જમીનદાર હતા. તેઓ તે સમયના એક પ્રકારે રાજાજ ગણાતા હતા. નિમાઈ પંડિત ઉપર તેઓ બહુ સ્નેહ રાખતા હતા. તેમના વિવાહની વાત સાંભળીને તેઓ તેમની પાસે પાઠશાળામાં આવ્યા. જેમના ચંડીમંડપમાં તેઓ ભણાવતા હતા, તે મુકુંદ સંજય પણ ત્યાંજ બેઠા હતા. તેમણે તેમની આગતા સ્વાગતા કરી. બુદ્ધિમંતખાંએ કહ્યું:–"પંડિતજી ! સાંભળ્યું છે કે, આપ ફરીથી લગ્ન કરો છો ? એ વાત કેટલે અંશે સાચી છે ? સાંભળ્યું છે કે હાલના રાજપંડિતની પુત્રીને આપ પસંદ કરી છે."

કંઈક શરમાતાં શરમાતાં તેમણે કહ્યું: "આપ જે કંઈ સાંભળો તે સત્યજ હોય. ભલા, આપની સમક્ષ જૂઠી વાત કહેવાની હિમ્મતજ કોણ કરી શકે ?"

આ ઉત્તરથી પ્રસન્ન થઈને બુદ્ધિમંતખાંએ કહ્યું–"ત્યારે તો [illegible] મીઠાઈ જમવા મળશે. હા, મારી એક [illegible] [illegible]નું બધું ખર્ચ હું ઉપાડી લઈશ."

[illegible] સંજય બોલ્યા:–"વાહ સાહેબ ! [illegible] ઉપાડી લેશો તો હું એમનો બોજ [illegible] [illegible] [illegible]

જેટલું ઇચ્છો તેટલું ખર્ચ કરજો." આ રીતે વિવાહના સમસ્ત ખર્ચનો ભાર તો એ બન્ને ધનવાનોએ પોતાના ઉપર લઇ લીધો. હવે નિમાઇ આ વાતથી તો નિશ્ચિંત થઇ ગયા, છતાં પણ તેમને ઘણું કામ પોતાને જ કરવાનું હતું. તેથી તેઓ વિદ્યાર્થીઓની મદદથી પોતે જ બધું કામ કરવા લાગ્યા.

બધા મોટા મોટા પંડિતોને નિમંત્રણ આપવામાં આવ્યાં. વિદ્વાનોની મંડળીમાંથી એક પણ પંડિત નિમંત્રણ વિના બાકી રહ્યો નહિ. આ તરફ પેલા બન્ને ધનાઢયોએ લગ્નને માટે નાચગાન, આતશબાજી-ફૂલવાડી, સારાં સારાં વાજાં તથા બીજા શોભા-શણગારના સામાનનો સારી રીતે પ્રબંધ કર્યો. નક્કી કરેલી તિથિને દિવસે પોતાના સ્નેહી ઘણા પંડિતો, વિદ્યાર્થીઓ તથા બીજા માનનીય સજ્જનોની સાથે જાન સજીને નિમાઇ પંડિત લગ્નને માટે ચાલ્યા. તેઓ આગળ આગળ પાલખીમાં જતા હતા. બન્ને બાજુ ચામર ઢળી રહ્યા હતા. સૌથી આગળ જાત જાતનાં વાદ્ય વાગતાં હતાં. આ રીતે ખૂબ વાજતે ગાજતે સનાતન મિશ્રને ઘેર જઇ પહોંચ્યા. મિશ્રજીએ બધા લોકોનું યથાયોગ્ય બહુ સન્માન કર્યું. બધાને ઉતરવાનો, ખાવા-પીવાનો અને મનોરંજનનો તેમણે ઘણો જ ઉત્તમ પ્રબંધ કરી રાખ્યો હતો. તેમના સ્વાગત-સત્કારથી સઘળાઓ ઘણાજ પ્રસન્ન થયા.

ગોરજના શુભ ચોઘડિયામાં નિમાઇ પંડિતે વિષ્ણુપ્રિયા સાથે લગ્ન કર્યું, બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કર્યું અને વેદવેત્તાઓએ હવન કરાવ્યો. આ પ્રમાણે બધાં લૌકિક તથા વૈદિક કાર્યો વધુ [illegible] સમાપ્ત થયાં. વિષ્ણુપ્રિયાએ પતિદેવનાં ચરણે આત્મસમર્પણ કર્યું અને નિમાઇએ તેને દાસી [illegible] તેનો સ્વીકાર કર્યો. સનાતન મિશ્રે ઘણું કિંમતી વસ્ત્રાભૂષણ નિમાઇને ભેટમાં દેવા

કાર્યો થઈ ગયા પછી લગ્નનાં બધાં કાર્યો સમાપ્ત કરવામાં આવ્યાં.

બીજે દિવસે સનાતન મિશ્રે બધા વિદ્વાન પંડિતોની સભા ભરી. તેમની યોગ્યતાનુસાર તેમની યથાયોગ્ય પૂજા કરી અને દ્રવ્યાદિ આપીને ખૂબ સત્કાર કર્યો. ત્રીજે દિવસે વિષ્ણુપ્રિયાની સાથે પાલખીમાં બેસીને નિમાઇ પોતાને ઘેર આવ્યા. ઘણા સમયથી જેને પોતાની પુત્રવધૂ બનાવવા માતા ઉત્સુક હતી, તેનેજ આજે પુત્રની સાથે પોતાના ઘરમાં આવેલી જોઇને માતાના આનંદનું તો ઠેકાણુંજ રહ્યું નહિ. તે એ જુગલ-જોડીને જોઇને મનમાં ને મનમાં ઘણીજ પ્રસન્ન થતી હતી.

ઘરમાં દાખલ થતાં ઉમરામાં ઠેસ વાગવાથી વિષ્ણુપ્રિયાને થોડું લોહી નીકળ્યું હતું. તેને અપશુકન સમજીને તેનું ચિત્ત પહેલાં કંઇક દુઃખી થયું હતું, પરંતુ થોડા દિવસોમાં તે આ વાતને ભૂલી ગઇ હતી. જ્યારે નિમાઇ સંન્યાસ લઇને ચાલ્યા ગયા, ત્યારે તેને આ બનાવ યાદ આવ્યો હતો અને તે તેને યાદ કરીને દુઃખી થઇ હતી.

આ પ્રકારે વિષ્ણુપ્રિયાને પરણીને નિમાઇ ઘણાજ પ્રસન્ન થયા અને વિષ્ણુપ્રિયા પણ પોતાના સર્વગુણસંપન્ન પતિને જોઇને પરમ આનંદ પામી.



स्वभावमां परिवर्तन

परोपदेशकुशला दृश्यन्ते बहवो जनाः ।
स्वभावमतिवर्तन्तः सहस्रेष्वपि दुर्लभाः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૮૭-૪)

અર્થાત્ બીજાઓને મોટા મોટા, ઉંચા ઉંચા અને ઉત્તમોત્તમ ઉપદેશ કરનારા તો ઘણાયે સુચતુર પંડિતો મળી આવશે, પરંતુ જે તદ્દન પોતાના સ્વભાવનેજ પલટી નાખે, એવો પુરુષ તો હજારોમાં પણ દુર્લભ છે; ક્યાંક કરોડોમાં કોઇકજ એવો પુરુષ નીકળે છે.

બાલ્યાવસ્થાનો સ્વભાવ આગળ જતાં ધીરે ધીરે બદલાઇ જાય છે, પરંતુ યુવાવસ્થામાં જે સ્વભાવ બંધાઇ જાય છે, તેમાં ફેરફાર થવો ઘણોજ કઠણ છે. અવસ્થા જેમ જેમ મોટી થતી જાય છે, તેમ તેમ સ્વભાવ પણ સ્થિર થતો જાય છે. અને પછી જે મનુષ્યનો જેવો સ્વભાવ હોય છે, તેજ તેનો આગળ જતાં સ્વાભાવિક ગુણ થઇ જાય છે. ઘણે ભાગે એમ પણ જોવામાં આવે છે કે, ઘણા લોકોનાં જીવન એકદમ પલટાઇ જાય છે. તેઓ ક્ષણવાર-માંજ કંઇકના કંઇ બની જાય છે. આજે જે મહાવિષયી જેવો જણાય છે, તે કાલે પરમ વૈષ્ણવો જેવું આચરણ કરવા લાગે છે. જેને આપણે કાલ સુધી લુચ્ચો બદમાસ કહીને બોલાવતા હતા, તેનેજ થોડા દિવસોમાં હજારો નરનારીઓ સિદ્ધ મહાત્મા માનીને તેની પૂજા-અર્ચા કરતાં જોવામાં આવ્યાં છે; પરંતુ એવું પરિવર્તન બધા પુરુષો-ના જીવનમાં નથી થતું-એવા તો કોઇ વિરલાજ ભાગ્ય-શાળી મહાપુરુષ હોય છે.

ઘણું ખરૂં તો એવું જોવામાં આવે છે કે, જ્યારે મનુષ્ય સામાન્ય વિચારોમાંથી ઉંચે ચઢવા લાગે છે, ત્યારે હૃદયના પરિવર્તન સાથે તેના શરીરમાં પણ ફેરફાર થઇ જાય છે. શરીરના બધા અવયવો સ્વભાવ અનુસારજ બનેલા છે, મનુષ્ય જેમ જેમ સામાન્ય વિચારોને છોડવા લાગે છે, તેમ તેમ તેના અંગ–પ્રત્યંગમાં પણ ફેરફાર થવા માંડે છે. સામાન્ય લોકો આ ફેરફારને રોગ માનવા લાગે છે. જે એકદમ પ્રકૃતિથી ઉંચા થઇ ગયેલા છે, તેમનું પંચભૌતિક શરીર વધારે સમય સુધી સ્થિર રહી શકતું નથી. કેમકે શરીરના સ્થાયીપણા માટે રજોગુણજન્ય પ્રાકૃતિક અહંભાવની કંઇ ને કંઇ આવશ્યકતા રહે છેજ. એટલે તો પરમ ભાવિક જ્ઞાની અને પ્રેમી માણસો નાની ઉંમરમાંજ આ શરીરનો ત્યાગ કરે છે. શ્રીશંકરાચાર્ય, ચૈતન્યદેવ, જ્ઞાનેશ્વર, રામતીર્થ, જગદ્બંધુ, વિવેકાનંદ—એ બધા પરમ ભાવિક ભગવદ્ભક્ત પ્રકૃતિથી અત્યંત ઉંચા થઇ જવાનેજ કારણે આ શરીરને વધારે દિવસ ટકાવી શક્યા નથી. કોઇ કોઇ મહાપુરુષ પોતાના સત્સંકલ્પનો કંઇક ભોગ આપીને લોકકલ્યાણની દૃષ્ટિએ એ અવસ્થામાં પહોંચવા છતાં પણ થોડા સમય માટે આ શરીરને ટકાવી રાખે છે, તેમ છતાંયે તેમનામાં ભાવિકતા કરતાં કંઇક જ્ઞાનની અધિકતા હોય છે, ત્યારે તેઓ તેમ કરે છે. ભાવિકતા અંતિમ હદે પહોંચ્યા પછી તો સંકલ્પ કરવાની ઇચ્છાજ થતી નથી.

જ્યારે હૃદયમાં અકસ્માત્ પ્રબળ ભાવિકતાનો ઉદય થાય છે, ત્યારે નિર્બળ શરીર તેને સહન કરી શકતું નથી. કોઇ કોઇનું શરીર તો એજ વેગમાં શાંત થઇ જાય છે, ઘણા તેને સહન તો કરી લે છે, પણ ગાંડા થઇ જાય છે, અને કશું કરી શકતા નથી. જેની પાસે ભગવાનને કંઇક કામ કરાવવું હોય છે, તેઓ તો વેગને પૂરી રીતે [illegible] [illegible]. [illegible] થાય છે, પરંતુ શરીર ઉપર તેની [illegible] કંઇ અસર થવી તો સ્વાભાવિકજ છે, તેથી [illegible] [illegible] થઇ જાય છે કે [illegible]

ખાંસી વગેરે) થઈ શકે છે. ઘણું ખરું એમ બને કે એમને રોગો ક્ષણિક તે ભાવ થવાથી થઈ શકે છે. સંતોને કેટલાક આ રોગો ઘણું ખરું ચાલીસ પચાસ વર્ષની ઉમર પછી થતા દેખાય છે, પરંતુ જે લોકોના શરીરમાં પ્રબળ આધ્યાત્મિક ભાવોનો ઉદય થવાના આવેગમાં આ રોગ થાય છે, તેમને માટે કશો નિયમ નથી. ક્યારેક થાય પણ ખરા. સાચી ખરી રીતે તો તેમના એ રોગો સામાન્ય લોકોની પેઠે યથાર્થ રોગ હોતા નથી, પરંતુ તે રોગ જેવા જ જણાય છે, અને ભાવો શમી જતાં તે આપોઆપ શાંત થઈ જાય છે. પરમહંસ રામકૃષ્ણદેવને સુવાવસ્થામાંજ આ ઉદ્વેગ ઉત્પન્ન થયો હતો. કોઈએ તેને વાયુરોગ, કોઈએ મગજનો રોગ અને કોઈએ વીર્યના ઉન્માદનો રોગ કહ્યો હતો. તેમના પરમ ભક્ત મથુરા બાબુ તો ચિકિત્સકોના કહેવાથી તેમને વેશ્યાઓને ત્યાં પણ લઈ ગયા હતા, પરંતુ તેમને ઉન્માદ યા વાયુરોગ હોય ત્યારે ને! ત્યાં પણ તેઓ નાના બાળકની પેઠે ગમ્મત કરવા લાગ્યા. વર્ષો સુધી તેઓ અતિસારના ભયંકર રોગથી પીડાતા રહ્યા. તેમના આ ભાવને એક બ્રાહ્મણીજ સમજી અને પાછળથી તેમના પાકાખરા ભક્તો પણ સમજ્યા. વૈદ્ય તો છેલ્લે સુધી વાયુરોગ કહેતા રહ્યા, બોલવાની મના કરતા રહ્યા, અંતે ગળામાં ફોલ્લા જેવું થયું અને તેનીજ ભયંકર વેદનામાં મહિનાઓ ગાળીને તેમણે આ નશ્વર શરીરનો ત્યાગ કર્યો. ગળાના ફોલ્લાને ચિકિત્સકો વધારે બોલવાથી થયેલો વિકાર કહેતા. તેને લીધે એટલી પીડા થતી કે એકાદ તોલો દૂધ પીવામાં પણ તેમને મહાકષ્ટ થતું હતું; પરંતુ આ અવસ્થામાં પણ તેઓ ભક્તોને ઉપદેશ તો હમેશાંજ આપ્યા કરતા હતા. ચિકિત્સકો વારે વારે બાર દઈને મનાઈ કરતા ત્યારે તેઓ કહી દેતા કેઃ—" હવે આ શરીરથી શું બની શકે તેમ છે? એનાથી જેટલું જેટલું ભલું થઈ શકે તેટલું ઉત્તમ છે." કેમકે તેઓ શરીરના સ્વાભાવિક સ્વભાવથી તદ્દન ઉંચા ચાલ્યા ગયા હતા.

તા. તેથી કોઈની હિંમત ચાલતી નહિ. જેમ તેમ કરીને લોકોએ તેમને દૂર લઇ જઈને પથારીમાં સુવાડી દીધા. ચારે તરફથી વિદ્યાર્થીઓ તથા તેમના સ્નેહીઓ તેમના બિછાનાને ઘેરીને બેઠા. હવે તેઓ ગાંડાની પેઠે સતત બકવા લાગ્યા. લોકોને કહેતા કે "હું સાક્ષાત્ વિષ્ણુ છું, મારી પૂજા કરો. સંસારમાં હું એકલોજ વંદનીય અને પૂજનીય છું. તમે હમેશાં શ્રીકૃષ્ણકીર્તન કર્યા કરો. સંસારમાં શ્રીકૃષ્ણનું નામ એજ સાર છે, બીજી બધી વસ્તુઓ અસાર છે!" આ પ્રકારે તેઓ કોણ જાણે કેટલુંય કહેતા રહ્યા!

લોકો પોતાની બુદ્ધિ અનુસાર જાત જાતનાં અનુમાન કરતા. કોઇ કહેતું કે "ભૂત-વ્યાધિ છે." તો કોઇ કહેતું: "કોઇ ડાકણ-શાકણનો પ્રકોપ છે." કોઇ કોઈ ઉપેક્ષાની દૃષ્ટિએ કહેતું: "અરે, ઘણા બકવાદનું તો આજ ફળ આવે ને! આખો દિવસ શાસ્ત્રાર્થ કરીને, વિદ્યાર્થીઓ સાથે મગજમારી કરીને તથા લોકોનાં ટીખળ કરીને બકયા તો કરતાજ હતા. એમને કોઈએ કદી ઓછાબોલા તો જોયાજ નહોતા; તેનું તો આ ફળ છે, ગાંડપણ છે, મગજનો વિકાર છે, ગરમી વધી ગઇ છે, બીજું કશું નથી."

ચિકિત્સકોએ વાયુરોગ જણાવ્યો. સમાચાર મળતાં બુદ્ધિમંતખાં અને મુકુંદ સંજય એ બધા સારા સારા માનનીય વૈદ્યોને સાથે લઇને નિમાઇને ઘેર દોડી આવ્યા. બધા ગભરાઇ ગયા, એ લોકો મોટા મોટા ધનવાન હતા. વિવિધ પ્રકારની કિંમતી દવાઓ તેમને ત્યાં રહેતી હતી. વૈદ્યોની સંમતિથી વિષ્ણુતેલ, નારાયણતેલ વગેરે સુગંધી અને મૂલ્યવાન તેલ તેમના મસ્તક ઉપર ઘસાવા લાગ્યાં. તેમના મસ્તકને તલમો તરબોળ કરવામાં આવ્યું, અને જાતજાતના ઉપચારો થવા માંડ્યા. આ પ્રકારે કેટલાક દિવસોમાં તેઓ ધીરે ધીરે સ્વસ્થ થયા. એ જોઇને તેમના પ્રેમીઓ પરમ પ્રસન્ન થયા. ધીરે ધીરે તેઓ પાછા પહેલાંની પેઠે પોતાની પાઠશાળામાં જઇને અધ્યાપનનું કાર્ય

तस्मान्मूलं यत्नतो रक्षणीयं
छिन्ने मूले नैव पत्रं न शाखा

બ્રાહ્મણરૂપી વૃક્ષનું સંધ્યા એજ મૂળ છે. વેદ-
વૃક્ષની મોટી મોટી શાખાઓ છે અને ધર્મકર્મ વગે-
તે વૃક્ષનાં સુંદર સુંદર પાન છે. તેથી બહુ સાવધાનીપૂ-
રણ વગેરે પાઠને મૂળનીજ સેવા કરવી જોઈએ; કેમ
મૂળ નાશ પામતાં નથી તો ડાળીઓ રહી શકતી કે ન
તો પાંદડાં રહી શકતાં." તેઓ કહેતાઃ "જે સાંજ પડીન
રાત્રિદિવસમાં બે ઘડી પણ સંધ્યાને માટે નથી કાઢી શકતો
તે આગળ ઉન્નતિજ શું કરી શકશે?" તેમના આ કથન-
નો વિદ્યાર્થીઓ ઉપર ઘણો પ્રભાવ પડતો અને તેઓ સધા
યોગ્ય સમયે ઉઠીને સ્નાનાદિથી પરવારી સંધ્યાવંદનાદિ કરી-
નેજ પાઠશાળામાં ભણવા આવતા. એ બધી વાતોથી વિદ્યા-
ર્થીઓ તેમના ઉપર ઘણોજ સ્નેહ રાખવા લાગ્યા અને તેઓ
પણ તેમને પ્રાણથી પણ વિશેષ વહાલ કરવા લાગ્યા.

આ ભાવ તેમના હૃદયમાં ભક્તિ-ભાગીરથીનો પ્રવાહ ઉભરાઈ આવવા પહેલાંની શરૂઆત જેવોજ છે. નિમાઈના હૃદયમાં ભક્તિના પ્રવાહનો ઉદય તો શ્રી ગયાધામમાં શ્રી-વિષ્ણુ ભગવાનનાં ચરણકમળોનાં દર્શનથીજ થશે. ત્યાંથી ભક્તિ-ભાગીરથીનો પ્રવાહ નવદ્વીપાદિ પુણ્ય સ્થાનોમાં થઈને દ્રુત ગતિથી સમસ્ત પ્રાણીઓને પાવન કરતો કરતો શ્રી-નીલાચળના મહાસાગરમાં એકરૂપ થઈ જશે; એમ નથી કે નીલાચળમાં જઈને પ્રેમસાગરમાં મળતાં તે ત્રિવિધતાપ-હારી પ્રેમપીયૂષપૂર્ણ પાવન પ્રવાહ સમાપ્તજ થઈ જશે. પરંતુ તે પ્રવાહ ભગવતી ભાગીરથીની પેઠે અખંડરૂપે આ અવનિ ઉપર સદા પ્રવાહિતજ રહ્યા કરશે, અને તેમાં સ્નાન કરીને પ્રેમી ભક્તો સદા સુખશાંતિ પ્રાપ્ત કરતા રહેશે. એ બધી બાબતોનું વર્ણન વાચકોને આગળનાં પ્રકરણોમાં મળશે.

ભક્તિપ્રવાહ ઉભરાતા પહેલાં

तावत् कर्माणि कुर्वीत न निर्विद्येत यावता ।
मत्कथाश्रवणादौ वा श्रद्धा यावन्न जायते ॥

(શ્રીમદ્‌ભાગવત ૧૧-૨૦-૯)

અર્થાત્ વર્ણાશ્રમમાં કરવાનાં કાર્યો જ્યાં સુધી તેના પ્રત્યે સંપૂર્ણ વૈરાગ્ય ન થાય અથવા ભગવાનની કથાના શ્રવણમાં જ્યાં સુધી પૂરેપુરી દૃઢ ભક્તિ થાય નહિ, ત્યાં સુધી કર્યા કરવાંજ જોઇએ. તાત્પર્ય એ છે કે, વર્ણાશ્રમમાં વિહિત કર્મો કરવામાં બેજ હેતુ છે; કાં તો તેના વડે વૈરાગ્ય ઉત્પન્ન થઇને જ્ઞાન થાય અને જ્ઞાન વડે મુક્તિ અથવા ભગવાનનાં કથાકીર્તનમાં દૃઢ શ્રદ્ધા દ્વારા પ્રેમ થાય અને પ્રેમથી ભક્તિની પ્રાપ્તિ થાય.

ભક્તિ તથા મુક્તિનું પ્રધાન અને મુખ્ય કારણ કર્મજ છે. નિષ્કામ અને સકામ એમ બે પ્રકારનાં કર્મ છે. સકામ કર્મ ભુક્તિ-ભોગ આપનારાં છે, તેનાથી ભૂઃ ભુવઃ અને સ્વર્ગ, એ ત્રણુજ લોકના ભોગ પ્રાપ્ત થઈ શકે છે, અને નિષ્કામ કર્મ દ્વારા આત્મશુદ્ધિ થતાં સાધક ભક્તિ તથા [illegible] અધિકારી બને છે.

છે, તેનેજ પરાકાષ્ઠા યા પરાગતિ કહે છે.

જે બુદ્ધિપ્રધાન સાધક હોય છે, તેને નિષ્કામ કર્મો દ્વારા આત્મશુદ્ધિ થતાં ભગવદ્ભક્તિ પ્રાપ્ત થાય છે. પછી સંસારી વિષયોથી વૈરાગ્ય થાય છે, વૈરાગ્યથી તેને જ્ઞાનની ઇચ્છા થાય છે અને જ્ઞાન દ્વારા તે મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. મુક્તિજ પ્રાણીમાત્રનું અંતિમ લક્ષ્ય છે. એજ માનવ-જીવોની એકમાત્ર સાધ્ય વસ્તુ છે. એથી મુક્તિ તથા ભક્તિનો પ્રધાન હેતુ વર્ણાશ્રમવિહિત કર્મજ છે. જ્યાં સુધી ભગવત્-કથાઓમાં પૂર્ણરૂપે શ્રદ્ધા ઉત્પન્ન ન થાય, ભગવત્-કથા સાંભળ્યા વિના ચેનજ ન પડે અથવા જ્યાં સુધી સંસારી ભોગોમાં પૂરેપુરો વૈરાગ્ય થાય નહિ, ચિત્ત હમેશાં એ સંસારી ભોગોથી દૂર થઈને એકાંતવાસ માટે આતુર ન બને ત્યાં સુધી સર્વ પ્રકારના મનુષ્યોએ પોતપોતાના અધિકાર પ્રમાણે કર્તવ્ય કર્મો કર્યાંજ કરવાં જોઈએ. જે શ્રદ્ધા તથા વૈરાગ્ય પહેલાંજ અજ્ઞાનને વશ થઈને કર્મોનો ત્યાગ કરે છે, તે નારકીય જીવ છે, તે પોતેજ કર્મત્યાગ-રૂપી પાપ દ્વારા પોતાને માટે નરકનો રસ્તો સાફ કરે છે. એવો પુરુષ નથી તો ભક્ત બની શકતો કે નથી તો જ્ઞાની બની શકતો. તે આ સંસારચક્રમાંજ પડીને ફર્યા કરે છે.

થોડા ઘણા એવા પણ નિત્યભક્ત અથવા જીવન-મુક્ત મહાપુરુષ હોય છે, કે જેમને ફરીથી કર્મ કરવાની આવશ્યકતા રહેતી નથી. તેઓ પહેલેથીજ મુક્ત અથવા ભક્ત હોય છે. શુક-સનકાદિ જન્મથીજ મુક્ત હતા. નારદાદિ પહેલેથીજ ભક્ત થઈને જન્મ્યા હતા, તેથી તેમને માટે કોઈ પ્રકારનાં બાહ્ય કર્મોના અનુષ્ઠાનની જરૂર ન પડી. તેમનામાં શરૂઆતથીજ વૈરાગ્ય તથા ભક્તિ હયાત હતાં. તેથીજ શુક-સનકાદિ શરૂઆતથીજ જ્ઞાની થઈને સ્વેચ્છાપૂર્વક વિચરણ કરતા રહ્યા અને નારદાદિ સદા હરિ-ગુણ-ગાન કરતા બધા લોકોને પાવન કરતા ફર્યા. તેથી તેમને માટે આરંભથીજ કોઈ કર્તવ્ય-કર્મ નહોતું

भक्तिप्रवाह उभरातो पहेलों

तावत् कर्माणि कुर्वीत न निर्विद्येत यावता ।
मत्कथाश्रवणादौ वा श्रद्धा यावन्न जायते ॥

(શ્રીમદ્‌ભાગવત ૧૧-૨૦-૯)

અર્થાત્ વર્ણાશ્રમમાં કરવાનાં કાર્યો જ્યાં સુધી તેના પ્રત્યે સંપૂર્ણ વૈરાગ્ય ન થાય અથવા ભગવાનની કથાના શ્રવણમાં જ્યાં સુધી પૂરેપુરી દૃઢ ભક્તિ થાય નહિ, ત્યાં સુધી કર્યા કરવાંજ જોઇએ. તાત્પર્ય એ છે કે, વર્ણાશ્રમમાં વિહિત કર્મો કરવામાં એજ હેતુ છે; કાં તો તેના વડે વૈરાગ્ય ઉત્પન્ન થઇને જ્ઞાન થાય અને જ્ઞાન વડે મુક્તિ અથવા ભગવાનનાં કથાકીર્તનમાં દૃઢ શ્રદ્ધા દ્વારા પ્રેમ થાય અને પ્રેમથી ભક્તિની પ્રાપ્તિ થાય.

ભક્તિ તથા મુક્તિનું પ્રધાન અને મુખ્ય કારણ કર્મજ છે. નિષ્કામ અને સકામ એમ બે પ્રકારનાં કર્મ છે. સકામ કર્મ ભુક્તિ–ભોગ આપનારાં છે, તેનાથી ભૂઃ ભુવઃ અને સ્વર્ગ, એ ત્રણજ લોકના ભોગ પ્રાપ્ત થઇ શકે છે. અને નિષ્કામ કર્મ દ્વારા આત્મશુદ્ધિ થતાં સાધક ભક્તિ તથા મુક્તિનો અધિકારી બને છે.

જે હૃદયપ્રધાન સાધક છે તેને નિષ્કામ કર્મો કરતા રહેવાથી સાધુમહાત્માઓમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. મહાત્માઓના અધિક સંસર્ગમાં રહેવાથી તેને ભગવત્કથાઓમાં શ્રદ્ધા ઉપજે છે અને ભગવત્કથાઓમાં શ્રદ્ધા થવાથી ભગવદ્‌-ગુણોમાં પ્રેમ ઉપજે છે, ભગવદ્‌ગુણોમાં પ્રેમ થયા પછી ભક્તિ ઉત્પન્ન થાય છે તથા ભક્તિજ અંતિમ સાધ્ય વસ્તુ

છે, તેનેજ પરાકાષ્ઠા યા પરાગતિ કહે છે.

જે બુદ્ધિપ્રધાન સાધક હોય છે, તેને નિષ્કામ કર્મો દ્વારા આત્મશુદ્ધિ થતાં ભગવદ્ભક્તિ પ્રાપ્ત થાય છે. પછી સંસારી વિષયોથી વૈરાગ્ય થાય છે, વૈરાગ્યથી તેને જ્ઞાનની ઇચ્છા થાય છે અને જ્ઞાન દ્વારા તે મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. મુક્તિજ પ્રાણીમાત્રનું અંતિમ લક્ષ્ય છે. એજ માનવ-જીવોની એકમાત્ર સાધ્ય વસ્તુ છે. એથી મુક્તિ તથા ભક્તિનો પ્રધાન હેતુ વર્ણાશ્રમવિહિત કર્મજ છે. જ્યાં સુધી ભગવત્-કથાઓમાં પૂર્ણરૂપે શ્રદ્ધા ઉત્પન્ન ન થાય, ભગવત્-કથા સાંભળ્યા વિના ચેનજ ન પડે અથવા જ્યાં સુધી સંસારી ભોગોમાં પૂરેપુરો વૈરાગ્ય થાય નહિ, ચિત્ત હમેશાં એ સંસારી ભોગોથી દૂર થઇને એકાંતવાસ માટે આતુર ન બને ત્યાં સુધી સર્વ પ્રકારના મનુષ્યોએ પોતપોતાના અધિકાર પ્રમાણે કર્તવ્ય કર્મો કર્યાજ કરવાં જોઇએ. જે શ્રદ્ધા તથા વૈરાગ્ય પહેલાંજ અજ્ઞાનને વશ થઇને કર્મોનો ત્યાગ કરે છે, તે નારકીય જીવ છે, તે પોતેજ કર્મત્યાગ-રૂપી પાપ દ્વારા પોતાને માટે નરકનો રસ્તો સાફ કરે છે. એવો પુરુષ નથી તો ભક્ત બની શકતો કે નથી તો જ્ઞાની બની શકતો. તે આ સંસારચક્રમાંજ પડીને ફર્યા કરે છે.

થોડા ઘણા એવા પણ નિત્યભક્ત અથવા જીવન-મુક્ત મહાપુરુષ હોય છે, કે જેમને ફરીથી કર્મ કરવાની આવશ્યકતા રહેતી નથી. તેઓ પહેલેથીજ મુક્ત અથવા ભક્ત હોય છે. શુક-સનકાદિ જન્મથીજ મુક્ત હતા. નારદાદિ પહેલેથીજ ભક્ત થઇને જન્મ્યા હતા, તેથી તેમને માટે કોઇ પ્રકારનાં ખાસ કર્મોના અનુષ્ઠાનની જરૂર ન હતી. તેમનામાં શરૂઆતથીજ વૈરાગ્ય તથા ભક્તિ હતાં. તેથીજ શુક-સનકાદિ શરૂઆતથીજ જ્ઞાની થઇને ઇચ્છાપૂર્વક વિચરણ કરતા રહ્યા અને નારદાદિ સદા હરિ-ગુણ-ગાન કરતા બધા લોકોને પાવન કરતા ફર્યા. તેથી તેમને માટે આરંભથીજ કોઇ કર્તવ્ય-કર્મ નહોતું.

હવે પ્રશ્ન એ છે કે, ભક્તિ તથા મુક્તિમાં કઈ વસ્તુ શ્રેષ્ઠ છે? તેનો ઉત્તર એજ દઈ શકાય છે કે બન્નેમાંથી કોઈપણ શ્રેષ્ઠ નથી અથવા બન્નેજ શ્રેષ્ઠ છે. એ બન્નેજ સ્થિતિ સનાતન છે, સદાકાળથી પ્રાણીઓની એજ બે પરમ સ્થિતિ સાંભળવામાં આવેલી છે. વેદશાસ્ત્રોમાં જ્ઞાની-મહર્ષિઓએ એજ બે સ્થિતિઓનું વર્ણન કરેલું છે. 'तस्य तदैव मधुरं यस्य मनो यत्र संलग्नः' જેને જે અનુકૂળ પડે તેજ તેને માટે સર્વોત્તમ છે. હૃદય અને મસ્તિષ્કની એ બન્નેજ શક્તિઓ છે. જેનામાં જેની મુખ્યતા હશે, તેને તેજ માર્ગ રુચિકર થશે. બીજા સાથે તેને કંઇ પ્રયોજન નથી. તે તો પોતાનાજ માર્ગને સર્વસ્વ સમજશે.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે, ઘણાખરા ભક્તોને એમ કહેતા સાંભળ્યા છે કે "અમે તો મુક્તિને અત્યંત તુચ્છ માનીએ છીએ. ભક્તિ વિનાની મુક્તિને તો અમે ઠોકરે મારીએ છીએ." આથી ઉલટું જ્ઞાનમાર્ગના સાધકો દ્વારા એમ સાંભળ્યું છે કે, મુક્તિ એજ મનુષ્યનું અંતિમ લક્ષ્ય છે, ભક્તિ તેનું સાધન ભલે હોય; પરંતુ સાધ્ય વસ્તુ તો મુક્તિજ છે. મુક્તિ વિના પરમ શાંતિ નથી. એમાંથી કોની વાત માનીએ? બન્ને વાત તો બરાબર હોઈ શકે નહિ; અને તે બે એવી વાતો કે જે પરસ્પરમાં એક બીજાની વિરુદ્ધ હોય.

જો ધ્યાનપૂર્વક એ બન્ને વાતો ઉપર વિચાર કરવામાં આવે તો એ બન્નેમાં કોઇ વિરોધ જણાશે નહિ. લોકોમાં પણ જણાય છે કે, જે મનુષ્યને જે વસ્તુ અત્યંત પ્રિય હોય છે, તે કહે છેઃ "હું તો આનાથી વિશેષ ત્રણે લોકમાં બીજી કોઈ વસ્તુને માનતો નથી." તેના કથનનો અર્થ એટલોજ છે કે, મને તો એજ વસ્તુ અત્યંત પ્રિય છે, મારે માટે તો આથી વિશેષ કોઇ વસ્તુ નથી. "નથી" કહેવામાં તેનો ઉદ્દેશ બીજી વસ્તુઓના "અભાવ" સાથે નહિ હોતાં "પ્રિય" સાથે છે—અર્થાત્ મ[illegible]ા સિવાય


બીજી વસ્તુ પ્રિય નથી. તેનું કહેવું એક પ્રકારે બરાબર પણ છે. જ્યાંસુધી તેની તે વસ્તુ પ્રત્યે અનન્યતા નહિ થઇ જાય, ત્યાંસુધી તેનામાં પ્રીતિ થઇ છે એમ કહી શકાશે નહિ. એજ પ્રમાણે ભક્તિનો માર્ગ જેમણે ગ્રહણ કર્યો છે, તેમને માટે જ્ઞાન દ્વારા મુક્તિ પ્રાપ્ત કરવી એ કોઇ વસ્તુજ નથી અને જેમણે જ્ઞાનમાર્ગથી જવાનો દૃઢ નિશ્ચય કર્યો છે, તેમને માટે કોઈ પણ પ્રકારના નામ-રૂપનું ચિંતન કરવું એ મહાન વિઘ્ન છે. આ આપણે સામાન્ય લોકોને સમજવાની સામાન્ય જેવી દલીલ છે. વાસ્તવમાં તો ભક્તિ તથા મુક્તિ બે વસ્તુ છેજ નહિ. એકજ વસ્તુને બે નામથી ઓળખાવવામાં આવે છે; પોતાની ભાવના અનુસાર એક પ્રિય વસ્તુને બે રૂપોમાં જોઈએ છીએ. સાધ્ય તો એકજ છે, તેને ગમે તો ભક્તિ કહો કે મુક્તિ. અને તેનું સાધન પણ એકજ છે કે અનાસક્તભાવે ભગવાનની સેવા યા કર્તવ્ય સમજીને નિષ્કામ કર્મ કરવાં. હા, કરવાની રીતો જુદી જુદી અવશ્ય છે, અને તે રુચિ-વિચિત્રતાને લીધે અધિકારીભેદે જુદી જુદી હોવી આવશ્યકજ છે. એકમાં ત્યાગજ પ્રધાન છે-ઘર છોડો, સોબત છોડો, આસક્તિ છોડો, નામરૂપને છોડો અને પછી પોતાના અહંકારને તથા પોતાની જાતને પણ તજી દો. બીજામાં પ્રેમની પ્રધાનતા છે, સારા પુરુષો સાથે સ્નેહ રાખો, ભગવદ્ભક્તો સાથે સ્નેહ રાખો, ભગવત્ચરિત્રો સાથે સ્નેહ રાખો, પ્રેમ સાથે પ્રેમ કરો અને પછી જઇને પ્રેમમાં સમાઈ જાઓ. આ મુક્તિ અને ભક્તિ બે માર્ગ છે.

મહાપ્રભુ ચૈતન્યદેવનું જીવન એ તો ભક્તિમાર્ગનો એક મુખ્ય સ્થંભ છે. તેમના જીવનમાં શુદ્ધ ભક્તિનું પરમ પવિત્ર સ્વરૂપ છે, તેમાં પક્ષપાત સહેજ પણ નથી તેમજ બીજા માર્ગ પ્રત્યે દ્વેષ નથી, કોઈપણ કર્મની ઉપેક્ષા નથી, સંકુચિત ભાવોની ગંધ પણ નથી; ત્યાં તો શુદ્ધ પ્રેમ છે. જેમ જેમ આગળ વધતા ઇચ્છો, તેમ તેમ વધારે ને વધારે પ્રેમ કરો, એજ સિદ્ધાન્ત તેમાં ઓતપ્રોત ભર્યું પડ્યું છે.

નિમાઇ પંડિતના હવે [illegible] થઇ ગયા છે. વિષ્ણુપ્રિયા તેમને સર્વ પ્રકારે અનુકૂળ રહે છે. તેનો સ્વભાવ હસમુખો છે, તે સુશીલ છે, ગૃહકાર્યમાં ચતુર છે અને અત્યંતજ પતિપરાયણ છે. તે પોતાના પતિનેજ સર્વસ્વ માને છે. આ બધું હોવા છતાં પણ નિમાઇનું ચિત્ત હવે ઉદાસ રહ્યા કરે છે. ખબર નથી શા માટે? હવે તેમની પેલી ચપળતા કોણ જાણે કયાં ચાલી ગઇ? કલાકો સુધી એકાંતમાં કોણ જાણે શું વિચાર્યા કરે છે? હવે તેમને સંસારી વાતો ઉપર પ્રેમ નથી. હવે તેમનું હૃદય કોઇ ખાસ વસ્તુને માટે તરફડતું જણાય છે. હવે તેઓ પોતામાં કોઇ એક ખાસ અભાવના જેવો અનુભવ કરવા લાગ્યા છે. આથી તેમના બધા સ્નેહી ચિંતાતુર રહે છે.

જ્યારે હૃદયમાં કોઇ પ્રબળ ભાવનું આગમન થવાનું હોય છે, તો તેની પહેલાં હૃદય એક પ્રકારના અભાવનો અનુભવ કરવા લાગે છે. જીવ ઇચ્છે છે કે, કયાંક જઇને પોતાની પ્રિય વસ્તુ લઇ આવું. આવીજ દશામાં લોકો તીર્થોમાં જાય છે. તીર્થોમાં સારા સારા ધાર્મિક લોકોના સત્સંગનો સુયોગ પ્રાપ્ત થાય છે, વિરક્ત સાધુ–મહાત્મા-ઓનાં દર્શન થાય છે. તેમના સત્સંગ તથા સદુપદેશથી હૃદયમાં એક પ્રકારની શાંતિ થાય છે. તેથી નિમાઇની [illegible] તીર્થયાત્રા કરવાની થઇ.

બંગાળમાં સકામ કર્મોની પ્રધાનતા છે. જ ખાસ મનુષ્યો નિષ્કામ કર્મની ભાવના જાણે છે. ત્યાંના ઘણા-ભાગના લોકો કોઈને કોઈ કામનાથીજ અમુક પ્રયોગો કરે છે. સકામ કર્મોમાં પિતૃશ્રાદ્ધને પણ જ અમુક સ્થાન આપવામાં આવે છે. સ્મૃતિઓમાં તો પિતૃકર્મોને દેવકર્મોથી પણ વધારે મહત્તા આપવામાં આવી છે. ગૃહસ્થોને માટે પિતૃકર્મોજ મુખ્ય બનાવવામાં આવ્યાં છે. ગયાજી જઈને પિતૃઓનું શ્રાદ્ધ [illegible] રમ્ય વર્ણવવામાં આવ્યું છે, તે[illegible] લાખો મનુષ્યો ગયાજીમાં પિતૃશ્રા[illegible] બીજા પ્રાંતોમાંથી પણ ઘણા ઘણા [illegible] પિતૃશ્રાદ્ધ કરવા જાય છે; પરંતુ [illegible] બીજા પ્રાંતો કરતાં વધારે છે. આ [illegible] સાથે નિમાઈ પંડિતે પણ ગયાજીમાં [illegible] પિતાનું શ્રાદ્ધ કરી આવાનો વિચાર [illegible] વિચારમાં બીજા લોકોની પેઠે [illegible] તેઓ તો પોતાના અભાવને દૂર કરવા [illegible] ના ભાવોને માન આપવા માટેજ ગયાજી [illegible]



શ્રી ગયાજીની યાત્રા

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥

(ગીતા. ૩–૨૧)

અર્થાત્ શ્રેષ્ઠ પુરુષ જેવું આચરણ કરે છે. તેજ પ્રમાણે બીજા સામાન્ય લોકો તેમનું અનુકરણ કરે છે; જે વાતને તેઓ પ્રમાણ માને છે, તેનેજ બીજા લોકો પણ પ્રમાણભૂત માને છે.

આસો સુદી દશમનો દિવસ છે. આ દિવસેજ ભગવાન શ્રી રામચંદ્રજીએ લંકા ઉપર વિજય મેળવવા માટે ચઢાઇ કરી હતી. ઘેરે ઘેર આનંદ–ઉત્સવ થાય છે. આજ દિવસે વર્ષાઋતુ પૂરી થઇ ગણાય છે. વેપારીઓ આજેજ વેપારને માટે પરદેશોની યાત્રા કરે છે. નૃપતિઓ આજનેજ દિવસે બીજા દેશો ઉપર દિગ્વિજય કરવાને માટે પોતપોતાની સેનાઓ સજીને રાજ્યની હદ બહાર જાય છે. ચાર મહિના એકજ સ્થાને રહેનારા પરિવ્રાજકો આજનેજ દિવસે ફરીથી દેશાટન શરૂ કરે છે, તીર્થયાત્રા કરનારા પણ આજેજ યાત્રાને માટે પ્રસ્થાન કરે છે. નવદ્વીપના પણ ઘણા યાત્રાળુઓ ગયાજીની યાત્રા કરવા જતા હતા. ગૌરાંગના માસા પં. ચંદ્રશેખર પણ ગયાજી જવા ઇચ્છતા હતા. તેમણે પોતાની ઇચ્છા નિમાઇને જણાવી. તે સાંભળતાંજ તેમણે ઘણી પ્રસન્નતા દર્શાવી. માતાની આજ્ઞા લઇને તેમણે પણ પોતાના સેવક સંગે [illegible]

વિદ્યાર્થીઓની સાથે ગયાજીની યાત્રા કરવાનું નક્કી કર્યું. બધો સામાન બાંધીને બીજા લોકોને સાથે લઈને તેઓ ગયાજી જવા નીકળ્યા !

આ પ્રમાણે તેઓ પોતાના બધા સાથીઓ સાથે આનંદ કરતા કરતા અને પ્રેમમાં શ્રીકૃષ્ણકીર્તન કરતા કરતા મંદાર નામના સ્થાનમાં પહોંચ્યા. આ સ્થાને પહોંચ્યા પછી તેમને અત્યંત જોરથી તાવ આવ્યો. તેમના સાથીઓ તેમની આ દશા જોઈને ઘણી ચિંતા કરવા લાગ્યા અને જાતજાતના ઉપચાર કરવા લાગ્યા. પરંતુ તેમને કોઈ પણ પ્રકારે ફાયદો થયો નહિ. અંતે તેમણે પોતાની દવા પોતાની મેળેજ બતાવી. તેમણે કહ્યું: "મારો વ્યાધિ એ કુદરતી દવાઓથી નહિ મટે. આ રોગ તો અસાધ્ય છે, તેની એક માત્ર દવા ભગવાનની કૃપાજ છે ! ભગવાનની પ્રસન્નતાનું સર્વશ્રેષ્ઠ સાધન બ્રાહ્મણોની અર્ચા-પૂજા. શ્રીમદ્ભાગવતમાં ભગવાને અગ્નિ અને બ્રાહ્મણને પોતાનાં બે મુખ કહ્યાં છે, તેમાં બ્રાહ્મણોનેજ સર્વોત્તમ મુખ કહ્યા છે. તેઓ પોતાને શ્રીમુખેજ સનકાદિ મહર્ષિઓની સ્તુતિ કરતાં કહે છે:—

नाहं तथाऽद्मि यजमानहविर्विताने-
श्च्योतद्घृतप्लुतमदन् हुतभुङ्मुखेन ।
यद्‌ब्राह्मणस्य मुखतश्चरतोऽनुघासं
तुष्टस्य मय्यवहितैर्निजकर्मपाकैः ॥

અર્થાત્ ભગવાન કહે છે: "મારે અગ્નિ અને બ્રાહ્મણ એ બે મુખ છે; તેમાં બ્રાહ્મણજ મારૂં શ્રેષ્ઠ મુખ છે. જેમણે

* જે બ્રાહ્મણો તે આજના પ્રેત-ભોજન જમનારા, કન્યાવિક્રય કરનારા, સંસ્કૃતનો અક્ષરમાત્ર પણ નહિ જાણનારા અને સંધ્યા-વંદનાદિને નેવે મૂકનારા બ્રાહ્મણો નહિ, પણ સાચા વેદવિદ, બ્રહ્મનિષ્ઠ અને અકિંચનવ્રતવાળા નિઃસ્પૃહી તપોધન બ્રાહ્મણો.

અનુવાદ

પોતાનાં સમસ્ત કર્મો મનેજ અર્પણ કરી દીધાં છે, અને જે સદા સંતુષ્ટજ રહે છે, એવા બ્રાહ્મણો જે નીગળતા ઘીવાળા સ્વાદિષ્ટ પદાર્થો–વાનીઓ–જમે છે, તેના પ્રત્યેક કોળિયા વડે હુંજ તે મિષ્ટાન્નના રસનો સ્વાદ લઉં છું. એ બ્રાહ્મણોની તૃપ્તિથી હું જેટલો સંતુષ્ટ થાઉં છું, તેટલો યજ્ઞમાં અગ્નિ દ્વારા યજમાને અર્પણ કરેલા હવિ વગેરેથી નથી થતો." જે બ્રાહ્મણોનો આવો મહિમા સાક્ષાત્ ભગવાને પોતાના શ્રીમુખેજ વર્ણવ્યો છે, તેમનું પાદોદક-ચરણામૃત પીવાથી મારો આ રોગ શમી જશે."

આ સાંભળીને એક સરળ વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો:- "ગુરુજી! જે બ્રાહ્મણ નથી, માત્ર બ્રહ્મબંધુ છે (અર્થાત્ કેવળ નામમાત્રનાજ છે, જેમણે બ્રાહ્મણવંશમાં માત્ર જન્મ જ લીધો છે) તેમનો તો આટલો બધો સત્કાર ન કરવો જોઇએ. તેઓ તો માત્ર લાકડાના હાથી જેવા નામનાજ બ્રાહ્મણો છે. જેમ લાકડાના હાથીથી ખરા હાથીનું કશું પણ કામ થઇ શકશે નહિ, તેજ પ્રમાણે જે પોતાના ધર્મ–કર્મથી ભ્રષ્ટ થયેલા છે, જેમણે વિદ્યા પ્રાપ્ત કરી નથી, તે માત્ર નામનાજ બ્રાહ્મણોને આપણે આટલું બધું માન શા માટે આપવું જોઇએ?"

નિમાઈ પંડિતે થોડી વાર વિચાર્યા પછી કહ્યું: "તમારૂં કહેવું એક રીતે બરાબરજ છે. જે પોતાના ધર્મ-કર્મથી રહિત છે, તેઓ તો દૂધ નહિ દેનારી વાંઝણી ગાયના જેવા છે. તેમના દ્વારા કંઈ પણ સંસારી સ્વાર્થ સાધી શકાય નહિ. છતાં પણ જે બધાં કામો સકામ ભાવથી નથી કરતા, જે શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રોની આજ્ઞા અનુસાર પોતાનેજ સુધારવાના હંમેશાં પ્રયત્ન કરે છે, તેઓ બીજાઓના દોષો તરફ ઉદાસીન રહે છે. આપણે દોષદૃષ્ટિથી જોવાનું શરૂ કરીશું તો તો સંસારમાં એક પણ મનુષ્ય દોષરહિત જણાશે નહિ. સંસારજ ગુણ–દોષના સંમિશ્રણથી બનેલો છે. તેથી પોતાની બુદ્ધિને સંકુચિત બનાવીને

ગાયની સેવા કરવામાં એ બુદ્ધિ રાખવી જરૂરની નથી. કે જે ગાય જ્યારે દૂધ આપે તેનીજ આપણે સેવા કરીએ. જે દૂધ નથી આપતી તેની આપણે શી પરવા ? એવી બુદ્ધિ રાખવાથી તો વિચારોમાં સંકુચિતતા આવી જશે. તમે તો શાસ્ત્રની આજ્ઞા માનીને ગાયમાત્રમાં શ્રદ્ધા રાખો. એ તો સ્વાભાવિકજ છે કે, જે ગાય સુશીલ, સુંદર તથા દૂધ દેનારી હશે, તેની બધા લોકો ઇચ્છા કે અનિચ્છાપૂર્વક સેવા-ચાકરી કરશે અને શ્રદ્ધાળુ પુરુષો પણ સુમિષ્ટ દૂધની લાલચથી એવી ગાયોની સેવા કરતા જોવામાં આવ્યા છે, પરંતુ એ સર્વશ્રેષ્ઠ વાત નથી. સર્વશ્રેષ્ઠ તો એ છે કે મનમાં કોઈ પણ પ્રકારનો પક્ષપાત કર્યો સિવાય માત્ર શાસ્ત્રાજ્ઞા સમજીને અને પોતાનું કર્તવ્ય સમજીને ગૌબ્રાહ્મણમાત્રની સેવા કરવી. પરંતુ એવા શ્રદ્ધાળુ સંસારમાં ઘણાજ થોડા હોય છે. ભગવાને પોતેજ ક્રોધાયમાન થયેલા ભૃગુને પોતાની છાતીમાં લાત મારતા જોઈને ઘણી નમ્રતાથી દુઃખ પ્રદર્શિત કરતાં કહ્યું હતું કેઃ—

अतीव कोमलौ तात चरणौ ते महामुने ।

અર્થાત્ હે બ્રાહ્મણદેવ! આપનાં કોમળ ચરણકમળોને મારી આ વજ્ર જેવી છાતીમાં લાગતાં ઘણું કષ્ટ થયું હશે.

આ બહુ ઉંચા સાધકના ભાવ છે. જે સંસારી માન-પ્રતિષ્ઠા તથા ધન અને વિષયભોગોની ઈચ્છાનો સર્વથા ત્યાગ કરીને એકમાત્ર ભગવત્કૃપાનેજ પોતાના જીવનનું અંતિમ લક્ષ્ય માની બધાં કાર્યો કરે છે, તેમનેજ માટે ભગવાન પોતાના શ્રીમુખેથી ફરીને પોતેજ ઉપદેશ આપે છે કેઃ—

ये ब्राह्मणान्मयि धिया क्षिपतोर्चयन्त-

स्तुष्यद्धृदः स्मितसुधोक्षितपद्मवक्त्राः ।

वाण्यानुरागकलयात्मजवद्गृणन्तः

सम्बोधयन्त्यहमिवाहमुपाहृतस्तैः ॥

અર્થાત્ "જે પુરુષ વાસુદેવ-બુદ્ધિ રાખીને કઠોર

બોલનારા બ્રાહ્મણોની પણ પ્રસન્ન અંતઃકરણથી કમળસમાન પ્રફુલ્લિત મુખવડે પોતાની અમૃતમયી વાણીથી પ્રસન્નચિત્ત થઈને સ્તુતિ કરે છે અને પિતા ક્રોધાયમાન થતાં જેમ પુત્ર વગેરે ક્રોધાયમાન નહિ થતાં તેમને માનજ આપે છે, તેજ પ્રમાણે તેમને પ્રેમપૂર્વક બોલાવે છે, તો જાણજો કે એવા પુરુષોએ મને પોતાને તાબેજ કરી લીધો છે." ગુસ્સે થનાર કોઈ પણ પ્રાણી ઉપર જે ગુસ્સો નથી કરતો તેજ સાચો સાધક અને પરમાર્થી છે. પ્રભુનાં ચરણકમળોની પ્રાપ્તિ એજ જેનું એકમાત્ર લક્ષ્ય છે, તેના હૃદયમાં બીજાઓ પ્રત્યે અસંમાનનો ભાવ આવીજ શકતો નથી. તેથી તમે તરતજ જઈને આ ગામના કોઈ બ્રાહ્મણનું પાદોદક (પગ ધોયેલું પાણી) લાવીને મારા મુખમાં રેડો."

તેમની આજ્ઞા થતાં બે ત્રણ વિદ્યાર્થીઓ ગયા અને એક પરમ શુદ્ધ વૈષ્ણવ બ્રાહ્મણના પગ ધોઈને તેનું ચરણોદક લઈ આવ્યા. આ તો તેમની લોકો આગળ બ્રાહ્મણોની મહત્તા દર્શાવવાની લીલા હતી. ચરણોદક પીતાંજ તેઓ જલદી સાજા થઈ ગયા અને પોતાના બધા સાથીઓ સાથે આગળ વધવા લાગ્યા. પછી પુનપુના તીર્થ પહોંચીને આ બધા લોકોએ પુનપુન નામની નદીમાં સ્નાન કર્યું અને બધાએ પોતપોતાના પિતૃઓનાં શ્રાદ્ધાદિ કરાવ્યાં. ત્યાર પછી બધા શ્રી ગયાધામમાં પહોંચી ગયા.

બ્રહ્મકુંડમાં સ્નાન અને દેવ-પિતૃશ્રાદ્ધ વગેરે કરીને નિમાઇ પંડિત પોતાના સાથીઓ સાથે ચક્રવેડામાં વિષ્ણુનાં ચરણકમળોનાં દર્શન કરવા ગયા. બ્રાહ્મણોએ ચરણકમળો-પગલાં-ઉપર પુષ્પમાળા ચઢાવવા કહ્યું. તેઓ પોતાના વિદ્યાર્થીઓ મારફત ગંધ, પુષ્પ, ધૂપ, દીપમાળા વગેરે બધી પૂજનની સામગ્રી [illegible] સાથે લેવરાવતા ગયા હતા. ગયાજી તીર્થના પંડાઓ પગલાંના પ્રભાવનું મોટેથી વર્ણન કરતા હતા. તેઓ ઉચ્ચ સ્વરે કહેતા હતા: "આ પગલાં [illegible] [illegible] [illegible], મુનિઓનાં મન

હરી લેનારી ભગવતી ભાગીરથીની ઉત્પત્તિ થઇ છે. આ…
ચરણોનું લક્ષ્મીજી ઘણીજ શ્રદ્ધાપૂર્વક નિરંતન સેવન ક…
કરે છે. આજ ચરણોનું ધ્યાન યોગીજનો પોતાના હૃદય…
કમળમાં હમેશાં કરતા રહે છે. એજ ચરણોને પ્રભુએ…
ગયાસુરના મસ્તક ઉપર મૂકીને તેને સદ્‌ગતિ આપી હતી.”

અસંખ્ય લોકોની ભીડ હતી, હજારો માણસો ચરણકમળોનાં દર્શન કરી રહ્યા હતા, અને વચમાં વચમાં જયઘોષ કરતા જતા હતા. પંડાઓ તેમને ભેટ ચઢાવવાનો આગ્રહ કરતા હતા. વારંવાર ચરણકમળોનું પુણ્ય–માહાત્મ્ય સંભળાવવામાં આવતું હતું. ચરણકમળોનું માહાત્મ્ય સાંભળતાંજ નિમાઈ પંડિત પોતાની જાતનું ભાન ભૂલી ગયા–તેમને શરીરનું ભાન રહ્યું નહિ. શરીર થરથર કંપવા લાગ્યું, બન્ને લાલ હોઠ કુમળાં પાનની પેઠે હાલવા લાગ્યા. આંખોમાંથી સતત અશ્રુધારા વહેવા લાગી. તેમના ચહેરામાંથી અત્યંત તેજ નીકળતું હતું. તેઓ એકીટસે ચરણકમળો તરફજ જોઈ રહ્યા હતા. તેઓ ક્યાં ઉભા છે, તેમની પાસે કોણ છે, કોણે તેમને સ્પર્શ કર્યો [illegible] બાબતોની તેમને કંઈ પણ ખબર નથી. તેઓ [illegible] થઇને મૂર્છે છે, તેમનું શરીર તેમના કાબુમાં [illegible] મૂર્છિત થઇને પડતાજ હતા, તેટલામાં [illegible] સંન્યાસીનો ટેકો મળવાથી તેઓ પડતા [illegible] તેમના સાથીઓએ તેમને પકડ્યા અને [illegible] જલદી બહાર લઇ ગયા. બહાર ગયા [illegible] ભાન આવ્યું અને તેઓ નિદ્રામાંથી [illegible] પોતાની ચારે બાજુ આંખો ઉં[illegible] અકસ્માત તેમની દૃષ્ટિ એક લાંબા [illegible] ઉપર પડી. તેઓ તેમને [illegible] તેમના આનંદનો પાર રહ્યો [illegible] …જીના ચરણો પકડી લીધા. [illegible] …ન કરતા સંન્યાસીએ તે[illegible] …ા. તેમના સ્પર્શમાત્રથી[illegible]

ઓને [illegible] દર્શન કરે અને [illegible] પ્રસાદ [illegible] અને [illegible]

[illegible] પિતૃઓને માટે [illegible] છે. તેનું પાણી પીએ [illegible] [illegible] અને [illegible]

[illegible]



प्रेमप्रवाह

शृण्वन्सुभद्राणि रथाङ्गपाणे-
र्जन्मानि कर्माणि च यानि लोके ।
गीतानि नामानि तदर्थकानि
गायन्विलज्जो विचरेदसङ्गः ॥

(શ્રીમદ્ભાગવત ૧૧-૨-૩૯)

અર્થાત્ રથાંગપાણિ ભગવાનનાં "ચક્રપાણિ" "ગોપીજનવલ્લભ" "રાધારમણ" વગેરે સુંદર અને સુમનોહર નામોનો તથા તેમના અર્થોનું ગાન અને તેમની અલૌકિક દિવ્ય દિવ્ય લીલાઓનુ સંકીર્તન કરતો થકો શ્રેષ્ઠ ભક્ત કોઈની પણ શરમ નહિ રાખનારો અને નિષ્કિંચન થઈને નિઃસંગભાવે પૃથ્વી ઉપર વિચરે છે.

સંસારમાં એજ મનુષ્યોનું જીવન સાર્થક કહી શકાય છે કે જેમના હૃદયમાં હરસમયે મુરલી મનોહર મુકુંદની મંજુલ મૂર્તિ નૃત્ય કર્યા કરતી હોય. જેના કાનોમાં પ્રતિક્ષણે મનોહર મુરલીનો મધુર રણકાર સંભળાયા કરતો હોય, જેની આંખો ભગવાનની મૂર્તિ સિવાય બીજી કોઇ વસ્તુનું દર્શન જ કરવા ન ઇચ્છતી હોય, જેનું મન હમેશાં ભક્તભયહારી ભગવાનનાં ચરણકમળોના અતિશય મધુર રસનું પાન કર્યો કરતું હોય, એવા શુભ-દર્શન ભક્ત પોતે તો કૃતકૃત્ય થાય છે જ, પરંતુ તેઓ સમસ્ત સંસારને પણ પોતાની ચરણરજથી પાવન બનાવી દે છે. તેમની વાણીમાં ઉન્માદ હોય છે, દૃષ્ટિમાં જીવોને પોતાના તરફ ખેંચવાની શક્તિ હોય છે, તેમનાં બધાં કાર્યો અ-

[illegible]

[illegible]

નિમાઈ પંડિતની [illegible] જે ચૈતન્યભાગવત [illegible] હતા, તેની તૈયારી તો ઘણા સમ- [illegible] થઈ રહી હતી. [illegible] રીતે [illegible] જેની [illegible] ભૂમિ ઉપર વદ્વિાનો સુશોભિત સમય હવે નજીક જ આવી પહોંચ્યો હતો. [illegible] ગયાજીને જ તે પ્રગટ કરવાનો [illegible] યશ પ્રાપ્ત થઈ શક્યો. એજ પાવન ભૂમિ તેનું કારણ બની શકી. ખરેખર 'वसुन्धरा पुण्यवती च तेन' આ રીતે જ એ વસુંધરા મહાભાગ્યશાળી છે, કે જેનો સંસર્ગ કોઈ મહાપુરુષના લોકપ્રસિદ્ધ બનાવની સાથે થયો હોય. તેજ ભૂમિ સંસારમાં પાવન તીર્થ તરીકે પ્રખ્યાત બને છે.

નિમાઈ પંડિત પોતાના નિવાસસ્થાને બીજા સાથીઓ સાથે ભોજન બનાવતા હતા. દાળ–શાક તૈયાર થયાં હતાં, ચુલામાંથી થોડો અગ્નિ કાઢીને દાળ તેના ઉપર રાખી હતી. શાક બીજી બાજુએ ચોકામાંજ રાખ્યું હતું. ચૂલા ઉપર ભાત થતો હતો. નિમાઈ તેને વારંવાર જોતા હતા. ભાત તૈયાર તો થઈ ગયો હતો પરંતુ તેમાં થોડુંક પાણી બાકી હતું, તેને બાળવા માટે અને ભાતને છૂટો બનાવવા માટે આપણા પંડિતે ઢાંકી દીધો. થોડી વાર પછી તેઓ ભાત ઉતારતા હતા. તેવામાંજ પુરીજીને પોતાની તરફ આવતા જોયા. ભાતની તપેલી જેમની તેમજ જમીન ઉપર મૂકીને તેઓ તેમને પગે લાગવા માટે દોડ્યા. પુરીએ તેમને પ્રેમપૂર્વક આલિંગન કર્યું અને તેઓ હસતા હસતા બોલ્યાઃ " અમારે સ્થાનેથી કોઈ શુભ મુહૂર્તમાંજ અમે નીકળ્યા હતા એટલે બરાબર તૈયારીને વખતેજ આવી પહોંચ્યા. "

નમ્રતાપૂર્વક નિમાઈ પંડિતે જવાબ આપ્યોઃ " જે સમયે ભાગ્યોદય થાય છે અને પુણ્ય કર્મોના સંસ્કાર

જાગ્રત થાય છે, તે સમયે આપ જેવા મહાનુભાવોનાં દર્શનનું સદ્દભાગ્ય પ્રાપ્ત થાય છે. ભોજન તૈયાર છે, હાથ-પગ ધુઓ અને ભિક્ષા કરવાની કૃપા કરો."

હસતાં હસતાં પુરી મહાશય બોલ્યાઃ "એ તો ઠીક વાત કહી, પોતાને માટે બનાવેલા અન્નને અમનેજ જમાડી દેશો તો તમે શું ખાશો?"

નમ્રતાપૂર્વક નીચે દૃષ્ટિ રાખી તેમણે જવાબ આપ્યોઃ "અન્ન તો આપનું જ છે, હું તો માત્ર રાંધનાર રસોઇયોજ છું, આજ્ઞા થશે તો બીજી બનાવી લઇશ."

પુરીએ જોયું કે તેઓ ભિક્ષા કરાવ્યા વિના છોડશે નહિ. તેથી બોલ્યાઃ-"ઠીક, ફરીથી બનાવવાની શી જરૂર છે! જે થયું હશે તેમાંથી અર્ધું અર્ધું વહેંચી ખાઇશું. કેમ મંજૂર છે ને? પરંતુ અમે રહ્યા સંન્યાસી ને તમે રહ્યા ગૃહસ્થાશ્રમી! અમારી ભિક્ષા થશે ને તમારૂં ભોજન થશે. આ રીતે કેમ કામ ચાલશે? તમે પણ થોડી વાર માટે ભિક્ષા જ કરી લેજો."

કંઇક હસતાં હસતાં નિમાઇ પંડિતે કહ્યુંઃ "ઠીક, જેવી આજ્ઞા હશે તેજ પ્રમાણે થશે. આપ પહેલા હાથ-પગ ધુઓ." એમ કહીને તેમણે પોતાને હાથે પુરીજીના પગ ધોયા અને તેમને એક સુંદર આસન ઉપર બેસાડ્યા. પુરી મહાશય બેસીને ભોજન કરવા લાગ્યા. નિમાઇ જેવા પીરસનાર હોય તો પછી ભલા, કોને તૃપ્તિ થઇ શકે? ધીરે ધીરે આગ્રહ કરી કરીને બધું ભોજન તેમણે પુરીજીને પીરસી દીધું અને તેઓ પણ પ્રેમવશ થઇને બધું ખાઇ ગયા. અગ્નિ તો સળગતોજ હતો, ક્ષણવારમાં જ ફરીને પણ ભોજન તૈયાર થઇ ગયું. જાણે અન્નપૂર્ણાએ આવીને પોતેજ ભોજન તૈયાર કરી દીધું ન હોય! ભોજન તૈયાર થતાં તેમાંનું પણ ભોજન કર્યું અને પછી પરસ્પર વાતો થવા લાગી.

[illegible] કહ્યું: "ભગવન! હવે તો મને [illegible] વૃત્તિનું જીવન ગાળતાં થઇ ગયા; હવે મને [illegible] આપો. કૃપા કરીને થોડી ઘણી શ્રી [illegible] મને પણ આપો."

તેમની [illegible] પુરી મહાશયે કહ્યું:—"આપ તો સ્વયં શ્રીકૃષ્ણરૂપ [illegible] આપને તે કોણ ભક્તિ આપી શકે? આપ [illegible] પ્રેમ આપી શકો છો."

નક્કી કરેલો દિવસ આવ્યો. નિમાઈ પંડિત નવીન ઉલ્લાસ અને આનંદપૂર્વક મંત્ર-દીક્ષા લેવાને તૈયાર થઈ ગયા. તેમના બધા સાથીઓએ તે દિવસે દીક્ષાના ઉત્સવને માટે ખુબ તૈયારીઓ કરી હતી. નક્કી કરેલે વખતે પુરીજી પધાર્યા. તેમની ચરણરજ તેમનું મસ્તકે ચડાવી અને સ્વસ્તિવાચનના પવિત્ર શ્લોકો બોલીને અને ભગવાનના મધુર-મંજુલ નામોનું સંકીર્તન કર્યા પછી પુરીજીએ તેમના કાનમાં 'ગોપીજનવલ્લભાય નમઃ' એ દશાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો. મંત્રના શ્રવણમાત્રથીજ તેઓ મૂર્છિત થઇ પૃથ્વી ઉપર પડી ગયા અને તેમને પોતાના શરીરનું બિલકુલ ભાનજ રહ્યું નહિ.

સાથીઓએ જાત જાતના ઉપચાર કરીને તેમને જાગ્રત કર્યો. ઘણી વાર પછી તેમને કંઈક ભાન આવ્યું. હવે તો તેમની દશા વિચિત્રજ થઈ ગઈ. કોઇ વાર તો બહુ જોરથી હસતા, કોઇ વાર રડતા અને કોઇ વાર "હા કૃષ્ણ ! હા પિતા" એમ કહીને જોરથી રુદન કરતા. કોઇ વાર "હું તો શ્રીકૃષ્ણની પાસે વ્રજમાં જઈશ" એમ કહેતા કહેતા વ્રજ તરફ દોડતા. તેમના સાથીઓ તેમને પકડી પકડીને લાવતા. પરંતુ તેઓ ગાંડાની પેઠે તેમનાથી પોતાના શરીરને છોડાવી છોડાવીને ભાગતા. કોઈ વાર વળી એજ રીતે જોરથી પ્રલાપ કરવા લાગતા. રડતાં રડતાં કહેતા હતાઃ "વહાલા ! મને છોડીને તમે કયાં ચાલ્યા ગયા ? મારા કૃષ્ણ ! મને તમારીજ સાથે લઇ જાઓને !" આ પ્રમાણે કહીને પાછા જોરથી રડવા લાગતા.

કોઈ વાર રડતાં રડતાં પોતાના વિદ્યાર્થીઓ અને સાથીઓને કહેતા કેઃ—"ભાઈ ! તમે હવે પોતપોતાને ઘેર જાઓ, હવે હું પાછો ફરીને ઘેર નહિ આવું; હવે તો હું શ્રીકૃષ્ણ પાસે વૃંદાવનમાંજ જઇને રહીશ. મારી માતાને મારી વતી હાથ જોડીને પ્રણામ કરજો અને કહી દેજો કે, તારો નિમાઇ તો ગાંડો થઈ ગયો છે." તેમના બધા



नदियामां पाछा आववुं

एवंव्रतः स्वप्रियनामकीर्त्या,
जातानुरागो द्रुतचित्त उच्चैः ।
हसत्यथो रोदिति रौति गाय-
त्युन्मादवन्नृत्यति लोकबाह्यः ॥

(શ્રીમદ્ભાગવત ૧૧-૨-૪૦)

અર્થાત્ નામસંકીર્તન કરવાને લીધે જેમને પ્રભુનાં ચરણકમળોમાં દૃઢ પ્રેમ થયો છે, જેનું ચિત્ત પ્રેમથી ભીંજાઈ ગયેલું છે, એવા ભક્ત પિશાચથી પકડાયેલાની પેઠે અથવા ગાંડાની પેઠે કોઇ વાર જોરથી ખિલખિલાટ હસી પડે છે, કોઈ વાર બૂમો પાડીને રડે છે, કોઈ વાર રડતાં રડતાં હૂ-હૂ કરીને બૂમો પાડવા લાગે છે, કોઈ વાર ગાવા લાગે છે અને કોઇ વાર સંસારની કંઇ પણ પરવા નહિ કરતાં આનંદના ઉલ્લાસમાં નૃત્ય કરવા લાગે છે. (એવાજ ભક્તોનાં ચરણકમળોની રજથી આ પૃથ્વી પાવન થાય છે.)

પ્રેમમાં પાગલ થયેલા એ મસ્તોનાં દર્શન જે લોકો-ને સ્વપ્નમાં પણ કોઇ વાર થઇ જાય છે, તેઓ સંસારમાં મહાભાગ્યશાળી છે; પછી એવા ભક્તોના નિરંતર સત્સં-ગનું સદ્ભાગ્ય જેને પ્રાપ્ત થઇ શક્યું છે, તેના ભાગ્યની તો ભલા સરખામણીજ કોણ કરી શકે? તેથી તો મહા-ભાગવત વિદુરજીએ ભગવત્-દાસોના દાસ બનવામાંજ પોતાને કૃતકૃત્ય માન્યા છે. સાચેજ, ભગવાનના સાથીઓ-ની સોબત પણીજ મધુર, આનંદમય અને રસમય હોય

છે. તેમનો ક્ષણવારનો પણ સંસર્ગ આપણને સંસારથી ઘણે દૂર ઉપાડી જાય છે. તેમના દર્શનમાત્રથીજ આનંદ ઉભરાવા લાગે છે.

નિમાઇ પંડિતને મંત્રદીક્ષા દઇને શ્રી ઈશ્વરપુરી કઇ બાજુ અને ક્યાં ચાલ્યા ગયા, તેનો છેવટ સુધી કોઇને પત્તો લાગ્યો નહિ. તેમણે વિચાર્યું હશે કે, જગત્પૂજ્ય પ્રેમાવતાર લોક-શિક્ષણને નિમિત્તે ગુરુ માનીને મને પ્રણામ કરશે, એ મારે માટે અસહ્ય થઇ પડશે; તેથી આ સંસારમાં હવે અગાડી નહિ રહેવું જોઇએ, એટલે તેઓ તેજ સમયે અંતર્ધાન થઇ ગયા. પછી જઇને ક્યાં રહ્યા તેની બરાબર ખબર નથી.

પ્રાતઃકાળે નિમાઇ પંડિત ઉઠ્યા. લોકોએ જોયું કે તેમના શરીરનાં બધાં વસ્ત્રો આંસુથી ભીંજાઇ ગયેલાં છે, તેઓ ક્ષણવાર પણ રાત્રે સૂતા નહોતા. આખી રાત "હા કૃષ્ણ! મારા વહાલા! ઓ તાત! મને છોડીને ક્યાં ચાલ્યા ગયા?" એજ પ્રકારે વિરહવાક્યોથી રુદન કરતા રહ્યા હતા. તેમની આવી વિચિત્ર અવસ્થા જોઇને હવે સાથીઓએ ગયાજીમાં વધારે રોકાવું ઉચિત માન્યું નહિ. તેમના શિષ્ય તેમને બહુ સાવચેતીપૂર્વક તેમના શરીરને સાચવતા સાચવતા નવદ્વીપ તરફ લઈ ચાલ્યા. તેઓ કોઇ જડ પદાર્થની પેઠે શિષ્યોને ટેકે ટેકે ચાલવા લાગ્યા. શરીરનું કંઇ પણ ભાન નથી. કોઇ કોઇ વાર ભાનમાં આવે છે, વળી જોરથી બૂમો પાડી ઉઠે છે: "હા કૃષ્ણ! ક્યાં ચાલ્યા ગયા? પ્રાણનાથ! રક્ષા કરો! પતિતપાવન! આ પાપીનો પણ ઉદ્ધાર કરો." આ રીતે તેઓ શ્રીકૃષ્ણ-પ્રેમમાં બેશુદ્ધ દશામાં સાથીઓ સાથે કુમારહટ્ટ નામના ગામમાં આવ્યા. જેમની પાસેથી તેમણે શ્રીકૃષ્ણમંત્રની દીક્ષા લીધી હતી, જેમણે તેમને પંડિતમાંથી પાગલ બનાવી દીધા હતા, તેજ શ્રીઇશ્વરપુરીજીનું જન્મસ્થાન કુમારહટ્ટ ગામમાં હતું. પ્રભુએ તે ન[illegible]

હાંસ પ્રણામ કર્યા. પછી સામાન્ય માણુસોને ગુરુમહિમાનું મહત્ત્વ બતાવવા માટે તેમણે તે ગામની ધૂળ પોતાના વસ્ત્રમાં બાંધી લીધી અને સાથીઓને કહ્યું–" આ ધૂળમાં કોઈ વાર શ્રી ગુરુદેવનાં ચરણ પડ્યાં હશે. બાલ્યકાળમાં મારા ગુરુદેવનું શરીર કોઇક વાર આમાં આળોટયું હશે, તેથી આ રજ મારે માટે ઘણીજ પવિત્ર છે. આનાથી વિશેષ વસ્તુ લોકમાં કોઇ પણ બીજી હોઇ શકે નહિ. કુમાર-હટ્ટનું ક્ષેત્ર પણ મારે માટે વંદનીય છે. જે સ્થાનમાં મારા ગુરુદેવે જન્મ લીધો છે, જ્યાંની પાવન ભૂમિમાં તેમણે ક્રીડા કરી છે, તે મારે માટે લાખો તીર્થોથી વિશેષ છે." આ પ્રમાણે ગુરુદેવનું માહાત્મ્ય દર્શાવતા તેઓ આગળ ચાલ્યા ને થોડા દિવસોમાં નવદ્વીપ પહોંચ્યા.

તેમના ગયાજીથી પાછા આવ્યાના સમાચાર સાંભળીને બધા સ્નેહી સંબંધીઓ તથા વિદ્યાર્થીઓ તેમનાં દર્શન માટે આવવા લાગ્યા. કોઇ આવીને તેમને પ્રણામ કરતું, કોઇ ચરણ-સ્પર્શ કરતું તો કોઈ ભેટીને મળતું. તેઓ પણ બધાને યથાયોગ્ય માન આપતા. કોઇને પ્રેમથી બોલાવતા, કોઇને આશીર્વાદ આપતા, કોઇના મસ્તક ઉપર હાથ મૂકતા અને જે ઉંમરમાં મોટા હતા અને તેમના માનનીય હતા તેમને તેઓ પોતે પ્રણામ કરતા. તેઓ તેમને જાત જાતના આશીર્વાદ આપતા. શચી માતા તથા વિષ્ણુપ્રિયાના આનંદનું તો કંઈ ઠેકાણુંજ નહોતું. તેઓ તો મનોમન પ્રસન્ન થઇ રહ્યાં હતાં. એ બારે ભીડમાં તેઓ બન્ને એક બાજુ છાનાંમાનાં બેઠાં હતાં. બધાને મળી લીધા પછી તેમણે પ્રેમપૂર્વક સર્વને વિદાય કર્યા અને પોતે સ્નાનાદિ કરવા ગયા. તેમનો ભાવ વિચિત્ર હતો, શરીરની દશા તદ્દન બદલાઈ ગઇ હતી. માતાને તેમની આવી દશા જોઇને ઘણું આશ્ચર્ય થયું, પરંતુ તેઓ કંઇ પૂછી શક્યાં નહિ.

ત્રીજે પહોરે જ્યારે તેઓ સ્વસ્થ થઇને બેઠા, ત્યારે શ્રીમાન પંડિત સદાશિવ કવિરાજ, મુરારી ગુપ્ત વગેરે

આનંદની વાત સંભળાવવા દવ્યું છું." આપ શ્રી તે સાંભળીને આશ્ચર્ય પામશો. ગયામાં જઈને નિમાઈ પંડિતની તો કાયાજ બદલાઈ ગઈ છે. તેઓ શ્રીકૃષ્ણપ્રેમમાં વિહ્વળ થઈને કોઈ વાર રુદન કરે છે, કોઈ વાર ગાય છે, કોઈ વાર હસે છે અને કોઈ કોઈ વાર જોરથી નૃત્ય કરે છે. તેમના જીવનમાં મહાન પરિવર્તન થઇ ગયું છે. આજ સુધી કોઈને સ્વપ્નમાં પણ એવી આશા નહોતી કે તેમનું જીવન આ પ્રકારે એકાએકજ આટલું બધું પલટાઇ જશે."

પરમ પ્રસન્નતા દર્શાવતાં શ્રીવાસ પંડિતે કહ્યું:–"સાચેજ એવી વાત છે? ત્યારે તો પછી વૈષ્ણવોનાં ભાગ્ય ઉઘડી ગયાં, વૈષ્ણવોને એક ખાસ મદદ મળી ગઇ. નિમાઇ પંડિત વૈષ્ણવ થવાથી ભક્તિ ફરીથી સનાથ થઈ. આપ મશ્કરી તો નથી કરતા ને? શું સાચેજ એવી વાત છે?"

ભાર દઇને શ્રીમાન પંડિતે કહ્યું: "હું સોગનપૂર્વક કહું છું કે મશ્કરીનું શું કામ? આપ પોતેજ જઇને જોઈ આવો; તેઓ તો બાળકોની પેઠે ધ્રૂસકે ધ્રૂસકે રુદન કરે છે. કાલે સદાશિવ, મુરારી વગેરે બધા લોકોને શુક્લાંબર બ્રહ્મચારીને ઘેર બોલાવ્યા છે, ત્યાં પોતાની યાત્રાની સઘળી હકીકત તેઓ સંભળાવશે." આ વાત સાંભળીને શ્રીવાસ વગેરે બધા ભક્તોને પરમ સંતોષ થયો, પરંતુ ગદાધર પંડિતને હજુયે કંઈક શંકાજ રહી. તેમણે નિશ્ચય કર્યો કે, બ્રહ્મચારીના ઘરમાં છુપાઇને બધી વાતો સાંભળીશ; જોઉં તો ખરો કે તેમનામાં ખરેખર શ્રીકૃષ્ણ-પ્રેમ ઉત્પન્ન થયો છે કે નહિ. એમ વિચારી તેઓ બીજે દિવસે નક્કી કરેલા સમય પહેલાંજ શુક્લાંબર બ્રહ્મચારીના ઘરમાં જઇને સંતાઈ રહ્યા.

એ સમયે સદાશિવ પંડિત, મુરારી ગુપ્ત, નીલાંબર ચક્રવર્તી તથા શ્રીમાન પંડિત વગેરે બધા મુખ્ય મુખ્ય પ્રતિષ્ઠિત સજ્જનો પ્રભુની યાત્રાના સમાચાર સાંભળવા શુક્લાંબર બ્રહ્મચારીની જગામાં ગંગાતીરે આવી પહોંચ્યા. થોડી વારમાં પ્રભુ પણ આવી પહોંચ્યા. આવતાંજ તેમણે

તેમના અંતરંગ સ્નેહીઓ તેમની પાસે આવીને ગયાની યાત્રાની હકીકત પૂછવા લાગ્યા. બધાની જિજ્ઞાસા જોઈને તેમણે કહેવાનું શરૂ કર્યું: "ગયાજીની યાત્રાનું શું વર્ણન કરૂં? હું તો ગાંડો થઈ ગયો. જે સમયે ચરણકમળોનો મહિમા મેં સાંભળ્યો, જ્યારે મેં સાંભળ્યુ કે પ્રભુનાં ચરણકમળ બધી જાતના જીવોને પાવન અને પ્રેમમય બનાવનારાં છે, પાપીમાં પાપી જીવ પણ એ ચરણકમળોનો આશ્રય મેળવીને અપાર સંસારસાગરમાંથી સહેજેજ તરી જાય છે, જે ચરણકમળોના ધોવાયેલા પાણીથી ત્રિલોકપાવની ભગવતી ભાગીરથી નીકળી છે, તે ચરણકમળોનાં દર્શન કરવાથી કોને પરમશાંતિ મળી શકે નહિ?" એટલું સાંભળતાંજ હું બેહોશ થઈ ગયો.

પ્રભુ છેલ્લા શબ્દો બરાબર કહી શક્યા પણ નહોતા તેવામાં વચ્ચેજ બેભાન થઈને પડી ગયા. લોકોને તેમની આવી દશા જોઈને મહાન્ આશ્ચર્ય થયું. બધા સ્તબ્ધ થઈને એકબીજાના તરફ જોવા લાગ્યા. ત્રણ મહિના પહેલાં તેમણે જે નિમાઈને જોયા હતા, આજે તેમને આ રીતે પ્રેમમાં વિહ્વળ જોઈને તેમના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. નિમાઈ ઊંડા શ્વાસ લેતા હતા. તેમની આંખોમાંથી સતત અશ્રુધારા ચાલતી હતી, શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું. થોડી વારમાં તેઓ "હા કૃષ્ણ! હા પ્રાણનાથ! વહાલા! હા મારા વહાલા! મને છોડીને ક્યાં ચાલ્યા ગયા?" એમ કહેતાં કહેતાં બહુ જોરથી રુદન કરવા લાગ્યા. બધાએ શાંત કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પરિણામ કંઈ પણ ન આવ્યું. તેમણે રૂંધાયેલા કંઠે કહ્યું: "આજે મારી પ્રકૃતિ બરાબર નથી. કાલે હું પોતેજ શુક્લાંબર બ્રહ્મચારીને ત્યાં આવીને મારી યાત્રા વિષે સંભળાવીશ." આ સાંભળીને તેમના બધા સાથીઓ પોતપોતાને સ્થાને ગયા.

હવે તો તેમના આ નૂતન ભાવની નવદ્વીપમાં સ્થળે સ્થળે ચર્ચા થવા લાગી. હસતાં હસતાં શ્રીમાન પંડિત શ્રીવાસ વગેરે ભક્તોને કહ્યું: "આજે હું આપને એક

આનંદની વાત સંભળાવવા ઇચ્છું છું.'' આપ સૌ તે સાંભળીને આશ્ચર્ય પામશો. ગયામાં જઇને નિમાઈ પંડિતની તો કાયાજ બદલાઇ ગઇ છે. તેઓ શ્રીકૃષ્ણપ્રેમમાં વિહ્વળ થઈને કોઈ વાર રુદન કરે છે, કોઇ વાર ગાય છે, કોઇ વાર હસે છે અને કોઈ કોઈ વાર જોરથી નૃત્ય કરે છે. તેમના જીવનમાં મહાન પરિવર્તન થઇ ગયું છે. આજ સુધી કોઇને સ્વપ્નમાં પણ એવી આશા નહોતી કે તેમનું જીવન આ પ્રકારે એકસાથેજ આટલું બધું પલટાઇ જશે.''

પરમ પ્રસન્નતા દર્શાવતાં શ્રીવાસ પંડિતે કહ્યું:–"સાચેજ એવી વાત છે? ત્યારે તો પછી વૈષ્ણવોનાં ભાગ્યજ ઉઘડી ગયાં, વૈષ્ણવોને એક ખાસ મદદ મળી ગઇ. નિમાઇ પંડિત વૈષ્ણવ થવાથી ભક્તિ ફરીથી સનાથ થઈ. આપ મશ્કરી તો નથી કરતા ને? શું સાચેજ એવી વાત છે?''

ભાર દઇને શ્રીમાન પંડિતે કહ્યું: "હું સોગનપૂર્વક કહું છું કે મશ્કરીનું શું કામ? આપ પોતેજ જઇને જોઈ આવો; તેઓ તો બાળકોની પેઠે ધ્રૂસકે ધ્રૂસકે રુદન કરે છે. કાલે સદાશિવ, મુરારી વગેરે બધા લોકોને શુકલાંબર બ્રહ્મચારીને ઘેર બોલાવ્યા છે, ત્યાં પોતાની યાત્રાની સઘળી હકીકત તેઓ સંભળાવશે.'' આ વાત સાંભળીને શ્રીવાસ વગેરે બધા ભક્તોને પરમ સંતોષ થયો, પરંતુ ગદાધર પંડિતને હજુયે કંઈક શંકાજ રહી. તેમણે નિશ્ચય કર્યો કે, બ્રહ્મચારીના ઘરમાં છુપાઇને બધી વાતો સાંભળીશ; જોઉં તો ખરો કે તેમનામાં ખરેખર શ્રીકૃષ્ણ-પ્રેમ ઉત્પન્ન થયો છે કે નહિ. એમ વિચારી તેઓ બીજે દિવસે નક્કી કરેલા સમય પહેલાંજ શુકલાંબર બ્રહ્મચારીના ઘરમાં જઇને સંતાઈ રહ્યા.

એ સમયે સદાશિવ પંડિત, મુરારી ગુપ્ત, નીલાંબર ચક્રવર્તી તથા શ્રીમાન પંડિત વગેરે બધા મુખ્ય મુખ્ય પ્રતિષ્ઠિત સજ્જનો પ્રભુની યાત્રાના સમાચાર સાંભળવા શુકલાંબર બ્રહ્મચારીની જગામાં અગાવીરે આવી પહોંચ્યા. થોડી વારમાં પ્રભુ પણ આવી પહોંચ્યા. આવતાંજ તેમણે

એજ રાગ આલાપવો શરૂ કર્યો. તેઓ કહેવા લાગ્યાઃ- " ભાઇ ! મને શ્રીકૃષ્ણ સાથે ભેટો કરાવી દો, મારા વહાલા કૃષ્ણ કયાં ચાલ્યા ગયા ? હાય રે ! મારૂં દુર્ભાગ્ય, મારા શ્રીકૃષ્ણ મને છોડીને ચાલ્યા ગયા ! મને રડતો મૂકીનેજ ચાલ્યા ગયા !" આટલું કહેતા કહેતામાં તો તેઓ મૂર્ચ્છાવશ થઇને પડી ગયા. તેમની આવી દશા જોઇને અંદર ઘરમાં સંતાયેલા ગદાધર પણ પ્રેમમાં વિહ્વળ થઇને મૂર્ચ્છા આવવાથી પૃથ્વી ઉપર ઢળી પડ્યા અને મોટે અવાજે તેઓ રુદન કરવા લાગ્યા. થોડા સમય પછી પ્રભુની મૂર્ચ્છા વળી કંઇક સ્વસ્થ થયા પરંતુ ફરીથી ભારે વેદના થવાથી જોરથી બૂમો પાડતા પાડતા રુદન કરવા લાગ્યા. તેમના રુદનને જોઇને ત્યાં જેટલા માણસો બેઠા હતા, તે ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. રુદનના અવાજથી આકાશમંડળ ભરાઈ ગયું. ઘણાયે દર્શનાર્થીઓ આવીને ઉભા રહ્યા હતા. તેમની આંખોમાંથી પણ અશ્રુ વહેવા લાગ્યાં. આ પ્રકારે શુકલાંબરનું ઘર રુદનને લીધે કોલાહલપૂર્ણ થઇ ગયું.

થોડી વારે પ્રભુ પૂર્ણ સ્વસ્થ થયા. તેમને કંઇક કંઇક બાહ્યજ્ઞાન થવા લાગ્યું. સ્વસ્થ થયા પછી પ્રભુએ શુકલાંબરને પૂછ્યુંઃ " બ્રહ્મચારીજી ! ઘરમાં કોણ છે ?"

પ્રેમપૂર્વક બ્રહ્મચારીજીએ કહ્યુંઃ-" આપના ગદાધર છે." 'ગદાધર' એટલું સાંભળતાંજ તેઓ ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગ્યા. રડતાં રડતાં તેઓ કહેતા હતાઃ " ગદાધર ! ભાઇ ! તમે પણ ધન્ય છો. મનુષ્યજન્મનું યથાર્થ ફળ તો તમેજ પ્રાપ્ત કર્યું છે, હું તો એમજ રહી ગયો છું. મારી તો જીંદગી એમજ બરબાદ થઇ." એટલું કહીને ફરી એજ " હા કૃષ્ણ ! હા અશરણશરણ ! હા પતિતપાવન ! ક્યાં ચાલ્યા ગયા ?" પછી અધીરા થઇને લોકોના ચરણો ઉપર પોતાનું મસ્તક મૂકી મૂકીને કહેવા લાગ્યાઃ " ભાઇ ! મુજ દુખિયા ઉપર દયા કરો. મારા દુઃખને દૂર કરો. મને શ્રીકૃષ્ણ સાથે મેળવી દો. મારા પ્રાણ તેમનેજ મળવાને માટે તરફડી રહ્યા છે."

પ્રભુનાં એ દીનતાભર્યાં વાક્યો સાંભળીને બધાનાં હૃદય ફાટવા લાગ્યાં, બધા પ્રેમાવેશમાં આવીને રુદન કરવા લાગ્યા. સૌ પોતપોતાની જાતને ભૂલી ગયા. આ પ્રકારે રુદન અને વિલાપ કરતાં કરતાં સાંજ પડી ગઈ અને બધા સૌ સૌને ઘેર પાછા આવ્યા.

બીજે દિવસે સ્વસ્થ થઈને મહાપ્રભુ પોતાના વિદ્યા-ગુરુ શ્રી ગંગાદાસ પંડિતને ઘેર ગયા અને તેમને પ્રણામ કરીને બેઠા. ગંગાદાસજી તેમને ભેટ્યા અને યાત્રાનો બધો વૃત્તાંત પૂછયો. તેઓ કહેવા લાગ્યાઃ–" તમે તો ત્રણ–ચાર મહિના લગાડ્યા. તમારા બધા વિદ્યાર્થી ઘણા દુઃખી હતા, તેમને તમારા પાઠ સિવાય બીજા કોઈનો પાઠ સારો લાગતો નથી. તેથી તેઓ તમારી ઘણીજ રાહ જોતા હતા. ઠીક થયું કે તમે આવી પહોંચ્યા. હવે તો ભણાવશો ને ?"

મહાપ્રભુએ કહ્યું: " હા, પ્રયત્ન કરીશ. શ્રીકૃષ્ણ કૃપા કરશે તો સર્વ કંઈ બની શકશે. બધું તેમના હાથમાં છે." આ પ્રકારે તેમને આશ્વાસન આપીને પછી તેઓ મુકુંદ સંજયના ચંડીમંડપમાં, જ્યાં તેમની પાઠશાળા હતી ત્યાં ગયા. સંજય મહાશય ઘણાજ આનંદથી પ્રભુને મળ્યા. તેમના પુત્ર પુરુષોત્તમ સંજયે પ્રભુનાં ચરણકમળોમાં શ્રદ્ધા–ભક્તિ-પૂર્વક પ્રણામ કર્યા. પ્રભુએ તેને આલિંગન કર્યું. આ રીતે બન્ને પિતા–પુત્ર પ્રભુનાં દર્શનથી ઘણાજ પ્રસન્ન થયા.

સ્ત્રીઓએ જ્યારે પ્રભુના આગમનના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ ઘણીજ ખુશ થઇ અને પરસ્પરમાં જાતજાતની વાતો કરવા લાગી. કોઈ કહેતીઃ " હવે તો નિમાઇ પંડિત તદ્દન બદલાઇ ગયા." કોઇ કહેતીઃ " મહાભાગ્યે ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય છે. એ સદ્‌ભાગ્યની વાત છે કે નિમાઈ જેવા પંડિત પરમ ભાગવત વૈષ્ણવ બની ગયા." આ રીતે બધી પોતપોતાની બુદ્ધિ અનુસાર જાતજાતની વાતો કહેવા લાગી. બધાંને હળીમળીને નિમાઈ ઘેર પાછા આવ્યા.

एक प्रेमोन्माद

यदाग्रहग्रस्त इव क्वचिद्धस-
त्याक्रन्दते ध्यायति वन्दते जनम्।
मुहुः श्वसन् वक्ति हरे जगत्पते
नारायणेत्यात्मगतिर्गतत्रपः॥

(શ્રીમદ્ભાગવત ૧૧)

અર્થાત્ પ્રેમી ભક્ત પ્રેમના ભાવાવેશમાં પિશાચથી પકડાયેલા મનુષ્યની પેઠે કોઈ વાર તો ખિલખિલાટ કરી છે, કોઈ વાર જોરથી બૂમો પાડવા લાગે છે, કોઈ વાર ભગવાનની મનોહર મૂર્તિનું ધ્યાન ધરવા લાગે છે, કોઈ વાર લોકોના પગ પકડી પકડીને તેમને વંદન કરવા લાગે છે, વળી વારંવાર ઊંડા નિઃશ્વાસ નાખે છે અને લોકલજ્જાની કંઈ પણ પરવા નહિ કરતાં જોરથી 'હે હરે! હે જગત્પતે! હે નારાયણ!' આ પ્રકારે બોલવા લાગે છે.

[illegible]

હોય છે. જેમ પર્વતના શિખર ઉપરના મંદિરની સહેજ-સાજ ઝાંખી ઝાંખી ટોચ જોઇને સેંકડો ગાઉ દૂરથી કોઇ મુસાફર આનંદમાં ઉન્મત્ત થઇને નૃત્ય કરવા લાગે કે હું તો મારા જવાના સ્થાન સુધી પહોંચી ગયો, એજ દશા ક્ષણિક પ્રેમની છે; વાસ્તવમાં હજુ તે સાચા પ્રેમથી ઘણો દૂર છે. પ્રેમમાર્ગમાં યથાર્થ રીતે પ્રવેશ થયા પછી તો તેની વૃત્તિ સંસારી વિષયોમાં પ્રવેશ કરીજ શકતી નથી. તે તો સદા પ્રેમના મદમાં ઉન્મત્ત જેવોજ બની રહેશે. તે ક્ષણવારમાં ઉંચે નહિ ચઢી જાય ને બીજી ક્ષણેજ નીચે નહિ પડી જાય. તેની સ્થિતિ તો હમેશાં એકધારીજ રહેશે. કબીરદાસજી કહે છે કેઃ—

> છનહિં ચઢૈ છન ઉતરૈ, સો તો પ્રેમ ન હોય;
> અઘટ પ્રેમપિંજર બસૈ, પ્રેમ કહાવૈ સોય.

વાસ્તવમાં પ્રેમીની સ્થિતિ તો હમેશાં એકજ પ્રકારની રહે છે, તેને પ્રતિક્ષણે પોતાના પ્રિયતમને મળવાનો તરફડાટ થયાજ કરે છે. તે હમેશાં અનુરક્ત રહ્યા કરે છે, વહાલાના સિવાય તેનું બીજું કોઇ છેજ નહિ. તેનો પ્રિયતમ તેને ચાહે છે કે નહિ, તેની તેને પરવા નથી. આ વાતનું તે સ્વપ્નમાં પણ ધ્યાન રાખતો નથી. તે તો પોતાના વહાલાનેજ સર્વસ્વ માનીને તેની સ્મૃતિમાં હમેશાં અધીરા જેવો રહ્યા કરે છે. રસિક રસખાને પ્રેમના સ્વરૂપનું કેવું સુંદર વર્ણન કર્યું છેઃ—

> ઇક અંગી બિનુ કારનહિં, ઇકરસ સદા સમાન;
> ગનૈ પ્રિયહિં સર્વસ્વ જો, સોઈ પ્રેમ પ્રમાન.

મહાપ્રભુ ચૈતન્યદેવનો પ્રેમ એવોજ હતો. તેમની હૃદયગુફામાંથી જે ભક્તિભાવનો ભવ્ય પ્રવાહ વહેવા લાગ્યો તે હમેશાં ઉત્તરોત્તર વધતોજ ગયો. તેમની હૃદયગુફામાંથી ઉત્પન્ન થયેલી ભક્તિ-ભાગીરથીનો પ્રવાહ ચાલ્યું. ભાદરવાની નાનકડી નદીના જેવી નહોતી કે જે [illegible] આવે તો ખૂબ ભરપૂર વહે છે, [illegible]

તાર પડતાં સૂકાઇ જાય છે. તેમના હૃદયમાંથી ઉત્પન્ન થયેલી પ્રેમ-સરિતાની ધારા સદા વહેતી રહીને સમુદ્રમાં-જ જઇને મળનારી સતત ધારા હતી. તેમાં ઉછુપનું શું કામ ? તે તો ઉત્તરોત્તર વધનારી અલૌકિક અને અનુપમ ધારા હતી, તેની ઉપમા એ સંસારી પ્રવાહો વડે આપીજ શકાય નહિ-તે તો અનુભવગમ્યજ છે.

મહાપ્રભુ જ્યારથી ગયાજીથી પાછા આવ્યા છે, ત્યારથી તેમની દશા વિચિત્ર થઇ છે. તેઓ ભોજન કરતાં કરતાં વચમાંજ ઉઠીને રુદન કરવા લાગે છે. રસ્તામાં ચાલતાં ચાલતાં ગાંડાઓની પેઠે નૃત્ય કરવા લાગે છે, પથારીમાં સૂતાં સૂતાં એકદમ ઉઠીને બેઠા થઈ જાય છે અને 'હા કૃષ્ણ ! હા કૃષ્ણ !' કહીને બૂમો પાડવા લાગે છે. કોઇ કોઇ વાર લોકો સાથે વાતો કરતાં કરતાં વચમાંજ જોરથી ખડખડાટ હસવા માંડે છે. આખી રાત સૂવાનું નામ નહિ. લાંબા લાંબા શ્વાસ ભર્યા કરે છે, અધીરા થઇને અત્યંત વિરહીની પેઠે ડૂસકાં ભર્યા કરે છે, અને તેમનાં નેત્રોમાંથી એટલું પાણી નીકળ્યા કરે છે કે બધાં કપડાં ભીનાં થઇ જાય છે. વિષ્ણુપ્રિયા એમની આવી દશા જોઇને ભયભીત થઇ જાય છે અને જઇને પોતાનાં સાસુને બધી વાતો કહે છે. શચીમાતા પુત્રની આ દશા જોઇને દુઃખી થઇને રુદન કરવા લાગે છે, અને સર્વે દેવી-દેવતાઓની માનતાઓ માને છે. તેઓ કરુણ ભાવે અધીરાં થઇને પ્રભુનાં ચરણ-કમળોમાં પ્રાર્થના કરે છેઃ-'હે અશરણશરણ ! આ દીન-હીન કંગાળ વિધવાના એકના એક પુત્ર ઉપર કૃપા કરો. દયાળો ! હું ધન નથી ઇચ્છતી, ભોગ નથી ઇચ્છતી, સુંદર વસ્ત્રાભૂષણ તથા સ્વાદિષ્ટ ભોજનની મને ઇચ્છા નથી. મારો વહાલો, મારા જીવનનો સાથી, મારી આંખોનો તારો આ નિમાઇ સ્વચ્છ અને તંદુરસ્ત રહ્યા કરે, એજ મારી પ્રાર્થના છે." માતા વારંવાર નિમાઇના મુખ તરફ જોતી અને તેની આવી દયાજનક દશા જોઇને દુઃખી થતી.

મહાપ્રભુ હવે જે કોઇ કામ કરવા ઇચ્છતા તે તેઓ

કરી શકતાજ નહિ. કામ કરતાં કરતાં તેમને પોતાના પ્રિયતમની યાદ આવતી અને તેના વિરહમાં બેભાન થઇને તેઓ પડી જતા. બરાબર ભોજન પણ કરી શકતા નહિ. સ્નાન-સંધ્યા કે પૂજાનું તેમને કંઇ પણ ભાન નથી, મુખમાંથી નિરંતર શ્રીકૃષ્ણનાં મધુર નામોનુંજ આપોઆપ રટણ થવા કરે છે. કોઇની વાતનો ઉત્તર આપે છે તો તેમાં ભગવાનની અલૌકિક લીલાઓનાંજ વર્ણન હોય છે. કોઇની સાથે વાતો કરે છે તો શ્રી કૃષ્ણ સંબંધીજ કરે છે–અર્થાત્ તેઓ શ્રીકૃષ્ણના સિવાય કંઇ જાણતાજ નથી. શ્રીકૃષ્ણજ તેમના પ્રાણ છે, શ્રીકૃષ્ણજ તેમનું ધન છે, અર્થાત્ તેમનું સર્વસ્વ શ્રીકૃષ્ણજ છે; તેમને માટે સંસારમાં શ્રી કૃષ્ણ સિવાય બીજું કાંઇ છેજ નહિ.

પ્રભુના સર્વ વિદ્યાર્થીઓએ જ્યારે સાંભળ્યું કે, ગુરુજી ગયાજીની યાત્રા કરીને પાછા આવ્યા છે, ત્યારે તેઓ એકે એકે તેમને ઘેર આવવા લાગ્યા અને પાઠશાળામાં જઇને ભણાવવાની પ્રાર્થના કરવા લાગ્યા. બધાના ઘણા આગ્રહથી પ્રભુ પાઠશાળામાં ભણાવવા ગયા, પરંતુ તેઓ ભણાવે શું? લૌકિક શાસ્ત્રોને તો તેઓ તદ્દન ભૂલીજ ગયા હતા. હવે તેઓ શ્રીકૃષ્ણકીર્તન સિવાય કોઇ પણ વિષય સંબંધે કહી શકતાજ નહિ. તેજ પાઠ તેઓ વિદ્યાર્થીઓને ભણાવવા લાગ્યાઃ "ભાઇ! આ સંસારી શાસ્ત્રોમાં શું ભર્યું છે? શ્રીકૃષ્ણનું નામજ એકમાત્ર સાર છે, તે ઘણુંજ મધુર છે. તેનુંજ પાન કરો, આ લૌકિક શાસ્ત્રોથી શું સાચી ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થશે? પ્રાણીમાત્રના આશ્રયસ્થાન શ્રીકૃષ્ણજ છે. સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એજ શ્રી કૃષ્ણની ઇચ્છામાત્રથી થયા કરે છે; તેઓ આનંદના ધામ છે, સુખસ્વરૂપ છે. તેમના ગુણોનું આર્ત્ત થઇને ગાન કરતા રહેવું એજ મનુષ્યોનો પરમ પુરુષાર્થ છે." આટલું કહેતાં કહેતાં પ્રભુ ઉચ્ચ સ્વરે કૃષ્ણકીર્તન કરવા લાગ્યા.

આ વાતો સાંભળીને કેટલાક વિદ્યાર્થીઓ આનંદ-

[illegible] છે. તેમના હૃદયમાંથી ઉત્પન્ન [illegible] પ્રેમ-સરિતાની ધારા સદા વહેતી રહીને સમુદ્રમાં [illegible] સતત ધારા હતી. તેમાં ઉણપનું શું [illegible] ઉત્તરોત્તર વધનારી અલૌકિક અને અનુપમ [illegible] સંચારી પ્રવાહો વડે આપીજ [illegible] તેની ઉપમા [illegible] તે તો અનુભવગમ્યજ છે.

મહાપ્રભુ જ્યારથી ગયાજીથી પાછા આવ્યા છે, ત્યારથી તેમની દશા વિચિત્ર થઇ છે. તેઓ ભોજન કરતાં કરતાં [illegible] ઉઠીને રુદન કરવા લાગે છે. રસ્તામાં ચાલતાં [illegible]ની પેઠે નૃત્ય કરવા લાગે છે, પથારીમાં સૂતાં સૂતાં એકદમ ઉઠીને બેઠા થઈ જાય છે અને 'હા કૃષ્ણ ! હા કૃષ્ણ !' કહીને બૂમો પાડવા લાગે છે. કોઈ વાર લોકો સાથે વાતો કરતાં કરતાં વચમાંજ જોરથી ખડખડાટ હસવા માંડે છે. આખી રાત સૂવાનું નામ નહિ. [illegible] લાંબા શ્વાસ લીધા કરે છે, અધીરા થઇને અત્યંત [illegible]ની પેઠે ડુસકાં ભર્યા કરે છે, અને તેમનાં નેત્રોમાંથી એટલું પાણી નીકળ્યા કરે છે કે બધાં કપડાં ભીનાં થઇ જાય છે. વિષ્ણુપ્રિયા એમની આવી દશા જોઇને ભયભીત થઇ જાય છે અને જઇને પોતાનાં સાસુને બધી વાતો કહે છે. શચીમાતા પુત્રની આ દશા જોઇને દુઃખી થઇને રુદન કરવા લાગે છે, અને સર્વે દેવી-દેવતાઓની માનતાઓ માને છે. તેઓ કરુણ ભાવે અધીરાં થઇને પ્રભુનાં ચરણકમલોમાં પ્રાર્થના કરે છે:—'હે અશરણશરણ ! આ દીન-હીન કંગાળ વિધવાના એકના એક પુત્ર ઉપર કૃપા કરો, દયાળો ! હું ધન નથી ઇચ્છતી, ભોગ નથી ઇચ્છતી, સુંદર વસ્ત્રાભૂષણ તથા સ્વાદિષ્ટ [illegible]ની મને ઇચ્છા નથી. [illegible] મારી [illegible] મારે વહાલો, મારા જીવનનો [illegible] આ નિમાઇ સ્વસ્થ અને તંદુરસ્ત ર[illegible] પ્રાર્થના છે.'' માતા વા[illegible] [illegible] અને તેની આવી [illegible]

સાગરમાં મગ્ન થઈ ગયા. તેઓ તો બાહ્યજ્ઞાનથી રહિત થઈને પરમાનંદનો અનુભવ કરવા લાગ્યા. કેટલાક એવા પણ હતા કે જેઓ યુક્તક્રિયા વિદ્યાનેજ સર્વસ્વ માનતા હતા. ભટ્ટાચાર્ય× અને શાસ્ત્રી× બનવાનુંજ જેમનું જીવન-માં એકમાત્ર અંતિમ લક્ષ્ય હતું, તેઓ કહેવા લાગ્યાઃ— "ગુરુજી! આપ કેવી વાતો કરો છો? અમારે એ વાતોનું શું પ્રયોજન? એ વાતોનો વિચાર તો વૈષ્ણવ ભક્ત કરે. અમને તો અમારાં પાઠય પુસ્તકોના પાઠ ભણાવો. અમે અહીં પાઠશાળામાં ભક્તિતત્ત્વનું શિક્ષણ લેવા આવ્યા નથી, અમને તો વ્યાકરણ, અલંકાર તથા ન્યાય વગેરે પુસ્તકોના પાઠ ભણાવો.

એ વિદ્યાર્થીઓની એવી વાતો સાંભળીને પ્રભુએ કહ્યુંઃ "ભાઈ! આજે મારી પ્રકૃતિ સ્વસ્થ નથી. આજે તમે પોતપોતાના પાઠ બંધ રાખો, પુસ્તકો બાંધીને મૂકી રાખો. ચાલો, હવે ગંગાસ્નાન કરવા જઈએ. કાલે પાઠની વાત જોઈ લેવાશે." આટલું સાંભળતાંજ બધા વિદ્યાર્થીઓએ પોતપોતાનાં પુસ્તકો બાંધી દીધાં અને તેઓ પ્રભુની સાથે ગંગાસ્નાન માટે ઉપડયા. ગંગાજીપર પહોંચ્યા પછી ઘણી વાર સુધી જળવિહાર ચાલ્યો. રાત પડતાં પ્રભુ પાછા ઘેર આવ્યા અને વિદ્યાર્થીઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

બીજે દિવસે મહાપ્રભુ વળી પાઠશાળામાં ગયા. પ્રભુ આસન પર બેઠા તે પછી વિદ્યાર્થીઓએ પોતપોતાનાં પુસ્તકોમાંથી પ્રશ્નો પૂછવા શરૂ કર્યા. કોઈ પણ વિદ્યાર્થી તેમને ગમે તેવો પ્રશ્ન પૂછતો, તેનો જવાબ તેઓ શ્રીકૃષ્ણ-ને બંધ બેસે તેવોજ આપતા હતા.

કોઈ વિદ્યાર્થી પૂછતોઃ "**सिद्धवर्ण समाम्नाय**" બતાવો. તેઓ જવાબ આપતાઃ "નારાયણ એજ સર્વ વર્ણોમાં સિદ્ધ વર્ણ છે." કોઈ પૂછતોઃ—"વર્ણોની સિદ્ધિ કયે પ્રકારે

× એ નામની પદવી

થાય છે ?" પ્રભુ જવાબ આપતાઃ "શ્રીકૃષ્ણની દૃષ્ટિમાત્રથી-
જ બધા વેદો સિદ્ધ થઈ જાય છે." આવા ઉત્તર સાંભળીને
કોઈ કોઈ વિદ્યાર્થી કહેતાઃ "આ ભક્તિ-ભાવની વાતો
જવા દો, જે બરાબર વાત હોય તેજ બતાવો." પ્રભુ
કહેતાઃ "બરાબર વાત તો એજ છે. દરેક જણે શ્રીકૃષ્ણના
નામનું રટણ કર્યા કરવું જોઈએ."

આ સાંભળીને બધા વિદ્યાર્થી એકબીજાના મુખ તરફ
જોવા લાગતા. કોઈ તો ચકિત થઈને પ્રભુના શ્રીમુખ તરફ
જોવા લાગતા. કોઈ કોઈ ધીરેથી કહી દેતાઃ 'મગજમાં
ગરમી ચઢી ગઈ છે.' બીજા તેને ધીરેથી ધક્કો મારીને
એમ ન કહેવા જણાવતો.

પ્રભુની આવી અદ્ભુત વ્યાખ્યાઓ સાંભળીને મોટા
મોટા વિદ્યાર્થીઓ કહેવા લાગ્યાઃ "આ તો આપ કોણ
જાણે ક્યાંની વ્યાખ્યા કરો છો, શાસ્ત્રીય વ્યાખ્યા કરો!"

પ્રભુ તેનો જવાબ આપતાઃ "હું શાસ્ત્રોનો સારજ
બતાવું છું. કોઈ પણ પંડિતને જઈને પૂછી આવો, તે સર્વ
શાસ્ત્રોનો સાર શ્રીકૃષ્ણપદની પ્રાપ્તિનેજ બતાવશે."

બિચારા વિદ્યાર્થીઓ તેમની અલૌકિક વાતોનો જવાબ
આપીજ શું શકે! બધા પોતપોતાનાં પુસ્તકો બાંધીને
પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. થોડા સમજુ અને મોટા
વિદ્યાર્થીઓ પંડિત ગંગાદાસજીની પાસે ગયા.

તેઓ પ્રણામ કરીને તેમની પાસે બેઠા. કુશળ-પ્રશ્ન
પૂછી આચાર્ય ગંગાદાસે તેમના આવવાનું કારણ પૂછ્યું.
દુઃખી થઈને તેમણે કહ્યુંઃ "મહારાજજી! અમે શું કહીએ?
અમારા ગુરુજી જ્યારથી ગયાજીથી પાછા આવ્યા છે, ત્યાર-
થી તેમની દશા વિચિત્ર થઈ છે. તેઓ કોઈ વાર હસે છે, તો
કોઈ વાર રડે છે. પાઠશાળામાં આવે છે તો પાઠ ભણાવવા,
પરંતુ પાઠ નહિ ભણાવતાં ભક્તિતત્ત્વનોજ ઉપદેશ આપે
છે. અમે વ્યાકરણ, ન્યાય, અલંકાર તથા સાહિત્ય વગેરે

કોઈ પણ શાસ્ત્રનો પ્રશ્ન કરીએ છીએ તો તેઓ તેનો કૃષ્ણ-પરક (કૃષ્ણને લાગુ પડતો જ) ઉત્તર આપે છે. તેમને જે પણ પ્રશ્ન કરવામાં આવે છે તેનો ઉત્તર એવો આપે છે કે જે પાઠ્ય પુસ્તકથી તદ્દન વિરુદ્ધ હોય છે. કોઈ કોઈ વાર ભણાવતાં ભણાવતાં રડવા લાગે છે, અને કોઈ કોઈ વાર જોરથી "હા કૃષ્ણ ! હા વહાલા ! પ્રાણવલ્લભ ! મારું રક્ષણ કરો, હે રાધાવલ્લભ ! રક્ષણ કરો" એ વાક્યો બોલવા લાગે છે. હવે આપજ કહો કે, આ રીતે અમારા ભણતરનું શું થશે ? અમે ઘરબાર છોડીને માત્ર વિદ્યાધ્યયન માટેજ અહીં આવેલા છીએ; અહીં અમારું ભણવા-લખવાનું કશું થતુંજ નથી. ઉલટું શીખેલું ભૂલી જઇએ છીએ. તેઓ આપના શિષ્ય છે, આપ તેમને બોલાવીને સમજાવો ને !"

પં. ગંગાદાસજી આમ તો ઘણા મોટા સુપ્રસિદ્ધ વિદ્વાન હતા, પરંતુ તેમની વિદ્યા પુસ્તકિયાજ હતી. ભક્તિ-ભાવની બાબતમાં તેઓ તદ્દન કોરા હતા. ઈશ્વર પ્રત્યે તેઓ ઉદાસીન હતા. 'જો ઈશ્વર હોય તો ભલે હોય અમારે તેનું શું કામ ? વખત થતાં ભોજન કરી લીધું, વિદ્યાર્થીઓને પાઠ આપ્યા; બસ એજ અમારા જીવનનો ધંધો છે. એમાં ઈશ્વરની કંઇ જરૂરજ નથી.' કંઈક એવા પ્રકારના તેમના વિચારો હતા. મહાપ્રભુ ભક્ત થઇ ગયાની વાત સાંભળીને તેઓ ખડખડાટ હસવા લાગ્યા અને વિદ્યાર્થીઓને કહેવા લાગ્યાઃ "હા, મેં પણ સાંભળ્યું છે કે, નિમાઇ હવે ભક્ત થઇ આવ્યા છે. પંડિત હોવા છતાં તેમને કંઈક ભૂત વળગ્યું લાગે છે—એ તો અજ્ઞાન મૂર્ખોનું કામ છે. બ્રાહ્મણ પંડિતે તો હમેશાં શાસ્ત્રોના અધ્યયન—અધ્યાપનમાંજ ચોંટયલા રહેવું જોઇએ. ઠીક, હવે તમે પોતપોતાને સ્થાને જાઓ. કાલે તેમને મારી પાસે મોકલજો, હું તેમને સમજાવીશ. મારી વાત તેઓ કદી પણ ઉથાપતા નથી." આ પ્રમાણે સાંભળીને વિદ્યાર્થીઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગ...

બીજે દિવસે પ્રભુને વિદ્યાર્થીઓએ કહ્યું: “આચાર્ય-જીએ આજ આપને તેમની પાસે બોલાવ્યા છે. પછી આપની ઇચ્છા, આજે જાઓ કે બીજા કોઇ દિવસે જઈ આવજો.” આચાર્ય ગંગાદાસજીનું તેડું સાંભળીને પ્રભુ તેજ વખતે બે-ચાર વિદ્યાર્થીઓને સાથે લઇને તેમને સ્થાને ગયા. ત્યાં જઇને પ્રભુએ પોતાના વિદ્યાગુરુને પગે પડીને વંદન કર્યું. ગંગાદાસજીએ પણ તેમને પુત્રની પેઠે આલિંગન આપ્યું અને બેસવા માટે એક આસન તરફ સંકેત કર્યો. આચાર્યની આજ્ઞા થતાં તેમણે બતાવેલા આસને તેઓ બેઠા. તેમના બેઠા પછી સાથેના વિદ્યાર્થીઓ પણ પાછળ એક બાજુ ખસીને પાઠશાળા માટે બિછાવેલી સાદડીઓ ઉપર બેઠા.

પ્રભુના સુખપૂર્વક બેઠા પછી વાત્સલ્યપ્રેમ દર્શાવતાં આચાર્ય ગંગાદાસજીએ કહ્યું: “નિમાઈ! તું મારો પ્રિય વિદ્યાર્થી છે, હું તારા ઉપર પુત્રની પેઠે વહાલ રાખું છું. શાસ્ત્રોમાં કહ્યું છે કે, પોતાના પ્રિયજનનાં તેની રૂબરૂમાં વખાણ કરવાં નહિ; કેમકે તેમ કરવાથી તેનું આયુષ્ય ઓછું થાય છે, પરંતુ યથાર્થ વાત તો કહીજ શકાય છે. તેં મારી પાઠશાળાના નામને સાર્થક કર્યું છે, તારા જેવા યોગ્ય વિદ્યાર્થીને વિદ્યા ભણાવીને મારો આટલા દિવસનો પરિશ્રમ સફળ થયો છે. તેં તારા સમર્થ પાંડિત્ય વડે મારા મુખને ઉજ્જ્વળ કર્યું છે. હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન છું.”

આચાર્યના મુખેથી પોતાની આટલી બધી પ્રશંસા સાંભળીને શરમાઇને નીચે જોતા તેઓ ચૂપચાપ બેસી રહ્યા. તેમણે આ બાબતોનો કંઇ પણ જવાબ આપ્યો નહિ.

આચાર્ય ગંગાદાસજીએ વળી કહ્યું: “યોગ્ય થયા પછી તમે અધ્યાપક થયા અને તમે અધ્યાપન-કાર્યમાં પણ પૂરતી ખ્યાતિ મેળવી છે. તમારા ઘણા વિદ્યાર્થીઓના ઉપરાંત તમારા આવા સ્વભાવની સદા [illegible]

અને સુંદર શૈલીની પ્રશંસા કરે છે. તેઓ તમારા વિ
બીજા કોઈ પાસે ભણવાનું પસંદજ કરતા નથી.
કાલે આવીને તેમણે મને ફરિયાદ કરી છે કે, તમે
તેમને મન દઇને બરાબર ભણાવતા નથી. બીજા લો
પણ મને કહ્યું છે કે, તમે અભણ મૂર્ખ ભક્તોની પેઠે
છો, ગાઓ છો તથા હસો-કૂદો છો. એક આવા
અધ્યાપકને આવી વાતો શોભાસ્પદ નથી! તમે વિદ્વાન
સમજુ છો, મેધાવી છો; તો પછી શાસ્ત્રજ્ઞ થઇને મૂ
કાર્યોની નકલ શા માટે કરવા લાગ્યા છો? આવા
તો જેઓ શાસ્ત્રોની વાતો જાણતા નથી, વિદ્યા-બુ
રહિત હોઇને મૂર્ખોમાં પોતાને પૂજાવવા ઇચ્છે છે, તે
જ કર્યા કરે છે. તમારે એની શી જરૂર છે? તમે
જાતેજ વિદ્વાન છો, મોટા મોટા લોકો તમારી વિદ્યા-
ઉપરજ મુગ્ધ થઇને મુક્ત કંઠે તમારી પ્રશંસા કરે
અને સર્વત્ર તમને માન આપે છે, પછી તમે આવાં
શાસ્ત્રીય આચરણ શા માટે કરો છો? બરાબર કહો
શી વાત છે?"

આ બધી વાતો સાંભળીને પણ પ્રભુ ચૂપજ ર
તેમણે કોઇ પણ વાતનો કંઈ પણ ઉત્તર આપ્યો નહિ

ગંગાદાસજીએ પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું ની
તેઓ વળી કહેવા લાગ્યા: "તમારા દાદા (માના બા
નીલામ્બર ચક્રવર્તી એક પ્રસિદ્ધ પંડિત છે. તમારા પૂ
પિતા પણ પ્રતિષ્ઠિત પંડિત હતા. તમારી માતાના કુળ
તથા પિતાના કુળમાં સનાતન કાળથી પાંડિત્ય ચાલ
આવે છે, તમે પોતે પણ સમર્થ વિદ્વાન છો, તમારી વિદ્યા
બુદ્ધિથીજ મુગ્ધ થઇને સનાતન મિશ્ર જેવા રાજપંડિ
પોતાની પુત્રીનો તમારી સાથે વિવાહ કર્યો છે. નવદ્વીપ
વિદ્વાનમંડળ તમને અત્યંત માન આપે છે, વિદ્યાર્થીઓ
તમારા અંગે પૂર્ણ માનબુદ્ધિ છે, તેમ છતાં [illegible]
[illegible] ક્યાંથી આવી ગયા? [illegible]


પણ પૂર્વજન્મના ઘણા મહાભાગ્યે મળે છે. તમે તે કામમાં બરાબર ધ્યાન આપતા નથી એ ઠીક નથી. કહો, જવાબ કેમ નથી આપતા? હવે સારી રીતે ભણાવ્યા કરશો ને?"

નમ્રતાપૂર્વક મહાપ્રભુએ કહ્યું: "આપની આજ્ઞા પાળવાનો સંપૂર્ણ પ્રયત્ન કરીશ. શું કરૂં, મારૂં મન મારા કાબુમાં નથી. કહેવા ઈચ્છું છું કંઈક ને મોંમાંથી નીકળી જાય છે કંઈક બીજુંજ!"

ગંગાદાસજીએ પ્રેમપૂર્વક કહ્યું: "બધું ઠીક થઈ જશે. ચિત્તને ઠેકાણે રાખવું જોઈએ. તમે તો સમજુ માણસ છો. મનને વશ કરો, સમજી-વિચારીને વાતનો ઉત્તર આપો. કાલથી બરાબર સાવચેતી રાખજો. વિદ્યાર્થીઓને મન દઈને ભણાવજો." અસ્તુ.

"જેવી આપની આજ્ઞા" કહીને પ્રભુએ આચાર્ય ગંગાદાસને પ્રણામ કર્યા અને તેઓ વિદ્યાર્થીઓની સાથે તેમની પાસેથી વિદાય થયા.





अध्यापकपणानो अंत

तत्कर्म हरितोषं यत्सा विद्या तन्मतिर्यया ।
तद्वर्णं तत्कुलं श्रेष्ठं तदाश्रमं शुभं भवेत् ॥

અર્થાત જે કર્મ દ્વારા હરિ ભગવાન સંતુષ્ટ થઈ શકે, તેનેજ વાસ્તવમાં તો કર્મ કહેવાય છે અને જેનાથી મુકુંદનાં ચરણોમાં પ્રેમ ઉત્પન્ન થઇ શકે તેજ સાચી વિદ્યા છે. જે વર્ણમાં, જે કુળમાં અને જે આશ્રમમાં રહીને શ્રીકૃષ્ણ-કીર્તન કરવાનો સુંદર સુયોગ પ્રાપ્ત થઇ શકે તેજ વર્ણ, કુળ તથા આશ્રમ શુભ અને પરમ શ્રેષ્ઠ ગણી શકાય છે.

જે નયનોમાં પ્રિયતમની છબી સમાઇ ગઇ, જે હૃદય-મંદિરમાં શ્રીકૃષ્ણની પરમ ઉજ્જવળ પરમ પ્રકાશયુક્ત મૂર્તિ સ્થપાઇ ગઈ, પછી ભલા બીજાને માટે સ્થાન ક્યાંથી? જેનું મન શ્રીકૃષ્ણ-કથારૂપી મધુર રસનું પાન કરી ચૂક્યું છે, જેના ચિત્તને ચિતડાના ચોરે પોતાના ચંચળ ચિંતનથી પોતાની તરફ આકર્ષિત કરી લીધું છે, તેઓ પછી બીજી વસ્તુ તરફ આંખ ઉંચી કરીને પણ જોઇ શકતા નથી. જેની જીભ હમેશાં નારાયણકથારૂપી અમૃતનુંજ નિરંતર પાન કરતી રહેશે, તેનાથી સંસારી વાતો કહેવાઇજ શકશે નહિ. એજ કર્મોને તે કર્મ સમજશે, કે જેના વડે શ્રીકૃષ્ણના સુંદર કીર્તનમાં ઉંડો પ્રેમ પામી શકાય. તેની વિદ્યા, બુદ્ધિ, વૈભવ અને સંપત્તિ તથા મેધા બધુંજ એકમાત્ર શ્રીકૃષ્ણ-કથાજ છે.

મહાપ્રભુનું ચિત્ત હવે આ લોકમાં નથી રહ્યું, તે તો

શ્રી કૃષ્ણમય થઈ ચૂક્યું છે, પ્રાણ કૃષ્ણરૂપ થઈ ચૂક્યા, મનની તેમના મનોહર ગુણો સાથે તદ્રૂપતા થઈ ચૂકી છે, ચિત્ત એ માખણચોરની ચંચળતામાં સમાઈ ગયું છે, વાણી તેમના ગુણોની ગુલામ બની ગઈ. હવે તો એ કરે તોપણ શું કરે? સંસારી કાર્ય કરવાને માટે મન, બુદ્ધિ, ચિત્ત, ઇન્દ્રિયો વગેરે કોઈ પણ તેમને સાથ આપતાં નથી, તેઓ બીજાને વશ થઈ ચૂકી છે. હવે મહાપ્રભુની બધી ક્રિયાઓ શ્રીકૃષ્ણમયજ થવા લાગી.

આચાર્ય શ્રી ગંગાદાસજીના મધુર અને સ્નેહભર્યા ઠપકાને લીધે તેઓ બહુ સાવધાન થઈને ઘેરથી ભણાવવા ગયા. વિદ્યાર્થીઓએ પોતાના ગુરુદેવને આવતા જોઈને તેમનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને બધા સુખપૂર્વક બેસી ગયા. વિદ્યાર્થીઓનો પાઠ શરૂ થયો. કોઈ વિદ્યાર્થીએ પૂછ્યું: “અમુક ધાતુનો કયા અર્થમાં પ્રયોગ થાય છે અને અમુક લકારમાં તેનું કયું રૂપ બનશે?”

આ પ્રશ્ન સાંભળતાંજ તેઓ ભાવાવેશમાં આવીને કહેવા લાગ્યા: “બધા ધાતુઓનો એક શ્રીકૃષ્ણનાજ નામમાં સમાવેશ થઈ શકે છે. શરીરમાં જે સાત ધાતુ છે, વળી બીજી પણ સંસારમાં જેટલી ધાતુઓ સાંભળી તથા કહેવાઈ શકે તે બધીના આદિકારણ શ્રીકૃષ્ણજ છે. તેમના સિવાય કોઈ બીજી ધાતુ હોઈજ શકે નહિ. બધી સ્થિતિઓમાં તેમનું સમાનજ રૂપ બનશે. ભગવાનનું રૂપ નીલશ્યામ છે, તેમની કાન્તિ નવીન વાદળની પેઠે તદ્દન સ્વચ્છ અને આછા ભૂરા રંગ જેવી છે, તેને વૈડૂર્ય અથવા ઘનની ઉપમા તો ‘શાખાચંદ્રન્યાય’થી અપાય છે; મૂળમાં તો તે અનુપમેય છે, કોઈ પણ સંસારી વસ્તુ સાથે તેમની ઉપમા આપી શકાય નહિ.”

પ્રભુનો આવો ઉત્તર સાંભળીને વિદ્યાર્થી કહેવા લાગ્યો: “આપ તો પાછા આવી ને આવી વાતો કહેવા લાગ્યા. ધાતુનો યથાર્થ અર્થ કહો!”

પ્રભુએ ગંભીર બનીને કહ્યું: "ધાતુનો યથાર્થ અર્થ તો હું જે કહી રહ્યો છું તેજ છે. એના સિવાય હું બીજું કલ્પિત કરી શકતો નથી. મને તો તેનો આજ અર્થ જણાય છે. પછી તો તમે જે સમજો તે ખરું."

આથી વિદ્યાર્થીઓએ કંઈક પ્રેમપૂર્વક પોતાની આતુરતા દર્શાવતાં કહ્યું: "આપ તો અમને આવી વિચિત્ર વિચિત્ર વાતો બતાવો છો, અમે હવે શું યાદ કરીએ? અમારું કામ કેમ ચાલશે? આ રીતે અમારો અભ્યાસ ક્યારે પૂરો થશે અને અમે કેવી રીતે વિદ્યા પ્રાપ્ત કરી શકીશું?"

તેઓ પ્રેમના આવેશમાં આવીને કહેવા લાગ્યા: "હમેશાં યાદ કરતા રહેવાની તો એકજ વસ્તુ છે. સદા, સર્વદા, સર્વત્ર શ્રીકૃષ્ણનાં સુંદર નામોનાજ સ્મરણમાત્રથી પ્રાણીમાત્રનું કલ્યાણ થઈ શકે છે; હમેશાં તેમનુંજ સ્મરણ કરતા રહેવું જોઇએ. અહા, જેમણે પૂતના જેવી બાળકોનો નાશ કરનારી, જે પોતાના સ્તન ઉપર ઝેર ચોપડીને બાળકોના પ્રાણ લેતી હતી તે ક્રૂર કર્મ કરનારી રાક્ષસીને પણ સદ્‌ગતિ આપી, તે શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરવું, એજ મનુષ્યો માટે પરમ કલ્યાણનું સાધન થઈ શકે છે. જે દુષ્ટ બુદ્ધિથી પણ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા હતા, જે તેમને શત્રુ સમજીને દ્વેષને લીધે મારવાની ઇચ્છાથી તેમની પાસે આવ્યા હતા, તે અઘાસુર, બકાસુર, શકટાસુર વગેરે પાપી પણ તેમના જગતપાવન દર્શનોને લીધે આ સંસાર–સાગરથી વાતની વાતમાં પાર થઇ ગયા, જેમાંથી યોગી લોકો કરોડો વર્ષોસુધી સમાધિ લગાવીને નાનાવિધ સાધન કરતા રહેવા છતાં તરી શકતા નથી, તે શ્રીકૃષ્ણનાં સુંદર ચરિત્રો સિવાય ચિંતન કરવા યોગ્ય ચીજ બીજી હોઇજ શું શકે?"

શ્રીકૃષ્ણ–કીર્તનથીજ ઉદ્ધાર થશે, શ્રીકૃષ્ણ–કીર્તનજ સર્વ સિદ્ધિ આપનાર છે, તેના વડે પ્રાણીમાત્રનું કલ્યાણ થઈ શકે છે. શ્રીકૃષ્ણકીર્તનજ શાશ્વત શાંતિનો એકમાત્ર ઉપાય છે, તેનાજ વડે મનુષ્ય સર્વ પ્રકારનાં દુઃખોથી મુક્તિ

થી ગુંજવા લાગ્યો. આ કરુણાપૂર્ણ ક્રંદન-ધ્વનિ સાંભળીને હજારો નરનારીઓ દૂર દૂરથી ત્યાં આવી એકઠાં થઇ ગયાં.

પ્રભુ હવે કંઇક કંઇક ભાનમાં આવ્યા. અશ્રુપાત કરતાં કરતાં તેમણે કહ્યું:–" મારા પ્રાણથી પણ વહાલા [illegible]ર્થીઓ! પોતપોતાનાં પુસ્તકો બાંધી લ્યો, આજથી [illegible] તમારો અધ્યાપક નથી અને હવે તમે પણ મારા વિદ્યા[illegible]ર્થીઓ નથી. હવે તો તમે શ્રીકૃષ્ણના સખા છો. હવે બધા [illegible]ળીને મને એવો આશીર્વાદ આપો કે જેથી મને શ્રી[illegible]પ્રેમ પ્રાપ્ત થઈ શકે. તમે બધા મારા ઉપર હૃદયથી [illegible]નેહ રાખો છો, તમારી પાસેથી હું દીનતાપૂર્વક એજ [illegible]ભીખ માગું છું. તમે સદા-સર્વદા મારાં કલ્યાણનાં કાર્યોમાં તત્પર રહ્યા રો."

પ્રભુના મુખમાંથી આવા દીનતાભર્યા શબ્દો સાંભળીને બધા વિદ્યાર્થી બેહોશ જેવા થઇ ગયા કોઇ તો પછાડ ખાઇને પૃથ્વી ઉપર પડવા લાગ્યા અને કોઇ તો કપાળ કૂટવા લાગ્યા.

પ્રભુએ ફરીથી કહ્યું: " હુ છેલ્લી [illegible] કહું છું. તમે ભણવાનું છોડશો નહિ. ક્યાંક [illegible] પાઠ ચાલુ રાખજો."

રડતાં રડતાં વિદ્યાર્થીઓએ [illegible] ને ક્યાંય આપ જેવા અધ્યાપક [illegible] ક્યાંય ભણવા પણ જઇશું નહિ [illegible] પાઠ આપો કે આપના અશ્રુઓથી [illegible] તેજ સ્થાયી રહ્યા કરે અને [illegible] ભણાવી [illegible] નહિ. [illegible]

[illegible]

ઉપચારો કરાવીશું. અમે જાતેજ સેવા-ચાકરી કરતા રહીશું."

તેમની આર્ત્ત વાણી સાંભળીને પ્રભુની આંખોમાંથી અશ્રુ-ધારા વહેવા લાગી. રડતાં રડતાં તેમણે કહ્યું: "ભાઈ! તમે મારા બાહ્ય પ્રાણ સમાન છો. તમારી સાથેનો સંબંધ છોડતાં મને પોતાને અપાર દુઃખ થઇ રહ્યું છે; પરંતુ હું શું કરૂં? હું પરવશ છું. મારામાં ભણાવવાની શક્તિજ નથી; નહિ તો તમારા જેવા પરમ બંધુઓના સહવાસનું સુખ સ્વેચ્છાપૂર્વક કયો સત્પુરુષ છોડી શકે?"

વિદ્યાર્થીઓએ દીનભાવે કહ્યું: "આજે નહિ તે તો ઠીક, આપ સ્વસ્થ થયા પછી અમને ભણાવજો. અમારો પરિત્યાગ ન કરશો, એજ અમારી આપને ચરણે વિનમ્ર પ્રાર્થના છે. આપજ અમારી આ જીવનનૌકાના એકમાત્ર આધાર છો, અમને વચ્ચે જ રઝળતા મૂકીને અંતર્ધાન ના થશો!"

પ્રભુએ ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું:—"ભાઈ! મારો આ રોગ અસાધ્ય છે. હવે તેનાથી છૂટકારો પામવાની આશા નથી. કોઈ બીજાની આગળ તો કહેવાની વાત નથી, પરંતુ તમે તો મારા આત્માજ છો, તમારાથી છુપાવવા જેવી તો કોઈ વાતજ હોઇ શકે નહિ. ખરી વાત તો એ છે કે જ્યાં હું ભણાવવાનો યા કોઈ બીજું કામ કરવાનો પ્રારંભ કરૂં, તો એક શ્યામવર્ણનો સુંદર બાળક મારી આગળ આગળ આવીને ઘણાજ સુંદર સ્વરે મોરલી બજાવવા લાગે છે. તે મોરલીનો વિશ્વમોહક સૂર સાંભળીને મારૂં ચિત્ત વ્યાકુળ થઇ જાય છે અને મારી બધી સુધ-બુધ ભૂલી જાઉં છું. હું પાગલની પેઠે મંત્રમુગ્ધ જેવો થઇ જાઉં છું; પછી હું કોઇ બીજું કામ કરીજ શકતો નથી." આટલું કહીને પ્રભુ ફરીથી જોરથી ડૂસકે ડૂસકે રડવા લાગ્યા. તેમના રુદનની સાથેજ [illegible] વિદ્યાર્થીઓની આંખોમાંથી અશ્રુ-ઓની [illegible] [illegible] લાગી. [illegible] લાગ્યા. [illegible]

થી ગુંજવા લાગ્યો. આ કરુણાપૂર્ણ ક્રંદન-ધ્વનિ સાંભળીને હજારો નરનારીઓ દૂર દૂરથી ત્યાં આવી એકઠાં થઇ ગયાં.

પ્રભુ હવે કંઇક કંઇક ભાનમાં આવ્યા. અશ્રુપાત કરતાં કરતાં તેમણે કહ્યું:-" મારા પ્રાણથી પણ વહાલા વિદ્યાર્થીઓ ! પોતપોતાનાં પુસ્તકો બાંધી લ્યો, આજથી હું તમારો અધ્યાપક નથી અને હવે તમે પણ મારા વિદ્યાર્થીઓ નથી. હવે તો તમે શ્રીકૃષ્ણના સખા છો. હવે બધા મળીને મને એવો આશીર્વાદ આપો કે જેથી મને શ્રીકૃષ્ણપ્રેમ પ્રાપ્ત થઈ શકે. તમે બધા મારા ઉપર હૃદયથી સ્નેહ રાખો છો, તમારી પાસેથી હું દીનતાપૂર્વક એજ ભીખ માગું છું. તમે સદા-સર્વદા મારાં કલ્યાણનાં કાર્યોમાં તત્પર રહ્યા છો."

પ્રભુના મુખમાંથી આવા દીનતાભર્યા શબ્દો સાંભળીને બધા વિદ્યાર્થી બેહોશ જેવા થઇ ગયા. કોઇ તો પછાડ ખાઇને પૃથ્વી ઉપર પડવા લાગ્યા અને કોઇ તો કપાળ કૂટવા લાગ્યા.

પ્રભુએ ફરીથી કહ્યું: " હું છેલ્લી વાર ફરીથી તમને કહું છું. તમે ભણવાનું છોડશો નહિ, ક્યાંક જઇને તમારા પાઠ ચાલુ રાખજો."

રડતાં રડતાં વિદ્યાર્થીઓએ કહ્યુ " હવે ન તો અમને ક્યાંય આપ જેવા અધ્યાપક મળશે અને અમે બીજે ક્યાંય ભણવા પણ જઈશું નહિ. હવે તો એવો આશીર્વાદ આપો કે આપના શ્રીમુખેથી જે કંઈ ભણ્યા છીએ તેજ સ્થાયી રહ્યા કરે અને અમને કોઇ બીજાની પાસે જવાની જિજ્ઞાસાજ ઉત્પન્ન થાય નહિ, હવે તો અમને આપનાં ચરણારવિંદ આશ્રય આપો ! એમનાં ચરણારવિંદનું ધ્યાન સદા રહ્યા કરે એવા અતિશય વરદાન આપો ! " એમ કહીને બધા વિદ્યાર્થીઓએ પ્રભુને એકસાથેજ સાષ્ટાંગ પ્રણામ કર્યો અને એજ વેળુ પોતપોતાને મકાને ચાલ્યા ઉઠીને..

તે બધા ભાગ્યશાળી વિદ્યાર્થીઓ પ્રભુના પ્રેમપૂર્ણ આલિંગનથી કૃતકૃત્ય થઇ ગયા અને જોરથી "હરિબોલ" "હરિબોલ" કહીને હરિનામનો તુમુલ-ધ્વનિ કરવા લાગ્યા.

પ્રભુએ તેમના વિદ્યાર્થીઓને કહ્યું: " ભાઈઓ ! આપણે આટલા દિવસો સુધી સાથે રહ્યા છીએ. મારો તમારી સાથે ઘણોજ ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે, તમેજ મારા પરમ આત્મીય તથા સુહૃદ છો. એક વાર તમે બધા એક-સ્વરે શ્રીકૃષ્ણરૂપી શીતળ જળથી મારા હૃદયમાં બળતી વિરહજ્વાળાને શાંત કરી દો, તમે બધા શ્રીકૃષ્ણ-રસાયન પાઇને મને નીરોગી બનાવી દો. એક વાર તમે બધા મળીને શ્રીકૃષ્ણનાં મંગલમય નામોનું ઉચ્ચ સ્વરે ભજન કરો ! "

વિદ્યાર્થીઓએ પોતાની અશક્તિ દર્શાવતાં કહ્યું:-

" ગુરુદેવ ! અમે ભજન શું જાણીએ ? અમને તો ખબર પણ નથી કે સંકીર્તન-ભજન કેમ કરીને થાય ? હા, જો આપજ કૃપા કરીને અમને ભજનની રીત શીખવી દો તો અમે જે પ્રકારે આજ્ઞા હોય તેજ પ્રકારે સર્વ કંઈ કરવા તૈયાર છીએ. "

પ્રભુએ સરળતાપૂર્વક કહ્યું: " કૃષ્ણકીર્તનમાં કંઇ કઠિનતા થોડી છે ! એ તો ઘણોજ સહેલો માર્ગ છે. તમે તે ઘણીજ સહેલાઇથી કરી શકો તેમ છો. " એમ કહીને પ્રભુએ પોતેજ સ્વરસહિત નીચેનું પદ ગાઇ બતાવ્યું:-

हरे हरये नमः कृष्ण यादवाय नमः ।
गोपाल गोविंद राम श्रीमधुसूदन ॥

પ્રભુએ પોતેજ હાથે તાળી પાડીને આ નામસંકીર્તન શરૂ કર્યું. પ્રભુએ બતાવેલા વિધિ પ્રમાણે બધા વિદ્યાર્થીઓ એક સ્વરથી આ નામસંકીર્તન કરવા લાગ્યા, હાથની તાળીઓ પડવાથી તથા સંકીર્તનના સુમધુર સ્વરથી આખો ચંડીમંડપ ગાજવા લાગ્યો. લોકોને મહાન્ આશ્ચર્ય થયું. નવદ્વીપમાં આ એક નવીનજ વસ્તુ હતી. આ પહેલાં ઢોલ,

મૃદંગ, કરતાળ વગેરે વાદ્યો ઉપર પદ-સંકીર્તન તો થયા કરતું હતું, પરંતુ સામુહિક નામ-સંકીર્તન તો આ સૌથી પહેલુંજ હતું. તેનો પાયો નિમાઇ પંડિતની પાઠશાળામાંજ પહેલવહેલો નંખાયો. સૌથી પહેલાં એજ નામોનાં ભજનોથી નામ-સંકીર્તન શરૂ થયું.

પ્રભુ ભાવાવેશમાં જોરથી સંકીર્તન કરી રહ્યા હતા, વિદ્યાર્થીઓ એક સ્વરથી તેમને સાથ આપતા હતા. કીર્તનના સુમધુર ધ્વનિથી ચારે દિશાએ ગૂંજવા લાગી. ચંડીમંડપમાં જાણે આનંદનો સાગર ઉભરાઇ આવ્યો. દૂર દૂરથી મનુષ્ય એ આનંદસાગરમાં ડુબકાં ખાઇ ખાઇને પોતાને કૃતાર્થ બનાવવા માટે દોડી આવતા હતા. બધા આનંદની ભરતીમાં પોતાની જાતને ભૂલીને વહેવા લાગ્યા અને બધા દર્શનાર્થીઓનાં મુખમાંથી આપોઆપજ નીકળવા લાગ્યું:-

हरे हरये नमः कृष्ण यादवाय नमः ।
गोपाल गोविन्द राम श्रीमधुसूदन ॥

આ પ્રમાણે ચારે બાજુથી એજ ભગવન્નામોનો ધ્વનિ થવા લાગ્યો. મોટાં મકાનોમાંથી મોટેથી તેનો પડઘો સંભળાવા લાગ્યો:—

हरे हरये नमः कृष्ण यादवाय नमः ।
गोपाल गोविंद राम श्री मधुसूदन ॥

જાણે સ્થાવર-જંગમ, ચર-અચર બધાં મળીને આ કલિપાવન નામનું પ્રેમપૂર્વક ભજન કરી રહ્યાં ન હોય ! આ પ્રમાણે થોડી વાર પછી પ્રભુનો ભાવાવેશ કંઇક ઓછો થયો. ધીરે ધીરે તેમણે તાળીઓ વગાડવાની બંધ કરી દીધી અને સંકીર્તન સમાપ્ત કરી દીધું. પ્રભુના ચૂપ થયા પછી બધા વિદ્યાર્થીઓ તથા દર્શનાર્થીઓ ચૂપ થઇ ગયા, તેમની આંખોમાંથી પ્રેમાશ્રુ હજુ પણ નીકળતાં હતાં.

પ્રભુ ઉઠીને એક વાર ફરીથી બધા વિદ્યાર્થીઓને ભેટ્યા. બધા વિદ્યાર્થીઓ ધ્રૂસકે ધ્રૂસકે રડતા હતા. કોઈ

[illegible]

... માં પડી પડીને પ્રાર્થના કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓ આ કરુણ દૃશ્ય ... સુધી જોઈ શક્યા નહિ, તેઓ ... પોતપોતાનાં મુખો ઢાંકીને ડૂસકે ડૂસકે રડવા લાગ્યા. પ્રભુ પણ આ કરુણાના ઉછળતા તરંગોમાં ઘણો ... જેવા પ્રસંગે પોતાને સંભાળી શક્યા નહિ. તેઓ પણ રડતા રડતા ત્યાંથી ગંગાજી તરફ ચાલી નીકળ્યા. વિદ્યાર્થીઓ તેમની પાછળ પાછળ જતા હતા. પ્રભુએ બધાને સમજાવી–પટાવીને વિદાય કર્યા. પ્રભુએ બહુ સમજાવવાથી વિદ્યાર્થીઓ દુઃખી થઈને પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા અને પ્રભુ ગંગાજીથી નિવૃત્ત થઈને પોતાને ઘેર પાછા આવ્યા.





श्रीचैतन्य महाप्रभु

द्वितीय खंड

समर्पण

यत्कृतं यत्करिष्यामि यत्करोमि जनार्दन ।
तत् त्वयैव कृतं सर्वं त्वमेव फलभुग् भवेः ॥

અર્થાત્ હે જનાર્દન ! મારા દ્વારા જે કંઇ થયું છે, થાય છે અને ભવિષ્યમાં જે થશે, તે બધું તમેજ કરાવ્યું છે; તેથી તમેજ એ બધાના ફળના ભોક્તા છો.

વહાલા ! હવે, આ તમે કરાવેલા કાર્યનો બીજો ભાગ છે. તમારી ચીજનો તમેજ સ્વીકાર કરો અને જે રીતે સ્વામી સેવકદ્વારા પોતાનીજ વસ્તુ પામીને તેના તરફ કૃપા-દૃષ્ટિથી જુએ છે, તેજ પ્રમાણે આ દીન-હીન-કંગાલ, સા-ધનરહિત સેવક તરફ પણ કૃપા-કટાક્ષ કરીને એક વાર દૃષ્ટિપાત કરો. એજ આ કૃતજ્ઞ સેવકની અભિલાષા છે.

પ્રભો ! તમારાં કરાવેલાં કાર્યોમાં પોતાપણાનો ભાવ ઉઠવા નજ પામે. હું પણ મહાત્મા પલટૂદાસજીની પેઠે નિ-ષ્કપટભાવે કૃત્રિમતા દૂર કરી હૃદયપૂર્વક બોલી ઉઠું કેઃ-

ના મૈં કિયા ન કરિ સકૌં, સાહિબ કરતા મોર;
કરત કરાવત આપ હૈ, પલટૂ પલટૂ શોર.

શ્રી હરિબાબાકા બાંધ
ગંવા (બદાયૂં)
ફાગણ સુદી ૧
વિ. સં. ૧૯૮૮

કૃપાકટાક્ષનો આકાંક્ષી
તમારો જૂનો સેવક
—પ્રભુ

त्यागवैराग्यप्रेमाब्धेः श्रीचैतन्यमहाप्रभोः ।
भक्तानंदकरी भूयाच्चैतन्यचरितावली ॥

ત્યાગ, વૈરાગ્ય અને પ્રેમના સાગર સ્વરૂપ શ્રીચૈતન્ય મહાપ્રભુનું આ ચરિત્ર ભક્તોને આનંદકારી થાઓ.

उच्चैरास्फालयन्तं करचरणमहो हेमदण्डप्रकाण्डौ
बाहू प्रोद्धृत्य सत्ताण्डवतरलतनूं पुण्डरीकायताक्षम् ।
विश्वस्यामङ्गलघ्नं किमपि हरिहरीत्युन्मदानन्दनादै-
र्वन्दे तं देवचूडामणिमतुलरसाविष्टचैतन्यचन्द्रम् ॥

સુવર્ણના દંડ સરખા તેજસ્વી હાથપગના અભિનય કરતા, કદી કદી પોતાના હાથ ઉંચા કરી નૃત્ય કરતા, કમળસરખાં નેત્રવાળા, વિશ્વના અમંગળને દૂર કરનાર અને ઉન્મત્ત આવેશમાં મોટેથી "હરિ, હરિ" નો ઉચ્ચાર કરતા, દેવ ચૂડામણિ સરખા તેમજ અતુલ રસથી ભરપૂર એવા ચૈતન્યચંદ્રને હું વંદન કરૂં છું.

समर्पण

यत्कृतं यत्करिष्यामि यत्करोमि जनार्दन ।
तत् त्वयैव कृतं सर्वं त्वमेव फलभुग् भवेः ॥

અર્થાત્ હે જનાર્દન ! મારા હાથે જે કંઈ થયું છે, થાય છે અને ભવિષ્યમાં જે થશે, તે બધું તમેજ કરાવ્યું છે; તેથી તમેજ એ બધાના ફળના ભોક્તા છો.

વહાલા ! લ્યો, આ તમે કરાવેલા કાર્યનો બીજો ભાગ છે. તમારી ચીજનો તમેજ સ્વીકાર કરો અને જે રીતે સ્વામી સેવકદ્વારા પોતાનીજ વસ્તુ પામીને તેના તરફ કૃપા-દૃષ્ટિથી જુએ છે, તેજ પ્રમાણે આ દીન-હીન-કંગાલ, સાધનરહિત સેવક તરફ પણ કૃપા-કટાક્ષ કરીને એક વાર દૃષ્ટિપાત કરો. એજ આ કૃતજ્ઞ સેવકની અભિલાષા છે.

પ્રભો ! તમારાં કરાવેલાં કાર્યોમાં પોતાપણાનો ભાવ ઉઠવા નજ પામે. હું પણ મહાત્મા પલટૂદાસજીની પેઠે નિષ્કપટભાવે કૃત્રિમતા દૂર કરી હૃદયપૂર્વક બોલી ઉઠું કે:-

ના મૈં કિયા ન કરિ સકૌં, સાહિબ કરતા મોર;
કરત કરાવત આપ હૈ, પલટૂ પલટૂ શોર.

શ્રી હરિબાબાકા બાંધ
ગંવા (બદાયૂં)
ફાગણ સુદી ૬
વિ. સં. ૧૯૮૮

કૃપાકટાક્ષનો આકાંક્ષી
તમારો જૂનો સેવક.
—અનુ

पूर्वकथन

आनंदलीलामयविग्रहाय हेमाभदिव्यच्छविसुन्दराय।
तस्मै महाप्रेमरसप्रदाय चैतन्यचन्द्राय नमो नमस्ते ॥
(चैतन्यचन्द्रामृतस्य)

અર્થાત્ જેમનો શ્રીવિગ્રહ આવિર્ભાવ આનંદ-લીલામયજ થયેલો છે, જેમના શરીરની સુંદર કાંતિ સુવર્ણ સમાન સુશોભિત અને દેદીપ્યમાન છે, જે પ્રાણીઓને પૂર્ણ પ્રેમ આપનારા છે અને ચંદ્રમા સમાન શીતળ પ્રેમરૂપી કિરણો દ્વારા ભક્તોના સંતાપોને શાંત કરનારા છે તે શ્રીચૈતન્યદેવનાં ચરણકમળોમાં હું વારંવાર પ્રણામ કરૂં છું.

પુણ્યવતી નવદ્વીપ નગરીમાં મિશ્રવંશમાં જન્મેલા અને પુરન્દરની શ્રેષ્ઠ પદવી પામેલા પંડિતપ્રવર શ્રી જગન્નાથ મિશ્રને ત્યાં ભાગ્યવતી શચીદેવીના ગર્ભમાં તેર માસ રહીને મહાપ્રભુ ગૌરાંગદેવ શક સં. ૧૪૦૬ (વિ. સં. ૧૫૪૧) ના ફાગણની પૂર્ણિમાને દિવસે આ અવનિ ઉપર અવતર્યા. બાળપણથીજ તેમણે પોતાની અદ્ભુત પ્રતિભા-ઐશ્વર્ય બતાવ્યાં. પોતાની અલૌકિક બાળલીલાઓથી તેઓ પોતાનાં માતાપિતા, ભાઇભાંડુ તથા નગરજનોને આનંદ આપતાં આપતાં જ્યારે તેમની અવસ્થા સાત-આઠ વર્ષની થઈ, ત્યારે તેમના મોટા ભાઇ વિશ્વરૂપ પોતાનાં માતાપિતાને રુદન કરતાં મૂકીને સંસારનો ત્યાગ કરી વૈરાગી થઇ ગયા. ત્યારે તેમણે પુત્રશોકથી દુઃખી થયેલાં માતાપિતાને નાની ઉંમરમાંજ પોતાનાં અનુપમ સાંત્વન આપનારાં વાક્યો વડે શાંતિ આપી અને માતાપિતાની વિચિત્ર પ્રકારે રજા મેળવીને વિદ્યાધ્યયનમાંજ પોતાનો સમસ્ત સમય ગાળવા લાગ્યા. વખત જતાં તેમના પૂજ્ય પિતા પરલોકવાસી થયા ત્યારે ઘર-કામનો બધો ભાર તેમના ઉપર આવી પડ્યો. તેથી સોળ વર્ષની નાની ઉંમ-

[illegible]

[illegible]

સારાંશ, પ્રેમ સિવાય, જીવન આ ભૂમિના ભારરૂપજ છે. મહાપ્રભુના જીવનમાં પ્રેમજ એક પ્રધાન વસ્તુ છે. તેમનું જીવન પ્રેમમય હતું યા તેઓજ પ્રેમમય બનેલા હતા; અથવા એમ કહો, તેમના જીવનને અને પ્રેમને અભેદ સંબંધ બંધાઈ ગયો હતો. 'ગૌર જીવન' અને 'પ્રેમ' એ પર્યાયવાચક શબ્દોજ થઈ ગયા છે. એ બાબતોનો પૂર્ણ રીતે તો નહિ પણ કંઈક સામાન્ય આભાસ તો વાચકોને આ ગ્રંથ વાંચવાથી મળશેજ.

આ ગ્રંથ સંબંધે એક વાત વાચકોને જણાવી દેવી આવશ્યક છે. તે એ કે, આ ગ્રંથ નથી તો કોઈ પણ ભાષાના ગ્રંથનો ભાવાનુવાદ કે નથી તો તે કોઈ ગ્રંથના આધારે લખાયો. તેનું મુખ્ય કારણ એ છે કે, ઘણેભાગે ગૌરાંગ મહાપ્રભુ વિષેનું સઘળું સાહિત્ય કાં તો બંગાળી ભાષામાં છે અથવા તો સંસ્કૃત ભાષામાં છે. તે બધા [illegible]ના લેખકો બંગાળી મહાનુભાવોજ છે અને તેઓ [illegible]સંપ્રદાયનાજ સજ્જનો છે. તે સઘળા લેખકોએ [illegible] બંગાળી હાવભાવ અને રીત-રિવા[illegible] [illegible] લખ્યું છે; કેમકે બંગાળી હોવાને [illegible] સિવાય [illegible] કરે તે સ્વાભાવિકજ [illegible] [illegible]દાય[illegible] [illegible] છે. આજ સુધી [illegible] બ[illegible] [illegible] જે જે લેખકો [illegible]

છે. તે તો 'જડ જીવન' છે. પૃથ્વી ઉપર પડયાં પડયાં પોતાનું જીવન વીતાવતાં ઇંટ-પથ્થર જેમ ભૂમિના ભારરૂપ છે, તેજ દશા પ્રેમરહિત જીવન ગાળનાર વ્યક્તિની છે. કોઇ હિન્દી કવિએ નીચેના પદ્યમાં પ્રેમનો કેવો સુંદર આદર્શ બતાવ્યો છેઃ-

પ્રેમ હી સબ પ્રાણિયોંકા પુણ્ય પથકા દ્વાર હૈ,
પ્રેમ સે હી જગતકા હોતા સદા ઉપકાર હૈ.
જિસ હૃદયમેં પ્રેમકા ઉઠતા નહીં ઉદ્‌ગાર હૈ,
વ્યક્તિ વહ નિઃસાર હૈ વહ મનુજ ભૂકા ભાર હૈ.

સાચેજ, પ્રેમ વિનાનું જીવન આ ભૂમિના ભારરૂપજ છે. મહાપ્રભુના જીવનમાં પ્રેમજ એક પ્રધાન વસ્તુ છે. તેમનું જીવન પ્રેમમય હતું યા તેઓજ પ્રેમમય બનેલા હતા; ગમે તેમ કહો, તેમના જીવનને અને પ્રેમને અભેદ સંબંધ બંધાઈ ગયો હતો. 'ગૌર જીવન' અને 'પ્રેમ' એ બન્ને પર્યાયવાચક શબ્દોજ થઇ ગયા છે. એ બાબતોનો પૂર્ણ રીતે તો નહિ પણ કંઈક સામાન્ય આભાસ તો વાચકોને આ ગ્રંથ વાંચવાથી મળશેજ.

આ ગ્રંથ સંબંધે એક વાત વાચકોને જણાવી દેવી આવશ્યક છે. તે એ કે, આ ગ્રંથ નથી તો કોઈ પણ ભાષાના ગ્રંથનો ભાવાનુવાદ કે નથી તો તે કોઈ ગ્રંથના આધારે લખાયો. તેનું મુખ્ય કારણ એ છે કે, ઘણેભાગે ગૌરાંગ મહાપ્રભુ વિષેનું સઘળું સાહિત્ય કાં તો બંગાળી ભાષામાં છે અથવા તો સંસ્કૃત ભાષામાં છે. તે બધા સાહિત્યના લેખકો બંગાળી મહાનુભાવોજ છે અને તેઓ પણ ચૈતન્યસંપ્રદાયનાજ સજ્જનો છે. તે સઘળા લેખકોએ ચૈતન્ય-જીવનને બંગાળી હાવભાવ અને રીત-રિવાજોને આધીન થઇને લખ્યું છે; કેમકે બંગાળી હોવાને લીધે તેઓ એ પ્રમાણે કરે તે સ્વાભાવિકજ હતું. આ સિવાય એક બીજી વાત પણ છે. આજ સુધીમાં ગૌડીય સંપ્રદાયના ચૈતન્ય ચરિત્ર સંબંધી જે જે લેખકો થયા છે, તેમનું બે

વાતો ઉપરજ મુખ્ય લક્ષ્ય રહ્યું છે: એક તો અદ્વૈત વે-
દાન્ત સંબંધી સિદ્ધાંતને માયાવાદ જણાવીને તેની અ-
શાસ્ત્રીયતા સિદ્ધ કરવી; અને બીજું: ગૌરાંગદેવને બધા
અવતારોના અધિકારણ 'અવતારી'ના પદે સ્થાપવા. અને,
એ બે વાતોને વિવિધ પ્રકારે સાબીત કરવાને માટે શ્રીચૈત-
ન્ય ચરિત્ર સંબંધી લગભગ બધા ગ્રંથો લખવામાં આવ્યા
છે. તે પરમ સાત્વિક લેખકોએ માયાવાદીઓને અશ્લીલ-
વળી સંભળાવવામાં અને શ્રીચૈતન્યદેવને સાક્ષાત્ પૂર્ણ પ-
રબ્રહ્મ નહિ માનનારાઓને દુભવવામાંજ પોતાની અધિક
શક્તિ વાપરી છે. માયાવાદીઓને હલકા દેખાડવામાં અને
ગૌરાંગના 'અવતારીપણા'ને સાબીત કરવામાંજ ગૌરાંગના
સાચા પ્રેમમય જીવનને તેમણે લગભગ ભુપાવ્યું છે. વિરો-
ધીઓનું ખંડન કરવામાં એ લેખકો મહાપ્રભુના "तृणादपि
सुनीचेन तरोरपि सहिष्णुना" વાળા ઉપદેશને ઘણેભાગે
ભૂલી ગયા છે. તેમનું આ કામ એક પ્રકારે ઠીક પણ છે,
કેમકે તેમનો જીવનચરિત્ર લખવાનો મુખ્ય ઉદ્દેશ એ હતો
કે, લોકો સર્વ કંઇ છોડી દઇને શ્રીગૌરાંગનેજ સાક્ષાત્
શ્રીકૃષ્ણ માની એકમાત્ર તેમનેજ શરણે આવે. શ્રીગૌરાંગ-
ને શરણે આવ્યા સિવાય જીવોની મુક્તિનો બીજો ઉપા-
યજ નથી. તેમણે તો પોતાના દૃષ્ટિકોણથી લોકોના પરમ
કલ્યાણનોજ પ્રયત્ન કર્યો અને કેટલાક ગૌરભક્તોમાં મહા-
પ્રભુ ગૌરાંગનું 'અવતારીપણું' સિદ્ધ કરીને પોતાના પરિ-
શ્રમને સફળ પણ કર્યો.

મારી આ વાત સાંભળીને કેટલાક ગૌડીય સંપ્રદાય-
ના મહાનુભાવો ક્રોધને કારણે મારા ઉપર ગુસ્સો દર્શાવતાં
પૂછશે: "શું મહાપ્રભુ ગૌરાંગદેવ સાક્ષાત્ પરબ્રહ્મ પર-
માત્મા નહોતા? શું રાધાભાવનો રસાસ્વાદ લેવાને સ્વયં
સાક્ષાત્ શ્રીકૃષ્ણજ ગૌરરૂપે અવતર્યા નહોતા?" એ મહા-
નુભાવોના શ્રીચરણોમાં અત્યંત વિનમ્રભાવે હું પ્રાર્થના
કરીશ કે, મહાપ્રભુ શ્રી ગૌરાંગદેવ સાક્ષાત્ શ્રીકૃષ્ણના અ-
વતાર હતા કે નહિ તેની મને ખબર નથી, પરંતુ તેઓ

મહાન પ્રેમી અવશ્ય હતા. પ્રેમની પ્રાપ્તિ માટે જેટલા ત્યાગવૈરાગ્યની જરૂર હોય છે, તે પૂર્ણ રીતે મહાપ્રભુ શ્રી ગૌરાંગદેવના જીવનમાં જણાઇ આવે છે. ત્યાગ ને વૈરાગ્ય એ બેજ ભક્તિનાં પરમ પ્રધાન સાધન છે, પ્રેમભક્તિનું ફળ છે. તેથી મહાપ્રભુએ પ્રેમને મોક્ષથી પણ વધારે–પાંચમો પુરુષાર્થ ગણાવ્યો છે. તે પ્રેમની પ્રાપ્તિ નિષ્કામ ભક્તિ દ્વારાજ થઇ શકે છે, અને ભક્તિ ત્યાગવૈરાગ્ય વિના થઇજ શકતી નથી. તેથી મહાપ્રભુ ગૌરાંગના જીવનમાં ત્યાગ, વૈરાગ્ય અને ભક્તિ, એ ત્રણે ભાવોની ત્રણ જુદી જુદી ધારાઓ વહીને અંતે પ્રેમરૂપી મહાસાગરમાં મળીને તે એક થઇ ગઇ છે. આ પંક્તિઓના લેખક દ્વારા એજ ભાવોને પ્રાધાન્ય આપીને આ જીવનચરિત્ર લખવામાં આવ્યું છે.

મહાપ્રભુના જીવન સંબંધી બનાવોનો આધાર તો બંગાળીના "ચૈતન્ય–ભાગવત" "ચૈતન્ય–મંગલ" અને "ચૈતન્ય–ચરિતામૃત" વગેરે પ્રાચીન પુસ્તકોમાંથી લેવામાં આવ્યો છે અને એ બનાવોને શ્રીમદ્‌ભાગવતરૂપી બીબાંમાં ઢાળીને ભાગવતમય બનાવવામાં આવ્યા છે. આ રીતે આ મહાપ્રભુ ગૌરાંગદેવને સાધન બનાવીને જેને સાચું "ચૈતન્ય જીવન" કહે છે, તેજ પરમ ભાગવત ચૈતન્ય–જીવનનું આમાં વર્ણન છે. પ્રેમ–જીવન એજ ચૈતન્ય–જીવન છે. શ્રીચૈતન્યદેવના જેવા પ્રેમના ભાવોને પ્રકટ કરનારા પ્રેમીઓનો અવતાર આ ધરતી ઉપર કોઇ કોઇ વારજ થાય છે. તેઓ પોતાનાં પ્રેમમય આચરણોથી પ્રાણીમાત્રને સુખ પહોંચાડે છે. તેથી સાચો પ્રેમી દેશકાળ અને જાતિનાં બંધનોથી હંમેશાં અલગજ રહે છે. તેનું જીવન સંકુચિત નહિ હોતાં સમસ્ત સંસારને સુખશાંતિનો પાઠ આપનાર સાર્વભૌમ હોય છે. તેઓ કોઇ એક ખાસ જાતિમાં ભલેને જન્મ્યા હોય, પરંતુ તેમના ઉપર બધી જાતિવાળાઓનો સમાન અધિકાર હોય છે. બધા દેશવાસીઓ તેમને પોતાનાજ માનીને પૂજે છે. એજ સિદ્ધાંતને દૃષ્ટિ સમક્ષ રાખીને જે કંઇ આ લેખક દ્વારા લખાયું છે, તે આપ સજ્જનોની

સમક્ષ મોજુદ છે. ઉપરોક્ત ઉદ્દેશ કેટલે અંશે પૂરો થયો છે, તે સાંપ્રદાયિક સંકુચિતપણાથી રહિત અને પક્ષપાત-શૂન્ય સહૃદય સમાલોચક મહાનુભાવોજ સમજી શકે છે. હા, એટલી વાત હું નિરભિમાનપણે કહી શકું છું કે, આ પુસ્તકમાં આવેલા બધા ભાવ શ્રીમદ્‌ભાગવતને અનુકૂળજ છે. શ્રીમદ્‌ભાગવતની ટીકાઓમાં શ્રીધરી ટીકાજ સર્વમાન્ય ગણાય છે; મહાપ્રભુ પણ તેનેજ માનતા હતા. મને પણ તેજ ટીકા માન્ય છે અને હું જાણું છું ત્યાં સુધી એથી ઉલટો કોઇ પણ ભાવ આ ગ્રંથમાં આવ્યો નથી.

પ્રેમનેજ ધ્રુવ-લક્ષ્ય બનાવીને શ્રીચૈતન્ય-ચરિત્રનું વર્ણન થઈ શકે છે, પરંતુ પ્રેમ એ કોઇ લૌકિક ભાવ તો નથીજ. તેનું વર્ણન ભલા, માયાથી બંધાયલો અજ્ઞાની જીવ કરીજ કેવી રીતે શકે? પ્રેમનું વર્ણન તો કોઇ સાચો પ્રેમીજ કરી શકે છે. વાત તો એ બરાબર છે, પરંતુ પ્રેમની પ્રાપ્તિ થાય તે પછી તેને એટલી જાગૃતિજ ક્યાં રહે છે, કે તે એ દશાનું વર્ણન કરી શકે? કબીરજી તો કહે છે કે-

"નામ-વિયોગી ના જીયે, જીયે તો બાઉર હોય."

હાલ તો નામ-વિયોગી પ્રેમી જીવતાજ નથી; જો દૈવ સંયોગથી જીવી પણ જાય તો તેઓ લોકબાહ્ય અને સંસારી લોકોની દૃષ્ટિમાં તદ્દન પાગલ-ગાંડા ગણાઇ જાય છે. એ ગાંડાઓ પાસેથી પ્રેમ-માર્ગની વાતો જાણવાની આશા રાખવી એ નિરાશ થવા જેવુંજ છે. એ તો મારા જેવા પ્રેમને નામે પોતાનો સ્વાર્થ સાધનારા, સ્વભાવને વશ વર્તનારા પ્રાણીઓ દ્વારાજ તેઓ એવાં કામ કરાવે છે. તેમાં કંઇ ને કંઈ લાભ તો પ્રેમમાર્ગના પ્રવાસીઓને થશેજ. જેમ કોઇ રાજાને જોવા ઇચ્છે છે, પરંતુ રાજા આપણી પેઠે સામાન્યપણે સઘળી જગાએ થોડાજ ફર્યા કરે છે? તેમની પાસે જવાને માટે સાત સાત પહેરાવાળાઓની રજા લેવી પડે છે, ત્યારે વળી ક્યાંક કોઈ ભાગ્યશાળીને રાજાનાં દર્શન થાય છે; નહિ તો ગમે તેવાઓને તો પહેલા પહેરા-

ચડેલી છે. ઉઘડેલી આંખોમાંથી આંસુ નીકળીને તે સુંદર ગોળ ગાલોને ભીંજવીને છાતીને ભીંજવી રહ્યાં છે. બન્ને હાથ ઉંચા કરીને ગૌરાંગ ' હરિબોલ, હરિબોલ ' ના સુમધુર ધ્વનિથી ચારે દિશાઓને ગજવી રહ્યા છે. તેમના વાંકડિયા વાળની કાળી કાળી લટો પવન લાગવાથી ઊડી રહી છે. તેઓ પ્રેમમાં તન્મય હોવાથી કંઈક પાછલી બાજુ ઝૂકી પડ્યા છે. ચારે તરફ આનંદમાં ઉન્મત્ત થઇને ભક્તોનાં ટોળાં વિવિધ વાદ્યો વગાડી પ્રભુના આનંદમાં ઓર વધારો કરી રહ્યાં છે. વચમાં વચમાં પ્રભુ કોઇ કોઈ ભાગ્યશાળી ભક્તને ગાઢ આલિંગન કરે છે તો કોઇ વાર કોઇનો હાથ પકડીને તેની સાથે નૃત્ય કરવા લાગે છે. ભાવિક ભક્તો પ્રભુનાં ચરણો નીચેની ધૂળ લઇ લઇને પોતાના આખા શરીર ઉપર ચોળે છે. આ સ્મૃતિમાં કેટલો આનંદ છે, કેટલી મધુરતા છે અને પ્રેમની કેટલી ઉપાસના ભરેલી છે! હાય! હું તે સમયે નહોતો! એ મહાભાગ્યશાળીઓને ધન્ય છે, કે જેમની સાથે મહાપ્રભુ ગૌરાંગદેવે આનંદ-વિહાર અને સંકીર્તન તથા નૃત્ય કર્યાં હતાં!

સૌથી પ્રથમ નામસંકીર્તનનું સદ્ભાગ્ય જે નિમાઇ પંડિતની પાઠશાળામાં ભણતા હતા, તે ભાગ્યશાળી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું. જ્યારે નિમાઇ ગૌરહરિ થઇ ગયા અને પાઠશાળાની ઇતિશ્રી થઈ ગઇ ત્યારે બાલે નિમાઇ પંડિત પ્રેમપંડિત થઈ ગયા. હવે તેઓ લૌકિક પાઠ ન ભણાવતાં પ્રેમપાઠ ભણાવનારા અધ્યાપક થયા હતા. સર્વપ્રથમ તેમના કૃપાપાત્ર થવાનું સૌભાગ્ય પરમભાગ્યશાળી સ્વનામધન્ય શ્રીરત્નગર્ભાચાર્યને પ્રાપ્ત થયું. તે ભગવદ્ભક્ત આચાર્યનાં ચરણકમળોમાં હું વારંવાર પ્રણામ કરતો કરતો આ કથન સમાપ્ત કરૂં છું. વાચકોને પહેલા પ્રકરણમાંજ શ્રીરત્નગર્ભાચાર્યજી ઉપર કૃપાનું સર્વપ્રથમ કિરણ પ્રકાશિત થયાનો વૃત્તાંત મળશે. આ ક્ષુદ્ર લેખકની એટલીજ પ્રાર્થના છે કે, આ બધાં પ્રકરણોને એકાગ્રચિત્તે વાંચજો. અને વિશ્વાસ છે કે, એ બધાં પ્રકરણો વાંચવાથી આપને શાંતિ મળશે

વાળો માણસજ ધમકાવી કાઢે છે. હવે જે માણસે પહેલાં કોઇ દિવસ રાજાને જોયા નથી અને રાજાને જોવાની જેની પ્રબળ ઇચ્છા છે, પરંતુ સાચા રાજા સુધી તે પહોંચી શકે તેમ નથી, તે પછી ચાર આનાની ટિકિટ ખરીદીને નાટકશાળામાં જાય છે, અને ત્યાં રાજાનો અભિનય કરનારા બનાવટી રાજાને જોવાથી તેની ઇચ્છા કંઇક કંઇક પૂરી થાય છે. જો કે નાટ્યશાળામાં તેને ખરા રાજાનાં દર્શન થયાં નથી તોપણ તે બનાવટી રાજાને જોઇને તે રાજાનો પહેરવેશ, વસ્ત્રાભૂષણ, મુકુટ–કુંડળ અને રૂઆબ તથા દમામ વગેરે બાબતમાં કંઇક કલ્પના કરી શકે છે. તે બનાવટી રાજાને જોવાથી તે અનુમાન કરી શકે છે કે, સાચો રાજા કદાચ આવોજ હશે.

એજ પ્રમાણે આ પુસ્તકને માત્ર વાંચવાથીજ વાચકોને પ્રેમની પ્રાપ્તિ થઇ શકે, એ તો સંભવિત નથી; પરંતુ તેના દ્વારા વાચક પ્રેમીઓની દશાનું કંઇક કંઇક અનુમાન અવશ્ય કરી શકશે. તેમને આ પુસ્તક વાંચવાથી જણાશે કે, પ્રેમમાં કેવી મસ્તી છે, કેવી તન્મયતા છે, કેવી વ્યાકુળતા છે. પ્રેમ–રસમાં છકેલા પ્રેમીની કેવી અદ્‌ભુત દશા થઇ જાય છે, તેમનાં આચરણ કેવાં લોક–બાહ્ય થઇ જાય છે, તેઓ કેવી રીતે સંસારી લોકોની કંઇ પણ પરવા નહિ કરતાં પાગલોની પેઠે નૃત્ય કરવા લાગે છે—એ બધી વાતોનું દિગ્દર્શન વાચકો આ પુસ્તક દ્વારા કરી શકશે.

અધ્યાપકપણાનો અંત આવ્યા પછી પ્રભુનું સમસ્ત જીવન પ્રેમમયજ થઇ ગયું હતું. અહા, એ મૂર્તિના સ્મરણમાત્રથીજ હૃદયમાં કેટલો બધો આનંદ થાય છે!! વાચક! પ્રેમમાં નૃત્ય કરતા ગૌરાંગનું એક મનોહર ચિત્ર તમારા હૃદયપટલ ઉપર અંકિત તો કરો.

સુવર્ણ જેવા દેદીપ્યમાન શરીર ઉપર પીતાંબર પડેલું છે, જમીન સુધી લટકતું મોટી કિનારીવાળું એક [illegible] સુંદર ધોતીઉં પહેરેલું છે. બન્ને આંખોની કીકીઓ ઉપર

ચઢેલી છે. ઉપરેલી આંખોમાંથી આંસુ નીકળીને તે પુષ્ટ ગોળ ગાલોને ભીંજવીને છાતીને ભીંજવી રહ્યાં છે. બન્ને હાથ ઉંચા કરીને ગૌરાંગ 'હરિબોલ, હરિબોલ' ના સુમધુર ધ્વનિથી ચારે દિશાઓને ગજાવી રહ્યા છે. તેમના વાંકડિયા વાળની કાળી કાળી લટો પવન લાગવાથી ઊડી રહી છે. તેઓ પ્રેમમાં તન્મય હોવાથી કંઈક પાછલી બાજુ ઝૂકી પડ્યા છે. ચારે તરફ આનંદમાં ઉન્મત્ત થઈને ભક્તોનાં ટોળાં વિવિધ વાદ્યો વગાડી પ્રભુના આનંદમાં અધિક વધારો કરી રહ્યાં છે. વચમાં વચમાં પ્રભુ કોઈ કોઈ ભાગ્યશાળી ભક્તને ગાઢ આલિંગન કરે છે તો કોઈ વાર કોઈનો હાથ પકડીને તેની સાથે નૃત્ય કરવા લાગે છે. ભાવિક ભક્તો પ્રભુનાં ચરણો નીચેની ધૂળ લઈ લઈને પોતાના આખા શરીર ઉપર ચોળે છે. આ સ્મૃતિમાં કેટલો આનંદ છે, કેટલી મધુરતા છે અને પ્રેમની કેટલી ઉપાસના ભરેલી છે! હાય! હું તે સમયે નહોતો! એ મહાભાગ્યશાળીઓને ધન્ય છે, કે જેમની સાથે મહાપ્રભુ ગૌરાંગદેવે આનંદ-વિહાર અને સંકીર્તન તથા નૃત્ય કર્યાં હતાં!

સૌથી પ્રથમ નામસંકીર્તનનું સદ્ભાગ્ય જે નિમાઇ પંડિતની પાઠશાળામાં ભણતા હતા, તે ભાગ્યશાળી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું. જ્યારે નિમાઇ ગૌરહરિ થઇ ગયા અને પાઠશાળાની ઇતિશ્રી થઈ ગઇ ત્યારે ભણે નિમાઇ પંડિત પ્રેમપંડિત થઈ ગયા. હવે તેઓ લૌકિક પાઠ ન ભણાવતાં પ્રેમપાઠ ભણાવનારા અધ્યાપક થયા હતા. સર્વપ્રથમ તેમના કૃપાપાત્ર થવાનું સૌભાગ્ય પરમભાગ્યશાળી સ્વનામધન્ય શ્રીરત્નગર્ભાચાર્યને પ્રાપ્ત થયું. તે ભગવદ્ભક્ત આચાર્યનાં ચરણકમળોમાં હું વારંવાર પ્રણામ કરતો કરતો આ કથન સમાપ્ત કરું છું. વાચકોને પહેલા પ્રકરણમાંજ શ્રીરત્નગર્ભાચાર્યજી ઉપર કૃપાનું સર્વપ્રથમ કિરણ પ્રકાશિત થયાનો વૃત્તાંત મળશે. આ ક્ષુદ્ર લેખકની એટલીજ પ્રાર્થના છે કે, આ બધાં પ્રકરણોને એકાગ્રચિત્તે વાંચજો. મને વિશ્વાસ છે કે, એ બધાં પ્રકરણો વાંચવાથી આપને શાંતિ મળશે.

સ. ૨૬.

અંતમાં હું જેઓ પોતાનાં દેવદુર્લભ દર્શનોથી આ દીનહીન કંગાલને કૃતાર્થ કરતા રહ્યા છે તે પૂજ્ય અને કૃપાળુ મહાત્માઓનાં ચરણોમાં કોટિકોટિ પ્રણામ કરું છું. બ્ર. ઈંદ્રજી, બ્ર. આનંદજી, બ્ર. કૃષ્ણાનંદજી, સ્વા. વિશ્વનાથજી (સમ્રાટ્ ગૌરચંદ્ર) વગેરે મારા પ્રેમી ધર્મબંધુઓનું પણ અત્રે સ્મરણ કરી લેવું એ મારૂં કર્તવ્ય સમજું છું. તેમના સંબંધમાં ધન્યવાદ યા કૃતજ્ઞતા લખવામાં તો તેમને ભારે અન્યાય થાય; કેમકે તેઓ તો મારા પોતાનાજ છે, પોતાનાઓ સમક્ષ ધન્યવાદ અને કૃતજ્ઞતા જેવા શબ્દો વાપરવા શોભાસ્પદ નથી, પરંતુ તેઓ પણ ભગવાનના વહાલા છે, શ્રીહરિના કૃપાપાત્ર છે. પ્રભુના વહાલાઓનું સ્મરણ કરવાથી પણ પાપોનો નાશ થાય છે. તેથી મારાં પાપોનો નાશ કરવાનેજ માટે તેમનું સ્મરણ કરી લેવું યોગ્ય લેખાશે. એ બંધુઓ શ્રીગૌરાંગના ગુણોમાં અનુરાગ રાખતા થકા પોતાની સુખમય સોબતથી મને હમેશાં આનંદિત અને ઉત્સાહિત કરતા રહે છે.

ભગવદ્ભક્તોનું સ્મરણ કરી લીધા પછી તો હું માનું છું કે, હવે ફરીથી ભગવાનના સ્મરણની આવશ્યકતા રહેતી નથી. કેમકે મહાત્માઓનું વચન છે કે—

ભક્તિ ભક્ત ભગવન્ત ગુરુ, ચતુર નામ વપુ એક;
ઇનકે પદ વંદન કિયે, મેંટત વિઘ્ન અનેક.

વાચકોના પ્રેમનો ભિખારી પ્રેમી

લેખક—**પ્રભુદત્ત બ્રહ્મચારી**

॥ श्री हरिः ॥

मंगलाचरण

वंशीविभूषितकरान्नवनीरदाभात्
पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुन्दरमुखादरविन्दनेत्रात्
कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने

અર્થાત્ લલિત ત્રિભંગી (પગની આંટી, કમર મ
ગર્દનને મુરડાવીને ઉભા રહેવાની એક) સ્થિતિમાં ઉ
રહીને જે આંખોનાં ભવાં ધાડાં ચઢાવીને હમેશાં બંસી
બજાવ્યા કરે છે, જે મુખમંડળ ઉપર આજસુધી મેં વિ
કની છાયા એટલેજ નથી, ખભા સુધી લટકતા પોતાના
કડિયા કાળા કાળા વાળ ઉપર જે પાંચ મયૂરનાં પીંછ
મુકુટ પહેરે છે, જેમના ભ્રૂસંપુટની વચ્ચે હું એક ન
કરો સફેદ ચંદનનો ગોળ ચાંદો રોજ પીએ લગાવી
છું, જેમને બંસી બજાવવા સિવાય બીજું કોઈ કામ
નથી, જે હમેશાં મોરલીને મુખ આગળ ધારણ કરીને
છે, તે મારા મુરલીમનોહર મોહનનેજ સર્વ મંગળ
મૂર્તિ માનીને સ્મરણ કરી લઉં છું.



श्री चैतन्य महाप्रभु

द्वितीय खंड

कृपानुं प्रथम किरण

निशम्य कर्माणि गुणानतुल्या-
न्वीर्याणि लीलातनुभिः कृतानि ।
यदातिहर्षोत्पुलकाश्रुगद्गदं
प्रोत्कण्ठ उद्गायति रौति नृत्यति ॥

(શ્રીમદ્ભાગવત ૭-૭-૩૪)


અર્થાત્ જેમણે ભક્તોને વશ થઇને તેમને સુખ આપવા માટે જાતજાતની અલૌકિક લીલાઓ કરી છે, તે શ્રીહરિના અદ્વિતીય ગુણ-કર્મો તથા અદ્ભુત વીર્ય-પરાક્રમોના માહાત્મ્યનું શ્રવણ કરીને પ્રેમી ભક્તના શરીરમાં કોઇ કોઈ વાર અત્યંત હર્ષને કારણે રોમાંચ થઈ જાય છે, કોઇ વાર આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે, કોઇ વાર ગદ્ગદ્ કંઠે તે ગાન કરવા લાગે છે, કોઇ વાર રડે છે અને કોઇ વાર ગાંડાની પેઠે પ્રેમમાં લીન થઇને નૃત્ય કરવા લાગે છે.

હૃદયમાં જ્યારે સરળતા અને સરસતાનું સામ્રાજ્ય સ્થાપિત થઈ જાય છે, ત્યારે ચારે તરફથી સદ્ગુણ આવી



શ્રી નિમાઈ-નિતાઈ

સ. સા. મુદ્રણાલય-અમદાવાદ



निशम्य कर्माणि गुणानतुल्या-
न्वीर्याणि लीलातनुभिः कृतानि ।
यदातिहर्षोत्पुलकाश्रुगद्गदं
प्रोत्कण्ठ उद्गायति रौति नृत्यति ॥

(શ્રીમદ્ભાગવત ૭-૭-૩૪)

અર્થાત્ જેમણે ભક્તોને વશ થઇને તેમને સુખ આપવા માટે જાતજાતની અલૌકિક લીલાઓ કરી છે, તે શ્રીહરિના અદ્વિતીય ગુણ-કર્મો તથા અદ્ભુત વીર્ય-પરાક્રમોના માહાત્મ્યનું શ્રવણ કરીને પ્રેમી ભક્તના શરીરમાં કોઇ કોઈ વાર અત્યંત હર્ષને કારણે રોમાંચ થઈ જાય છે, કોઇ વાર આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે, કોઇ વાર ગદ્ગદ્ કંઠે તે ગાન કરવા લાગે છે, કોઇ વાર રડે છે અને કોઇ વાર ગાંડાની પેઠે પ્રેમમાં લીન થઇને નૃત્ય કરવા લાગે છે.

હૃદયમાં જ્યારે સરળતા અને સરસતાનું સામ્રાજ્ય સ્થાપિત થઈ જાય છે, ત્યારે ચારે તરફથી સદ્ગુણ આવી

આવીને જેમ, [illegible] છે. [illegible] નવુંનવું તેને આગળ આવીને [illegible] મનુષ્યને પાડવાના અંધકારમાં પ્રિયતમના [illegible] અવાજનો ભ્રમ થવા લાગે છે, તે [illegible] ઊઠીને પોતાની ચારે તરફ જોવા લાગે છે. જો તેની [illegible] તેના વખાણનાં યશોગાન ગાવા લાગે તો તો તેના આનંદનું પૂછવુંજ શું? તે સમયે તો તે સાગેજ ગાંડો બની જાય છે અને તે વખાણ કરનારાના ચરણોમાં આળોટવા લાગે છે, તેની સ્થિતિ એ વિરહિણીના જેવી થઇ જાય છે, કે જે ચાતકના મુખમાંથી પણ 'પિયુ-પિયુ'ની કર્ણપ્રિય મનોહર વાણી સાંભળીને પોતાના પ્રાણપ્રિયની સ્મૃતિમાં અધીરી થઇને આંખોમાંથી આંસુ વહાવવા લાગે છે. કેમ ન હોય! પ્રિયતમની પુણ્ય સ્મૃતિમાં એ પ્રકારની માદકતાજ છે.

મહાપ્રભુ પોતાના પ્રિય શિષ્યો સાથે રસ્તામાં પ્રેમાલાપ કરતા કરતા પોતાના ઘર તરફ જતા હતા, તેવામાં તેમણે રસ્તામાં આચાર્ય રત્નગર્ભજીનું ઘર જોયું. તેઓ મહાપ્રભુની જ્ઞાતિનાજ હતા. તેઓ પણ સિલહટમાં રહેતા હતા. પ્રભુને રસ્તામાં જતા જોઇને તેમણે પ્રભુને ઘણાજ સત્કારપૂર્વક બોલાવીને પોતાને ત્યાં બેસાડ્યા. રત્નગર્ભ મહાશય ઘણાજ નાજુક પ્રકૃતિના પુરુષ હતા. તેમના હૃદયમાં પૂરતી ભાવિકતા હતી, સરળતાની તો જાણે તેઓ મૂર્તિજ હતા. શાસ્ત્રોના અધ્યયનમાં તેમને ઘણોજ પ્રેમ હતો. પ્રભુ બેઠા કે તરતજ શાસ્ત્રચર્ચા ચાલી. રત્નગર્ભ મહાશયે પ્રસંગવશાત્ શ્રીમદ્‌ભાગતનો એક શ્લોક કહ્યો—શ્લોક જ્યારે યમુનાકિનારે યજ્ઞ કરનાર બ્રાહ્મણોની પત્નીઓ ભગવાનને માટે ભોજ્ય પદાર્થો લઇને તેમની સમક્ષ હાજર થઇ હતી, તેને લગતો હતો. શ્લોકમાં ભગવાનના એજ સ્વરૂપનું વર્ણન હતું.

વાત એમ હતી કે, એક દિવસ બ્ર[illegible]ગોવાળો સાથે

બળરામજી સહિત ભગવાન વનમાં ગાયો ચરાવવા ગયા હતા. તે દિવસે ગોવાળોએ મૂર્ખાઈ કરીને, રોજ જે તરફ ગાયોને ચરાવવા લઈ જતા હતા તે તરફ નહિ જતાં બીજીજ બાજુ લઈ ગયા. ત્યાં અત્યંત મનોહર લીલું લીલું ઘાસ હતું, તે ગાયોએ બહુ પ્રેમપૂર્વક ખાધું અને શ્રીયમુનાજીનું નિર્મળ સ્વચ્છ જળ પી લીધું. ગાયોનું તો પેટ ભરાઈ ગયું, પરંતુ ગોવાળના છોકરાઓ વ્રજ તરફ એકીટસે જોઈ રહ્યા હતા કે આજે અમારું ભાતું આવ્યું નથી ભાતું ક્યાંથી આવે? ગોપીઓ તો રોજ બીજી બાજુએ ભાતુ લઈ જતી હતી. આજે તેમણે ત્યાં જઈને વનમ ગાયોની ઘણી શોધ કરી, ક્યાંય પત્તો લાગ્યો નહિ; એટલે તેઓ ભાતું લઈને ઘેર પાછી આવી. આ તરફ બધા ગો ભૂખના માર્યા તરફડતા હતા. તે બધાએ સલાહ કરી નિશ્ચય કર્યો કે, કનુડા અને બલુડાને આ વાત કહેવી જોઈએ તેઓ અવસ્યજ કંઇ ને કંઈ ગોઠવણ કરશે. બધા ગોપ બાળકો વહાલથી ભગવાનને 'કનુડો' જ કહેતા હત અને બળદેવજીને 'બલુડો' કહીને બોલાવતા હતા. આ પ્રમાણે નિશ્ચય કરીને તેઓ ભગવાન પાસે જઈને કહે લાગ્યાઃ—"ભાઈ કનુડા! તેં અઘાસુર, બકાસુર, શકટાસુ વગેરે મોટા મોટા રાક્ષસોને વાત વાતમાં મારી નાખ્ય બાળકોના પ્રાણ હરનારી પૂતનાના શરીરમાંથી તેં ક્ષ વારમાં પ્રાણ ખેંચી લીધા, પરંતુ ભાઈ! તેં આ ર ભૂખને ના મારી. એ રાક્ષસી અમને બહુ દુઃખ દઈ ર છે. તેં અમારી સમયે સમયે રક્ષા કરી છે, અમારાં સં ટોને દૂર કર્યાં છે; આજે તું અમારી આ દુઃખથી પણ ર કર, અમને ખાવાને માટે કંઇક ક્યાંકથી લાવી આપ."

ગોપોની આ વાત સાંભળીને ભગવાન પોતાની ચો રફ જોવા લાગ્યા, પરંતુ તેમને ખાવાની કોઇ પણ ચી જણાઈ નહિ. તે વનમાં કૈથેનાં ઝાડ (તેને ખાટાં થાય છે) પણ નહોતાં. આ જોઈને ભગવાન કંઈક વિ રમાં પડી ગયા. જ્યારે તેમણે ઘણે દૂર દૃષ્ટિ નાખી,

[illegible] છે, અમે [illegible] અને [illegible] મોકલ્યા આવ્યા છીએ; અમને બધાને [illegible] ભૂખ લાગી છે. કૃપા કરીને અમને કંઈક ખાવાનું આપો." તેઓ તમને ભૂખ્યા જાણીને અવશ્ય-જ કંઈક ને કંઈક આપશે. [illegible] કરી જતા નહિ, અહીં [illegible] આવજો. [illegible] લઈને આવશું."

ભગવાને આ પ્રમાણે કહેવાથી ગોવાળો ને બ્રાહ્મણો પાસે ગયા. પ્રથમજ તેમણે યજ્ઞ કરનારા એ બ્રાહ્મણોને સાષ્ટાંગ પ્રણામ કર્યો અને યજ્ઞમંડપની બહારજ પોતપોતાની લાકડીને ટેકે ઉભા રહીને તેઓ દીનતાપૂર્વક કહેવા લાગ્યાઃ "હે ધર્મને જાણનારા બ્રાહ્મણો ! અમે શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રી બળદેવજીના મોકલેલા આપની પાસે આવ્યા છીએ. આ વખતે અમને બધાને ઘણી સખત ભૂખ લાગેલી છે, કૃપા કરીને જો આપની પાસે કંઈ ભોજન-સામગ્રી હોય તો અમને આપો, કે જેથી કૃષ્ણ-બળરામ સાથે અમે અમારી ભૂખને શાંત કરી શકીએ." ગોપોએ આવી પ્રાર્થના કરવા છતાં એ બ્રાહ્મણો ઉદાસીનજ રહ્યા. તેમણે ગોપોની વાત ઉપર ધ્યાનજ આપ્યું નહિ. જ્યારે તેમણે કેટલીયે વાર કહ્યું, ત્યારે તેમણે કડકાઈથી કહી દીધું કેઃ "તમે લોકો સાચેજ મૂર્ખ છો. અરે, દેવતાઓના ભાગમાંથી અમે તમને કેવી રીતે આપી શકીએ? ભાગી જાઓ, અહીં ખાવા-પીવાનું કંઈ નથી." બ્રાહ્મણોનો આ જવાબ સાંભળી બધા ગોપબાળકો દુઃખી થઈને ભગવાન પાસે પાછા આવ્યા અને ઉદાસ થઈને કહેવા લાગ્યાઃ- "ભાઈ કનૈયા ! તેં અમને કેવા નિર્દય બ્રાહ્મણો પાસે મોકલ્યા ! કંઈક આપવું-લેવું તો બાજુએ રહ્યું, પણ તેઓ તો અમારી સાથે પ્રેમપૂર્વક બોલ્યા પણ નહિ. તેમણે તો અમને ધમકાવીને યજ્ઞમંડપમાંથી નસાડી મૂક્યા."

ઓ આ સાંભળતાંજ પ્રેમને લીધે અધીરી થઇ ગઈ. શ્રી-રામ–કૃષ્ણ ભૂખ્યા બેઠા છે, એ સાંભળીને તો તેમની અધીરાઇનું ઠેકાણુંજ રહ્યું નહિ. જેમનાં દર્શનોની ઘણા ઘણા સમયથી તેમને ઇચ્છા હતી, જેમની મનોહર મૂર્તિનાં દર્શન માટે નેત્રો તરફડતાં હતાં, તેજ શ્રીકૃષ્ણ–બળરામ ભૂખ્યા છે અને ભોજનની વાટ જોઇ રહ્યા છે. આ વાતથી તેમને સુખમય દુઃખ જેવું થયું. તેઓ જલદીથી ભાત-ભાતનાં પકવાન્નો થાળીમાં પીરસીને શ્રીકૃષ્ણ પાસે જવાને તૈયાર થઇ ગઇ. તેમના પતિઓએ ઘણી મના કરી, પણ તેમણે તેમની એક પણ વાત સાંભળી નહિ અને પ્રેમમાં મસ્ત થતી જલદીથી શ્રીકૃષ્ણ પાસે પહોંચવાનો પ્રયત્ન કરવા લાગી.

તે સમયે ભગવાન બની ઠનીને ઠાઠમાઠપૂર્વક ઉભા ઉભા તે તરફ જોઇ રહ્યા હતા કે કોઇ આવે છે કે નહિ. ભગવાન વ્યાસદેવજીએ ઘણીજ સુંદરતાપૂર્વક ભગવાનના એ મધુર ગોપવેશનું સજીવ અને જીવતું જાગતું ચિત્ર દોર્યું છે. ભગવાનનો તે સમયે વેશ કેવો છે–"તેમનું શરીર નૂતન મેઘ–વાદળના જેવું શ્યામ રંગનું છે. તેના ઉપર તેમણે પીતામ્બર ધારણ કરેલું છે, ગળામાં વનમાળા શોભી રહી છે, મસ્તક ઉપર મોરનાં પીંછાંનો મનોહર મુકુટ શોભી રહ્યો છે, આખું શરીર લખવાની ખડી, ગેરૂ, પવિત્ર માટી, યમુનાની રજ વગેરે જાત જાતની ચીજોથી રંગી લીધું છે. કયાંક ગેરૂની રેખાઓ ખેંચી છે, કયાંક યમુનાની રજ ચોળી છે, કયાંક લખવાની ખડી ઘસીને તેનાં ટપકાં કર્યાં છે. આ પ્રકારે આખા શરીરને સજેલું છે. કાનોમાં જાતજાતનાં કોમળ પાન ખોસી રાખ્યાં છે. સુંદર નટના જેવો વેશ સજીને એક મિત્રના ખભા ઉપર હાથ રાખી ઉભા છે. તેમની કાળી કાળી વાંકડી લટો સુંદર ગોળ ગાલ ઉપર લટકે છે. મંદ મંદ હાસ્ય કરતા તેઓ એ તરફ જોઈ રહ્યા છે." ભગવાનના આવા મનોહર વેશને

જોઈને ક્યો સહૃદય પુરુષ પોતાની જાતને કાબુમાં રાખી શકે? આચાર્ય રત્નગર્ભનો કંઠ ઘણોજ કોમળ અને સુરીલો હતો. તેઓ ઘણી લહેરમાં આવીને પ્રેમમાં ગદ્‌ગદ્ થઈને આ શ્લોક બોલવા લાગ્યાઃ—

श्यामं हिरण्यपरिधिं वनमाल्यबर्ह—
धातुप्रवालनटवेषमनुव्रतांसे।
विन्यस्तहस्तमितरेण धुनानमब्जं
कर्णोत्पलालककपोलमुखाब्जहासम्॥
(શ્રીમદ્‌ભાગવત, ૫. ૧૦-૨૩-૨૨)

બસ, આ શ્લોક સાંભળતાંજ મહાપ્રભુ પ્રેમમાં ગાંડા જેવા થઈ ગયા. જોરથી જ્યાં બેઠા હતા, ત્યાંથી ઉછળી પડ્યા અને તેજ સમયે મૂર્છિત થઈને પૃથ્વી ઉપર પડી ગયા. તેમને નથી તો શરીરનું ભાન કે નથી તો સ્થળનું ભાન. તેઓ બેભાન પડ્યા પડ્યા જોરથી લાંબા લાંબા નિઃશ્વાસ નાખી રહ્યા હતા. થોડી વારમાં કહેવા લાગ્યાઃ— "આચાર્ય! મારા હૃદયમાં પ્રેમનો સંચાર કરો, કાનોમાં અમૃત ભરી દો, ફરીથી મને શ્લોક સંભળાવો. મારૂં હૃદય શીતળ થઈ રહ્યું છે. અહા–'श्यामं हिरण्यपरिधिम्' કેવા કેવા, હા, હા, ફરીથી સંભળાવો." આચાર્ય ફરીથી એજ લહકથી શ્લોક બોલવા લાગ્યાઃ—

श्यामं हिरण्यपरिधिं वनमाल्यबर्ह—
धातुप्रवालनटवेषमनुव्रतांसे।
विन्यस्तहस्तमितरेण धुनानमब्जं
कर्णोत्पलालककपोलमुखाब्जहासम्॥
(શ્રીમદ્‌ભાગવત, ૫. ૧૦-૨૩-૨૨)

બીજી વાર શ્લોક સાંભળ્યો કે શ્રી મહાપ્રભુ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. તેમનું રુદન સાંભળીને આસપાસના ઘણા માણસો ત્યાં આવી પહોંચ્યા. બધા પ્રભુની આવી દશા જોઈને ચકિત થઈ ગયા. આજ સુધી કોઈએ પણ પ્રેમ-

ને આવો આવેગ કોઈ પણ પુરુષમાં જોયો નહોતો. પ્રભુનાં કમળ સમાન નેત્રોની કોરોમાંથી શ્રાવણ–ભાદરવાના વરસાદની પેઠે શીતળ અશ્રુબિંદુઓ ટપકતાં હતાં. તેઓ પ્રેમમાં વિહ્વળ થઈને કહેતા હતા:–" વહાલા કૃષ્ણ ! ક્યાં છો ? મને હૃદય સાથે શા માટે લગાવી દેતા નથી? અહા ! તે બ્રાહ્મણપત્નીઓ ધન્ય છે કે જેમને નટનાગરનાં એવાં અદ્ભુત દર્શન થયાં હતાં." એમ કહેતાં કહેતાં પ્રભુએ પ્રેમાવેશમાં આવીને રત્નગર્ભને જોરથી આલિંગન કર્યું. પ્રભુના આલિંગનમાત્રથીજ રત્નગર્ભ ઉન્મત્ત થઈ ગયા. હજુસુધી તો એકજ પાગલને જોઈને લોકો આશ્ચર્યચકિત થતા હતા. હવે તો એકજ જગાએ બે પાગલ ભેગા થયા. રત્નગર્ભ કોઈ વાર જોરથી હસતા. કોઈ વાર રુદન કરતા અને કોઈ વાર પ્રભુનાં ચરણકમળોમાં પડીને પ્રેમની ભિક્ષા માગતા. કોઈ વાર રડતાં રડતાં ફરીથી એજ શ્લોક બોલવા લાગતા. રત્નગર્ભ જેમ જેમ શ્લોક બોલતા હતા, તેમ તેમ પ્રભુની વેદના વધારે ને વધારે વધતી જતી હતી. તેઓ શ્લોકના શ્રવણમાત્રથીજ વારંવાર મૂર્છિત થઈને પડી જતા હતા. રત્નગર્ભને કંઈ પણ ભાન નહોતું, તેઓ બેભાન થઈને શ્લોકનો પાઠ કરતા અને વચમાં વચમાં જોરથી રુદન પણ કરવા લાગતા. જેમ તેમ ગદાધર પંડિતે પકડીને રત્નગર્ભને શ્લોક બોલતા શાંત કર્યા. ત્યારે કેટલીક વાર પછી પ્રભુને કંઈક કંઈક બાહ્યજ્ઞાન થયું. કંઈક ભાન આવતાં બધા મળીને ગંગાસ્નાન કરવા ગયા અને પછી બધા પ્રેમમાં છકેલા જેવા પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. આ રીતે પ્રભુના પ્રેમના સર્વપ્રથમ કૃપાકિરણના અધિકારી રત્નગર્ભાચાર્યજ થયા. તેમનેજ પ્રભુની અસીમ અનુકંપાના સર્વપ્રથમ આદિ–અધિકારી સમજવા જોઈએ.

મને ખરીદી લીધો છે, હું તેમનો ખરીદાયલો દાસ-નોકર છું. કેમકે તેઓ પોતે ચરાચર પ્રાણીઓના સ્વામી છે, તેથી સ્વામીપણાના ભાવને પ્રદર્શિત કરવાને નિમિત્તે તેઓ ભક્ત અને બ્રાહ્મણોના પોતેજ દાસ હોવાનું સ્વીકારે છે, અને તેમની ચરણરજને પોતાના મસ્તક ઉપર ચઢાવવા માટે સદા તેમની પાછળ પાછળ ફર્યા કરે છે.

મહાપ્રભુ હવે ભાવાવેશમાં આવીને ભક્તોના ભાવોને પ્રગટ કરવા લાગ્યા. ભક્તોએ સમસ્ત લોકો પ્રત્યે અને ભગવદ્‌ભક્તો પ્રત્યે કેવા પ્રકારનું આચરણ કરવું જોઈએ, તેમનામાં ભાગવત પુરુષો પ્રત્યે કેટલી દીનતા, કેવી નમ્રતા હોવી જોઈએ, તેનું શિક્ષણ આપવા માટે તેઓ પોતે આચરણ કરીને લોકોને બતાવવા લાગ્યા. કારણકે તેઓ તો ભક્તિભાવના પ્રદર્શક ભક્તશિરોમણિ જ હતા. તેમનાં બધાં કાર્યો લોકમર્યાદાની સ્થાપના માટે થતાં હતાં. તેમણે મર્યાદાનું ઉલ્લંઘન કદી પણ કર્યું નથી; એ તો પ્રભુજીવનની એક મોટી વિશેષતા છે.

અધ્યાપકપણાનો અંત આવી ગયો, બાહ્ય-લૌકિક શાસ્ત્રો ભણવાં તથા ભણાવવાં બન્નેજ છૂટી ગયાં. હવે નથી તો પહેલાંના જેટલી ચંચળતા અને નથી તો શાસ્ત્રાર્થ તથા વાદવિવાદની ઉન્માદકારી ધૂન; હવે તો તેમના ઉપર બીજી જ ધૂન સવાર થયેલી છે, જે ધૂનમાં તેઓ બધાં સંસારી કાર્યોનેજ નહિ, પરંતુ પોતાની જાતને પણ ભૂલી ગયા છે. તેમના ભાવ અલૌકિક છે, તેમની વાતો ગૂઢ છે, તેમનું ચરિત્ર રહસ્યમય છે, હમેશાં સ્વાર્થમાંજ રચ્યા પચ્યા રહેનારા સંસારી મનુષ્યો તેમના ભાવોને સમજીજ શી રીતે શકે ? હવે તેઓ હમેશાં પ્રાતઃકાળે ગંગાસ્નાન માટે જવા લાગ્યા. રસ્તામાં જે કોઈ બ્રાહ્મણ, વૈષ્ણવ તથા વયોવૃદ્ધ પુરુષ મળતા તેમને નમ્રતાપૂર્વક પ્રણામ કરતા અને તેમના આશીર્વાદ ગ્રહણ કરતા.

ગંગાજી ઉપર જઈને તેઓ [illegible] વૈષ્ણવની ચરણ-

પુલિને પોતાના મસ્તક ઉપર ચઢાવતા, તેમને વંદન કરતા અને ભાવાવેશમાં આવીને કોઇ કોઈ વાર પ્રદક્ષિણા પણ કરવા લાગતા. ભક્તો તેમને જુદા જુદા આશીર્વાદ આપતા. કોઇ કહેતાઃ "ભગવાન કરે ને આપને ભગવાનની અનન્ય ભક્તિ પ્રાપ્ત થાઓ." કોઇ કહેતુંઃ "આપ પ્રભુના પરમ પ્રિય બનો." કોઇ કહેતુંઃ "શ્રીકૃષ્ણ તમારી બધી મનોકામનાઓ પૂર્ણ કરો." બધાના આશીર્વાદો સાંભળીને પ્રભુ તેમનાં ચરણોમાં પડતા અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગતા. રડતાં રડતાં કહેતાઃ "આપ સૌ વૈષ્ણવોના આશીર્વાદનોજ મને આશરો છે, મુજ દીનહીન કંગાલ ઉપર આપ સૌ કૃપા કરો. ભાગવત પુરુષ સ્વભાવે ઘણાજ કોમળ હોય છે. તેમનું હૃદય હમેશાં કરુણાથી ભરેલું હોય છે, તેઓ બીજાનાં દુઃખ જોઇને હમેશાં દુઃખી થયા કરે છે. મુજ દુખિયાના દુઃખને પણ દૂર કરો. મને શ્રીકૃષ્ણ સાથે મેળવી દો, મારી મનોકામના પૂર્ણ કરો, મારા શુભ સંકલ્પને સફળ બનાવો. એજ મારી આપ સર્વે વૈષ્ણવોનાં ચરણકમળોમાં વિનમ્ર પ્રાર્થના છે."

ઘાટ ઉપર બેઠેલા વૈષ્ણવોની મહાપ્રભુ કોઇ ને કોઈ પ્રકારે સેવા કરતા. કોઇને ચંદન ઘસી આપતા, કોઈનું ભીનું પોતિયું ધોઇ આપતા, કોઇના પાણીનો ઘડો ભરીને તેના ઘર સુધી પહોંચાડી આવતા, કોઇના મસ્તકમાં આંબળાં અને તેલ ઘસવા લાગતા. ભક્તોની સેવાશુશ્રૂષા કરવામાં તેઓ સૌથી વધારે સુખ અનુભવતા. વૃદ્ધ વૈષ્ણવો વિવિધ ઉપદેશ આપતા. કોઈ કહેતાઃ "નિરંતર કૃષ્ણકીર્તન કરતા રહેવું એજ એકમાત્ર સાર છે. તમારે શ્રીકૃષ્ણજ કહેવા જોઇએ. કૃષ્ણનાં મનોહર નામોનુંજ સ્મરણ કરતા રહેવું જોઇએ. શ્રીકૃષ્ણ-કથાઓ સિવાય બીજી કોઇ પણ સંસારી વાતો સાંભળવી જોઇએ નહિ. સમસ્ત જીવન શ્રીકૃષ્ણમયજ થઇ જવું જોઇએ. ખાતાં કૃષ્ણ, પીતાં કૃષ્ણ, ચાલતાં કૃષ્ણ, ઉઠતાં કૃષ્ણ, બેસતાં કૃષ્ણ, હસતાં કૃષ્ણ, રડતાં કૃષ્ણ-આ રીતે સદા કૃષ્ણ કૃષ્ણજ કહેતા રહેવું જોઇએ,

શ્રીકૃષ્ણનામામૃત સિવાય ઇન્દ્રિયોને કોઇ પ્રકારના બીજા આહારની આવશ્યકતાજ નથી. એનું પાન કરતાં કરતાં તે હંમેશાં અતૃપ્તજ રહ્યા કરશે.”

વૃદ્ધ વૈષ્ણવોના ઉપદેશ તેઓ શ્રદ્ધાપૂર્વક સાંભળતા, તેમને વંદન કરતા અને તેમની ચરણધૂલિને મસ્તકે ચઢાવતા તથા અંજન બનાવીને આંખોમાં આંજવા લાગતા. તેમની આવી ભક્તિ જોઇને વૈષ્ણવો કહેવા લાગતા: “કોણ કહે છે કે નિમાઇ પંડિત ગાંડા થઇ ગયા છે? તેઓ તો શ્રીકૃષ્ણપ્રેમમાં મસ્ત બનેલા છે. તેમને તો પ્રેમોન્માદ થયેલો છે. અહો! ધન્ય છે એમનાં માતાને કે જેમની કૂખેથી આવો સુપુત્ર ઉત્પન્ન થયો.” વૈષ્ણવો આ પ્રકારે તેમની પરસ્પરમાં પ્રશંસા કરવા લાગતા.

આ તરફ મહાપ્રભુની આવી વિચિત્ર દશા જોઇને શચી માતા મનમાં ને મનમાં ઘણાં દુઃખી થતાં. તે દીનભાવે ભગવાનને પ્રાર્થના કરતાં કે: “હે પ્રભો! આ વિધવાના એકમાત્ર આશ્રયને આપની કૃપાનો અધિકારી બનાવો. નાથ! આ સડસઠ વર્ષની અનાથ દુખિયણની દીન હીન દશા ઉપર ધ્યાન આપો. પતિ પરલોકવાસી થઇ ચૂક્યા છે, મોટો પુત્ર વલવલતી મૂકીને કોણ જાણે ક્યાંય ચાલ્યો ગયો છે. હવે આગળ પાછળ આજ મારો એકમાત્ર આધાર છે. આ આંધળી ડોશીની આ નિમાઇજ એક માત્ર લાકડી છે. આ લાકડીને આશરેજ એ સંસારમાં હરી ફરી શકે છે. હે અશરણશરણ! એને રોગમુક્ત કરો, એને સુંદર આરોગ્ય આપો.” ભલી ભોળી માતા સૌની આગળ પોતાનાં દુખડાં રડતી. રડતાં રડતાં કહેવા લાગતી: “કોણ જાણે નિમાઇને શુંયે થઇ ગયું છે; તે કોઇ વાર તો રડે છે, કોઇ વાર હસે છે, કોઇ વાર ગાય છે, કોઇ વાર નાચે છે, કોઇ વાર રડતાં રડતાં મૂર્છિત થઇને પડી જાય છે, કોઇ વાર જોરથી દોડવા લાગે છે અને કોઇ વાર કોઇ ઝાડ ઉપર ચઢી જાય છે.”

થવા લાગી. જેટલાં મોં હતાં તેટલાજ પ્રકારની વાતો પણ થતી હતી. જેના મનમાં જે આવતું તે પ્રકારની વાતો કહેતું. ઘણા તો કહેતાઃ "આવું ગાંડપણ તો અમે કોઈ વાર જોયું નથી." ઘણા કહેતાઃ "ખરેખર, ભાવ તો વિચિત્ર છે, કંઇ સમજ્યામાં આવતું નથી, કે ખરી વાત શું છે. ક્રિયાઓ તો ગાંડાઓના જેવી દેખાતી નથી. ચહેરાની કાંતિ વધારે ને વધારે દિવ્ય થતી જાય છે. તેમના દર્શન-માત્રથીજ હૃદયમાં આનંદની લહેરો ઉઠવા લાગે છે, અં-તઃકરણ ઉભરાવા લાગે છે. કોણ જાણે તેમની આકૃતિમાં શુંયે જાદુ ભરેલું છે. ગાંડાઓની તે કયાંય આવી દશા હોતી હશે?" કોઇ કોઇ આ વાતોનું ખંડન કરતાં કહેવા લાગતું:–"ગમે તે ભલેને હોય, પણ છે તો આ મગજ-નોજ રોગ. ગમે તે પ્રકારનો હોય પણ વાયુરોગ સિવાય બીજું કંઇજ નથી."

અમે પહેલેથીજ કહી ચૂકયા છીએ કે, શ્રીવાસ પંડિત પ્રભુના પૂજ્ય પિતાજીના પરમસ્નેહી અને સખા હતા, તેમની પત્ની માલતીદેવી સાથે શચી માતાને સહીપણાં હતાં. તેઓ બન્નેજ પ્રભુને પુત્રની પેઠે ચાહતી હતી. શ્રી-વાસ પંડિતને એ વાતનું હાર્દિક દુઃખ રહ્યા કરતું હતું કે, નિમાઈ પંડિત જેવા સમજુ અને વિદ્વાન પુરુષ ભગ-વદ્ભક્તિથી ઉદાસીનજ રહ્યા કર્યા છે, તેમના મનમાં હમેશાં એજ વાત રહ્યા કરતી કે, નિમાઇ પંડિત ગમે તેમ કરીને વૈષ્ણવ થઈ જાય તો વૈષ્ણવ ધર્મનો બેડો પારજ થઇ જાય. પછી વૈષ્ણવોની આજના જેવી દુર્દશા કદી ન થાય. પ્રભુના સંબંધમાં લોકોને મુખેથી જુદી જુદી વાતો સાંભળીને શ્રીવાસ પંડિતના મનમાં ભારે કુતૂહલ થયું, તેઓ આનંદ અને દુઃખની મિશ્રિત લાગણીઓપૂર્વક જાત જાતની વાતો વિચારવા લાગ્યા. કોઇ વાર તો તેઓ વિચા-રતા કે "સંભવ છે કે વાયુરોગજ ઉભરી આવ્યો હોય, આ શરીરનું ઠેકાણુંજ શું છે? શાસ્ત્રોમાં એને અનિત્ય અને નાશવંત કહ્યુંવેલું છે. રોગોનું તો તે ઘરજ છે."

વળી વિચારતા કે: "લોકોના મુખેથી જે લક્ષણો હું સાંભળું છું, તેવાં તો ભગવદ્ભક્તોમાંજ હોય છે, મારૂં હૃદય પણ અંદર અંદર કોઇ અજ્ઞાત સુખનોજ અનુભવ કરી રહ્યું છે. ગમે તે હો, જઇને તેમની દશા જોવી જોઇએ." એમ વિચારીને તેઓ પ્રભુની સ્થિતિ જોવા માટે પોતાને ઘેરથી ચાલી નીકળ્યા.

મહાપ્રભુ તે સમયે તુલસીક્યારામાં પાણી રેડીને તેમની પ્રદક્ષિણા કરી રહ્યા હતા. પિતા સમાન પૂજ્ય શ્રીવાસ પંડિતને જોઇને પ્રભુ તેમના તરફ દોડયા અને પ્રેમપૂર્વક તેમને ગળે લેટી પડયા. શ્રીવાસે પ્રભુનાં અંગોનો સ્પર્શ કર્યો. પ્રભુનાં અંગોના સ્પર્શમાત્રથીજ તેમના શરીરમાં જાણે વીજળી દોડી ગઈ. તેમના સમસ્ત શરીરમાં રોમાંચ થઇ આવ્યાં. તેઓ પ્રેમમાં લીન થઇને એકીટસે પ્રભુના મનોહર મુખ તરફજ જોવા લાગ્યા. પ્રભુએ તેમને આદરપૂર્વક લઇ જઇને અંદર બેસાડયા અને તેમના ખોળામાં પોતાનું મસ્તક મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. શચી માતા પણ શ્રીવાસ પંડિતને જોઇને એ સ્થળે આવી પહોંચ્યાં અને રોઇ રોઇને પ્રભુના રોગની વાતો સાંભળાવવા લાગ્યાં. પુત્રસ્નેહને લીધે તેમનું ગળું ભરાયેલું હતું, તે વાત પણ બરાબર કહી શકતાં નહોતાં. જેમ તેમ કરીને માતાએ શ્રીવાસ પંડિતને બધી વાતો સંભળાવી. એ બધું સાંભળીને ભાવાવેશમાં શ્રીવાસ પંડિતે કહ્યુ કે:–'જે આને વાયુરોગ કહે છે, તેઓ પોતેજ વાયુરોગથી પીડાય છે. તેમને શી ખબર કે આ એવો રોગ છે કે જેને માટે શિવ –સનકાદિ મોટા મોટા યોગીજનો તલસતા રહે છે. શચીદેવિ ! તમે મહાભાગ્યશાળી છો, કે તમારે ત્યાં આવો જગદ્‌વન્દ્ય પુત્રનો જન્મ થયો છે. આ બધાં તો પૂર્ણ ભક્તનાં ચિહ્નો છે."

શ્રીવાસ પંડિતની આવી વાતો સાંભળીને માતાને કંઇક સંતોષ થયો. અધીરભાવે પ્રભુએ શ્રીવાસ પંડિતને

કહ્યું:–" આજે આપનાં દર્શનથી પરમ શાંતિ થઈ. બધા લોકો મને વાયુરોગજ કહેતા હતા. હું પણ આને વાયુ-રોગજ સમજતો હતો અને મારે માટે વિષ્ણુપ્રિયા તથા માતાને જે દુઃખ થતું હતું, તેને લીધે મારૂં હૃદય ફાડુ ફાડુ થતું હતું. જો આજે આપ અહીં આવીને આ પ્રકારે મને આશ્વાસન ન આપત તો હું સાચેજ ગંગાજીમાં ડૂબી જઈને મારા પ્રાણ ત્યજી દેત. લોકો મારા સંબંધમાં જાત જાતની વાતો કરે છે."

ત્યારે શ્રીવાસ પંડિતે કહ્યું:–"મારૂં હૃદય વારંવાર કહી રહ્યું છે કે, આપના દ્વારા સંસારનો મહાભારે ઉદ્ધાર થશે. આપજ ભક્તોના એકમાત્ર આધાર અને આરાધના કરવા યોગ્ય બનશો. આપની આ અદ્વિતીય અને અલૌકિક મસ્તી જોઈને તો મને એમ થાય છે કે, અખિલ–કોટિ બ્રહ્માંડ-ના નાયક અનાદિપુરુષ શ્રી હરિજ આ અવનિ ઉપર ઉતરી આવીને અવિદ્યા અને અનિષ્ટ વિચારોનો નાશ કરતા કરતા ભગવન્નામનો પ્રચાર કરશે. સંભવ છે કે પ્રભુ આજ શરીર દ્વારા એ શુભ કાર્ય કરાવશે."

પ્રભુએ આતુરતાથી કહ્યું:–" હું આપના પુત્ર સમાન છું. વૈષ્ણવોનાં ચરણોમાં મને પ્રેમ થાય એવો આશીર્વાદ આપો. શ્રીકૃષ્ણકીર્તન સિવાય કોઈ પણ કાર્ય મને સારૂંજ ન લાગે એજ મારી અભિલાષા છે, હમેશાં પ્રભુ–પ્રેમમાં વ્યાકુળ થઈને હું રોયાજ કરૂં, એજ મારી હાર્દિક ઈચ્છા છે."

શ્રીવાસ પંડિતે કહ્યું:–" આપજ એવો આશીર્વાદ આપો કે જેથી આ પ્રકારનું થોડું ઘણું ગાંડપણ મને પણ પ્રાપ્ત થઈ શકે. હું પણ આપની પેઠે પ્રેમમાં પાગલ બનીને ઉન્મત્તોની પેઠે નૃત્ય કરવા લાગું.

આ પ્રકારે ઘણી વાર સુધી એ બન્ને મહાપુરુષોમાં વિશુદ્ધ અંતઃકરણની વાતો થતી રહી. અંતે પ્રભુની રજા લઈને શ્રીવાસ પંડિત પોતાને ઘેર ચાલ્યા ગયા.

अद्वैताचार्य अने तेमनो संदेह

अर्चयित्वा तु गोविन्दं तदीयान्नार्चयन्तु यः ।
न स भागवतो ज्ञेयः केवलं दाम्भिकः स्मृतः ॥
(तस्मात्सर्वप्रयत्नेन वैष्णवान्पूजयेत्सदा)

(વિષ્ણુપુરાણ)

અર્થાત્ જે ભગવાનની પૂજા કરે છે, પરંતુ ભગવદ્‌ભક્ત વૈષ્ણવોની પૂજા નથી કરતા તેઓ ખરી રીતે ભક્ત નથી, તેમને તો દંભીજ ગણવા જોઈએ. ભગવાન તો ભક્તોનીજ પૂજાથી અત્યંત સંતુષ્ટ થાય છે, તેથી સર્વ પ્રયત્ને વૈષ્ણવોનીજ પૂજા કરવી જોઈએ.

ભગવાન તો પ્રાણીમાત્રના હૃદયમાં વિરાજમાન છે, સમાનરૂપે સંસારના અણુ-પરમાણુમાં વ્યાપેલા છે, પરંતુ પાત્રભેદને લીધે તેમની પ્રાપ્તિ ભિન્નભિન્ન પ્રકારે થાય છે. ભગવાન નિશાનાથ-ચંદ્રનાં કિરણો બધી વસ્તુઓ ઉપર એકસરખાંજ પડે છે. પથ્થર, માટી, ઘડા ને વસ્ત્ર ઉપર પણ તેજ કિરણો પડે છે અને કાચ તથા ચંદ્રકાન્તમણિ ઉપર પણ એજ કિરણોનો પ્રભાવ પડે છે. માટી તથા પથ્થરમાં ચંદ્રમાની અસર જણાતી નથી. ત્યાં ઘોર અંધકારને લીધે તે અવ્યક્તજ રહે છે; પરંતુ સ્વચ્છ અને નિર્મળ ચંદ્રકાન્તમણિ ઉપર તેમની કૃપાનાં થોડાં કિરણ પડતાંજ તેની વિચિત્ર દશા થઈ જાય છે. તે લોકસુખકારી ભગવાન નિશાનાથની થોડીજ કૃપા પામતાં તેનું હૃદય પીગળવા લાગે છે અને તે દ્રવીભૂત થઈને વહેવા લાગે છે. આથી ચંદ્રદેવ તેના ઉપર વધારે ને વધારે પ્રેમ કરવા લાગે છે. આ કારણથી તેનું નામજ ચંદ્રકાન્તમણિ પડી ગયું છે. તેનો ચંદ્રમા સાથે નિત્યનો કાયમ સંબંધ થઈ

સ્વપ્નમાં [illegible] મહાપુરુષ
[illegible] અદ્વૈત!
[illegible] અર્થે આ
[illegible] જે ઇચ્છાથી
તું [illegible] કરતો હતો,
તારી તે [illegible] તરતજ પ્રકટ
થઈશ. હવે તમારે [illegible] આશ્વાસન દેવું
પડશે નહિ. હવે [illegible] નામસંકીર્તન શરૂ
કરી દઈશ, જેના [illegible] ધ્વનિથી આઠે દિશાઓ
ગાજી ઉઠશે.' આટલું કહ્યા પછી તે મહાપુરુષે પોતાનું
સાચું સ્વરૂપ દેખાડ્યું. તેઓ બીજા કોઈ નહોતા, શચી-
નંદન વિશ્વંભરજ મને આ વાતો કહી રહ્યા હતા. જ્યારે
તેમના મોટા ભાઈ વિશ્વરૂપ મારી પાઠશાળામાં ભણતા
હતા, ત્યારે તેઓ તેમને બોલાવવા માટે મારે ત્યાં આવ્યા
કરતા હતા. તેમને દેખતાંજ મારૂં મન કોઈ કોઈ વાર
તેમના તરફ ખેંચાતું હતું. ત્યારે હું સમજતો હતો કે,
મારી મનોકામનાઓ તેમના દ્વારા પૂર્ણ થશે. આજે સ્વપ્ન-
માં તેમને જોઈને તો આ વાત સ્પષ્ટજ થઈ ગઈ. આટલું
કહેતાં કહેતાં વૃદ્ધ આચાર્યનું હૃદય ભરાઈ આવ્યું. તેઓ
ધ્રૂસકે ધ્રૂસકે બાળકની પેઠે રુદન કરવા લાગ્યા. ભગવાનની
ભક્તવત્સલતાનું સ્મરણ કરીને તેઓ ડૂસકાં ભરી ભરીને
રડતા હતા, તેમની આવી દશા જોઈને અન્ય વૈષ્ણવોની
આંખોમાંથી પણ આંસુ નીકળવા લાગ્યાં. બધાનું હૃદય
પ્રેમથી ભરાઈ આવ્યું. બધા વૈષ્ણવો પોતાના આ ભાવિ
આચાર્યનું સ્મરણ કરીને આનંદસાગરમાં ડૂબકાં ખાવા
લાગ્યા. આ પ્રમાણે ઘણી ઘણી વાતો થયા પછી બધા વૈ-
ષ્ણવો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આ તરફ મહાપ્રભુની દશા હવે વળી વિશેષ વિચિત્ર
થવા લાગી. તેમને હવે શ્રીકૃષ્ણક[illegible] ષ્ણવોના સત્સંગ
સિવાય બીજો વિષય રુચિક[illegible]
મેશાં ગદાધર યા બીજા [illegible]

ગયો છે. તે નિશાનાથથી ભિન્ન નથી. નિશાનાથના ગુણોનો તેનામાં સમાવેશ થઈ જાય છે, એજ પ્રમાણે ભક્તોના હૃદયમાં ભગવાનની કૃપાનાં કિરણ પડતાંજ તે પીગળવા લાગે છે. ચંદ્રકાંતમણિ તો કદાચ ચંદ્રમાનાં કિરણોથી અસ્તિત્વમાં રહે પણ ખરો, પરંતુ ભક્તોના હૃદયનું પછી અસ્તિત્વ નથી રહેતું, તે કૃપા–કિરણ પડતાંજ પીગળી પીગળીને પ્રભુના પ્રેમામૃતસમુદ્રમાં જઈને તદ્રૂપ થઈ જાય છે. એજ ભક્તોની વિશેષતા છે. ત્યારે તો ગોસ્વામી તુલસીદાસજીએ એટલે સુધી કહી નાખ્યું છે કેઃ—

મોરે મન પ્રભુ અસ વિશ્વાસા, રામતેં અધિક રામકર દાસા.

ભગવદ્‌ભક્તોનો મહિમાજ એવો છે, ભક્તોને ઓળખવા માટે પણ પ્રભુની કૃપાનીજ આવશ્યકતા છે. જેના ઉપર ભગવાનની કૃપા નથી, તે ભક્તોના મહિમાને ભલા સમજીજ શું શકે? જેના હૃદયમાં એ રસરાજના રસામૃતમય એક બિંદુનો પણ પ્રવેશ થયો નથી, અને જેનામાં તેને ગ્રહણ કરવાની સહેજ પણ શક્તિ નથી, તે રસિકતાના મર્મને સમજીજ કેમ કરીને શકે? તેથી રસિકશિરોમણિ ભગવત રસિકજી કહે છે કેઃ—

'ભગવત-રસિક' રસિક કી બાતેં,
રસિક બિના કોઉ સમુઝિ સકે ના.'

મહાપ્રભુના નવા પ્રેમની ચર્ચા નદિયાનાં બધાં સ્થાનોમાં વિવિધ પ્રકારે થઇ રહી હતી, તે સમયે બધા વૈષ્ણવો શ્રી અદ્વૈતાચાર્યજીને ત્યાં એકઠા થતા હતા. અદ્વૈતાચાર્યના ઘરને વૈષ્ણવોનો અખાડોજ કહેવો ઠીક છે. ત્યાં બધા પ્રસિદ્ધ પ્રસિદ્ધ વૈષ્ણવરૂપી પહેલવાન એકત્રિત થઇને ભક્તિતત્ત્વરૂપી યુદ્ધનો અભ્યાસ કર્યા કરતા હતા. પ્રભુની પ્રાપ્તિ માટે જાતજાતના દાવપેચોની એ અખાડામાં ચર્ચાઓ તથા સમાલોચનાઓ થયા કરતી અને સદા એ વાતનો વિચાર થતો કે, દુરાચારરૂપી પ્રબળ શત્રુને કોનાથી પછાડી શકાય છે? વૈષ્ણવો પોતાના બળનો વિચાર કરતા અને પોતાની આવી દુર્દશા ઉપર આંસુ પણ સારતા. મહાપ્રભુના

નવીન [illegible]
લાગ્યો. [illegible] આપના [illegible]
ઈ પંડિતને [illegible]
પૂર્ણરૂપે પ્રકાશ થઈ રહ્યો છે, [illegible]
લૌકિક છે, તેમના મુખના [illegible]
તેઓ પ્રેમનાજ ઉન્માદમાં [illegible]
પણ કારણ નથી, પરંતુ કેટલાક [illegible]
પક્ષમાં હતા. તેઓ કહેતા હતા કે, નિમાઈ પંડિતની [illegible]
એકાએક આવી દશા શી રીતે થઈ ગઈ! [illegible]
તેઓ દેવી, દેવતા અને બાહ્ય વસ્તુઓની [illegible]
હતા. અકસ્માત્ તેમનામાં આ પ્રકારનું પરિવર્તન [illegible]
અસંભવિતજ છે. જરૂર, તેમને એજ સ્થળે વાયુરોગ [illegible]
થઈ આવ્યો છે. તેમની બધી ચેષ્ટાઓ-ક્રિયાઓ [illegible]-
ઓના જેવીજ છે.

એ બધાની વાતો સાંભળીને શ્રીમાન અદ્વૈતાચાર્ય-
જીએ બધાને સંબોધન કરતાં ગંભીરતાપૂર્વક કહ્યું: "ભાઈ-
ઓ! આપ જે નિમાઈ પંડિતના સંબંધમાં વાતો કરી
રહ્યા છો, તેમના સંબંધમાં મારો પોતાનો પણ અનુભવ
સાંભળી લ્યો. તમને બધાને ખબર તો છેજ કે, હું ભગ-
વાનને પ્રકટ કરવા માટે હમેશાં ગંગાજળ અને તુલસીથી
શ્રીકૃષ્ણની પૂજા કર્યા કરૂં છું. ગૌતમીય તંત્રના આ વાક્ય
ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે:-

तुलसीदलमात्रेण जलस्य चुलुकेन वा ।
विक्रीणीते स्वमात्मानं भक्तेभ्यो भक्तवत्सलः ॥

અર્થાત્ ભગવાન એટલા દયાળુ છે કે તેઓ ભક્તિ-
પૂર્વક અર્પેલા એક અંજલિ જેટલા જળ તથા એક તુલસી-
ના પાન દ્વારાજ પોતાના આત્માને ભક્તોને ખાતર આપી દે
છે. આ વાક્ય ઉપર શ્રદ્ધા રાખીને હું તમને વારંવાર આ-
શ્વાસન આપ્યા કરતો હતો. કાલે શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો
એક શ્લોક મારા સમજવામાંજ આવ્યો નહિ. એ ચિંતામાં ને
ચિંતામાં રાત્રે હું ભોજન લીધા વિનાજ સૂઈ ગયો હતો.

સ્વપ્નમાં જોઉં છું તો એક ગૌર વર્ણના તેજસ્વી મહાપુરુષ મારી પાસે આવ્યા અને મને કહેવા લાગ્યાઃ–"અદ્વૈત! જલદી ઉઠ, જે શ્લોકમાં તને શંકા હતી, તેનો અર્થ આ પ્રમાણે છે. હવે તારી મનોકામના પૂર્ણ થઈ. જે ઇચ્છાથી તું હમેશાં ગંગાજળ ને તુલસી વડે મારૂં પૂજન કરતો હતો, તારી તે ઇચ્છા હવે સફળ થઇ ગઇ. હું હવે તરતજ પ્રકટ થઇશ. હવે તમારે ભક્તોને વધારે દિવસો આશ્વાસન દેવું પડશે નહિ. હવે હું થોડાજ દિવસોમાં નામસંકીર્તન શરૂ કરી દઇશ, જેના ઘનઘોર તુમુલ ધ્વનિથી આઠે દિશાઓ ગાજી ઉઠશે.' આટલું કહ્યા પછી તે મહાપુરુષે પોતાનું સાચું સ્વરૂપ દેખાડયું. તેઓ બીજા કોઈ નહોતા, શચીનંદન વિશ્વંભરજ મને આ વાતો કહી રહ્યા હતા. જ્યારે તેમના મોટા ભાઇ વિશ્વરૂપ મારી પાઠશાળામાં ભણતા હતા, ત્યારે તેઓ તેમને બોલાવવા માટે મારે ત્યાં આવ્યા કરતા હતા. તેમને દેખતાંજ મારૂં મન કોઇ કોઈ વાર તેમના તરફ ખેંચાતું હતું. ત્યારે હું સમજતો હતો કે, મારી મનોકામનાઓ તેમના દ્વારા પૂર્ણ થશે. આજે સ્વપ્નમાં તેમને જોઈને તો આ વાત સ્પષ્ટજ થઈ ગઈ. આટલું કહેતાં કહેતાં વૃદ્ધ આચાર્યનું હૃદય ભરાઈ આવ્યું. તેઓ ધ્રૂસકે ધ્રૂસકે બાળકની પેઠે રુદન કરવા લાગ્યા. ભગવાનની ભક્તવત્સલતાનું સ્મરણ કરીને તેઓ ડૂસકાં ભરી ભરીને રડતા હતા, તેમની આવી દશા જોઇને અન્ય વૈષ્ણવોની આંખોમાંથી પણ આંસુ નીકળવા લાગ્યાં. બધાનું હૃદય પ્રેમથી ભરાઇ આવ્યું. બધા વૈષ્ણવો પોતાના આ ભાવિ આચાર્યનું સ્મરણ કરીને આનંદસાગરમાં ડૂબકાં ખાવા લાગ્યા. આ પ્રમાણે ઘણી ઘણી વાતો થયા પછી બધા વૈષ્ણવો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આ તરફ મહાપ્રભુની દશા હવે વળી વિશેષ વિચિત્ર થવા લાગી. તેમને હવે શ્રીકૃષ્ણકથા અને વૈષ્ણવોના સત્સંગ સિવાય બીજો વિષય રુચિકરજ જણાતો નહોતો. તેઓ હમેશાં ગદાધર વા બીજા કોઇ ભક્તની સાથે ભગવત્ચર્ચાજ

ર્યો કરતા હતા. એક દિવસ પ્રભુએ ગદાધર પંડિતને કહ્યું: "ગદાધર! આચાર્ય અદ્વૈત પરમ ભાગવત વૈષ્ણવ છે, તેઓજ નવદ્વીપના ભક્ત વૈષ્ણવોના શિરોમણિ અને આશ્રયદાતા છે, આજે તેમને ત્યાં જઇને તેમની ચરણ-ધૂલિથી આપણે આપણી જાતને પાવન કરવી જોઇએ."

પ્રભુની એવી ઈચ્છા જાણીને ગદાધર તેમને સાથે લઇને અદ્વૈતાચાર્યજીને ઘેર ગયા. તે સમયે સિત્તેર વર્ષની ઉંમરવાળા વૃદ્ધ આચાર્ય ઘણી શ્રદ્ધાપૂર્વક તુલસીપૂજન કરી રહ્યા હતા. આચાર્યના માથાના બધા વાળ ધોળા થઇ ગયા હતા. તેમના તેજસ્વી મુખમંડળ ઉપર એક પ્રકારનું અપૂર્વ તેજ વિરાજમાન હતું. તેઓ પોતાના કર-ચલીઓવાળા મુખથી શુદ્ધતાપૂર્વક ગંભીર સ્વરે સ્તોત્રનો પાઠ કરતા હતા. મુખમાંથી ભગવાનની સ્તુતિના મધુર શ્લોકો ઉચ્ચારાતા હતા અને આંખોમાંથી અશ્રુઓની ધારા વહેતી હતી. એ પરમ ભાગવત વૈષ્ણવના આવા અપૂર્વ ભક્તિભાવને જોઇને પ્રભુ પ્રેમમાં ગદ્ગદ્ થઈ ઉઠયા. તેમને ભાવાવેશમાં શરીરની કંઇ પણ સુધબુધ ન રહી. તેઓ મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર બેભાન થઇને પડી ગયા.

અદ્વૈતાચાર્યે જ્યારે પોતાની સમક્ષ પોતાના ઇષ્ટદેવને મૂર્છિત દશામાં પડેલા જોયા, ત્યારે તો તેમના આનંદની સીમાજ ન રહી. સામે રાખેલી પૂજનની થાળીને ઉપાડીને તેમણે પ્રભુનાં કોમળ ચરણકમળોની અક્ષત, ધૂપ, દીપ, નૈવેદ્ય અને પત્રપુષ્પોથી વિધિપૂર્વક પૂજા કરી. એ આટલા સમર્થ જ્ઞાની વૃદ્ધ મહાપુરુષને એક બાળકના ચરણોની પૂજા કરતા જોઇ આશ્ચર્યચકિત થઇ ગદાધરે તેમને કહ્યું કે "આચાર્ય! આપ આ શો અનર્થ કરી રહ્યા છો? આટલા મહાન જ્ઞાની, પ્રતિષ્ઠાવાળા અને વયોવૃદ્ધ પંડિત થઇને આપ એક બાળકના ચરણોની પૂજા કરીને તેના ઉપર પાપ ચઢાવી રહ્યા છો."

ગદાધરની આવી વાતો સાંભળીને હસતાં હસતાં આચાર્ય અદ્વૈતે ઉત્તર આપ્યોઃ-"ગદાધર! તું થોડા દિવસો

श्रीकासने घेर संकीर्तन

चेतोदर्पणमार्जनं भवमहादावाग्निनिर्वापणं
श्रेयः कैरव चन्द्रिकावितरणं विद्यावधूजीवनम् ।
आनन्दाम्बुधिवर्द्धनं प्रतिपदं पूर्णामृतास्वादनं
सर्वात्मस्नपनं परं विजयते श्रीकृष्णसंकीर्तनम् ॥

(પદ્યાવલી અ. ૧૦)

અર્થાત્ જે શ્રીકૃષ્ણ-સંકીર્તન ચિત્તરૂપી દર્પણને સાફ કરનાર છે, ભવરૂપી મહાદાવાગ્નિનું શમન કરનાર છે, શ્રેયો-ના કલ્યાણરૂપી શ્વેત ચાંદની આપનાર છે, વિદ્યારૂપી વધૂનું જીવન છે, આનંદરૂપી સાગરની વૃદ્ધિ કરનાર છે, પ્રત્યેક પગલે પૂર્ણામૃતરસ પાનાર છે અને જે સર્વ પ્રકારે શીતળ-સ્વરૂપ છે તેનો વિશેષ પ્રકારે જય થાઓ.

સમસ્ત સંસાર એક અજાણ્યા આકર્ષણને અધીન થઈનેજ બધો વહેવાર કરી રહ્યો છે. અગ્નિ સૌને ગરમ લાગે છે. જળ બધાને શીતળજ જણાય છે. ઠંડી ગરમી પડતાં તેના સુખ-દુઃખનો અનુભવ પ્રાણીમાત્રને થાય છે. એ તો અવશ્ય છે કે, સ્થિતિભેદથી તેના અનુભવમાં ઓછા-વત્તાપણું આવી જાય. કોઈ ને કોઈ રૂપમાં અનુભવ તો બધા કરેજ છે.

આ જીવનું મૂળ ઉત્પત્તિસ્થાન આનંદજ છે. આનંદને પુત્ર હોવાથી તે સદા આનંદનીજ શોધ કરતો રહે છે. ' સદા આનંદમાંજ રહ્યા કરું ' એ તેની સ્વાભાવિક ઇચ્છા હોય છે, અને હોવી પણ જોઈએ. કારણકે પિતાના ગુ

પછી આ બાળકની મહત્તાને સમજવા લાગશે. બધા વૈષ્ણવો તેમનાં ચરણોની પૂજા કરીને પોતાને કૃતકૃત્ય માન્યા કરશે. હમણાં તમે મારા આ કાર્યને જોઇને આશ્ચર્ય પામો છો, પણ સમય જતાં તમારો ભ્રમ આપોઆપજ દૂર થઇ જશે."

એટલામાં પ્રભુને કંઈક બાહ્યજ્ઞાન થયું. ચેતન પ્રાપ્ત થતાંજ તેમણે આચાર્યના ચરણ પકડી લીધા અને તેઓ રડતા રડતા કહેવા લાગ્યાઃ–" પ્રભો ! હવે મારો ઉદ્ધાર કરો. મેં આપનો ઘણો સમય વ્યર્થ બકવાદમાંજ બરબાદ કર્યો છે. હવે તો મને આપનાં ચરણોમાં શરણે લ્યો. હવે તો મને પ્રેમનું થોડું ઘણું તત્ત્વ સમજાવો. હું આપને શરણે આવ્યો છું, આપ મારૂં રક્ષણ કરી શકો તેમ છો."

પ્રભુની આ પ્રકારની દીનતાભરી પ્રાર્થના સાંભળીને આચાર્ય આભાજ બની ગયા અને કહેવા લાગ્યાઃ " પ્રભો ! હવે મારી આગળ આપની જાતને ન છુપાવો. આટલા દિવસ સુધી તો છુપાયલા છુપાયલા રહ્યા, હવે વધારે ક્યાં સુધી છુપાયલા રહેવાની ઇચ્છા છે ? હવે તો આપને પ્રકાશમાં આવવાનો સમય આવી પહોંચ્યો છે."

પ્રભુએ દીનતાપૂર્વક કહ્યુંઃ " આપજ અમારા માતાપિતા તથા ગુરુ છો. આપનો જ્યારે અનુગ્રહ થશે ત્યારે હું શ્રીકૃષ્ણપ્રેમ પ્રાપ્ત કરી શકીશ. આપ એવો આશીર્વાદ આપો કે, હું વૈષ્ણવોનો સાચો સેવક બની શકું."

આ પ્રમાણે ઘણી વાર સુધી પરસ્પરમાં બન્ને બાજુથી દીનતાપૂર્ણ વાતો થતી રહી. અંતે પ્રભુ ગદાધર સાથે પોતાને ઘેર ચાલ્યા ગયા. આ તરફ અદ્વૈતાચાર્યે વિચાર્યું કે " તેઓ મને છેતરવા ઇચ્છે છે. જો સાચેજ મારૂં સ્વપ્ન સાચું હશે અને તેઓજ રાત્રિવાળા મહાપુરુષ હશે, તો સંકીર્તનસમયે મને આપોઆપજ પોતાની પાસે બોલાવી લેશે. હવે મારે નવદ્વીપમાં રહેવું બરાબર નથી." એમ વિચારીને તેઓ નવદ્વીપ છોડીને શાંતિપુરના પોતાના ઘરમાં જઇને રહેવા લાગ્યા.

श्रीभगवन्नाम पर संकीर्तन

चेतोदर्पणमार्जनं भवमहादावाग्निनिर्वापणं
श्रेयःकैरवचन्द्रिकावितरणं विद्यावधूजीवनम् ।
आनन्दाम्बुधिवर्द्धनं प्रतिपदं पूर्णामृतास्वादनं
सर्वात्मस्नपनं परं विजयते श्रीकृष्णसंकीर्तनम् ॥

(શિક્ષાષ્ટક શ્લો. ૧)

અર્થાત્ જે શ્રીકૃષ્ણ-સંકીર્તન ચિત્તરૂપી દર્પણને સાફ કરનાર છે, ભવરૂપી મહાદાવાગ્નિનું શમન કરનાર છે, જીવના કલ્યાણરૂપી શ્વેત ચાંદની આપનાર છે, વિદ્યારૂપી વધૂનું જીવન છે, આનંદરૂપી સાગરની વૃદ્ધિ કરનાર છે, પ્રત્યેક પગલે પૂર્ણામૃતરસ પાનાર છે અને જે સર્વ પ્રકારે શીતળ-સ્વરૂપ છે તેનો વિશેષ પ્રકારે જય થાઓ.

સમસ્ત સંસાર એક અજાણ્યા આકર્ષણને અધીન થઈનેજ બધો વહેવાર કરી રહ્યો છે. અગ્નિ સૌને ગરમ લાગે છે. જળ બધાને શીતળજ જણાય છે. ઠંડી ગરમી પડતાં તેના સુખ-દુઃખનો અનુભવ પ્રાણીમાત્રને થાય છે. એ તો અવશ્ય છે કે, સ્થિતિભેદથી તેના અનુભવમાં ઓછા-વત્તાપણું આવી જાય. કોઇ ને કોઈ રૂપમાં અનુભવ તો બધા કરેજ છે.

આ જીવનું મૂળ ઉત્પત્તિસ્થાન આનંદજ છે. આનંદનો પુત્ર હોવાથી તે સદા આનંદનીજ શોધ કરતો રહે છે. 'હું સદા આનંદમાંજ રહ્યા કરૂં' એ તેની સ્વાભાવિક ઇચ્છા હોય છે, અને હોવી પણ જોઇએ. કારણકે પિતાના ગુણ

ગુરુમાં સ્વતઃજ [illegible] છે તેથી [illegible] ગયાને કારણે તે આનંદમાંજ [illegible] છે અને અંતે આનંદમાંજ [illegible] છે જેમનું એક બિંદુ સમુદ્રથી જુદું પડે છે. જુદું પડીને નદીને મળીને [illegible] માં ભ્રમણ કરી આવે, પરંતુ અંતે તેને સર્વેથી ફરીને સમુદ્રમાંજ આવવું પડશે. સમુદ્ર સિવાય તેની બીજી ગતિજ નથી. વરાળ બનીને તે વાદળોમાં જશે. વાદળોમાંથી વરસાદ થઇને પૃથ્વી ઉપર પડશે. પૃથ્વી ઉપરથી વહીને તળાવમાં જશે, તળાવમાંથી નાની નદીમાં જશે. તેમાંથી વળી મોટી નદીમાં એજ પ્રમાણે મહાનદના પ્રવાહમાં ભળી જઇને તે સમુદ્રમાંજ પહોંચી જશે. કોઈ કોઈ વાર નાનકડા તળાવની સોબતમાં તેનામાં દુર્ગંધી પણ જણાવા લાગશે, પરંતુ ચોમાસાની મહાભરતીમાં તે ગંદી દુર્ગંધી સાફ થઈ જશે અને તે ભારે વેગપૂર્વક પોતાને નિર્દિષ્ટ સ્થાને પહોંચી જશે.

મનન કરનારા પ્રાણીઓનાં મન એક જેવાંજ હોય છે, સર્વત્ર તેની ગતિ એકજ પ્રકારે ચાલ્યા કરે છે. સમસ્ત શરીરમાં ચિત્તની વૃત્તિઓ કોઇએક નક્કી કરેલા નિયમ અનુસારજ કાર્ય કરે છે. જીવનું મુખ્ય લક્ષ્ય પોતાના પ્રિયતમ પાસે જઇને તેને મળવાનું છે. તેને વહાલાની પાસે પહોંચ્યા વિના શાંતિ થતી નથી. પછી ત્યાં જઇને તેના બનીને રહેવું કે તેનામાં પોતે ભળી જવું, એ તો પોતપોતાના ભાવો ઉપર આધાર રાખે છે. ગમે તે ભલેને હોય, પાસે તો પહોંચવુંજ જોઇશે–મળવું તો જોઇશેજ. મેળાપ ત્યારે થઈ શકે કે જ્યારે ચિત્તની વૃત્તિઓને રોકી શકાય. મન ઘણુંજ ચંચળ છે, એકાંતમાં તે વધારે ને વધારે ઉપદ્રવ કરવા લાગે છે, તેથી તેને રોકવાનો એક સરળ ઉપાય એ છે કે, જેમણે પૂર્વજન્મોના શુભ સંસ્કારથી સાધન કરીને યા તો ભગવત્કૃપા પામીને પોતાની ચિત્તવૃત્તિઓનો થોડો ઘણો અથવા સંપૂર્ણ નિરોધ કરી લીધેલો છે, તેમના ચિત્તની સાથે પોતાના ચિત્તને જોડી દેવું જોઇએ.

કારણકે સજાતીય વસ્તુ પોતાની સજાતીય વસ્તુ પ્રત્યે જલદીથી આકર્ષાય છે. તેથી સત્સંગ અને સંકીર્તન-ભજનનો આટલો બધો મહિમા ગાવામાં આવ્યો છે. જો એક ઉદ્દેશથી એકમન અને એકચિત્ત થઈને કોઈ પણ સાધન કરવામાં આવે, તો અલગ અલગ સાધન કરવા કરતાં તેની મહત્તા હજારોગણી વધી જાય છે. અને ખાસ કરીને આ આવા ઘોર કળિયુગના સમયમાં જ્યારે બધા ખાદ્ય પદાર્થો ભાવ-દોષથી દૂષિત થઈ ગયેલા છે, તથા વિચારદોષથી ગિરિ-શિખર, એકાંતસ્થાન વગેરે બધાં સ્થાનોનું વાયુમંડળ દૂષિત થઈ ગયું છે, એવા ભયંકર સમયમાં સત્પુરુષોનાં સમૂહમાં રહીને નિરંતર પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણ-સંકીર્તન કરતા રહેવું એજ સર્વશ્રેષ્ઠ સાધન છે. સ્મૃતિઓમાં પણ એજ વાક્ય જોવામાં આવે છે કે 'संघे शक्तिः कलौ स्मृता' કળિયુગમાં સર્વ પ્રકારનાં સાધન સંઘશક્તિથીજ ફળીભૂત થઈ શકે છે અને કળિયુગમાં 'कलौ केशवकीर्तनात्' અર્થાત્ કેશવ-કીર્તનજ સર્વશ્રેષ્ઠ સાધન છે. તેથી એ બધી વાતોથી એજ સિદ્ધ થાય છે કે, કળિકાળમાં બધા લોકો એકચિત્ત અને એકમનથી એકાંત સ્થાનમાં નિરંતર કેશવ-કીર્તન કરે તો પ્રત્યેક સાધકને પોતપોતાના સાધનમાં એક-બીજા તરફથી ઘણી વધારે મદદ મળી શકે છે. આ બધું સમજી વિચારીને તો સંકીર્તનાવતાર શ્રી ચૈતન્યદેવે સંકીર્તનનો પાયો નાખ્યો. તેઓ આટલા બધા ભાવાવેશમાં આવીને પણ વનમાં ભાગી ગયા નહિ. એ પ્રેમોન્માદની અવસ્થામાં કે જ્યારે ઘરબાર ઝાંઈઝાંકુ બધું ભૂલાઈ જાય છે, ત્યારે તેઓ લોકોમાંજ રહીને શ્રીકૃષ્ણકીર્તન કરતા રહ્યા અને પોતાના આચરણથી લોકશિક્ષણ આપતા આપતા જગતના ઉદ્ધારના કાર્યમાં એકરૂપ જેવા જ થઈ ગયા. એજ તેમની બીજા મહાપુરુષો કરતાં વિશેષતા છે.

મહાપ્રભુની સ્થિતિ હવે કંઈક કંઈક ગંભીરતા ધારણ કરતી જાય છે, હવે તેઓ કોઈ કોઈ વાર ભાનમાં પણ આવી જાય છે અને ભક્તો સાથે પરસ્પરમાં વાતો પણ કરે છે.

ઘણા સમયથી આશા રાખીને બેઠેલા થોડાક ભક્તો પ્રભુની પાસે આવ્યા અને બધાએ મળીને હમેશાં સંકીર્તન કરવાનું નક્કી કર્યું. પ્રભુએ બધાની ઇચ્છાનો સહર્ષ સ્વીકાર કર્યો અને ભક્તાગ્રગણ્ય શ્રીવાસને ઘેર સંકીર્તનની બધી વ્યવસ્થા થવા લાગી. રાત્રે ખાસ ખાસ ભગવદ્ભક્તો ત્યાં આવીને એકઠા થવા લાગ્યા. પ્રભુએ સૌથી પહેલાં સંકીર્તન શરૂ કર્યું. બધાએ પ્રભુને સાથ આપ્યો. સંકીર્તન કરતાં કરતાં પ્રભુ ભાવાવેશમાં આવીને તાંડવનૃત્ય કરવા લાગ્યા. શરીરનું સહેજ પણ ભાન રહ્યું નહિ. એક પ્રકારના મહાભાવમાં મગ્ન થઇને તેમનું શરીર એકધારા ચક્રની પેઠે સતત ફરતું હતું. ન તો કોઇને તેમના પગ દેખાતા કે ન તો તેઓ ફરતા જણાતા. નૃત્ય કરતાં કરતાં તેમની એક પ્રકારની ઉન્માદક બેભાન અવસ્થાજ થઇ ગઇ ને તેવી સ્થિતિમાં તેઓ મૂર્ચ્છિત થઇને પૃથ્વી ઉપર પડી ગયા. ભક્તોએ તેમને મહામહેનતે ઉભા કર્યા. થોડી વાર પછી તેમણે રડતાં, રડતાં ભક્તોને કંઇક કહેવાનું શરૂ કર્યું:–"ભાઇ! હું શું કરૂં? મારૂં મન પણ હવે મારા કાબુમાં નથી. હું જે કહેવા ઇચ્છું છું તે કહી શકતો નથી. કેટલાક દિવસોથી હું તમને એક વાત કહેવાનો વિચાર કરી રહ્યો છું, પરંતુ તે હજુ સુધી કહી શક્યો નથી. આજે હું તે તમને કહીશ; તમે ધ્યાનપૂર્વક શ્રવણ કરો."

પ્રભુએ આ પ્રમાણે કહેવાથી બધા ભક્તો સ્થિરભાવે ચૂપચાપ બેસી ગયા અને એકાગ્ર થઇને ઉત્સુકતાપૂર્વક પ્રભુના મુખચંદ્ર તરફ નિહાળવા લાગ્યા. પ્રભુએ સાહસ કરીને ગંભીરતાપૂર્વક કહેવાનું શરૂ કર્યું:–"તમે તો મારા પરમ આત્મીય છો, આપની સમક્ષ છુપાવવા જેવુંજ શું હોઇ શકે? તેથી બધાની સમક્ષ નહિ પ્રકટ કરવા જેવી આ વાત હું તમને કહું છું. જ્યારે હું ગયાથી પાછો આવતો હતો, ત્યારે નાટશાળા ગામમાં એક શ્યામ વર્ણનો પરમ સુંદર બાળક મારી પાસે આવ્યો. તેનાં લાલ લાલ કોમળ ચરણોમાં સુંદર નૂપુર પહેરાવેલાં હતાં. પગની આંગળીઓ

મનોહર સુશોભિત અને ક્રમાનુસાર નાની મોટી હતી. કમરે પીતાંબર પહેરેલું હતું. પેટ ત્રણ રેખાવાળું અને ડૂંટી ગોળ તથા ઊંડી હતી. વક્ષઃસ્થળ ઉન્નત અને માંસલ હતું. ગળાનું એક પણ હાડકું દેખાતું નહોતું. કંઠમાં વનમાળા તથા પુષ્પમાળાઓ પહેરેલી હતી. કાનોમાં સુંદર કુંડળ ઝગમગી રહ્યાં હતાં. તે કમળ સમાન બંને મનોહર નેત્રો વડે વાંકી દૃષ્ટિએ મારા તરફ જોતા હતા. તેમના સુંદર ગોળ ગાલો ઉપર કાળી કાળી વાળની લટો ઉડી રહી હતી. તે મંદ મંદ હાસ્ય સાથે મોરલી બજાવતો હતો. તે મોરલીની મનોહર તાન સાંભળીને મારું મન મારા કાબુમાં રહ્યું નહિ. હું બેભાન થઈ ગયો અને પછી કોણ જાણે તે બાળક ક્યાંયે ચાલ્યો ગયો!" આ પ્રમાણે કહેતાં કહેતાં પ્રભુ બેભાન થઇ ગયા. તેમની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. શરીરનાં બધાં રૂવાં ખડાં થઈ ગયાં. તેઓ મૂર્છિત દશામાંજ આ શ્લોક બોલવા લાગ્યાઃ—

अमून्यधन्यानि दिनान्तराणि
हरे! त्वदालोकनमन्तरेण।
अनाथबन्धो! करुणैकसिन्धो
हा हन्त हा हन्त कथं नयामि॥

(શ્રીકૃષ્ણકર્ણામૃત ૪૧)

અર્થાત્ હે કરુણાના સાગર! હે અનાથોના એકમાત્ર બંધુ! હે હરિ! તમારાં દર્શનથી જેમાં વંચિત રહેલો છું, તેવા આ ફોગટ દિવસો હે વ્રજનાથ! હું કેવી રીતે વ્યતીત કરું?

પ્રભુ આ શ્લોકને વારંવાર ગદ્‌ગદ્ કંઠે બોલતા અને પાછા બેભાન થઈ જતા. થોડું ભાન આવતાં પાછા એજ બોલવા લાગતા. જેમ તેમ કરીને ભક્તોએ પ્રભુને શ્લોક બોલતા અટકાવ્યા અને તેઓ થોડી વારમાંજ સ્વસ્થ થયા. આ પ્રકારે તેમની આવી દશા જોઇને બધા હાજર રહેલા

ભક્તો અશ્રુ સારવા લાગ્યા. આ પ્રમાણે તે આખી રાત સંકીર્તન અને સત્સંગમાંજ વીતી ગઈ.

આ પ્રકારે શ્રીવાસ પંડિતને ઘેર હમેશાંજ કીર્તનનો આનંદ થવા લાગ્યો. રાત્રે જ્યારે મુખ્ય મુખ્ય ભક્તો એકઠા થતા, ત્યારે ઘરનાં કમાડ અંદરથી બંધ કરી દેવામાં આવતાં હતાં અને પછી કીર્તન શરૂ થતું. કીર્તનમાં ખોલ, કરતાળ, મૃદંગ, મંજીરા વગેરે બધાં વાદ્યો લય અને સ્વર સાથે વગાડવામાં આવતાં હતાં. પ્રભુ બધા ભક્તોની વચ્ચે ઉભા રહીને નૃત્ય કરતા હતા. હવે તેમનું નૃત્ય ઘણુંજ મધુર થવા લાગ્યું. બધા ભક્તો આનંદના આવેશમાં આવીને પોતાની જાતને ભૂલી જતા અને પ્રભુની સાથે નૃત્ય કરવા લાગતા હતા. પ્રભુના શરીરમાં સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, કંપ, વૈવર્ણ્ય તથા પ્રલય વગેરે બધા સાત્વિક ભાવોનો ઉદય થતો હતો. ભક્તો તેમના અદ્ભુત ભાવો જોઇને મુગ્ધ થઈ જતા અને ભાવાવેશમાં આવીને બહુજ મોટેથી સંકીર્તન કરવા લાગતા. બધા સહૃદય હતા, સૌનાં ચિત્ત પ્રભુને મળવા માટે હમેશાં તરફડતાં રહેતાં હતાં, કોઇના પણ મનમાં માન-મરતબો તથા દેખાવ કરવાના ભાવ નહોતા. બધાનાં હૃદય શુદ્ધ હતાં. એવી દશામાં આનંદનું પૂછવુંજ શું ? તેઓ પોતે આનંદસ્વરૂપજ હતા. ભક્તો પરસ્પરમાં એકબીજાને વંદન કરતા, કોઈ કોઈ પ્રેમમાં વિહ્વળ થઇને પ્રભુનાં ચરણોનેજ પકડી લેતા. ઘણા ખરા પરસ્પરમાંજ પગ પકડી-પકડીને રુદન કરતા. આ પ્રકારે બધાં પ્રેમમય કૃત્યોથી શ્રીવાસ પંડિતનું ઘર પ્રેમ-સાગર બની ગયું હતું. તે પ્રેમસાગરમાં પ્રવેશ કરતાં કરતાંજ પ્રત્યેક પ્રાણી પ્રેમમાં પાગલ થઇને આપોઆપજ નૃત્ય કરવા લાગતા હતા. ત્યાં પ્રભુના સંસર્ગમાં પહોંચતાંજ બધા સંસારી વિષયો એકદમ ભૂલી જતા હતા અને ભક્તોનાં હૃદય આપોઆપજ તરફડવા લાગતાં હતાં.

ગદાધર તેમના પરમ અંતરંગ હતા. તેઓ હમેશાં

પ્રભુની સેવામાં હાજર રહેતા. એક દિવસ તેઓ ભોજન પછી મુખશુદ્ધિ માટે પ્રભુને પાન આપતા હતા. પ્રભુએ પ્રેમના આવેશમાં આવીને અધીરા બાળકની પેઠે પૂછ્યું: "ગદાધર ભાઈ! તમેજ કહો કે મારા કૃષ્ણ મને છોડીને ક્યાં ચાલ્યા ગયા? ભાઈ! હું તેના વિના જીવી શકીશજ નહિ. તમે સાચેસાચ તેમનો પત્તો બતાવો, તેઓ ક્યાં પણ હશે ત્યાં જઇને હું તેમની શોધ કરીશ, અને તેમને ભેટીને બહુ પેટ ભરીને રડીશ. તમે માત્ર બતાવો કે તેઓ ક્યાં ગયા?"

ગદાધરે વાત ઉડાવવા માટે કહ્યું: "આપ તો અમસ્થા અમસ્થા દોગટનાજ અધીરા થયા કરો છો. ભલા આપના કૃષ્ણ આપને છોડીને કોઈ વાર બીજી જગાએ જઈ શકે? તેઓ તો હરસમય આપના હૃદયમાં વિરાજમાન રહે છે."

આ સાંભળીને તેમણે અધીરાઈપૂર્વક પૂછ્યું: "શું વહાલા કૃષ્ણ અત્યારે પણ મારા હૃદયમાં બેઠા છે?"

ગદાધરે થોડી વાર પછી કહ્યું:—"શા માટે બેઠા નથી? અત્યારે તેઓ આપના હૃદયમાં વિરાજમાન છે અને હમેશાંજ રહે છે."

આટલું સાંભળતાંજ ઘણા આનંદ અને ઉલ્લાસપૂર્વક પ્રભુ પોતાના મોટા મોટા નખો વડે હૃદય ફાડવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા:—"હું હૃદય ફાડીને મારા કૃષ્ણનાં દર્શન કરીશ. તેઓ મારી પાસેજ સંતાયેલા બેઠા છે અને મને દર્શન સુદ્ધાં દેતા નથી! આ હૃદયને ચીરી નાખીશ." આ પ્રકારે કરતા જોઇને ગદાધરને ઘણું દુઃખ થયું અને તેમણે અનેક વિનવણી કરીને તેમને આ પ્રમાણે કરતા અટકાવ્યા. પછી તેઓ ઘણી વારે ભાનમાં આવ્યા.

એક દિવસ રાત્રે પ્રભુ પથારીમાં સૂઈ રહ્યા હતા. ગદાધર તેમની ચરણ-સેવા કરતા હતા, ચરણસેવા કરતાં કરતાં ગદાધરે પોતાનું મસ્તક પ્રભુનાં ચરણકમળોમાં રાખી-

ને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી કે " પ્રભો ! આ અધમને, ક્યાં પાપોને પરિણામે શ્રીકૃષ્ણ–પ્રેમની પ્રાપ્તિ થતી નથી ! આપ તો દીનવત્સલ છો, મારામાં સાધનનું બળ નથી, શુભ કર્મોથી પણ હું વંચિત છું, મને તો એકમાત્ર શ્રીચરણોનોજ આશરો છે. મારા ઉપર ક્યારે કૃપા થશે ? પ્રભો ! ક્યાં સુધી હું આ પ્રકારે પ્રેમવિહીન શુષ્ક જીવન વિતાવતો રહીશ ? "

તેમની આવી વ્યાકુળ વાણી સાંભળીને પ્રભુ પ્રસન્ન થયા અને તેમને આશ્વાસન આપતાં કહેવા લાગ્યાઃ- " ગદાધર ! તમે અધીરા થાઓ નહિ, તમે તો શ્રીકૃષ્ણના ઘણાજ વહાલા છો. નમ્ર–દીન માણસો તો ભગવાનને સૌથી વહાલા છે. દીન–હીન બન્યા સિવાય કોઇ પ્રભુને પ્રાપ્ત કરીજ શકતા નથી. જેમને પોતાનાં શુભ કર્મોનું અભિમાન છે, યા ઉગ્ર સાધનોનો ભરોસો છે, તેઓ પ્રભુની મહાન કૃપાના અધિકારી કદી થઈ શકતાજ નથી. પ્રભુ તો અકિંચનોના વહાલા છે, નિષ્કિંચન થયા પછીજ તેમની કૃપા પામી શકાય છે. તમારા ભાવ બરાબર નિષ્કિંચન ભક્તના જેવા છે. જ્યારે તમે સાચા હૃદયથી નિષ્કિંચન થઇ ગયા છો, તો પછી તમને શ્રીકૃષ્ણપ્રેમની પ્રાપ્તિમાં વાર નહિ લાગે. કાલે ગંગાસ્નાન પછી તમને પ્રભુની પૂર્ણ કૃપાનો અનુભવ થવા લાગશે.

પ્રભુની આવી વાત સાંભળીને ગદાધરના આનંદનો પાર રહ્યો નહિ. તેઓ આખી રાત પ્રેમમગ્નમાં મગ્ન રહી આનંદાશ્રુ વહાવતા રહ્યા. તેઓ એક એક ઘડી ગણતા રહ્યા કે ક્યારે પ્રાતઃકાળ થાય અને મને પ્રેમની પ્રાપ્તિ થાય. રાત જોતાં જોતાં તેમની દશા ગાંડાઓના જેવી થઈ ગઈ, તેઓ કોઈ વાર ઉઠીને બેસી જતા, કોઈ વાર ઉભા થઈને નૃત્ય કરવા લાગતા, કોઈ વાર પાછા સૂઈ જતા અને કોઈ વાર પોતાની મેળેજ કંઈક વિચારીને બોલી [illegible]. પ્રભુ તેમની દશા જોઈને [illegible]

થયા. પ્રાતઃકાળે ગંગાસ્નાન કરતાંજ તેઓ આનંદમાં લય-લીન થઈને નૃત્ય કરવા લાગ્યા. તેઓ પ્રેમમદિરા પીને ઉન્મત્ત હોવા જણાતા હતા, જાણે તેમને એ મધુરી મનોમય મદિરાનો પૂરેપુરો નશો ચડ્યો ના હોય. તેમણે પ્રેમરસમાં નિમગ્ન થઈને કંઈક ચંચળાળાં નેત્રોથી પ્રભુ તરફ જોઈને તેમનાં ચરણકમળોમાં પ્રણામ કર્યાં અને કૃતજ્ઞતા પ્રકટ કરતાં કરતાં કહેવા લાગ્યા:–" પ્રભો ! આપે આ અધમ પાપીને પણ પ્રેમ-દાન દઈને આપના પતિતપાવન પવિત્ર નામનો યથાર્થ પરિચય કરાવ્યો છે. આપની કૃપા જીવો પર સદા નિષ્કામજ હોય છે. મને સાધનહીનને પણ દુઃસાધ્ય પ્રેમની સીમા સુધી પહોંચાડી દીધો. આપનામાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે. આપ સર્વ કંઈ કરી શકો છો."

પ્રભુએ તેમની આવી દશા જોઈને આકુળવ્યાકુળ થઈને કહ્યું: " ગદાધર ! કૃપાળુ શ્રીકૃષ્ણે તમારા ઉપર કૃપા કરી છે, હવે તમે તેમને મારે માટે પણ પ્રાર્થના કરજો."

ગદાધરે ઘણીજ નમ્રતાપૂર્વક કહ્યું:–" પ્રભો ! હું તો આપનેજ આના કારણરૂપ માનું છું. આ પ્રેમને આપની દયાનુંજ ફળ માનું છું. આપનાથી વળી જુદા કોઈ બીજા કૃષ્ણ છે, તેની મને ખબર નથી." એમ કહેતાં કહેતાં ગદાધર પ્રેમમાં વિહ્વળ થઈને રુદન કરવા લાગ્યા.

શુક્લાંબર બ્રહ્મચારીએ પણ ગદાધરની આવી સ્થિતિ જોઈ. તેમના અંતઃકરણમાં પણ પ્રેમ-પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા થઈ આવી. તેઓ પણ ગદાધરની પેઠે પોતાની જાતને ભૂલી જઈને પ્રેમમાં મસ્ત બનવા ઇચ્છતા હતા. તેમનું હૃદય પણ પ્રેમમદિરાનુ પાન કરવા માટે અધીરૂં થઈ ગયુ હતું. બીજે દિવસે તેઓ ભિક્ષા કરીને આવતા હતા. રસ્તામાં ગંગાજી જતા પ્રભુ તેમને મળી ગયા. પ્રભુને દેખતાંજ તે વયોવૃદ્ધ બ્રહ્મચારી તેમના ચરણોમાં વળગી પડ્યા. પ્રભુએ સંકોચ દર્શાવતાં કહ્યું: " હું આપના પુત્ર સમાન છું, આપે બાલ્ય-કાળથીજ પિતાની પેઠે મારૂં લાલનપાલન કર્યું છે, અને

ને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી કે " પ્રભો ! આ અધમને, ક્યાં પાપોને પરિણામે શ્રીકૃષ્ણ-પ્રેમની પ્રાપ્તિ થતી નથી ! આપ તો દીનવત્સલ છો, મારામાં સાધનનું બળ નથી, શુભ કર્મોથી પણ હું વંચિત છું. મને તો એકમાત્ર શ્રીચરણોનોજ આશરો છે. મારા ઉપર ક્યારે કૃપા થશે ? પ્રભો ! ક્યાં સુધી હું આ પ્રકારે પ્રેમવિહીન શુષ્ક જીવન વિતાવતો રહીશ ?"

તેમની આવી વ્યાકુળ વાણી સાંભળીને પ્રભુ પ્રસન્ન થયા અને તેમને આશ્વાસન આપતાં કહેવા લાગ્યાઃ- " ગદાધર ! તમે અધીરા થાઓ નહિ, તમે તો શ્રીકૃષ્ણના ઘણાજ વહાલા છો. નમ્ર-દીન માણસો તો ભગવાનને સૌથી વહાલા છે. દીન-હીન બન્યા સિવાય કોઇ પ્રભુને પ્રાપ્ત કરીજ શકતા નથી. જેમને પોતાનાં શુભ કર્મોનું અભિમાન છે, યા ઉગ્ર સાધનોનો ભરોસો છે, તેઓ પ્રભુની મહાન્ કૃપાના અધિકારી કદી થઈ શકતાજ નથી. પ્રભુ તો અકિંચનોના વહાલા છે, નિષ્કિંચન થયા પછીજ તેમની કૃપા પામી શકાય છે. તમારા ભાવ બરાબર નિષ્કિંચન ભક્તના જેવા છે. જ્યારે તમે સાચા હૃદયથી નિષ્કિંચન થઇ ગયા છો, તો પછી તમને શ્રીકૃષ્ણપ્રેમની પ્રાપ્તિમાં વાર નહિ લાગે. કાલે ગંગાસ્નાન પછી તમને પ્રભુની પૂર્ણ કૃપાનો અનુભવ થવા લાગશે.

પ્રભુની આવી વાત સાંભળીને ગદાધરના આનંદનો પાર રહ્યો નહિ. તેઓ આખી રાત પ્રેમમમાં મગ્ન રહી આનંદાશ્રુ વહાવતા રહ્યા. તેઓ એક એક ઘડી ગણતા રહ્યા કે ક્યારે પ્રાતઃકાળ થાય અને મને પ્રેમની પ્રાપ્તિ થાય. રાહ જોતાં જોતાં તેમની દશા ગાંડાઓના જેવી થઇ ગઇ, તેઓ કોઈ વાર ઉઠીને બેસી જતા, કોઇ વાર ઉભા થઇને નૃત્યજ કરવા લાગતા, કોઇ વાર પાછા સૂઈ જતા અને કોઈ વાર પોતાની મેળેજ કંઇક વિચારીને જોરથી હસવા લાગતા. પ્રભુ તેમની દશા જોઇને ઘણાજ પ્રસન્ન

થયા. પ્રાતઃકાળે ગંગાસ્નાન કરતાંજ તેઓ આનંદમાં લય-લીન થઇને નૃત્ય કરવા લાગ્યા. તેઓ પ્રેમમદિરા પીને ઉન્મત્ત જેવા જણાતા હતા, જાણે તેમને એ મધુરી મનોમય મદિરાનો પૂરેપુરો નશો ચઢયો ના હોય. તેમણે પ્રેમરસમાં નિમગ્ન થઇને કંઇક ઘેનવાળાં નેત્રોથી પ્રભુ તરફ જોઇને તેમનાં ચરણકમળોમાં પ્રણામ કર્યા અને કૃતજ્ઞતા પ્રકટ કરતાં કરતાં કહેવા લાગ્યાઃ–" પ્રભો ! આપે આ અધમ પાપીને પણ પ્રેમ–દાન દઇને આપના પતિતપાવન પવિત્ર નામનો યથાર્થ પરિચય કરાવ્યો છે. આપની કૃપા જીવો પર સદા નિષ્કામજ હોય છે. મને સાધનહીનને પણ દુઃસાધ્ય પ્રેમની સીમા સુધી પહોંચાડી દીધો. આપનામાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે. આપ સર્વ કંઇ કરી શકો છો."

પ્રભુએ તેમની આવી દશા જોઇને આકુળવ્યાકુળ થઇને કહ્યુંઃ " ગદાધર ! કૃપાળુ શ્રીકૃષ્ણે તમારા ઉપર કૃપા કરી છે, હવે તમે તેમને મારે માટે પણ પ્રાર્થના કરજો."

ગદાધરે ઘણીજ નમ્રતાપૂર્વક કહ્યુંઃ–" પ્રભો ! હું તો આપનેજ આના કારણરૂપ માનું છું. આ પ્રેમને આપની દયાનુંજ ફળ માનું છું. આપનાથી વળી જુદા કોઈ બીજા કૃષ્ણ છે, તેની મને ખબર નથી." એમ કહેતાં કહેતાં ગદાધર પ્રેમમાં વિહ્વળ થઇને રુદન કરવા લાગ્યા.

શુક્લાંબર બ્રહ્મચારીએ પણ ગદાધરની આવી સ્થિતિ જોઈ. તેમના અંતઃકરણમાં પણ પ્રેમ–પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા થઈ આવી. તેઓ પણ ગદાધરની પેઠે પોતાની જાતને ભૂલી જઇને પ્રેમમાં મસ્ત બનવા ઇચ્છતા હતા. તેમનુ હૃદય પણ પ્રેમમદિરાનું પાન કરવા માટે અધીર થઈ ગયુ હતું. બીજે દિવસે તેઓ ભિક્ષા કરીને આવતા હતા. રસ્તામાં ગંગાએ જતા પ્રભુ તેમને મળી ગયા પ્રભુને દેખતાંજ તે વયોવૃદ્ધ બ્રહ્મચારી તેમના ચરણોમા વળગી પડ્યા. પ્રભુએ સંકોચ દર્શાવતાં કહ્યું: " હું આપના પુત્ર સમાન છુ, આપે બાળકપણેજ પિતાની પેઠે મારું લાલનપાલન કર્યું"

ખોળામાં લઇને પ્રેમપૂર્વક રમાડ્યો છે. આપ આ કેવો અનર્થ કરી રહ્યા છો? શું મારા પર પાપ ચઢાવી રહ્યા છો?"

પ્રભુની આ વાતો સાંભળીને વ્યાકુળ થઇને બ્રહ્મચારીજીએ કહ્યું:–"પ્રભો! હવે અમને બહુ છેતરશો નહિ. આ વ્યર્થ જીવન વીતાવતાં વીતાવતાં વૃદ્ધાવસ્થા આવી પહોંચી. આ શરીરને અનેક પ્રકારનાં કષ્ટ આપીને કાશી, કાંચી, અવન્તિકા–બધી પવિત્ર નગરીઓ અને પુણ્ય તીર્થોની પગે ચાલીનેજ યાત્રા કરી. ઘેર ઘેરથી મુઠ્ઠી મુઠ્ઠી અન્ન માગીને મેં મારી આજીવિકા ચલાવી. હવે તો મને શ્રીકૃષ્ણપ્રેમનો અધિકારી બનાવવો જોઇએ. હવે મને કોઈ પણ પ્રકારે પ્રભુપ્રેમની પ્રાપ્તિ થાય, એજ પૂજ્ય ચરણકમળોમાં વિનમ્ર પ્રાર્થના છે."

બ્રહ્મચારીજીની વાતો સાંભળીને પ્રભુ કંઈ પણ બોલ્યા નહિ. તેઓ બ્રહ્મચારીજી તરફ જોઇને મંદ મંદ ભાવે ઉભા ઉભા હસતા હતા. બ્રહ્મચારીજી પ્રભુના મંદ મંદ હાસ્યનો અર્થ સમજી ગયા. તેઓ અધીરા થઇને પોતાની મેળેજ બોલી ઉઠ્યા: "પ્રભો! હું તીર્થયાત્રાઓની વાત કરીને મારો અધિકાર દર્શાવતો નથી. હું તો દીનભાવે એકમાત્ર આપનું શરણ લઇને પ્રેમની યાચના કરૂં છું. મને શ્રીકૃષ્ણપ્રેમનું દાન દો."

ભાવાવેશમાં પ્રભુના મુખમાંથી આપોઆપજ બોલાઈ ગયું:–"જાઓ દીધું, દીધું."

બસ, આટલું સાંભળતાંજ બ્રહ્મચારીજી સર્વ કંઈ ભુલી જઇને પ્રેમાવેશમાં આવી જઇને પાગલની પેઠે નૃત્ય કરવા લાગ્યા. તેઓ નૃત્ય કરતાં કરતાં ઉન્મત્તની પેઠે મુખેથી કંઇક પ્રલાપ જેવું પણ કરતા હતા. પ્રભુ તેમની આવી વિચિત્ર દશા જોઇને પ્રેમમાં ગદ્ગદ્ થઇ ગયા અને તેમની ઝોળીમાંથી ધાન્યમિશ્રિત ભિક્ષાના કોરા શાખા કાઢી કાઢીને ખાવા લાગ્યા, જાણે સુદામા પ્રત્યે પ્રેમ પ્રગટ કરતા કૃષ્ણ તેમના ઘરના ચોખા–તાંદુલના કણ ખાવતા

ન હોયા એ બન્નેના આવા પ્રેમમય વ્યવહારને જોઈને બધા પ્રેક્ષકો ચકિત થઈ ગયા, અને વારંવાર પ્રભુના પ્રેમની પ્રશંસા કરવા લાગ્યા. શુક્લાંબર બ્રહ્મચારી પણ પોતાને કૃતકૃત્ય માનીને પ્રેમમાં લયલીન થતા થતા પોતાની ઝૂંપડીએ ચાલ્યા ગયા.

આ પ્રકારે ભક્તોના હૃદયમાં પ્રભુ પ્રત્યે વધારે ને વધારે માનબુદ્ધિ થવા લાગી. પ્રભુ પણ ભક્તો ઉપર પહેલાં કરતાં ઘણો વધારે પ્રેમ કરવા લાગ્યા. શ્રીવાસ પંડિતને ઘેર સંકીર્તનનો આરંભ મહા માસમાં થયો હતો, પરંતુ બે ત્રણ મહિનામાંજ તેની ચર્ચા ચોતરફ ફેલાઈ ગઈ અને ઘણા દર્શનાર્થીઓ સંકીર્તન જોવાની ઉત્સુકતાથી રાત્રે શ્રીવાસ પંડિતને ઘેર આવવા લાગ્યા. પરંતુ સંકીર્તનને વખતે ઘરનો દરવાજો બંધ કરવામાં આવતો હતો. તેથી સર્વ પ્રકારના લોકો અંદર જઈ શકતા નહોતા. ઘણા લોકોને તો નિરાશ થઈનેજ બારણેથી પાછા ફરવું પડતું હતું. સંકીર્તનમાં ખાસ ખાસ ભક્તોજ અંદર જઈ શકતા હતા. તે સમયે સંકીર્તનનો એજ નિયમ નક્કી કરવામાં આવ્યો હતો.





શ્રીપ્રભુનું કાર્ય

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेच्छम्।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः॥

(ભર્તૃહરિ-નીતિશતક ૮૪)

અર્થાત્ નીતિનિપુણ પુરુષો ગમે તો નિન્દા કરો કે સ્તુતિ કરો; લક્ષ્મી ગમે તો રહે કે સ્વેચ્છાપૂર્વક બીજે ક્યાંક ચાલી જાય, ગમે તો આજેજ મૃત્યુ આવે કે યુગો સુધી જીવન ટકી રહે-ધીર પુરુષો એ બધી વાતોની સહેજ પણ પરવા કરતા નથી. તેમણે ધર્મ સમજીને જે કામને હાથમાં લીધું છે, તેને તેઓ કોઈ પણ પ્રકારની વિપત્તિ આવી પડે તોપણ છોડતા નથી.

નિયમોનું બંધન બધાને અયોગ્ય લાગે છે. બધાં પ્રાણીઓ નિયમોનાં બંધનોનો ત્યાગ કરીને સ્વાધીન થવા ઇચ્છે છે, તેનું કારણ એજ છે કે, પ્રાણીમાત્રની ઉત્પત્તિ આનંદ અથવા પ્રેમમાંથી થઈ છે. પ્રેમમાં કશા પ્રકારનો નિયમ હોતો નથી. પ્રાણીમાત્રને પ્રેમ-પિયૂષનીજ પિપાસા છે. બધા એ પરમ પ્રિય જળના અભાવે અધીરા થઈને તરફડતા જણાય છે અને સર્વ પ્રકારનાં બંધનોને છિન્ન-ભિન્ન કરીને તેમની પાસે પહોંચવા ઇચ્છે છે; પરંતુ નિયમોનું પાલન કર્યા સિવાય તેમની પાસે જવુંજ અશક્ય છે. પ્રેમની ચારે બાજુએ નિયમની ખાઇ ખોદેલી છે. તેને પાર કર્યા વિના કોઇ પ્રેમ-પિયૂષ-અમૃત સુધી પહોંચીજ શકતો નથી. એ બરાબર છે કે પ્રેમ પોતેજ નિયમોથી પર છે, તેની આગળ કોઇ નિયમ નથી; પરંતુ સાથે સાથેજ

તે નિયમ વિના પ્રાપ્ત પણ થઇ શકતો નથી.

એક વાર કોઇ પણ પ્રકારે પ્રેમથી જુદા પડી જવા અથવા પોતાને તેનાથી જુદા માનીજ બેઠા તો નિયમોની મદદ વિના તેને ફરીથી પ્રાપ્ત કરી શકાતો નથી. પ્રેમને પ્રાપ્ત કરવાનું એકમાત્ર સાધન નિયમજ છે. જે પ્રેમને નામે નિયમોનું ઉલ્લંઘન કરીને–વિષયલોલુપતાને વશ થઇને પોતાની ઇંદ્રિયોને તેમના પ્રિય ભોગોથી તૃપ્ત કરે છે તેઓ દંભી છે. પ્રેમને નામે ઇંદ્રિયોની વાસનાઓનેજ તૃપ્ત કરવી એજ એમનું અંતિમ લક્ષ્ય હોય છે. પ્રેમ તો કલ્પતરુ છે, તેની ઉપાસના જે મનુષ્ય જે ભાવથી કરશે, તેને તેજ વસ્તુની પ્રાપ્તિ થશે. જે પ્રેમને નામે સારા સારા પદાર્થોનેજ ઇચ્છે છે, તેને તેજ મળે છે. જે પ્રેમનું બહાનું દર્શાવીને સુંદર સુંદર વિષયોજ ભોગવવા ઇચ્છે છે, તેમને તેમની ઇચ્છાનુસાર વિષયોનીજ પ્રાપ્તિ થાય છે; પરંતુ જે પ્રેમને નામે પ્રેમનેજ ઇચ્છે છે, તેને પ્રેમ સિવાય જો ત્રણે લોકનું રાજ્ય મળે તોપણ તે પ્રેમની ખાતર ઠોકરે મારે છે.

ઘણાખરા લોકોને કહેતા સાંભળ્યા છે કે "સ્વર્ગનાં સુખોની તો શી વાત, અમે તો મોક્ષને પણ ઠોકરે મારીએ છીએ." એ બધી કહેવાનીજ વાતો છે. સુંદર મિઠાઇ જોઇનેજ જેમના મનમાં પાણી ભરાઈ આવે છે, તેઓ સ્વર્ગના દિવ્ય દિવ્ય ભોગોને ભલા કેમ કરીને ઠોકરે મારી શકશે ? એ અજ્ઞાન પુરુષો સ્વર્ગનાં સુખોથી અજાણ્યા છે. જેણે ઘણા સમય સુધી નિયમોનું પાલન નથી કર્યું, તેનું ચિત્ત પોતાના કાબુમાં આવી શકશે ? તે કોઇ વાર પ્રેમી બની શકશે ? તેનું અનુમાન ત્રણે કાળમાં પણ કરી શકાય તેમ નથી.

નિયમોનું પાલન કરવામાં બધાને કચવાટ થાય છે, પરંતુ જે ધીર પુરુષ છે, જેના ઉપર પ્રભુની કૃપા છે, તેઓ તો મનને મારીને ઇચ્છાની વિરુદ્ધ પણ નિયમોનું પાલન કરે છે અને ધીરે ધીરે નિયમોના પાલનથી તેમનામાં દૃઢતા, તત્પરતા, નમ્રતા તથા દીનતા અને સહનશીલતા

વગેરે સદ્‌વૃત્તિઓ આવવા લાગે છે. જે નિયમોથી કચવાઈને તેને છિન્નભિન્ન કરવા ઈચ્છે છે. તેમના હૃદયમાં પહેલાં તો નિયમો પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે, દ્વેષથી તે નિયમ વિરુદ્ધ પ્રચાર કરવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. દ્વેષબુદ્ધિથી કોઈની વિરુદ્ધ પ્રચાર કરવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી તે કામમાં એટલી વધારે આસક્તિ થઈ જાય છે કે તેના વિરુદ્ધ પ્રચાર કરવા માટે તે ખરાબ ખરાબ નિંદ્ય ઉપાયો પણ ઉપયોગમાં લેવા લાગે છે. તે ખરાબ કાર્યોથીજ તેનું સર્વસ્વ નાશ પામે છે.

મહાપ્રભુનું કીર્તન બંધ મકાનમાં થતું હતું. તે સમયે ભક્તોએ એવો નિયમ બનાવ્યો હતો કે જેથી અનધિકારીઓ દાખલ થઈ જવાથી ભક્તોમાં નાસ્તિકતા દાખલ થઈ શકે નહિ. લોકોના હૃદયમાં સંકીર્તન જોવાની ઉત્સુકતા પેદા થઈ. તેમને આ નિયમ ખૂબજ ખટકવા લાગ્યો. તેમને પ્રભુના આ નિયમપ્રત્યે ક્રોધ ઉત્પન્ન થવા લાગ્યો. જેઓ શ્રદ્ધાવાન હતા, તેઓ તો પોતાના મનના કચવાટને રોકીને ધૈર્યપૂર્વક રાહ જોતા. આખરે અને કીર્તનના અંતમાં તેમણે નમ્રતાપૂર્વક કીર્તનમાં પ્રવેશ કરવાની પ્રાર્થના કરી. તેમને અધિકારી સમજીને [illegible] દાખલ થવાની રજા મળી ગઈ. અને તેઓ તે નિયમ[illegible]ના પ્રભાવથી જીવનમાં ઉત્તરોત્તર ઉન્નતિ કરતા કરતા સદ્‌વૃત્તિઓની વૃદ્ધિ દ્વારા પ્રભુનાં ચરણકમળો સુધી પહોંચી ગયા; પરંતુ જેઓ તે નિયમને લીધે પોતાના કચવાટને રોકી શક્યા નહિ, તેમને સંકીર્તન પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થયો. દ્વેષને લીધે તેઓ વૈષ્ણવોના શત્રુ બની ગયા, સંકીર્તન વિરુદ્ધ પ્રચાર કરવા લાગ્યા અને સંકીર્તનને બંધ કરાવવા માટે જાતજાતના ખરાબ ઉપાયો શોધવા લાગ્યા. તેમાં [illegible]

શિંત કરીને પોતાની જાતનેજ ઉંડા ખાડામાં ફેંકી દીધી. એ વિરોધીઓનેજ કારણે સંકીર્તન દેશવ્યાપી બની શક્યું. આ પ્રકારે એવા દુષ્ટ માણસોના વિરોધથી પણ મહાપુરુષોનાં સત્કાર્યોમાં ઘણીજ સહાયતા મળે છે. તેથી સત્પુરુષોનાં શુભ કાર્યોનો દુષ્ટ પ્રકૃતિના પુરુષો ગમે તેટલો વિરોધ કરે, તોપણ તેઓ તેમનાથી ગભરાતા નથી, પરંતુ તે વિરોધને લીધે વળી વધુ ને વધુ-બમણા ઉત્સાહથી તે કાર્યમાં પ્રવૃત્ત થાય છે.

સંકીર્તનના વિરોધીઓએ સંકીર્તન બંધ કરાવવા માટે જાત જાતના ઉપાય કર્યા, લોકોમાં તે વિષે ખરાબ ભાવના ઉત્પન્ન કરી, લોકોને સંકીર્તન વિરુદ્ધ ઉશ્કેર્યા, તેની અનેક પ્રકારે નિંદા કરી; પરંતુ તેઓ બધાં કાર્યોમાં નિષ્ફળજ ગયા.

આ પ્રકારે મહાપ્રભુ પોતાના પ્રેમી ભક્તો સાથે શ્રીકૃષ્ણ-સંકીર્તનમાં હમેશાં ચોનાઈ રહેવા લાગ્યા; પરંતુ કેટલાક બહિર્મુખ વૃત્તિવાળા માણસો સંકીર્તનના વિરોધી બની ગયા. આખી રાત સંકીર્તન થતું હતું, ભક્તો જોરથી "હરિબોલ" "હરિબોલ"નો ધ્વનિ કરતા હતા. આસપાસના લોકોની ઉંઘમાં ખલેલ પડતું, તેથી તેઓ વિવિધ પ્રકારે કીર્તનની વિરુદ્ધ પ્રચાર કરવા લાગ્યા. કોઈ કહેતું- "આ બધા ગાંડા થઇ ગયા છે, એટલે તો આખી રાત બૂમો પાડ્યા કરે છે. શું કહીએ, એમને લીધે તો નિદ્રા પણ હરામ થઈ ગઈ છે!" કોઈ કહેતું: "બધા એક-સરખાજ બેગા થવા છે. જ્ઞાન, યોગ, જપ કે તપમાં તો બુદ્ધિની જરૂર પડે છે, મહેનત કરવી પડે છે. આમાં તો કશુંજ કરવું પડતું નથી. બૂમોજ પાડવાની છે, ને બધી જાતના લોકો એગા થઇને બુમો પાડ્યા કરે છે."

કોઈ વચમાં બોલી ઉઠતું કે "અરે, આ બધા પાપનું મૂળ તો આ શ્રીવાસિયો બ્રાહ્મણ્ જ છે. ભીખના રોટલા ખાના કરી છે, માગીને ખાય છે, તેની મસ્તી આવી છે ... પાસે થઈ ગયા છે, તેનીજ ...

રાત બૂમો પાડયા કરે છે, બીજા પણ દશ–વીસ બેકાર લોકોને એકઠા કરી લીધા છે. આના લીધે તો આપણા બધા લોકોને સહન કરવું પડશે.”

એટલામાંજ એક જણ કહેવા લાગ્યો કે “મેં આજેજ સાંભળ્યું છે કે, રાજાના તરફથી બે હોડીઓ બધા કીર્તન કરનારાઓને બાંધીને લઇ જવા માટે આવે છે. સાથે એક ફોજ પણ આવશે, તે શ્રીવાસના ઘરને તોડી ફોડીને ગંગાજીમાં વહેવડાવી દેશે અને બધા કીર્તન કરનારાઓને પકડીને લઈ જશે.”

આ વાતથી ભયભીત થઇને કેટલાક કહેવા લાગ્યાઃ– “ભાઈ! આમાં આપણો તો કશો દોષ છેજ નહિ. આપણે તો સાફ સાફ કહી દઇશું કે, અમે કીર્તનમાં જતાજ નથી, અમુક અમુક માણસો બારણાં બંધ કરીને અંદર કોણ જાણે શું શું કર્યા કરે છે!”

વળી કેટલાકોએ સંમતિ આપી કે “જ્યાં સુધી ફોજ આવી પહોંચે નહિ ત્યાર પહેલાંજ કાજી પાસે જઇને કીર્તનની ફરિયાદ કરી આવીએ, અને તેમને કહી આવીએ કે, આ વેદ વિરુદ્ધ અશાસ્ત્રીય કાર્યમાં અમારી બિલકુલ સંમતિ નથી. કોણ જાણે એ સ્ત્રીઓને સાથે લઇ લઇને કેવાં કેવાં કામો કર્યા કરે છે! એમ જણાય છે કે, આ લોકો વામમાર્ગની પદ્ધતિથી પાંચ મકારો વડે ઉપાસના કરે છે. ઉપર ઉપરથી લોકોને સંભળાવવા જોરશોરથી શ્રીકૃષ્ણકીર્તન કરે છે અને અંદર માંસ, મદિરા, માછલી, મૈથુન આદિ વામમાર્ગીઓનાં સાધનોનો ઉપયોગ કરે છે. આથી એજ બરાબર છે કે, પહેલેથીજ કાજીને ખબર આપી દેવી.” આ વાત લોકોને પસંદ આવી અને કેટલાકોએ જઇને નવદ્વીપના કાજી આગળ સંકીર્તનની ફરિયાદ કરી. બધી વાતો સાંભળીને કાજીએ કહ્યું કેઃ–“તમો લોકો કશી ચિંતા કરશો નહિ, અમે કીર્તન બંધ કરાવી દઈશું.” આ ઉત્તર સાંભળી ફરિયાદ કરનારા પ્રસન્નતાપૂર્વક પોતપોતાને સ્થાને પાછા ફર્યા.

હવે તો બજારમાં સંકીર્તન સંબંધી જાત જાતની અફવાઓ ઉડવા લાગી. કોઇ કહેતું કે "એમના જોરશોરથી બૂમો પાડવાથી ભગવાન પણ નારાજ થઈ જશે, અને તેના પરિણામરૂપે સમસ્ત દેશમાં દુકાળ પડવા લાગશે." કોઈ કોઇ તેની વાતનું નમ્રતાપૂર્વક ખંડન કરતાં કહેતું:–"એમ તો નથી કહી શકાતું કે, ભગવાન નારાજ થઇ જશે; તેઓ તો ઘટઘટવ્યાપી અંતર્યામી છે, લોકોના ભાવોને જાણે છે અને બધાને સહન કરે છે; પરંતુ જો તેઓ ધીરેધીરે નામ-સ્મરણ કરે તો શું એથી પુણ્ય નહિ થાય? આખી રાત "હા હા હૂ હૂ" કર્યા કરવાથી શો ફાયદો?"

તે સમયે કોઇ પોતાના હૃદયની બળતરા શાંત કરવાના ભાવથી દ્વેષબુદ્ધિથી કહેતો:–"હવે બે–ચાર દિવસોમાંજ તેમને પોતાની ભક્તિ અને સંકીર્તનની મઝા મળી જશે, પછી જોજો એની દુર્દશા."

એ બધી વાતો શ્રીવાસ પંડિત પણ સાંભળતા. રોજ રોજ સાંભળવાથી તેમના મનમાં પણ કંઇક કંઈક ભય પેદા થવા લાગ્યો. તેઓ વિચારવા લાગ્યા કે "ગૌડ દેશનો રાજા હિંદુ તો છે નહિ, હિંદુ ધર્મનો વિરોધી મુસલમાન છે. જો તે આ પ્રમાણે કરે તોપણ કંઇ આશ્ચર્યની વાત નથી. વળી અમારા ઘણા હિંદુ ભાઇઓજ સંકીર્તન વિરુદ્ધ કાજી પાસે જઇને ફરિયાદ કરી આવ્યા છે. આવી સ્થિતિમાં ઘણો સંભવ છે કે અમને બધા લોકોને જાતજાતનાં દુઃખ દેવામાં આવે."

લોકોના મુખેથી આવી આવી વાતો સાંભળીને કેટલાક ભોળા ભક્તો તો ઘણાજ વધારે ડરી ગયા હતા. તેઓ શ્રીવાસ પંડિત પાસે આવીને વિચારવા લાગ્યા કે, હવે શું કરવું જોઇએ? કોઈ કોઇ તો ભયભીત થઇને એટલે સુધી કહેવા લાગ્યા કે જો એમજ હોય તો થોડા દિવસ માટે આપણે દેશ છોડીને ચાલ્યા જવું જોઇએ. એ બધાની વાતો સાંભળીને શ્રીવાસ પંડિતે કહ્યું: "ભાઈ! હવે જે થવાનું

કરશે તે સકશે. શ્રીનૃસિંહ ભગવાન બધું મંગલ કરશે. આપણે તો શ્રીકૃષ્ણકીર્તનજ કરીએ છીએ, એનું જશે તે કંઈ આવશે તે નહીં કરે." બીજા પંડિત ભક્તોને તો આ પ્રકારે સમજાવી દીધા પરંતુ તેમના મનમાં ભય રહીજ ગયો; તોપણ તેમણે પોતાના મનના ભાવોને પ્રભુ સમક્ષ પ્રગટ કર્યો નહિ. પ્રભુ તો સૌના ભાવોને સમજી જનારા હતા, તેમણે ભક્તોના ભાવો સમજી લીધા કે તેઓ મુસલમાન રાજાને લીધે કંઈક ભયભીત જેવા થઈ ગયા છે, તેથી તેમને નિર્ભય કરી દેવા જોઈએ.

એક દિવસ પ્રભુએ પોતાના આખા શરીરે સુગંધીવાળું ચંદન લગાવ્યું, વાંકડીઆ કાળા કાળા સુંદર વાળોમાં સુગંધીવાળું તેલ નાખ્યુ. કિંમતી, સ્વચ્છ અને ઝીણા પોતનાં વસ્ત્ર પહેરીને અને સાથમાં બે-ચાર ભક્તોને લઈને ગંગાકિનારા તરફ ચાલી નીકળ્યા! તેમના લાલ હોઠ પાનની લાલી લાગવાથી વળી વિશેષ લાલ થયા હતા. નેત્રોમાંથી પ્રસન્નતા પ્રગટતી હતી, મુખકમળ શરદપૂર્ણિમાના ચંદ્રના જેવું ખીલેલું હતું. તેઓ મંદ મંદ હાસ્યપૂર્વક ભક્તોના આનંદને વધારતા વધારતા ગંગાજીના ઘાટો ઉપર આમથી તેમ ફરવા લાગ્યા. જે સાત્ત્વિક પ્રકૃતિના ભગવદ્ભક્ત હતા, તેઓ તો પ્રભુના અદ્ભુત રૂપલાવણ્યને જોઈને મનોમન પરમ પ્રસન્ન થતા હતા, પરંતુ જે બહિર્મુખ વૃત્તિના નિંદક પુરુષો હતા, તેઓ આપસ આપસમાં જાતજાતની ચર્ચાઓ કરવા લાગ્યા. પરસ્પરમાં એક બીજાને કહેવા લાગ્યા કે " આ નિમાઈ પંડિત પણ અજબ આદમી જણાય છે, એમને સહેજ પણ ભય નથી. શહેરમાં હાહાકાર થઈ રહ્યો છે કે કાલે સેના આવશે અને સૌથી પહેલાં નિમાઈ પંડિતનેજ નાવ ... ચ... માં આવશે. એ બધી વાતો સાંભળવા " ... પેઠે બની ઠનીને હસતા હસતા ... રા ઉ... કંઈ પણ અસર જ ... સ

કોઇ કોઇ કહેતું: "અરે, બધી જૂઠી વાતો છે, નથી તો ફોજ આવતી કે નથી તો નાવ પણ આવવાની; બધાં ઠંડા પહોરનાં ગપ્પાં છે."

બીજો તેનું જોરથી ખંડન કરીને કહેતો:–"વાહ સાહેબ! આપ ગપ્પુંજ માની રહ્યા છો! કાલે કાજી સાહેબ પોતેજ કહેતા હતા: "હાથકંકણને તે આરસી શી? કાલે આપ પ્રત્યક્ષજ જોઈ લેજો."

આ રીતે લોકો વિવિધ પ્રકારે પોતપોતાનાં અનુમાન દોડાવતા હતા. મહાપ્રભુ ભક્તો સાથે આનંદમાં વિહાર કરતા હતા. એટલામાં પ્રભુના એક જૂના પરિચિત પંડિત ગંગાજી પર સંધ્યા કરતા મળ્યા. પ્રભુને જોઇને તેમણે તેમને પ્રણામ કર્યા, પછી આપસમાં વાર્તાલાપ થવા લાગ્યો. વાતો કરતાં કરતાં પંડિતે કહ્યું:–"ભાઈ! સાંભળ્યું છે કે, તમને પકડવા માટે રાજાના તરફથી સેના આવે છે. આખા શહેરમાં એવી જોરદાર અફવા છે. જો એવીજ વાત છે, તો તમે થોડા દિવસ માટે નવદ્વીપ છોડીને ક્યાંક બીજે ચાલ્યા જાઓ. રાજા સાથે વિરોધ કરવો બરાબર નથી. વળી તે એવા રાજા સાથે કે જે આપણા ધર્મનો પોતેજ વિરોધી છે. મારી તો સલાહ છે કે, આ સમયે તમારે મેદાન છોડીને ભાગીજ જવું જોઇએ, પછી તો તમે જેમ યોગ્ય માનો તેમ ખરૂં."

પ્રભુએ કંઈક બેદરકારીપૂર્વક કહ્યું:–"અરે, જે થવું હોય તે થવા દો, હવે ગોડ દેશ છોડીને બીજે જઇ પણ ક્યાં શકાય? જો બીજી જગાએ જઇશું તો ત્યાં સેના મોકલીને શું બાદશાહ અમને પકડી મંગાવી શકશે નહિ? તેથી અહીંજ સારૂં છે. જે દુઃખ પડશે તે સહન કરીશું. શુભ કાર્યોની આવા સમયમાંજ પરીક્ષા થાય છે, દુઃખ એજ ધર્મની કસોટી છે. જોઇએ તો ખરા કે તેમાંથી કેટલા સાચા નીવડે છે!" આ સાંભળીને પંડિત ચૂપ થઈ ગયા. પછી પ્રભુ શ્રીવાસ પંડિતના મકાન તરફ ચાલી નીકળ્યા.


[illegible]
[illegible] વાળોમાં
[illegible] અને બીજા ગોત-
ના [illegible] ભક્તો ને લઇને
ગંગાકિનારા [illegible] હોઠ
માનની [illegible] થતા હતા.
નેત્રોમાંથી [illegible] પૂર્ણિ-
માના ચંદ્રના જેવું ખીલેલું [illegible] હાસ્ય-
પૂર્વક ભક્તોના આનંદને [illegible] ગંગાજીના
ઘાટો ઉપર આમથી તેમ ફરવા [illegible] જે સાત્વિક પ્રકૃ-
તિના ભગવદ્ભક્ત હતા, તેઓ તો પ્રભુના અદ્ભુત રૂપ-
લાવણ્યને જોઇને મનોમન પરમ પ્રસન્ન થતા હતા. પરંતુ
જે બહિર્મુખ વૃત્તિના નિંદક પુરુષો હતા, તેઓ આપસ
આપસમાં જાતજાતની ચર્ચાઓ કરવા લાગ્યા. પરસ્પરમાં
એક બીજાને કહેવા લાગ્યા કે " આ નિમાઈ પંડિત પણ
અજબ આદમી જણાય છે, એમને સહેજ પણ ભય નથી.
સમસ્ત શહેરમાં હાહાકાર થઇ રહ્યો છે કે કાલે સેના
પકડવા આવશે અને સૌથી પહેલાં નિમાઈ પંડિતનેજ
બાંધીને નાવ ઉપર ચઢાવવામાં આવશે. એ બધી વાતો
સાંભળવા છતાંયે આ તો રાજપુત્રની પેઠે બની ઠનીને હસ-
તા હસતા ફર્યા કરે છે. તેમના ચહેરા ઉપર કંઈ પણ
અસર જણાતી નથી. ભારે વિચિત્ર માણસ છે ! "

કોઇ કોઇ કહેતું: " અરે, બધી જૂઠી વાતો છે, નથી તો ફોજ આવતી કે નથી તો નાવ પણ આવવાની; બધાં ગંડા પહોરનાં ગપ્પાં છે."

બીજો તેનું જોરથી ખંડન કરીને કહેતો:–" વાહ સાહેબ! આપ ગપ્પુંજ માની રહ્યા છો! કાલે કાજી સાહેબ પોતેજ કહેતા હતા: " હાથકંકણને તે આરસી શી? કાલે આપ પ્રત્યક્ષજ જોઈ લેજો."

આ રીતે લોકો વિવિધ પ્રકારે પોતપોતાનાં અનુમાન દોડાવતા હતા. મહાપ્રભુ ભક્તો સાથે આનંદમાં વિહાર કરતા હતા. એટલામાં પ્રભુના એક જૂના પરિચિત પંડિત ગંગાજી પર સંધ્યા કરતા મળ્યા. પ્રભુને જોઇને તેમણે તેમને પ્રણામ કર્યો, પછી આપસમાં વાર્તાલાપ થવા લાગ્યો. વાતો કરતાં કરતાં પંડિતે કહ્યું:–" ભાઈ! સાંભળ્યું છે કે, તમને પકડવા માટે રાજાના તરફથી સેના આવે છે. આખા શહેરમાં એવી જોરદાર અફવા છે. જો એવીજ વાત છે, તો તમે થોડા દિવસ માટે નવદ્વીપ છોડીને કયાંક બીજે ચાલ્યા જાઓ. રાજા સાથે વિરોધ કરવો બરાબર નથી. વળી તે એવા રાજા સાથે કે જે આપણા ધર્મનો પોતેજ વિરોધી છે. મારી તો સલાહ છે કે, આ સમયે તમારે એદાન છોડીને ભાગીજ જવું જોઇએ, પછી તો તમે જેમ યોગ્ય માનો તેમ ખરૂં."

પ્રભુએ કંઈક બેદરકારીપૂર્વક કહ્યું:–" અરે, જે થવું હોય તે થવા દો, હવે ગૌડ દેશ છોડીને બીજે જઇ પણ ક્યાં શકાય? જો બીજી જગાએ જઇશું તો ત્યાં સેના મોકલીને શું બાદશાહ અમને પકડી મંગાવી શકશે નહિ? તેથી અહીંજ સારૂં છે. જે દુઃખ પડશે તે સહન કરીશું. શુભ કાર્યોની આવા સમયમાંજ પરીક્ષા થાય છે, દુઃખ એજ ધર્મની કસોટી છે. જોઇએ તો ખરા કે તેમાંથી કેટલા સાચા નીવડે છે!" આ સાંભળીને પંડિત ચૂપ થઈ ગયા. પછી પ્રભુ શ્રીવાસ પંડિતના મકાન તરફ ચાલી નીકળ્યા.



श्री नृसिंहावेश

किं किं सिंहस्ततः किं नरसदृशवपुर्देव चित्रं गृहीतो
नैतादृक् क्वापि जीवोऽद्भुतमुपनय मे देव संप्राप्त एषः।
चापं चापं न चापीत्यहहहहहहा कर्कशत्वं नखानां
इत्थं दैत्येन्द्रवक्षः खरनखमुखरैर्जघ्निवान् यः स नो व्यात्॥

([illegible] ૭૦–૫૫)

અર્થાત્ શ્રીહિરણ્યકશિપુ પોતાના સેવકને પૂછે છે:–“કોણ છે, કોણ છે?” સેવક કહે છે:—“પ્રભો! સિંહ છે.” ત્યારે પૂછે છે:–“તેમાં શું થયું, સિંહ હોય તો ભલે રહ્યો.” સેવક કહે છે:–“પ્રભો! તેનું શરીર મનુષ્યના જેવું છે, એ તો મહાન્ આશ્ચર્યની વાત છે!” આ સાંભળીને હિરણ્યકશિપુ કહેવા લાગ્યો:–“આ જાતનો અદ્ભુત જીવ તો આજ સુધી મેં કોઇ વાર જોયો નથી. લાવ, તેને મારી પાસે લઇ આવો.” જલદીથી સેવક બોલી ઉઠ્યો:–“જુઓ પ્રભો! તે આ આવીજ પહોંચ્યો.” હિરણ્યકશિપુએ જલદીથી ધનુષ માગતાં માગતાં કહ્યું: “ધનુષ! ધનુષ!” નોકરોની બુદ્ધિ ભ્રષ્ટ જ થઇ ગઇ હતી, તેમણે કહ્યું, “આની પાસે ધનુષ નથી. અહો! અહો! તેને તો નખ છે, કર્કશ નખ છે.” એ લોકો એટલું કહેતા હતા તેટલામાં નૃસિંહ ભગવાને પોતાના કઠોર અને તીક્ષ્ણ નખોથી દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુના વક્ષઃસ્થળને ચીરી નાખ્યું. એવા નૃસિંહ ભગવાન આપણી રક્ષા કરો.

શ્રીવાસ પંડિત નૃસિંહ ભગવાનના ઉપાસક હતા. તેઓ પોતાના પૂજાગૃહમાં બેઠા બેઠા ભક્તિભાવથી નૃસિંહ

ભગવાનનું વિધિપૂર્વક પૂજન કરતા હતા. એટલામાંજ તેમણે પોતાના ઘરના બારણે જોરથી ખટખટનો અવાજ સંભળાયો, જાણે કોઇ જોરથી કમાડ ખટખટાવી રહ્યું ન હોય. શ્રીવાસ ધ્યાનભંગ થયા. તેઓ ડરી ગયા કે, આટલા જોરથી કમાડ કોણ ખટખટાવે છે? તેમણે પૂછ્યું:–"કોણ છો?" બહારથી અવાજ આવ્યો–"જેનું તમે પૂજન કરો છો, જેની આજ સુધી પરોક્ષ માનીને પૂજા કરતા હતા, તેને પ્રત્યક્ષ જોઈ લ્યો." આ સાંભળીને શ્રીવાસ પંડિત કંઈક ચમકી ગયા અને તેમણે ડરતાં ડરતાં કમાડ ખોલ્યાં. એટલામાંજ શ્રીવાસ જુએ છે કે, અદ્ભુત રૂપલાવણ્યયુક્ત શચીનંદન શ્રી વિશ્વંભર નિર્ભયભાવે પૂજાગૃહમાં ચાલ્યા જાય છે. તેઓ જતાંજ પૂજાના સિંહાસન ઉપર વિરાજમાન થઈ ગયા. શ્રીવાસ પંડિતને લાગ્યું કે, સાક્ષાત્ વિષ્ણુ ભગવાન વિશ્વંભરના રૂપમાં પ્રગટ થયા છે, તેમના ચાર હાથોમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ શોભે છે. ગળામાં વૈજયંતી માળા ધારણ કરેલી છે, એક મોટા જબરદસ્ત મસ્ત સિંહની પેઠે વારંવાર હુંકાર કરે છે. પ્રભુના આવા ભયંકર રૂપને જોઈને શ્રીવાસ ભયભીત જેવા થઈ ગયા.

ભગવાનના સિંહાસન પર બેઠા બેઠા પ્રભુ ઘોર ગંભીર સ્વરે સિંહની પેઠે ગર્જના કરતાં કહેવા લાગ્યાઃ "શ્રીવાસ! હજુ સુધી તમે મને ઓળખ્યો નહિ? અદ્વૈતાચાર્ય તો મારી પરીક્ષા કરવા માટેજ શાંતિપુર ચાલ્યા ગયા. તમારે કોઈ પણ પ્રકારે ડરવું જોઇએ નહિ. હું એકેએક દુષ્ટનો વિનાશ કરીશ. ભક્તોને દુઃખ દેનાર કોઈ પણ દુષ્ટ મારાથી બચી શકશે નહિ. તમે ગભરાઓ નહિ. શાંત ચિત્તથી મારી સ્તુતિ કરો! પ્રભુએ આ પ્રમાણે આશ્વાસન દેતાં શ્રીવાસ પંડિત ચોથી વાર પાછો પ્રેમમાં વિહ્વળ થઇને ગદ્ગદ કંઠે સ્તુતિ કરવા લાગ્યાઃ–

नौमीड्य तेऽभ्रवपुषे तडिदम्बराय
गुञ्जावतंसपरिपिच्छल सन्मुखाय ।

वन्यस्रजे कवलवेत्रविषाणवेणु-
लक्ष्मश्रिये मृदुपदे पशुपाङ्गजाय ॥
(શ્રીમદ્ભાગવત પૂર્વાર્ધ ૧૦–૧૧–૧)

અર્થાત હે ભક્તાભયકારી ભગવન! આપ પ્રસન્ન થાઓ, હું આપની સ્તુતિ કરૂં છું. પ્રભો! આપની મેઘના જેવી સુશોભિત શ્યામસુંદર મૂર્તિ છે, શરીર ઉપર વીજળીના જેવું ચકચકિત પીતાંબર શોભાયમાન છે. પુષ્પોના શણગારોથી તથા મયૂરપિચ્છના મુગટથી આપનું શ્રીમુખ દેદીપ્યમાન છે. ગળામાં વનમાળા વિરાજમાન છે, એક હાથમાં દહીંભાતનો કોળિયો લીધેલો હોવાથી તથા બીજા હાથોમાં છડી-લાકડી, નરસિંહા (એક જાતનું વાજું) અને મોરલીથી આપની શોભા ઘણીજ વધેલી છે. આપનાં ચરણો ઘણાંજ કોમળ છે અને નંદજીને આપ પિતા કહીને બોલાવો છો. એવા આપને કેવળ આપનીજ પ્રાપ્તિ માટે હું પ્રણામ કરૂં છું.

આ શ્લોક બોલી તેઓ દીનભાવે કહેવા લાગ્યા: "વિશ્વંભરનો જય થાઓ, વિશ્વરૂપના અગ્રજનો જય થાઓ, ગૌરસુંદરનો જય થાઓ, મદનમોહનનો જય થાઓ, જગન્નાથપ્રિયનો જય થાઓ, શચીનંદનનો જય થાઓ, નૃસિંહરૂપધારી ભગવાનનો જય થાઓ, ભક્તભયહારી ભગવાનનો જય થાઓ, ભક્તોના ભયને દૂર કરનાર પ્રભુનો જય થાઓ!

આટલા દિવસોથી હું અજ્ઞાનઅંધકારમાં આમતેમ ભટકી રહ્યો હતો. આજે ગુરુરૂપ પ્રભુ આપના આપનાં દર્શન થયાં. આજે આપ આપનું સાચું સ્વરૂપ પ્રકટ કરીને મુજ પામર પ્રાણીને પરમ પાવન બનાવી દીધો. આપજ બ્રહ્મા છો, આપજ વિષ્ણુ છો, આપજ શિવ છો, સૃષ્ટિના આદિકારણ આપજ છો, આપનો જય થાઓ!

શ્રીવાસે આ પ્રમાણે સ્તોત્રપાઠ કર્યા પછી પ્રભુએ તેમને આજ્ઞા આપી કે "તમે તમારા સમસ્ત પરિવાર સાથે મારી પૂજા કરો અને મનોવાંછિત વરદાન માગો" પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરીને શ્રીવાસ પંડિતે પોતાના

ઘરની બધી સ્ત્રીઓને, બાળબચ્ચાં તથા દાસ-દાસીઓને એકત્ર કર્યાં અને બધાં મળીને આનંદ અને ઉલ્લાસપૂર્વક પ્રભુની પૂજા કરવા તૈયાર થયાં. પિતા સમાન પૂજ્ય અને વૃદ્ધ એવા શ્રીવાસ પંડિત એ વાત તદ્દન ભૂલીજ ગયા કે, તેઓ મારા મિત્ર જગન્નાથ મિશ્રના નાના પુત્ર છે, જેમને મેં ખોળામાં રમાડ્યા છે અને જે મારૂં હમેશાં પિતાની પેઠે સન્માન કરે છે. તે સમયે તેમને પૂરેપુરો ભાવ થઈ ગયો હતો કે સાક્ષાત્ નૃસિંહ ભગવાનજ પ્રગટ થયા છે. તેથી વિષ્ણુપૂજાને માટે જેટલી સામગ્રી એકઠી કરી હતી, તે બધીજ પ્રભુની પૂજામાં વાપરી દીધી. શ્રી-વાસના ઘરની સ્ત્રીઓએ પોતપોતાના હાથ વડે પ્રભુના ગળામાં માળાઓ પહેરાવી. તેમના મસ્તક ઉપર પુષ્પ ચઢાવ્યાં અને તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પ્રભુએ પણ તેમનાં મસ્તકો ઉપર પોતાનાં ચરણ રાખીને તેમને આશી-ર્વાદ આપ્યોઃ—"તમારી બધાંની મારામાં ભક્તિ થાઓ." આ રીતે સૌએ મળીને ભક્તિભાવપૂર્વક પ્રભુનું પૂજન કર્યું.

ત્યાર પછી જોરથી હુંકાર કરતાં કરતાં પ્રભુએ ગંભીર સ્વરે કહ્યુંઃ—"શ્રીવાસ! તમારે ચિંતા કરવી નહિ. તમે અનન્યભાવે મારૂંજ સ્મરણ-કીર્તન કરો છો, પછી ડરવાની શી જરૂર? બાદશાહની શી તાકાત છે કે આપણી વિરુદ્ધ કંઇ પણ કરી શકે? જો વૈષ્ણવોને પકડવા માટે નાવ આ-વશે, તો સૌથી પહેલો નાવમાં હુંજ બેસીશ અને જઈને બાદશાહને કહીશ કે, તમે કીર્તન રોકવાની આજ્ઞા શ માટે આપી છે? જો કાજીઓના કહેવાથી તમે આ પ્રમાણે કર્યું હોય તો તેમને અહીં બોલાવો અને તેઓ પોતાન શાસ્ત્રોના વિશ્વાસ પ્રમાણે પ્રાર્થના કરીને બધાને 'અલ્લાહ યા 'ખુદા' કહેવડાવે; નહિ તો હું બધા હિન્દુ, મુસલ માન, પશુ, પક્ષી વગેરે જીવો પાસે કૃષ્ણ કૃષ્ણ કહેવરા વું. આ રીતે બધા જીવોના મુખેથી શ્રીકૃષ્ણ-કીર્તન કરાવી હું સંકીર્તનનું મહત્ત્વ દર્શાવીશ અને યવનો પાસે પ કૃષ્ણ કહેવરાવીશ. જો તેમ છતાંયે તે નહિ માને તો

તેનો સંહાર કરીશ. તમે કશી વાતની ચિંતા કરતા નહિ, નિર્ભય રહો. હું તમને હમણાં બતાવું છું કે, આ બધું કેવી રીતે થઈ શકશે." એટલું કહીને પ્રભુએ શ્રીવાસ પંડિતની ભત્રીજીને પોતાની પાસે બોલાવી. તેનું નામ નારાયણી હતું. તેની ઉંમર લગભગ ચાર વર્ષની હશે. પ્રભુએ તેને પોતાની પાસે બોલાવીને કહ્યું: " બેટા! નારાયણી! તું કૃષ્ણપ્રેમમાં ઉન્મત્ત થઈને રુદન તો કર!" બસ, એટલું સાંભળતાંજ તે ચાર વર્ષની બાલિકા શ્રીકૃષ્ણ-પ્રેમમાં મૂર્ચ્છિત થઇને ઢળી પડી અને જોરથી "હા કૃષ્ણ! હા કૃષ્ણ!!" કહીને રુદન કરવા લાગી. તેના આ પ્રકારના રુદનને સાંભળીને બધાં સ્ત્રીપુરુષો આશ્ચર્યસાગરમાં ડૂબકાં ખાવા લાગ્યાં. બધાંની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

હસતાં હસતાં પ્રભુએ કહ્યું:–" આ પ્રકારે હું બધાની પાસે કૃષ્ણકીર્તન કરાવીશ." આ પ્રકારે શ્રીવાસને આશ્વાસન આપીને પ્રભુ મૂર્ચ્છિત થઇને પૃથ્વી ઉપર પડી ગયા. અને ઘણી વાર પછી ભાનમાં આવ્યા. ભાનમાં આવ્યા પછી તેઓ આમતેમ જોવા લાગ્યા અને બોલ્યા: " પંડિતજી! હું અહીં ક્યાંથી આવી પહોંચ્યો? મેં કંઇ ટીખળ તો નથી કરી નાખ્યું ને? આપ તો મારા પિતાસમાન છો, મારા બધા અપરાધોને આપ સદા ક્ષમા કરતા આવ્યા છો. જો મારાથી તેવું કંઈ હોય તો મને માફ કરશો. મને ખબરજ નથી કે હું અહીં શી રીતે આવ્યો અને મેં શું શું કર્યું?"

પ્રભુની આ પ્રકારની સાદી સીધી વાતો સાંભળીને શ્રીવાસ પંડિતે વિનમ્ર ભાવે કહ્યું:–" પ્રભો! મને ઘણા સમય સુધી ભ્રમમાં રાખ્યો, હવે ફરીથી મને ભ્રમમાં ના નાખશો, અને હવે છેતરશો નહિ. હવે તો મને આપનું સાચું સ્વરૂપ સમજાઈ ગયું છે, આપનાં ચરણોમાં મારો આજ પ્રકારનો પ્રેમ રહ્યા કરે એવો આશીર્વાદ આપો." [illegible]
[illegible]

श्रीवाराहावेशः

नमस्तस्मै वराहाय हेलयोद्धरते महीम् ।
खुरमध्यगतो यस्य मेरुः खुरखुरायते ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૧૮-૨૩)

અર્થાત્ જેમણે પાતાળમાં ગયેલી પૃથ્વીનો સહેજ વારમાં ઉદ્ધાર કર્યો અને જેમની ખરીઓના આઘાતથી સુમેરુ પર્વત પણ ખુરખુર અવાજ કરવા લાગ્યો તે શ્રીવરાહ ભગવાનને નમસ્કાર છે.

કોઈએક બીજા શરીરમાં કોઈ ભિન્ન શરીરના ગુણોનો થોડા સમય માટે આવેશ આવી જાય તેને 'આવેશ' કહે છે. ઘણું ખરું લોકોમાં સ્ત્રી-પુરુષો ઉપર ભૂત, પ્રેત, યક્ષ, રાક્ષસ તથા દેવ-દાનવોના આવેશ આવતા જોવામાં આવ્યા છે. જે માણસ જેવી પ્રકૃતિનું હોય છે, તેનામાં તેવોજ આવેશ પણ આવે છે. દેવતાઓનો આવેશ સાત્વિક પ્રકૃતિનાજ લોકોમાં આવે છે. યક્ષ-રાક્ષસોનો આવેશ રાજસ પ્રકૃતિનાંજ શરીરોમાં પ્રગટ થશે અને જે ઘોર તામસ પ્રકૃતિનાં માણસો છે, તેમના શરીરમાં ભૂત-પિશાચોનો આવેશ આવે છે. બધાનાં શરીરમાં આવેશ આવેજ એવું કંઈજ નથી. કોઈ વાર કોઈ વિરલ શરીરમાં આવેશ આવતો જોવામાં આવે છે. તે કેમ થાય છે અને કેવી રીતે થાય છે, તેનો કોઈ ખાસ નિયમ નથી. જે દેવ, દાનવ અથવા ભૂતપિશાચ જે શરીરને પોતાને યોગ્ય માને છે, તેમાં પ્રવેશ કરીને તે પોતાના ભાવો વ્યક્ત કરે છે.

આ સિવાય ભગવાનના કલાવતાર, અંશાવતાર આદિ અવતારોની સંખ્યામાં એક આવેશાવતાર પણ થાય છે. કોઈ મહાન કાર્યને માટે કોઈ ખાસ શરીરમાં ભગવાનનો આ-

[illegible] ને આવેશ [illegible] શાકુન્તલમ્ [illegible] બેઠા [illegible] પ્રેમને [illegible] વિવિધ [illegible] નામ [illegible]

[illegible] થી [illegible] ભગવાનનો [illegible] ની કરીને [illegible] રઘુરામજી શુદ્ધ [illegible] ઉપર બેઠા બેઠા તપસ્યા કરે છે. આ પ્રકારે [illegible] કોઈ ખાસ કાર્યની સિદ્ધિ માટે હોય છે અને તે [illegible] દિવસ સુધી ટકતો પણ નથી. દ્રૌપદીનાં ચીર [illegible] ભગવાનને ચીરાવતાર પણ થયો હતો અને [illegible] દ્રૌપદીની લાજ રાખીને તે અદૃશ્ય પણ થઈ ગયો હતો.

આ પ્રકારે હવે પ્રભુના શરીરમાં પણ ભિન્ન ભિન્ન અવતારોના આવેશ આવવા લાગ્યા. જે સમયે તેઓ આવેશની અવસ્થામાં આવતા તે સમયે તે અવતારના ગુણો અનુસાર વર્તન કરવા લાગતા અને જ્યારે તે આવેશ સમાપ્ત થઇ જતો, ત્યારે તેઓ એક નિરભિમાની ભક્તની પેઠે ઘણુંજ નમ્ર વર્તન કરતા. ભક્તોની ચરણરજને મસ્તકે ચઢાવતા અને બધાને અધીરા થઇને પૂછતા કેઃ—" મને શ્રીકૃષ્ણના પ્રેમની પ્રાપ્તિ ક્યારે થશે ? " આપ સર્વે મને શ્રીકૃષ્ણપ્રાપ્તિનો ઉપાય બતાવો. હું મારા વહાલા શ્રીકૃષ્ણને ક્યારે કેમ કરીને મળી શકીશ ? " આ પ્રકારે તેમના જીવનમાં બે ભિન્ન ભિન્ન ભાવો જણાવા લાગ્યાઃ ભાવાવેશમાં તો ભગવદ્‌ભાવ અને સામાન્ય રીતે ભક્તભાવ. જે તેમના અંતરંગ ભક્તો હતા, તેઓ તો તેમનામાં સર્વ

કાંઈ ભગવત્પ્રાપ્તિનાજ ભાવના અને નેત્રો વડે નિરંતર દીનતા-નમ્રતા પ્રગટ કરતા તોપણ તેમના ભાવો સમજાતા નહિ; પરંતુ જેઓ સામાન્ય હતા, તેઓ કાંઈ કાંઈ કહેતા કે આ શું છે? કોઈ કહેતું: "તેઓ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે." કોઈ કહેતું: "કોણ જાણે કોઈ દેવી-દેવતાઓ આવેશ આવે છે." કોઈ કોઈ આને તાંત્રિક સિદ્ધિ પણ કહેતા. પ્રભુના શરીરમાં કંઈક શ્રીકૃષ્ણલીલાઓનો ઉદય પણ ભક્તોને જણાયો હતો. કોઈ વાર તો તેઓ અક્રૂરલીલા કરતા, તો કોઈ વાર ગોપીઓના વિરહમાં રુદન કરતા હતા.

મુરારી ગુપ્ત વરાહ ભગવાનના ઉપાસક હતા. એક દિવસ મુરારી ગુપ્ત વરાહ ભગવાનના સ્તોત્રનો પાઠ કરતા હતા. પ્રભુ દૂરથીજ સ્તોત્રપાઠ સાંભળીને વરાહની પેઠે જોરથી ગર્જના કરતા-"વરાહ-વરાહ" બોલતા મુરારી ગુપ્તના ઘર તરફ ચાલ્યા. તે સમયે તેમની પ્રકૃતિમાં મુરારી ગુપ્તે બધા વરાહઅવતારના ગુણોનો અનુભવ કર્યો હતો. પ્રભુ બન્ને હાથને પૃથ્વી ઉપર ટેકવીને હાથપગ વડે બરાબર વરાહની પેઠે ચાલવા લાગ્યા. રસ્તામાં એક મોટો પીતળનો જળથી ભરેલો કલશ-ઘડો રાખ્યો હતો. પ્રભુએ તેને પોતાના દાંત વડે ઉઠાવીને બીજી બાજુ ફેંકી દીધો અને તેઓ સીધા ગુપ્ત મહાશયના પૂજાગૃહમાં ચાલ્યા ગયા. ત્યાં જઈને તેઓ આસને બેઠા અને મુરારીને કહેવા લાગ્યાઃ "મુરારી! તમે મારી સ્તુતિ કરો."

મુરારીએ હાથ જોડીને અતિ દીનભાવે કહ્યું: "પ્રભો! આપનો મહિમા વેદાતીત છે. વેદ અને શાસ્ત્ર પણ આપના મહિમાને પૂર્ણ રીતે સમજી શકતાં નથી. શ્રુતિઓએ આપને 'નેતિ' 'નેતિ' કહીને વર્ણવ્યા છે. આપ અંતર્યામી છો. શેષજી હજારો મુખો વડે અહર્નિશ આપના ગુણોનું નિરંતર કથન કરતા રહ્યા છે, તોપણ પ્રલયના અંત સુધી આપના સમસ્ત ગુણોનું વર્ણન કરી શકશે નહિ. તો પછી હું અજ્ઞાન પ્રાણી ભલા આપની સ્તુતિ કેવી રીતે કરી શકીશ?"

પ્રભુએ તેજ પ્રકારે ગંભીર સ્વરે કહ્યું:-"મુરારી!

તમારે ડરવાની કોઈ જરૂર નથી. જે દુષ્ટ મારા સંકીર્તનમાં વિઘ્ન નાખશે, તેનો હું સંહાર કરીશ; પછી ભલેને તે ગમે તે હોય અને નિર્ભય રહો. નામ-સંકીર્તન દ્વારા હું જગદુદ્ધાર કરવા ઇચ્છું છું." એમ કહેતાં કહેતાં પ્રભુ બેભાન જેવા થઈ ગયા અને ત્યાંજ મૂર્છા ખાઈને પડી ગયા. થોડીક વાર પછી પ્રભુ ભાનમાં આવ્યા અને મુરારી સાથે એ પ્રકારની અધીનતાની વાતો કરવા લાગ્યા. મુરારી ગુપ્ત તો તેમના પ્રભાવનો પહેલેથીજ પરિચય પામી ચુક્યા હતા. તેથી તેમના ભાવમાં કોઈ પ્રકારનું પરિવર્તન થયું નહિ. પ્રભુ આ પ્રકારે મુરારીને પોતાનાં દર્શનોથી કૃતાર્થ કરીને ઘર તરફ ચાલ્યા ગયા. આ પ્રકારે ભક્તોને અનેક ભાવો તથા લીલાઓથી પ્રભુ હમેશાં આનંદી અને સુખી રાખી શ્રીકૃષ્ણસંકીર્તનમાં યોજેલા રાખતા હતા.

એક દિવસ સંકીર્તન કરતાં કરતાં પ્રભુએ વચમાંજ કહ્યું:-" નદિયામાં હવે તરતમાંજ એક મહાપુરુષ આવનાર છે, કે જેના દ્વારા નવદ્વીપના ઘેરેઘેર અને ઘેરઘેર શ્રીકૃષ્ણ-સંકીર્તનનો પ્રચાર થશે." પ્રભુના મુખેથી આ વાત સાંભળીને બધા ભક્તોને ખૂબ આનંદ થયો. અને તેઓ આનંદના ઉલ્લાસમાં વધુ ઉત્સાહથી નૃત્ય કરવા લાગ્યા. ભક્તોને દૃઢ વિશ્વાસ હતો કે, પ્રભુએ જે કહ્યું છે તે સાચુંજ પડશે.

આ વાતને ચાર-પાંચ દિવસજ થયા હશે, ને એક દિવસ સંકીર્તન પછી પ્રભુએ ભક્તોને કહ્યું: " મારા મોટા ભાઈ, મારા પરમ સખા, મારા બંધુ અને મારા એ સર્વસ્વ મહાપુરુષ અવધૂતના વેશમાં નવદ્વીપમાં આવી પહોંચ્યા છે. હવે તમે લોકો જઈને તેમને શોધી કાઢો." પ્રભુની આવી આજ્ઞા થતાં ભક્તો એ અવધૂત મહાપુરુષને શોધવા ચાલ્યા. વાચકોને ઉત્સુકતા થશે કે, એ નિમાઈના સર્વસ્વ, અવધૂતવેશમાં કયા મહાપુરુષ હતા? તેઓ અવધૂત નિત્યાનંદજી હતા, કે જેમને ગૌર ભક્તોમાં 'નિમાઈના ભાઈ નિતાઈ' ના નામથી ઓળખાવવામાં આવે છે.

निमाईना भाई नित्याई

पुण्यतीर्थे कृतं येन तपः क्वाप्यति दुष्करम् ।
तस्य पुत्रो भवेद्वश्यः समृद्धो धार्मिकः सुधीः ॥
(सुभाषित रत्नभांडागार ९४-६)

અર્થાત્ જેમણે કોઇ પુણ્ય તીર્થમાં રહીને કોઇ પ્રકારનું ઘોર અને દુષ્કર તપ કર્યું છે, તેમને ત્યાં ઇંદ્રિયોને વશમાં રાખનારો, સમૃદ્ધિશાળી, ધાર્મિક અથવા વિદ્વાન્ પુત્ર પેદા થાય છે; પછી ગમે તો તે તપ કોઇ પણ જન્મમાં ભલેને કર્યું હોય. પૂર્વજન્મોનાં સુકૃત્યો વિના ગુણવાન અથવા ધાર્મિક પુત્ર અવતરી શકતો નથી.

વિધિનું વિધાન પણ ઘણુંજ વિલક્ષણ છે, કોઇ કોઇ વાર એકજ માતાને પેટે જન્મેલા બે ભાઇઓ પરસ્પરમાં શત્રુભાવથી વર્તતા જોવામાં આવ્યા છે. વાલિ–સુગ્રીવ, રાવણ–વિભીષણ, કર્ણ–અર્જુન વગેરે સહોદર ભાઇઓજ હતા, પરંતુ તેઓ પરસ્પરમાં એકબીજાના મૃત્યુના કારણ બન્યા છે. આથી ઉલટું ભિન્ન ભિન્ન માતા–પિતાઓથી જન્મેલા હોવા છતાં તેમનામાં એટલો બધો પ્રેમ જોવામાં આવે છે કે તેટલો કોઇ વિરલા સહોદર ભાઇઓમાં પણ કદાચ ન હોય. આ બધી વાતોથી એજ અનુમાન થાય છે કે પ્રત્યેક પ્રાણી પૂર્વજન્મના સંસ્કારોથી બંધાયેલ છે. જેનો જેની સાથે જેટલા જન્મોનો સંબંધ હશે, તેને તેની સાથે તેટલાજ જન્મો સુધી તે સંબંધ નિભાવવો પડશે. પછી ગમે તો એ બન્નેનો જન્મ એકજ પે

અથવા દેશના હોય કે ભિન્ન ભિન્ન જાતિ-કુળ અથવા ગામમાં હોય, સંબંધ તો પહેલાંનીજ પેઠે ચાલ્યો આવશે. મહાપ્રભુ ગૌરાંગદેવનો જન્મ ગૌડ દેશના સુપ્રસિદ્ધ નદિયા નામના નગરમાં થયો હતો. તેમના પિતા સિલહટનિવાસી મિશ્ર બ્રાહ્મણ હતા. માતા નવદ્વીપના સુપ્રસિદ્ધ પંડિત નીલાંબર ચક્રવર્તીનાં પુત્રી હતાં. તેઓ બે ભાઈ હતા. મોટા ભાઈ વિશ્વરૂપ તેમને પાંચ વર્ષના મૂકીને સદાને માટે ચાલ્યા ગયા હતા. ચૈતન્ય માતાપિતાના એજ એકમાત્ર પુત્ર હતા, તેથી ભલે તેમને સૌથી નાના કહો કે સૌથી મોટા. તેમની માતાને બીજું કોઈ સંતાનજ હયાત નહોતું.

શ્રી નિત્યાનંદનો જન્મ રાઢ દેશમાં થયો હતો. તેમનાં માતા-પિતા રાઢી જાતનાં બ્રાહ્મણ હતાં. તેઓ પોતાના બધા ભાઈઓમાં મોટા હતા; પરંતુ તેમના નાના ભાઈઓનાં નામ પણ નહોતા જાણતા કે તેઓ કોણ હતા ને કેટલા હતા? તેઓ ગૌરાંગના મોટા ભાઈ તરીકે પ્રસિદ્ધ થયા અને ગૌર ભક્તોમાં સંકીર્તનસમયે ગૌરાંગની પહેલાં નિતાઈનુંજ નામ આવે છે. જેમકે:-

ભજો નિતાઈ ગૌર રાધેશ્યામ, જપો હરે કૃષ્ણ હરે રામ.

આ પ્રકારે એ બન્નેનાં પાંચભૌતિક શરીર એક સ્થાનના રજવીર્યનાં નહિ હોવા છતાં પણ તેમનો આત્મા એકજ તત્ત્વનો બનેલો હતો. તેમનું શરીર જુદા જુદા દેશનું હોવા છતાં પણ તેમનું અંતઃકરણ એકજ હતું; તેથી તો "નિમાઇ અને નિતાઈ" બન્ને જુદા જુદા હોવા છતાં એકજ ગણાતા હતા.

પ્રભુ નિત્યાનંદજીનો જન્મ વીરભૂમિ જીલ્લાના 'એકચાકા' નામના એક નાનકડા ગામમાં થયો હતો. તેમના ગામથી થોડે દૂર મોડેશ્વર (મયૂરેશ્વર) નામનું એક ઘણુંજ પ્રસિદ્ધ શિવલિંગ હતું. હાલમાં ત્યાં મયૂરેશ્વર નામનું એક

ગામ પણ વસેલું છે ને તે વીરભૂમિનું એક થાણું છે. નિત્યાનંદ પ્રભુના પિતાનું નામ હાડાઈ ઓઝા અને માતાનું નામ પદ્માવતી દેવી હતું. ઓઝાદંપતિ વિષ્ણુભક્ત હતાં. પરમ ભાગવત અને સાચા વૈષ્ણવ હોવા વિના તેમને ઘેર નિત્યાનંદ જેવા મહાપુરુષનો જન્મજ ક્યાંથી થઇ શકે ? તે સમયે સાંપ્રદાયિક સંકુચિતપણાનું વધારે જોર નહોતું. લગભગ બધા સંપ્રદાયોને માનનારા વૈષ્ણવ, સ્માર્ત મત પ્રમાણેજ પોતાને વૈષ્ણવ માનતા હતા. તેમના ઉપાસ્ય દેવ તો વિષ્ણુજ હતા. વિષ્ણુપૂજનનેજ પ્રધાનતા આપતા થકા તેઓ બીજા દેવતાઓની પણ વખતે-વખતે ભક્તિ-ભાવપૂર્વક પૂજા કર્યો કરતા હતા. પોતાને શ્રી વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી કહેવરાવનારા થોડા માણસો કે જેઓ આજે શિવપૂજનની તો વાતજ શી પણ ત્રિપુંડ્ર, બીલી-પત્ર અને રુદ્રાક્ષ વગેરેનાં દર્શન પણ નથી કરતા, તેમના પણ સંપ્રદાયમાં પહેલાં કેટલાક શિવોપાસક આચાર્યોની હકીકત મળી આવે છે. અસ્તુ. હાડાઇ પંડિત વૈષ્ણવ હોવા છતાં પણ હમેશાં મોટેશ્વર જઇને ખૂબ ભક્તિભાવે શિવ-જીની પૂજા કર્યો કરતા હતા. શિવલિંગની તો બધા દેવ-તાઓની ભાવનાથી પૂજા કરી શકાય છે.

હાડાઇ પંડિતના વંશમાં સદાકાળથી પુરોહિતપણું ચાલ્યું આવતું હતું. તેથી તેઓ પણ થોડું ઘણું પુરોહિત-પણું કરતા હતા. ઘરમાં ખાવા-પીવાની અને વસ્ત્રાદિની ખોટ નહોતી, પરંતુ તેમનું ઘર પણ સંતાન વિના સૂનું હતું, તેથી ઓઝાદંપતિને એજ એક ભારે દુઃખ હતું. એક દિવસ દેવી પદ્માવતીને સ્વપ્નમાં જણાયું કે કોઈ મહાપુરુષ કહે છે કેઃ–"દેવિ ! તમારા ગર્ભથી એક એવા મહાપુરુષનો જન્મ થશે કે જેના દ્વારા સમસ્ત દેશમાં શ્રીકૃષ્ણકીર્તનનો પ્રચાર થશે અને તેઓ જગન્માન્ય મહા-પુરુષ ગણાશે." સાત્વિક પ્રકૃતિવાળાં માણસોને શુદ્ધ ભાવથી સૂઇ ગયા પછી રાત્રે જે સ્વપ્ન જણાય છે, તે ઘણે ભાગે સાચાંજ પડતાં જોવામાં આવ્યાં છે. ભાગ્યવતી પદ્માદેવીનું

સ્વપ્ન પણ સાચું પડ્યું. યથાસમયે તેમને ગર્ભ રહ્યો અને શકે ૧૩૯૫ના મહા માસના શુક્લ પક્ષમાં પદ્માવતી દેવીના ગર્ભથી એક પુત્રરત્ન જન્મ્યો. પુત્રનું નામ નિત્યાનંદ પાડવામાં આવ્યું. આગળ જતાં એજ નિત્યાનંદ પ્રભુ અથવા 'નિતાઈ'ના નામથી ગૌર ભક્તોમાં બળરામની પેઠે પૂજાયા અને પ્રસિદ્ધ થયા.

બાળક નિત્યાનંદ દેખાવમાં ઘણાજ સુંદર હતા. તેમનું શરીર એકવડું અને લાવણ્યમય હતું. ચહેરામાંથી તેજ પ્રગટતું હતું, ગૌર વર્ણ હતો, આંખો મોટી મોટી અને સ્વચ્છ તથા સુશોભિત હતી. તેમની બુદ્ધિ બાળપણથીજ ઘણી તીવ્ર હતી. પાંચ વર્ષની ઉમ્મરમાં તેમનો વિદ્યારંભ-સંસ્કાર કરાવવામાં આવ્યો. વિદ્યારંભ-સંસ્કાર થતાંજ તેઓ અત્યંત મન દઈને અધ્યયન કરવા લાગ્યા. થોડાજ સમયમાં તેમણે સંસ્કૃત સાહિત્ય તથા વ્યાકરણનું સારૂં જ્ઞાન મેળવી લીધું. તેઓ પાઠશાળાના સમયે ભણવા જતા અને બાકીના સમયમાં બાળકોની સાથે બાળ ખેલ-કૂદ કરતા હતા. તેમની રમતો બીજા સાધારણ પ્રકૃતિના બાળકો જેવી નહોતી. તેઓ બાળકોને સાથે લઈને નાનીજ ઉંમરમાંથી શ્રીકૃષ્ણલીલાઓનાં નાટકો કરતા. કોઈ બાળકને શ્રીકૃષ્ણ બનાવતા, કોઈને ગોવાળ બાળક અને પોતે બળરામ બનતા, કોઈ વાર ગોચારણ લીલા કરતા, કોઈ વાર વનભોજનનો અભિનય કરતા અને કોઈ વાર મથુરા-ગમનની લીલાઓ બાળકો પાસે કરાવતા. તેમને એ લીલાઓ કોણે શીખવી હતી અને એ લીલાઓ ક્યાંથી શીખી આવ્યા હતા, તેની કોઈને કશી પણ ખબર પડી નહિ. તેઓ બધી પ્રાચીન લીલાઓજ કર્યા કરતા હતા.

કોઈ કોઈ વાર તેઓ બાળકો પાસે રામાયણની લીલાઓ કરાવતા. કોઈને રામ બનાવતા, કોઈને ભરત, શત્રુઘ્ન અને પોતે લક્ષ્મણ બની જતા. બાકીનાં બાળકોને વાનર તથા રીંછ-વાનર બનાવીને [illegible] [illegible] [illegible]

લીલાઓ કરતા. કોઈ વાર તો ભગવાનનો અભિનય કરતા, કોઈ વાર ચિત્રકૂટનું દ્રશ્ય રજૂ કરતા અને કોઈ વાર શ્રીનારદજીનો વેશ ભજવતા. એક દિવસ તેઓ લક્ષ્મણજીની મૂર્છાનો વેશ ભજવતા હતા. તેઓ બાણે ઘાયલ થઈને મેઘનાદની શક્તિથી બેભાન થઈને પડયા હતા. એક છોકરાને હનુમાન બનાવીને સંજીવની લેવા માટે મોકલ્યો. તે છોકરો નાનોજ હતો. તેમણે જે પ્રમાણે બનાવ્યું હતું, તે તે ભૂલી ગયો. તેઓ ઘણી વાર સુધી બેભાન થઈને પડયા રહ્યા. સાચેજ, લોકોએ જોયું તો તેમની નાડી ઘણીજ ધીમી ધીમી ચાલતી હતી. ઘણા જગાડવા છતાં તેઓ ઉઠતા નથી. આ વાતની ખબર બાળકોએ જઈને તેમના પિતાને કહી. પિતા આ સાંભળીને દોડી આવ્યા અને તેમણે પણ આવીને તેમને જગાડયા તોપણ તેઓ જાગ્યા નહિ. ત્યારે તો પિતાને ઘણુંજ દુઃખ થયું. જે બાળક તેમની પાસે રામરૂપે બેઠો બેઠો રુદન કરતો હતો તેને યાદ આવ્યું અને તેણે હનુમાન બનનાર છોકરાને બોલાવ્યો. જ્યારે હનુમાનજી સંજીવની લઈને આવ્યા અને તે તેમને સુંધાડી ત્યારે તેમની મૂર્છા ભંગ થઇ. આ પ્રકારે તેઓ બાલ્યકાળથીજ જુદી જુદી શ્રીઓની લીલાઓનો અભિનય કર્યા કરતા હતા.

ભણવા-લખવામાં તેઓ પોતાના બધા સાથીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાતા હતા. તેમની બુદ્ધિ ઘણીજ તીક્ષ્ણ-તેજસ્વી હતી. ઘણું ખરું જોવામાં આવે છે કે પિતાને સૌથી મોટા પુત્ર ઉપર ઘણો વધારે પ્રેમ હોય છે અને માતાને નાનું સંતાન સૌથી વધારે પ્રિય હોય છે. પછી આ તો રૂપ અને ગુણોમાં પણ અદ્વિતીયજ હતા, તેથી દાદાઈ ઓઝા તેમના ઉપર આખાથી પણ વધારે વહાલ કરતા હતા. તેઓ જ્યાં પણ જતા, ત્યાં તેમને સાથે લઇ જતા હતા. તેમના વિના તેમને કયાંય આવવા-જવાનું અથવા એકલા બેસીને ખાવાપીવાનું સારૂંજ લાગતું નહોતું. માતા પણ તેમના મનોહર મુખ-કમળને જોઇને હમેશાં આનંદ-

સાગરમાં ડુબી જતી. આ પ્રમાણે તેમની ઉંમર બાર-તેર વર્ષની થઇ ગઇ.

હાડાઇ પંડિત મોટા સાધુ-ભક્ત હતા. લગભગ હમેશાંજ કોઇ સાધુસંત તેમને ઘેર આવ્યાજ કરતા. તેઓ પણ ઘરમાં જે કંઇ લુખું સુકું હોય તેના વડે શ્રદ્ધાપૂર્વક આવેલા સાધુસંતોનો યથાશક્તિ સત્કાર કર્યા કરતા હતા. એક દિવસ એક સંન્યાસી આવીને હાડાઈ પંડિતને ત્યાં અતિથિ થયા પંડિતજીએ શ્રદ્ધાપૂર્વક તેમનું આતિથ્ય કર્યું. પદ્માવતી દેવીએ પવિત્રતાપૂર્વક પોતાને હાથે દાળ, ભાત, ભજીયાં અને કેટલીક જાતનાં શાક બનાવ્યાં. પંડિતજીએ ભક્તિભાવથી સંન્યાસીજીને ભોજન કરાવ્યું. તેમના ભકિતભાવને જોઇને સંન્યાસી મહાત્મા ઘણા પ્રસન્ન થયા અને બે ચાર દિવસ પંડિતજીને ત્યાંજ રહ્યા. પંડિતજીએ પણ તેમની યથાશકિત સેવા-શુશ્રૂષા કરી. સંન્યાસી દેખાવમાં ઘણાજ રૂપાળા હતા. તેમના ચહેરામાંથી એક પ્રકારની જયોતિ હમેશાં નીકળ્યા કરતી હતી. તેમના શરીરમાંથી ગંભીરતા, સચ્ચરિત્રતા, પવિત્રતા, તેજસ્વિતા અને ભગવદ્‌ભકિતના ભાવ પ્રકટ થતા હતા. હાડાઈ પંડિતને સંન્યાસી પ્રત્યે ઘણીજ શ્રદ્ધા બેસી ગઇ. આ નાની ઉંમરના સંન્યાસીના પ્રભાવથી હાડાઈ પંડિત ઘણાજ આસ્તિક થઇ ગયા હતા. એક દિવસ એકાંતમાં સંન્યાસીજીએ હાડાઇ પંડિતજીને કહ્યું:-" પંડિતજી ! હું આપની પાસે એક ભિક્ષા માગું છું, આપશો ? "

નમ્રતાપૂર્વક હાડાઈ પંડિતે કહ્યું: "પ્રભો ! આ દીનહીન કંગાલ પાસે છેજ શું ? આમ તેમથી જે કંઇ મળી આવે છે, તેનાથી નિર્વાહ ચાલે છે. આપ જુઓ છો કે, મારા ઘરમાં એવી કઇ ચીજ છે કે જે હું આપને ભિક્ષામાં આપી શકું ? જે કંઈ મોજુદ છે, તેમાં એવી કોઇ પણ ચીજ નથી કે જે આપને ન આપવા દેવી હોઈ શકે. જો મારૂં શરીર માગો તો હું શરીર સુદ્ધાં આપવા તૈયાર છું."

સંન્યાસીજીએ કંઇક ગંભીરતાપૂર્વક કહ્યું: "પંડિત! તમારી પાસે સર્વ કંઈ છે, જે ચીજ હું માગવા ઇચ્છું છું તે આ પાર્થિવ-દ્રવ્યવાળું ધન નથી. તે તો ઘણીજ કિંમતી ચીજ છે, તે દેવામાં તમે જરૂર આનાકાની કરશો; કેમકે તે તમને અત્યંતજ પ્રિય છે."

હાડાઇ પંડિતે કહ્યું:—"ભગવન્! હું એમ સાંભળતો આવ્યો છું કે, પ્રાણીમાત્રને માટે પોતાના પ્રાણુજ સૌથી વધારે વહાલા છે. જો આપ મારા પ્રાણોની પણ ભિક્ષા માગો, તો હું તે પણ આપવા તૈયાર છું."

સંન્યાસીએ થોડી વાર પછી કહ્યું:—"હું તમારા શરીરના અંદરના પ્રાણોને નથી ઇચ્છતો, પરંતુ બહારના પ્રાણોની યાચના કરૂં છું. તમે તમારા પ્રાણોથી પણ વહાલા જ્યેષ્ઠ પુત્રને મને આપો. હું બધાં તીર્થોની યાત્રા કરવા ઇચ્છું છું. તેને માટે એક સાથીની મને જરૂર છે. તે માટે તમારો આ પુત્ર યોગ્ય છે, તેનું પણ કલ્યાણ થશે અને મારૂં પણ કામ થશે."

સંન્યાસીજીની આ વાત સાંભળીને હાડાઇ પંડિત સ્તબ્ધ થઈ ગયા. તેમને સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો કે, સંન્યાસી મહારાજ આવી વિલક્ષણ વસ્તુની યાચના કરશે. ભલા, જે પુત્રને પિતા પ્રાણોથી પણ વધારે ચાહતા હોય, જેના વિના તેનું જીવન અસંભવિત જેવુંજ થઇ જવાનું હોય, તે પુત્રને એ કોઇ સદાને માટે માગી લે, તો તે પિતાને કેટલું ભારે દુઃખ થશે, તેનું અનુમાન તો કોઈ સહૃદય સ્નેહી પિતાજ કરી શકે છે, બીજા પુરુષની બુદ્ધિની બહારની એ વાત છે. મહારાજ દશરથ પાસેથી વિશ્વામિત્ર જેવા ક્રોધી અને તેજસ્વી બ્રહ્મર્ષિએ થોડા દિવસો માટેજ શ્રી રામચંદ્રજીને માગ્યા હતા. ધર્મમાં આસ્થા રાખનાર મહારાજ જાણતા પણ હતા કે, મહર્ષિની ઇચ્છા પૂર્ણ કર્યા સિવાય મારું રાજ્ય તથા પરિવાર જોખમમાં છે. એ અસાધારણ તેજસ્વી બ્રહ્મર્ષિના તપ અને પ્રભાવથી

તેઓ પૂરેપુરા પરિચિત હતા. તેમને એ વાતનો પણ દૃઢ વિશ્વાસ હતો કે, વિશ્વામિત્રજીના સાથમાં રામચંદ્રજીનું કોઇ પણ પ્રકારે અનિષ્ટ થઇ શકે તેમ નથી, છતાં પણ પુત્રવાત્સલ્યને લીધે વિશ્વામિત્રજીની ઇચ્છા પૂરી કરવા તેઓ સંમત થયા નહિ અને અત્યંત દીનતાપૂર્વક મમતાપૂર્ણ વાક્યોથી કહેવા લાગ્યાઃ–

દેહ પ્રાનતેં પ્રિય કછુ નાહીં,
સોઉ મુનિ દેઉં નિમિષ એક માહીં.
સબ સુત પ્રિય પ્રાનકી નાઈં,
રામ દેત નહિં બનઇ ગુસાઇં.

જ્યારે ભગવાન વસિષ્ઠે તેમને સમજાવ્યા, ત્યારે કેટલીયે વારે તેમનો મોહ ભાગ્યો અને તેઓ મહર્ષિની ઈચ્છાનુસાર શ્રીરામચંદ્રજીને તેમની સાથે વનમાં મોકલવાને તૈયાર થયા.

અહીં હાડાઇ પંડિતને તેમની ધર્મનિષ્ઠાએ સમજાવ્યા. તેમણે વિચાર્યું કેઃ–"પુત્રને આપવામાં પણ દુઃખ સહેવું પડશે અને નહિ આપવામાં પણ અકલ્યાણ છે. સંન્યાસી શાપ આપીને મારૂં સર્વસ્વ નાશ કરી શકે છે. તેથી ગમે તેમ થાય તોપણ પુત્રને તેમને આપીજ દેવો જોઇએ." આમ વિચારીને તેઓ પદ્માવતી દેવી પાસે ગયા અને તેમની પાસે જઇને બધી હકીકત કહી. ભલા, જેને નિત્યાનંદ જેવા મહાપુરુષની માતા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે પોતાના ધર્મથી ભ્રષ્ટ કેમ કરીને થઈ શકે? પુત્રમોહને કારણે તે પોતાના ધર્મને કેમ ત્યજી શકે? સર્વ કંઇ સાંભળ્યા પછી તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યોઃ– "હું આપને અધીન છું. આપની જે ઈચ્છા હોય તે મારી પણ હશે, પુત્રવિયોગનું દુઃખ અસહ્ય હોય છે, પરંતુ પતિવ્રતાઓને માટે પતિની આજ્ઞાના ઉલ્લંઘનનું દુઃખ તેનાથી પણ વધારે અસહ્ય હોય છે; તેથી આપની જેવી ઈચ્છા હોય તે પ્રમાણે કરો. હું બધી રીતે સંમત છું,

જેથી ધર્મનો લોપ ન થાય તે કામ કરો."

પત્નીની રજા મેળવીને હાડાઇ પંડિતે પોતાના પ્રાણો-થી પણ વહાલા પુત્રને રડતાં રડતાં સંન્યાસીના હાથમાં સોંપી દીધો. ધર્મનિષ્ઠ નિત્યાનંદજીએ પણ તેમાં કંઇ અડવડ કરી નહિ. તેઓ પ્રસન્નતાપૂર્વક સંન્યાસીની સાથે થઇ ગયા. તેમણે પાછા ફરીને ફરીથી પોતાનાં માતા-પિતા તથા કુટુંબીઓ તરફ જોયું નથી.

સંન્યાસીજીની સાથે નિત્યાનંદજીએ ભારતવર્ષનાં લગભગ બધાં મુખ્ય મુખ્ય તીર્થોની યાત્રા કરી. તેઓ ગયા, કાશી, પ્રયાગ, મથુરા, દ્વારકા, બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્તરી, યમુનોત્તરી, રંગનાથ, સેતુબંધ રામેશ્વર, જગન્નાથપુરી વગેરે તીર્થોમાં ગયા. આ તીર્થયાત્રા કરતાં કરતાં તેમને શ્રી મન્માધવેન્દ્રપુરી સાથે મેળાપ થયો અને તેમના દ્વારા શ્રીકૃષ્ણભક્તિ પ્રાપ્ત કરીને તેઓ પ્રેમમાં વિહ્વળ થઇ ગયા. તેમનાથી વિદાય થઇને તેઓ વ્રજમાં આવ્યા. તેમની સાથેના સંન્યાસી ક્યાં રહી ગયા, તેનો કંઇ ખબર પત્તો મળતો નથી.

વ્રજમાં આવતાં તેમને ખબર મળી કે, નવદ્વીપમાં ગૌરચંદ્ર ઉદય પામીને પોતાનાં સુશીતળ કિરણોથી બન્નેય પક્ષોમાં નિરંતર મોહજ્વાળામાં જલતાં સંસારી પ્રાણીઓને પોતાના શ્રીકૃષ્ણ-સંકીર્તનરૂપી અમૃતથી શીતળતા આપી રહ્યા છે, તેમનું મન આપોઆપજ શ્રી ગૌરચંદ્રના પ્રકાશમાં પહોંચવાને માટે હીલોળા લેવા લાગ્યું. હવે તેઓ વધારે વખત સુધી વ્રજમાં રહી શક્યા નહિ અને પ્રયાગ, કાશી થઇને સીધા નવદ્વીપમાં પહોંચી ગયા.

નવદ્વીપમાં જઇને અવધૂત નિત્યાનંદ સીધા મહાપ્રભુ પાસે ગયા નહિ. તેઓ પંડિત નંદનાચાર્યને ત્યાં જઇને ઉતર્યા. આ તરફ પ્રભુએ તો પોતાની દિવ્ય દૃષ્ટિ દ્વારા પહેલેથીજ જાણી લીધું હતું કે, નિત્યાનંદ નવદ્વીપ આવ્યા છે, તેથી તેમણે શોધ કરવા માટે ભક્તોને મોકલ્યા હતા.

તેઓ પૂરેપુરા પરિચિત હતા, તેમને એ વાતનો પણ દૃઢ વિશ્વાસ હતો કે, વિશ્વામિત્રજીના સાથમાં રામચંદ્રજીનું કોઇ પણ પ્રકારે અનિષ્ટ થઈ શકે તેમ નથી, છતાં પણ પુત્રવાત્સલ્યને લીધે વિશ્વામિત્રજીની ઇચ્છા પૂરી કરવા તેઓ સંમત થયા નહિ અને અત્યંત દીનતાપૂર્વક મમતાપૂર્ણ વાક્યોથી કહેવા લાગ્યાઃ—

દેહ પ્રાનતેં પ્રિય કછુ નાહીં;
સોઉ મુનિ દેઉં નિમિષ એક માહીં.
સબ સુત પ્રિય પ્રાનકી નાઈં;
રામ દેત નહિં બનઇ ગુસાંઇ.

જ્યારે ભગવાન વસિષ્ઠે તેમને સમજાવ્યા, ત્યારે કેટલીયે વારે તેમનો મોહ ભાગ્યો અને તેઓ મહર્ષિની ઇચ્છાનુસાર શ્રીરામચંદ્રજીને તેમની સાથે વનમાં મોકલવાને તૈયાર થયા.

અહીં હાડાઇ પંડિતને તેમની ધર્મનિષ્ઠાએ સમજાવ્યા. તેમણે વિચાર્યું કેઃ—"પુત્રને આપવામાં પણ દુઃખ સહેવું પડશે અને નહિ આપવામાં પણ અકલ્યાણ છે. સંન્યાસી શાપ આપીને મારૂં સર્વસ્વ નાશ કરી શકે છે. તેથી ગમે તેમ થાય તોપણ પુત્રને તેમને આપીજ દેવો જોઇએ." આમ વિચારીને તેઓ પદ્માવતી દેવી પાસે ગયા અને તેમની પાસે જઇને બધી હકીકત કહી. ભલા, જેને નિત્યાનંદ જેવા મહાપુરુષની માતા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે પોતાના ધર્મથી ભ્રષ્ટ કેમ કરીને થઈ શકે? પુત્રમોહને કારણે તે પોતાના ધર્મને કેમ ત્યજી શકે? સર્વ કંઇ સાંભળ્યા પછી તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યોઃ— "હું આપને અધીન છું. આપની જે ઇચ્છા હોય તે મારી પણ હશે, પુત્રવિયોગનું દુઃખ અસહ્ય હોય છે, પરંતુ પતિવ્રતાઓને માટે પતિની આજ્ઞાના ઉલ્લંઘનનું દુઃખ તેનાથી પણ વધારે અસહ્ય હોય છે; તેથી આપની જેવી ઇચ્છા હોય તે પ્રમાણે કરો. હું બધી રીતે સંમત છું,

જેથી ધર્મનો લોપ ન થાય તે કામ કરો.”

પત્નીની રજા મેળવીને હાડાઈ પંડિતે પોતાના પ્રાણો-થી પણ વહાલા પુત્રને રડતાં રડતાં સંન્યાસીના હાથોમાં સોંપી દીધો. ધર્મનિષ્ઠ નિત્યાનંદજીએ પણ તેમાં કંઈ અડ-વડ કરી નહિ. તેઓ પ્રસન્નતાપૂર્વક સંન્યાસીની સાથે થઈ ગયા. તેમણે પાછા ફરીને ફરીથી પોતાનાં માતા-પિતા તથા કુટુંબીઓ તરફ જોયું નથી.

સંન્યાસીજીની સાથે નિત્યાનંદજીએ ભારતવર્ષનાં લ-ગભગ બધાં મુખ્ય મુખ્ય તીર્થોની યાત્રા કરી. તેઓ ગયા, કાશી, પ્રયાગ, મથુરા, દ્વારકા, બદ્રીનાથ, કેદારનાથ, ગંગો-ત્તરી, યમુનોત્તરી, રંગનાથ, સેતુબંધ રામેશ્વર, જગન્નાથ-પુરી વગેરે તીર્થોમાં ગયા. આ તીર્થયાત્રા કરતાં કરતાં તેમને શ્રી મન્માધવેન્દ્રપુરી સાથે મેળાપ થયો અને તેમ-ના દ્વારા શ્રીકૃષ્ણભક્તિ પ્રાપ્ત કરીને તેઓ પ્રેમમાં વિહ્વળ થઈ ગયા. તેમનાથી વિદાય થઈને તેઓ વ્રજમાં આ[illegible] તેમની સાથેના સંન્યાસી ક્યાં રહી ગયા, તેનો કંઈ ખ-બર પત્તો મળતો નથી.

વ્રજમાં આવતાં તેમને ખબર મળી કે, નવદ્વી[illegible] ગૌરચંદ્ર ઉદય પામીને પોતાનાં સુશીતળ કિરણોથી [illegible] પહોમાં નિરંતર મોહજવાળામાં જલતાં સંસારી-[illegible] ઓને પોતાના શ્રીકૃષ્ણ-સંકીર્તનરૂપી અમૃતથી [illegible] આપી રહ્યા છે, તેમનું મન આપોઆપજ શ્રી [illegible] પ્રકાશમાં પહોંચવાને માટે દીવાના [illegible] તેઓ વધારે વખત સુધી વ્રજમાં રહી [illegible] પ્રયાગ, કાશી થઈને સીધા નવદ્વીપમાં [illegible]

નવદ્વીપમાં જઈને [illegible] પાસે ગયા નહિ. [illegible] ઉતર્યા. આ તરફ [illegible] હૃદયજ જાણી [illegible] તે તેઓ [illegible]



स्नेहनुं आकर्षण

दर्शने स्पर्शने वापि श्रवणे भाषणेऽपि वा।
यत्र द्रवत्यन्तरङ्गं स स्नेह इति कथ्यते॥

(સુભાષિત રત્નભાંડાગાર ૯૨-૧૧)

અર્થાત્ જેમને જોવાથી, જેમના શરીરના સ્પર્શથી, જેમના ગુણોના શ્રવણથી, જેમના કોઈ પણ પ્રકારના ભાષણથી મનમાં એક પ્રકારની ગલીપચી થવા લાગે, હૃદય આપોઆપજ પીગળવા લાગે તો સમજી લેવું જોઈએ કે, ત્યાં સ્નેહનો આવિર્ભાવ થઈ ચુક્યો છે. બુદ્ધિશાળીઓએ આ હૃદય પીગળવાની ક્રિયાનેજ પ્રેમ કહ્યો છે.

સાચેજ, પ્રેમમાં કેટલું બધું આકર્ષણ છે! આકાશમાં ચંદ્ર ભગવાનનું ચંદ્રમંડળ છે અને પૃથ્વી ઉપર નદીઓના પતિદેવ સાગર વિરાજમાન છે. જે દિવસે નિશાનાથ પોતાની સંપૂર્ણ કળાઓથી આકાશમંડળમાં ઉદય પામે છે, તે દિવસે પૃથ્વી ઉપર પ્રેમસાગર ઉભરાવા લાગે છે. કમળોનું તળાવ ભગવાન સૂર્યનારાયણથી કેટલે [illegible] હોવા છતાં તેઓ આકાશમાં ઉદય પામે છે કે તરતજ [illegible] ઉઠે છે, તેનું અરીસા જેવું મન જે અત્યાર સુધી [illegible] દેવના શોકમાં ઉદ્વિગ્ન થયેલું હતું, તે તેમનાં કિરણોનો સ્પર્શ થતાંજ આનંદથી વિકસિત થઈને લહેરાવા લાગે [illegible] ક્યાંયે ગરજે છે, પરંતુ પૃથ્વી ઉપર [illegible] મોર [illegible] સુમધુર [illegible] [illegible] છે. [illegible]

ચારેજ આ સંસારનું અસ્તિત્વજ અસંભવિત બની જાત. સંસારનું અસ્તિત્વજ એકમાત્ર પ્રેમ ઉપરજ ટકી રહેલું છે. પ્રેમજ ઈશ્વર છે અને ઈશ્વરજ પ્રેમ છે. પ્રેમજ પ્રાણીઓને જાતજાતના નાચ નચાવી રહ્યો છે. હૃદયનું વિશ્રામસ્થાન પ્રેમજ છે. સ્વચ્છ હૃદયમાં જ્યારે પ્રેમનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે, ત્યારે હૃદયમાં શાંતિ થાય છે. હૃદયમાં પ્રેમ પ્રગટયા પછી કોઈ પણ વિષય અજ્ઞાત રહેતો નથી. આગળ-પાછળની બધી વાતો પ્રત્યક્ષ દેખાવા લાગે છે. પછી ચરાચરમાં જ્યાં પણ પ્રેમ દૃષ્ટિગોચર થાય છે, ત્યાં હૃદય આપોઆપ દોડીને ચાલ્યું જાય છે. અહા, જેમણે પ્રેમ-પિયૂષનું પાન કર્યું છે, જેઓ પ્રેમમદિરાનું પાન કરીને પાગલ થઈ ગયા છે, તે પ્રેમીઓનાં ચરણકમળોમાં પહોંચતાં હૃદયમાં કેટલી બધી શાંતિ પેદા થાય છે, તે તો જેમને પ્રભુના પ્રેમ-પ્રસાદની પૂરેપુરી પ્રાપ્તિ થઈ ચૂકી છે, તેજ પ્રેમી ભક્તો અનુભવ કરી શકે છે.

નિત્યાનંદ પ્રભુ પ્રેમનાજ આકર્ષણથી ખેંચાઈને નવદ્વીપ આવ્યા હતા. અહીં આ વાતની ખબર પ્રભુના હૃદયને વગર તારના તાર દ્વારા પહેલેથી મળી ચૂકી હતી. તેમણે તે દિવસે ભક્તોને નવદ્વીપમાં અવધૂત નિત્યાનંદને શોધવાને માટે મોકલ્યા હતા. નવદ્વીપ કોઈ નાનકડું ગામ નહોતું કે જેમાંથી તેઓ નિત્યાનંદજીને જલદી જલદી શોધી લાવે. વળી નિત્યાનંદજીથી કોઈ પરિચિત પણ નહોતા, કે જે તેમને જોતાં વેંતજ ઓળખી લે. શ્રીવાસ પંડિત તથા હરિદાસ આખો દિવસ તે નવા આવેલા મહાપુરુષની શોધ કરતા રહ્યા. પરંતુ તેમને તેમનો પત્તો લાગ્યો નહિ. અંતે તેઓ નિરાશ થઈને પ્રભુ પાસે પાછા આવ્યા અને આવીને કહેવા લાગ્યા કે "પ્રભો ! અમે આપની આજ્ઞાનુસાર નવદ્વીપના મહોલ્લા-મહોલ્લામાં જઈને એ મહાપુરુષની શોધ કરી, સર્વ પ્રકારના મનુષ્યોનાં ઘરોમાં જઈને જોયું; પરંતુ અમને તેમનો કંઈ પણ પત્તો મળ્યો નહિ. હવે જેવી આજ્ઞા હોય તે પ્રમાણે કરીએ-જ્યાં કહો ત્યાં જઈએ."

[illegible] જાણીને પ્રભુ કંઈક [illegible] અને [illegible] મને રાત્રે સ્વપ્ન [illegible] આવી પહોંચ્યા છે. [illegible] છે. ઠીક. એક [illegible] જોવા જઈએ." એમ કહીને પ્રભુ [illegible] નીકળ્યા. તેમની પાછળ ગદાધર, શ્રી[illegible] ચાલ્યા. પ્રભુ ઉઠીને સીધા [illegible] તરફ ચાલી નીકળ્યા. આચાર્યને ઘેર જઈને [illegible] તો એક દિવ્ય કાંતિવાળા મહાપુરુષ [illegible] તેજથી આખા ઘરને પ્રકાશમાન કરતા [illegible] બેઠેલા છે. તેમના મુખમંડળનાં તેજોમય કિરણોમાં ઉનાળાના સૂર્યનાં કિરણોની પેઠે પ્રખર પ્રચંડતા નહોતી, પરંતુ શરચ્ચંદ્રનાં એ કિરણોમાં શીતળતા, શાંતિ અને મનોહરતા પ્રમાણસર ભળેલાં હતાં. ગૌરાંગે ભક્તો સાથે એ મહાપુરુષનાં ચરણોમાં વંદન કર્યાં અને એક બાજુ ચૂપચાપ બેસી ગયા. કોઈએ કોઈની સાથે કંઈ પણ વાતચીત કરી નહિ. નિત્યાનંદ પ્રભુ અનિમેષ દૃષ્ટિએ ગૌરાંગના મુખચંદ્ર તરફ નિહાળી રહ્યા હતા. ભક્તોએ જોયું કે, તેમની પાંપણો એકદમ સ્થિર થઈ ગઈ છે. બધા સ્થિર ભાવે મંત્રમુગ્ધની પેઠે નિત્યાનંદ પ્રભુ તરફ જોતા હતા. પ્રભુએ પોતાના મનમાં વિચાર્યું: "ભક્તોને નિત્યાનંદજીનો મહિમા દેખાડવો જોઈએ. તેમને કોઈ પ્રેમ-પ્રસંગ સંભળાવવો જોઈએ, કે જેના શ્રવણથી તેમના શરીરમાં સાત્વિક ભાવો જાગ્રત થાય. તેમના ભાવોનો ઉદય થવાથીજ ભક્તો તેમના મનોગત ભાવો સમજી શકશે." એમ વિચારી પ્રભુએ શ્રીવાસ પંડિતને કોઈ સ્તુતિ-શ્લોક બોલવા ધીરેથી સંકેત કર્યો. પ્રભુના મનોગત ભાવને સમજીને શ્રીવાસ આ શ્લોક બોલવા લાગ્યા—

वर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
विभ्रद्वासः कनक कपिशं वैजयन्तीञ्च मालाम् ।

रन्ध्रान्वेणोरधरसुधया पूरयन्गोपवृन्दै-
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्गीतकीर्तिः ॥

(શ્રીમદ્ભાગવત ૧૦-૨૧-૫)

શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધના આ શ્લોકમાં કેટલું માધુર્ય છે, તે તો સંસ્કૃત સાહિત્યના પ્રેમી સહૃદય રસિક ભક્તોજ અનુભવી શકે છે. તેનો ભાવ શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમજ નથી. વ્રજમંડળમાં ભક્તો તો આ શ્લોકને ભાગવતના પ્રચારમાં મૂળકારણ બતાવે છે. વાત એમ હતી કે, ભગવાન શુકદેવજી તો બાલ્યકાળથીજ વિરક્ત હતા, તેઓ પોતાના પિતા ભગવાન વ્યાસદેવજી પાસે નહિ આવતાં ઘોર જંગલોમાંજ અવધૂતવેશમાં વિચરતા હતા. વ્યાસદેવે તે સમયે શ્રીમદ્ભાગવત રચ્યું હતું. તેમની ઇચ્છા હતી કે, શુકદેવજી એ વાંચે, પરંતુ તેઓ જેટલી વારમાં ગાય દોહવાય તેટલા સમયથી વધારે સમય ક્યાંય રોકાતાજ નહોતા. પછી અઢાર હજાર શ્લોકવાળા શ્રીમદ્ભાગવતને તેઓ કેવી રીતે વાંચી શકે? તેથી વ્યાસદેવજીની ઇચ્છા મનની મનમાંજ રહી ગઇ.

વ્યાસદેવજીના શિષ્યો તે ભયાનક જંગલમાં સમિધ, દર્ભ તથા ફૂલફળ લેવા જતા હતા. એક દિવસ તેમને આ ભયાનક વનમાં એક વાઘ મળ્યો. વાઘને જોઇને તેઓ ડરી ગયા અને આવીને ભગવાન વ્યાસદેવજીને કહેવા લાગ્યાઃ– "ગુરુદેવ! હવે અમે ભયંકર જંગલમાં નહિ જઇએ. આજ અમને વાઘ મળ્યો હતો. તેને જોઇને અમે બધા ભયભીત થઈ ગયા છીએ."

શિષ્યોના મુખેથી આવી વાત સાંભળીને ભગવાન વ્યાસદેવ કંઈક હસ્યા અને થોડી વાર વિચાર કરીને બોલ્યાઃ "વાઘથી તમને ભયજ શી વાતનો છે? હું તમને એક એવો મંત્ર બતાવી દઇશ કે જેના પ્રભાવથી કોઈ પણ હિંસક જંતુ તમારી આગળ આવી શકશે નહિ." શિષ્યોએ ગુરુદેવના વાક્યો ઉપર શ્રદ્ધા રાખી અને બીજે દિવસે

ખોસ્યાં છે, સુવર્ણના જેવું તેજસ્વી પીતાંબર સુંદર શરીર ઉપર ઉડે છે, ગળામાં વૈજયંતીની માળા છે, કંઇક આંખોની ભમરો ચઢાવીને, વાંકા ઉભા રહીને બંસીનાં કાણુાંને પોતાના અધરામૃતથી ભરી મૂકવાને તત્પર છે. એ કાણુાંમાંથી વિશ્વમોહક ધ્વનિ સંભળાય છે. પાછળ પાછળ ગોવાળોના બાળકો યશોદાનંદનનાં યશોગાન ગાતા ગાતા જાય છે. આ પ્રકારના મુરલીમનોહર પોતાની ચરણ-રજથી વૃંદાવનની ભૂમિને પાવન કરતા કરતા વ્રજમાં પ્રવેશ કરે છે."

જગતને ઉન્માદી બનાવનાર આ ભાવને સાંભળીને જ્યારે અવધૂતશિરોમણિ શુકદેવજી પણ પ્રેમમાં ગાંડા થઇ ગયા, તો પછી ભલા આપણા સહૃદય અવધૂત નિત્યાનંદ પોતાની પ્રકૃતિમાં કેમ કરીને રહી શકે? શ્રીવાસ પંડિતના મુખેથી આ શ્લોક સાંભળતાંજ તેઓ મૂર્છિત થઇને પૃથ્વી ઉપર પડી ગયા. તેઓ મૂર્છિત થતાંજ પ્રભુએ શ્રીવાસને ફરીથી એ શ્લોક બોલવા કહ્યું. શ્રીવાસ બીજી વાર શ્લોક બોલ્યા એટલે નિત્યાનંદ પ્રભુ જોરથી હોકારા દેવા લાગ્યા. તેમનાં બન્ને નેત્રોમાંથી સતત અશ્રુ વહેતાં હતાં. શરીરનાં બધાં રૂવાં તદ્દન ખડાં થઇ ગયાં હતાં. પરસેવાથી શરીર ભીંજાઇ ગયું હતું. તેઓ પ્રેમમાં ગાંડાની પેઠે નૃત્ય કરવા લાગ્યા. પ્રભુએ નિત્યાનંદને ગળે લગાડયા અને બન્ને મહાપુરુષ પરસ્પરમાં એકબીજાને આલિંગન આપવા લાગ્યા. નિત્યાનંદ પ્રેમમાં બેશુદ્ધ જેવા જણાતા હતા, તેમના પગ ક્યાંના ક્યાં પડતા હતા. જોરથી "હા કૃષ્ણ! હા કૃષ્ણ!" કહીને તેઓ રુદન કરતા હતા. રુદન કરતાં કરતાં વચમાં જોરથી હુંકાર કરતા.

કદી ત્યાગ કરી શકતો નથી. મનુષ્ય જો તેને છોડવા પણ ઇચ્છે, તોપણ તે પોતેજ તેને પકડી લે છે. શુકદેવજીને પણ એ મધુમય સ્વાદિષ્ટ મદિરાનો ચસ્કો લાગ્યો, પછી તેઓ પોતાના અવધૂતપણાના આગ્રહને છોડીને શ્રીમદ્‌ભાગવતના અધ્યયનમાં જોડાઈ ગયા અને પિતા પાસેથી તેને સાંગોપાંગ ભણીનેજ ત્યાંથી ઉઠ્યા. એટલે તો ભગવાન વ્યાસદેવજી કહે છે કે—

आत्मारामाश्चमुनयो निर्ग्रन्थाः अप्युरुक्रमे।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः॥

(શ્રીમદ્‌ભાગવત)

ભગવાનના ગુણોમાંજ એ એક મહાન વિશેષતા છે કે જેની હૃદયગ્રંથિ છુટી ગઈ છે, જેના સર્વ સંશયો જડમૂળથી છેદાઇ ગયા છે, અને જેનાં સમસ્ત કર્મો પણ નાશ પામી ચૂક્યાં છે, એવા આત્મારામ મુનિ પણ તે ગુણોમાં નિષ્કામ ભક્તિ કરે છે. કેમ ન કરે ? તેઓ તો રસરાજ છે ને ? "પ્રેમસિંધુમાં ડુબેલાને કોઈએ આજસુધી ઉપર તરતો જોયોજ નથી."

જે શ્લોકનું આટલું બધું મહત્ત્વ છે, તેનો ભાવ પણ સાંભળી લ્યોઃ—ગાયો ચરાવવા મારા નાનકડા ગોપાળ વૃંદાવન તરફ જાય છે. સાથે એજ ગોપબાળો છે. તેમને આજે કોણ જાણે શુંયે સૂઝયું છે, કે તેઓ કનૈયાની સુંદર કીર્તિનાં નિરંતર વખાણ કરતા કરતા જાય છે. બધા પોતાના કોમળ કંઠ વડે શ્રીકૃષ્ણનાં યશોગાન ગાઈ રહ્યા છે. અહીં તેઓ પોતાની મોરલીના તાનમાંજ મસ્ત છે, તેમને દીન-દુનિયા કયાંની પણ ખબર રહી નથી. અહા ! તે સમયની તેમની છબી કેટલી સુંદર છે—

"સમસ્ત શરીરનો બાંધો એક સુંદર નટના જેવો પણોજ મનોહર અને ચિત્તાકર્ષક છે. મસ્તક ઉપર મોરમુકુટ બિરાજમાન છે. કાનોના મોટાં મોટાં કરેણ

સ્નાન-સંધ્યાથી પરવારી હાથ જોડીને તેઓ ગુરુની પાસે આવ્યા અને હિંસક-જંતુનિવારક મંત્ર વિષે પૂછ્યું. ભગવાન વ્યાસદેવે આજ ' **बर्हापीडं नटवरवपुः** ' વાળો શ્લોક બતાવ્યો. શિષ્યોએ શ્રદ્ધાભક્તિપૂર્વક તે કંઠસ્થ કરી લીધો અને બધા સાથે મળીને જ્યારે જ્યારે જંગલમાં જતા, ત્યારે ત્યારે આ શ્લોકને એકસ્વરે બોલતા. તેમના સુમધુર ગાનથી શાંત અને નિર્જન જંગલ ગાજી ઉઠતું અને ઘણા સમય સુધી તેમાં આ શ્લોકનો પ્રતિધ્વનિ સંભળાયા કરતો હતો. એક દિવસ અવધૂતશિરોમણિ શ્રીશુકદેવજી ફરતા ફરતા આ તરફ નીકળી આવ્યા. તેમણે જ્યારે આ શ્લોકને સાંભળ્યો ત્યારે તો તેઓ મુગ્ધ થઇ ગયા. શિષ્યોને જઇને પૂછ્યું:-" તમે આ શ્લોક ક્યાંથી શીખ્યા ? " શિષ્યોએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો:-" અમારા કુલપતિ ભગવાન વ્યાસદેવેજ અમને આ મંત્રનો ઉપદેશ આપ્યો છે. તેના પ્રભાવથી હિંસક જંતુઓ પાસે આવી શકતાં નથી." ભગવાન શુકદેવજી આ શ્લોકની અંદર જે છુપાયેલો અનંત અને અમર બનાવનાર રસ ભરેલો હતો, તેનું પાન કરીને ગાંડા જેવા થઇ ગયા. તેઓ પોતાના અવધૂતપણાનાં બધાં આચરણો ભૂલી જઇને દોડતા દોડતા ભગવાન વ્યાસદેવની પાસે પહોંચ્યા અને એ શ્લોક ભણાવવાની પ્રાર્થના કરી. પોતાના વિરક્ત પરમહંસ પુત્રને આ રીતે પ્રેમમાં પાગલ જોઇને પિતાની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. તેઓ શુકદેવજીને એકાંતમાં લઇ ગયા અને ધીરેથી કહેવા લાગ્યાઃ-" બેટા ! મેં આ જાતના અઢારહજાર શ્લોકોની પરમહંસ સંહિતાજ બનાવી છે; તું તેનું અધ્યયન કર. "

તેમણે આગ્રહ કરતાં કહ્યું: " ના, પિતાજી ! મને તો બસ એ એક શ્લોકજ ભણાવો. " ભગવાન વ્યાસદેવે તેમને એ શ્લોક ભણાવ્યો અને તેમણે તેજ સમયે તેને કંઠસ્થ કરી લીધો. હવે તો તેઓ ફરતા ફરતા એજ શ્લોકને હંમેશાં બોલવા લાગ્યા. શ્રીકૃષ્ણપ્રેમ તો એવો અનેરો આસવ છે કે તેનો જેને સહેજ પણ ચસ્કો લાગ્યો, તે પછી તેનો

ડી ત્યાગ કરી શકતો નથી. મનુષ્ય એ તેને છોડવા ચ્હા-
હે છે, તોપણ તે પોતેજ તેને પકડી લે છે. શુકદેવજીને
પણ એ મધુમય સ્વાદિષ્ટ મદિરાનો ચસકો લાગ્યો. તેથી
તેઓ પોતાના અવધૂતપણાના આગ્રહને છોડીને શ્રીમદ્
ભાગવતના અધ્યયનમાં જોડાઈ ગયા અને પિતા પાસેથી
તેને સાંગોપાંગ ભણીનેજ ત્યાંથી ઉઠ્યા. એટલે તો ભગવાન
વ્યાસદેવજી કહે છે કે—

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥

(શ્રીમદ્ભાગવત)

ભગવાનના ગુણોમાંજ એ એક મહાન વિશેષતા છે કે જેની હૃદયગ્રંથિ છૂટી ગઈ છે, જેના સર્વ સંશયો જડમૂળથી છેદાઇ ગયા છે, અને જનાં સમસ્ત કર્મો પણ નાશ પામી ચૂક્યાં છે, એવા આત્મારામ મુનિ પણ તે ગુણોમાં નિષ્કામ ભક્તિ કરે છે. કેમ ન કરે ? તેઓ તો રસરાજ છે ને ? "પ્રેમસિંધુમાં ડૂબેલાને કોઈએ આજસુધી ઉપર તરતો જોયોજ નથી."

જે શ્લોકનું આટલુ બધુ મહત્ત્વ છે, તેનો ભાવ પણ સાંભળી લ્યોઃ—ગાયો ચરાવવા મારા નાનકડા ગોપાળ વૃંદાવન તરફ જાય છે. સાથે એજ ગોપબાળો છે. તેમને આજે કોણ જાણે શું યે સૂઝયું છે, કે તેઓ કનૈયાની સુંદર કીર્તિનાં નિરંતર વખાણ કરતા કરતા જાય છે. બધા પોતાના કોમળ કંઠ વડે શ્રીકૃષ્ણનાં યશોગાન ગાઈ રહ્યા છે. અહીં તેઓ પોતાની મોરલીના તાનમાંજ મસ્ત છે, તેમને દીન-દુનિયા કશાની પણ ખબર રહી નથી. અહા ! તે સમયની તેમની છબી કેટલી સુંદર છે—

"સમસ્ત શરીરનો બાંધો એક સુંદર નટના જેવો ઘણોજ મનોહર અને ચિત્તાકર્ષક છે. મસ્તક ઉપર મોરમુકુટ વિરાજમાન છે. કાનોમાં મોટાં મોટાં કરેણનાં પુષ્પો

ખોસ્યાં છે. સુવર્ણના જેવું તેજસ્વી પીતાંબર સુંદર શરીર ઉપર ઉડે છે, ગળામાં વૈજયંતીની માળા છે, કંઇક આંખોની ભમરો ચઢાવીને, વાંકા ઉભા રહીને બંસીનાં કાણાંને પોતાના અધરામૃતથી ભરી મૂકવાને તત્પર છે. એ કાણાંમાંથી વિશ્વમોહક ધ્વનિ સંભળાય છે. પાછળ પાછળ ગોવાળોના બાળકો યશોદાનંદનનાં યશોગાન ગાતા ગાતા જાય છે. આ પ્રકારના મુરલીમનોહર પોતાની ચરણ–રજથી વૃંદાવનની ભૂમિને પાવન કરતા કરતા વ્રજમાં પ્રવેશ કરે છે."

જગતને ઉન્માદી બનાવનાર આ ભાવને સાંભળીને જ્યારે અવધૂતશિરોમણિ શુકદેવજી પણ પ્રેમમાં ગાંડા થઇ ગયા, તો પછી ભલા આપણા સહૃદય અવધૂત નિત્યાનંદ પોતાની પ્રકૃતિમાં કેમ કરીને રહી શકે? શ્રીવાસ પંડિતના મુખેથી આ શ્લોક સાંભળતાંજ તેઓ મૂર્ચ્છિત થઇને પૃથ્વી ઉપર પડી ગયા. તેઓ મૂર્ચ્છિત થતાંજ પ્રભુએ શ્રીવાસને ફરીથી એ શ્લોક બોલવા કહ્યું. શ્રીવાસ બીજી વાર શ્લોક બોલ્યા એટલે નિત્યાનંદ પ્રભુ જોરથી હોકારા દેવા લાગ્યા. તેમનાં બન્ને નેત્રોમાંથી સતત અશ્રુ વહેતાં હતાં. શરીરનાં બધાં રૂવાં તદ્દન ખડાં થઇ ગયાં હતાં. પરસેવાથી શરીર ભીંજાઇ ગયું હતું. તેઓ પ્રેમમાં ગાંડાની પેઠે નૃત્ય કરવા લાગ્યા. પ્રભુએ નિત્યાનંદને ગળે લગાડયા અને બન્ને મહાપુરુષ પરસ્પરમાં એકબીજાને આલિંગન આપવા લાગ્યા. નિત્યાનંદ પ્રેમમાં બેશુદ્ધ જેવા જણાતા હતા, તેમના પગ કયાંના કયાં પડતા હતા. જોરથી " હા કૃષ્ણ ! હા કૃષ્ણ ! " કહીને તેઓ રુદન કરતા હતા. રુદન કરતાં કરતાં વચમાં જોરથી હુંકાર કરતા. એમના હુંકાર સાંભળીને હાજર રહેલા ભક્તો પણ થર થર કંપવા લાગ્યા. બધા લાકડાની પૂતળીની પેઠે સ્થિરભાવે ચૂપચાપ ઉભા હતા. એટલામાં બેભાન થઇને નિતાઇ પોતાના ભાઈ નિમાઈના ખોળામાં પડી ગયા. પ્રભુએ નિત્યાનંદના મસ્તકપર પોતાનો કોમળ હાથ ફેરવ્યો. તેમના સ્પર્શમાત્રથી નિત્યાનંદજીને પરમાનંદ થયો ને તેઓ કંઇક

કંઈક ભાનમાં આવ્યા. નિત્યાનંદ પ્રભુને ભાનમાં આવેલા જોઈને પ્રભુ દીનભાવે કહેવા લાગ્યા: "શ્રીપાદ! આજે અમે બધા આપની ચરણધૂલિને મસ્તકે ચઢાવીને કૃતકૃત્ય થયા. આપે આપનાં દર્શનથી અમને મહાભાગ્યશાળી બનાવ્યા. પ્રભો! આપ જેવા અવધૂતોનાં દર્શન ભલા, અમારા જેવા સંસારી પુરુષોને થઈજ કેમ કરીને શકે? અમે તો ગૃહરૂપી કૂવાના દેડકા છીએ, તે છોડીને કંઈ જઈજ શકતા નથી. આપ જેવા મહાપુરુષ અમારા ઉપર નિષ્કામ કૃપા કરીને પોતાની મેળેજ ઘેર બેઠાં અમને દર્શન દેવા આવી જાય છે, એનાથી વિશેષ અમારૂં બીજું કયું સદ્ભાગ્ય હોઈ શકે?"

પ્રભુની આ પ્રેમાળ વાણી સાંભળીને અધીરાઈથી નિતાઈએ કહ્યું:—"મેં શ્રીકૃષ્ણનાં દર્શનને માટે દેશ-વિદેશોની યાત્રા કરી છે, બધાં મુખ્ય મુખ્ય પુણ્યસ્થાનો અને તીર્થોમાં ગયો હતો. મોટાં મોટાં દેવાલયો જોયાં, જે જે શ્રેષ્ઠ અને સાત્વિક દેવસ્થાનો ગણાય છે તે બધાનાં દર્શન કર્યાં; પરંતુ ત્યાં માત્ર સ્થાનોનાંજ દર્શન થયાં, તે સ્થાનોનાં સિંહાસનો મેં ખાલીજ જોયાં. ભક્તોને મેં પૂછયું:—"આ સ્થાનોમાંથી ભગવાન ક્યાં ચાલ્યા ગયા? મારા આ પ્રશ્નને સાંભળીને ઘણા તો ચકિત થઈ ગયા, ઘણા ચૂપ થઈ ગયા, ઘણાઓએ મને ગાંડો ધાર્યો. મેં બહુ શોધ કર્યા પછી એક ભક્તે ખબર આપી કે ભગવાન નવદ્વીપમાં પ્રગટ થઈને શ્રીકૃષ્ણ-સંકીર્તનનો પ્રચાર કરે છે. તમે તેમને શરણે જાઓ, ત્યારે તમને શાંતિ પ્રાપ્ત થશે. તેથી હું નવદ્વીપમાં આવ્યો છું. દયાળુ શ્રીકૃષ્ણે કૃપા કરીને પોતાની મેળેજ મને દર્શન દીધાં. હવે તેઓ મને પોતાને શરણે લે છે કે નહિ તે વાત તેઓ જાણે." આટલું કહીને ફરીથી નિત્યાનંદ પ્રભુ ગૌરાંગના ખોળામાં ઢળી પડયા. જાણે તેમણે પોતાનું સર્વસ્વ ગૌરાંગને અર્પણ કર્યું ન હોય!

પ્રભુએ ધીરે ધીરે તેમને ઉઠાડયા અને નમ્રતાપૂર્વક

[illegible] ઈશ્વર છો, આપના શરી- [illegible] થાય છે. મને ભૂલાવવા [illegible] છો. એ બધા ગુણો [illegible] સામાન્ય જીવ છું, આપ-ની [illegible]"

આ વાતોને ભક્તો મંત્રમુગ્ધની પેઠે છાનામાના પાટે બેસીને આશ્ચર્યપૂર્વક સાંભળતા હતા. મુરારી ગુપ્તે ધીરેથી શ્રીવાસને પૂછ્યું:-" આ બન્નેની વાતોથી ખબરજ પડતી નથી કે આમાં કોણ મોટા છે ને કોણ નાના છે?" ધીરે રહીનેજ શ્રીવાસ પંડિતે કહ્યું:-" કોઈએ શિવજીને જઈને પૂછ્યું કે આપના પિતા કોણ છે?" તો શિવજીએ કહ્યું:- "વિષ્ણુ ભગવાન!" તેણે જઈને વિષ્ણુ ભગવાનને પૂછ્યું કે "આપના પિતા કોણ છે?" હસતાં હસતાં વિષ્ણુએ કહ્યું:-" દેવાધિદેવ શ્રી મહાદેવજ મારા પિતા છે!" આ પ્રકારે એમની લીલા તેઓજ સમજી શકે છે, બીજા કોઈ શું સમજે?"

નન્દનાચાર્ય આ બધી લીલાઓ આશ્ચર્યપૂર્વક જોતા હતા, તેમનું ઘર પ્રેમનો સાગર બન્યું હતું, તેમાં પ્રેમની લહેરો ઉઠતી હતી. કરુણ-ક્રંદન અને રુદનના હૃદયને પી-ગળાવી દેનારા અવાજોથી તેમનું ઘર ગાજતું હતું. બન્નેય મહાપુરુષો છાનામાના અબોલ વાણીમાં કોણ જાણે શી શી વાતો કરતા હતા, તેનો મર્મ એ બન્નેજ સમજી શકતા હતા. વૈખરી વાણી બોલનારા બીજા સામાન્ય માણસોની બુદ્ધિની બહારની એ વાતો હતી.



व्यासपूजा

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥

(ગીતા ૪-૧૧)

અર્થાત્ શ્રી ભગવાન અર્જુન પ્રત્યે ઉપદેશ કરતાં કહે છે કેઃ—" હે અર્જુન ! જે ભક્તો મને જે ભાવથી ભજે છે, તેનું હું પણ તેજ ભાવથી ભજન કરૂં છું. કોઇ પણ રસ્તાથી ભક્તો ભલેને આવે, પણ અંતે તો બધા ફરી ફરીને મારી પાસેજ આવે છે. (કારણકે બધાં પ્રાણીઓનું એકમાત્ર પ્રાપ્તિસ્થાન હુંજ છું.)

પ્રેમનો માર્ગ કેટલો વ્યાપક છે, તેમાં શંકા, છળ-કપટ, છેતરપંડી કે બનાવટને માટે તો સ્થાનજ નથી. પ્રેમમાં પાત્રાપાત્રતાનો ભેદભાવ નથી. તેમાં જાતિ, વર્ણ, કુળ, ગોત્ર તથા સગુણ-નિર્ગુણનો વિચાર કરવામાં આવતો નથી, તેથી ઘણાખરા લોકોને મુખે સાંભળ્યું છે કે " પ્રેમ આંધળો હોય છે." એમ કહેનારા પોતેજ ભ્રમમાં પડેલા છે. પ્રેમ આંધળો નથી, અસલમાં તો પ્રેમ સિવાયના બીજા બધા આંધળા છે. પ્રેમ એજ એક એવું અમોઘ બાણ છે કે જેનું લક્ષ્ય કદી વ્યર્થ જતું નથી, તેનું નિશાન સદાય બરાબર લક્ષ્ય ઉપર લાગે છે. પોતાનું જે કંઈ ગમે ત્યાં છુપાયેલું હશે, પણ પ્રેમ તેને ત્યાંથી શોધી કાઢશે. તેથી તો કહ્યું છે કેઃ—

" તિનકા તિનકેસે મિલા, તિનકા તિનકે પાસ."

પ્રેમની સર્વવ્યાપ...નિજ લક્ષ્ય

બનાવીને તો ઉપાસનાની કોઇ એકજ પદ્ધતિ નક્કી કરી નથી. તમને જેની સાથે પ્રેમ હોય, તમારૂં અંતઃકરણ જેનો સ્વીકાર કરતું હોય, તેનીજ ભક્તિભાવથી પૂજા-અર્ચા કરો, અને હંમેશાં તેનુંજ ધ્યાન ધરતા રહો; તમે અંતે પ્રેમ સુધી પહોંચી જશો. પોતાનો ઉપાસ્ય કોઇ એક નક્કી કરી લ્યો. પોતાના હૃદયમાં કોઇ પણ એક પ્રિયને બેસાડી દો. બસ, પછી તમારો બેડો પાર છે. પત્ની પતિમાંજ ભગવદ્‌ભાવના કરીને તેનું ધ્યાન ધરે, શિષ્ય ગુરુનેજ સાક્ષાત્ પરબ્રહ્મનું સાકાર સ્વરૂપ સમજીને તેમને વંદન કરે, એ બધાનું ફળ અંતે એકજ આવશે. બધા પોતાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શકશે. બધાને પોતપોતાની ભાવના અનુસાર પ્રભુપદની પ્રાપ્તિ અથવા મુક્તિ મળશે. બધાંનાં દુઃખોનો અત્યંત અભાવ થઇ જશે. આ તો સચેતન સાકાર વસ્તુ પ્રત્યે પ્રેમ કરવાની પદ્ધતિ છે. હિન્દુ ધર્મમાં તો એટલે સુધી માનવામાં આવ્યું છે કે, પથ્થર, માટી, ધાતુ અથવા કોઇ પણ પ્રકારની મૂર્તિ બનાવીને તેમાં ઈશ્વરબુદ્ધિથી પૂજન કરશો, તો તમને શુદ્ધ–વિશુદ્ધ પ્રેમનીજ પ્રાપ્તિ થશે. પરંતુ તેમાં દંભ કે બનાવટ ન હોવી જોઈએ. પોતાના હૃદયને તપાસી જુઓ કે તેના પ્રત્યે આપણો પૂરેપુરો પ્રેમ છે કે નહિ. જો કોઈના પ્રત્યે તમને પૂર્ણ પ્રેમ થઇ ચૂકયો હોય તો બસ, તમારૂં કલ્યાણજ છે, તમારૂં સર્વસ્વ તો તે છે.

નિત્યાનંદ પ્રભુ બાર–તેર વર્ષની નાની ઉંમરમાંજ ઘર છોડીને ચાલી નીકળ્યા હતા. લગભગ વીસ વર્ષો સુધી તેઓ તીર્થોમાં ફરતા રહ્યા, તેમના સાથી સંન્યાસી તેમને છોડીને કયાં ચાલ્યા ગયા, તેનો કંઇ પણ પત્તો નથી મળતો. પરંતુ અનુમાન અવશ્ય કરી શકાય છે કે, તે મહાત્માને માટે તેમના હૃદયમાં કોઇ ખાસ સ્થાન થઇ શકયું નહોતું. તેમનામાં તેમને ગુરુભાવ થયો નહોતો. વીસ વરસ સુધી આમ તેમ ઘૂમતા રહ્યા, પરંતુ જે પ્રેમીને માટે તેમનું હૃદય તરફડતું હતું, તે પ્રેમી તેમને કયાંય ના મળ્યા.

મહાપ્રભુ ગૌરાંગનું નામ સાંભળતાંજ તેમના હૃદયસાગરમાં આનંદની લહેરો ઉઠવા લાગી. ગૌરાંગના દર્શનને માટે મન વ્યાકુળ થઈ ગયું. તેથી તેઓ નવદ્વીપ તરફ ચાલી નીકળ્યા. આજે નંદનાચાર્યને ઘેર આવી ગૌરાંગે પોતેજ દર્શન દીધાં. તેમનાં દર્શનમાત્રથી એમની ચિરકાળની મનોકામના પૂર્ણ થઇ ગઈ. જેમને માટે તેઓ વ્યાકુળ થઇને દેશ-વિદેશોમાં માર્યા માર્યા ફરતા હતા, તે વસ્તુ આજે પોતાની મેળેજ તેમને મળી ગઇ. તેઓ પોતે સંન્યાસી હતા, ગૌરાંગ હજુ સુધી ગૃહસ્થાશ્રમીજ હતા. ગૌરાંગથી તેઓ ઉંમરમાં પણ દશ-અગીઆર વર્ષે મોટા હતા, પરંતુ પ્રેમમાં તો નાના મોટા યા ઉંચા નીચાનો કંઇ વિચાર થતોજ નથી, તેમણે સર્વભાવે ગૌરાંગને આત્મસમર્પણ કરી દીધું. ગૌરાંગે પણ તેમને પોતાના મોટા ભાઇ સમજીને તેમનો સ્વીકાર કર્યો.

નંદનાચાર્યને ઘેરથી નિત્યાનંદજીને સાથે લઇને ગૌરાંગ ભક્તોસહિત શ્રીવાસ પંડિતને ઘેર પહોંચ્યા. ત્યાં પહોંચતાંજ સંકીર્તન શરૂ થયું. બધા ભક્તો નિત્યાનંદજીના આગમનના ઉલ્લાસમાં નૂતન ઉત્સાહપૂર્વક ભાવાવેશમાં આવીને જોરથી કીર્તન કરવા લાગ્યા. ભક્તો પ્રેમમાં વિહ્વળ થઇને કોઈ વાર નાચતા, કોઇ વાર ગાતા અને કોઈ વાર જોરથી "હરિ બોલ, હરિ બોલ"નો તુમુલ ધ્વનિ કરતા. આજના કીર્તનમાં ઘણોજ આનંદ આવવા લાગ્યો, જાણે બધા ભક્તો પ્રેમમાં બેશુદ્ધ થઇને પોતાની જાતને વદન ભૂલી ગયા ન હોય ! હજુ સુધી ગૌરાંગ શાંત હતા, હવે તેમનાથી પણ રહેવાયુ નહિ, તેઓ પણ ભક્તોની સાથે મળીને શરીરનું ભાન ભૂલી જઇને જોરથી હરિ-ધ્વનિ કરવા લાગ્યા. મહાપ્રભુ નિત્યાનંદજીના બન્ને હાથોને પકડીને આનંદથી નૃત્ય કરતા હતા. નિત્યાનંદજી પણ લાકડાના પૂતળાની પેઠે મહાપ્રભુના ઈશારાથી નાચતા હતા. અહા ! તે સમયના પ્રસંગનું વર્ણન કોણ કરી શકે ? ભક્તો મંત્રમુગ્ધની પેઠે એ બન્ને મહાપુરુષોનું નૃત્ય જોતા હતા. પખાજ વગાડનાર પખાજ વગાડી શક્યો નહિ, જે

ભક્તો મંજીરા વગાડતા હતા, તેમના હાથમાંથી આપો-આપજ મંજીરા પડી ગયા. બધાં વાજો વાગતાં બંધ થયાં. ભક્તો જડ મૂર્તિની પેઠે છાનામાના ઉભા રહીને નિમાઈ અને નિતાઈના નૃત્યના માધુર્યનું સતત પાન કરતા હતા. નૃત્ય કરતાં કરતાં નિમાઈએ નિતાઈને આલિંગન કર્યું. આલિંગન થતાંજ નિતાઈ બેભાન થઈને પૃથ્વી ઉપર ઢળી પડયા. સાથેજ નિમાઈ પણ ચૈતન્યશૂન્ય જેવા બની ગયા.

ક્ષણવાર પછી મહાપ્રભુ એકદમ ઉઠીને ઉભા થઈ ગયા અને જલદીથી ભગવાનના આસન ઉપર બેસી ગયા. હવે તેમના શરીરમાં બળરામજીના જેવો આવેશ જણાવા લાગ્યો. તેજ ભાવાવેશમાં તેઓ 'વારુણી' વારુણી' કહીને મોટેથી બૂમો પાડવા લાગ્યા. હાથ જોડીને શ્રીવાસ પંડિતે કહ્યું:–"પ્રભો ! જે 'વારુણી'ની આપ ઇચ્છા કરો છો, તે તો આપની પાસેજ છે. આપ જેના ઉપર કૃપા કરશો, તેજ તે વારુણી–મદિરાનું પાન કરીને પાગલ બની શકશે."

પ્રભુના ભાવાવેશને ઓછો કરવા માટે એક ભક્તે શીશીમાં ગંગાજળ ભરીને પ્રભુને આપ્યું. ગંગાજળ પીને પ્રભુ કંઈક કંઈક પ્રકૃતિસ્થ થયા અને પછી નિત્યાનંદજીને પોતાના હાથ વડે બેઠા કર્યા.

આ પ્રકારે બધા ભક્તોએ તે દિવસે સંકીર્તનમાં ઘણોજ આનંદ અનુભવ્યો. આ બન્ને ભાઈઓનું નૃત્યસુખ બધા ભક્તોએ ખૂબજ લૂંટયું. શ્રીવાસ પંડિતને ઘેર જ નિત્યાનંદ પ્રભુનું નિવાસ–સ્થાન નક્કી કરવામાં આવ્યું, પ્રભુ પોતાની સાથેજ નિતાઈને પોતાને ઘેર લઈ ગયા અને શચી માતાને જઈને કહ્યું: "મા ! જો, આ તારો વિશ્વરૂપ પાછો આવ્યો છે. તું એમને માટે ઘણુંજ રડયા કરતી હતી." માતાએ તે દિવસે સાચેજ નિત્યાનંદ પ્રભુમાં વિશ્વ-રૂપનાજ રૂપનો અનુભવ કર્યો અને તેમને આખર સુધી એજ ભાવથી વહાલ કરતી રહી. તે નિમાઈ અને નિતાઈ બન્નેયને સમાનરૂપે પુત્રની પેઠે વહાલ કરતી હતી.

એક દિવસ મહાપ્રભુએ નિત્યાનંદજીનો પ્રેમથી હાથ પકડીને પૂછયુંઃ "શ્રીપાદ ! કાલે ગુરુપૂર્ણિમા છે, વ્યાસ-પૂજનને માટે કયાં કયાં સ્થાન ઉપયોગી થશે ?"

નિત્યાનંદ પ્રભુએ શ્રીવાસ પંડિતના પૂજા-ગૃહ તરફ સંકેત કરતાં કહ્યું: "શું આ સ્થાનમાં વ્યાસપૂજન થઈ શકશે નહિ ?"

હસતાં હસતાં ગૌરાંગે કહ્યું: "હા, ઠીક છે. આચાર્ય તો શ્રીવાસ પંડિતજ છે, તેમનું તો પૂજન કરવું છે. બસ, બરાબર છે, હવે પંડિતજીજ બધી સામગ્રી મંગાવી લેશે. પૂજાના ઉત્સવનો સઘળો ભાર તેમના ઉપર છે."

પ્રસન્નતા પ્રગટ કરતાં કરતાં પંડિત શ્રીવાસજીએ કહ્યું: "ભારની શી વાત છે ! પૂજનની સામગ્રી ઘરમાં હાજર છે. કેળાં, આંબાનાં પાન, પુષ્પ, ફળ અને સમિધ વગેરે જરૂરી વસ્તુઓ આજેજ મંગાવી લેવાશે. એ સિવાય બીજી જે વસ્તુઓની જરૂર હોય તે આપ કહો."

પ્રભુએ કહ્યું:-"હવે હું શું બતાવું? આપ પોતેજ આચાર્ય છો, બધું સમજી-વિચારીને મંગાવી લેજો. ચાલો, ઘણો સમય થઈ ગયો; હવે ગંગાસ્નાન કરી આવીએ."

એટલું સાંભળતાંજ શ્રીવાસ, મુરારિ, ગદાધર વગેરે બધા ભક્તો નિમાઈ અને નિતાઈ સાથે ગંગાસ્નાન કરવા ચાલ્યા. નિત્યાનંદજીનો સ્વભાવ તદ્દન નાના બાળક જેવો હતો. તેઓ કૂદતા કૂદતા રસ્તામાં ચાલતા હતા. ગંગાજીમાં પડયા તો પાછા નીકળવાનું નામ લેતા નહોતા, કલાકો સુધી પાણીમાંજ ડુબકીઓ ખાતા રહેતા. કોઇ વાર ઉલટા થઇને ઘણે દૂર સુધી પ્રવાહમાંજ વહેતા ચાલ્યા જતા. બધા ભક્તો સાથે તેઓ પણ સ્નાન કરવા લાગ્યા. અકસ્માત્ તે સમયે જળમાં તેમને એક સ્વર્ગ દેખાયું. જલદીથી તેઓ તેનેજ પકડવા દોડયા. આ જોઇને શ્રીવાસ પંડિત હાય-હાય કરીને બૂમો પાડવા લાગ્યા, પરંતુ તેઓ કોઇનું પણ

ક્યારે સાંભળે તેમ હતા ? તેઓ તો આગળ વધતાજ ગતા હતા. જ્યારે શ્રીવાસના કહેવાથી ગૌરાંગે પોતેજ તેમને બૂમ મારી, ત્યારે કેટલેક દૂર જઇને તેઓ પાછા ફર્યા. તેમનાં બધાં કામ અજાયબીભરેલાંજ હતાં, તેથી પહેલી-જ રાત્રે તેમણે કોણ જાણે શું સમજીને પોતાનાં દંડ-કમંડળ વગેરે બધાંને તોડી ફોડી નાખ્યાં હતાં. પ્રભુએ તેનું કારણ પૂછ્યું તો તેઓ કંઇજ બોલ્યા નહિ, ત્યારે પ્રભુએ તેને ખૂબ આદરથી વીણી વીણીને ગંગાજીમાં વહાવી દીધાં.

વ્યાસપૂર્ણિમાને દિવસે બધા ભક્તો સ્નાન તથા સંધ્યા–વંદન કરીને શ્રીવાસ પંડિતને ઘેર આવ્યા. પંડિત-જીએ આજ પોતાના પૂજાગૃહને ખૂબ શણગારી રાખ્યું હતું. સ્થળે સ્થળે તોરણો બાંધ્યાં હતાં, બારણા આગળ કેળના થાંભલા ઘણાજ સુશોભિત લાગતા હતા. આખું ઘર ગાય-ના છાણ વડે લીંપેલું હતું, તેના ઉપર એક સુંદર બિછાનું બિછાવ્યું હતું. બધા ભક્તો આવીને વ્યાસપીઠ આગળ બેસી ગયા. એક ઉંચા સ્થાન ઉપર નાનકડો બાજઠ મૂકીને તેના ઉપર વ્યાસપીઠ બનાવવામાં આવી હતી, વ્યાસજીની સુંદર મૂર્તિ તેના ઉપર વિરાજમાન હતી. સામે પૂજાની બધી સામગ્રી રાખી હતી, કેટલાક થાળોમાં સુંદર સ્વચ્છ કરેલાં અને સુધારેલાં ફળ રાખ્યાં હતાં, એક બાજુ ઘરની બનેલી મિઠાઇઓ રાખી હતી. એક થાળીમાં અક્ષત, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, સોપારી, પુષ્પમાળા તથા બીજી બધી પૂજનની સામગ્રી સારી રીતે શોભતી હતી. વ્યાસપીઠની જમણી બાજુએ આચાર્યનું આસન બિછાવેલું હતું. ભક્તો-ના આગ્રહથી પૂજાની પોથી હાથમાં લઇને શ્રીવાસ પંડિત આચાર્યના આસને વિરાજમાન થયા. ભક્તોએ વિધિ પ્ર-માણે વ્યાસજીનું પૂજન કર્યું. હવે નિત્યાનંદ પ્રભુની વારી આવી. તેઓ શ્રીવાસજીના કહેવાથી પૂજા કરવા લાગ્યા. શ્રીવાસ પંડિતે એક સુંદર માળા નિત્યાનંદજીના હાથમાં આપતાં આપતાં કહ્યું: “શ્રીપાદ ! આને વ્યાસજીને પહે-રાવો.” શ્રીવાસજીએ આટલું કહ્યું છતાં નિત્યાનંદજીએ

માળા વ્યાસદેવજીને પહેરાવી નહિ, તેઓ તો હાથમાં લઈને જ છાનામાના ઉભા રહ્યા. આથી ફરીથી શ્રીવાસ પંડિતે જરા મોટેથી કહ્યું:–"શ્રીપાદ ! આપ ઉભા કેમ ગો ? માળા કેમ પહેરાવતા નથી ?" જેમ કોઈ પથ્થરની મૂર્તિ ઉભી રહે તેમજ હાથમાં માળા લઈને નિત્યાનંદજી જેમના તેમ ઉભા રહ્યા, જાણે તેમણે કશું સાંભળ્યું જ નથી. એટલે તો શ્રીવાસ પંડિત ગભરાયા, તેમણે માન્યું કે નિત્યાનંદજી મારી વાત માનશેજ નહિ, જો પ્રભુ આવીને તેમને સમજાવશે તો જરૂર માની જશે. પ્રભુ આ વખતે બીજી બાજુ બેઠા હતા. શ્રીવાસજીએ પ્રભુને બોલાવીને કહ્યું: "પ્રભો ! નિત્યાનંદજી વ્યાસદેવને માળા પહેરાવતા નથી, આપ તેમને કહો કે માળા પહેરાવે, વાર થાય છે."

આ સાંભળીને પ્રભુએ કંઈક આજ્ઞા કરતા હોય તેવા અવાજે નિત્યાનંદજીને કહ્યું:–"શ્રીપાદ ! વ્યાસદેવજીને માળા કેમ પહેરાવતા નથી ? જુઓ, વાર થાય છે; બધા ભક્તો તમારીજ રાહ જોઈને બેઠા છે, જલદીથી પૂજન સમાપ્ત કરો, પછી સંકીર્તન થશે."

પ્રભુની આ વાત સાંભળીને નિતાઈ નિદ્રામાંથી જાગેલા પુરુષની પેઠે પોતાની ચારે બાજુએ જોવા લાગ્યા. જાણે તેઓ કોઈ ખાસ વસ્તુની શોધ કરતા ન હોય ! આમ તેમ જોઈને તેમણે પોતાના હાથમાંની માળા વ્યાસદેવજીને તો પહેરાવી નહિ, પરંતુ તરતજ ગૌરાંગના ગળામાં પહેરાવી દીધી. પ્રભુના લાંબા લાંબા વાંકડીઆ વાળોમાં ભરાઈને તે માળા ઘણીજ સુંદર લાગતી હતી. બધા ભક્તો આનંદમાં બેભાન જેવા થઈ ગયા. પ્રભુ કંઈક શરમિંદા જેવા થઈ ગયા. નિત્યાનંદજી પ્રેમમાં લવલીન થવાથી મૂર્છા ખાઈને પડી ગયા. અહા ! પ્રેમ હો તો આવો હજો, કે પોતાના પ્રિય પાત્રમાંજ બધાં દેવી–દેવતા અને વિશ્વનાં દર્શન થઈ જાય. ગૌરાંગને સર્વસ્વ માનનારા નિતાઈનો તેમના પ્રત્યે એવોજ ભાવ હતો. તેમનો મનોગત ભાવ હતો:–

ક્યારે સાંભળે તેમ હતા? તેઓ તો આગળ વધતાજ જતા હતા. જ્યારે શ્રીવાસના કહેવાથી ગૌરાંગે પોતેજ તેમને બૂમ મારી, ત્યારે કેટલેક દૂર જઇને તેઓ પાછા ફર્યા. તેમનાં બધાં કામ અજાયબીભરેલાંજ હતાં, તેથી પહેલી-જ રાત્રે તેમણે કોણ જાણે શું સમજીને પોતાનાં દંડ-કમંડળ વગેરે બધાંને તોડી ફોડી નાખ્યાં હતાં. પ્રભુએ તેનું કારણ પૂછ્યું તો તેઓ કંઇજ બોલ્યા નહિ, ત્યારે પ્રભુએ તેને ખૂબ આદરથી વીણી વીણીને ગંગાજીમાં વહાવી દીધાં.

વ્યાસપૂર્ણિમાને દિવસે બધા ભક્તો સ્નાન તથા સંધ્યા–વંદન કરીને શ્રીવાસ પંડિતને ઘેર આવ્યા. પંડિત-જીએ આજ પોતાના પૂજાગૃહને ખૂબ શણગારી રાખ્યું હતું. સ્થળે સ્થળે તોરણો બાંધ્યાં હતાં, બારણા આગળ કેળના થાંભલા ઘણાજ સુશોભિત લાગતા હતા. આખું ઘર ગાય-ના છાણ વડે લીંપેલું હતું, તેના ઉપર એક સુંદર બિછાનું બિછાવ્યું હતું. બધા ભકતો આવીને વ્યાસપીઠ આગળ બેસી ગયા. એક ઉંચા સ્થાન ઉપર નાનકડો બાજઠ મૂકીને તેના ઉપર વ્યાસપીઠ બનાવવામાં આવી હતી, વ્યાસજીની સુંદર મૂર્તિ તેના ઉપર વિરાજમાન હતી. સામે પૂજાની બધી સામગ્રી રાખી હતી, કેટલાક થાળોમાં સુંદર સ્વચ્છ કરેલાં અને સુધારેલાં ફળ રાખ્યાં હતાં, એક બાજુ ઘરની બનેલી મિઠાઇઓ રાખી હતી. એક થાળીમાં અક્ષત, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, સોપારી, પુષ્પમાળા તથા બીજી બધી પૂજનની સામગ્રી સારી રીતે શોભતી હતી. વ્યાસપીઠની જમણી બાજુએ આચાર્યનું આસન બિછાવેલું હતું. ભકતો-ના આગ્રહથી પૂજાની પોથી હાથમાં લઇને શ્રીવાસ પંડિત આચાર્યના આસને વિરાજમાન થયા. ભકતોએ વિધિ પ્ર-માણે વ્યાસજીનું પૂજન કર્યું. હવે નિત્યાનંદ પ્રભુની વારી આવી. તેઓ શ્રીવાસજીના કહેવાથી પૂજા કરવા લાગ્યા. શ્રીવાસ પંડિતે એક સુંદર માળા નિત્યાનંદજીના હાથમાં આપતાં આપતાં કહ્યું: “શ્રીપાદ! આને વ્યાસજીને પહે-રાવો.” શ્રીવાસજીએ આટલું કહ્યું છતાં નિત્યાનંદજીએ

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ॥

તમેજ માતા અને તમેજ પિતા છો, તમેજ બંધુ અને તમેજ મિત્ર છો; તુમેજ વિદ્યા ને તમેજ દ્રવ્ય છો, અને હે દેવોના દેવ! તમેજ મારૂં સર્વ કાંઈ છો.

ગૌરાંગજ તેમનું સર્વસ્વ હતા. તેમની ભાવના અનુસાર તેમને પ્રત્યક્ષ ફળ પણ મળી ગયું. તેમના આગળથી ગૌરાંગની આ નિત્યની માનુષિક મૂર્તિ વિલીન થઈ ગઈ. હવે તેમને ગૌરાંગની છ ભુજાવાળી મૂર્તિનાં દર્શન થવા લાગ્યાં. તેમણે જોયું તો ગૌરાંગની મુખની કાંતિ કરોડો સૂર્યોના તેજથી પણ વિશેષ છે. તેમના ચાર હાથોમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ વિરાજમાન છે, બાકીના બે હાથોમાં તેમણે હળ–મૂસળ ધારણ કરેલાં છે. નિત્યાનંદજી પ્રભુના આ અદ્ભુત રૂપનાં દર્શનોથી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. તેમનાં નેત્રો એ દર્શનોથી તૃપ્તજ થતાં નહોતાં. તેમનાં બન્ને નેત્રો ફાટેલાં ને ફાટેલાંજ રહી ગયાં, પાંપણો ઉંચી નીચી થવીજ બંધ થઇ ગઈ. નેત્રોના બન્ને ખૂણાઓમાંથી અશ્રુની ધારાઓ વહેતી હતી. શરીર ચૈતન્યશૂન્ય થઇ ગયું હતું. ભક્તોએ જોયું તો તેમનો શ્વાસ ચાલતોજ નથી, તેમનું શરીર મરેલા માણસની જેમ અક્કડ થઇને પડયું હતું, કેવળ મુખની અપૂર્વ જ્યોતિ જોવાથી અને નેત્રોમાંથી નીકળતાં અશ્રુઓથીજ અનુમાન કરી શકાતું હતું કે તેઓ જીવતા છે. ભક્તોને તેમની આવી દશા જોઇને ઘણો ડર લાગ્યો. શ્રીવાસ વગેરે બધા ભક્તોએ વિવિધ પ્રયત્નો દ્વારા તેમને જાગ્રત કરવા માંડયા, પરંતુ તેમને તો બિલકુલ ભાનજ આવ્યું નહિ. પ્રભુએ જ્યારે જોયું કે નિત્યાનંદજી કોઇ પણ પ્રકારે ઉઠતાજ નથી ત્યારે તેમના શરીર ઉપર પોતાનો કોમળ હાથ ફેરવતા ફેરવતાં પ્રભુ ઘણાજ પ્રેમપૂર્વક કહેવા લાગ્યા: “શ્રીપાદ હવે ઉઠો. જે કાર્યને માટે આપે આ શરીર ધારણ કર્યું

છે, તે કાર્યના પ્રચારનો સમય હવે પાકેજ આવ્યો છે. ઉઠો અને આપની નિષ્કામ કૃપા દ્વારા જીવોનો ઉદ્ધાર કરો. બધા લોકો આપની કૃપાના ભિખારી થઇને બેઠા છે, જેનો આપ ઉદ્ધાર કરવો યોગ્ય માનતા હો તેમનો ઉદ્ધાર કરો. શ્રીહરિનાં મધુર નામોની વહેંચણી કરો. જો આપજ જીવો ઉપર કૃપા કરીને ભગવન્નામ આપશો નહિ તો પાપીઓનો ઉદ્ધાર કેવી રીતે થશે ? ”

પ્રભુના કોમળ કરસ્પર્શથી નિતાઇની મૂર્છા વળી ગઇ, હવે તેઓ કંઇક કંઇક ભાનમાં આવ્યા. નિત્યાનંદ-જીને હોશમાં આવેલા જોઇને પ્રભુ ભક્તોને કહેવા લાગ્યાઃ– “ વ્યાસપૂજા તો થઇ ચૂકી, હવે બધા મળીને એક વાર સુમધુર સ્વરે શ્રીકૃષ્ણસંકીર્તન કરી લ્યો. ” પ્રભુની આજ્ઞા થતાંજ પખાજ વાગવા લાગી અને બધા ભક્તો હાથમાં મંજીરા લઇને અતિ પ્રેમપૂર્વક કીર્તન કરવા લાગ્યા. બધા પ્રેમમાં વિહ્વળ થઇને એક સાથેઃ–

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ સુમધુર સંકીર્તન કરવા લાગ્યા. સંકીર્તનના સુમધુર ધ્વનિથી શ્રીવાસ પંડિતનું ઘર ગૂંજવા લાગ્યું. સંકીર્તનનો અવાજ સાંભળીને ઘણા દર્શનાર્થીઓ બારણે આવીને એકઠા થઇ ગયા, પરંતુ ઘરનું બારણું તો બંધ હતું, તેઓ બહાર ઉભા ઉભાજ સંકીર્તનનો આનંદ લૂંટવા લાગ્યા. આ પ્રકારે સંકીર્તનના આનંદમાં કોઇને સમયનું ભાનજ રહ્યું નહિ. દિવસ આથમી ગયો. એટલે પ્રભુએ સંકીર્તન બંધ કરવાની આજ્ઞા આપી અને શ્રીવાસ પંડિતને કહ્યુંઃ “ પ્રસાદની બધી સામગ્રી અહીં લઇ આવો. ” પ્રભુની આજ્ઞા મળતાં શ્રીવાસ પંડિત પ્રસાદના બધા થાળો પ્રભુની આગળ ઉઠાવી લાવ્યા. પ્રભુએ પોતાને હાથે બધા હાજર રહેલા ભક્તોને પ્રસાદ વહેંચ્યો. એ મહાપ્રસાદ લઇને બધા ભક્તો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આ પ્રમાણે નિત્યાનંદજી શ્રીવાસ પંડિતનાજ ઘરમાં



अद्वैताचार्य उपर कृपा

[illegible] [illegible] [illegible] [illegible] ।
[illegible] [illegible] ॥

([illegible])

અર્થાત્ કોઈ પ્રેમમાં આવીને [illegible] [illegible] [illegible] [illegible] કહે છે કે સખિ! [illegible] [illegible] [illegible] નેહ હોય છે, તે કદી [illegible] [illegible] નહિ, [illegible] [illegible] [illegible] અને તેટલે દૂર જઈને [illegible] [illegible] [illegible] [illegible] હોવા છતાંયે [illegible] [illegible] [illegible] [illegible] આપવાજ રહે છે.

જે પ્રેમ સાચેજ સ્વાભાવિક છે, એ [illegible] [illegible]. કોઈ પણ પ્રકારનો મતલબી સ્વાર્થ નથી, તો પણ [illegible] હૃદયમાં એક પ્રકારની ઉદ્દેશિઓ [illegible] કરે છે. [illegible] કોઈ કવિએ પ્રેમથી ડરતાં ડરતાં સંશયપૂર્વક [illegible] [illegible] વ્યાખ્યા કરી છે. તેઓ કહે છે કે—

"ધરક" ઉઠેકે હી કહને લગે સાથક!
સીનેમેં દેખે કોઈ દિલકો મજા કરે.

હૃદયમાં દિલને ખેંચાતું જોઈનેજ તેઓ અનુમાન કરે છે કે હો યા ન હો, આ પ્રેમનીજ મજા છે. [illegible] નિશ્ચયપૂર્વક કહી શકતા નથી, નિશ્ચયાત્મક ક્રિયા [illegible] કરે છે. ધન્ય છે! યથાર્થમાં આથી વિશેષ પ્રેમનું વિવરણ કરી શકાતુંજ નથી.

શાંતિપુરમાં બેઠા બેઠા અદ્વૈતાચાર્ય શ્રીગૌરાંગની આ[illegible]

રહેવા લાગ્યા. શ્રીવાસ પંડિત અને તેમનાં ધર્મપત્ની માલિનીદેવી તેમને પોતાના સગા પુત્રની પેઠે માનતાં હતાં. નિત્યાનંદજીએ પોતાનાં માતાપિતાને છોડ્યે આજ લગભગ વીસ વર્ષ થઈ ગયાં હતાં. વીસ વર્ષથી તેઓ આ પ્રકારે દેશ-વિદેશોમાં ફરતા હતા. વીસ વર્ષ પછી ફરીથી માતાપિતાના સુખને પામીને તેઓ પરમ પ્રસન્ન થયા. ગૌરાંગ પણ તેમને હૃદયપૂર્વક ઘણું માન આપતા હતા. તેઓ તેમને પોતાના મોટા ભાઈથી પણ વધારે ગણતા હતા. અને એટલેજ સાચો પ્રેમ બંધાય છે. બન્ને બાજુથી સત્કારનો ભાવ હોય ત્યારેજ ઐક્ય થાય છે. શિષ્ય પોતાના ગુરુને સર્વસ્વ માને અને ગુરુ શિષ્યને ચાકર નહિ માનતાં પોતાનો અંતરંગ મિત્ર માને ત્યારેજ દૃઢ પ્રેમ થઈ શકે છે. ગુરુ પોતાના ગુરુપણામાંજ રહ્યા કરે અને શિષ્યને પોતાનો સેવક અથવા દાસજ માન્યા કરે, આ તરફ શિષ્ય અનિચ્છાપૂર્વક કર્તવ્ય સમજીને તેમની સેવા-ચાકરી કરતો રહે, તો એ બન્નેમાં યથાર્થ પ્રેમ થતો નથી. ગુરુશિષ્યનાં વર્તન તો ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન અથવા જનક અને શુકદેવજીનાં શાસ્ત્રોમાં સાંભળીએ છીએ તેવાંજ હોવાં જોઈએ. નિત્યાનંદજી ગૌરાંગને પોતાનું સર્વસ્વજ માનતા હતા, પરંતુ ગૌરાંગ હમેશાં પૂજ્યની પેઠેજ તેમનો આદર-સત્કાર કરતા હતા. આ તો એ મહાપુરુષોની વિશેષતા હતી.

નિત્યાનંદજીનો સ્વભાવ ઘણો ચંચળ હતો, તેઓ કોઈ કોઈ વાર પોતે પોતાના હાથે ભોજનજ કરતા નહિ. ત્યારે માલિનીદેવી તેમને પોતાના હાથ વડે નાના બાળકની પેઠે ખવરાવતાં હતાં. કોઈ કોઈ વાર તેઓ તેમના સૂકાઈ ગયેલા સ્તનોને પોતાના મોંમાં લઈને તેને બાળકની પેઠે ચૂસવા લાગતા. કોઈ વાર તેમના ખોળામાં બાળકની પેઠે રમતગમત કરતા. આ પ્રકારે તેઓ શ્રીવાસ અને તેમની પત્ની માલિનીદેવીને વાત્સલ્યસુખનો આનંદ આપતા તેમના ઘરમાં સુખપૂર્વક રહેવા લાગ્યા.



अद्वैताचार्य उपर कृपा

यदि साहजिकं प्रेम दूरादपि विराजते ।
चकोरीनयनद्वंद्वमानन्दयति चन्द्रमाः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૯૨-૨)

અર્થાત્ કોઈ પ્રેમમાં અધીરી થયેલી નાયિકાને એની સખી કહે છે:–" હે સખિ ! જે સ્વાભાવિક અને સહજ સ્નેહ હોય છે, તે કદી ઓછો થવાનો નથી; પછી ગમે તો પ્રેમપાત્ર ગમે તેટલું દૂર જઈને હોય ! આકાશમાં વિરાજમાન હોવા છતાંયે ચંદ્રદેવ ચકોરીનાં બન્ને નેત્રોને આનંદ આપનાર રહે છે.

જો પ્રેમ આંતરિક સ્વાભાવિક છે, અને વાસ્તવમાં તેમાં કોઈ પણ પ્રકારનો સંસારી સ્વાર્થ નથી, તો બન્ને બાજુથી હૃદયમાં એક પ્રકારની લહરિઓજ ઉઠ્યા કરે છે. ઉર્દૂના કોઈ કવિએ પ્રેમથી ડરતાં ડરતાં સંશયપૂર્વક ઘણીજ સુંદર ભાવના કરી છે. તેઓ કહે છે કે—

"[illegible]" [illegible] ?
[illegible].

[illegible]

[illegible]

લીલાઓના ખબર સાંભળતા અને મનોમન પ્રસન્ન થતા. પોતાના વહાલાની પ્રશંસા સાંભળીને હૃદયમાં સ્વાભાવિકજ એક પ્રકારનાં ગલગલિયાં થવા લાગે છે. મહાપ્રભુની કીર્તિ હવે ધીરે ધીરે સમસ્ત ગૌડદેશમાં ફેલાઈ ચૂકી હતી. આચાર્ય પ્રભુના ભક્તિભાવની વાતો સાંભળીને આનંદમાં મસ્ત થઈને નૃત્ય કરવા લાગતા અને પોતાની મેળેજ કોઇ કોઈવાર બોલી ઉઠતાઃ–"મને લાગે છે કે ગંગાજળ અને તુલસીપત્રોથી ભક્તભયભંજન ભગવાનનું મેં જે અર્ચનપૂજન કર્યું હતું, તે પૂજન હવે સફળ થયું છે. ગૌરહરિ ભગવાન વિશ્વંભરના રૂપે પ્રગટ થઈને ભક્તોનાં દુઃખ દૂર કરશે." તેમનું હૃદય વારંવાર કહેતું:–"પ્રભુની છત્રછાયામાં રહીને અનેક ભક્તો પાવન થતા જાય છે. તેઓ પોતાને ગૌરહરિના સંસર્ગ અને સમાગમથી કૃતકૃત્ય બનાવવા લાગ્યા છે, તું પણ જઈને તારા આ નીરસ જીવનને સાર્થક કેમ કરી લેતો નથી?" પરંતુ પ્રેમમાં પણ એક પ્રકારનું મીઠું મીઠું માન હોય છે. પોતાના પ્રિયની કૃપાની રાહ જોવામાં પણ એક પ્રકારનું અનિર્વચનીય સુખ મળે છે. તેથી થોડીજ વાર પછી તેઓ પાછા વિચારતાઃ–"હું પોતે શા માટે જાઉં? જો તેઓજ મારા ઇષ્ટદેવ હશે, તો મને પોતેજ બોલાવશે, બોલાવ્યા વિના હું શા માટે જાઉં?" એ બધાં કારણોથી ઈચ્છા હોવા છતાં પણ અદ્વૈતાચાર્ય શાંતિપુર આવતા નહોતા.

આ તરફ મહાપ્રભુને જ્યારે ભાવાવેશ આવતો, ત્યારે તેઓ જોરથી બૂમો પાડતાઃ–"નાડા (અદ્વૈતાચાર્ય) ક્યાં છે? મને બોલાવીને અદ્વૈતાચાર્ય પોતે શાંતિપુરમાં બરાઈ ગ્યા. તેમના હોકારાથી તો હું આવ્યો છું." પહેલવહેલા તો ભક્તો સમજીજ શક્યા નહિ કે "નાડા" કહીને પ્રભુ કોને વિષે કહે છે? જ્યારે શ્રીવાસ પંડિતે નમ્રતાપૂર્વક પૂછ્યું કે "નાડા" કોણ છે, ત્યારે પ્રભુએ પોતેજ કહ્યું કે "અદ્વૈતાચાર્યની પ્રાર્થનાથી તો હું જગદુદ્ધારને માટે આ અવનિ ઉપર અવતર્યો છું. "નાડા" કહીને હું તેમ-

તેજ વિષે કહું છું."

હવે તો નિત્યાનંદ પ્રભુ નવદ્વીપમાં આવી જવાથી ગૌરાંગનો આનંદ ઘણોજ વધારે થઇ ગયો હતો. હવે તેઓ અદ્વૈતના વિના કેમ કરીને રહી શકે ? અદ્વૈત અને નિત્યાનંદ એ તો તેમના સમૂહના મુખ્ય સ્થંભ હતા. તેથી એક દિવસ એકાંતમાં પ્રભુએ શ્રીવાસ પંડિતના નાના ભાઈ રામને શાંતિપુર જવા કહ્યું. પ્રભુની સૂચના મળતાં રમાઈ પંડિતને પરમ પ્રસન્નતા થઇ; તેઓ તે સમયેજ અદ્વૈતાચાર્યજીને બોલાવવા માટે શાંતિપુર ચાલ્યા ગયા.

શાંતિપુર પહોંચીને રમાઇ પંડિત આચાર્યને ઘેર ગયા. તે સમયે આચાર્ય પોતાના ઘર આગળ બેઠા હતા, દૂરથીજ શ્રીવાસ પંડિતના નાના ભાઇને આવતા જોઇને તેઓ ગદ્‌ગદ્ થઇ ગયા, તેમના આનંદનો પાર રહ્યો નહિ. આચાર્ય સમજી ગયા કે "હવે મારા શુભ દિવસ આવ્યા છે. કૃપા કરીને પ્રભુએ પોતેજ મને બોલાવવા માટે રમાઈ પંડિતને મોકલ્યા છે; ભગવાન ભક્તની પ્રતિજ્ઞાની એટલી બધી પરવા કરે છે કે તેના આગળ તેઓ પોતાના બધા ઐશ્વર્યને ભૂલી જાય છે." એટલામાં રમાઇએ આવીને આચાર્યને પ્રણામ કર્યા. આચાર્યે પણ તેમને પ્રેમાલિંગન કર્યું. આચાર્ય પાસેથી પ્રેમાલિંગન પામીને રમાઇ પંડિત એક બાજુ ઉભા રહ્યા અને આચાર્ય તરફ જોઇને કંઇક હસવા લાગ્યા. તેમને હસતા જોઇને આચાર્ય કહેવા લાગ્યાઃ "એમ જણાય છે કે પ્રભુએ મને યાદ કર્યો છે, પરંતુ મને શી રીતે ખબર પડે કે યથાર્થમાં તેઓજ મારા પ્રભુ છે ? જે પ્રભુને પૃથ્વી ઉપર સંકીર્તનના પ્રચાર માટે હું પ્રગટ કરવા ઇચ્છતો હતો, તે મારા આરાધ્ય દેવ પ્રભુ તેઓજ છે, તે તમારી પાસે કંઇ પ્રમાણ છે ?"

કંઇક હાસ્ય કરતાં કરતાં રમાઈ પંડિતે કહ્યું—"આચાર્ય મહાશય ! હું તો એટલો પંડિત નથી. પ્રમાણ હેતુ તો આપ જેવા વિદ્વાનોજ સમજી શકે છે. પર

... જાણું છું કે પ્રભુ વારંવાર આપનું સ્મરણ
... છે કે અદ્વૈતાચાર્યેજ મને બોલાવ્યો છે,
... આગ્રહને વશ થઇને હું પૃથ્વી ઉપર આવ્યો છું
તેમનાજ ... લોકોદ્ધારની સૌથી વધારે ચિંતા અદ્વૈતાચાર્યનેજ હતી,
તેથી તેમની ચિંતા દૂર કરવા માટે શ્રીકૃષ્ણકીર્તન દ્વાર
લોકોદ્ધાર કરવાને માટેજ મેં અવતાર લીધો છે.”

અદ્વૈતાચાર્ય મનોમન પ્રસન્ન થતા હતા, પ્રભુની દયા
ળુતા, ભક્તવત્સલતા અને કૃપાનું સ્મરણ કરીને તેમનુ
હૃદય દ્રવતું હતું, પ્રેમને લીધે તેમનો કંઠ રૂંધાઇ ગયો
ઇચ્છા કરવા છતાં પણ તેઓ મુખેથી કોઇ વાત કહી શકત
નહોતા, પ્રેમમાં ગદ્‌ગદ્‌ થઇને તેઓ રુદન કરવા લાગ્યા
પાસેજ બેઠેલાં તેમનાં ધર્મપત્ની સીતાદેવી પણ આચાર્ય
ની આવી દશા જોઇને પ્રેમને લીધે અશ્રુ વહાવવા લાગ્ય
આચાર્યનો પુત્ર પણ માતાપિતાને પ્રેમમાં વિહ્વળ જોઇ
રુદન કરવા લાગ્યો.

થોડા સમય પછી અદ્વૈતાચાર્યના પ્રેમનો વેગ કંઇ
ઓછો થયો. તેમણે જલદીથી બધી પૂજાની સામગ્રી એક
ઠરી અને પોતાની સ્ત્રી તથા બાળકને સાથે લઇને તે
રમાઈ સાથે નવદ્વીપ તરફ ચાલી નીકળ્યા. નવદ્વીપ પહો
ચ્યા પછી આચાર્યે રમાઇ પંડિતને કહ્યું:—“ જુઓ, અ
આ રીતે પ્રભુ પાસે નહિ આવીએ. અમે અહીંજ નંદન
ચાર્યના ઘરમાં ઉતરીએ છીએ, તમે સીધા ઘેર ચાલ્યા જાઓ
જો પ્રભુ અમારા આગમન બાબતમાં કંઇક પૂછે તો ત
કહી દેજો કે:—“ તેઓ ના આવ્યા.” જો તેમની મારા પ્ર
યથાર્થ પ્રીતિ હશે, તો તેઓ પોતે અત્રે આવીને મને બોલ
ની જશે. તેઓ મારા મસ્તક ઉપર તેમનાં ચરણો મૂક
ત્યારે હું સમજીશ કે તેમની મારા ઉપર કૃપા છે, અને મા
... પ્રાર્થનાથી તેઓ જગતના ઉદ્ધાર માટે અવતર્યા છે

આચાર્યની આ... સાંભળીને રમાઇ ...
... ... ના ...
પોતાને ઘેર આવવા ...
... શ્રીવાસ પંડિતને ઘે...

પછી પ્રભુ પણ પધાર્યા. આજે પ્રભુ ઘરમાં પ્રવેશ કરતાંજ ભાવાવેશમાં આવી ગયા. ભગવદાવેશમાં તેઓ જલદીથી ભગવાનના આસન ઉપર બિરાજમાન થઈ ગયા અને મોટેથી કહેવા લાગ્યાઃ—"નાઢા" શાંતિપુરથી તો આવી પહોંચ્યા છે, પણ મારી પરીક્ષાને માટે નંદનાચાર્યના ઘરમાં છુપાઈ બેઠા છે. તેઓ હજુ પણ મારી પરીક્ષા કરવા ઇચ્છે છે. તેમણે તો મને બોલાવ્યો છે અને હવે નિર્લજ્જ પરીક્ષા કરવા ઇચ્છે છે." પ્રભુની આ વાત સાંભળીને ભક્તો આપસમાં એકબીજાનાં મોં જોવા લાગ્યા. નિત્યાનંદ મંદમંદ હસવા લાગ્યા. મુરારી ગુપ્તે તે સમયે પ્રભુની પૂજા કરી, ધૂપ, દીપ, નૈવેદ્ય ચઢાવીને સુગંધિત પુષ્પોની માળા પ્રભુના ગળામાં પહેરાવી અને ખાવા માટે સુંદર સુગંધીવાળું પાન આપ્યું. એ સમયે રમાઇ પંડિતે જઈને બધી હકીકત અદ્વૈતાચાર્યને કહી. બધી હકીકત સાંભળીને આચાર્ય ચકિત જેવા થઈ ગયા અને પ્રેમમાં બેભાન જેવા થઈને તેઓ પડતા આખડતા શ્રીવાસ પંડિતને ત્યાં આવ્યા. જે ઘરમાં પ્રભુ વિરાજમાન હતા, તે ઘરમાં પ્રવેશ કરતાંજ અદ્વૈતાચાર્યને લાગ્યું કે, આખું ઘર પ્રકાશમય થઇ રહ્યું છે. કોટિ સૂર્યોના જેવો પ્રકાશ તે ઘરમાં ફેલાયેલો છે, તેમને પ્રભુની તેજોમય મૂર્તિનાં સ્પષ્ટ દર્શન થઇ શકયાં નહિ. તે અસહ્ય તેજના પ્રભાવને આચાર્ય સહન કરી શકયા નહિ. તેમની આંખો અંજવાઇ ગઈ, તેઓ મૂર્ચ્છિત થઇને જમીન ઉપર પડી ગયા અને ઉમરાથી આગળ પગલું પણ ભરી શકયા નહિ. ભક્તો વૃદ્ધ આચાર્યને ઉપાડીને પ્રભુ સમક્ષ લઇ ગયા. પ્રભુ આગળ લઈ ગયા છતાં પણ તેઓ ચેતનશૂન્યજ પડ્યા રહ્યા અને બેભાન અવસ્થામાંજ લાંબા લાંબા શ્વાસો ભરતા જોરથી રુદન કરવા લાગ્યા. તે વૃદ્ધ તપસ્વી વિદ્વાન પંડિતની આવી સ્થિતિ જોઈને બધા હાજર રહેલા ભક્તો આનંદસાગરમાં ડૂબકાં ખાવા લાગ્યા અને પોતાની ભક્તિને તુચ્છ સમજીને રુદન કરવા લાગ્યા.

થોડી વાર પછી પ્રભુએ કહ્યું:—" આચાર્ય ! ઉઠો, હવે

[illegible] મહેશના પુત્ર [illegible] શ્રીવાસ [illegible] અદ્વૈત [illegible] [illegible] છે હવે શ્રીને [illegible]

[illegible] ભક્તોને તેઓ [illegible] વર્ષના [illegible] પ્રભુ [illegible] કરવા તૈયાર [illegible] પૂજ્ય અને [illegible] હતા અને [illegible] ભક્તોના [illegible] સાક્ષાત્ મહાપ્રભુ [illegible] વર્ષના [illegible] આદેશથી સેવકની પેઠે [illegible] તેમની પૂજા કરવા તૈયાર થઈ [illegible] તો [illegible] કહે છે, એજ ભગવતા છે. કે [illegible] માની નાખે છે, જેના પ્રતાપથી જાતિ, કુળ, રૂપ તથા [illegible] ઉમરમાં નાના હોવા છતાં પણ પુરુષ સર્વપૂજ્ય [illegible]

અદ્વૈતાચાર્યે પહેલાં તો સુવાસિત જળથી પ્ર[illegible] ચરણકમળો ધોયાં, પછી પાદ્ય અને અર્ઘ્ય આપીને [illegible] નાં શ્રીઅંગોમાં ચંદનનું લેપન કર્યું; પછી [illegible] દીપ અને નૈવેદ્યાદિ ચડાવીને સુંદર માળા પ્રભુના [illegible] પહેરાવી તથા પાન આપીને અને હાથ જોડીને તેઓ [illegible] કરી સ્તુતિ કરવા લાગ્યા. તેઓ રડતાં રડતાં [illegible] શ્લોક બોલવા લાગ્યા—

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।

जगद्धिताय कृष्णाय गोविन्दाय नमो नमः ॥

[illegible]

[illegible]

શ્લોક બોલતાં બોલતાં તેઓ બીજી પણ ગૌરાંગને અનુલક્ષીને વિવિધ સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ કરતાં કરતાં તેઓ ફરી પાછા બેભાન જેવા થઇ ગયા. એટલામાં અદ્વૈતાચાર્યનાં પત્ની સીતાદેવીએ પ્રભુની પૂજા કરી. પ્રભુએ ભાવાવેશમાં આવીને તે બંનેનાં મસ્તકો ઉપર પોતાના શ્રીચરણો મૂક્યા. પ્રભુનાં ચરણકમળોના સ્પર્શમાત્રથી આચાર્યપત્ની અને આચાર્ય આનંદમાં લયલીન થઇને રુદન કરવા લાગ્યાં. પ્રભુએ આચાર્યને આશ્વાસન આપતાં આપતાં કહ્યું:–" આચાર્ય ! જલદી ઉઠો, હવે વાર કરવાનું કામ નથી. તમારા સંકીર્તન દ્વારા મને આનંદ આપો."

પ્રભુનો આદેશ મળતાંજ આચાર્ય બન્ને હાથ ઉંચા કરીને પ્રેમપૂર્વક સંકીર્તન કરવા લાગ્યા. બધા ભક્તો પોતપોતાનાં વાદ્યો વગાડતા આચાર્ય સાથે સંકીર્તન કરવામાં નિમગ્ન થઇ ગયા. આચાર્ય પ્રેમના આવેશમાં જોરથી નૃત્ય કરતા હતા, તેમના શરીરમાં સહેજ પણ સુધ–બુધ નહોતી. તેઓ એવા પ્રેમમસ્ત થઇ ગયા હતા કે ક્યાં પગ મૂકતા હતા અને ક્યાં જઇને પગ પડતા હતા. ધીરે ધીરે સ્વેદ, કંપ, અશ્રુ, સ્વરભંગ તથા વિકૃતિ આદિ બધા સંકીર્તનના સાત્વિક ભાવોનો અદ્વૈતાચાર્યના શરીરમાં ઉદય થવા લાગ્યો. ભક્તો પણ પોતાના દેહનું ભાન ભૂલીને અદ્વૈતાચાર્યના તાલની સાથે સાથે પોતાના તાલ–સ્વર મેળવતા હતા; આ રીતે તે દિવસના સંકીર્તનમાં બધાને અપૂર્વ આનંદ આવ્યો. આજ સુધી કોઇ દિવસ પણ આટલો આનંદ સંકીર્તનમાં આવ્યો નહોતો. બધા ભક્તો અનુભવવા લાગ્યા કે, આજનું સંકીર્તન સર્વશ્રેષ્ઠ થયું. કેમ ન થાય ! જ્યાં અદ્વૈત તથા નિમાઇ અને નિતાઇ, એ ત્રણેય પ્રેમના મતવાલા ભેગા મળ્યા હોય ત્યાં અદ્વિતીય તથા અલૌકિક આનંદ આવવોજ જોઇએ. ઘણી રાત વીત્યા પછી સંકીર્તન સમાપ્ત થયું અને બધા ભક્તો પ્રેમમાં મસ્ત થઇને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આચાર્યને શ્યામસુંદર રૂપનાં દર્શન

ददाति प्रतिगृह्णाति गुह्यमाख्याति पृच्छति ।
भुङ्क्ते भोजयते चैव षड्विधं प्रीतिलक्षणम् ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૧૬૬-૩૦૬

અર્થાત્ પોતાના પ્રેમીને માન-સન્માન તથા જે વસ્તુ પોતાને અત્યંત પ્રિય લાગતી હોય તે આપવી, તેની આપેલી વસ્તુ પ્રેમપૂર્વક સ્વીકારવી, પોતાની ગુપ્તમાં ગુપ્ત વાતો પણ તેમના આગળ પ્રગટ કરવી તથા તેને તેના હૃદયની આંતરિક વાતો પૂછવી, પોતે તેને ત્યાં ભોજન કરવું અને તેને અતિ પ્રેમપૂર્વક પોતાના હાથ વડે ભોજન કરાવવું, એ છ પ્રેમનાં લક્ષણ બતાવવામાં આવ્યાં છે.

પ્રેમમાં નાનાપણાનો ભાવ નથી. પ્રેમી પોતાના પ્રિય-ને હમેશાં મોટોજ માને છે. ભગવાન ભક્તપ્રિય છે. જ્યાં ભક્ત તેમને પોતાનું સર્વસ્વ માને છે, ત્યાં તેઓ પણ ભક્તને પોતાનું સર્વસ્વ માને છે. ભક્ત પ્રત્યે શ્રદ્ધાનો ભાવ પ્રદર્શિત કરતાં કરતાં ભગવાન પોતેજ કહે છે કે "હું ભક્તો-ની પાછળ પાછળ એટલા માટે ફર્યા કરું છું કે તેમની ચરણધૂલિ ઉડીને મારા ઉપર પડે અને તેનાથી હું પાવન થઇ જાઉં." જગતને પાવન બનાવનારા પ્રભુનો આ ભાવ છે. ભક્તો રાત્રિદિવસ તેમનું ભજન કરે છે, તેઓ પણ કહે છે કેઃ—"જે મારું જે રૂપે ભજન કરે છે, તેનું હું પણ તેજ રૂપે ભજન કરું છું." વિશ્વના એક માત્ર ભજન કરવા યોગ્ય ભગવાનની લીલા તો જુઓ! પ્રેમનું કેવું અનોખું દૃષ્ટાંત છે! જે વિશ્વંભર છે, ચરાચર સર્વ પ્રાણી-

એવું જે સદા પાલન-પોષણ કરે છે, જેમના સંકલ
માત્રથી સમસ્ત વિશ્વ તૃપ્ત થઈ શકે છે, તેઓ કહે છે
જે કોઈ મને ભક્તિપૂર્વક કંઈક આપે છે, તે હું પ્રસ
થઈને ખાઈ લઉં છું. પાન ખાવાની ચીજ નથી, ફૂ
સૂંઘવાની વસ્તુ છે અને પાણી પીવાની; માત્ર અન્ન ખા
ફળજ ખવાય છે. પ્રેમમાં પાગલ થઈને ભગવાન કહે છે:
"જે મને કોઈ ભક્તિભાવથી પત્ર, પુષ્પ, ફળ અથવા
જળજ આપે છે, તો તેને હું ઘણુંજ અમૂલ્ય સમજીને
સંતુષ્ટ મનથી ખાઈ જાઉં છું." પાન અને ફળને પણ ખાઈ
જાય છે, બધાને માટે "અદ્નામિ" અર્થાત્ ખાઉં છું, એજ
ક્રિયાપદનો ઉપયોગ કરે છે. ધન્ય છે એવા ભોજનને!
કેમ ન હોય? પ્રેમમાં એ પાર્થિવ પદાર્થોજ થોડા ખવાય
છે? ખરી તૃપ્તિનું કારણ તો તે પદાર્થોમાં ઓતપ્રોત ભાવે
ભરેલો પ્રેમ છે, તે પ્રેમનેજ ખાઈને પ્રભુ પરમ પ્રસન્ન થાય
છે. પ્રેમ છેજ એવી વસ્તુ! તેનો જ્યાં પણ સમાવેશ થઈ
જશે તે પદાર્થ સુખમય, મધુમય, આનંદમય અને તૃપ્તિ-
કારક બની જશે.

તે દિવસના સંકીર્તન પછી બીજે ત્રીજે દિવસે અદ્વૈ-
તાચાર્ય શાંતિપુરજ પાછા ચાલ્યા ગયા. તેમના મનમાં પ્રભુ
પ્રત્યે હજુ પણ શંકાશીલ ભાવ હતો. તેમનું મન હજુ
પણ ડગુમગુ થતું હતું કે તેઓજ મારા ઇષ્ટદેવ છે કે
બીજા કોઈ? આથી એક દિવસ સંશયબુદ્ધિથી તેઓ ફરી
નવદ્વીપ પધાર્યા. આમ તો તેમનું હૃદય પ્રભુના તરફ આપો-
આપજ આકર્ષાઈ ગયું હતું, તેમને મહાપ્રભુના સ્મરણ-
માત્રથી પરમાનંદ થતો હતો, અંદરથી વિશ્વાસ વિના આવો
ભાવ થઈજ શકતો નથી, પરંતુ પ્રગટપણે તેઓ પોતાનો
અવિશ્વાસજ દર્શાવતા. તે સમયે પ્રભુ શ્રીવાસ પંડિતને ત્યાં
ભક્તો સાથે શ્રીકૃષ્ણ કથા કરતા હતા. આચાર્યને આવેલા
જોઈને તેઓ ભક્તોની સાથે તેમના સન્માનમાં ઉભા થયા.
પ્રભુએ અતિ શ્રદ્ધાભક્તિપૂર્વક આચાર્યને પ્રણામ કર્યા તથા
આચાર્યે પણ શરમાતાં શરમાતાં પોતાના શ્વેત વાળથી

પ્રભુનાં ચરણકમળોના પરાગને લૂછ્યો. હાજર રહેલા બધા ભક્તોને આચાર્યે પ્રેમાલિંગન કર્યું અને તેઓ પ્રભુ પાસે સુખપૂર્વક બેઠા.

બધા બેસી ગયા પછી પ્રભુએ મંદ હાસ્ય કરતાં કરતાં કહ્યું:–" અત્રે સીતાપતિ વિરાજમાન છે, કોઇને ભય ભલે હોય, મને તો કંઈજ ભય નથી. તેઓ મને અટકાવી શકશે નહિ. " (અદ્વૈતાચાર્યનાં પત્નીનું નામ સીતાદેવી હતું, પ્રભુનું લક્ષ્ય તેમના તરફ હતું.)

કંઈક બનાવટી ગંભીરતા ધારણ કરીને તથા પોતાની ચારે બાજુ જોતાંજોતાં આચાર્યે કહ્યું: " અહીં રઘુનાથ તો જણાતા નથી. હા, યદુનાથ અવશ્ય વિરાજમાન છે." પ્રભુ આ ઉત્તર સાંભળીને કંઈક શરમિંદા જેવા થઈ ગયા. વાતને ઉડાવવા માટે તેઓ કહેવા લાગ્યા:–" જુઓ, હું તો ઘણા ઘણા સમયથી આશા રાખીને બેઠો હું કે અમે બધા આપની છત્રછાયામાં રહીને કૃષ્ણકીર્તન કરીએ, પરંતુ આપ શાંતિપુર ચાલ્યા ગયા, એવો અમારો શો અપરાધ થયો છે ? "

અદ્વૈતાચાર્ય આનો કંઈજ ઉત્તર આપી શક્યા નહિ. એટલામાંજ શ્રીવાસ પંડિત બોલી ઉઠ્યા: "અદ્વૈતાચાર્યનું તો નામજ અદ્વૈત છે. તેથી તેઓ શાંતિપુરમાં નિવાસ કરે છે. હવે આપનો આવિર્ભાવ નવદ્વીપરૂપી નવધા ભક્તિના ધામમાં થયો છે. તેમાં વિરાજમાન થઈને નિત્યાનંદ તેનો રસાસ્વાદ લે છે. અદ્વૈત પણ શાંતિપુર છોડીને આ નિત્યાનંદ-પૂર્ણ સ્થાનમાં આવીને ગૌર ગુણગાન દ્વારા પોતાને નિત્યાનંદમય બનાવવા ઇચ્છે છે. હજુ તેઓ દ્વૈત-અદ્વૈતની ગડમથલમાં છે."

[illegible]

વરાવ્યું છે કે, આજે આચાર્ય આપણે ઘેરજ ભોજન કરે. કૃપા કરીને તેઓ આપણા આજના નિમંત્રણનો અવશ્ય-જ સ્વીકાર કરે."

તે માણસની વાતો સાંભળીને પ્રભુએ તેને કંઈ પણ જવાબ આપ્યો નહિ અને જિજ્ઞાસાભાવે તેઓ આચાર્યના મુખ તરફ જોવા લાગ્યા. પ્રભુના ભાવને સમજી જઈને આચાર્ય કહેવા લાગ્યા:-"મારૂં અહો ભાગ્ય છે કે જગન્માતાએ મને ભોજન માટે નિમંત્રણ કર્યું છે, આને હું મારૂં પરમ સૌભાગ્યજ માનું છું."

વચમાંથીજ વાતને કાપતાં શ્રીવાસ પંડિત બોલી ઉઠ્યા કે "આ સૌભાગ્યસુખને એકલાજ લૂંટશો કે બીજાઓને પણ સાથી બનાવશો? અમે તો તમને એકલાને કદી પણ આ આનંદનો ઉપભોગ કરવા દઈશું નહિ. જો ગૌરાંગ મને કદાચ આમંત્રણ નહિ આપે તો હું શચીમાતા પાસે જઈને માગણી કરીશ. તેઓ તો સાક્ષાત્ અન્નપૂર્ણાજ છે, તેમના દરબારમાંથી કોઇ ઓછોજ પાછો ફરી શકે? આચાર્ય મહાશય! તમારી એકલાનીજ વાત નહિ બની શકે, મને પણ સાથે લઈ જવો પડશે."

અદ્વૈતાચાર્યજી અને મહાપ્રભુ આમ તો બન્નેય સિલહટનિવાસી બ્રાહ્મણ હતા, પરંતુ બન્નેનો પરસ્પરમાં રોટી-વહેવાર નહોતો. આ વાત જણાવવા માટે કંઇક સંકોચપૂર્વક પ્રભુએ કહ્યું:-"ભોજનની શી વાત છે, સર્વ કંઇ આપનુંજ છે; પરંતુ આચાર્યને બે માણસને માટે રસોઈ કરવામાં તકલીફ પડશે."

આથી આચાર્ય વચમાંજ બોલી ઉઠ્યા:-"મને શાની તકલીફ પડવાની! તકલીફ પડશે તો શચીમાતાને પડશે. પણ તેઓ તો જગન્માતા છે, તેઓ તો તકલીફને તકલીફ માનતાંજ નથી. જો તેઓ બનાવી શકે તેમ નહિ હોય તો [illegible] મારે બનાવવુંજ પડશે." આ [illegible] પ્રભુ [illegible] [illegible] [illegible] [illegible]

એનો નિશ્ચિત નિયમ છેજ નહિ. એમ નથી કહી શકાતું કે બધા પ્રેમીઓ સામાજીક નિયમોનો ભંગજ કરી દે યા બધા પ્રેમીઓ બીજા લોકોની પેઠે સામાજિક નિયમોનું પાલનજ કરે. એને માટે કોઈ નિશ્ચિત નિયમ નથી. ભગવાન રામ જેવા સર્વશ્રેષ્ઠ પ્રેમીએ "સીતાપરીક્ષા" "સીતાનો પરિત્યાગ" અને લક્ષ્મણપરિત્યાગ" જેવાં અસહ્ય અને વેદનાપૂર્ણ કાર્યો એટલાજ માટે કર્યાં કે જેથી લોક-સંગ્રહનો ધર્મ અતૂટ ચાલ્યા કરે. આથી ઉલટું ભગવાન શ્રીકૃષ્ણે પ્રેમની પાછળ સામાજિક નિયમોની કંઇ પરવાજ કરી નહિ. હમણાં પણ જોવામાં આવે છે કે ઘણા અત્યંત પ્રેમીઓ સામાજિક અને ધાર્મિક નિયમોમાં દૃઢ રહીને વર્તે છે. કેટલાક આ બધાની ઉપેક્ષા પણ કરતા જોવામાં આવ્યા છે. તેથી પ્રેમ-પંથને માટે કોઇ નિશ્ચિત નિયમ બાંધી શકાતો નથી. આ તો નિયમોથી રહિત અલૌકિક પંથ છે. જ્યારે આચાર્યે પોતાનું સર્વસ્વ પ્રભુનાં ચરણ-કમળોમાં સમર્પી દીધું હતું તો પછી તેમને માટે હવે પ્રભુના ઘરમાં શાનો સંકોચ રહેવાનો હતો?

અનુમતિ-સંમતિ લઇને તે મનુષ્ય માતાને કહેવા ચાલ્યો ગયો. આ તરફ આચાર્યે ધીરેથી કોઇ વાત શ્રીવાસ પંડિતના કાનમાં કહી. આપસમાં બન્નેને ધીરે ધીરે વાતો કરતા જોઇને પ્રભુ હસતા હસતા કહેવા લાગ્યાઃ-" બન્ને પંડિતોમાં શી ગુપચૂપ વાતો ચાલે છે? હું એ વાતો સાંભળવાનો અધિકારી નથી કે શું?"

પ્રભુની વાત સાંભળીને આચાર્ય તો કંઇક શરમિંદા જેવા થઇને ચૂપ થઇ ગયા; પરંતુ શ્રીવાસ પંડિત થોડી વાર પછી કહેવા લાગ્યાઃ-"પ્રભો! આચાર્ય પોતાના મનમાં અત્યંત દુઃખી છે. તેઓ કહે છે કેઃ-" પ્રભુએ નિત્યાનંદજી ઉપર તો કૃપા કરીને તેમને પોતાનું મૂળ સ્વરૂપ દર્શાવ્યું; પરંતુ કોણ જાણે કેમ, મારા ઉપર કૃપા કેમ કરતા નથી? મને પહેલાં આશ્વાસન પણ આપ્યું હતું કે મને પોતાનું મૂળ સ્વરૂપ દેખાડશે, પરંતુ હજુ સુધી મારા

ઉપર કૃપા થઈ નથી."

કંઇક આશ્ચર્ય પ્રગટ કરતાં પ્રભુએ કહ્યું:–"મૂળ સ્વરૂપ કહેવામાં આચાર્ય શું કહેવા માગે છે, તે હું નથી સમજી શકતો. મારૂં મૂળ સ્વરૂપ તો આપ લોકો જે સદા જુઓ છો ને હમણાં પણ જુઓ છો તેજ છે."

પોતાની વાતનો પ્રભુને જુદા પ્રકારનો અર્થ ઘટાવતા જોઇને શ્રીવાસ પંડિતે કહ્યુ:–"હા, પ્રભો! એ બરાબર છે, આપનું મૂળ રૂપ તો આજ છે. અમે બધા એજ ગૌરરૂપને શ્રદ્ધાભક્તિપૂર્વક વંદન કરીએ છીએ; પરંતુ આપે આચાર્યને અન્ય રૂપનાં દર્શનનું આશ્વાસન આપ્યું હતું, તેઓ તે આશ્વાસનનું માત્ર સ્મરણ કરાવે છે."

શ્રીવાસના આ ઉત્તરથી સંતોષ પામીને પ્રભુ કહેવા લાગ્યા:–"પંડિતજી ! આપ તો સર્વ કંઇ જાણો છો, કે મનુષ્યની પ્રકૃતિ સદા એકસરખી રહેતી નથી. તે કોઈ વાર કંઇક વિચારે છે, ને કોઇ વાર કંઇ બીજુંજ. જ્યારે મારી ઉન્માદ જેવી સ્થિતિ થઇ જાય છે, ત્યારે તેમાં કોણ જાણે હું શુંનું શું બકી જાઉં છું, તેનું સ્મરણ મને પોતાનેજ નથી રહેતું. મેં મારી ઉન્માદ અવસ્થામાં આચાર્યને કંઈ કહી દીધું હશે, તેનું સ્મરણ મને હમણાં કંઇજ નથી."

આ સાંભળીને કંઈક દીનભાવે શ્રીવાસ પંડિતે કહ્યું:–"પ્રભો ! આપ અમને દર વખતે શા માટે છેતરો છો ? બીજા લોકોને જ્યારે ઉન્માદ થાય છે, ત્યારે તેનાથી બીજાં માણસોને ઘણો ભય લાગે છે. લોકો તેની પાસે જતાં [illegible] કરે છે, પરંતુ આપનો ઉન્માદ તો લોકનાં હૃદયોને [illegible] કરે છે. ભક્તોને તેનાથી વિશેષ કંઈ બીજો આનંદ [illegible] નથી. શું આપનો ઉન્માદ એ [illegible] ઉન્માદજ હોય છે ? [illegible]

[illegible]

પ્રભુ [illegible]

રાખો કે કોઈ ખાસ રૂપ કે આકારનું માત્ર ભાવમાં કેદ નથી. તેને ગમે તેવું રૂપ બની શકે છે, તેની પોતાને ખાસ આગ્રહ નથી. આપ કહો છો કે, આચાર્ય શ્યામસુંદર સ્વરૂપનાં દર્શન કરવા ઇચ્છે છે, એ ભાવની વાત ઠીક જ છે! એ તો તેમની દૃઢ ભાવના ઉપર આધાર રાખે છે. તેમની જેવા રૂપમાં પ્રીતિ હશે, તેજ ભાવને અનુસરીને તેમને દર્શન થશે. જો તેમને ઉત્કટ ઇચ્છા છે, જો ખરેખર તેઓ શ્યામસુંદર રૂપનાંજ દર્શન કરવા ઇચ્છે છે, તો તેઓ આંખો બંધ કરીને ધ્યાન ધરે, તો ઘણો સંભવ છે કે તેઓ પોતાની ભાવનાનુસાર શ્યામસુંદરની મનોહર મૂર્તિનાં દર્શન કરી શકશે."

પ્રભુની આવી વાત સાંભળીને આચાર્યે કંઈક સંદેહ અને કંઈક પરીક્ષાના ભાવથી આંખો બંધ કરી દીધી. થોડી જ વારમાં ભક્તોએ જોયું કે આચાર્ય મૂર્છા ખાઈને જમીન ઉપર પડી ગયા છે. લોકોએ તેમના શરીરને સ્પર્શ કરીને જોયું તો તેમનામાં ચેતનાજ નહોતું. શ્રીવાસ પંડિતે તેમના નાકનાં છિદ્રો આગળ હાથ રાખ્યો, તો તેમને લાગ્યું કે જાણે તેમનો શ્વાસજ ચાલતો નથી. આ બધાં લક્ષણોથી જણાતું હતું કે, તેમના શરીરમાં પ્રાણ નથી; પરંતુ ચહેરાની કાંતિ પાસેના લોકોને ચકિત કરતી હતી. તેમના ચહેરા ઉપર તેજ ચમકતું હતું. આખું શરીર રોમાંચ અનુભવતું હતું. બધા ભક્તો તેમની આવી અવસ્થા જોઈને આશ્ચર્ય પામ્યા. શ્રીવાસ પંડિતે ગભરાઈને પ્રભુને પૂછ્યું: "પ્રભો! આચાર્યની આ કેવી દશા થઈ ગઈ? કોણ જાણે કેમ તેઓ આ પ્રકારે મૂર્છિત અને બેભાન કેમ થઈ ગયા?"

પ્રભુએ કહ્યું: "તમે એ વાતનો ભય રાખશો નહિ. જણાય છે કે, આચાર્યને હૃદયમાં પોતાના ઇષ્ટદેવનાં દર્શન થઈ ગયાં છે, તેના પ્રેમમાં તેઓ મૂર્છિત થઈ ગયા છે, મને તો એમજ અનુમાન થાય છે."

ગદ્ગદકંઠે શ્રીવાસ પંડિતે કહ્યું:—"પ્રભો! અનુમાન અને પ્રત્યક્ષ બન્નેય આપને આધીન છે. આચાર્ય

નાં ચરણોમાં ઢળી પડ્યા અને ગદ્‌ગદ્‌કંઠે કહેવા લાગ્યા "પ્રભો ! મને હવે વધારે છેતરશો નહિ. હવે તો આપ નાં શ્રીચરણોમાં વિશ્વાસ પેદા થઈ જાય, તેવોજ આશી વાંદ આપો." પ્રભુએ વૃદ્ધ આચાર્યને ઉઠાવીને ગળે લગાવ્યા અને પ્રેમપૂર્વક કહેવા લાગ્યાઃ—" આપ પરમ ભાગવત છો, આપની નિષ્ઠા ઘણી ઉંચી છે, આપના નિરંતર ધ્યાનનુંજ આ પ્રત્યક્ષ ફળ છે કે નેત્ર બંધ કરતાંજ આપને ભગ- વાનનાં દર્શન થવા લાગે છે. ચાલો હવે ઘણી વાર થઇ ગઇ, માતાજી ભોજન બનાવીને આપણી વાટ જોતાં હશે. આજે આપણે બધા સાથેજ ભોજન કરીશું."

પ્રભુની આજ્ઞા થતાં શ્રીવાસ સાથે આચાર્ય મહાપ્રભુને ઘેર જવા તૈયાર થઇ ગયા. ઘેર જઇને પ્રભુએ જોયું તો માતાજી બધી રસોઇ તૈયાર કરીને ચોકામાં બેઠાં બેઠાં બધા- ા આવવાની વાટ જોતાં હતાં. પ્રભુએ જલદી હાથપગ વાઇને આચાર્ય અને શ્રીવાસ પંડિતને પોતે પગ ધોવરા- વ્યા અને તેમને બેસવાને સુંદર આસન આપ્યાં. બન્નેના બહુ આગ્રહથી પ્રભુ પણ આચાર્ય અને શ્રીવાસની વચ્ચે ભોજન કરવા માટે બેઠા. શચી માતાએ આજે ઘણાજ પ્રેમ- થી અનેક પ્રકારની ચીજો તૈયાર કરી હતી. ભોજન પીર- સ્યા પછી બન્નેએ ભગવાનને અર્પણ કરીને તુલસી-મંજરી- વાળા તે બધા પદાર્થો પ્રેમથી આરોગ્યા. પ્રભુ વારંવાર આગ્રહ કરી કરીને આચાર્યને વધારે ને વધારે પીરસાવતા હતા, અને આચાર્ય પણ પ્રેમને વશ થઇને તે જમતા હતા. આ રીતે તે દિવસે તે ત્રણેએ બીજા દિવસો કરતાં ઘણું વધારે ભોજન કર્યું. પરંતુ તે ભોજનમાં ચારે તરફ- થી પ્રેમ પ્રેમ ને પ્રેમજ ભરેલો હતો. ભોજન પછી પ્રભુએ શ્રી વિષ્ણુપ્રિયા પાસેથી લઇને આચાર્ય તથા શ્રીવાસ પંડિત- ને મુખશુદ્ધિને માટે તાંબુલ-પાન આપ્યું. કંઇક આરામ લીધા પછી પ્રભુની આજ્ઞા લઇને અદ્વૈત તો શાંતિપુર ચાલ્યા ગયા અને શ્રીવાસ પોતાને ઘેર સુવા ગયા.

गुप्त भक्त पुंडरीक विद्यानिधि

तदश्मसारं हृदयं बतेदं यद्गृह्यमाणैर्हरिनामधेयैः ।
न विक्रियेताऽथ यदा विकारो नेत्रे जलं गात्ररुहेषु हर्षः ॥

(શ્રીમદ્ભાગવત ૨-૩-૨૪)

અર્થાત્ શ્રીહરિ ભગવાનનાં મધુર નામોના શ્રવણ માત્રથી જેમના હ્રદયમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થાય અથવા જેમના શરીરમાં સ્વેદ, કંપ, અશ્રુ તથા રોમાંચ વગેરે સાત્વિક ભાવોનો ઉદય થતો ન હોય, તો સમજવું કે તે પુરુષોનું હ્રદય પાષાણનું બનેલું છે.

જેના હ્રદયમાં ભગવાન પ્રત્યે ભક્તિ પેદા થઈ છે, જેનું હ્રદય શ્યામ-રંગમાં રંગાઈ ગયું છે, જેને ભગવાનનાં સુમધુર નામોમાં તથા તેમની જગત-પાવની લીલાઓમાં પ્રેમ છે, તે ભાગ્યશાળી ભક્તોએ જ સંસારમાં પોતાના મનુષ્યદેહને સાર્થક કર્યો છે. આવું ભાગ્ય તેનામાં આવે છે કે, જેના ઉપર પ્રભુની કૃપા થાય છે, તે પ્રભુના [illegible]

બાગે જોવામાં આવે છે કે, પરમાર્થના પથિક ભગવદ્ભક્તો તથા જ્ઞાનનિષ્ઠ સાધકોનું જીવન સદા ત્યાગમયજ હોય છે. તેઓ સંસારી લોકોથી ખરી રીતે તો દૂરજ રહે છે, પરંતુ કેટલાક એવા ભક્તો પણ જોવામાં આવે છે કે જેમનું જીવન ઉપરથી તો સંસારી લોકોના જેવું જણાય છે, પરંતુ હૃદયમાં અગાધ ભક્તિરસ ભરેલો હોય છે, કે જે જરા પણ ઠોકર લાગતાંજ છલકાઇને આંખો દ્વારા બહાર વહેવા લાગે છે. વાસ્તવમાં ભક્તિનો સંબંધ તો હૃદય સાથે છે. જો મન વિષયવાસનાઓમાં આસક્ત ન હોય તો પછી તે ગમે તે પરિસ્થિતિમાં ભલેને રહે, હૃદય હમેશાં પ્રભુનાં ચરણકમળોનુંજ ચિંતન કરતું રહેશે. એમ વિચારીને મહાકવિ કેશવ કહે છે કેઃ—

કહૈ 'કેશવ' ભીતર જોગ જગી
ઇત બાહિર ભોગમયો તન હૈ,
મન હાથ ભયો જિનકે તિનકે
બન હી ઘર હૈ ઘર હી બન હૈ.

ઘણી વાર એવું જોવામાં આવે છે કે, ત્યાગમય જીવન ગાળનારા સાધકના મનમાં એવી માન્યતા બંધાઇ જાય છે; ખરી રીતે બાહ્ય ત્યાગમય જીવન ગાળ્યા સિવાય ભગવદ્ભક્તિ પ્રાપ્ત થતીજ નથી. ભક્તિમાર્ગમાં એ મહાબાધારૂપ છે, ત્યાગમય જીવન જેટલું પણ ગાળી શકાય તેટલું શ્રેષ્ઠજ છે; પરંતુ પૂરેપુરો ત્યાગ કર્યા વિના કોઇજ ભક્ત બની શકતું નથી, એવો આગ્રહ કરવો એ એક પ્રકારનું ત્યાગજન્ય અભિમાનજ છે. ભક્તે તો તણખલાથી પણ નીચા બનીને કૂતરાં, ચાંડાળ, ગાય અને ગધેડાને પણ માત્ર મનથી નહિ પરંતુ શરીરથી પણ પ્રણામ કરવા જોઇએ, ત્યારેજ અભિમાન દૂર થશે. ભક્તોની બાબતમાં કોઇ શું કહી શકે તેમ છે કે તેઓ કયા રૂપમાં રહે છે? વિવિધ પરિસ્થિતિઓમાં રહીને ભક્તોને જીવન ગાળતા જોયા છે, જી જેના જીવનમાં બાહ્યત્યાગનાં લક્ષણ જણાવ નહિ, ભક્તજ નથી, એવું કદી પણ મનમાં લાવવું જોઇ

પણ પછી જ્યારે પુંડરીક સાથે વિદ્યાનિધિ શબ્દ લગાડ[illegible]યું ત્યારે તેમણે અનુમાન કર્યું કે, ગમે તેમ પણ [illegible] નામના કોઈ ભક્ત છે. ઘણો વિચાર કરવા છતાં પણ નવદ્વીપમાં 'પુંડરીક વિદ્યાનિધિ' નામના કોઈ વૈષ્ણવ ભક્ત તેમને યાદ આવ્યા નહિ. થોડી વાર પછી જ્યારે પ્રભુની મૂર્છા વળી ત્યારે ભક્તોએ નમ્રતાપૂર્વક પૂછ્યું:—"પ્રભુ જેનું નામ લઈ લઈને જોરથી રુદન કરતા હતા, તે ભાગ્યવાન પુંડરીક વિદ્યાનિધિ કયા પરમ ભાગવત મહાશય છે?"

પ્રભુએ ગંભીરતાથી કહ્યું:—"તેઓ એક પરમ ગુપ્ત વૈષ્ણવ ભક્ત છે, તમે તેમને જોઈને નહિ જાણી શકો કે તેઓ વૈષ્ણવ છે. તેમના બાહ્ય આચાર–વ્યવહાર પહેરવેશે સંસારી વિષયી પુરુષો જેવાજ છે. તેઓ ચિતાગોંગનિવાસી એક પરમ કુલીન બ્રાહ્મણ છે, તેમનું એક ઘર શાંતિપુરમાં પણ છે. ગંગાસેવન માટે તેઓ કોઈ કોઈ વાર ચિનાગોંગથી શાંતિપુર પણ આવે છે, વળી તેઓ મારા ઘણાજ પ્રિય ભક્ત છે, તેઓ મારા આંતરિક મિત્ર છે, તેમનાં દર્શન વિના હું અધીરો થઇ ગયો છું. એવો કયો દિવસ હશે કે જ્યારે હું તેમને પ્રેમથી આલિંગન કરીને રુદન કરીશ?" પ્રભુની આવી વાત સાંભળીને બધાને પરમ પ્રસન્નતા થઈ એટલે બધા પુંડરીક વિદ્યાનિધિનાં દર્શન માટે પરમ ઉત્સુકતા દર્શાવવા લાગ્યા. બધાએ અનુમાન કર્યું કે જ્યારે પ્રભુ તેમને માટે આ પ્રકારે રુદન કરે છે, તો તેઓ તરતમાંજ નવદ્વીપ આવશે. પ્રભુના યાદ કર્યા પછી પોતાના ઘરમાં રહીજ કોણ શકે? તેથી બધા ભક્તો વિદ્યાનિધિના આગમનની રાહ જોવા લાગ્યા.

એક દિવસ છાનામાના પુંડરીક મહાશય નવદ્વીપ પધાર્યા. કોઈને પણ તેમના આવ્યાની ખબર નહોતી. ઘણાયે ભક્તોએ તેમને જોયા પણ ખરા, પરંતુ તેમને જોઈને કોણ અનુમાન કરી શકે તેમ હતું કે તેઓ પરમ ભાગવત વૈષ્ણવ છે? ભક્તોએ તેમને કોઇ સંસારી

પુંડરીક વિદ્યાનિધિ એક એવાજ ગુપ્ત ભક્ત હતા. તેમનો આચાર-વ્યવહાર જોઇને કોઇને પણ ન લાગે કે તેઓ ભક્ત છે, બધા લોકો તેમને વિષયીજ માનતા હતા. લોકો ભલે માન્યા કરે, પરંતુ પુંડરીક મહાશય તો હમેશાં પ્રભુપ્રેમમાં મસ્ત જેવા રહેતા હતા, લોકોને દેખાડવા માટે તેઓ કોઇ કામ થોડુંજ કરતા હતા! તેમને તો પોતાના વહાલા સાથે કામ હતું. આમ તો તેમનો બાહ્ય વ્યવહાર સંસારી વિષયી લોકોના જેવોજ હતો. તેમનો જન્મ એક કુલીન વંશમાં થયો હતો, તેઓ દેખાવમાં ઘણાજ સુંદર હતા, શરીર રાજપુત્રોની પેઠે સુકુમાર હતું, તેમના વાળ ઘણાજ ચીકણા, કોમળ અને કાળા કાળા વાંકડિયા હતા. તેઓ તેમાં હમેશાં બહુ કિંમતી સુગંધીદાર તેલ નાખતા, શરીરને શુદ્ધિદ્રવ્યો તથા તેલ-ફૂલેલ વડે ખૂબ સ્વચ્છ રાખતા. ઘણાંજ ઝીણાં રેશમી કપડાં પહેરતા. કોઇ દિવસ ગંગા-સ્નાન કરવા જતા નહિ, લોકો તો સમજતા કે તેમને ગંગાજી પ્રત્યે ભક્તિ નથી; પરંતુ તેમના હૃદયમાં ગંગા માતા તરફ અનન્ય શ્રદ્ધા હતી. તેઓ એ ડરથી સ્નાન કરવા નહોતા જતા કે માતાના જળથી ચરણસ્પર્શ થઈ જશે. લોકોને ગંગાજીમાં મળમૂત્ર તથા હાડકાં ફેંકતા, તેલ ફૂલેલ લગાવતા તથા વાળ ફેંકતા જોઇને તેમને ઘણુંજ માર્મિક દુઃખ થતું હતું. દેવપૂજા પહેલાંજ તેઓ ગંગાજળ પીતા. આ પ્રકારે તેમની બધી વાતો લોકબાહ્યજ હતી. તેથી લોકો તેમને પૂરેપુરા સંસારી કહીને તેમની સદા ઉપેક્ષાજ કરતા હતા.

એક દિવસ પ્રભુ ભાવાવેશમાં આવીને મોટેથી "હા પુંડરીક વિદ્યાનિધિ" "ઓ મારા તાત વિદ્યાનિધિ" કહીને અત્યંત રુદન કરવા લાગ્યા. 'પુંડરીક' 'પુંડરીક' કહેતા કહેતા તેઓ અધીરા થઈ ગયા અને બેભાન થઇને પૃથ્વી ઉપર પડી ગયા. ભક્તો આપસમાં એકબીજા તરફ જોવા લાગ્યા. બધાને આશ્ચર્ય થયું. પહેલાં તો ભક્તો સમજ્યા કે, પુંડરીક કહેવામાં પ્રભુ શ્રીકૃષ્ણનેજ ઉદ્દેશીને બોલે છે,

પણ પછી જ્યારે પુંડરીક સાથે વિદ્યાનિધિ પ્રગટ થઈને ગયું ત્યારે તેમણે અનુમાન કર્યું કે, નક્કી તેમ પણ નામના કોઈ ભક્ત છે. ઘણો વિચાર કરવા છતાં પણ ન દીપમાં 'પુંડરીક વિદ્યાનિધિ' નામના કોઈ વૈષ્ણવ ભક્ત તેમને યાદ આવ્યા નહિ. કેટલી વાર પછી જ્યારે પ્રભુની મૂર્છા વળી ત્યારે ભક્તોએ નમ્રતાપૂર્વક પૂછ્યુંઃ—"પ્રભુ જેનું નામ લઈ લઈને જોરથી રુદન કરતા હતા, તે ભાગ્યવાન પુંડરીક વિદ્યાનિધિ કયા પરમ ભાગવત મહાશય છે?"

પ્રભુએ ગંભીરતાથી કહ્યુંઃ—"તેઓ એક પરમ ગુપ્ત વૈષ્ણવ ભક્ત છે, નવે તેમને જોઈને નહિ જાણી શકો કે તેઓ વૈષ્ણવ છે. તેમના બાહ્ય આચાર-વ્યવહાર પરથી જોતાં સંસારી વિષયી પુરુષો જેવાજ છે. તેઓ ચિનાગોંવનિવાસી એક પરમ કુલીન બ્રાહ્મણ છે, તેમનું એક ઘર શાંતિપુરમાં પણ છે. ગંગાસેવન માટે તેઓ કોઈ કોઈ વાર ચિનાગોંવથી શાંતિપુર પણ આવે છે, વળી તેઓ મારા પ્રાણાજ પ્રિય ભક્ત છે, તેઓ મારા આંતરિક મિત્ર છે, તેમનાં દર્શન વિના હું અધીરો થઇ ગયો છું. એવો કયો દિવસ હશે કે જ્યારે હું તેમને પ્રેમથી આલિંગન કરીને રુદન કરીશ?" પ્રભુની આવી વાત સાંભળીને બધાને પરમ પ્રસન્નતા થઈ એટલે બધા પુંડરીક વિદ્યાનિધિનાં દર્શન માટે પરમ ઉત્સુકતા દર્શાવવા લાગ્યા. બધાએ અનુમાન કર્યું કે જ્યારે પ્રભુ તેમને માટે આ પ્રકારે રુદન કરે છે, તો તેઓ તરતમાંજ નવદ્વીપ આવશે. પ્રભુના યાદ કર્યા પછી પોતાના ઘરમાં રહીજ કોણ શકે? તેથી બધા ભક્તો વિદ્યાનિધિના આગમનની રાહ જોવા લાગ્યા.

એક દિવસ છાનામાના પુંડરીક મહાશય નવદ્વીપ પધાર્યા. કોઇને પણ તેમના આવ્યાની ખબર નહોતી. ઘણાયે ભક્તોએ તેમને જોયા પણ ખરા, પરંતુ તેમને જોઇને કોણ અનુમાન કરી શકે તેમ હતું કે તેઓ પરમ ભાગવત વૈષ્ણવ છે? ભક્તોએ તેમને કોઇ

આબરૂદાર પુરુષ જ માન્યા, તેથી ભક્તો તેમના આગમનથી અજાણ્યા રહ્યા હતા.

વાચકોને મુકુંદ દત્તનું નામ યાદજ હશે. તેઓ ચિતાગોંગનિવાસી એક પરમ ભાગવત વૈષ્ણવ વિદ્યાર્થી હતા. તેમનો કંઠ ઘણોજ સુમધુર હતો. અદ્વૈતાચાર્ય પાસે તેઓ અધ્યયન કરતા હતા અને તેમની સત્સંગસભામાં પોતાનાં મનોહર ગાયનોથી ભક્તોને આનંદ આપ્યા કરતા હતા. જ્યારથી પ્રભુ પ્રસિદ્ધિમાં આવ્યા છે, ત્યારથી તેઓ તેમનેજ શરણે આવેલા છે. અને પ્રભુની સાથે મળીને શ્રીકૃષ્ણકથા તેમજ સંકીર્તનમાંજ હમેશાં યોજાયલા રહે છે. વિદ્યાનિધિ તેમના ગામનાજ હતા. બન્નેય સરખી ઉંમરના તથા પરસ્પરમાં એક બીજાથી સારી રીતે પરિચિત હતા. મુકુંદ દત્ત અને વાસુદેવ પંડિતજ વિદ્યાનિધિના ભક્તિભાવને જાણતા હતા. પ્રભુના પરમ અંતરંગ ભક્ત ગદાધર ઉપર મુકુંદ ઘણોજ સ્નેહ રાખતા હતા. તેથી એક દિવસ એકાંતમાં તેમને કહ્યું:—“ગદાધર! આજકાલ નવદ્વીપમાં એક પરમ ભાગવત વૈષ્ણવ આવેલા છે; ચાલો, તેમનાં દર્શન કરી આવીએ.”

પ્રસન્નતા દર્શાવતાં ગદાધરે કહ્યું:—“વાહ! એથી વિશેષ સારી વાત બીજી કઇ હોઇ શકે? ભગવદ્ભક્તોનાં દર્શન તો ભગવાનનાં સમાનજ છે. જરૂર ચાલો, જેમની આપ પ્રશંસા કરો છો, તે કોઈ મહાન્ ભાગવત વૈષ્ણવજ હશે!” એમ કહીને બન્ને મિત્રો વિદ્યાનિધિ પાસે ચાલ્યા ગયા. વિદ્યાનિધિ નવદ્વીપના સુંદર ભવનમાં ઉતર્યા હતા. તેમનું રહેવાનું સ્થાન ઘણુંજ સ્વચ્છ હતું, તેમાં એક ઘણીજ કિંમતી પથારી પાથરેલી હતી. તેના ચારે પાયા વ્યાઘ્રમુખવાળા કેટલીયે કિંમતી ધાતુઓના બનેલા હતા, જેના ઉપર ઘણીજ મુલાયમ પથારી બિછાવેલી હતી. પુંડરીક મહાશય સ્નાન–ધ્યાનથી પરવારીને તે શય્યા ઉપર અર્ધા સૂતેલા હતા. તેમના વિશાળ લલાટ ઉપર સુંદર સુગંધી-

વાળું ચંદન લગાવેલું હતું, વચમાં એક બહુ મોટો લાલ ચાંલ્લો કરેલો હતો. મસ્તકના વાંકડિયા વાળ ઉત્તમ સુગંધીદાર તેલો નાખીને વિચિત્ર પ્રકારે ઓળેલા હતા. કેટલાયે પ્રકારનાં મસાલેદાર પાન તેઓ ધીરે ધીરે ચાવતા હતા, પાનની લાલીથી તેમના કોમળ પલ્લવો જેવા બન્ને લાલ હોઠ વળી વિશેષ લાલ થયા હતા. સામે બે થુંકદાનીઓ રાખી હતી. બીજાં પણ ઘણાં કિંમતી સુંદર વાસણો આમતેમ રાખેલાં હતાં. બે નોકરો મોરનાં પીછાંના કોમળ પંખાઓથી તેમને પવન નાખતા હતા. દેખાવમાં તેઓ તદ્દન રાજકુમાર જેવાજ જણાતા હતા. ગદાધરને સાથે લઈને મુકુંદ દત્ત તેમની પાસે ગયા, અને બન્ને પ્રણામ કરીને તેમણે બતાવેલા સુંદર આસન ઉપર બેઠા. મુકુંદ દત્તના આગમનથી પ્રસન્નતા દર્શાવતાં પુંડરીક મહાશય કહેવા લાગ્યાઃ—" આજે તો મારે ઘણોજ શુભ દિવસ છે કે આપનાં દર્શન થયાં. આપ નવદ્વીપમાંજ છો, તેની તો મને ખબર હતી; પરંતુ આપને હજુ સુધી મળી શકયો નહોતો. આપને મળવાની વાત વિચારતો હતો, એટલામાં આપે પોતેજ દર્શન દીધાં. આપના આ જે સાથી છે તેમનો પરિચય આપો."

મુકુંદ દત્તે શિષ્ટાચાર દર્શાવતાં ગદાધરનો પરિચય આપ્યો કેઃ—" તેઓ પરમ ભાગવત વૈષ્ણવ છે. બાળપણથીજ સંસારી વિષયોથી તદ્દન વિરક્ત છે, તેઓ મિશ્રવંશમાં ઉતરી આવેલા પંડિત માધવજીના સુપુત્ર છે અને મહાપ્રભુના પરમ કૃપાપાત્ર ભક્તોમાંના મુખ્ય અંતરંગ ભક્ત છે."

ગદાધરની પ્રશંસા સાંભળીને પુંડરીક મહાશયે પરમ પ્રસન્નતા દર્શાવતાં કહ્યું: " આપને લીધે તેમનાં પણ દર્શન થઈ ગયાં." એમ કહીને વિદ્યાનિધિ મહાશય મંદ મંદ હસવા લાગ્યા. ગદાધર તો જન્મથીજ વિરક્ત હતા. તેઓ પુંડરીક મહાશયની રહેણીકરણી તથા ઠાઠમાઠ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને શંકા થઈ કે, આવા વિષયી

વિદ્યાનિધિ મહાશય મૂર્છિત થઈને પથારી ઉપરથી નીચે પડી ગયા. એક ક્ષણ પહેલાં જેઓ ખૂબ અભીમાનીને જેવા બેઠા હતા હતા, તે બીજીજ ક્ષણે આ શ્લોકો સાંભળવાથી તેમની આવી વિચિત્ર સ્થિતિ થઈ ગઈ. તેમના શરીરમાં પરસેવો, ધ્રુજારી, અશ્રુ, વિસ્ફૂર્તિ (દેહફાર) વગેરે બધા સાત્વિક ભાવો એકસાથે ઉદય પામ્યા. તેઓ મોટેથી રડવા લાગ્યા. તેમનાં બન્ને નેત્રોમાંથી નિરંતર બે જલધારાઓ વહેતી હતી. વાંકડિયા ઝુલ્ફાંવાળા વાળ આમ તેમ વીખરાઈ ગયા. આખું શરીર ધૂળથી રોળાયલા જેવું થઈ ગયું. બન્ને હાથો વડે તેઓ પોતાનાં રેશમી વસ્ત્રોને ફાડતા ફાડતા જોરથી મુકુંદને કહેવા લાગ્યાઃ—"ભાઈ! ફરીથી બોલો, ફરીથી બોલો. આપના એ સુમધુર ગાયનથી મારા કાનોમાં ફરીથી અમૃતસિંચન કરો." મુકુંદ પાછા તેજ લયથી સ્વર સહિત એ શ્લોક બોલવા લાગ્યા. તેઓ જેમ જેમ શ્લોક બોલતા ગયા, તેમ તેમ પુંડરીક મહાશયની વ્યાકુળતા વિશેષ વધતી જતી હતી. તેઓ પુનઃ પુનઃ શ્લોક બોલવા માટે આગ્રહ કરવા લાગ્યા, પરંતુ તેમના સાથીઓએ તેમને શ્લોક બોલતા અટકાવ્યા. પુંડરીક વિદ્યાનિધિ બેભાન થઈને પડ્યા પડ્યા અશ્રુ વહાવતા હતા.

તેમની આવી દશા જોઈને ગદાધરના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. ક્ષણવાર પહેલાં જેમને તેઓ સંસારી વિષયી માનતા હતા, તેમને હવે આ રીતે પ્રેમમાં પાગલોની પેઠે પ્રલાપ કરતા જોઈને તેઓ આભાજ બની ગયા. તેમના ત્યાગ, વૈરાગ્ય અને ઉપરતિના ભાવ કોણ જાણે ક્યાંયે ચાલ્યા ગયા. તેઓ પોતાને વારંવાર ધિક્કારવા લાગ્યા કે, આવા પરમ વૈષ્ણવ પ્રત્યે મેં કેવા દુષ્ટ વિચારો કરીને ભયંકર પાપ કર્યું છે! તેઓ મનોમન પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત વિચારવા લાગ્યા. અંતે તેમણે નક્કી કર્યું કે, આમ તો મારો અપરાધ અક્ષમ્ય છે. ભગવાનનો અપરાધ તો ક્ષમ્ય હોઈ પણ શકે, પરંતુ વૈષ્ણવનો અપરાધ તો સર્વદા અક્ષમ્યજ છે. આના પ્રાયશ્ચિત્તનો એકજ ઉપાય

મનુષ્ય કેવી રીતે ભગવદ્દભક્ત હોઈ શકે? જે હમેશાં વિષયમાંજ મગ્ન રહે છે, તે ભગવદ્દભક્તિ કરીજ શી રીતે શકે?

મુકુંદ દત્ત શ્રી ગદાધરના મનોભાવને પારખી ગયા, તેથી તેમણે પુંડરીક મહાશયના આંતરિક ભાવો પ્રકટ કરાવવા માટે શ્રીમદ્દભાગવતના બે ઘણાજ માર્મિક શ્લોકોનું પોતાના સુકોમળ કંઠ વડે સ્વર અને લય સહિત ધીરે ધીરે ગાયન કર્યું. તેમાં પરમકૃપાળુ શ્રીકૃષ્ણની નિષ્કામ કૃપાનું ઘણુંજ માર્મિક વર્ણન છે. તે શ્લોકો સમસ્ત ભાગવતનાં બે પરમ ઉજ્જવળ રત્નો ગણાય છે-તે શ્લોકો આ હતાઃ-

अहो बकीयं स्तनकालकूटं जिघांसयाऽपायपदप्यसाध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥

(શ્રીમદ્દભાગવત ૩-૨-૨૩)

અર્થાત્ અહો! કેટલા આશ્ચર્યની વાત છે કે, દુષ્ટ સ્વભાવવાળી પૂતના પોતાનાં સ્તનોમાં કાળકૂટ વિષ ચોપડીને તેમને મારવાની ઇચ્છાથી આવી હતી અને એજ દુષ્ટ ભાવથી તેણે ભગવાનને સ્તન-પાન કરાવ્યું હતું. તે એવા ક્રૂર કર્મવાળીને પણ પ્રભુએ પોતાની પાલન-પોષણ કરનારી માતાની પેઠે સદ્દગતિ આપી. એવા પરમકૃપાળુ ભગવાનને છોડીને અમે બીજા કોને શરણે જઈએ?

पूतना लोकबालघ्नी राक्षसी रुधिराशना ।
जिघांसयापि हरये स्तनं दत्त्वाऽऽपि सद्गतिम् ॥

(શ્રીમદ્દભાગવત ૧૦-૬-૩૫)

અર્થાત્ પૂતના લોકોનાં બાળકોને મારનારી, લોહી પીનારી, નીચ યોનિની રાક્ષસી હતી. તે મારવાની ઇચ્છાથી ધવરાવવા જઈને પણ સદ્દગતિને પામી ગઈ. (અર્થાત્ દુષ્ટ બુદ્ધિથી પણ ભગવાનના સમાગમનું આટલું માહાત્મ્ય છે, તો પછી શ્રદ્ધાભક્તિથી જે તેમનું સ્મરણ-પૂજન કરે છે તેમને માટે તો કહેવુંજ શું!)

મુકુંદ દત્તના મુખમાંથી આ શ્લોકો સાંભળતાંજ

વિદ્યાનિધિ મહાશય મુર્છિત થઈને પથારી ઉપરથી નીચે પડી ગયા. એક ક્ષણ પહેલાં જેઓ ખૂબ બનીઠનીને બેઠા બેઠા હસતા હતા, તે બીજીજ ક્ષણે આ શ્લોક સાંભળવાથી તેમની આવી વિચિત્ર સ્થિતિ થઈ ગઈ. તેમના શરીરમાં પરસેવો, ધ્રુજારી, અશ્રુ, વિકૃતિ (હુંકાર) વગેરે બધા સાત્વિક ભાવો એકસાથે ઉદય પામ્યા. તેઓ મોટેથી રડવા લાગ્યા. તેમનાં બન્ને નેત્રોમાંથી નિરંતર બે જલધારાઓ વહેતી હતી. વાંકડિયા ઝુલ્ફાંવાળા વાળ આમ તેમ વીખરાઈ ગયા. આખું શરીર ધૂળથી રોળાયલા જેવું થઈ ગયું. બન્ને હાથો વડે તેઓ પોતાનાં રેશમી વસ્ત્રોને ફાડતા ફાડતા જોરથી મુકુંદને કહેવા લાગ્યાઃ—"ભાઈ! ફરીથી બોલો, ફરીથી બોલો. આપના એ સુમધુર ગાયનથી મારા કાનોમાં ફરીથી અમૃતસિંચન કરો." મુકુંદ પાછા તેજ લયથી સ્વર સહિત એ શ્લોક બોલવા લાગ્યા. તેઓ જેમ જેમ શ્લોક બોલતા ગયા, તેમ તેમ પુંડરીક મહાશયની વ્યાકુળતા વિશેષ વધતી જતી હતી. તેઓ પુનઃ પુનઃ શ્લોક બોલવા માટે આગ્રહ કરવા લાગ્યા, પરંતુ તેમના સાથીઓએ તેમને શ્લોક બોલતા અટકાવ્યા. પુંડરીક વિદ્યાનિધિ બેભાન થઈને પડ્યા પડ્યા અશ્રુ વહાવતા હતા.

તેમની આવી દશા જોઈને ગદાધરના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. ક્ષણવાર પહેલાં જેમને તેઓ સંસારી વિષયી માનતા હતા, તેમને હવે આ રીતે પ્રેમમાં પાગલોની પેઠે પ્રલાપ કરતા જોઈને તેઓ આભાજ બની ગયા. તેમના ત્યાગ, વૈરાગ્ય અને ઉપરતિના ભાવ કોણ જાણે ક્યાંયે ચાલ્યા ગયા. તેઓ પોતાને વારંવાર ધિક્કારવા લાગ્યા કે, આવા પરમ વૈષ્ણવ પ્રત્યે મેં કેવા દુષ્ટ વિચારો કરીને ભયંકર પાપ કર્યું છે! તેઓ મનોમન પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત વિચારવા લાગ્યા અને તેમણે નક્કી કર્યું કે, આમ તો મારો અપરાધ અક્ષમ્ય છે. ભગવાનનો અપરાધ તો ક્ષમ્ય હોઈ પણ શકે, પરંતુ વૈષ્ણવનો અપરાધ તો સર્વદા અક્ષમ્યજ છે. આનો પ્રાયશ્ચિત્તનો એકજ ઉપાય

મનુષ્ય કેવી રીતે ભગવદ્‌ભક્ત હોઈ શકે? જે હમેશાં વિષયમાંજ મગ્ન રહે છે. તે ભગવદ્‌ભક્તિ કરીજ શી રીતે શકે!

મુકુંદ દત્ત શ્રી ગદાધરના મનોભાવને પારખી ગયા, તેથી તેમણે પુંડરીક મહાશયના આંતરિક ભાવો પ્રકટ કરાવવા માટે શ્રીમદ્‌ભાગવતના બે ઘણાજ માર્મિક શ્લોકોનું પોતાના સુકોમળ કંઠ વડે સ્વર અને લય સહિત ધીરે ધીરે ગાયન કર્યું. તેમાં પરમકૃપાળુ શ્રીકૃષ્ણની નિષ્કામ કૃપાનું ઘણુંજ માર્મિક વર્ણન છે. તે શ્લોકો સમસ્ત ભાગવતનાં બે પરમ ઉજ્જવળ રત્નો ગણાય છે તે શ્લોકો આ હતાઃ-

अहो बकीयं स्तनकालकूटं जिघांसयाऽपाययदप्यसाध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥

(શ્રીમદ્‌ભાગવત ૩-૨-૨૩)

અર્થાત્ અહો! કેટલા આશ્ચર્યની વાત છે કે, દુષ્ટ સ્વભાવવાળી પૂતના પોતાનાં સ્તનોમાં કાલકૂટ વિષ ચોપડીને તેમને મારવાની ઇચ્છાથી આવી હતી અને એજ દુષ્ટ ભાવથી તેણે ભગવાનને સ્તન-પાન કરાવ્યું હતું. તે એવા ક્રૂર કર્મવાળીને પણ પ્રભુએ પોતાની પાલન પોષણ કરનારી માતાની પેઠે સદ્‌ગતિ આપી. એવા પરમકૃપાળુ ભગવાનને છોડીને અમે બીજા કોને શરણે જઈએ'

पूतना लोकबालघ्नी राक्षसी रुधिराशना ।
जिघांसयापि हरये स्तनं दत्त्वाऽपि सद्गतिम् ॥

(શ્રીમદ્‌ભાગવત ૧૦-૬-૩૫)

વિદ્યાનિધિ મહાશય મૂર્છિત થઈને પથારી ઉપરથી નીચે પડી ગયા. એક ક્ષણ પહેલાં જેઓ ખૂબ બનીઠનીને બેઠા બેઠા હસતા હતા, તે બીજીજ ક્ષણે આ શ્લોકો સાંભળવાથી તેમની આવી વિચિત્ર સ્થિતિ થઈ ગઈ. તેમના શરીરમાં પરસેવો, ધ્રુજારી, અશ્રુ, વિકૃતિ (ફેરફાર) વગેરે બધા સાત્વિક ભાવો એકસાથે ઉદય પામ્યા. તેઓ મોટેથી રડવા લાગ્યા. તેમનાં બન્ને નેત્રોમાંથી નિરંતર બે જલધારાઓ વહેતી હતી. વાંકડિયા ઝુલ્ફાંવાળા વાળ આમ તેમ વીખરાઈ ગયા. આખું શરીર ધૂળથી રોળાયલા જેવું થઈ ગયું. બન્ને હાથો વડે તેઓ પોતાનાં રેશમી વસ્ત્રોને ફાડતા ફાડતા જોરથી મુકુંદને કહેવા લાગ્યાઃ—“ભાઈ! ફરીથી બોલો, ફરીથી બોલો. આપના એ સુમધુર ગાયનથી મારા કાનોમાં ફરીથી અમૃતસિંચન કરો.” મુકુંદ પાછા તેજ લયથી સ્વર સહિત એ શ્લોક બોલવા લાગ્યા. તેઓ જેમ જેમ શ્લોક બોલતા ગયા, તેમ તેમ પુંડરીક મહાશયની વ્યાકુળતા વિશેષ વધતી જતી હતી. તેઓ પુનઃ પુનઃ શ્લોક બોલવા માટે આગ્રહ કરવા લાગ્યા, પરંતુ તેમના સાથીઓએ તેમને શ્લોક બોલતા અટકાવ્યા. પુંડરીક વિદ્યાનિધિ બેભાન થઈને પડ્યા પડ્યા અશ્રુ વહાવતા હતા.

તેમની આવી દશા જોઈને ગદાધરના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. ક્ષણવાર પહેલાં જેમને તેઓ સંસારી વિષયી માનતા હતા, તેમને હવે આ રીતે પ્રેમમાં પાગલોની પેઠે પ્રલાપ કરતા જોઈને તેઓ આભાજ બની ગયા. તેમના ત્યાગ, વૈરાગ્ય અને ઉપરતિના ભાવ કોણ જાણે ક્યાંયે ચાલ્યા ગયા. તેઓ પોતાને વારંવાર ધિક્કારવા લાગ્યા કે, ભાગ. પરમ વૈષ્ણવ પ્રત્યે મેં કેવા દુષ્ટ વિચારો કરીને ભયંકર પાપ કર્યું છે! તેઓ મનોમન પોતાના [illegible] પ્રાયશ્ચિત્ત વિચારવા લાગ્યા. અંતે તેમણે નક્કી કર્યું [illegible] તો મારો અપરાધ અક્ષમ્ય છે. ભગવાનનો અપ[illegible] ક્ષમ્ય કોઈ પણ થાય, પરંતુ વૈષ્ણવનો અપરાધ [illegible] અક્ષમ્ય છે. આના પ્રાયશ્ચિત્ત [illegible]

[illegible] સાફ કર્યું. શાંતિ
[illegible] બેસી ગયા. ત્યારે
[illegible] ! આ ગદાધર પંડિત
[illegible] છે, [illegible]પાત્ર છે. પરમ [illegible]ગવત વૈષ્ણવ છે.
તેમની આંતરિક ઇચ્છા છે કે તેઓ આપની પાસેથી મંત્ર-દીક્ષા લે. તેમને માટે આપની શું આજ્ઞા છે?”

કંઇક સંકોચ અને નમ્રતાપૂર્વક વિદ્યાનિધિ મહાશયે કહ્યું:—“તેઓ તો પોતેજ વૈષ્ણવ છે, મારામાં એટલી યોગ્યતા ક્યાં છે કે તેમને મંત્ર–દીક્ષા આપી શકું? તેઓ તો પોતેજ મારા પૂજ્ય છે.”

મુકુંદદત્તે ઘણીજ નમ્રતાપૂર્વક કહ્યું: “તેમની એવીજ ઇચ્છા છે. જો આપ તેમની પ્રાર્થના સ્વીકારશો નહિ તો મને ઘણુંજ આંતરિક દુઃખ થશે. આપ તો કૃપાળુ છો, બીજાને દુઃખી જોવાજ ઇચ્છતા નથી. તેથી તેમની પ્રાર્થનાનો અવશ્ય સ્વીકાર કરો.”

તેઓ તેમનાં ચરણોમાં પગાની પડીને ફુસ્કે ફુસ્કે રુદન કરવા લાગ્યા. વિદ્યાનિધિને પોતાનાં ચરણોમાં પડેલા જોઈને પ્રભુ પ્રેમને લીધે બેભાન જેવા થઇ ગયા. તેમણે પુંડરીક વિદ્યાનિધિને જોરથી આલિંગન કર્યું. પુંડરીકના મળવાથી તેમના આનંદનો પાર રહ્યો નહિ. તે સમયે તેમની આંખોમાંથી સતત અશ્રુપ્રવાહ ચાલતો હતો. આખું શરીર પુલકિત થતું હતું. તેઓ પુંડરીકના ખોળામાં પોતાનું મસ્તક મૂકીને રુદન કરતા હતા. આ રીતે બે પ્રહર સુધી વિદ્યાનિધિના વક્ષઃસ્થળ ઉપર મસ્તક રાખીને સતત રુદન કરતા રહ્યા. પુંડરીક મહાશયનાં બધાં વસ્ત્રો પ્રભુનાં અશ્રુઓથી ભીંજાઈ ગયાં હતાં. પુંડરીક પણ પ્રેમમાં બેભાન થઇને ચૂપચાપ પ્રભુના મુખકમળ તરફ તાકીને જોયા કરતા હતા. તેમને સમયનું કંઈ ભાનજ નહોતું કે કેટલો સમય વીતી ગયો છે. બપોર પછી પ્રભુને કંઇક કંઇક ભાન આવ્યું. તેમણે તેજ સમયે ભક્તોને બોલાવ્યા અને બધાને પુંડરીકજીનો પરિચય કરાવ્યો. પુંડરીકનો પરિચય પામીને બધા ભક્તો પરમ સંતુષ્ટ થયા અને પોતાનુ અહોભાગ્ય માનવા લાગ્યા. વિદ્યાનિધિએ અદ્વૈત વગેરે ભક્તોની ચરણધૂલિ લઇને પોતાને મસ્તકે ચઢાવી અને બધાને શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કર્યો. ત્યાર પછી પુંડરીકને વચ્ચે રાખીને બધા ભક્તો ચોતરફથી સંકીર્તન કરવા લાગ્યા. શ્રીકૃષ્ણસંકીર્તન સાંભળીને પુંડરીકજી પાછા બેભાન થઇ ગયા. ભક્તોએ સંકીર્તન બંધ કરી દીધું અને જાત જાતના ઉપચારો વડે પુંડરીકને ભાનમાં આણ્યા. કંઇક ભાનમાં આવ્યા પછી પ્રભુની આજ્ઞા લઇને પુંડરીક પોતાને સ્થાને ચાલ્યા ગયા.

સાંજના આવીને ગદાધરે પુંડરીકજી પાસેથી મંત્ર-દીક્ષા લેવાની પોતાની ઇચ્છા પ્રભુ સમક્ષ પ્રગટ કરી. આ વાત સાંભળીને પ્રભુ ઘણાજ પ્રસન્ન થયા અને ગદાધરને કહેવા લાગ્યાઃ—" ગદાધર! આવો સુયોગ તમને ફરીથી કદિ નહિ મળે. પુંડરીક જેવા ભગવદ્‌ભક્ત મળવા ઘણાજ દુર્લભ છે. તમે આ કામમાં હવે વાર કરતા નહિ. આ શુભ કાર્ય

અને તેટલું વધારે પ્રેમ તેમજ મળે છે.”

પ્રભુની આજ્ઞાનુસાર નક્કી કરેલી શુભ તિથિને દિવસે ગદાધરજીએ વિદ્યાનિધિ પાસે મંત્રદીક્ષા લીધી.

જેમને માટે મહાપ્રભુ ગૌરાંગ પોતે રુદન કરતા હોય, જેમની પ્રશંસા કરતાં કરતાં પ્રભુ અધીરા થઈ જતા હોય, ગદાધર જેવા પરમ ત્યાગી અને મહાન ભક્ત જેમના શિષ્ય બનવામાં પોતાનું અહોભાગ્ય માનતા હોય, એવા ભક્તાગ્રગણ્ય શ્રી પુંડરીક વિદ્યાનિધિની અસાધારણ કીર્તિ-ગાથાનાં વખાણ કોણ કરી શકે? સાચેજ. વિદ્યાનિધિની ભક્તિ પરમ શુદ્ધ અને સાત્વિક કહી શકાય તેવી છે; કેમકે તેમાં દેખાવ અથવા દંભનો લેશ પણ નહોતો. એવા શુદ્ધ ભક્તોની ચરણધૂલિથી પાપીમાં પાપી મનુષ્ય પણ પરમ પાવન બની શકે છે.



निमाई ने निताइनी प्रेमलीला

अवतीर्णौ सकारुण्यौ परिच्छिन्नौ सदीश्वरौ।
श्रीकृष्णचैतन्यनित्यानन्दौ द्वौ भ्रातरौ भजे॥

(શ્રી મુરારી ગુપ્ત)

અર્થાત્ પ્રાણીઓ પ્રત્યે પોતાની નિષ્કામ કૃપાજ દર્શાવવાને નિમિત્તે ઈશ્વર હોવા છતાં પણ જે બન્ને ભિન્ન ભાવે પૃથ્વી ઉપર અવતર્યા છે, તે નિમાઈ અને નિતાઇ બન્ને ભાઇઓનાં ચરણોમાં અમે વંદન કરીએ છીએ.

આનંદનું મુખ્ય કારણ આત્મસમર્પણ છે. જ્યાં સુધી મનુષ્ય કોઇના પ્રત્યે સર્વભાવે આત્મસમર્પણ કરી દેતો નથી, ત્યાં સુધી તેને પૂર્ણપ્રેમની પ્રાપ્તિ થઇજ શકતી નથી. પ્રભુ વિશ્વંભર તો ચરાચરમાં વ્યાપ્ત છે. બધાં સ્થાનોમાં તેઓ અપૂર્ણ ભાવે નહિ પણ પોતાની પૂર્ણ શક્તિ સહિતજ રહેલા છે. તમારૂં ચિત્ત જ્યાં ઇચ્છે, જે રૂપમાં મન રમતું હોય તેનાજ પ્રત્યે આત્મસમર્પણ કરી દો. પોતાપણાને એકદમ કાઢી નાખો. પોતાની ઇચ્છા, પોતાની ભાવના અને પોતાની બધી ધારણાઓ વહાલાને માટેજ થાય. બધી રીતે કોઈકના થઇને રહો, ત્યારે પ્રેમનો યથાર્થ મર્મ શીખી શકશો. કોઇ કવિએ કેવી સુંદર વાત કહી છે કેઃ–

ન હમ કુછ હંસકે સીખે હૈં, ન હમ કુછ રોકે સીખે હૈં;
જો કુછ થોડાસા સીખે હૈં, કિસીકે હોકે સીખે હૈં.

અહો, કોઇના થઇને રહેવામાં કેટલી મજા છે ! પોતાની બધી બાબતોનો ભાર કોઇના ઉપર છોડી દેવામાં

કેવું નિશ્ચિંતતાજન્ય સુખ છે, તેને પોતાનેજ કર્તા માનનારા પુરુષ કેમ કરીને અનુભવી શકે ? જેને પોતાના હાથપગથી કમાઇને ખાવાનું અભિમાન છે, તે પેલા નાનકડા બાળકના સુખને શી રીતે સમજી શકે કે જેને ભૂખ–તરસ તથા સુખદુઃખમાં એકમાત્ર માતાના ખોળાનોજ આશરો છે અને જે આવશ્યકતા જણાતાં રડવા સિવાય કશુંજ જાણતું નથી ? માતા ભલેને ગમે ત્યાં રહે, પણ તેને પોતાના એ બાળકનું ધ્યાન હરઘડીએ રહ્યાજ કરે છે. તેના સુખ–દુઃખનો અનુભવ માતા પોતેજ પોતાના શરીરમાં કરે છે. નિત્યાનંદજીએ પણ પ્રભુને આત્મસમર્પણ કરી દીધું અને મહાપ્રભુ શ્રીવાસના પણ સર્વસ્વ હતા. પ્રભુ બન્નેનાજ ઉપાસ્ય દેવ હતા, પરંતુ નિત્યાનંદ તો તેમના બહારના પ્રાણુજ હતા.

નિત્યાનંદજી શ્રીવાસ પંડિતને ઘેરજ રહેતા હતા. તેમનાં પત્ની માલિનીદેવી તથા તેઓ પોતે તેમને પુત્રથી પણ વિશેષ ચાહતાં હતાં. નિત્યાનંદજી સદા બાલ્યભાવમાંજ રહેતા હતા. તેઓ પોતાના હાથ વડે ભોજન કરતા નહિ, ત્યારે માલિનીદેવી તેમને પોતાના હાથથી ભાત ખવરાવતાં. કોઇ વાર ખાતાં ખાતાંજ વચ્ચેથી નાસી જતા અને આખા શરીર ઉપર દાળભાત ચોપડતા. ભોજન કરીને બાળકોની પેઠે ફરતા રહેવાનુંજ તેમનું કામ હતું. કોઇ વાર મુરારી ગુપ્તને ત્યાં જતા તો કોઇ વાર ગંગાદાસજીની પાઠશાળામાંજ જઇને બેસતા કોઈ વાર કોઇને ત્યાંથી કોઇ ચીજ લઇને ખાવા લાગતા તો કોઇ વાર મહાપ્રભુનેજ ઘેર જતા અને બાળભાવે શચીમાતાના પગ પકડી લેતા. માતા તેમનાં તોફાનથી કરીને કોઈ કોઇ વાર ઘરમાં ભાગી જતાં. આ રીતે તેઓ બન્નેના ઘરમાં વિવિધ પ્રકારની બાલ્યલીલાઓનો અભિનય કરવા લાગ્યા.

એક દિવસ પ્રભુ શ્રીવાસ પંડિતની પરીક્ષા કરવા માટે [illegible] [illegible] નિત્યાનંદ માટે કેટલો [illegible] પ્રેમ

છે તે જાણવા માટે તેમને એકાંતમાં લઇ જઇને પૂછવા લાગ્યાઃ—"પંડિતજી! આ અવધૂત નિત્યાનંદજીના કુળ, ગોત્ર તથા જાતિ વગેરેનો કયો પત્તો નથી. આ અજ્ઞાતકુલશીલવાળા અવધૂતને આપે આપના ઘરમાં સ્થાન આપીને કંઇ ઉચિત કામ કર્યું નથી. આપ તેમને પુત્રની પેઠે રાખો છો. કોણ જાણે એ કેવાયે છે? તેથી આપે તેમને તમારા ઘરમાં પુત્રની પેઠે રાખવા જોઇએ નહિ. તેઓ સાધુઓની પેઠે કયાંક ઘાટ ઉપર રહે અથવા માગી ખાય. સાધુને કોઇને ઘેર રહેવાનું શું કામ? આ વિષયમાં આપનો શો વિચાર છે? શું આપ મારા મત સાથે મળતા થાઓ છો?"

પ્રભુની આવી વાત સાંભળીને ઝટઝટ ઠકે શ્રીવાસ પંડિતે ઘણીજ દીનતાપૂર્વક કહ્યુંઃ—"પ્રભો! આપે મારી આ પ્રકારે પરીક્ષા કરવી ઉચિત નથી. અમે સંસારી વાસનાઓમાં બંધાયેલા પામર પ્રાણી ભલા પ્રભુની પરીક્ષામાં ઉત્તીર્ણજ કેમ કરીને થઇ શકીએ? જ્યાં સુધી પ્રભુ પોતે કૃપા ન કરે, ત્યાં સુધી તો અમે હમેશાં નાપાસજ થતા રહીશું. હું એ બરાબર જાણું છું કે, નિત્યાનંદજી પ્રભુના બાહ્ય પ્રાણુજ નથી પરંતુ એક સ્વરૂપ પણ છે. પ્રભુ તેમને જુદા જેવા જણાવા છતાં પણ જુદા ગણતા નથી. જે પ્રભુના આટલા વહાલા છે, તે નિત્યાનંદજી જો શરાબ પીને અમે ત્યાં ફરતા ફરે અને મને ધર્મભ્રષ્ટ પણ કરે તોપણ મને તેમના પ્રત્યે તિરસ્કાર નહિ થાય. નિત્યાનંદજીને હું પ્રભુનુંજ સ્વરૂપ માનું છું." આટલું કહીને શ્રીવાસ પંડિત પ્રભુનાં ચરણકમળો પકડીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. પ્રભુએ તેમને પોતાના કોમળ હાથ વડે ઉભા કર્યા અને પ્રેમાલિંગન કરતાં કહેવા લાગ્યાઃ—"શ્રીવાસ! તમે આવો જવાબ આપીને સાચેજ મને ખરીદી લીધો છે. આ જવાબથી હું તમારો ક્રીતદાસ (ખરીદાયલો નોકર—સેવક) બની ગયો છું. હું તમારાથી ઘણોજ સંતુષ્ટ થયો છું. મારો આશીર્વાદ છે કે, કોઇ પણ દશામાં તમને કોઈ આવશ્યક વસ્તુની ખોટ નહિ પડે અને તમારા ઘરના કૂતરાને પણ

શ્રીકૃષ્ણ–પ્રેમ પ્રાપ્ત થઈ શકશે. તમારો મારા પ્રત્યે આવો અનન્ય અનુરાગ છે, તેની ખબર તો મને આજેજ પડી." આટલું કહીને પ્રભુ પોતાને ઘેર ચાલ્યા ગયા.

એક દિવસ પ્રભુએ શચીમાતાને કહ્યું:–"મા ! આજે નિત્યાનંદજીને આપણે ઘેર ભોજન કરાવીએ, એવી મારી ઇચ્છા છે. તું આજે તારા હાથે સુંદર સુંદર રસોઇ બનાવે અને અમને બન્ને ભાઇઓને ચોકામાં બેસાડીને તારે હાથે પીરસીને જમાડે, એવી મારી ઇચ્છા છે."

પ્રભુની આવી વાત સાંભળીને શચીમાતાને પરમ પ્રસન્નતા થઇ અને તેઓ જલદીથી ભોજન બનાવવા લાગ્યાં. આ તરફ પ્રભુ શ્રીવાસ પંડિતને ઘેર નિતાઇને બોલાવવા ગયા. શ્રીવાસને ઘેર જઇને પ્રભુએ નિત્યાનંદજીને કહ્યું–"શ્રીપાદ ! આજ આપને મારે ત્યાં જમવાનું નિમંત્રણ છે. ચાલો, આજે આપણે સાથેજ ભોજન કરીશું." આટલું સાંભળતાંજ નિત્યાનંદજી બાળકોની પેઠે આનંદમાં કૂદતા કૂદતા નાચવા લાગ્યા અને નૃત્ય કરતાં કરતાં કહેતા જતા હતા:–"અહો ! ભારે મજા, ખૂબ ગમ્મત થશે. શચીમાતાના હાથનો ભાત ખાઇશું, મોજ કરીશું, પ્રભુને ખૂબ મજા કરાવીશું, કંઇક ખાઇશું ને કંઇક શરીરે ચોળીશું."

પ્રભુએ તેમને આવી ચંચળતા દર્શાવતા જોઇને મીઠો ઠપકો આપતાં પ્રેમપૂર્વક કહ્યું:–"જોજો, ખબરદાર! ત્યાં એવું તોફાન કરવાનું નથી. માતા તમારાં તોફાનથી બહુ ગભરાય છે. તે ડરી જશે. ત્યાં છાનામાના બરાબર રીતે ભોજન કરજો."

પ્રભુનો પ્રેમપૂર્ણ મીઠો ઠપકો સાંભળીને બાળકોની [illegible]

તેમને આ પ્રમાણે ખેલ કરતા જોઇને પ્રભુએ તેમની પીઠ ઉપર એક હળવો ધબ્બો મારતાં કહ્યું:-" ઠીક ચાલો, વાર કરવાનું કામ નથી. એ તો હું જાણું છું કે, તમે તમારી આદતને કંઈ છોડી દેવાના થોડાજ છો! પરંતુ જોજો, ત્યાં જરા સંભાળીને વર્તજો." એમ કહેતા કહેતા બન્ને ભાઇઓ આપસમાં પ્રેમની વાતો કરતા કરતા ઘેર ગયા.

માતા ભોજન બનાવતી હતી, તેવામાં તેઓ બન્ને પહોંચ્યા. પહોંચતાંજ નિત્યાનંદજીએ બાળકની પેઠે ખૂબ જોરથી કહ્યું:-" બા! ઘણી ભૂખ લાગી છે. પેટમાં બિલાડાં બોલે છે. હવે કેટલી વાર છે? ભૂખને લીધે મારા તો પ્રાણ નીકળી જાય છે." પ્રભુએ તેમને ઈસારતથી તેમ ન કરવા કહ્યું, ત્યારે તેઓ ફરીથી એજ પ્રમાણે મોટેથી બોલવા લાગ્યાઃ-" જો બા! ગૌરાંગ મને અટકાવે છે, શું ભૂખ લાગે તો ભોજન પણ ન માગું?" માતા તેમની આવી સાદી-સીધી વાતો સાંભળીને હસવા લાગી. તેમણે જલદીથી બે થાળીઓમાં ભોજન પીરસી દીધુ. વિષ્ણુપ્રિયાએ તેઓ બન્નેને હાથપગ ધોવરાવ્યા. હાથપગ ધોઇને બન્ને ભોજન કરવા બેઠા. માતા પ્રેમથી પોતાના બન્ને પુત્રોને પીરસવા લાગી. પ્રભુની સાથે તેમના બીજા પણ બે-ચાર અંતરંગ ભક્તો આવ્યા હતા. તેઓ એ બન્ને ભાઇઓને આ પ્રકારે પ્રેમપૂર્વક ભોજન કરતા જોઇને પ્રેમસાગરમાં આનંદપૂર્વક ડૂબકાં ખાવા લાગ્યા. બન્ને ભાઇઓને ભોજન કરાવતાં કરાવતાં માતા એવાં જણાવા લાગ્યાં કે જાણે શ્રીકૌશલ્યાજી પોતાના શ્રીરામ અને લક્ષ્મણ બન્ને પ્રિય પુત્રોને ભોજન કરાવતાં હોય અથવા યશોદા માતા શ્રીકૃષ્ણ-બળરામને સાથે બેસાડીને નાસ્તો કરાવતાં હોય. માતાનું અંતઃકરણ તે સમયે અત્યંત આનંદ પામતું હતું, તેમનો અગાધ માતૃપ્રેમ ઉછળી પડતો હતો. બન્ને ભાઇઓ ભોજન કરતાં કરતાં જાત જાતની વિનોદપૂર્ણ વાતો કરતા હતા. ભોજન કરીને પ્રભુ ચૂપચાપ બેસી ગયા અને

નિત્યાનંદજી [illegible] પ્રભુની થાળીમાં ઘણો ભાત [illegible] નિત્યાનંદજી બોલ્યાઃ— "આ કેમ [illegible] રહેશે." પ્રભુએ અસ-મર્થતા પ્રગટ કરતાં કહ્યું [illegible] હવે નહિ; હવે તો પેટ પૂરું ભરાઈ ગયું છે." પ્રભુની થાળીમાંથી ભાતની મુઠી ભરતાં ભરતાં નિત્યાનંદજી કહેવા લાગ્યાઃ—"ઠીક, તમે નહિ ખાઓ તો હુંજ ખાઈ જઈશ." એમ કહીને નિત્યાનંદજી પ્રભુનો છાંડેલો ભાત ખાવા લાગ્યા. પ્રભુએ તરતજ તેમનો હાથ પકડી લીધો. નિત્યાનંદજી ખાતાં ખાતાંજ ચોકામાંથી ઊઠીને દોડવા લાગ્યા. પ્રભુ પણ તેમનો હાથ પકડીને તેમની પાછળ પાછળ દોડવા લાગ્યા. આ પ્રકારે આંગણામાંજ બન્નેને બાથંબાથા થવા લાગી. નિત્યાનંદજી તે ભાત ખાઈજ ગયા. શચીમાતા આ બન્નેના આવા સ્નેહને જોઈને પ્રેમને લીધે બેહોશ જેવાં થઈ ગયાં, તેમને પ્રેમાવેશમાં જાણે મૂર્છા આવી ગઈ. માતાની આવી દશા જોઈને પ્રભુ જલદીથી હાથપગ ધોઈને ચોકામાં ગયા અને માતાને પોતાના હાથ વડે પવન નાખવા લાગ્યા. થોડી વાર પછી માતાને ભાન આવ્યું. માતાએ પ્રેમનાં આંસુ વહાવતાં પોતાના બન્ને પુત્રોને આશીર્વાદ આપ્યા. માતાના શુભાશીર્વાદ પામીને બન્ને ભાઈઓ ઘણા પ્રસન્ન થયા અને બન્નેએ માતાનાં ચરણોમાં વંદન કર્યાં. પછી નિત્યાનંદજીને પહોંચાડવા પ્રભુ તેમની સાથે શ્રીવાસના ઘર સુધી ગયા.

આ પ્રકારે નિત્યાનંદજી મહાપ્રભુના સમાગમમાં રહીને અનિર્વચનીય સુખનો રસાસ્વાદ લેવા લાગ્યા. તેઓ પ્રભુની સાથોસાથજ હમેશાં રહ્યા કરતા. પ્રભુ જ્યાં પણ જતા, જે ભક્તને ઘેર જતા, નિત્યાનંદજી તેમની પાછળ પાછળ જરૂર જતા. મહાપ્રભુને પણ નિત્યાનંદજી વિના ક્યાંય જવું સારું લાગતું નહોતું. બધા [illegible]ને પોતપોતાને ઘેર બોલાવતા અને પોતપોત[illegible] માર પ્રભુના શરીરમાં [illegible] અવતારો.

જપ કરતા. પ્રભુ પણ જાતજાતની લીલાઓ કરતા. કોઈ વાર તો તેઓ નૃસિંહજીના આવેશમાં આવીને જોરથી હુંકાર કરવા લાગતા. કોઈ વાર પ્રહ્‌લાદના ભાવમાં દીનહીન ભક્તની પેઠે ગદ્‌ગદ્ કંઠે પ્રભુની સ્તુતિ કરવા લાગતા. કોઈ વાર તેઓ શ્રીકૃષ્ણભાવે મથુરા જવાનો અભિનય કરતા અને કોઈ વાર અક્રૂરના ભાવમાં જોરથી રુદન કરવા લાગતા. કોઈ વાર વ્રજનાં ગોપ-બાળકોની પેઠે ક્રીડા કરવા લાગતા તો કોઈ વાર ઉદ્ધવની પેઠે પ્રેમમાં અધીર થઈને રુદન કરતા. આ પ્રકારે નિત્યાનંદજી તથા અન્ય ભક્તોની સાથે નવદ્વીપચંદ્ર શ્રી ગૌરાંગ વિવિધ પ્રકારની લીલાઓના સુપ્રકાશ દ્વારા સમસ્ત નવદ્વીપને પોતાના અમૃતમય શીતળ પ્રકાશથી પ્રકાશિત કરવા લાગ્યા.





द्विविध भाव

भगवद्भावेन यः शश्वत् भक्तभावेन चैव तत् ।
भक्तानानन्दयते नित्यं तं चैतन्यं नमाम्यहम् ॥

(પ્ર. દ. શ્ર.)

અર્થાત્ જે નિરંતર ભક્તભાવ અને ભગવદ્‌ભાવ એ બન્ને ભાવોથી ભક્તોને આનંદ આપ્યા કરે છે, તે શ્રીચૈતન્ય મહાપ્રભુને હું નમસ્કાર કરું છું.

પ્રત્યેક પ્રાણીની ભાવના ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. અરણ્યમાં ખીલેલા જે માલતીના પુષ્પને જોઇને સહૃદય કવિ આનંદમાં મસ્ત થઇને કૂદવા અને નૃત્ય કરવા લાગે છે, જે પુષ્પમાં તે વિશ્વના સમસ્ત સૌન્દર્યનો અનુભવ કરવા લાગે છે, તેને ગામના ઢોર ચારનારાઓ રોજ જુએ છે, પણ તેના તરફ તેમની દૃષ્ટિ પણ જતી નથી. તેમને માટે તે પુષ્પનું અસ્તિત્વ રસ્તામાં પડેલાં લાકડાં, પથ્થર તથા અન્ય સામાન્ય વસ્તુઓના જેટલુંજ છે. તેઓ તે પુષ્પમાં કોઇ પણ પ્રકારની ખાસ ભાવનાઓનું આરોપણ નથી કરતા. ખરી રીતે આ માનવ–પ્રાણી ભાવમય છે. જેનામાં જેવા ભાવો હશે, તેને તે વસ્તુમાં તેજ ભાવો દૃષ્ટિગોચર થશે. એજ ભાવને લઈને તો ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કેઃ—

જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરતિ દેખી તિન તૈસી.

મહાપ્રભુના શરીરમાં પણ ભક્તો પોતપોતાની ભાવનાનુસાર વિવિધ રૂપોનાં દર્શન કરવા લાગ્યા. કોઈ તો પ્રભુને વરાહના રૂપમાં જોતા, કોઇ તેમનામાં નૃસિંહરૂપનાં દર્શન કરતા, કોઇ વામનભાવનો અધ્યારોપ કરતા, કોઇને પ્રભુની મૂર્તિ શ્યામસુંદર રૂપમાં જણાતી હતી, કોઇને છ [illegible]
હાથવાળી મૂર્તિ [illegible]

નહિ જોતાં તેમને ચતુર્ભુજરૂપે જોતા હતા અને તેમના ચારે હાથોમાં તેમને નજરોનજર શંખ, ચક્ર, ગદા અને પદ્મ જણાતાં. આ પ્રકારે એક પ્રભુના સ્વરૂપને ભક્તો ભિન્નભિન્ન પ્રકારે જોવા લાગ્યા. જેને પ્રભુના ચતુર્ભુજ રૂપનાં દર્શન થતાં, તેનેજ પ્રભુના ચારે હાથો દેખાતા, બીજા લોકોને તો તેજ સામાન્ય રૂપ જણાતું હતું. જેને પ્રભુનું શરીર જ્યોતિર્મય જણાતું અને પ્રકાશ સિવાય તેમને પ્રભુની બીજી પ્રતિમા જણાતીજ નહિ, તેમની આંખોમાં એ પ્રકાશ છવાઇ જતો. સાધારણ રીતે સામાન્ય લોકોને તે પ્રકાશ જણાતો નહિ, તે લોકોને તો પ્રભુના એજ ગૌરરૂપનાં દર્શન થયા કરતાં હતાં.

સામાન્ય રીતે પ્રભુના શરીરમાં ભગવદ્ભાવ અને ભક્ત-ભાવ, એ બેજ ભાવો ભક્તોને દૃષ્ટિગોચર થતા હતા. જ્યારે તેમનામાં ભગવદ્ભાવ હોય, ત્યારે તેઓ પોતાની જાતને વદ્દન ભૂલી જતા હતા, નિઃસંકોચપણે દેવમૂર્તિઓને હઠાવીને પોતેજ ભગવાનના સિંહાસન ઉપર વિરાજમાન થઈ જતા અને પોતાને ભગવાન કહેવા લાગતા. તે અવસ્થામાં ભક્તો તેમની ભગવાનની પેઠે વિધિપૂર્વક પૂજા કરતા, તેમનાં ચરણો ગંગાજળથી ધોતા, ચરણો ઉપર પુષ્પચંદન તથા તુલસીપત્ર ચઢાવતા. જાત જાતના ઉપહાર-ભેટ તેમની સમક્ષ મૂકતા. તે સમયે તેઓ એ કાર્યોમાં કંઈ પણ અચવડ કરતા નહિ, એટલુંજ નહિ પરંતુ ઘણીજ પ્રસન્નતાપૂર્વક ભક્તોએ કરેલી પૂજા ગ્રહણ કરતા અને તેમની પાસેથી આશીર્વાદ માગવાનો પણ આગ્રહ કરતા અને તેમને ઇચ્છાનુસાર વરદાન પણ આપતા. એમ નહોતું કે, તેમને ભગવાનનાજ આવા ભાવ આવતા, વિવિધ દેવી-દેવતાઓના ભાવ પણ તેમનામાં આવતા હતા. કોઈ વાર તો બળદેવના ભાવમાં લાલ લાલ આંખો કરીને જોરથી હુંકાર કરતા અને "મદિરા-મદિરા" કહીને શરાબ-દારૂ માગતા, કોઇ વાર ઇંદ્રના આવેશમાં આવીને વજ્ર ફેરવવા લાગતા અને કોઈવાર સુદર્શનચક્રનું આવાહન કરવા લાગતા.

એક દિવસ એક જોગી બહુજ સુમધુર સ્વરે ડમરૂ વગાડીને શિવજીનાં ગીત ગાઇને ભિક્ષા માગતા હતા. એમ માગતાં માગતાં તેઓ તેમને ઘેર પણ આવ્યા. શિવજીનાં ગીતો સાંભળીને તેમને મહાદેવજીનો ભાવ આવી ગયો અને પોતાની જટાને વીખેરીને શિવજીના ભાવમાં તે ગાનારના ખભા ઉપર ચઢી ગયા અને જોરથી કહેવા લાગ્યા:—"હુંજ શિવ છું, હુંજ શિવ છું; તમે વરદાન માગો. હું તમારી સ્તુતિથી ઘણો પ્રસન્ન છું." થોડીક વાર પછી જ્યારે તેમનો આ ભાવ સમાપ્ત થઇ ગયો ત્યારે કંઇક અચેતન જેવા થઇને તેમના ખભા ઉપરથી ઉતરી પડ્યા અને તેમને પૂરતી ભિક્ષા આપીને વિદાય કર્યા.

આ પ્રકારે ભક્તોને પોતપોતાની ભાવનાનુસાર જુદાં જુદાં રૂપોનાં દર્શન થવા લાગ્યાં અને તેમને પણ ભિન્ન ભિન્ન દેવી–દેવતાઓ તથા પરમ ભક્તોના ભાવ આવવા લાગ્યા. જ્યારે તે ભાવ શાંત થઇ જતા, ત્યારે તેઓ તે ભાવમાં કહેલી બધી વાતો તદ્દન ભૂલી જતા અને તદ્દન દીન–હીન વિનમ્ર ભક્તની પેઠે આચરણ કરતા. ત્યારે તેમનો દીન–ભાવ પથ્થરથી પણ કઠણ હૃદયને પણ ઓગાળી નાખે તેવો હતો. તે સમયે તેઓ પોતાને ઘણાજ દીન, અધમ અને તુચ્છ જણાવીને મોટેથી રુદન કરતા, ભક્તોને આલિંગન કરી કરીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગતા અને રડતાં રડતાં કહેતા:—"શ્રીકૃષ્ણ ક્યાં ચાલ્યા ગયા? ઓ ભાઇ! મને શ્રીકૃષ્ણ સાથે મેળવીને મારા પ્રાણોને શીતળ કરો. મારી વિરહ–વેદનાને શ્રીકૃષ્ણનો પત્તો બતાવીને શાંતિ આપો. મારા મોહન મને રડતો મૂકીને ક્યાં ચાલ્યા ગયા?" આ પ્રકારે પ્રેમમાં વિહ્વળ થઇને અદ્વૈતાચાર્ય વગેરે વૃદ્ધ ભક્તોના પગ પકડી લેતા અને તેમના પગમાં પોતાનું મસ્તક ઘસવા લાગતા—બધાને વારંવાર પ્રણામ કરતા. જો તે સમયે તેમની કોઇ પૂજા કરવાનો પ્રયત્ન કરતું અથવા તેમને ભગવાન કહેતું તો તેઓ દુઃખી થઇને ગંગાજીમાં કૂદી પડવા દોડતા. તેથી તેમની સાધારણ

દશામાં ન તો કોઇ તેમની પૂજા કરતું કે ન તો કોઇ તેમને ભગવાન પણ કહેતું. ભક્તોના મનમાં સદા એકજ ભાવ રહેતો.

જ્યારે તેઓ સામાન્ય ભાવમાં રહેતા, ત્યારે એક નિરભિમાની ભક્તની પેઠે શ્રદ્ધાભક્તિપૂર્વક ગંગાજીને સાષ્ટાંગ પ્રણામ કરતા, અને ગંગાજળનું આચમન કરતા, ઠાકોરજીનું વિધિપુરઃસર પૂજન કરતા તથા તુલસીને જળ ચઢાવતા અને તેમની ભક્તિભાવે પ્રદક્ષિણા કરતા. ભગવદ્ભાવમાં તે બધી વાતો ભૂલીને પોતેજ ઈશ્વરના જેવાં આચરણ કરવા લાગતા. ભાવાવેશ પછી જો તેમને કોઇ કંઇ પૂછતું તો ઘણીજ દીનતાપૂર્વક તેઓ ઉત્તર આપતાઃ— " ભાઇ ! મને કંઇ ખબર નથી કે હું અચેતન અવસ્થામાં શું શું બકી ગયો છું ! આપ એ વાતોનું કંઇ ખોટું લગાડશો નહિ. મારા અપરાધોની માફી આપતા રહો અને એવો આશીર્વાદ આપો કે જેથી અચેતન અવસ્થામાં પણ મારા મુખમાંથી એવી કોઇ વાત નીકળવા ન પામે કે જેથી હું આપની તથા શ્રીકૃષ્ણની સમક્ષ અપરાધી બનું."

સંકીર્તનમાં પણ તેઓ બે ભાવથી નૃત્ય કરતા. કોઇ વાર તો ભક્તભાવથી ઘણીજ સરળતાથી નૃત્ય કરતા. તે સમયનું નૃત્ય ઘણુંજ મધુર થતું. ભક્તભાવમાં તેઓ સંકીર્તન કરતા કરતા ભક્તોની ચરણધૂલિ મસ્તકે ચઢાવતા અને તેમને વારંવાર પ્રણામ કરતા. વચમાં વચમાં પછાડ ખાઇને પડી જતા, કોઇ કોઇ વાર તો એટલા જોરથી પડતા કે બધા ભક્તો તેમની સ્થિતિ જોઇને ગભરાઈ જતા હતા. શચીમાતા તો કોઇ વાર તેમને આ પ્રકારે પછાડ ખાઇને પડતા જોઇને ગભરાઈ જઈ રડતાં રડતાં ભગવાનને પ્રાર્થના કરતાં કેઃ—" હે અશરણશરણ ! મારા નિમાઇને આટલું બધું દુઃખ ના આપો !" તેથી સંકીર્તન સમયે બધા ભક્તો તેમની દેખરેખ રાખતા અને તેમને ચારે બાજુથી પકડી રાખતા કે તેઓ ક્યાંક મૂર્છિત થઇને પડી જાય નહિ.

કોઈ કોઈ વાર તેઓ ભાવાવેશમાં આવીને પણ સંકીર્તન કરવા લાગતા. ત્યારે તેમનું નૃત્ય ઘણુંજ અદ્ભુત અને અલૌકિક થતું હતું. તે સમયે તેમને સ્પર્શ કરવાની ભક્તોને હિંમત થતી નહોતી, તેઓ નૃત્યના સમયમાં મોટેથી લલકારવા લાગતા. એથી દિશાઓ ગાજવા લાગતી અને પગ પછાડવાથી ધરતી જાણે ધ્રૂજવા લાગતી. તે સમયે બધા કીર્તન કરનારા ભક્તો વિસ્મય પામીને એક પ્રકારના આકર્ષણમાં ખેંચાઈને મંત્રમુગ્ધની પેઠે ક્રિયાઓ કર્યા કરતા. તેમને બિલકુલ બાહ્યજ્ઞાન રહેતુંજ નહોતું. તે નૃત્યથી બધાને ઘણોજ આનંદ થતો હતો. આ પ્રકારે કોઈ કોઈ વાર તો નૃત્ય–સંકીર્તન કરતાં કરતાં આખી રાત વીતી જતી, અને પહોર દિવસ ચઢી જતો તો પણ સંકીર્તન સમાપ્ત થતું નહિ.

એક એક કરીને ઘણા ભાવિક ભક્તો નવદ્વીપમાં આવીને વાસ કરવા લાગ્યા અને શ્રીવાસને ઘેર સંકીર્તનમાં આવીને જોડાવા લાગ્યા. ધીરે ધીરે ભક્તોનો એક સારો એવો સમૂહ બંધાઈ ગયો. તેમાં અદ્વૈતાચાર્ય, નિત્યાનંદ પ્રભુ અને હરિદાસ, એ ત્રણ મુખ્ય ભક્તો ગણાતા હતા. આમ તો બધાજ મુખ્ય હતા, ભક્તોમાં મુખ્ય–અમુખ્ય પણ શું? પરંતુ એ ત્રણે સર્વસ્વત્યાગી, પરમ વિરક્ત અને મહાપ્રભુના ઘણાજ અંતરંગ ભક્ત હતા. શ્રીવાસ સિવાય એ ત્રણે ઉપર પ્રભુની ઘણીજ કૃપા હતી. તેમનાજ દ્વારા તેઓ પોતાનાં બધાં કામ કરાવવા ઇચ્છતા હતા. તેમાંથી શ્રીઅદ્વૈતાચાર્ય અને અવધૂત નિત્યાનંદજીનો સામાન્ય પરિચય તો વાચકોને થઈજ ચૂક્યો છે. હવે ભક્તાગ્રગણ્ય શ્રીહરિદાસનો સંક્ષિપ્ત પરિચય વાચકોને આગળના અધ્યાયોમાં મળશે. એ મહાભાગવત વૈષ્ણવ–શિરોમણિ ભક્તે નામ–જપનો જેટલો મહિમા દર્શાવ્યો છે, તેટલો [illegible] મહિમા કોઈએ દર્શાવ્યો નથી. તેમને [illegible] નામ–માહાત્મ્યના મૂર્તિમાન અવતાર માનવા જોઈએ.

भक्त हरिदास

अहो बत श्वपचोऽतो गरीयान्
यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम्।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या
ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते ॥

(શ્રીમદ્‌ભાગવત ૩-૩૩-૭)

અર્થાત્ અહાહા ! હે પ્રભો ! જેમની જીભ ઉપર તમારૂં સુમધુર નામ સદા રહ્યા કરે છે, તે જો જાતિના ચાંડાલ હોય તો પણ તે, તમારા નામની અવગણના કરીને નિરંતર યજ્ઞ-યાગાદિ કાર્યોમાં રોકાઇ રહેતા બ્રાહ્મણોથી પણ અત્યંત પવિત્ર છે. હે ભગવન્ ! જે તમારા ત્રૈલોક્ય-પાવન નામનું સંકીર્તન કરે છે, તેમણેજ યથાર્થમાં સમસ્ત તપોનું, સ્વરસહિત વેદનું, વિધિવત્ હવનનું અને બધાં તીર્થો-નું ફળ પ્રાપ્ત કરેલું છે; કેમકે તમારાં પુણ્ય નામોમાં બધાં પુણ્યકર્મોનું ફળ સમાયેલું છે.

જેની જરા જેટલી કૃપાને લીધે આ નામરૂપાત્મક સમસ્ત સંસાર હયાત છે, જેના ભ્રૂભંગમાત્રથીજ ત્રિગુણા-ત્મક-પ્રકૃતિ પોતાનું બધું કાર્ય બંધ કરી દે છે, તે અખિલ કોટિ બ્રહ્માંડનાયક ભગવાનના નામ-માહાત્મ્યનું વર્ણન બિચારી અપૂર્ણ ભાષા કરીજ શું શકે ? હરિનામ-સ્મરણ-થી શું થઈ શકતું નથી ? ભગવન્નામ-જપથી કયું કાર્ય સિદ્ધ થઈ શકતું નથી ? જેની જીભને સુમધુર હરિનામ-રૂપી રસનો સ્વાદ લાગ્યો છે, તેને માટે પછી સંસારમાં પ્રાપ્ય વસ્તુજ કઇ બાકી રહે છે ? યજ્ઞ, યાગ, જપ, તપ,

[illegible], [illegible], [illegible], [illegible], ઇત્યાદિ—ની [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. એ બધી ક્રિયાઓનું [illegible] અને [illegible] [illegible] છે કે, ભગવન્નામનો [illegible] [illegible] [illegible] [illegible] છે, અને બધાં કર્મો તેનાં [illegible] [illegible] નામજપમાં દેશ, કાળ, પાત્ર, જાતિ, વર્ણ, [illegible] ભય, શુચિ-અશુચિ એ બધી બાબતોનો વિચાર કરવો પડતો નથી. તમે જે હાલતમાં હો, જે કોઈ સ્થિતિમાં હો, દરેક સમય અને દરેક કાળમાં શ્રીહરિનાં પવિત્ર નામોનું સંકીર્તન કરી શકો છો. નામ-જપથી પાપીમાં પાપી મનુષ્ય પણ પરમપાવન બની જાય છે, અત્યંત નીચમાં નીચ પણ સર્વપૂજ્ય ગણાય છે, નાનામાં નાનો પણ સૌથી મોટો થઈ જાય છે અને દુષ્ટમાં દુષ્ટ પણ મહાન [illegible] બની જાય છે. કબીરદાસજી કહે છે કે—

નામ જપત કુષ્ઠી ભલો, ચુઇ-ચુઇ ગિરે જો ચામ।
કંચન દેહ કિસ કામકી, જિહિ મુખ નાહીં રામ॥

[illegible] મહાત્મા હરિદાસજી યવન-કુળમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ ભગવન્નામના પ્રતાપે [illegible] [illegible] પ્રાતઃસ્મરણીય થઈ ગયા. એમની [illegible] ભગવન્નામમાં અલૌકિક નિષ્ઠા હતી.

પહોંચ નિદ્રા જાગી ગઇ. ભગવાને અનેક વાર કહ્યું છે કે:– "यस्याहमनुगृह्णामि हरिष्ये तद्धनं शनैः" અર્થાત્ જેના ઉપર હું કૃપા કરીને મારે શરણે લઉં છું, તેનું સૌથી પહેલાં ધીરે ધીરે હું સર્વસ્વ છીનવી લઉં છું–તેની પાસે પોતાનું કહેવા માટે કોઈ પણ પ્રકારનું ધન રહેવા દેતો નથી. સૌથી પહેલાં ભગવાનની એમના ઉપર એજ એક ઘણી મોટી કૃપા થઇ. પોતાનું કહેવાને માટે તેમની પાસે એક લાકડાનું કમંડલુ પણ નહોતું. ભૂખ લાગતાં તેઓ ગામમાં જઇ ભિક્ષા માગી લાવતા અને ભિક્ષામાં જે કંઇ મળી જાય તે ચોવીસ કલાકમાં એકજ વાર ખાઇને નિરંતર ભગવન્નામના જપ કરતા રહેતા. ઘર છોડીને તેઓ વનગ્રામની પાસે બેનાપોલ નામના ઘોર નિર્જન વનમાં ઘાસની ઝૂંપડી બનાવીને એકલાજ રહેતા હતા. તેમના તેજ અને પ્રભાવથી ત્યાંનાં બધાં પ્રાણી એક પ્રકારની અલૌકિક શાંતિનો અનુભવ કરતાં. જે પણ જીવ તેમની સમક્ષ આવતો તે તેમના પ્રભાવથી પ્રભાવવાળો થઇ જતો. તેઓ રાત્રિદિવસમાં ત્રણ લાખ ભગવન્નામના જપ કરતા હતા; તે પણ ધીરે ધીરે નહિ પરંતુ ખૂબ ઉચ્ચ સ્વરે. ભગવન્નામના એ જપ એટલા માટે ઉચ્ચ સ્વરે કરતા હતા કે બધાં ચરાચર પ્રાણીઓ પ્રભુનાં પવિત્ર નામોના શ્રવણથી પવિત્ર થઇ જાય. પ્રાણીમાત્રની મુક્તિનું એકમાત્ર સાધન તેઓ ભગવન્નામનેજ માનતા હતા. તેથી થોડાજ દિવસોમાં તેમનો યશ દૂર દૂર ફેલાઇ ગયો. ઘણે ઘણે દૂરથી લોકો તેમનાં દર્શન કરવા આવતા. દુષ્ટ બુદ્ધિના ઈર્ષાળુ લોકોને તેમનો આટલો યશ અસહ્ય થયો. તેઓ તેમના ઉપર વિનાકારણે દ્વેષ રાખવા લાગ્યા. એ ઈર્ષાળુઓમાં ત્યાંનો એક રામચંદ્રખાં નામનો ઘણો મોટો જમીનદાર પણ હતો. તે તેમને કોઇ પણ પ્રકારે નીચા દેખાડવા ઈચ્છતો હતો. તેમના વધેલા યશને ધૂળમાં મેળવવાનો તે વિચાર કરવા લાગ્યો. સાધકોને પતિત કરવામાં કામિની ને કાંચન એ બેજ ભારે પ્રલોભનો છે. તેમાં કામિની–રૂપ પ્રલોભન

ા સર્વશ્રેષ્ઠજ ગણાય છે. રામચંદ્રખાંએ તેજ સંકલ્પ દ્વારા હરિદાસને નીચા દેખાડવાનો નિશ્ચય કર્યો; પરંતુ તેમની રક્ષા તો તેમના પ્રભુજ હમેશાં કરતા હતા, પછી ભલેને સમસ્ત સંસારજ તેમનો વૈરી કેમ ન બની જાય! તેમનો કોઇ વાર વાળ પણ વાંકો કેવી રીતે થઇ શકે? પરંતુ નીચ પુરુષો પોતાની નીચતા થોડાજ છોડે છે. રામચંદ્રખાંએ એક ઘણીજ સુંદર સોળ વર્ષની વેશ્યાને તેમના ભજનમાં ભંગ પડાવવા મોકલી. તે રૂપગર્વિતા વેશ્યા પણ તેમને પતિત કરવાની પ્રતિજ્ઞા કરીને ખૂબ બની ઠનીને હરિદાસજીના આશ્રમે પહોંચી. તેને પોતાના રૂપનું અભિમાન હતું. તે માનતી હતી કે કોઇ પણ પુરુષ મારા રૂપ-લાવણ્યને જોઇને ખુશી થયા સિવાય રહી શકે નહિ. પરંતુ જે હરિનામમાં રાચેલા છે, તેમને માટે આ બાહ્ય સાંસારિક રૂપલાવણ્ય પરમ તુચ્છ છે, એવા હરિ-જન (પ્રભુના માણસ) આ રૂપલાવણ્ય તરફ આંખ ઉંચી કરીને પણ જોતા નથી.

ઓહો! કેટલો ભારે મહાન્ ત્યાગ છે, કેવો અપૂર્વ વૈરાગ્ય છે, કેટલો અદ્ભુત ઇંદ્રિયનિગ્રહ છે! વાચક! પોત-પોતાનાં હૃદયો ઉપર હાથ મૂકીને અનુમાન તો કરો. સૂનશાન જંગલ, હરિદાસની યુવાવસ્થા, એકાંત શાંત સ્થાન, પરમ રૂપ-લાવણ્યયુક્ત સુંદરી અને તે પણ પોતેજ હરિદાસ પાસે પ્રેમની ભીખ માગે અને તે વિરક્ત મહાપુરુષના હૃદયમાં સહેજ પણ વિકાર ઉત્પન્ન થાય નહિ, તેઓ અ-વિચળ ભાવે તેજ પ્રમાણે બરાબર શ્રી કૃષ્ણ-કીર્તનમાંજ મગ્ન રહ્યા કરે, એ મનુષ્યની બુદ્ધિથી પરની વાત છે. વારાં-ગના ત્યાં જઇને છાનીમાની બેસી રહી. હરિદાસજી સતત આ મહામંત્રનો જપ કરતા રહ્યા—

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

દિવસ વીતી ગયો, સાંજ પડી અને રાત વીતી ગઇ,

યાં જઈને અદ્વૈતાચાર્યજીની પાસે અધ્યયન અને શ્રીકૃષ્ણ-સંકીર્તનમાં સદા પોતાઈ રહેવા લાગ્યા.

આ વારાંગનાએ પણ હરિદાસજીના આદેશ પ્રમાણે પોતાનું સર્વસ્વ દાન કરી દઈને નિષ્કિંચનોના જેવો વેશ ધારણ કરી લીધો. તે જૂનાં-ફાટેલાં ચીથરાં શરીરે લપેટીને અને ભિક્ષાથી ઉદરનિર્વાહ કરીને પોતાના ગુરુદેવને પગલે પગલે ચાલવા લાગી. થોડાજ સમયમાં તેની ભક્તિની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. ઘણા લોકો તેનાં દર્શન કરવા આવવા લાગ્યા. તે હરિદાસીના નામથી સર્વત્ર પ્રસિદ્ધ થઈ ગઈ. લોક તેને બહુ માન આપવા લાગ્યા. મહાપુરુષોએ સત્યજ કહ્યું છે કે, મહાત્માઓનો ખોટી બુદ્ધિથી કરેલો સત્સંગ પણ વ્યર્થ જતો નથી. સત્સંગનો મહિમાજ એવો છે.

આ તરફ રામચંદ્રખાંએ પોતાના દુષ્કૃત્યનું ફળ ત્યાંજ પ્રત્યક્ષ ભોગવી લીધું. વખતસર બાદશાહને પૂરું ભરણું ન ભરવાને કારણે તેને ભારે સજા કરવામાં આવી. બાદશાહના માણસોએ તેના ઘરમાં આવીને અખાદ્ય પદાર્થો ખાધા અને તેને સ્ત્રી-બાળકો સાથે બાંધીને શહેર પાસે લઈ ગયા. તેને બીજી પણ જાતજાતની યાતનાઓ સહેવી પડી. સાચું છે કે જે જેવું કરે છે, તેને તેવું ફળ અવશ્યજ મળે છે.



ભાવેજ દયા કરો છો. મારા જેવી પતિતા, ક્રોધી નિંદા-
ખોરી અને ખોટી બુદ્ધિવાળી અધમ નારી ઉપર પણ આપે
આપની અસીમ કૃપા દર્શાવી. ભગવન્! હું દુષ્ટ બુદ્ધિથી
આપની પાસે આવી હતી, પરંતુ આપના સત્સંગના પ્ર-
ભાવથી મારા તે ભાવો એકદમ બદલાઈ ગયા. શ્રીહરિનાં
સુમધુર નામોના શ્રવણમાત્રથીજ મારા ખરાબ વિચારો
ભસ્મીભૂત થઈ ગયા છે. હવે હું આપનાં ચરણોને શરણે
છું, મુજ પતિત અબળાનો ઉદ્ધાર કરો, મારાં ઘોર પાપોનું
પ્રાયશ્ચિત્ત બતાવો, શું મારી મુક્તિનો કોઈ ઉપાય થઈ
શકે તેમ છે ?" આટલું કહેતાં કહેતાં તે હરિદાસજીનાં
ચરણોમાં આળોટી પડી.

હરિદાસે તેને આશ્વાસન આપતાં કહ્યું:-" દેવિ ! ઉઠો, ગભરાવાની કોઈ વાત નથી. શ્રી હરિ ઘણા દયાળુ છે. તેઓ નીચ, પામર, પતિત બધા પ્રકારનાં પ્રાણીઓનો ઉદ્ધાર કરે છે. તેમના દરબારમાં ભેદભાવ નથી. ભગવન્નામ આગળ ભારેમાં ભારે પાપ પણ રહી શકતું નથી. ભગવન્નામમાં પાપોનો નાશ કરવાની એટલી ભારે શક્તિ છે, કે ગમે તેટલો પાપીમાં પાપી ભલેને હોય, તે એટલાં પાપ કદી કરીજ શકતો નથી કે જેટલાં પાપનો નાશ કરવાની હરિનામમાં શક્તિ છે. તમે પાપકર્મમાંથી જે પૈસા પેદા કર્યા છે, તે દીન-દુઃખીઓને વહેંચી દો અને નિરંતર હરિનામનું કીર્તન કરો. આથી તમારાં બધાં પાપ દૂર થઈ જશે અને શ્રી ભગવાનનાં ચરણોમાં તમને ગાઢ પ્રેમ થશે. બસ:—

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ મહામંત્રમાંજ સર્વ સામર્થ્ય વિરાજમાન છે. તેનો નિરંતર જપ કરતી રહે. હવે આ ઝૂંપડીમાં હું નહિ રહું, તુંજ આમાં રહે." એ વેશ્યાને આવો ઉપદેશ આપીને ...ન હરિદાસજી સીધા શાંતિપુર ચાલ્યા ગયા અને

ત્યાં જઈને અદ્વૈતાચાર્યજીની પાસે અધ્યયન અને શ્રીકૃષ્ણ-સંકીર્તનમાં સદા યોજાઈ રહેવા લાગ્યા.

આ વારાંગનાએ પણ હરિદાસજીના આદેશ પ્રમાણે પોતાનું સર્વસ્વ દાન કરી દઈને નિષ્કિંચનોના જેવો વેશ ધારણ કરી લીધો. તે જૂનાં-ફાટેલાં ચીથરાં શરીરે લપેટીને અને ભિક્ષાથી ઉદરનિર્વાહ કરીને પોતાના ગુરુદેવને પગલે પગલે ચાલવા લાગી. થોડાજ સમયમાં તેની ભક્તિની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. ઘણા લોકો તેનાં દર્શન કરવા આવવા લાગ્યા. તે હરિદાસીના નામથી સર્વત્ર પ્રસિદ્ધ થઈ ગઈ. લોક તેને બહુ માન આપવા લાગ્યા. મહાપુરુષોએ સત્યજ કહ્યું છે કે, મહાત્માઓનો ખોટી બુદ્ધિથી કરેલો સત્સંગ પણ વ્યર્થ જતો નથી. સત્સંગનો મહિમાજ એવો છે.

આ તરફ રામચંદ્રખાંએ પોતાના દુષ્કૃત્યનું ફળ ત્યાંજ પ્રત્યક્ષ ભોગવી લીધું. વખતસર બાદશાહને પૂરું ભરણું ન ભરવાને કારણે તેને ભારે સજા કરવામાં આવી. બાદશાહના માણસોએ તેના ઘરમાં આવીને અખાદ્ય પદાર્થો ખાધા અને તેને સ્ત્રી-બાળકો સાથે બાંધીને રાજા પાસે લઈ ગયા. તેને બીજી પણ જાતજાતની યાતનાઓ સહેવી પડી. સાચું છે કે જે જેવું કરે છે, તેને તેવું ફળ અવશ્યજ મળે છે.





હરિદાસની નામનિષ્ઠા

> रामनामजपतां कुतो भयं
> सर्वतापशमनैकभेषजम् ।
> पश्य तात मम गात्रसन्निधौ
> पावकोऽपि सलिलायतेऽधुना ॥
>
> (અનર્ઘ રાઘવ નાટક)

અર્થાત્ અગ્નિમાં બાળવામાં આવવા છતાં પણ જ્યારે પ્રહ્લાદજી બળ્યા નહિ ત્યારે તેઓ પોતાના પિતા હિરણ્યકશિપુને નિર્ભયપણે કહેવા લાગ્યા કેઃ—"શ્રી રામનામ જપનારને ભલા ભય ક્યાંથી હોઇ શકે ? કેમકે બધા પ્રકારનાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક તાપોને શમન કરનાર રામનામરૂપી મહારસાયન છે, તેનું પાન કરનારા પાસે ભલા દુઃખો આવીજ શી રીતે શકે ! હે પિતાજી ! પ્રત્યક્ષને માટે પ્રમાણ શું ? આપ જોતા નથી કે મારા શરીર પાસે આવતાંજ ઉષ્ણ સ્વભાવનો અગ્નિ પણ જળની પેઠે શીતળ થઇ ગયો—અર્થાત્ તે મારા શરીરને બાળીજ શક્યો નહિ. રામનામનો એવોજ મહિમા છે.

જપ, તપ, ભજન, પૂજન તથા લૌકિક-પારલૌકિક બધા પ્રકારનાં કાર્યોમાં વિશ્વાસજ મુખ્ય છે. જેને જેના ઉપર જેવો વિશ્વાસ બેસી ગયો, તેને તેના વડે તેવુંજ ફળ પ્રાપ્ત થઈ શક્યો. [illegible] વિશ્વાસજ છે [illegible]



हरिदासनी नामनिष्ठा

रामनामजपतां कुतो भयं
सर्वतापशमनैकभेषजम् ।
पश्य तात मम गात्रसन्निधौ
पावकोऽपि सलिलायतेऽधुना ॥
(અનર્ઘ્ય રાઘવ્ નાo)

અર્થાત્ અગ્નિમાં બાળવામાં આવવા છતાં પણ જ્યારે પ્રહ્લાદજી બળ્યા નહિ ત્યારે તેઓ પોતાના પિતા હિરણ્યકશિપુને નિર્ભયપણે કહેવા લાગ્યા કેઃ—"શ્રી રામનામ જપનારને ભલા ભય ક્યાંથી હોઇ શકે ? કેમકે બધા પ્રકારનાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક તાપોને શમન કરનાર રામનામરૂપી મહારસાયન છે, તેનું પાન કરનારા પાસે ભલા દુઃખો આવીજ શી રીતે શકે ? હે પિતાજી ! પ્રત્યક્ષને માટે પ્રમાણ શું ? આપ જોતા નથી કે મારા શરીર પાસે આવતાંજ ઉષ્ણ સ્વભાવનો અગ્નિ પણ જળની પેઠે શીતળ થઇ ગયો—અર્થાત્ તે મારા શરીરને બાળીજ શક્યો નહિ. રામનામનો એવોજ મહિમા છે.

જપ, તપ, ભજન, પૂજન તથા લૌકિક—પારલૌકિક બધા પ્રકારનાં કાર્યોમાં વિશ્વાસજ મુખ્ય છે. જેને જેના ઉપર જેવો વિશ્વાસ બેસી ગયો, તેને તેના વડે તેવુંજ ફળ પ્રાપ્ત થઇ શકશે. ફળનું મુખ્ય કારણ વિશ્વાસજ છે. વિશ્વાસ આગળ કોઇ પણ વાત અસંભવિત નથી. અસંભવ તો અવિશ્વાસનો પર્યાયવાચક શબ્દ છે, વિશ્વાસ આગળ સર્વ કંઇ સંભવિત છે. વિશ્વાસનેજ લીધે શરણાગત માની-

સજા કરવા નથી ઇચ્છતો. તમે હજુ પણ તોબા (પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત) કરી લો, અને કલમા પઢીને મહમ્મદ સાહેબને શરણે આવી જાઓ! ખુદા તમારા બધા ગુન્હાઓ માફ કરશે અને તમે પણ મોક્ષના અધિકારી બનશો."

બાદશાહની આવી સરળ અને સુંદર વાતો સાંભળીને હરિદાસજીએ કહ્યું:—" મહાશય! આપે જે કંઇ કહ્યું છે તે આપના વિશ્વાસ પ્રમાણે બરાબરજ કહ્યું છે. હરેક મનુષ્યનો વિશ્વાસ જુદી જુદી જાતનો હોય છે. જેને જે જાતનો દૃઢ વિશ્વાસ થાય છે, તેને તે પ્રકારનો વિશ્વાસ ફળદાતા થાય છે. બીજાઓના ધમકાવવાથી અથવા લોભથી જે પોતાના સ્વાભાવિક વિશ્વાસને છોડી દે છે, તે ડરપોક હોય છે. એવા ડરપોક પુરુષોને પરમાત્માની પ્રાપ્તિ કદી પણ થતી નથી. આપ આપના વિશ્વાસ અનુસાર યોગ્યજ કહો છો, પરંતુ હું સજાના ભયથી જો ભગવાનના નામકીર્તનને છોડી દઉં, તો તેથી મને પુણ્યને બદલે પાપજ લાગશે. એમ કરવાથી હું નરકનો ભાગીદાર બનીશ. મને ભગવન્નામમાં સ્વાભાવિકપણેજ નિષ્ઠા છે, તે હું છોડી શકતો નથી. પછી ગમે તો તેમ કરતાં મારા પ્રાણ પણ ભલેને લેવામાં આવે."

તેમની આવી યુક્તિયુક્ત વાતો સાંભળી બાદશાહનું હૃદય પીગળ્યું. તેમની સરળ ને મીઠી વાણીમાં આકર્ષણ હતું. તેથી આકર્ષાઇને બાદશાહે કહ્યું:—" તમારી વાતો તો મારા પણ સમજ્યામાં કંઇક કંઇક આવે છે, પરંતુ એ વાતો તો હિંદુઓને માટે બરાબર હોઇ શકે; તમે તો મુસલમાન છો, તમારે મુસલમાનોની જ પેઠે ઈમાન રાખવા જોઇએ."

હરિદાસજીએ કહ્યું: " મહાશય! આપનુ કહેવું બરાબર છે, પરંતુ વિશ્વાસ કંઇ પોતાને અધીનની વાત નથી. જેવા પૂર્વના સંસ્કાર હશે, તેવોજ વિશ્વાસ હોવાનો. મને ભગવન્નામ ઉપરજ વિશ્વાસ છે. કોઇ હિંદુ જ્યારે પો

અને ઇસ્લામ ધર્મના પ્રચાર માટે કાજીઓ નિમાયેલા હતા. તેઓ જેને પણ ઇસ્લામ ધર્મમાં વિરુદ્ધ માનતા, તેને બાદશાહ પાસે ભારે શિક્ષા કરાવતા, કે જેથી ફરીથી કોઇને ઇસ્લામ ધર્મના પ્રચારમાં ખલેલ કરવાનું સાહસ ન થાય. એક પ્રકારે તે સમાજના હતા, ધર્મ તથા વિધાતા ધર્મના ઠેકેદાર કાજીજ હતા. શાસનતંત્ર ઉપર પૂરો કાબુ હોવાથી કાજી તે સમયના બાદશાહજ ગણાતા હતા. ફુલિયાની આસપાસમાં ગોરાઇ નામનો એક કાજી પણ આ કામને માટે નિમાએલો હતો. તેણે જ્યારે હરિદાસનો આટલો પ્રભાવ જોયો ત્યારે તેની ઈર્ષાનું તો કંઈ ઠેકાણુંજ રહ્યું નહિ. તે વિચારવા લાગ્યો:—" હરિદાસના વધતા જતા પ્રભાવને જો રોકવામાં નહિ આવે તો ઇસ્લામ-ધર્મને બહુ ભારે ધક્કો લાગશે. હરિદાસ જાતિનો તો મુસલમાન છે. મુસલમાન થઈને તે હિંદુઓના ધર્મનો પ્રચાર કરે છે. એટલે ધર્મના કાયદા પ્રમાણે તે ગુનો કરે છે. તે કાફિર-ધર્મદ્રોહી છે, તેથી બીજા ધર્મદ્રોહીને કતલ કરવાથી પણ પુણ્ય થાય છે. બીજા લોકો પણ એની દેખાદેખીથી એવાંજ કામ કરશે. તેથી એને દરબાર તરફથી સજા કરાવવી જોઈએ." એમ વિચારીને ગોરાઈ કાજીએ એમની વિરુદ્ધ રાજ-દરબારમાં મુકદ્દમો ચલાવ્યો. રાજાની આજ્ઞાથી હરિદાસ-જીને પકડી લેવામાં આવ્યા, અને બાદશાહ-મુલુકપતિ આગળ તેમનો મુકદ્દમો રજુ થયો. બાદશાહ તેમના તેજ અને પ્રભાવને જોઇને ચકિત થઇ ગયો, તેણે તેમને બેસવા માટે આસન આપ્યું. હરિદાસજીના બેઠા પછી બાદશાહે દયાભાવ દર્શાવતાં પોતાના સ્વાભાવિક ધાર્મિક વિશ્વાસ પ્રમાણે કહ્યું:—" ભાઇ! તમારો જન્મ મુસલમાનને ઘેર થયો છે, એ ખુદાની તમારા ઉપર મહેરબાની છે. મુસલમાનને ત્યાં જન્મ લઇને તમે કાફિરોના જેવું આચરણ શામાટે કરો છો? એથી તમને મુક્તિ નહિ મળે. મુક્તિનું સાધન તો ઇસ્લામ ધર્મના કુરાન ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે તેજ છે. મને તમારા ઉપર ઘણી દયા આવે છે, હું તમને

ધર્મ-વિશ્વાસ છોડીને મુસલમાન થઇ જાય છે, ત્યારે આપ તેને સજા કેમ કરતા નથી ? તેને હિન્દુજ રહેવાને માટે આપ કેમ ફરજ પાડતા નથી ? જ્યારે હિંદુઓને પોતાનો ધર્મ છોડીને મુસલમાન થવામાં આપ સ્વતંત્ર માનો છો, ત્યારે આ સ્વતંત્રતા મુસલમાનોને પણ મળવી જોઇએ. તો પછી આપ મને કલમો પઢવાની શા માટે ફરજ પાડો છો ?" તેમની આ વાતથી સમજુ ન્યાયાધીશ ચૂપ થઇ ગયો. જ્યારે ગોરાઇ કાજીએ જોયું કે, અહીં તો મામલો તદ્દન પલટાઇ જાય છે, ત્યારે તેણે મોટેથી કહ્યું કેઃ-"અમે આ બધી વાતો સાંભળવા ઇચ્છતા નથી. ઇસ્લામ ધર્મમાં લખ્યું છે કે, જે ઇસ્લામ ધર્મ અનુસાર આચરણ કરે છે, તેનેજ મોક્ષ મળે છે; તેની વિરુદ્ધ વર્તનારા કાફરોને નહિ. તમે અધર્મ કરો છો. અધર્મ કરનારાઓને સજા કરવાનું અમારૂં કામ છે. તેથી તમે કલમો પઢવાનો સ્વીકાર કરો છો કે સજા ભોગવવાનો ? એમાંથી એક પસંદ કરી લ્યો."

બિચારો બાદશાહ પણ અસહાય હતો. ઇસ્લામ ધર્મ વિરુદ્ધ તે પણ કંઇ કહી શકે તેમ નહોતું. કાજીઓની વિરુદ્ધ ન્યાય કરવાની તેનામાં હિમ્મતજ નહોતી. તેણે પણ ગોરાઇ કાજીની વાતનું સમર્થન કરતાં કહ્યું:-"હા, બરાબર છે. કહો, તમે કલમો પઢવા રાજી છો ?"

હરિદાસે નિર્ભયપણે કહ્યું: "મહાશય ! મારે જે કહેવાનું હતું તે એક વાર કહી ચૂકયો છું. ભારેમાં ભારે સજા પણ મને મારા વિશ્વાસમાંથી ચલિત કરી શકશે નહિ. ગમે તો આપ મારા દેહના ટુકડે ટુકડા કરીને ફેંકાવી દો, તોપણ જ્યાંસુધી મારા શરીરમાં પ્રાણ છે, ત્યાંસુધી હું હરિનામ છોડી શકીશ નહિ. આપ મરજીમાં આવે તેવી સજા મને કરો."

હરિદાસજીનો આવો નિર્ભય ઉત્તર સાંભળીને બાદશાહ શું કરવું તે કંઇ સમજી શકયો નહિ. તે કંઇ વિચારી પણ શકયો નહિ કે હરિદાસને શી સજા કરવી ? તે જિ-

શાથી ગોરાઈ કાજીના તરફ જોવા લાગ્યો. બાદશાહના મનોભાવને સમજીને ગોરાઈ કાજીએ કહ્યું:—" હજૂર! જરૂર શિક્ષા કરવીજ જોઈએ. જો આને સજા કરવામાં નહિ આવે, તો બધા મન ફાવે તેમ વર્તવા લાગશે, પછી તો ઈસ્લામ ધર્મનું અસ્તિત્વજ રહેશે નહિ."

બાદશાહે કહ્યું:—" મને તો કંઈ ખબર પડતી નથી, તમેજ બતાવો કે આને શું સજા કરવી જોઈએ?"

ગોરાઈ કાજીએ ભારપૂર્વક કહ્યું:—" હજૂર! આ પહેલાજ મુકદ્દમો છે. આને એવી સજા કરવી જોઈએ કે જેથી બધાને ખબર પડી જાય, આગળ ઉપર કોઈની આવું કામ કરવાની હિમ્મતજ ન ચાલે. ઈસ્લામ ધર્મ અનુસાર તો આની સજા દેહાંત શિક્ષાજ છે. પરંતુ સાદી સીધી દેહાંત સજા આપવી ઠીક નથી. આની પીઠ ઉપર સોટીઓ મારતાં મારતાં એને બાવીસ બજારોમાં ફેરવવો જોઈએ અને સોટીઓ મારતાં મારતાંજ એના પ્રાણ લેવા જોઈએ; ત્યારેજ લોકો ભવિષ્યમાં આવું કરવાની હિંમત કરશે નહિ."

બાદશાહે વિવશ થઈને એજ આજ્ઞા લખી દીધી. સોટીઓ મારનારા નોકરોએ મહાત્મા હરિદાસજીને બાંધી લીધા અને તેમની પીઠ ઉપર સોટીઓ મારતા મારતા તેમને બજારોમાં ફેરવવા લાગ્યા. સોટીઓના સતત મારથી હરિદાસના સુકુમાર શરીરની ખાલ ઉખડી ગઈ, પીઠમાંથી લોહીની ધારા વહેવા લાગી. નિર્દય જલ્લાદ તેમના પા ઉપરજ વધારે ને વધારે સોટીઓ મારતા જતા હતા, પરંતુ હરિદાસના મુખમાંથી પહેલાંની પેઠેજ હરિ-ધ્વનિજ નીકળ્યા કરતો હતો. તેમને સોટીઓની વેદના જણાતીજ નહોતી. બજારમાં જોનારા તેમના દુઃખને ન સહન કરી શકવાથી આંખો બંધ કરી દેતા હતા, કોઈ કોઈ રડવા પણ લાગતા હતા; પરંતુ હરિદાસજીના મુખમાંથી 'અરે' નો અવાજ પણ નીકળતો નહોતો. તેઓ આનંદપૂર્વક શ્રીકૃષ્ણકીર્તન કરતા કરતા નોકરોની સાથે ચાલ્યા જતા હતા,



[illegible]

જીનાં દર્શન માટે ઘણી ઉત્સુકતાથી આવવા લાગ્યા. જે કોઈ જ્યાંથી ખબર સાંભળતું ત્યાંથી તેમની પાસે દોડી આવતું. દૂર દૂરથી ઘણા લોકો આવવા લાગ્યા. સુબાએ તથા ગોરાઇ કાજીએ પણ આ વાત સાંભળી. તેમનું હૃદય પણ પીગળી ઉઠ્યું અને આ દૃઢપ્રતિજ્ઞ મહાપુરુષ પ્રત્યે તેમના હૃદયમાં પણ શ્રદ્ધાના ભાવ ઉત્પન્ન થયા. તેઓ પણ હરિદાસજીનાં દર્શન માટે કુલિયા આવ્યા. સુબાએ નમ્રતાપૂર્વક તેમને પ્રાર્થના કરીઃ—"મહાશય! હું આપને સજા કરવા માટે લાચાર હતો, તેથી મેં આપને સજા કરી. હું આપના પ્રભાવને જાણતો નહોતો. મારા અપરાધને ક્ષમા કરો. હવે આપ આનંદપૂર્વક હરિનામ-સંકીર્તન કરો. આપના કામમાં કોઇ અડચણ કરશે નહિ."

હરિદાસજીએ નમ્રતાપૂર્વક કહ્યુંઃ—"મહાશય! એમાં આપનો અપરાધજ શો છે? મનુષ્ય પોતાનાં કર્મો અનુસારજ સુખ-દુઃખ ભોગવે છે. બીજા મનુષ્યો તો તેના નિમિત્તજ બને છે. મારાં કર્મજ એવાં હશે. આપ કોઈ વાતની ચિંતા કરશો નહિ. મારા મનમાં આપના પ્રત્યે સહેજ પણ દ્વેષ નથી." હરિદાસની આવી સરળ અને નિષ્કપટ વાત સાંભળી સુબાને ઘણો આનંદ થયો, તે તેમનાં ચરણોમાં પ્રણામ કરીને ચાલ્યો ગયો. કુલિયા ગામના બીજા પણ વૈષ્ણવ બ્રાહ્મણ આવી આવીને હરિદાસજીની આવી સ્થિતિ જોઇને દુઃખ પ્રગટ કરવા લાગ્યા. કોઇ કોઈ તેમના ઘા જોઇને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. આથી હરિદાસજીએ તે બ્રાહ્મણોને સમજાવતાં કહ્યુંઃ—"વિપ્રો! આપ સૌ ધર્માત્મા છો. શાસ્ત્રોના મર્મને સારી રીતે જાણો છો. પૂર્વકર્મો વિના દુઃખ-સુખની પ્રાપ્તિ થતી નથી. મેં આ કાનો વડે ભગવન્નામની નિંદા સાંભળી હતી, તેનુંજ ભગવાને મને આ ફળ આપ્યું છે. આપ કોઇ પણ પ્રકારની ચિંતા ન કરશો. આ દુઃખ તો શરીરને થયું છે, મને તો તેનો સહેજ પણ ક્લેશ જણાતો નથી. બસ, ભગવન્નામનું સ્મરણ થયા કરે, એજ સર્વ સુખોનું સુખ છે. જે ક્ષણે

ભગવન્નામનું સ્મરણ ન થાય, એજ સૌથી મોટું દુઃખ છે. અને ભગવન્નામનું સ્મરણ થયા કરે, તો શરીરને ગમે તેટલું પણ દુઃખ પડે, તો પણ પરમ સુખજ માનવું જોઇએ.” તેમના આ ઉત્તરથી બધા બ્રાહ્મણો પરમ સંતુષ્ટ થયા અને તેમની આજ્ઞા લઇને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આ પ્રકારે હરિદાસજી ભગવતી ભાગીરથીના તટે ફુલિયા ગામની પાસેજ રહેવા લાગ્યા. ત્યાં તેમને સર્વ પ્રકારની સગવડો હતી. શાંતિપુરમાં અદ્વૈતાચાર્યજીની પાસે તેઓ ઘણું કરૂં હમેશાંજ જતા. આચાર્ય તેમને પુત્રની પેઠે ચાહતા અને તેઓ પણ તેમને પિતાથી વધારે માનતા. ફુલિયાના બધા બ્રાહ્મણ, વૈષ્ણવ તથા ધનવાન-આબરૂદાર લોકો તેમનો આદરસત્કાર કરતા હતા. તેઓ મુખેથી હમેશાં શ્રીહરિનાં મધુર નામોનું કીર્તન કર્યા કરતા. સતત કીર્તનના પ્રભાવથી તેમના રોમરોમમાંથી હરિધ્વનિ સંભળાવા લાગ્યો. ભગવાનની લીલાઓ સાંભળતાંજ તેઓ મૂર્ચ્છિત થઈ જતા અને એક સાથેજ તેમના શરીરમાં બધા સાત્વિક ભાવો ઉદય પામતા હતા.

એક દિવસની વાત છે, કે તેઓ પોતાની ઝૂંપડીથી ક્યાંક બહાર જતા હતા. રસ્તામાં તેમને મંજીરા, મૃદંગનો અવાજ સંભળાયો. શ્રીકૃષ્ણકીર્તન સમજીને તેઓ તેજ બાજુ ચાલી નીકળ્યા. તે સમયે “ડંક” નામની જાતિના લોકો મૃદંગ મંજીરા વગાડીને નૃત્ય કરતા હતા, અને નૃત્યની સાથે સાથે હરિલીલાઓનું કીર્તન કર્યા કરતા હતા. તે સમયે પણ કોઇ ડંક નૃત્ય કરતો હતો. જ્યારે હરિદાસજી પહોંચ્યા ત્યારે ડંક ભગવાનની કાલીયદમનની લીલા સંબંધનાં પદ ગાતો હતો. ડંકનો સ્વર કોમળ હતો, નૃત્યમાં તે પ્રવીણ હતો અને ગાવાનો તેને સારો અભ્યાસ હતો. તે અતિ સુંદર લયથી યશોદા અને નંદના વિલાપનું વર્ણન કરતો હતો. “ભગવાન દડો લેવાને બહાને કાલિય ધરામાં કૂદી પડ્યા છે, એ સમાચાર સાં[illegible] નંદ-યશોદા

તથા બધા મજવાસીઓ ત્યાં આવી પહોંચ્યા છે. બાળકૃષ્ણ પોતાના કોમળ ચરણકમળોને કાળી નાગણની ફેણ ઉપર રાખીને તેજ પોતાની લલિત ત્રિભંગી ગતિથી ઉભા રહીને મોરલી વગાડે છે. નાગ જોરથી ફૂંફાડા મારે છે, તેના ફૂંફાડા સાથે મુરારી ધીરે ધીરે નૃત્ય કરે છે. યશોદા આવી દશા જોઇને રુદન કરે છે. તે ચારે તરફ લોકોની તરફ ભયભીત દૃષ્ટિએ જુએ છે કે કોઈ મારા પુત્રને કાળી નાગણના મુખમાંથી છોડાવો. નંદજી અશ્રુ વહાવે છે. આ ભાવ સાંભળતાં સાંભળતાંજ હરિદાસજી મૂર્છિત થઇને પૃથ્વી ઉપર પડી ગયા. ડંક તેમના સાત્વિક ભાવો જોઇને સમજી ગયો કે એ કોઈ મહાપુરુષ છે, તેણે નૃત્ય બંધ કરી દીધું અને એમની ચરણધૂલિ મસ્તક ઉપર ચડાવીને તેમની સ્તુતિ કરવા લાગ્યો. ઘણાયે હાજર રહેલા ભક્તોએ હરિદાસજીના પગ નીચેથી ધૂળ લઇને મસ્તકે ચઢાવી અને તે બાંધીને પોતાને ઘેર લઈ ગયા.

ત્યાં એક માન-લોલુપ બ્રાહ્મણ પણ બેઠો હતો. જ્યારે તેણે જોયું કે મૂર્છા ખાઇને પડવાથીજ લોકો આટલો બધો આદરસત્કાર કરે છે તો હું આ અવસર શામાટે જવા દઉં? એમ વિચારીને જ્યારે તે ડંક ફરીથી નાચવા લાગ્યો ત્યારે એ પણ જૂઠું જૂઠું બહાનું કરીને પૃથ્વી ઉપર બેભાન પડ્યો. ડંક તો બધું જાણતો હતો. તે પડતાંજ તે તેને જોરથી મારવા લાગ્યો. મારની આગળ તો ભૂત પણ ભાગે છે, તો પછી આ તો ઢોંગી હતો. તરતજ માર સહન ન કરી શકવાથી તે ત્યાંથી નાસી ગયો. પેલા ધનવાન પુરુષે તથા બીજા હાજર રહેલા લોકોએ તેનું કારણ પૂછ્યું કે "હરિદાસજીની તમે આટલી સ્તુતિ શામાટે કરી અને એવોજ ભાવ બતાવતા પેલા બ્રાહ્મણને તમે શામાટે માર્યો?"

બધાંના પૂછવાથી ડંકે કહ્યું કે—" હરિદાસ કેવળ ભગવદ્ ભક્ત છે. તેમના શરીરમાં સાત્વિક વિકાર આવેલા દરેક ક્ષણે હતા, આ તો ઢોંગી હતો. આને પેટની ...

ભગવન્નામનું સ્મરણ ન થાય, તેજ સૌથી મોટું દુઃખ છે. અને ભગવન્નામનું સ્મરણ થયા કરે, તો શરીરને ગમે તેટલું પણ દુઃખ પડે, તો પણ પરમ સુખજ માનવું જોઇએ." તેમના આવા ઉત્તરથી બધા બ્રાહ્મણો પરમ સંતુષ્ટ થયા અને તેમની આજ્ઞા લઇને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

આ પ્રકારે હરિદાસજી ભગવતી ભાગીરથીના તટે પુલિયા ગામની પાસેજ રહેવા લાગ્યા. ત્યાં તેમને સર્વ પ્રકારની સગવડો હતી. શાંતિપુરમાં અદ્વૈતાચાર્યજીની પાસે તેઓ ઘણું ખરૂં હમેશાંજ જતા. આચાર્ય તેમને પુત્રની પેઠે ચાહતા અને તેઓ પણ તેમને પિતાથી વધારે માનતા. ફુલિયાના બધા બ્રાહ્મણ, વૈષ્ણવ તથા ધનવાન–આબરૂદાર લોકો તેમનો આદરસત્કાર કરતા હતા. તેઓ મુખેથી હમેશાં શ્રીહરિનાં મધુર નામોનું કીર્તન કર્યા કરતા. સતત કીર્તનના પ્રભાવથી તેમના રોમરોમમાંથી હરિધ્વનિ સંભળાવા લાગ્યો. ભગવાનની લીલાઓ સાંભળતાંજ તેઓ મૂર્છિત થઈ જતા અને એક સાથેજ તેમના શરીરમાં બધા સાત્વિક ભાવો ઉદય પામતા હતા.

એક દિવસની વાત છે, કે તેઓ પોતાની ઝૂંપડીથી ક્યાંક બહાર જતા હતા. રસ્તામાં તેમને મંજીરા, મૃદંગનો અવાજ સંભળાયો. શ્રીકૃષ્ણકીર્તન સમજીને તેઓ તેજ બાજુ ચાલી નીકળ્યા. તે સમયે "ડંક" નામની જાતિના લોકો મૃદંગ મંજીરા વગાડીને નૃત્ય કરતા હતા, અને નૃત્યની સાથે સાથે હરિલીલાઓનું કીર્તન કર્યા કરતા હતા. તે સમયે પણ કોઇ ડંક નૃત્ય કરતો હતો. જ્યારે હરિદાસજી પહોંચ્યા ત્યારે ડંક ભગવાનની કાલીયદમનની લીલા સંબંધનાં પદ ગાતો હતો. ડંકનો સ્વર કોમળ હતો, નૃત્યમાં તે પ્રવીણ હતો અને ગાવાનો તેને સારો અભ્યાસ હતો. તે અતિ સુંદર લયથી યશોદા અને નંદના વિલાપનું વર્ણન કરતો હતો. "ભગવાન દડો લેવાને બહાને કાલિય ધરામાં કૂદી પડ્યા છે, એ સમાચાર સાં[illegible] નંદ–યશોદા

તથા બધા વ્રજવાસીઓ ત્યાં આવી પહોંચ્યા છે. બાળકૃષ્ણ પોતાના કોમળ ચરણકમળોને કાળી નાગણની ફેણ ઉપર રાખીને તેજ પોતાની લલિત ત્રિભંગી ગતિથી ઉભા રહીને મોરલી વગાડે છે. નાગ જોરથી ફૂંફાડા મારે છે, તેના ફૂંફાડા સાથે મુરારી ધીરે ધીરે નૃત્ય કરે છે. યશોદા આવી દશા જોઇને રુદન કરે છે. તે ચારે તરફ લોકોની તરફ ભયભીત દષ્ટિએ જુએ છે કે કોઈ મારા પુત્રને કાળી નાગણના મુખમાંથી છોડાવો. નંદજી અશ્રુ વહાવે છે. આ ભાવ સાંભળતાં સાંભળતાંજ હરિદાસજી મૂર્છિત થઇને પૃથ્વી ઉપર પડી ગયા. ડંક તેમના સાત્વિક ભાવો જોઇને સમજી ગયો કે એ કોઈ મહાપુરુષ છે, તેણે નૃત્ય બંધ કરી દીધું અને એમની ચરણધૂલિ મસ્તક ઉપર ચડાવીને તેમની સ્તુતિ કરવા લાગ્યો. ઘણાયે હાજર રહેલા ભક્તોએ હરિદાસજીના પગ નીચેથી ધૂળ લઇને મસ્તકે ચઢાવી અને તે બાંધીને પોતાને ઘેર લઈ ગયા.

ત્યાં એક માન-લોલુપ બ્રાહ્મણ પણ બેઠો હતો. જ્યારે તેણે જોયું કે મૂર્છા ખાઇને પડવાથીજ લોકો આટલો બધો આદરસત્કાર કરે છે તો હું આ અવસર શામાટે જવા દઉં? એમ વિચારીને જ્યારે તે ડંક ફરીથી નાચવા લાગ્યો ત્યારે એ પણ જૂઠું જૂઠું બહાનું કરીને પૃથ્વી ઉપર બેભાન પડ્યો. ડંક તો બધું જાણતો હતો. તે પડતાંજ તે તેને જોરથી મારવા લાગ્યો. મારની આગળ તો ભૂત પણ ભાગે છે, તો પછી આ તો દંભી હતો. તરતજ માર સહન ન કરી શકવાથી તે ત્યાંથી નાસી ગયો. પેલા ધનવાન પુરુષે તથા બીજા હાજર રહેલા લોકોએ તેનું કારણ પૂછ્યું કે "હરિદાસજીની તમે આટલી સ્તુતિ શામાટે કરી અને એવોજ ભાવ આવતાં પેલા બ્રાહ્મણને તમે શામાટે માર્યો?"

બધાંના પૂછવાથી ડંકે કહ્યું કેઃ-"હરિદાસ પરમ ભગવદ્ ભક્ત છે. તેમના શરીરમાં સાચેજ સાત્વિક ભાવોનો ઉદય થયો હતો, આ તો દંભી હતો. માત્ર પોતાની પ્રશં-

અને મારે તેવું આવે રોગ થયો હતો, તેથી મેં તેમની અનુકરણ કરી અને આને મારો. રોગ ભલી જગાએ થોડોજ રહે છે? કોઇ કોઇ વાર મુખાંઓમાંજ કામ કરી આપે છે. પણ આજ ખુલ્લી થઇ જતાં ગોટ પણ ખુલ્લી જાય છે. હરિદાસ સાચેજ રત્ન છે. તેમના રહેવાથી આ સમસ્ત દેશ પવિત્ર થાય છે. આપ મહાભાગ્યશાળી છો કે આવા મહાપુરુષનાં હમેશાં દર્શન પામો છો." ઢંકની વાત સાંભળીને સઘળાને પરમ પ્રસન્નતા થઇ. અને એ બધા લોકો હરિદાસજીના ભક્તિભાવની ઘણી ઘણી પ્રશંસા કરવા લાગ્યા. પેલો બ્રાહ્મણ તો એટલો શરમાઇ ગયો કે લોકોને મોં દેખાડતાં પણ તે શરમાવા લાગ્યો. સાચું છે કે દંભી માણસની એવીજ દુર્દશા થાય છે. કોઇએ ઠીકજ કહ્યું છે કેઃ

દેખાદેખી સાધે જોગ, છીજે કાયા વાધે રોગ,

હરિદાસજીની નિષ્ઠા અલૌકિક છે. તેનો વિચાર કરવો એ મનુષ્ય-બુદ્ધિથી પર છે.



हरिदास द्वारा नाममाहात्म्य

हरिकीर्तनशीलो वा तद्भक्तानां प्रियोऽपि वा ।
शुश्रूषुर्वापि महतां स वन्द्योऽस्माभिरुत्तमः ॥

(શ્રીમદ્ભાગવત ૫-૧૯)

અર્થાત્ દેવતા કહે છે કે " જે ભગવાનનાં મધુર નામોનું સંકીર્તન કરે છે અથવા જે હરિભક્તોના વહાલા છે, અને જે દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને શ્રેષ્ઠ વિદ્વાનોની સદા સેવા–શુશ્રૂષા કરે છે, એવા શ્રેષ્ઠ ભક્ત અમારા પણ વંદનીય છે. અર્થાત્ અમે દેવતાઓ ત્રણે લોકના વંદ્ય છીએ પરંતુ આવા ભક્ત તો અમારે માટે શ્રદ્ધા રાખવા યોગ્ય છે.

શોક ને મોહનું કારણ પ્રાણીઓમાં ભિન્ન ભિન્ન ભાવોનું આરોપણ કરવું એજ છે. જ્યારે મનુષ્ય એકને પોતાનો સુખ આપનારો વહાલો મિત્ર સમજે છે, અને બીજાને દુઃખ દેનાર અને શત્રુ માનીને તેનો દ્વેષ કરવા લાગે છે, ત્યારે તેના હૃદયમાં શોક અને મોહ તો અવશ્ય થનારજ છે. જ્યારે તે બધાં પ્રાણીઓમાં તેજ એક અખંડ સત્તાનો અનુભવ કરવા લાગશે, જ્યારે પ્રાણીમાત્રને પ્રભુનાં બાળક સમજીને બધા ઉપર મહાન ભાવે પ્રેમ કરવા લાગશે ત્યારે તે સાધકના હૃદયમાં મોહ અને શોકનું નામ પણ નહિ રહે. તે સદા પ્રસન્ન થઈને ભગવન્નામોનુંજ સ્મરણ–ચિંતન કરતો રહેશે. તેને માટે સંસારમાં નહિ તો કોઈ શત્રુ હોય કે મિત્ર, તે બધાને પોતાના પ્રિયતમનાં વહાલાં સંતાનો સમજીને ભાઈના સંબંધથી જીવમાત્રને વંદન કરશે અને

તેને પણ કોઇ દુઃખ દઇ શકશે નહિ. તેની સમક્ષ આવતાં ઝેરી સાપ પણ પોતાનો સ્વભાવ છોડી દેશે. ભગવન્નામનો મહિમાજ એવો છે.

મહાત્મા હરિદાસજી પુલિયાની પાસેજ પુણ્યસલિલા માતા જાહ્નવીના કિનારા ઉપર એક ગુફા બનાવીને તેમાં રહેતા હતા. તેમની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ હતી. હમેશાં ત્યાં સેંકડો માણસો તેમનાં દર્શન માટે તથા ગંગાસ્નાન નિમિત્તે તેમના આશ્રમ પાસે આવ્યા કરતાં હતાં. જે કોઈ મનુષ્ય તેમની ગુફા પાસે જતું, તેના શરીરમાં એક પ્રકારની ખુજલી આવતી. લોકોથી તેનું કંઈ પણ કારણ જાણી શકાતું નહિ. તે સ્થાનમાં જતાં શાંતિ તો બધાને થતી, પરંતુ ખુજલીને લીધે તેઓ ગભરાઇ જતા. લોકો આ બાબતમાં જાત જાતનાં અનુમાન કરવા લાગ્યા. એમ કરતાં કરતાં વાત સર્વત્ર ફેલાઇ ગઈ. ઘણાએ ચિકિત્સકોએ ત્યાંના જળવાયુની પરીક્ષા કરી, અંતે બધાએ કહ્યું કેઃ–" અહીં જરૂર કોઇ મહાઝેરી સાપ રહે છે. કોણ જાણે કેમ કરીને હરિદાસજી હજુ સુધી બચ્યા છે! તેના શ્વાસથીજ માણસનું મૃત્યુ થાય તેમ છે. તે ક્યાંક ઘણો અંદર રહીને શ્વાસ લે છે, તેની એટલી અસર થાય છે કે લોકોના શરીરમાં ખરજ–બળતરા થવા લાગે છે તો તે બહાર નીકળીને જોરથી ફૂંફાડો મારે તો તેના ફૂંફાડાથી મનુષ્ય બચી શકે નહિ. હરિદાસજી આ સ્થાનને તરતજ છોડીને બીજે ક્યાંક રહેવા જાય તો સારૂં, નહિ તો પ્રાણ-નાશનો ભય છે." ચિકિત્સકોની વાત સાંભળીને બધાએ હરિદાસજીને આગ્રહપૂર્વક વિનતિ કરી કે, આપ આ સ્થાન અવશ્યજ છોડી દો. આપ તો મહાત્મા છો, આપને ભલે તો કંઈ દુઃખ ન થતું હોય, પરંતુ બીજા લોકોને આપ-ના અહીં રહેવાથી ઘણું વધારે કષ્ટ પડશે. દર્શનાર્થીઓ આવ્યા સિવાય રહેશે નહિ અને અહીં આવતાં બધાને શારીરિક કષ્ટ [illegible] તેથી આપ [illegible] ક્યાંક રહીને આ સ્થાન [illegible]

હરિદાસજીએ બધાના આગ્રહથી તે સ્થાન છોડી દેવાનું કબૂલ કર્યું અને તે લોકોને આશ્વાસન આપતાં આપતાં કહ્યું:–"આપને મારે લીધે દુઃખ થાય એમ હું નથી ઇચ્છતો. જો કાલ સુધીમાં સાપ અહીંથી ચાલ્યો નહિ જાય તો હું કાલે સાંજેજ આ સ્થાનનો પરિત્યાગ કરીશ. કાલે કાં તો અહીં સાપજ રહેશે યા તો હું જ રહીશ; હવે અમે બન્ને સાથે સાથે અહીં રહી શકીશું નહિ."

તેમના આવા નિશ્ચયને સાંભળીને લોકોને ઘણો આનંદ થયો અને બધા પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. બીજે દિવસે ઘણા ભક્તો એકઠા થઈને હરિદાસજીની પાસે શ્રીકૃષ્ણકીર્તન કરતા હતા, તે સમયે બધા લોકોને તે અંધારા સ્થાનમાં ઘણો તેજસ્વી પ્રકાશ પડતો જણાયો. બધા ભક્તો તે પ્રકાશ તરફ જોવા લાગ્યા. સર્વેએ જોયું કે, એક ચિત્રવિચિત્ર રંગોવાળો મોટો સાપ ત્યાંથી નીકળીને ગંગાજી તરફ જાય છે. તેના મસ્તક ઉપર એક મોટો મણિ જડેલો છે. તેના તેજનો આટલો પ્રકાશ પડે છે. બધાએ તે ભયંકર સર્પને જોઇને આશ્ચર્ય દર્શાવ્યું. સાપ ધીરે ધીરે ગંગાજીને કિનારે કિનારે ઘણે દૂર ચાલ્યો ગયો. તે દિવસથી આશ્રમમાં આવનાર કોઇ પણ દર્શનાર્થીના શરીરમાં ખરજ આવતી નહોતી. ભક્તોનો એવોજ પ્રભાવ હોય છે. તેમના પ્રભાવ આગળ અજગર તો શું, પણ કાળકૂટ વિષને પચાવી જનારા દેવાધિદેવ મહાદેવજી પણ ભય પામે છે. આ બધો ભગવાનની ભક્તિનોજ મહિમા છે.

આ પ્રકારે મહાત્મા હરિદાસજી ફુલિયામાં રહેતા ભગવતી ભાગીરથીનું સેવન કરતા કરતા આચાર્ય અદ્વૈતના જલતરંગનો આનંદ લૂંટતા રહ્યા. અદ્વૈતાચાર્ય તેમના ગુરુ, પિતા, આશ્રયદાતા અથવા સર્વસ્વ હતા. તેમના ઉપર તેમનો અત્યંત ભક્તિભાવ હતો. જે દિવસે મહાપ્રભુનો જન્મ નવદ્વીપમાં થયો હતો, તે દિવસે આનંદની સાથે તેઓ પણ આનંદમાં ઉન્મત્ત થઈને નૃત્ય કરતા

હતા. આચાર્ય કહેતા હતા કે, આજ જગન્નાથપુત્ર કાળાન્તરમાં ગૌરાંગરૂપે લોકોનો ઉદ્ધાર તથા સમસ્ત દેશમાં શ્રીકૃષ્ણકીર્તનનો પ્રચાર કરશે. આચાર્યનાં વચનો ઉપર હરિદાસજીને પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેઓ પણ ગૌરાંગના પ્રકાશની પ્રતીક્ષામાં સતત શ્રીકૃષ્ણકીર્તન કરતા કરતા સમય ગાળવા લાગ્યા.

તે સમયે હિરણ્ય અને ગોવર્ધન મજમુદાર નામના બે ધનિક જમીનદાર ભાઈઓ સપ્તગ્રામમાં રહેતા હતા. તેમના કુલપુરોહિત પરમ વૈષ્ણવ શાસ્ત્રવેત્તા પં. બળરામ આચાર્ય હતા. આચાર્ય મહાશય વૈષ્ણવોનો ઘણોજ આદરસત્કાર કર્યા કરતા. અદ્વૈતાચાર્યજી સાથે તેમને ઘણોજ નિકટ સંબંધ હતો. બન્નેય વિદ્વાન હતા, કુલીન હતા, ભગવદ્-ભક્ત અને દેશ-કાળના મર્મને જાણનારા હતા, તેથી હરિદાસજી પણ કોઈ કોઈ વાર સપ્તગ્રામમાં જઈને બળરામ આચાર્યને ત્યાં રહેતા હતા. આચાર્ય તેમની નામનિષ્ઠા તથા ભગવદ્ભક્તિ જોઈને ઘણાજ પ્રસન્ન થતા અને હમેશાં તેમને પુત્રની પેઠે ચાહતા હતા. ગોવર્ધન મજૂમદારના પુત્ર રઘુનાથદાસ જ્યારે ભણવા માટે આચાર્યને ત્યાં આવતા હતા, ત્યારે હરિદાસજીને સદા નામજપ કરતાજ જોતા. તેથી તેઓ મનોમન તેમના પ્રત્યે ઘણી શ્રદ્ધાભકિત રાખવા લાગ્યા.

એક દિવસ આચાર્ય તેમને મજુમદારની સભામાં લઈ ગયા. મજુમદાર મહાશય પોતાના કુલગુરુનાં ચરણોમાં અત્યંત વિશ્વાસ રાખતા હતા, વૈષ્ણવ ભક્તોનો પણ ખૂબ આદરસત્કાર કરતા હતા. પોતાના કુલગુરુ સાથે હરિદાસજીને આવેલા જોઈને હિરણ્ય અને ગોવર્ધન બન્ને ભાઈઓએ આચાર્ય સાથે હરિદાસજીનો ઊઠીને સત્કાર કર્યો અને શિષ્ટાચાર દર્શાવતાં તેમને બેસવા માટે સુંદર આસન આપ્યું. [illegible]

હરે રામ હરે રામ રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

સભાના બધા માણસો અંચંબાથી તેમનાજ તરફ તાકીને જોઈ રહ્યા હતા. તેમના સતત નામજપ જોઈને તે બન્ને જમીનદાર ભાઈઓને તેમના પ્રત્યે સ્વાભાવિકપણેજ ઘણી ભારે શ્રદ્ધા બેસી ગઈ, તેમની સભામાં બીજા ઘણાયે પંડિતો બેઠા હતા. ભગવાનના નામજપનો પ્રસંગ આવતાં પંડિતોએ નમ્રતાપૂર્વક પૂછ્યું:–' ભગવન્નામ–જપનું અંતિમ ફળ શું છે? એથી કયા પ્રકારના સુખની પ્રાપ્તિ થાય છે? શું હરિનામ–સ્મરણથી બધાં દુઃખોનો તદ્દન અભાવ થઈ શકે છે? શું માત્ર નામજપથીજ મોક્ષ મળી શકે છે?"

હરિદાસજીએ નમ્રતાપૂર્વક હાથ જોડીને પંડિતોને જવાબ આપ્યો:–"મહાનુભાવો! આપ શાસ્ત્રજ્ઞ છો, ધર્મના મર્મને સારી રીતે જાણો છો. આપે બધા ગ્રંથો તથા વૈષ્ણવ શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. હું આપની સમક્ષ કહી પણ શું શકું? પરંતુ ભગવન્નામના મહિમાથી આત્મામાં સુખ મળે છે, તેથી કંઈક કહેવાનું સાહસ કરું છું. ભગવન્નામનું સર્વશ્રેષ્ઠ ફળ એ છે કે, એના જપથી હૃદયમાં એક પ્રકારની અપૂર્વ પ્રસન્નતા પ્રકટે છે, તે પ્રસન્નતાથી ઉપજતા સુખનો સ્વાદ લીધા કરવો એજ ભગવન્નામનું સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ ફળ છે. ભગવન્નામનો જપ કરનારા સાધકો મોક્ષ યા તો દુઃખોના તદ્દન અભાવની ઇચ્છાજ કરતા નથી. તે સગુણ–નિર્ગુણ બન્નેનાં ચક્કરોથી દૂર રહે છે. તેનું તો અંતિમ ધ્યેય ભગવન્નામ–જપનુંજ હોય છે. ગમે ત્યાં રહે, ગમે તે પરિસ્થિતિમાં રહે, કોઈ પણ યોનિ મળે, નિરંતર ભગવન્નામનું સ્મરણ થયા કરે. ક્ષણવાર પણ ભગવાનના નામથી છૂટા ન પડાય; એજ નામજપના સાધકનું અંતિમ લક્ષ્ય છે. ભગવન્નામના સાધકનું સાધન અને સાધ્ય ભગવન્નામજ છે. ભગવન્નામ વડે તે બીજા કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા રાખતો નથી. હું

તો આટલું જાણું છું. આથી વધારે જો આપ કંઇ બીજું જાણતા હો તો મને બતાવો."

તેમની આવી યુક્તિયુક્ત અને સારગર્ભિત મધુર વાણી સાંભળીને બધાને પરમ પ્રસન્નતા થઇ. તે સભામાં ગોપાલચંદ્ર ચક્રવર્તી નામના એજ જમીનદારનો એક કર્મચારી બેઠો હતો. તે ઘણો તાર્કિક હતો. તેણે હરિદાસની વાતનું ખંડન કરતાં કહ્યું:–"આ તો બધી ભાવિકતાની વાતો છે; જેઓ વાંચી–લખી શકતા નથી, તેઓજ આ રીતે મોટેથી નામ લેતા ફરે છે. યથાર્થ જ્ઞાન તો શાસ્ત્રોના અધ્યયનથીજ થાય છે. ભગવન્નામથી કંઈ દુઃખોનો નાશ ઓછોજ થઇ શકે છે? શાસ્ત્રોમાં જે ક્યાંક ક્યાંક નામની આટલી પ્રશંસા જણાય છે, તે કેવળ અર્થવાદ છે; યથાર્થ વાત તો બીજીજ છે."

હરિદાસજીએ કંઈક ભારપૂર્વક કહ્યું:–"ભગવન્નામમાં જે અર્થવાદનો અધ્યારોપ કરે છે, તેઓ શુષ્ક તાર્કિક છે. તેઓ ભગવન્નામના મહિમાને સમજીજ શકતા નથી. ભગવન્નામમાં અર્થવાદ હોઇજ શકતો નથી."

આથી ગોપાળચંદ્ર ચક્રવર્તીએ પણ પોતાની વાત ઉપર ભાર મૂકતાં કહ્યું:–"આ તો મૂર્ખાઓને ફોસલાવવાની વાતો છે. અજામિલ જેવો પાપી પોતાના પુત્રનું નારાયણ નામ લેતાંજ તરી ગયો તો શું ઘટઘટવાસી ભગવાન એટલું પણ સમજી શક્યા નહિ કે તેણે તો પોતાના પુત્રને બોલાવ્યો હતો? આ અર્થવાદ નહિ તો બીજું શું છે?"*

* [illegible]

હરિદાસજીએ કહ્યુંઃ–"આને અર્થવાદ કહેનારા પોતે-જ અર્થવાદી છે, તેમને હું કશું કહી શકતો નથી."

જોસમાં આવીને ગોપાળ ચક્રવર્તીએ કહ્યુંઃ–"જો ભગવન્નામસ્મરણ કરવાથી મનુષ્યની નીચતા જતી રહે તો હું મારૂં પોતાનું નાક કપાવી નાખું."

હરિદાસજીએ પણ જોશમાં આવીને કહ્યું કેઃ–"જો ભગવન્નામના જપથી નીચતાઓનો જડ-મૂળથી નાશ ન થઇ જાય તો હું મારાં નાક-કાન બન્નેય કપાવવા તૈયાર છું." વાતને બહુ વધતી જોઇને લોકોએ બન્નેને શાંત પાડ્યા. જમીનદાર પેલા માણસ ઉપર ઘણો નારાજ થયો. તેને વૈષ્ણવનો અપરાધી—ભગવન્નામથી વિમુખ સમજીને જમીનદારે તેને નોકરીમાંથી કાઢી મૂકયો. સાંભળ્યું છે કે, સમય જતાં તેનું નાક સાચેજ કપાઇ ગયું હતું.

આ પ્રકારનો બીજો બનાવ હરિનદી નામના ગામમાં બન્યો હતો. હરિનદી ગામના એક પંડિત માની–અહંકારી બ્રાહ્મણને પોતાના શાસ્ત્રજ્ઞાનનું ભારે અભિમાન હતું. હરિ-દાસજી હરતાં-ફરતાં, બેસતાં ઉઠતાં ઉચ્ચ સ્વરે–

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ મહામંત્રનો હમેશાં જપ કરતા રહેતા હતા. તેમને મુસલમાન અને મહામંત્રના અનધિકારી સમજીને તેણે તેમને પૂછ્યુંઃ–"મુસલમાનને માટે આ ઉપનિષદ્‌ના

દોષારોપ કરતો ન હતો.

(શ્રીમદ્‌ભાગવત–સ્કંધ ૬, અ૦ ૧, શ્લોક ૫૬,૫૭)

આવા પૂર્વસંસ્કારી અજામીલે "નારાયણ આવ–હે નારા-યણ! તું અહીં આવ" એમ કહીને ચાર અક્ષરવાળું ભગવાનના નામનું ઉચ્ચારણ કર્યું તેજ સમયે માત્ર નામોચ્ચારણથી પણ આ પાપીનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત થઇ ચૂક્યું.

(શ્રીમદ્‌ભાગવત–સ્કંધ ૬, અ૦ ૨, શ્લોક ૮)

ભિક્ષુ–અખંડાનંદ

હરિદાસજીએ તેજ પ્રમાણે નમ્રતાપૂર્વક કહ્યું:–"પંડિતજી ! શ્રદ્ધા થવીજ કઠણ છે. જો સાચેસાચ માત્ર ભગવન્નામ ઉપરજ પૂર્ણરૂપે શ્રદ્ધા બેસી જાય તો પછી શાસ્ત્રોની આવશ્યકતાજ રહેતી નથી. શાસ્ત્રોમાં પણ બીજું શું છે? સર્વત્ર "ભગવાન ઉપર શ્રદ્ધા રાખો" એજ વાકયો મળે છે. શ્રદ્ધા–વિશ્વાસની પુષ્ટિ કરવા માટેજ શાસ્ત્રો છે.

આવેશમાં આવીને બ્રાહ્મણે કહ્યું:–"જો માત્ર ભગવાનના નામના જપથીજ સર્વ કંઇ થઇ જાય તો હું મારાં નાક–કાન બન્ને કપાવી નાખીશ."

હરિદાસજી એમ કહેતા કહેતા ચાલ્યા ગયા કે 'જો આપને વિશ્વાસ ન હોય તો કંઇ નહિ. મેં તો મારા વિશ્વાસની વાત આપને કહી છે.' સાંભળ્યું છે કે તે બ્રાહ્મણનું નાક પીનસરોગથી સડી ગયું અને તે ગળી ગળીને ખરી પડયું. ભગવન્નામવિરોધીની જે પણ દશા થાય તે થોડીજ છે. સમસ્ત દુઃખોનું એકમાત્ર મૂળ કારણ ભગવન્નામથી વિમુખ થવું એજ છે."

આ પ્રકારે મહાત્મા હરિદાસજી ભગવન્નામનો મહિમા ફેલાવતા ગંગાજીને કિનારે રહેવા લાગ્યા. જ્યારે તેમણે સાંભળ્યું કે નવદ્વીપમાં ઉદય પામીને ગૌરચંદ્ર પોતાનાં શીતળ અને સુખમય કૃપાકિરણોથી ભક્તોનાં હૃદયોને ભક્તિ–રસામૃતથી સીંચી રહ્યા છે, ત્યારે તેઓ પણ તે નિષ્કલંક પૂર્ણચંદ્રની છત્રછાયામાં આવી નવદ્વીપમાં રહેવા લાગ્યા. તેઓ અદ્વૈતાચાર્યના કૃપાપાત્ર તો પહેલેથીજ હતા. તેથી તેમને પ્રભુના ભક્ત થવામાં અધિક સમય લાગ્યો નહિ. થોડાજ દિવસોમાં તેઓ પ્રભુના મુખ્ય કૃપાપાત્ર ભક્તોમાં ગણાવા લાગ્યા. તેમની ભગવન્નામનિષ્ઠાનો બધા ભક્તો ખૂબ આદર કરતા હતા. પ્રભુ તેમને ઘણા ચાહતા હતા. તેમણે પણ પોતાનું સર્વસ્વ પ્રભુનાં ચરણકમળોમાં અર્પણ કરી દીધું હતું. તેમની પ્રત્યેક ચેષ્ટા પ્રભુની ઇચ્છાનુસારજ થતી હતી. તેઓ ભક્તોની સાથે આખી રાત

નૃત્ય કર્યા કરતા હતા અને નૃત્યમાં બેશુદ્ધ થઇને પડી જતા હતા. આ પ્રકારે શ્રીવાસ પંડિતનું ઘર શ્રીકૃષ્ણ-સંકીર્તનનું મુખ્ય સ્થાન બની ગયું. સાંજ પડતાંજ બધા ભક્તો એકઠા થતા હતા. ભક્તો એકઠા થઈ ગયા પછી કમાડ બંધ કરી દેવામાં આવતાં હતાં અને પછી સંકીર્તન શરૂ થતું. પછી ગમે તે આવે તોપણ તેને માટે કમાડ ઉઘાડવામાં આવતાં નહિ. તેથી ઘણા માણસો નિરાશ થઇને પાછા ફરતા અને સંકીર્તન સંબંધમાં જાતજાતની ખરાબ વાતો ફેલાવતા હતા. આ પ્રકારે એક બાજુ તો સજ્જન ભક્તો સંકીર્તનના આનંદમાં પરમાનંદનો રસાસ્વાદ લેવા લાગ્યા, ત્યારે બીજી બાજુ નિંદક લોકો સંકીર્તન પ્રત્યેના ખરાબ ભાવોનો પ્રચાર કરતા પોતાના આત્માને કલુષિત કરવા લાગ્યા.



એક દિવસ પ્રાતઃકાળેજ બધા ભક્તો શ્રીવાસ પંડિ-
તને ઘેર ભેગા થવા લાગ્યા. એક એક કરીને બધા ભક્તો
ત્યાં એકઠા થઇ ગયા. તેમાંથી મુખ્ય મુખ્ય ભક્તોનાં નામ
આ પ્રમાણે છેઃ અદ્વૈતાચાર્ય, નિત્યાનંદ, શ્રીવાસ, ગદાધર,
મુરારી ગુપ્ત, મુકુંદ દત્ત, નરહરિ, ગંગાદાસ, મહાપ્રભુના
મામા ચંદ્રશેખર આચાર્યરત્ન, પુરુષોત્તમ આચાર્ય (સ્વ-
રૂપ દામોદર), વક્રેશ્વર, દામોદર, જગદાનંદ, ગોવિંદ,
માધવ, વાસુદેવ ઘોષ, સારંગ તથા હરિદાસ વગેરે વગેરે
તેમના સિવાય બીજા પણ ઘણા ભક્તો ત્યાં હાજર હતા.

એક પહોર દિવસ ચઢતાં ચઢતાં ઘણા ખરા બધા
મુખ્ય મુખ્ય ભક્તો શ્રીવાસ પંડિતને ઘેર આવી ગયા હતા.
એટલામાંજ પ્રભુ પધાર્યા. પ્રભુના પધારતાંજ ભક્તોનાં
હૃદયોમાં એક પ્રકારના નવજીવનનો સંચાર થવા લાગ્યો.
બીજા દિવસોએ તો પ્રભુ અનન્ય ભક્તોની પેઠે આવીને
બેસતા અને બધાની સાથે મળીને ભક્તિભાવથી બહુ વાર
સુધી સંકીર્તન કર્યા કરતા ત્યારે ક્યાંક કોઇ દિવસ ભગ-
વદાવેશ આવતો, પરંતુ આજે તો તેઓ સીધા આવીને
એકદમ ભગવાનના સિંહાસન ઉપરજ બેસી ગયા. સિંહા-
સનની મૂર્તિઓ એક બાજુ ખસેડી દીધી અને તેઓ શાંત,
ગંભીર ભાવે ભગવાનના આસન ઉપર બેસી ગયા. તેમના
બેસતાંજ ભક્તોના હૃદયમાં એક પ્રકારનો વિચિત્ર જેવો
પ્રકાશ જણાવા લાગ્યો. બધા આશ્ચર્ય અને સંભ્રમભાવથી
પ્રભુના શ્રીવિગ્રહ–સ્વરૂપ તરફ જોવા લાગ્યા. પરંતુ કોઇને
તેમના તરફ વધારે વાર જોવાનું સાહસજ થતું નહિ. ભક્તો-
ને તેમનું સમસ્ત શરીર તેજોમય પરમ પ્રકાશયુક્ત જ-
ણાવા લાગ્યું. જાણે હજારો સૂર્ય–ચંદ્રો એકજ સ્થાને પ્રકાશી
મ... હ્યા ! ઘણો પ્રયત્ન કરવા છતાં પણ કોઇની દૃષ્ટિ
... એકદમ, ચારે
ભક્ત... ... ફેલાતાં
હતા. ... તણુ-
અર્પણ કરી ... ના
નુસારજ

એક દિવસ પ્રાતઃકાળેજ બધા ભક્તો શ્રીવાસ પંડિતને ઘેર ભેગા થવા લાગ્યા. એક એક કરીને બધા ભક્તો ત્યાં એકઠા થઇ ગયા. તેમાંથી મુખ્ય મુખ્ય ભક્તોનાં નામ આ પ્રમાણે છેઃ–અદ્વૈતાચાર્ય, નિત્યાનંદ, શ્રીવાસ, ગદાધર, મુરારી ગુપ્ત, મુકુંદ દત્ત, નરહરિ, ગંગાદાસ, મહાપ્રભુના માસા ચંદ્રશેખર આચાર્યરત્ન, પુરુષોત્તમ આચાર્ય (સ્વરૂપ દામોદર), વક્રેશ્વર, દામોદર, જગદાનંદ, ગોવિંદ, માધવ, વાસુદેવ ઘોષ, સારંગ તથા હરિદાસ વગેરે વગેરે તેમના સિવાય બીજા પણ ઘણા ભકતો ત્યાં હાજર હતા.

એક પહોર દિવસ ચઢતાં ચઢતાં ઘણા ખરા બધા મુખ્ય મુખ્ય ભકતો શ્રીવાસ પંડિતને ઘેર આવી ગયા હતા. એટલામાંજ પ્રભુ પધાર્યા. પ્રભુના પધારતાંજ ભકતોનાં હૃદયોમાં એક પ્રકારના નવજીવનનો સંચાર થવા લાગ્યો. બીજા દિવસોએ તો પ્રભુ અનન્ય ભકતોની પેઠે આવીને બેસતા અને બધાની સાથે મળીને ભક્તિભાવથી બહુ વાર સુધી સંકીર્તન કર્યા કરતા ત્યારે કયાંક કોઇ દિવસ ભગવદાવેશ આવતો, પરંતુ આજે તો તેઓ સીધા આવીને એકદમ ભગવાનના સિંહાસન ઉપરજ બેસી ગયા. સિંહાસનની મૂર્તિઓ એક બાજુ ખસેડી દીધી અને તેઓ શાંત, ગંભીર ભાવે ભગવાનના આસન ઉપર બેસી ગયા. તેમના બેસતાંજ ભકતોના હૃદયમાં એક પ્રકારનો વિચિત્ર જેવો પ્રકાશ જણાવા લાગ્યો. બધા આશ્ચર્ય અને સંભ્રમભાવથી પ્રભુના શ્રીવિગ્રહ–સ્વરૂપ તરફ જોવા લાગ્યા. પરંતુ કોઇને તેમના તરફ વધારે વાર જોવાનું સાહસજ થતું નહિ. ભકતોને તેમનું સમસ્ત શરીર તેજોમય પરમ પ્રકાશયુક્ત જણાવા લાગ્યું. જાણે હજારો સૂર્ય–ચંદ્રો એકજ સ્થાને પ્રકાશી રહ્યા ન હોય! ઘણો પ્રયત્ન કરવા છતાં પણ કોઇની દૃષ્ટિ પ્રભુના આગળ બહુ વાર ટકી શકતી નહિ. એકદમ, ચારે બાજુ સ્વચ્છ શ્વેત પ્રકાશનાં જ્યોતિર્બિંબ ફરતાં દેખાતાં હતાં. જાણે અગ્નિની જ્વાળાઓમાંથી મોટા મોટા તણખાઓ આકાશમાં ઉડી ઉડીને અંધકારનો નાશ કરતા ન

બધા નાચતા જતા હતા અને મનોમન પ્રસન્ન થતા હતા. આ પ્રમાણે કલાકો સુધી સ્નાનજ ચાલ્યા કર્યું. જ્યારે બધાએ પોતપોતાની ઇચ્છાનુસાર સ્નાન કરાવી દીધું એટલે પ્રભુના શરીરને એક પાતળા સુંદર સ્વચ્છ વસ્ત્રથી લૂછવામાં આવ્યું. તે સમયે શ્રીવાસ પંડિત પોતાના ઘરમાંથી નવું પાતળું રેશમી વસ્ત્ર કાઢી લાવ્યા. તે સુંદર વસ્ત્રોને ભક્તોએ વિધિપૂર્વક પ્રભુના શરીરે પહેરાવ્યાં અને પછી તેમને એક સજાવેલા સુંદર સિંહાસનપર વિરાજમાન કર્યા.

પ્રભુ સિંહાસને બેઠા પછી ભક્તોએ વારંવાર પ્રભુનાં અંગોમાં કેસર, કપૂર તથા કસ્તૂરીવાળાં ચંદન લગાવ્યાં. ચરણોમાં તુલસી અને ચંદન ચઢાવ્યાં. માળાઓ ઘરમાં થોડીજ હતી, એમ સમજીને કેટલાક ભક્તો તે સમયે બજારમાં દોડયા અને ઘણી સુંદર સુંદર માળાઓ ખરીદી લાવ્યા. બધાએ એકે એકે પ્રભુના ગળામાં માળાઓ પહેરાવી. ભક્તોએ ચઢાવેલાં પુષ્પોથી પ્રભુનાં ચરણકમળો બિલકુલ ઢંકાઇ ગયાં અને માળાઓથી ડોક ભરાઇ ગઇ. પ્રભુએ બધા ભક્તોને પોતાના હાથે પ્રસાદીની માળા આપી, તે લઇ ભક્તો આનંદપૂર્વક નૃત્ય કરવા લાગ્યા.

શ્રીવાસ તો બેભાન હતા. તેમની દશા તો જાણે કોઈ આજન્મ દરિદ્રીને પારસમણિની પ્રાપ્તિ થઇ હોય તેના જેવી હતી. તેમનું હૃદય તલપાપડ થતું હતું કે પ્રભુની આ અલૌકિક છબીનાં દર્શન કોને કોને કરાવી દઉં ? જ્યારે કોઇ પ્રિય વસ્તુ જોવા મળે છે, ત્યારે હૃદયમાં એ વસ્તુનાં દર્શન પોતાનાં બધાં પ્રિયજનોને કરાવવાની ઇચ્છા સ્વાભાવિકજ થાય છે. એમ વિચારીને તેમણે અદ્વૈતાચાર્યજીના કાનમાં કહ્યું:—" શચીમાતા મારા ઉપર બહુ ચિડાયા કરે છે. તેઓ મને વારંવાર કહે છે કે, તમે બધાએ મળીને મારા નિમાઇને બગાડી નાખ્યો. પહેલાં તો કેવો સીધો સાદો હતો! હવે તો કેવું [illegible] તમે બધા એને શું શું શીખવી દો છો ? આજે માતાને બતાવું કે જો, તારો નિમાઇ [illegible] આ છે ! આ તારો પુત્ર નથી.

પરંતુ પ્રભુ સમસ્ત જગતનો પિતા છે. જો આપની ઇચ્છા હોય તો હું શચી માતાને બોલાવી લાવું."

આચાર્યે શ્રીવાસની વાતનું સમર્થન કરતાં કહ્યું:–"હા હા, અવશ્ય. શચીમાતાને જરૂર દર્શન કરાવવાં જોઇએ."

આટલું સાંભળતાંજ શ્રીવાસ પંડિત જલદી દોડી જઇને શચી માતાને બોલાવી લાવ્યા. શચી માતાને જોતાંજ અદ્વૈતાચાર્ય કહેવા લાગ્યાઃ–" માતા ! આ સામે જુઓ, જેને તમે તમારા કહેતાં હતાં, તે હવે તમારા પુત્ર રહ્યા નથી. હવે તમે તેમનાં દર્શન કરો અને તમારા જીવનને સફળ બનાવો. "

માતા ચકિત થઇને ચૂપચાપ ઉભાં રહ્યાં. તેમને કંઇ પણ ખબર ન પડી કે તેમણે શું કરવું જોઇએ. શ્રીવાસ પંડિતે માતાની આવી સ્થિતિ જોઇને દીન-ભાવે પ્રાર્થના કરી:–" પ્રભો ! આ જગન્માતા શચીદેવી સામે ઉભાં છે. તેમને આપનાં માતા થવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમના ઉપર કૃપા કરવી જોઇએ. તેમને આપના ખરા સ્વરૂપનાં દર્શન થાય એવી અમારી પ્રાર્થના છે. "

પ્રભુએ હુંકાર કરતાં કહ્યું:–" શચીમાતા ઉપર કૃપા થઈ શકે નહિ. તે હમેશાં વૈષ્ણવોને કહ્યા કરે છે કે બધા વૈષ્ણવોએ મળીને મારા નિમાઇને ખરાબ કરી નાખ્યો."

પ્રભુની આવી વાત સાંભળીને અદ્વૈતાચાર્યે કહ્યું:– " પ્રભો ! માતાને આપના પ્રત્યે વાત્સલ્યભાવ છે. તે જે કંઈ કહે છે તે વાત્સલ્ય-સ્નેહને વશ થઇને કહે છે. વૈષ્ણવો પ્રત્યે તેમના હૃદયમાં દ્વેષભાવ નથી. તેમની ઉપાસના વાત્સલ્યભાવનીજ છે. તેમના ઉપર કૃપા અવશ્ય થવી જોઇએ.

અદ્વૈતાચાર્ય આ પ્રાર્થના કરતાજ હતા તેવામાં ધીરેથી શ્રીવાસ પંડિતે માતાના કાનમાં કહ્યું:–"તમે પ્રભુનાં ચરણકમળોમાં પ્રણામ કરો." માતા પુત્રને પ્રણામ કરતાં કંઇક અચકાવા લાગ્યાં, એટલે આચાર્યે જોર દઇને કહ્યું: " મા ! હવે તમે નિમાઈના ભાવને ભૂલી જાઓ. તેમને ભગવદ્બુદ્ધિથી પ્રણામ કરો. વાર કરવાનું કામ નથી, "




ગુરુ આચાર્યનો આવો આદેશ જોઈને માતાએ આ-ગળ આવીને પ્રભુના ચરણકમળોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં અને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યાં કે " હે ભગવન્! હું અજ્ઞાન સ્ત્રી તમારા વિષે કશુંજ જાણતી નથી કે તમે કોણ છો ! તમે જે પણ હો તે મારા ઉપર કૃપા કરો." માતાને પ્રણામ કરતાં જોઈને પ્રભુએ તેમના મસ્તક ઉપર પોતાનાં ચરણો મૂકતાં કહ્યું:-" જાઓ, બધા વૈષ્ણવના અપરાધ માફ થઈ ગયા, તમારા પર પૂર્ણ કૃપા છે." માતા આ સાંભળીને આનંદમગ્ન થઈને રુદન કરવા લાગ્યાં.

હવે તો બધા ભક્તો ક્રમશઃ પ્રભુની વિવિધ પ્રકારે પૂજા કરવા લાગ્યા. કોઈ ધૂપ ચઢાવતું, કોઈ દીવો મૂકતું, કોઈ ફળફૂલ અર્પણ કરતું અને કોઈ કોઈ નવીન નવીન સુંદર વસ્ત્ર લાવીને પ્રભુના શરીર ઉપર ધારણ કરાવતા. આ પ્રકારે બધાએ પોતપોતાની ઇચ્છાનુસાર પ્રભુની પૂજા કરી. હવે ભોગની વારી આવી. બધા પોતપોતાની ઇચ્છા અને રુચિ અનુસાર વિવિધ પ્રકારના પદાર્થો, જાત જાતની મિઠાઈઓ, વિધવિધ ફળો થાળીમાં સજાવી સજાવીને પ્રભુ-ના ભોગને માટે લાવ્યા. બધા પ્રસન્નતાપૂર્વક પ્રભુના હાથો-માં જાત જાતની વસ્તુઓ આપવા લાગ્યા. કોઈ તો મિઠાઈ આપીને કહેતું:-" પ્રભુ ! આનો ભોગ ધરો." અને પ્રભુ તે પ્રેમપૂર્વક ખાઈ જતા. કોઈ ફળ આપી પ્રાર્થના કરતું:-" આનો સ્વીકાર કરો." પ્રભુ ચૂપચાપ ફળ ખાઈ જતા. કોઈ કોઈ લાડુ, પેંડા તથા જાત જાતની મિઠાઈ આપતા. કોઈ વાડકામાં દૂધ લઈને પ્રાર્થના કરતું-" પ્રભો ! આ આરોગી જાઓ." પ્રભુ તે પણ પી જતા. તે સમયે જેણે જે પણ વસ્તુ પ્રેમપૂર્વક આપી, તે પ્રભુએ ખાઈ લીધી, કોઈની વસ્તુનો અસ્વીકાર ના કર્યો. ભલા અસ્વીકાર કરી પણ શી રીતે શકે ? તેમની તો પ્રતિજ્ઞા છે કે, જો કોઈ ભક્તિ-પૂર્વક મને ફળ-ફૂલ યા પાન પણ આપે છે, તો તે ફૂલ-પાનને પણ હું ખુશી થઈને ખાઈ જાઉં છું. પછી ભક્તોએ પ્રેમથી આપેલા નૈવેદ્યને તેઓ કેવી રીતે છોડી શકે ? તે

દિવસે પ્રભુએ કેટલું ખાધું અને ભક્તોએ કેટલું ખવડાવ્યું તેનું કંઈ પણ અનુમાન કરી શકાય તેમ નથી. બધાનો પ્રેમપ્રસાદ ગ્રહણ કર્યા પછી શ્રીવાસ પંડિતે પોતાના પૂજતા હાથ વડે પ્રભુને સુગંધીદાર તાંબૂલ અર્પણ કર્યું. પ્રભુ પ્રેમપૂર્વક તાંબૂલ ચાવવા લાગ્યા. બધા વારી પ્રમાણે પાન ભેટ આપવા લાગ્યા. પ્રભુ તેનો સ્પર્શ કરીને ભક્તોને પ્રસાદરૂપે આપતા હતા. પ્રભુએ આપેલા પાનને લઈને બધા ભક્તો પોતપોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા.

તાંબૂલ-ભક્ષણ પછી પ્રભુ મંદ મંદ હાસ્યપૂર્વક બધા ઉપર પોતાની કૃપાદૃષ્ટિ ફેરવતા ફેરવતા કેટલીક પ્રેમની વાતો કહેવા લાગ્યા. તે સમયે તેમના મુખમાંથી જે પણ વાતો નીકળતી, તે બધી અમૃતરસથી સિંચેલી હતી. ભક્તોના હૃદયમાં તે એક પ્રકારે વિચિત્ર પ્રકારનો રોમાંચ ઉત્પન્ન કરતી હતી. પ્રભુની તે સમયની વાણીમાં એટલું આકર્ષણ હતું કે બધા હાલ્યા ચાલ્યા સિવાય, એક આસન ઉપર બેઠા બેઠા પ્રભુના મુખમાંથી નીકળતા ઉપદેશરૂપી રસામૃતનું સતત પાન કરતા હતા. કોઈને કંઈ ખબરજ નહોતી કે, પોતે કયા લોકમાં બેઠા છે ? તે સમયે ભક્તોને માટે આ દૃશ્યજગતના પ્રપંચોનો એક પ્રકારે તદ્દન અભાવજ થઈ ગયો હતો. પ્રાતઃકાળથી બેસતાં બેસતાં સાંજ પડી ગઈ, ભગવાન ભુવનભાસ્કર પણ પ્રભુના ભાવ-પરિવર્તનની રાહ જોતા જોતા અસ્તાચળે ચાલ્યા ગયા, પરંતુ પ્રભુના ભાવમાં અણુમાત્ર પણ પરિવર્તન થયું નહિ. ભક્ત પણ તેજ પ્રકારે પ્રેમપાશમાં બંધાયેલા ત્યાંજ બેસી રહ્યા.

શ્રીવાસ પંડિતના સેવકોએ ઘરમાં દીવા પ્રગટાવ્યા, પરંતુ તે ક્ષીણ દીપકોની જ્યોતિ પ્રભુના દેહના દિવ્ય પ્રકાશમાં ઝાંખી ઝાંખી જણાવા લાગી. કોઈને ખબરજ પડી નહિ કે, દિવસ ક્યારે પૂરો થયો અને રાત્રિ ક્યારે પડી ? બધા તે દિવ્ય તેજના પ્રકાશમાં પોતાની જાતનું ભાન ભૂલીને બેઠા હતા.



भक्तोने भगवाननां दर्शन

मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्तास्वपित्रोः शिशुः।
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्त्वं परं योगिनां
वृष्णीनां परदेवतेति विदितो रङ्गं गतः साग्रजः ॥

(શ્રીમદ્ભાગવત ૧૦–૪૩–૧૭)

અર્થાત્ જે સમયે ભગવાને કંસના સભામંડપમાં પ્રવેશ કર્યો, તે સમયે રંગમંડપમાં હાજર રહેલા બધા લોકોને તેમની ભાવનાઓ પ્રમાણે ભિન્ન ભિન્ન રૂપ જણાયાં. મલ્લોને તેમનું શરીર વજ્ર સમાન, નરોને નરપતિ સમાન, સ્ત્રીઓને કામદેવના સમાન, ગોપોને મિત્ર સમાન, દુષ્ટ જનોને સજીવ દંડ સમાન, પોતાનાં માતાપિતાને પુત્ર સમાન, કંસને મૃત્યુ સમાન, અજ્ઞાનીઓને વિરાટ્ સમાન, યોગીઓને પરમ તત્ત્વ સમાન અને યાદવોને પરમ દેવતા સમાન દેખાવા લાગ્યા.

જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરતી દેખી તિન્હ તૈસી.

શ્રીકૃષ્ણ ભગવાને જ્યારે બળદેવજી સાથે કંસના રંગમંડપમાં પ્રવેશ કર્યો, ત્યારે ત્યાં ભિન્ન ભિન્ન પ્રકૃતિના મનુષ્યો બેઠેલા હતા. તેમણે પોતપોતાની ભાવના અનુસાર ભગવાનના શરીરમાં ભિન્ન ભિન્ન રૂપોનાં દર્શન કર્યાં હતાં. તેથી ત્યાં હાજર રહેલાં નરનારીઓને પોતપોતાની પ્રકૃતિ અનુસાર નવે રસોનો અનુભવ થયો. કોઈ તો ભગવાનનું રૂપ નિરખીને હસી ગયા, કોઈ ધ્રુજવા લાગ્યા, કોઈ ચિડ[illegible] લાગ્યા, કોઈ [illegible] લાગ્યા, કેટલાક [illegible]

પ્રેમ ઉત્પન્ન થયો અને કોઈને ક્રોધ ઉત્પન્ન થયો. ઓસ્ટ્રે
તો તેઓ સાક્ષાત્ કામદેવજ જણાયા; પરંતુ અહીં પ્રભુ
પ્રકાશને સમયે બધા એકજ પ્રકૃતિના ભગવદ્‌ભક્ત
તેથી પ્રભુના મહાભાવથી બધાને સમાન ભાવે અ
થયો, બધાએ તેમના તેજના પ્રકાશમાં મુખનોજ અનુ
કરી, બધાએ તેમાં ભગવત્તાનાંજ દર્શન કર્યાં; પરંતુ બ
ના ઇષ્ટદેવ ભિન્ન ભિન્ન હોવાથી એકજ ભગવાન તેમને
ભિન્ન ભાવે દેખાયા. બધાએ પ્રભુના શરીરમાં પોતપોત
ઇષ્ટદેવનુંજ સ્વરૂપ જોયું.

ઓથી પહેલાં વાત વાતમાંજ પ્રભુએ શ્રીવાસ પ
ઉપર કૃપા કરી. તેમણે શ્રીવાસ પંડિતને સંબોધન
કર્યું:—"શ્રીવાસ! તમે મારા પરમ કૃપાપાત્ર છો, હું
યાં તમારી દેખરેખ રાખું છું. તમને પેલો બનાવ
છે કે જ્યારે તમે દેવાનંદ પંડિતને ત્યાં બીજા ઘણા
સાથે શ્રીમદ્‌ભાગવતનો પાઠ સાંભળતા હતા? પાઠ સાં
તાં સાંભળતાં વચમાંજ તમે ભાવાવેશમાં આવીને મૂ
થઈ ગયા હતા. તે સમયે તમારા ભાવાવેશને ન તે
ડિતજી સમજી શક્યા હતા કે ન તો તેમના શિષ્યો
સમજી શક્યા હતા. શિષ્યો તમને ખભા ઉપર ઉ
તમારે ઘેર પહોંચાડી ગયા હતા. તે સમયે મેંજ
ભાનમાં આણ્યા હતા, અને મેંજ તમારી મૂર્છાને
કર્યો હતો."

પ્રભુના મુખેથી પોતાની આ ગુપ્ત ઘટના સાં
શ્રીવાસ પંડિતને પરમ આશ્ચર્ય થયું. તેમણે આ
કોઈની આગળ પ્રગટ કરી નહોતી. ત્યાર પછી પ્રભુ
તાચાર્યને ઉદ્દેશીને કહેવા લાગ્યા:—"આચાર્ય! ત
દિવસની યાદ છે કે જ્યારે તમને શ્રીમદ્ ભગવદ્
નીચેના શ્લોક ઉપર શંકા થઇ હતી:—

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

(ગીતા

અને [illegible] ભોજન કર્યા સિવાયજ સૂઈ ગયા હતા. [illegible] શ્રી મેં જ 'पाणिपादं नन' ની જગાએ 'पाणिपादान्तः' [illegible] આમારી શંકાઓનું નિવારણ કર્યું હતું [illegible] નમીને આચાર્યે પ્રભુનાં ચરણોમાં [illegible] ભક્તો એ ભગવદ્દાવેશમાં આસન ઉપર બેઠેલ પ્રભુની નૈવેદ્ય–આરતીનો પ્રબંધ કર્યો. એક ઘણી મોટી આરતી સજાવવામાં આવી. ભક્તો પોતાના હાથ વડે શંખ, ઘડિયાળ, મૃદંગ તથા બીજાં જાતજાતનાં વાદ્યો વગાડવા લાગ્યા. શ્રીવાસ પંડિતે શચી માતાના હાથમાં આરતી આપીને તેમને આરતી કરવા કહ્યું. શ્રીવાસનાં પત્નીની મદદથી વૃદ્ધ માતાએ પોતાના ધ્રૂજતા હાથો વડે પ્રભુની આરતી કરી. તે વખતે બધા ભક્તો આનંદમાં ઉન્મત્ત થઈને વાદ્ય–વાજિંત્ર વગાડતા હતા. જેમ તેમ આરતી સમાપ્ત કરવામાં આવી. શ્રીવાસ પંડિતે શચી માતાને ઘેર મોકલી દીધાં. હવે બધા ભક્તોના વરદાનની વારી આવી. પ્રભુના લગભગ બધા અંતરંગ ભક્તો તે સમયે ત્યાં હાજર હતા, પરંતુ તેમના પરમ પ્રિય ભક્ત શ્રીધર ત્યાં નહોતા.

ભક્ત શ્રીધરથી તો વાચક પરિચિતજ હશે. તેઓ કેળનાં ફૂલ (ડોડા) અને ખોલ* (કેળની અંદરનો ફૂણો ફૂણો ભાગ) વેચનારા એજ ભાગ્યવાન ભક્ત છે કે જેમને પ્રભુ હમેશાં છેડ્યા કરતા હતા અને ઘડી બે ઘડી હેરાન કરીનેજ અર્ધી કિંમતે તેમની પાસેથી ખોલ લેતા હતા. કેળની જાડી જાડી છાલની નીચેના ભાગમાં જે મોટી નરમ ડાંડળી જેવો ભાગ બાકી રહે છે, તેને બંગાળમાં ખોલ કહે છે. બંગાળમાં તેનું શાક બને છે. પ્રભુના ભોજનમાં જ્યાં સુધી શ્રીધરના ખોલનું શાક થતું નહિ ત્યાં સુધી તેમને બીજા પદાર્થો સ્વાદિષ્ટજ લાગતા નહિ. કેળના ફૂણા

---

* જેને લેખક 'ખોલ' કહે છે તેને બંગાળમાં 'ડોર' કહે છે. તેનું શાક બને છે. કેળનાં ફૂલ–ડોડા કેળાં, તેને 'મોચા' કહે છે. ને કાચાં કેળાંનો શાક તરીકે ખૂબ ઉપયોગ થાય છે. કેળનાં પાન જમવાના પતરાળા તરીકે સારી પેઠે વપરાય છે. અનુવાદક

ફૂળા ડાંડળા થાય છે, તેને કાપી કાપીને અને પાનની પાતળી કરીને ઘણા ગરીબ દુકાનદારો તે પણ વેચે છે. તેમાં સ્ત્રીઓ તથા પુરુષો પૂજનની સામગ્રી રાખીને પૂજા કરવા માટે લઇ જાય છે. ધીવરજી એજ ચીજો વેચીને પોતાનો ગુજારો કરતા હતા. તેમાંથી જે આવક થતી હતી, તેમાંથી અર્ધી વડે તો તેઓ દેવપૂજન તથા ગંગાપૂજન વગેરે કરતા અને અર્ધી વડે ગમે તેમ કરીને પેટ ભરતા. રાત-દિવસ તેઓ ઉચ્ચ સ્વરે હરિનામકીર્તન કર્યા કરતા હતા. તેથી તેમની પાસે રહેનારા માણસો તેમના ઉપર ઘણા નારાજ રહેતા હતા. તેઓ કહેતા હતા કે 'આ ડોસો રાત્રે કોઇને ઉંઘવાજ દેતો નથી.' આ ગરીબ દુકાનદારની બધા ઉપેક્ષા કરતા હતા. કોઇ પણ તેમને ભક્તતરીકે માનતું નહિ, પરંતુ પ્રભુને તેમના ઉપર હાર્દિક સ્નેહ હતો. તેઓ તેમની ભગવદ્ભક્તિને જાણતા હતા, તેથી તેમણે ભગવદ્ભાવમાં પણ તેમનું સ્મરણ કર્યું.

ધીવરનું ઘર ઘણે દૂર ગામને બીજે ખૂણે હતું. આ સાંભળતાંજ ચાર પાંચ ભક્તો દોડી ગયા. તે સમયે ધીવર આનંદમાં પડ્યા પડ્યા શ્રીહરિનાં મધુર નામોનું સંકીર્તન કરતા હતા. લોકોએ જઇને કમાડ ખખડાવ્યાં. "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે! હે નાથ નારાયણ વાસુદેવ" કહેતાં કહેતાંજ તેમણે કહ્યું: "કોણ છે?"

ભક્તોએ જલદીથી કહ્યું: "કમાડ તો ખોલો, એટલે આપોઆપજ ખબર પડશે કે કોણ છે? જલદીથી બારણું તો ખોલો!"

આ સાંભળીને ધીવરે બારણું ઉઘાડ્યાં અને ઘણીજ નમ્રતાપૂર્વક ભક્તોને આવવાનું કારણ પૂછયું. ભક્તોએ જલદીથી કહ્યું: "પ્રભુએ તમને યાદ કર્યા છે. તમે ચાલો, જલદી ચાલો."

આ દીન-હીન કંગાળને પ્રભુએ યાદ કર્યો છે એ સાંભળતાંજ ધીવર પ્રેમને લીધે બેભાન થઇ ગયા. તેઓ 'હાય' કરીને એકદમ ધડામ કરતા પૃથ્વી પર પડી ગયા.

તેમને [illegible] નહિ. ભક્તોએ વિચાર્યું: [illegible] પરંતુ પ્રભુની આજ્ઞા [illegible] મૂર્છિત શ્રીધરને ઊભા [illegible] તેમને પ્રભુની પાસે [illegible] શ્રીધર હજી સુધી અચેતન દશામાંજ હતા, પ્રભુએ [illegible] કમળોથી તેમનો સ્પર્શ કર્યો. પ્રભુનો સ્પર્શ થતાંજ શ્રીધર ચેતનામાં આવ્યા. શ્રીધરને ચેતનવાળા જોઇને પ્રભુ તેમને કહેવા લાગ્યા:-" શ્રીધર! તમે મારા રૂપનાં દર્શન કરો. તમારી આટલા દિવસોની મનોકામના પૂર્ણ થઇ." શ્રીધરે રડતાં રડતાં પ્રભુના તેજોમય રૂપનાં દર્શન કર્યાં. પછી પ્રભુએ તેમને સ્તુતિ કરવાની આજ્ઞા આપી. શ્રીધર હાથ જોડીને ગદ્દગદ્દ કંઠથી કહેવા લાગ્યા:-" હું દીન-હીન પતિત તથા લોકબહિષ્કૃત અધમ પુરુષ ભલા પ્રભુની શી સ્તુતિ કરી શકું ? પ્રભો ! હું ઘણોજ અપરાધી છું. આપનો યથાર્થ મહિમા નહિ સમજીને હું સદા આપની સાથે ઝઘડોજ કરતો રહ્યો છું. આપ મને વારંવાર સમજાવતા, પરંતુ માયાના ચક્કરમાં પડેલો હું અજ્ઞાની આપના ગૂઢ રહસ્યને ઠીક ઠીક ન સમજી શકયો. આજ આપના યથાર્થ રૂપનાં દર્શનથી મારો અજ્ઞાનાંધકાર દૂર થયો છે. હવે હું પ્રભુ સમક્ષ મારા સમસ્ત અપરાધોની ક્ષમા ઇચ્છું છું."

પ્રભુએ ગદ્દગદ્દ કંઠે કહ્યું: " શ્રીધર ! હું તમારા ઉપર અત્યંત સંતુષ્ટ છું. તમે હવે તમારી ઇચ્છાનુસાર વરદાન મારી પાસે માગો. રિદ્ધિ, સિદ્ધિ, ધન, દોલત, મોટાઈ-પ્રભુતા જેની તમને ઇચ્છા હોય તે માગી લ્યો. બોલો, શું જોઇએ છીએ ?"

હાથ જોડીને ઘણીજ દીનતાપૂર્વક ગદ્દગદ્દ કંઠે શ્રીધરે કહ્યું:-" પ્રભો ! મેં શું નથી મેળવી લીધું ? સંસાર મારી ઉપેક્ષા કરે છે. મારા પૂછવા છતાં પણ કંગાળ સમજીને લોકો મારી વાતની અવગણના કરી દે છે, એવા તુચ્છ કંગાલને આપે અનુગ્રહ કરીને બોલાવ્યો અને આપનાં

દેવદુર્લભ દર્શન આપીને મને કૃતાર્થ કર્યો. હવે મારે બીજું જોઈએ જ શું? સિદ્ધિસિદ્ધિને લઈને હું કરીશ જ શું? તે પણ એક પ્રકારની મહાન્ માયા જ છે.

પ્રભુએ આગ્રહપૂર્વક કહ્યુઃ "ના, કંઈક તો વરદાન માગો જ. સિદ્ધિસિદ્ધિ નહિ તો, જે પણ તમને પ્રિય હોય તે માગો."

શ્રીધરે એ જ દીનતાભર્યો અવાજે કહ્યુઃ "જો પ્રભુ કંઈ આપવા જ ઈચ્છે છે, તો એ વરદાન આપો કે જે બ્રાહ્મણ-કુમાર મારી સાથે ખોલ ખરીદતી વખતે ઝઘડો કર્યો કરતા હતા તેઓ સદા મારા હૃદયમાં વિરાજમાન રહે."

શ્રીધરની આ નિષ્કિંચનતા અને નિઃસ્પૃહતાથી પ્રભુ પરમ પ્રસન્ન થયા. શ્રીધર ભગવાનના મુરલીમનોહર રૂપના ઉપાસક હતા. તેઓ ભગવાનના "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ" એ મધુર નામોનું સદા સંકીર્તન કરતા રહેતા. તેથી તેમને પ્રભુએ શ્રીકૃષ્ણ-રૂપનાં દર્શન કરાવ્યાં. પ્રભુના શ્રીવિગ્રહમાં પોતાના ઇષ્ટ-દેવનાં દર્શન કરીને શ્રીધર કૃતાર્થ થયા. તેઓ મૂર્છિત થઈને પડી ગયા અને ભક્તોએ તેમને એક બાજુ સુવાડી દીધા.

હવે મુરારી ગુપ્તની વારી આવી. મુરારી પરમ ધાર્મિક તથા વિશુદ્ધ વૈષ્ણવ તો હતા, પરંતુ તેમને તર્કવિતર્ક અને શાસ્ત્રાર્થ કરવાનું કંઈક વ્યસન જેવું હતું. પ્રભુએ તેમને સંબોધન કરતાં કહ્યુઃ "મુરારી! તમારે ભક્ત થવામાં એક અપૂર્ણતા છે, તમે શુષ્ક વાદવિવાદ કરવો છોડી દો. અધ્યાત્મ-શાસ્ત્રોમાં ભક્તિગ્રંથોને જ પ્રાધાન્ય આપો."

મુરારી ગુપ્તે કહ્યુંઃ "હું વાદવિવાદ અને તર્ક-વિતર્ક વળી ક્યાં કરું છું? માત્ર વિદ્વાનોની સમક્ષ કંઈક પ્રસંગ આવતાં બોલી નાખું છું."

પ્રભુએ કહ્યુંઃ "અદ્વૈતાચાર્ય સાથે તમે તર્ક-વિતર્ક કર્યો કરતા નથી? શું તેમને તમે અદ્વૈત વેદાંતની વાતો કર્યો કરતા નથી?"

આથી અદ્વૈતાચાર્યે પ્રભુને પૂછ્યું: "પ્રભો! શું અદ્વૈત વેદાંતની વાતો કરવી એ ખરાબ કામ છે?"

પ્રભુએ હસતાં હસતાં કહ્યું: "ખરાબ કામ કોણ કહે છે? બહુ સારું છે. પરંતુ જેમણે ભક્તિમાર્ગનું અનુસરણ કર્યું છે, તેમણે આ પ્રકારની સિદ્ધિઓ અને પ્રક્રિયાઓના ચક્કરમાં પડવાનું પ્રયોજનજ શું છે?" એમ કહીને પ્રભુ ગંભીર અવાજે આ શ્લોક બોલવા લાગ્યા:—

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता॥

(શ્રીમદ્‌ભાગવત ૧૧-૧૪-૨૦)

અર્થાત્ હે ઉદ્ધવ! વૃદ્ધિ પામેલી ભક્તિ મને જેવી વશ કરે છે, તેવો યોગ, સાંખ્ય, ધર્મ, વેદાધ્યયન, તપ કે ત્યાગ પણ મને વશ કરી શકતા નથી.

પ્રભુની આવી આજ્ઞા સાંભળીને મુરારી ચુપ થઈ ગયા. આથી પ્રભુએ કહ્યું: "મુરારિ! તમને બ્રહ્મની સિદ્ધિને માટે પ્રક્રિયાઓનું શરણ લેવાની શી જરૂર છે? તમારા ભગવાન તો જન્મસિદ્ધ છે. તમે તો પ્રભુના જન્મ-જન્માન્તરોના ભક્ત છો. હનુમાન સમાન તમારો ભાવ અને સ્વરૂપ છે. તમે સાક્ષાત્ હનુમાનજ છો. તમારા રૂપનું તો સ્મરણ કરો!"

મુરારી રામભક્ત હતા. પ્રભુએ યાદ કરાવતાં તેઓ પોતાના ઇષ્ટદેવનું ધ્યાન ધરવા લાગ્યા. તેમને એવું ભાન થયું કે હું સાક્ષાત્ હનુમાનજ છું અને પોતાના ઇષ્ટદેવનાં ચરણોમાં બેઠો બેઠો તેમની પૂજા કરું છું. તેમણે આંખ ઊંચી કરીને પ્રભુ તરફ જોયું. તેમને પ્રભુનું રૂપ પોતાના ઇષ્ટદેવ સીતારામનાજ રૂપમાં જણાવા લાગ્યું. પોતાના ઇષ્ટદેવને પ્રભુના શ્રીવિગ્રહના સ્વરૂપમાં જોઈને મુરારી ગદ્‌ગદ કંઠે સ્તુતિ કરવા લાગ્યા અને [illegible] પ્રભુને સાષ્ટાંગ દંડવત્ [illegible] કરવા લાગ્યા.

પ્રભુએ [illegible]

અતિશય શ્રીરામ–ભક્તિની પ્રાર્થના કરી, જે પ્રભુએ તેમના મસ્તકપર પોતાનાં ચરણકમળો રાખીને પ્રેમપૂર્વક આપી.

આ પછી એક એક કરીને બધા ભક્તોની વારી આવી. અદ્વૈત, શ્રીવાસ અને વાસુદેવ બધાએ પ્રભુ પાસે નિષ્કામ ભક્તિનીજ પ્રાર્થના કરી. હરિદાસ પોતાને ઘણાજ દીન–હીન, કંગાળ અને અધમ માનતા હતા. તેમને પ્રભુની આગળ આવવામાં સંકોચ થતો હતો, તેથી તેઓ બધા ભક્તોની પાછળ છુપાઇને બેઠા હતા. પ્રભુએ ગંભીર ભાવે કહ્યું:–" હરિદાસ ! હરિદાસ ક્યાં છે ? તેમને મારી આગળ લાવો." સઘળા ભક્તો ચારે બાજુ હરિદાસજીને શોધવા લાગ્યા, હરિદાસજી બધાની પાછળ સંકોચાઇને બેઠા હતા. ભક્તોએ તેમને પ્રભુની પાસે જવા કહ્યું; પરંતુ તેઓ તો પ્રેમમાં બેભાન હતા. ભક્તો તેમને ઉઠાડીને પ્રભુની સમક્ષ લઈ ગયા. હરિદાસને સંમુખ જોઇને પ્રભુ તેમને કહેવા લાગ્યાઃ–" હરિદાસ ! તમે પોતાને નીચ ના સમજો. તમે સર્વશ્રેષ્ઠ છો, મારી અને તમારી એકજ જાતિ છે. જે તમારૂં સ્મરણ–ધ્યાન કરે છે, તે તાણે મારૂંજ પૂજન કરે છે. હું હમેશાં તમારી સાથે રહું છું. તમારી પીઠ ઉપર જ્યારે નેતરની સોટીઓ પડતી હતી, ત્યારે પણ હું તમારી સાથેજ હતો. એ નેતરની સોટીઓ તો મારીજ પીઠ ઉપર પડતી હતી. જુઓ, મારી પીઠ ઉપર હજુ સુધી નિશાન રહેલાં છે. બધા ભક્તોનાં કષ્ટોને હું મારા ઉપરજ ઝીલું છું. તેથી ભારેમાં ભારે કષ્ટ પડવા છતાં પણ ભક્તો દુઃખી થતા નથી. કારણ કે જે લોકો ભક્તોને દુઃખ દે છે, તેઓ તાણે મનેજ દુઃખ દે છે. તેથી હવે હું દુષ્ટોનો સંહાર નહિ કરતાં ઉદ્ધાર કરીશ. તમે મને દુષ્ટોનો સંહાર કરવાની પ્રાર્થના નહોતી કરી. પરંતુ તેમની બુદ્ધિ–શુદ્ધિ અને કલ્યાણનીજ પ્રાર્થના કરી હતી. તેથી હવે હું મારા સુમધુર નામ–સંકીર્તનદ્વારા દુષ્ટોનો ઉદ્ધાર કરાવીશ. મારા આ કાર્યમાં જાતિ-વર્ણ યા ઉચ્ચ–નીચનો વિચાર નહિ રહે. મારા નામ–સંકીર્તનથી બધા પાવન થઇ શકશે. હવે તમે તમારૂં ઇચ્છાપૂર્વક-

નું વરદાન મારી પાસે માગો."


હાથ જોડીને દીનભાવે હરિદાસજીએ કહ્યું: "હે વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ! હે દયાળો! હે પ્રેમાવતાર! જો આપની ઇચ્છા મને વરદાન આપવાની છે તો તો મને એજ વરદાન આપો કે હું હમેશાં દીન-હીન, કંગાળ તથા નિષ્કિંચન અને નિરાભિમાનીજ રહ્યા કરૂં. મને પ્રભુનો દાસ હોવા સિવાય કોઈ પણ પ્રકારનું અભિમાન ન થાઓ. હું સદા વૈષ્ણવોની ચરણધૂલિને મારા મસ્તકનું પરમ ભૂષણજ માનતો રહું, વૈષ્ણવોનાં ચરણોમાં મારી સદા પ્રીતિ રહ્યા કરે. એ વરદાનની હું પ્રભુની પાસે યાચના કરૂં છું."

તેમની આ પ્રકારની વર-યાચના સાંભળીને ભક્તમંડળીમાં ચોતરફથી આનંદધ્વનિ થવા લાગ્યો. બધા હરિદાસજીના ભક્તિભાવની ઘણી પ્રશંસા કરવા લાગ્યા.

મુકુંદ દત્તથી પણ વાચકો અપરિચિત નહિ હોય. તેઓ પણ ત્યાં હાજર હતા, પરંતુ પોતાને પ્રભુનાં દર્શનના અનધિકારી માનીને દૂરજ બેઠા બેઠા રડતા હતા. શ્રીવાસ પંડિતે ડરતાં ડરતાં પ્રાર્થના કરી કે "પ્રભો! આ મુકુંદ આપના ઘણાજ પ્રિય છે, તેમના ઉપર પણ કૃપા થવી જોઈએ. તેઓ પોતાને પ્રભુનાં દર્શન સુદ્ધાંના અધિકારી માનતા નથી."

પ્રભુએ [illegible]

[illegible]



[illegible]

[illegible]

[illegible] प्रव्यथितं मनो मे ।

[illegible]

[illegible] जगन्निवास ॥


([illegible] ११-४५)

અર્જુન ! [illegible] પછી અ-
ર્જુને પ્રાર્થના કરી [illegible] સમસ્ત જગતના એકમાત્ર આધાર ! આપના આ અલૌકિક, દિવ્ય અને પહેલાં કદી ન જોએલા રૂપને જોઈને મને પરમ પ્રસન્નતા પ્રાપ્ત થઈ છે; પરંતુ હે પ્રભો ! [illegible] કેમ મારૂં મન ભયથી ગભરાઈ ગયું છે; આપના આ અસહ્ય તેજને હવે વધારે વાર સહન કરવા હું શક્તિમાન નથી. તેથી હે કૃપાળો ! મારા ઉપર પ્રસન્ન થઈને આપના એ જૂના રૂપનાં મને ફરીથી દર્શન કરાવો.”

સંસારમાં એ નિયમ છે કે જે મનુષ્ય જેટલો બોજો ઉપાડી શકે તેટલોજ બોજો સમજુ માણસો તેના ઉપર લાદે છે. જો કોઇ અજ્ઞાનવશ થઇને કોઇના ઉપર તેની શક્તિથી વધારે બોજો લાદી દે, તો કાં તો તે એ ભારને વચમાંજ પાડી નાખશે યા તો તે પોતેજ મૂર્ચ્છિત થઇને જમીન ઉપર પડી જશે. એ પ્રકારે ભગવાન પોતાના સંપૂર્ણ તેજ અથવા પ્રેમને કયાંય પ્રગટ કરતા નથી. જ્યાં જેવો અધિકારી જુએ છે, ત્યાં તેવુંજ પોતાનું રૂપ બનાવી લે છે. ભગવાનના તેજની વાત તો જુદી છે. મનુષ્યોમાં પણ જે સદાચારી, તપસ્વી, કર્મનિષ્ઠ, સંયમી, સચ્ચરિત્ર

તથા તેજસ્વી પુરુષ હોય છે, તેમના આગળ પણ શુદ્ર પ્રકૃતિના અસંયમી અને ઇન્દ્રિયલોલુપ પુરુષો વધારે વાર બેસીને વાતો કરી શકતા નથી. તેમના તેજ આગળ તેમને વધારે વાર બેસવું અસહ્ય થઈ પડે છે. કોઈ ખાસ કારણે ત્યાં તેમને રોકાવું પડે તો તે સમય તેમને ભારરૂપ લાગ્યા કરે છે. તેથી ભગવાનના ખરા તેજનાં દર્શન તો માયાબદ્ધ જીવને આ પંચભૌતિક શરીરથી થઈજ શકતાં નથી. તેને ભગવાનના માયાવિશિષ્ટ તેજનાંજ દર્શન થાય છે, એટલે તો ભગવાને અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યા પછી પણ પાછળથી સંકેત કર્યો હતો કે, આ જે રૂપ તને દેખાડ્યું હતું તે પણ એક પ્રકારે માયિકજ છે. માયાબદ્ધ જીવને શુદ્ધ સ્વરૂપનાં દર્શન થઈજ કેવી રીતે શકે? તેમ છતાંયે તેમના પૂર્ણ તેજને વધારે વાર સહન કરવાની દેવતાઓમાં પણ શક્તિ નથી. તો પછી મનુષ્યોની તો વાતજ શી? ભક્તોના હૃદયમાં એક પ્રકારની અપૂર્વ જ્યોતિ નિરંતર સળગતી રહે છે, પરંતુ પ્રત્યક્ષરૂપે તેમને પણ વધારે સમય સુધી ગવાનનું તેજોમય રૂપ અસહ્ય થઇ જાય છે. હા, મધુર ાવે તો તેઓ નિરંતર પોતાના પ્રિયતમની સાથે ક્રીડા તાજ રહે છે. તે ભાવ જુદો છે. તેમાં તેજ, ઐશ્વર્ય ા મહત્તાનો અભાવ હોય છે. તેના વિના તો ભક્તો રીજ શકતા નથી. તે મધુર ભાવજ ભક્તોનું સર્વસ્વ ઉચ્ચ ભક્તો તો ઐશ્વર્ય અથવા તેજોમય રૂપનાં દર્શ ઈચ્છાજ કરતા નથી; ભગવદિચ્છાથી કોઈ વાર આપો- જ થઇ જાય તો તે જુદી વાત છે.

પ્રભુને ભગવદ્ભાવમાં પૂરા સાત પહોર વીતી ગયા. દિવસ વીતી ગયો અને રાત્રિ પણ પૂરી થવા આવી; પરંતુ પ્રભુના તેજ અથવા ઐશ્વર્યમાં કોઇ પણ પ્રકારનું પરિવર્તન જણાયું નહિ. ભક્તો જેમના તેમજ બેઠા હતા. ન તો કોઇ અન્યત્ર ભોજન કરવા ગયા કે ન તો કોઈ પગ લાંબો કરીને સૂતા. ચારે બાજુથી પ્રભુને ઘેરી લઈને બેઠાજ રહ્યા. રાત્રિના અંત પછી પ્રભાતનો સમય થઈ ગયો. અદ્વૈતાચાર્યે



भगवद्भक्तनी सम्मति

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे।
तदेव मे दर्शय देव रूपं
प्रसीद देवेश जगन्निवास॥

(ગીતા ૧૧-

અર્થાત્ ભગવાનના વિશ્વરૂપનું દર્શન કર્યા પછી સુંને પ્રાર્થના કરી કેઃ—" હે દેવેશ ! હે સમસ્ત જગ એકમાત્ર આધાર ! આપના આ અલૌકિક, દિવ્ય પહેલાં કદી ન જોયેલા રૂપને જોઇને મને પરમ પ્ર પ્રાપ્ત થઇ છે; પરંતુ હે પ્રભો ! હવે કોણ જાણે કે મન ભયથી ગભરાઇ ગયું છે; આપના આ અસ હવે વધારે વાર સહન કરવા હું શક્તિમાન નથ કૃપાળો ! મારા ઉપર પ્રસન્ન થઇને આપના એ

ઘણી વાર સુધી હાથ રાખ્યા કર્યો, પરંતુ શ્વાસ પ્રશ્વાસ પણ
ચાલતો જણાતો નહોતો. હાથ-પગ તથા શરીરનાં બધાં
અંગ-પ્રત્યંગો સંજ્ઞાશૂન્ય જેવાં થઈ ગયેલાં હતાં. જે અંગ-
ને જેમ રાખવામાં આવતું તેમજ તે પડ્યું રહેતું, કોઈ પણ
પ્રકારના ચૈતન્યની અસર કોઈ પણ અંગમાં જણાતી નહોતી.
પ્રભુની આવી દશા જોઇને બધા ભક્તોને ઘણો વધારે ભય
લાગવા લાગ્યો. તેઓ વારંવાર પ્રભુના આ વાક્યને સ્મરણ
કરવા લાગ્યા:–"ઠીક, હવે હું જાઉં છું." ઘણા તો
આથી અનુમાન કરવા લાગ્યા કે, પ્રભુ સાચેસાચ અમને
છોડીને ચાલ્યા ગયા. ઘણા કહેવા લાગ્યા:–"એવી વાત
નથી, તે તો પ્રભુના ઐશ્વર્ય અને તેજ વિષેનો ભાવ હતો.
આપણા ગૌર હરિ તો થોડાજ સમયમાં ચૈતન્ય પ્રાપ્ત
કરશે." પરંતુ તેમનું આ અનુમાન બરાબર જણાતું ન-
હોતું. પ્રાતઃકાળથી રાહ જોતાં જોતાં બપોર થઈ ગયા,
પરંતુ પ્રભુની દશામાં કંઇ પણ ફેરફાર થયો નહિ. તેઓ
તો એજ પ્રમાણે બેભાન અવસ્થામાં પડ્યા રહ્યા.

જેઠ મહિનો હતો, ભક્તોને બેઠાં બેઠાં ત્રીસ કલાક
થઇ ગયા હતા. પ્રભુની સ્થિતિ જોઇને બધા વ્યાકુળ થતા
હતા. બધા એજ ભાવે પ્રભુને ઘેરીને બેઠા હતા. ન તો
કોઈ શૌચ-સ્નાન માટે ગયું હતું કે ન તો કોઇને ભૂખ-
તરસનું ભાન રહ્યું હતું, બધા પ્રભુના ભાવમાં વ્યાકુળ
થઇને ચૂપચાપ બેઠા હતા. ઘણાઓએ તો નિશ્ચય કરી
લીધો હતો કે, જો પ્રભુને ચેતન નહિ આવે તો અમે પણ
અહીંજ ખાધા પીધા વિના પ્રાણ ત્યજી દઇશું. આ ઉદ્દે-
શ્યથી તેઓ રડયા કર્યા સિવાય ધૈર્યપૂર્વક પ્રભુની ચારે
તરફ બેઠા હતા. કાલે પ્રાતઃકાળમાં શ્રીવાસ પંડિતના
ઘરનાં બારણાં બંધ કરવામાં આવ્યાં હતાં તે જેમનાં તેમ
બંધજ હતાં. પ્રાતઃકાળે કોઇ પણ નીકળીને ક્યાંય બહાર
ગયું નહોતું. આ બનાવના ખબર શચીમાતાને પણ આ-
પવા ઉચિત ગણવામાં આવ્યા નહિ. કેમકે ત્યાં તો લગભગ
બધાજ પોતપોતાના પ્રાણોની હોડ લગાવીને બેઠા

જોયું કે બધા ભક્તો ગભરાયેલા જેવા છે, તેઓ હવે વધારે વાર સુધી પ્રભુના અલૌકિક તેજને સહન કરી શકે તેમ નથી. તેથી તેમણે શ્રીવાસ પંડિતને કાનમાં કહ્યું:- "આપણે સામાન્ય સંસારી પ્રભુના આ અસહ્ય તેજને હવે વધારે સહન કરવા અશક્ત છીએ; તેથી કોઈ એવો ઉપાય કરવો જોઇએ કે જેથી પ્રભુનો આ ભાવ શમી જાય."

શ્રીવાસ પંડિતને અદ્વૈતાચાર્યની આ સલાહ ઘણીજ યુક્તિવાળી જણાઈ. તેમની વાતનું સમર્થન કરતાં તેઓ બોલ્યા:-" હા, આપ બરાબર કહો છો. આ ઐશ્વર્યમય રૂપ કરતાં તો આપણને ગૌરરૂપજ પ્રિય છે, આપણે બધા મળીને પ્રભુને પ્રાર્થના કરીએ કે "પ્રભો ! હવે આપના આ અદ્ભુત અલૌકિક ભાવને સંકેલી લ્યો અને અમને ફરીથી એ ગૌરરૂપથી દર્શન દો." શ્રીવાસજીની આ વાત બધાને પસંદ પડી, અને બધા હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યાઃ "પ્રભો ! હવે આપના આ ઐશ્વર્યને અદૃશ્ય કરી લો. આ તેજથી અમે સંસારી જીવો બળી જઇશું. અમારામાં આ તેજને અધિક સમય સુધી સહન કરવાની શક્તિ નથી. હવે અમને આપનું એ અસલી ગૌર રૂપ દેખાડો." ભક્તોની આવી પ્રાર્થના સાંભળીને પ્રભુએ બહુ જોરથી એક હુંકાર કર્યો. હુંકાર કરતાંજ તેમને એકદમ મૂર્ચ્છા આવી ગઇ અને મૂર્ચ્છા આવતાં "ઠીક તો લ્યો, હવે હું જાઉં છું." એમ કહેતા કહેતા બેભાન થઇને સિંહાસન ઉપરથી જમીન ઉપર પડી ગયા. ભક્તોએ જલદીથી ઉઠાવીને પ્રભુને એક સુંદર આસન ઉપર સુવાડ્યા, પ્રભુ મૂર્ચ્છિત દશામાં જેમના તેમજ પડયા રહ્યા. તેઓ સહેજ પણ હાલ્યા ચાલ્યા નહિ.

પ્રભુને મૂર્ચ્છિત જોઇને બધા ભક્તો વિવિધ પ્રકારના ઉપચારો કરવા લાગ્યા. કોઇ પંખાથી પ્રભુને પવન નાખવા લાગ્યા, સુગંધી તેલ અથવા શીતળ લેપનું પ્રભુના મસ્તકપર લેપન કરવા લાગ્યા; પરંતુ પ્રભુની મૂર્ચ્છા વળી નહિ. પ્રભુની પરીક્ષા કરવા અદ્વૈત અને શ્રીવાસાદિ મુખ્ય ભક્તોએ પ્રભુના આખા શરીરને તપાસી જોયું, તેમના નાક આગળ

ઘણી વાર સુધી હાથ રાખ્યા કર્યો, પરંતુ શ્વાસ સહેજ પણ
ચાલતો જણાતો નહોતો. હાથ-પગ તથા શરીરનાં બધાં
અંગ-પ્રત્યંગો ચંશાશૂન્ય જેવાં થઈ ગયેલાં હતાં. જે અંગ-
ને જેમ રાખવામાં આવતું તેમજ તે પડયું રહેતું, કોઇ પણ
પ્રકારના ચૈતન્યની અસર કોઈ પણ અંગમાં જણાતી નહોતી.
પ્રભુની આવી દશા જોઇને બધા ભક્તોને ઘણો વધારે ભય
લાગવા લાગ્યો. તેઓ વારંવાર પ્રભુના આ વાકયને સ્મરણ
કરવા લાગ્યા:–“ઠીક, લ્યો હવે હું જાઉં છું.” ઘણા તો
આથી અનુમાન કરવા લાગ્યા કે, પ્રભુ સાચેસાચ અમને
છોડીને ચાલ્યા ગયા. ઘણા કહેવા લાગ્યા:–“એવી વાત
નથી, તે તો પ્રભુના ઐશ્વર્ય અને તેજ વિપેનો ભાવ હતો.
આપણા ગૌર હરિ તો થોડાજ સમયમાં ચૈતન્ય પ્રાપ્ત
કરશે.” પરંતુ તેમનું આ અનુમાન બરાબર જણાતું ન-
હોતું. પ્રાતઃકાળથી રાહ જોતાં જોતાં બપોર થઈ ગયા,
પરંતુ પ્રભુની દશામાં કંઇ પણ ફેરફાર થયો નહિ. તેઓ
તા એજ પ્રમાણે બેભાન અવસ્થામાં પડ્યા રહ્યા.
જેઠ મહિનો હતો, ભક્તોને બેઠાં બેઠાં ત્રીસ કલાક
થઇ ગયા હતા. પ્રભુની સ્થિતિ જોઇને બધા વ્યાકુળ થતા
હતા. બધા એજ બાજુ પ્રભુને ઘેરીને બેઠા હતા. ન તો
કોઈ શૌચ-સ્નાન માટે ગયું હતું કે ન તો કોઇને ભૂખ-
તરસનું ભાન રહ્યું હતું, બધા પ્રભુના ભાવમાં વ્યાકુળ
થઇને ચૂપચાપ બેઠા હતા. ઘણાઓએ તો નિશ્ચય કરી
લીધો હતો કે, જો પ્રભુને ચેતન નહિ આવે તો અમે પણ
અહીંજ ખાધા પીધા વિના પ્રાણ ત્યજી દઇશું. આ ફિ-
કરથી તેઓ રડવા કરી સિવાય ધૈર્યપૂર્વક પ્રભુની ચારે
તરફ બેઠા હતા. કાશી પ્રાતઃકાળમાં શ્રીવાસ પંડિતના
ઘરના બારણાં બંધ કરવામાં આવ્યા હતાં તે જેમનાં તેમ
બંધજ હતા. પ્રાતઃકાળે કોઇ પણ નીકળીને ક્યાંય બહાર
ગયું નહોતું આ બનાવના ખબર શચીમાતાને પણ આ-
પવા ઉચિત ગણવામાં આવ્યા નહિ કેમકે ત્યાં તો અસંખ્ય
બધાજ પોતપોતાના મકાનોની છત ઉપરથી દિવ

એટલામાં એક ભક્તે કહ્યું:–"અનેક વાર જ્યારે પ્રભુ મૂર્છિત થયા છે, ત્યારે સંકીર્તનનો સુમધુર ધ્વનિ સાંભળીને જ જાગ્રત થયા છે. તો પછી પ્રભુને ચૈતન્ય પ્રાપ્ત કરાવવા માટે શામાટે સંકીર્તન ન કરવું ?" આ વાત બધાને પસંદ પડી અને બધા ચારે બાજુથી પ્રભુને ઘેરી લઇને સંકીર્તન કરવા લાગ્યા. બધા ભક્તો પોતાના કોમળ કંઠથી કરુણા-મિશ્રિત સ્વરમાં તાલસ્વરસહિત વાદ્ય વગાડી વગાડીને—

હરે રામ હરે રામ, રામ રામ હરે હરે;
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ મહામંત્રનું સંકીર્તન કરવા લાગ્યા. સંકીર્તનના નવજીવન–સંચારક, પ્રાણથી પણ પ્યારા ધ્વનિને સાંભળીને પ્રભુના શરીરમાં રોમાંચ થવા લાગ્યાં. બધાને પ્રભુનું શરીર પુલકિત થતું જણાવા લાગ્યું. હવે તો ભક્તોના આનંદની સીમાજ ન રહી. તેઓ નામકીર્તન છોડીને પ્રેમમાં વિહ્વળ થઇને ભજન–કીર્તન કરવા લાગ્યા. પ્રભુના શરીરની પુનઃ પરીક્ષા કરવા માટે અદ્વૈતાચાર્યે તેમના નાક ઉપર હાથ રાખ્યો. તેમને શ્વાસોચ્છ્વાસ ચાલતા જણાયા. એટલામાંજ પ્રભુએ જોરથી એક ખોંખારો કર્યો. ખોંખારો સાંભળતાંજ ભક્તોની ખિન્ન મંડળીમાં આનંદની ભરતી આવવા લાગી. તેઓ ઉન્મત્ત ભાવે મોટેથી જયધ્વનિ કરવા લાગ્યા. ગગનવ્યાપી તુમુલ ધ્વનિને લીધે દિશાઓ ગૂંજવા લાગી. ભક્તોના પદાઘાતથી ધરતી ધ્રૂજવા લાગી, વાયુ થંભી ગયા જેવો જણાયો. ચારે તરફ પ્રસન્નતા પ્રસન્નતા છવાઇ ગઇ. પ્રેમમાં ઉન્મત્ત થઇને કોઇ નૃત્ય કરવા લાગ્યા અને કોઇ આનંદના વેગને નહિ સહન કરી શકવાને લીધે મૂર્છિત થઇને પડી ગયા. કોઇ શંખ વગાડવા લાગ્યા, કોઈ શીતળ જળ લઇને પ્રભુના શ્રીમુખમાં ધીરે ધીરે પાવા લાગ્યા. આ પ્રકારે શ્રીવાસજીનું આખું ઘર તે સમયે આનંદનાં મોજાંવાળો સાગરજ બની ગયું હતું, કે જેમાં ભક્તોની પ્રસન્નતારૂપી લહરિઓ ઉડી ઉડીને દિશાઓને ગજાવી ભીષણ અવાજ કરતી હતી.

ઓ થાય છે, તેને લીલા કહે છે. બાળકોની બધી ચેષ્ટાઓ એવીજ હોય છે. તેમનામાં કોઈ ઇંદ્રિયજન્ય સુખ-સ્વાર્થ યા કોઇ ઉદ્દેશ્ય નથી હોતો. તે તો એમજ કશા પણ ઉદ્દેશ્ય વિનાજ થાય છે, તેથી તેને કર્મ નહિ કહેતાં લીલા-જ કહેવાની પ્રાચીન પદ્ધતિ ચાલી આવી છે. ભક્તોની લીલાઓ ઘણે ભાગે બાળકોની લીલાઓની સાથે ઘણીજ વધારે મળતી-ભળતી હોય છે. જ્યાં લોકલજ્જાનો ભય છે, જ્યાં કોઇ વસ્તુ પ્રત્યે અશ્લીલતાને કારણે ઘૃણાનો ભાવ છે અને જ્યાં બીજાઓના ભયનો સંભવ હોય છે, ત્યાં સાચો પ્રેમ નથી હોતો. સાચા પ્રેમવિના વિશુદ્ધ લીલા થઇ-જ શકતી નથી. તેથી લાજ, તિરસ્કાર અને ભય, એ સ્વાર્થ-જન્ય મોહના દ્યોતક ભાવ છે. ભક્તોમાં તથા બાળકોમાં એ ત્રણે ભાવો નથી હોતા, એટલે તેમનું હૃદય વિશુદ્ધ કહેવાય છે.

પ્રેમમાં ઉન્મત્ત થયેલા ભક્તો કોઇ વાર તો હસે છે, કોઈ વાર રડે છે, કોઇ વાર ગાય છે અને કોઈ વાર સંસાર-ની લોક-લાજ છોડીને દિગંબર વેશે તાંડવ નૃત્ય કરવા લાગે છે. તેમનું ચાલવું વિચિત્ર છે, તેઓ વિલક્ષણભાવે હસે છે, તેમની ચેષ્ટાઓમાં ઉન્માદ છે, તેમના બોલવામાં નિરર્થકતા છે અને તેમની ભાષા સંસારી ભાષાથી નિરાળી છે. તે બાળકોની પેઠે બધાની સાથે પ્રેમ કરે છે, તેમને કોઇનો ભય નથી, કોઇ વાતની શરમ નથી, નાગા રહે તો પણ એવા ને વસ્ત્ર પહેરીને રહે તોપણ એવાજ. તેમને બાહ્ય વસ્ત્રોની કંઈજ દરકાર નથી, તેઓ સંસારના વિધિ-નિષેધના ગુલામ નથી. અવધૂત નિત્યાનંદજીની પણ એજ દશા હતી બત્રીસ વરસની ઉમર હોવા છતાં પણ તેઓ સદા બાલ્યાવસ્થામાંજ રહેતા હતા. માલની દેવીના સૂકા સ્તનોને મોંમાં લઇને બાળકની પેઠે ચૂસવા, પોતાના હાથ વડે દાળ-ભાત ખાતા નહિ, સહેજ સહેજ વાતમાં નારાજ થઈ જતા અને તેજ ક્ષણે પાછા બાળકની પેઠે હસવા લાગતા. શ્રીવાસને પિતા કહીને બોલાવતા અને તેમની

कौंआ मेरा भैया, मेरी प्यारी मैया।
मेरा यह प्यारा, बेटा है तुम्हारा॥
मैंने पात्र मंगाया है, उसमें जल्द मंगाया है।
अब दो मुझे मिठाई, लड्डू बालूसाई॥

માતા તેમના આ બાળ–ચાંચલ્યથી ઘણાંજ ખુશી થયાં. હવે તેઓ જલદી ઘર બહાર નીકળ્યા. બજારમાં થઇને ગાંડાની પેઠે દોડતા જતા હતા, નથી તો શરીરનું ભાન, નથી તો રસ્તાની ખબર. કયે રસ્તે ક્યાં જાય છે તેની પણ કશી ખબર નથી. રસ્તામાં દોડતાં દોડતાં લંગોટી છૂટી ગઇ, તેને જલદીથી માથા ઉપર લપેટી લીધી. હવે નાગા-પુગા, દિગંબર શિવની પેઠે તાંડવ નૃત્ય કરતા જાય છે. રસ્તામાં છોકરાં તાળી વગાડતાં વગાડતાં તેમની પાછળ દોડે છે, પરંતુ તેમને કશી પરવાજ નથી. જલદી જલદી ઠેકડો મારે છે. આ પ્રકારે તદ્દન નગ્નાવસ્થામાં તેઓ પ્રભુને ઘેર પહોંચ્યા. પ્રભુ તે સમયે પોતાની પ્રાણેશ્વરી વિષ્ણુપ્રિયાજી સાથે બેઠા બેઠા કંઇક પ્રેમની વાતો કરતા હતા, વિષ્ણુપ્રિયા ધીરે ધીરે પાન બનાવીને પ્રભુને આપતાં જતાં હતાં અને પ્રભુ તેમની પ્રસન્નતા ખાતર કંઇ પણ કહ્યા વિના ખાતા જતા હતા. તેઓ કેટલાં પાન ખાઇ ગયા હશે, તેની ન તો વિષ્ણુપ્રિયાને ખબર હતી કે ન તો પ્રભુને પોતાને. પાનનું તો બહાનું હતું; બાકી તો પ્રેમનાં ખાન–પાન ચાલતાં હતાં. એટલામાંજ એ નાગાપુગા ઉન્મત્ત અવધૂત આવી પહોંચ્યા. આંખો લાલ–લાલ થઇ છે, આખું શરીર ધૂળથી રગદોળાયેલું છે, માથે લંગોટી વિંટાળેલી છે, શરીરે ખૂબ ઉંચા હોવાથી તેઓ દિગંબર વેશમાં દૂરથી દેવ જેવા દેખાતા હતા. પ્રભુની પાસે આવતાંજ તેઓ ગાંડાઓની પેઠે હું હું કરવા લાગ્યા. વિષ્ણુપ્રિયાજી તેમને નાગા જોઇને જલદીથી ઘરમાં જતાં રહ્યાં અને બારણાં બંધ કરી દીધાં. શચીમાતા અંદર બેઠાં બેઠાં રેંટિયો ચલાવતાં હતાં. પોતાની વહુને આ પ્રમાણે દોડતી આવેલી જોઇને

[illegible] કરવા લાગ્યા.

[illegible] કર્યું છે.

[illegible] પ્રકાર

[illegible]

[illegible] કરતાં

[illegible] ને તો જુઓ!

[illegible] છે!” આ

[illegible] આ પ્રકારની

[illegible]

પ્રભુએ નિત્યાનંદજીને પૂછ્યું : “શ્રીપાદ ! આજે તમે આ કયું સ્વરૂપ ધારણ કર્યું છે ? આ ! ચંચળતા સારી નહિ. જલદી લંગોટી બાંધી લો.” પરંતુ લંગોટીનું ભાન હોય તો તે બાંધે ને ! તેમને ખબરજ નહોતી કે લંગોટી ક્યાં છે અને તેને ક્યાં બાંધવાની છે ? પ્રભુએ તેમની આવી સ્થિતિ જોઇને જલદીથી પોતાનો ખેસ તેમની કમરમાં પોતેજ બાંધી દીધો અને હાથ પકડીને પોતાની પાસે બેસાડીને ધીરે ધીરે પૂછવા લાગ્યાઃ “ શ્રીપાદ ! ક્યાંથી આવો છો ? તમને શું થઈ ગયું છે ? આ ધૂળ આખા શરીરે શામાટે લગાવી છે ? ”

શ્રીપાદ તો તલ્લીન હતા, તેમને શરીરનું ભાનજ ક્યાં હતું ! ચારે તરફ જોતા જોતા ગાંડાની પેઠે “હું–હું” કરવા લાગ્યા. પ્રભુ તેમના પ્રેમની આટલી ઉંચી અવસ્થા જોઇને ઘણાજ પ્રસન્ન થયા. તે સમયે તેમણે બધા ભક્તોને બોલાવી લીધા. ભક્તો આવીને નિત્યાનંદજીની ચારે બાજુ જોવા લાગ્યા. પ્રભુએ નિત્યાનંદજીને પ્રાર્થના કરીઃ–“ શ્રીપાદ ! આપની પ્રસાદી–લંગોટી કૃપા કરીને મને આપો.” નિત્યાનંદજીએ જલદીથી માથા ઉપરથી લંગોટી કાઢીને ફેંકી દીધી. પ્રભુએ તે લંગોટી ઘણાજ ભક્તિભાવથી મસ્તક ઉપર ચઢાવી અને પછી તેના નાના નાના ઘણા ટુકડા કર્યા.

બધા ભક્તોને એક એક ટુકડો આપતાં પ્રભુએ કહ્યું: "આ વસ્ત્રની પ્રસાદીને આપ સૌ ખૂબ સાચવીને રાખજો." પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરીને બધાએ તે પ્રસાદી–વસ્ત્રને ગળામાં બાંધી લીધું, કોઇ કોઇએ તેને મસ્તક ઉપર મૂક્યું.

આ પછી પ્રભુએ નિતાઈનાં ચરણકમળોમાં જાતેજ સુગંધીદાર ચંદનનો લેપ કર્યો, પુષ્પ ચઢાવ્યાં અને તેમના ચરણોને પોતાના હાથો વડે ધોયા. નિતાઈનું પાદોદક બધા ભક્તોને વહેંચવામાં આવ્યું. બધાએ ખૂબ શ્રદ્ધાપૂર્વક તેનું પાન કર્યું. બાકી જે વધ્યું તે બધું પ્રભુ પી ગયા અને તે પીતાં પીતાં બોલ્યા કે "આજે હું કૃતકૃત્ય થયો. આજે મારો જન્મ સફળ થયો. આજે મને યથાર્થ શ્રીકૃષ્ણ–ભક્તિની પ્રાપ્તિ થઈ. શ્રીપાદના ચરણામૃતપાનથી હું ધન્ય થયો."

આ પ્રકારે બધા ભક્તોએ પોતપોતાના ભાગ્યની પ્રશંસા કરી. ભાગ્યની પ્રશંસા તો કરવીજ જોઇએ! ભગવાનની યથાર્થ પૂજા તો આજેજ થઈ. ભગવાન પોતાની પૂજાથી એટલા સંતુષ્ટ થતા નથી, કે જેટલા પોતાના ભક્તોની પૂજાથી થાય છે. તેઓ તો કહે છે કે, જે કેવળ મારા ભક્ત છે, તેઓ તો ભક્તજ નથી, યથાર્થ ભક્ત તો તેઓજ છે કે જેઓ મારા ભક્તોના ભક્ત છે. ભગવાન પોતેજ કહે છે—

ये मे भक्तजनाः पार्थ न मे भक्ताश्च ते जनाः ।
मद्भक्तानाञ्च ये भक्तास्ते मे भक्ततमा मताः ॥

(આદિપુરાણ)

અર્થાત્ ભગવાન અર્જુનને કહે છે કે "હે પાર્થ! જે મનુષ્ય મારાજ ભક્ત છે, તેઓ ભક્ત નથી. સર્વોત્તમ ભક્ત તો તેઓજ છે કે જેઓ મારા ભક્તોના ભક્ત છે." કેમકે ભગવાનને તો ભક્તજ અત્યંત પ્રિય છે. જે તેમના પ્રિયજનોની અવગણના કરીને તેમનું પૂજન કરશે, તેમનું પ્રિય કેમ કરીને થશે? તેથી સર્વ પ્રકારનાં આરાધનોમાં

વિષ્ણુ ભગવાનનું આરાધન-પૂજન જરૂર શ્રેષ્ઠ છે, પરંતુ વિષ્ણુ ભગવાનના પૂજનથી પણ વિષ્ણુભક્તોનું આરાધન-પૂજન શ્રેષ્ઠ છે.*

ભગવદ્‌ભક્તોનો મહિમા દર્શાવવા માટેજ પ્રભુએ આ લીલા કરી હતી. બધા ભક્તોએ નિતાઇના ચરણોદકનું પાન કરીને એક પ્રકારની આંતરિક શાંતિ અનુભવી.

હવે નિતાઇને કંઈક કંઈક ભાન આવ્યું. તેઓ બાળકની પેઠે ચોતરફ જોતા જોતા શચીમાતાને કહેવા લાગ્યા કેઃ-" મા ! ખૂબ ભૂખ લાગી છે, કંઈક ખાવાનું આપો." માતા આ સાંભળીને જલદીથી અંદર ગયાં અને ઘરની બનેલી સુંદર મિઠાઈ લાવીને તેમના હાથમાં મૂકી. તેઓ જલદી જલદી બાળકની પેઠે કંઈક ખાવા લાગ્યા, અને કંઈક જમીન ઉપર ફેંકવા લાગ્યા. ખાતાં ખાતાંજ તેઓ માતાનો ચરણસ્પર્શ કરવા દોડ્યા. માતા ડરીને જલદીથી ઘરમાં ગયાં. આ પ્રકારે તે દિવસે નિતાઇએ પોતાની અદ્‌ભુત લીલાથી બધાને આનંદિત કર્યાં.



* आराधनानां सर्वेषां विष्णोराराधनं परम् ।
तस्मात् परतरं देवि तदीयानां समर्चनम् ॥ [illegible]

फेर फेर हरिनामनो फक्कार

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम्।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा॥

(બૃહન્નારદીય પુરાણ ૩૮-૧૨૬)

અર્થાત્ કળિયુગમાં હરિનામ, હા, કેવળ હરિનામ, અને એ તદ્દન બરાબર છે કે એકમાત્ર હરિનામજ સંસાર-સાગરથી પાર થવાનું સર્વોત્તમ સાધન છે. આ સિવાય કળિકાળમાં બીજી કોઇ ગતિ નથી, અને હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે બીજી કોઈ ગતિ છેજ નહિ.

સત્યયુગમાં લગભગ બધા ધર્માત્મા પુરુષો થતા હતા. ધર્મને લીધે બરાબર સમયે વરસાદ પડતો હતો. યોગ-ક્ષેમની કોઇને પણ ચિંતા નહોતી. દેશ, કાળ તથા ખાદ્ય પદાર્થોમાં પૂર્ણરૂપે વિશુદ્ધતા રહેતી હતી. તે સમયના લોકો ધ્યાનપ્રધાન હતા. સત્યયુગમાં પ્રભુપ્રાપ્તિનું મુખ્ય સાધન ધ્યાનજ ગણવામાં આવતું હતું. ત્રેતાયુગમાં ભોગ-સામગ્રીઓની પ્રચુરતા હતી તેથી બહુ પૈસા ખરચીને તે સમયે મોટા મોટા યજ્ઞ-યાગ કરવાની પ્રથા હતી. તે સમયે ભગવત્પ્રાપ્તિનું મુખ્ય સાધન યજ્ઞ કરવા એજ ગણાતું હતું. સકામ તથા નિષ્કામ બન્ને ભાવોથી દ્વિજાતિના લોકો યથાશક્તિ યજ્ઞયાગ કરતા હતા. દ્વાપરમાં ભોગસામગ્રી-ઓની ન્યૂનતા થઈ ગઇ. લોકોના ભાવ એટલા વિશુદ્ધ રહ્યા નહિ. દેશ, કાળ તથા ખાદ્ય પદાર્થોની ચીજોમાં પણ પવિત્રતાની શંકા પડવા લાગી, તેથી તે સમયનું મુખ્ય સાધન ભગવત્પૂજન તથા આચાર-વિચારજ માનવામાં

આવ્યું. કળિયુગમાં બધાને માટે નથી તો [illegible] સામગ્રી અને નથી તો બીજા યુગોની પેઠે [illegible] પ્રચુરતા; પણ પવિત્ર સ્થાનો ખરાબ લોકોના નિ[illegible]ત થઈ ગયાં છે, ધર્મસ્થાનો કલહનાં ઘર બની [illegible] લોકોનાં હૃદયોમાંથી ધર્મ પ્રત્યેની આસ્થા જતી [illegible] લોકોના અધર્મઆચરણથી વાયુમંડળ દૂષિત બની ગ[illegible] મંડળ દૂષિત થઈ જવાથી દેશોમાંથી પવિત્રતા [illegible] સમગ્ર પલટાઈ ગયો. સત્પુરુષ, સત્શાસ્ત્ર તથા સ[illegible] સર્વત્ર અભાવ થઈ ગયો. એવા ઘોર સમયમાં [illegible] રીતે ધ્યાન, યજ્ઞ-યાગ તથા પૂજા-પાઠનું બનવું પણ [illegible] માટે કઠિન થઈ ગયું છે. આ યુગમાં તો એક [illegible] [illegible]

લિંગસંન્યાસ અને દંડધારણ કરવાની કંઈ આવશ્યકતા હતી ? ગૌરાંગ મહાપ્રભુ ગૃહસ્થ વેશમાં રહીને પણ હરિકીર્તન-નો પ્રચાર કરી શકતા હતા, પરંતુ એ બધા અંતર્યામીઓ લોકોને ઉપદેશ કરવાને માટે જ સંન્યાસ ધર્મનો સ્વીકાર કર્યો. સંન્યાસી બન્યા સિવાય લોકશિક્ષણનું કાર્ય સારી રીતે થઈ શકતું નથી.

પ્રભુના ભક્તોમાં બે સંન્યાસી હતા: એક તો અવધૂત નિત્યાનંદ અને બીજા મહાત્મા હરિદાસજી. અવધૂત નિત્યાનંદજી તો લિંગસંન્યાસી હતા અને મહાત્મા હરિદાસજી અલિંગ સંન્યાસી હતા. આશ્રમપૂર્વક ભક્તિ માટે સંન્યાસનો વિધિ તો છે, પરંતુ શાસ્ત્રમાં તેમને માટે સંન્યાસનાં ચિહ્નોનું વિધાન નથી. તેઓ વિદુરજીની પેઠે અલિંગ સંન્યાસી થઈ શકે છે, અથવા વનમાં વાસ કરીને વાનપ્રસ્થ-ધર્મનું આચરણ કરી શકે છે; તેથી હરિદાસજીએ કોઈ પણ પ્રકારનો સાધુઓના જેવો વેશ ધારણ કર્યો નહોતો. પ્રભુપ્રાપ્તિને માટે કોઇ પ્રકારનો બહારનો વેશ ધારણ કરવાની આવશ્યકતા પણ નથી. પ્રભુ તો અંતર્યામી છે, તેમનાથી નથી તો અંતરના ભાવ છુપાયેલા અને નથી તો તો તેઓ બાહ્ય ચિહ્નો જોઇને છેતરાઈ જાય તેવા. ચિહ્ન ધારણ કરવાં એ તો એક પ્રકારની લોકપરંપરા છે.

પ્રભુએ નિત્યાનંદ અને હરિદાસજીને બોલાવીને કહ્યું– "હવે આ પ્રકારે એકાંતમાંજ સંકીર્તન કરતા રહેવાથી કામ નહિ ચાલે. હવે આપણે ગામેગામ અને ઘેર ઘેર હરિનામનો પ્રચાર કરવો પડશે. આ કામ આપને બન્નેને સોંપવામાં આવે છે. આપ બન્ને નવદ્વીપના મહોલ્લે મહોલ્લે અને ઘેરે ઘેર જઇને હરિનામનો પ્રચાર કરો. લોકોને વીનવીને, હાથ જોડીને તથા ચરણસ્પર્શ કરીને પણ આપ હરિનામની ભિક્ષા માગો. આપ હરિનામ–વિતરણ કરતી વખતે પાત્રાપાત્ર તથા નાના મોટાનો કશો પણ ખ્યાલ કરતા નહિ, બ્રાહ્મણથી તે ચાંડાળ સુધી અને પંડિતથી તે મૂર્ખ

તેમનાં આ પ્રકારનાં માર્મિક વાકયો સાંભળીને પ્રભાવવાળા થતા અને ઉચ્ચ સ્વરે બધા મળીને હરિનામોનું સંકીર્તન કરવા લાગતા. આ પ્રકારે તેઓ એક ઘરથી બીજે ઘેર જવા લાગ્યા. તેઓ જ્યાં પણ જતા, ત્યાં લોકોનું એક મોટું ટોળું તેમની ચોતરફ ફરી વળતું અને તેઓ બધાને ઉચ્ચ સ્વરે હરિકીર્તન કરવાને કહેતા અને બધા લોકો તેમની પાછળ નામસંકીર્તન કરતા જતા હતા. આ પ્રકારે મહોલ્લે મહોલ્લે અને બજારે બજારે ચોતરફ ભગવાનનાં સુમધુર નામોનોજ ગુંજારવ સંભળાવા લાગ્યો.

નિત્યાનંદ રસ્તે ચાલતાં ચાલતાં પણ પોતાનાં તોફાન છોડતા નહોતા. કોઈ વાર રસ્તામાં સાથે ચાલનારા કોઇ છોકરાને પીઠેથી ચૂંટી ખણતા એટલે તે ચમકીને ચોતરફ જોવા લાગતો, ત્યારે તેઓ હસવા લાગતા; કોઈવાર બે છોકરાઓનાં માથાં અકસ્માત્ પકડી લઈને જલદીથી તે અટકાવતા. કોઇ વાર બાળકો સાથે મળીને નાચવાજ લાગતા. નાનાં નાનાં બાળકોને જ્યાં પણ ઉભેલાં જોતા, તેમના તરફ વાંદરા જેવું મોં કરીને વાંદરાની પેઠે 'હૂપ હૂપ' કરીને ડરાવવા લાગતા. બાળક રડતું રડતું પોતાની માતા પાસે દોડી જતું અને તેઓ આગળ વધતા. કોઈ કોઇ આવીને તેમને ધમકાવતું, પરંતુ તેમને માટે ધમકી આપવી કે વહાલ કરવું બન્ને સમાનજ હતાં, તેને ગુસ્સામાં જોઇને તેઓ ઉપેક્ષાભાવે કહેતા કે "કૃષ્ણ કૃષ્ણ કહો, કૃષ્ણ કૃષ્ણ" નકામા જીભને શું કરવા કષ્ટ આપો છો ! એમ કહી તેઓ કોયલના જેવા સુંદર કંઠથી ગાન કરવા લાગતા–

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

ગુસ્સો કરનારાઓનો બધો રોષ ઉતરી જતો અને તેઓ તેમની સાથે મળીને નમ્રતાપૂર્વક શ્રીકૃષ્ણકીર્તન કરવા લાગતા. તેઓ નિર્ભય ભાવે સ્ત્રીઓમાં જતા અને તેમને કહેતા કે "માતાઓ ! હું તમારો પુત્ર છું, પુત્રની

આ પ્રાર્થના સ્વીકાર કરો. તમે એક વાર ભગવાનનું નામ-સંકીર્તન કરીને માતા. હૃદયને આનંદ આપો.” તેમની આ પ્રકારની નમ્ર, સપૂર્ણ અને નિષ્કપટ પ્રાર્થનાથી બધી માતાઓનું હૃદય પીગળી જતું અને તેઓ બધી મળીને શ્રીકૃષ્ણ-કીર્તનમાં નિમગ્ન થતી. આ પ્રકારે તેઓ સવાર-થી તે સાંજ સુધી બારણે બારણે ફરતા અને સંકીર્તનનો શુભ સંદેશ બધા લોકોને સંભળાવતા તથા સાંજે આવીને પ્રચારની બધી હકીકત પ્રભુને સંભળાવતા. તેમની સફળ-તાની વાતો સાંભળીને પ્રભુ તેમના સાહસની પ્રશંસા કરતા અને તેમને વિવિધ પ્રકારે પ્રોત્સાહન આપતા. એ બન્નેને પણ નામના પ્રચારમાં ઘણોજ વધારે આનંદ આવતો. તેમની પાછળ તેઓ ખાવાપીવાનું સર્વ ભૂલી જતા.

હવે તો પ્રભુનો યશ ચોતરફ ફેલાવા લાગ્યો. દૂર દૂરથી લોકો પ્રભુનાં દર્શને આવતા. ભક્તો તો તેમને સાક્ષાત્ ભગવાનનો અવતારજ માનતા. કેટલાક લોકો તેમને પરમ ભાગવત સમજીનેજ તેમનો આદરસત્કાર કરતા. કેટલાકો વિદ્વાન ભક્ત માનતા અને કેટલાક એમજ તેમના પ્રભાવથી અંજાઇને તેમની સ્તુતિ–પૂજા કરતા. આ પ્રકારે પોતપોતાની પ્રકૃતિ અનુસાર લોકો વિવિધ પ્રકારે તેમની પૂજા કરવા લાગ્યા. લોકો જાતજાતના ઉપહાર તથા ભેટ પ્રભુને માટે લાવતા. પ્રભુ તે બધાની પ્રસન્નતા માટે તેને સ્વીકારતા. તેઓ ઘાટમાં, બજારમાં જ્યાં પણ જતા ત્યાંના લોકો ઉભા થઇ જતા અને તેમને વિવિધ પ્રકારે દંડવત્ પ્રણામ કરવા લાગતા. આ પ્રકારે જેમ જેમ સંકીર્તનનો પ્રચાર થવા લાગ્યો, તેમ તેમ પ્રભુની યશ–સુગંધ ચોતરફ ફેલાતી જણાવા લાગી. પ્રભુ બધાને નમ્રતાપૂર્વક મળતા. મોટાઓને ભક્તિભાવે પ્રણામ કરતા, નાનાઓને ક્ષેમ–કુશળ પૂછતા અને બરોબરીઆઓને ભેટતા. મૂર્ખ–પંડિત, ધન-વાન–દરિદ્ર, ઉંચ–નીચ તથા નાના–મોટા સર્વ પ્રકારના લોકો પ્રભુ પ્રત્યે માનની દૃષ્ટિથી જોવા લાગ્યા. આ તરફ ઉત્સાહ પણ હવે વધારે ને વધારે વધવા લાગ્યો.


નિત્યાનંદજી અને હરિદાસજીના પ્રતિદિનના પ્રચારનો પ્રભાવ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થવા લાગ્યો. પાઠશાળામાં જતાં બાળકો ઉચ્ચ સ્વરે હરિકીર્તન કરતાં કરતાં જવા લાગ્યાં. ગાય-ભેંસને લઈ જતા ગોવાળો આ મહામંત્રને ગણગણતા જતા હતા. ગંગાસ્નાને જતા યાત્રાળુઓ હરિકીર્તન કરતા કરતા જતા હતા. ઉત્સવ તથા પર્વોમાં સ્ત્રીઓ ભેગી મળીને હરિનામનુંજ ગાન કરતી કરતી નીકળતી હતી. એકલા પુરુષોની તો વાતજ શું પરંતુ સ્ત્રીઓને પણ બજારોમાં હરિનામસંકીર્તન કરતી તથા હાથ ઉંચા કરી કરીને પ્રેમથી નૃત્ય કરતી દેખાતી. વળી ચારે તરફ આ શબ્દો સંભળાવા લાગ્યાઃ—

कृष्ण केशव कृष्ण केशव कृष्ण केशव पाहि माम् ।
राम राघव राम राघव राम राघव रक्ष माम् ॥
रघुपति राघव राजा राम । पतितपावन सीताराम ॥

हरे राम हरे राम राम राम हरे हरे ।
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ॥

श्रीकृष्ण ! गोविन्द ! हरे ! मुरारे ! हे नाथ ! नारायण ! वासुदेव !





जगाई-मधाईनी क्रूरता

किं दुस्सहं नु साधूनां विदुषां किमपेक्षितम् ।
किमकार्यं कदर्याणां दुस्त्यजं किं धृतात्मनाम् ॥

(શ્રીમદ્‌ભાગવત ૧૦-૧-૫૮)

અર્થાત્ સાધુ પુરુષોને માટે કઈ વાત કઠિન છે? વિદ્વાનોને કઇ વસ્તુની અપેક્ષા છે? નીચ પુરુષ શું નથી કરી શકતો અને ધૈર્યવાન પુરુષો માટે કયું કામ કઠિન છે? અર્થાત્ મહાત્માઓ સર્વ કંઇ સહન કરી શકે છે, સાચા વિદ્વાનોને કોઇ વસ્તુની આવશ્યકતાજ રહેતી નથી, નીચ પુરુષો અત્યંત નિંદ્યમાં નિંદ્ય ક્રૂર કર્મો પણ કરી શકે છે અને ધૈર્યવાન મનુષ્યોને માટે કોઇ પણ કામ કઠણ નથી.

જો આ સ્વાર્થપૂર્ણ સંસારમાં સાધુ પુરુષોનું અસ્તિત્વ ન હોત, જો આ પૃથ્વીને પરમાર્થી મહાપુરુષો તેમની ચરણધૂલિથી પાવન કરતા ન હોત, જો આ સંસારમાં બધા લોકો પોતપોતાના સ્વાર્થનીજ વાત વિચારતા હોત તો આ પૃથ્વી રૌરવ નરક સમાન બની જાત. આ દુઃખમય જગતને પરમાર્થી સાધુઓએજ સુખમય બનાવી રાખ્યું છે. આ નિરાનંદ જગતને પોતાના નિઃસ્વાર્થભાવથી મહાત્માઓએજ આનંદનું સ્વરૂપ બનાવી રાખ્યું છે. સ્વાર્થમાં ચિંતા છે, પરમાર્થમાં ઉલ્લાસ છે; સ્વાર્થમાં હમેશાં ભયજ રહ્યા કરે છે, પરમાર્થસેવનથી પ્રતિદિન અધિકાધિક ધૈર્ય વધતું જાય છે; સ્વાર્થમાં રચ્યા પચ્યા રહેવાથીજ દીનતા આવે છે, પરમાર્થી નિર્ભય અને નીડર હોય છે. આ બધું

હોવા છતાં પણ કૂર પુરુષોનું અસ્તિત્વ પ્રકાશ્ જ કરે છે. જો અવિચારી પાપકર્મ કરનારા કૂર પુરુષો ન હોય તો મહાત્માઓની દયા, સહનશીલતા, નમ્રતા, સહિષ્ણુતા, સરળતા, પરોપકારીપણું તથા જીવમાત્ર પ્રત્યેની નિષ્કામ કરુણાનાં દર્શન કેમ કરીને થાય? કૂર પુરુષો પોતાની કૂરતા દાખવીને મહાપુરુષોને અવસર આપે છે, કે તેઓ પોતાની સદ્‌વૃત્તિઓને લોકો સમક્ષ પ્રગટ કરે, કે જેનું અનુસરણ કરીને દુઃખી અને ચિંતાતુર પુરુષો પોતાના જીવનને સુખમય અને આનંદમય બનાવી શકે. તેથી તો સૃષ્ટિની શરૂઆતમાંજ મધુ-કૈટભ નામના બે રાક્ષસોજ પહેલવહેલા ઉત્પન્ન થયા. તેમને મારીને તો ભગવાન મધુકૈટભારિ બની શકયા. રાવણ ન હોત તો શ્રી રામચંદ્રજીનાં પરાક્રમોને કોણ જાણત? રાક્ષસી પૂતના ન હોત તો પ્રભુની અસીમ દયાળુતાનો પરિચય શી રીતે થાત? શિશુપાલ જો ગાળો દઇને ભગવાનને હાથે મરીને મુક્તિ પામ્યો ન હોત તો 'क्रोधोऽपि देवस्य वरेण तुल्यः' (અર્થાત ભગવાનનો ક્રોધ પણ વરદાનના સરખોજ છે.) આ મહામંત્રનો પ્રચાર કેમ કરીને થાત? અજામિલ જેવો નીચ કર્મ કરનારો પાપી, પુત્રને બોલાવવા જતાં 'નારાયણ' નામ લઇને સદ્‌ગતિ પ્રાપ્ત ન કરત, તો ભગવાનના નામનો આટલો બધો મહિમા શી રીતે પ્રગટ થાત? તેથી જેમ સંસારને મહાત્મા અને સત્પુરુષોની આવશ્યકતા હોય છે, તેજ પ્રમાણે દુષ્ટોની કૂરતાથી પણ તેનું કેટલુંક કામ ચાલે છે. ભગવાન તો અવતાર પણ ત્યારેજ ધારણ કરે છે કે જ્યારે પૃથ્વી ઉપર કૂર કર્મો કરનારા ઘણા પુરુષો ઉત્પન્ન થાય છે. કૂર કર્મો કરનારા પુરુષો પોતાની કૂરતા કરવામાં પાછા પડતા નથી અને મહાત્માઓ પોતાના પરમાર્થ અને પરોપકારના ધર્મને છોડતા નથી. અંતે વિજય ધર્મનોજ થાય છે. કેમકે 'यतो धर्मस्ततो जयः'

મહાપ્રભુ ગૌરાંગદેવના સમયમાં પણ નવદ્વીપમાં જગાઇ-મધાઇ (જગન્નાથ અને માધવ) નામના બે કૂર કર્મી

બ્રાહ્મણકુમારો નિવાસ કરતા હતા. '**राक्षसाः कलिमाश्रित्य जायते ब्रह्मयोनिषु**' અર્થાત્ "કળિયુગ આવતાં રાક્ષસો બ્રાહ્મણોના રૂપમાં પૃથ્વી ઉપર ઉત્પન્ન થશે." શાસ્ત્રના આ વાક્યનું પ્રત્યક્ષ પ્રમાણ જગાઇ–મધાઈ નામના બન્ને ભાઇ-ઓના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે. તેમને તે સમયે ગૌડેશ્વર તરફથી નદિયાના કોટવાળ બનાવવામાં આવ્યા હતા. કોટવાળ તો શું, પણ તેઓ પ્રજાનો સંહાર કરનારા એક પ્રકારના નવદ્વીપના છત્ર વિનાના બાદશાહજ હતા. કોઈ પણ દુષ્કર્મ એવું નહોતું કે જે તેઓ ન કરતા હોય. મનુષ્યના વિનાશનાં જેટલાં લક્ષણ બતાવ્યાં છે, તે બધાં તેમનાં નિત્ય–નિયમ પ્રમાણેનાં કર્મ હતાં. ભગવાને વિના-શનાં લક્ષણોનું પોતેજ વર્ણન કર્યું છે કે—

यदा देवेषु वेदेषु गोषु विप्रेषु साधुषु ।
धर्मे मयि च विद्वेषः स वा आशु विनश्यति ॥

(શ્રીમદ્ભાગવત, ૭–૪–૨૮)

ભગવાન કહે છે કેઃ–" જે સમયે મનુષ્ય દેવતાઓ, વૈદિક કર્મો, ગાયો, બ્રાહ્મણો, સાધુ–મહાત્માઓ, ધાર્મિક કાર્યો અને મારો દ્રોહ કરવા લાગે છે, ત્યારે તેનો તરતજ વિનાશ થાય છે." આમણે કોઈ વાતની બાકી રાખી ન-હોતી. દેવતાઓનાં મંદિરોમાં જવાનું તો તેઓ જન્મથીજ શીખ્યા નહોતા, બ્રાહ્મણ હોવા છતાં પણ તેઓ વેદનું નામ પણ જાણતા નહોતા. માંસ તો તેમનું હમેશાંનું ભોજનજ હતું. સાધુ–બ્રાહ્મણોની અવજ્ઞા કરવી, એ તો તેમને માટે સામાન્ય વાત હતી. મનમાં આવે તેને બજારમાં ઉભા રખાવીને આસડાં મરાવતા. કોઈનું પણ સન્માન કરવાનું તો તેઓ જાણતાજ નહોતા. સારા સારા કર્મકાંડી અને વિદ્વાન બ્રાહ્મણો તેમની આગળ થરથર ધ્રૂજવા લાગતા હતા. કોઇને તેમની સમક્ષ પણ જવાની હિંમત થતી નહિ. ધર્મ કયા પક્ષીનું નામ છે, અને તે ક્યાં રહે છે તેની તો તેમને ખબરજ નહોતી. ધનવાનોને ત્યાં લૂંટ પા-

વવી, લોકોની કતલ કરાવવી, પતિવ્રતાઓના સતીત્વને નષ્ટ કરવું-કરાવવું, એ તો એમને માટે સાધારણ કાર્યો હતાં. ન કોઈની સાથે સીધી વાત કરવી, ન કોઇની પાસે બેસવું, બસ ખૂબ દારૂ પીને તેના મદમાં ચકચૂર થઇને તેઓ હમેશાં પાપ-કાર્યોજ કર્યા કરતા હતા. તેઓ નગરના કાજીને ખૂબ ધન આપતા તેથી તે તેમની વિરુદ્ધ કંઈ કરતો નહિ. આમ તો તેમનું ઘર ભગવતી ભાગીરથીના કિનારા ઉપરજ હતું, પરંતુ તેઓ ઘરમાં રહેતા નહિ, હમેશાં ડેરા-તંબૂ નાખીને તેઓ એક મહોલ્લામાંથી બીજા મહોલ્લામાં ફરતા રહેતા. હમણાં આ મહોલ્લામાં તેમનો મુકામ પડ્યો છે, તો થોડા દિવસ પછી બીજામાં. એમ તેઓ મહોલ્લે મહોલ્લે દસ-દસ, વીસ-વીસ દિવસ રહેતા. જે મહોલ્લામાં તેમનો મુકામ પડતો, તે મહોલ્લાના લોકોના પ્રાણ શોષાઈ જતા. કોઈ પણ તેમની આગળ થઇને નીકળતું નહિ, બધા તેમની નજરે ન પડાય તેમ ચાલ્યા જતા. આ પ્રકારે તેમનાં પાપ પરાકાષ્ઠાએ પહોંચ્યાં હતાં. તે સમયે તેઓ નવદ્વીપમાં અત્યાચારોને માટે રાવણ-કંસની પેઠે, વક્રદંત-શિશુપાલની પેઠે, નાદિરશાહ-ગિઝનીની પેઠે તથા ડાયર-ઓ'ડવાયરની પેઠે પ્રસિદ્ધ થઇ ચૂક્યા હતા.

એક દિવસ તેઓ દારૂના મદમાં મસ્ત થઇને ગાંડા-ની માફક પ્રલાપ કરતા કરતા લાલ લાલ આંખો કરીને ક્યાંક જતા હતા. રસ્તામાં નિત્યાનંદજી અને હરિદાસ-જીએ તેમને જોયા. તેમની આવી શોચનીય અને વિચિત્ર દશા જોઇને નવદ્વીપમાં નવાજ આવેલા નિત્યાનંદજી લો-કોને પૂછવા લાગ્યા કે "કેમ ભાઈ! આ લોકો કોણ છે અને આ પ્રકારે ગાંડાઓની પેઠે કેમ બકતા બકતા જાય છે? પહેરવેશથી તો તેઓ કોઈ સજ્જન પુરુષો જેવા જણાય છે!"

લોકોએ કંઈક ખાડી મશ્કરી કરતાં કરતાં કહ્યું: "એમ જણાય છે કે હજુ આપને તેમની સાથે કંઈ કામ પડ્યું નથી, એટલે આવી વાતો પૂછો છો. એ તો અહીંના નામચ

યમરાજજ છે. નવદ્વીપનાં નર–નારીઓને આ નરાધમોનો જેટલો ડર લાગે છે, તેટલો ડર પાપીઓને કદાચ યમ-રાજનો પણ નહિ લાગતો હોય. તેમણે જન્મ તો બ્રાહ્મણ-ના ઘરમાં લીધો છે, પરંતુ તેઓ કામ તો ચાંડાળોથી પણ ભુંડાં કરે છે. જોજો, આપ કોઇ વાર એમની આગળ થઇને ન જતા. એમને સાધુઓ ઉપર બહુજ ચીડ છે. જો તેમણે આપને જોયા તો તો મુઆજ પડયા જાણજો. પર-દેશી સમજીને અમે તમને આ વાત સમજાવી દીધી છે."

લોકોના મુખેથી આવી વાતો સાંભળીને નિત્યાનંદને તેમના ઉપર દયા આવી. તેઓ વિચારવા લાગ્યા કેઃ–"જે લોકો નામમાં શ્રદ્ધા રાખે છે અને હમેશાં સત્કર્મો કરવાનો પ્રયત્ન કરતા રહે છે, તેઓ અમારા કહેવાથી ભગવન્નામ કીર્તન કરે છે, એમાં તો અમારા પ્રભુની વિશેષ મહત્તા નથી. પ્રશંસાની વાત તો એ છે કે, આવા પાપી પણ પાપ છોડીને ભગવન્નામનો આશ્રય ગ્રહણ કરીને પ્રભુને શરણે આવે. ભગવન્નામનું સાચું મહત્વ તો ત્યારે પ્રગટ થશે. આવા લોકોજ સૌથી વધારે કૃપાપાત્ર છે. આવાજ લોકોને માટે ભગવન્નામના ઉપદેશની પરમ આવશ્યકતા છે. કોઇ પણ પ્રકારે આ લોકોનો ઉદ્ધાર કરવો જોઇએ." આ પ્રકારે નિત્યાનંદજી મનોમન વિચાર કરવા લાગ્યા. જે પ્રાણીઓ [illegible]

નિત્યાનંદજીએ પોતાના મનના વિચાર હરિદાસજીની આગળ પ્રગટ કર્યા. હરિદાસજીએ કહ્યું:–" આપ તો વગર વિચાર્યેજ ભમરીઓના મધપૂડામાં હાથ નાખવા ઇચ્છો છો. હમણાં સાંભળ્યું નહિ કે, લોકોએ શું કહ્યું હતું ?"

નિત્યાનંદજીએ કંઇક ગંભીરતાપૂર્વક કહ્યું:–" સાંભળ્યું છે તો ખરુંયે, પરંતુ એટલાથીજ આપણે ડરી જવું ન જોઇએ. આપણે તો ભગવન્નામનો પ્રચાર કરવો છે."

હરિદાસજીએ કહ્યું:–" હું ક્યારે કહું છું કે ભગવન્નામનો પ્રચાર બંધ કરી દો ? ચાલો, જેમ કરીએ છીએ તેમ બીજી બાજુ જઇને નામનો પ્રચાર કરીએ. એ સૂતેલા સિંહોને જગાડવાથી શો ફાયદો ?"

નિત્યાનંદજીએ કહ્યું:–" આપની વાત તો બરાબર છે, પરંતુ પ્રભુની તો આજ્ઞા છે કે ભગવન્નામ વહેંચવામાં પાત્રાપાત્રનો ભેદ રાખવો નહિ, બધાને સમાન ભાવે ઉપદેશ આપવો. પાપી હો કે પુણ્યાત્મા, ભગવન્નામ લેવાના તો બધા અધિકારી છે. તેથી તેમને ભગવન્નામનો ઉપદેશ શા માટે ન કરવો ?"

હરિદાસજીએ કંઇક નમ્રતાભર્યા સ્વરે કહ્યું:–"એ તો બરાબર છે. આપની આગળ જે પણ આવે તેનેજ ભગવન્નામનો ઉપદેશ કરો, પરંતુ તેમને ખાસ લક્ષ્ય બનાવીને તેમની પાસે જવું ઠીક નથી. તેમનીજ પાસે આગ્રહપૂર્વક શા માટે જવું ? ભગવન્નામનો ઉપદેશ દેવા માટે બીજા ઘણાયે મનુષ્યો છે. તેમની પાસે જઇને ઉપદેશ આપો."

નિત્યાનંદજીએ કંઇક દૃઢતાથી કહ્યું:–" જુઓ, જે વધારે માંદો હોય છે, જેને બીજા રોગીઓ કરતાં ઔષધિની વધારે આવશ્યકતા હોય છે, તેની પાસે બુદ્ધિમાન વૈદ્યો સૌથી પહેલા જાય છે અને તેને દવા આપીને બીજા દર્દીની નાડી જુએ છે. બીજા લોકો કરતાં ભગવન્નામની આજ લોકોને વધારે આવશ્યકતા છે. તેમનાં આટલાં બધાં ક્રૂર કર્મોનું ભગવન્નામથીજ પ્રાયશ્ચિત્ત થઇ શકે છે. તેમ

મોક્ષનો બીજો કોઈ માર્ગજ નથી. કેમ બરાબર છે ને? આપ મારી વાતમાં સહમત છો ને?"

હરિદાસજીએ કહ્યું:–" જેવી આપની ઈચ્છા, જો આપ તેમનેજ સૌથી વધારે ભગવન્નામના અધિકારી માનતા હો, તો તેમાં મને કાંઈ હરકત નથી. હું પણ આપની સાથે આવવા તૈયાર છું." એમ કહીને હરિદાસજી—

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ મહામંત્રનું પોતાના સુમધુર કંઠે ગાયન કરતા કરતા જગાઈ–મધાઈના તંબુ તરફ ચાલ્યા. એ બન્નેને બાદશાહ તરફથી થોડુંક સૈન્ય પણ મળ્યું હતું. તેને તેઓ સદા સાથે રાખતા હતા. આ બન્ને સંન્યાસીઓ નિર્ભય થઈને ભગવન્નામનું ગાયન કરતા કરતા તેમના નિવાસસ્થાન પાસે ગયા. દૈવયોગે એ બન્ને ભાઈઓ સાથેજ દારૂના નશામાં ચકચૂર થઈને પલંગો ઉપર બેઠા હતા. એ બન્નેને પોતાની આગળ ગાન કરતા જોઈને તેમના તરફ લાલ લાલ આંખો કરી જોતાં જોતાં તેઓ બોલ્યા કે "તમે કોણ છો અને શું ઈચ્છો છો?"

નિત્યાનંદજીએ અતિ મધુર સ્વરે કહ્યું:—

"કૃષ્ણ કહો, કૃષ્ણ ભજો, લેહ કૃષ્ણ નામ,
કૃષ્ણ માતા, કૃષ્ણ પિતા, કૃષ્ણ ધન પ્રાણ."

[illegible]

હસતાં હસતાં નિત્યાનંદજીએ કહ્યું:–" આપની સંમતિથી તો હું ત્યાં ગયો હતો. જો આપે સંમતિ આપી ન હોત તો હું કેમ કરીને જાત? આપજ આપણા પ્રેમ... વૃદ્ધ છો."

હરિદાસજીએ કંઈક રોષમાં આવીને કહ્યું:–"વૃદ્ધ છે... પથરા! મારી સંમતિથી ગયા હતા, તો ત્યાંથી નાસી આવ્યા શું કામ? તે વખતે મારી સંમતિ કેમ ના લીધી?"

જોરથી હસતાં હસતાં નિત્યાનંદજીએ કહ્યું:–"જો તે સમયે આપની સંમતિની રાહ જુવત, તો બધો મામલો સાફજ થઈ જાત." આ પ્રકારે આપસમાં એક બીજાને ટોણા મારતા, એ બન્ને પ્રભુની પાસે ગયા. તે સમયે પ્રભુ ભક્તો સાથે બેસીને શ્રીકૃષ્ણકથા કહેતા હતા. એ બન્ને પ્રચારક તપસ્વીઓને જોઇને તેઓ પ્રસન્નતા દર્શાવતા કહેવા લાગ્યા: "લ્યો ભાઇ! આ જુગલ-જોડી આવી પહોંચી. પ્રચારક મંડળના નેતાઓ આવી પહોંચ્યા. હવે આપ તેમના મુખેથી નગર-પ્રચારનો વૃત્તાંત સાંભળો."

પ્રભુએ આ પ્રમાણે કહેતાં હરિદાસજીએ કહ્યું: "પ્રભો! શ્રીપાદ નિત્યાનંદજી બહુ તોફાન કર્યા કરે છે, તેમને આપ સમજાવો કે જરા થોડું તોફાન કરે."

પ્રભુએ પૂછ્યું:–"કેમ? કેમ શી વાત છે? શું થયું? આજ કોઈ નવું તોફાન કર્યું છે કે શું? હા, આજ આપ બન્ને બહુ થાકેલા જણાઓ છો. બધી વાત કહો જોઈએ?"

પ્રભુએ પૂછવાથી હરિદાસજીએ બધી [illegible]

[illegible]

તેને ભક્ત બનાવી શકે છે, પછી તે ગમે તેટલો મહા પાપી ભલેને હોય ?"

આ પ્રમાણે નિતાઇએ સંકેતથીજ પ્રભુની આગળ જગાઇ-મધાઇના ઉદ્ધારની પ્રાર્થના કરી દીધી અને પ્રભુએ પણ સંકેત દ્વારાજ તેમને એ બન્ને ભાઇઓના ઉદ્ધારનું આશ્વાસન આપાવી દીધું. સાચેજ, મહાત્માઓનાં હૃદયોમાં બીજાઓના પ્રત્યે સ્વાભાવિકજ દયા ઉત્પન્ન થઈ જાય છે. તેમની પાસે આવીને કોઇ દયાની પ્રાર્થના કરે, ત્યારે તેઓ દયા કરે એવી વાત નથી; પરંતુ તેમનો સ્વભાવજ એવો હોય છે કે, કહ્યા વિનાજ તેઓ દીન-દુઃખીઓ ઉપર દયા કર્યા કરે છે. દયા કર્યા સિવાય તેઓ રહીજ શકતા નથી. જેમકે નીતિકારોએ કહ્યું છેઃ—


पद्माकरं दिनकरो विकचं करोति
चन्द्रो विकासयति कैरवचक्रवालम् ।
नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति
सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥

(ભર્તૃહરિનીતિશતક-૭૪)

રાત્રિના દુઃખથી બિડાઇ ગયેલું કમળ મરીચિમાલી ભગવાન ભુવનભાસ્કર પાસે પોતાનું દુઃખ રોવા માટે જતું નથી, કહ્યા વિનાજ કમળ-બંધુ ભગવાન સૂર્યનારાયણ તેનાં દુઃખોને દૂર કરવા માટે તેને વિકસિત કરી દે છે. કુમુદિનીની લજ્જાથી શરમાતી કળિકાને [illegible] ભગવાન શશીધર (ચંદ્રમા) પોતેજ ખીલવે છે, [illegible] વિનાજ પાણીથી ભરેલાં વાદળ પોતાના [illegible] વરસીને [illegible] પ્રાણીઓનાં દુઃખને દૂર કરે છે [illegible] સંતો પણ પોતેજ બીજાઓના ઉપકાર [illegible] ને કંઇ ઉદ્યોગ કરતાજ રહે છે. [illegible] સ્વભાવજ બની જાય છે. [illegible]

[illegible]

[illegible]



જગાઈ-મધાઈનો ઉદ્ધાર

साधूनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः ।
कालेन फलते तीर्थं सद्यः साधुसमागमः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૯-૭)

અર્થાત્ સાધુઓનું શરીરજ તીર્થરૂપ છે, તેમનાં દર્શનોથીજ પુણ્ય થાય છે. સાધુઓમાં અને તીર્થોમાં એક મહા ભારે અંતર છે; તીર્થોમાં જવાનું ફળ તો કાલાન્તરે મળે છે; પરંતુ સાધુઓના સમાગમનું ફળ તરતજ મળે છે. તેથી સાચા સાધુઓનો સત્સંગ તો વળી દૂરની વાત છે, તેમનું દર્શનજ કોટિ તીર્થોથી વિશેષ હોય છે.

[illegible], જેનું હૃદય કોમળ છે, જે બધાં પ્રાણીઓને પ્રેમની દૃષ્ટિએ જુએ છે, જેની બુદ્ધિ તિરસ્કાર અને દ્વેષને લીધે મેલી થઇ ગઈ નથી, પરોપકાર કરવો એ જેનું વ્યસનજ બની ગયું છે, એવા સાધુ પુરુષ જો સાચા હૃદયથી કોઈ ઘોર પાપીમાં પાપીનું પણ કલ્યાણ ઇચ્છે તો તેના ધર્માત્મા બનવામાં શંકાજ નથી. મહાત્માઓની સ્વાભાવિક ઇચ્છા અમોઘ હોય છે અને તેઓ પ્રસન્નતાપૂર્વક કોઈના તરફ જોઈ પણ લે, તો બસ તેજ સમયે તેનો બેડો પાર છે. સાધુઓની સાથે ખોટી બુદ્ધિથી કરેલો સંગ પણ નકામો નથી જતો. સાધુઓ તરફ દ્વેષભાવ રાખનારાઓનું પણ કલ્યાણજ થયું જોવામાં આવ્યું છે. જો પાપીનું ઉપર કોઈ [illegible] કરવા છતાં ક્રોધ ન કરનાર મહા[illegible] દૈવવશાત્ ક્રોધ આવી જાય, તો તે [illegible] સ્વયં નાશ પામી જાય છે. જેનું ઉદાહરણ [illegible]

તેને ભક્ત બનાવી શકે છે, પછી તે ગમે તેટલો મહા-પાપી ભલેને હોય ?"

આ પ્રમાણે નિતાઇએ સંકેતથીજ પ્રભુની આગળ જગાઈ–મધાઇના ઉદ્ધારની પ્રાર્થના કરી દીધી અને પ્રભુએ પણ સંકેત દ્વારાજ તેમને એ બન્ને ભાઇઓના ઉદ્ધારનું આશ્વાસન અપાવી દીધું. સાચેજ, મહાત્માઓનાં હૃદયોમાં બીજાઓના પ્રત્યે સ્વાભાવિકજ દયા ઉત્પન્ન થઈ જાય છે. તેમની પાસે આવીને કોઇ દયાની પ્રાર્થના કરે, ત્યારે તેઓ દયા કરે એવી વાત નથી; પરંતુ તેમનો સ્વભાવજ એવો હોય છે કે, કહ્યા વિનાજ તેઓ દીન–દુઃખીઓ ઉપર દયા કર્યા કરે છે. દયા કર્યા સિવાય તેઓ રહીજ શકતા નથી. જેમકે નીતિકારોએ કહ્યું છેઃ—

पद्माकरं दिनकरो विकचं करोति
चन्द्रो विकासयति कैरवचक्रवातम् ।
नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति
सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥

(ભર્તૃહરિનીતિશતક–૭૪)

રાત્રિના દુઃખથી ખિડાઇ ગયેલું કમળ મરીચિમાલી ભગવાન ભુવનભાસ્કર પાસે પોતાનું દુઃખ રોવા માટે જતું નથી, કહ્યા વિનાજ કમળ–બંધુ ભગવાન સૂર્યનારાયણ તેનાં દુઃખોને દૂર કરવા માટે તેને વિકસિત કરી દે છે. કુમુદિનીની લજ્જાથી શરમાતી કલિકાને કળાનાથ ભગવાન શશીધર (ચંદ્રમા) પોતેજ ખીલવે છે. યાચના વિનાજ પાણીથી ભરેલાં વાદળ પોતાના બધા પાણીને વર્ષાવીને પ્રાણીઓનાં દુઃખને દૂર કરે છે. આ પ્રકારે મહાન સંતો પણ પોતેજ બીજાઓના ઉપકારને માટે સદા કંઇ ને કંઇ ઉદ્યોગ કરતાજ રહે છે. પરોપકાર કરવો, એ તેમનો સ્વભાવજ બની જાય છે. જેમ બધાં પ્રાણીઓ જાણ્યે–અજાણ્યે શ્વાસ લીધાજ કરે છે, તેજ પ્રમાણે સંત–મહાત્માઓ જે જે ક્રિયાઓ કરે છે, તે બધી લોકકલ્યાણકારીજ હોય છે.

હતા અને જેને પણ જોતા તેને ફટકારતા. તેથી સાંજ પડતાંજ જેમ પક્ષીઓ પોતપોતાના માળાઓમાં પેસી જાય છે અને પછી પ્રાતઃકાળે તેમાંથી બહાર નીકળે છે, તે પ્રકારે તે મહોલ્લાના લોકો સૂર્યાસ્ત પછી ભૂલથી પણ ઘરની બહાર નીકળતા નહોતા. કેમકે તેમની ક્રૂરતા અને ઘાતકીપણાથી બધા લોકો પરિચિત હતા.

સાંજે નિયમિતરૂપે ભક્તો સંકીર્તન કરતા હતા અને કોઈ કોઈ વાર તો આખી રાત સંકીર્તન ચાલ્યાજ કરતું હતું. આ બન્નેએ તંબૂ નાખવા છતાં પણ સંકીર્તન તો જેમનું તેમ થતુંજ રહ્યું. રાત્રે બધા ભક્તો એકઠા થયા અને તેજ પ્રકારે લય અને ધ્વનિ સાથે ખોલ, મૃદંગ, કરતાળ અને મંજીરા વગેરે વાદ્યો સહિત ભગવાનનાં સુમધુર નામોનું સંકીર્તન થવા લાગ્યું.

સંકીર્તનનો ત્રિતાપહારી, અનંત પાપસંહારક, સુમધુર ધ્વનિ એ બન્ને ભાઈઓના કાનમાં પડયો. એ બન્ને શરાબના મદમાં ચકચૂર તો હતાજ, એ કર્ણપ્રિય ધ્વનિના શ્રવણમાત્રથી તેઓ ઘણા વધારે ઉન્મત્ત થઈ ગયા. ગરમીના દિવસો હતા, બહાર પોતાના પલંગો ઉપર પડયા પડયા તેઓ કીર્તનના જગત્-પાવનકારી રસામૃતનું પાન કરવા લાગ્યા. કોઈ વાર તો તેઓ બેભાન થઈને ગર્જના કરવા લાગતા, કોઈ વાર પડયા પડયાજ 'અહા-અહા' એ પ્રકારે કહેવા લાગતા અને કોઈ વાર ભાવાવેશમાં આવીને કીર્તનના લયની સાથે ઉઠીને નૃત્ય કરવા લાગતા. આ પ્રકારે તેઓ સંકીર્તનના મહિમાને જાણ્યા વિનાજ કેવળ તેના શ્રવણમાત્રથી ગાંડા જેવા થઇ ગયા. એક દિવસ દૂરથી કીર્તનનો ધ્વનિ સાંભળીનેજ તેમના હૃદયની કઠોરતા પાણીખરી જતી રહી. ભલા જે હૃદયમાં કર્ણો દ્વારા ભગવન્નામનો પ્રવેશ થઈ ચૂકયો છે, ત્યાં કઠોરતા રહીજ શી રીતે શકે ? સંકીર્તન સાંભળતાં સાંભળતાંજ એ બન્ને ભાઈઓ સૂઈ ગયા. પ્રાતઃકાળે જ્યારે જાગ્યા ત્યારે તેમણે

ક્રોધ કોઇ વાર સહેજસાજ જ આવે છે. તેઓ પોતાનું અહિત કરનારાઓનું પણ સદા હિતજ કરે છે, પ્રહાર કરવા છતાં પણ તેઓ વૃક્ષોની પેઠે સુસ્વાદુ ફળજ આપ્યા કરે છે; કેમકે તેમનું હૃદય દયાથી ભરેલું હોય છે.

આટલા બધા ઘોર પાપી બન્ને ભાઇ જગાઇ-મધાઈ ઉપર નિત્યાનંદજીની કૃપા થઇ ગઇ, તેમના હૃદયમાં એ બન્નેના ઉદ્ધાર માટે ચિંતા થઈ આવી, જાણે એ બન્નેનાં પાપોનો અંત આવવાનો સમય આવી ગયો. જે દિવસે એ બન્ને ભાઇઓને અવધૂત નિત્યાનંદ અને મહાત્મા હરિદાસજીનાં દર્શન થયાં, તેજ દિવસે તેમના શુભ દિવસોના શ્રી ગણેશ મંડાઇ ગયા. સંયોગવશાત્ હવે તેમણે જ્યાં મહાપ્રભુનું ઘર હતું તેજ મહોલ્લામાં પોતાના તંબુ નાખ્યા. મહોલ્લાના બધા લોકો ડરી ગયા. તેઓ એકબીજાને કહેવા લાગ્યાઃ-"હવે આ કીર્તનવાળાઓ ઉપર આફત આવી. આ બન્ને રાક્ષસ-ભાઇઓ જરૂર કીર્તનવાળાઓને હેરાન કરશે." કોઇ કોઈ કીર્તનવિરોધી કહેવા લાગ્યાઃ-"અરે, ઠીક છે. આ કીર્તનવાળા આખી રાત ઉંઘવાજ દેતા નથી. તેમના કોલાહલને લીધે રાત્રે નિદ્રાજ આવતી નથી. ઠીક છે, હવે સુખેથી સૂઇ તો શકીશું." કોઈ કોઇ પોતાના અનુમાનથી કહેતાઃ-"સંભવ છે કે હવે આ કીર્તન કરનારાઓ પોતાની મેળેજ કીર્તન બંધ કરી દેશે અને નહિ કરે તો પોતાની કરણીનું ફળ ચાખશે." આ પ્રકારે લોકો જાત જાતના તર્ક-વિતર્ક કરવા લાગ્યા.

પ્રભુનું ઘર ગંગાજીની પાસેજ હતું. જે ઘાટ ઉપર પ્રભુ સ્નાન કરવા જતા, તેજ રસ્તામાં આ બન્ને ક્રૂરકર્મી ભાઇઓનો મુકામ પડયો હતો. તેમના ડરને લીધે ગંગાસ્નાન માટે એકલું તો કોઇ જતું નહિ. દસ-વીસ માણસ સાથે મળીને ઘાટ ઉપર સ્નાન કરવા જતા. રાત્રે તો કોઇ પોતાના ઘરની બહાર પણ નીકળતું નહોતું; કારણ કે આ બન્ને ભાઇઓ નશામાં ચકચૂર થઇને આમતેમ ઘૂમતા

કલ્યાણ અવશ્ય કરશે." પ્રભુનાં આવાં આશ્વાસનનાં વાક્યો સાંભળીને બન્ને પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

એક દિવસ રાત્રિને સમયે નિત્યાનંદજી મહાપ્રભુના ઘર તરફ આવતા હતા. નિતાઈએ જગાઈ-મધાઈને, કેવળ તે બન્ને ભાઈઓના ઉદ્ધારને માટેજ રાત્રે ત્યાં થઈને આવવાનો વિચાર કર્યો હતો. તેઓ ધીરે ધીરે ભગવન્નામનું ઉચ્ચારણ કરતા કરતા તેમના તંબૂ આગળ થઈને નીકળ્યા. તે સમયે એ બન્ને શરાબના નશામાં ચકચૂર થઈને બેઠા હતા. નિત્યાનંદજીને રાત્રે ત્યાંથી જતા જોઈને લાલ આંખોવાળા મદિરામાં બેભાન થયેલા મધાઈએ પૂછ્યું:-" કોણ જાય છે ?" નિત્યાનંદજી ભલા જવાબ આપે તેવા ક્યાં હતા ? તેઓ ચૂપજ રહ્યા. આથી તેણે દમ મારીને જોરથી કહ્યું:-" અરે, કોણ જાય છે ? બોલતો કેમ નથી ?"

આથી નિત્યાનંદજીએ નિર્ભયપણે કહ્યું:-" કેમ, હું છું, શું કહો છો ?" મધાઈએ કહ્યું:-" તમે કોણ છો ? પમારું નામ કહો અને આ સમયે રાત્રે ક્યાં જાઓ છો ?" નિત્યાનંદજીએ સરળતાપૂર્વક કંઈક વિનોદના ભાવમાં કહ્યું:-" પ્રભુને ત્યાં સંકીર્તન કરવા જાઉં છું, મારું નામ 'અવધૂત' છે."

અવધૂત નામ સાંભળીનેજ મધાઈ ચિડાઈ ગયો. તેણે કહ્યું:-" અવધૂત ! અવધૂત ઘણું વિચિત્ર નામ છે. અવધૂત તો નામ નથી હોતું, કેમરે બદમાસ ! મારી મશ્કરી કરે છે !" એમ કહીને તે અવિચારી મદોન્મત્તે પાસે પડેલું એક ઠીંકરું ઉપાડીને ઘણા જોરથી નિત્યાનંદજીના માથામાં માર્યું. તે ઠીકરું એટલા જોરથી નિતાઈના માથામાં લાગ્યું કે માથામાં લાગતાંજ તેના ટુકડે ટુકડા થઇ ગયા. એક ટુકડો નિતાઇના માથામાં પણ પેસી ગયો. એ ટુકડો ખૂંચી જવાથી માથામાંથી લોહીની ધારા વહેવા લાગી. નિત્યાનંદજીનું આખું શરીર લોહીથી ખરડાઇ ગયું. તેમનાં બધાં વસ્ત્રો લોહીથી રંગાઇ ગયાં. આમ છતાં પણ નિત્યા-

ભક્તોને ઘાટ તરફ ગંગા-સ્નાન માટે જતા જોયા. મહાપ્રભુ પણ ત્યાંથીજ જતા હતા. તેમણે પ્રભુજ સંકીર્તનના જીવનદાતા છે, એ બધી વાત પહેલેથીજ સાંભળી રાખી હતી. તેથી પ્રભુને દેખતાંજ તેમણે કંઇક ગર્વિત સ્વરે પણ પ્રસન્નતાપૂર્વક કહ્યું:-"નિમાઇ પંડિત ! રાત્રે તો ઘણાં સુંદર ગાયન ગાતા હતા, શું 'મંગળચંડી'નાં ગીત હતાં ? એક દિવસ આપના બધા સાથીઓ સાથે અમારે ત્યાં પણ ગાન કરો. તમે જે જે સામગ્રી કહેશો, તે બધી અમે મંગાવી આપીશું. એક દિવસ જરૂર અમારે ત્યાં ચંડીમંગળનું સંકીર્તન થવું જોઇએ. અમને તમારાં ગીત ઘણાંજ સારાં લાગે છે." ભગવન્નામસંકીર્તનનો કેવો વિલક્ષણ પ્રભાવ છે ! કેવળ અનિચ્છાપૂર્વક શ્રવણ કરવાનુંજ આ ફળ છે કે જે બન્ને ભાઈ કોઇની સાથે સીધી વાતો પણ કરવાનું જાણતા નહોતા, તેઓજ મહાપ્રભુને પોતાને ત્યાં સંકીર્તન કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. પ્રભુએ તેમની વાતોનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. પરંતુ તેઓ ઉપેક્ષા કરીને આગળ ચાલ્યા ગયા.

ત્રીજે પહોરે બધા ભક્તો પ્રભુને ઘેર એકઠા થયા. બધાએ પ્રભુને પ્રાર્થના કરી કે:-"પ્રભો ! આ બન્ને ભાઇઓનો હવે અવશ્યજ ઉદ્ધાર થવો જોઈએ. હવે આજ તેમના ઉદ્ધારનો સુઅવસર છે. ત્યારે બધા લોકોને સંકીર્તનનું મહત્ત્વ સમજાશે તથા આપનું પતિતપાવન અને દીનબંધુ નામ સાર્થક થશે."

પ્રભુએ મંદમંદ હાસ્ય કરતાં કહ્યું:-"ભક્તો! જેમના ઉદ્ધારને માટે આપ સૌ આટલા બધા ચિંતાતુર છો, જેમની મંગલ કામનાને માટે આપ સર્વેનાં હૃદયોમાં આટલી બધી ઇચ્છા છે, તેમનો તો હવે ઉદ્ધાર થયોજ સમજો. હવે તેમના ઉદ્ધારમાં શી વાર છે ? જેમને શ્રીપાદનાં દર્શનોનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, તેઓ પાપી રહીજ શી રીતે શકે ? શ્રીપાદનાં દર્શન નકામાં કદી જતાં નથી. તેઓ તેમનું

કલ્યાણ અવશ્ય કરશે." પ્રભુનાં આવાં આશ્વાસનનાં વાક્યો સાંભળીને ભક્તો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

એક દિવસ રાત્રિને સમયે નિત્યાનંદજી મહાપ્રભુના ઘર તરફ આવતા હતા. નિતાઈએ જાણી-જોઈને, કેવળ તે બન્ને ભાઈઓના ઉદ્ધારને માટેજ રાત્રે ત્યાં થઈને આવવાનો વિચાર કર્યો હતો. તેઓ ધીરે ધીરે ભગવન્નામનું ઉચ્ચારણ કરતા કરતા તેમના તંબૂ આગળ થઈને નીકળ્યા. તે સમયે એ બન્ને શરાબના નશામાં ચકચૂર થઈને બેઠા હતા. નિત્યાનંદજીને રાત્રે ત્યાંથી જતા જોઈને લાલ આંખોવાળા મદિરામાં બેભાન થયેલા મધાઈએ પૂછ્યું:—"કોણ જાય છે?" નિત્યાનંદજી શા જવાબ આપે. તેવા ક્યાં હતા? તેઓ ચૂપજ રહ્યા. આથી તેણે દમ મારીને જોરથી કહ્યું:—" અરે, કોણ જાય છે? બોલતો કેમ નથી?"

આથી નિત્યાનંદજીએ નિર્ભયપણે કહ્યું:—" કેમ, હું છું, શું કહો છો?" મધાઈએ કહ્યું:—" તમે કોણ છો? તમારું નામ કહો અને આ સમયે રાત્રે ક્યાં જાઓ છો?" નિત્યાનંદજીએ સરળતાપૂર્વક કંઈક વિનોદના ભાવમાં કહ્યું:—" પ્રભુને ત્યાં સંકીર્તન કરવા જાઉં છું, મારું નામ 'અવધૂત' છે."

અવધૂત નામ સાંભળીનેજ મધાઈ ચિડાઈ ગયો. તેણે કહ્યું:—" અવધૂત! અવધૂત ઘણું વિચિત્ર નામ છે. અવધૂત તો નામ નથી હોતું, કેમરે બદમાશ! મારી મશ્કરી કરે છે!" એમ કહીને તે અવિચારી મહોન્મત્તે પાસે પડેલું એક ઠીકરું ઉપાડીને ઘણા જોરથી નિત્યાનંદજીના માથામાં માર્યું. તે ઠીકરું એટલા જોરથી નિતાઈના માથામાં વાગ્યું કે માથામાં લાગતાંજ તેના ટુકડે ટુકડા થઈ ગયા. એક ટુકડો નિતાઈના માથામાં પણ પેસી ગયો. એ ટુકડો પેસી જવાથી માથામાંથી લોહીની ધારા વહેવા લાગી. નિત્યાનંદજીનું આખું શરીર લોહીથી ખરડાઈ ગયું. તેમનાં બધાં વસ્ત્રો લોહીથી રંગાઈ ગયાં. આમ છતાં પણ નિ-

નંદજીને તેમના પર ક્રોધ આવ્યો નહિ, અને તેઓ આનંદપૂર્વક નૃત્ય કરતા કરતા ભગવન્નામનું ગાન કરવા લાગ્યા. તેઓ તેના ઉપર દયા દર્શાવતા રડી-રડીને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યાઃ-“ પ્રભો ! આ શરીરમાં જે આઘાત થયો, તેની મને જરા પણ ચિંતા નથી, પરંતુ આ બ્રાહ્મણ-કુમારોની આવી શોચનીય અવસ્થાના સ્મરણમાત્રથી મારું હૃદય ફાટી જાય છે. હે દયાળો ! હવે તો એમની રક્ષા કરો. હવે તો એમના મોક્ષનો ઉપાય બતાવો. ”

નિત્યાનંદજીને આ પ્રમાણે પ્રેમમાં નૃત્ય કરતા જોઇને મધાઈ વળી વધારે ચિડાયો. આથી તે તેમના ઉપર બીજી વાર પ્રહાર કરવા તૈયાર થયો. એટલામાં જગાઇએ તેને વચમાંજ રોકયો. મધાઇના કરતાં જગાઈ કંઇક કોમળ પ્રકૃતિનો અને દયાળુ હતો, તેને નિત્યાનંદજીની આ દશા ઉપર ઘણી દયા આવી. પ્રહાર કરનારા ઉપર પણ ક્રોધ નહિ કરતાં તેઓ આનંદપૂર્વક નૃત્ય કરે છે અને ઉલટા પોતાના અપરાધીના કલ્યાણને માટે પ્રભુને પ્રાર્થના કરે છે, એ વાતથી જગાઈનું હૃદય પીગળી ગયું. તેણે મધાઇને રોકીને કહ્યુંઃ-“તું આ શું કરે છે? એક સંન્યાસીને જાણ્યા પૂછ્યા વિના મારે છે એ સારી વાત નથી. ”

લાલ લાલ આંખોથી ચારે બાજુ જોતાં જોતાં મધાઇએ કહ્યુંઃ-“ એ પોતાનું નામ કે ગામ પણ સીધી રીતે બતાવતો નથી.”

સરળતાપૂર્વક જગાઇએ કહ્યુંઃ “ આ પરદેશી સંન્યાસી પોતાનું નામ-ગામ શું બતાવે ? જોતો નથી અવધૂત છે ! માગીને ખાતા હશે, અહીં તહીં પડયા રહેતા હશે.” જગાઇએ આ પ્રકારે અટકાવવાથી મધાઇ શાંત થયો. તેણે બીજી વાર નિત્યાનંદજી ઉપર પ્રહાર કર્યો નહિ. નિત્યાનંદજી આનંદમાં ઉન્મત્ત થઇને નૃત્ય કરતા હતા. માથામાંથી લોહીનો પ્રવાહ વહેતો હતો. ત્યાંની બધી જમીન લોહીથી ભીંજાઇ ગઈ હતી. લોકોએ જલદી જઇને આ

સંહાર નહિ કરતાં ઉદ્ધાર કરશો.
પતિત-પાપીઓનો ઉદ્ધાર કરીને
તપાવન નામને સાર્થક કેમ કરતા
કરવી હોય તો એક મધાઇનેજ કરો.
નો કોઇ અપરાધ કર્યો નથી. તેણે તો
ાર કરતો અટકાવ્યો છે. બીજી વાર પ્ર-
એજ મધાઇને રોકયો છે. પ્રભો ! જગા-
કરનારો છે, તે તો સર્વથા નિર્દોષ છે."

શ્રીપાદની રક્ષા કરી છે. તેણે મધાઇને
તો અટકાવ્યો છે" એ વાત સાંભળતાંજ
નું ઠેકાણું રહ્યું નહિ. તેમનું સમસ્ત શરીર
યું. પ્રેમને લીધે જગાઇને પ્રભુ ભેટી પડયા
કંઠે કહેવા લાગ્યા કે "તમે મારા
છે, તમે મારા ભાઇના રક્ષક છો. તમા-
વહાલો બીજો કોણ હોઈ શકે? આવો,
ભેટીને મારા દુઃખી હૃદયને શીતળતા
પ્રેમાલિંગન પામતાંજ જગાઈ મચ્છિંત

દયાના અધિકારી છે. તેમના ઉપર અનુગ્રહ કરવો જોઇએ. આપનાં જગદ્વંદ્ય ચરણોને તેમના મસ્તક ઉપર રાખીને તેમનો ઉદ્ધાર કરો." નિતાઇની આવી પ્રાર્થના છતાં પણ પ્રભુનો ક્રોધ શાંત થયો નહિ. આ તરફ પ્રભુને ક્રોધાયમાન થયેલા જોઇને બધા ભક્તો આશ્ચર્યચકિત થઇ ગયા. બધા આશ્ચર્યપૂર્વક પ્રભુના કોપાયમાન મુખ તરફ સંભ્રમભાવે જોવા લાગ્યા. બધાને જણાવા લાગ્યું કે આજે સંસારમાં મહાપ્રલય થઇ જશે. સમસ્ત સંસાર પ્રભુના પ્રકોપથી ભસ્મીભૂત થઇ જશે. પ્રભુની આવી દશા જોઇને કેટલાક ભક્તો પોતાની જાતને રોકી શકયા નહિ. મુરારી ગુપ્ત વગેરે વીર ભક્તો મહાવીરના આવેશમાં આવીને એ બન્ને પાપી ભાઇઓનો સંહાર કરવા માટે પોતેજ તૈયાર થઇ ગયા. તે સમયે બધા ભક્તોના હૃદયમાં એક પ્રકારની ભારે ગડમથલ ચાલી રહી હતી. ઉશ્કેરાયલી ભક્તમંડળીને જોઇને જગાઇ–મધાઈના બધા સેવક ડરને લીધે થરથર કંપવા લાગ્યા. હજારો નરનારીઓ તે જગાએ આવીને એકઠાં થઇ ગયાં. સમસ્ત નગરમાં એક પ્રકારનો કોલાહલ મચી ગયો. નિત્યાનંદજી ઉશ્કેરાયેલા મુરારી ગુપ્ત વગેરે ભક્તોના ચરણોમાં પડી પડીને તેમને શાંત થવાને કહેતા હતા. પ્રભુને પણ તેઓ વારંવાર શાંત થવાની પ્રાર્થના કરતા હતા. તે બન્ને ભાઇઓ ડરતા ડરતા ચૂપચાપ ઉભા હતા. તેમને કાંઈ સૂઝતુંજ નહોતું કે હવે શું કરવું જોઇએ. એટલામાંજ એમને જણાવા લાગ્યું કે જાણે આકાશમાંથી સુદર્શન ચક્ર તેમના સંહાર માટે ઉતરી આવે છે. સુદર્શન ચક્રના દર્શનથી તેઓ ઘણાજ વધારે ભયભીત થયા અને ડરને લીધે થર થર કંપવા લાગ્યા. નિત્યાનંદજીએ તેમની મનોગત અવસ્થા સમજી લઇને ચક્રને આકાશમાંજ રોકાઇ રહેવાની પ્રાર્થના કરી અને દીનભાવે ફરીથી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યાઃ–"પ્રભો ! જો આપજ આ યુગમાં પાપીઓને સજા કરશો, તો પછી પાપીઓનો ઉદ્ધાર કયાં થયો ? ...તો સંહારજ થયો. હરિદાસજીને આપે આશ્વાસન આપ્યું

હતું કે આપ પતિતોનો સંહાર નહિ કરતાં ઉદ્ધાર કરશો. સામે ઉભેલા આ બન્ને પતિત-પાપીઓનો ઉદ્ધાર કરીને આપ આપના પતિતપાવન નામને સાર્થક કેમ કરતા નથી? વળી સજા કરવી હોય તો એક મધાઇનેજ કરો. જગાઇએ તો આપનો કોઇ અપરાધ કર્યો નથી. તેણે તો ઉલટું મધાઇને પ્રહાર કરતો અટકાવ્યો છે. બીજી વાર પ્રહાર કરતાં જગાઇએજ મધાઇને રોક્યો છે. પ્રભો! જગાઇ તો મારી રક્ષા કરનારો છે, તે તો સર્વથા નિર્દોષ છે."

"જગાઇએ શ્રીપાદની રક્ષા કરી છે. તેણે મધાઇને બીજો પ્રહાર કરતો અટકાવ્યો છે" એ વાત સાંભળતાંજ પ્રભુની પ્રસન્નતાનું ઠેકાણું રહ્યું નહિ. તેમનું સમસ્ત શરીર પુલકિત થઇ ઉઠયું. પ્રેમને લીધે જગાઇને પ્રભુ ભેટી પડયા અને તેઓ ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગ્યા કે "તમે મારા ભાઇને બચાવ્યો છે, તમે મારા ભાઇના રક્ષક છો. તમારાથી મને વિશેષ વહાલો બીજો કોણ હોઈ શકે? આવો, મારા ગળામાં ભેટીને મારા દુઃખી હૃદયને શીતળતા આપો." પ્રભુનું પ્રેમાલિંગન પામતાંજ જગાઈ મૂર્ચ્છિત થઈ ગયો, તે બેભાન થઇને પ્રભુનાં ચરણોમાં આળોટવા લાગ્યો. આજે એ ભાગ્યશાળી બ્રાહ્મણ-બંધુનો જન્મ સફળ થઈ ગયો. તેનાં બધાં પાપો નાશ પામ્યાં. તેના હૃદયમાંનો પાપપુંજનો સમૂહ જામેલા હીમની પેઠે પ્રેમરૂપી અગ્નિનો તાપ લાગતાં પીગળીને આંખો દ્વારા વહેવા લાગ્યો. પ્રભુના ચરણોમાં પડેલો જગાઈ જોરથી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો.

પોતાના ભાઇને આ પ્રકારે પ્રેમમાં અધીર થઇને રુદન કરતો જોઇને મધાઈના હૃદયમાં પણ પશ્ચાત્તાપની જ્વાળા સળગવા લાગી. તેને પણ પોતાનાં દુષ્કૃત્યો ઉપર શરમ આવવા લાગી. હવે તે વધારે વાર સુધી સ્થિર રહી શક્યો નહિ. આંખોમાં આંસુ સાથે ગદ્‌ ગદ્ કંઠે તેણે કહ્યું:-"પ્રભો! અમે બન્ને ભાઇઓએ ભેગા મળીને સરખી રીતે પાપ કર્યાં છે. અમે બન્નેય લોકોથી નિંદાયલા પાપી-

ને વશ થઈને તે અદ્ભુતપૂર્વ દૃશ્ય જોતા હતા.

મધાઈને નિત્યાનંદજીનાં ચરણોમાં પડેલો જોઈને નિત્યાનંદજીને પ્રભુ કહેવા લાગ્યાઃ "શ્રીપાદ! આ મધાઈએ આપનો અપરાધ કરેલો છે, આપજ તેને ક્ષમા આપી શકો છો, મારામાં એટલી શક્તિ નથી કે હું આપના અપરાધ કરનારને અભયદાન આપી શકું. બોલો, શું કહો છો!"

પ્રભુજ દીનભાવે નિત્યાનંદજીએ કહ્યુંઃ—"પ્રભો! એ તો સદાકાળથી ચાલી આવેલી આપની રીત છે. આપ આપના સેવકોને માથે સદાકાળથી સુયશનો મુકુટ પહેરાવતા આવ્યા છો. આપ આના ઉદ્ધારનું શ્રેય મારા મસ્તક ઉપર ચઢાવવા માગો છો; પરંતુ બધા જાણે છે કે, પતિતપાવન ગૌરાંગમાંજ આવા પાપીઓને બચાવવાનું સામર્થ્ય છે. પ્રભો! હું હૃદયપૂર્વક કહું છું કે, મારા હૃદયમાં મધાઈના પ્રત્યે સહેજ પણ વૈરબુદ્ધિ છેજ નહિ. જો મેં જન્મ-જન્માન્તરોમાં કોઈ વાર પણ કોઈ સુકૃત કર્યાં હોય તો તે બધાંનું પુણ્ય હું આ બન્ને ભાઈઓને આપું છું."

આટલું સાંભળતાંજ પ્રભુએ દોડીને મધાઈને ઉભો કર્યો અને જોરથી આલિંગન કરતાં કહેવા લાગ્યાઃ—"મધાઈ! હવે તું મારો ઘણોજ વહાલો બની ગયો છે. શ્રીપાદે તને માફી આપી છે. તેમણે તેમનાં બધાં પુણ્ય આપીને તમને પરમ ભાગવત વૈષ્ણવ બનાવી દીધા છે. તમે આજથી મારા અંતરંગ ભક્ત થયા. શ્રીપાદની કૃપાથી તમે પાપ-રહિત થઈ ગયા." પ્રભુનું પ્રેમાલિંગન અને આશ્વાસન પામતાં મધાઈના આનંદની હદ રહી નહિ, એજ ક્ષણે તે મૂર્ચ્છિત થઈને પ્રભુનાં ચરણકમળોમાં પડી ગયો. પ્રભુના બન્ને ચરણો પકડીને નવદ્વીપના સર્વાધિકારી અને એકમાત્ર શાસનકર્તા એ બન્ને ભાઈઓ ધૂળમાં આળોટતા રુદન કરતા હતા, ભક્તો તથા નગરનાં અન્ય નર-નારીઓ મંત્ર-મુગ્ધની પેઠે ઉભાં રહી આ પતિતોદ્ધારના દૃશ્યને જોતાં હતાં. આ હૃદયને હચમચાવી નાખનારા દૃશ્યથી તેમને

[illegible] ચરણોમાં શરણે [illegible] હવે, અમારી [illegible] કહેતા મધાઈ પણ [illegible] અશ્રુઓના વેગથી [illegible] તે કોઈવ બન્ને [illegible] શરીર ધૂળ અને [illegible] તિલક વિનાના રાજ- [illegible] બન્ને અથાં નરના- [illegible] પાપીઓનાં પાપ [illegible] લાગ્યા. અહો ! [illegible] !

મધાઈની કરુણાથી પ્રભુનો ક્રોધ હજુ પણ ઉતર્યો નહોતો. તેમણે ગંભીર સ્વરે કહ્યું—"મધાઈ! હું તને ક્ષમા કરી શકતો નથી. હું મારા અપરાધ કરનારાઓ પ્રત્યે તો કદી ક્રોધ કરતો નથી. પરંતુ તેં તો શ્રીપાદ નિત્યાનંદજીનો અપરાધ કર્યો છે. જો તેઓ તને ક્ષમા આપે, તો તો તું મારો પ્રિય થઈ શકે છે. જ્યાં સુધી તેઓ તને ક્ષમા નહિ કરે, ત્યાં સુધી તું મારી આગળ ગુનેગારજ છે. જા, નિત્યાનંદજીનું શરણ લે."

પ્રભુની આવી આજ્ઞા સાંભળીને મધાઈ અસ્તવ્યસ્ત- પણે પ્રભુના ચરણો છોડીને નિત્યાનંદજીનાં ચરણોમાં ઢળી પડ્યો અને પોક મૂકીને રોવા લાગ્યો. તેને પોતાનાં દુષ્કૃ- [illegible] આવતાં હતાં. તેની ગ્લાનિને લીધે [illegible] રડતો હતો. તેના રુદનનો [illegible] પીગળી જતા હતા. ચારે [illegible] જાણે મધાઈના રુદનથી [illegible] રુદન કરે છે! બધા લોકો [illegible] પોતાના શરીરનું ભાન [illegible] નહોતી કે તેઓ [illegible] ગૌરાંગના પ્રેમ-પ્રભાવ-

ને વશ થઈને તે અભૂતપૂર્વ દૃશ્ય જોતા હતા.

મધાઈને નિત્યાનંદજીનાં ચરણોમાં પડેલો જોઈને નિત્યાનંદજીને પ્રભુ કહેવા લાગ્યાઃ "શ્રીપાદ ! આ મધાઈએ આપનો અપરાધ કરેલો છે, આપજ તેને ક્ષમા આપી શકો છો, મારામાં એટલી શક્તિ નથી કે હું આપનો અપરાધ કરનારને અભયદાન આપી શકું. બોલો, શું કહો છો!"

પણાજ દીનભાવે નિત્યાનંદજીએ કહ્યુંઃ—"પ્રભો ! એ તો સદાકાળથી ચાલી આવેલી આપની રીત છે. આપ આપના સેવકોને માથે સદાકાળથી સુયશનો મુકુટ પહેરાવતા આવ્યા છો. આપ આના ઉદ્ધારનું શ્રેય મારા મસ્તક ઉપર ચઢાવવા માગો છો; પરંતુ બધા જાણે છે કે, પતિતપાવન ગૌરાંગમાંજ આવા પાપીઓને બચાવવાનું સામર્થ્ય છે. પ્રભો ! હું હૃદયપૂર્વક કહું છું કે, મારા હૃદયમાં મધાઈના પ્રત્યે સહેજ પણ વૈરબુદ્ધિ છેજ નહિ. જો મેં જન્મ–જન્માન્તરોમાં કોઈ વાર પણ કોઈ સુકૃત કર્યાં હોય તો તે બધાંનું પુણ્ય હું આ બન્ને ભાઈઓને આપું છું."

આટલું સાંભળતાંજ પ્રભુએ દોડીને મધાઈને ઉભો કર્યો અને જોરથી આલિંગન કરતાં કહેવા લાગ્યાઃ—"મધાઈ ! હવે તું મારો ઘણોજ વહાલો બની ગયો છે. શ્રીપાદે તને માફી આપી છે. તેમણે તેમનાં બધાં પુણ્ય આપીને તમને પરમ ભાગવત વૈષ્ણવ બનાવી દીધા છે. તમે આજથી મારા અંતરંગ ભક્ત થયા. શ્રીપાદની કૃપાથી તમે પાપ રહિત થઈ ગયા." પ્રભુનું પ્રેમાલિંગન અને આશ્વાસન પામતાં મધાઈના આનંદની હદ રહી નહિ, એટ[illegible] બન્ને ચરણો પકડીને પ્રભુનાં ચરણકમળોમાં પડી ગયો શાસનકર્તા એ બન્ને ભાઈઓ નવદ્વીપના સર્વાધિકારી અ[illegible] કરતા હતા, જાણે [illegible] નગરનાં [illegible] ન[illegible] [illegible] [illegible] તમને પુણ્યની પેઠે [illegible] હતાં. આ દૃશ્યને [illegible] પતિતોદ્ધાર[illegible] [illegible]


તૃપ્તિજ થતી નહોતી. તે સમયે પ્રભુએ પોતાના ચરણોમાં પડેલા ધૂળથી ખરડાયેલા બન્ને ભાઈઓને ઉભા કર્યા અને ભક્તોને સંકીર્તન કરવાની આજ્ઞા આપી.

આ બન્ને પાપી ભાઈઓની આવી દીનતા જોઈને ભક્તોના આનંદનો પાર રહ્યો નહિ. તેઓ જુદા જુદા જૂથમાં ભેળા થઈને પ્રેમમાં ઉન્મત્ત થઈ હરિધ્વનિ કરવા લાગ્યા અને જોરથી તાલ અને સ્વર સાથે કીર્તન કરવા લાગ્યા. નગરનાં બધાં નરનારીઓ કીર્તનમાં એકત્ર થયાં. આજે તેમને માટે સંકીર્તન જોવાનો આ પ્રથમજ અવસર હતો. બધા ભકતો સાથેઃ—

હરે રામ હરે રામ રામ રામ હરે હરે;
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ મંત્રનો ઉચ્ચાર કરવા લાગ્યા. ઝાંઝ, મૃદંગ અને મંજીરા વાગવા લાગ્યા, ભક્તો ઉન્મત્ત થઈને કીર્તન કરવા લાગ્યા. વચમાં વચમાં ગૌર હરિના જયજયકારોના ધ્વનિથી આકાશમંડળ ગાજી ઊઠતું હતું. કીર્તનના ધ્વનિથી બધાને સ્વેદ, કંપ, અશ્રુ વગેરે સાત્વિક ભાવો થવા લાગ્યા. તે સમયના સંકીર્તનમાં એક પ્રકારની અદ્ભુત છટા જણાવા લાગી. બધા પ્રેમમાં ગાંડા જેવા બની ગયા હતા. સંકીર્તન કરતા કરતા ભક્તો એ બન્ને ભાઈઓને સાથે લઈને પ્રભુને ઘેર પહોંચ્યા.





જગાઈ-મધાઈ શરણે આવ્યા.

सकृदेव प्रपन्नाय तवासीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ॥

અર્થાત્ ભગવાન વિભીષણના આવ્યા પછી વાનરોને કહે છે કે:-"એક વાર પણ જે શરણે આવીને 'હું તમારો છું' એમ કહીને મારી પાસે કૃપાની યાચના કરે છે, તેને હું સર્વ ભૂતોથી અભયદાન આપું છું, એવી મારી પ્રતિજ્ઞા છે."

વૃંદાવનમાં એક પરમ ભગવદ્ભક્ત માતાએ મને આ વાત સંભળાવી હતીઃ-"ભક્તભયભંજન ભગવાન દ્વારકાના ભવ્ય ભોજનાલયમાં બેઠા બેઠા સત્યભામા વગેરે સ્ત્રીઓથી વિંટાઈને ભોજન કરતા હતા. ભગવાન એક ઘણાજ સુંદર સુવર્ણના બાજઠ ઉપર બેઠા હતા. સુવર્ણના કિંમતી થાળોમાં ભાત ભાતના સ્વાદિષ્ટ પદાર્થો ગોઠવેલા હતા. કિંમતી રત્નજડિત વાડકીઓમાં વિવિધ પ્રકારના પીવાના પદાર્થો મૂક્યા હતા. સામે રુક્મિણીજી બેઠાં બેઠાં પંખો નાખતાં હતાં. અહીં તહીં બીજી પટ્ટરાણીઓ બેઠી હતી. અકસ્માત્ ભગવાન ભોજન કરતા કરતા એકદમ અટકી ગયા, તેમના મોંનો કોળિયો મોંમાંજ હતો અને હાથનો હાથમાં. તેઓ નિર્જીવ મૂર્તિની પેઠે જેમના તેમજ સ્તબ્ધ થઈ ગયા. તેમનું કમળના જેવું પ્રફુલ્લિત મુખ એકદમ કરમાઈ ગયું. આંખોમાં આંસુ લાવીને તેઓ રુક્મિણીજી તરફ જોવા લાગ્યા. બાકી પટ્ટરાણીઓ ભગવાનના આવા ભાવને જોઈને ભાવહીન થઈ ગઈ. તેઓ કાંઈ જાણી આ-

શંકાના ભયથી ભયભીત થઇને પ્રભુના મુખ તરફ જોવા લાગી. કંઇક કંપિત સ્વરે ભયભીત થઇને રુકિમણીજીએ પૂછયું:–" પ્રભો ! આપની એકાએકજ આવી સ્થિતિ કેમ થઇ ગઈ ? મને લાગે છે કે, કયાંક આપના કોઇ પરમ પ્રિય ભક્ત ઉપર ભારે સંકટ આવ્યું હશે તેથી આપ આટલા બધા ખિન્ન થઇ ગયા છો. કેમ, મારૂં અનુમાન બરાબર છે ?"

રુકિમણીજી તરફ જોતાં જોતાં પ્રભુએ કહ્યું:–"તમારૂં અનુમાન અસત્ય નથી."

અધીરાઇ જણાવીને રુકિમણીજીએ કહ્યું: "પ્રાણેશ્વર! હું એ મહાભાગ્યશાળી ભક્તની અને તેમની વિપત્તિની હકીકત સાંભળવા ઇચ્છું છું."

ખેદજનક સ્વરે ભગવાને કહ્યું: "દુષ્ટ દુઃશાસન ભરી-સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચે છે. ગુરુજનોની સમક્ષ તે પતિવ્રતાને નગ્ન કરવા ઇચ્છે છે."

દ્રૌપદીના દુઃખની વાત સાંભળીને નારીસુલભ ભીરુતા અને ભયભીતપણાથી તત્કાળ રુકિમણીજીએ કહ્યું: "ત્યારે આપ વિચાર શું કરી રહ્યા છો ? જલદીથી તેમને મદદ કેમ કરતા નથી કે જેથી તેમની લાજ બચી શકે ? પ્રભો ! એ દીન-હીન અબળાની રક્ષા કરો. નાથ ! તેમના દુઃખથી મારૂં દિલ ધડકવા લાગ્યું છે."

ગદ્ગદ્ કંઠે ભગવાને કહ્યું:–" મદદ કેમ કરીને કરું ? તેણે તો પોતાના વસ્ત્રનો એક છેડો હજી દાંતો વડે દબાવી રાખ્યો છે. તે સર્વભાવે મારૂં શરણ નહિ લેતાં દાંતોનું શરણ લઈ રહી છે. જ્યાં સુધી તે બધી આશાઓ છોડીને 'દ્વારકેશ' ... મારા ઉપર નિર્ભર ન થાય ત્યાં સુધી હું તેને મદદ કરીને શું કરી શકું ?"

[illegible]

[illegible] હતા. [illegible]
[illegible] ઉત્તી [illegible]
[illegible]

તમારો છું; એટલેસુધી કે અજામિલે પુત્રના જૂઠા બહાને 'નારાયણ' શબ્દ ઉચ્ચાર્યો, અને પ્રભુએ તેની રક્ષા કરી.

ભક્તો જગાઇ–મધાઇ બંને ભાઇઓને સાથે લઇને પ્રભુને ત્યાં આવ્યા. બધા ભક્તો યથાસ્થાને બેસી ગયા. એક ઉચ્ચાસન ઉપર પ્રભુ વિરાજમાન થયા, તેમની જમણી ડાબી બાજુએ ગદાધર અને નિત્યાનંદજી બેઠા. સામે વૃદ્ધ આચાર્ય અદ્વૈતાચાર્યજી વિરાજમાન હતા. તેમના સિવાય પુંડરીક વિદ્યાનિધિ, હરિદાસ, ગરુડ, રમાઇ પંડિત, શ્રીનિવાસ, ગંગાદાસ, વક્રેશ્વર, ચંદ્રશેખર આદિ અનેક ભક્તો પ્રભુની ચારે બાજુ બેઠા હતા. વચમાં આ બંને ભાઇઓ જગાઇ અને મધાઈ નીચું મસ્તક રાખીને આંખોમાંથી અશ્રુ વહાવતા હતા. તેમનાં અંગ–પ્રત્યંગમાંથી ખેદ અને પશ્ચાત્તાપની જ્વાળાઓ નીકળતી જણાતી હતી. બંનેનાં શરીર પુલકિત–રોમાંચિત થઇ રહ્યાં હતાં. બન્નેય નિત્યાનંદ અને પ્રભુની ભારે કૃપાના બોજાથી દબાઈ જવા જેવા થઈ ગયા હતા. તેમને પોતાના શરીરનું ભાન નહોતું. પ્રભુએ તેમને આ પ્રમાણે વિષાદયુક્ત જોઇને તેમને કહ્યુંઃ– " ભાઇઓ ! તમારા ઉપર નિત્યાનંદજીએ કૃપા કરી દીધી છે. હવે તમે શોક–મોહ છોડી દો. હવે તમે નિષ્પાપ બની ગયા છો. ભગવાને તમારા ઉપર બહુ કૃપા કરી છે."

પ્રભુની વાત સાંભળીને ગદ્‌ગદ્‌ કંઠે રડતા બન્ને ભાઇઓ બોલ્યાઃ–" પ્રભો ! અમો પાપીઓનો ઉદ્ધાર કરીને આજે આપે આપના "પતિતપાવન" નામને યથાર્થમાંજ સાર્થક કરી દીધું છે. આપનું પતિતપાવન નામ તો આજેજ સાર્થક થયું. અજામિલને તારવામાં આપની કોઈ મોટાઈ નહોતી; કેમકે તેણે સર્વ પાપોનો નાશ કરનારા ચાર અક્ષરોવાળું 'નારાયણ'નું નામ તો લીધું હતું. ગણિકા પોપટને પઢાવતાં પઢાવતાંજ રામનામ લેતી હતી. ગમે તે પ્રકારે હોય, પણ રામનામનું ઉચ્ચારણ તો તેની જીભેથી ...તું. વાલ્મીકિજીએ હજારો વર્ષો સુધી ઉલટા તો

ઉલટા પણ નામજપ કર્યા હતા. અંતરમાં આવો ભજતાં અમે તેમ પણ જો પડવા જોઈએ, તો અવશ્ય ઉંચી નીચ-જાતાનાં. દંતવક્ર, શિશુપાલ, રાવણ, કુંભકર્ણ, શકટાસુર, શંખાસુર, અઘાસુર, બકાસુર, કંસ વગેરે બધા અસુર અને રાક્ષસોએ દ્વેષબુદ્ધિથી તો દ્વેષબુદ્ધિથી પણ આપના રૂપનું ચિંતન તો કર્યું હતું. તેઓ ઉઠતાં બેસતાં, સૂતાં-જાગતાં હમેશાં આપનુંજ ધ્યાન કરતા હતા. એ બધાની મુક્તિ તો થવીજ જોઈએ. આ લોકો તો ભગવત્-સંબંધી હોવાને કારણે મુક્તિના અધિકારીજ હતા; પરંતુ હે દીના-નાથ! હે અશરણ-શરણ! હે પતિતોના એકમાત્ર આધાર! હે કૃપાના સાગર! હે પાપીઓના તારનાર! હે અનાથ-રક્ષક! અમ પાપીઓએ તો કદી ભૂલથી પણ આપનું નામ લીધું નહોતું. અમે તો સદા મદોન્મત્ત થઈને પાપકર્મોમાંજ પ્રવૃત્ત રહેતા હતા. અમને તો આપના સંબંધમાં કંઈ જ્ઞાન પણ નહોતું. અમારા ઉપર કૃપા કરીને આપે સંસારને પ્રત્યક્ષ બતાવી દીધું છે કે, ગમે તો કોઈ ભજન કરે કે ના કરે, કોઇ ગમે તેટલો પાપી ભલેને હોય, પ્રભુ તેના ઉપર કોઈ ને કોઈ દિવસે અવશ્યજ કૃપા કરશે. હે પ્રભો! અમને અમારાં પાપોનાં ફળ ભોગવવા દો. અમને અબજો, ખર્વો અને અસંખ્ય વર્ષો સુધી નરકોની ભયંકર યાતનાઓ ભોગવવા દો. પ્રભો! અમે આપની આ નિષ્કામ કૃપાને નહિ સહન કરી શકીએ. નાથ! અમારૂં હૃદય ફાટું ફાટું થઈ રહ્યું છે. અમે પ્રભુના આટલા બધા કૃપાપાત્ર બનવા યોગ્ય કોટિ જન્મોનાં પણ થઇ શકીશું નહિ, એટલી બધી કૃપા આપ અમારા ઉપર દર્શાવી રહ્યા છો.”

ગઈ કાલ સુધી જે મદ્યપાન સિવાય કંઇ જાણતા-સમજતાજ નહોતા, તેમનાજ મુખમાંથી આવી અપૂર્વ સ્તુતિ સાંભળીને બધા ભક્તો ચકિત થઈ ગયા. તેઓ એકબીજાના તરફ જોઈને આશ્ચર્ય પ્રકટ કરવા લાગ્યા. અદ્વૈતાચાર્યે તે સમયે આ શ્લોક બોલીને પ્રભુના ચરણકમળોમાં પ્રણામ કર્યા.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम्।
यत्कृपा तमहं वंदे परमानंद माधवम्॥

(શ્રીધરસ્વામી ભા. ટી.)

અર્થાત્ જેની કૃપાથી મૂંગો માણસ પણ ભાષણ કરી ક છે, અને લંગડો પણ કોઈની મદદ વિનાજ પર્વતના ખર ઉપર ચઢી શકે છે, તે પરમ આનંદસ્વરૂપ પ્રભુનાં રણકમળોમાં હું પ્રણામ કરું છું.

જગાઈ–મધાઈની આવી સ્તુતિ સાંભળીને પ્રભુએ તેમ- કહ્યું: "તમે બન્ને ભાઈ બધા ભક્તોને પગે લાગો. ભ- ક્તોની પદ–ધૂલિથી પાપીમાં પાપી મનુષ્ય પણ પરમ પાવ- . અને પુણ્યાત્મા બની શકે છે." પ્રભુની આજ્ઞા થતાં બન્ને ભાઈઓ પોતાનાં અશ્રુઓથી ભક્તોનાં ચરણો ભીંજવતા તેમને પગે લાગવા મંડયા. બધા ભક્તોએ તેમને હૃદયથી પરમ ભાગવત બનવાનો સર્વોત્તમ આશીર્વાદ આપ્યો.

હવે મહાપ્રભુએ તેમની શાંતિને માટે બીજો ઉપાય વિચાર્યો. ભગવતી ભાગીરથી બધાનાં પાપોને જડ-મૂળથી ઉખાડીને ફેંકી દેનારી છે, તેથી તેમણે ભક્તોને ગંગાતટે જવા કહ્યું. ચાંદની રાત હતી, ગરમીના દિવસો હતા, લોકો કેટલાક તો સૂઈ ગયા હતા, કેટલાક સૂવાની તૈયારી કરતા હતા. તે સમયે બધા ભક્તો આ બન્ને ભાઈઓને આગળ કરીને સંકીર્તન કરતા કરતા અને પ્રેમમાં નાચતા-ગાતા ગંગાસ્નાન માટે ચાલ્યા. સંકીર્તન અને જયકારોનો તુમુલ ધ્વનિ સાંભળીને હજારો નરનારીઓ ગંગાજીના ઘાટ ઉપર એકઠાં થયાં. ઘણાં તો ખાટલા ઉપરથી એમ જ વસ્ત્ર પહેર્યા વિના જ ઊઠીને આવતાં આવ્યાં, કોઈ ભોજન કરતાં કર- તાં જ છોડી આવ્યાં. સ્ત્રીઓ પતિઓને છોડીને, માતા પુત્રો- ને છોડીને [illegible]

[illegible]

ભાન ભૂલી ગયાં. મહાપ્રભુએ સંકીર્તન બંધ કરવાની આજ્ઞા આપી અને આ બન્ને ભાઇઓને સાથે લઇને તેઓ પોતેજ જળમાં દાખલ થયા. તેમની સાથે નિત્યાનંદ, અદ્વૈતાચાર્ય, શ્રીવાસ તથા ગદાધર વગેરે બધા ભક્તોએ પણ જળમાં પ્રવેશ કર્યો. જળમાં જઇને બન્ને ભાઈઓને પ્રભુએ કહ્યું:- “જગન્નાથ (જગાઇ) અને માધવ (મધાઇ) ! તમે બન્ને પોતપોતાના હાથમાં પાણી લ્યો.” પ્રભુની આજ્ઞા થતાંજ બન્નેએ પોતપોતાના હાથમાં પાણી લીધું. એટલે પ્રભુએ ગંભીર સ્વરે ઘણાજ સ્નેહપૂર્વક દયાર્દ્ર થઇને કહ્યું: “આજ સુધી તમે બન્ને ભાઇઓએ જે જે પાપ કર્યાં હોય, આ જન્મમાં કે પાછલા કોટિ જન્મોમાં, તે બધાં મને આપી દો.”

હાથના પાણીને જલદી ફેંકી દેતાં ઘણીજ દીનતાપૂર્વક વ્યાકુળ સ્વરે એ બન્ને ભાઇઓએ કહ્યું કે “પ્રભો ! અમારૂં હૃદય ફાટી જશે ! ભગવન્ ! અમે મરી જઇશું. અમને આવું ઘોર કર્મ કરવાની આજ્ઞા હવે ન આપો. પ્રભો ! અમે આપની આટલી બધી કૃપા કદી પણ સહન કરી શકીશું નહિ. હે દીનદયાળ ! જે ચરણોમાં ભક્તો નિત્ય નિત્ય ભાત ભાતનાં સુગંધી ચંદન અને વિવિધ પ્રકારનાં પત્રપુષ્પ ચઢાવે છે, તે ચરણોમાં અમને અમારાં અસંખ્ય પાપો ચઢાવવાની આજ્ઞા ન કરો. સંસાર અમને ધિક્કાર આપશે કે પ્રભુનાં પાવનકારી ચરણકમળોમાં આ પાપી પામર પ્રાણીઓએ પોતાના પાપ-પુંજો અર્પણ કર્યા. પ્રભો ! અમે દબાઈ જઇશું. આ કામ અમારાથી કદી પણ થશે નહિ !”

પ્રભુએ તેમને ધીરજ આપતાં કહ્યું:-“ ભાઇઓ ! તમે ગભરાઓ નહિ. તમારાં પાપ ગ્રહણ કરીને હું પાવન બની જઇશ. મારો જન્મ ધારણ કરવો સાર્થક થશે. તમે સંકોચ કરો નહિ.” પ્રભુની આ વાત સાંભળીને નિત્યાનંદજીએ તે બન્ને ભાઇઓને કહ્યું:-“ હવે એટલો બધો સંકોચ ન કરો. એ તો જગતને પાવન કરવાવાળા છે. પાપ એમનું શું બગાડી શકે તેમ છે ! તેઓ તો સઘળું જગતનાં પાપના

નાશ કરનારા છે. તમે તમારાં પાપોનો સંકલ્પ કરી દો.”

નિત્યાનંદજીની વાત સાંભળીને રડતાં રડતાં એ બન્ને ભાઈઓએ હાથમાં પાણી લીધું. નિત્યાનંદજી સંકલ્પ બોલ્યા અને પ્રભુએ બન્ને હાથ લંબાવીને તે બન્ને ભાઈ-ઓનાં સમસ્ત પાપો ગ્રહણ કરી લીધાં. અહા! કેવો અપૂર્વ આદર્શ છે! બીજાઓનાં પાપ લઈ લેવાથી તો ગૌરાંગ પતિતપાવન કહેવાય.. તેમનાં પાપો લઈને પ્રભુ બોલ્યાઃ–“ હવે તમે બન્ને નિષ્પાપ થઈ ગયા. હવે તમે મારા ઘણાજ વહાલા પરમ ભાગવત વૈષ્ણવ બની ગયા. આજથી જો કોઈ તમારાં પુરાણાં પાપો યાદ કરીને તમારા પ્રત્યે ઘૃણા કરશે, તો તે વૈષ્ણવદ્રોહી ગણાશે. તેને ઘોર વૈષ્ણવાપરાધનું પાપ લાગશે. ” એમ કહેતાં કહેતાં ફરીથી પ્રભુ તેઓ બન્નેને ભેટ્યા. તેઓ પણ પ્રભુનું પ્રેમાલિંગન પામી-ને મૂર્ચ્છિત થઇ જઇને પાણીમાં પડી ગયા. તે સમયે પ્રભુના અંતરંગ ભક્તોને તપાવેલા સુવર્ણ સમાન રંગવાળું પ્રભુનું શરીર કિંચિત્ કૃષ્ણવર્ણનું જણાવા લાગ્યું. પાપ ગ્રહણ કરવાથી તે કાળું થઇ ગયું. ત્યાર પછી બધા ભક્તોએ આનંદ અને ઉલ્લાસપૂર્વક ખૂબ સ્નાન કર્યું. પ્રેમને લીધે બધા ભક્તો ગાંડા જેવા થઈ ગયા હતા. સ્નાન કરતાં કરતાં તેઓ આપસ આપસમાં એકબીજા ઉપર પાણી નાખવા લાગ્યા. આ પ્રકારે ઘણી વાર સુધી બધા ગંગાજીના ત્રિભુવન પાવન-કારી જળમાં પ્રસન્નતાપૂર્વક ક્રીડા કરતા રહ્યા. અર્ધી રાત-થી વધારે સમય વીત્યા પછી બધા પોતપોતાને ઘેર ચાલ્યા ગયા, પરંતુ જગાઇ–મધાઈ બન્ને ભાઇઓ તે દિવસથી પોતાને ઘેર ગયા નહિ. તેઓ શ્રીવાસ પંડિતનેજ ઘેર રહેવા લાગ્યા.

जगाई-मधाईनो पश्चात्ताप

न चाराधि राधाधवो माधवो वा,
न वा पूजि पुष्पादिभिश्चन्द्रचूडः ।
परेषां धने धन्धने नीतकालो,
दयालो यमालोकनेकः प्रकारः ॥

(સુભાષિત રત્નભાંડાગાર ૯૪૧-૨૧૧)

અર્થાત્ હા ! મેં ન તો મારા જીવનમાં રાધારમણનાં ચરણોનું શરણ લીધું અને ન તો ભગવાન પાર્વતીપતિનાં ચરણકમળોની પ્રેમપૂર્વક પુષ્પાદિથી પૂજા પણ કરી બસ, બીજાઓની વિષયસામગ્રીઓને છીનવી લેવામાજ સમય ગુમાવ્યો. હે દયાળો પ્રભો ! જ્યારે પરલોકમાં યમરાજ સાથે મારો ભેટો થશે ત્યારે હું શું કહી શકીશ ? ત્યાં મારું શું ચાલશે ? હા ! મેં અત્યારપર્યંતનો સમય નકામો-જ ગુમાવી દીધો છે !

જે હૃદય પાપ કરતાં કરતાં મેલું થઈ જાય છે, તેમાં પશ્ચાત્તાપની [illegible] કોઈ અસર કરતી નથી જે પ્રમાણે પણ જ કાળા વસ્ત્રના [illegible] ડાઘ પડેલા જણાતા નથી, જે વસ્ત્ર જેટલું સ્વચ્છ હોય તેના મેલના ડાઘ પણ તેટલાજ વધારે સ્પષ્ટ દેખાઈ આવશે. એજ પ્રકારે પશ્ચાત્તાપની જ્વાળા [illegible] હૃદયમાંજ વધારે ઉઠ્યા કરે છે. જે જેટલો પવિત્ર [illegible], જેનું પોતાના પાપો [illegible] માટે તો કરી લીધું હશે, [illegible] પુરુષ [illegible] તેટલોજ વધારે પશ્ચાત્તાપ કરશે અને ન પશ્ચાત્તાપ જ તેને પ્રભુના ચરણકમળો

સુધી પહોંચાડવામાં સહાયક થઈ શકશે. પાપ કર્યા પછી તેના સ્મરણથી જે એક પ્રકારનો તાપ યા દુઃખ થાય છે, તેનેજ પશ્ચાત્તાપ કહે છે. જેને પોતાનાં કુકૃત્યો ઉપર દુઃખ નથી, જેને પોતાનાં જૂઠાં અને નિરર્થક વચનોનો પશ્ચાત્તાપ નથી, તે સદા ઇન્દ્રિયલોલુપ સંસારી યોનિઓમાં ફરનારો નારકીય જીવજ રહ્યા કરશે. તેની મુક્તિનો ઉપાય પ્રભુ કૃપા કરે ત્યારે ભલે થઈ શકતો હોય. પશ્ચાત્તાપ હૃદયના મેલને ધોઇને તેને સાફ બનાવે છે. પશ્ચાત્તાપ દુષ્કર્મોની સર્વોત્તમ ઔષધિ છે, પશ્ચાત્તાપ પ્રાણીઓને પરમ પાવન બનાવવાને માટે રસાયન છે, પશ્ચાત્તાપ સંસાર-સાગરમાં ડૂબતા પુરુષનો એકમાત્ર આશરો છે. તે પુરુષો ધન્ય છે કે જેમને પોતાનાં પાપો તથા દુષ્કર્મોને માટે પશ્ચાત્તાપ થયા કરે છે.

નિતાઇ અને નિમાઇ એ બન્ને ભાઇઓની નિષ્કામ કૃપાથી જગાઇ-મધાઈ બન્ને ભાઇઓનો એવો હૃદયપલટો થયો કે તેમને ઘરબાર, કુટુંબ-પરિવાર, એ બધાનો મોહ જતો રહ્યો. તેઓ સર્વ કાંઈ છોડીને સદા શ્રીવાસ પંડિતનાજ ઘરમાં રહીને શ્રીકૃષ્ણ-કીર્તન અને ભગવન્નામના જપ કરવા લાગ્યા. તેઓ હમેશાં ચાર વાગે પ્રાતઃકાળે ઉઠીને ગંગાસ્નાન કરવા જતા અને નિયમપૂર્વક રોજ બે લાખ હરિનામના જપ કરતા. તેમની આંખો હંમેશાં અશ્રુઓથી ભીંજાયેલીજ રહેતી. જૂની વાતોને યાદ કરી કરીને એ બન્ને ભાઇઓ હમેશાં ગભરાયલા જેવાજ રહેતા હતા. તેમને ખાવા-પીવાનું અથવા કોઇની સાથે વાતો કરવાનું ઝેર સમાન જણાતું હતું. તેઓ ન તો કોઇની સાથે બોલતા અને ન તો કંઇ ખાતા હતા, તેઓ તો રાત્રિદિવસ આંખોમાંથી અશ્રુજ વહાવ્યા કરતા હતા. શ્રીવાસ તેમને ખવરાવવા માટે અતિશય આગ્રહ કરતા, પરંતુ તેમના ગળાથી નીચે કોળિયો ઉતરતોજ નહિ. નિત્યાનંદજી સમજાવી સમજાવીને હારી ગયા, પરંતુ તેમણે કંઇ ખાવાનું સ્વીકાર્યુંજ નહિ. ત્યારે નિત્યાનંદજી પ્રભુને બોલાવી લાવ્યા.

પ્રભુએ પોતાનો કોમળ હાથ એ બન્નેની પીઠ ઉપર ફેરવતાં ફેરવતાં કહ્યું:-" ભાઈઓ ! તમારાં બધાં પાપ મેં ગ્રહી લીધાં છે. હવે તમે નિષ્પાપ થઈને પણ ભોજન કેમ કરતા નથી ? શું તમે મને સાક્ષીપ્રાય તમારાં પાપ નથી આપ્યાં અથવા મારામાંજ તમને વિશ્વાસ નથી ? "

હાથ જોડીને અત્યંત દીનતાપૂર્વક એ બન્નેએ કહ્યું કે " પ્રભો ! અમને આપના ઉપર પૂર્ણ વિશ્વાસ છે, અમે અમારાં પાપો માટે રડતા નથી. જો અમારે પાપોનાં ફળ ભોગવવાનાં હોત તો તો પરમ પ્રસન્નતા થાત. અમને તો આપની નિષ્કામ કૃપા ઉપરજ રડવું આવે છે. આપે અમારા જેવા પતિત અને નીચ ઉપર પણ જે આટલી બધી અપૂર્વ કૃપા કરેલી છે, તેનું અમોને રહી-રહીને સ્મરણ થાય છે અને રોકવા છતાં પણ અમારાં અશ્રુ રોકાતાં નથી." પ્રભુએ તેમને વિવિધ પ્રકારે આશ્વાસન આપ્યું. જગાઈ તો પ્રભુના આશ્વાસનથી થોડો ઘણો શાંત પણ થયો, પરંતુ મધાઈનો પશ્ચાત્તાપ ઓછો ન થયો. તેને રહી રહીને નિત્યાનંદજી ઉપર નિર્દયતાપૂર્વક કરેલા પ્રહારવાળો પ્રસંગ યાદ આવવા લાગ્યો. તેના સ્મરણમાત્રથી તેનાં રોમાંચ ઉભાં થઈ જતાં અને તે જોરથી રુદન કરવા લાગતો:-" હાય ! મેં કેટલી બધી નીચતા કરી હતી ! એક મહાપુરુષને કારણ વિનાજ મેં આટલું બધું દુઃખ દીધું. જો તે સમયે ભગવાનનું સુદર્શન ચક્ર આવીને મારું મસ્તક ઉડાવી દેત અથવા નિત્યાનંદજીજ મારો વધ કરી નાખત, તો હું કૃતકૃત્ય થઈ જાત. વધ કરવાનું અથવા કટુ વાક્ય કહેવાનું તો દૂર રહ્યું, પણ તે મહાન્ અવધૂત તો ઉલટા મારા કલ્યાણને માટે પ્રભુને પ્રાર્થનાજ કરતા રહ્યા અને પ્રસન્નચિત્તે ભગવન્નામનું કીર્તન કરતા કરતા મારું ભલુંજ ઈચ્છતા રહ્યા. " આ પ્રકારે તે હમેશાં એજ ચિંતામાં રહેતો.

એક દિવસ મધાઈએ એકાંતમાં જઈને શ્રીપાદ નિત્યાનંદજીના ચરણ પકડી લીધા અને રડતાં રડતાં પ્રાર્થના

કરી કે "પ્રભો ! હું ઘણોજ નીચ અને પામર છું. મેં ભયંકર પાપકર્મો કર્યાં છે. તે બધાં કર્મોને તો ભૂલી પણ શકું છું, પરંતુ આપના ઉપર જે પ્રહાર કર્યો હતો તે ભૂલ્યો ભૂલાતો નથી. જેટલો તેને ભૂલી જવાનો પ્રયત્ન કરું છું તેટલોજ તે મારા હૃદયમાં વધારે ને વધારે યાદ આવ્યા કરે છે. તેનાથી છૂટવાનો–મુક્ત થવાનો કોઈ ઉપાય બતાવો. જ્યાંસુધી આપ મને આને માટે કોઇ ઉપાય નહિ બતાવો, ત્યાં સુધી મને આંતરિક શાંતિ કદી પણ પ્રાપ્ત થઈ શકશે નહિ."

મધાઈની વાત સાંભળીને નિત્યાનંદજીએ કહ્યું:– "ભાઇ ! હું તમને સાચેસાચું કહું છું કે મારા મનમાં તમારે માટે લેશમાત્ર પણ કોઇ પ્રકારનો ખરાબ ભાવ નથી. મેં તો તમારા ઉપર તે સમયે પણ ક્રોધ કર્યો નહોતો. જો તમારા હૃદયમાં દુઃખ થાય છે તો તેને માટે તપ કરો. તપથીજ સર્વ પ્રકારના સંતાપ નષ્ટ થઈ જાય છે, અને તપથીજ દુઃખ, ભય, શોક તથા મનઃક્ષોભ આદિ સર્વ વિકાર દૂર થઈ જાય છે. તપસ્વી ભક્તજ યથાર્થમાં ભગવન્નામનો અધિકારી થાય છે. તમે ગંગાજી ઉપર એક સુંદર ઘાટ બંધાવો કે જ્યાં બધાં નરનારીઓ સ્નાન કરી શકે અને તમને શુભ આશીર્વાદ આપ્યા કરે. તમે ત્યાંજ રહીને નિરાભિમાની તથા નમ્ર બનીને તપ કરતા કરતા નિવાસ કરો."

નિત્યાનંદ પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરીને મધાઇએ પોતે પોતાના હાથો વડે પરિશ્રમ કરીને ગંગાજીપર એક સુંદર ઘાટ બનાવ્યો. તેના ઉપર એક ઝૂંપડી બનાવીને તે ત્યાં રહેવા લાગ્યા. ત્યાં ઘાટ ઉપર સ્ત્રી–પુરુષ, બાળક–વૃદ્ધ, મૂર્ખ–પંડિત, ચાંડાલ–પતિત જે કોઈ સ્નાન કરવા આવતું, તેમનાં ચરણોમાં મધાઈ મસ્તક નમાવતો અને પોતાના અપરાધો માટે ક્ષમા–યાચના કરતો. તે રડતાં રડતાં કહેતો:–"મેં જાણતાં અજાણતાં આપનો કોઈ પણ અપરાધ કર્યો હોય, મારા દ્વારા આપને કદી પણ કોઇ

કષ્ટ થયું હોય, તેને માટે હું આપનાં ચરણોમાં નમ્રભાવે ક્ષમા-યાચના કરું છું." બધા તેની આવી નમ્રતા જોઇને રડવા લાગતા અને તેને ભેટીને વિવિધ આશીર્વાદો આપતા.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, જેને પોતાનાં પાપોનો હૃદયપૂર્વક પશ્ચાત્તાપ થાય છે, તેનું ચોથા ભાગનું પાપ તો પશ્ચાત્તાપ કરતાંજ નાશ પામી જાય છે. જો તે પોતાનાં પાપકર્મોને લોકો સમક્ષ પ્રગટ કરી દે, તો અર્ધું પાપ પ્રગટ કરવાથી નાશ પામી જાય છે અને જે પાપીઓનાં પાપોને પોતાના મનની પ્રસન્નતા ખાતર કહે છે, તેના ઉપર ચોથા ભાગનું પાપ ચાલ્યું જાય છે. આ પ્રકારે પાપ કરનારો પશ્ચાત્તાપથી તથા લોકો સમક્ષ નિરાભિમાની બનીને સત્યતાથી પાપ પ્રગટ કરવાથી નિષ્પાપ બની જાય છે.

આ પ્રકારે મધાઇમાં દીનતા અને મહાપુરુષોની નિષ્કામ કૃપાથી ભગવદ્ભક્તોના સઘળા ગુણ આવી ગયા. ભગવદ્ભક્તો ટાઢ, તડકો વગેરે દ્વંદ્વોને સહન કરનારા, બધા પ્રાણીઓ ઉપર દયાભાવ રાખનારા, બધા જીવોના સુહૃદ્-મિત્ર, કોઇની સાથે શત્રુતા નહિ કરનાર, શાંત તથા સાધુઓને ચકિત કરતા રહેનારા હોય છે.* તેઓ ભૂલ્યે ચૂક્યે પણ વિષયભોગોની ઇચ્છા કરતા નથી. તેમનામાં બધા ગુણો આપોઆપજ આવી જાય છે. કેમ ન આવે, ભગવદ્ભક્તિનો પ્રભાવજ એવો છે. હૃદયમાં ભગવદ્ભક્તિનો સંચાર થતાંજ સઘળા સદ્ગુણ આપોઆપજ ભગવદ્ભક્ત પાસે આવવા લાગે છે. જેમકે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે—

यस्यास्ति भक्तिर्भगवत्यकिंचना
सर्वैर्गुणैस्तत्र समासते सुराः ।
हरावभक्तस्य कुतो महद्गुणा

---

* तितिक्षवः कारुणिकाः सुहृदः सर्वदेहिनाम् ।
अजातशत्रवः शान्ताः साधवः साधुभूषणाः ॥
(श्रीमद्भा० ३-२५-२१)

मनोरथेनासति धावतो बहिः ॥

(શ્રીમદ્‌ભાગવત, ૫, ૧૮-૧૨)

અર્થાત્ હે દેવતાઓ ! જે ભક્તની વિષ્ણુભગવાનનાં ચરણકમળોમાં નિષ્કામ ભક્તિ છે, તે ભક્તના હૃદયમાં સઘળા દિવ્ય દિવ્ય ગુણો આપોઆપજ આવી આવીને પોતાનું ઘર બનાવી લે છે. જે અનિત્ય સાંસારિક વિષય-સુખોમાંજ નિમગ્ન રહીને મનના રથ ઉપર સવાર થઈને વિષયબજારમાં વિહાર કર્યા કરે છે, એવા અભક્ત પાસે મહાન પુરુષોના ગુણો કયાંથી રહી શકે ?

આ પ્રકારે થોડાજ દિવસોમાં મધાઇની ભગવદ્‌ભક્તિની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઇ ગઇ. લોકો તેનાં જૂનાં પાપોને ભૂલી ગયા, એટલુંજ નહિ પરંતુ તેના જૂના મધાઇ નામનું પણ લોકોને સ્મરણ રહ્યું નહિ. મધાઇ હવે ‘બ્રહ્મચારી’ના નામથી પ્રસિદ્ધ થઈ ગયા. અહા ! ભગવદ્‌ભક્તિમાં કેટલી બધી અમરતા છે ! ભગવન્નામ પાપો-નો નાશ કરવાની કેવી અચૂક ઔષધિ છે ! આ રસાયન-નું પાન કરવાથી પાપીમાં પાપી પણ પુણ્યાત્મા બની શકે છે. નવદ્વીપમાં ‘મધાઈ ઘાટ’ આજ સુધી પણ એ મહા-મહિમાવાન પરમભાગવત મધાઇના નામને અમર બનાવતો ભગવાનના આ આશ્વાસનવાકયને ઉચ્ચ સ્વરે પોકારે છે કે

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૯-૩૦)

ગમે તેટલો મોટો પાપી ભલેને હોય, તેણે ગમે તો બધાં પાપોનો અંતજ ભલેને આણી દીધો હોય, તોપણ જો અનન્ય થઈને—બીજા બધા આશ્રયો છોડીને એકમાત્ર મારામાંજ મન લગાવીને મારૂંજ સ્મરણ—ધ્યાન કરે છે, તો તેને સર્વશ્રેષ્ઠ સાધુજ સમજવો જોઈએ. કેમકે તે સારી રીતે મારામાંજ વાસ કરી ચૂક્યો છે.

[illegible] કર્યું. એક દિવસ [illegible] આરણું [illegible] હતું. ચાપાલે [illegible] કાલીની પૂજાની [illegible] કાળાં [illegible] નું પાત્ર [illegible] કરીને [illegible] મૂકીને તથા એક વાસણમાં [illegible] કરીને ભક્તો તે ચાલ્યો ગયો. બીજે દિવસે [illegible] નીકળ્યા ત્યારે તેમણે ચંડી-પૂજનની [illegible] સામગ્રી જોઈ. [illegible] એકબીજાને ભૂખ઼ં દુષ્ટોનું ટોળું પણ એકઠું થઈ ગયું અને એકબીજાને સંભળાવીને કહેવા લાગ્યા:–"અમે તો પહેલેથીજ જાણતા હતા કે, આ લોકો રાત્રે કમાડ બંધ કરીને અને સ્ત્રીઓને સાથે લઈને ખૂબ જોરથી હરિધ્વનિ કરે છે અને અંદર ને અંદર વામમાર્ગની પદ્ધતિથી ભૈરવી-ચક્રનું પૂજન કરે છે. આ સામેજ કાલીની પૂજાની સામગ્રી પ્રત્યક્ષજ જોઈ લ્યો." જેઓ સજ્જન હતા તેઓ સમજી ગયા કે આ કોઈ ઠગા[illegible] રાનું કામ છે. બધા એકેઅવાજે આ પ્રમાણે કરનારા ધૂર્તની નિંદા કરવા લાગ્યા. શ્રીવાસ તાળી પાડી પાડીને હસવા લાગ્યા અને લોકોને કહેવા લાગ્યા કે:–"જુઓ, ભાઈ અમે રાત્રે આવીજ ચંડીપૂજા કર્યા કરીએ છીએ. સજ્જન માણસોને આજે સ્પષ્ટજ જણાઈ ગયું." ભક્તોએ તે બધા સામાનને ઉઠાવીને દૂર ફેંકી દીધો અને તે સ્થાનને ગાયના છાણ વગેરેથી લીંપીને અને ગંગાજળ છાંટીને શુદ્ધ કર્યું.

બીજેજ દિવસે લોકોએ જોયું કે ગોપાલ ચાપાલના આખા શરીરે ગળતા કોઢ નીકળ્યા હતા, તેના આખા શરીરમાંથી પરૂ વહેવા લાગ્યું હતું. તેમ છતાં પણ ઘામાં [illegible] આવ્યા કરતી હતી. ચેળને [illegible] હતો. ગામના [illegible]

ગુણોનેજ લીધે તેમના ઉપર આસક્ત હતા. તેમણે પોતા
ના જીવનમાં કોઈ પણ શાસ્ત્રમર્યાદાનું ઉલ્લંઘન કર્યું નથ
સર્વસમર્થ હોવા છતાં પણ તેઓ બધી લૌકિક ત
વૈદિક ક્રિયાઓને પોતે કરતા અને લોકોને પણ તેને મા
પ્રોત્સાહન આપતા હતા, પરંતુ તેઓ કળિકાળમાં શ્ર
ભગવન્નામનેજ મુખ્ય ગણતા હતા, અને બધાં કર્મો
ગૌણ માનતા; છતાં પણ તેમણે ગૃહસ્થજીવનનમાં ન
પોતે તે બધાનો પરિત્યાગ કર્યો કે ન તો તેનું કદી ખં
પણ કર્યું. તેઓ પોતે બન્ને સમયની સંધ્યા-તર્પણ, પિ
શ્રાદ્ધ, પર્વ, ઉત્સવ, તીર્થ, વ્રત અને વૈદિક સંસ્કારો કર
તથા માનતા હતા. તેમણે પોતાનાં આચરણ અને ક્રિ
ઓદ્વારા પણ એ બધાની ક્યાંયે ઉપેક્ષા કરી નથી. શ્ર
વાસ, અદ્વૈતાચાર્ય, મુરારી ગુપ્ત, રમાઈ પંડિત, ચંદ્રશે
આચાર્ય વગેરે તેમના બધા અંતરંગ ભક્તો પણ પરમભ
વત હોવા છતાંયે એ બધી મર્યાદાઓનું પાલન કરતા હ

ભાવાવેશના સમય સિવાય તેઓ કદી પણ કોઇ
આગળ પોતાની મોટાઇની કોઇ પણ વાત કહેતા ન
પોતાનાથી મોટાઓ આગળ તેઓ હમેશાં નમ્રજ
કરતા. શ્રીવાસ, નંદનાચાર્ય, ચંદ્રશેખરાચાર્ય, અદ્વૈતાચ
વગેરે પોતાના બધા ભક્તોને તેઓ વૃદ્ધ સમજીને પ
પ્રણામ કરતા હતા.

સંસારનો એક નિયમ છે કે, કોઇ એકજ વસ
જ્યારે ઘણા ઇચ્છનારા-માગનારા હોય છે, ત્યારે
પરસ્પરમાં શત્રુતા કરવા લાગે છે. આપણને તે પો
ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થવાની સહેજ પણ આશા ગમે તે
હોય તોપણ આપણે તેના બીજા ઇચ્છનારાઓનો વિ
કારણે દ્વેષ કરવા મંડીશું, એવો સ્વાભાવિક નિયમ છે.
સારમાં ઇન્દ્રિયોના ભોગ્ય પદાર્થોની અને કીર્તિની બ
ઇચ્છા રહે છે. તેથી જેમની પાસે ઇન્દ્રિયોના ભોગ્ય-
થો મોટા પ્રમાણમાં હોય છે અને જેમની સંસારમાં

બદનામ કરવાનો પોતાના મનમાં નિશ્ચય કર્યો. એક દિવસ રાત્રે તે શ્રીવાસ પંડિતને ઘેર ગયો. તે વખતે બારણું બંધ હતું અને અંદર સંકીર્તન ચાલતું હતું. ચાપાલે બારણા આગળ થોડીક જગા લીંપીને ત્યાં ચંડીની પૂજાની બધી સામગ્રી ગોઠવી. એક હાંડીમાં લાલ, પીળાં, કાળાં ટપકાં કરીને તેને સામગ્રી પાસે મૂકી. એક શરાબનું પાત્ર તથા એક વાસણમાં માંસ પણ મૂક્યું. આ બધું મૂકીને તે ચાલ્યો ગયો. બીજે દિવસે જ્યારે સંકીર્તન કરીને ભક્તો નીકળ્યા ત્યારે તેમણે ચંડી–પૂજનની બધી સામગ્રી જોઇ. મૂર્ખ દુષ્ટોનું ટોળું પણ એકઠું થઇ ગયું અને એકબીજાને સંભળાવીને કહેવા લાગ્યાઃ–"અમે તો પહેલેથીજ જાણતા હતા કે, આ લોકો રાત્રે કમાડ બંધ કરીને અને સ્ત્રીઓને સાથે લઇને ખૂબ જોરથી હરિધ્વનિ કરે છે અને અંદર ને અંદર વામમાર્ગની પદ્ધતિથી ભૈરવી–ચક્રનું પૂજન કરે છે. આ સામેજ કાલીની પૂજાની સામગ્રી પ્રત્યક્ષજ જોઇ લ્યો. જેઓ સજ્જન હતા તેઓ સમજી ગયા કે આ કોઈ ઠગારાનું કામ છે. બધા એકેઅવાજે આ પ્રમાણે કરનારા ધૂર્તની નિંદા કરવા લાગ્યા. શ્રીવાસ તાળી પાડી પાડીને હસવા લાગ્યા અને લોકોને કહેવા લાગ્યા કેઃ–"જુઓ, ભાઇ! અમે રાત્રે આવીજ ચંડીપૂજા કર્યા કરીએ છીએ. સજ્જન માણસોને આજે સ્પષ્ટજ જણાઇ ગયું." ભક્તોએ તે બધા સામાનને ઉઠાવીને દૂર ફેંકી દીધો અને તે સ્થાનને ગાયના છાણ વગેરેથી લીંપીને અને ગંગાજળ છાંટીને શુદ્ધ કર્યું.

બીજેજ દિવસે લોકોએ જોયું કે ગોપાલ ચાપાલના આખા શરીરે ગળતા કોઢ નીકળ્યા હતા, તેના આખા શરીરમાંથી પરૂ વહેવા લાગ્યું હતું. તેમ છતાં પણ ઘામાં ચેળ આવ્યા કરતી હતી. ચેળને લીધે તે સદા બુમો પાડ્યા કરતો હતો. ગામના લોકોએ તેને મહોલ્લામાંથી કાઢી મૂક્યો, કેમકે કોઢ એ ચેપી રોગ છે. તે બિચારો ગંગાજીને કિનારે એક લીમડાના ઝાડ નીચે પડ્યો રહેતો હતો. એક દિવસ પ્રભુને જોઇને તેણે દીન ભાવે કહ્યુંઃ–"પ્રભો!

મારાથી મોટો અપરાધ થઈ ગયો છે. શું મારા આ અપરાધને આપ માફ કરી શકશો નહિ? તમે જગતનો ઉદ્ધાર કરો છો તો આ પાપીનો પણ ઉદ્ધાર કરો. આપના સંબંધથી તમે મારા ભાણેજ થાઓ છો, તમારા આ દીન-હીન મામા ઉપર તમે કૃપા કેમ કરતા નથી? હું ઘણો દુઃખી છું. પ્રભો! મારૂ દુઃખ દૂર કરો."

પ્રભુએ કહ્યું: "ગમે તેમ હો, હું મારા અપરાધીને તો માફ કરી શકું છું; પરંતુ તમે તો શ્રીવાસ પંડિતનો અપરાધ કર્યો છે. તેથી તમને ક્ષમા કરવાની મારામાં તાકાત નથી." બિચારો ચૂપ થઈ ગયો અને પોતાની નીચતા તથા દુષ્ટતાનું ફળ કોઢના દુઃખથી દુઃખી થઈને વેદનાપૂર્વક ભોગવતો રહ્યો.

થોડા દિવસો પછી જ્યારે પ્રભુ સંન્યાસ લઈને કુલિયામાં આવ્યા અને આ કોઢી ફરીથી તેમને શરણે આવ્યો, ત્યારે તેમણે તેને શ્રીવાસ પંડિત પાસે મોકલી આપ્યો. શ્રીવાસ પંડિતે કહ્યું: "મને તો આના ઉપર પહેલાં પણ કંઇ દ્વેષભાવ નહોતો અને અત્યારે પણ નથી. જો પ્રભુએ આને માફી આપી દીધી છે તો તે હવે દુઃખથી મુક્ત જ થઈ ગયો." જોતજોતામાં તેનું આખું શરીર નીરોગી થઈ ગયું.

આ પ્રકારે એક દિવસ એક બીજો બ્રાહ્મણ સંકીર્તન જોવા આવ્યો. જ્યારે તેણે બારણાંને અંદરથી બંધ જોયાં ત્યારે તો તે ક્રોધને લીધે લાલચોળ થઇ ગયો અને કીર્તન-વાળાઓને ગાળો સંભળાવતો પોતાને ઘેર પાછો ફર્યો. પછી બીજે દિવસે ગંગાજીના ઘાટ ઉપર જ્યારે તેણે પ્રભુને ભક્તો સહિત સ્નાન કરતા જોયા ત્યારે તો તેણે ક્રોધમાં આવીને પ્રભુને કહ્યું:–"તમને તમારા કીર્તનનું ખૂબ અભિમાન છે. દશ–વીસ ભોળા–ભલા લોકોને લાકડાની પૂતળીઓની પેઠે હાથના ઈશારાથી નચાવ્યા કરો છો. લોકો તમારી પૂજા કરે છે, તેથી તમને ખૂબ અભિમાન આવી ગયું છે. જાઓ, હું તમને શાપ આપું છું કે, જે સંસા

બદનામ કરવાનો પોતાના મનમાં નિશ્ચય કર્યો. એક દિવસ રાત્રે તે શ્રીવાસ પંડિતને ઘેર ગયો. તે વખતે બારણું બંધ હતું અને અંદર સંકીર્તન ચાલતું હતું. આથી બારણા આગળ થોડીક જગા લીંપીને ત્યાં ચંડીની પૂજાની બધી સામગ્રી ગોઠવી. એક હાંડીમાં લાલ, પીળાં, કાળાં ટપકાં કરીને તેને સામગ્રી પાસે મૂકી. એક શરાબનું પાત્ર તથા એક વાસણમાં માંસ પણ મૂકયું. આ બધું મૂકીને તે ચાલ્યો ગયો. બીજે દિવસે જ્યારે સંકીર્તન કરીને ભક્તો નીકળ્યા ત્યારે તેમણે ચંડી-પૂજનની બધી સામગ્રી જોઈ. મૂર્ખ દુષ્ટોનું ટોળું પણ એકઠું થઇ ગયું અને એકબીજાને સંભળાવીને કહેવા લાગ્યાઃ-"અમે તો પહેલેથીજ જાણતા હતા કે, આ લોકો રાત્રે કમાડ બંધ કરીને અને સ્ત્રીઓને સાથે લઇને ખૂબ જોરથી હરિધ્વનિ કરે છે અને અંદર ને અંદર વામમાર્ગની પદ્ધતિથી ભૈરવી-ચક્રનું પૂજન કરે છે. આ સામેજ કાલીની પૂજાની સામગ્રી પ્રત્યક્ષજ જોઇ લ્યો. જેઓ સજ્જન હતા તેઓ સમજી ગયા કે આ કોઈ ઠગા રાનું કામ છે. બધા એકેઅવાજે આ પ્રમાણે કરનારા ધૂર્તની નિંદા કરવા લાગ્યા. શ્રીવાસ તાળી પાડી પાડીને હસવ લાગ્યા અને લોકોને કહેવા લાગ્યા કેઃ-"જુઓ, ભાઇ અમે રાત્રે આવીજ ચંડીપૂજા કર્યા કરીએ છીએ. સજ્જ માણસોને આજે સ્પષ્ટજ જણાઇ ગયું." ભક્તોએ તે બધ સામાનને ઉઠાવીને દૂર ફેંકી દીધો અને તે સ્થાનને ગાયન છાણ વગેરેથી લીંપીને અને ગંગાજળ છાંટીને શુદ્ધ કર્યું.


બીજેજ દિવસે લોકોએ જોયું કે ગોપાલ ચાપાલન આખા શરીરે ગળતા કોઢ નીકળ્યા હતા, તેના આખ શરીરમાંથી પરૂ વહેવા લાગ્યું હતું. તેમ છતાં પણ ઘા ચેળ આવ્યા કરતી હતી. ચેળને લીધે તે સદા બુમો પા કરતો હતો. ગામના લોકોએ તેને મહોલ્લામાંથી ક મૂકયો, કેમકે કોઢ એ ચેપી રોગ છે. તે બિચારો ગં જીને કિનારે એક લીમડાના ઝાડ નીચે પડયો રહેતો હ એક દિવસ પ્રભુને જોઇને તેણે દીન ભાવે કહ્યું:-"પ્ર

સુખના મદમાં તમે આટલા ફૂલ્યા ફૂલ્યા ફરો છો તે તમારૂં સંસારી સુખ તરતજ નાશ પામજો.” બ્રાહ્મણનાં આવાં વાક્યો સાંભળીને બધા ભક્તો આશ્ચર્યપૂર્વક તે બ્રાહ્મણના મુખ તરફ જોવા લાગ્યા. થોડા લોકોને થોડો ક્રોધ પણ આવ્યો, પ્રભુએ તે બધાને રોકતાં હસીને તે બ્રાહ્મણ દેવતાને કહ્યું:–“ વિપ્રદેવ ! આપનાં ચરણોમાં હું પ્રણામ કરૂં છું. આપનો શાપ હું સહર્ષ સ્વીકારૂં છું.”

થોડી વાર પછી બ્રાહ્મણનો ક્રોધ શાંત થઇ ગયો; ત્યારે તેણે પોતાનાં વાક્યો ઉપર પશ્ચાત્તાપ પ્રગટ કરતાં વિનમ્ર ભાવે કહ્યું કે:–“ પ્રભો ! મેં ક્રોધને વશ થઇને આપને આવાં કુવાક્યો કહી દીધાં છે. આપ મારા અપરાધની ક્ષમા કરો.”

પ્રભુએ તેને આશ્વાસન આપતાં કહ્યું:–“ વિપ્રવર ! આપે મારૂં કંઇ પણ બગાડ્યું નથી અને નથી તો આપે મને કંઈ કુવાક્યો કહ્યાં. આપે શાપ નહિ દેતાં, આ તો મને વરદાનજ આપ્યું છે. શ્રીકૃષ્ણપ્રાપ્તિમાં સંસારી સુખજ બંધનનું મુખ્ય કારણ છે. આપે મને તેનાથી મુક્ત થવાનું જે વરદાન આપ્યું છે, તેથી મારૂં કલ્યાણજ થશે. આપ તેને માટે કંઇ પણ ચિંતા ન કરો.” એમ કહીને પ્રભુએ તે બ્રાહ્મણને પ્રેમપૂર્વક આલિંગન આપ્યું અને તેઓ ભક્તો સાથે પોતાને સ્થાને ચાલ્યા આવ્યા. આનું નામ તે વિરોધીઓ પ્રત્યે પણ શુદ્ધ ભાવ રાખવો. આવો વ્યવહાર મહાપ્રભુ જેવા મહાપુરુષોદ્વારાજ સંભવી પણ શકે છે.

મહાપ્રભુની નમ્રતા ઘણીજ અલૌકિક હતી. તેઓ રસ્તામાં ગમે તેમ ચાલે, પણ સ્ત્રીઓ તરફ કોઈ વાર દૃષ્ટિપાત પણ કરતા નહિ. મોટા લોકો સાથે સદા નમ્રતા અને સન્માનપૂર્વક વાતચીત કરતા હતા. [illegible] [illegible] [illegible] [illegible]



શ્રીકૃષ્ણલીલાનો અભિનય

क्वचिद् रुदति वैकुण्ठचिंताशवलचेतनः ।
क्वचिद् हसति तच्चिन्ताह्लाद उद्गायति क्वचित् ॥
नदति क्वचिदुत्कंठो विलज्जो नृत्यति क्वचित् ।
क्वचित् तद्भावनायुक्तस्तन्मन्योऽनुचकार ह ॥

(શ્રીમદ્‌ભાગવત ૭-૪-૩૯, ૪૦)

અર્થાત્ ભગવત્પ્રેમમાં પાગલ થયેલા ભક્તની દશાનું વર્ણન કરે છે કેઃ—"કોઇ વાર તો ભગવચ્ચિંતનથી તેનું હૃદય વ્યાકુળ જેવું થઇ ઉઠે છે અને ભગવાનના વિયોગ-જન્ય દુઃખના સ્મરણથી તે રડવા લાગે છે. કોઇ વાર ભગ-વચ્ચિંતનથી પ્રસન્ન થઇને તેમના સ્વરૂપરૂપી અમૃતનું પાન કરતાં કરતાં હસવા લાગે છે, કોઈ વાર જોરથી ભગ-વન્નામો અને ગુણોનું ગાન કરવા લાગે છે, કોઈ વાર ઉત્કંઠા-પૂર્વક હૂંકાર કરવા લાગે છે, કોઇ વાર નિર્લજ્જ થઇને નૃત્ય કરવા લાગે છે અને કોઇ કોઇ વાર તે ઈશ્વરચિંતનમાં ઘણોજ લવલીન થતાં તન્મય થઇને પોતાની મેળે પણ ભગવાનની લીલાઓનું અનુકરણ કરવા લાગે છે.

જો એક શબ્દમાં કોઇ અમને ભક્તની વ્યાખ્યા પૂછે તો અમે તેની આગળ 'લોકબાહ્ય' એ શબ્દને હાજર કરી દઇશું. આ એકજ શબ્દમાં ભક્ત-જીવનની, ભક્તિમાર્ગના પવિત્ર પથના પથિકની પૂરી પરિભાષા-વ્યાખ્યા-કહેવાઈ જાય છે. ભક્તોનાં બધાં કાર્યો અદ્ભુતજ હોય છે. તેમને લોકોની પરવા નથી. બાળકોની પેઠે તેઓ સદા આનંદમાં

મસ્ત રહે છે. તેમને રોવામાં પણ મઝા આવે છે અને હસવામાં પણ આનંદ આવે છે. તેઓ પોતાના પ્રિયતમની સ્મૃતિમાં સદા બેભાન જેવા બની રહે છે. જે સમયે તેમને કોઈ તેમના વહાલા પ્રીતમની બે-ચાર આછી-અવળી વાતો સંભળાવી દે, અહા ! ત્યારે તો તેમના આનંદનું કહેવું જ શું ? તે સમયે તો તેમનાં અંગ-પ્રત્યંગોમાં બધા સાત્વિક ભાવોનો ઉદય થઈ જાય છે. તેજ સમયે યથાર્થ સ્થિતિનો અનુભવ થવા લાગે છે. ચાલો, આપણે પ્રેમાવતાર શ્રીચૈતન્યના શરીરમાં બધા ભક્તોનાં લક્ષણોનાં દર્શન કરીએ.

એક દિવસ શ્રીવાસ પંડિતના ઘરમાં પ્રભુએ ભાવાવેશમાં આવીને 'બંસી, બંસી' કહીને પોતાની એ જૂની વાંસની વાંસળી-બંસી માગી. કંઇક હસતાં હસતાં શ્રીવાસ પંડિતે કહ્યું:-"અહીં બંસી કયાં છે ? આપની વાંસળી તો ગોપિકાઓ છીનવીને લઇ ગઇ છે." બસ, એટલું સાંભળતાંજ પ્રભુ પ્રેમમાં વિહ્વળ થઈ ગયા, તેમના સમસ્ત અંગોમાં સાત્વિક ભાવો પ્રગટ થવા લાગ્યા. તેઓ ગદ્ગદ્ કંઠે વારે વારે શ્રીવાસ પંડિતને કહેતાઃ-"હા સંભળાવો, કંઇક સંભળાવો. બંસીની લીલા સંભળાવતા કેમ નથી ? એ ભિખારી પોલા વાંસની બંસરીએ ગોપિકાઓનું શું બગાડયું હતું, કે તેઓ તેને હરીને લઇ ગઇ ! પંડિત ! તમે મને એ કથા-પ્રસંગ સંભળાવો." પ્રભુને આ પ્રકારે આગ્રહ કરતા જોઇને શ્રીવાસ કહેવા લાગ્યા:-"આસો મહિનો હતો, શરદ-ઋતુ હતી. ભગવાન નિશાનાથ-ચંદ્રમા પોતાની સમસ્ત કલાઓથી ઉદય પામીને આકાશ મંડળને પ્રકાશમય બનાવતા હતા. પ્રકૃતિ શાંત હતી, પક્ષીઓ પોતપોતાના માળાઓમાં સૂઇ જતાં હતાં. વૃંદાવનની કુંજોમાં સ્તબ્ધતા-શાંતિ છવાયેલી હતી. રાત્રિની શાંતિનો નાશ કરતી યમુના પોતાના નીલા રંગના જળ સાથે ગર્જના કરતી ધીરે-ધીરે વહેતી હતી. તે સમયે મોહનની મનોહર મોરલીના સુરીલો સ્વર ગોપીઓના કાનોમાં પડયો."

બસ, એટલું સાંભળતાંજ પ્રભુ પછાડ ખાઈને જ
ઉપર પડી ગયા અને આંખોમાંથી સતત અશ્રુ વહે
શ્રીવાસ પંડિતને કહેવા લાગ્યા:–"હા, પછી? પછ
થયું? આગળ કહો! કહેતા કેમ નથી? મારા તો
તે મોરલીના સૂરીલા સ્વરને સાંભળવા માટે તલપાપડ
રહ્યા છે."

શ્રીવાસ ફરીથી કહેવા લાગ્યા:–"તે મોરલીનો ધ
જેના કાનોમાં પડ્યો, જેમણે તે મનોમોહક સૂર સ
ળ્યો, તેઓ બેભાન થઈ ગઈ. બધી ગાંડી–ઘેલી અને ભુ
ભટકી જેવી થઈ ગઈ. તેમને શરીર કે મોઢાનું સાં
પણ ભાન રહ્યું નહિ. તે સમયે:—

निशम्य गीतं तदनंगवर्धनं
व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः ।
आजग्मुरन्योऽन्यमलक्षितोद्यमाः
स यत्र कान्तो जवलोलकुंडलाः ॥

(શ્રીમદ્‌ભાગવત, પૃ. ૧૦–૨૯–૪

એ અનંગ–કામની વૃદ્ધિ કરનારા મોરલીના મનોહ
ગાનને સાંભળીને જેમના મનને શ્રીકૃષ્ણે પોતાના તર
ખેંચી લીધાં છે એવી એ ગોકુળની ગોપીઓએ સાપત્ન્ય
શોકયના ભાવથી પોતાના તેમની સાથે જવાના મનોભાવ
એક બીજીને જણાવ્યો નહિ. તેઓ તો શ્રીકૃષ્ણના એ જગ
ન્મોહક તાનને અધીન થઈને જ્યાંથી તે ધ્વનિ સંભળાયો
હતો તે તરફ લક્ષ્ય કરીને જ્યાં બેઠી હતી, ત્યાંથી એમ ને
એમજ ઉઠીને ચાલી નીકળી. તે સમયે જવાની ઉતાવળ
ને લીધે તેમના કાનોનાં હાલતાં સુંદર કુંડળ ઘણાંજ મનો
હર લાગતાં હતાં.

"જે ગાય દોહતી હતી તે દોહવાને ત્યાંજ મૂકીને
ચાલી નીકળી, જેમણે દોહવા માટે વાછરડું છોડ્યું હતું
તેમને તે બાંધવાનું પણ ભાન રહ્યું નહિ. જે દૂધ ઉભરાતી

હતી તે તેને ઉભરાતું મૂકીને જ ચાલી નીકળી. માતા પુત્રોને ત્યજી દઈને, પત્ની પતિઓના પડખામાંથી નીકળીને, બહેનો ભાઈને ખવડાવવાનું મૂકી દઈને તેજ તરફ દોડવા લાગી." શ્રીવાસ કહેતા જતા હતા ને પ્રભુ ભાવાવેશમાં ગજતા જતા હતા. અદ્વૈત જ બેભાન હતા. આ પ્રકારે શ્રીકૃષ્ણ-કથા કહેતાં કહેતાંજ આખી રાત વીતી ગઈ. ભગવાન ભુવનભાસ્કર પણ ઘરની બીજી બાજુએ છુપાઈને આ લીલાઓનું આસ્વાદન કરવા લાગ્યા, સૂર્યના પ્રકાશને જોઈને પ્રભુને કંઈક બાહ્ય-જ્ઞાન થયું. તેમણે પ્રેમપૂર્વક શ્રીવાસ પંડિતને જોરથી આલિંગન કરતાં કહ્યું:-" પંડિતજી! આજે આપે મને દેવદુર્લભ રસનો સ્વાદ ચખાડયો. આજે આપના શ્રીમુખેથી શ્રીકૃષ્ણલીલાઓના શ્રવણથી હું કૃતકૃત્ય થઈ ગયો." આ પ્રમાણે કહીને પ્રભુ નિત્યકર્મથી પરવારવા માટે ચાલ્યા ગયા.

બીજે દિવસે પ્રભુએ બધા ભક્તો સાથે વિચાર કર્યો કે, બધા ભક્તોએ મળીને શ્રીકૃષ્ણલીલાનો અભિનય-ખેલ કરવો. સ્થાનનો પ્રશ્ન ઉઠતાં પ્રભુએ પોતેજ પોતાના માસા પંડિત ચંદ્રશેખર આચાર્યરત્નનું ઘર બતાવ્યું. બધા ભક્તોને તે સ્થાન ઘણુંજ અનુકૂળ જણાયું. તે ઘર પણ મોટું હતું અને ત્યાં બધા ભક્તોની સ્ત્રીઓ પણ વિનાસંકોચે આવી જઈ શકે તેમ હતી. કઈ લીલા થશે અને કોણે કોણે કયાં કયા પાત્રનો અભિનય કરવો પડશે! એવા ભક્તોના પ્રશ્નના જવાબમાં પ્રભુએ કહ્યું:-" તે અત્યારથી કંઈ નક્કી નથી. બસ, એટલો નિશ્ચય કર્યો છે કે, લીલા થશે અને પાત્રોને માટે આપસમાં પસંદગી કરી લ્યો. પાત્રોના પાઠનું કંઈ નક્કી નથી. તે સમયે જેને જે ભાવ આવી જાય, તે તે ભાવના પોતાના વિચારો પ્રગટ કરે. અત્યારથી નિશ્ચય કરવાથી તો બનાવટી લીલા થઈ જશે. તે સમયે જેને જેવી પણ સ્વાભાવિક પ્રેરણા થાય, તેણે તે પ્રમાણે કરવું." આ સાંભળીને બધા ભક્તો બહુ પ્રેમથી [illegible] મુકુંદ આચાર્યરત્નને [illegible] અનુભવ [illegible]

કે, જાણે કાલે તેઓ પ્રત્યક્ષ વૃંદાવનલીલાનાં દર્શન કરશે.

પ્રભુએ તેજ સમયે પાત્રોનો નિર્ણય કર્યો. પાત્રોની ચૂંટણીમાં ભક્તોમાં બહુ ગમ્મત ચાલી. સૌથી પહેલાં નાટક કરાવનાર સૂત્રધારનો પ્રશ્ન ઉઠયો. એક ભક્તે કહ્યું: "સૂત્રધાર તો કોઈ એવો જાડો-તાજો જોઈએ કે જે જરૂર પડતાં માર પણ સહી શકે. કેમકે સૂત્રધારને બધાની દેખરેખ રાખવી પડે છે." આ સાંભળીને નિત્યાનંદજી બોલી ઉઠ્યા: "તો એ કામ હરિદાસજીને સોંપવું. એ માર ખાવામાં પણ બહુ પ્રવીણ છે." બધા ભક્તો હસવા લાગ્યા, પ્રભુએ પણ નિત્યાનંદજીની વાતને ટેકો આપ્યો. પછી પ્રભુ પોતે જ કહેવા લાગ્યા:–"નારદજીને માટે તો કોઈ બીજાની જરૂર નથી. સાક્ષાત્ નારદાવતાર શ્રીવાસ પંડિત હાજર છેજ." એજ સમયે એક ભક્ત ધીરેથી બોલી ઉઠયા:– '**नारदो कलहप्रियः**' અર્થાત્ 'નારદજી તો લડાઈ-ઝગડા પસંદ કરનારા છે.' આ ઉપર હસતાં હસતાં અદ્વૈતાચાર્યે કહ્યું:–"આ નારદ ભગવાન આથી વધારે બીજો કલહ કયો કરાવવાના ? આજે નવદ્વીપમાં જે આટલો બધો કોલાહલ અને હલ્લો મચી રહ્યો છે, તેના મૂળ કારણ તો આ નારદાવતાર શ્રીવાસ મહારાજજ છે." એટલામાંજ મુરારી બોલી ઉઠ્યા:–"અરે ભાઈ! નારદજીને એક ચેલો તો જોઈએજ, જો નારદજી પસંદ કરે તો હું તેમનો ચેલો બની જાઉં."

આ સાંભળીને ગદાધર બોલ્યા: "નારદજીના પેટમાં કંઈ દર્દ તો થયું નથી કે તેઓ હિંગાષ્ટક ચૂર્ણને માટે વૈદ્યને ચેલો બનાવે. તેમને તો એક બ્રહ્મચારી શિષ્ય જોઈએ. તમે રહ્યા ગૃહસ્થાશ્રમી. તમને લઈને નારદજી શું કરશે! તેમના ચેલા તો નીલાંબર બ્રહ્મચારી તૈયારજ છે."

પ્રભુએ હસતાં હસતાં કહ્યું:–" [illegible]

પ્રભુની લલિતા તો સદા પ્રભુની સાથે પડછાયાની પેઠે રહે છેજ. આ ગદાધરજીજ તો લલિતા સખી છે." આથી બધા ભક્તોએ એકે સ્વરે કહ્યું કે "બરાબર છે, જેવી વીંટી તેવુંજ તેમાં નંગ જડવામાં આવ્યું છે." આથી પ્રભુ હસીને કહેવા લાગ્યાઃ—"ત્યારે તો બસ, બરાબર છે. ક મોટી ઘરડી ડોશીની પણ અમારે જરૂર હતી, તેને માટે શ્રીપાદ નિત્યાનંદજી છેજ." એટલામાં અધીરા થઇને અદ્વૈતાચાર્ય બોલી ઉઠ્યાઃ "પ્રભો! મને ભૂલીજ ગયા કે શું? અભિનયમાં શું, ઘરડા કંઇજ નહિ કરી શકે?"

હસતાં હસતાં પ્રભુએ કહ્યું:—"આપને જે ઘરડા કહે છે, તેમની બુદ્ધિજ ઘરડી થઈ ગઇ છે. આપ તો ભક્તો-ના આગેવાન છો. દાણ લેનારા વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ તો આપજ બનશો." આ સાંભળીને બધા ભક્તો ખૂબ પ્રસન્ન થયા. બધાએ પોતપોતાનું કામ પ્રભુને પૂછયું. બુદ્ધિ-મંતખાં તથા સદાશિવના ઉપર રંગભૂમિ તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું. બુદ્ધિમંતખાં જમીનદાર અને ધન-વાન હતા, તેઓ જાત જાતના ઠાઠમાઠનો સામાન આચાર્ય-રત્નને ઘેર લઈ આવ્યા. એક ઉંચા ચબુતરા ઉપર રંગભૂમિ બનાવવામાં આવી. જમણી બાજુએ સ્ત્રીઓને બેસવાની જગા બનાવવામાં આવી અને સામે પુરુષોને માટે નિયત વચ્ચે બધા ભક્તોની સ્ત્રીઓ આચાર્યરત્નને ઘેર આવી ગઈ. માલિનીદેવી અને વિષ્ણુપ્રિયા સાથે શચી માતા પણ એ ખેલ જોવા માટે આવી પહોંચ્યાં. બધા ભક્તો ક્રમે ક્રમે એકઠા થઈ ગયા. બધા ભક્તો આવી ગયા પછી કમાડ બંધ કરી દેવામાં આવ્યાં અને લીલા-અભિનય શરૂ થયો.

અંદર જુદા જુદા આચાર્ય વાસુદેવ, [illegible] રંગભૂમિ ઉપર મોકલવા માટે તૈયાર કરવા [illegible]. આ તરફ પડદા [illegible]. [illegible] અભિનયમાં [illegible] [illegible] કરવા માટે [illegible] અને [illegible] પંડિતના [illegible]

વાતની શી [illegible] કરી શકે? તે તો અપ્રાકૃતિક છે. તેમ [illegible] ને જોગ પણ નથી.

પરિપાર્શ્વક—[illegible] તો કોઇ ક્રિયાજ થઇ શકતી નથી. [illegible] સાંભળ્યું છે.

સૂત્રધાર—બસ, સાંભળ્યુંજ છે; વિચાર્યું નથી. વિચાર કર્યો હોત તો આ પ્રમાણે ગોળ-છાણ ભેળવીને એક ન કરત. આ વાત એ મનુષ્યોની ક્રિયાના સંબંધમાં છે, કે જેઓ માયાબદ્ધ જીવ છે. ભગવાન તો માયાપતિ છે. માયા તો તેમની દાસી છે. તે તેમના ઇશારાથી નાચે છે. તેમની બધી લીલાઓ અપ્રાકૃતિક, પ્રયોજન વિનાની માત્ર ભક્તોના આનંદ માટેજ થાય છે."

પરિપાર્શ્વક—(કંઇક વિસ્મયપૂર્વક) એમ? એવી વાત છે? ત્યારે તો નારદજી ભલે જુએ. ખૂબ ઠાઠમાઠથી બતાવો. આખું વર્ષ એવી તૈયારી કરો, કે નારદજી પણ ખુશી ખુશી થઇ જાય. તેમને બ્રહ્મલોકથી આવવામાંજ હજુ દસ-વીસ વર્ષ તો નીકળી જશે.

સૂત્રધાર—તમે તો એકદમ અક્કલની પાછળ દંડો લઇનેજ ફરતા રહો છો. તેઓ દેવર્ષિ કહેવાય. સંકલ્પ કરતાંજ જે લોકમાં જવા ઇચ્છે ત્યાં પહોંચી શકે છે.

પરિપાર્શ્વક—મને એ વાતની શી ખબર? જો એમજ છે, તો હમણાંજ લીલાની તૈયારી કરું છું. હા, એ તો કહો કે કઇ લીલાનો અભિનય કરશો?

સૂત્રધાર—મને તો દાણલીલાજ ઉત્તમ લાગે છે; તમારી શું સલાહ છે?

પરિપાર્શ્વક—લીલા તે [illegible] ર છે, મને [illegible] અભિનય પસંદ છે; પરંતુ [illegible] ંઝવણ છે [illegible] નય કરનારી બાલિકાઓ ન [illegible]

સૂત્રધાર—(કંઇક [illegible] મ [illegible]

...ર્શેક—નહિ, ... શિવનું પૂજન કરવા
...શી ગઇ છે.

...દ—તમે આ એક નારી આફતની વાત સમ-
...તે કામ કેમ ...શો ?

...રિપાર્શ્વક—(જરાશીઘ્ર) આફત શાની ! હું હમણાં
...હું, વાતની વાતમાં આવું છું અને તેમને પાછા-
...જ લેતો આવું છું.

સૂત્રધાર (પીછ બાજુ તરફ ધ્યાન આપીને)—તેઓ
...ી હજુ બાલિકાઓ છે, તેમની ઉંમર કાચી છે, એમજ
...ા વિના ચાલી ગઇ; ન કોઇને કહી ગઇ કે ન કોઇનું
...ંભળતી ગઇ. ત્યાંનો રસ્તો તો બહુજ દુર્ગમ છે, તેઓ
...ાં મારી મારી ફરશે ! સાથે કોઇ મોટી રાખી પણ નથી.

પરિપાર્શ્વક—છે કેમ નહિ ! ઘરડી રાખી કેવી છે ?

સૂત્રધાર—(હસીને) રાખીને પણ પૂજન કરવાનું ઠીક
...ન થયું ! આંખોથી દેખાતું તો છે નહિ. કોઇ ધીરેથી
ધક્કો મારશે, તો ત્રણ ગોરમટાં ખાઇ જશે. તેને રસ્તાનું
શું ભાન !

એટલામાંજ નેપથ્યમાંથી વીણાનો અવાજ સંભળાયો
અને મોટા સ્વરથી—"શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે
...ાથ નારાયણ વાસુદેવ" એ પદ સંભળાયું. નારદજી
આવ્યા, એમ સમજીને સૂત્રધાર જલદીથી પોતાના પરિ-
પાર્શ્વક (સુકુંદ) સાથે કન્યાઓને બોલાવવા દોડી ગયા.
એટલામાંજ દેખાય છે કે, હાથમાં વીણા લઇને પીળાં વસ્ત્ર
પહેરીને સફેદ દાઢીવાળા નારદજી પોતાના શિષ્ય સાથે
રંગભૂમિ ઉપર "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારા-
યણ વાસુદેવ" એ પદ ગાતા ગાતા ધીરે ધીરે ફરે છે.
તે સમયે શ્રીવાસ નારદવેશમાં એટલા સુંદર લાગતા હતા
કે કોઇ તેમને ઓળખીજ શકતા નહોતા કે તેઓ શ્રીવાસ
પંડિત છે. શુકલાંબર બ્રહ્મચારી રામનાનીનો વેશ ઓઢીને

લીલાઓનાં દર્શન વડે આપણા જન્મને સફળ કરીએ."

'જેવી આજ્ઞા' કહીને બ્રહ્મચારી નારદજીની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

ઘરની અંદર મહાપ્રભુ ભુવનમોહિની લક્ષ્મીદેવીનો વેષ ધારણ કરતા હતા. તેમણે પોતાના સુંદર કમળ સમાન કોમળ બન્ને ચરણોમાં અળતો લગાવ્યો હતો. એ અરુણ રંગનાં તળીઆંમાં અળતાની લાલાશ ફીકી ફીકી જણાવા લાગી. પગની આંગળીઓમાં તેમણે ઘુઘરીવાળી વીંટીઓ અને અંગુઠિયા પહેર્યા, કલ્લાં, છડા અને ઝાંઝરની નીચે સુંદર ઘૂઘરા બાંધ્યા. કમરમાં સાંકળી પહેરી, એક ઘણોજ સુંદર લેંઘો પહેર્યો, હાથોની આંગળીઓમાં નાની નાની વીંટીઓ અને અંગૂઠામાં એક મોટી આરસી (એક જાતનું અંગૂઠામાં પહેરવાનું ઘરેણું જેમાં આરસી જડેલી હોય છે) પહેરી. ગળામાં મોહનમાળા, મગમાળા, હાર તથા બીજી ઘણી હીરા–માણેકથી જડેલી અનેક કિંમતી માળાઓ ધારણ કરી. કાનોમાં કર્ણફૂલ (એરીંગ) અને હાથ ઉપર સોનાની પોંચીઓ પહેરી.

આચાર્ય વાસુદેવે ઘણીજ ઉત્તમતાથી પ્રભુના લાંબા લાંબા વાંકડિયા વાળોમાં સીધો સેંથો પાડ્યો અને પાછળ વાળનો અંબોડો વાળી દીધો. વાળના અંબોડામાં માલતી, ચંપો અને ચમેલીનાં ફૂલ સુંદર રીતે સજીને ગૂંથી દીધાં. એક સુંદર વેણી પણ અંબોડામાં બાંધી દીધી. સેંથામાં ઘણીજ બારીકાઈથી સિંદૂર ભર્યું. માથા ઉપર એક ઘણીજ નાની ગોળ બિંદી–ટીપકી કરી દીધી. સુગંધિત પાન પ્રભુના શ્રીમુખમાં આપ્યું. એક ઘણીજ પાતળી સુંદર ઓઢણી પ્રભુને ઓઢાડી દીધી. શૃંગાર કરતાં કરતાંજ પ્રભુને રુક્મિણીનો આવેશ આવી ગયો. તેઓ શ્રીકૃષ્ણના વિરહમાં રુક્મિણી–ભાવે આકુળ વ્યાકુળ થઈ ગયા.

રુક્મિણીના પિતાની ઇચ્છા હતી કે તેઓ પોતાની લાડકી પુત્રીનો વિવાહ શ્રીકૃષ્ણચંદ્રજી સાથે કરે, પરંતુ

એમના મોટા પુત્ર રુક્મીએ રુક્મિણીનો વિવાહ શિશુપાલ સાથે કરવાનો નિશ્ચય કર્યો હતો. આથી રુક્મિણી ગભરાઈ ગઈ હતી. તે મનોમન શ્રીકૃષ્ણચંદ્રને પોતાના પતિ બનાવી ચૂકી હતી. તેણે મનથી પોતાનું સર્વસ્વ ભગવાન વાસુદેવનાં ચરણોમાં સમર્પી દીધું હતું. તે વિચારવા લાગી: "હાય! એ નરાધમ શિશુપાલ કાલે જાન લઈને મારા પિતાજીની રાજધાનીમાં આવી પહોંચશે. શું હું મારા પ્રાણપ્રિય પતિદેવને નહિ પામી શકું? મેં તો મારું સર્વસ્વ તેમનાં શ્રીચરણોમાં સમર્પણ કરી દીધું છે. તેઓ દીનવત્સલ છે, અશરણશરણ છે, ઘટ ઘટની વાત જાણનારા છે. શું તેમનાથી મારા ભાવો અજાણ્યા હશે? તેઓ અવશ્યજ જાણતા હશે, છતાં પણ તેમને યાદ આપવા માટે એક વિનંતિપત્ર તો મોકલી આપું. પછી આવવું ન આવવું તેમને આધીન છે. અથવા તો આ પ્રાણહીન શરીરને શિશુપાલ લઈ જશે, યા તો તેને ખાલી હાથેજ પાછા ફરવું પડશે. પ્રાણ રહેશે ત્યાં સુધી તો હું એ દુષ્ટની સાથે કદી પણ નહિ જાઉં. આ શરીર ઉપર તો એ ભગવાન વાસુદેવનોજ અધિકાર છે. જીવિત શરીરનો તો તેઓજ ઉપભોગ કરી શકે છે." એમ વિચારીને તે પોતાના પ્રાણનાથને માટે પ્રેમપત્રિકા લખવા બેઠી—

> श्रुत्वा गुणान्भुवनसुंदर शृण्वतां ते
> निर्विश्य कर्णविवरैर्हरतोऽङ्गतापम् ।
> रूपं दृशां दृशिमतामखिलार्थलाभं
> त्वय्यच्युताऽऽविशति चित्तमपत्रपं मे ॥
> (શ્રીમદ્‌ભાગવત ૧૦–૫૨–૩૭)

અર્થાત્ હે અચ્યુત! તમારા ત્રિભુવનસુંદર સ્વરૂપની ખ્યાતિ સાંભળ્યા કર્ણો દ્વારા હૃદયમાં પહોંચી જાય છે. તેણે પહોંચતાં મારા હૃદયના સર્વ પ્રકારના તાપોને શાંત કરી દીધા છે. કેમકે આપના જનમોહક રૂપમાં અને આપના મહિમામાં દષ્ટિઓના મનોરથ જોયા છે, કે તે જોનાર વધા

સાંભળનારના સર્વે મનોરથો પૂર્ણ કરી દે છે. હે અચ્યુત-પ્રાણ ! એ ગુણાદિ જ સાંભળીને મારું નિર્લજ્જ મન તમારામાં આસક્ત થઇ ગયું છે.

આ પ્રકારે સાત શ્લોક લખીને એક બ્રાહ્મણના હાથમાં તે પ્રણયરાગથી ભરપૂર પત્રિકા દ્વારિકા ભગવાન પાસે મોકલાવી. મહાપ્રભુ પણ તેજ પ્રમાણે હાથના નખો દ્વારા રુક્મિણીના ભાવાવેશમાં પોતાના વહાલા શ્રીકૃષ્ણને પ્રેમ-પત્રિકા જેવું લખવા લાગ્યા. તેઓ એજ ભાવે ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા લાગ્યા અને રડતાં રડતાં એજ ભાવો દર્શાવવા પણ લાગ્યા. થોડા સમય પછી તે ભાવ શાંત થયો. બહાર નાટ્યપીઠ ઉપર અદ્વૈતાચાર્ય સુપ્રભા અને ગોપીની સાથે મધુર ભાવની વાતો કરતા હતા. હરિદાસ ખભા ઉપર લકું રાખીને ' જાગો, જાગો ' કહીને ફરતા હતા. બધા ભક્તો પ્રેમમાં મગ્ન થઇને રુદન કરતા હતા. એટલામાંજ જગન્મોહિનીનું રૂપ ધારણ કરેલા પ્રભુએ નાટ્યપીઠ ઉપર પ્રવેશ કર્યો. પ્રભુની આગળ ડોશીના વેશમાં નિત્યાનંદજી હતા. નિત્યાનંદજીના ખભા ઉપર હાથ રાખીને ધીરે ધીરે પ્રભુ આવતા હતા. પ્રભુના એ અદ્‌ભુત રૂપ–લાવણ્યયુક્ત સ્વરૂપને જોઇને બધા ભક્તો ચકિત થઇ ગયા. તે સમયના પ્રભુના રૂપનું વર્ણન કરવું એ કવિની પ્રતિભાની બહારની વાત છે. બધા ભૂલી ગયા કે પ્રભુએ આવું રૂપ ધારણ કર્યું છે. ભક્ત પોતપોતાની ભાવનાનુસાર રૂપમાં પાર્વતી, સીતા, લક્ષ્મી, મહાકાલી તથા રાસવિહારિણી રસવિસ્તારિણી શ્રી રાધિકાજીનાં દર્શન કરવા લાગ્યા.

જે પ્રકારે સમુદ્રના મંથન પછી ભગવાનના ભુવનમોહિની રૂપને જોઇને દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ એ સર્વ કોઇ તે રૂપને અધીન થયા હતા અને દેવાધિદેવ મહાદેવજી સુદ્ધાં કામાસક્ત થઇને તેમની પાછળ દોડયા હતા તેજ પ્રકારે અહીં પણ બધા ભક્તો મુગ્ધ જેવા તો થઇ ગયા હતા, પરંતુ પ્રભુના આશીર્વાદથી કોઇના હૃદયમાં કામ–

પ્રભુએ ભગવતીના સિંહાસન ઉપર બેઠાં બેઠાંજ [illegible] ફેરીને જલદીથી જગન્માતાના [illegible] પ્રભુએ તેમને ઉપા-ડીને [illegible] મહામાયા આદિ-શક્તિના [illegible] વાત્સલ્યસુખનો અનુભવ કરવા લાગ્યા. ત્યાર પછી ક્રમે ક્રમે બધા ભક્તોની વારી આવી. પ્રભુએ ભગવતીના ભાવમાં બધાને વાત્સલ્યનું રસા-સ્વાદન કરાવ્યું અને બધાને માતાના અપ્રાપ્ય સ્તનનું પાન કરાવીને આનંદિત અને પુલકિત કર્યા. આ પ્રકારે ભક્તોને સ્તન-પાન કરાવતાં કરાવતાં પ્રાતઃકાળ થઈ ગયો. તે સમયે ભક્તોને સૂર્યદેવનો ઉદય અકાલિક જેવો જણાવા લાગ્યો. પ્રાતઃકાળ થતાંજ પ્રભુએ ભગવતી ભાવનું સંવરણ કર્યું. તેઓ થોડી વારમાં પ્રકૃતિસ્થ થયા અને તે વેશને બદલીને ભક્તો સાથે નિત્યકર્મથી પરવારવા માટે ગંગા-કિનારા તરફ ચાલ્યા ગયા. ચંદ્રશેખરનું ઘર પ્રભુના ચાલ્યા જવા છતાં પણ તેજોમયજ રહ્યું [illegible] તેજ ધીરે ધીરે ઓછું થઈને સાત દિવસમાં [illegible] સમાપ્ત થઈ ગયું.

આ પ્રકારે પ્રભુએ ભક્તો [illegible] લગ-ભગ બધી લીલાઓનો [illegible]



भक्तों साथे प्रेमनो रसास्वाद

सर्वथैव दुरूहोऽयमभक्तैर्भगवद्रसः ।
तत्पादाम्बुजसर्वस्वैर्भक्तैरेवानुरस्यते ॥

અર્થાત્ જેમણે સાંસારિક ભોગોનેજ સર્વ કાંઇ સમજી રાખ્યા છે, જેઓ વિષયભોગોમાંજ રચ્યા-પચ્યા રહે છે, એવા અભક્તોને ભગવદ્રસનો સ્વાદ અનુભવવો સર્વથા દુર્લભ છે. જેમણે પોતાનું સર્વસ્વ એ શ્યામસુંદરનાં કોમળ અરુણ ચરણોમાં સમર્પણ કરી દીધું છે, જેઓ સર્વભાવે તેનાજ બની ગયા છે એવા એકાંતિક ભક્તોજ તે રસનો સ્વાદ લઇ શકે છે.

પ્રેમની ઉપમા કોની સાથે દેવી ? પ્રેમ તો એક અનુપમેય વસ્તુ છે. સ્થાવર, જંગમ, ચર, અચર, સજીવ તથા નિર્જીવ બધામાં પ્રેમ સમાનરૂપે વ્યાપી રહ્યો છે. સંસારમાં પ્રેમજ ઓતપ્રોત ભાવે ભરેલો છે. જેઓ આકાશને પોલું સમજે છે તેઓ ભૂલેલા છે. આકાશ તો લોઢાથી પણ ક્યાંય વધારે નક્કર છે. તેમાં તો એક પરમાણુ પણ વધારે સમાઇ શકતું નથી, તે સદ્વૃત્તિ અને દુર્વૃત્તિઓના ભાવોથી ઠાંસી ઠાંસીને ભરાયેલું છે. એ બધામાં પ્રેમ સમાનરૂપે વ્યાપ્ત છે. પ્રેમને ચૂનો-સીમેન્ટ અથવા જોડનારો સંયોજક પદાર્થ સમજવો જોઇએ. પ્રેમનેજ લીધે એ બધા ભાવો ટકેલા છે, પરંતુ પ્રેમની પ્રાપ્તિ સર્વત્ર થતી નથી તે તો ભક્તોનાંજ શરીરોમાં પૂર્ણરૂપે પ્રગટ થાય છે. ભક્તો જ પરસ્પરમાં પ્રેમરૂપી રસાયનનું નિરંતર પાન કર્યા કરે છે. તેમની પ્રત્યેક ચેષ્ટામાં પ્રેમ પ્રેમ ને પ્રેમજ હોય [illegible]

દા પ્રેમ-મદિરાનું પાન કરીને લોકબાહ્ય ઉન્મત્ત કરે છે અને પોતાના પ્રેમી બંધુઓ તથા ભક્તોને મદિરાનું પ્યાલા ભરી ભરીને પાન કરાવ્યા કરે પૂર્વ આસવનું પાન કરીને તેઓ પણ મસ્ત બની ન્યાલ થઈ જાય છે, ધન્ય થઈ જાય છે, લાજ અને તથા ભયથી રહિત થઈને તેઓ પણ પાગલોની પ કરવા લાગે છે. એ પાગલોના ચરિત્રમાં કેટલો છે, કેવો અપૂર્વ રસ છે; તેમની મારપીટ, ગાળી- સ્તુતિ-પ્રાર્થના, ભોજન તથા શયન વગેરે બધાં પ્રેમનો પાશ લાગેલો હોવાથી તે બધાં કાર્યો ને અલૌકિક જેવાં જણાય છે. તેના શ્રવણથી સહૃ- ોને સુખ થાય છે, તેઓ પણ તે પ્રેમાસવને માટે લાગે છે અને તે તરફડાટને લીધે તેઓ અંતે પ્રેમના અધિકારી બને છે.

હાપ્રભુ હવે ભક્તોને સાથે લઈને હમેશાં ઘણીજ ધુર લીલાઓ કરવા લાગ્યા. જ્યારથી જગાઈ- ઉદ્ધાર થયો અને તેઓ પોતાનું સર્વસ્વ ત્યજીને શ્રીવાસ પંડિતને ત્યાં રહેવા લાગ્યા, ત્યારથી ઉત્સાહ ઘણોજ વધી ગયો છે. અન્ય લોકો પણ ના મહત્ત્વને સમજવા લાગ્યા છે! હવે સંકીર્ત- ર્યાં નવદ્વીપમાં પહેલાં કરતાં પણ વધારે થવા લાગી દા કરનારા હવે જાત જાતના પ્રયત્નો વડે કીર્તનને કરવા લાગ્યા છે. વાચક! તે નિંદકોને નિંદા કરવા પ તો હવે ગૌરાંગે ભક્તો સાથે કરેલી અદ્ભુત નોજ રસ ચાખો.

ુરારી ગુપ્ત પ્રભુના સહાધ્યાયી હતા, તેઓ પ્રભુ ઉંમરમાં પણ મોટા હતા. પ્રભુ તેમના ઉપર ઘણો નેહ રાખતા અને તેમને પોતાના ઘણાજ અંતરંગ ભજતા હતા. મુરારીને પણ પ્રભુનાં ચરણોમાં પૂરે- મ હતો. તેઓ રામના ઉપાસક હતા, પોતાને

હનુમાન સમજીને કોઈ કોઈ વાર ભાવાવેશમાં આવીને હનુમાનજીની પેઠે કૂપાકૂપ પણ કરવા લાગતા. તેઓ સદા પોતાને પ્રભુના સેવકજ માનતા હતા. એક દિવસ પ્રભુએ વિષ્ણુભાવમાં "ગરુડ"–"ગરુડ" કહીને બૂમ મારી. બસ તેજ સમયે મુરારીએ પોતાના વસ્ત્રને બન્ને તરફ પાંખોની પેઠે ફેલાવીને પ્રભુને જલદીથી પોતાના ખભા ઉપર ચઢાવી લીધા અને આનંદથી આમતેમ આંગણામાં ઘૂમવા લાગ્યા. આ જોઈને ભક્તોના આનંદનો કંઈ પાર ન રહ્યો. તેમને પ્રભુ સાક્ષાત્ ચતુર્ભુજ નારાયણની પેઠે ગરુડ ઉપર ચઢેલા અને ચારે હાથોમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ, એ ચારે વસ્તુઓને ધારણ કરેલા જણાવા લાગ્યા. ભક્તો આનંદપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. માલતીદેવી તથા શચીમાતા વગેરે અન્ય સ્ત્રીઓ પ્રભુને મુરારીના ખભા પર ચઢેલા જોઈને ભયભીત થવા લાગી. થોડા સમય પછી પ્રભુને બાહ્યજ્ઞાન થયું અને તેઓ મુરારીના ખભા ઉપરથી નીચે ઉતર્યા.

મુરારી [illegible]

[illegible]

જન્મથી રામના ઉપાસક હતા. તેમનું ચિત્ત તો રામ-
રૂપમાં રમેલું હતું, પ્રભુ તેમને કૃષ્ણની ઉપાસના કરવાની
આજ્ઞા કરે છે. એ મૂંઝવણમાં પડયા પડયા તેઓ આખી
રાત આંસુ વહાવતા રહ્યા. તેમને ક્ષણવાર પણ નિદ્રા આવી
નહિ. આખી રાત રડતાં રડતાંજ ગાળી. બીજે દિવસે તેમ-
ણે પ્રભુની પાસે જઇને દીનતા અને નમ્રતાપૂર્વક નિવેદન
કર્યું કે:–"પ્રભો ! આ મસ્તક તો મેં રામને વેચી દીધું
છે. જે મસ્તક રામનાં ચરણોમાં વેચાઇ ચૂક્યું છે, તે બીજા
કોઇની આગળ કેમ કરીને નમી શકશે ? નાથ ! હું આત્મ-
ઘાત કરી લઇશ, મારાથી નહિ તો રામોપાસનાનો ત્યાગ
થાય કે નહિ તો આપની આજ્ઞાનું ઉલ્લંઘન થાય." આટલું
કહીને મુરારી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રુદન કરવા લાગ્યા. પ્રભુ તેમની
આવી ઇષ્ટનિષ્ઠા જોઇને ઘણાજ પ્રસન્ન થયા અને જલદીથી
તેમને ગાઢ આલિંગન કરતાં ગદ્ગદ્ કંઠે કહેવા લાગ્યાઃ–
"મુરારી ! તમે ધન્ય છો, તમને તમારા ઇષ્ટદેવમાં એટ-
લી બધી નિષ્ઠા છે. મને પણ એવોજ આશીર્વાદ આપો
કે મારી પણ શ્રીકૃષ્ણનાં ચરણકમળોમાં એવીજ અનન્ય
અને દૃઢ નિષ્ઠા થાય."

એક દિવસ પ્રભુએ મુરારીને કોઇ સ્તોત્રનો પાઠ
કરવા માટે કહ્યું. 'મુરારીએ ઘણાજ લય અને સ્વર સાથે
તેમનું રચેલું રઘુવીરનું અષ્ટક (આઠ શ્લોકનું કાવ્ય) સંભ-
ળાવ્યું. તેના બે શ્લોક અત્રે આપવામાં આવે છે—

राजत्किरीटमणि दीधिति दीपिताश–
मुद्यद्बृहस्पतिकविप्रतिमे वहन्तम् ।
द्वे कुण्डलेऽङ्करहितेन्दुसमान वक्त्रं
रामं जगत्त्रय गुरुं सततं भजामि ॥
उद्यद्विभाकरमरीचि विरोधिताब्ज–
नेत्रं सुबिम्बदशनच्छद चारुनासम् ।
शुभ्रांशुरश्मि परिनिर्जित चारुहासं

रामं जगत्त्रयगुरुं सततं भजामि ॥

(મુરારી કૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુ)

અર્થાત્ જેમના પ્રકાશમાન મુકુટમાં જડેલા મણિઓ વડે સમસ્ત દિશાઓ પ્રકાશી ઉઠી છે, જેમના કાનોમાં બૃહસ્પતિ અને શુક્રાચાર્યની પેઠે બે કુંડળ શોભી રહ્યાં છે અને જેમનું મુખમંડળ કલંકરહિત ચંદ્રમાની પેઠે શીતળતા અને સુખ આપનાર છે, એવા ત્રણે લોકોના સ્વામી શ્રીરામચંદ્રજીનું હું ભક્તિભાવે સ્મરણ કરું છું.

ઉદય પામેલા સૂર્યનાં કિરણોથી વિકસેલા કમળની પેઠે જેમનાં આનંદદાયક મોટાં મોટાં સુંદર બે નેત્રો છે, બિંબાફળની પેઠે જેમના મનોહર અરુણ રંગના બે હોઠ છે અને મનને હરી લેનારી સુશોભિત નાસિકા (નાક) છે, જેમના મનોહર હાસ્ય આગળ ચંદ્રમાનાં કિરણો પણ લજ્જિત થઇ જાય છે, એવા ત્રિભુવનના ગુરુ શ્રીરામચંદ્રજીનું ભક્તિભાવથી હું ભજન કરું છું.

પ્રભુ તેમના આ સ્તોત્ર–પાઠથી ઘણાજ પ્રસન્ન થયા અને તેમના મસ્તક ઉપર "રામદાસ" શબ્દ લખી દીધો. નીચેના શ્લોકમાં આ બનાવનું કેવું સુંદર અને સજીવ વર્ણન છે—

इत्थं निशम्य रघुनन्दनराजसिंह-
श्लोकाष्टकं स भगवान् चरणं मुरारेः ।
वैद्यस्य मूर्ध्नि विनिपात्य लिलेख भाले
त्वं 'रामदास' इति भो भव मत्प्रसादात् ॥

તેઓ પ્રભુ રાજસિંહ શ્રીરામચંદ્રજીના એ આઠ શ્લોકોને સાંભળીને ઘણા પ્રસન્ન થયા અને વૈદ્યવર મુરારી ગુપ્તના મસ્તક ઉપર પોતાનાં શ્રીચરણોને મૂકીને તેમને કહેવા લાગ્યા કે "તમને મારી કૃપાથી શ્રીરામચંદ્રજીની યથાયોગ્ય ભક્તિ પ્રાપ્ત થાઓ." એમ કહીને પ્રભુએ તેમના મસ્તક ઉપર 'રામદાસ' એમ લખી દીધું.

આ પ્રકારે પ્રભુનો અસીમ અનુગ્રહ પ્રાપ્ત કરીને આનંદમાં લવલીન થઇને મુરારી ઘેર આવ્યા. આવતાંજ તેમણે ભાવાવેશમાં પોતાની પત્ની પાસે ખાવા માટે દાળ-ભાત માગ્યાં. પતિવ્રતા સાધ્વી પત્નીએ તે સમયે દાળ-ભાત પીરસીને તેમની આગળ મૂકયાં. હવે તો તેઓ કોળી-આમાં ઘી મેળવી મેળવીને જે કોઇ બાળબચ્ચું અથવા કોઈ પણ સામે દેખાતું, તેનેજ પ્રેમપૂર્વક ખવરાવતા જતા અને પોતે પણ ખાતા જતા હતા. કેટલુંક અન્ન પૃથ્વી ઉપર પણ પડતું હતું. આ પ્રકારે તેઓ કેટલું ખાઇ ગયા, તેની તેમને કંઇ પણ ખબર રહી નહિ. તેમની સ્રીએ જ્યારે તેમની આવી દશા જોઇ ત્યારે તે ચકિત થઈ ગઈ, પરંતુ તે પતિપ્રાણા નારીએ તેમના કામમાં કંઇ પણ ખલેલ કરી નહિ. આ પ્રકારે ખાઇ-પીને તેઓ સૂઇ ગયા. પ્રાતઃકાળમાં જ્યારે ઉઠ્યા ત્યારે જોયું કે મહાપ્રભુ તેમની આગળ હાજર છે. તેમણે જલદીથી ઊઠીને પ્રભુનાં ચરણોમાં વંદન કર્યું અને તેમને બેસવા માટે એક સુંદર આસન આપ્યું. પ્રભુના બેઠા પછી મુરારીએ વિનમ્રભાવે આમ અસમયમાં પધાર-વાનું કારણ જાણવા ઇચ્છયું. પ્રભુએ કંઈક હસતાં હસતાં કહ્યું:-“ તમે તો વૈદ્ય થઈને આફત લાવી દો છો. લાવો, કંઈક ઔષધિ તો આપો. ”

આશ્ચર્ય પ્રગટ કરતાં કરતાં મુરારીએ પૂછ્યું: “પ્રભો ! ઔષધિ કેવી ? કયા રોગની ઔષધિ જોઇએ ? રાતભરમાંજ શો રોગ થઈ ગયો ?”

પ્રભુએ હસતાં હસતાં કહ્યું કે “ તમને ખબર નથી કે કયો રોગ થઇ ગયો ? તમારી સ્રીને પૂછો. રાતે તમે મને ઘીવાળાં કેટલાં બધાં દાળ-ભાત ખવરાવી દીધાં હતાં ? તમે પ્રેમથી ખવડાવતા જતા હતા અને હું ભલા તમારા પ્રેમની ઉપેક્ષા કેમ કરી શકું ? જેટલું તમે ખવડાવ્યું તેટલું હું ખાતો ગયો. હવે અજીર્ણ થઇ ગયું છે અને તેની દવા પણ તમારી પાસેજ રાખી છે. આ સુણો, આજ

આ અજીર્ણની ઔષધિ છે" એમ કહેતાં કહેતાં પ્રભુ વૈદ્યના ખાટલા પાસે રાખેલા તેમના પીધેલા પાત્રનું જળ પીવા લાગ્યા. મુરારી આ જોઇને જલદીથી પ્રભુને એમ કરતા અટકાવવા લાગ્યા. પરંતુ ત્યાં સુધીમાં તો પ્રભુ અધોથી વધારે જળ પી ગયા. આ જોઇને મુરારી પ્રેમને લીધે રડતા રડતા પ્રભુનાં ચરણકમળોમાં આળોટવા લાગ્યા.

એક દિવસ પ્રભુએ ઘણાજ સ્નેહપૂર્વક મુરારી ગુપ્તને કહ્યું:—" મુરારી! નિષ્કામ ભક્તિદ્વારા તમે શ્રીકૃષ્ણને તમારે વશ કરી લીધા છે. તમારી પ્રેમરૂપી દોરીથી શ્રીકૃષ્ણને એવી રીતે કસીને બાંધી લીધા છે કે જો તેઓ તેનાથી છૂટવાની ઈચ્છા કરે તોપણ છૂટી શકે તેમ નથી." આટલું સાંભળતાંજ કવિ-હૃદયવાળા મુરારી ગુપ્તે પોતાની પ્રતિભાશાળી બુદ્ધિથી આ શ્લોક પ્રભુને વાંચી સંભળાવ્યો:—

काहं दरिद्रः पापीयान् क्व कृष्ण श्रीनिकेतनः ।
ब्रह्मबन्धुरिति स्माहं बाहुभ्यां परिरम्भितः ॥

(શ્રીમદ્ભાગવત ૧૦-૮૧-૧૬)

સુદામાની ઉક્તિ છે. સુદામા ભગવાનની દયાળુતા અને અસીમ કૃપાનું વર્ણન કરતાં કહે છે:—" ભગવાનની દયાળુતા તો જુઓ! કયાં હું સદા પાપકર્મોમાં રચ્યોપચ્યો રહેનાર દરિદ્ર બ્રાહ્મણ અને કયાં સમસ્ત ઐશ્વર્યના કારણરૂપ નિખિલ પુણ્યાશ્રય શ્રીકૃષ્ણ ભગવાન્! તોપણ તેમણે કેવળ બ્રાહ્મણ-કુળમાં જન્મેલા મુજ જાતિમાત્રના બ્રાહ્મણને પોતાના બાહુઓથી આલિંગન આપ્યું! એમાં મારો કંઇ પુરુષાર્થ નથી. કૃપાળુ કૃષ્ણની નિષ્કામ કૃપાજ આનું એકમાત્ર કારણ છે." આ પ્રકારે પ્રભુ વિવિધ પ્રકારથી મુરારી સાથે પ્રેમ પ્રદર્શિત કરવા કરતા પોતાનો મનોવિનોદ કરતા રહેતા હતા, અને મુરારીને તે દ્વારા અનિર્વચનીય આનંદ આપતા રહેતા હતા. હવે અદ્વૈતાચાર્યના સંબંધની પણ વાતો સાંભળો.

અદ્વૈતાચાર્ય પ્રભુથીજ ઉંમરમાં મોટા નહિ, પરંતુ

સંભવતઃ પ્રભુના પૂજ્ય પિતાશ્રી જગન્નાથ મિશ્રથી પણ કંઈક મોટા હશે. વિદ્યામાં તે તેઓ સર્વશ્રેષ્ઠ મનાતા હતા. પ્રભુએ જેમની પાસેથી મંત્રદીક્ષા લીધી હતી, તે ઈશ્વરપુરી આચાર્યના ગુરુભાઈ હતા. આ કારણે વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, કુલવૃદ્ધ અને સંબંધવૃદ્ધ હોવાને લીધે પ્રભુ તેમનો ગુરુની પેઠેજ આદર-સત્કાર કર્યા કરતા હતા. આ વાત આચાર્યને માટે અસહ્ય હતી. તેઓ પ્રભુને પોતાનાં ચરણોમાં નમીને પ્રણામ કરતા જોઈને ઘણા શરમાતા અને પોતાને વારંવાર ધિક્કારતા. તેઓ પ્રભુ પાસે હાસ્ય-ભાવ ઈચ્છનારા હતા. પ્રભુ તેમના ઉપર હાસ્ય-ભાવ નહિ રાખતાં ગુરુ-ભાવ પ્રદર્શિત કર્યા કરતા હતા, તેથી તેઓ દુઃખી થઈને હરિદાસજીની સાથે શાંતિપુર ચાલ્યા ગયા અને ત્યાં જઈને વિદ્યાર્થીઓને અદ્વૈત-વેદાંત ભણાવવા લાગ્યા તથા ભક્તિ-શાસ્ત્રનો અભ્યાસ છોડીને જ્ઞાન-ચર્ચા કરવા લાગ્યા.

પ્રભુ તેમના મનોગત ભાવો સમજી ગયા. એક દિવસ તેમણે નિત્યાનંદજીને કહ્યું:—" શ્રીપાદ ! આચાર્ય આ તરફ ઘણા દિવસથી નવદ્વીપ પધાર્યા નથી; ચાલો, શાંતિપુર જઈનેજ તેમનાં દર્શન કરી આવીએ." નિત્યાનંદજીને મના એમાં શી અગવડ થવાની હતી ? બન્નેય શાંતિપુર તરફ ચાલી નીકળ્યા. બન્નેય એકસરખા મસ્ત હતા. જેમને શરીરનું ભાન નહિ તેમને ભલા રસ્તાની શી ખબર પડે ? ચાલતાં ચાલતાં બન્નેય રસ્તો ભૂલી ગયા. ભૂલતા ભટકતા બન્ને ગંગાજીને કિનારે લલિતપુરમાં પહોંચ્યા. લલિતપુરમાં પહોંચીને ગંગાજીને કિનારે તેમને એક ઘર જણાયું. લોકોને પૂછ્યું:—" કેમ, આ કોનું ઘર છે ?" લોકોએ કહ્યું:—" આ ઘર ગૃહસ્થાશ્રમી-સંન્યાસીનું છે." આ જવાબ સાંભળીને પ્રભુ ઘણા જોરથી ખિલખિલાટ કરીને હસી પડ્યા અને નિત્યાનંદજીને કહેવા લાગ્યાઃ " શ્રીપાદ ! આ કેવી આશ્ચર્યની વાત ! ગૃહસ્થાશ્રમી અને વળી સંન્યાસી પણ ! ગૃહસ્થાશ્રમી-સંન્યાસી તો મેં આજ સુધી કદી જોયા નથી.

ચાલો, જોઈએ તો ખરા, ગૃહસ્થાશ્રમી–સંન્યાસી કેવા હોય છે?" નિત્યાનંદજી આ સાંભળીને તેજ ઘર તરફ ચાલી નીકળ્યા. પ્રભુ પણ તેમની પાછળ–પાછળ ચાલવા લાગ્યા. તે ઘરના બારણા આગળ જઈને બન્નેએ ભગવાં વસ્ત્ર પહેરેલા સંન્યાસી વેષધારી પુરુષને જોયા. નિત્યાનંદજીએ તેમને નમસ્કાર કર્યો. પ્રભુએ સંન્યાસી સમજીને તેમને શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કર્યો. સંન્યાસી સાથે એક પરમ સુંદર તેજસ્વી ત્રેવીસ વર્ષના બ્રાહ્મણ કુમારને પોતાને ઘેર આવતા જોઈને સંન્યાસીજીએ તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો અને તેમને બેસવા માટે આસન આપ્યું. પરસ્પરમાં ઘણી વાતો ચાલ્યા કરી. પ્રભુ તો સદા પ્રેમનાજ ભૂખ્યા રહ્યા કરતા હતા. તેમણે ચારે તરફ જોતાં જોતાં સંન્યાસીજીને કહ્યું:–" સંન્યાસી મહારાજ! ઝૂંપડીમાં કંઈ હોય તો જલપાન–નાસ્તો કરાવો. સંન્યાસીજીના ઘરમાં બે સ્ત્રીઓ હતી. તેમને સંન્યાસીજીએ નાસ્તો લાવવા કહ્યું. ત્યાં સુધીમાં નિત્યાનંદજી સાથે પ્રભુ જલદીથી ગંગાસ્નાન કરીને આવી પહોંચ્યા અને પોતપોતાનાં આસનો ઉપર બન્નેય બેસી ગયા. અષાઢ મહિનો હતો. સંન્યાસીની સ્ત્રી સુંદર સુંદર કેરીઓ અને ફણસની ફોલેલી પેશીઓ થાળમાં પીરસીને લાવી. બે વાડકામાં દૂધ પણ હતું. પ્રભુ જલદી જલદી ફણસ અને કેરી ખાવા લાગ્યા. એ સંન્યાસી મહાશય વામમાર્ગી હતા. અમે પહેલેથીજ કહી ચૂક્યા છીએ કે, તે સમયે બંગાળમાં વામમાર્ગનું જોર હતું. સ્ત્રીએ પૂછ્યું: "શું 'આનંદ' પણ જરાક લાવું?" સંન્યાસીજીએ સંકેત દ્વારા તેને ના કરી દીધી. સ્ત્રી અંદર ચાલી ગઈ. એક બેઠી કેરી ખાતાં ખાતાં પ્રભુએ નિત્યાનંદજીને પૂછ્યું:– "શ્રીપાદ! 'આનંદ' શી ચીજ હોય છે? શું સંન્યાસીઓની ભાષા પણ જુદી હોય છે કે ગૃહસ્થી–સંન્યાસીઓની આ ભાષા છે? તમે તો ગૃહસ્થાશ્રમી–સંન્યાસી નથી છતાં પણ જાણતાજ હશો."

પ્રભુના આ પ્રશ્નથી નિત્યાનંદજી હસવા લાગ્યા. સ

મુખે ફરીથી પૂછ્યું:—"શ્રીપાદ! ક્યાં છે કેમ? ઠીક ઠીક કહોને. આનંદ એ શું છે? એ કોઈ ગળી ગળી ચીજ છે? હોય તો મંગાવો.. હવે પછી ગળ્યું મોં થશે."

કેરીનો રસ ચૂસતાં ચૂસતાં નિત્યાનંદજીએ કહ્યું:—"પ્રભો! આ લોકો વામમાર્ગી છે. મદિરાને 'આનંદ' કહે છે." આ સાંભળીને પ્રભુને ઘણું દુઃખ થયું. તેઓ ચારે તરફ ઘેરાયેલા સિંહની પેઠે જોવા લાગ્યા.. એટલામાંજ એક સ્ત્રીના બોલાવવાથી સંન્યાસીજી અંદર ચાલ્યા ગયા. તેજ સમયે પ્રભુ નાસ્તો કરતા કરતા વચ્ચેથીજ ઉઠીને દોડતા દોડતા નાસી ગયા. નિત્યાનંદજી પણ તેમની પાછળ પાછળ દોડ્યા. આ બન્નેને નાસ્તાની વચમાંથીજ ભાગતા જોઇને સંન્યાસીજી પણ તેમને પાછા [illegible] ગયા. પ્રભુ તો જલદીથી ગંગાજીમાં કુદી પડ્યા. અને તરતા તરતા શાંતિપુર તરફ જવા લાગ્યા.. નિત્યાનંદજી તો તરવાના આચાર્યજ હતા, તેઓ પણ પ્રભુની પાછળ પાછળ તરવા લાગ્યા. ગંગાજીની વચમાંજ [illegible] ગયો. લગભગ બે કોસ [illegible] પહોંચ્યા અને [illegible] હરિદાસજીએ પ્રભુને [illegible] પરંતુ પ્રભુને કંઈ [illegible] નીજ પાસે [illegible] શુષ્ક જ્ઞાન [illegible] જ્ઞાન કેમ છે? [illegible] મારે છે." આટલું [illegible] મારવા લાગ્યા. [illegible] કોઇની પણ [illegible] પ્રભુને [illegible] અટકાવે. પ્રભુ પણ કંઈ [illegible] પીઠ ઉપર ધબ્બા મુક્કા મારતાજ હતા. જેમ જેમ માર પડતા, તેમ તેમ અદ્વૈત વધારે ને વધારે પ્રસન્ન થતા હતા. આજે પ્રભુ પોતાના પ્રેમના માર દ્વારાજ અદ્વૈતાચાર્યના શરીરમાં

પ્રેમનો સંચાર કરી શકતા છે. અદ્વૈતાચાર્યના શરીર ઉપર કંપ, શોક અથવા ઉદ્વિગ્નતાના અણુમાત્ર પણ જણાતાં નહોતાં. ઉલટા તેઓ વધારે ને વધારે હર્ષોન્મત્ત જેવા થતા જતા હતા.

ખડખડાટ અને મારનો અવાજ સાંભળીને અંદરથી આચાર્યનાં ધર્મપત્ની સીતાદેવી પણ બહાર નીકળી આવ્યાં. તેમણે જ્યારે પ્રભુને આચાર્યના શરીર ઉપર પ્રહાર કરતા જોયા, ત્યારે તો તે ગભરાઇ ગયાં અને આકુળ વ્યાકુળ થઇને કહેવા લાગ્યાં:–"હાં, હાં! પ્રભુ! આપ આ શું કરો છો? વૃદ્ધ આચાર્ય ઉપર આપને દયા નથી આવતી? પરંતુ પ્રભુ કોઈનું કંઇ સાંભળતાજ નહોતા. આચાર્ય પણ પ્રેમમાં મસ્ત બનીને માર ખાતા જતા અને નાચતા નાચતા ગૌર-ગુણ-ગાન કરતા જતા હતા. આ પ્રકારે થોડી વાર પછી પ્રભુને મૂર્છા આવી ગઇ અને તેઓ બેહોશ થઇને પડી ગયા. બાહ્ય જ્ઞાન થતાં તેમણે આચાર્યને હર્ષપૂર્વક નૃત્ય કરતા અને પોતાનાં ચરણોમાં આળોટતા દેખ્યા, ત્યારે તેઓ જલદીથી ઉઠીને કહેવા લાગ્યા.–"શ્રીહરિ, શ્રીહરિ! મારાથી કોઇ અપરાધ તો થઇ ગયો નથી ને? મેં બેભાન અવસ્થામાં કંઇ તોફાન તો કરી નાખ્યું નથી ને?" આપ તો મારા પિતા-તુલ્ય છો. હું તો બાઇ અચ્યુત સમાન આપનો પુત્ર છું. અચેતન અવસ્થામાં મારાથી કંઇ તોફાન થઇ ગયું હોય તો તે આપ ક્ષમા કરો." એટલું કહીને તેઓ ચારે બાજુ જોવા લાગ્યા અને સીતાદેવીને ઉભેલાં જોઇને તેઓ તેમને કહેવા લાગ્યા. "માતાજી! બહુ જોરથી ભૂખ લાગી છે, જલદી જલદી ભોજન બનાવો." એમ કહીને તેઓ નિત્યાનંદજીને કહેવા લાગ્યા.–"શ્રીપાદ! ચાલો [illegible] કરી આવીએ, ત્યાં [illegible] રાખશે" તેમની વાતો સાંભળી [illegible], [illegible] તથા નિત્યાનંદજી તેમની સાથે ગંગાજી તરફ ચાલી નીકળ્યા. ચારે જણાંને બનીને [illegible]

પ્રભુએ ગંગાસ્નાન કર્યું. સ્નાન કર્યા પછી બધા પાછા ફરી આચાર્યને ઘેર આવી પહોંચ્યા. આચાર્યના પૂજાગૃહે જઈને પ્રભુએ ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા. તે સમ આચાર્ય પ્રભુનાં ચરણોમાં પડ્યા. આચાર્યનાં ચરણોમ હરિદાસજી પડ્યા. આ પ્રકારે આચાર્યને પોતાનાં ચરણોમ જોઈને પ્રભુ જલદીથી [illegible] રાખત ઊઠ્યા અને પોતાના દાંત વડે જીભ દબાવતાં કહેવા લાગ્યા "શ્રીહરિ, શ્રીહરિ! આપ મારા પર આ કેવો અપરાધ ચઢાવી રહ્યા છો? હું તો આપનો પુત્રસમાન છું."

ભોજન તૈયાર હતું. બધાએ સાથે બેસીને ઘણાજ પ્રેમથી ભોજન કર્યું. આખી રાત નિત્યાનંદજી સાથે પ્રભુએ આચાર્યને ઘેરજ નિવાસ કર્યો. બીજે દિવસે તેઓ ગંગા-પાર કરીને પેલે કિનારે કાલના નામના સ્થાનમાં પહોંચ્યા. ત્યાં પરમ વૈષ્ણવ ગૌરીદાસજી ઘરબાર છોડીને એકાંતમાં ગંગાજીને કિનારે રહીને ભજનભક્તિ કરતા હતા. પ્રભુ વિચિત્ર વેશે તેમની પાસે પહોંચ્યા. પ્રભુના ખભા ઉપર હોડી ચલાવવાનો એક વાંસ રાખ્યો હતો. તેઓ બાળકોની પેઠે હાલતા હાલતા ગૌરીદાસજી પાસે પહોંચ્યા. ગૌરીદાસજીએ પ્રભુની પ્રશંસા તો ઘણા દિવસોથી સાંભળી હતી, પરંતુ તેમને પ્રભુનાં દર્શનનું તો સૌભાગ્ય આજ સુધી પ્રાપ્ત થયું નહોતું. પ્રભુનો પરિચય પામીને તેમણે તેમની પૂજા કરી અને વનની સામગ્રીઓથી તેમનો સત્કાર કર્યો. પ્રભુએ તેમને પેલો વાંસ આપતાં આજ્ઞા કરી કે "આપ આના દ્વારા સંસાર--સાગરમાં ડૂબેલા લોકોને ઉગારજો અને તેમને સંસારસાગરથી પાર ઉતારજો." તેને પ્રભુનો પ્રસાદી સમજીને તેમણે તેનો સહર્ષ સ્વીકાર કર્યો. તેમના પરલોકગમન પછી તે વાંસના (હલેસા [illegible]) માલીક તેમના પટ્ટશિષ્ય શ્રીહૃદય ચૈતન્ય મહારાજ થયા. તેમણે એ વાંસનો ઘણો મહિમા વધાર્યો. તેમના ઉત્તરાધિકારી મહાત્મા શ્રીશ્યામાનંદજીએ તો સમસ્ત ઓરિસ્સા પ્રાંતમાં

ગૌર ધર્મનો ઘણોજ પ્રચાર કર્યો. સમસ્ત ઓરિસ્સા પ્રાંત માં જે આજે ગૌર ધર્મનો આટલો વધારે પ્રચાર છે, તેનું સર્વ શ્રેય મહાત્મા શ્યામાનંદજીનેજ છે. તેમણે લાખો ઓરિસ્સા પ્રાંતનિવાસીઓને ગૌરભક્ત બનાવીને તેમને ધર્મ્મનો ઉપદેશ કર્યો. સાચેજ, પ્રભુએ આપેલો એ ... લોકોને સંસારસાગરથી પાર ઉતારવાનું એક મુખ્ય કારણ બની શક્યો. કાલનાથી ચાલીને પ્રભુ પાછા નવદ્વીપ-માંજ આવીને રહેવા લાગ્યા. આચાર્ય પણ વચમાં વચમાં પ્રભુનાં દર્શન માટે નવદ્વીપ આવતા હતા.

આ પ્રકારે એક દિવસ શ્રીવાસ પંડિત પોતાના ઘરમાં પિતૃશ્રાદ્ધ કરીને પિતૃઓની પ્રસન્નતા માટે વિષ્ણુસહસ્ર-નામનો પાઠ કરતા હતા. તે સમયે પ્રભુ ત્યાં આવીને હાજર થયા. પાઠ સાંભળતાં સાંભળતાંજ પ્રભુને ત્યાં ફરીથી નૃસિંહાવેશ થઇ આવ્યો અને તેઓ નૃસિંહાવેશમાં આવીને હુંકાર અને ગર્જના કરવા લાગ્યા તથા ચારે તરફ ગદા લઈને દોડવા લાગ્યા. પ્રભુનો હુંકાર અને ગર્જના [illegible] બધા લોકો ભયભીત થઈને અહીં તહીં [illegible] લાગ્યા. લોકોને ભયભીત જોઈને શ્રીવાસ પંડિત [illegible] શાંત કરવાની પ્રાર્થના કરી [illegible] પ્રભુ મૂર્છિત થઈને પડી ગયા [illegible] સ્થિતિમાં આવ્યા [illegible]

એક [illegible]

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥

[illegible] ને [illegible] પ્રભુ પરમ-ભાગવત [illegible].

એક દિવસ પ્રભુ વિષ્ણુ-મંડપ પર બેસીને બળદેવજીના આવેશમાં આવીને "મદિરા લાવો" "મદિરા લાવો" એ પ્રકારે કહેવા લાગ્યા. નિત્યાનંદજી સમજી ગયા કે પ્રભુને બળદેવજીનો આવેશ આવ્યો છે. તેથી તેમણે એક ઘડો ગંગાજળ લાવીને પ્રભુની આગળ રજુ કરી દીધું. જળ પીને પ્રભુ જોરથી નૃત્ય કરવા લાગ્યા અને જે પ્રકારે બળદેવજીએ યમુનાકર્ષણ-લીલા કરી હતી, તેનોજ અભિનય કરવા લાગ્યા. તે સમયે વનમાળી આચાર્યને પ્રભુના હાથમાં સોનાનું હળ અને મૂસળ દેખાવા લાગ્યાં. ચન્દ્રશેખર આચાર્યને પ્રભુ બળરામના રૂપમાં દેખાવા લાગ્યા.

આ પ્રકારે પ્રભુ પોતાના અંતરંગ ભક્તોને ભાતભાતની અલૌકિક અને પ્રેમમય લીલાઓ દેખાડવા લાગ્યા.



ઉપદેશ કર્યા કરતા હતા. તેઓ સદા ભક્તોની દેખરેખ રાખતા. કોઈ પણ ભક્તને કોઈની નિંદા કરતો જોતા, તો તેઓ તેને સાવધાન કરીને કહેવા લાગતાઃ—"જુઓ. તમે ભૂલ કરો છો." ભગવદ્ભજનમાં બાધકોની નિંદા કરવી તથા અભક્તો પ્રત્યે દ્વેષબુદ્ધિ રાખવી એ મહાપાપ છે. જે અભક્ત છે. તેની ઉપેક્ષા કરો. તેના સંબંધમાં કંઈ વિચારોજ નહિ. તેની સાથે સંબંધજ ના રાખો અને જે ભગવદ્ભક્ત છે તેની ચરણ-રજને સદા પોતાના મસ્તકનું આભૂષણ સમજો. તેને પોતાના અંગોને સુંદર સુગંધિત અંગરાગ સમજીને સદા ભક્તિપૂર્વક [illegible] કરો."

તેથી પ્રભુના ભક્તોમાં આપસમાં [illegible] હતો. ભક્તો એક બીજાને જોતાંજ આપસમાં [illegible] કોઈ કોઈના પગેજ પડી [illegible] ધૂળીનેજ પોતાના મસ્તક ઉપર [illegible] ભક્તને હરખીજ જોઈને [illegible] કરવા લાગતા. ભક્તોને શ્રીવાસની [illegible] મના અપરાધીને [illegible] જેનાથી તે અપરાધ [illegible] લેતા નહિ [illegible] થયેલોજ સમજતા [illegible] તેનો અપરાધ [illegible] નગતા કોઈ [illegible] થઈને પ્રભુને [illegible] અને પોતાના અપરાધની [illegible] કાર કરતા [illegible] પ્રાર્થના કરી પ્રભુએ સ્પષ્ટ કહી દીધું કે "તેની એકજ દવા છે, જે શ્રીવાસ પંડિતનો તમે અપરાધ કર્યો છે, તેમનાજ ચરણોદકનું પાન કરો તો તમારો અપરાધ માફ થઈ શકે છે. [illegible]

[illegible] મનમાં [illegible] ચિંતા રહી જાય છે. [illegible] નીકળી ગયો [illegible] જ્ઞાનની વાતો કેમ [illegible] તેમના મનમાં [illegible] કે [illegible] આચાર્યની [illegible] સ્નેહ રાખતાં હતાં. તેમની [illegible] નહિ. આ ભાવો માતાએ મનમાં જ [illegible] કોઈની આગળ પણ તે પ્રગટ કર્યા નહિ.

હવે જ્યારે નિમાઈ પણ અદ્વૈતાચાર્યની [illegible] વધારે રહેવા લાગ્યા અને આચાર્યજી મોટે ઉચ્ચારે ભગવદ્‌ભાવથી તેમની પૂજા-સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે બિચારી દુઃખી માતાથી હવે રહેવાયું નહિ. કહેવત છે કે "દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ." માતાનું હૃદય પહેલેથીજ ઘાયલ બનેલું હતું. વિશ્વરૂપ તેમના હૃદયમાં પહેલાંજ એક ઘણો મોટો ઘા કરતા ગયા હતા. તે હજુ રૂઝાવા પણ આવ્યો નહોતો. એટલામાં નિમાઈ પણ તેમનાજ માર્ગનું અનુસરણ કરતા દેખાવા લાગ્યા. નિમાઈ હવે ભક્તોને ત્યજીને એક ક્ષણવારને માટે પણ [illegible] કરવાનું પસંદ કરતા નહોતા. તેઓ હવે વિષ્ણુપ્રિયા [illegible] જ નહોતા કરતા, સદા ભક્તોની મંડળીમાં [illegible] શ્રી કૃષ્ણકથાજ કહ્યા-સાંભળ્યા કરતા હતા. [illegible] ઉતાવળી થયેલી માતાને પોતાના પુત્રનું [illegible] જણાયું નહિ. તેના મૂળમાં પણ તેને અદ્વૈતાચાર્યનો જ હાથ જણાવા લાગ્યો. માતા [illegible] ભાવોને વધારે છુપાવી શકી નહિ. તેમની [illegible] સાથે વાતો કરતાં કરતાં [illegible] બહાર નીકળી પડતી હતી. તેઓ [illegible] વ્યાકુળ થઈને કહેવા લાગતાં કે: [illegible] બુઢ્ઢા આચાર્યને આ દુઃખી વિધવા ઉપર દયા પણ આવતી નથી. મારા એક પુત્રને તો એમણે સંન્યાસી બનાવી દીધો. મારા પતિ

શકશે નહિ. તેણે વૈષ્ણવોનો અપરાધ કર્યો છે. [illegible] અ-પરાધ કરનારાઓને તો હું માફ કરી પણ શકું છું, પરંતુ વૈષ્ણવોનો અપરાધ કરનારાઓને ક્ષમા આપવાની મારામાં તાકાત નથી."

શ્રીવાસ પંડિતે અત્યંત દીનભાવે કહ્યું કે "પ્રભો! એ પણ કદી બની શકે કે જે માતાએ આપને ગર્ભમાં ધારણ કર્યા છે, તેનો અપરાધજ માફ ન થઈ શકે. આપને ગર્ભમાં ધારણ કરવાથી તો એ જગજ્જનની બની ગયાં છે. તમને માટે શું [illegible] એમના પુત્રજ છો. [illegible]"

પ્રભુએ કહ્યું: "[illegible] કરવાથી [illegible]"

શ્રીવાસ [illegible] વિવેચનને [illegible]

પ્રભુએ કહ્યું [illegible] પ્રત્યક્ષ છે, [illegible] અને [illegible]

[illegible]

છે, તો હું હૃદયથી કહું છું કે, માતા પ્રત્યે મારા મનમાં કોઇ પણ પ્રકારનો ખરાબ ભાવ નથી. જો આપ મને પ્રભુની આજ્ઞાથી “ ક્ષમા કરી દીધી ” એમ કહેવાને માટે વિવશ કરો છો તો હું કહી દઉં છું કે, આમ તો માતાએ મારો કોઇ અપરાધ કર્યોજ નથી, જો પ્રભુની દૃષ્ટિમાં આ અપરાધ છે, તો હું તે હૃદયથી માફ કરૂં છું. હવે રહી ચરણ-ધૂલિની વાત. શચીમાતા તો જગદ્વંદ્ય છે. તેમની ચરણ-ધૂલિજ ભક્તોના શરીરનો અંગ-રાગ (શરીર ઉપર ચોળવાનો એક જાતનો સુગંધી ભૂકો) છે. ભલા, માતાને હું મારા પગ કેમ કરીને અડકાડવા દઇ શકું ? ” આ પ્રકારે ભક્તોમાં ઝગડો થતોજ હતો તેવામાંજ શચીદેવી પણ ત્યાં આવી પહોંચ્યાં અને તેમણે જલદીથી અદ્વૈતાચાર્યની ચરણ-ધૂલિ પોતાના મસ્તક ઉપર ચઢાવી લીધી. આ વાતથી ભક્તોની પ્રસન્નતાનું ઠેકાણું ન રહ્યું. તેઓ આનંદપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. ભક્તોમાં એક બીજા પ્રત્યે જે કંઈ થોડું ઘણું મનનું મેલાપણું હતું, તે આ ઘટનાથી તદ્દન સમૂળું નાશ પામી ગયું અને ભક્તો પરસ્પર એકબીજાને પ્રેમથી ભેટી ભેટીને આલિંગન કરવા લાગ્યા.

આ પ્રકારે નવદ્વીપમાં એક દેવાનંદ પંડિત હતા. તેઓ આમ તો ઘણા મોટા પંડિત હતા, શાસ્ત્રોનું જ્ઞાન તેમને બરાબર હતું. શ્રીમદ્‌ભાગવત ભણાવવાને માટે તેમની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. ઘણે દૂર દૂરથી વિદ્યાર્થીઓ તેમની પાસે શ્રીમદ્‌ભાગવત અને ગીતા ભણવા માટે આવતા હતા. તેઓ સ્વભાવના ખરાબ નહોતા, સંસારી સુખોથી ઉદાસીન અને વિરક્ત હતા. પરંતુ હજુ સુધી તેમના હૃદયના પ્રેમનો અંકુર ફૂટ્યો નહોતો. હૃદયમાં પ્રેમનું બીજ તો પડેલું જ હતું. પણ શ્રદ્ધા અને સાધુ કૃપા-રૂપી જળ વિના તે એમ ને એમ જ રહ્યું હતું. જ્યાંસુધી તે સુંદર પાણીથી સિંચન ન થાય ત્યાં સુધી સૂકા ખેતરમાં બી અંકુરિત કેવી રીતે થઇ શકે ? દયાળુ હૃદયવાળા ગૌરાંગે એક દિવસ આનંદમાં ફરતા ફરતા તેમના ઉપર પણ કૃપા

કરી. તેમના ઉપર વજ્ર પ્રહાર કરીને તેમના મૂળ અને
જામી ગયેલા કચરાને પણ તેણે પહેલાં તો કાઢી દીધું, ને
પછી કૃપાકટાક્ષ જલથી સીંચીને તેને નરમ અને અંકુર
ફૂટવા યોગ્ય બનાવી દીધું.

દેવાનંદને શ્રીમદ્‌ભાગવત ભણાવતા જોઇને પ્રભુ
ક્રોધાયમાન થઇને કહેવા લાગ્યાઃ—" એ. પંડિત ! શ્રીમદ્
ભાગવતના અર્થોનો અનર્થ કેમ કર્યા કરે છે? તું ભાગવત-
ના અર્થોને શું જાણે? શ્રીમદ્ ભાગવત તો સાક્ષાત શ્રી-
કૃષ્ણનું સ્વરૂપજ છે. જેના હૃદયમાં પ્રેમ નથી, ભક્તિ નથી,
સાધુ–મહાત્મા અને બ્રાહ્મણ–વૈષ્ણવો પ્રત્યે શ્રદ્ધા નથી,
તે શ્રીમદ્ ભાગવતના પુસ્તકનો સ્પર્શ કરવાને અધિકારીજ
નથી. ભાગવત, ગંગાજી તુલસી અને ભગવદ્‌ભક્તો એ
ભગવાનનાં રૂપજ છે. જે શુષ્ક હૃદયના છે, જેના અંતઃ-
કરણમાં ભક્તિ નથી, તેઓ તેમના દ્વારા કેવો લાભ
ઉઠાવી શકે? એમજ જ્ઞાનની વાતો કર્યા કરે છે કે કંઇ
સમજે પણ છે? આવા ભણવાથી શું લાભ! લાવ તારૂં
પુસ્તક ફાડીને ગંગાજીના પ્રવાહમાં વહાવી દઉં." આટલું
કહીને પ્રભુ ભાવાવેશમાં તેનું પુસ્તક ફાડવા દોડયા. ભ-
ક્તોએ આ જોઇને તેમને પકડી લીધા અને શાંત કર્યા.
પ્રભુને ભાવાવેશમાં જોઇને ભક્ત તેમને આગળ લઇ ગયા.
પાછા ફરતાં પ્રભુ ફરીથી દેવાનંદના સ્થાને આવ્યા. તે
સમયે પ્રભુ ભાવાવેશમાં નહોતા. તેમણે દેવાનંદજીને એ
વાત યાદ કરાવી કે, જ્યારે તેઓ એક વાર શ્રીમદ્ ભાગ-
વતનો પાઠ ભણાવતા હતા અને શ્રીવાસ પંડિત પણ પાઠ
સાંભળવા આવ્યા હતા. જે શ્રીમદ્ ભાગવતના અક્ષરે
અક્ષરમાં ઠાંસી ઠાંસીને પ્રેમ–રસ ભરેલો છે, એવા ભાગ-
વતનો શ્રીવાસજીએ જ્યારે પાઠ સાંભળ્યો ત્યારે તેઓ
પ્રેમમાં બેભાન થઇને મૂર્છિત થઇ ગયા હતા, આપના
ભક્તોએ તેમને ઉઠાવીને બહાર ફેંકી દીધા હતા અને આપે
તેમાં કંઇ પણ અયોગ્ય માન્યું નહિ. મહાભાગવત શ્રી-
વાસ પંડિતના ભાવોને જ્યારે આપજ સમજ્યા નહિ, તો

આપના શિષ્યો તો સમજીજ શું શકે? આપે તે સમયે એક ભગવદ્ભક્તનો ખરાબ રીતે તિરસ્કાર કરાવ્યો, એ આપના ઉપર અપરાધ ચઢેલો છે.”

દેવાનંદ વિરક્ત હતા, વિદ્વાન હતા. શાસ્ત્રના જાણકાર હતા, છતાં પણ તેમણે પ્રભુનાં ક્રોધયુક્ત વચનોનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. ભગવત્કૃપાથી તેમની બુદ્ધિ શુદ્ધ થઇ ગઈ હતી. તેમને પોતાની ભૂલનો અનુભવ થવા લાગ્યો. તેઓ પ્રભુને શરણે આવ્યા, તેમણે પોતાની પહેલાંની ભૂલ તથા અજ્ઞાનમાં કરાયલા અપરાધ માટે શ્રીવાસ પંડિતની પાસે ક્ષમા માગી. જ્યારે પ્રભુની તેમના ઉપર કૃપા થઇ ગઇ તો પછી તેમના ભગવદ્ભક્ત થવામાં શી વાર હતી? તેઓ તે દિવસથી પરમ ભક્ત બની ગયા.

પ્રભુ પોતાના ભક્તોને ભજનની પદ્ધતિ અને ભજન કેવા પ્રકારના થઇને કરવું જોઇએ વગેરેનું શિક્ષણ હમેશાં આપ્યા કરતા હતા. એક દિવસ તેઓ ભક્તોને ભગવન્નામનું માહાત્મ્ય બતાવતા હતા. માહાત્મ્ય બતાવતાં બતાવતાં તેમણે કહ્યું કે “ભક્તે પોતાને તણખલાથી પણ હલકો માનવો જોઇએ અને વૃક્ષોથી પણ વધારે સહનશીલ થવું જોઇએ. પોતે તો કદી માનની ઇચ્છા કરવી નહિ, પરંતુ બીજાઓને હમેશાં માન આપતા રહેવું જોઇએ. આ પ્રકારે થઇને નિરંતર ભગવાનનાં નામોનુંજ ચિંતન-સ્મરણ કરતા રહેવું જોઇએ. સૌથી વધારે સહનશીલતા ઉપર ધ્યાન આપવું જોઇએ. જેનામાં સહનશીલતા નથી. તે ગમે તેટલો મોટો વિદ્વાન, તપસ્વી અને પંડિત બલેને હોય, તોપણ તે કદી પણ ભગવત્કૃપાનો અધિકારી થઇ શકતો નથી. સહનશીલતાનો પાઠ વૃક્ષો પાસેથી શીખવો જોઇએ. વૃક્ષ કોઇને કટુ વચન કહેતું નથી, તેને જો કોઇ ઇંટ-પથ્થર મારે છે તેના ઉપર તે રોષ નહિ કરતાં ઉલટું પ્રહાર કરનારાને પાકેલું ફળજ આપે છે. ભૂખ-તરસ લાગતાં ભોજન તથા જળની યાચના કરતું નથી. સદા એકાંતમાંજ રહે છે. આ

પ્રકારે ભક્તે લોકોના [illegible] કોઈ વાતની યાચના નહિ કરતાં [illegible] અને [illegible] બની-ને ભગવચ્ચિંતન કરતા [illegible]

આ પછી તેમણે

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥

અર્થાત્ કેવળ [illegible] ના ઉદ્ધાર માટે [illegible] ઉપાય છેજ નહિ.

આ શ્લોકની [illegible] વાર મના કરવામાં [illegible] સરળ અને સુગમ ઉપાય [illegible]

એક બુદ્ધિહીન જડ બુદ્ધિ [illegible] આ વ્યાખ્યા સાંભળીને હતો [illegible] શ્લોકમાં અર્થવાદ છે. [illegible] પ્રકારે યથાર્થને બદલે કહેલી છે [illegible] કંઈ બન્યું નથી. [illegible]


અખિલ કોટિ બ્રહ્માંડના નાયક છે, જેમના એક એક રૂવામાં અસંખ્ય બ્રહ્માંડો સમાઈ શકે છે, તેમને કોઇ યોગદ્વારાજ પ્રાપ્ત કરવા ઇચ્છે તો તે તેના વશમાં માત્ર શ્વાસ રોકવાથીજ આવી શકે ? કોઇ કહે કે, અમે તત્ત્વોની સંખ્યા કરી કરીને તેનો પત્તો લગાવી લઇશું, તો આ તેની ખાલી મૂર્ખાઈજ છે. ભલા જે બુદ્ધિથી અતીત છે, જેમને ચારે વેદો નેતિ-નેતિ કહીને વર્ણવે છે, તેમનું જ્ઞાન સાંખ્ય દ્વારા થઇજ કેમ કરીને શકે ! હવે રહી ધર્મની વાત. તે ધર્મ તો ઉલટો બંધનનોજ હેતુ છે. ધર્મથી તો ત્રણે લોકોના વિષયસુખોનીજ પ્રાપ્તિ થઈ શકે છે. તે પણ એક પ્રકારની સુવર્ણની બેડીજ છે. કોઇ જપથી અથવા કેવળ ત્યાગથીજ તેમને પ્રસન્ન કરવા ઇચ્છે તો તેઓ કેમ કરીને પ્રસન્ન થઇ શકે ? ત્યાગ કોઈ કરીજ શું શકે ? તેમની કૃપા વિના કંઇ પણ થઇ શકતુંજ નથી. ભક્તિહીન થઇને જપ, તપ, પૂજા, પાઠ, યજ્ઞ, દાન, અનુષ્ઠાન વગેરે ગમે તેવાં સત્કર્મો ભલેને કરવામાં આવે, પણ તે બધાં નકામાં છે. આ વાત ભગવાને ઉદ્ધવને પોતેજ કહી છેઃ-

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥

(શ્રીમદ્ભાગવત ૧૧-૧૪-૨૦)

અર્થાત્ હે ઉદ્ધવ ! જે પ્રકારે મારા પ્રત્યે વધેલી ભક્તિ મને વશમાં કરી લે છે, તે પ્રકારે અષ્ટાંગ યોગ, સાંખ્ય-શાસ્ત્રોનું અધ્યયન, ધર્મ, સ્વાધ્યાય તથા તપ વગેરે ક્રિયાઓ મને વશ કરવા સમર્થ થતી નથી.

આ પ્રકારે ભક્તોને ભગવદ્ભક્તિનું શિક્ષણ આપતાં આપતાં પ્રભુ ત્યાંથી અપૂર્વ સુખ અને આનંદ આપનારા આપના નવલ પણ વિવિધ લીલાઓ કરવા લાગ્યા.



काज़ीनो अत्याचार

नामैकं यस्य वाचि स्मरणपथगतं श्रोत्रमूलं गतं वा
शुद्धं वा शुद्धवर्णं व्यवहितरहितं तारयत्येव सत्यम् ।
तच्चेद्देह द्रविण जनतालोभ पाखण्डमध्ये
निक्षिप्तं स्यान्नफलजनकं शीघ्रमेवात्र विप्र ॥

(પદ્મપુરાણ)

અર્થાત્ જેની જીભથી એક વાર ભગવાનના મધુર નામનો ઉચ્ચાર થઈ ગયો છે, યા સ્મરણ દ્વારા હૃદયમાં સ્ફૂરી ગયું છે અથવા કાનથી સાંભળીજ લીધું છે, પછી ગમે તો તે નામનું ઉચ્ચારણ શુદ્ધ થયું હોય વા અશુદ્ધ અથવા અચકાઈને થયું હોય તોપણ તે નામના ઉચ્ચારણ, સ્મરણ અથવા શ્રવણથી મનુષ્ય અવશ્યજ તરી જાય છે. પરંતુ તે નામનો ઉપયોગ શુદ્ધ ભાવથી થવો જોઈએ. જો શરીર, ધન, સ્ત્રી, લોભ અથવા પાખંડને માટે પણ નામનો આશ્રય લેવામાં આવશે, તો (નામ એવું સમર્થ છે કે [illegible] નહિ તેનાથી ફળ તો અવશ્યજ થશે પરંતુ) તે જલદી ફળ આપનાર થઈ શકશે.

[illegible]

જીવન કેવું હોય છે અને તેમાં કેટલી મઝા છે, કેટલી મિઠાશ છે. એ મિઠાશની આગળ સંસારના જેટલા મીઠા કહેવાતા પદાર્થો છે, તે બધા ફીકા-ફીકા જેવા જણાશે. કોઈ ભાગ્યવાન પુરુષના શરીરમાંજ પ્રેમ પ્રગટ થાય છે અને તેની છત્રછાયામાં જેટલાં પણ પ્રાણીઓ આવીને આશ્રય ગ્રહણ કરે છે, તે બધાં પાવન બની જાય છે. તેમને પણ વાસ્તવિક જીવનનું સુખ મળી જાય છે. પ્રેમી જે સ્થાનમાં નિવાસ કરે છે, તે ભૂમિ પાવન બની જાય છે, જે સ્થાનમાં તે ક્રીડા કરે છે, તે સ્થાન તીર્થરૂપ બની જાય છે અને જે મનુષ્યોની સાથે તે લીલા કરે છે, તે ભાગ્યશાળી મનુષ્યો પણ સદાને માટે અમર બની જાય છે. જે નવદ્વીપમાં પ્રેમાવતાર ગૌરચંદ્ર ઉદય પામીને તેમનાં સુખ આપનાર શીતળ કિરણોના પ્રકાશથી સંસારી તાપોથી અકળાઈ રહેલાં પ્રાણીઓને શીતળતા આપતા હોય તે ભાગ્યવની નગરીના તે સમયના આનંદનું વર્ણન કરીજ કોણ શકે ? મહાપ્રભુના કીર્તનની શરૂઆતથી સમસ્ત નવદ્વીપ એક પ્રકારે આનંદનું ઘરજ બની ગયું હતું. ત્યાં હરસમયે શ્રીકૃષ્ણકીર્તનનો સુમધુર ધ્વનિજ સંભળાતો હતો.

જગાઈ-મધાઈના ઉદ્ધારથી લોકો સંકીર્તનનું મહત્ત્વ સમજવા લાગ્યા હતા. હજારો લોકો સદા પ્રભુના દર્શન કરવા જતા. તેઓ પ્રભુને માટે જાત જાતની ભેટો લાવતા. કોઈ તો સુંદર પુષ્પોની માળાઓ લાવીને પ્રભુના ગળામાં પહેરાવતા, કોઈ સ્વાદિષ્ટ ફળોનેજ ઉપહારરૂપે પ્રભુ સમક્ષ મૂકતા. ઘણા સુંદર સુંદર પકવાનો પોતાને ઘેરથી લાવીને પ્રભુને ભેટ ધરતા. પ્રભુ તેમાંથી થોડુંક લઈને બધાના મનને પ્રસન્ન કરતા. બધા આવીને પૂછતાઃ—" પ્રભો ! અમે પણ કંઈક કરી શકીએ ? શું અમને પણ શ્રીકૃષ્ણકીર્તનનો અધિકાર છે ?"

પ્રભુ કહેતાઃ—" કૃષ્ણકીર્તન તો સૌ કોઈ કરી શકે છે. એમાં તો અધિકારી-અનધિકારીનો પ્રશ્ન નથી. ભગવન્ના-

મના તો બધા અધિકારી છે. નામમાં વિધિ-નિષેધ અથવા ઉંચ-નીચનો વિચારજ નથી. આપ સર્વે પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણકીર્તન કરી શકો છો."

આથી લોકો પૂછતા કે "પ્રભો ! અમે તો જાણતા પણ નથી કે કીર્તન શી રીતે કરવામાં આવે છે. અમને આજ સુધી સંકીર્તનનું શિક્ષણજ મળ્યું નથી અને નથી તો અમે તેની પદ્ધતિ કોઈ પુસ્તકમાંયે વાંચી."

પ્રભુ હસીને કહેવા લાગતાઃ–"નામ-સંકીર્તનમાં શીખવાનુંજ શું છે? એ તો ઘણો સરળ માર્ગ છે. તેને માટે ખાસ જાણવાની અથવા બહુ જાણવાની કંઈ આવશ્યકતા નથી. સર્વ કોઈ એ કરી શકે છે. જુઓ, આ પ્રકારે તાળી વગાડીનેઃ–

हरि हरये नमः कृष्ण यादवाय नमः ।
गोपाल गोविंद राम श्रीमधुसूदन ॥

આ મંત્રને યા બીજા કોઈ મંત્રને જેમાં ભગવાનનાં નામોનુંજ કીર્તન હોય, ગાતા જવું, પાંચ-દશ પોતાના સાથીઓ એકઠા કરી લેવા અને બધાએ મળીને નામ-સંકીર્તન કરવા લાગવું. તમે નિયમપૂર્વક એક મહિના સુધી કરો તો ખરા, પછી જુઓ કેટલો આનંદ આવે છે." લોકો પ્રભુના મુખથી ભગવન્નામમાહાત્મ્ય અને કીર્તનનો મહિમા સાંભળતા અને ત્યાંજ તેમને દેખાડી-દેખાડીને સંકીર્તન કરવા લાગતા. જ્યાં તેઓ ભૂલ કરતા ત્યાં પ્રભુ તરતજ બતાવતા. આ પ્રકારે તેમને જે કોઈ પૂછવા આવતું, તે બધાને તેઓ ભગવન્નામ-સંકીર્તનનોજ ઉપદેશ કરતા. લોકો મહાપ્રભુની આજ્ઞા શિરોધાર્ય ગણીને પોતપોતાને ઘેર ચાલ્યા જતા અને બીજેજ દિવસથી સંકીર્તન શરૂ કરી દેતા. પહેલાં તો લોકો તાળી વગાડી વગાડીનેજ કીર્તન કરતા હતા, પરંતુ જેમ જેમ તેમને આનંદ આવવા લાગ્યો, તેમ તેમ તેમનાં સંકીર્તન[illegible] ખોલ, કર[illegible]

મૃદંગ વગેરે વાદ્યોનો પણ સમાવેશ થવા લાગ્યો. એકને કીર્તન કરતો જોઇને બીજાને પણ ઉત્સાહ થવા લાગ્યો અને તેણે પણ પાંચ-દસ ગાયકોને એકઠા કરીને પોતાની એક નાનકડી સંકીર્તન મંડળી બનાવી લીધી અને બન્ને સમય નિયમપૂર્વક સંકીર્તન કરવા લાગ્યા. આ પ્રકારે પ્રત્યેક મહોલ્લામાં અનેક સંકીર્તન મંડળીઓ સ્થપાઇ ગઇ! સારાં સારાં ઘરોના લોકો સ્વધ્યાયમગ્ને પોતપોતાનાં કુટુંબીઓને સાથે લઇ સંકીર્તન કરતા અને તેમાં સ્ત્રી-પુરુષ, નાનાં-મોટાં બધાં જોડાતાં.

ભક્તો સદા આનંદમાં મસ્ત જેવા રહેતા, પરસ્પર એકબીજાને ભેટતા. બે ભક્તો જ્યાં પણ રસ્તામાં મળતા ત્યાં એકબીજાને ભેટતા. કોઇ બીજાને સાષ્ટાંગ પ્રણામ કરતા, તો કોઈ જલદીથી બીજાની ચરણરજ લેવા દોડતા. કોઇ પાંચ દસ-વીસ ભક્ત મળીને સંકીર્તનનાં પદોનું જ ગાયન કરવા લાગતા. કોઇ કોઇ બજારમાં બધાની સામેજ નૃત્ય કરતા નીકળતા. આ પ્રકારે ભક્તિરૂપી સરિતામાં સદા પ્રેમના તરંગોજ ઉઠ્યા કરતા હતા. રાતદિવસ શંખ, ઘડિયાળ, શરણાઇ, ઢોલ કરતાલ, ઝાંઝ, મૃદંગ તથા અન્યાન્ય પ્રકારનાં વાદ્યોથી સમસ્ત નવદ્વીપ નગર ગુંજતુંજ રહેતું.

મહાપ્રભુ ભક્તોને સાથે લઇને આખી રાત સંકીર્તન કરતાજ રહેતા. પ્રાતઃકાળે કલાક બે કલાક સૂતા, ઊઠતાંજ ભક્તોને સાથે લઇને ગંગાસ્નાન કરવા જતા. ભક્તોને તો લોકોએ સદાકાળથી "ગાંડા"ની પદવી આપી રાખી છે. એ ગાંડા ભક્તોનું સ્નાન પણ વિચિત્ર પ્રકારનું થતું. એ લોકો સદા અફીણીઆની પેઠે ઘેનમાંજ રહ્યા કરતા. દારૂડિયાની પેઠે નશામાંજ ડોલતા રહેતા અને પાગલોની પેઠેજ બડબડ્યા કરતા. સ્નાન કરતાં કરતાં કોઇએ કોઇનું પીતાંબર ફેંકી દીધું છે, તો કોઈ કોઇના ઉપર જળ ઉડાડે છે. કોઈ તરીને પેલે પાર જાય છે, તો કોઇ પ્રવાહની વિરુદ્ધજ તરવાનું ખોટું સાહસ કરે છે. આ પ્રકારે કલા-

જણાય છે ને.!" આ સાંભળીને [illegible] [illegible] [illegible] [illegible]
વિષ્ણુપ્રિયાજી પણ મનોમન [illegible] [illegible]

ભોજન પછી તેઓ થોડી વાર આરામ કરતા. ત્રીજા પ્રહર પછી ધીરે ધીરે બધા ભક્તો પ્રભુને ઘેર આવીને એકઠા થઈ જતા. ત્યારે પ્રભુ તેમને શ્રીકૃષ્ણ-કથાઓ કહેવા લાગતા. કોઈ વાર કોઇ શ્રીમદ્‌ભાગવતનુંજ પ્રકરણ ચાલે છે. કોઇ વાર કોઈ 'ગીત ગોવિંદ'ના પદનીજ વ્યાખ્યા કરે છે, કોઇ દિવસ પદ્મ પુરાણનીજ કથા થાય છે. આ પ્રકારે વિવિધ શાસ્ત્રોની ચર્ચા પ્રભુને ત્યાં ચાલ્યા કરતી, સાયંકાળે પ્રભુ ભક્તોને સાથે લઈને નગર-ભ્રમણ કરવા નીકળતા. આ પ્રકારે તેમનો બધો સમય ભક્તોના સહવાસમાંજ વ્યતીત થતો. ક્ષણવાર પણ ભકતોથી જુદા પડવું તેમને અસહ્ય જેવું લાગતું. ભકતોને પણ પ્રભુનાં ચરણોમાં નિષ્કામ ભક્તિ હતી. તેઓ પ્રભુના સંકેત અનુસાર ક્રિયાઓ કરતા. તેઓ સદા પ્રભુના મુખ તરફ જોઇ રહેતા કે, કયે સમયે પ્રભુના મુખ ઉપર કેવા ભાવોનાં લક્ષણ જણાય છે. તે ભાવો અનુસાર તેઓ ક્રિયાઓ કરવા લાગતા. આથી ઈર્ષા કરવાનો જેનો સ્વભાવ છે, જે બીજાની ઉન્નતિ તથા ગૌરવને જોઇજ શકતા નથી, એવા દુષ્ટ-મૂર્ખ પુરુષો પ્રભુની સદા નિંદા કર્યા કરતા. પ્રભુ તેમની વાતો ઉપર

ધ્યાનજ આપતા નહિ. જ્યારે કોઇ ભક્ત કોઇના સંબંધમાં એવી વાતો છેડતું, તો તે સમયે તેઓ તેને ધમકાવીને કહેતા. 'अन्यस्य दोषगुणचिन्तनमाशु त्यक्त्वा सेवाकथारसमहो नितरां पिब त्वम्' બીજાઓની સ્તુતિ-નિન્દા કરવાનું છોડીને તમે નિરંતર શ્રીકૃષ્ણ-કીર્તનમાંજ પોતાના મનને યોજતા નથી. આથી પ્રભુ સમક્ષ કોઇની સ્તુતિ-નિન્દા કરવાની ભક્તો હિમ્મતજ કરતા નહિ.

પ્રભુના વધતા જતા પ્રભાવને જોઇને દ્વેષી લોકોએ મુસલમાનોને ભડકાવ્યા. તેઓ જાણતા હતા કે, અમે નિમાઇ પંડિતનું આમ તો કશું બગાડી શકતા નથી. તેમના કહેવામાં હજારો માણસો છે. હા, જો રાજ્યકર્તાઓ તરફથી તેમને દુઃખ દેવરાવવામાં આવે, તો તેમનું બધુંયે ગૌરહરિપણું ઠેકાણે આવી જશે. તે સમયે મુસલમાનોનું રાજ્ય હતું તેથી મુસલમાનોની ફરિયાદો ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. તેથી મૂર્ખાઓએ મુસલમાનોનેજ ઉશ્કેરવા માંડ્યાઃ-" નિમાઇ પંડિત અશાસ્ત્રીય કામ કરે છે. તેમની દેખાદેખીથી આખા નગરમાં નર્કીર્તન થવા લાગ્યાં છે. રાત-દહાડો કીર્તનનોજ ધ્વનિ [illegible] કરે છે. આ કોલાહલને લીધે રાત્રે લોકો નિદ્રા પણ પામતા નથી. કાજીને કહીને આ લોકોને શિક્ષા કરાવવી જોઇએ. કોણ જાણે આ બધા ભેગા મળીને શુંયે કરી નાખશે ?" મુસલમાનોને પણ આ વાત ગમી ગઇ. તેઓ બીજા [illegible]-ધર્મનો અભ્યુદય કેમ કરીને દેખી શકે ? તેથી [illegible] મળીને કાજીને ત્યાં સંકીર્તન વિરુદ્ધ ફરિયાદ કરી

તે સમયે બંગાળમાં મુકદ્દમાના નિર્ણય કરવાનું કામ કાજીઓના હાથમાં હતું. જમીનદાર, [illegible] ફોજદાર કોટવાલ [illegible]


થતા તેના ફેંસલા કાજી કર્યા કરતા. બાદશાહ તરફથી સ્થળે સ્થળે કાજી નીમેલા હતા. તે સમયે બંગાળના નવાબ હુસેનશાહ હતા. તેઓ બંગાળના સ્વતંત્ર રાજ્યકર્તા હતા. તેમના તરફથી [illegible] કાજી નવદ્વીપમાં પણ નીમેલા [illegible] તેમનું [illegible] સેનશા- [illegible] હતું. [illegible] સહૃદય, [illegible] વિદ્યાનુ[illegible] [illegible] સમજુ [illegible] વિના [illegible]

કીર્તન સંબંધમાં જાત જાતની વાતો કરવા લાગ્યા. કોઈ તો કહેતું કે "ભાઈ! અહીં મુસલમાની રાજ્યમાં સંકીર્તન થઈજ શકશે નહિ. અમે તો આ દેશનો ત્યાગ કરીને કોઈ એવા દેશમાં જઈને રહીશું કે જ્યાં સગવડપૂર્વક સંકીર્તન કરી શકીએ. કોઈ કહેતું:–"ભાઈ! બૂમો પાડી પાડીને નામ લેવાથી શો ફાયદો? જો કાજી મનાઈ કરે છે, તો ધીરે-ધીરેજ નામજપ કર્યા કરીશું. કોઈ પણ પ્રકારે ભગવન્નામ–જપ થવા જોઈએ." આ પ્રકારે ભયભીત થઈને લોકો જાત જાતની વાતો કરવા લાગ્યા.

બીજે દિવસે બધા મળીને મહાપ્રભુ પાસે આવ્યા અને તેમણે રાત્રે જે જે ઘટનાઓ બની હતી તે બધી કહી સંભળાવી. વળી અંતે કહ્યું કે:–"પ્રભો! આપ તો અમને સંકીર્તન કરવાનું કહો છો, પરંતુ અમારા ઉપર સંકીર્તન કરવાથી આવી આવી વિપત્તિઓ પડે છે. હવે અમારે માટે શી આજ્ઞા છે? આપની આજ્ઞા હોય તો અમે આ દેશ છોડીને કોઈ એવા દેશમાં ચાલ્યા જઈએ કે જ્યાં સગવડપૂર્વક સંકીર્તન કરી શકીએ. અથવા જો આજ્ઞા હોય તો સંકીર્તન કરવાનુંજ બંધ કરી દઈએ. પણ લોકો તો કરના માર્યો ભાગી પણ જાય છે."

પ્રભુએ કાંઈક દૃઢતાપૂર્વક રોષમાં આવીને કહ્યું:– "તમારે ન તો દેશનો ત્યાગ કરવો પડશે કે ન તો સંકીર્તન બંધ કરવું પડશે. તમે જેમ કર્યા કરો છો, તેમજ સંકીર્તન કર્યા કરો. હું એ કાજીને અને એના સાથીઓને એવો ઉપદેશ દઈશ કે તેઓ સંકીર્તનને કેમ રોકે છે? તમે લોકો જરા પણ ગભરાશો નહિ. પ્રભુના આવા આશ્વાસનને સાંભળીને બધા ભક્તો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. બધા લો પ્રભુની આજ્ઞાનુસાર પહેલાંની પેઠેજ સંકીર્તન કરવા લાગ્યા. પરંતુ [illegible] કરતો [illegible] ને દિવસમાં સંકીર્તન કરવું બંધ કરી દીધું હતું.

એ કેને ખબર. તેઓને પ્રભુએ વિચાર્યું કે આ પ્રકારે કામ નહિ ચાલે. લોકો કાજીના ડરથી ભયભીત થઈ ગયા છે. જ્યાં સુધી હું કાજીને દમન કરીશ નહિ ત્યાં સુધી લોકોનો ભય દૂર થશે નહિ. આ સાંભળીને વાચક આશ્ચર્ય પામશે કે, કાજી પાસે અસ્ત્ર-શસ્ત્રોથી સુસજ્જિત ઘણીયે સેનાઓ છે, બાદશાહ તરફથી તેને અધિકાર મળેલા છે. તેની પાસે રાજબળ, ધનબળ, સૈન્યબળ તથા અધિકારબળ વગેરે સર્વ બળો મોજુદ છે તેનું દમન અહિંસાપ્રિય શાંત સ્વભાવવાળા, અસ્ત્ર-શસ્ત્રહીન, ખોલ-કરતાલની લય સાથે નૃત્ય કરનારા નિમાઈ પંડિત કેમ કરીને કરી શકશે? આ પ્રશ્નનો ઉત્તર વાચકોને હવેના અધ્યાયમાં આપોઆપ મળી જશે.







કાઝી શરણે આવે છે

वंदे स्वैराद्भुतेऽहं तं चैतन्यं यत् प्रसादतः।
यवनाः सुमनायन्ते कृष्णनाम प्रजल्पकाः॥

(ચૈ. ચ. આ૦ ૧૭-૯)

અર્થાત્ જેમની કૃપાથી યવનો પણ સચ્ચરિત્રવાળા થઇને શ્રીકૃષ્ણનાં મધુર નામોનો જપ કરનારા બની જાય છે, તે સ્વચ્છન્દપણે અદ્ભુત ચેષ્ટાઓ કરનારા શ્રી મહાપ્રભુ ચૈતન્યદેવનાં ચરણકમળોમાં હું પ્રણામ કરું છું.

મુકુટ વિનાના રાજા પણ હોય છે અને વિના શસ્ત્રની સેના પણ લડી શકે છે. જે મુકુટધારી રાજા અથવા મહારાજા હોય છે, તેમનો અધિકાર તો માત્ર લોકો પર ભયને લીધે હોય છે, પરંતુ તેઓ અંદરથી તેના પ્રત્યે દ્વેષ પણ રાખી શકે છે અને લોકો કોઇ કોઇ વાર તેની વિરુદ્ધ બળવો પણ કરી શકે છે. પરંતુ જે મુકુટ વિનાના રાજા હોય છે, તેમનો તો જનતાના હૃદય ઉપર અધિકાર હોય છે, તેઓ તો પ્રજાધીન થાય. કે કે તે પ્રાણ પણ ત્યાગ કરી શકે છે. ક્યાં તો મુકુટધારી રાજાની માન મર્યાદાના ની ભયને લીધે જાગી જાય [illegible] પણ થઈ જાય; પરંતુ પ્રેમના જનતાના હૃદય ઉપર અધિકાર [illegible]

કંઇ પણ પરવા કરતા નથી. જેને પોતાના પ્રાણોની કંઇ પણ પરવા નથી, જે મૃત્યુનું નામ સાંભળીને સહેજ પણ વિચલિત થતા નથી અને સદા સર્વદા તેનું સ્વાગત કરવા તૈયાર રહે છે, તેમને માટે સંસારમાં કોઇ પણ કામ મુશ્કેલ નથી. તેમને એ બાહ્ય શસ્ત્રોની એટલી બધી જરૂર નથી, તેમનું તો સાહસ એજ શસ્ત્ર છે. તે નિર્ભય થઇને પોતાના સાહસરૂપી શસ્ત્ર વડે અન્યાયનો પક્ષ લેનારાનો પરાભવ કરી શકે છે. તેમ છતાંયે તે વિરોધી પ્રત્યે કોઇ પ્રકારના ખરાબ વિચાર રાખતા નથી. તે સદા તેના હિતનીજ વાત વિચાર્યા કરે છે અને અંતે તેનું પણ કલ્યાણ થઈ જાય છે. પ્રેમમાં એ તો વિશેષતા છે. પ્રેમ-માર્ગમાં કોઈ શત્રુજ નથી. ઘૃણા, દ્વેષ, કપટ, હિંસા અથવા અકારણ કષ્ટ આપવાના વિચાર પણ એ માર્ગમાં નથી ઉઠતા, ત્યાં તો આજ ભાવ રહે છે કે—

सर्वे कुशलिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाक् भवेत् ॥

(શ્રી વાલ્મીકિમાહાત્મ્ય)

અર્થાત્ સર્વ સુખી થાઓ, સર્વ આરોગ્ય રહો, બધા કલ્યાણમાર્ગના પ્રવાસી થાઓ, કોઈ દુઃખી ન થાઓ.

આનું નામ 'નિષ્ક્રિય પ્રતિરોધ' 'સવિનય ભંગ' અથવા 'સત્યાગ્રહ' છે. મહાપ્રભુ ગૌરાંગદેવે સંકીર્તન રોકવાના વિરોધમાં આજ માર્ગનું અનુસરણ કરવા ઇચ્છયું હતું. કાજીની નીચ પ્રવૃત્તિઓનું દમન કરવાને માટે તેમણે એજ ઉપાયનો આશરો લીધો. બધા લોકોને તેમણે કહી દીધું કે "આપ ગભરાશો નહિ, હું પોતેજ કાજીની સામે સંકીર્તન કરતો કરતો નીકળીશ. જોઉં છું કે તે મને સંકીર્તનથી કેવી રીતે રોકે છે?" [illegible]

[illegible]

સંકીર્તનકારી ભક્તોના સ્વાગત માટે પોતપોતાનાં ઘરોને સુંદરતાપૂર્વક શણગારે અને સાંજે બધા એક એક મશાલ લઈને પ્રભુને ઘેર આવે. ત્યાં કોઈ પણ પ્રકારની ગરબડ–ઘોંઘાટ ન કરે. બસ, સંકીર્તનનું સુખ લૂંટીને પોતપોતાના જીવનને કૃતકૃત્ય બનાવજો.''

બધા લોકો આ ખબર સાંભળતા અને આનંદથી ઉછળવા લાગતા. સામુહિક કાર્યોમાં એક પ્રકારનો સ્વાભાવિક ઉમંગ આવી જાય છે. તે ઉમંગમાં બધી જાતના લોકો એક અજ્ઞાત શક્તિને કારણે ખેંચાઈને ચાલ્યા આવે છે, જેની પાસેથી કોઈ વાર કોઈ શુભ કાર્યની આશા ન કરવામાં આવે, તેઓ પણ જોસમાં આવીને પોતાની શકિત કરતાં ઘણું વધારે કામ કરી નાખે છે, તેથી તો કલિકાળમાં બધાં કર્મોને માટે સંઘશક્તિનેજ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. कलौ तु संघशक्तिः।

નવદ્વીપમાં આવું નગરકીર્તન પહેલાં કદી થયુંજ નહોતું. ત્યાંનાં નર–નારીઓને માટે આ એક નવીનજ વસ્તુ હતી. લોકો ઘણા દિવસથી નિમાઈના નૃત્ય અને કીર્તનની વાતો તો સાંભળતા હતા, પરંતુ તેમણે આજ સુધી કોઈ વાર નિમાઈનું નૃત્ય તથા કીર્તન જોયાં નહોતાં. શ્રીવાસ પંડિતના ઘરની અંદર સંકીર્તન થતું હતું અને તેમાં ખાસ ખાસ ભક્તો સિવાય બીજું કોઈ જઈજ શકતું નહિ, તેથી નગરના લોકોના [illegible] કીર્તનનો આનંદ જોવાની ઈચ્છા મનમાં ને મનમાં દબાઈ જતી હતી. આજે આ નગરકીર્તનની વાતો સાંભળીને બધાની દબાયેલી ઈચ્છાઓ ઉભરાઈ આવી. લોકો પોતપોતાની શક્તિ અનુસાર સંકીર્તનના સ્વાગત માટે અનેક પ્રકારની તૈયારીઓ કરવા લાગ્યા. કહેવત છે કે ''તરબૂચને જોઈને તરબૂચ રંગ બદલવા લાગે છે.'' [illegible]

સંકીર્તન કરનારા ભક્તોનું સ્વાગત સત્કાર કરવાનું સદ્ભાગ્ય અવશ્ય પ્રાપ્ત થઈ શકશે. તેથી તેઓ મહાપ્રભુના બધા સાથીઓના સ્વાગત માટે જાત જાતની સામગ્રીઓ ગોઠવી ગોઠવીને રાખવા લાગ્યા. આ પ્રમાણે સમસ્ત નવદ્વીપમાં ચારે તરફ આનંદ–આનંદ છવાઈ ગયો. આટલી સજાવટ-તૈયારીઓ કોઈ મહોત્સવ ઉપર અથવા કોઈ મહારાજાના આગમનના સમયે પણ નગરમાં નહોતી થતી. ચારે તરફ ધામધૂમ મચેલી હતી. ભક્તોનાં હૃદય પ્રેમને લીધે ઘણાં ઘણાં ઉછળતાં હતાં. તૈયારીઓ કરતાં કરતાંજ વાત વાતમાં સાંજ પડી ગઇ.

મહાપ્રભુ પણ ઘરની અંદર સંકીર્તનની તૈયારીઓ કરતા હતા. તેમણે ખાસ ખાસ ભક્તોને બોલાવીને નગર-કીર્તનની બધી વ્યવસ્થા સમજાવી દીધી. કોણ આગળ રહેશે, કોણ તેમની પાછળ રહેશે અને કોણ સૌથી પાછળ રહેશે, એ બધી બાબતો જણાવી દીધી. કયા જૂથમાં કોણ મુખ્ય નૃત્ય કરનાર હશે, તેની પણ વ્યવસ્થા કરી દીધી.

હવે પ્રભુના અંતરંગ ભક્ત ગદાધરે મહાપ્રભુને શણગાર સજાવ્યા. પ્રભુના વાંકડીઆ કાળા કાળા વાળોમાં જાત જાતનાં સુગંધિત તેલો નાખીને તેનો અંબોડો વાળવામાં આવ્યો. તેમાં માલતી, ચંપો વગેરેનાં સુગંધી પુષ્પો ગૂંથવામાં આવ્યાં. નાક ઉપર ઊર્ધ્વ–પુંડ્ર કરવામાં આવ્યું. કેસર–કંકુનાં નાનાં નાનાં ટપકાંથી મસ્તક તથા બંને ગાલો ઉપર પત્રાવલી બનાવવામાં આવી. તેમના અંગ–પ્રત્યંગની સજાવટ એવી રીતે કરવામાં આવી કે એક વાર કામદેવતા પણ જોઈને શરમિંદા થઈ જાય. મહાપ્રભુએ એક ઘણુંજ સુંદર પીતાંબર પોતાના શરીરે ધારણ કર્યું. નીચે સુધી લટકતું નાની કિનારીવાળું પીળા રંગનું પીતાંબર ઘણુંજ સરસ લાગતું હતું. ગદાધરે ઘુંટણ સુધી લટકતો એક ઘણોજ સુંદર હાર પ્રભુના ગળામાં પહેરાવી દીધો. તે હારને લીધે પ્રભુનું [illegible] સુવર્ણ જેવું શરીર ઘણુંજ

માટે મશાલ નહિ લેતાં તે દિવસે મશાલ લઈને ચાલવાનો એક પ્રકારનો મહિમાજ થઈ ગયો હતો. જાણે બધા લોકો મળીને પોતપોતાની શક્તિ અનુસાર નાના મોટા પ્રકાશ દ્વારા નવદ્વીપના ચિરકાળથી છુપાયેલા અજ્ઞાનરૂપી અંધકારને શોધી શોધીને ભગાડી મૂકવાને માટે કમ્મર કસીને આવ્યા છે. કોઈના હાથમાં મોટી મશાલ હતી, તો કોઈના હાથમાં નાની. કોઈ કોઈએ તો બંને હાથોમાં બે બે મશાલો લીધી હતી. નાનાં નાનાં બાળકો નાની નાની મશાલો લઈને "હરિબોલ' 'હરિબોલ' કહીને નાચતા-કૂદતા હતા.

ગોરજનો સુખમય સમય હતો. આકાશમંડળમાં વિરાજેલા ભગવાન સૂર્યનારાયણ ગૌરચંદ્રના અસહ્ય રૂપલાવણ્યથી પરાભવ પામીને અસ્તાચળમાં મોં સંતાડવાનો પ્રયત્ન કરતા હતા. શરમને લીધે તેમનું સમસ્ત મુખમંડળ લાલ રંગનું થઈ ગયું હતું. આ તરફ આકાશમાં અર્ધચંદ્ર ઉદય પામીને પૂર્ણ ચંદ્રનો પૃથ્વી ઉપર અવતાર થયાની ઘોષણા કરવા લાગ્યો. શુકલપક્ષ હતો, ચાંદની રાત હતી, ગ્રીષ્મકાળનો સુખદ સમય હતો. બધા પ્રેમમાં ઉન્મત્ત થઈને "હરિબોલ" "હરિબોલ" કહીને બૂમો પાડતા હતા. પ્રભુએ ભક્તોને નિયમપુર્વક ઉભા રહી જવાનો સંકેત કર્યો. બધા લોકો પાછા ખસી [illegible] કીર્તન કરનારા ભક્તો આગળ ઉભા રહ્યા. પ્રભુએ [illegible] ને ચાર વિભાગોમાં વહેંચી દીધી. સૌથી [illegible] ભક્તિ-સેનાના મહારથી શ્રીમન્ નિત્યાનંદ [illegible] ચાર્યનો વિભાગ હતો. તે ભાગના [illegible] તેમની પછી શ્રીવાસ પંડિત [illegible] [illegible]

બધા લોકો યથાયોગ્ય સ્થાને ઉભા રહ્યા પછી પ્રભુએ નૂપુર વગાડીને ઈશારો કર્યો. બસ, પ્રભુનો ઇસારો થતાંજ ખોલ-કરતાળોના મધુર ધ્વનિથી આકાશમંડળ ગૂંજવા લાગ્યું. પ્રેમ-મદિરામાં ગાંડા બનેલા ભક્તો તાલ-સ્વર સાથે ગાઇ ગાઇને નૃત્ય કરવા લાગ્યા. તે સમયે ન તો કોઇને પોતાના શરીરનું ભાન રહ્યું અને ન તો બાહ્યજગતનું પણ જ્ઞાન રહ્યું. જે પ્રકારે ભૂત-પિશાચથી પકડાયેલો મનુષ્ય શુદ્ધબુદ્ધ ભૂલીને નાચવા-કૂદવા લાગે છે, તેજ પ્રકારે ભક્તો પ્રેમમાં તલ્લીન થઇને નૃત્ય કરવા લાગ્યા. પરંતુ કોઈ પણ તાલ-સ્વરથી ઉલટું જતું નહિ. આટલા ભારે કોલાહલમાં પણ બધા તાલ-સ્વરના નિયમોનું સારી રીતે પાલન કરતા હતા. બધાના પગ એકસાથેજ ઉપડતા હતા. ઘૂઘરાઓના રૂમઝુમ રૂમઝુમ ધ્વનિની સાથે ખોલ-કરતાલ અને ઝાંઝ-મંજીરાના અવાજો મળીને એક વિચિત્ર પ્રકારની સ્વર-લહેરો ઉઠતી હતી. એક જૂથ બીજા જૂથથી તદન જુદાંજ પદોનું ગાયન કરતો હતો. વાદ્ય વગાડનાર ભક્તો નૃત્ય કરતાં કરતાં વાદ્ય વગાડતા હતા. ખોલ વગાડનારા વગાડતાં વગાડતાં બે હારમાં થઇ જતા અને પૃથ્વી ઉપર સૂતા સૂતા ખોલ વગાડવા લાગતા. કરતાળ વગાડવાવાળા ચારે તરફ હાથ લાંબા કરી કરીને જોરથી કરતાળ વગાડતા, ઝાંઝ અને મંજીરાનો મધુરો અવાજ સૌ કોઇનાં હૃદયોમાં ખળભળાટ ઉત્પન્ન કરતો હતો. નૃત્ય કરનારાઓને ચારે બાજુથી ઘેરીને ભક્તો ઉભા રહી જતા અને તેઓ સ્વચ્છંદપણે અનેક પ્રકારના કીર્તનના ભાવો દર્શાવતા નૃત્ય કરવા લાગ્યા. તેમની મંડળીના બધા ભક્તો તેમના પગની સાથે પગ ઉપાડતા અને તેમના નૂપુરધ્વનિ સાથે પોતાના નૂપુર-ધ્વનિને [illegible] [illegible] બધા લોકો એકસાથે [illegible] "[illegible]" [illegible]

[illegible]

[illegible]

[illegible]

સોગી [illegible] નિત્યાનંદ અને ગદાધરની સાથે પ્રભુ નૃત્ય કરતા હતા. મહાપ્રભુનું આજનું નૃત્ય જોવા લાયક હતું. જાણે આકાશમંડળમાં દેવો પોતપોતાનાં વિમાનોમાં બેઠા બેઠા પ્રભુનું નૃત્ય જોતા હોય તેમ લાગતું. પ્રભુ તે સમયે ભાવાવેશમાં આવીને નૃત્ય કરતા હતા. ઘૂંટણ સુધી લટકતી તેમની મનોહર માળા પૃથ્વીને સ્પર્શ કરવા લાગતી. કમરને લચકાવીને, બન્ને હાથ ઉંચા કરીને ઊર્ધ્વ-દૃષ્ટિ કરતા પ્રભુ નૃત્ય કરતા હતા. તેમનાં બન્ને નેત્રકમળમાંથી પ્રેમા વહી વહીને ગાલો ઉપરથી પડતાં હતાં. તિરછી આંખોની કોરોમાંથી શીતળ અશ્રુઓનાં બિંદુઓ વહી વહીને ગાલો ઉપર કાઢેલી પત્રાવલી ઉપર થઈને નીચે પડતાં, ત્યારે તે સમયના મુખ-મંડળની શોભા દર્શન કરવા યોગ્ય બનતી હતી. તેઓ ગદ્ગદ્ કંઠે ગાતા હતાઃ—"તુહાર ચરણે મન લાગુરે, હે સારંગધર"—સારંગધર કહેતાં કહેતાં પ્રભુનું ગળું ભરાઈ આવતું અને બધા ભક્તો એકસ્વરે બોલી ઉઠતા. "હરિબોલ" "ગૌરહરિબોલ." વળી પાછા પ્રભુ સાવચેત થઈ જતા અને પાછા તેજ પ્રકારે કોયલ-કંઠે ગાન કરવા લાગતા હતા. તેઓ હાથ ફેલાવીને, કમર લચકાવીને, ભવાં ચઢાવીને, મસ્તકને ઉંચું નીચું કરીને જાત જાતના અલૌકિક ભાવો પ્રદર્શિત કરતા હતા. સઘળા પ્રેક્ષકો કાષ્ઠનાં પૂતળાંઓની પેઠે પ્રભુના મુખ તરફ તાકી-તાકીને જોયાજ કરતા હતા. પ્રભુના આજના નૃત્યથી કઠોરમાં કઠોર હૃદયમાં પણ પ્રેમનો સંચાર થઈ રહ્યો. કીર્તનના મહા-વિરોધીઓનાં મુખોમાંથી પણ અકસ્માત્ બોલાઈ જવા લાગ્યુંઃ—"ધન્ય છે, પ્રેમ હો તો આવોજ હજો !" કોઈ કહેતુંઃ—"આટલી તન્મયતા તો મનુષ્યશરીરમાં સંભવિત નથી." બીજો બોલી ઉઠતોઃ—"નિમાઈ તો સાક્ષાત્ નારાયણ છે." કોઈ કહેતુંઃ—"અમે તો આવું સુખ અમારા જીવનમાં આજ સુધી કદી પણ જોયું નથી." બીજો જલ્દી બોલી ઉઠતોઃ—"અમે તો શું કોઈ પણ આજ સુધી આવું સુખ કદી પણ પામ્યા નથી. આ સુખ તો દેવતા-

ઓને પણ દુર્લભ છે. તેઓ પણ તેને માટે સદા ઉત્સુક રહ્યા કરે છે."

મહાપ્રભુ સંકીર્તન કરતા કરતા ગંગાજીના ઘાટ તરફ જતા હતા. રસ્તામાં મનુષ્યોની અપાર ભીડ હતી. એવી તે ભીડમાંથી કીડી પણ પાર જઈ શકે તેમ નહોતું. ભગવદ્-ભક્ત ગૃહસ્થો પોતપોતાના દરવાજા આગળ આરતી લઈને ઉભા હતા. કોઈ પ્રભુના ઉપર પુષ્પો વર્ષાવતા, કોઈ ભક્તો માળા પહેરાવતા, કોઈ કિંમતી અત્તરની શીશીની શીશી પ્રભુ ઉપર ખાલી કરી દેતા. કોઈ અત્તરદાનીમાંથી અત્તર છાંટી છાંટીને ભક્તોને તરબોળ કરી દેતા. અટારી, ઝરૂખા અને છજ્જાં તથા બારણાં ઉપર ઉભેલી સ્ત્રીઓ પ્રભુ ઉપર ત્યાંથીજ પુષ્પોની વૃષ્ટિ કરતી. કુમારી કન્યાઓ પોતાના પાલવમાં ભરી ભરીને ભક્તો પર ડાંગર નાખતી. કોઈ સુંદર સુગંધીવાળું ચંદન છાંટતી, તો કોઈ અક્ષત દુર્વા-ધરો તથા પુષ્પોની વૃષ્ટિ કરીને ભક્તોનું સ્વાગત કરતી. આ પ્રકારે આખો રસ્તો પુષ્પમય થઈ ગયો હતો. ડાંગર, અક્ષત, પુષ્પ અને ફળોથી રસ્તો પથરાઈ ગયા જેવો થઈ ગયો હતો, પ્રભુ ઉન્મત્ત થઈને નૃત્ય કરતા હતા. તેમને બાહ્ય જગતનું કંઈ પણ ધ્યાનજ નહોતું. બધા સંસારી વિષયોનું ચિંતન છોડીને સંકીર્તનની પ્રેમ-ધારામાં તેઓ વહેવા લાગ્યા. તેમને ન તો કાજીનો ખ્યાલ રહ્યો કે ન તો તેના અત્યાચારોનો. બધા પ્રભુનું નૃત્ય જોઈને પોતાપણાને ભૂલી ગયા હતા. આ પ્રકારનું નગર-કીર્તન સૌથી પહેલું આજ હતું. બધાને માટે આ એક નવી વાત હતી. વળી મુસલમાની રાજ્યકર્તાના રાજ્યમાં આવું કરવાની હિંમત પણ કોણ કરી શકે? પરંતુ આજ તો પ્રભુના પ્રભાવથી બધા પોતાને સ્વતંત્ર માનવા લાગ્યા હતા. તેમનાં હૃદયો ઉપર તો એક માત્ર પ્રભુનું જ [illegible] હતું, તેઓ તેમના જરા જેટલા [illegible] પોતાનાં મસ્તક કપાવવા પણ તૈયાર હતા. આ પ્રકારે સંકીર્તન-સમાજ પોતાના નૃત્ય-ગાન તથા જય જયકારોમાં નગરવાસીઓનાં હૃદયમાં એક પ્રકારનો

નવજીવનનો સંચાર કરતા કરતા ગંગાજીના જે ઘાટપર પ્રભુ રોજ સ્નાન કરતા હતા તે ઘાટ ઉપર પહોંચ્યા. ત્યાંથી પ્રભુ ભક્તમંડળી સાથે મધાઇ-ઘાટ ઉપર ગયા. મધાઇ-ઘાટથી સીધાજ બેલપુખરા-જ્યાં કાજી રહેતા હતા તે તરફ ચાલ્યા. હવે બધાને યાદ આવ્યું કે પ્રભુને આજે કાજીનો પણ ઉદ્ધાર કરવો છે. બધા તેના અત્યાચારોનું સ્મરણ કરવા લાગ્યા. કેટલાક માણસો તો એટલે સુધી આવેશમાં આવી ગયા કે ખૂબ જોરથી બૂમો પાડવા લાગ્યા કેઃ "આ કાજીને પકડી લ્યો." "જાનથી મારી નાખો" "એણે હિંદુ ધર્મ ઉપર ઘણા ઘણા અત્યાચારો કર્યા છે." પ્રભુને આ વાતોની કશી ખબર પણ નહોતી. તેમને કોઈ મનુષ્ય ઉપર કે કોઇ ખાસ સંપ્રદાય ઉપર રતીભાર પણ દ્વેષ નહોતો. તેઓ તો અન્યાયના દ્વેષી હતા, તો પણ તેઓ અન્યાયીની સાથે લડવા નહોતા ઇચ્છતા. તેઓ તો પ્રેમ દ્વારાજ તેનો પરાભવ કરવા ઇચ્છતા હતા. તેઓ સંહારના પક્ષપાતી ન હોઇને ઉદ્ધાર કરવાના પક્ષના હતા. તેથી માર-કાપનું નામ લેનારા પુરુષો તેમના ઉદ્દેશને નહિ સમજનારા અભક્તોજ હતા. તે ઉત્તેજનપ્રિય અજ્ઞાની મનુષ્યોએ તો એટલે સુધી કર્યું કે વૃક્ષોની ડાળીઓ તોડી-તોડીને તેઓ કાજીના ઘરમાં ઘૂસી ગયા, અને તેની ફૂલવાડી તથા બાગનાં ફળફૂલોને નષ્ટ-ભ્રષ્ટ કરવા લાગ્યા. કાજીના માણસોએ પહેલેથીજ કાજીને ડરાવી દીધો હતો. તેને કહી દીધું હતું કેઃ-"નિમાઇ પંડિત હજારો મનુષ્યોને સાથે લઇને તમને પકડવા આવે છે. તે લોકો તમને જાનથી મારી નાખશે." પોચા હૃદયવાળો કાજી અસંખ્ય લોકોના કોલાહલથી ડરી ગયો. તેના લશ્કરે પણ ડરીને જવાબ આપી દીધો. બિચારો ચારે બાજુથી પોતાને અસહાય માનીને ઘરની અંદર સંતાઇ ગયો.

જ્યારે પ્રભુને ખબર પડી કે, કેટલાક ઉપદ્રવી-તોફાની માણસો જનતાને ભડકાવીને તેમને ઉશ્કેરે છે અને કાજીને નુકસાન કરવાનો પ્રયત્ન કરે છે, એટલે તેમણે તરતજ

સંકીર્તન બંધ કરવાની આજ્ઞા આપી દીધી. પ્રભુની આજ્ઞા થતાંજ બધા ભક્તોએ પોતપોતાનાં વાદ્ય નીચે ઉતારીને રાખી દીધાં. નૃત્ય કરનારાઓ અટકી ગયા. પદ ગાનારાઓએ પદ બંધ કરી દીધાં. ક્ષણ વારમાંજ ત્યાં શાંતિ પથરાઇ ગઈ. પ્રભુએ દિશાઓને ગજવતા મેઘ–ગંભીર સ્વરમાં કહ્યું: "ખબરદાર, કોઇએ કાજીને સહેજ પણ નુકસાન કરવાનો પ્રયત્ન કર્યો છે તો ! તેનાથી વધારે અપ્રિય મારો બીજો કોઈ નહિ હોય. બધા એકદમ શાંત થઈ જાઓ."

પ્રભુએ આટલું કહ્યું કે તરતજ બધા તોફાનીઓ પોતપોતાના હાથોમાંથી લાઠીઓ તથા ઇંટ–પથ્થર ફેંકી દઇને છાનામાના પ્રભુની પાસે આવીને બેસી ગયા. બધાને શાંત ભાવે બેઠેલા જોઇને પ્રભુએ કાજીના નોકરોને કહ્યું:– "કાજીને મારૂં નામ દઇને કહેજો કે આપને તેમણે બોલાવ્યા છે, આપની સાથે કોઈ પણ અસભ્ય વર્તન કરી શકશે નહિ, આપ થોડી વાર બહાર ચાલો."

પ્રભુની વાત સાંભળીને કાજીના સેવકો ઘરમાં છૂપાઇ ગયેલા કાજી પાસે ગયા અને પ્રભુએ જે જે વાતો કહી હતી તે બધી જઇને કાજીને કહી દીધી. પ્રભુના આવા આશ્વાસનને સાંભળીને અને આટલી અપાર ભીડને ચુપચાપ શાંત જોઇને કાજી બહાર નીકળ્યા. પ્રભુએ ભક્તો સાથે કાજીનો સત્કાર કર્યો અને પ્રેમપૂર્વક તેને પોતાની પાસે બેસાડ્યો. પ્રભુએ કંઇક હસતાં હસતાં પ્રેમાળ સ્વરે કહ્યું:–" કેમ ભાઈ ! એ ક્યાંની રીત કે, અમે તો આપને ઘેર અતિથિ થઇને આવ્યા છીએ અને આપ અમને જોઇને ઘરમાં સંતાઈ જાઓ છો."

કાજીએ કંઇક શરમાઇને વિનયભાવે પ્રેમાળ સ્વરે કહ્યું:–" મારૂં સદ્ભાગ્ય કે આપ મારે ઘેર પધાર્યા છો ! મેં ધાર્યું હતું કે આપ ક્રોધાયમાન થઇને મારે ત્યાં આવો છો, તેથી ક્રોધિત અવસ્થામાં આપની આગળ આવવું ઠીક સમજ્યો નહિ."

[illegible] કરવાની શી વાત [illegible] હું આપના ઉપર ક્રોધ શામાટે [illegible]

આ વાત અમે [illegible] ચુક્યા છીએ કે શચીદેવીના પુત્ર [illegible] માના બાપ) નીલાંબર ચક્રવર્તીનું ઘર એજ બેલપુખરિયા મહોલ્લામાં કાજીની પાસેજ હતું. કાજી ચક્રવર્તીજી ઉપર અત્યંત સ્નેહ રાખતા હતા. તેથી કાજીએ કહ્યું:–" જુઓ નિમાઇ! ગામના સંબંધથી ચક્રવર્તી મારા કાકા થાય છે, તેથી તમે મારા ભાણેજ થયા. હું તમારો મામો છું. મામા ઉપર જો ભાણેજ વિના કારણે ક્રોધ પણ કરે તો તે મામાએ સહન કરવો પડે છે. હું તમારા ક્રોધને સહન કરી લઇશ, તમે ઇચ્છો તેટલો મારા ઉપર ક્રોધ કરી લ્યો."

પ્રભુએ હસતાં હસતાં કહ્યું: "મામા ! હું આ સંબંધનો કયારે અસ્વીકાર કરૂં છું ? આપ તો મારા વડીલ છો. આપે તો મને ખોળામાં રમાડયો છે. હું તો આપની આગળ એક બાળક છું, હું આપના ઉપર ક્રોધ શામાટે કરૂં ?"

કાજીએ કંઇક શરમાતાં શરમાતાં કહ્યું:–" કદાચ એટલા માટે કે મેં તમારા સંકીર્તનનો વિરોધ કર્યો છે."

પ્રભુએ કંઇક હસતાં હસતાં કહ્યું: "એથી હું શા માટે ક્રોધ કરવા મંડું ? આપ પણ સ્વતંત્ર નથી, આપને બાદશાહની જેવી આજ્ઞા મળી હશે યા આપના હાથ નીચેના અમલદારોએ જેમ કહ્યું હશે, તેજ પ્રમાણે આપે કર્યું હશે. જો કીર્તન કરનારાઓને સજા કરવાનું આપે નક્કી કર્યું હોય તો અમે બધા એજ અપરાધ કરીએ છીએ, અમને પણ ખુશીથી સજા કરો. અમે તેને માટે તૈયાર થઇને આવ્યા છીએ."

કાજીએ કહ્યું:–" બાદશાહની તો એવી કોઈ આજ્ઞા નહોતી, પરંતુ તમારા કેટલાક પંડિતોએજ આવીને મને

[illegible] મોજુદ [illegible] બોલીને [illegible]

[illegible] કાજીને [illegible] દર્શા- [illegible] બની [illegible] [illegible] નામોનું [illegible] પામે છે.* ઉચ્ચારણ કરી [illegible] છે, [illegible] આપે તો કેટલીયે વાર 'હરિ' 'કૃષ્ણ' એ મધુર નામોનું ઉચ્ચારણ કર્યું છે. એ નામોના ઉચ્ચારણને લીધેજ આપની બુદ્ધિ આટલી નિર્મળ થઈ ગઈ છે.”

પ્રભુનું પ્રેમાલિંગન પામીને કાજીનાં રૂવે રૂવાં ખીલી ઉઠયાં. તેને પોતાના શરીરમાં એક પ્રકારના નવજીવનનો સંચાર થતો હોય તેમ જણાવા લાગ્યું. તે પોતાનામાં વધારે ને વધારે સ્નેહાળપણું, કોમળતા અને પવિત્રતાનો અનુભવ કરવા લાગ્યો. ત્યારે પ્રભુએ કહ્યું:–“ઠીક, તો મામા! આપને મારે એજ વાત કહેવી છે કે હવે આપ સંકીર્તનનો વિરોધ કદી પણ ના કરશો.”

ગદ્ગદ્ કંઠે કાજી કહેવા લાગ્યો કે “ગૌરહરિ! તમે સાક્ષાત્ નારાયણસ્વરૂપ છો, તમારી સમક્ષ હું સોગનપૂર્વક કહું છું કે હું મારા કુળ–પરિવારને છોડી શકું છું, કુંબી તથા જાતિવાળાઓનો પણ પરિત્યાગ કરી શકું છું, પરંતુ આજથી સંકીર્તનનો કદી પણ વિરોધ નહિ કરૂં. તમે લોકોને કહી દો, કે તેઓ કોઈ પણ પ્રકારના સંકોચ વિના કીર્તન કર્યા કરે.”

કાજીની આવી વાત સાંભળીને હાજર રહેલા બધા

---

* साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा ।
वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदुः ॥ (શ્રીમદ્ભાગવત ૬–૨–૧૪)

[illegible] આવ્યા [illegible] કર્યું. તે પ્રભુને [illegible] તે દિવસથી તેમ- [illegible] કે એ સંકીર્ત- [illegible] હજુ સુધી [illegible] લોકો [illegible] બેલપુકુર યા હજુ સુધી શ્રીકૃષ્ણ-સંકીર્તન [illegible] કાજીની સમાધિ બ્રાહ્મણપુકુર સ્થાનમાં હજુ [illegible] કાજીની મોજૂદ છે. તે મહાભાગવત [illegible] કાજીની સમાધિ આગળ જઈને હજુ પણ વૈષ્ણવો ત્યાંની રજને પોતાના મસ્તક ઉપર ચઢાવીને પોતાને કૃતાર્થ માને છે. તે પ્રેમ–દશ્ય તેમની સમાધિની પાસે જતાંજ ભાવિક ભક્તોનાં હૃદયોમાં સજીવ થઈને [illegible] ને તેઓજ નૃત્ય કરવા લાગે છે. ધન્ય છે મહાપ્રભુ ગૌરાંગદેવના એવા પ્રેમને, કે જેની આગળ વિરોધીઓ પણ તેમને શરણે આ-વીને તેમની છત્રછાયામાં પોતાને સુખી બનાવે છે. અને ધન્ય છે એવા મહાભાગ્યશાળી કાજીને જેને મામા કહીને મહાપ્રભુ પ્રેમપૂર્વક ગાઢ આલિંગન આપે છે.



[illegible] મનુષ્યને પોતાના [illegible] તેઓ પોતાના [illegible] કરતા નથી. [illegible] જાય [illegible] લોકોની શ્રદ્ધામાં છે. [illegible] શંકાનો [illegible] સામાન્ય લોકો [illegible] તેની ઉપેક્ષા ઢોંગ, પાખંડ, જૂઠ અથવા અર્થવાદ [illegible] શું? જ્યારે કરે છે. તેઓ ભલે કરતા રહે, ભક્તોને તેથી શું? જ્યારે તેઓ શાસ્ત્ર અને યુક્તિઓ સુદ્ધાંની દરકાર નથી કરતા તો સામાન્ય લોકોની ઉપેક્ષાની પરવાજ શું કામ કરે? મહા-પ્રભુના સંકીર્તનસમયે પણ ભક્તોને ઘણીયે અદ્ભુત ઘટના દેખાતી હતી, જેમાંથી બે-ચાર નીચે આપવામાં આવે છે.

એક દિવસ પ્રભુએ શ્રીવાસને ઘેર સંકીર્તન પછી કેરીના એક ગોટલાને લઇને આંગણામાં દાટી દીધો. જોત જોતામાંજ તેમાંથી અંકુર ફૂટયો અને થોડીજ ક્ષણમાં તે અંકુર વધીને પૂરૂં વૃક્ષ બની ગયો. ભકતોએ આશ્ચર્યપૂર્વક તે વૃક્ષ જોયું. તેજ સમયે તેના ઉપર ફળ પણ દેખાવા લાગ્યાં અને તે વાતની વાતમાં પાકેલા જેવાં જણાવા લાગ્યાં. પ્રભુએ તે બધાં ફળોને તોડી લીધાં અને બધા ભકતોને એક-એક વહેંચી દીધું. કેરીઓ જોઇનેજ દિલ ખુશ ખુશ થઇ જતું હતું, મોટી મોટી સિંદૂરિયા રંગની એ કેરીઓ ભકતોનાં ચિત્તને આપોઆપજ પોતાની તરફ આકર્ષિત કરતી હતી. તેમાંથી દિવ્ય સુગંધ નીકળતી હતી. ભક્તોએ તેમને પ્રભુનો પ્રસાદ સમજીને પ્રેમથી ખાધી. તે કેરીઓમાં નહોતો તો ગોટલો કે નહોતું તો છોડું; બસ, ચારે બાજુ ઓતપ્રોતભાવે અદ્ભુત માધુર્ય-રસજ ભરેલો હતો. એક કેરી ખાવાથીજ પેટ ભરાઇ જતું હતું, પછી ભકતોને બીજી કોઇ વસ્તુ ખાવાની દરકારજ રહેતી નહિ, [illegible] પણ [illegible] ન જોઇએ, કે જ્યારે પ્રેમ-વાટિકાના સુચતુર માળી મહા-પ્રભુ ગૌરાંગના હાથથી [illegible] [illegible]

અંદરથી કેરી ખાઇ લીધી; પછી આ સાંસારિક ખાદ્ય પદાર્થોની જરૂરજ શી રહે છે ? આ પ્રકારે આ આમ્ર-મહોત્સવ શ્રીવાસને ઘેર બારેય મહિના થતો હતો, પરંતુ જેને આ વાતનો વિશ્વાસ નહોતો આવતો એવા અભક્તને તે કેરીનાં દર્શન પણ થતાં નહિ. તો પછી મળવાની તો દૂરજ રહી. આજ સુધી પણ નવદ્વીપમાં એક સ્થાન આમ્રઘટ્ટ અથવા આમ્રઘટા નામથી પ્રસિદ્ધ થઇને તે કેરીઓનું સ્મરણ કરાવે છે. તે સુંદર, સ્વાદિષ્ટ અને દર્શનીય તથા ગોટલા છોડા વિનાની કેરીઓના સ્મરણથી તો અમારા મોંમાં સાચેસાચજ પાણી ભરાઇ આવ્યું.

એક દિવસ સંકીર્તનસમયે વરસાદ આવવા લાગ્યો. આકાશમાં મોટાં મોટાં વાદળ આવીને ચારે તરફ છવાઇ ગયાં. આસમયે આકાશને વાદળાંથી છવાયેલું જોઇને ભક્તો કંઇક ભયભીત જેવા થયા. તેમણે માન્યું કે, સંભવ છે કે વરસાદ અમારા આ સંકીર્તનના આનંદમાં વિઘ્ન નાખશે. પ્રભુએ ભક્તોના ભાવોને સમજીને તેજ સમયે એક હોકારો કર્યો. પ્રભુનો એ હોકારો સાંભળતાંજ વાદળાં આમ તેમ હટી ગયાં અને આકાશ તદ્દન સાફ થઇ ગયું.

હવે એક ઘટના એવી છે, કે જે સાંભળીને બધા સંસારી પ્રાણીઓ તો શું પણ સારા સારા પરમાર્થમાર્ગના પથિકો પણ આશ્ચર્યચકિત થઇ જશે. આ ઘટનાથી વાચકોને ખબર પડશે કે, ભગવદ્ભક્તિમાં કેટલું સામર્થ્ય છે. જેને ભગવત્કૃપાનો અનુભવ થવા લાગ્યો છે એવા અનન્ય [illegible]

[illegible]

ણામાં પ્રેમપૂર્વક સંકીર્તન કરતા હતા. તે દિવસે કોણ જાણે કેમ, બધા ભક્તો સંકીર્તનમાં એક પ્રકારના અલૌકિક આનંદનો અનુભવ કરવા લાગ્યા. બધા ભક્તો વિવિધ પ્રકારનાં વાદ્યો સાથે પ્રેમમાં તલ્લીન થઇને શરીરનું ભાન ભૂલીને નૃત્ય કરતા હતા. એટલામાંજ શ્રી મહાપ્રભુ પણ સંકીર્તનમાં આવીને ભળી ગયા. પ્રભુના સંકીર્તનમાં આવવાથી ભક્તોનો આનંદ વળી વિશેષ વધવા લાગ્યો. પ્રભુ પણ સર્વ કંઈ ભૂલીને ભક્તોની સાથે નૃત્ય કરવા લાગ્યા. પ્રભુની પાછળ પાછળ શ્રીવાસ પણ નૃત્ય કરતા હતા. એટલામાંજ એક દાસીએ ધીરેથી આવીને શ્રીવાસને અંદર જવાનો ઇસારો કર્યો. દાસીના સંકેતને સમજી જઇ શ્રીવાસ અંદર ચાલ્યા ગયા. અંદર તેમનું બાળક બિમાર પડયું હતું. તેમનાં પત્ની બાળકની સેવા–શુશ્રૂષામાં રોકાયેલાં હતાં. શચીમાતા પણ ત્યાં હાજર હતાં. બાળકની સ્થિતિ ઘણીજ શોચનીય હતી. શ્રીવાસે બાળકની છાતી ઉપર હાથ મૂકયો, પછી તેની નાડી જોઈ અને અંતે તે બાળકના મોં તરફ જોવા લાગ્યા. શ્રીવાસને ખબર પડી ગઇ કે બાળક છેલ્લા શ્વાસોચ્છ્વાસ લે છે. બાળકની આવી દશા જોઇને ઘરની બધી સ્ત્રીઓ ગભરાવા લાગી. શ્રીવાસજીએ એ બધાંને ધીરજ આપી અને તેઓ તેજ પ્રમાણે તે બાળકના ઓશીકા આગળ બેસીને તેના માથા ઉપર હાથ ફેરવવા લાગ્યા. થોડીજ વારમાં શ્રીવાસે જોયું કે, બાળક હવે શ્વાસ લેતું નથી. તેનું પ્રાણ–પંખેરૂ આ નશ્વર શરીરનો ત્યાગ કરીને કોઈ અજ્ઞાત લોકમાં ચાલ્યું ગયું છે. આ જોઇને બાળકની મા અને તેની બધી કાકીઓ રુદન કરવા લાગી. હાય ! એકના એક પુત્રનું મૃત્યુ થતાં માતાને કેટલો બધો શોક થાય છે, તેનો અનુભવ કોઈ મનુષ્ય કરીજ શી રીતે શકે ? માતાનું હૃદય ફાટવા લાગે છે. તેનું શરીર રહતું નથી, પરંતુ તેનું અંતઃકરણ પીગળવા લાગે છે, તે પીગળી પીગળીને આંસુના રૂપમાં અવિશ્રાન્ત વહેવા લાગે છે. તે સમયે તેને રડતી કોણ રોકી શકે છે ? તે પ્રકારનું રુદન તો કોઈનુંજ

નથી, તે તો અંતર્જ્વાળાની ભભક હોય છે; અને તેનાથી તેનું માખણ જેવું સ્નિગ્ધ હૃદય આપોઆપજ ઓગળી જાય છે. મરેલા પોતાના એકના એક પુત્રને પથારી ઉપર પડેલો જોઇને માતાનું હૃદય ફાટવા લાગ્યું, તે જોરથી ચીસો પાડીને પૃથ્વી ઉપર પડી ગઈ. પોતાની સ્ત્રીને આ પ્રકારે પછાડ ખાતી જોઇને તથા ઘરની બધી સ્ત્રીઓને રુદન કરતી જોઇને શ્રીવાસજી દૃઢતાપૂર્વક એ બધાને સમજાવતા સમજાવતા કહેવા લાગ્યાઃ–"જોજો, ખબરદાર કોઇએ શ્વાસ પણ કાઢયો છે તો પછી તમારી વાત છે. જોતી નથી કે આંગણામાં પ્રભુ નૃત્ય કરે છે! તેમના આનંદમાં ભંગ પડયો ન જોઇએ. મને પ્રભુના આનંદમાં વિઘ્ન પડવાથી જેટલો શોક થશે,તેટલો શોક પુત્રના મરણ પામવાથી કદી પણ થઈ શકશે નહિ. જો સંકીર્તનની વચમાં કોઇ પણ રડયો તો હું હમણાંજ ગંગાજીમાં કૂદી પડીને પ્રાણ છોડી દઇશ. મારી આ વાત તદ્દન બરાબર માનો."

હાય! કેટલી ભારે કઠોરતા છે! ભક્તિદેવિ! તારા ચરણોમાં કોટિ–કોટિ નમસ્કાર છે. જે પ્રેમ અને ભક્તિમાં આટલી બધી દયાળુતા અને સરસતા છે તેમાં શું આટલી બધી કઠોરતા પણ રહી શકે છે? જેનો એકમાત્ર પ્રાણથી પ્યારો, નયનોનો તારો, સમસ્ત ઘરને પ્રકાશિત કરનાર એકનો એક પુત્ર મરી ગયો હોય અને તેનો મૃતદેહ માતાની સમક્ષજ પડયો હોય, તે માતાને કહેવામાં આવે છે કે, તું આંસુનું બિંદુ પણ વહાવી શકશે નહિ, જોરથી રડીને પોતાના હૃદયની જ્વાળાને પણ ઓછી કરી શકશે નહિ. કેટલો ભારે અન્યાય છે, કેવી નિર્દય આજ્ઞા છે! કેટલી ભારે કઠોરતા છે! પરંતુ ભક્તને પોતાના ઇષ્ટદેવની પ્રસન્નતાને માટે સર્વ કંઇ કરવું પડે છે. પતિપરાયણા ભિખારી માલિનીદેવી મનને દબાવીને ચૂપ થઇ ગઈ. તેણે પોતાની છાતી પર પથ્થર રાખીને હૃદયને સખ્ત બનાવ્યું, અંદરની જ્વાળાને અંદરજ રોકી અને આંસુઓને [illegible]

પત્નીના ચૂપ થઈ ગયા પછી શ્રીવાસ ધીરે ધીરે તેને સમજાવવા લાગ્યા કે "આ બાળકનું આથી વિશેષ બીજું કયું મહાભારે સદ્‌ભાગ્ય હોઈ શકે કે જ્યારે સાક્ષાત્ ગૌરાંગ આંગણામાં નૃત્ય કરે છે તે સમયે તેણે શરીરનો ત્યાગ કર્યો છે. મહાપ્રભુજી ભગવાન સ્વામી છે. તેમની હાજરીમાં શરીર-ત્યાગ કરવો એ શું ઓછા સદ્‌ભાગ્યની વાત છે?"

માલિનીદેવી ચૂપચાપ બેસીને પતિની વાતો સાંભળતાં હતાં. તેમનું હૃદય ફાટુ ફાટુ થતું હતું. શ્રીવાસજીએ ફરી એક વાર દઢતાપૂર્વક કહ્યું:–"બધાને સમજાવી દેજો કે જ્યાં સુધી પ્રભુ નૃત્ય કરે છે, ત્યાંસુધી કોઈ રડે નહિ. પ્રભુના આનંદરસમાં સહેજ પણ વિઘ્ન પડ્યું, તો આ છોકરાની સાથે સાથેજ મારા આ શરીરનો પણ અંત આવ્યો જાણજો." એટલું કહીને શ્રીવાસજી પાછા બહાર આંગણામાં આવી ગયા અને ભકતોની સાથે મળીને તેજ પ્રકારે બન્ને હાથો ઉંચા કરીને સંકીર્તન અને નૃત્ય કરવા લાગ્યા.

ચાર ઘડી રાત વીત્યા પછી બાળકનું મૃત્યુ થયું હતું. અર્ધી રાતથી કંઈક વધારે સમય ભકતો એજ પ્રમાણે કીર્તન કરતા રહ્યા, પરંતુ આટલી મોટી વાત ક્યાંસુધી છુપી રહી શકે? ધીરે ધીરે ભકતોમાં આ વાત ફેલાવા લાગી. એકથી બીજાના કાને જતાં, જે જાણ સાંભળતું તે કીર્તન બંધ કરીને ચૂપ થઈ જતું. આ પ્રકારે ધીરે ધીરે બધા ભકતો ચૂપ થઈ ગયા. ખોલ–કરતાલ વગેરે વાજાં [illegible]

યાં આપ સંકીર્તન કરો છો, ત્યાં કદી કોઈ દુર્ઘટના
નીજ શી રીતે શકે ? સઘળી દુર્ઘટનાઓના નિવારણકર્તા
તો આપજ છો. આપની સમક્ષ ભલા દુર્ઘટના આવીજ
શી રીતે શકે ? આપ તો મંગળસ્વરૂપ છો. આપની હાજરી-
માં તો પરમ મંગળજ મંગળ હોવું જોઇએ."

પ્રભુએ દૃઢતાપૂર્વક કહ્યું:—" ના, બરાબર કહો. મારૂં મન વ્યાકુળ થઈ રહ્યું છે. હૃદય પોતાની મેળેજ નીકળી પડવા ઈચ્છે છે. અવશ્યજ કોઇ દુર્ઘટના બનેલી છે."

પ્રભુએ આ પ્રમાણે આગ્રહપૂર્વક પૂછતાં શ્રીવાસ ચૂપ થઇ ગયા. તેમણે કંઇ પણ જવાબ આપ્યો નહિ. ત્યારે એક ભક્તે ધીરેથી કહ્યું: " પ્રભો ! શ્રીવાસનો એકનો એક પુત્ર પરલોકવાસી થઈ ગયો છે."

સંભ્રમપૂર્વક શ્રીવાસના મુખ તરફ જોતાં જોતાં પ્રભુએ ચમકીને કહ્યું:—" હેં ! શું કહ્યું ? શ્રીવાસના પુત્રનો પર-લોકવાસ ! ક્યારે થયો ? પંડિતજી ! આપ કહેતા કેમ નથી ? ખરી વાત શું છે ?"

શ્રીવાસ ફરીથી પણ ચૂપજ રહ્યા, ત્યારે તેજ ભક્તે ફરીથી કહ્યું: " પ્રભો ! આ વાતને તો અઢી પહોર થવ આવ્યા. આપના આનંદમાં વિઘ્ન ન થાય, તેટલા માં શ્રીવાસ પંડિતે આ વાત કોઇને પણ કહી નથી."

આટલું સાંભળતાંજ પ્રભુની બન્ને આંખોમાંથી અ ઓની ધારા વહેવા લાગી. ગદ્ગદ્ કંઠે પ્રભુએ કહ્યુ "શ્રીવાસ ! આપે આજ શ્રીકૃષ્ણને ખરીદી લીધા છે. ઓહ આટલી બધી દૃઢતા ! એકના એક મરેલા પુત્રને આ મૂકીને આપ એવા પ્રેમથી કીર્તન કરો છો ! ધન્ય છે આ ભક્તિને અને બલિહારી છે આપના કૃષ્ણપ્રેમને ! આ આ જ એવા ભક્તોના દર્શનના ... કોટિ જન્મોના ... અમ છે " એમ કહીને પ્રભુ પુકે રડવા લાગ્યા.

પ્રભુને આ પ્રકારે રડતા જોઈને ગદ્ગદ કંઠે શ્રીવાસ પંડિતે કહ્યું કે "પ્રભો ! હું પુત્રશોકને તો સહન કરવા સમર્થ થઈ શકું છું, પરંતુ આપના રુદનને સહી શકતો નથી. હે સમસ્ત પ્રાણીઓના એકમાત્ર આશ્રયદાતા ! આપ આપનાં કમળનયનોમાંથી અશ્રુ વહાવીને મારા હૃદયને દુઃખી ના કરો. નાથ ! હું આપને રડતા જોઈ શકું તેમ નથી."

એટલામાંજ કેટલાક ભક્તો અંદર જઈને શ્રીવાસ પંડિતના મરેલા પુત્રને આંગણામાં ઉપાડી લાવ્યા. પ્રભુ તેના મસ્તક આગળ બેઠા અને પોતાના કોમળ હાથ વડે તેનો સ્પર્શ કરતાં કરતાં જીવતા મનુષ્યને જેમ પૂછતા હોય તેજ પ્રકારે પૂછવા લાગ્યા કે "કેમ જીવ ! તું ક્યાં છે ? આ શરીરનો પરિત્યાગ કરીને ક્યાં ચાલ્યો ગયો ?" તે સમયે પ્રભુના અંતરંગ ભક્તોને જાણે સ્પષ્ટ સંભળાવા લાગ્યું કે, મૃત શરીર જીવતા મનુષ્યની પેઠે જવાબ આપે છે. તેણે કહ્યું:–"પ્રભો ! હું તો કર્માધીન છું. મારા આ શરીરમાં આટલા દિવસના સંસ્કાર હતા. હવે હું ઘણાજ ઉત્તમ સ્થાનમાં છું અને અત્યંત પ્રસન્ન છું."

પ્રભુએ કહ્યું:–"થોડો સમય આ શરીરમાં વધારે કેમ રહેતો નથી ?"

જાણે જીવે ઉત્તર આપ્યો: "પ્રભો ! આપ સર્વસમર્થ છો. આપ પ્રારબ્ધનો પણ નાશ કરી શકો છો, પરંતુ મારે આ શરીરમાં એટલાજ દિવસો રહેવાનું હતું. હવે મારી આ શરીરમાં રહેવાની ઇચ્છા પણ નથી; કેમકે હવે હું જ્યાં છું ત્યાં વધારે સુખી છું."

જીવના આવા જવાબ સાંભળીને બધા લોકોનો શોક-મોહ દૂર થઈ ગયો. ત્યારે પ્રભુએ શ્રીવાસ પંડિતને સાંત્વના આપતાં કહ્યું:–"પંડિતજી ! આપ તો પોતેજ સર્વ કંઈ જાણો છો. આપને આ પુત્ર સાથે આટલા દિવસોનાજ સંસ્કાર હતા. હજુ સુધી આપ આ બાળકનેજ આપનો પુત્ર

[illegible] સહેજ પણ રહેતો [illegible] દુઃખોનો તદ્દન [illegible]


[illegible] ભક્તોની [illegible] અચિંત્ય છે, મનુષ્યની બુદ્ધિના [illegible] છે. જેમના ઉપર ભગવાનની કૃપા હોય છે, જેમને ભગવાનજ પોતાના કહીને પસંદ કરી લે છે. તેમને કોઈ મહાપુરુષ તરફ ભગવદ્-ભાવના હોય છે અને તેઓજ તે અનિર્વચનીય આનંદના રસાસ્વાદનો અધિકારી પણ બની શકે છે. પ્રભુની બધી લીલાઓમાં પ્રેમજ પ્રેમ ભરેલો રહેતો હતો, કેમકે તેઓ પ્રેમની સજીવ-સાકાર મૂર્તિજ હતા.

શુક્લાંબર બ્રહ્મચારી પ્રભુના [illegible] ભક્ત [illegible] હતા. તેઓ કોઈ કોઈ વાર એવો અનુભવ કરતા હતા કે પ્રભુની તેમના ઉપર જેવી હોવી જોઈએ તેવી કૃપા નથી. તેમના મનોગત વિચારોને જાણી જઈને પ્રભુએ એક દિવસ તેમને કહ્યું:–"બ્રહ્મચારીજી! કાલે હું તમારે [illegible] મારે માટે અને [illegible] ભોજન બનાવી રાખજો." [illegible] પણ ઘણો વધારે થયો અને [illegible] હર્ષ તો એટલા માટે થયો કે પ્રભુએ મને [illegible] ને યોગ્ય માન્યો છે અને દુઃખ એટલા [illegible] કુલીન બ્રાહ્મણ છે, તેઓ મારા [illegible] કેવી રીતે ખાશે? તેથી તેમણે દીનતા [illegible] તો ભિક્ષુક છું, આપને ભોજન કરાવવા [illegible] હું આટલી બધી કૃપાને માટે અયોગ્ય છું.

પ્રભુએ આગ્રહપૂર્વક કહ્યું: "તમે ગમે તો માનો કે ન માનો, પણ હું તો કાલે તમારેજ ત્યાં જમીશ. એમ નહિ તો તમારી થાળીમાંથી ઝૂંટવીને ખાઈ જઈશ." આ સાંભળીને બ્રહ્મચારીજી ઘણા મૂંઝવણમાં પડયા. તેમણે બીજા પણ કેટલાક અંતરંગ ભક્તોને આ બાબતમાં પૂછયું. ભક્ત

[illegible] આશ-
[illegible] આશ્ચર્ય થયું.
[illegible] તેમને તે હાથ
[illegible] અદ્ભુત રૂપ-
[illegible] જેવા થઈ
[illegible] છે? આમ
[illegible] દેખાય છે
[illegible] છે. એમને
[illegible] દર્શન
શ્રીકૃષ્ણ [illegible] વિજયે કંઈ
થયાં નથી?" પ્રભુના [illegible] તેને તે
ઉત્તર આપ્યો નહિ. [illegible]
ાના શરીરનું [illegible] પ્રભુની [illegible]
ને તે પાગલની પેઠે [illegible]
કોઈ વાર પોતાની [illegible] પ્રભ-
રીજી તથા નિત્યાનંદજીએ પણ [illegible]
તિ જોઈ. તેઓ સમજી ગયા કે પ્રભુની [illegible]
થઈ ગઈ છે. આ પ્રકારે વિજય [illegible]
પ્રમાણે ગાંડા જેવી ચેષ્ટાઓ કરતા રહ્યા. [illegible]
કંઈ પણ ભાન નહોતું. ન તો [illegible]
ન તો રાત્રે સૂતા. પાગલોની પેઠે [illegible]
કોઈ કોઈ વાર જોરથી હસતા પણ [illegible]
સ પછી તેમને બાહ્યજ્ઞાન થયું. [illegible]
ોને આ વાત જણાવી.

આ પ્રકારે શ્રીવાસ પંડિતને ઘેર એક દરજી રહેતો
. હમેશાં કીર્તન સાંભળી સાંભળીને તેને કીર્તનમાં
મહાપ્રભુનાં ચરણોમાં ગાઢ ભક્તિ થઈ હતી. પ્રભુ
રે પણ ત્યાંથી નીકળતા, ત્યારે તે ભક્તિભાવ સહિત
ને પ્રણામ કરતો. એક દિવસ તેને પણ પ્રભુના દિવ્ય
ાં દર્શન થયાં. તે અલૌકિક રૂપનું દર્શન કરીને તે
ભાગ્યવાન દરજી કૃતકૃત્ય થઈ ગયો અને પાગલોની પેઠે
ન્દમાં કેટલાયે દિવસ સુધી "જોયા છે" "જોયા છે"



नूतन प्रेम अने गोपीभाव

क्वचित्पुलकस्तूष्णीमास्ते संस्पर्शनिर्वृतः ।
अस्पन्दप्रणयानन्दसलिलामीलितेक्षणः ॥
आसीनः पर्यटन्नश्नञ्छयानः प्रपिबन् ब्रुवन् ।
नानुसंधत्त एतानि गोविन्दपरिरम्भितः ॥

(શ્રીમદ્ભાગવત ૭–૪–૪૨)

અર્થાત્ ભગવદનુરાગ–પ્રેમમાં લવલીન થયેલા પ્રહ્‌લાદજીની અવસ્થાનું વર્ણન કરે છે–" તેઓ કોઇ કોઇ વાર ભગવત્સ્વરૂપમાં તન્મય થઈ જવાને લીધે તેજ ભાવમાં નિમગ્ન જેવા થઈ જતા હતા, તેમનું સમસ્ત શરીર રોમાંચિત થઇ ઉઠતું હતું. અચળ પ્રેમને લીધે ઉત્પન્ન થયેલાં પ્રેમાશ્રુઓને કારણે તેમનાં નેત્ર કંઇક મીંચાઇ જતાં હતાં. એવી અવસ્થામાં તેઓ કોઇની સાથે કંઈ પણ બોલ્યા સિવાય એકાંતમાં ચૂપચાપ બેઠા રહેતા હતા. બેસતાં, ખાતાં, ફરતાં, સૂતાં, જલપાન કરતાં અને વાર્તાલાપ તથા ભાષણ કરતાં, ભોજન અને આસનાદિ ભોગ્ય પદાર્થોના ઉપભોગસમયે તેમને પોતાના ગુણ–દોષનું પણ ધ્યાન રહેતું નહિ, કેમકે ગોવિંદે તેમને પોતાનામાં ઘણાજ લવલીન કરી લીધા હતા.

મહાપ્રભુ જ્યારથી ગયાજીથી પાછા ફર્યા હતા, ત્યારથી સદા પ્રેમમાં મસ્ત, બાહ્યજ્ઞાનથી શૂન્ય તથા બેભાન જેવા રહ્યા કરતા હતા; પરંતુ ભક્તો સાથે સંકીર્તન કરવામાં તેમને ઘણોજ આનંદ આવતો હતો. કીર્તનમાં તેઓ સર્વ કંઈ ભૂલી જતા, અને તેમના કાનોમાં સંકીર્તનનો સુમધુર ધ્વનિ સંભળાતો કે તેઓનું મન ઉન્મત્ત બનતું

રાખીને અન્યમનસ્ક ભાવે અશ્રુજ સાર્યા કરતા. કોઈ વાર રાધા-ભાવમાં તેઓ કહેવા લાગતા: "હે કૃષ્ણ ! તમે આટલા બધા નિષ્ઠુર છો, એમ હું નહોતી જણાતી. હું રાસમાં તમારી મીઠી મીઠી વાતોથી છેતરાઇ ગઇ. મને ભોળી ભલી અબળાને તમે આ પ્રમાણે દગો દેશો, એની મને શી ખબર ? હાય ! મારી બુદ્ધિ ઉપર કોણ જાણે તે વખતે કેમ પથ્થર પડી ગયા કે હું તમારી એ મીઠી મીઠી વાતોમાં ભોળવાઈ ગઇ. કયાં તમે અખિલ ઐશ્વર્યના સ્વામી અને કયાં હું એક વનમાં રહેનાર ગોવાળની છોકરી. તમારી સાથે અજાણતાં સ્નેહ કર્યો. હા પ્રાણનાથ ! આ પ્રાણ તો તમનેજ અર્પણ થઇ ચૂકયા છે. એ તો તમારી સાથેજ રહેશે; પછી ગમે તો આ શરીર ગમે ત્યાં ભલેને પડયું રહે. વહાલા ! તમે કોમળ હૃદયના છો, સરસ છો, સરલ છો, સુંદર છો, પછી તમે મારે માટે કઠોર હૃદયના નિષ્ઠુર અને વાંકા સ્વભાવના કેમ બની ગયા છો ? મને આ પ્રકારની વિરહ-વેદના પહોંચાડવામાં તમને શું મજા પડે છે ?" આ પ્રકારે કલાકો સુધી પ્રલાપ કર્યા કરતા હતા.

કોઇ વાર, અક્રૂર વૃંદાવનમાં શ્રીકૃષ્ણને લેવા આવ્યા છે અને ગોપીઓ ભગવાનના વિરહમાં રુદન કરે છે, એ ભાવનું સ્મરણ કરીને તેઓ ગોપીભાવથી કહેવા લાગતા— "હા દૈવ ! તેં શું કર્યું ? મારા પ્રાણપ્રિય, અમારા સમસ્ત વ્રજના વહાલા મનમોહનને તું અમારાથી જુદા કેમ પાડે છે ? ઓ નિર્દય વિધાતા ! તારી આ દુષ્ટ બુદ્ધિને વારંવાર ધિક્કાર છે, કે તું આ પ્રકારે પ્રેમીઓને મેળવીને પછી તેમને વિરહ-સાગરમાં ડૂબાવી-ડૂબાવીને ખરાબ રીતે તરફડાવતો રહે છે. હાય ! વહાલા કૃષ્ણ ! હવે ચાલ્યાજ જશો શું ? શું હવે એ મોરલીના મનોહર સૂર સાંભળવા મળશેજ નહિ ? શું હવે એ પીતાંબરની છટા જોવા મળશે નહિ ? શું હવે મોહનના મનોહર મુખને જોઇને અમે આખા દિવસના દુઃખ-સંતાપોને નહિ ભુલાવી શકીએ ? શું હવે [illegible] કૃષ્ણ અમારા [illegible]

હવે શ્યામસુંદરની મનોહર મૂર્તિને જોઈને સુખસાગરમાં આનંદની ડૂબકીઓ નહિ લગાવી શકીએ ? આ ક્રૂરકર્મી વળી અક્રૂર અહીં ક્યાંથી આવ્યો ? એનું આવું ઉલટું નામ કોણે રાખ્યું હશે ? જે અમને અમારા પ્રાણપ્રિયથી અલગ કરે, તેને અક્રૂર કોણ કહી શકે ? તે તો મહાક્રૂર છે. અથવા આ બધી વિધાતાનીજ ક્રૂરતા છે. બિચારા અક્રૂરનો એમાં શો દોષ ?" એમ કહી કહીને તેઓ જોરથી બૂમો પાડતા હતા.

કોઈ વાર શ્રીકૃષ્ણના ભાવમાં આવીને ગોવાળો ગોપીની સાથે વ્રજની લીલાઓનું અનુકરણ કરવા લાગતા, કોઇ વાર પ્રહ્લાદના આવેશમાં આવીને દૈત્ય-બાળકોને શિક્ષણ આપવાનું અનુકરણ કરીને પાસે બેઠેલા ભક્તોને ભગવન્નામસ્મરણ અને કીર્તનનો ઉપદેશ કરવા લાગતા, કોઈવાર ધ્રુવનું સ્મરણ કરીને તેમનાજ ભાવમાં એક પગે ઉભા રહીને તપસ્યા કરવા લાગતા તો વળી કોઇ વાર વિરહિણી દશાનો અભિનય કરવા લાગતા, એકદમ ઉદાસ બની જતા અને હાથોના નખોથી જમીનજ ખોતરવા લાગતા. શચી માતા તેમની આવી દશા જોઇને ઘણાં દુઃખી થતાં. તેઓ પુત્રની મંગલકામના માટે બધા દેવી-દેવતાઓની પૂજા કરતાં. આને કોઇ રોગ સમજીને વૈદ્યોની સલાહ લેતાં. તેઓ બાળકોને ઘણા દીનભાવે કહેતાં-" કોણ જાણે નિમાઇને શું થઇ ગયું છે ! હવે તે પહેલાંની પેઠે કીર્તન પણ કરતો નથી અને નથી તો કોઇ સાથે હસતો-બોલતો. તેને શું થઇ ગયું છે ? તમે આનો ઇલાજ કેમ નથી કરાવતા ? કોઇ વૈદને દેખાડો."

બિચારા બાળક [illegible] માતાની આ દયનીય-કરુણ [illegible] વાતો સાંભળીને રડવા લાગતા. તેઓ [illegible] ચિકિત્સા તો એ કરે છે. [illegible] કોણ કરી શકે ? [illegible]

[illegible] તેઓ
જાણે છે, શ્યામસુંદર [illegible] રોજ તેઓ
હસવા લાગશે." [illegible] સમજાવતા,
પરંતુ [illegible] નહિ.
તે સદા [illegible]

એક દિવસ [illegible] 'ગોપી'
'ગોપી' [illegible] વમાં
'ગોપી'
એવા તલ્લીન [illegible] કે [illegible] તો.
એ શબ્દ સિવાય કે [illegible] નાં
તેજ સમયે એક પ્રતિ [illegible]
દર્શન કરવા [illegible]
ભણેલા પણ [illegible]
પારંગત પંડિત [illegible]
હતા. પ્રેમમાં [illegible]
બાહ્યજ્ઞાનશૂન્ય હતા [illegible]
કે કોણ તેમની પાસે આવ્યું [illegible]
ચાલ્યું ગયું. તે વિદ્વાનની [illegible]
સ્થિતિ જોઈને કંઈક અભિમાન [illegible]
આ કેવું અશાસ્ત્રીય વર્તન કરે [illegible]
વાથી શો લાભ? કૃષ્ણ-કૃષ્ણ કહો, [illegible]
અને શાસ્ત્રની મર્યાદાનો [illegible]

[illegible]

...તો જતો હતો. લોકો એને આ રીતે નાસતો જોઇ ...શ્ચર્યપૂર્વક નાસવાનું કારણ પૂછતા, કોઇ એની આવી ...ધા જોઇને મશ્કરી કરતા હસતા હતા, પરંતુ એ કોઇનું ...ાંભળતો નહોતો. તેને તો પોતાનો જાન બચાવવાની ચિંતા હતી.

પ્રભુને આ પ્રકારે વિદ્યાર્થીની પાછળ દોડતા જોઇને ભક્તોએ તેમને પકડી લીધા. પ્રભુ તેજ ભાવમાં મૂર્છિત થઇને પડી ગયા. વિદ્યાર્થીએ ઘણે દૂર ગયા પછી પાછું વાળીને જોયું. જ્યારે તેણે પ્રભુને પોતાની પાછળ આવતા ન જોયા ત્યારે તે ઉભો રહ્યો. તેનો શ્વાસ જોરથી ચાલતો હતો. આખું શરીર પરસેવાથી લથપથ થઇ ગયું હતું. તેના અંગે અંગમાંથી પરસેવાના રેગરેળ ઉતરતા હતા, લોકો-એ તેની આવી દશા જોઇને તેને જાત જાતના પ્રશ્નો પૂછવા માંડ્યા. પરંતુ એ પ્રશ્નોનો શું જવાબ આપે? તેને તો શ્વાસ ચઢેલો હતો, મોંમાંથી વાત પણ નીકળી શકતી નહોતી. કોઈ કોઈ માણસોએ દયાભાવે તેને પંખા નાખ્યે અને થોડું ઠંડુ પાણી પાયું. પાણી પીધા પછી તેને કંઈ ભાન આવ્યું. શ્વાસ પણ ઠીક ઠીક ચાલવા લાગ્યા. એટ... એક જણે પૂછ્યું:—" મહાશય! આપની આવી દશા ... થઇ? કોણે આપને આટલા બધા હેરાન કર્યા?"

તેણે પોતાના હૃદયનો દેવાગ્નિ દાબવતાં દાબવતાં ... " ભાઇ! શું કહું? મેં સાંભળ્યું હતું કે જગન્નાથ મિ... છોકરો નિમાઇ મોટો ભક્ત બની ગયો છે. તે ... મારી સાથે ભણતો હતો. મેં વિચાર્યું કે " ચાલો, ... થયો છે તો તેના દર્શન કરી આવું તેથી હું તેના ... [illegible]

ભાગ્યો ના હોત તો તે મને ત્યાં ને ત્યાં પૂરોજ કરી દેત. આનું નામ ભક્તિ છે? આનું નામ તો ક્રૂરતા છે. ક્રૂર હિંસક પારધિજ આવું વર્તન કરી શકે છે. ભક્ત તો અહિંસા-પ્રિય, શાંત અને પ્રાણીમાત્ર ઉપર દયા કરનાર હોય છે.”

તેના મુખમાંથી આવી વાતો સાંભળીને થોડા મશ્કરા તો ધીરેથી કહેવા લાગ્યા:—“પંડિતજી! થોડોક વધારે ઉપદેશ કેમ ના કર્યો?” થોડાક હસતા હસતા કહેતા:—“પંડિતજી! ઉપદેશનો [illegible] મારે નથી! ખોટમાં પડયા. કેમ બરાબર છે ને? [illegible] વાત છે કે બચી ગયા. હવે સવા રૂપિયાનો પ્રસાદ જરૂર વહેંચજો.”

કેટલાક ઈર્ષ્યા રાખનારા મૂર્ખ માણસો [illegible] ચલી ઈર્ષ્યાને પ્રગટ કરતાં કહેવા લાગ્યા: [illegible] કોઈ સારૂં કામ થોડુંજ કરવાનો છે! [illegible] ઉપર પ્રહાર કરવાનું તો એ શીખ્યો છે. [illegible] સંતાઈને કોણ જાણે શું શું કર્યા કરે છે અને [illegible] સાધુ-બ્રાહ્મણોને ત્રાસ આપ્યા કરે છે. એજ [illegible] છે. પંડિતજી! તમારે હાથ નથી શું? [illegible] વીસ બુદ્ધિહીન ભક્તો છે, તો તમારા કહેવામાં [illegible] રો વિદ્યાર્થી છે. એક વાર એ બધાની બરાબર ખબર કેમ લેવડાવતા નથી? બસ, ત્યારેજ એ ગધા કીર્તન કીર્તન ભૂલી જશે. જ્યાં સુધી તેમનાં હાડકાં ખોખરાં નહિ થાય ત્યાં સુધી તેઓને ભાનજ આવવાનું નથી.”

ગુસ્સામાં [illegible] બનેલા તે વિદ્યાભિમાની વિદ્યાર્થીએ ગર્જના કરીને કહ્યું: “મારા કલાસમાં હજારો વિદ્યાર્થીઓ છે. મારી આંખના ઇશારાથીજ એ બધાઓમાંથી કોઈનું હાડકું એ [illegible] જશે નહિ. આજે કાલેજ જોજો, આનું પરિણામ શું આવે છે. કાલે ભક્તોની ખબર પડી જશે કે, ભક્તિનું [illegible] હોય છે!”

[illegible]

ઉપર ચઢેલાજ રહ્યા હતા. તેમને માટે મહાપ્રભુનો આટલો બધો વધતો જતો યશ અસહ્ય હતો. તેમના હૃદયમાં મહાપ્રભુની દેશવ્યાપી કીર્તિને લીધે એક પ્રકારની ઈર્ષા થતી હતી. હવે આટલા મોટા સુયોગ્ય વિદ્યાર્થી ઉપર પ્રહારની વાત સાંભળીને મોટે ભાગે ખરાબ સ્વભાવના ઘણાયે વિદ્યાર્થીઓ એકદમ ઉશ્કેરાઇ ગયા અને તેજ સમયે મહાપ્રભુને મારવા જવા તૈયાર થઇ ગયા. થોડા સમજુ વિદ્યાર્થીઓએ કહ્યું–"ભાઇ! આટલી બધી ઉતાવળ કરવાની શી જરૂર છે? એમના ઉપર પ્રહાર તો થયો પણ નથી. બે–ચાર દિવસ વિશેષ રાહ જુઓ. જો તેમનું સાથેસાથ એવુંજ વર્તન રહે અને હવે પછી કોઇ પણ વિદ્યાર્થી ઉપર આ પ્રકારે પ્રહાર કરવામાં આવે તો તમારે પ્રહારનો ઉત્તર પ્રહારથી આપવો જોઇએ. હમણાં આટલી બધી ઉતાવળ કરવી ન જોઇએ." આ પ્રકારે તે સમયે તો વિદ્યાર્થીઓ શાંત થઇ ગયા, પરંતુ તેમને પ્રભુના પ્રત્યે વૈરભાવ તો વધતોજ ગયો. કેટલાક દુષ્ટ બુદ્ધિવાળા માયાપુર-નિવાસી બ્રાહ્મણો પણ આ વિદ્યાર્થીઓ સાથે ભળી ગયા. આ પ્રકારે પ્રભુના વિરુદ્ધ એક પ્રકારનું ઘણું મોટું ટોળું બન્યું.

ભાવાવેશ પછી પ્રભુને બધી બાબતોની ખબર પડી. આથી તેમને અપાર દુઃખ થયું. તેઓ ઘર–બાર તથા ઇષ્ટ-મિત્ર અને પોતાના સાથી ભક્તોથી પહેલેથીજ ઉદાસીન હતા. આ બનાવથી તેમની ઉદાસીનતા વળી વિશેષ વધી ગઈ. હવે તેમને સંકીર્તનને લીધે ફેલાયેલી પોતાની દેશવ્યાપી કીર્તિ નાશ પામવાને માટે દોડતી હોય તેમ લાગ્યું. તેમને ઘર–બાર, કુટુંબપરિવાર તથા ધર્મપત્ની અને માતા પ્રત્યે એકદમ વૈરાગ્ય આવી ગયો. તેમનું મન હવે પેરા[illegible] [illegible] ઉપેક્ષા વાયુમાં સ્વચ્છંદપૂર્વક [illegible] વિચરણ કરવાને માટે ઉત્સુ[illegible] [illegible] કરવાને માટે [illegible] [illegible] વાત [illegible]

संन्यास पहला

तत् साधु मन्येऽसुरवर्य देहिनां
सदा समुद्विग्न धियामसद्ग्रहात् ।
हित्वात्मपातं गृहमन्धकूपं
वनं गतो यद् हरिमाश्रयेत ॥

(श्रीमद्भागवत ७-५-५)

અર્થાત્ હિરણ્યકશિપુએ "બેટા ! તારા મત પ્રમાણે સૌથી શ્રેષ્ઠ કાર્ય કયું છે ?" એમ પૂછતાં પ્રહ્‌લાદજી કહે છેઃ–"હે અસુરોના અધીશ્વર પૂજ્ય પિતાજી ! હું તો એનેજ સૌથી વધારે શ્રેષ્ઠ સમજું છું કે 'અહંતા અને મમતા' અર્થાત્ હું આવો છું, આ ચીજો મારી છે એવા મિથ્યા અભિમાનને કારણ જેની બુદ્ધિ સદા ઉદ્વિગ્ન રહે છે અને જે ઘરમાં રહીને હમેશાં પ્રાણી મોહમાંજ ફસાઇ રહે છે, તે અંધાર-કૂવા જેવા ઘરનો ત્યાગ કરીને એકાંતમાં જઇને શ્રીહરિનાં ચરણોનું ચિંતન કરવું. મારા મત પ્રમાણે તો એથી શ્રેષ્ઠ બીજું કંઇ પણ નથી."

મહાપ્રભુનું મન હવે મહાન ત્યાગને માટે તરફડવા લાગ્યું. તેમના હૃદયમાં વૈરાગ્યની લહેરો ઉડવા લાગી; જોકે મહાપ્રભુને ઘરમાં કંઈ બંધન નહોતું. ત્યાં રહીને તેઓ લાખો નર-નારીઓનું કલ્યાણ કરતા હતા, પરંતુ એટલાથીજ તેઓ સંતોષ પામનારા નહોતા. તેમને તો ભગવન્નામને વિશ્વવ્યાપી બનાવવું હતું. પછી તેઓ પોતાને નવદ્વીપનાજ બનાવીને અને કોઇએક પત્નીનાજ પતિ બનાવી

કેમ કરીને રહી શકે ? તેઓ તો સમસ્ત વિશ્વની વિભૂતિરૂપ હતા. ભગવદ્ભક્ત માત્રના તેઓ પૂજનીય તથા વંદનીય હતા. એવી દશામાં તેઓ નવદ્વીપમાંજ રહે એ અસંભવિત હતું.

સંસારી સુખ, ધનસંપત્તિ અને કીર્તિ એ પૂર્વજન્મના ભાગ્યથીજ મળે છે. જેમના ભાગ્યમાં ધન અથવા કીર્તિ નથી હોતી, તેઓ ગમે તેટલો પરિશ્રમ ભલેને કરે, ગમે તેટલા સારા સારા ભાવોનો પ્રચાર તેમના દ્વારા ભલેને થાય; પરંતુ તેમને ધન અને કીર્તિ મળી શકતાંજ નથી. રાજા યુદ્ધમાં ભાગ્યેજ કોઈ વાર લડવા જાય છે, નહિ તો તે મહેલમાંજ બેઠી રહે છે. સેનામાં મોટા મોટા વીર યોદ્ધા સાહસ અને શૂરવીરતાપૂર્વક યુદ્ધ કરે છે. પ્રાણોની હોડ લગાવીને લાખો સૈનિકો એક એકથી ચડે તેવાં પરાક્રમો બતાવતા શત્રુઓના દાંત ખાટા કરી નાખે છે, પરંતુ તેમની શૂરવીરતાની કોઈને ખબરજ પડતી નથી; વિજયનો સુયશ તો મહેલમાં બેઠેલા રાજાનેજ પ્રાપ્ત થાય છે. એક ચમારનું કુટુંબ આખો દિવસ કામ કરે છે. તેના નાના બાળકથી તે વૃદ્ધ, અને સ્ત્રી-પુરુષ બધાં રાતદિવસ કામમાંજ ચોંટ્યાં રહે છે, તેમ છતાં પણ તેમને ખાવાનુંયે પૂરતું મળતું નથી. આથી ઉલટું બીજા મહારાજાનો પલંગથી નીચે ઉતરે છે, ત્યારે ઘણાયે સેવકો તેમની આગળ પાથરણાં પાથરવા પાયરતા ચાલે છે. તેમના મુનીમો રાતદહાડો પરિશ્રમ કરે છે, તેમના દ્વારા તેમને હજારો રૂપિયાની રોજની આવક થાય છે; પરંતુ તે મુનીમોને મહિનાના આખરે પચ્ચીસ-ત્રીસ રૂપિયાજ મળે છે. તે ખરી આવકના [illegible] તે કદી પણ ન કરનારા મહાજનોજ સુખરૂપ છે, તથા કોઈના ધન અથવા બદલો [illegible] કીર્તિને [illegible] કદી [illegible] નહિ એટલે કે હું [illegible] કામ કર્યું છે, તો પણ મારે નામ આટલું બધું કેમ થયું નથી ? એ તો પોતપોતાના ભાગ્યની વાત છે. [illegible] ભાગ્યમાં જેટલી કીર્તિ હોય નહિ, ત્યાં [illegible]

[illegible] મળશે કે જે [illegible] છે અને તેની [illegible] તત્ત્વાચાર્યની [illegible] અને વિરક્ત [illegible] આચાર્યપદ [illegible] ના શ્રી રામાનુજ [illegible] પ્રમાણે [illegible] કોઈ [illegible] હોય, એ બધાના [illegible] સંબંધ શરીર સાથે છે. જ્યાં સુધી શરીર [illegible] પ્રારબ્ધ-ના ભોગ ભોગવવાજ પડશે. એ જુદી વાત છે કે મહાપુરુષોની એ ભોગોમાં સહેજ પણ આસક્તિ હોતી નથી. તેઓ શરીરને અને પ્રારબ્ધને દેહનું વસ્ત્ર અને મેલ સમજીને તેજ પ્રમાણે વર્તન કરે છે. ખરી વાત તો એ છે કે તેમનું પોતાનું પ્રારબ્ધ તો કંઇ હોતુંજ નથી. તેઓ જગતના કલ્યાણને નિમિત્તેજ પ્રારબ્ધનું બહાનું કાઢીને લીલાઓ કરે છે.

કીર્તિ પણ સંસારનાં સુખોમાંથી એક મહાન સુખ છે. લોકોમાં જેની વધારે કીર્તિ ફેલાવા લાગે છે તેના કીર્તિ-લોલુપ સંસારી લોકો દ્વેષ કરવા લાગે છે. તેનો એક માત્ર ઉપાય એ છે કે પોતાના તરફથી કીર્તિ પ્રાપ્ત કરવાને સહેજ પણ પ્રયત્ન ન કરવો. "મારી કીર્તિ ફેલાય" એ ભાવ પણ બનતા સુધી હૃદયમાં આવવોજ ન જોઇએ, અને મળેલી કીર્તિનો ત્યાગ પણ કરતા રહેવું જોઇએ. ત્યાગથી કીર્તિ વિશેષ નિર્મળ થઈ જાય છે અને ઈર્ષા કરનારાઓ પણ ત્યાગના પ્રભાવથી તેના ચરણોમાં મસ્તક ઝૂકાવે છે.

આ તો સંસારી ભોગો વિષેની વાત થઇ. ત્યાગનું ફળ કીર્તિ નિર્મળ બને અને શત્રુઓ પણ પોતાની મહત્તાનો સ્વીકાર કરે એટલુંજ નથી, પરંતુ ત્યાગનું સર્વોત્તમ ફળ તો ભગવત્-પ્રાપ્તિજ છે. ત્યાગ વિના ભગવત્-પ્રાપ્તિ થઇજ શકતી નથી. ભગવત્-પ્રાપ્તિનું મુખ્ય કારણ સર્વસ્વનો ત્યાગ કરવો એજ છે. જે લોકો એમ કહે છે કે

"સંન્યાસ-ધર્મ તો ભક્તિમાર્ગનો વિરોધી છે" તેઓ અજ્ઞાની છે, તેમને ભક્તિમાર્ગની ખબરજ નથી. અમે દૃઢતાપૂર્વક કહીએ છીએ કે, સંન્યાસી બન્યા સિવાય કોઈ પણ મનુષ્ય ભક્તિમાર્ગનું અનુસરણ કરીજ શકતો નથી. અમે શાસ્ત્રોને આધારે એટલે સુધી કહેવાને તૈયાર છીએ કે, કોઇ સંન્યાસી થયા સિવાય જ્ઞાનપ્રાપ્તિ ભલે કરી લે; પરંતુ સર્વસ્વનો ત્યાગ કર્યા સિવાય ભક્તિ તો પ્રાપ્ત થતીજ નથી. મનથી ત્યાગ કરવાનું બહાનું બતાવીને જે વિષયોના સેવનમાં મચ્યા રહેવા છતાં પણ પોતાને પૂર્ણ ભગવદ્ભક્ત કહેવરાવવાનો દાવો કરે છે, તેમને અમારે કંઇજ કહેવાનું નથી. અમે તો એ લોકોને એટલુંજ જણાવવા ઇચ્છીએ છીએ કે જેઓ યથાર્થમાં ભક્તિમાર્ગનું અનુસરણ કરવા ઇચ્છે છે તેમને અમે દૃઢતાપૂર્વક કહીએ છીએ કે, પોતાના પૂર્વજન્મના પ્રારબ્ધાનુસાર આપ સર્વસ્વ ત્યાગીને સંન્યાસી ન થઇ શકો, તો તે આપની નિર્બળતા છે. જે કોઇ દશામાં રહો, ભક્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન તો પ્રત્યેક દશામાં કરી શકો છો; પરંતુ પૂર્ણ ભક્ત બનવાને માટે માત્ર મનથી નહિ પણ સ્વરૂપથી પણ ત્યાગ કરવોજ પડશે. સર્વ કર્મોનાં ફળોના ત્યાગપૂર્વક સર્વ સાંસારિક ભોગોનો ત્યાગ પણ અનિવાર્યજ છે. પરંતુ આથી ઉલટા થોડાક એવા પણ ભગવદ્ભક્તો જોવામાં આવ્યા છે કે જેઓ પ્રવૃત્તિમાર્ગમાં રહેતા હોવા છતાં પણ પૂર્ણ ભક્ત થયા છે. તેમને અપવાદજ સમજવા જોઇએ. સિદ્ધાંત તો એ છે, કે, ભગવદ્ભક્તિને માટે રૂપ, સનાતન અને રઘુનાથદાસની પેઠે અકિંચન બનીને ઘર ઘરના ટુકડાઓ ઉપરજ નિર્વાહ કરીને અહર્નિશ કૃષ્ણકીર્તન કરતા રહેવું જોઇએ. તેથી લોકમાન્ય તિલકે, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ બન્નેને ત્યાગ-માર્ગ બતાવીને એક નવાજ કર્મમાર્ગની કલ્પના કરેલી છે.

આમ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ભગવદ્ભક્તિ કરી શકાય છે, પરંતુ તે જેમ કોઈ શ્વાસના-દમના રોગીને માટે દહીંનો સર્વથા નિષેધ છે, એના જેવીજ વાત છે. એ તે

દમના રોગમાં દહીંથી તદ્દન બચીને રહે તો તો સર્વશ્રેષ્ઠ છે, પરંતુ તે પોતાના પૂર્વજન્મના સંસ્કારો અનુસાર દહીંની પ્રબળ વાસનાને લીધે તેને એકદમ છોડી શકતો નથી, તો વૈદ્ય તેમાં એક એવી દવા મેળવી દે છે કે પછી તે દહીં બિમારીને નુકસાનકર્તા થતું નથી. આ પ્રકારે જે એકદમ પૂરેપુરો ત્યાગ કરી શકતો નથી, તેને માટે ભગવાને જણાવ્યું છે કે, તે સમસ્ત સંસારી કાર્યો ભગવત્‌-સેવાજ સમજીને નિષ્કામભાવે ફળની ઇચ્છારહિત થઈને કરતા રહેશે અને નિરંતર હરિસ્મરણમાંજ લાગ્યા રહેશે તો તેમને સંસારી કાર્યો અડચણ નહિ કરી શકે. પરંતુ જેઓ આગ્રહપૂર્વક આ વાતનો આગ્રહજ કરે છે કે, ભક્તિમાર્ગના પ્રવાસીએ કોઈપણ દશામાં સંસારી કાર્યોનો ત્યાગ કરીને સંન્યાસધર્મનું અનુસરણ ન કરવું જોઈએ, તેમને તો અમે શું કહીએ ? તેઓ થોડી ઉંચી દૃષ્ટિ કરીને જુએ તો તેમને ખબર પડશે કે, બધા ભક્તિમાર્ગના મુખ્ય પુરુષો ઘરબારનો ત્યાગ કરીને સંન્યાસીજ થયેલા છે.

ભક્તિના અથવા બધા માર્ગોના પ્રવર્તક ભગવાન બ્રહ્માજી છે. તેઓ તો પ્રવૃત્તિ-નિવૃત્તિ બન્નેનાજ જનક છે. તેથી તેમને કોઇ એક માર્ગના કહેવા બરાબર નથી. તેમના પુત્ર અથવા શિષ્ય ભગવાન નારદજ ભક્તિમાર્ગના મુખ્ય આચાર્ય ગણાય છે. તેઓ ઘર-બાર ત્યાગી આજન્મ બ્રહ્મચારી-સંન્યાસીજ હતા. તેમણે એક કે બેનેજ ઘર બાર વિનાના નથી બનાવ્યા, પરંતુ લાખોને તેમની પૂર્વ પ્રકૃતિ અનુસાર સંસાર-ત્યાગી વૈરાગી બનાવી દીધા હતા. મહારાજ દક્ષ પ્રજાપતિના અગિયાર-બાર હજાર શબલાશ્વ અને હરિતાશ્વ નામના પુત્રોને સદાને માટે સંન્યાસી બનાવી દીધા હતા. ભક્તિમાર્ગની એક મુખ્ય શાખાના પ્રવર્તક સનક, સનંદન, સનત્કુમાર અને સનાતન, એ ચારેય સંન્યાસીજ હતા. ભગવાનનાં બ્રાહ્મણશરીરોમાં પરશુરામ, વામન, નારદ, સનત્કુમાર, કપિલ, નર-નારાયણ જેટલા મુખ્ય અવતાર થયા છે, તે બધા મૂળમાંથી સંન્યાસીજ

હતા. બીજું તો શું ભક્તિમાર્ગના ચારે સંપ્રદાયોના મધ્વાચાર્ય (આનંદતીર્થ), નિમ્બાર્કાચાર્ય, રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય, એ બધાજ સંન્યાસીજ હતા; જો કે ભગવાન વલ્લભાચાર્યની પૂજા-પદ્ધતિમાં સંન્યાસ-ધર્મની એટલી આવશ્યકતા નથી. યથાર્થમાં તેમણે પ્રવૃત્તિમાર્ગવાળા ધનવાન પુરુષોનેજ માટે આ પ્રકારની પૂજા-અર્ચાની પદ્ધતિની પરિપાટી ચલાવી અને પોતે પણ ગૃહસ્થાશ્રમી રહેતા થકા સદા વાત્સલ્યભાવે બાલકૃષ્ણની સેવા-પૂજા કરીનેજ ભક્તો સમક્ષ આદર્શ રજુ કરતા રહ્યા; પરંતુ તેમ છતાંયે તેમણે અંતે શ્રીવારાણસી (કાશી) ધામમાં જઇને ભાગવત્-ધર્મ અનુસાર સર્વસ્વનો ત્યાગ કરીને સંન્યાસ-ધર્મ ગ્રહણ કર્યો હતો. જે સંન્યાસ-ધર્મનો આટલો બધો મહિમા છે તેની નિંદા સંસારી વિષયોમાં જકડાયેલા જીવો સિવાય કોઇ કરીજ શકે નહિ. બુદ્ધ, ઇશુ અને ચૈતન્ય એ સંન્યાસી ન હોત તો એ મહાપુરુષો સંસારમાં આજે ત્યાગના આટલા ઉંચા ભાવો કેમ કરીને ભરી શક્યા હોત ?

મહાપ્રભુ ગૌરાંગદેવ તો ત્યાગની મૂર્તિજ હતા. તેઓ તો એટલે સુધી કહે છે કેઃ—

संदर्शनं विषयिणामथ योषितां च
हा हन्त हन्त विषभक्षणतोऽप्यसाधु ॥
(મહાપ્રભુ—નાટક)

અર્થાત "વિષયી લોકોનું તથા કામિનીઓનું દર્શન તો વિષ-ભક્ષણથી પણ ખરાબ છે." અહા ! આવા [illegible] ઉદાહરણ બીજે ક્યાં મળી શકશે ? મહાપ્રભુ [illegible] ત્યાગની પરાકાષ્ઠા કરી બતાવી છે. [illegible] અનુયાયી [illegible] રૂપ, સનાતન, [illegible] સ્વરૂપ, દામોદર, [illegible] [illegible] [illegible] અને [illegible] અને વૈરાગ્ય [illegible]

પ્રભુના પરમ ત્યાગમય ભાવોનો એક ઉજ્જ્વળ આદર્શ છે. રૂપ સ્વામીને માટે તો એટલે સુધી સંભળાય છે કે તેઓ એક દિવસથી વધારે એક વૃક્ષની નીચે પણ રહેતા નહિ.તા. વ્રજવાસીઓના ઘરના ટુકડા માગી લાવવા અને રોજ રોજ કોઈ નવા વૃક્ષની નીચે પડ્યા રહેવું. ધન્ય છે તેમના ત્યાગને અને તેમની ભક્તિને !

ભગવાનના અંતરંગ [illegible] પ્રકાર સંન્યાસી થયા હતા. [illegible] વધારે ત્યાગનો આદર્શ [illegible] અને ગોપિકાઓએ જો કે [illegible] કેમકે લિંગ-સંન્યાસનું [illegible] માટેજ જોવામાં આવે છે, પરન્તુ [illegible] છોડીને અલિંગ-સંન્યાસીજ [illegible]

મહાપ્રભુ ભલા ઘરમાં કેમ [illegible] મનમાં સંન્યાસ લેવાના વિચારે [illegible] લાગ્યા. તેઓ મનોમન વિચારવા લાગ્યા કે [illegible] જ્યાં સુધી સંન્યાસી બનીને અને [illegible] ભિક્ષા નહિ માગું, ત્યાં સુધી નહિ તો મારા [illegible] પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય અને ન તો મારા એ વિરોધીઓને પણ ઉદ્ધાર થશે. હું એ વિરોધીઓનો ઉદ્ધાર [illegible] ત્યાગદ્વારાજ કરી શકીશ. તેઓ મારી [illegible] કીર્તિની [illegible] [illegible]

દશનામી સંન્યાસીઓમાં તીર્થ, સરસ્વતી અને આ-શ્રમ, એ ત્રણેને દંડ ધારણ કરવાનો અધિકાર છે. ભારતી-ઓને પણ દંડનો અધિકાર છે, પરંતુ દંડી સંપ્રદાયમાં તેમનો અર્ધો દંડ ગણાય છે. બાકીના ગિરિ, પુરી, વન, અરણ્ય તથા પર્વત વગેરે છ પ્રકારના સંન્યાસીઓને દંડનો અધિકાર નથી.* દંડ બ્રાહ્મણુજ લઇ શકે છે. તેથી દંડી સં-ન્યાસી બ્રાહ્મણુજ થાય છે. કેશવ ભારતી દંડી સંન્યાસીજ હતા. પાછળથી તેમની શિષ્યપરંપરામાં તેમના ઉત્તરા-ધિકારી–વારસો ગૃહસ્થાશ્રમી થઈ ગયા હતા. તેઓ કટવા-ની પાસે હજુ પણ હયાત છે.

ભારતીને જોતાંજ પ્રભુએ ઉઠીને તેમનાં ચરણોમાં પ્રણામ કર્યાં. ભારતી તેમના શરીરમાં આવા અપૂર્વ પ્રેમનાં લક્ષણો જોઈને તદ્દન આશ્ચર્યચકિતજ થઈ ગયાં. તેમની નમ્રતા, સદ્વર્તન અને સુશીલતાથી પ્રસન્ન થઇને ભારતી પ્રેમમાં લવલીન થઇને કહેવા લાગ્યા: "આપ કાં તો નારદ છો યા પ્રહ્લાદ; આપ તો મૂર્તિમાન્ પ્રેમજ જણાઓ છો."

ભારતીના મુખમાંથી આવી વાતો સાંભળીને પ્રભુ પ્રેમમાં લવલીન થઈ ગયા અને ભારતીનાં ચરણો પકડીને ગદ્ગદ્ કંઠે કહેવા લાગ્યા કે "આપ સાક્ષાત્ ઈશ્વર છો, આપ નરરૂપે ભગવાન નારાયણ છો. આજે મારા ગૃહસ્થા-શ્રમીના ઘરને પાવન કરો અને મારા ઉપર કૃપા કરો, કે જેથી હું સંસારના બંધનથી મુક્ત થઇ શકું."

ભારતીએ કહ્યું–"આપના સમસ્ત શરીરમાં ભગવ-ત્તાના ચિહ્નો છે. આપ પ્રેમના અવતાર છો, મને તો આપનાં દર્શનથી ભગવાનનાં દર્શનના જેવા સુખનો અનુ-ભવ થાય છે"

પ્રભુએ ભારતીની સ્તુતિ કરતાં કરતાં કહ્યું:–"આપ તો ભગવાનના વહાલા છો, આપના હૃદયમાં સદા ભગ-

* तीर्थाश्रमवनारण्यगिरिपर्वतसागराः ।
पुरी सरस्वती चैव भारती च दशाह्वयाः ॥

વાન નિવાસ કરે છે. તેમનાં નેત્રોમાં શ્રીકૃષ્ણની છાયા
સદા છવાયેલી રહે છે. તેઓ અણુ અણુ વિશ્વમાં આપ ભગ-
વાનનાંજ દર્શન કરે છે."

આ પ્રકારે એ બન્ને મહાપુરુષોમાં ઘણી વાર સુધી
પ્રેમની વાતો ચાલ્યા કરી. કેશવભારતી પ્રભુ ઉપર આસક્ત
થઇને તેઓ પરસ્પરની સ્તુતિ કરતા હતા. પછી શચીમાતાએ
ભોજન તૈયાર કર્યું. પ્રભુએ શ્રદ્ધાપૂર્વક ભારતીજીને ભિક્ષા
કરાવી. બીજે દિવસે ભારતીજી ગંગાકિનારે પોતાના આ-
શ્રમે પાછા ફર્યા; જાણે તેઓ પ્રભુને સંન્યાસનું સ્મરણ કરા-
વવાજ ન આવ્યા હોય.

ભારતીજીના ચાલ્યા ગયા પછી પ્રભુનું મન હવે
વળી વધારે ને વધારે વ્યાકુળ થવા લાગ્યું. હવે તેઓ મ-
હાન્ ત્યાગની–મહાભિનિષ્ક્રમણની તૈયારીઓ કરવા લાગ્યા.
જેનું નામ પૂર્ણ સુખ છે, જેની આગળ બીજું સુખ હોઇજ
શકતું નથી, તે તો ત્યાગથીજ મળે છે. ધર્મ, તપ, જ્ઞાન
અને ત્યાગ એજ ભક્તિનાં પરમ સાધન છે. તેથી શાસ્ત્રો-
માં કહ્યું છે કેઃ—

सत्यान्नास्ति परो धर्मः मौनान्नास्ति परं तपः ।
विचारान्न परं ज्ञानं त्यागान्नास्ति परं सुखम् ॥

અર્થાત્ જેણે એક સત્યનું અવલંબન કરી લીધું, તેણે
બધા ધર્મોનું પાલન કરી લીધું. જેણે મૌન રહીને વાણીનો
પૂરેપુરી રીતે સંયમ સાધી લીધો, તેને બધાં તપોનું ફળ
મળી ગયું. જે સદા સત્–અસત્નો વિચાર કરતા રહે છે,
તેને માટે તેનાથી વિશેષ બીજું જ્ઞાન હોઇજ શું શકે છે?
અને જેણે સર્વસ્વનો ત્યાગ કર્યો, તેણે સૌથી શ્રેષ્ઠ પરમ
સુખને પ્રાપ્ત કરી લીધું છે.

હવે વાચક ! હૃદયને ખૂબ કસીને પકડી રાખો, મનને
રોકીને તે મહાન ત્યાગી મહાપ્રભુના મહાત્યાગ–મહાભિનિ-
ષ્ક્રમણની તૈયારીની વાતો સાંભળો.

भक्तवृंद अने गौरहरि

निवारयामः समुपेत्य माधवं
किं नोऽकरिष्यन् कुलवृद्धबान्धवाः ।
मुकुन्दसंगान्निमिषार्द्धदुस्त्यजाद्
दैवेन विध्वंसितदीनचेतसाम् ॥

(શ્રીમદ્ભાગવત ૧૦-૩૯-૨૮)

અર્થાત્ ભગવાનના મથુરા જવાના સમયે વિયોગ-દુઃખથી દુઃખી થયેલી ગોપિકાઓ પરસ્પર કહે છે કેઃ– "ઓ સખીઓ ! નહિ તો ચાલો આપણે બધી ભગવાનના રથ આગળ સૂઇ જઇને યા બીજી કોઇ રીતે તેમને મથુરા જતા રોકીએ. જો એમ કહો કે કુળના મોટા વૃદ્ધો આગળ આવું સાહસ આપણે કેમ કરી શકીએ તો એની વાત તો એ છે કે, જે મુકુંદના મુખકમળને જોયા વિના આપણે ક્ષણવાર પણ રહી શકતી નથી, તેમનોજ આજે દૈવયોગથી અસહ્ય વિયોગ થવાનો હોય તેને લીધે થતું દુઃખ આગળ આવીને ઉભું રહ્યુ છે. એવા દીન-ચિત્તવાળી અમ દુઃખિયણોને કુળના મોટા-વૃદ્ધો કરીજ શું શકશે ? તેમનો આપણને શો ડર છે ?"

મહાપ્રભુનો વૈરાગ્ય દિવસે દિવસે વધતોજ જતો હતો, બીજી તરફ વિરોધીઓના ભાવ પણ મહાપ્રભુ પ્રત્યે વધારે ને વધારે ઉત્તેજનાપૂર્ણ થતા જતા હતા. દુષ્ટ પ્રકૃતિના મોટા નામના પ્રભુના ઉપર પ્રહાર કરવાનો સુયોગ શોધવા લાગ્યા. મહાપ્રભુએ એ વાતો સાંભળી અને તેમના હૃદય-

માં એ ભાઇઓ પ્રત્યે ઘણીજ દયા આવી. તેઓ વિચારવા લાગ્યા કે "આ આટલા બધા ભૂલેલા જીવો કેવી રીતે સીધે રસ્તે આવી શકશે ? એમના ઉદ્ધારનો શો ઉપાય છે ? તેઓ કેવી રીતે શ્રીહરિના શરણમાં આવી શકશે ?"

એક દિવસ મહાપ્રભુ ભક્તોની સાથે ગંગાસ્નાન માટે જતા હતા. રસ્તામાં પ્રભુએ એ ચાર વિરોધીઓને પોતાના તરફ મૂછ મરડતા જોયા. ત્યારે તેઓ હસતાં હસતાં કહેવા લાગ્યાઃ—"પીપરના ટુકડા એટલા માટે કર્યા હતા કે તેનાથી કફની નિવૃત્તિ થાય; પરંતુ તેની અસર ઉલટીજ થઈ. તેનાથી કફની નિવૃત્તિ ન થતાં તે તો ઉલટો વધારે વધવાજ લાગ્યો." એમ કહીને પ્રભુ ફરી વાર જોરથી હસવા લાગ્યા. ભક્તોમાંથી કોઇ પણ આ ગૂઢ વચનનું રહસ્ય સમજ્યું નહિ. કેવળ નિત્યાનંદજી પ્રભુની મનોદશા જોઇને સમજી ગયા કે, જરૂર પ્રભુ અમને બધાને છોડીને ક્યાંક બીજે જવાની વાત વિચારી રહ્યા છે. તેથી તેમણે એકાંતમાં પ્રભુને પૂછ્યુંઃ—"પ્રભો ! આપ મારાથી આપના મનની કોઇ વાત છુપાવતા નથી. આજકાલ આપની કંઈ વિચિત્ર દશાજ થવા લાગી છે. અમે જાણવા ઇચ્છીએ છીએ કે, તેનું શું કારણ છે ?"

નિત્યાનંદજીની આવી વાતો સાંભળીને ગદ્‌ગદ્‌ કંઠે પ્રભુ કહેવા લાગ્યાઃ—"શ્રીપાદ ! તમારાથી છુપાવવાનુંજ શું હોય ? તમે તો મારા બહાર ફરનારા પ્રાણજ છો. હું મારા મનની સ્થિતિ તમારાથી છુપાવી શકતો નથી. મને કહેતાં ઘણું દુઃખ થાય છે. હવે મારું મન અહીં લાગતું નથી. હું હવે મારે આધીન નથી. જીવોનું દુઃખ હવે મારાથી જોયું જતું નથી. હું જીવોના કલ્યાણને માટે મારાં બધાં સંસારી સુખોનો પરિત્યાગ કરીશ. મારું મન હવે ગૃહસ્થાશ્રમમાં લાગતું નથી. હવે હું પરિવ્રાજક-ધર્મનું પાલન કરીશ. [illegible] [illegible]

ફરતો જોઈ ગભરાઈ ઉઠું છું, જેઓ મારી ખાતર હાસ્ય કરાવશી મૂરતને જોઈને મનોમન મારા ઉપર દ્વેષ રાખે છે, તેઓ જ્યારે મને મૂંડાવેલા મસ્તકવાળો અને ઘેર ઘેર ભિક્ષાના ટુકડા માગતો જોશે, ત્યારેજ તેમને તેમના ખરાબ ભાવો માટે પશ્ચાત્તાપ થશે. તે પશ્ચાત્તાપને કારણેજ તેઓ કલ્યાણપથના પ્રવાસી બની શકશે. આ મારા વાંકડિયા કાળા કાળા વાળોએજ લોકોનાં દ્વેષી હૃદયને ખળભળાવી મૂક્યાં છે. ભક્તો દ્વારા આંગળાના જળથી ધોયેલા અને સુગંધી તેલોથી તર થયેલા આ વાળજ ભૂખ્યા-ભટકતા અજ્ઞાની પુરુષોનાં હૃદયોમાં વિદ્વેષનો-વેરનો અગ્નિ ભભૂકાવે છે. હું આ વાંકડિયા વાળનો નાશ કરી દઈશ. શિખા-સૂત્રનો ત્યાગ કરીને હું વીતરાગી સંન્યાસી થઈશ. મારૂં હૃદય હવે સંન્યાસી થવા માટે તલપાપડ થઇ રહ્યું છે. મને વર્તમાન સ્થિતિમાં શાંતિ નથી, સાચું સુખ નથી. હું હવે પૂર્ણ શાંતિ અને સાચા સુખની શોધમાં સંન્યાસી બનીને દ્વારે દ્વારે ભટકીશ. હું અપરિગ્રહી સંન્યાસી થઇને સર્વ પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરીશ. શ્રીપાદ! તમે પોતે ત્યાગી છો, મારા પૂજ્ય છો, વળી મારાથી મોટા છો; મારા આ કાર્યમાં અડચણ કરશો નહિ."

પ્રભુની આવી વાત સાંભળતાંજ નિત્યાનંદજી ગભરાઇ ગયા. તેમને શરીરનું પણ ભાન રહ્યું નહિ. પ્રેમને લીધે તેમનાં નેત્રોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તેમનું ગળું ભરાઇ આવ્યું, રૂંધાયેલા કંઠથી તેમણે રડતાં રડતાં કહ્યું: "પ્રભો! આપ સર્વસમર્થ છો, સર્વ કંઇ કરી શકો છો. મારામાં શી તાકાત છે કે હું આપના કાર્યમાં અડચણ નાખી શકું? પરંતુ પ્રભો! આ ભક્તો આપના વિના કેમ જીવી શકશે? હાય! વિષ્ણુપ્રિયાની શી દશા થશે? વૃદ્ધ માતા જીવી શકશે નહિ. આપની પાછળ તે પ્રાણોનો ત્યાગ કરશે. પ્રભો! તેમની અન્તિમ અભિલાષા પણ પૂર્ણ થઇ શકશે નહિ. પોતાના પ્રિય પુત્રથી તેમને પોતાના શરીરના અગ્નિસંસ્કારનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થઈ શકશે નહિ. પ્રભો!

નહિ મનાય કે [illegible] શકશે નહિ.”

પ્રભુએ [illegible] નિત્યાનંદજીને કહ્યું: “[illegible] કંઈ સમજો છો, [illegible] કર્મને આધીન છે. જેટલા દિવસો સુધી [illegible] છે. તેટલાજ દિવસો સુધી તે તેના [illegible] પ્રારબ્ધ કર્મોને આધીન છે.”

પ્રભુની વાતો સાંભળી નિત્યાનંદજી ચૂપ રહ્યા. પ્રભુ ઊઠીને મુકુંદની પાસે આવ્યા. [illegible] મુકુંદ દત્તનું ગળું ઘણુંજ સૂરીલું હતું. પ્રભુને તેમનાં પદ બહુ પસંદ હતાં. તેઓ ઘણે ભાગે મુકુંદ દત્ત પાસે ભક્તિ-રસનાં અપૂર્વ-અપૂર્વ પદો ગવડાવી ગવડાવીને પોતાના મનને સંતુષ્ટ કર્યા કરતા હતા. પ્રભુને પોતાને ત્યાં આવેલા જોઈને મુકુંદે જલદીથી ઊઠીને પ્રભુનાં ચરણોમાં વંદન કર્યું. અને બેસવા માટે સુંદર આસન આપ્યું. પ્રભુએ બેસતાંજ મુકુંદ દત્તને કોઈ પદ ગાવા કહ્યું. મુકુંદ સુંદર સ્વરે ગાવા લાગ્યા. મુકુંદના [illegible] ભજનને સાંભળીને પ્રભુ પ્રેમમાં ગદ્ગદ થઈ ગયા. અને મુકુંદ દત્તને આલિંગન કરતાં કરતાં બોલ્યા:—“મુકુંદ! હવે જોઈએ તમારાં ભજન ક્યારે સાંભળવા મળે છે?”

આશ્ચર્યચકિત થઈને સંભ્રમપૂર્વક મુકુંદ કહેવા લાગ્યા:—“કેમ કેમ, પ્રભો! હું તો આપનો સેવક છું, જ્યારે પણ આજ્ઞા થશે ત્યારે ગાઈશ!”

આંખોમાં આંસૂ ભરેલા પ્રભુએ કહ્યું:—“મુકુંદ! હવે હું આ નવદ્વીપનો ત્યાગ કરીશ, માથું મુંડાવી લઈશ. ભગવાં વસ્ત્ર-કાષાય વસ્ત્ર ધારણ કરીશ. બારણે-બારણે ટુકડા માગીને મારી ભૂખને શાંત કરીશ અને ગામની બહાર એકાંત મકાનોમાં, તૂટી ફૂટી ઝૂંપડીઓમાં તથા દેવતાઓનાં સ્થાનોમાં નિવાસ કરીશ. હવે હું ઘર છોડીને વૈરાગી થઈશ.”

આટલું મુકુંદના ઉપર વજ્રાઘાત [illegible] આ હૃદયભેદક વાત સાંભળી [illegible] મૂર્છિત જેવા થઈ

ગયા. તેમનું શરીર પરસેવાથી રેબઝેબ થઇ ગયું. ઘણાજ દુઃખથી કરુણ સ્વરે તેઓ રુદન કરતા કરતા કહેવા લાગ્યાઃ "પ્રભો! હૃદયને ચીરી નાખનારી આ કેવી વાત કરો છો? હાય! આટલા માટે આપે આટલો બધો સ્નેહ વધાર્યો હતો કે શું? નાથ! જો આમજ કરવું હતું, તો અમને આ પ્રકારે આલિંગન આપીને, પાસે બેસાડીને, પ્રેમથી ભોજન કરાવીને, એકાંતમાં રહસ્યની વાતો કરી કરીને આ રીતે આપના પ્રેમપાશમાં બાંધીજ શામાટે લીધા હતા? હે અમારા જીવનના એકમાત્ર આધાર! આપના વિના અમે નવદ્વીપમાં કોના થઇને રહી શકીશું? અમને કોણ પ્રેમની વાતો સંભળાવશે? અમને કોણ સંકીર્તનની પદ્ધતિ શીખવશે? અમને બધાને ભગવન્નામનો પાઠ કોણ ભણાવશે? પ્રભો! આપના મુખકમળને જોયા સિવાય અમે જીવતા રહી શકીશું નહિ. આ આપે કેવો નિશ્ચય કર્યો છે? હે અમારા જીવનદાતા! અમારા ઉપર દયા કરો!"

પ્રભુએ રડતા મુકુંદને પોતાના ગળે લગાવ્યો. પોતાના કોમળ હાથ વડે તેમનાં ગરમ-ગરમ આંસુઓ લૂછતાં તેઓ કહેવા લાગ્યાઃ-"મુકુંદ! તમે આટલા બધા ગભરાઓ નહિ. તમારું રુદન જોઇને મારું હૃદય ફાટી જાય છે. હું તમારાથી કદી જુદો નહિ પડું. તમે સદા મારા હૃદયમાંજ નિવાસ કરશો."

મુકુંદને આ પ્રકારે સમજાવીને પ્રભુ ગદાધર પાસે ગયા. મહાભાગવત ગદાધરે પ્રભુને આ પ્રકારે અસમયમાં આવેલા જોઇને કંઈક આશ્ચર્ય પ્રગટ કર્યું અને જલદીથી પ્રભુનાં ચરણોમાં વંદન કરી તેમને બેસવા માટે આસન આપ્યું. આજે તેઓ પ્રભુની આવી દશા જોઇને કંઈક ભયભીત જેવા થઇ ગયા. તેમણે આજ સુધી પ્રભુની આવી આકૃતિ કદી પણ જોઇ નહોતી. તે સમયની પ્રભુની ક્રિયામાં વિકલતા હતી, નમ્રતા હતી, વેદના હતી અને ત્યાગ, વૈરાગ્ય, ઉપરતિ તથા કોણ જાણે કઈ કઈ જાતની ભાવનાઓ ભરેલી હતી. ગદાધર કંઇ પણ બોલી શક્યા નહિ. ત્યારે પ્રભુ

પોતાની મેળેજ કહેવા લાગ્યાઃ-"ગદાધર! તમને હું એક ઘણીજ દુઃખકારક વાત સંભળાવવા આવ્યો છું, ખોટું લગાડશો નહિ. કેમ. ખોટું તો નહિ લગાડો ને?"

જાણે ગદાધર ઉપર આ બીજો પ્રહાર થયો. તેઓ તેજ પ્રમાણે ચૂપ બેસી રહ્યા. પ્રભુની આ વાતનો પણ તેમણે કંઇ જવાબ આપ્યો નહિ. ત્યારે પ્રભુ કહેવા લાગ્યાઃ "હું હવે તમારાથી છૂટો પડી જઇશ. હવે હું સંસારી ભોગોનો પરિત્યાગ કરી દઇશ અને યતિ-ધર્મનું પાલન કરીશ."

ગદાધર તો જાણે લાકડાની પૂતળી બની ગયા. પ્રભુની આ વાત સાંભળીને તેઓ એજ પ્રમાણે મૌન બેસી રહ્યા. એટલું અવશ્ય થયું કે, તેમનું ચેતનાશૂન્ય શરીર પાછળની દિવાલ તરફ આપોઆપજ ઢળી પડ્યું. પ્રભુ પાસેજ બેઠા હતા, થોડીજ વારમાં ગદાધરનું મસ્તક પ્રભુનાં ચરણોમાં આળોટવા લાગ્યું. તેમનાં બન્ને નેત્રોમાંથી બે જળની ધારાઓ વહીને પ્રભુનાં ચરણ-કમળોને ધોતી હતી. તે ગરમ ગરમ અશ્રુઓના જળથી પ્રભુના શીતળ કોમળ ચરણોમાં એક પ્રકારની વળી વિશેષ ઠંડક જણાવા લાગી. તેમણે ગદાધરના મસ્તકને બળપૂર્વક ઉઠાવી લઇને પોતાના ખોળામાં લીધું અને તેમનાં આંસૂ લૂછતાં લૂછતાં કહેવા લાગ્યાઃ-"ગદાધર! તમે આટલા બધા ગભરાઇ જશો તો ભલા હું મારા ધર્મને કેમ કરીને નભાવી શકીશ? હું બધું કંઇ જોઇ શકું છું, પણ તમને આ પ્રમાણે દુઃખી જોઇ શકું તેમ નથી. મેં મારા મહાન પ્રભુની આજ્ઞાને [illegible]

[illegible]

ગદાધર હવે પોતાના આવેગને વધારે વાર રોકી શક્યા નહિ. તેઓ ડૂસકે ડૂસકે જોરથી રુદન કરવા લાગ્યા. પ્રભુ પણ ગળગળા થઈ ગયા. તે સમયનું દૃશ્ય ધાતુંજ કરુણા ભરેલું હતું. પ્રભુના પ્રેમાળ ખોળામાં પડ્યા પડ્યા ગદાધર અજ્ઞાન બાળકની પેઠે ડૂસકે ડૂસકે રડતા હતા. પ્રભુ તેમના મસ્તક ઉપર હાથ ફેરવીને તેમને ધીરજ આપતા હતા. પ્રભુ પોતાનાં અશ્રુને વસ્ત્રના છેડાથી લૂછતાં લૂછતાં કહેતા હતા:–"ગદાધર! તમે મારાથી અળગા થઈ શકશો નહિ. હું જ્યાં પણ રહીશ, ત્યાં તમને સાથેજ રાખીશ. તમે આટલા બધા ગભરાઓ છો શા માટે? તમારા વિના તો મને વૈકુંઠનું સિંહાસન પણ રુચિકર નહિ લાગે. તમે આ પ્રકારની ગભરામણનો ત્યાગ કરો. મંગળમય ભગવાન સર્વ સારાં વાનાંજ કરશે." એમ કહેતાં કહેતાં ગદાધરનો હાથ પકડીને પ્રભુ શ્રીવાસને ઘેર પહોંચ્યા. ગદાધરની બન્ને આંખો લાલ થઇ ગઇ હતી. તેમના નાકમાંથી પાણી વહેતું હતું. શરીર લથડતું હતું. ક્યાં પગ મૂકતા ને ક્યાં જઈને પડતા હતા. સમસ્ત શરીર ડગમગી ગયું હતું. પ્રભુના હાથને ટેકે તેઓ યંત્રની પેઠે ચાલતા હતા. પ્રભુ તે સમયે સાવધાન હતા. શ્રીવાસ સર્વ કંઈ સમજી ગયા. તેમને પહેલાંજ નિત્યાનંદજીએ આવીને આ વાત કહી દીધી હતી. તેઓ પ્રભુને જોતાંજ રુદન કરવા લાગ્યા. પ્રભુએ કહ્યું:–"આપ મારા પિતાતુલ્ય છો. જ્યારે આપજ આ પ્રમાણે ઉત્સાહભંગ કરશો, તો હું મારો ધર્મ શી રીતે પાળી શકીશ? હું કોઇ ખરાબ કામ કરવા જતો નથી. માત્ર મારા શરીરના સ્વાર્થને માટેજ સંન્યાસ નથી લેતો. આજકાલ મારી દશા પેલા મહાજન શાહુકારના જેવીજ છે, કે જેનું નામ તો ઘણું મોટું હોય, પરંતુ પાસે કોડી પણ ન હોય. મારી પાસે પ્રેમનો અભાવ છે. આપ સર્વ લોકોને સંસારી ભોગ્ય પદાર્થની નથી તો ઇચ્છા કે નથી તો કમી. આપ સૌ બાળકો પ્રેમના ભૂખ્યા છો. હું હવે પરદેશ જાઉં છું. જે પ્રકારે મહાજન પરદેશમાં જઇને ધન કમાઈ લાવે છે

અને તે [illegible] સ્વજનોનું સમાન [illegible] બધા માગને તેને [illegible]

[illegible] —" પ્રભો ! જે ભાગ્યશાળી ભક્તો [illegible] જીવતા રહેશે, તેઓજ આપના [illegible] શકશે. અમે તો આપના વિના જીવીજ શકશું નહિ."


પ્રભુએ કહ્યું:—" પંડિતજી ! આપ તો અમારા બધાના પૂજ્ય છો. મને કહેતાં શરમ આવે છે કે આપના કારણેજ અમે બધા ભક્તો આટલા દિવસો સુધી પ્રેમપૂર્વક સંકીર્તન કરતા થકા ભક્તિરસામૃતનું પાન કર્યા કરીએ છીએ. હવે આપ એવો આશીર્વાદ આપો કે હું મારા વ્રતને પૂર્ણ રીતે પાળી શકું."

એટલામાંજ મુરારી ગુપ્ત પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓ તો આ વાત સાંભળતાંજ એકદમ બેભાન થઈને પડી ગયા. ઘણી વાર પછી ચૈતન્ય પ્રાપ્ત થતાં કહેવા લાગ્યાઃ—" પ્રભો ! આપ સર્વસમર્થ છો, કોઈનું થોડુંજ માનવાના છો ! જેમાં આપ જીવોનું કલ્યાણ માનશો તે આપના પ્રિયજનો માટે ગમે તેટલું અપ્રિય ભલેને હોય તોપણ તે આપ કરી નાખવાના; પરંતુ હે અમો પતિતોના એકમાત્ર આધાર ! અમને આપના હૃદયથી ભૂલશો નહિ. આપનાં શ્રીચરણોની સ્મૃતિ રહ્યા કરે એ પ્રકારના આશીર્વાદ વળી એક વાર આપતા જજો. આપનાં ચરણોનું સ્મરણ રહ્યા કરે, તો આ નીરસ જીવન પણ સાર્થક છે. આપના ચરણોની વિસ્મૃતિમાં અંધકાર છે અને અંધકારજ અજ્ઞાનનું કારણ છે."

પ્રભુએ મુરારીને ગાઢ આલિંગન કરતાં કરતાં કહ્યું—" તમે તો મારા જન્મ-જન્માંતરોના પ્રિય સુહૃદ છો. જો તમને બધાનેજ હું ભૂલી જઈશ તો પછી હું સ્મૃતિને રાખીનેજ શું કરીશ ! સ્મૃતિ તો કેવળ તમો-પ્રેમી બંધુઓના ચિંતનને માટેજ બાળવી રાખી છે." આ પ્રકારે

બધા ભક્તોને સમજાવી-પટાવીને પ્રભુ પોતાને ઘેર ચાલ્યા ગયા. આ તરફ પ્રભુના બધા અંતરંગ ભક્તોમાં આ વાત વીજળીને વેગે ફેલાઈ ગઈ. જે પણ સાંભળતું તે હાથ ઘસવા લાગતું. કોઈ ઉંચો શ્વાસ છોડીને કહેતું:-"હાય! હવે આ કમળનયન ફરીથી પ્રેમભરી દૃષ્ટિએ અમારા તરફ નહિ જોઇ શકે." કોઇ કહેતું:-"શું ગૌરહરિના મુનિ-મનમોહન મનોહર મુખનાં દર્શન હવે ફરીથી નહિ થઇ શકે?" કોઈ કહેતું:-"હાય! આ વાંકડિયા વાળોને કયો નિર્દય હજામ મસ્તકથી અલગ કરી શકશે? આ વાંકડીઆ વાળ વિનાનું મુંડન કરાવેલું મસ્તક ભક્તોના હૃદયોમાં કેવી બળતરા પેદા કરશે?" કોઇ કહેતું:-"પ્રભુ ભગવા વસ્ત્રની ઝોળી બનાવીને ઘેર ઘેર ટુકડા માગતા કેવી રીતે ફરશે?" કોઇ કહેતું: "આ અરુણ રંગનાં કોમળ ચરણ આ કઠોર પૃથ્વી પર ખુલ્લાં કેવી રીતે દેશ-વિદેશમાં ફરી શકશે?"

કોઇ કોઇ પશ્ચાત્તાપ કરતાં કરતાં કહેતું:-"હું શું હવે એ વાંકડિયા કાળા કાળા ખભા સુધી લટકતા વાળોમાં સુગંધી તેલ નાખી શકીશ નહિ? શું હવે મારાં પુણ્યોનો અંત આવી ગયો? શું હવે નવદ્વીપનો સૌભાગ્ય-સૂર્ય નાશ પામવા ઈચ્છે છે? શું નદિયાનાગર પોતાની આ લીલા-ભૂમિનો ત્યાગ કરીને કોઇ બીજા સૌભાગ્યશાળી દેશને પાવન કરશે? શું હવે નવદ્વીપ ઉપર ક્રૂર ગ્રહોની દૃષ્ટિ પડી છે? શું હવે ભક્તોના એકમાત્ર પ્રેમદાતા અમને બધાને રુદન કરતા મૂકીનેજ ચાલ્યા જશે? શું અમે સૌ અનાથોની પેઠે આજ પ્રમાણે તરફડી તરફડીને અમારા જીવનના બાકીના દિવસો પૂરા કરીશું? શું સાચેજ અમે જાગ્રત અવસ્થામાં આ વાતો સાંભળીએ છીએ કે અમારો આ સ્વપ્નનો ભ્રમજ છે? જણાય છે તો સ્વપ્નના જેવુંજ." આ પ્રકારે બધા ભક્તો પ્રભુના ભાવી વિયોગજન્ય દુઃખનું સ્મરણ કરતા કરતા વિવિધ પ્રકારે વિલાપ કરવા લાગ્યા.



शचीमाता अने गौरहरि

अहो विधातस्तव न क्वचिद्दया
संयोज्य मैत्र्या प्रणयेन देहिनः ।
तांश्चाकृतार्थान्वियुनंक्ष्यपार्थकं
विक्रीडितं तेऽर्भकचेष्टितं यथा ॥

(શ્રીમદ્‌ભાગવત ૧૦-૩૯-૧૯)

અર્થાત્ અરે ઓ નિર્દય વિધાતા! તને સહેજ પણ દયા નથી. તું ઘણોજ કઠોર પ્રકૃતિનો છે. પહેલાં તો તું સમસ્ત પ્રાણીઓને પ્રેમ-ભાવથી અને સ્નેહ-સંબંધથી બાંધીને એકત્રિત કરી દે છે અને જ્યારે બરાબર પ્રેમના ઉપભોગોનો સમય આવે છે, ત્યારે તેમને એકબીજાથી અળગા કરી દે છે. આથી તારૂં આ વર્તન અજ્ઞાન બાળકોસમાન છે. (આથી એમ જણાય છે કે તું કોઇ સાથે સ્નેહ કરવાનું શીખ્યોજ નથી.)

ભક્તોના મુખેથી નિમાઇના સંન્યાસની વાત સાંભળીને માતાના શોકનો પાર રહ્યો નહિ. તે ભૂલી ભટકી જેવી, કોઇ પણ પ્રકારના કર્તવ્યના ભાન વિનાની જેવી થઇને ચારે તરફ જોવા લાગી. કોઈ વાર આગળ જોતી, કોઇ વાર પાછળ નિહાળતી, કોઇ વાર આકાશ તરફજ જોવા લાગતી. જાણે માતા દિશા-ઉપદિશાઓ પાસે મદદની ભિક્ષા માગે છે. લોકોના મુખેથી આ વાત સાંભળીને માતાનું ધૈર્ય તદ્દન ચાલ્યું ગયું. તે વિલાપ કરતી, રડતી, પુનર્વિયોગરૂપી દાવાનળથી બળતી બળતી મહાપ્રભુ પાસે પહોંચી

અને ઘણીજ આકુળતાથી હૃદયની વેદનાને પોતાની મર્મ-ભેદક વાણીથી પ્રગટ કરતી કહેવા લાગીઃ—" બેટા નિમાઈ! હું જે કંઇ સાંભળું છું તે બધું કેટલું સાચું છે?"

પુત્રના વિયોગને અશુભ સમજનારી માતાના મુખ-માંથી તે ભયંકર વાત આપોઆપ ન નીકળી શકી. તેણે ગોળ ગોળજ એ વાત પૂછી. ત્યારે કંઇક અન્યમનસ્ક ભાવે પ્રભુએ પૂછ્યું: 'કઇ વાત?'

હાય! તે સમયે માતાનું હૃદય સ્થળે સ્થળેથી ફાટવા લાગ્યું. તે પોતાના મુખથી એ હૃદય હચમચાવી નાખ-નારી વાત કેમ કરીને કહે? મનને મજબૂત કરીને તેણે કહ્યું:—" બેટા! કેમ કરીને કહું, આ દુખિયારી વિધવાના ભાગ્યમાં કોણ જાણે વિધાતાએ સમસ્ત આપત્તિઓ લખી દીધી છે કે શું? મારા કલેજાનો મોટો ટુકડો વિશ્વરૂપ ઘર છોડીને ચાલ્યો ગયો હતો અને મને કારી ઘા કરીને આજ સુધી પાછો ફર્યો નહિ. તારા પિતા અધવચ્ચેજ દગો દઇને ચાલ્યા ગયા. એ ભયંકર પતિવિયોગરૂપી પહાડ જેવા દુઃખને મેં માત્ર તારૂંજ મોં જોઇને સહન કર્યું. તારા કમળ સમાન ખીલેલા મુખને જોઇને હું બધી વિપત્તિઓને ભૂલી જતી હતી. અને જ્યારે કોઇ વાર દુઃખ થતું ત્યારે તારાથી છુપાવીને રડતી. તારા આગળ એટલા માટે ખુલ્લું રડતી નહિ કે મારા રુદનથી તારૂં ચંદ્રમાના સરખું સુંદર મુખ રખેને ઝાંખુ પડી જાય. હું તારા મુખ ઉપર ઉદાસીનતા કદી પણ જોઈ શકતી નહોતી! દુઃખ-દાવાનળમાં બળતી અનાશ્રિત દુઃખિયણનું તારૂં ચંદ્રમા જેવું શીતળ મુખજ એકમાત્ર આશ્રયસ્થાન હતું. તેની શીતળતામાંજ હું મારા તાપોને શાન્ત કરી લેતી. હવે લોકોને મુખે સાંભળું છું કે તું પણ મને દગો દઇને ચાલ્યો જવા ઇચ્છે છે. બેટા! શું આ વાત ખરાબર છે?"

માતાની આવી કરુણાજનક વ્યાકુળ વાણી સાંભળીને પ્રભુએ કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. તેઓ અશ્રુપૂર્ણ આં-

ખોએ જમીન તરફ જોવા લાગ્યા. તેમના ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ. તેઓ ભાવી વિયોગજન્ય દુઃખથી કંઈક ખિન્ન થઈ ગયા.

માતાની ગભરામણ વળી વિશેષ વધી ગઈ હતી. તેણે ભયભીત થઈને ઘણુંજ આર્તસ્વરે પૂછ્યું: "નિમાઈ બેટા! હું સાચેસાચી વાત જાણવા [illegible] કેમ [illegible] ખબર છે? ચૂપ રહેવાથી કામ નહિ [illegible]. મૌન [illegible] મને વળી વધારે ક્લેશ ના કરાવ. મને [illegible]"

સરળતાપૂર્વક પ્રભુએ [illegible] વાત કહી છે તે ગરાબર [illegible].

આટલું સાંભળતાં [illegible] હશે, તે કયા કવિની [illegible] હોઈ શકે? માતાનાં નેત્રોમાંથી અશ્રુ [illegible] તે સૂકાયેલા મુખને ભીંજવતાં [illegible] ભીંજવવા લાગ્યા. રડતાં રડતાં [illegible] તને જવાની મના કરું તોપણ [illegible] મારી એજ પ્રાર્થના છે કે, [illegible] લાવીને જરા મૂકતો જા. મારી [illegible] કોઈ છે નહિ. તારી પાછળ હું [illegible] પાસે મગાવીશ? બિચારી વિષ્ણુપ્રિયા હજુ [illegible] છે. તેને હજુ સંસારની કશી ખબર નથી. [illegible] એક પૈસાની પણ કોઈ ચીજ ખરીદી નથી. [illegible] લેવા મોકલું તો હમણાં તો તે જઈ શકશેજ નહિ. [illegible] જાવ તોપણ તેને અજ્ઞાન બાલિકા સમજીને કોઈ આપશે પણ નહિ. [illegible]

ગર્ભમાં રાખ્યો છે, એ સંબંધમાં મારૂં આટલું કામ તો તું કરતોજ જા. મુજ દુઃખિયારીનો ઝેર સિવાય બીજો કોઇ આશરો તો છે નહિ. ગંગાજીમાં કૂદી પડીને પણ પ્રાણ ત્યાગ કરી શકાય છે, પરંતુ ખૂબ સંભવિત છે કે કોઇ દયાળુ માણસ મને તેમાંથી બહાર કાઢી લે. તેથી ઘરની અંદર રહેનારી મુજ આશ્રય વિનાની દુઃખિયારીનો ઝેર એજ એકમાત્ર આશરો છે.” આ પ્રમાણે કહેતાં કહેતાં વૃદ્ધ માતા બેભાન થઇને જમીન ઉપર પડી ગયાં.

પ્રભુએ પોતાના હાથો વડે પોતાનાં દુઃખી માતાને બેઠાં કર્યાં અને આખા શરીરમાં લાગેલી ધૂળને પોતાના વસ્ત્રથી લૂછી નાખી અને તેમને ધીરજ આપતાં તેઓ કહેવા લાગ્યાઃ—“ માતા ! તેં મને ગર્ભમાં ધારણ કર્યો છે. મારાં મળ-મૂત્ર સાફ કર્યાં છે. મને ખવરાવી-પીવરાવીને અને ભણાવી-ગણાવીને આટલો મોટો કર્યો છે. તમારા ઋણમાંથી હું કેમ કરીને મુક્ત થઇ શકું ? માતા ! જો હું મારા જીવિત શરીર ઉપરથી ચામડી ઉતારીને તમારા પગ માટે પગરખાં બનાવીને પહેરાવું તોપણ તમારા આટલા બધા મહાન્ ઋણનો બદલો હું વાળી શકીશ નહિ. હું જન્મ-જન્માંતરોથી તમારો ઋણી રહ્યો છું અને આગળ પણ રહીશ. મા ! હું સાચેસાચું કહું છું કે, જો મારા કાબુની વાત હોત તો હું પ્રાણ ગુમાવીને પણ તમને પ્રસન્ન કરત. પરંતુ હું શું કરૂં ? મારૂં મન મારા કાબુમાં નથી ! હું આ પ્રમાણે [illegible] વિવશ છું

[illegible]

એ [illegible] છતાં પણ લક્ષ્મણને રામચંદ્રજીની [illegible] વનમાં મોકલી દીધા હતા. [illegible] સંન્યાસ-ધર્મની દીક્ષા. [illegible] કહી જાય તેમ નથી! જનનિ! [illegible] કોટિ કોટિ પ્રણામ છે. તું મારા કામમાં [illegible] અડચણ નાખ નહિ. મને પ્રસન્નતાપૂર્વક સંન્યાસ ગ્રહણ કરવાની રજા આપ અને એવા આશીર્વાદ આપ કે હું મારા આ વ્રતને સારી રીતે નભાવી શકું."

માતાએ આંસુ લુછતાં લુછતાં કહ્યું—"બેટા! મેં આજ સુધી તારા કોઈ પણ કામમાં માથું નથી માર્યું. તું જે કામમાં પ્રસન્ન રહ્યો, તેમાંજ હું સદા પ્રસન્ન રહી. કદી [illegible] છું. હું ગમે તો ભૂખી બેસી રહી હોઉં [illegible] જગાએથી લાવીને તારી રુચિ અનુસાર સુંદર ભોજન કરાવ્યાં છે. હું તારી ઇચ્છાની વિરુદ્ધ કોઈ પણ કામ કરી શકીશ નહિ. પરંતુ ઘરમાં રહીને શું ભગવદ્ભજન નથી થઈ શકતું? અહીંજ શ્રીવાસ, ગદાધર, મુકુંદ, [illegible] બધા ભક્તોને સાથે લઈને રાતદિવસ ભજન-કીર્તન કર્યા રહે. હું તને કદી પણ રોકીશ નહિ. બેટા! તું [illegible] તો ખરો કે, આ અજ્ઞાન બાલિકા વિષ્ણુપ્રિયાની શી દશા થશે? એણે તો હજી સંસારનું કંઈ પણ સુખ જોયું નથી. તારા વિના એ કેમ કરીને જીવતી રહી શકશે? મારું હૃદય તો વિધાતાએ વજ્રનું બનાવ્યું છે. વિશ્વરૂપના ગયા છતાં પણ એ ફાટ્યું નથી અને તારા પિતાના પરલોકગમન કરવા છતાંયે એ જેમનું તેમજ રહ્યું છે. મને લાગે છે કે, તારા ચાલ્યા ગયા પછી પણ તેના ટુકડે ટુકડા નહિ થાય. રોજ સાંભળું છું કે, અમુક મરી ગયો, અમુક ચાલ્યો ગયો. કોણ જાણે મારી ઉંમર વિધાતાએ કેટલી લાંબી બનાવી છે કે હજુસુધી તે મારી ખબરજ લેતા નથી! વિષ્ણુપ્રિયાને આગળ માટે કોઈ આધાર થઈ જાય અને હું મરી જાઉં, ત્યાર પછી તું ખુશીથી સંન્યાસ લઈ લેજે. મારી

હયાતીમાં અને આ બાલિકાને જીવતી રહેવા છતાં પણ વિધવા બનાવીને તારે ઘેરથી જવું બરાબર નથી. હું તારી માતા છું. મારા દુઃખનો થોડો તો ખ્યાલ કર. તું જગતના ઉદ્ધારને માટે કામ કરે છે. શું હું જગતમાં નથી? મને જગતની બહાર સમજીને મારી ઉપેક્ષા કેમ કરે છે? મને દુઃખિયારીને તું આ પ્રમાણે રડતી છોડી જશે તો તને માતાને દુઃખી કરવાનું પાપ લાગશે."

પ્રભુએ ધૈર્યપૂર્વક કહ્યું:—"માતા! તું આટલી બધી અશક્ત નહિ. ભાગ્યને ફેરવવાનું સામર્થ્ય મારામાં નથી. વિધાતાએ મારો અને તારો સંયોગ આટલા દિવસનોજ લખ્યો હતો. હવે પછી લાખ પ્રયત્નો કરવા છતાં પણ હું રહી શકીશ નહિ. ભગવાન વાસુદેવ બધાની રક્ષા કરે છે. તેમનું નામ વિશ્વંભર છે. જગતના ભરણ–પોષણનો ભાર તેમના ઉપરજ છે. તું હૃદયથી આ અજ્ઞાનજન્ય મોહને કાઢી નાખ અને મને પ્રેમપૂર્વક હૃદયથી યતિધર્મ ગ્રહણ કરવાની સંમતિ આપ."

રડતાં રડતાં માતાએ કહ્યું: "બેટા! હું બાળપણથીજ તારા સ્વભાવને જાણું છું. તું જે વાતને ઠીક માને છે તેજ કરે છે. પછી ગમે તો તેની વિરુદ્ધ સાક્ષાત્ બ્રહ્મા પણ આવીને તને સમજાવે તોપણ તું તેનાથી ચલિત થતો નથી. સારી વાત છે, જેમાં તું રાજી હોય તેજ કર. તારી પ્રસન્નતામાંજ હું પ્રસન્ન છું. ગમે ત્યાં રહે, સુખેથી રહે [illegible] ગૃહસ્થાશ્રમી બનીને રહે યા યતિ બનીને. હું તો તને કદી ભૂલી શકીશ નહિ. ભગવાન તારું કલ્યાણ કરે. પરંતુ તારે જવું હોય તો મને કહ્યા વિના જતો નહિ. મને પહેલેથી ખબર આપજે."

મહાપ્રભુએ આ રીતે માતાની રજા લઈને તેમનાં ચરણોમાં પ્રણામ કર્યો અને તેમને આશ્વાસન [illegible] આપતા કહેવા લાગ્યા: "માતા! તમારી પાસે હું [illegible] [illegible]

[illegible] વિના
[illegible] તને
[illegible] સમ-
[illegible] વિષ્ણુ-
જાતી [illegible] પોતા-
પ્રિય [illegible] પ્રશ્ન
ના [illegible] વાત
ઉકેલાંજ [illegible] પણ
આખા નવદ્વીપમાં [illegible] સમયે
પોતાના પિતાના ઘરમાંજ [illegible] પડેલો.
તે પોતાના પિતાને ઘરથી [illegible]



विष्णुप्रिया अने गौरहरि

यस्यानुरागललितस्मितवल्गुमन्त्र-
लीलावलोकपरिरंभण रासगोष्ठ्याम् ।
नीताःस्म नः क्षणमिव क्षणदा विना तं
गोप्यः कथं न्वतितरेम तमो दुरन्तम् ॥

(ભાગવત પુ. ૧૦-૩૯-૨૯)

અર્થાત્ ગોપીઓ પરસ્પરમાં કહે છે કે–" હા ! જે કૃષ્ણના સ્નેહથી ખીલેલા સુંદર મંદ-મંદ હાસ્યયુક્ત મનોહર મુખને જોઇને અને તેમનાં સુમધુર વચનોને સાંભળીને તથા લીલાઓ સાથે કુટિલ કટાક્ષોથી તેમની મંદ મંદ દૃષ્ટિ અને પ્રેમાલિંગનો દ્વારા રાસક્રીડામાં અમે ઘણી લાંબી લાંબી રાત્રિઓ એક ક્ષણની પેઠે વીતાવી દીધી હતી, એવા અમારા વહાલા શ્રીકૃષ્ણના વિના અમે આ અસહ્ય વિરહજન્ય દુઃખને કેમ કરીને સહન કરી શકીશું ? એ સહન કરવું તો ઘણુંજ મુશ્કેલ છે

જિન ને વેળાએ જે દિવસે વિષ્ણુપ્રિયા પતિગૃહે આવી હતી તે દિવસે પ્રભુ ભક્તોની સાથે કીર્તન કરતા નગરમાંથી પાછા ફર્યા હતા. આવતાંજ ભક્તો સાથે પ્રભુએ ભોજન કર્યું. ભોજન કર્યા પછી બધા ભક્તો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. પ્રભુ પણ પોતાના શયનગૃહમાં જઈને પથારીમાં સૂઈ ગયા.

આ તરફ વિષ્ણુપ્રિયાનું હૃદય ધડકતું હતું. તેના હૃદયસાગરમાં અનેક ચિંતા અને શોકનો વધારો થતો

હતો. એક પછી એક વિચાર આવતા અને તેના સ્મરણ-માત્રથી વિષ્ણુપ્રિયા ધ્રૂજવા લાગતી. આવી દશામાં ભૂખ-તરસનું શું કામ? જાણે ભૂખ-તરસ તો શોક અને ચિંતાના ભયથી પોતાનું સ્થાન છોડીને નાસી ગયાં હતાં. પ્રાતઃકાળથી તેમણે કંઈજ ખાધું નહોતું. પતિની પાસે કંઈક પ્રસાદ લીધા વિના જવું અનુચિત સમજીને તેમણે પ્રભુનાં ઉચ્છિષ્ટ વાસણોમાંથી બે ચાર કોળિયા અનિચ્છાપૂર્વક માતાના આગ્રહથી ખાઈ લીધા. તેમના મુખમાં અન્ન અંદર જતુંજ નહોતું. જેમ તેમ કંઈક ખાઈ-પીને તે ધીરે ધીરે પતિદેવની શય્યા પાસે પહોંચી. તે વખતે પ્રભુને કંઈક નિદ્રા આવી ગઈ હતી. દૂધના જેવા સ્વચ્છ અને ફીણ સમાન સુંદર સુકોમળ ગાદલાં ઉપર અત્યંત સફેદ ચાદર બિછાવેલી હતી. બે ઝાલરવાળા સ્વચ્છ સફેદ કોમળ તકિયા પ્રભુના મસ્તક આગળ રાખેલા હતા. એક બાંય તકિયાના ઉપર રાખી હતી. તેના ઉપર પ્રભુનું મસ્તક રાખેલું હતું. કમળ જેવાં બન્ને મોટાં મોટાં નેત્રો મીંચેલાં હતાં. તેમના મુખ ઉપર વાંકડી કાળી-કાળી લટો ફેલાયલી હતી. જાણે મકરંદના લાલચુ મત્ત ભમરાઓની કાળી કાળી હારો એકબીજાનો આશ્રય લઈને એ અનુપમ મુખકમળની મન-મોહક મધુરતાનું પ્રેમપૂર્વક પાન કરી રહી ન હોય! અર્ધનિદ્રિત સમયના પ્રભુના શ્રીમુખની શોભાને જોઈને વિષ્ણુપ્રિયાજી આશ્ચર્યચકિત થઈ ગયાં. થોડી વાર ઉભાં રહીને તે એ અનિર્વચનીય અનુપમ મુખના અદ્ભુત તેજને જોતાંજ રહ્યાં. તેમની વ્યાકુળતા અધિકાધિક વધતીજ જતી હતી. ધીરેથી તેઓ પ્રભુનાં ચરણો આગળ બેસી ગયાં અને પોતાના કોમળ હાથો વડે ધીરે ધીરે પ્રભુનાં ચરણકમળોનાં તળિયાં પંપાળવા લાગ્યાં. એ ચરણોની કોમળતા, લાલાશ અને સુકુમારતા જોઈને વિષ્ણુપ્રિયાનું હૃદય ફાટવા લાગ્યું: "હાય! પ્રાણપ્રિય એવા આ સુકોમળ ચરણોવડે કાંટા કાંકરાવાળી જમીન ઉપર ખુલ્લે પગે કેમ કરીને ભ્રમણ કરી શકશે? લાગણીના [illegible]

કિશરનું આ રાજકુમાર જેવું કોમળ કુમાર શરીર સંન્યાસના ઘોર નિયમોનું પાલન કેમ કરીને કરી શકશે ?" આ વિચારે આવતાંજ વિષ્ણુપ્રિયાજીનાં નેત્રોમાંથી મોતીઓની જેમ અશ્રુબિંદુઓ ટપકવા લાગ્યાં, અશ્રુઓમાં ગરમ બિંદુઓનો સ્પર્શ થવાથી પ્રભુ ચમકી ઉઠયા અને તકિયા ઉપરથી મસ્તક થોડું ઉંચું કરીને તેમણે પોતાના પગો ઉંચે જોયું. ત્યાંજ વિષ્ણુપ્રિયાને જોઇને પ્રભુ થોડા બેઠા થયા. અર્ધા રડતાં સૂતાં પ્રભુએ કહ્યું:–" તું રડે છે શા માટે ? આટલી બધી ગભરાય છે શા માટે ? તને આ શું થઇ ગયું છે ?"

રડતાં રડતાં અત્યંત ક્ષીણ સ્વરે ડૂસકાં ખાતાં ખાતા વિષ્ણુપ્રિયાજીએ કહ્યું: " મારા ભાગ્યને રોઉં છું કે, વિધાતાએ મને આટલી સૌભાગ્યવતી શા સારૂ બનાવી ?"

પ્રભુએ કંઇક પ્રેમવિસ્મિત આતુરતા પ્રગટ કરતા કહ્યું: " વાત તો કરતી નથી ને અમસ્થીજ ડૂસકાં ભર્યા કરે છે ! ખબર તો પડવી જોઇએ કે, શી વાત છે ?"

તેજ પ્રમાણે રડતાં રડતાં વિષ્ણુપ્રિયાજી બોલ્યાં.– " મેં સાંભળ્યું છે કે, આપ ઘરબાર છોડીને સંન્યાસી થશો, અમને બધાંને મૂકીને ચાલ્યા જશો."

પ્રભુએ હસતાં હસતાં કહ્યું:–" તને આ મે–માથા વિનાની વાત કહી કોણે ?"

વિષ્ણુપ્રિયાજીએ પોતાની વાત ઉપર કંઇક ભાર દઇને અને પોતાના સ્નેહ–અધિકાર દર્શાવતાં કહ્યું:–" ગમે તેણે ભલેને કહી હોય, આપ કહોને કે શું આ વાત બરાબર નથી ?"

પ્રભુએ મંદ મંદ હસતા હસતાં કહ્યું:–" હા, કંઇક કંઇક બરાબર છે !"

વિષ્ણુપ્રિયાજી ઉપર જાણે વજ્ર તૂટી પડ્યું. તે ગભ-

[illegible] અને ડૂસકે ડૂસકે રડવા
રડીને [illegible] છે. આપીને
[illegible] પ્રભુ [illegible] બોલ્યા:
ઉભાં કર્યાં અને [illegible] તું એકદમ
“ [illegible]
ગભરાઈ જાય છે.”

હાય! તે સમયની વિષ્ણુપ્રિયાજીની મનોવેદનાનો
અનુભવ કોણ કરી શકે તેમ છે? તેમનાં બંને નેત્રોમાંથી
સતત અશ્રુપ્રવાહ ચાલી રહ્યો છે. તેજ વેદનાના આવેશ-
માં રડતાં રડતાં તેમણે કહ્યું:—“પ્રાણનાથ! મુજ દુઃખી-
આરીને સર્વ પ્રકારે નિરાધાર બનાવીને આપ શું સાથેસાથ
ચાલ્યા જશો? શું આ દુર્ભાગી અબળાને અનાથજ બના-
વતા જશો? હાય! મને મારા સૌભાગ્યનું [illegible]
અભિમાન હતું. આવા ત્રૈલોક્યસુંદર જગદ્વંદ્ય [illegible]
પ્રાણપતિને પામીને હું મને સર્વશ્રેષ્ઠ સૌભાગ્યશાળી સમ-
જતી હતી. જેના રૂપ-લાવણ્યને જોઈને સ્વર્ગની અપ્સરા-
ઓ પણ મારી ઈર્ષા કરતી હતી. નવદ્વીપની નારીઓ મારા
જે સૌભાગ્યસુખની ઘણી ઘણી પ્રશંસા કર્યા કરતી હતી,
તેઓજ સમય પલટાતાં મને ભાગ્યહીન જેવી દ્વારે દ્વારે
ભટકતી જોઈને મારી દશા ઉપર દયા પ્રગટ કરશે. હું
અનાથ હવે કોને શરણે જઈશ? મારી જીવનનૌકાનો
હલેસું મારવાનો વાંસ હવે કોણ હાથમાં લઈને તેને પાર
લઈ જશે? પતિ એજ સ્ત્રીઓનું એકમાત્ર આશ્રયસ્થાન છે,
પતિના વિના સ્ત્રીઓની બીજી કોઈ ગતિજ શી હોઈ શકે?”

પ્રભુએ વિષ્ણુપ્રિયાને સમજાવતાં સમજાવતાં કહ્યું:—
“જો, સંસારમાં બધા જીવો પ્રારબ્ધકર્મોને આધીન છે.
જેટલા દિવસ સુધી જેના જેની સાથે સંસ્કાર હોય છે, તે
તેટલાજ દિવસ સુધી તેની સાથે રહી શકે છે. બધાંના
આશ્રયદાતા તો તેઓ શ્રીહરિજ છે. તું શ્રીકૃષ્ણનું સદા
ચિંતન કરતી રહેજે તો તને મારા જવાથી કાંઈજ પણ
દુઃખ થશે નહિ.”

રડતાં રડતાં વિષ્ણુપ્રિયાજીએ કહ્યું:-"દેવ ! આપના સિવાય કોઈ બીજા શ્રીકૃષ્ણ છે, તે હું આજ સુધી જાણતીજ નહોતી અને આગળ જાણવાની પણ ઇચ્છા નથી. મારા તો ઈશ્વર, હરિ અને પરમાત્મા જે પણ કંઈ છે તે આપજ છો. આપનાં શ્રીચરણોના ચિંતન સિવાય બીજે ચિંતન કરવા યોગ્ય પદાર્થ મારી દૃષ્ટિમાં છેજ નહિ. હું આપની ચરણસેવામાંજ મારૂં જીવન ગાળવા ઈચ્છું છું અને મને કોઈ પણ પ્રકારના સંસારી સુખની ઇચ્છા નથી."

પ્રભુએ કંઇક વ્યાકુળતા દર્શાવતાં કહ્યું: "વહાલી ! હું સદાયે તારો છું અને તારો રહીશ. તારો આ નિઃસ્વાર્થ પ્રેમ શું કદી ભૂલી જઇ શકાશે ? કોણ એવો ભાગ્યહીન હોય કે જે તારા જેવી સર્વગુણસંપન્ન જીવનની સહચરીનો પરિત્યાગ કરવાની મનમાં ઇચ્છા પણ કરે ? પરંતુ વિષ્ણુપ્રિયા ! હું સાચેસાચું કહું છું કે, મારૂં મન હવે મારા કાબુમાં નથી. જીવોનું દુઃખ હવે મારાથી જોયું જતું નથી. સંસારી થઇને અને ઘરમાં રહીને જીવોનું એટલું બધું કલ્યાણ કરી શકીશ નહિ. જીવોના કલ્યાણને માટે મારે શરીરથી તારો ત્યાગ કરવોજ પડશે. મનથી તો તારો પ્રેમ કદી ભૂલી શકાવાનોજ નથી. તું નિરંતર વિષ્ણુચિંતન કરતી રહીને તારા નામને સાર્થક બનાવ અને તારા જીવનને સફળ કર."

ઘણાજ વ્યાકુળ સ્વરે વિષ્ણુપ્રિયાજીએ કહ્યું: "મારા દેવતા ! જો જીવોના કલ્યાણમાં હુંજ બાધકરૂપ છું તો હું આપના શ્રીચરણોનો સ્પર્શ કરીને કહું છું કે, હું સદા મારા પિયેરમાંજ રહ્યા કરીશ જ્યારે કોઈ વાર આપ ગંગા-સ્નાન કરવા જશો, ત્યારે ક્યાંકથી છુપાઇને આપનાં દર્શન કરી લીધા કરીશ માતાને તો કંઇક ને કંઈક આધાર રહેશે ઠીક, હું તો મારા હૃદયને વજ્ર બનાવીને આ પહાડ જેવા દુ:ખને સહન પણ કરી લઉં, પરંતુ બેચાં વૃદ્ધ માતાની શી દશા થશે ? તેમને તો આવાસ પાછળ

કોઇજ નથી. તેમનું જીવન તો એકમાત્ર આપના ઉપરજ અવલંબી રહેલું છે. તેઓ આપના વિના જીવતાં નહિ રહી શકે. નક્કીજ તેઓ આત્મઘાત કરી તેમના પ્રાણ ત્યજી દેશે."


પ્રભુએ કંઇક રૂંધાયેલા કંઠે અટકી અટકીને કહ્યું: "બધાની આગળ-પાછળ એ શ્રી હરિજ છે. તેમના સિવાય પ્રાણીઓનું બીજું આશ્રયસ્થાન હોઇ શકેજ નહિ. પ્રાણીમાત્રના આશ્રયસ્થાન તેઓજ છે. તેમના સ્મરણથી બધાનું કલ્યાણ થશે. વહાલી! હું પરતંત્ર છું. મારે નવદ્વીપનો ત્યાગ કરી બીજે જવુંજ પડશે. સંન્યાસ સિવાય મને બીજા કોઈ પણ કામમાં સુખ નથી. તું સદા મને સુખી બનાવવાનોજ પ્રયત્ન કર્યા કરે છે. તેં મારી પ્રસન્નતાને ખાતર તારાં બધાં સુખોનો પરિત્યાગ કર્યો છે. જે રીતમાં હું પ્રસન્ન રહી શકું, તેજ પ્રમાણેનું આચરણ તું હંમેશાં કરતી આવી છે. હવે તું મને દુઃખી બનાવવા કેમ ઇચ્છે છે? જો તું મને જબરજસ્તી અહીં રહેવાનો આગ્રહ કરશે, તો મને સુખ નહિ થાય. હવે રહી માતાની વાત; તો હું તેમની રજા લઇ પણ ચૂકયો છું અને તેણે મને સંન્યાસને માટે આજ્ઞા પણ આપી છે. હવે તારી પાસેજ રજા માગવાની માત્ર બાકી છે. મને પૂરી આશા છે કે તું પણ મારા આ શુભ કાર્યમાં અડચણ ઉભી નહિ કરતાં પ્રસન્નતાપૂર્વક રજા આપશે."

કઠોર હૃદય કરીને અને પોતાના દુઃખના આવેગને બળપૂર્વક રોકતાં રોકતાં વિષ્ણુપ્રિયાએ કહ્યું:–"જો માતાએ આપને સંન્યાસની આજ્ઞા આપી દીધી છે, તો હું આપના કામમાં વિઘ્ન નહિ નાખું. આપની પ્રસન્નતામાંજ મારી પ્રસન્નતા છે. આપ જે પણ દશામાં રહીને પ્રસન્ન થાઓ, તેનો હું સ્વીકાર કરું છું. પરંતુ પ્રાણેશ્વર! મને હૃદયથી [illegible]

સર્વ કંઇ મંજુર છે. આપ સમર્થ છો, મારા સ્વામી છો, સ્વતંત્ર છો. અને પતિતોના ઉદ્ધારક છો. હું તો આપનાં ચરણોની દાસી છું. સ્વામીના સુખને ખાતર દાસી સર્વ કંઇ સહન કરી શકે છે, પરંતુ મારૂં સ્મરણ રહ્યા કરે એજ પ્રાર્થના છે. ”

પ્રભુએ પ્રિયાજીને પ્રેમપૂર્વક આલિંગન કરતાં કરતાં કહ્યું:–“ ધન્ય છે, તેં એક વીરપત્નીના જેવીજ આ વાત કહી છે. આટલું સાહસ તારા જેવી પતિપરાયણા સતી–સાધ્વી સ્ત્રીઓજ કરી શકે છે. તું સદા મારા હૃદયમાં રહ્યા કરશે અને હમણાં હું થોડોજ જાઉં છું ! જ્યારે જવું હશે ત્યારે કહીશ. ” આ પ્રકારે પ્રેમની વાતો કરતાં કરતાંજ તે સમસ્ત રાત્રિ વીતી ગઇ, અને પ્રાતઃકાળે ઊઠીને પ્રભુ નિત્યકર્મને માટે ચાલ્યા ગયા.





[illegible]

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥
[illegible] 3)

અર્થાત્ મહાત્માઓનાં [illegible] વજ્રથી વધારે કઠોર અને પુષ્પોથી પણ વધારે કોમળ હોય છે. એવા એ અસામાન્ય લોકોત્તર મહાપુરુષોનાં ચરિત્રને જાણવા કયો પુરુષ સમર્થ થઇ શકે છે?

ખબર નથી કે ભગવાને કડકાઇમાં મહાનતા છુપાવી રાખી છે કે શું? ‘ મહાનમાં મહાન ’ ભગવાન્ ‘ અણુનાએ અણુ જેવા ” પણ કહેવાય છે. નિરાકાર હોવા છતાં પ્રભુ સાકાર જેવા દેખાય છે. અકર્તા હોવા છતાં પણ સમસ્ત વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના એકમાત્ર કારણ તેઓજ કહેવાય છે. અજન્મા હોવા છતાં પણ શાસ્ત્રોમાં તેમના જન્મ કહેવા–સાંભળવામાં આવે છે. આ પ્રકારની વિષમતામાં કડકાઈ તો શું ઈશ્વરતા છુપાયેલી નથી રહેતી? મહાપુરુષોના જીવનમાં પણ સદા આવીજ કડકાઇ જોવામાં આવે છે. મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીના સમસ્ત ચરિત્રને વાંચી જાઓ, તેમાં સ્થળે સ્થળે ભારે વિષમતા–કઠોરતાજ ભરેલી જણાશે. શ્રીમદ્ રામાયણ કઠોરતાનો ભારે ભંડારજ છે. અત્યંત સુકુમાર હોવા છતાં પણ રામ ભયંકર રાક્ષસોનો વાતની વાતમાં વધ કરી નાખે છે. તપસ્વી હોવા છતાંયે ધનુષ્ય–બાણને હાથમાંથી છોડતા નથી. મિત્રતા

કેવા છતાં પણ સુગ્રીવને ભય દેખાડે છે. તેમનું સમસ્ત જીવનજ કઠોરતાવાળું છે. જે રામ પોતાની માતાઓને પ્રાણથી પણ પ્યારા હતા, જે પિતાની આજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન કરતા નહિ, જેમનું કોમળ હૃદય કોઈને દુઃખી જોઈજ શકતું નહિ, તેઓજ વન જતી વખતે એટલા બધા કઠોર થઈ ગયા કે તેમના ઉપર માતાનાં વાગ્બાણોની, તેમનાં સતત વહેતાં અશ્રુઓની, પિતાની દીનતાપૂર્વકની પ્રાર્થનાઓની, રુદન કરતા નગરવાસીઓના કરુણ ક્રંદનની, તપસ્વી અને ઋત્વિજ તેમજ હંસના જેવા શ્વેત વાળવાળા વૃદ્ધ બ્રાહ્મણોના પોકારોની, રાજ્યાધિકારીઓની અને ભગવાન વસિષ્ઠની તેમને નગરમાં રાખવાની જાત જાતની યુક્તિઓની સહેજ પણ અસર થઈ નહિ; તેઓ તો બધાને રડતા-કકળતા મૂકીને, બધાને શોકસાગરમાં ડુબાવીને પોતાના હૃદયને વજ્રથી પણ વધારે કઠોર બનાવીને વનવાસને માટે ચાલ્યાજ ગયા. આથી તેમની કઠોરતાનો પરિચય મળે છે.

સીતામાતાના હરણસમયના તેમના ક્રોધને વાલ્મીકિ [illegible] હૃદય કંપવા લાગે છે, જાણે તેઓ પોતાની [illegible] પ્રિયાની પાછળ સમસ્ત વિશ્વ બ્રહ્માંડને [illegible] પોતાનાં અમોઘ બાણોથી નષ્ટ ભ્રષ્ટ કરી નાખશે [illegible] શિલા ઉપર બેસીને પોતાની પ્રિયા માટે દર્શાવેલા [illegible] પાણી [illegible] પથ્થરો પણ પીગળી [illegible] લંકા ઉપર ચઢાઈ પહેલાં હનુમાનના આવ્યા [illegible] જીને [illegible] તેમની [illegible]

[illegible] શકે તેમ છે ? યથાર્થમાં જોવામાં
[illegible] છે. જેને આપણે
[illegible] પ્રેમની [illegible] તેનો ત્યાગ કરવાનો
[illegible] વાતની વાતમાં હસતાં
[illegible] એનું નામ તો સાચો પ્રેમ
હસતાં તેનો ત્યાગ કરી દે, [illegible] રાખે છે તેનામાં
છે. જે દૃઢતાપૂર્વક 'સ્વીકાર' કરવાનું [illegible] હોવી જોઇએ.
ત્યાગની પણ એટલીજ વધારે શક્તિ હોવી જોઇએ.

ભક્તોની સાથે મહાપ્રભુનો આવો અપૂર્વ પ્રેમ જોઈને કોઇ સ્વપ્નમાં પણ એ વાતનું અનુમાન કરી શકે તેમ નહોતું કે, તેઓ એક દિવસ એ બધાનો પણ ત્યાગ કરીને ચાલ્યા જશે. તેઓ ભક્તો સાથે હૃદય ખોલીને મળતા. ભક્તોના પ્રાણોની સાથે પોતાના પ્રાણોને ભેળવી દેતા. તેમના આલિંગનમાં, નૃત્યમાં, નગર-ભ્રમણમાં, મહત્તામાં, ભક્તો સાથેના ભોજનમાં સર્વત્ર ઓતપ્રોત ભાવે પ્રેમ પ્રેમ ને પ્રેમજ ભરેલો રહેતો. વિષ્ણુપ્રિયાજી સમજતાં હતાં કે, પતિદેવ મારા ઉપરજ સૌથી વધારે સ્નેહ રાખે છે, તેઓ મારા પ્રેમપાશમાં દૃઢતાથી બંધાયેલા છે. માતા સમજતાં હતાં કે, નિમાઇ મને છોડીને કયાંય જઈજ શકશે નહિ. તેને મારા વિના એક દિવસ પણ કયાંય રહેવાનું સારૂં લાગતું નથી. બીજાના હાથનું ભોજન કરતાં એનું પેટજ ભરાતું નથી. જ્યાં સુધી મારા હાથનું કંઇ ખાતો નથી ત્યાં સુધી એને તૃપ્તિજ થતી નથી. આ પ્રકારે બધાં પ્રભુને પોતાના પ્રેમની દોરીમાં દૃઢતાથી બંધાયેલાં માનતાં હતાં. પરંતુ તેઓ મહાપુરુષ હતા. તેમને માટે આ બધી લીલા હતી. તેમને કોણ પ્રિય ને કોણ અપ્રિય ? તેઓ તો ચરાચર વિશ્વમાં પોતાના વહાલા પ્રેમનાંજ દર્શન કરતા હતા. પ્રેમ એજ તેમનો આરાધ્યદેવ હતો. પ્રાણીઓની શીકલ-સૂરત ઉપર તેમને અનુરાગ નહોતો, તેઓ તો પ્રેમના પૂજારી હતા. પૂજારી તો શું, પ્રેમસ્વરૂપજ હતા. તેમણે એકદમ સંન્યાસ લેવાનો નિશ્ચય કરી દીધો. બધાને પોતપોતાની ભૂલનો અનુભવ થવા લાગ્યો. આજ સુધી જેને આપણે

માત્ર પોતાનાજ સમજતા હતા, તે તો પ્રાણીમાત્રના વહાલા નીકળ્યા. તેમના ઉપર અમારી પેઠેજ બધાં પ્રાણીઓનો સમાનભાવે અધિકાર છે, સૌ કોઇ તેમના દ્વારા પ્રેમામૃત પામીને પ્રસન્ન થઇ શકે છે.

પ્રભુના સંન્યાસ લેવાના સમાચાર સમસ્ત નવદ્વીપ-નગરમાં ફેલાઇ ગયા. ઘણા ઘણા લોકો પ્રભુનાં દર્શન કરવા આવવા લાગ્યા. મહાપ્રભુ હવે ભક્તો સાથે સંકીર્તનમાં જતા નહિ. ભક્તો પોતેજ મળીને સંકીર્તન કરતા અને સવાર-સાંજ પ્રભુનાં દર્શન માટે તેમને ઘેર આવતા હતા.

જે દિવસે મહામહિમાવાન શ્રીસ્વામી કેશવ ભારતી પ્રભુને ઘેર આવ્યા હતા, તેજ દિવસે પ્રભુએ સંન્યાસ માટે તિથિ નક્કી કરી લીધી હતી. તે સમયે સૂર્ય દક્ષિણાયનમાં હતા. દક્ષિણાયન-સૂર્યમાં શુભ સંસ્કાર અને આ પ્રકારનાં વૈદિક કાર્યો અને અનુષ્ઠાનો કરવામાં આવતાં નથી, તેથી પ્રભુ ઉત્તરાયણના સૂર્ય થવાની રાહ જોવા લાગ્યા. સમય વીતતાં કંઇ વાર લાગતી નથી. ધીરે ધીરે ભક્તોને તથા પ્રભુના સંબંધીઓને શોકસાગરમાં ડુબાડી દેનારો તે સમય નજીક આવી પહોંચ્યો. પ્રભુએ નિત્યાનંદજીને ગૃહ-પરિત્યાગની તિથિના ખબર આપી દીધા અને તેમને આગ્રહપૂર્વક કહી દીધું:—"મારી માતા, મારા માસા ચન્દ્રશેખર આચાર્ય, ગદાધર, મુકુંદ અને બ્રહ્માનંદ એ પાંચ જણ સિવાય આપ બીજા કોઇને પણ આ વાત કહેશો નહિ." નિત્યાનંદજી તો તેમનું સ્વરૂપ [illegible] તેમની આજ્ઞા [illegible] ધાર્ય કરી અને દુઃખી થઇને [illegible] દિવસની વાટ જોવા લાગ્યા.

મહાપ્રભુ માટે [illegible] નવદ્વીપ [illegible] હવે કોઇ [illegible] દિવસ છે. કાલે હવે ગૌરહરિ [illegible] કે જે તો શચીપુત્ર, તેઓ એકલા વિષ્ણુપ્રિયા [illegible] રહેતાં પ્રાણીમાત્રના પ્રિય બની જશે. [illegible] તેમને [illegible] નાથ સંબંધી નહિ રહેતાં [illegible] બની જશે. [illegible]

[illegible] વિનાનું

[illegible] નિવૃત્ત થઇને [illegible] ગયા. ત્યાં [illegible] પ્રભુની સાથે [illegible] લઇને પ્રભુ [illegible] સુધી શ્રી- [illegible] ભક્તોના [illegible] દિવસે [illegible] એકઠા એ પ્રભુના લગભગ [illegible] થઇ ગયા. [illegible] શ્રીધર [illegible] પૌંઆ લઇને આવ્યા અને ઘણાજ પ્રેમથી પ્રભુના ચરણોમાં તે ભેટ ધર્યાં. પોતાના અકિંચન ભક્તોના [illegible] સમયમાં આવો અપૂર્વ ઉપહાર પામીને પ્રભુ પરમ પ્રસન્ન થયા અને હસતાં હસતાં કહેવા લાગ્યાઃ—"શ્રીધર! આ [illegible] સુંદર પૌંઆ તમે ક્યાંથી લાવ્યા?" એમ કહીને પ્રભુએ તે માતાને આપ્યા. તેજ સમયે એક ભક્ત પણ દૂધ લઇ આવ્યો. પ્રભુ દૂધને જોતાંજ ખિલખીલાટ હસી પડયા અને પ્રસન્નતા દર્શાવતાં કહેવા લાગ્યાઃ—"શ્રીધર! તમે પરમ શુભ મુહૂર્તમાં પૌંઆ લઇ આવ્યા લાગો છો; જ્યો, દૂધ પણ આવી ગયું." એમ કહીને પ્રભુએ માતાને પૌંઆની ખીર બનાવવા કહ્યું. માતાએ જલદીથી ભોજન બનાવ્યું, પ્રભુએ ભક્તો સાથે મહાભાગવત શ્રીધરના આણેલા પૌંઆ-ની ખીર ખાધી. તેજ તેમનું નવદ્વીપમાં શચી માતાના હાથનું છેલ્લું ભોજન હતું. ભોજન પછી બધા ભક્તો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. મહાપ્રભુજી પણ પોતાના શયનગૃહમાં જઇને સૂઈ ગયા.

વિયોગજન્ય દુઃખની આશંકાથી ભયભીત હરિણીની પેઠે ડરતાં ડરતાં વિષ્ણુપ્રિયાએ પ્રભુના શયનગૃહમાં પ્રવેશ

થી. તેમની આંખોમાંથી સતત અશ્રુ વહ્યાં કરતાં હતાં.

પ્રભુએ હસતાં હસતાં કહ્યું:-" પ્રિયા ! હું તારા હસતા મુખકમળને એક વાર જોવા ઇચ્છું છું. તું એક વાર સસ્મત થઇને મારા તરફ જો."

વિષ્ણુપ્રિયાજી ચૂપજ રહ્યાં, તેમણે પ્રભુની વાતનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. ત્યારે પ્રભુ આગ્રહના સ્વરમાં કહેવા લાગ્યાઃ-" વિષ્ણુપ્રિયા ! તું બોલતી કેમ નથી ? શું વિચાર કરે છે ?"

આંસૂ લુછતાં લુછતાં વિષ્ણુપ્રિયાએ કહ્યું:-" પ્રભો ! કોણ જાણે કેમ, આજે મારૂં દિલ ધડકી રહ્યું છે. મારૂં હૃદય આપોઆપજ ફાટી જાય છે, ખબર નથી કે આનું શું કારણ છે ?"

પ્રભુએ વાતને ઉડાવતાં કહ્યું:-" તું હમેશાં વિચાર કર્યાજ કરે છે, તેનું આ પરિણામ છે. ઠીક, તું જરા હસ જોઇએ, હમણાં તારો બધો શોક–મોહ દૂર થાય છે કે નહિ ?"

વિષ્ણુપ્રિયાજીએ કંઇક પ્રેમપૂર્ણ રોષના સ્વરમાં કહ્યું: "રહેવા દો હવે ! તમે તો એમજ મને બનાવ્યા કરો છો. આવા સમયમાં તો તમનેજ હસવું આવી શકે. મારૂં હૃદય તો રુદન કરે છે પછી કેમ કરીને હસું ? હસવું તો અંદરની પ્રસન્નતાથી આવે છે."

વિષ્ણુપ્રિયાજીને ખબર પડી ગઇ કે, અવશ્યજ પતિ-દેવ આજેજ મને અનાથ બનાવીને ગૃહત્યાગ કરશે; પરંતુ તેમણે પ્રભુ સમક્ષ આ વાત પ્રગટ કરી નહિ તે આખી [illegible] પ્રભુએ પણ આજ રાત્રે ખૂબજ પ્રેમપૂર્વક અનેકવાર આલિંગન કરી કરીને પ્રેમાતુર બનાવી દીધાં. પરંતુ વિષ્ણુપ્રિયાએ પતિના આ-જના એ આલિંગનમાં વિશેષ સુખનો અનુભવ ન કર્યો. એ પ્રકારે દંપતી ઉપર [illegible] જ્ઞાન આજની રાત

[illegible] તેથી તેજ પ્રકારે [illegible] વધી વિશેષ [illegible]

[illegible] નિત્ય આજે [illegible] ઉપર [illegible] અને વિષ્ણુ-પ્રિયા [illegible] જેમનાં [illegible] તેનાજ [illegible]

મહા મહિનો હતો, શુક્લ પક્ષનો ચંદ્રમા અસ્ત થઈ ચૂક્યો હતો. બે ઘડી રાત બાકી હતી. સમસ્ત નગર-નાં નરનારીઓ સુખની નિદ્રામાં સૂતાં હતાં. પરંતુ મહા-પ્રભુને નિદ્રા ક્યાંથી! તેઓ તો [illegible] ઉદ્વેગમાં ભૂખ-તરસ, સુખ–નિદ્રા બધાને એકદમ ભૂલી ગયા હતા. વિષ્ણુ-પ્રિયા તેમના પગ પકડીને બેઠાં હતાં. પ્રભુ તેમનાથી છૂટીને ભાગી જવાનો સુઅવસર શોધતા હતા. ભાવી મહા-પ્રબળ છે, જે થવાનું હોય છે, તેવાંજ તેને માટેનાં સાધનો પણ ભેગાં થઈ જાય છે. આખી રાત જાગેલી વિષ્ણુપ્રિયાને નિદ્રા આવી ગઈ. તે પ્રભુની શય્યા ઉપરજ તેમનાં ચરણો પકડીને સૂઇ ગયાં. આખી રાત જાગેલાં હતાં, તેથી પડતાં-જ ગાઢ નિદ્રાએ આવીને તેમના ઉપર પોતાનો અધિકાર જમાવી લીધો.

પ્રભુએ આનેજ ઘણો સરસ લાગ માન્યો. ઘણાજ ધીરેથી પ્રભુએ પોતાના ચરણોને વિષ્ણુપ્રિયાની ગોદમાંથી ખેંચી લીધા. પગ ઉપાડતાંજ વિષ્ણુપ્રિયાજી કંઇક હાલ્યાં. તેજ સમયે પ્રભુએ બીજા પગને જેમનો તેમ તેમની છાતી ઉપર પડેલો રહેવા દીધો. થોડી વારમાં પછી ધીરે ધીરે બીજા પગને પણ ઉપાડી લીધો. આ વખતે વિષ્ણુપ્રિયાજીને કંઇ પણ ખબર પડી નહિ. પ્રભુ ઘણાજ ધીમેથી શય્યા ઉપરથી નીચે ઉતર્યા. પાસેની ખૂંટી ઉપર ટાંગેલાં પોતાનાં વસ્ત્ર પહેર્યાં અને એક વાર ફરીથી પોતાની પ્રાણપ્રિયા

તરફ દૃષ્ટિપાત કર્યો. ત્યાં એક ઝાંખા પ્રકાશવાળો દીવો ટમટમતો હતો. જાણે તે પણ પ્રભુના વિયોગજન્ય દુઃખથી દુઃખી થઈને રુદન કરે છે. દીવાનો મંદ મંદ પ્રકાશ વિષ્ણુ-પ્રિયાના મુખ ઉપર પડતો હતો તેથી તેમના મુખની કાંતિ વધી વિશેષ શોભાયમાન થતી હતી. પ્રભુ આ પ્રકારે ગાઢ નિદ્રામાં પડેલી પોતાની પ્રાણપ્રિયાના ચંદ્રમા જેવા ખીલેલા મુખ તરફ જોઈને એક વાર તો કંઈક વિચારમાં પડી ગયા.

તેઓ વિચારવા લાગ્યા કે "હું આ અજ્ઞાન બાલિકા ઉપર આ કેટલો બધો જુલમ ગુજારી રહ્યો છું ! એને જણાવ્યા વિનાજ તેની બેભાન અવસ્થામાં હું એનો સદાને માટે ત્યાગ કરૂં છું ! મારૂં આ કામ ઘણુંજ કઠોર અને નિંદનીય છે." ફરીથી પોતાને સાવધાન કરીને તેઓ વિચારવા લાગ્યાઃ-"જીવોના કલ્યાણ માટે આવી કઠોરતા મારે કરવીજ પડશે. જો એક તરફ કઠોર નહિ બનું તો સંસારનું કલ્યાણ કેમ કરીને થશે ? માયામાં બંધાયલા જીવોને ત્યાગ-વૈરાગ્યનો પાઠ કેમ કરીને ભણાવી શકીશ? લોકો મારા આ કાર્યથી તો ત્યાગ-વૈરાગ્યનો બોધ લઈ શકશે." એટલું વિચારીને તેઓ મનોમન વિષ્ણુપ્રિયાને આશીર્વાદ આપતા શયન-ગૃહમાંથી બહાર નીકળ્યા. બારણા આગળ શચીમાતા બેભાન જેવાં પડ્યાં પડ્યાં રુદન કરતાં હતાં. તેમની આંખોમાં નિદ્રા ક્યાંથી હોય ? તેઓ તો પુત્ર-વિયોગરૂપી શોકસાગરમાં ડૂબકીઓ ખાતાં હતાં. તેઓ કોઈ વાર ઉપર તરી આવતાં તો કોઈ વાર જળનાં ડૂબકીઓ ખાવા લાગતાં. પ્રભુએ બેભાન પડેલી દુઃખી માતાના ચરણોમાં મનોમન પ્રણામ કર્યા. ધીરેથી તેમની ચરણ-ધૂલિ લઈને મસ્તકે ચઢાવી, પછી તેમની પ્રદક્ષિણા કરી અને મનોમન પ્રાર્થના કરી કે "હે માતા ! તેં મારે માટે ઘણાં ઘણાં કષ્ટ સહન કર્યાં છે. મને ખવરાવી-પીવરાવીને ભણાવી-ગણાવીને આટલો મોટો કર્યો છે ! તેમ છતાંયે હું તારી કંઈ પણ સેવા કરી શક્યો નહિ. માતા ! હું તારો જન્મ-જન્માન્તરો સુધી ઋણી રહીશ, તારા ઋણથી

[illegible] કરીને તેઓ [illegible] કરીને ગંગા– [illegible]

[illegible] દિવસોમાં પ્રભુના [illegible] તેજ સમય [illegible] ક્યાંથી મળે? [illegible] અને પ્રભુએ પણ વિશ્વરૂપ [illegible] પસંદ કર્યું. પોતાના [illegible]

તેમણે ઘાટ ઉપર [illegible] કરીને એક વાર નવદ્વીપ નગરીનાં અંતિમ દર્શન [illegible] હાથ જોડીને ગદ્‌ ગદ્‌ કંઠે કહેવા [illegible] તારાઓથી ભરપૂર [illegible] દિશાઓ! રાત્રિ! તું મારા ગૃહત્યાગની [illegible] તમે મને ઘરથી બહાર થતા જુઓ છો.. [illegible] તું મારી બધી ક્રિયાઓને સમજનાર છે. હું [illegible] ને માટે ઘર–બાર છોડું છું. હે વિશ્વબ્રહ્માંડના પાલનકર્તા! હું મારી વૃદ્ધ માતા અને યુવાન પત્નીને તમારેજ [illegible] છોડું છું. તમારૂં નામ વિશ્વંભર છે. તમેજ બધાં પ્રાણીઓના પાલનકર્તા છો અને કરતા રહેશો. તેથી હું નિશ્ચિંત થઈને જાઉં છું.” એમ કહીને પ્રભુએ એક વાર નવદ્વીપ નગરીને અને પછી ભગવતી ભાગીરથીને પ્રણામ કર્યા અને જલદીથી ગંગાજીના શીતળ જળના વહેતા પ્રવાહમાં કૂદી પડયા તથા તરીને પેલે પાર ગયા. તેજ પ્રમાણે તેઓ ભીનાં વસ્ત્રો સાથેજ કટવા (કંટકનગર) કેશવ ભારતીના ગંગાતટવાળા આશ્રમમાં પહોંચી ગયા.

જે નિર્દય ઘાટે વિશ્વરૂપ અને વિશ્વંભર બન્ને ભાઈઓને પાર કરીને સદાને માટે નવદ્વીપનાં નરનારીઓથી પૃથક્ કરી દીધા તે આજ સુધી પણ નવદ્વીપમાં “નિર્દય ઘાટ”ના નામથીજ પ્રસિદ્ધ થઈને પોતાની લોકપ્રસિદ્ધ નિર્દયતાનો પરિચય આપે છે.

हाहाकार

हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज ।
दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ॥

(શ્રીમદ્ભાગવત ૧૦–૩૦–૩૯)

અર્થાત્ ભગવાનના રાસમાં અકસ્માત્ અંતર્ધાન થઇ જવાથી વિયોગદુઃખથી વ્યાકુળ થયેલી ગોપિકાઓ રુદન કરે છેઃ–

હા નાથ ! હા રમણ કરનારા ! ઓ અમારા પ્રાણો-થી પણ પ્યારા ! ઓ મહાપરાક્રમી ! વહાલા ! તમે ક્યાં છો ? ક્યાં છો ? તમારા વિયોગથી અમે ઘણીજ દુઃખી છીએ. અમે આપની દાસીઓ છીએ, અમને આપનાં દર્શન આપો !

નિદ્રામાં પડેલાં વિષ્ણુપ્રિયાજીએ પાસું બદલ્યું. તર-તજ તે ચમકી ઊઠ્યાં અને જલદીથી ઉઠીને બેઠાં થયાં. જાણે તેમના ઉપર ખુલ્લા મેદાનમાં વીજળી પડી ન હોય, અથવા નિદ્રામાં કોઇએ તેમનું સર્વસ્વ હરી લીધું ન હોય. તે ભૂલેલાં, ગાંડાં અને બેભાન જેવાં પોતાની આંખો ચોળ-તાં ચોળતાં ચારે બાજુ જોવા લાગ્યાં. તેમને જાગતાં છતાં સ્વપ્ન જેવો અનુભવ થવા લાગ્યો. તે પોતાના હાથો વડે પ્રભુની શય્યાને ઢંઢોળવા લાગ્યા, પરંતુ હવે ત્યાં હતુંજ કોણ ? પોપટ તો પિંજરાને ત્યજીને વનવાસી બની ગયો હતો. પોતાના પ્રાણનાથને પલંગમાં ન જોતાં વિષ્ણુપ્રિયાજી મોટેથી બૂમ પાડીને અને "હા નાથ ! હા પ્રાણપ્યારા ! મને દુઃખિયારીને આ પ્રમાણે દગો દઇને ચાલ્યા ગયા !"

એમ કહેતાં કહેતાં તેઓ નીચે પડી ગયાં, અને ઉપરથી
પણ તરત બેભાન થઈ ગયાં. તેમના રુદનનો ધ્વનિ શચી-
માતાને કાને પડ્યો. તેમની બેભાન દશા એ કરુણ રુદન-
થી દૂર થઈ ગઈ. ત્યાંજ પડ્યાં પડ્યાં તેમણે કહ્યું:–" બેટા!
બેટા! શું સાચેજ તું રૂઠી ગયો? શું મારો એકનો
એક દીકરો મને દગો દઈને ચાલ્યો ગયો? શું તું મારી
આંખોનો તારો નીકળી જઈને મને વિધવાને આ વૃદ્ધા-
વસ્થામાં આંધળી બનાવી ગયો? મારી આંખોના બે તારા
હતા. એક નીકળી જતાં વિચારતી હતી કે એક આંખ
વડેજ ચલાવીશ. આજે તો બીજો પણ નીકળી ગયો. હવે
મને આંધળીને સંસાર સૂનો સૂનોજ જણાશે. હવે મારી
આંધળીની લાકડી કોણ પકડશે? બેટા! વિષ્ણુપ્રિયા!
બોલતી કેમ નથી? શું નિમાઇ સાચેજ ચાલ્યો ગયો?
વિષ્ણુપ્રિયા બેભાન હતાં, તેમના મુખમાંથી અવાજ નીક-
ળતો નહોતો. તે સાસુની વાતો નહિ સાંભળતાં જોરથી
રુદન કરવા લાગ્યાં! દુઃખી માતા ઉઠી અને પડતી આખ-
ડતી પ્રભુના શયન–ભવનમાં પહોંચી. ત્યાં તેણે પ્રભુના
પલંગને સૂનો જોયો. વિષ્ણુપ્રિયા નીચે પડી પડી રુદન
કરતી હતી! માતાની ગભરામણનું ઠેકાણું રહ્યું નહિ. તેઓ
જોરથી રુદન કરવા લાગ્યાં:–" બેટા નિમાઇ! તું ક્યાં
ચાલ્યો ગયો? અરે, તારી આ વૃદ્ધ માતાને આ રીતે
દગો ના દે. બેટા! તું રોજ પ્રાતઃકાળે ઊઠીને મને પ્રણામ
કર્યા કરતો હતો. આજે હું કેટલી વારથી ઉભી છું, ઉઠીને
પ્રણામ કેમ કરતો નથી? એ પ્રમાણે કહીને માતા દીવો
લઇને ઘરની ચારે બાજુએ જોવા લાગી. જાણે મારો નિમાઈ
અહીં ક્યાંક સંતાઇ ગયો હશે. માતા પલંગની નીચે જોતી
હતી. બિછાનાને વારંવાર ઢંઢોળતી, જાણે નિમાઇ એમાં
સંતાઈ ગયો હશે. વૃદ્ધ માતાના દુઃખથી ધ્રુજતા હાથમાંથી
દીવો નીચે પડી ગયો. તથા તેઓ પણ વિષ્ણુપ્રિયાની પાસે-
જ બેભાન થઈને પડી ગયાં અને ફરીથી ઊઠીને ચાલવા
તૈયાર થયાં અને કહેવા લાગ્યાં કે:–" હે દીનબંધુ જગદીશ

જ્યાં મારો નિમાઇ હશે. હું તો મારા નિમાઇને શોધીશ. તે જો મળી ગયો તો તેની સાથે રહીશ, નહિ તો ગંગા-જીમાં કૂદીને પ્રાણ તજી દઇશ." એમ કહીને તેઓ દરવાજા તરફ જવા લાગ્યાં. વિષ્ણુપ્રિયાજી પણ હવે ભાનમાં આવી ગયાં અને તેઓ પણ માતાના વસ્ત્રને પકડીને જેમ ગાયની પાછળ તેની વાછડી ચાલે છે, તેજ પ્રમાણે ચાલવા લાગ્યાં. વૃદ્ધ માતા બારણે પહોંચ્યાંયે નહિ ને વચમાંજ મૂર્છિત થઇને પડી ગયાં.

એટલામાં કેટલાક ભક્તો ઉપઃસ્નાન કરીને પ્રભુનાં દર્શન માટે આવી પહોંચ્યા. બારણે માતાને બેભાન પડેલાં જોઇને ભક્તો સમજી ગયા કે, મહાપ્રભુ આજે જરૂર ચાલ્યા ગયા. એટલામાંજ નિત્યાનંદ, ગદાધર, મુકુંદ, ચંદ્રશેખર આચાર્ય તથા શ્રીવાસ વગેરે બધા ભક્તો ત્યાં આવી પહોંચ્યા. માતાને અને વિષ્ણુપ્રિયાને આ પ્રકારે વિલાપ કરતાં જોઇને ભક્તો તેમને વિવિધ પ્રકારે સમજાવી સમજાવીને આશ્વાસન આપવા લાગ્યા.

શ્રીવાસે માતાને કહ્યું:—"માતા! તમે શોક ના કરો. તમારો નિમાઇ તમને જરૂર મળશે. તમારો પુત્ર આટલો બધો કઠોર નથી."

માતા બેભાન જેવાં પડેલાં હતાં. નિત્યાનંદજીએ માતાને પોતાના હાથો વડે બેઠાં કર્યાં. તેમના આખા શરી-રમાં લાગેલી ધૂળને પોતાનાં વસ્ત્ર વડે ખંખેરી અને તેમને ધીરજ આપતા તેઓ કહેવા લાગ્યા—"માતા! તમે આ-[illegible] બધો શોક ના કરો. મારૂં હૃદય ફાટી જાય છે. હું તમારો બીજો પુત્ર છું. હું તમને સોગનપૂર્વક કહું છું કે તમારો નિમાઇ [illegible] આણીને હું તેમને તમને [illegible] હું [illegible] છું." નિત્યાનંદજીની વાત સાંભળીને [illegible] ધીરજ ધારણ કરી. તેમણે [illegible] [illegible]



[illegible] જીવ. કરી પછીને મારા પ્રાણોનો [illegible]

નિત્યાનંદજીએ કહ્યું: "મા ! આ પ્રકારના તમારા રુદનને જોઈને મારી છાતી ફાટી જાય છે. તું ધીરજ રાખ. હું [illegible] જાઉં છું." એમ કહીને નિત્યાનંદજીએ શ્રીવાસ પંડિતને તો માતા તથા વિષ્ણુપ્રિયાજીની દેખરેખ માટે ત્યાં મૂક્યા. તેઓ જાણતા હતા કે, પ્રભુ કટવા (કંટક-નગર)માં સ્વામી કેશવ ભારતી પાસે સંન્યાસ લેવાની વાત કરતા હતા, તેથી નિત્યાનંદજી પોતાની સાથે વક્રેશ્વર, ગદાધર, મુકુંદ અને ચંદ્રશેખર આચાર્યને લઈને ગંગા-પાર કરીને કટવા તરફ ચાલી નીકળ્યા.

श्री चैतन्य महाप्रभु

द्वितीय खंड समाप्त.

श्री रामायणनुं महत्त्व

प्रीति करै रामायण माही, तेही सम भाग्यवंत कोउ नाहीं॥

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." વિવેકાનંદ

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઇ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, સત્પુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." બંકિમચંદ્ર

"કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઈ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી. તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના "ઇલિયડ" તથા "ઈનીડ" અને મિલ્ટન કવિનો "પેરેડાઇઝ લૉસ્ટ" પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે! કદાચ કોઈ કાવ્યશક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે, પણ તેઓના કાવ્યનાયકો ઍકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં બહુ ઉતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરે છે તે યોગ્ય જ છે." ચિં. વિ. વૈદ્ય

"રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઉંચા ઉંચા ખ્યાલ ઉપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્ગુણો આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતામાતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા. સારાંશ કે મનુષ્યની ખૂબીનું એવું કોઈ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી." મિ. [illegible]

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે, પરંતુ વાસ્તવમાં તો એ સમગ્ર આ સંસારના ધર્મનો સાર કહેનારું [illegible] છે. એ [illegible], સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું [illegible], બાળકોનું [illegible], દાનીઓનો દાનધર્મ. વૈશ્યોનું ધન, રાજાનો ધર્મ અને [illegible] નરનારીઓનો પથદર્શક છે. એ [illegible] દીપક [illegible] કે [illegible] સાથે [illegible] કરી પણ [illegible] નહિ." સંતરામ શર્મા

"જેમાં ઓજસ્વિની ભક્તિ, કવિતા તથા [illegible]

પ્રકાશ સમાયેલો છે; તેવો બીજા કોઈ પણ ગ્રંથમાં નથી દેખાતો."

"મેં મારી કોમના કેટલાય વિવાહોમાં કન્યાઓને રામાયણ દહેજમાં આપી છે, કે જેથી તે પતિવ્રત ધર્મ પાળનારી થઈને સ્ત્રી-જાતિની મહત્તા માટે ગર્વ રાખે. આથી જોકે મારી જ્ઞાતિએ તો મને કલંકિત કરવાનું બીડું ઉઠાવેલું. પરંતુ મેં સ્પષ્ટ કહી દીધું કે રામાયણ કંઈ માત્ર હિંદુસમાજનોજ ગ્રંથ નથી. પણ આખી દુનિયાના માણસોની સંપત્તિ છે. × × હાલમાં પશ્ચિમની સભ્યતાએ ભારતીય આદર્શની ભવ્યતાને ટાળવા-ભૂંસવામાં કસર નથી રાખી; અને તેથી અમારી નૈતિક શક્તિ પ્રાયઃ અત્યંત ધર્મકાર્યોને માટે ક્ષીણ થતી ચાલી છે."

સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર

ग्रंथसेवननो महिमा

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ।।

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના-સ્ત્રીના) શુષ્ક વિનોદ શા ગણતરીમાં છે?

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારું. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે."

સ્વામી વિવેકાનંદ

"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખી-જેલમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે ત્યાંયે એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. × × [illegible] વિચાર પણ કરી શકે."

મહાત્મા ગાંધીજી

[illegible]

નોયે છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો એ આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે તથા પુસ્તકો તે એ પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે."

"સ્વર્ગનાં રત્નો"

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામમાં નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ ખીલવી શકાતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં છે. પશુ આદિના જેવી ઈંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય–ઉદ્યાનના ચતુર માળી થવાનું સૌભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છ લાગે છે."

બંકિમચંદ્ર

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓના દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ પણ કરીને બીજી કોઈ ચીજમાં નથી."

માર્ડન

"પુસ્તકોપ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું તફાવત?"

"સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષે અનુમાન થાય છે."

"એકાદ ઉત્તમ ગ્રંથ વાંચીએ છીએ ત્યારે જેમ પોતાના સ્વજનમાંથી

ચહાય તે સ્વર કાઢી આનંદ લે છે, તેમ એક વાંચનાર પણ જ્યારે ઇચ્છે ત્યારે એકાદ ઉત્તમ ગ્રંથમાંથી પોતાને મનગમતો અવાજ કાઢી આનંદમગ્ન થઈ શકે છે."

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લેડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ?"

"ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાન વિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે."

એક વિદ્વાન ઠીકજ કહે છે કે, વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઇ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ."

"પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મન રંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે."

"એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કે 'માણસને લુગડાંલત્તાંની જેટલી જરૂર નથી તેટલી પુસ્તકોની છે.' તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાં સુધી લુગડાં લેવાનું મુલતવી રાખતો. તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં. તે વાંચતો ત્યારે ત્યારે 'હું વધારે સારો થયો છું' એમ તેને લાગતું."

"ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે, અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી જાય છે, તેમ તેમ દુનિયાને પીડાકારક આસુરી શક્તિની જડ નાશ પામતી જાય છે."

"સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ કેળવવો જોઈએ."

[illegible]